Shree Kundkund-Kahan Parmarthik Trust
: 302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website:** www.vitragvani.com **Email:** vitragva@vsnl.com

**"Mokshmarg Prakashak Pravachan Part-1"** has been published by us & the PDF version of the same has been put on our website www.vitragvani.com

We have taken due care, while preparing the same. However, if you find any typographical error, you may kindly inform us on info@Vitragvani.com

**By "Shree Kundkund-Kahan Parmarthik Trust"**
**(Shri Shantilal Ratilal Shah-Parivar, Mumbai)**

ૐ

આચાર્યકલ્પ

શ્રીમાન પંડિતપ્રવર ટોડરમલજી કૃત

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક

ઉપર

પરમ પૂજ્ય સદ્ગુરુદેવ

## શ્રી કાનજીસ્વામીના

પ્રવચનો

ભાગ - ૧

- પ્રકાશક -

અપૂર્વ પ્રકાશન

૧૫, લતા કુંજ,
૨૭૮, સાયન (પૂર્વ),
મુંબઈ ૪૦૦ ૦૨૨

## શ્રી સદ્ગુરુદેવ-સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુના.

(શિખરિણી)

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું ‘સત સત, જ્ઞાન જ્ઞાન’ ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
-રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, -મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

# ઉપોદ્ઘાત

આ નિકૃષ્ટ કાળમાં સંસ્કૃત-પ્રાકૃત ભાષાજ્ઞાનની અતિશય ન્યૂનતા તથા શ્રી નિર્ગ્રંથ વીતરાગમાર્ગના ગ્રંથોના પઠનપાઠનનો કોઈ પ્રકારે અભાવ થઈ રહ્યો હતો, તેવા સમયમાં (વિક્રમની ૧૮મી શતાબ્દિના અંતમાં અને ૧૯મી શતાબ્દિના પ્રારંભમાં ઢુંઢાહડદેશ (રાજસ્થાન)ના સવાઈ જયપુર નગરમાં આ 'મોક્ષમાર્ગ-પ્રકાશક' ગ્રંથના રચયિતા નિર્ગ્રંથવીતરાગમાર્ગના પરમ શ્રદ્ધાવાન, સાતિશયબુદ્ધિના ધારક અને વિદ્વજ્જનમનવલ્લભ આચાર્યકલ્પ પંડિતપ્રવર શ્રી ટોડરમલજીનો ઉદય થયો હતો. પિતાનું નામ જોગીદાસ અને માતાનું નામ રંભાદેવી હતું. તેઓ જાતિએ 'ખંડેલવાલ' અને ગોત્રે 'ગોદિકા' હતા. 'ગોદિકા' તે સંભવતઃ 'ભોંસા' અને 'બડજાત્યા' નામના ગોત્રનું જ નામાન્તર છે. તેમનું ગૃહસ્થજીવન સાધનસંપન્ન હતું.

પં. ટોડરમલજીના શિક્ષાગુરુનું નામ બંશીધર હતું. તીવ્ર બુદ્ધિશક્તિના કારણે ટોડરમલજીના શાસ્ત્રપાઠ ને તેના અર્થનું શીઘ્ર અવધારણ કરી લેતા હતા, કુશાગ્ર મેધાને લીધે નાની ઉંમરમાં ને ટૂંકા સમયમાં જૈનસિદ્ધાંત ઉપરાંત વ્યાકરણ, કાવ્ય, છંદ, અલંકાર, કોષ આદિ વિવિધ વિષયોમાં દક્ષતા પ્રાપ્ત કરી લીધી હતી. હિંદી સાહિત્યના દિગંબર જૈન વિદ્વાનોમાં તેમનું નામ ખાસ ઉલ્લેખનીય છે. હિંદીના ગદ્યલેખક વિદ્વાનોમાં તેઓ પ્રથમ કોટીના વિદ્વાન ગણાય છે. વિદ્વતાને અનુરૂપ તેમનો સ્વભાવ પણ વિનમ્ર તેમ જ દયાળુ હતો; અને સ્વાભાવિક કોમળતા, સદાચારિતા વગેરે સદ્ગુણો તેમના જીવનસહચર હતા. અહંકાર તો તેમને સ્પર્શી શક્યો જ નહોતો. સૌમ્ય મુદ્રા ઉપરથી તેમની આંતરિક ભદ્રતા તેમ જ વાત્સલ્યનો પરિચય સહજપણે પ્રાપ્ત થઈ જતો હતો. તેમની રહેણીકરણી ઘણીજ સાદી હતી. આધ્યાત્મિકતા તો તેમના જીવનમાં ઓતપ્રોત થઈ ગઈ હતી. શ્રીમદ્-ભગવત્કુંદકુંદાચાર્યાદિ મહર્ષિઓના આધ્યાત્મિક ગ્રંથોનો - તેમના અધ્યયન, મનન તેમ જ પરિશીલનથી પંડિતજીના જીવન પર ઘણો જ સારો પ્રભાવ પડ્યો હતો. અધ્યાત્મત્વની ચર્ચા કરતાં તેઓ આનંદથી ઊછળી જતાં હતા અને શ્રોતાગણ પણ તેમની વાણી સાંભળીને ગદગદ થઈ જતો હતો. સંસ્કૃત અને પ્રાકૃત બન્ને ભાષાઓના તેઓ તે સમયના અદ્વિતીય તેમ જ સુયોગ્ય વિદ્વાન હતા. તેમનો ક્ષયોપશમ આશ્ચર્યકારી હતો અને તેઓ વસ્તુસ્વરૂપના વિશ્લેષણમાં અતિ દક્ષ હતા. તેમનો આચાર તેમ જ વ્યવહાર વિવેકયુક્ત અને મૃદુ હતો. તેમના દ્વારા રચિત ગોમ્મટસાર, લબ્ધિસાર, ક્ષપણસાર, ત્રિલોકસાર, આત્માનુશાસન અને પુરુષાર્થસિદ્ધ્યુપાય વગેરેની ભાષા ટીકાઓ તથા આ 'મોક્ષમાર્ગ પ્રકાશક' નામની તેમની સ્વતંત્ર ગ્રંથરચનાનું અવલોકન કરતાં જણાય છે કે તે સમયમાં તેમના જેવા સ્વમત-પરમતના જ્ઞાતા જવલ્લેજ કોઈ હશે.

ગોમ્મટસાર વગેરે કરણાનુયોગના ગ્રંથો એવા ગહન છે કે જેમનું પઠન-પાઠન વિશેષ બુદ્ધિ અને ધારણાશક્તિવાળા વિદ્વાનોને કષ્ટસાધ્ય છે. આ સંબંધમાં વિદ્વાન પુરુષોનું અનુભવ સહિત એમ કહેવું છે કે -ગોમ્મટસારના પઠનનું કંઈક રહસ્ય તો ત્યારે પ્રાપ્ત થાય કે જ્યારે આજન્મ સર્વ વિષયોનો અભ્યાસ છોડી ઈંદ્રિયનિગ્રહપણે માત્ર એક તેનો જ અભ્યાસ જાળવી રાખે. ગોમ્મટસારની જેમ તેના જેવા તેમના અન્ય ટીકાગ્રંથો પણ એવા જ ગહન છે. આ ઉપરથી એ ગ્રંથોના ભાષાટીકાકાર પુરુષ કેટલી તીક્ષ્ણ બુદ્ધિના ધારક હતા તે સ્વયમેવ તરી આવે છે. તેમણે પોતાના ટૂંકા જીવનમાં એ મહાન ગ્રંથોની ટીકા લખી છે એટલું જ નહિ પરંતુ એટલા ટૂંકા જીવનમાં સ્વમત-પરમતના સેંકડો ગ્રંથોના પઠન-પાઠન સાથે તેમનું મર્મસ્પર્શી ઊંડું મનન પણ કર્યુ છે, અને એ વાત તેમના રચેલા એ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથનું મનન કરવાથી અભ્યાસીને સ્વયં લક્ષમાં આવી જાય તેમ છે.

ગોમ્મટસાર વગેરે પર તેમણે લખેલા ભાષાટીકાગ્રંથ એટલા ગહન છે કે તેમનો અભ્યાસ માત્ર વિશેષ બુદ્ધિમાન કરી શકે છે; પરંતુ અલ્પ પ્રજ્ઞાવંત જીવો માટે રચેલો તેમનો આ સરળ દેશભાષામય 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ એવો અદ્ભૂત છે કે જેની રહસ્યપૂર્ણ ગંભીરતા અને સંકલનાબદ્ધ વિષયરચનાને જોઈ ભલભલા બુદ્ધિમાનોની બુદ્ધિ પણ આશ્ચર્યચકિત થઈ જાય છે. આ ગ્રંથનું નિષ્પક્ષ-ન્યાયદષ્ટિથી ગંભીરપણે અવગાહન કરતાં જણાય છે કે આ કોઈ સાધારણ ગ્રંથ નથી પરંતુ એક અતિ ઉચ્ચ કોટિનો મહત્ત્વપૂર્ણ અનોખો ગ્રંથરાજ છે અને તેના રચયિતા પણ અનેક આગમોના મર્મજ્ઞ તથા અસાધારણ પ્રતિભાસંપન્ન વિદ્વાન છે. ગ્રંથના વિષયોનું પ્રતિદાન સર્વને હિતકર છે અને મહાન ગંભીર આશયપૂર્વક થયું છે.

આ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રથમાં નવ અધિકાર છે. તેમાં નવમો અધિકાર અપૂર્ણ છે, શેષ આઠ અધિકાર પોતાના વિષયનિરૂપણમાં પરિપૂર્ણ છે.

આ ગ્રંથમાં ચર્ચિત બધાય વિષય અથવા પ્રમેય ગ્રંથકર્તાનું વિશાળ અધ્યયન, અનુપમ પ્રતિભા અને સૈદ્ધાંતિક અનુભવનું સફળ પરિણામ છે અને તે ગ્રંથકર્તાની જે આંતરિક ભદ્રતા તેની મહત્તાનું દ્યોતક છે.

આ ગ્રંથની ખાસ વિશેષતા એ છે કે તેમાં ગંભીર તેમ જ દુરુહ ચર્ચાને અતિ સરળ શબ્દોમાં અનેક દષ્ટાંત અને યુક્તિઓ દ્વારા સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે અને પોતે જ પ્રશ્ન ઉઠાવીને તેનો માર્મિક ઉત્તર પણ દીધો છે, જેથી અધ્યેતાને પછી કોઈ સંદેહનો અવકાશ રહે નહિ. આ ગ્રંથમાં જે કાંઈ વસ્તુવિવેચન છે તે અનેક વિષયો પર પ્રકાશ પાથરનાર, સુસંબદ્ધ, આશ્ચર્યકારક અને જૈનદર્શનનું માર્મિક રહસ્ય સમજવા માટે એક અદ્વિતીય ચાવી સમાન છે, અર્થાત્ આમાં નિર્ગ્રંથ પ્રવચનના ઊંડાં માર્મિક રહસ્યો ગ્રંથકારે ઠામઠામ પ્રગટ કર્યા છે.

અન્યમત નિરાકરણ વિષે લખવામાં તેમનો હેતુ કાંઈ પરમત પ્રત્યે દ્વેષપરિણતિ કરાવવાનો નથી, પરંતુ પોતાના અભિપ્રાયમાં તે તે મત સંબંધી જો કોઈ ધર્મબુદ્ધિરૂપ અભિપ્રાય હોય તો તે અભિપ્રાય છોડાવવાનો છે. તેઓ પોતે જ આ સંબંધમાં આ પ્રમાણે લખે છે : ''અહીં નાના પ્રકારના મિથ્યાદષ્ટિઓનું કથન કર્યું છે તેનું પ્રયોજન એટલું જ જાણવું કે -એ પ્રકારોને ઓળખી પોતાનામાં કોઈ એવો દોષ હોય તો તેને દૂર કરી સમ્યક્શ્રદ્ધાનયુક્ત થવું, પણ અન્યના એવા દોષ જોઈ કષાયી ન થવું; કારણ કે પોતાનું ભલું-બૂરું તો પોતાના પરિણામોથી થાય છે; જો અન્યને રુચિવાન દેખે તો કંઈક ઉપદેશ આપી તેનું પણ ભલું કરે.''

શ્રીમાન પંડિતપ્રવર ટોડરમલજી દિગંબર જૈનધર્મના પ્રભાવક વિશિષ્ટ મહાપુરુષ હતા. તેમણે માત્ર છ મહિનામાં સિદ્ધાંતકૌમુદી જેવા કઠણ વ્યાકરણનો અભ્યાસ કર્યો હતો. પોતાની કુશાગ્ર બુદ્ધિના પ્રભાવથી તેમણે ષડ્દર્શનના ગ્રંથો, બૌદ્ધ, મુસ્લિમ તેમ જ અન્ય અનેક મતમતાંતરોના ગ્રંથોનું અધ્યયન કર્યું હતું, શ્વેતાંબર-સ્થાનકવાસીના સૂત્રો તથા ગ્રંથોનું પણ અવલોકન કર્યું હતું, તથા દિગંબર જૈન ગ્રંથોમાં શ્રી સમયસાર, પંચાસ્તિકાયસંગ્રહ, પ્રવચનસાર, નિયમસાર, ગોમ્મટસાર, તત્ત્વાર્થસૂત્ર, અષ્ટપાહુડ, આત્માનુશાસન, પદ્મનન્દિપંચવિંશતિકા, શ્રાવકમુનિધર્મના પ્રરૂપક અનેક શાસ્ત્રો તથા કથા-પુરાણાદિ ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. એ સર્વ શાસ્ત્રોના અભ્યાસથી તેમની બુદ્ધિ ઘણી જ પ્રખર બની હતી. શાસ્ત્રસભા, વ્યાખ્યાનસભા અને વિવાદસભામાં તેઓ ઘણાં જ પ્રસિદ્ધ હતા. આ અસાધારણ પ્રભાવકપણાને લીધે તેઓ તત્કાલીન રાજાને પણ અતિશય પ્રિય થઈ પડ્યા હતા, અને એ રાજપ્રિયતા તથા પાંડિત્યપ્રખરતાના કારણે અન્યધર્મીઓ તેમની સાથે મત્સરભાવ કરવા લાગ્યા હતા, કારણ કે તેમની સામે તે અન્યધર્મીઓના મોટા મોટા વિદ્વાનો પણ પરાભવ પામતા હતા. જો કે તેઓ પોતે કોઈ પણ વિધર્મીઓનો અનુપકાર કરતાં નહોતા; પરંતુ બને ત્યાં સુધી તેમનો ઉપકાર જ કર્યા કરતાં હતા, તો પણ માત્સર્યયુક્ત મનુષ્યોનો મત્સરતાજન્ય કૃત્ય કરવાનો જ સ્વભાવ છે; તેમના મત્સર અને વૈરભાવના કારણે જ પંડિતજીનો અકાળે દેહાન્ત થઈ ગયો હતો.

પંડિત ટોડરમલજીના મૃત્યુ વિષે એક દુઃખદ ઘટનાનો ઉલ્લેખ પં. બખતરામ શાહના 'બુદ્ધિવિલાસ' ગ્રંથમાં નીચે પ્રમાણે કરવામાં આવ્યો છે :

**तब ब्राह्मणनु मतौ यह कियो, शिव उठानको टौना दियो।**
**तामैं सबै श्रावगी कैद, करिके दंड किये नृप फैद ॥**
**गुरु तेरह-पंथिनुको भ्रमी, टोडरमल्ल नाम साहिमी।**
**ताहि भूप मार्यो पल माहि, गाड्यो मद्धि गंदगी ताहि ॥**

આમાં સ્પષ્ટ કહ્યું છે કે સં. ૧૮૧૮ પછી જયપુરમાં જ્યારે જૈનધર્મનો પુનઃ વિશેષ ઉદ્યોત થવા લાગ્યો, ત્યારે જૈનધર્મ પ્રતિ વિદ્વેષ રાખનાર બ્રાહ્મણો તે સહી શક્યા નહિ અને તેથી તેમણે એક ગુપ્ત 'ષડ્યંત્ર' રચ્યું. તેમણે શિવપિંડી ઉખાડીને જૈનો ઉપર 'ઉખાડી નાખવાનો' આરોપ લગાવ્યો અને રાજા માધવસિંહને, જૈનો વિરુદ્ધ ભડકાવીને, ક્રોધિત કર્યા. રાજાએ સત્યાસત્યની કાંઈ પણ તપાસ કર્યા વિના ક્રોધવશ બધા જૈનોને રાત્રે કેદ કરી લીધા અને તેમના પ્રસિદ્ધ વિદ્વાન પંડિત ટોડરમલજીને પકડી મારી નાખવાનો હુકમ દઈ દીધો. તદનુસાર હાથીના પગ તળે કચરાવીને મરાવી નાખ્યા અને તેમના શબને શહેરની ગંદકીમાં દટાવી દીધું.

આ વાત પ્રચલિત છે કે જ્યારે પંડિતજીને હાથીના પગ તળે નાખવામાં આવ્યા અને અંકુશના પ્રહારપૂર્વક હાથીને, તેમના શરીરને કચરી નાખવા, પ્રેરિત કરવામાં આવ્યો ત્યારે હાથી એકદમ ચિલાઈને થંભી ગયો. એ રીતે બે વાર તે અંકુશના પ્રહાર ખાઈ ચૂક્યો. પરંતુ પંડિતજી ઉપર પોતાના પગનો પ્રહાર કર્યો નહિ. તેના ઉપર અંકુશનો ત્રીજો પ્રહાર પડવાની તૈયારી હતી, ત્યાં પંડિતજીએ હાથીની દશા જોઈને કહ્યું કે -હે ગજેન્દ્ર ! તારો કાંઈ અપરાધ નથી; જ્યાં પ્રજાના રક્ષકે જ અપરાધી-નિરપરાધીની તપાસ કર્યા વિના મારી નાખવાનો હુકમ દઈ દીધો, ત્યાં તું અંકુશના પ્રહાર વ્યર્થ કેમ સહન કરી રહ્યો છે ? સંકોચ છોડ અને તારું કામ કર. આ વાક્યો સાંભળીને હાથીએ પોતાનું કામ કર્યું. રાજા માધવસિંહ(પ્રથમ)ને જ્યારે આ 'ષડ્યંત્ર'ની ખબર પડી ત્યારે તેમને ખૂબ દુઃખ થયું અને પોતાના અધમ કૃત્ય પર તે ઘણાં પસ્તાયા.

પંડિતજીના જીવનનું મુખ્ય ધ્યેય એક સ્વ-પર કલ્યાણ જ હતું. અંતરંગમાં ક્ષયોપશમવિશેષથી તથા બાહ્યમાં તર્કવિતર્કપૂર્વક અનેક શાસ્ત્રોના અધ્યયનથી તેમનો વીતરાગ-વિજ્ઞાનભાવ એટલો બધો વધી ગયો હતો કે -સાંસારિક કાર્યોથી તેઓ પોતે પ્રાયઃ વિરક્ત જ રહ્યા કરતાં હતા; અને ધાર્મિક કાર્યોમાં એટલા બધી તલ્લીન રહ્યા કરતાં હતા કે બાહ્ય જગતની તથા અસ્વાદ્ય પદાર્થોની તેમને કાંઈ પણ સુધ રહેતી નહોતી. આ વિષયમાં એક જનશ્રુતિ એવી પણ છે કે -જે કાળે તેઓ ગ્રંથરચના કરી રહ્યા હતા તે કાળમાં તેમના માતુશ્રીએ ખાદ્ય પદાર્થોમાં છ મહિના સુધી મીઠાલુણ નાખ્યું નહોતું; છ મહિના પછી શાસ્ત્રરચના તરફથી તેમનો ઉપયોગ કંઈક ખસતાં એક દિવસ તેમણે માતુશ્રીને પૂછ્યું : 'માજી ! આજે આપે દાળમાં મીઠાલુણ કેમ નાખ્યું નથી ?' એ સાંભળી માજી બોલ્યાઃ 'ભાઈ ! હું તો આમ છ મહિનાથી મીઠાલુણ નાખતી નથી.' આ બધું લખવાનું તાત્પર્ય એટલું જ છે કે તેમના સમયમાં તેઓ એક મહાન ધર્માત્મા, શ્રેષ્ઠ પરોપકારી, નિરભિમાની તથા અદ્વિતીય વિદ્વાન હતા. જૈનસમાજના દુર્ભાગ્યથી જ આવા મહાત્માનો અસમયમાં વિયોગ થયો, પણ તેમણે તો પોતે જીવનપર્યંત જૈનસમાજ ઉપર અનન્ય ઉપકાર જ કર્યો છે અને તેથી જ સમાજમાં તેમનું સ્થાન અવિસ્મરણીય છે. મુમુક્ષુ આત્માઓ તો આજે પણ તેમનું અને તેમના ગુણોનું સ્મરણ કરી પરમ સંતુષ્ટ થાય છે.

પંડિત શ્રી ટોડરમલજી દ્વારા રચિત આ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ ઢુંઢારી તેમ જ હિન્દી ભાષામાં અનેકવાર પ્રસિદ્ધ થઈ ચૂક્યો છે. પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના કરકમળમાં આ ગ્રંથ સર્વ પ્રથમ વિ. સં. ૧૯૮૨માં આવ્યો. તેમણે ખૂબ મનનપૂર્વક આ ગ્રંથનું ઊંડું અવગાહન કર્યું હતું. તેનું અવગાહન કરતી વખતે પૂજ્ય ગુરુદેવની પરિણતિ એટલી બધી તલ્લીન હતી કે ન ગમે ખાવું, પીવું કે વહોરવા જવું, ન ગમે અન્ય વાતચીત. સ્થાનકવાસી સાધુપર્યાયમાં તેઓ પુસ્તક સાથે રાખતાં નહિ પરંતુ મોક્ષમાર્ગ પ્રકાશકનો સાતમો અધિકાર વિશેષ સારો લાગવાથી (ઝીણા અક્ષરે હાથથી લખેલ) પુનઃ પુનઃ સ્વાધ્યાય કરવા માટે સાથે રાખ્યો હતો. પૂજ્ય ગુરુદેવે સ્થાનકવાસી સાધુપર્યાયના ત્યાગરૂપ 'પરિવર્તન' વિ. સં. ૧૯૯૧માં કર્યું.

પંડિત શ્રી ટોડરમલજીએ પ્રથમ અધિકારના અંતમાં આગમ-અભ્યાસની જે પ્રેરણા આપી છે તેનો ઉલ્લેખ કરીને આ ઉપોદ્‌ઘાત પૂર્ણ કરવામાં આવે છે-''આ જીવનું મુખ્ય કર્તવ્ય તો આગમજ્ઞાન છે. એ થતાં તત્ત્વોનું શ્રદ્ધાન થાય છે, તત્ત્વશ્રદ્ધાન થતાં સંયમભાવ થાય છે અને તે આગમજ્ઞાનથી આત્મજ્ઞાનની પણ પ્રાપ્તિ થાય છે, જેથી સહેજ જે મોક્ષની પ્રાપ્તિ થયા છે. ધર્મના અનેક અંગો છે તેમાં પણ એક ધ્યાન સિવાય આનાથી (આગમ-અભ્યાસથી) ઊંચું ધર્મનું અન્ય કોઈ અંગ નથી એમ જાણી હર કોઈ પ્રકારે આગમનો અભ્યાસ કરવા યોગ્ય છે. વળી આ ગ્રંથનું વાંચવું, સાંભળવું અને વિચારવું ઘણું સુગમ છે. કોઈ વ્યાકરણાદિક સાધનની પણ જરૂર પડતી નથી, માટે તેના અભ્યાસમાં અવશ્ય પ્રવર્તો. એથી તમારું કલ્યાણ થશે.''

(-શ્રી મોક્ષમાર્ગપ્રકાશક ૯મી આવૃત્તિ, પ્રકાશક - શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ-સોનગઢમાંથી.)

ભારતવર્ષમાં તેમજ વિદેશમાં અધ્યાત્મજાગૃત ફેલાવનાર સ્વરૂપાનુભવી, વીતરાગ દેવગુરુના પરમ ભક્ત, કુમારબ્રહ્મચારી, અધ્યાત્મયોગી શ્રી કાનજીસ્વામી ભાવશ્રુતલબ્ધિના ધારક, સતત જ્ઞાનોપયોગી, વૈરાગ્યમૂર્તિ, નયાધિરાજ પરમશુદ્ધનયની પ્રમુખતા સહ સમ્યક્ અનેકાન્તરૂપ અધ્યાત્મતત્ત્વના અસાધારણ ઉત્તમ વ્યાખ્યાનકાર અને આશ્ચર્યકારી પ્રભાવના-ઉદયના ધારક અધ્યાત્મયુગસૃષ્ટા મહાપુરુષ હતા. સૂક્ષ્મ અધ્યાત્મના પરમ ગહન આધ્યાત્મિક રહસ્યો ખોલી અધ્યાત્મતૃષિત સુપાત્ર મુમુક્ષુઓ પર ઉપકારની અવધિ કરી છે.

ઈ.સ. ૧૯૫૨-૫૩ (વીર સં. ૨૪૭૯)માં પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક ગ્રંથ ઉપર થયેલાં પ્રવચનો **શ્રી સદ્‌ગુરુ પ્રવચનપ્રસાદ** નામની હસ્તલિખિત દૈનિકપત્રિકામાં પ્રકાશિત થતાં હતા. તેને સંક્ષેપીને ''શ્રી મોક્ષમાર્ગ પ્રકાશકના કિરણો'' શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ તરફથી પ્રસિદ્ધ થયા હતા. જિજ્ઞાસુઓને આ પ્રવચનો સમજવાનો કાયમી અને સર્વકાલિક લાભ મળે એ હેતુથી શ્રી સદ્‌ગુરુ પ્રવચનપ્રસાદ અક્ષરશઃ પુસ્તકાકારે પ્રગટ કરી મુમુક્ષુઓ સમક્ષ પ્રસ્તુત કરીએ છીએ. આ પુસ્તકમાં અધિકાર ૧ થી ૫ લીધેલ છે.

**શ્રી સદ્‌ગુરુ પ્રવચનપ્રસાદ**ના સંપાદકો મુ. શ્રી ખીમચંદ જેઠાલાલ શેઠ તથા મુ. શ્રી અમૃતલાલ નરસીભાઈ શેઠનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો આ લખાણમાં અદ્‌ભૂત રીતે સંકલન કરી પૂજ્ય ગુરુદેવશ્રીના ભાવોની ક્યાંય ત્રુટી રહેવા ન પામે એવું ભગીરથ કાર્ય યશસ્વી રીતે કર્યું છે.

આ પ્રવચનોની ફાઈલ નં.૧ શ્રી જયસુખભાઈ શાંતિલાલ ખાટડીયા તરફથી અને ફાઈલ નં. ૧-૨ સોનગઢના ડૉ. મધુરીબેન શાંતિલાલ નંદુ તરફથી પ્રાપ્ત થયેલ છે. હું તે બન્નેનો અત્યંત આભારી છું. તેમના સહયોગ વગર આ કાર્ય પૂર્ણ ન થાત. મૂક એવા અન્ય જેમણે આ પ્રકાશન માટે સહયોગ પ્રદાન કર્યું છે તેમનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

આ પુસ્તકના પ્રકાશન માટે જેમણે આર્થિક સહયોગ આપ્યો છે તેમની સૂચિ અન્યત્ર આપેલ છે. વિશેષ વિનંતી કે મુદ્રણદોષના શબ્દાર્થ કે વ્યાકરણની કોઈ ભૂલને ગ્રહણ ન કરતાં તેના ભાવ પકડીને આત્મહિતને કેમ ઉપયોગી થાય તેવું લક્ષ મુમુક્ષુઓ આપે.

અંતમાં શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક ગ્રંથનું આ મહાન કાર્ય અનુભવરત્ન આચાર્યકલ્પ પંડિતપ્રવર ટોડરમલજી દ્વારા જે રીતે થયું છે તે આ દુષમ કળિકાળમાં મહાન ઉપકારનું કામ કર્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીનો આપણા પર અતિ ઉપકાર છે જેનું વર્ણન શબ્દો દ્વારા અશક્ય છે. જેણે શાશ્વત સુખનો માર્ગ આપ્યો તેનું ઋણ ફેડવાનો કોઈ માર્ગ જ નથી. એથી વિનમ્રપણે તે પાવન પરમામૃત દ્વારા વીતરાગ સર્વજ્ઞપ્રણીત શ્રી ગણધરાદિ મહાન આચાર્યો રચિત પરમાગમનો ઉકેલ કરી નિજ સાધનાની પરિપૂર્ણતાને સર્વ જીવો પામો એ જ અભ્યર્થના !

**- વિનોદ જે. સાવલા**

# - વિષયાનુક્રમણિકા -


વિષય — પૃષ્ઠ

**અધિકાર પ્રથમ** — ૧-૬૯

મંગલાચરણ .................................... ૧
અરિહંતનું સ્વરૂપ .................................... ૪
શ્રી સિદ્ધ પરમેષ્ઠીનું સ્વરૂપ .................... ૧૦
આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનું સ્વરૂપ ....... ૧૩
શ્રેષ્ઠ સિદ્ધપદ પહેલાં અર્હંતને નમસ્કાર કરવાનું કારણ .................................. ૨૩
અરિહંતાદિકથી ઇષ્ટપણાની સિદ્ધિ ............. ૨૬
મંગલાચરણ કરવાનું કારણ .................... ૩૧
ગ્રંથની પ્રમાણિકતા ............................ ૩૫
કેવાં શાસ્ત્રો વાંચવા-સાંભળવા યોગ્ય છે ....... ૪૫
વક્તાનું સ્વરૂપ .................................... ૪૮
શ્રોતાનું સ્વરૂપ .................................... ૫૬
મોક્ષમાર્ગ પ્રકાશક ગ્રંથની સાર્થકતા............ ૬૩

**અધિકાર બીજો** — ૭૦-૧૪૮
(કર્મબંધન રોગનું નિદાન)

કર્મોનો સંબંધ અનાદિકાળથી છે .............. ૭૨
કર્મોની અનાદિપણાની સિદ્ધિ.................. ૭૩
અમૂર્તિક આત્માથી મૂર્તિક કર્મોનો બંધ કેવી રીતે થાય છે.................................. ૭૬
ઘાતિ અને અઘાતિકર્મ અને તેના કાર્ય ........ ૭૮
નિર્બળ જડ કર્મો દ્વારા જીવના સ્વભાવનો ઘાત તથા બાહ્ય સામગ્રીનું મળવું .......................... ૮૨
નવીન બંધ કેમ થાય છે ?.................. ૮૪
જ્ઞાનહીન જડ પરમાણુનું યથાયોગ્ય પ્રકૃતિરૂપ પરિણમન .................................... ૯૮
કર્મોનો બંધ, ઉદય, સત્તારૂપ અવસ્થા.......... ૧૦૦
દ્રવ્યકર્મ અને ભાવકર્મ ......................... ૧૦૩
નોકર્મનું સ્વરૂપ અને તેની પ્રવૃત્તિ ............. ૧૦૫
નિત્યનિગોદ અને ઇતરનિગોદ................. ૧૦૮
કર્મબંધનરૂપ રોગના નિમિત્તથી થતી જીવની અવસ્થાઓ ................................ ૧૦૯
જ્ઞાન-દર્શનાવરણ કર્મોદયજન્ય અવસ્થા ....... ૧૧૦
મતિ, શ્રુત અને અવધિજ્ઞાનની પરાધીન પ્રવૃત્તિ ૧૧૧
ચક્ષુ-અચક્ષુદર્શનની પ્રવૃત્તિ .................... ૧૧૭
જ્ઞાન-દર્શનોપયોગાદિની પ્રવૃત્તિ ............... ૧૧૯
દર્શનમોહજન્ય અવસ્થા ....................... ૧૨૫
ચારિત્રમોહજન્ય અવસ્થા ....................... ૧૨૯
અંતરાયકર્મોદયજન્ય અવસ્થા ................. ૧૪૦
વેદનીયકર્મોદયજન્ય અવસ્થા.................. ૧૪૧
આયુકર્મોદયજન્ય અવસ્થા .................... ૧૪૪
નામકર્મોદયજન્ય અવસ્થા ..................... ૧૪૫
ગોત્રકર્મોદયજન્ય અવસ્થા .................... ૧૪૮

**અધિકાર ત્રીજો** — ૧૯૨-૨૪૨
(સંસારદુઃખ અને મોક્ષસુખનું નિરૂપણ)

દુઃખનું મૂળ કારણ મિથ્યાદર્શન, અજ્ઞાન, અસંયમ ૧૫૦
દુઃખ નિવૃત્તિનો સાચો ઉપાય ................ ૧૭૦

વિષય — પૃષ્ઠ

દર્શનમોહના ઉદયથી થતું દુઃખ અને તેના ઉપાયોનું જૂઠાપણું.............................. ૧૭૯
ચારિત્રમોહના ઉદયથી થતું દુઃખ અને તેના ઉપાયોનું જૂઠાપણું ............................ ૧૮૮
અંતરાયકર્મના ઉદયથી થતું દુઃખ અને તેના ઉપાયોનું જૂઠાપણું ............................ ૧૯૯
વેદનીયકર્મના ઉદયથી થતું દુઃખ અને તેના ઉપાયોનું જૂઠાપણું ............................ ૨૦૦
આયુકર્મના ઉદયથી થતું દુઃખ અને તેના ઉપાયોનું જૂઠાપણું ............................ ૨૧૪
નામકર્મના ઉદયથી થતું દુઃખ અને તેના ઉપાયોનું જૂઠાપણું ............................ ૨૧૭
ગોત્રકર્મના ઉદયથી થતું દુઃખ અને તેના ઉપાયોનું જૂઠાપણું ............................ ૨૧૮
એકેન્દ્રિય પર્યાયના દુઃખ..................... ૨૧૯
વિકલેંદ્રિય તથા અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાયના દુઃખ ૨૨૨
નરક અવસ્થાના દુઃખોનું વર્ણન ............... ૨૨૨
તિર્યંચ અવસ્થાના દુઃખોનું વર્ણન ............. ૨૨૫
મનુષ્યગતિના દુઃખોનું વર્ણન .................. ૨૨૬
દેવગતિના દુઃખોનું વર્ણન ..................... ૨૨૮
સર્વ દુઃખોનું સામાન્ય સ્વરૂપ ............... ૨૨૯
સિદ્ધ અવસ્થામાં દુઃખના અભાવની સિદ્ધિ ... ૨૩૭

**અધિકાર ચોથો** — ૨૪૩-૩૧૫
(મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રનું વિશેષ નિરૂપણ)

મિથ્યાદર્શનનું સ્વરૂપ ......................... ૨૪૩
મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ ......................... ૨૭૫
મિથ્યાચારિત્રનું સ્વરૂપ ....................... ૨૯૩

વિષય — પૃષ્ઠ

ઇષ્ટ-અનિષ્ટની મિથ્યા કલ્પના............... ૩૦૦
રાગદ્વેષનું વિધાન તથા વિસ્તાર ............. ૩૦૩

**અધિકાર પાંચમો** — ૩૧૬-૩૯૫
(અન્યમત નિરાકરણ)

સર્વવ્યાપી અદ્વૈત બ્રહ્મમત નિરાકરણ........ ૩૧૯
સૃષ્ટિ કર્તૃત્વવાદનું નિરાકરણ................ ૩૨૩
લોકના અનાદિનિધનપણાની પુષ્ટિ ......... ૩૩૨
અવતાર મીમાંસા ............................ ૩૩૪
ભક્તિયોગ મીમાંસા.......................... ૩૩૬
જ્ઞાનયોગ મીમાંસા .......................... ૩૩૮
અન્યમત કલ્પિત મોક્ષમાર્ગની મીમાંસા ..... ૩૪૪
ઇસ્લામમત સંબંધી વિચાર ................. ૩૪૫

**અન્યમત નિરૂપિત તત્ત્વ વિચાર :-**

સાંખ્યમત .................................. ૩૪૬
નૈયાયિકમત................................. ૩૪૯
વૈશેષિકમત નિરાકરણ........................ ૩૫૧
મીમાંસકમત નિરાકરણ ..................... ૩૫૩
જૈમિનીયમત નિરાકરણ...................... ૩૫૩
બૌદ્ધમત નિરાકરણ........................... ૩૫૪
ચાર્વાકમત નિરાકરણ ........................ ૩૫૫
અન્યમત નિરાકરણ ઉપસંહાર ............. ૩૫૮
અન્યમતના ગ્રંથોથી જૈનમતની સમીચીનતા ૩૬૭
શ્વેતાંબરમત નિરાકરણ ...................... ૩૬૮
ઢૂંઢકમત નિરાકરણ........................... ૩૮૪

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

સ્વર્ગીય પંડિતશિરોમણિ ટોડરમલજી કૃત

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક

ઉપર

## પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીના

પ્રવચનોનો સંક્ષિપ્ત સાર

**આસો સુદ ૪, મંગળવાર, ૨૩-૯-૫૨.**

## પ્રથમ અધિકાર

આ મોક્ષમાર્ગ પ્રકાશક શાસ્ત્ર છે. આઠ વર્ષ પહેલાં સં ૨૦૦૦ના આસો વદી ૬ એ શરૂ કરીને સભામાં તે વાંચવામાં આવ્યો હતો. પંડિતવર્ય શ્રી ટોડરમલજી ગૃહસ્થ હતા, પણ આચાર્યકલ્પ કહેવાય છે. એમણે આ શાસ્ત્ર ઘણો ઉપયોગ રાખી બનાવ્યું છે. શાસ્ત્રમાં એટલો બધો ઉપયોગ હતો કે એમના માતુશ્રીએ શાકમાં છ મહિના સુધી મીઠું નાખેલ નહીં, છ મહિના પછી જ્યારે શાસ્ત્ર રચના તરફથી તેમનો ઉપયોગ કંઈક ખસતાં તેમણે માતાને પૂછ્યું ત્યારે ખબર પડી કે તેઓ શાકમાં મીઠું નાખતા ન હતા. આ મોક્ષમાર્ગ પ્રકાશકને સત્‌શ્રુત શ્રીમદ્ રાજચંદ્રે કહેલ છે. શ્રીમદ્‌ના અનુયાયી તેમાં લખેલું ન માને તો એ વિરોધ આવ્યો ગણાય. સત્‌શ્રુત કહેવું અને એમાં લખેલું બરાબર નથી એમ કહેવું તે મેળ ખાતો નથી. માટે આ મોક્ષમાર્ગ પ્રકાશકમાં લખેલું છે તે બધું સત્ય છે એમ સમજવું જોઈએ. આ ગ્રંથ પૂરો થયો નથી કેમ કે આ ગ્રંથ પૂરો થતાં પહેલાં તો એમનું આયુષ્ય પૂરું થઈ ગયું હતું.



- શાર્દૂલવિક્રીડિત છંદ -

**શ્રી સત્તત્ત્વરુચિ સુબોધ સ્થિરતા શુદ્ધાત્મ ભાવે વરું,**
**વંદું સત્‌શ્રુતિ સદ્‌ગુરુ ચરણને સત્કાર્ય સિદ્ધે ઠરું;**
**પ્રારંભે પરમેષ્ઠી પંચ પ્રણમું માંગલ્ય આપે સદા,**
**સૌને શ્રેય કરે ધરે સ્વપદમાં સ્વાનંદ દે સર્વદા.**

જુઓ, અહીં પહેલી લીટીમાં મોક્ષમાર્ગનું સ્વરૂપ મૂકી દીધું છે. સાચા તત્ત્વની રુચિ થવી તે સમ્યગ્દર્શન છે અને સુબોધ એટલે સમ્યગ્જ્ઞાન અને સ્થિરતા એટલે ચારિત્ર -એ ત્રણેની એકતા તે શુદ્ધ આત્માની ભાવનારૂપી મોક્ષમાર્ગ છે. સત્‌શ્રુત અને સદ્‌ગુરુના ચરણમાં નમું છું. મોક્ષમાર્ગનું ફળ મોક્ષ છે - તેમાં રહું, તે માટે આ મંગળિક છે. શરૂઆતમાં પંચપરમેષ્ઠીને નમન કરે છે. તે સદા માંગલ્યકારી છે અને સૌનું શ્રેય કરનારા છે, પોતાના પદમાં ધરે છે અને પોતાનો આનંદ હંમેશા આપે છે.

- સવૈયા -

**શાશ્વત નિજાત્મ તત્ત્વ યથાર્થ સમજવાને,**
**મોક્ષમાર્ગ પ્રકાશક શ્રેષ્ઠ સુખદાયી છે;**
**અનાદિનું દુઃખ જાય આત્મસિદ્ધિ સદ્ય થાય,**
**આસ્રવ રોકાય ભાવ સંવર વરાય છે.**
**નમો નમો શુદ્ધ ભાવ સચ્ચિતિ સ્વરૂપ ગુરુ,**
**જ્ઞાન-ધ્યાન આત્મ પુષ્ટિ સત્વર કરાય છે;**
**મંગલ કલ્યાણમાલા સુગંધ વિસ્તાર થાય,**
**મોહ ભાવ જાય શુદ્ધ સ્વભાવ પમાય છે.**

**અર્થ :-** પોતાનો આત્મા નિત્ય છે. તેને યથાર્થ સમજવા માટે આ મોક્ષમાર્ગ પ્રકાશક ગ્રંથ શ્રેષ્ઠ અને સુખદાયક છે. એ સમજવાથી અનાદિનું દુઃખ જાય છે અને આત્માની રિદ્ધિ અલ્પકાળમાં થાય છે. મિથ્યાત્વાદિ રોકાય છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે. શુદ્ધ ભાવરૂપ સત્ ચૈતન્ય અને તેને ધરનાર એવા સદ્‌ગુરુને નમસ્કાર કરું છું. જ્ઞાન અને ધ્યાનથી આત્માની પુષ્ટિ શીઘ્રપણે થાય છે અને તેથી કલ્યાણની શ્રેણી પ્રગટે છે. એથી આનંદરૂપી સુગંધનો વિસ્તાર થાય છે. મોહભાવનો નાશ કરીને શુદ્ધ સ્વભાવ પમાય છે, એ જ મંગળિક છે.

- દોહરા -

**પરમ પદારથ પામવા, મંગલમય જિનવાણ;**
**વંદું નિજગુણ વૃદ્ધિકર, લહુ સદા સુખખાણ.**

હવે ગ્રંથકર્તાનું મંગળાચરણ કહે છે.

**મંગલમય મંગલ કરણ, વીતરાગ વિજ્ઞાન,**
**નમો તેહ જેથી થયા, અરહંતાદિ મહાન;**
**કરી મંગલ કરું છું મહા, ગ્રંથકરણ શુભ કાજ,**
**જેથી મળે સમાજ સર્વ, પામે નિજપદ રાજ.**

**અર્થ** :- આ એક પદમાં મોક્ષનો ઉપાય મૂક્યો છે, વીતરાગી વિજ્ઞાન તે જ માંગલિક છે, મંગળનું કરનાર છે. પંચપરમેષ્ઠી થયા તે પણ વીતરાગી વિજ્ઞાનથી થયા છે. નિમિત્તથી કે આગમજ્ઞાનથી થયા નથી. માત્ર અધ્યાત્મ એટલે વીતરાગી વિજ્ઞાનથી થયા છે. એ જ અનેકાન્ત આગમ અને અધ્યાત્મ બન્ને દૃષ્ટિથી મોક્ષ માને તો તે એકાંત છે -એમ અહીં કહે છે. અહીં તો ચોખ્ખું કહે છે કે વ્યવહારથી થયા નથી. એમ મંગળિક કરીને આ મહા શુભ ગ્રંથની શરૂઆત કરું છું કે જેથી આત્માના અનંત ગુણની દશારૂપી સમાજ ભેગો થાય અને પોતાનું સ્વરાજ મેળવે અર્થાત્ આત્માની શુદ્ધ પર્યાયને પ્રગટ કરે.

હવે મોક્ષમાર્ગ પ્રકાશક ગ્રંથનો ઉદય થાય છે. જેમ સૂર્યનો ઉદય થાય અને અંધકાર નાશ થાય છે એટલે બધા રસ્તાઓ દેખાય છે. તેમ અહીં મોક્ષમાર્ગ પ્રકાશકનો ઉદય થાય છે એટલે અજ્ઞાન, અંધકારનો નાશ થાય છે. ત્યાં પ્રથમ ગ્રંથકર્તા મંગલાચરણ કરે છે.

**णमो अरहंताणं णमो सिद्धाणं णमो आयरियाणं ।**
**णमो उवज्झायाणं णमो लोए सव्वसाहूणं ॥**

**અર્થ** :- શ્રી અરહંતને નમસ્કાર હો, સિદ્ધને નમસ્કાર હો, આચાર્યને નમસ્કાર હો, ઉપાધ્યાયને નમસ્કાર હો અને લોકમાં રહેલા સર્વ સાધુઓને નમસ્કાર હો.

એ પ્રમાણે તેમાં નમસ્કાર કર્યા છે તેથી તેનું નામ નમસ્કાર મંત્ર છે. આ મંત્ર પરંપરાએ અનાદિનો છે કોઈએ નવો કર્યો નથી.

હવે અહીં જેને નમસ્કાર કર્યા છે તેનું સ્વરૂપ ચિંતવન કરીએ છીએ કારણ કે સ્વરૂપ જાણ્યા વિના એ નથી સમજાતું કે હું કોને નમસ્કાર કરું છું અને તે સિવાય ઉત્તમ ફળની પ્રાપ્તિ પણ ક્યાંથી થાય ?

જુઓ, જેને પંચપરમેષ્ઠીના સ્વરૂપની ખબર નથી તેને ખરેખર આત્માની પણ ખબર નથી. માટે અહીં મહાન સિદ્ધાંત મૂકી દીધો છે કે જેને નમસ્કાર કરવા છે તેને પ્રથમ જાણવા જોઈએ. તે જાણ્યા વિના સાચો નમસ્કાર થતો નથી. હું તે લાકડાંને નમસ્કાર કરું છું કે પથ્થરને નમસ્કાર



કરું છું અથવા તો માણસને નમસ્કાર કરું છું એની જેને ખબર નથી તેને સાચો નમસ્કાર જ નથી.

સમજ્યા વિના સાચી મહત્તા આવતી નથી. સમજ્યા વિના કાંઈ લાભ થતો નથી. છોકરાંને પાંચ શેર સાકર લાવવાનું કહ્યું હોય તો તે સમજ્યા વિના લેવા જાય તો ધારણા કરેલી ભૂલી જાય અને કામ થાય નહિ. પહેલાં નક્કી કરવું જોઈએ કે આ કામ માટે આ ચીજ મંગાવે છે તો યથાર્થ કામ થાય. તેમ જેનું સ્મરણ કરવું છે તેનું સ્વરૂપ પ્રથમ જાણવું જોઈએ, તો ઉત્તમ ફળ થાય. પંચપરમેષ્ઠીના સ્વરૂપને જાણ્યા વિના માત્ર શુભભાવથી નમસ્કાર કરે તો સ્વર્ગ આદિ મળે પણ ધર્મ થાય નહિ. માટે હવે પંચપરમેષ્ઠીના સ્વરૂપનો વિચાર કરીએ છીએ એમ પંડિતજી કહે છે. પંડિતજીને સ્વરૂપ સમજવાનું બાકી નથી. જે સમજવા માંગે છે તેને સાથે ભેળવીને વાત કરે છે કે આપણે સ્વરૂપને વિચારીએ.

## અરહંતનું સ્વરૂપ

જે ગૃહસ્થપણું છોડી મુનિધર્મ અંગીકાર કરી નિજસ્વભાવ સાધન વડે ચાર ઘાતિકર્મોનો ક્ષય કરી અનંત ચતુષ્ટયરૂપે વિરાજમાન થયા છે.

અરહંતને સાચા નમસ્કાર ક્યારે થયા કહેવાય ? તે કહે છે. અરહંત ભગવાન વ્યક્તિ તરીકે અનાદિના નથી પણ પરંપરા અનાદિના છે. જેને અરહંતપદ પ્રાપ્ત થયું છે તે પહેલાં સંસારી હતા. તેમણે પ્રથમ ગૃહસ્થપણું છોડ્યું. એટલે એ ઉપરથી એમ નક્કી થાય છે કે ગૃહસ્થદશામાં મુનિપણું કે અરહંતપણું હોય નહિ. ગૃહસ્થદશામાં મરૂદેવી માતાને અને ભરત ચક્રવર્તીને કેવળજ્ઞાન થયું એમ માને છે તે યથાર્થ નથી. વળી અન્ય લિંગે કેવળજ્ઞાન થાય એ વાત પણ સાચી નથી. અરહંતપણાનું કારણ પ્રથમ ગૃહસ્થપણું છોડીને, મુનિપણું અંગીકાર કરવું તે છે એમ જે જાણતા નથી તે અરહંતના સ્વરૂપને જાણતા નથી. ગૃહસ્થાશ્રમના ભાવનો વ્યય અને મુનિપણાના ભાવનો ઉત્પાદ કર્યો છે. આત્મા તો ધ્રુવ છે તે ઉત્પાદ, વ્યય ને ધ્રુવપણું થયું અને મુનિપણાના ભાવની અસ્તિ અને ગૃહસ્થદશાના ભાવની નાસ્તિ -તે અસ્તિ-નાસ્તિપણું થયું. અરહંતને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કયા સાધન વડે થઈ તે કહે છે.

અરહંત ભગવાનને નિજસ્વભાવ સાધન વડે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે. પોતાના સ્વભાવ સાધન વડે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે -એમ પહેલાં પ્રતીતિ થવી જોઈએ, કોઈ વ્યવહાર સાધન વડે પ્રાપ્તિ થાય એમ નથી. નીચલી દશામાં પણ નિજસ્વભાવ સાધન વડે સમ્યગ્દર્શન જ્ઞાનાદિની પ્રાપ્તિ થાય છે -આમ માનવું. ભરત, ઐરાવત કે મહાવિદેહ ક્ષેત્રમાં જ્યાં જ્યાં અરહંત થાય છે તે બધા નિજસ્વભાવ સાધન વડે થાય છે. અરહંત થવાનો ક્રમ આવો હોય છે બીજો ક્રમ હોતો નથી.

પહેલી લીટીમાં ત્રણ વાત લીધી (૧) ગૃહસ્થપણાનો ભાવ છોડી (૨) મુનિપણાનો ભાવ ગ્રહી (૩) નિજસ્વભાવ સાધન વડે અરહંત થાય છે -એમ કહ્યું. આ વાતને જે સમજતા નથી તે લોકો કહે છે કે શાસ્ત્રમાં આગમ અને અધ્યાત્મ એમ બે સાધન આવે છે. પણ અરિહંતો કહે છે કે એક નિજસ્વભાવ સાધન વડે જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે એમ પ્રથમ શ્રદ્ધા કરવી. મુનિપણામાં પણ આવી જ શ્રદ્ધા હોય છે. નિજસ્વભાવ સાધનની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા કરવી એ જ અરહંત થવાનું કારણ છે. આવા સાધન વડે ચાર ઘાતિકર્મોનો અભાવ થાય છે અને અનંત ચતુષ્ટય પ્રગટે છે.

અરહંત પરમાત્માને પૂર્ણ દશા થઈ ન હતી ત્યારે ચાર ઘાતિકર્મો નિમિત્તરૂપે હતાં. સર્વજ્ઞ પૂર્ણદશા પ્રગટ થતાં તેનો નાશ થાય છે તેથી ઘાતિકર્મોનો ક્ષય કર્યો એમ કહેવાય છે. અરહંત પરમાત્મા અનંત ચતુષ્ટયરૂપે બિરાજમાન થયા છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય પ્રગટ થયું છે. તે અનંતકાળ રહે છે માટે અનંત છે એમ નથી પણ એ ચારે ગુણોની પર્યાયમાં અનંતતા પ્રગટી છે -એ અપેક્ષાએ અનંત છે.

અરહંત અનંતજ્ઞાન વડે છ એ દ્રવ્યને તેના ગુણ-પર્યાયો સહિત યુગપત્ પ્રત્યક્ષ જાણે છે.

અનંતજ્ઞાન વડે તો પોતપોતાના ગુણ-પર્યાય સહિત સમસ્ત જીવાદિ દ્રવ્યોને યુગપત્ વિશેષપણાએ કરી પ્રત્યક્ષ જાણે છે. કેવળજ્ઞાન થયું એમાં જડ અને જડના ગુણ-પર્યાયો, જીવ અને જીવના ગુણ-પર્યાયો જણાય છે. દરેક દ્રવ્યમાં અનંતા ગુણો અને તેની અનંતી પર્યાયો હોય છે. ધર્મ, અધર્મ, કાળ, આકાશ વગેરે બધા દ્રવ્યોને અનંત ગુણ-પર્યાયો છે. તે બધાને ગુણ-પર્યાયો સહિત એક સમયમાં અરહંત પરમાત્મા જાણે છે. ભવિષ્યની પર્યાય થાય ત્યારે જાણે એમ કોઈ કહે તો એ વાત ખોટી છે. કેમ કે કેવળજ્ઞાન બધા ગુણ-પર્યાયોને એકી સાથે જાણે છે. વળી પહેલે સમયે કેવળજ્ઞાન અને બીજે સમયે કેવળદર્શન એમ પણ નથી. તેમાં સમયભેદ માનનાર અરહંતના સ્વરૂપને જાણતા નથી. અને એને અરહંતના સ્વરૂપની ખબર નથી. એ નમસ્કારમંત્ર ભણે ત્યારે જો મંદ કષાય હોય તો પુણ્ય બંધાય પણ ધર્મનો કે ઉત્તમ ફળનો લાભ થાય નહિ. માટે જીવોએ પ્રથમ જેને નમસ્કાર કરવો છે એના સ્વરૂપને યથાર્થ જાણવું જોઈએ. સ્વરૂપને જાણી નમસ્કાર કરવામાં આવે તો તેનું ઉત્તમ ફળ મળે છે.

## આસો સુદ ૫, બુધવાર, ૨૪-૯-૫૨.

આજે આ વાસ્તુના દિવસે મંગળિકમાં અરહંતનું સ્વરૂપ કેવું હોય ? એની વાત આવી છે. ગ્રંથકર્તા શરૂઆતમાં પંચપરમેષ્ઠીને નમસ્કાર કરે છે. તે પરમેષ્ઠી મંગળસ્વરૂપ છે. જેને ગુણ પ્રગટ કરવો છે અને દોષનો નાશ કરવો છે તેણે પ્રથમ જેને પૂર્ણ જ્ઞાન અને વીતરાગતા પ્રગટી હોય તેવા અરંહતાદિને ઓળખીને નમસ્કાર કરવો જોઈએ.



## અરહંતનું સ્વરૂપ

જેને દિવ્યશક્તિ ખીલી છે એ દેવ કેવા હોય તે પ્રથમ જાણવું જોઈએ. આત્માનું વાસ્તુ કેમ થાય એની વાત ચાલે છે. અરિ કહેતા દુશ્મન અને હંત કહેતાં હણનાર. જેણે રાગ-દ્વેષ-મોહરૂપી દુશ્મનનો નાશ કર્યો છે તે અરિહંત છે. તેમની ૠદ્ધિ અને પુણ્યની સંપત્તિ કેવી હોય તે પણ જાણવું જોઈએ. જૈન સંપ્રદાયમાં જન્મીને અરિહંતના સ્વરૂપને જાણ્યા વિના કુદેવને સાચા દેવ માનીને ભ્રાંતિમાં રહે છે. દરેક આત્મા શાંતિ અને સુખ પ્રાપ્ત કરવા માગે છે. તો જેણે તે પ્રાપ્ત કર્યા હોય એનું સ્વરૂપ જાણ્યા વિના એને સાચા નમસ્કાર કર્યા કહેવાય નહિ. માટે અરિહંતદેવ કેવા હોય તે કહે છે.

### અરહંતદેવ નિજસ્વભાવના સાધન વડે કેવળજ્ઞાનાદિને પામ્યા છે.

નિજસ્વભાવ સાધન વડે પરમાત્મા થવાય છે. ગૃહસ્થાશ્રમમાં પરમાત્મદશા પ્રાપ્ત ન થાય. જ્ઞાનાનંદના સાધન વડે દિવ્યશક્તિ પ્રગટ કરી, જીવનમુક્ત દશા જેમને થઈ છે તે અરહંતદેવ છે. એમને નિમિત્તરૂપે ચાર ઘાતિકર્મો હતાં તેનો અભાવ થયો છે અને પોતાની અનંત શક્તિ હતી તે પ્રગટ થઈ છે. તે ત્રણકાળ ત્રણલોકને એક સમયમાં પ્રત્યક્ષ જાણે છે.

### અરહંત પોતાના અનંતજ્ઞાન વડે ત્રણકાળ ત્રણલોકને એક સમયમાં જાણે છે.

લોકાલોક છે માટે એના વડે અનંતજ્ઞાન જાણે છે એમ નથી. પણ ભગવાનને પોતાની અનંતજ્ઞાન-શક્તિ પ્રગટ થઈ છે. એ વડે એક સાથે છ દ્રવ્યોના ગુણ-પર્યાયોને વિશેષપણા સહિત એક સમયમાં જાણે છે. જીવ, પુદ્ગલ વગેરે પૃથક્ પૃથક્ છે. તેમાં ગુણ-પર્યાયો અનંતા છે. તે બધાને અરહંત એક સમયમાં જાણે છે. તે દેહમાં રહેલા પરમાત્મા છે. એને સમજ્યા વિના જે નમસ્કાર કરે તે ઉત્તમ ફળને પામે નહિ.

કયા જીવને કેટલા ભવ છે તે પણ ભગવાન જાણે છે. કેમ કે એમનું જ્ઞાન વિશેષપણા સહિત છે. આ જગતમાં પૂજનીક તો વીતરાગી અને વિશેષ વિજ્ઞાની જ છે. એવી દશા જેને પ્રગટ થઈ હોય એવા પરમાત્મા બધું જાણે છે. ક્યારે કયો જીવ કેવળજ્ઞાન અને મુક્તદશાને પામશે એ પણ તેઓ જાણે છે. કોઈ કહે કે ભગવાન એવું જાણે તો જેટલા ભવ સર્વજ્ઞે જોયા હોય એટલા થાય, એનાથી ઓછા ન થાય. તો તેને કહે છે કે જેને સર્વજ્ઞની પ્રતીતિ હોય અને ક્રમબદ્ધપર્યાય છે એની પ્રતીતિ હોય તેને ભવ વધારે હોય નહિ. જ્ઞાનસ્વભાવી પ્રભુ અલ્પજ્ઞતાને ટાળી સર્વજ્ઞતાને પ્રગટ કરે છે. તે દિવ્ય શક્તિવાળા અરહંતદેવ છે. એમનું સ્વરૂપ જાણીને નમસ્કાર કરવાયોગ્ય છે.

કેટલાક જીવો જૈન સંપ્રદાયમાં જન્મીને પણ સર્વજ્ઞદેવ કેવા હોય એનો વિચાર પણ કરતાં નથી. અરહંતનું સ્વરૂપ નક્કી કરે તો આત્મા પણ ચિદાનંદ પ્રભુ છે અને પુણ્ય-પાપાદિ પર્યાયમાં છે એનો નાશ થઈ પોતે સર્વજ્ઞ થઈ શકે છે એમ નિર્ણય થયા વગર રહે નહિ. અને એવો નિર્ણય

જેને થયો તેની મુક્તિ થયા વિના રહે નહિ. માટે અરહંતને નમસ્કાર કરનારે એમનું જ્ઞાન કેવું હોય તે પ્રથમ જાણવું જોઈએ. એ જાણ્યા વિના ઉત્તમ ફળની પ્રાપ્તિ થતી નથી.

**ભગવાન અનંતદર્શન વડે લોકાલોકને સામાન્યપણે અવલોકે છે.**

અરહંત પરમાત્માને અનંત દૃષ્ટાશક્તિ ખીલી ગઈ છે. તે જડ-ચેતન બધા પદાર્થને ભેદ પાડ્યા વિના દેખે છે. તે પદાર્થો છે માટે દેખે છે એમ નથી. પણ પોતાની અનંતદર્શનશક્તિ ઊઘડી છે તે વડે દેખે છે. જો પર વડે દેખતા હોય તો લોકાલોક અનાદિનો છે, તો બધાને કેવળજ્ઞાન-કેવળદર્શન હોવું જોઈએ, પણ એમ નથી.

**અરહંત અનંતવીર્ય વડે અનંતજ્ઞાન-દર્શનના સામર્થ્યને ધારે છે.**

ભગવાનને અનંત આત્મબળ પ્રગટ્યું છે તે આત્માના સાધન વડે પ્રગટ્યું છે. અનંતજ્ઞાન-દર્શનને ધારી રાખવું તેવું એમનું સામર્થ્ય છે. રાગને ધારી રાખવું તે આત્માનું સામર્થ્ય નથી. માટે હું મારા સાધન વડે પૂર્ણ દશાને પ્રાપ્ત કરીશ. કેવળજ્ઞાન ટકી રહે છે તે વીર્યગુણનું સામર્થ્ય છે. અજ્ઞાની લોકો કહે છે કે જે પરના કામો કરે, જગતને તારે તે વીર્યવાળો કહેવાય અને યોગની સાધના કરી સ્વર્ગને મૃત્યલોકમાં ઉતારે તે વીર્યનું કામ છે. પણ તે બધી વાત ખોટી છે. પરનું કાંઈ પણ કાર્ય કરવાનું આત્મામાં સામર્થ્ય નથી. પણ આત્માના જ્ઞાનાદિ અનંતગુણો જે પ્રગટ થાય છે તેને ધારી રાખવા તે આત્માના વીર્યનું કામ છે. આ વીર્ય તો આત્માનો અરૂપી ગુણ છે. જડ વીર્ય રેતની અહીં વાત નથી. જગતના લોકને તારવા તે વીર્યનું કામ નથી. આમ અરહંતના સ્વરૂપને સમજીને નમસ્કાર કરે તેને ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે.

અરહંત પરમાત્મા કોઈને તારે એવું એનામાં સામર્થ્ય નથી. આત્મા પોતે વીતરાગ થવા માગે છે; તો વીતરાગ થવાનું સામર્થ્ય તો પોતામાં છે -એમ પ્રતીતિ કરે તેને અરહંત નિમિત્ત કહેવાય છે. આત્મવીર્યનું કામ તો જ્ઞાન-દર્શનાદિ ગુણોના સામર્થ્યની રચના કરવી તે છે. પરનું રક્ષણ કરે એ વીર્યનું કામ નથી. લોકો ઓશિયાળા બનીને 'અમને તારજો' એમ અરહંત ભગવાન પાસે માગણી કરે પણ અરહંત કોઈને તારતા નથી. પરથી હું તરી જાઉં એવો મારો સ્વભાવ નથી અને કોઈ પરદ્રવ્ય મને તારે એવી એનામાં શક્તિ નથી.

કોઈને એમ થાય કે આમ માનવાથી ભગવાનની મહત્તા રહેતી નથી પણ અપમાન થાય છે પણ અહીં તો કહે છે કે જેવું અરહંતનું સ્વરૂપ છે એવું જાણ્યા વિના નમસ્કાર કરે છે તે ખરેખર ભગવાનનું અપમાન કરે છે. અને એમાં તો ખરેખર પોતે પોતાને પણ સમજ્યો નથી માટે પોતાનું પણ અપમાન કરે છે. પરનું અપમાન કે માન કોઈ કરતું નથી એ સિદ્ધાંત છે.



**અરહંતદેવ અનંતસુખ વડે નિરાકુલ પરમાનંદને અનુભવે છે.**

કેવા છે અરહંત દેવ ? તો કહે છે કે પોતાના અનંતસુખ વડે આનંદને અનુભવે છે. પણ લોકાલોકને જાણે છે માટે આનંદ છે એમ નથી. જુઓ ! આ અરહંત મહામંગળ સ્વરૂપ છે. અરહંતના આનંદને નિરાકુળ વિશેષણ આપ્યું છે કેમ કે તેમને વીતરાગી આનંદકુંડ ફાટ્યા છે તે અનંતસુખ વડે અનુભવે છે એમ અસ્તિથી વાત કરી. હવે જ્યારે પરમાનંદનો ભાવ વર્તે છે ત્યારે શેનો અભાવ કર્યો ? એની નાસ્તિથી વાત કરે છે કે સર્વથા સર્વ રાગદ્વેષાદિ વિકારભાવોથી રહિત થયા છે, ને શાંતરસરૂપ પરિણમ્યા છે. ભગવાન કામ-ક્રોધ, પુણ્ય-પાપાદિ ભાવોથી રહિત થયા છે. અકષાય શાંતરસરૂપે થયા છે. આખી દુનિયા ડોલી જાય કે ઇન્દ્રો આવીને પૂજા કરે તો પણ વિકલ્પ ઊઠતો નથી.

**અરહંત દેવને ક્ષુધા-તૃષાદિ દોષો નથી તેથી દેવાધિદેવપણાને પ્રાપ્ત થયા છે.**

ક્ષુધા આદિ અઢાર દોષો રહિત કેવળીનું સ્વરૂપ છે તે કારણે તે દેવાધિદેવ છે. ભગવાનને ક્ષુધા-તૃષા હોતી નથી તેથી તેઓ રોટલા ખાતા નથી. રોટલા ખાય તે પરમાત્મા ન હોય. એમને શરીરમાં રોગ પણ હોય નહિ. પરસેવો ન હોય, થાક ન હોય. ૨૨ સાગરની સ્થિતિવાળા સ્વર્ગના દેવોને બાવીશ હજાર વર્ષે આહારની ઇચ્છા થાય છે અને કંઠમાંથી અમૃત ઝરે છે. તો પછી ભગવાન તો દેવાધિદેવ છે. એમને ક્ષુધા-તૃષા હોય અને તેથી તેઓ આહાર કરે એમ બને નહિ. ભગવાનને આહાર હોય અને રોગ થાય એમ જે માને તે અરહંતના સ્વરૂપને સમજ્યા નથી. તે વીતરાગને નમસ્કાર ખરેખર કરતા નથી પણ રાગીને નમસ્કાર કરે છે. માટે એના નમસ્કાર સાચા નથી. લોકો એમ માને છે કે નવકારમંત્રના ગણનારા છે માટે બધા જૈન છે. પણ એમ નથી. પંચપરમેષ્ઠીનું સ્વરૂપ જે સમજે છે તેનો જ નમસ્કાર સાચો હોય છે. બીજાને કાંઈ ધર્મનું ફળ થતું નથી. જુગલિયા મનુષ્ય હોય છે એમને ત્રણ ગાઉનું દેહમાન હોય છે. તે પણ ત્રણ દિવસે બોર જેટલો આહાર લ્યે છે. અને ભગવાન હંમેશા આહાર લ્યે છે એમ ઠરાવે તે અરહંતના સ્વરૂપને સમજ્યા નથી. શ્વેતાંબરના ભગવતીસૂત્રમાં એવો પાઠ આવે છે કે ભગવાન હંમેશા આહાર લ્યે છે માટે એમનું શરીર સુંદર હોય છે પણ એ વાત તદ્દન ખોટી છે.

**અરહંતને પરમ ઔદારિક શરીર હોય છે.**

આયુધ, અંબરાદિ અથવા અંગ વિકારાદિક જે કામ ક્રોધાદિ નિંદ્ય ભાવોના ચિહ્ન છે તેથી રહિત જેનું પરમૌદારિક શરીર થયું છે. શરીરના પરમાણુ પણ જાણે શાંત રસે પરિણમ્યા છે. ભગવાનને કોઈ દુશ્મન નથી. એમને કોઈનો ભય પણ નથી. શરીર ઉપર હથિયાર હોય તે દેવ નથી. કેમ કે હથિયાર તો રાગદ્વેષ બતાવે છે ને તેણે દુશ્મનને ટાળ્યા નથી એમ સિદ્ધ થાય છે. પણ ભગવાને

તો રાગ-દ્વેષ-મોહરૂપી દુશ્મનનો નાશ કર્યો છે. તેથી તેમને હથિયાર હોય નહિ. વળી તેમને વસ્ત્ર ન હોય, દાગીના ન હોય, શરીર ઉપર ચાંદલા ન હોય, અંગનો વિકાર જે રોગ તે ન હોય, ભગવાન નાચ કરે નહિ. કપિલ કેવળીએ નાચ કર્યો છે એમ યશોવિજયજીએ કહ્યું છે. પણ તે બધાં ચિહ્નો તો રાગીના છે, વીતરાગને તે હોય નહિ. ભગવાનના શરીરના રજકણો પલટીને સ્ફટિક જેવા થઈ ગયા હોય છે, તેમને પરમ ઔદારિક શરીર હોય છે. પરીક્ષા કર્યા વગર માને તે ભગવાનને સાચા નમસ્કાર કરતો નથી. તેથી એને ધર્મ પણ થતો નથી. આ રીતે પહેલાં અરહંતના આત્માનું સ્વરૂપ કહ્યું. પછી એમના શરીરનું વર્ણન કર્યું. હવે એમની વાણી કેવી હોય છે તે કહે છે.

જેમનાં વચન વડે લોકમાં ધર્મતીર્થ પ્રવર્તે છે. ભગવાનને પૂર્વ પ્રારબ્ધના કારણે ધ્વનિ છૂટે છે. એના નિમિત્તે લોકોમાં ધર્મતીર્થ પ્રવર્તે છે. આત્મા પોતે સમજે છે ત્યારે નિમિત્ત કેવું હોય? એની પણ સાથે વાત આવે છે. કપોળકલ્પિત વાતથી ધર્મ થઈ શકે નહિ. માટે પ્રથમ ઓળખાણ કરવી જોઈએ. અરહંતદેવને ઈચ્છા વિના ધ્વનિ છૂટે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને સાધનારા જીવોને ભગવાનના વચનો જ નિમિત્તરૂપે હોય છે. કલ્યાણ તો આત્મા પોતાથી જ કરે છે. વાણી કોઈનું કલ્યાણ કરતી નથી. સાધુ, અર્જિકા, શ્રાવક અને શ્રાવિકા એ ચાર પ્રકારના ધર્મતીર્થ છે. તે તરે તેમાં ભગવાનની વાણી નિમિત્ત છે. એમ ભગવાનની વાણીની ઓળખાણ કરે તો એનું કલ્યાણ થયા વિના રહે નહિ. આ રીતે વાણી અને એના નિમિત્તે લોકોનું કલ્યાણ થાય છે તે વાત કહી. હવે એમના પુણ્ય કેવા હોય છે તે કહે છે.

અન્ય લૌકિક જીવોને પ્રભુત્વ માનવાના કારણરૂપ અનેક અતિશય તથા નાના પ્રકારના વૈભવનું જેને સંયુક્તપણું હોય છે. સાધારણ લૌકિક મિથ્યાદૃષ્ટિ જીવો સમવસરણમાં આવે તો ભગવાનના પુણ્ય જોઈને તેમનું માન ગળી જાય છે. પહેલા દેવલોકના ઈન્દ્ર જે અર્ધલોકના સ્વામી છે તે ભગવાનને નમે છે. આવો વૈભવ ભગવાનનો છે. દેવો સ્વર્ગમાંથી આવે છે. વાઘ, સિંહ, સર્પ આદિ જંગલમાંથી આવે છે. ચક્રવર્તી આદિ રાજાઓ આવે છે. આ બધી બહારની ઋદ્ધિ છે. તે લૌકિક પ્રભુતા બતાવે છે. ચોત્રીસ અતિશય હોય છે. સમવસરણમાં સિંહ અને હરણ સાથે બેસે છે. સર્પ અને મોર સાથે હોય છે. સો સો જોજનમાં માર નહિ, મરકી નહિ. આવા ભગવાનના પુણ્ય છે. ભગવાનના સમવસરણમાં ગોશાળાએ સાધુને બાળી નાખ્યા એ બધી વાત ખોટી છે. સમવસરણમાં આઠ પ્રકારની ભૂમિ હોય છે. ત્રણ પ્રકારના ગઢ હોય છે. આ બધી પ્રભુતાને જે માને છે તેને નિમિત્ત કહેવાય છે.

આ રીતે અરહંત પરમાત્માના સ્વરૂપને સમજીને નમસ્કાર કરવો. સમજ્યા વિના કાંઈ ફળ આવતું નથી. હવે ભગવાનને સેવનારા કેવા હોય છે તે કહેશે.



## આસો સુદ ૬, ગુરુવાર, ૨૫-૯-૫૨.

અહીં અરહંતનું સ્વરૂપ વિચારે છે. ગ્રંથકાર ગ્રંથની શરૂઆત કરતાં મંગળિક તરીકે પંચપરમેષ્ઠીને નમસ્કાર કરે છે, એમાં જેને નમસ્કાર કરે છે એનું સ્વરૂપ વિચારે છે. એમાં ઘણી વાત આવી ગઈ છે. હવે કહે છે કે :-

''અરહંતને પોતાના હિતને અર્થે શ્રી ગણધર-ઈન્દ્રાદિક ઉત્તમ જીવો સેવન કરે છે.''

કોઈ જીવ પરની સેવા કરી શકે તેમ નથી પણ પોતે પોતામાં શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા પ્રગટ કરી પોતાનું હિત સાધે તે ખરી સેવા છે. એક ચીજ બીજી ચીજને ખરેખર અડતી નથી, તો પછી સેવા કરે છે એ વાત છે જ નહિ. એક ચીજનો બીજી ચીજમાં અભાવ છે. ઉપચરિત દૂર ક્ષેત્રવર્તીપણું બતાવે છે અને અનુપચરિત નજીકપણું બતાવે છે. પણ કોઈ ચીજ કોઈ બીજી ચીજમાં પેસી જાય છે એવો એનો અર્થ નથી. અનુપચારથી એક થઈ જાય છે અને ઉપચારથી જુદા રહે છે એમ નથી. દ્રવ્ય નજીક હોય કે દૂર હોય, પણ એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શ કરતું નથી. તેથી કોઈ કોઈની સેવા કરે છે એમ નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવવા નજીકમાં કાર્ય થતું હોય એને ઓળખાવવા વ્યવહારથી સેવન કરે છે એમ કહેવાય છે.

જે જીવોને આત્મા જ્ઞાનસ્વભાવી છે, એવી પ્રતીતિ થાય તેને ભગવાનની વાણી નિમિત્ત કહેવાય છે.

''સર્વ પ્રકારે પૂજવાયોગ્ય અરહંતદેવને અમારા નમસ્કાર હો.''

બીજા દેવથી જુદા પાડવા માટે અરહંતદેવ સર્વ પ્રકારે પૂજવાયોગ્ય છે એમ કહ્યું છે. ખરેખર તો પોતાનો આત્મા ચિદાનંદ છે તે જ સર્વ પ્રકારે પૂજવાયોગ્ય છે. આત્મામાં શુદ્ધ પર્યાય પ્રગટે તે પણ સર્વ પ્રકારે પૂજવાયોગ્ય નથી, આત્માને ભૂલીને કોઈ પણ દેવાદિ સર્વ પ્રકારે પૂજવાયોગ્ય નથી. અરહંત સિવાય બીજા કુદેવાદિ પૂજવાયોગ્ય નથી એમ એનો આશય છે. અરહંતને પૂજવા તે વ્યવહાર છે.

જુઓ, અરહંતના સ્વરૂપને વિચારીએ છીએ એમ કહ્યું હતું. હવે શ્રી સિદ્ધ પરમેષ્ઠીના સ્વરૂપને ધ્યાઈએ છીએ એમ કહે છે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુનું સ્વરૂપ અવલોકીએ છીએ -એમ ત્રણેમાં જુદા જુદા શબ્દો વાપર્યા છે.

## શ્રી સિદ્ધ પરમેષ્ઠીનું સ્વરૂપ

''જે ગૃહસ્થઅવસ્થા ત્યજી, મુનિધર્મ સાધન વડે ચાર ઘાતિકર્મોનો નાશ થતાં અનંત ચતુષ્ટય સ્વભાવ પ્રગટ કરી કેટલોક કાળ વીત્યે ચાર અઘાતકર્મોની ભસ્મ થતાં પરમૌદારિક શરીરને પણ છોડી ઊર્ધ્વગમન સ્વભાવથી લોકના અગ્રભાગમાં બિરાજમાન થયા છે.''

ગૃહસ્થદશામાં ત્રણકાળમાં કેવળજ્ઞાન કે સિદ્ધદશા થતી નથી એ બતાવવા ગૃહસ્થાવસ્થા છોડી એમ કહેલ છે. ત્યાં વસ્ત્રાદિ છોડવાં પડતાં નથી પણ એ પ્રકારનો રાગ છૂટી જતાં વસ્ત્રો વસ્ત્રોના કારણે છૂટી જાય છે. જેને આત્મભાન થયું તે મુનિપણું અંગીકાર કરે છે. આત્માના ભાન વિના સાધુપણું લે તેને આત્મલાભ થતો નથી. ગૃહસ્થપણું, મુનિપણું, અરહંતપણું અને સિદ્ધપણું આ બધી અવસ્થા છે. અરહંતમાં નિજસ્વભાવ સાધન કહ્યું હતું; અહીં મુનિધર્મના સાધન વડે કેવળજ્ઞાન પ્રગટ કર્યું છે એમ કહેલ છે. શુદ્ધોપયોગ તે મુનિધર્મ છે. અઠ્ઠાવીશ મૂળગુણ, વ્યવહારરત્નત્રય તે મુનિધર્મ નથી, એવો રાગ હોય છે તે વ્યવહાર છે, પણ તેના વડે કૈવલ્યદશા થતી નથી.

શુદ્ધ ઉપયોગના સાધન વડે ચાર ઘાતિકર્મોનો નાશ થાય છે એ નિમિત્તનું કથન છે. ખરેખર તો શુદ્ધોપયોગના કારણે જડ કર્મોનો નાશ થતો નથી, કર્મો તો એના કારણે એના કાળે છૂટી જાય છે, તેમાં શુદ્ધોપયોગ નિમિત્ત છે પણ શુદ્ધોપયોગના કારણે કર્મોનો નાશ થતો નથી, કેમ કે શુદ્ધોપયોગની અસ્તિ તો જીવમાં છે. કર્મોની પર્યાયનો અભાવ થવો તેની અસ્તિ તો જડમાં છે. જડ અને ચૈતન્ય વચ્ચે અત્યંત અભાવ છે. સિદ્ધ કેવા છે અને કયા કારણે થયા એને બરાબર જાણીને નમસ્કાર કરે તો તેને ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે.

જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે. તો સ્વ એવો આત્મા કેવો છે, એને જાણ્યા વિના પરપ્રકાશક એટલે સિદ્ધાદિનો વ્યવહાર છે તેનું જ્ઞાન પણ બરાબર થતું નથી. તેથી કહે છે કે શુદ્ધોપયોગ આત્મામાં થાય છે. તેના નિમિત્તે ચાર ઘાતિકર્મોનો નાશ થાય છે અને કેવલજ્ઞાનાદિ અનંત ચતુષ્ટય પ્રગટે છે. શુદ્ધ ઉપયોગનું સાધન આત્મદ્રવ્ય છે અને શુદ્ધોપયોગ ચાર ઘાતિકર્મોના નાશનું નિમિત્ત છે, અનંત ચતુષ્ટયરૂપ સ્વભાવ તો ત્રણે કાળે શક્તિરૂપે છે તેને શુદ્ધોપયોગના સાધન વડે પ્રગટ કરે છે. અહીં સુધી તો અરહંતપદની વ્યાખ્યા છે.

કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટય પ્રગટ થયા પછી કેટલોક કાળ વીત્યા પછી ચાર અઘાતિકર્મોનો પણ નાશ થાય છે. કેટલોક કાળ કેમ કહ્યો છે ? કેમ કે બધાને સરખો કાળ હોતો નથી. જ્યાં સુધી ચાર અઘાતિકર્મો છે ત્યાં સુધી કેવળીને પણ અસિદ્ધપણારૂપ ઔદયિકભાવ છે.

કર્મો ભસ્મરૂપે થઈ ગયા એનો અર્થ એવો છે કે કર્મરૂપે જે પર્યાય હતી તે બદલી ગઈ. કર્મોના પરમાણુનો અભાવ થતો નથી, જ્યારે અઘાતિકર્મોનો નાશ થયો ત્યારે કેવળીને જે પરમ ઔદારિક શરીર હતું તે પણ છૂટી જાય છે. નિમિત્તનું જ્ઞાન કરાવવા એને છોડ્યું એમ કહેવાય છે, આત્મા પોતે છૂટી ગયો ત્યારે શરીર છોડ્યું એમ કહેવાણું છે.

શરીર છૂટી ગયા પછી ઊર્ધ્વગમન સ્વભાવ હોવાથી સિદ્ધ લોકના અગ્ર ભાગે જઈને સ્થિર થયા છે, ધર્માસ્તિકાય નથી માટે આગળ ગયા નથી એમ નથી પણ પોતે જ ત્યાં જઈને બિરાજમાન થયા છે. સંપૂર્ણ પરદ્રવ્યોનો સંબંધ છૂટવાથી મુક્ત અવસ્થાપણે સ્થિર થયા છે. સિદ્ધમાં પણ



સમયે સમયે પર્યાય બદલે છે પણ એવી ને એવી થયા કરે છે. સિદ્ધદશા તે મુક્તદશા છે. છેલ્લું શરીર છે એનાથી કિંચિત્ ન્યૂન પુરુષાકારવત્ જેના આત્મપ્રદેશોનો આકાર અવસ્થિત થયો છે. જુઓ, અહીં કહે છે કે પુરુષાકારવત્ એટલે સ્ત્રીનો આકાર ન હોય કેમ કે સ્ત્રીને મુનિપણું જ ન હોય. તેથી સ્ત્રી સિદ્ધ થાય એમ ત્રણકાળમાં બનતું નથી. પ્રદેશત્વગુણના કારણે દરેક પદાર્થને પોતાનો આકાર હોય છે એમ સિદ્ધ પણ પોતાના આકારે રહેલા છે. સંસારદશામાં સંકોચ-વિસ્તાર થતો હતો તે હવે ત્યાં નથી, તેઓ એકરૂપે રહે છે, સરખારૂપે પલટે પણ વધુ કે ઓછો આકાર થાય નહિ.

''પ્રતિપક્ષી કર્મોનો નાશ થવાથી સમસ્ત જ્ઞાન-દર્શનાદિક ગુણો જેને સંપૂર્ણપણે સ્વભાવને પ્રાપ્ત થયા છે.''

સમસ્ત જ્ઞાન-દર્શનાદિ ગુણોની પર્યાય પૂર્ણ પ્રગટ થઈ છે, ગુણો પ્રગટતા નથી, એ તો એકરૂપે જ રહે છે પણ પર્યાય પ્રગટે છે; ત્યારે કર્મોનો અભાવ હોય છે. નોકર્મનો સંબંધ દૂર થવાથી જેને સમસ્ત અમૂર્તત્વાદિ આત્મિક ધર્મો પ્રગટ થયા છે, અમૂર્ત, અવગાહ, અવ્યાબાધ, અગુરુલઘુત્વ ગુણો શક્તિરૂપે હતા તે પ્રગટ થયા છે. જેને ભાવકર્મોનો અભાવ થવાથી નિરાકુળ આનંદમય શુદ્ધ સ્વભાવરૂપ પરિણમન થઈ રહ્યું છે, વ્યવહારરત્નત્રય પણ ભાવકર્મ છે, તે આકુળતામય છે. તેનો અભાવ થવાથી અનાકુળ સ્વભાવ પ્રગટ થયો છે. સિદ્ધમાં પણ બધા ગુણોનું શુદ્ધ પરિણમન સમયે સમયે થયા જ કરે છે. દ્રવ્યરૂપે સામાન્ય છે, પર્યાયરૂપે વિશેષ છે, કૂટસ્થપણું નથી. પહેલાં સમયનો નિરાકુળ શુદ્ધ આનંદ તે બીજા સમયે રહેતો નથી, બીજે સમયે નવો નવો આનંદનો અનુભવ કરે છે.

''જેના ધ્યાન વડે ભવ્ય જીવોને સ્વદ્રવ્ય-પરદ્રવ્ય તથા ઔપાધિક-સ્વાભાવિક ભાવનું વિજ્ઞાન થાય છે.''

અહીં ભવ્ય જીવોની વાત કરી છે, અભવ્યની કે દુર્ભવ્યની વાત નથી પણ ભવ્ય જીવોને-લાયક પ્રાણીને-સ્વતંત્રતા જેને રુચિ છે તે જીવ પોતે સમજે છે ત્યારે તેને નિમિત્તરૂપે સિદ્ધ પરમેષ્ઠી છે. સિદ્ધને રાગ કે વિકલ્પ નથી. જેમ સિદ્ધને પરદ્રવ્ય નથી તેમ મારે પણ નથી અને સિદ્ધને સંસાર નથી, મારી એક સમયની પર્યાયમાં સંસાર છે પણ મારા સ્વભાવમાં સંસાર નથી -આવું જ્ઞાન થાય છે. વળી ઔપાધિક ને સ્વાભાવિકભાવનું જ્ઞાન થાય છે.

પરદ્રવ્યનો અને ઔપાધિકભાવનો અભાવ સિદ્ધને થયો છે એવો મારો સ્વભાવ છે એવા ધ્યાન વડે યથાર્થ જ્ઞાન થાય છે. સિદ્ધમાં રહ્યું તે મારું સ્વરૂપ છે, એમાંથી જે નીકળી ગયું તે મારું સ્વરૂપ નથી. હું પર્યાયમાં અપૂર્ણ છું અને સિદ્ધ પૂર્ણ થયા છે. તો મારે પૂર્ણ થવું છે તે પૂર્ણદશા તો દ્રવ્યમાંથી થાય છે એમ જાણે તેને સિદ્ધ સાધન થાય છે. દ્રવ્યદૃષ્ટિ થયા વિના પૂર્ણતા થાય નહિ

એવી પ્રતીતિપૂર્વક વિશેષ સ્થિરતા થતાં સિદ્ધ પરમાત્મા પૂર્ણ પર્યાયને પામ્યા અને મારી વર્તમાનદશા અપૂર્ણ છે એનું પણ યથાર્થ જ્ઞાન થાય છે. માટે તે પોતાને સિદ્ધ સમાન થવામાં સાધન થાય છે.

તેથી સાધવા યોગ્ય પોતાનું શુદ્ધ સ્વરૂપ તેને દર્શાવવા માટે સિદ્ધ પરમેષ્ઠી પ્રતિબિંબ સમાન છે.

પોતાનું ચિદાનંદ જ્ઞાયકસ્વરૂપ છે એ જ સાધવા યોગ્ય છે. તેમાં સિદ્ધ પરમાત્મા નિમિત્ત છે. તે સિદ્ધ કૃતકૃત્ય થયા છે. માખણનું ઘી થાય પણ ઘીનું માખણ થાય નહિ, તેમ સિદ્ધને હવે ફેરફાર થતો નથી એટલે કે તેઓ સંસારમાં આવતાં નથી પણ સિદ્ધપણે જ અનંતકાળ પર્યંત રહે છે. એવી નિષ્પન્નતાને પામેલા શ્રી સિદ્ધ ભગવાનને અમારા નમસ્કાર હો !

## આસો સુદ ૭, શુક્રવાર, ૨૬-૯-૫૨.

આ મોક્ષમાર્ગ પ્રકાશક શાસ્ત્ર છે. આત્માની પર્યાયમાં જે રાગાદિક દશા છે એનો અભાવ થઈને નિર્મળદશા થાય તેને મોક્ષ કહે છે. પરની રુચિ તે સંસારમાર્ગ છે અને જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિની રુચિ, જ્ઞાન અને રમણતા થતાં મોક્ષમાર્ગ થાય છે. ત્યાં બંધમાર્ગનો અભાવ થાય છે. આત્મા તો ધ્રુવપણે રહે છે. મોક્ષમાર્ગમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્તરૂપે છે, તે ઈષ્ટદેવ અને ગુરુ કોણ છે તેનું વર્ણન ચાલે છે. અરહંત પરમાત્મા અને દેહમુક્ત સિદ્ધ પરમાત્માની વાત થઈ ગઈ છે. હવે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનું સ્વરૂપ અવલોકીએ છીએ. જેમ નિર્ધન સધનની સેવા કરે છે, પણ નિર્ધનની સેવા કરતાં નથી. તેમ પૂર્ણ જ્ઞાનાનંદરૂપી મૂડી જેને પ્રગટ થઈ છે તે ઈષ્ટદેવ અને ગુરુ નિર્ગ્રંથ હોય છે. જેને નિજાનંદ પ્રગટ કરવો હોય તે તેમની સેવા કરે છે. એટલે કે એના સ્વરૂપને જાણીને નમસ્કાર કરે છે.

## આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનું સ્વરૂપ

જે વિરાગી બની, સમસ્ત પરિગ્રહ છોડી, શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી અંતરંગમાં તો શુદ્ધોપયોગ વડે પોતે પોતાને અનુભવે છે.

આત્મા અખંડ આનંદકંદ છે. પરવસ્તુ અને પુણ્ય-પાપરૂપી લાગણીઓથી જે વિરાગી બને છે તેને ધ્રુવસ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. મુનિને વિશેષ લીનતા થઈ છે. તેથી બધા પરિગ્રહ પ્રત્યે વિરાગી બની તેનું લક્ષ પણ છોડે છે.

મુનિને સ્ત્રી, પુત્ર, લક્ષ્મી આદિ તરફનું લક્ષ છૂટી જાય છે. ત્યારે તે પ્રકારનો પરિગ્રહ પણ હોતો નથી. પર તરફની આસક્તિ હતી તે છૂટી જતાં નિમિત્તો એના કારણે છૂટી જાય છે. મુનિને બાહ્ય-અભ્યંતર નિર્ગ્રંથદશા હોય છે. નગ્નદશા દિગંબર સહજ હોય છે. પુણ્ય-પાપરૂપ લાગણીની



ઉત્પત્તિ ન થવી તે શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ છે તેને અંગીકાર કરે છે. અહીં નગ્નદશા અંગીકાર કરે છે એમ કહેલ નથી કેમ કે તે તો સહજ હોય છે. આવું મુનિનું સ્વરૂપ છે.

આજકાલ તો ઘણા આચાર્યપદને ધારણ કરીને બેસી ગયા છે. આચાર્ય તો ઘણા પ્રકારના છે. બ્રાહ્મણમાં પણ આચાર્ય હોય છે. પણ તે આચાર્યપણું યથાર્થ નથી. અહીં તો કહે છે કે શુદ્ધોપયોગ-રૂપ મુનિપણું જેને થયું છે તે જ આચાર્ય હોઈ શકે, બીજા આચાર્ય નથી. અઠ્ઠાવીસ મૂળગુણો કે વ્યવહારરત્નત્રયરૂપ વિકલ્પ પણ મુનિધર્મ નથી. પણ આત્માના શુદ્ધ સ્વભાવ સન્મુખ પર્યાયનો ઝૂકાવ કરીને જે શુદ્ધોપયોગ પ્રગટ થાય છે તેને ભગવાન મુનિપણું કહે છે.

વળી તેઓ વીતરાગી નિર્વિકલ્પ સમાધિરૂપે પોતે પોતાને શુદ્ધોપયોગ વડે અનુભવે છે. પોતે કર્તા થઈને પોતાના કાર્યને અનુભવે છે. અહીં પૂર્ણતાની વાત નથી પણ પોતાની ભૂમિકા પ્રમાણે આત્માની શાંતિનો અનુભવ હોય છે એ વાત છે. જુઓ, અહીં વ્યવહાર વડે મુનિ અનુભવ કરે છે એમ કહેલ નથી અને તેથી વ્યવહાર વડે શુદ્ધોપયોગ થાય એ વસ્તુના સ્વરૂપમાં નથી -એમ આ ઉપરથી સિદ્ધ થાય છે. અહીં ગ્રંથકાર ખુલાસો કરે છે કે વ્યવહારની અનુત્પત્તિ અને વીતરાગની ઉત્પત્તિ વડે આત્મા પોતે પોતાને અનુભવે છે અને એ જ મુનિધર્મ છે.

પંચપરમેષ્ઠી તરફ ભક્તિનો રાગ નીચલી દશામાં હોય છે પણ એ વડે આત્માનો અનુભવ થાય કે શુદ્ધોપયોગ થાય એમ કદી બને નહિ. રાગ કરતાં કરતાં વીતરાગ થવાય નહિ. ઝેર ખાતાં ખાતાં અમૃતના ઓડકાર આવે નહિ. પંચાસ્તિકાયમાં વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય કહેલ છે પણ તે વાતને યથાર્થપણે સમજવી જોઈએ. વ્યવહારનો અભાવ કરીને નિશ્ચય સ્વભાવનું અવલંબન કરે તેને શુદ્ધોપયોગ થાય છે ત્યારે વ્યવહારને સાધનનો આરોપ આવે છે. શુદ્ધોપયોગ વડે ધર્મ પ્રગટે છે, ટકે છે અને વધે છે. નિશ્ચય વિનાનો એકલો વ્યવહાર સાચો હોતો નથી. નિશ્ચયનું ભાન થયા વિના પંચપરમેષ્ઠીના રાગને વ્યવહારનો આરોપ પણ આવતો નથી.

આ પંચપરમેષ્ઠી મંત્ર મંગલસ્વરૂપ છે. પંચપરમેષ્ઠીરૂપ સાચા નિમિત્તો સાધકદશામાં હોય છે પણ એ નિમિત્તના કારણે શુદ્ધોપયોગરૂપ દશા થતી નથી. જ્ઞાન-દર્શન સાથે રાગના અભાવરૂપ શુદ્ધોપયોગની વાત ચાલે છે. સ્વઆત્માની અપેક્ષાએ પંચપરમેષ્ઠી પણ પરદ્રવ્ય છે. તેને જ્ઞાની પોતાના માનતા નથી. શ્રીમદ્દે આ મોક્ષમાર્ગ પ્રકાશકને સત્શ્રુત કહ્યું છે અને તેના માનનારા પંચપરમેષ્ઠી તે પરદ્રવ્ય છે એમ માનતા નથી. તે તેમના કથનને પણ યથાર્થ સમજ્યા નથી. શાસ્ત્રમાં તો અમુક પ્રકારથી કથન આવે પણ મર્મ તો જુદો હોય છે, તેને સમજવું જોઈએ.

મુનિ પરદ્રવ્યમાં અહંબુદ્ધિ ધારતાં નથી, જ્ઞાનાદિ સ્વભાવોને જ પોતાના માને છે. અંતરના જ્ઞાન-દર્શન આનંદને જ પોતાના માને છે. પરભાવોમાં મમત્વ કરતા નથી. વ્યવહારરત્નત્રયમાં પણ મમત્વ કરતા નથી. પૂર્ણદશા નથી એટલે પર્યાયમાં પરભાવ તો હોય છે. પણ એ મારા છે અને

મને લાભદાયક છે, એ કરતાં કરતાં મારું કલ્યાણ થશે એમ તે મમત્વ કરતા નથી.

પોતાની સ્વ-પરપ્રકાશક શક્તિ ખીલી છે તેમાં પરદ્રવ્યો ભાસે છે. પરદ્રવ્ય અને તેના સ્વભાવો જ્ઞાનમાં પ્રતિભાસે છે. આ કેવળજ્ઞાની છે, આ રાગી છે, આ સુગંધ છે, આ દુર્ગંધ છે વગેરેને મુનિઓ જાણે છે ખરા પણ તેને ઈષ્ટ-અનિષ્ટ માનીને રાગદ્વેષ કરતા નથી. આ દેવ છે માટે વંદન કરવા યોગ્ય છે -એમ માનીને રાગ કરતા નથી. નબળાઈના કારણે રાગ થઈ આવે છે પણ સર્વજ્ઞ દેવ છે માટે રાગ થાય છે એમ મુનિ માનતા નથી. મુનિના સ્વરૂપને સમજે નહિ અને જ્યાં ત્યાં જેને તેને મુનિ માનીને બેસી જાય તો કલ્યાણ થાય નહિ. મુનિને પરના કારણે રાગદ્વેષ થતો નથી. નબળાઈને લીધે રાગદ્વેષ થાય તેનું જ્ઞાતાપણે રહીને તેઓ જ્ઞાન કરે છે, પણ મમત્વ કરતા નથી. મુનિ ઉદાસ હોય છે તે તો નાસ્તિથી વાત છે પણ અંતરમાં રમણતા વર્તે તેવી દશા હોય છે તે અસ્તિની વાત છે.

દેવાદિનો વિનય કરે છે તે તો નિમિત્તનું કથન છે, વસ્તુસ્થિતિ એમ નથી. પરથી કલ્યાણ થાય એમ માને તે તો સ્થૂલ મિથ્યાદૃષ્ટિ છે. અહીં તો કહે છે કે પોતાના કારણે શુભ વિકલ્પ સમ્મેદશિખરાદિની જાત્રાનો થાય એનાથી પણ આત્માનું કલ્યાણ થાય નહિ. માટે મુનિ પરદ્રવ્યમાં ઈષ્ટ-અનિષ્ટ માની રાગદ્વેષ કરતા નથી. દુશ્મન હોય તો આ મને પ્રતિકૂળ છે એમ માની જ્ઞાની દ્વેષ કરતા નથી. પોતાની નબળાઈના કારણે, ચારિત્રગુણની વિકારી દશાના કાળે દ્વેષ થઈ જાય તો તેને જાણે છે. આવા નિર્ગ્રંથ મુનિ હોય છે.

શરીરની અનેક અવસ્થા થાય છે. બાહ્ય નાના પ્રકારના નિમિત્ત બને છે. પરંતુ ત્યાં કાંઈ પણ સુખ-દુઃખ જે માનતા નથી તે મુનિ છે.

શરીરને રોગ થયો છે માટે મને દુઃખ થાય છે એમ મુનિ માનતા નથી. જગતમાં એમ કહેવાય છે કે ''પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ તે ચાર દીકરા, ત્રીજુ સુખ તે સુકુળની નાર, ચોથું સુખ તે કોઠીએ જાર.'' તે વાત ખોટી છે. અહીં તો કહે છે કે બહારમાં અનુકૂળતા છે માટે આત્મામાં સુખ છે એમ જ્ઞાની માનતા નથી. પરના કારણે દુઃખ પણ નથી. આત્મામાં સુખ ભર્યું છે એવી જેની દૃષ્ટિ થાય છે તે પરના કારણે-નિમિત્તના કારણે સુખ-દુઃખ થાય છે એમ માનતા નથી. અસ્થિરતાને કારણે સુખ-દુઃખ થઈ જાય છે પણ પરવસ્તુને ઠીક-અઠીક માનતા નથી.

વળી પોતાને યોગ્ય બાહ્ય ક્રિયા જેમ બને છે તેમ બને છે, પરંતુ ખેંચી-તાણીને મુનિ તે કરતા નથી.

સહજ આત્મસ્વરૂપની દૃષ્ટિમાં શરીરાદિની બાહ્ય ક્રિયા જેમ બનવાની હોય એમ બને છે, તેને ખેંચી-તાણીને કરતા નથી. એટલે કે મારે આ બે કલાક બોલવું પડશે -એમ ભાવ કરતા નથી. એમ વિહારની ક્રિયાના સ્વામી પણ મુનિ થતાં નથી. તેઓ તો ઝડપી કેવળજ્ઞાનને પ્રગટ કરવાનો



ઉપાય રાખે છે.

જડની પર્યાય ખેંચી-તાણીને કોઈ કરી શકતું નથી. ત્રણકાળ ત્રણલોકમાં દરેક દ્રવ્યની પર્યાય એના કાળે એના કારણે જે થવાની હોય છે તે જ થાય છે. તેથી જ્ઞાનીને તે ક્રિયાને ખેંચી-તાણીને કરવાનો ભાવ હોતો નથી. કેમ કે બાહ્ય ક્રિયા તો જેમ બનવાની હોય એમ જ બને છે. શરીરની ક્રિયાનો સ્વામી આત્મા નથી. અજ્ઞાની માને છે કે મેં આમ કર્યું માટે આમ થયું, આમ ન કર્યું હોત તો આમ ન થાત - એમ મિથ્યાભાવ કરે છે. બીજાના કારણે ઉપવાસ કરવા પડ્યા. પાલીતાણાથી રાણપુર શરીરને આત્મા લાવ્યો. ઝટ ચાલ્યા માટે જલ્દી આવ્યા -એમ અજ્ઞાની માને છે, જ્ઞાની એમ માનતા નથી. ચૌદશનો દિવસ આવ્યો, ગરમીના દિવસો છે અને મારે ઉપવાસ કરવો પડશે -એમ ખેંચી-તાણીને કરવાનો ભાવ મુનિને હોતો નથી પણ સહજ હોય છે. હજુ તો સમ્યગ્દર્શનની ખબર ન હોય ત્યાં મુનિપણું તો હોય જ નહિ અને આચાર્યપણું લઈને બેસી જાય તે વસ્તુના સ્વભાવને સમજતા નથી.

આવું મુનિપણું છે. એના સ્વરૂપને આ રીતે ન કહે પણ એથી વિપરીત કહે તે દેવ-ગુરુ-શાસ્ત્ર સમજ્યા નથી.

પોતાના ઉપયોગને જેઓ ભમાવતાં નથી, મુનિને આગ્રહ હોતો નથી, કોઈને વચન આપતા નથી, તેથી ઉપયોગને અસ્થિર કરતાં નથી, પણ ઉદાસીન થઈ નિશ્ચલવૃત્તિને ધારણ કરે છે. બધા પદાર્થોનો મારામાં અભાવ છે -એમ ઉદાસીન થઈને સ્થિરવૃત્તિને ધારણ કરે છે. અહીં સુધી વીતરાગ-દશાની વાત કરી. કદાચિત્ મંદ રાગના પ્રગટ થવાથી પુણ્યવૃત્તિ હોય છે. તે શુભોપયોગ વડે શુભોપયોગના નિમિત્તો પ્રત્યે પ્રેમ થાય છે-વલણ થાય છે. પૂર્ણ વીતરાગતા નથી ત્યાં સુધી આત્માને રાગ થાય છે અને તે વખતે નિમિત્તો ઉપર લક્ષ જાય છે. ભક્તિનો રાગ હોય તો દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર લક્ષ જાય છે. વાંચન-જાત્રા આદિનો ભાવ હોય છે ત્યારે એવા નિમિત્તો ઉપર લક્ષ જાય છે પણ ધર્માત્મા એવા રાગને પણ દૂર કરવા ઇચ્છે છે. એટલે કે સ્વભાવની ઉગ્રતામાં રાગ થતો નથી. પહેલી ક્ષણે જેવો રાગ હોય તેવો બીજી ક્ષણે થતો નથી, એને રાગ દૂર કરવા ઇચ્છે છે -એમ કહેલ છે. પણ રાગ થયો ને દૂર કરવા માગે છે -એમ નથી. આવું આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનું સ્વરૂપ છે એમ સમજીને નમસ્કાર કરવો યોગ્ય છે.

જુઓ, અહીં પંડિતજીએ મુનિપણાના સ્વરૂપને બતાવતાં એવો સરસ ક્રમ લીધો છે કે - મુનિધર્મ તો શુદ્ધોપયોગ વડે જ હોય છે. પહેલાં એ વાત કરી, ને એવા મુનિને શુદ્ધોપયોગ પૂર્ણ થયો નથી તેથી ભૂમિકાને યોગ્ય શુભ ઉપયોગ પણ હોય છે, તે વાત લીધી. પછી બહારમાં નગ્ન દિગંબરદશા હોય છે -એમ ક્રમ મૂક્યો છે. મુનિધર્મમાં મુખ્યપણું તો શુદ્ધોપયોગનું જ છે એમ બતાવ્યું છે.

## આસો સુદ ૧૦, રવિવાર, ૨૮-૯-૫૨.

અહીં પંચપરમેષ્ઠીને નમસ્કાર કરે છે. ત્યાં જેને નમસ્કાર કરે છે એનું સ્વરૂપ પ્રથમ જાણવું જોઈએ. તેને જાણ્યા વિના સમ્યગ્જ્ઞાન થતું નથી. એમાં અરહંત તથા સિદ્ધની વાત આવી ગઈ છે. હવે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુની વાત ચાલે છે.

શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ છે. પુણ્ય-પાપરૂપ શુભાશુભભાવ તે ધર્મ નથી પણ શુદ્ધોપયોગ જ ધર્મ છે એવો નિર્ણય તો પહેલાં થઈ ગયો છે. તે સમ્યગ્દર્શન સહિત અંતરમાં લીનતા વર્તે છે તે મુનિધર્મ છે.

મુનિ શુદ્ધોપયોગમાં સ્થિર રહી શકતા નથી ત્યારે કદાચિત્ શુભોપયોગ થાય છે. તો તેને શુદ્ધોપયોગમાં નિમિત્ત છે એમ જાણે છે. પરંતુ એ રાગભાવને હેય જાણે છે, તે ભાવને પણ ઈચ્છતા નથી -તે શુદ્ધ અને શુભની વાત થઈ. હવે ત્રીજી વાત કરે છે. તીવ્ર કષાયના ઉદયના અભાવથી હિંસાદિરૂપ અશુભોપયોગ પરિણતિનું અસ્તિત્વ જ જેને રહ્યું નથી.

અઠ્ઠાવીસ મૂલગુણાદિનો રાગ હોય છે, પણ એથી તીવ્ર રાગ મુનિને હોતો નથી. એવી અંતરંગ દશા થતાં દિગંબર સૌમ્ય મુદ્રાધારી થયા છે. શુદ્ધોપયોગ અંતરમાં થયો છે. પૂર્ણ દશા નથી એટલે શુભોપયોગ રહી ગયો છે, અને તીવ્ર અશુભોપયોગ જેને રહ્યો નથી એવા મુનિને બહાર દિગંબર નગ્નદશા હોય છે. સમ્યગ્દર્શનપૂર્વક અંતરમાં લીનતા ન હોય તેને બહાર નગ્નદશા હોવા છતાં તે મુનિ નથી. **'એવી અંતરંગ અવસ્થા થતાં '** -એમ કહેલ છે. કેમ કે સમ્યગ્દર્શન થયા પછી અંતર શુદ્ધોપયોગરૂપી દશા થઈ છે તેને બહારમાં નગ્નદશા થયા વિના રહેતી નથી. આત્મા તેનો કર્તા નથી કેમ કે તે તો જડની અવસ્થા છે. અજ્ઞાની માને છે કે જીવ તેનો કર્તા છે પણ તે વાત ખોટી છે. રાગ છે તે આત્માની પર્યાયમાં થાય છે. તે રાગ કર્તા અને શરીરની ક્રિયા તેનું કાર્ય -એમ બનતું નથી. માટે કપડાં છોડવાના રાગના કારણે કપડાં નીકળે છે એ વાત સાચી નથી. અને ઉપર કહ્યા પ્રમાણે શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ પ્રગટ થયો છે તેને બહારમાં વસ્ત્ર-પાત્રાદિ હોય એમ પણ બને નહિ. આવા મુનિને આચાર્ય, ઉપાધ્યાય, સાધુપણું કહેવાય છે. બહારમાં નગ્નપણું હોય પણ અંતરમાં સમ્યગ્દર્શન ન હોય અને હઠથી નગ્નદશા ધારણ કરે તો તે મુનિપણું નથી.

**'શરીર વિક્રિયાથી જેઓ રહિત થયા છે'** આમાં કાંઈ અપવાદ માનીને વસ્ત્રાદિ સહિત પણ મુનિપણું હોય છે એમ કોઈ માને તો તે મુનિપણાને સમજ્યા નથી. તે તો પરંપરાએ નિગોદના કામી છે. આત્માનું ભાન થતાં - અંતરલીનતા થતાં સહજ નગ્નદશા હોય છે. એ વાત સાંભળવી અને તેની પ્રતીત કરવી પણ દુર્લભ થઈ પડી છે. મુનિને અંતરમાં આનંદ શાંત જળના ઝરણાં વહે છે, એમને શરીરાદિની વિક્રિયા હોતી નથી.



**'વન ખંડાદિ વિષે જેઓ વસે છે,'** મુનિ અંતરના આનંદમાં હોય છે. તે મુનિ જંગલમાં વસે છે. શુદ્ધોપયોગમાં રહે છે, તેની વાત છે. એકલા વનમાં રહે તેની વાત નથી. એમ તો સિંહ-વાઘ પણ વનમાં વસે છે, પણ મુનિને બહારમાં આવો યોગ હોય છે એમ કહ્યું છે. પહેલાં નગ્ન થઈ જાય, જંગલમાં વસે એને શુભોપયોગ હોય અને પછી શુદ્ધોપયોગ હોય એમ ક્રમ લીધો નથી કેમ કે શુદ્ધોપયોગ વગર મુનિપણું જ નથી. નિર્વિકલ્પ સમ્યગ્દર્શનનો અનુભવ થયો છે, વ્રતાદિના વિકલ્પથી લાભ માનતા નથી એવા મુનિની વાત કરી છે. ત્રણે કાળે મુનિ-સંતોની દશા આવી જ હોય છે. આથી વિરુદ્ધ કહે તે દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા નથી.

સમજ્યા વિના મુનિપણું લે તે બાળક લગ્ન કરવાની હા પાડે તેના જેવું છે. કોઈ બાળકને પૂછે કે તારે પરણવું છે ? તો ઉલ્લાસ લાવી હા પાડે પણ તે લગ્નની જવાબદારીને સમજતો નથી. તેમ સમજ્યા વિના ઉલ્લાસમાં આવીને નગ્નપણું ધારણ કરે પણ એને કાંઈ લાભ થતો નથી.

**'અઠ્ઠાવીસ મૂલગુણોને જેઓ અખંડિત પાલન કરે છે.'** પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, પાંચ ઈન્દ્રિયનિરોધ, છ આવશ્યક, કેશલોચ, સ્નાનાભાવ, નગ્નતા, અદંતધોવન, ભૂમિશયન, સ્થિતિ-ભોજન અને એક વખતે આહારગ્રહણ -આવા મૂલગુણોને યથાર્થ ન પાળે ત્યાં સુધી વ્યવહારે પણ દ્રવ્યલિંગી કહેવાતો નથી. અને કદાચિત્ અઠ્ઠાવીસ મૂલગુણરૂપ વ્યવહાર પાળે પણ યથાર્થ ભાન વિના મુનિપણું હોતું નથી.

**'બાવીસ પરિષહને જેઓ સહન કરે છે.'** હઠથી પરિષહને સહન કરે છે એને ધર્મ તો નથી પણ શુભભાવ પણ નથી, તેને તો એકલો અશુભભાવ હોય છે. આત્માના ભાનપૂર્વક શુદ્ધોપયોગ થયો હોય છે એમને પરિષહ વખતે તે તરફનો વિકલ્પ જ ઊઠતો નથી એને પરિષહજય કહેવાય છે. વળી, બાર પ્રકારના તપને જેઓ આદરે છે, કદાચિત્ ધ્યાનમુદ્રાધારી પ્રતિમાવત્ નિશ્ચલ થાય છે. એટલે કે મનનું અવલંબન છોડી અંતરમાં લીન થાય છે. કદાચિત્ અધ્યયનાદિ બાહ્ય ધર્મક્રિયામાં પ્રવર્તે છે. સ્વરૂપમાં સ્થિર ન રહી શકે ત્યારે વિકલ્પ હોય છે એને વ્યવહારે ધર્મ કહે છે.

**'કોઈ વેળા મુનિધર્મને સહકારી શરીરની સ્થિતિ અર્થે યોગ્ય આહાર વિહારાદિ ક્રિયામાં સાવધાન થાય છે.'** મુનિપણું તો શુદ્ધોપયોગ જ છે. કોઈ વખતે આહારાદિનો વિકલ્પ ઊઠે અને આહાર લેવા જાય ત્યારે પોતાના માટે આહાર બનાવ્યો છે એવી શંકા પડે તો વિકલ્પને તોડી નાંખે છે. ખ્યાલમાં આવવા છતાં આહાર લ્યે તો તે મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે, મુનિપણું રહેતું નથી. શ્વેતાંબરમાં કોઈ કહે છે કે દ્રવ્યાનુયોગનું જ્ઞાન જેને હોય તેને આધાકર્મી આહારનો દોષ લાગતો નથી. પણ એ વાત યથાર્થ નથી. કેમ કે દરેક મુનિઓને દ્રવ્યાનુયોગનું જ્ઞાન તો પ્રથમથી જ હોય છે. અહીં તો કહે છે કે મુનિ આધાકર્મી આહાર લે નહિ. જેને આહાર-વિહાર આદિમાં

વિવેક નથી અને પ્રમાદ સેવે તેને મુનિપણું રહેતું નથી.

**'એ પ્રમાણે જેઓ જૈનમુનિ છે તે સર્વની એવી જ અવસ્થા હોય છે.'** ત્રણકાળ ત્રણલોકમાં જેટલા મુનિઓ એટલે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ હોય છે તે આવા જ હોય છે. આથી વિરુદ્ધ કોઈ કહે તો તે જૈનમુનિને સમજતા નથી. નિશ્ચય-વ્યવહાર બન્ને ઉપર કહ્યા પ્રમાણે જૈનમુનિને હોય છે. આટલી વાત ત્રણેની સામાન્યપણે કરી છે. શ્વેતાંબર તો ગણધરદેવ જેવાને પણ વસ્ત્ર-પાત્રાદિ ઠરાવે છે. વળી ગણધરદેવ આણંદ શ્રાવકને ત્યાં તેમના સંથારા વખતે જાય છે અને ત્યાં તેમને આવડું મોટું અવધિજ્ઞાન ન હોય એમ ગણધરદેવ કહે છે -એમ કહી ગણધરદેવની ભૂલ થઈ છે એમ ઠરાવે છે, પણ એ બધી વાત કલ્પિત છે. ગણધરદેવનું સ્વરૂપ એવું હોય નહિ. ચાર જ્ઞાનના ધણી ગણધર હોય છે એમની એવી ભૂલ થાય નહિ. અને પાછા આણંદ શ્રાવક પાસે તેઓ પ્રાયશ્ચિત્ત લેવા જાય એ બધી વાત બનાવટી છે. માટે તે વાતને માને અને મનાવે તે બધા ગૃહીત મિથ્યાત્વના ધારણ કરવાવાળા છે.

આ પંચપરમેષ્ઠીનું સ્મરણ શ્રી ગણધરદેવ કરે છે. એમાં મુનિ પણ આવી જાય છે. એટલે આવા ભાવલિંગી સંતને ગણધરદેવનો પણ નમસ્કાર પહોંચે છે, પંચપરમેષ્ઠીમાંથી મુનિને કાઢી નાખતા નથી. અંતર્મુહૂર્તમાં બાર અંગ અને ચૌદ પૂર્વની જેમણે રચના કરી છે એવા ગણધરનો નમસ્કાર જેને પહોંચે તે મુનિ કેવા હોય ? એની આ વાત કરી છે. અત્યારે તો દિગંબર સાધુપણું લઈને પણ કોઈ કહે છે કે -સાધુ બે પ્રકારના હોય છે. જિનકલ્પી ને સ્થવિરકલ્પી. વસ્ત્ર વગરના તે જિનકલ્પી અને વસ્ત્રવાળા તે સ્થવિરકલ્પી છે. હવે આટલી પણ ખબર નથી અને સાધુપણું લઈને બેસી જાય છે તે ખરેખર સાધુ નથી.

**'તેઓમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અધિકતા વડે પ્રધાનપદને પામી જેઓ સંઘમાં નાયક થયા છે, મુખ્યપણે તો નિર્વિકલ્પ સ્વરૂપાચરણ વિષે જેઓ નિમગ્ન છે તે આચાર્ય છે.'** આચાર્ય મુખ્યપણે તો શુદ્ધોપયોગરૂપ નિર્વિકલ્પ સમાધિ અને આનંદમાં ઝૂલતા હોય છે. મન, વાણી, દેહથી રહિત અંતરમાં મુખ્યપણે લીન હોય છે એને આચાર્ય કહેવાય છે. એ સિવાય બીજા નામના આચાર્યો છે, યથાર્થ નથી. ત્રણે કાળે જેટલા થયા, છે અને થશે તે બધાનો આ એક જ પ્રકાર છે. મુખ્યપણે તો અંતરમાં લીન રહેવું તેવું આચાર્યપદ હોય છે. કદાચિત્ ધર્મલોભી અન્ય જીવાદિકોને દેખી રાગ અંશના ઉદયથી કરુણાબુદ્ધિ થાય તો તેમને ધર્મ ઉપદેશ આપે છે. ધર્મલોભી જીવો છે અને બીજા સાધારણ જિજ્ઞાસુ હોય એવા ભેદ બતાવવા 'જીવાદિ' શબ્દ વાપર્યો છે પણ જીવાદિ એટલે જીવ અને પુદ્ગલ એમ નથી. પોતાને શુભરાગનો પ્રગટ ભાવ થયો છે ત્યારે કરુણાભાવ થાય છે અને ત્યારે બીજા જીવોને સમજાવવાનો ભાવ થાય છે. એવો વિકલ્પ સહજ હોય છે. બીજા સમજે કે ન સમજે એની સાથે કાંઈ સંબંધ નથી. બીજા સમજે તો વાણીને નિમિત્ત કહેવાય છે. આ



એક જ વાત સત્ય છે. ખરેખર તો વાણી વાણીના કારણે નીકળે છે ત્યારે ધર્મોપદેશ આપે છે એમ કહેવાય છે. દીક્ષાગ્રાહકને દીક્ષા આપે છે એટલે કે સામા જીવની તૈયારી થઈ ગઈ છે અને પરિષહ સહન કરવાની તૈયારી થઈ છે અને મુનિપણાની જિજ્ઞાસા થઈ છે, અને તે પોતે લાયક થયો છે તેને દીક્ષા આપે છે -એમ કહેવાય છે. તથા પોતાના દોષ પ્રગટ કરે તેને પ્રાયશ્ચિત્ત વિધિ વડે શુદ્ધ કરે છે. કોઈ મુનિ પોતે દોષ પ્રગટ કરે તો તેને પ્રાયશ્ચિત્ત આપે છે. આચાર્ય એનો દોષ પ્રગટ કરે નહિ, ઉઘાડું કરે નહિ. આમાં પણ ક્રમબદ્ધનો નિયમ તો ફરતો નથી પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કેવો હોય છે તે બતાવે છે. એવા આચરણ કરવા-કરાવવાવાળા શ્રી આચાર્ય પરમેષ્ઠીને અમારા નમસ્કાર હો.

હવે ઉપાધ્યાયની વાત કરે છે.

**'વળી જે પુરુષ ઘણા જૈનશાસ્ત્રોનો જ્ઞાતા હોઈ સંઘમાં પઠન-પાઠનનો અધિકારી બન્યા હોય તે ઉપાધ્યાય છે.'** સમ્યગ્દર્શન સહિત મુનિ થયા હોય તેની વાત છે. પ્રથમમાં આચરણની મુખ્યતા હતી અને આમાં જ્ઞાનની પ્રધાનતાથી વાત છે. ચારે અનુયોગનો સાર વીતરાગતા છે. તેથી બધા શાસ્ત્રોનો જ્ઞાતા થઈ ગયો હોય તે જ પઠન-પાઠનનો અધિકારી છે. સ્વયંબોધી માનીને સ્વચ્છંદી થાય તેથી કાંઈ સ્વયંબોધી નથી. સમસ્ત શાસ્ત્રના પ્રયોજનભૂત અર્થને જાણી એકાગ્ર થઈ જે પોતાના સ્વરૂપને ધ્યાવે છે -આનું નામ ઉપાધ્યાય છે. ચારે અનુયોગનો સાર તો જ્ઞાયકસ્વરૂપ આત્મામાં એકાગ્ર થવું તે છે.

**'પરંતુ કદાચિત્ કષાયઅંશના ઉદયથી ત્યાં ઉપયોગ ન થંભે તો આગમને પોતે ભણે છે અથવા અન્ય ધર્મબુદ્ધિવાનને ભણાવે છે.'** આત્મામાં લીન ન રહે ત્યારે શુભરાગ હોય છે. તે વખતે ભણતરાદિમાં લક્ષ જાય છે. સર્વજ્ઞના દિવ્યધ્વનિ અનુસારે જે આગમ લખાણાં હોય તેને ભણે છે. અથવા અન્ય ધર્મી સાથે વાદવિવાદ કરતા નથી પણ પાત્ર હોય તેને ભણાવે છે. ઉપ એટલે સમીપવર્તી અને અધ્યાય એટલે ભવ્ય જીવોને અધ્યયન કરાવવાવાળા છે તે ઉપાધ્યાય છે. સાચા ભણતરને નિમિત્ત થાય છે. લાયક જીવો ઉપાધ્યાય પાસે આવીને ભણે છે, ઉપાધ્યાય એમને ભણાવવા જતા નથી. એવા ઉપાધ્યાય પરમેષ્ઠીને અમારા નમસ્કાર હો.

**'એ બે પદવીધારક વિના સમસ્ત જે મુનિપદના ધારક છે અને આત્મસ્વભાવને સાધે છે તે સાધુ છે.'** અંતરમાં સમ્યગ્દર્શનપૂર્વક શુદ્ધોપયોગ થયો છે એ જ મુનિધર્મ છે તે વ્યાખ્યા તો બધે લાગુ પડે છે, અને બહારમાં નગ્નપણું આદિ હોય છે. એ પ્રમાણે સાધુનું સ્વરૂપ છે.

**આસો સુદ ૧૧, સોમવાર, ૨૯-૯-૫૨.**

ગ્રંથકાર ગ્રંથની શરૂઆત કરતાં પંચપરમેષ્ઠીને નમસ્કાર કરે છે. એ પરમેષ્ઠીનું સ્વરૂપ જાણ્યા

વિના સાચા નમસ્કાર થતા નથી. પોપટ રામનું નામ લે પણ એને ખબર નથી કે રામ મરચું હશે કે પૂરી ! સમજ્યા વિનાના નમસ્કાર પણ એવા હોય છે. માટે જેને નમસ્કાર કરવો છે તેના સ્વરૂપનો ખ્યાલ પહેલાં કરવો જોઈએ. અરહંત, સિદ્ધ, આચાર્ય અને ઉપાધ્યાયની વાત કરી છે.

હવે સાધુપદ કેવું હોય તે કહે છે.

આચાર્ય અને ઉપાધ્યાય એ બે પદવી ધારક વિના અન્ય સમસ્ત જે મુનિપદના ધારક તે મુનિ છે તે આત્મસ્વભાવને સાધે છે. સાધુ શબ્દથી પોતાના સ્વરૂપની સાધના કરે છે એની મુખ્યતાએ વાત કરી છે, આત્માનું ભાન થઈને પોતાના સ્વભાવને સાધે છે અને આત્મામાં લીનતા કરે છે, એવા મુનિ પુરુષ હોય છે. સ્ત્રીને મુનિપણું ત્રણકાળમાં હોતું નથી. બાહ્ય-અભ્યંતર નિર્ગ્રંથ દશા હોય તે મુનિ છે. જેણે સ્ત્રીને સાધુપદ મનાવ્યું હોય તેનો નમસ્કારમંત્ર સાચો હોતો નથી. પહેલાં વાત આવી ગઈ કે :- અઠ્ઠાવીસ મૂળગુણ, નગ્નદશા, પરિષહજય વગેરે જૈન મુનિઓની એવી જ અવસ્થા હોય છે. પરિષહજયમાં સ્ત્રીનો પરિષહ લીધો છે માટે પુરુષ જ મુનિ હોય છે.

વળી મુનિ પોતાનો ઉપયોગ પરદ્રવ્યમાં ઈષ્ટ-અનિષ્ટપણું માની ફસાય નહિ અથવા ભાગે નહિ તેમ ઉપયોગને સાધે છે. સર્વજ્ઞદેવ ઈષ્ટ છે અને માથાનો કાપનાર દુશ્મન અનિષ્ટ છે એમ મુનિ માનતા નથી. પોતાની નબળાઈને કારણે પંચપરમેષ્ઠી પ્રત્યેનો રાગ હોય છે તે વ્યવહાર છે. નિશ્ચયથી તો પોતાનો આત્મા જ પરમેષ્ઠી છે, શરીરમાં રોગ આવ્યો માટે દ્વેષ થાય, શરીર સારું હોય તો ધર્મસાધના થાય એમ માનીને મુનિ રાગદ્વેષ કરતાં નથી. મેરુ પર્વત ઉપર મુનિને લઈ જઈને કોઈ વિરોધી દેવ તેમને કપડાંની જેમ પછાડે છે. છતાં મુનિ એ પ્રતિકૂળ છે એમ માનીને કષાય કરતા નથી. મેરુ પર્વતના કાંકરે કાંકરે અનંતા સિદ્ધ થયા છે એ આવા પ્રકારથી થયા છે. મુનિ આત્માની સાધના કરે છે તે અસ્તિભાવ છે અને પરદ્રવ્યમાં ઉપયોગને ભમાવતાં નથી તે નાસ્તિભાવ છે. -એમ અસ્તિ-નાસ્તિથી વાત કરી છે. મુનિ પોતાના ઉપયોગને પરમાં જવા દેતા નથી. શુભરાગ આવે ત્યારે બાહ્યતાના સાધનભૂત તપશ્ચરણાદિ ક્રિયામાં લક્ષ જાય છે. અથવા કદાચિત્ ભક્તિ-વંદનાદિના કાર્યમાં લક્ષ જાય છે. અંતરમાં ઠરી શકતા ન હોય ત્યારે અર્હંતાદિની ભક્તિ-સ્તવનાદિમાં પ્રવર્તે છે. કદાચિત્ સ્વાધ્યાયાદિ પણ કરે છે. એવા આત્મસ્વભાવના ધારક સાધુ પરમેષ્ઠીને અમારા નમસ્કાર હો. એ રીતે પંચપરમેષ્ઠીને ઓળખીને નમસ્કાર કર્યા છે. **આ મોક્ષમાર્ગ પ્રકાશકના ભાવને બરાબર જાણે તો મોક્ષ થયા વિના રહે નહિ અને એનો વિરોધ કરે તો સંસારમાં રખડ્યા વિના રહે નહિ એવી આ વાત છે.**

એ પ્રમાણે અર્હંતાદિકનું સ્વરૂપ વીતરાગ વિજ્ઞાનમય છે. એ વડે જ અર્હંતાદિક સ્તુતિ કરવા યોગ્ય મહાન થયા છે. પંચપરમેષ્ઠીનું મૂળ સ્વરૂપ તો વીતરાગ અને વિજ્ઞાનમય છે. અંતર્ શુદ્ધતા થઈ હોય તે અને તેનું જ્ઞાન તે જ પરમ ઈષ્ટ છે. કારણ કે જીવતત્ત્વથી તો સર્વ જીવો સમાન



છે. શક્તિએ તો બધા આત્મા શુદ્ધ છે. પરંતુ રાગાદિ વિકાર વડે અથવા જ્ઞાનની હીનતા વડે જીવ નિંદા યોગ્ય છે. રાગ, પુણ્ય, વ્યવહારરત્નત્રય વડે પંચ પદ થયા નથી કેમ કે એ તો અભવીને પણ હોય છે. માટે એકલા વ્યવહારવાળા પંચ પદમાં આવતા નથી. તો પછી જેના વ્યવહારના પણ ઠેકાણાં નથી તે તો પાંચ પદમાં હોય જ નહિ.

રાગાદિની હીનતા વડે અને જ્ઞાનની વિશેષતા વડે જીવ સ્તુતિ કરવા યોગ્ય થાય છે. હવે અર્હંત-સિદ્ધને તો સંપૂર્ણ રાગાદિકની હીનતા તથા જ્ઞાનની વિશેષતા થવાથી સંપૂર્ણ વીતરાગ વિજ્ઞાનભાવ સંભવે છે. એટલે કે સંપૂર્ણ વીતરાગદશા અને પૂર્ણજ્ઞાન થયેલ છે. 'સંભવે છે' એટલે કાંઈ શંકા છે એમ નથી. તથા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને એકદેશ રાગાદિકની હીનતા તથા જ્ઞાનની વિશેષતા થવાથી એકદેશ વીતરાગ વિજ્ઞાન સંભવે છે. માટે અર્હંતાદિક પંચપરમેષ્ઠી સ્તુતિ યોગ્ય મહાન જાણવા. કદાચિત્ પર સંબંધી જ્ઞાનનો વિશેષ ઉઘાડ ન હોય પણ આત્માને પકડે એવું જ્ઞાન તો થયું છે તેથી જ તે વીતરાગ વિજ્ઞાન છે. શિવભૂતિ મુનિને શબ્દોની ધારણા પણ ન હતી પણ આત્મા જ્ઞાતા છે, એને સ્વજ્ઞેય કરીને જાણવાની તાકાત ખીલી હતી. માટે એક અંશે રાગનો અભાવ થવાથી અંશે વીતરાગતા થઈ છે. જેટલી વીતરાગતા થઈ છે એટલું જ્ઞાન પોતાને પકડે છે માટે તે વીતરાગી વિજ્ઞાન છે. એવા વીતરાગી વિજ્ઞાનના ધારક પરમેષ્ઠી નમસ્કાર કરવા યોગ્ય છે.

તેમાં એમ પણ સમજવું કે :- એ અર્હંતાદિક પદમાં મુખ્યપણે તો શ્રી તીર્થંકરનો અને ગૌણપણે સર્વે કેવલીનો અધિકાર છે. પ્રાકૃત ભાષામાં અરહંત અને સંસ્કૃતમાં અર્હત્ એવું નામ જાણવું. વળી ચૌદમા ગુણસ્થાનના અનંતર સમયથી માંડી સિદ્ધ નામ જાણવું. વળી જેને આચાર્યપદ પ્રાપ્ત હોય તે સંઘમાં રહો વા એકાકી આત્મધ્યાન કરો અથવા એકલ વિહારી હો વા આચાર્યોમાં પણ પ્રધાનતાને પામી ગણધરપદના ધારક હો એ સર્વનું નામ આચાર્ય કહેવામાં આવે છે. વળી પઠન પાઠન તો અન્ય મુનિ પણ કરે છે પરંતુ જેને આચાર્ય દ્વારા ઉપાધ્યાયપદ પ્રાપ્ત થયું હોય તે આત્મધ્યાનાદિક કાર્ય કરવાં છતાં પણ ઉપાધ્યાય નામ જ પામે છે તથા જે પદવીધારક નથી તે સર્વ મુનિ સાધુ સંજ્ઞાના ધારક જાણવા.

અહીં એવો કોઈ નિયમ નથી કે :- પંચાચાર વડે જ આચાર્યપદ હોય છે, પઠન-પાઠનાદિ વડે ઉપાધ્યાયપદ હોય છે તથા મૂળગુણના સાધન વડે સાધુપદ હોય છે. કારણ એ ક્રિયા તો સર્વ મુનિજનોને સાધારણરૂપ હોય છે. પરંતુ શબ્દનયથી તેનો અક્ષરાર્થ એવો કરવામાં આવે છે. એટલે કે આચરણ કરે-કરાવે તે આચાર્ય, જેની સમીપ ભણાય તે ઉપાધ્યાય વગેરે નામ આપવામાં આવે છે. અહીં મૂળગુણના સાધન વડે સાધુપદ કહેલ છે. તે વ્યવહારનયની અપેક્ષાએ કહેલ છે. સમભિરૂઢનયથી પદવીની અપેક્ષા એ જ આચાર્યાદિક નામ જાણવાં. જે શબ્દનયથી જે ગમન કરે

તેને ગાય કહે છે, પરંતુ ગમન તો મનુષ્યાદિક પણ કરે છે. એટલે સમભિરૂઢનયથી પર્યાય અપેક્ષાએ એ નામ છે. તે જ પ્રમાણે અહીં પણ સમજવું. અહીં સિદ્ધ ભગવાનની પહેલાં અર્હંતને નમસ્કાર કર્યા તેનું શું કારણ ? એવો કોઈને સંદેહ ઊપજે તેનું સમાધાન :-

## શ્રેષ્ઠ સિદ્ધપદ પહેલાં અર્હંતને નમસ્કાર કરવાનું કારણ

નમસ્કાર કરીએ છીએ એ તો પોતાનું પ્રયોજન સાધવાની અપેક્ષાએ કરીએ છીએ. ભગવાનને માટે કોઈ ભગવાનને નમસ્કાર કરતા નથી, પણ પોતાના લાભને માટે કરે છે. હવે અર્હંત પરમાત્મા તો સાક્ષાત્ સમવસરણમાં બિરાજતા હોય છે એટલે તેમના સાક્ષાત્ દર્શન થાય છે અને એમના દિવ્યધ્વનિના નિમિત્તે પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્રનું કાર્ય થાય છે. માટે અર્હંતની મુખ્યતા છે તેથી તેમને પહેલાં નમસ્કાર કર્યા છે.

એ પ્રમાણે અર્હંતાદિકનું સ્વરૂપ ચિંતવન કર્યું. કારણ કે સ્વરૂપ ચિંતવન કરવાથી વિશેષ કાર્ય સિદ્ધ થાય છે. વળી એ અર્હંતાદિકને પંચપરમેષ્ઠી પણ કહીએ છીએ, કારણ જે સર્વોત્કૃષ્ટ હોય તેનું નામ પરમેષ્ઠી છે. ''**परमे तिष्ठति इति परमेष्ठी**'' આ પ્રમાણે વ્યુત્પત્તિ અર્થ થાય છે. પાંચ જે પરમેષ્ઠ તેના સમાહાર-સમુદાયનું નામ પંચપરમેષ્ઠી જાણવું.

વળી ચોવીસ તીર્થંકરો આ ભરતક્ષેત્રમાં થઈ ગયા તેઓ અત્યારે તો સિદ્ધપદમાં આવી ગયા છે. છતાં વિશેષ યાદ કરીને નમસ્કાર કરે છે. શ્રી વૃષભાદિ ચોવીસ તીર્થંકરો આ ભરતક્ષેત્રમાં વર્તમાન ધર્મતીર્થના નાયક થયા. તેઓના ગર્ભ, જન્મ, તપ, જ્ઞાન અને નિર્વાણકો વિષે ઈંદ્રાદિક દેવોથી વિશેષ પૂજ્ય થઈને હાલ તેઓ સિદ્ધાલયમાં બિરાજમાન છે તેમને અમારા નમસ્કાર હો.

હવે વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજતા વીસ તીર્થંકર દેવોને યાદ કરીને નમસ્કાર કરે છે. જગતમાં જેમ દીકરાના લગ્ન હોય ત્યારે બધા સગાં-વહાલાંને યાદ કરીને આમંત્રણ કરે છે તેમ અહીં પંડિતજી ગ્રંથની શરૂઆતમાં મંગળિક તરીકે બધા દેવોને યાદ કરે છે. સીમંધરાદિ વીસ તીર્થંકરો, પાંચ મેરુ સંબંધી વિદેહક્ષેત્ર છે ત્યાં હાલ બિરાજમાન છે, તેમને અમારા નમસ્કાર હો. જો કે પરમેષ્ઠીપદમાં તેઓ ગર્ભિતપણે આવી જાય છે તો પણ વર્તમાનકાળમાં તેમને વિશેષ જાણી જુદા નમસ્કાર કર્યા છે.

વળી ત્રણલોકમાં જે અકૃત્રિમ જિનબિંબ બિરાજે છે તથા મધ્યલોકમાં વિધિપૂર્વક જે કૃત્રિમ જિનબિંબ બિરાજે છે, જેના દર્શનાદિકથી સ્વ-પર ભેદજ્ઞાન થાય છે, કષાય મંદ થઈ શાંતભાવ થાય છે તથા એક ધર્મોપદેશ વિના અન્ય પોતાના હિતની સિદ્ધિ જેવી તીર્થંકર કેવળીના દર્શનાદિથી થાય છે તેવી જ અહીં થાય છે. તે સર્વ જિનબિંબોને અમારા નમસ્કાર હો. જુઓ, અહીં મધ્યલોકમાં કૃત્રિમ જિનબિંબની વાત લીધી છે. એટલે ધર્માત્મા નવી પ્રતિમાઓને બનાવીને પધરાવતા એવો



અનાદિનો નિયમ છે એમ નક્કી થાય છે. અને જે શાશ્વત પ્રતિમા છે તે કોઈએ બનાવી હોતી નથી. જે જીવ પોતે ભેદજ્ઞાન કરે છે તેને પ્રતિમાજી નિમિત્ત થાય છે. એટલે એના દર્શન-સ્તુતિ આદિ કરવાથી ભેદજ્ઞાન થાય છે એમ કહેલ છે. એક ધ્વનિ સિવાય સાક્ષાત્ ભગવાનની જેમ પ્રતિમાજી છે. જે પોતે ધર્મ પામે છે તેને તે નિમિત્ત થાય છે. અહીં પ્રતિમાજીને સ્વ-પર ભેદવિજ્ઞાનમાં નિમિત્ત કહેલ છે. જે જીવો પ્રતિમાજીને માનતા જ નથી એને કહે છે કે સમ્યગ્દર્શન આદિમાં વસ્ત્રાદિ રહિત વીતરાગ પ્રતિમાજીનું નિમિત્ત હોય છે. વળી એમને અભિષેક પણ સ્વચ્છ પાણી સિવાય અન્ય વડે હોય નહિ. પંચાભિષેક તો કાષ્ઠાસંઘથી ચાલ્યો છે. અનાદિ સત્ય આ વાત છે. પ્રતિમાજીની ઉપર વસ્ત્ર, દાગીના કે ટીલાં ટપકાં કાંઈ હોય નહિ. નજીકમાં અષ્ટ પ્રકારના દ્રવ્યથી પૂજા હોય છે. અંગ ઉપર કાંઈ ન હોય. આ વાત સત્ય છે. સાક્ષાત્ ભગવાન હોય કે પ્રતિમાજી હોય તો તે ભેદજ્ઞાન કરાવી દેતા નથી. પણ પોતે ધર્મ પામે ત્યારે તેને નિમિત્ત કહેવાય. મંદ કષાય કરે તો એમાં નિમિત્ત કહેવાય છે. એવા સર્વ જિનબિંબોને અહીં નમસ્કાર કર્યા છે.

વળી શ્રી કેવળી ભગવાનના દિવ્યધ્વનિ દ્વારા પ્રરૂપિત ઉપદેશ અનુસાર શ્રી ગણધરદેવ દ્વારા રચિત અંગપ્રકીર્ણક અનુસાર અન્ય આચાર્યાદિક દ્વારા રચેલા ગ્રંથાદિક છે તે સર્વ જિનવચન છે. જુઓ, ત્રિલોકનાથ તીર્થંકરદેવના ધ્વનિ અનુસાર ગણધરદેવે કે અન્ય આચાર્યદેવે રચેલાં શાસ્ત્રો છે તે જ જિનવાણી છે અને તે જ માનવા યોગ્ય છે. કોઈએ ભગવાનના નામે અંગાદિ શાસ્ત્રો કલ્પિત રચ્યા હોય તે માનવા યોગ્ય નથી. તે વીતરાગની વાણી નથી. વીતરાગની વાણી સ્યાદ્વાદ ચિહ્ન દ્વારા ઓળખવા યોગ્ય છે. આ આત્મા સ્વપણે છે અને પરપણે નથી એ સ્યાદ્વાદ છે, આત્મા સ્વપણે પણ છે અને પરપણે પણ છે તે સ્યાદ્વાદ નથી. ''ગંગા કાંઠે ગંગાદાસ અને જમના કાંઠે જમનાદાસ'' એમ વીતરાગના માર્ગમાં ચાલે નહિ, પણ સ્યાદ્વાદ લક્ષણ દ્વારા નિર્ણય કરવો જોઈએ. વળી ભગવાનના વચનો, ન્યાયમાર્ગથી અવિરૂદ્ધ છે માટે પ્રામાણિક છે. તથા જીવોને તત્ત્વજ્ઞાનનું કારણ છે માટે ઉપકારી છે. સાચા શાસ્ત્રો પણ નિમિત્તરૂપે આત્માને ઉપકારી છે. શાસ્ત્રોની પણ પ્રતિષ્ઠા કરે છે. માટે શાસ્ત્રોને અમારા નમસ્કાર હો. આ રીતે નમસ્કારરૂપે મંગળિક કર્યું છે.

## આસો સુદ ૧૨, મંગળવાર, ૩૦-૯-૫૨.

નમસ્કારની વ્યાખ્યા ચાલે છે. ગ્રંથકાર નમસ્કાર કરવાયોગ્ય તે નમસ્કાર કરે છે. કેમ કે જેનાથી લાભ થાય તેના ઉપકારને ઓળવતા નથી. કોઈ કહે છે કે કોઈ કોઈને ઉપકાર તો કરી શકતું નથી તો પછી ઓળવવાની વાત ક્યાં રહી ? તો કહે છે કે આત્મા પોતે સમજે છે ત્યારે જે નિમિત્ત હોય છે એટલે કે જેના નિમિત્તે પોતાને લાભ થાય છે એ નિમિત્ત પ્રત્યે વિવેક, બહુમાનાદિ કરતો નથી અને તેના ઉપકારને ઓળવે છે તે અનંત સંસારી થાય છે. નિમિત્તનો વિવેક, બહુમાન આદિ પોતાની પાત્રતા બતાવે છે. વિનય કરવાયોગ્યનો વિનય કરવો એ પોતાની ફરજ છે. જેને નિશ્ચય

એવા આત્માનું ભાન થયું હોય તેને વ્યવહાર એટલે જેના નિમિત્તે પોતાને જ્ઞાન મળ્યું હોય તેના ઉપર લક્ષ જઈને બહુમાન આવ્યા વિના રહે નહિ.

સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર છે તે મારા જ્ઞાનમાં નિમિત્ત છે માટે તેમને યાદ કરીને નમસ્કાર કરું છું. પોતાના સ્વ-પરપ્રકાશક જ્ઞાન વડે પોતાનું માન આવતાં નિમિત્તનું માન આવ્યા વિના રહેતું નથી. કુદેવાદિ પણ એમ કહે કે :- અમારા નિમિત્તે તમને મળ્યું છે તો અમારો વિનય કરો પણ ખરેખર એના નિમિત્તે કંઈ મળતું જ નથી તેથી એનો વિનય કરવાનો રહેતો જ નથી. પૂર્ણદશા થઈ ન હોય અને સાધકદશા હોય ત્યાં સુધી ઉપકારી દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય-નમસ્કાર છોડી દે તો એના જેવો બીજો કોઈ કૃત્ઘની નથી તેથી તે અનંત સંસારી છે.

અહીં તો ગ્રંથકાર મોક્ષમાર્ગ પ્રકાશકની શરૂઆત કરતાં વિનયની જાહેરાત કરે છે અને નિમિત્તનું બહુમાન કરે છે. અર્હંતો, સિદ્ધો અને ત્રણલોકના કૃત્રિમ અને અકૃત્રિમ જિનબિંબોને નમસ્કાર કરે છે. ખરેખર તો નિમિત્તનો વિનય કોઈ કરતું નથી, પોતાનો વિનય કરે છે. નિમિત્તનો વિવેક ઉપાદાનની પાત્રતા બતાવે છે. જેનાથી લાભ થયો હોય તે બધાને યાદ કરીને વિનય નમસ્કાર કરે છે. કેવળી ભગવાનની વાણીનું બહુમાન કરીને તેને પણ નમસ્કાર કર્યો છે. અહો ! તીર્થંકર ભગવાનની વાણી અનુસાર જે શાસ્ત્રો છે એ જ સાચા છે. બીજા શાસ્ત્રો જૂઠાં છે ત્યાં સુધી વાત આવી ગઈ છે.

## હવે ચૈત્યાલય આદિને નમસ્કાર કરે છે.

વળી ચૈત્યાલય, આર્જિકા, ઉત્કૃષ્ટ શ્રાવક આદિ **દ્રવ્ય**, તીર્થક્ષેત્રાદિ **ક્ષેત્ર**, કલ્યાણકાળ આદિ **કાળ** તથા રત્નત્રયાદિ **ભાવ** જે મારે નમસ્કાર કરવાયોગ્ય છે તેને નમસ્કાર કરું છું. નવ દેવમાં ચૈત્યાલય એક દેવ છે. જેમાં ચૈત્ય એટલે પ્રતિમા બિરાજે છે તે ચૈત્યાલય છે તેને નમસ્કાર હો. સ્ત્રીને પંચમ ગુણસ્થાન સુધી હોય છે. એવા આર્જિકાને અને જે શ્રાવક પોતાથી ઊંચા છે, અકષાયભાવ જેનો વધી ગયો છે તેને નમસ્કાર કરે છે. જુઓ, અહીં તો શ્રાવક શ્રાવકને પણ નમસ્કાર કરે છે -એમ સિદ્ધ કર્યું છે. સમ્મેદશિખર આદિ તીર્થક્ષેત્રો છે તે બધા નમન કરવાયોગ્ય છે. અને ભગવાનના ગર્ભ, જન્મ, દીક્ષા, જ્ઞાન અને નિર્વાણ કલ્યાણકકાળ એ પાંચે ય કલ્યાણકકાળ છે. એનું માહાત્મ્ય કરીને વંદન કરે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર તે વીતરાગભાવ છે. તે પણ નમસ્કાર કરવાયોગ્ય હોવાથી એને પણ નમસ્કાર કર્યો છે. તથા જે ન્યૂન વિનય કરવાયોગ્ય છે તેમનો પણ યથાયોગ્ય વિનય કરું છું.

પોતાના જ્ઞાનમાં વિવેક પ્રગટ્યો હોવાથી અર્હંતાદિકને સંભારીને નમસ્કાર કરે છે. એ જ વ્હાલાંસગાં છે. જેમ લગ્ન પ્રસંગમાં વહાલાંસગાંને આમંત્રણ આપે છે એમ ધર્મમાં ઇષ્ટ એવા સિદ્ધો, અર્હંતો, જિનબિંબો વગેરેને યાદ કરીને નમસ્કાર કરે છે. એમના ઉપકારને ભૂલતા નથી. અત્યારે તો કેટલાક



જીવો સનાતન દિગંબર પરંપરાના શાસ્ત્રો વાંચીને, કુદેવાદિના નામથી ચલાવે છે, તે કૃત્ઘની છે, વ્યવહારે પણ ભ્રષ્ટ છે, માટે અનંત સંસારી છે. જેને સાચા નિમિત્તનું બહુમાન આવતું નથી તેને આત્માનું માહાત્મ્ય તો આવતું જ નથી. નિમિત્તનો વિવેક તે ખરેખર આત્માનો વિવેક છે. સ્વરૂપદૃષ્ટિ જેને થઈ છે તેને નિમિત્તનો વિનય આવ્યા વિના રહેતો નથી. લોકો નિશ્ચયના બહાને ભૂલ્યા છે, અને વ્યવહારને સમજતા નથી તે નિશ્ચય-વ્યવહાર બન્નેને ભૂલ્યા છે.

ગ્રંથકારે પોતાના ઇષ્ટનું સન્માન કરી મંગળ કર્યું. ઇષ્ટ એટલે વહાલાં. ધર્મીને ઉપર કહ્યા તે સિદ્ધ, અર્હંત, જિનવાણી, પ્રતિમા આદિ બધાં વહાલાં છે તેને નમસ્કાર કરીને મંગળ કર્યું તે એ રીતે પોતાની પાત્રતા જાહેર કરી છે. હવે એ અર્હંતાદિ ઇષ્ટ કેવી રીતે છે તેનો વિચાર કરીએ છીએ.

## અર્હંતાદિમાં ઇષ્ટપણાની સિદ્ધિ

**જે વડે સુખ ઊપજે અથવા દુઃખ વિણસે એ કાર્યનું નામ પ્રયોજન છે.** એ પ્રયોજનની જેનાથી સિદ્ધિ થાય તે જ આપણું ઇષ્ટ છે. જુઓ, અહીં ન્યાય આપ્યો છે. આનંદની ઉત્પત્તિ થાય અને દુઃખનો નાશ થાય એમ અસ્તિ-નાસ્તિથી વાત કરી છે. લોકો સુખના માટે વલખાં મારે છે. માટે સુખનું થવું અને દુઃખનો નાશ થવું તે પ્રયોજન છે. સુખ તો આત્માથી થાય છે પણ નિમિત્તરૂપે અર્હંતાદિ છે તેથી વ્યવહારે તેને ઇષ્ટ કહ્યા છે. નિશ્ચયથી તો આત્મા પોતે ઇષ્ટ છે. કુદેવાદિના નિમિત્તે સુખ થતું નથી એ વાત પણ આમાં આવી ગઈ.

હવે આ અવસરમાં અમને વીતરાગ વિશેષ જ્ઞાનનું હોવું એ જ પ્રયોજન છે. એટલે કે રાગાદિ રહિત આત્મતત્ત્વ છે તેને પકડે એવું જ્ઞાન થાય તે જ પ્રયોજન છે. કારણ કે એનાથી નિરાકુળ સત્ય સુખની પ્રાપ્તિ થાય છે. વળી એ પ્રયોજનની સિદ્ધિ શ્રી અર્હંતાદિક વડે થાય છે. કેવી રીતે તે અહીં વિચારીએ છીએ.

આત્માના પરિણામ ત્રણ પ્રકારના છે. એટલે કે પર્યાય ત્રણ પ્રકારની હોય છે. અહીં દર્શન અને ચારિત્રગુણની પર્યાયની અપેક્ષાએ વાત છે. બીજા ગુણની બીજી પર્યાયો થાય એની અહીં વાત નથી. સંકલેશ, વિશુદ્ધ અને શુદ્ધ -એ ત્રણ પ્રકારના પરિણામ છે. તેમાં તીવ્ર કષાય એટલે હિંસા, મિથ્યાત્વાદિના પરિણામ તે સંકલેશ છે, મંદ કષાય એટલે દયા-દાન-ભક્તિ આદિના પરિણામ તે વિશુદ્ધ છે અને કષાય રહિત તે શુદ્ધ પરિણામ છે.

હવે વીતરાગ વિશેષ વિજ્ઞાનરૂપ પોતાના સ્વભાવના ઘાતક જ્ઞાનાવરણાદિ ઘાતિકર્મોનો તો સંકલેશ પરિણામ વડે તીવ્ર બંધ થાય છે. પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામનો ઘાત તો પોતાના સંકલેશરૂપ મિથ્યાત્વાદિ પરિણામ વડે થાય છે. ત્યારે નિમિત્ત તરીકે કર્મ ઘાત કરે છે એમ કહેવાય

છે. હિંસા, ચોરી, મિથ્યાત્વ આદિના ભાવ વડે મોહનીય આદિનો તીવ્ર બંધ પડે છે અને મંદ કષાય વડે ચાર ઘાતિકર્મનો મંદ બંધ થાય છે. અથવા તો મંદ કષાય પ્રબળ હોય તો પૂર્વનો તીવ્ર બંધ હોય તેને પણ મંદ કરે છે. આ નિમિત્તનું કથન છે. કર્મનું મંદ થવું કે તીવ્ર થવું તે તો તેના કાળે સ્વયં થાય છે, એમાં જીવના પરિણામ નિમિત્તમાત્ર છે. ઘણાં લોકો એમ કહે છે કે તમો નિમિત્તને માનતા નથી. પણ અહીં તો કહે છે કે નિમિત્ત છે ખરું, પણ તે ઉપાદાનમાં કાંઈ કામ કરતું નથી. કેમ કે નિમિત્ત-ઉપાદાન બન્ને ભિન્ન ભિન્ન છે. વળી શુદ્ધ પરિણામ વડે બંધ થતો જ નથી, કેવળ તેની નિર્જરા જ થાય છે. સમ્યગ્દર્શન આદિ વડે બંધ થાય નહિ. ધર્મથી પુણ્યબંધ થાય નહિ. તીર્થંકર નામકર્મ પણ ધર્મ વડે ન બંધાય. એટલે કે વીતરાગી વિજ્ઞાન વડે બંધ થાય નહિ, માત્ર નિર્જરા જ થાય છે. આત્માની શુદ્ધતા વડે બંધ તો થતો જ નથી. પણ અબંધ દશા વધતી જાય છે.

આત્મામાં શુદ્ધતા થાય ત્યારે જૂના કર્મ ન ખરે એમ બને નહિ. તથા કર્મનું ખરી જવું થાય અને આત્મામાં શુદ્ધતા ન થઈ હોય એમ પણ બને નહિ. આત્માની પર્યાયમાં જ્ઞાનની હીણપ હોય અને જ્ઞાનાવરણીયકર્મનું નિમિત્ત ન હોય એમ બને નહિ. અને જ્ઞાનની અવસ્થા વધે ત્યારે જ્ઞાનાવરણીયકર્મનો એને (કર્મને) કારણે અભાવ થયા વિના રહે નહિ. જેને નિશ્ચયનું યથાર્થ ભાન થયું હોય એને વ્યવહારનું સાચું જ્ઞાન હોય છે. એકલા વ્યવહારવાળાને વ્યવહારનું પણ સાચું જ્ઞાન નથી. આત્મામાં શુદ્ધિ થાય છે માટે કર્મની અવસ્થાને બદલવું પડે -એમ નથી. વળી કોઈ એમ કહે કે કર્મ ઉદયમાં આવે ત્યારે જીવે રાગ કરવો પડે ને ? તો કહે છે કે ના -એમ નથી. આત્માને રાગનો કાળ હોય છે ત્યારે કર્મનો ઉદય એના કારણે હોય છે. રાગ ન કરે તો કર્મનું નિમિત્તપણું પણ કહેવાતું નથી. માટે એ વાત બરાબર નથી.

અરહંતાદિ પ્રત્યે જે સ્તવનાદિરૂપ ભાવ થાય છે તે કષાયની મંદતાપૂર્વક હોય છે. માટે તે વિશુદ્ધ પરિણામ છે. તથા સમસ્ત કષાયભાવ મટાડવાનું સાધન છે. તેથી અર્હંતાદિ શુદ્ધ પરિણામનું કારણ પણ છે. પંચપરમેષ્ઠી શુભભાવનું નિમિત્ત તો છે પણ વીતરાગ વિજ્ઞાનરૂપ શુદ્ધ પરિણામનું પણ તે નિમિત્ત છે. એટલે આત્મા પોતે શુદ્ધ પરિણામ કરે છે ત્યારે તેને નિમિત્ત કહેવાય છે. પહેલાં વાત આવી ગઈ છે કે અર્હંતાદિ સ્વ-પર ભેદવિજ્ઞાનનું કારણ છે. આ રીતે વ્યવહારને પણ બરાબર સમજવો જોઈએ.

શ્રીમદ્ રાજચંદ્રે પણ આત્મસિદ્ધિમાં કહ્યું છે કે :-

**ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત,**
**પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત.**

સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે કૃતઘ્ની થાય નહિ. જેમ કોઈ નિર્ધનમાંથી સધન થાય ત્યારે ઝાલ્યો



રહે નહિ. એટલે બહારમાં ઝળક્યા વગર રહે નહિ. તેમ જેના નિમિત્તે પોતાને સાચું ભાન થયું હોય તેનો વિનય-સત્કાર આદિ કર્યા વગર રહે નહિ. તેના ઉપકારને ઓળવે નહિ અને કૃતઘ્ની થાય નહિ. જો કે દેહની ક્રિયા, વાણીની ક્રિયા તો એના કારણે થાય છે પણ ભાવ કેવો હોય છે એની વાત છે. પંચપરમેષ્ઠી આત્માને વીતરાગી પરિણમનમાં નિમિત્ત છે. એવા પરિણમન વડે ઘાતિકર્મોનો અભાવ થાય છે. અને કષાયની મંદતા વડે ઘાતિકર્મોમાં મંદપણું થાય છે. અને જેટલા અંશે ઘાતિકર્મોની હીનતા થાય છે તેટલા અંશે વીતરાગ વિશેષ જ્ઞાન પ્રગટે છે.

આત્માની શુદ્ધતા અથવા તો કષાયની મંદતાના પ્રમાણમાં તે કાળે ઘાતિકર્મોનું હીનપણું હોય છે; પહેલાં પછી હોતું નથી. પહેલાં અસ્તિથી કહેલ હતું કે શુદ્ધ પરિણમનના કાળે ઘાતિકર્મોની હીનતા હોય છે અને પછી નાસ્તિથી વાત કરી કે ઘાતિકર્મોની હીનતાના કાળે આત્મામાં શુદ્ધતા હોય છે, તેમાં કાળભેદ નથી. એ પ્રમાણે અર્હંતાદિ વડે પોતાનું પ્રયોજન સિદ્ધ થાય છે. જુઓ, અહીં તો પોતાનું પ્રયોજન કયા કારણે સિદ્ધ થાય છે એ વાત કરવી છે. વચમાં ઘાતિકર્મની વાત આવી, પણ અહીં ઘાતિકર્મોને સિદ્ધ કરવા નથી -એમ સમજવું.

વળી અર્હંતાદિ પંચપરમેષ્ઠીના આકારનું અવલોકન અથવા એમના સ્વરૂપનો વિચાર, એમના વચનનું શ્રવણ અને એમના નિકટવર્તી રહેવું તથા એમના અનુસાર પ્રવર્તવું એ વગેરે કાર્ય તત્કાળ જ નિમિત્તભૂત થઈ રાગાદિને હીન કરે છે. આ બધી આત્માના પરિણામની વાત છે. પંચપરમેષ્ઠીના આકારનો વિચાર કરવો, સત્ સમાગમનો ભાવ કરવો, પોતાના પરિણામમાં વર્તવાની વાત છે, બહારની વાત નથી. આત્મા પોતે રાગની હીનતા કરે છે ત્યારે નિકટવર્તીપણું હોય છે -એમ એનો અર્થ છે. આત્માના રાગને કારણે શરીરની ક્રિયા થતી નથી. માટે પોતાના ભાવની વાત છે. ઈચ્છાના કારણે આત્માના પ્રદેશો ચાલતા નથી. તો પછી ઈચ્છાના કારણે પરની ક્રિયા થાય એમ તો બને નહિ.

અર્હંતાદિના નિમિત્તે જીવ-અજીવાદિનું વિશેષ જ્ઞાન થાય છે. આત્મા પોતે જીવાદિનું જ્ઞાન કરે છે ત્યારે એમને નિમિત્ત કહેવાય છે -એમ સમજવું. પરના કારણે આત્માનું જ્ઞાન ઊપજે નહિ. એ પ્રમાણે પંચપરમેષ્ઠી આદિ વડે વીતરાગ વિશેષ જ્ઞાનરૂપ પ્રયોજનની સિદ્ધિ થાય છે.

## આસો સુદ ૧૩, બુધવાર, ૧-૧૦-૫૨.

પંચપરમેષ્ઠી તે ઈષ્ટ છે કેમ કે આત્માને સુખની પ્રાપ્તિ અને દુઃખનો અભાવ થવો તે પ્રયોજન અર્હંતાદિના નિમિત્તે થાય છે. વીતરાગી વિજ્ઞાનભાવ અને કષાયની મંદતામાં પણ તે નિમિત્ત થાય છે.

જ્ઞાન આદિને આવરણમાં ઘાતિકર્મો નિમિત્ત થાય છે; તે ઘાતિકર્મોનો અભાવ થવામાં અને

મંદ થવામાં અર્હંતાદિનું નિમિત્ત કહ્યું. હવે કહે છે કે -એ વાત તો બરાબર છે પણ વિષયસુખની પ્રાપ્તિમાં ભગવાન નિમિત્ત થાય કે નહિ ? અહીં કોઈ કહે કે તેમનાથી વીતરાગ વિજ્ઞાનાદિની તો સિદ્ધિ થાય છે. પણ જે વડે ઈંદ્રિયજનિત સુખ ઊપજે વા દુઃખ વિણસે એવા પ્રયોજનની સિદ્ધિ તેમનાથી થાય છે કે નહિ ?

સુખની પ્રાપ્તિ અને દુઃખનો નાશ એ પ્રયોજન કહેલ હતું, તેમાંથી આ પ્રશ્ન કાઢ્યો છે. તેનું સમાધાન :- અર્હંતાદિકમાં સ્તવનાદિરૂપ વિશુદ્ધ પરિણામ થાય છે. પંચપરમેષ્ઠી પ્રત્યે ઉત્સાહ અને ઉમંગભાવ થાય તેને મંદ કષાયરૂપ પરિણામ થાય છે. પહેલાં વીતરાગી વિજ્ઞાન થવામાં ઘાતિકર્મોના અભાવ સાથે સંબંધ બતાવ્યો હતો. હવે કહે છે કે તેમના નિમિત્તે અઘાતિકર્મોની શાતા આદિ પુણ્યપ્રકૃતિઓનો બંધ થાય છે. વળી જો તે પરિણામ તીવ્ર હોય તો પૂર્વે જે અશાતાદિ પાપપ્રકૃતિ બાંધી હતી તેને મંદ કરે છે અથવા નષ્ટ કરી પુણ્યપ્રકૃતિરૂપે પરિણમાવે છે.

ત્રણ બોલ કહ્યા. શાતાવેદનીયરૂપ નવા કર્મોનો બંધ થાય છે, અશાતા આદિનો બંધ મંદ થાય છે અથવા પૂર્વની પાપપ્રકૃતિ પલટીને પુણ્યપ્રકૃતિરૂપ થઈ જાય છે. આ બંધની વાત કરી.

તે પુણ્યનો ઉદય થતાં ઈંદ્રિયસુખના કારણભૂત સામગ્રી સ્વયં મળે છે. કર્મોનો ઉદય આવતાં સામગ્રી સહજ મળે છે, તે લાવવી પડતી નથી તથા પાપનો ઉદય દૂર થતાં દુઃખના કારણભૂત સામગ્રી સ્વયં દૂર થાય છે.

ભક્તિ આદિના શુભ પરિણામ થતાં પાપનો ઉદય આવતો નથી, ત્યારે દુઃખમાં નિમિત્તરૂપ સામગ્રી સ્વયં દૂર થાય છે. સામગ્રી આવવી કે ન આવવી તેમાં કર્મ નિમિત્ત છે -એમ વાત કરી પણ એના વડે સુખ-દુઃખ થાય એ વાત નથી. એ પ્રમાણે એ પ્રયોજનની સિદ્ધિ પણ અર્હંતાદિથી થાય છે.

હવે બીજી વાત કરે છે કે પુણ્યનો ઉદય હોય અને પાપનો ઉદય ન હોય તો જૈનશાસનના ભક્ત દેવાદિકો તે ભક્ત પુરુષને અનેક ઈંદ્રિયસુખના કારણભૂત સામગ્રીનો સંયોગ કરાવે છે તથા દુઃખના કારણભૂત સામગ્રીને દૂર કરે છે. સામગ્રીનો સંયોગ કરાવવો કે એને દૂર કરવી એમાં દેવ આદિ નિમિત્ત છે, એટલું કહેવું છે, સામગ્રી તો એના કારણે આવે છે અને જાય છે. એ પ્રમાણે પણ એ પ્રયોજનની સિદ્ધિ શ્રી અર્હંતાદિક વડે થાય છે.

મંદ કષાયમાં અર્હંતાદિ નિમિત્ત છે માટે એના વડે સિદ્ધિ થાય છે એમ કહેલ છે. પરંતુ એ પ્રયોજનથી કાંઈ પોતાનું હિત થતું નથી. રાગનો અભાવ થાય તેમાં આત્માનું હિત છે પણ કષાયમાં આત્માનું હિત નથી. કારણ કે કષાયભાવ વડે બાહ્ય સામગ્રીઓમાં ઈષ્ટ-અનિષ્ટપણું માની આત્મા પોતે જ સુખ-દુઃખની કલ્પના કરે છે. પરપદાર્થો અનુકૂળ-પ્રતિકૂળ છે એમ માની આત્મા પોતે



સુખ-દુઃખની કલ્પના કરે છે, સામગ્રી સુખ-દુઃખ કરાવતી નથી. સર્પ કરડ્યો તે દુઃખની કલ્પના કરાવતું નથી, આત્મા પોતે કલ્પના કરે છે. કષાય વિના બાહ્ય સામગ્રી કાંઈ સુખ-દુઃખની દાતા નથી. પોતે કષાય ન કરે તો સુખ-દુઃખમાં તે નિમિત્ત પણ નથી. સ્ત્રી, પુત્ર, આબરૂ, ઘોડા, હાથી કોઈ ચીજ સુખ-દુઃખ દેતી નથી એમાં સુખ-દુઃખની કલ્પના કરવી તે આકુળતા છે.

અનાદિકાળનો આત્મા છે, એમાં આ મનુષ્યભવમાં પાંચ પચીશ વર્ષમાં સ્ત્રી-કુટુંબ આદિ અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રી મળી તો તેમાં સુખ-દુઃખની કલ્પના કરીને બેસી જાય છે, એમાં જ સર્વસ્વ મનાઈ ગયું છે. ત્રિકાળ ધ્રુવને ચૂકીને વર્તમાન પૂરતો પોતાને માનીને કલ્પના કરી રહ્યો છે. તે આત્માને હિતનું કારણ નથી. સામગ્રી સુખ-દુઃખનું કે હિત-અહિતનું કારણ નથી પણ પોતાની કલ્પના તે અહિતનું કારણ છે અને વીતરાગી વિજ્ઞાન તે હિતનું કારણ છે.

વળી કષાય છે તે સર્વ આકુળતામય છે. માટે ઈંદ્રિયજનિત સુખની ઈચ્છા કરવી વા દુઃખથી ડરવું એ બધો ભ્રમ છે. ઈંદ્રિયના નિમિત્તમાં કલ્પના થવી કે આ મને સુખરૂપ છે અને પ્રતિકૂળ સામગ્રીનો અભાવ થાય અથવા તો એવું દુઃખ ન થાય એમ માનવું તે બધો ભ્રમ છે. પુણ્યનો યોગ હોય તો બહાર સ્ત્રી, કુટુંબાદિ અનુકૂળ હોય પણ એવો યોગ તો અનંતીવાર મળ્યો પણ એમાં આત્માનું હિત નથી. એ બધું અઘાતિકર્મનું ફળ છે. અને કદાચ છોકરાં આદિ પ્રતિકૂળ હોય, દુષ્ટ અભિપ્રાયવાળા નીકળે તો તે આત્માને દુઃખનું કારણ નથી. મારે પર સામગ્રી અનુકૂળ હોય તો ઠીક, આપણે ધર્મ કરીએ અને ભરત ચક્રવર્તી જેવું બહારમાં સુખ મળે તો ઠીક એમ ઈચ્છવા જોગ નથી. પાંચ હજાર માણસોની વચમાં વ્યાખ્યાન વાંચતા હોઈએ અને વાહ વાહ બોલાતી હોય તો ઠીક -એમ ઈચ્છવા જોગ નથી.

એવા પ્રયોજન અર્થે અર્હંતાદિની ભક્તિ કરવા છતાં પણ તીવ્ર કષાય હોવાથી પાપબંધ જ થાય છે. માટે એ પ્રયોજનના અર્થી થવું યોગ્ય નથી. દેવો આવીને સેવા કરે, વિઘ્ન દૂર કરે એવી ઈચ્છા કરવા જેવી નથી. કેમ કે પંચપરમેષ્ઠીની ભક્તિ આદિ કરવાથી સ્વયં એવી સામગ્રી મળે છે. આ પ્રમાણે અર્હંતાદિને પરમ ઈષ્ટ માનવા યોગ્ય છે. પહેલાં વ્યાખ્યા થઈ ગઈ છે એવા અર્હંતાદિ અને એમના કહેલાં શાસ્ત્રો આદિ જ ઈષ્ટ માનવા યોગ્ય છે.

હવે મંગળની વાત કરે છે. અર્હંતાદિ પરમ મંગળ છે. તેમાં ભક્તિભાવ થતાં પરમ મંગળ થાય છે. કારણ કે ''મંગ'' એટલે સુખ તેને ''લાતિ'' એટલે આપે, અથવા ''મં'' એટલે પાપ, તેને ''ગાલયતિ'' એટલે ગાળે તેનું નામ મંગળ છે.

હવે એ વડે પૂર્વોક્ત પ્રકારથી બન્ને કાર્યોની સિદ્ધિ થાય છે માટે અર્હંતાદિમાં પરમ મંગળપણું સંભવે છે. અહીં કોઈ પ્રશ્ન કરે કે પ્રથમ ગ્રંથની શરૂઆતમાં મંગળ કર્યું તેનું શું કારણ ? તેનું સમાધાનઃ-

## મંગલાચરણ કરવાનું કારણ

સુખપૂર્વક ગ્રંથની સમાપ્તિ થાય, પાપના ઉદયથી કાંઈ વિઘ્ન ન થાય એ હેતુથી અહીં પ્રથમ મંગળ કર્યું છે. ગ્રંથની પૂર્ણતા તો જડના કારણે થાય છે પણ મંગળિક કરનારનો સાચા દેવાદિનો ભક્તિભાવ થતાં એવી પુણ્યપ્રકૃતિ બંધાય છે કે એના નિમિત્તે ગ્રંથની સમાપ્તિ થાય છે એમ કહેવાય છે.

**પ્રશ્ન** : અન્યમતી એ પ્રમાણે મંગળ કરતાં નથી છતાં તેમને પણ ગ્રંથની સમાપ્તતા તથા વિઘ્નનો નાશ થતો જોવામાં આવે છે તેનું શું કારણ ? સર્વજ્ઞના મત સિવાય બધા મતોને અન્યમતી કહ્યા છે. તે અન્યમતીઓ તમે જેમ મંગળ કરો છો એવી વિધિએ મંગળ કરતાં નથી. પાંચ પરમેષ્ઠીને ઓળખીને મંગળ કરતા નથી. છતાં એમના શાસ્ત્રો તો પૂરા થાય છે. ભગવાનના નામે ઊંધા લખાણ કરે છે, એના શાસ્ત્રો પણ પૂરા થાય છે-અધૂરા રહેતા નથી. એને કોઈએ વિઘ્ન કર્યું હોય એમ દેખાતું નથી.

**ઉત્તર** : અન્યમતીની ગ્રંથરચના મોહના તીવ્ર ઉદય વડે મિથ્યાત્વ ભાવને પોષતા વિપરીત અર્થ નિરૂપણરૂપ હોય છે.

પાંચમો અન્યમતીનો અધિકાર છે તે બધા ગૃહીત મિથ્યાદષ્ટિ છે. તેમણે રચેલા ગ્રંથો મિથ્યાત્વભાવને પોષે છે. દ્રવ્યો આદિનું સ્વરૂપ વીતરાગથી વિરુદ્ધ નિરુપણ કર્યું છે. તે તો મંગળિક કર્યા વગર જ પૂરા થાય છે. આવું મંગળિક કરે તેને એવો ઊંધો ભાવ થાય જ નહિ.

પ્રથમ પંચપરમેષ્ઠીના સ્વરૂપનું વર્ણન કરીને પછી ગ્રંથની રચના કોની કરેલી સત્ય હોય તે કહે છે. પંચપરમેષ્ઠી મંગળરૂપ છે, તેમણે કહેલા તત્ત્વોનું સ્વરૂપ જેમ છે તેમ ગ્રંથ રચે તેને પ્રથમ મંગળિક હોય છે. એનાથી વિરુદ્ધ પ્રરૂપણા કરે અને ગ્રંથો રચે તો મંગળિક કર્યા વિના તે પૂરા થાય છે, એને વિઘ્ન હોતું નથી. માટે અન્યમતીઓના ગ્રંથોની સમાપ્તિ મંગળ કર્યા વિના જ થાય છે. એમને યથાર્થ મંગળ હોતું નથી. કારણ કે જો એ પ્રમાણે મંગળ વડે મોહ મંદ થઈ જાય તો તેમનાથી એવું વિપરીત કાર્ય કેમ બને ?

આખા ગ્રંથમાં શરૂઆતથી પુરું થતાં સુધી સંધિ કરી છે. 'એ પ્રમાણે' એ શબ્દ પર વજન છે. વાસ્તવિક પંચપરમેષ્ઠીનું મંગળ કરવાથી જ મોહ મંદ થાય છે તેથી એનાથી વિપરીત કામ બને નહિ. સ્વરૂપ સમજ્યા વગરના મંગળિકને મંગળિક કહેતા નથી. માટે જે સમજીને મંગળ કરે છે તેના ગ્રંથોમાં વિપરીતતા હોતી નથી. એ રીતે અમે પણ આ ગ્રંથ રચીએ છીએ તેમાં મોહની મંદતા વડે <u>વીતરાગ તત્ત્વવિજ્ઞાનને પોષણકર્તા અર્થોનું પ્રરૂપણ કરીશું.</u>

આ ગ્રંથનું પ્રયોજન વીતરાગ તત્ત્વવિજ્ઞાન કરાવવાનું છે. આ ગ્રંથમાં એ જ વાત આવશે.



તેથી તેની નિર્વિઘ્ન સમાપ્તિ તો એ પ્રમાણે મંગળ કરવાથી જ થાય. ભલે આ ગ્રંથ પૂરો થયો નથી પણ ગ્રંથ જેટલો લખાયો છે તેમાં વીતરાગી તત્ત્વજ્ઞાનનું જ પોષણ કર્યું છે, એ વાતની મુખ્યતા છે. એમાં ક્યાંય ફેર પડશે નહિ, એમાં વિઘ્ન કે વિરોધ આવશે નહિ. એમાં વિપરીતતા પોષાશે નહિ. જો એમ મંગળ કરવામાં ન આવે તો મોહનું તીવ્રપણું રહે અને તેથી આવું ઉત્તમ કાર્ય કેમ બને ? આમ કહીને પોતાની પાત્રતા વર્ણવી છે.

## આસો સુદ ૧૪, ગુરુવાર, ૨-૧૦-૫૨.

આ મોક્ષમાર્ગ પ્રકાશક છે. એની શરૂઆતમાં મંગલિક કરે છે કે જેથી ગ્રંથ નિર્વિઘ્ને પૂરો થાય. પંચપરમેષ્ઠી જ મંગળરૂપ છે એમ સિદ્ધ કર્યું છે. હવે એમાં શિષ્યે પ્રશ્ન કર્યો છે કે અન્યમતીઓ સાચા પંચપરમેષ્ઠીના સ્વરૂપને જાણતા નથી તેથી તેઓ યથાર્થ મંગળિક કરતાં નથી છતાં એના ગ્રંથો પૂર્ણ થયા જાણાય છે -એનું કારણ શું ? તેનો જવાબ આપ્યો કે આવું મંગળિક કરે તે ઊંધા ગ્રંથો લખે નહિ. અમારે તો વીતરાગ વિજ્ઞાનરૂપ ગ્રંથો લખવા છે માટે મંગળિક કરીને જ આ ગ્રંથ લખીએ છીએ.

**પ્રશ્ન** : એ વાત ખરી, પરંતુ આ પ્રમાણે મંગળ ન કરનારને પણ સુખ જોવામાં આવે છે- પાપનો ઉદય દેખાતો નથી, અને કોઈ એવું મંગળ કરનારને પણ સુખ દેખવામાં આવતું નથી. પરંતુ પાપનો ઉદય દેખાય છે. માટે તેમાં પૂર્વે કહેલું મંગળપણું કેવી રીતે બને ? સુખની પ્રાપ્તિ ને દુઃખનો નાશ મંગળિક કરનારને દેખવામાં આવતો નથી અને મંગળિક નહિ કરનારને સુખની પ્રાપ્તિ અને દુઃખનો નાશ જોવામાં આવે છે તો પછી મંગળિક કરવાનું કંઈ પ્રયોજન રહેતું નથી. તેઓ વીતરાગને ઓળખતા નથી અને એના નામે ઊંધા ગ્રંથો રચે છે છતાં તે સુખી દેખાય છે તો ત્યાં મંગળપણું કેવી રીતે બને ? વીતરાગી વિજ્ઞાનનું પ્રયોજન તો ઈષ્ટદેવના સ્મરણથી થાય છે તો પછી જે મંગળિક કરતાં નથી એને પણ સુખની પ્રાપ્તિ અને દુઃખનો નાશ દેખાય છે તો મંગળપણું ક્યાં રહ્યું ?

**ઉત્તર** : જીવોના સંકલેશ-વિશુદ્ધ પરિણામ અનેક જાતના છે. અશુભ અને શુભ પરિણામ એક જાતિના હોતા નથી, જેથી પૂર્વે અનેક કાળમાં બાંધેલા કર્મો એક કાળમાં ઉદયમાં આવે છે. અહીં તો સંયોગજનિત સુખદુઃખની વાત બતાવવી છે. અંદરના પરિણામની વાત નથી. ઘણાં કાળમાં બાંધેલા કર્મો એક કાળમાં ઉદયમાં આવે છે. દાખલો આપે છે કે જેણે પૂર્વે ઘણાં ધનનો સંચય કર્યો હોય તેને તો કમાયા વિના પણ ધન જોવામાં આવે છે, -દેવું દેખાતું નથી. પરંતુ જેને પૂર્વનું ઘણું દેણું હોય તેને ધન કમાવા છતાં ધન દેખાતું નથી-દેણદાર રહે છે. ઘણાં સંતોષ અથવા અશક્તિના કારણે ધંધો બંધ કરે છે, નોકરીમાંથી નિવૃત્ત થાય છે. એવા અનેક કારણો નહિ કમાવાના હોય છે. પણ કમાણી ન હોવા છતાં પૂર્વની મૂડી ભેગી કરી છે તેથી ધન દેખાય છે. અને જેને

પૂર્વનું દેણું હોય છે તે કમાવા છતાં દેણદાર દેખાય છે, પણ વિચાર કરતાં કમાવું તે તો ધન થવાનું કારણ છે, ઋણનું કારણ નથી. એ પ્રમાણે પૂર્વે જેણે ઘણું પુણ્ય બાંધ્યું હોય તે વીતરાગ વિજ્ઞાની પંચપરમેષ્ઠીને ઓળખ્યા વિના-સ્મરણ કર્યા વિના મંગળ કરે તો પણ તેને પાપનો ઉદય દેખાતો નથી, બહારમાં વિઘ્ન દેખાતું નથી. વર્તમાન પાપી હોય છતાં આબરૂવાળો હોય તે કાંઈ વર્તમાનનું કારણ નથી. પંચપરમેષ્ઠીને યથાર્થ જાણીને મંગળિક કરવા છતાં પૂર્વના પાપનો ઉદય હોવાથી લોકો બહારમાં માનતા ન હોય, સુખ દેખાતું ન હોય, છતાં પણ વિચાર કરતાં એવું મંગળિક તો સુખનું જ કારણ છે. વીતરાગી વિજ્ઞાન કહીને આખું જૈનતત્ત્વ ખડું કરી દીધું છે. એમાં દેવ-ગુરુ-શાસ્ત્ર પણ કેવા હોય તે વાત પણ આવી જાય છે. મંગળિક તો સુખનું જ કારણ છે. કમાણી કરવી તે દેણાનું કારણ ન હોય તેમ પંચપરમેષ્ઠીનું સ્તવનાદિ કરવું તે સુખનું જ કારણ છે.

ધર્મી દુઃખી દેખાય છે એનું કારણ ? તો કહે છે કે ભાઈ, પૂર્વના પાપના ઉદયના કારણે વર્તમાન દુઃખી દેખાય છે પણ એથી કરીને દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્તવન આદિ સુખનું કારણ નથી એમ નથી, વિચાર કરતાં એવા મંગળ તો સુખનું જ કારણ છે પણ પાપ ઉદયનું કારણ નથી -એ પ્રમાણે પૂર્વે કહેલા મંગળમાં મંગળપણું બને છે.

**પ્રશ્ન** : ''એ વાત સાચી, પરંતુ જિનશાસનના ભક્ત દેવાદિક છે તેઓએ એવા મંગળ કરવાવાળાને સહાયતા ન કરી તથા મંગળ ન કરનારને દંડ ન આપ્યો તેનું કારણ શું ?'' દેવ આવીને ખોટાને શિક્ષા કેમ કરતા નથી ? અને જે મંગળિક કરે છે તેને મદદ કેમ કરતા નથી ? ભલે કર્મ એવા હોય પણ દેવો તો જાણે છે. માટે એ કેમ ખોટાને દંડ દેતાં નથી અને સાચાને મદદ કરતા નથી?

**ઉત્તર** : જીવોને સુખ-દુઃખ થવાનું કારણ પોતાના કર્મોનો ઉદય છે. અને તે અનુસાર બાહ્ય નિમિત્ત બની આવે છે. માટે પાપનો જેને ઉદય હોય તેને એવી સહાયતાનું નિમિત્ત બનતું નથી તથા જેને પુણ્યનો ઉદય હોય તેને દંડનું નિમિત્ત બનતું નથી.

ઉપર કહેલી વાતને સ્પષ્ટ કરે છે કે :- સંયોગો મળે છે તે પોતાના કર્મોના કારણે મળે છે. આત્મામાં સુખ-દુઃખની કલ્પના કરવી એની વાત નથી. એ તો પોતે જેવી કરે તેવી થાય છે. બહારમાં અનુકૂળ-પ્રતિકૂળ સંયોગો મળે છે તે પૂર્વ કર્મના કારણે મળે છે. જેમ બહારમાં કર્મને કારણે થાય છે તેમ ઘાતિકર્મોના ઉદય વખતે આત્માએ સુખ-દુઃખની કલ્પના કરવી પડે એમ નથી. સ્ત્રી, કુટુંબ વગેરે અનુકૂળ મળે છે તે પૂર્વ કર્મના નિમિત્તે મળે છે. કર્મ એને ખેંચીને લાવતા નથી, સહેજે તે નિમિત્તો બની આવે છે. એમાં આત્માનું ડહાપણ જરા ય કામ લાગતું નથી.

પૈસા કમાવાના ભાવ તો એકલા પાપના પરિણામ છે. એના કારણે બહારમાં અનુકૂળતા મળતી નથી, તેનો કોઈ બીજો ઈશ્વર કર્તા નથી, પૂર્વના કર્મો નિમિત્તમાત્ર છે. ખરેખર તો એ નિમિત્તો સહેજે મળી આવે છે. માટે જેને પાપનો ઉદય હોય તેને અન્ય કોઈ સહાય કરતું નથી અને પુણ્યનો



ઉદય હોય તો કોઈ વિઘ્ન કરતું નથી.

નિમિત્ત કેમ બનતું નથી એની વાત કરી, હવે નિમિત્ત કેવી રીતે બને છે તે કહે છે :- દેવાદિ છે તેઓ ક્ષયોપશમજ્ઞાનથી સર્વને યુગપત્ જાણી શકતા નથી. દેવોને જ્ઞાનની ઓછપ છે, એટલે બધાને એક સાથે જાણી શકતા નથી. માટે મંગળ કરનારને જાણવાનું કોઈ દેવાદિકને કોઈ કાળમાં બને છે. એટલે કે જ્યારે એને જાણવાનો કાળ હોય ત્યારે જાણે છે. જાણવાનો ઉપયોગ બીજે લાગ્યો હોય તો ક્યાંથી જાણે ? યુગપત્ તો જાણતા નથી. માટે જો જાણવામાં જ ન આવે તો સહાય કે દંડ તે કેવી રીતે કરે ? મંગળિક કરે તેને સહાય કેવી રીતે કરે, અને મંગળિક નથી કરતો એને દંડ પણ કેવી રીતે કરે ? કદાચ દેવને ખ્યાલમાં આવ્યું કે આ મંગળિક કરનાર છે પણ પોતાને તે વખતે અતિ મંદ કષાય હોય તો તેને સહાય કે દંડ કરવાનો ભાવ જ થતો નથી અને સામાના પુણ્ય ન હોય અથવા તો પાપનો ઉદય ન હોય તો આ પ્રમાણે નિમિત્ત બનતાં નથી.

લાખો દેવો મહાવિદેહ ક્ષેત્રમાં સમવસરણમાં આવે છે તેમાંથી એક પણ દેવ અહીં કેમ આવતો નથી ?

તો કહે છે કે :- જેને અતિ મંદ કષાય હોય તેને આ વિચાર આવતો નથી અને તીવ્ર કષાય હોય તો ધર્માનુરાગ થતો નથી માટે પણ આવતો નથી. વળી મધ્યમ કષાય હોય અને એ કાર્ય કરવાનો વિચાર થાય છતાં પોતાની શક્તિ ન હોય તો પણ તે નિમિત્ત બનતા નથી. આ કાંઈ બચાવ કર્યો નથી. પહેલાં નક્કી કર્યું છે કે પુણ્યના ઉદય અથવા તો પાપના ઉદય વગર સહાય કે દંડ કોઈ કરતો નથી. પોતાની શક્તિ હોય, ધર્માનુરાગરૂપ મંદ કષાયના ઉદયથી તેવા જ પરિણામ થાય તે સમયમાં અન્ય જીવોના ધર્મ-અધર્મરૂપ કર્તવ્યને જાણે તો કોઈ દેવાદિક કોઈ ધર્માત્માને સહાય કરે અથવા કોઈ અધર્મીને દંડ દે. નિમિત્ત કેમ બને ? એના ઉપર કહ્યા એ પ્રકાર બતાવ્યા છે. છતાં એ પ્રમાણે કાર્ય થવાનો કોઈ નિયમ તો નથી. દેવો દંડ દે કે સહાય કરે અથવા તો મંગળ કરનારને બહારમાં સુખ હોય અને નહિ કરનારને દુઃખ હોય એમ નિયમ ન રહ્યો.

એ પ્રમાણે ઉપરના પ્રશ્નનું સમાધાન કર્યું.

અહીં આટલું સમજવા યોગ્ય છે કે - સુખ થવાની વા દુઃખ થવાની, સહાય કરવાની વા દુઃખ અપાવવાની જે ઈચ્છા છે તે કષાયમય છે - માટે એવી ઈચ્છા છોડી અમે તો એક વીતરાગી વિજ્ઞાન થવાના અર્થી બની શ્રી અર્હંતાદિને નમસ્કારાદિરૂપ મંગળ કર્યું.

અમે તો અમારી પાત્રતાની વાત કરીએ છીએ. મંગળાચરણમાં વીતરાગી વિજ્ઞાનની પ્રાપ્તિના કારણે અર્હંતાદિને નમસ્કાર કરીએ છીએ. જેનાથી વીતરાગી વિજ્ઞાન પ્રગટે તેને જ મોક્ષમાર્ગ કહેવાય છે. અમે સહાય માટે કર્યું નથી. વિઘ્ન આવે તો ટળી જાય તો ઠીક એવી બુદ્ધિથી કરેલ નથી. એક જ ભાવનાથી કરેલ છે. આ રીતે મંગળ કર્યું છે.

હવે સાર્થક ''મોક્ષમાર્ગ પ્રકાશક'' નામના ગ્રંથનો ઉદ્યોત કરીએ છીએ. ત્યાં ''આ ગ્રંથ પ્રમાણ છે'' એવી પ્રતીતિ કરાવવા અર્થે પૂર્વ અનુસાર નિરૂપણ કરીએ છીએ. આ ગ્રંથ પ્રમાણ છે માટે આખો વાંચવો જોઈએ. પાંચમો અધિકાર અન્યમત નિરાકરણનો છે તે અપ્રમાણ છે એમ નથી. માટે એને વાંચવો નહિ એમ નથી. જે સત્ય વાત છે તેનું સ્પષ્ટીકરણ વિસ્તારથી ન થાય તો ગોટો નીકળે નહિ. આ ગ્રંથ સમ્યક્જ્ઞાન વડે માન્ય છે, પ્રતીતિ કરવા યોગ્ય છે. લોકો ડરે છે કે આવી સ્પષ્ટ વાત કરવાથી આપણે સમાજમાં કેમ ઊભા રહીશું ? પણ ભાઈ રે ! સત્ય-અસત્યનો વિવેક કર્યા વિના કલ્યાણ થાય એમ નથી.

## ગ્રંથની પ્રમાણતા

જુઓ, પહેલાં તો સાધારણ વાત કરે છે. અકારાદિ ઉચ્ચાર તો અનાદિઅનંત છે. કોઈએ નવા કર્યા નથી. એનો આકાર લખવો તે તો પોતાની ઇચ્છા અનુસાર અનેક પ્રકારરૂપ છે. અહીં લખી શકે છે કે ઈચ્છા અનુસાર લખાય છે એમ કહેવું નથી. માત્ર એટલો જ અર્થ છે કે લખવાની રીતમાં અનેક પ્રકાર છે અને બોલવાની રીત એક જ છે. આત્મા લખી કે બોલી શકે એ સિદ્ધ કરવું નથી.

## આસો સુદ ૧૫, શુક્રવાર, ૩-૧૦-૫૨.

આ મોક્ષમાર્ગ પ્રકાશક ગ્રંથ પ્રમાણ કેમ છે ? તે કહે છે.

''અકારાદિ ઉચ્ચાર તો અનાદિ નિધન છે, કોઈએ નવા કર્યા નથી. એનો આકાર લખવો તે તો પોતપોતાની ઇચ્છાનુસાર અનેક પ્રકારરૂપ છે.''

અક્ષરો બોલવામાં એક પ્રકાર હોય છે, લખવામાં-લિપિમાં ફેર હોય છે. વળી કહ્યું છે કે **સિદ્ધો વર્ણસમામ્નાયઃ** અર્થાત્ વર્ણ ઉચ્ચારનો સંપ્રદાય સ્વયંસિદ્ધ છે. અગાઉ તો નિશાળમાં પહેલાં ભણવા જાય ત્યારે આ વાક્ય કહેવાતું. શબ્દોની આમ્નાય (પરંપરા) અનાદિની સ્વયંસિદ્ધ છે. કોઈએ નવી કરી નથી. શબ્દોનો ઉચ્ચાર અનાદિનો છે, કોઈએ નવો કર્યો નથી. આટલી વાત તો શબ્દોની કરી. હવે શ્રુતની વ્યાખ્યા કરે છે.

વળી અક્ષરોથી નીપજેલા સત્ય અર્થના પ્રકાશક પદોના સમૂહનું નામ શ્રુત છે. **જી** અને **વ** તે અક્ષર છે, એ બે મળીને **જીવ** પદ થાય છે. તે જીવ પદાર્થને બતાવે છે. અને સત્યાર્થ પદોના સમૂહનું નામ શ્રુત છે. બધા એમ કહે છે કે અમારા આગમો સમ્યક્શ્રુત છે. પણ જે શબ્દો સત્ય અર્થને બતાવે એ જ શ્રુત છે. લોકો તો ગમે તે શબ્દોને શ્રુત કહે પણ તે ખરેખર શ્રુત નથી. જીવ શબ્દ જીવ નામના પદાર્થને બતાવે છે. વળી જીવ નામનું પદ છે તે કોઈએ બનાવેલ નથી.

એ પ્રમાણે પોતપોતાના સત્ય અર્થના પ્રકાશક જે અનેક પદ તેનો સમુદાય છે તેને શ્રુત જાણવું.



આવી શ્રુતની વ્યાખ્યા છે.

ઝવેરી એના માલના વખાણ કરે, કોલસાવાળો કોલસાના વખાણ કરે, ચાવાળો ચા ખરાબ હોય તો પણ વખાણ કરે, એમ સૌ પોતપોતાના માલના વખાણ કરે છે. પણ અહીં તો કહે છે કે જેવો પદાર્થ હોય એવો જ પ્રકાશ કરે તે શ્રુત છે. જીવ, અજીવ, આસ્રવ, સંવર, દેવ-ગુરુ-શાસ્ત્રાદિ જે જગતના પદાર્થો છે તેને યથાર્થપણે પ્રકાશે તેને શ્રુત જાણવું. જે રીતે સનાતન વસ્તુસ્વરૂપ છે એને બરાબર પ્રકાશે તે શ્રુત છે. અથવા તે જ સાચા શાસ્ત્રો છે. વસ્તુસ્વરૂપ અન્યથા બતાવે તે ખરેખર શ્રુત નથી.

યથાર્થ શ્રુત કોને કહેવાય તે બરાબર જાણવું જોઈએ. જે રીતે પદાર્થ છે તેને યથાર્થ પ્રકાશ કરે તે શ્રુત છે. આ શ્રુત પણ અનાદિનું છે, એને પણ કોઈએ નવું કર્યું નથી. પહેલાં કોઈ પુરુષ ન હતો અને નવા કોઈ સર્વજ્ઞ થયા અને શ્રુત પણ નવું થયું -એમ નથી.

દૃષ્ટાંત આપે છે કે -જેમ મોતી તો સ્વયંસિદ્ધ છે તેમ શ્રુત તો સ્વયંસિદ્ધ છે. તે મોતીમાંથી કોઈ થોડાં મોતીને, કોઈ ઘણાં મોતીને, કોઈ કોઈ પ્રકારે તથા કોઈ કોઈ પ્રકારે ગૂંથી ઘરેણું બનાવે છે.

થોડાં કે ઘણાં મોતી, અને કોઈ કોઈ પ્રકારે ગૂંથે છે એમ ફેર પાડ્યો છે. એ રીતે પદ તો સ્વયંસિદ્ધ છે. તેમાંથી કોઈ થોડાં પદોને, કોઈ ઘણાં પદોને, કોઈ કોઈ પ્રકારે તથા કોઈ કોઈ પ્રકારે જોડી અથવા લખી ગ્રંથ બનાવે છે. એટલે કોઈ શબ્દોને પદ્યમાં કે ગદ્યમાં જોડીને ગ્રંથ બનાવે છે. એ રીતે હું પણ એ સત્યાર્થ પદોને મારી બુદ્ધિ અનુસાર ગૂંથી ગ્રંથ બનાવું છું.

રચવામાં મારું નિમિત્ત છે. હું મારી બુદ્ધિપૂર્વક કલ્પિત -જૂઠા અર્થ- ના સૂચક પદો ગૂંથતો નથી. માટે આ ગ્રંથ પ્રમાણરૂપ છે. ક્ષયોપશમજ્ઞાન હોવાથી કોઈ અપ્રયોજનભૂત પદોમાં ભૂલ પડે તો તે હું બુદ્ધિપૂર્વક લખતો નથી. પણ પ્રયોજનભૂત સત્યાર્થ પદો તો હું મારી બુદ્ધિપૂર્વક કહીશ. માટે આ ગ્રંથ શ્રદ્ધા કરવા લાયક છે. જુઓ તો ખરા ! ક્રમસર ગ્રંથની રચના થઈ છે, એકધારી વાત લે છે. હવે આમાંથી પ્રશ્ન ઊઠ્યો તે કહે છે :-

**પ્રશ્ન** : એ જ સત્યાર્થ પદોની પરંપરા આ ગ્રંથ સુધી કેવી રીતે પ્રવર્તે છે ? એટલે કે અત્યાર સુધી પરંપરા કેવી રીતે આવી ?

**ઉત્તર** : અનાદિકાળથી તીર્થંકર કેવળી થતાં આવે છે. પહેલાં કેવળી ન હતા અને નવા કેવળી થયા છે -એમ નથી. કેવળીઓ તો અનાદિના છે, આત્મા અનાદિનો છે એને કયો ભવ નવો હશે ? -નિગોદમાં પણ કયો નિગોદનો ભવ પહેલો હશે ? એટલે પહેલો કોઈ નવો ભવ નથી, તેમ કેવળી પણ અનાદિના છે.

કેવળી, સંતો, સાધક વગેરે અનાદિના છે. એમને પદાર્થોનું સાચું જ્ઞાન હોય છે. જેમ પુરુષ અનાદિનો છે તેમ શ્રુત પણ અનાદિનું છે - એ સ્થાપ્યું છે. કેવળીને અર્થોનું અને પદોનું યથાર્થ જ્ઞાન હોય છે અને જે વડે અન્ય જીવોને એ પદોના અર્થનું જ્ઞાન થાય એવો શ્રી તીર્થંકર કેવળીનો દિવ્યધ્વનિ દ્વારા ઉપદેશ થાય છે. તે અનુસાર શ્રી ગણધરદેવ અંગ-પ્રકીર્ણકરૂપ ગ્રંથરચના કરે છે. જીવ-અજીવાદિ પદાર્થોનું યથાર્થ જ્ઞાન થાય એવો ભગવાનનો દિવ્યધ્વનિ દ્વારા ઉપદેશ હોય છે. પદોમાં જ્ઞાન નથી તેમ જ પદો કાંઈ કહેતા નથી પણ પદો અને અર્થોનું જેને જ્ઞાન વર્તે છે એવા નિમિત્તરૂપે જે સર્વજ્ઞ તેમની વાણી દ્વારા જીવો સમજે છે. જીવોના પુણ્યના ઉદયે દિવ્યધ્વનિનો યોગ હોય છે. તે ઉપદેશ અનુસાર ગણધરદેવ શાસ્ત્રો રચે છે.

''વળી તદનુસાર અન્ય આચાર્યાદિક પણ નાના પ્રકારે ગ્રંથાદિકની રચના કરે છે.''

અહીં તદનુસાર એટલે ગણધરે રચેલાં શાસ્ત્રો અનુસાર રચેલાં શાસ્ત્રો જ પ્રમાણ છે, બીજા પ્રમાણ નથી -એમ સિદ્ધ થયું. એવાં શાસ્ત્રોને કોઈ અભ્યાસે છે, કોઈ કહે છે તથા કોઈ સાંભળે છે -એમ ત્રણ વાત લીધી છે. જાતે ભણે છે, ઉપદેશે છે અને સાંભળે છે. આ ત્રણે પ્રકારની પરંપરા ચાલી આવી છે, તૂટી નથી. એટલે એને અભ્યાસ કરનારા, કહેનારા અને સાંભળનારાની પરંપરા તૂટી નથી. સાંભળનારા પણ ચાલ્યા આવે છે -અનાદિથી ચાલ્યું આવે છે એવી સામાન્ય વાત કરી. હવે વિશેષ વાત કરે છે કે :-

''હવે, આ ભરતક્ષેત્રમાં વર્તમાન અવસર્પિણી કાળ ચાલે છે.''

સર્પના મોઢાથી પૂંછડીનો ભાગ ઊતરતો હોય છે, તેમ ઊતરતા કાળને અવસર્પિણી કાળ કહે છે. અને પૂંછડીથી ઉપર જતાં ચડતો ભાગ હોય છે તેમ ચડતા કાળને ઉત્સર્પિણી કહે છે. અત્યારે અવસર્પિણી કાળ ચાલે છે.

તેમાં ચોવીસ તીર્થંકર થયા. તેમાં વર્દ્ધમાન નામના અંતિમ તીર્થંકરદેવ થયા, જેઓ કેવળજ્ઞાન બિરાજમાન થઈ અન્ય જીવોને દિવ્યધ્વનિ દ્વારા ઉપદેશ દેવા લાગ્યા. અહીં ઉપદેશ દેવા લાગ્યા તે નિમિત્તનું કથન છે. તે સાંભળવાનું નિમિત્ત પામીને એટલે પોતાની નૈમિત્તિક પર્યાયને લાયક થયા ત્યારે નિમિત્ત પામીને ગણધરે અગમ્ય અર્થોને જાણ્યા. બીજા જીવો પોતપોતાના ક્ષયોપશમ પ્રમાણે જાણે છે. ગણધરદેવ તો અગમ્ય અર્થને પણ જાણે છે. અને એમણે, ધર્માનુરાગ હોવાથી, અંગ-પ્રકીર્ણકની રચના કરી. વળી શ્રી વર્દ્ધમાન સ્વામીના મોક્ષગમન પછી આ પંચમકાળમાં ગૌતમ, સુધર્મ અને જંબુસ્વામી નામના ત્રણ કેવળી થયા. તે પછી કાળદોષથી કેવળજ્ઞાની હોવાનો અભાવ થયો. કેવળજ્ઞાન કેમ નથી ? કે જીવોમાં લાયકાત રહી નહિ; માટે કેવળજ્ઞાન નથી. કાળના કારણે નથી -એમ નથી. કેમ કે મહાવિદેહમાંથી મુનિને કોઈ દેવ ઉપાડીને અહીં મૂકે તો તેનો મોક્ષ થાય છે, એને કાળ કે ક્ષેત્ર નડતું નથી. પણ જીવો કેવળજ્ઞાનને લાયક ન રહ્યા ત્યારે કાળને કારણે



કેવળજ્ઞાન નથી એમ કહેવાય. ત્યાર પછી કેટલાક કાળ સુધી દ્વાદશાંગના પાઠી શ્રુતકેવળી રહ્યા, ત્યાર પછી કેટલાક કાળ સુધી થોડાં અંગોના પાઠી રહ્યા. તેઓએ એમ જાણ્યું કે ભવિષ્યકાળમાં અમારા જેવા પણ જ્ઞાની રહેશે નહિ. એમ જાણી તેમણે ગ્રંથ રચના કરી અને દ્વાદશાંગ અનુકૂળ એટલે ગણધરદેવે રચેલાં શાસ્ત્રોને અનુકૂળ પ્રથમાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ અને દ્રવ્યાનુયોગના અનેક ગ્રંથો રચ્યા; તેમનો પણ અભાવ થયો. ત્યાર પછી તે ગ્રંથો અનુસાર અન્ય આચાર્યોએ રચેલા ગ્રંથ અથવા એ ગ્રંથના અનુસાર રચેલાં ગ્રંથની જ પ્રવૃત્તિ રહી. તેમાં પણ કાળદોષથી કેટલાક ગ્રંથનો દુષ્ટ પુરુષો દ્વારા નાશ થયો, અથવા મહાન ગ્રંથોનો અભ્યાસાદિ ન થવાથી પણ નાશ થયો. વળી કેટલાક મહાન ગ્રંથો જોવામાં આવે છે પણ બુદ્ધિની મંદતાથી આજે તેનો અભ્યાસ થતો નથી. જેમ દક્ષિણમાં ગોમ્મટસ્વામીની પાસે મુડબિદ્રી નગરમાં શ્રી ધવલ, મહાધવલ, જયધવલ ગ્રંથો હાલ છે. જુઓ, અત્યારે તે ગ્રંથો બહાર આવી ગયા છે અને અહીં બિરાજમાન થયા છે. બાર અંગને અનુસારે આ ધવલાદિ શાસ્ત્રો છે. વળી કેટલાક ગ્રંથો પોતાની બુદ્ધિ વડે અભ્યાસ કરવા યોગ્ય છે. તેમાં પણ થોડા જ ગ્રંથોનો અભ્યાસ આજે બને છે. એવા આ નિકૃષ્ટકાળમાં ઉત્કૃષ્ટ જૈનમતનું ઘટવું થયું. વીતરાગમાર્ગનો ઘટાડો થયો છે પણ અભાવ થયો નથી. પરંપરા દ્વારા આજે પણ જૈનશાસ્ત્રોમાં સત્ય અર્થના પ્રકાશક પદોનો સદ્‌ભાવ પ્રવર્તે છે, સાચા અર્થોને પ્રકાશે એવા પદોનો અભાવ થયો નથી. સાચા દેવાદિને જણાવનારા, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવનારાં સાચા શાસ્ત્રો અત્યારે પણ પ્રવર્તે છે.

## આસો વદ ૧, શનિવાર, ૪-૧૦-૫૨.

આજે સવારે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનો સ્વાધ્યાય થયો હતો.

## આસો વદ ૨, રવિવાર, ૫-૧૦-૫૨.

કોઈ પણ માર્ગે જવું હોય તો પ્રકાશમાં જવાય છે, એમ આ શાસ્ત્ર મોક્ષમાર્ગે જવાવાળાને પ્રકાશરૂપ છે. આ ગ્રંથ પ્રમાણભૂત કેમ છે ? તે વાત કહે છે.

આ મોક્ષમાર્ગ પ્રકાશકમાં સર્વજ્ઞે કહેલું છે તેની પરંપરા છે. સર્વજ્ઞે કહેલી વાણી અનુસારે ગણધર-આચાર્ય આદિએ ગ્રંથો રચ્યા અને એને અનુસાર અત્યારે પણ જૈનશાસ્ત્રમાં સત્ય અર્થના પ્રકાશક પદોનો સદ્‌ભાવ વર્તે છે.

આ કાળમાં હું મનુષ્યપર્યાય પામ્યો ત્યાં મારા પૂર્વ સંસ્કારથી અથવા કોઈ ભલું થવા યોગ્ય હશે તેથી મારો જૈનશાસ્ત્રમાં અભ્યાસ કરવાનો ઉદ્યમ થયો. જુઓ, પંડિતજીએ બે કારણો મૂક્યાં છે, એક તો પૂર્વના સંસ્કારની વાત કરી અને બીજું ભવિષ્યમાં ભલું થવાનું છે એમ કહેલ છે. આ ભૂત-ભવિષ્યની સંધિ તો વર્તમાનમાં કરે છે. વર્તમાનમાં પુરુષાર્થ ન કરે તો ભૂતકાળ અને

ભવિષ્યકાળની સંધિ થતી નથી. અહીં પંડિતજી કહે છે કે મારું ભવિષ્યમાં ભલું થવાનું છે માટે મારો પુરુષાર્થ આ જૈન શાસ્ત્રોને જાણવાનો થયો છે. હવે એમાં કયા કયા શાસ્ત્રો નિમિત્ત થયા છે તે વાત કરે છે. મારા સમ્યગ્જ્ઞાનમાં શ્રી સમયસારાદિ ગ્રંથો નિમિત્ત છે, તે કહે છે.

જેથી વ્યાકરણ, ન્યાય, ગણિત આદિ ઉપયોગી ગ્રંથોનો કિંચિત્ અભ્યાસ કરી ટીકા સહિત શ્રી સમયસાર, પંચાસ્તિકાય, પ્રવચનસાર, નિયમસાર - આ ચાર અધ્યાત્મગ્રંથો છે. અને ગોમ્મટસાર, લબ્ધિસાર, ત્રિલોકસાર, તત્ત્વાર્થસૂત્ર, ક્ષપણાસાર, પુરુષાર્થસિદ્ધિઉપાય, અષ્ટપાહુડ અને આત્માનુ-શાસનાદિ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે -એમ કહીને તે શાસ્ત્રોનું બહુમાન કરે છે.

અત્યારે તો જેના નિમિત્તે સમજવાનું મળ્યું તેનું નામ પણ આપે નહિ. પોતાના જ્ઞાનમાં જે શાસ્ત્રનું નિમિત્ત થયું એને જાહેરાત કરવાની નૈતિક હિંમત પણ ન હોય એવા જીવને આત્માનું ભાન થાય નહિ. કષાયની મંદતાના ભાવમાં સત્ દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન ન થાય તેને અકષાયભાવ થતો નથી. અહીં તો પંડિતજી વર્તમાનમાં પોતાને જે શાસ્ત્રો મળ્યા છે તેની વાત કરે છે. નિયમસારશાસ્ત્ર પણ ટીકા સહિત વાંચ્યું છે, અને પૂર્વના સંસ્કારની પણ વાત કરી છે. અને આ સર્વજ્ઞને અનુસાર જે શાસ્ત્રો છે એનો મને અભ્યાસ છે.

અહીં તો પંડિતજીએ શ્રી કુંદકુંદાચાર્યના શ્રી સમયસારાદિ ગ્રંથોનો ટીકા સહિત મુખ્ય અભ્યાસ કર્યો છે. શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય - એ ચાર ગ્રંથો આપણે અહીં હમણાં વંચાઈ ગયા છે. ગોમ્મટસારની ટીકા તો એમણે કરી છે. આત્મામાં લબ્ધિ (પ્રાપ્તિ) કેમ થાય એનું વર્ણન લબ્ધિસારમાં છે, ત્રણ લોકનું વર્ણન ત્રિલોકસારમાં છે. શ્રી કુંદકુંદસ્વામીના શિષ્ય ઉમાસ્વામી હતા. તેમનું બનાવેલ તત્ત્વાર્થસૂત્ર છે. આત્માનુશાસન ગુણભદ્રાચાર્યે બનાવ્યું છે. આ બધા શાસ્ત્રો જ્ઞાનમાં નિમિત્ત છે. પહેલાં સમુચ્ચયે શાસ્ત્રોને વંદન કર્યું હતું. અહીં તે શાસ્ત્રોના નામ આપ્યા છે.

ચરણાનુયોગના શાસ્ત્રોનો પણ અભ્યાસ કર્યો છે. શ્રાવક-મુનિના આચારોના શાસ્ત્રોનો અભ્યાસ પણ મારી બુદ્ધિ અનુસાર વર્તે છે. સાચા શાસ્ત્રોના સાચા પદોનું મને કિંચિત્ જ્ઞાન થયું છે એમ કહે છે. ચામડાં ઉતારીને જોડા કરીએ તો પણ ઉપકાર ન વાળી શકાય એવો ઉપકાર ગુરુ આદિનો હોય છે, એને બદલે તેમના ઉપકારને ઓળવે તે તો અનંત સંસારી છે. કોની પાસે સાંભળવું એનો પણ જેને વિવેક નથી તે આત્માને સમજવા માટે લાયક નથી-પાત્ર નથી. જેને લૌકિક ન્યાય-નીતિના પણ ઠેકાણાં નથી એવા જીવો શાસ્ત્રોનું વાંચન કરે અને એને જે સાંભળવા જાય તે સાંભળનાર પણ પાત્ર નથી.

કોઈ કહે કે જ્ઞાન તો પોતાથી થાય છે, નિમિત્તથી જ્ઞાન થતું નથી તો પછી શાસ્ત્રનું નિમિત્ત શા માટે કહો છો ? એમ કહેનારા પણ છે. શાસ્ત્રો વાંચીને કહે છે કે હું આમ કહું છું, કોઈ



શાસ્ત્રનું નામ આપે નહિ, એ પાત્ર જીવ નથી. અહીં તો પંડિતજી કહે છે કે શાસ્ત્રો અગાધ છે, એટલું જ્ઞાન તો મારું નથી પણ એમાંથી કિંચિત્ સત્ય પદોનું જ્ઞાન થયું છે.

હવે આ ગ્રંથ રચવાનું કારણ કહે છે. વળી આ નિકૃષ્ટકાળમાં મારા જેવા મંદ બુદ્ધિવાન કરતાં પણ હીન બુદ્ધિના ધારક ઘણાં મનુષ્યો જોવામાં આવે છે. અહીં 'મારા જેવા મંદ બુદ્ધિવાન' કહીને પોતે નમ્રતા બતાવે છે અને વર્તમાન પોતાની પર્યાયની કબૂલાત પણ કરતાં જાય છે. મારા કરતાં પણ ઓછી બુદ્ધિવાળા જીવો જોવામાં આવે છે. તેઓને એ પદોના અર્થનું જ્ઞાન થવા માટે ધર્માનુરાગવશ દેશભાષામય ગ્રંથ કરવાની મને ઈચ્છા થઈ તેથી હું આ ગ્રંથ બનાવું છું. શાસ્ત્રો પરંપરાએ ચાલ્યા આવે છે તેનું જ્ઞાન થવા માટે ધર્માનુરાગવશ ઈચ્છા થઈ છે. જગતના જીવો આ સમજે તો સારું એવો મને વિકલ્પ ઊઠ્યો છે. તેથી ચાલતી ભાષામાં આ ગ્રંથ રચવાની ઈચ્છા થઈ માટે બનાવું છું.

તેમાં પણ અર્થ સહિત એ જ પદોનું પ્રકાશન છે, મારા ઘરનું નથી. ''ત્યાં આટલી વિશેષતા છે. જેમ પ્રાકૃત-સંસ્કૃત શાસ્ત્રોમાં પ્રાકૃત-સંસ્કૃત પદો લખવામાં આવે છે તેમ અહીં અપભ્રંશપૂર્વક અથવા યથાર્થપણાપૂર્વક દેશભાષારૂપ પદો લખવામાં આવે છે પરંતુ તેના અર્થમાં કાંઈ પણ વ્યભિચાર નથી.''

જે પદોને હું સમજ્યો છું, તે પદો ચાલતી ભાષામાં હોવા છતાં પણ યથાર્થપણાપૂર્વક લખવામાં આવે છે અને કદાચ કોઈ પદો અપભ્રંશપૂર્વક પણ આવશે પરંતુ તેના અર્થમાં કાંઈ પણ વ્યભિચાર નથી એમ કહીને આ ગ્રંથની પ્રમાણતાની જાહેરાત કરી છે. આમ કહીને આ ગ્રંથ સુધી પરંપરા કેમ રહી તે વાત કહી છે. એ પ્રમાણે આ ગ્રંથ સુધી એ જ સત્યાર્થ પદોની પરંપરા પ્રવર્તે છે. ગૃહસ્થાશ્રમમાં રહેલાં હોવા છતાં પણ ગ્રંથની રચના અદ્દભૂત કરી છે.

**પ્રશ્ન** : એ પ્રમાણે પરંપરા તો અમે જાણી પરંતુ તે પરંપરામાં સત્યાર્થ પદોની રચના થતી આવી છે અને અસત્યાર્થ પદ નથી મેળવ્યા એવી પ્રતીતિ અમને કેવી રીતે થાય ? આ પરંપરામાં બધું સાચું જ છે એમ અમને કેવી રીતે ખાતરી થાય ?

**ઉત્તર** : અતિ તીવ્ર કષાય થયા વિના અસત્યાર્થ પદોની રચના બને નહિ. તીવ્ર કષાય એટલે મિથ્યાત્વ-ઊંધો અભિપ્રાય થયા વિના ખોટાં શાસ્ત્રો લખવાની બુદ્ધિ થાય નહિ. અમુક રાગ વખતે અમુક નિમિત્ત હોય છે. તે પ્રકારનો રાગ ન હોય તો તેવું નિમિત્ત ન હોય. તેને ન રાખતાં વીતરાગની પરંપરા તોડીને અસત્ય રચના વડે પરંપરાથી અનેક જીવોનું મહા બુરું થાય છે. એક ન્યાય પણ ફરે તો મહા બુરું થાય. અને પોતાને પણ એવા મહા હિંસાના ફળ વડે નરક-નિગોદમાં ગમન કરવું થાય. પોતાના આત્માનો સ્વભાવ જે રીતે છે એ રીતે ન માને પણ બીજી રીતે માને અને મનાવે તે જ મહા હિંસા છે અને તેથી નરક-નિગોદમાં જવું થાય છે. આમાં ચીભડાંના ચોરને

ફાંસીની સજા નથી, યથાર્થ છે. જેવો દોષ કરે છે એવું ફળ પામે છે. વીતરાગની પરંપરાને તોડે છે અને વિરોધતાની પુષ્ટિ કરે છે, તે મિથ્યાત્વની પરંપરા ચલાવે છે. મિથ્યાદષ્ટિને વંદન કરે છે તે પણ મિથ્યાદષ્ટિ છે.

અસત્ય રચનારૂપ મહાવિપરીત કાર્ય તો ક્રોધ-માન-માયા-લોભની અત્યંત તીવ્રતા થતાં જ થાય છે. જ્યારે ક્રોધ-માન-માયા-લોભની અતિ તીવ્રતા થાય ત્યારે જ ખોટાં પદો નાંખવાનું કાર્ય થાય છે. હવે જૈનધર્મમાં તો એવો મિથ્યાત્વ સહિત કોઈ જીવ થતો નથી. કેમ થતો નથી ? તે કહે છેઃ-

''પ્રથમ મૂળ ઉપદેશ દાતા શ્રી તીર્થંકર કેવળી થયા તે તો મોહના સર્વથા નાશથી સર્વ કષાયથી રહિત જ છે. વળી ગ્રંથકર્તા ગણધર વા આચાર્ય છે, તેઓ ચારિત્રમોહના મંદ ઉદયથી સર્વ બાહ્ય-અભ્યંતર પરિગ્રહ છોડી મહામંદ કષાયી થયા છે, તેમનામાં એ મંદ કષાય વડે કિંચિત્ શુભોપયોગની પ્રવૃત્તિ હોય છે, અન્ય કાંઈ પ્રયોજન નથી.

પ્રથમ તો સર્વજ્ઞને કષાય ન હોય. પછી ગણધર, આચાર્યો નિર્ગ્રંથ મુનિઓ હતા, એમને પણ મંદ કષાય હતો. અને ત્રીજી વાત ગૃહસ્થની છે, તેમને પણ તીવ્ર કષાય હોતો નથી. માટે તે અસત્ય પદોની રચના કરતા નથી. વ્યવહારથી લાભ થાય, નિમિત્તથી લાભ થાય એમ જેની માન્યતા હોય એ તીવ્ર કષાયી છે. પણ જેને આત્મા ઉપર દષ્ટિ છે એને તીવ્ર કષાય થતો નથી. તીવ્ર કષાય તો મિથ્યાત્વ છે. તેથી જો એ તીવ્ર કષાય આવે તો સર્વ પ્રકારથી કષાયને નાશ કરવાવાળો વીતરાગી ધર્મ છે તેમાં તેને રુચિ ક્યાંથી રહે ? માટે વીતરાગની રુચિવાળાને તીવ્ર કષાય થતો નથી. કદાચ કષાય હોય તો બીજો કષાય હોય છે - રાગદ્વેષ વિષયનો કષાય હોય છે તે ચારિત્ર દોષ છે. પણ જો વીતરાગની આજ્ઞાનો ભંગ કરે તો તેનામાં જૈનીપણું જ રહેતું નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની એક પણ આજ્ઞાનો ભંગ કરે અને પોતાની પરંપરા ચલાવે તો તે તીવ્ર કષાયી હોવાથી એનામાં જૈનપણું જ રહેતું નથી.

આ પ્રમાણે જૈનધર્મમાં એવો તીવ્ર કષાયી કોઈ થતો નથી કે જે અસત્ય પદોની રચના કરી પરનું અને પોતાનું જન્મોજન્મમાં બૂરું કરે ! વીતરાગધર્મની રુચિવાળો જીવ તીવ્ર કષાયી થતો નથી અને તેથી ખોટાં પદોની રચના વડે પરનું અને પોતાનું બૂરું કરે નહિ. જે અસત્ય પદોને મેળવે છે તે સાચા ધર્મની પ્રણાલિકામાં આવે નહિ.

### આસો વદ ૩, સોમવાર, ૬-૧૦-૫૨.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. એનું જેને જ્ઞાન થાય, તેને યથાર્થ જાણનારાની પણ પ્રતીત બરાબર થવી જોઈએ અને એવા શાસ્ત્રોની પરંપરા ક્યાં છે તેનું પણ જ્ઞાન પ્રથમ થવું જોઈએ. સંસારની રુચિવાળો જીવ સંસારનું પ્રયોજનભૂત બધું જ્ઞાન કરે છે-ત્યાં પણ જાણ્યા વિના કરતો



નથી. તો પછી આ અપૂર્વ મોક્ષમાર્ગ જાણ્યા વિના થઈ જાય એમ બને નહિ. વેપારમાં ઘણો ખ્યાલ રાખે છે છતાં ત્યાં તો પુણ્ય પ્રમાણે મળે છે. ખ્યાલ રાખે તો સંસારના કામ સારા થાય એમ નથી. પણ અહીં મોક્ષમાર્ગ પ્રકાશકનું યથાર્થ જ્ઞાન કરે તો તેને સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ. અહીં વિષય એ ચાલે છે કે જૈનઆજ્ઞાથી વિરૂદ્ધ પરંપરા ચલાવે તો તેનું બૂરું થયા વિના રહે નહિ.

જિનઆજ્ઞાના નામે પોતે સાધુ ન હોય છતાં સાધુ મનાવે અને ઊંધી પ્રરૂપણા ચલાવે તેને જૈનીપણું જ રહેતું નથી. કુદેવાદિની પરંપરા સાચા જૈનધર્મમાં ચલાવી શકે નહિ ત્યાં સુધી આવ્યું છે.

**પ્રશ્ન** : પણ કોઈ જૈનાભાસ તીવ્ર કષાયી હોય તે અસત્યાર્થ પદોને જૈનશાસ્ત્રમાં મેળવે અને પછી તેની પરંપરા ચાલી જાય તો શું કરવું ? એટલે કે : અંગનું નામ રાખીને તેમાં અસત્યાર્થ પદો મેળવીને પરંપરા ચલાવે એનું શું કરવું ?

**ઉત્તર** : જેમ સાચા મોતીના હારમાં ખોટાં મોતી નાંખી દીધા હોય તો તે ચાલે નહિ, પારખું પરીક્ષા કરીને કાઢી નાંખે છે. કેમ કે તેની ઝળક મળતી આવતી નથી. માટે પારખું હોય તે તો ઠગાય નહિ. કોઈ ભોળો હોય તો મોતીના નામથી ઠગાય, ભોળો એટલે મૂર્ખો હોય તો ઠગાય પણ સાચામાં ખોટું ચાલે નહિ.

તેમ કોઈ સત્યાર્થ પદોના સમૂહરૂપ જૈનશાસ્ત્રોમાં અસત્યાર્થ પદો મેળવે તો તે ચાલે નહિ. જૈન-શાસ્ત્રોના પદોમાં તો કષાય મટાડવાનું અથવા લૌકિક કાર્ય ઘટાડવાનું પ્રયોજન છે. આ શાસ્ત્રોનું લક્ષણ છે. જેનાથી કષાય વધે કે લૌકિક પ્રયોજન સધાય તે જૈનશાસ્ત્રો નથી. માટે જ્ઞાની એનાથી ઠગાતો નથી. અસત્યાર્થ પદોમાં તો રાગ વધવાની અને લૌકિક પ્રયોજન સાધવાની વાત હોય છે. એમ પરીક્ષા કરતાં જ્ઞાની ઠગાતો નથી. ખોટાં શાસ્ત્રોમાં આવે કે કેવળજ્ઞાની સમુદ્ઘાત થયા પછી પાટપાટલા પાછા સોંપે છે. પણ કેવળીને વિકલ્પ ન હોય અને એવી ભાષા પણ ન હોય. પન્નવણામાં આવો અધિકાર છે. જૈનશાસ્ત્રોમાં લડાઈ કરવાની વાતનું અનુમોદન ન હોય. દ્રૌપદીને પાંચ પતિ હોય એવી વાત હોય નહિ. સ્ત્રીને મોક્ષ ઠરાવ્યો છે, નીચા પદમાં ઊંચું પદ ઠરાવ્યું છે. વસ્ત્ર-પાત્રવાળાને મુનિપદ ઠરાવ્યું. લોકો સુગમ ક્રિયાને ઊંચી માને એટલા માટે લૌકિક માર્ગ ચલાવ્યો. આવા અસત્યાર્થ પદો નાંખીને જે શાસ્ત્રો રચાયા છે તે ખોટાં છે. કષાયના પોષણની પરંપરા જેમાં ચાલે છે તે જૈની કહેવાતાં નથી. ખોટો રૂપિયો શાહુકારની દુકાનમાં આવે તો તેને ઉંબરામાં ચોડી દે છે. એમ જૈનધર્મમાં ખોટી પ્રરૂપણા આગળ ચાલી શકે નહિ. પાપીઓએ અસત્યાર્થ પદો મેળવીને શાસ્ત્રો બનાવ્યા છે તે સાચો માર્ગ નથી. સાચા અને ખોટાનું પ્રયોજન મળતું આવતું નથી. તેથી જ્ઞાની ઠગાતો નથી પણ મૂર્ખ હોય તે જૈનશાસ્ત્રોના નામથી ઠગાય છે.

ભગવાનને દીક્ષા લેવાનો ભાવ થયો અને બાર મહિના સુધી દાન દેવા માટે રોકાયા એમ માનવું તે લૌકિક કાર્ય છે. મા-બાપ કાળ ન કરે ત્યાં સુધી દીક્ષા ન લેવી એ બધી ભગવાનના નામે લૌકિક કાર્યની વાત કરી છે. જૈનમાં એવું હોય નહિ. વીતરાગતા વધે અને કષાય ઘટે એવું પ્રયોજન જેમાં હોય તે જૈનશાસ્ત્ર છે. આ વાતની જેને પરીક્ષા કરતાં આવડતી નથી તેને ધર્મ થઈ જાય એમ બને નહિ.

સતી દ્રૌપદીને પાંચ પતિ કહેવા, ભગવાનને બે બાપ કહેવા, આ બધી જૂઠી વાતો છે. વળી એવા તીવ્ર કષાયી જૈનાભાસી અહીં આવા નિકૃષ્ટ કાળમાં જ હોય છે. પણ ઉત્કૃષ્ટ ક્ષેત્ર કે ઉત્કૃષ્ટ કાળ ઘણાં છે તેમાં તો એવા હોતાં જ નથી. સારા કાળમાં અને ક્ષેત્રમાં એક દિગંબર ધર્મ સિવાય બીજો ધર્મ હોતો નથી. અત્યારે મહાવિદેહક્ષેત્રમાં કુલિંગ નહિ, કુશાસ્ત્ર નહિ, મઠ-મંદિરો વગેરે કાંઈ હોતું નથી. એક વીતરાગમાર્ગ સિવાય અન્ય કાંઈ નહિ. અંદરમાં ઊંધી માન્યતાવાળા હોય પણ બહારમાં કુલિંગ વગેરે ન હોય. અહીં પણ સારા કાળમાં કુલિંગાદિ હોતાં નથી. એમ સાચા માર્ગમાં જૂઠા માર્ગની પરંપરા ચાલતી નથી એવો નિર્ણય કરવો. હવે પ્રશ્ન થાય છે :-

**પ્રશ્ન** : કષાયભાવથી અસત્યાર્થ પદ ન મેળવે પરંતુ ગ્રંથકર્તાને પોતાના ક્ષયોપશમ જ્ઞાનમાં પદાર્થનો કોઈ અન્યથા અર્થ ભાસવાથી અસત્યાર્થ પદ મેળવે તેની તો પરંપરા ચાલે ? એટલે કે ગ્રંથકારને જ્ઞાન ઓછું હોય તે કારણે ભૂલ થઈ જાય અને ખોટી પરંપરા ચાલે તો ?

**ઉત્તર** : મૂળ ગ્રંથકર્તા ગણધરદેવ તો પોતે ચાર જ્ઞાનના ધારક છે. તથા સાક્ષાત્ કેવળીનો દિવ્યધ્વનિ ઉપદેશ સાંભળે છે. જેના અતિશય વડે અને પોતાની યોગ્યતાને કારણે તેમને સત્યાર્થ જ ભાસે છે. તે અનુસાર તેઓ ગ્રંથની રચના કરે છે ને શાસ્ત્રો રચવામાં ગણધર ભગવાનની ભૂલ થાય નહિ. શ્વેતાંબર શાસ્ત્રોમાં આવે છે કે ગણધરની આણંદ શ્રાવક પાસે ભૂલ થઈ -તે વાત ખોટી છે. ચાર જ્ઞાનના ધણી છે તેની ભૂલ થતી નથી. એમણે પ્રથમ ગ્રંથો રચ્યા છે. હવે એ ગ્રંથોમાં તો અસત્યાર્થ પદોની રચના થાય નહિ. તથા અન્ય આચાર્યાદિક ગ્રંથ રચના કરે છે તેઓ પણ યથાયોગ્ય સમ્યગ્જ્ઞાનના ધારક છે. ગણધરદેવને સર્વજ્ઞના દિવ્યધ્વનિનું નિમિત્ત છે અને પોતે ચાર જ્ઞાનના ધારક છે. ને આચાર્યો આદિ સમ્યગ્જ્ઞાનના ધારક છે. એટલે એ પણ અસત્યાર્થ રચના કરતા નથી. નિયમસારના ટીકાકાર શ્રી પદ્મપ્રભમલધારિદેવ મુનિ હતા, સમ્યગ્જ્ઞાની હતા. તેથી તેમણે જે રચના કરી છે તે યથાર્થ છે એમ આ ઉપરથી નક્કી થાય છે. કોઈ કહે છે કે પદ્મપ્રભમલધારિદેવે ઘરનું નાખ્યું છે તો તે વાત ખોટી છે. તે જ્ઞાની બરાબર પરીક્ષા કરે છે. અને જ્ઞાની ખોટાં પદો રચતા નથી કેમ કે તેમને સમ્યગ્જ્ઞાન હોય છે. નિયમસારની ટીકાને અત્યારે કોઈ કોઈ દિગંબર સંપ્રદાયના પંડિત પણ ખોટી કહે છે. તે આ વાતને સમજ્યા નથી. એમ માનનારને સાચી પ્રતીતિ નથી. સત્ય સમજતાં અકલ્યાણ થાય નહિ. બહારનો યોગ તો એના કારણે થાય છે -એમ સમજવું જોઈએ.



હવે પ્રથમ તો એવી સાવધાનતામાં અસત્યાર્થ પદો ગૂંથ્યા જાય નહિ તથાપિ કદાચિત્ પોતાને પૂર્વ ગ્રંથોના પદોનો અર્થ અન્યથા જ ભાસે અને પોતાની પ્રમાણતામાં પણ તે જ પ્રમાણે બેસી જાય તો એનું કાંઈ મહત્વ નથી. કોઈ સાધારણ વાતમાં ક્ષયોપશમના કારણે કદાચ એવું બેસી જાય તો તેનું કાંઈ મહત્વ નથી. પણ એવું તો કોઈકને જ થાય છે. માટે જેને સત્યાર્થ ભાસ્યો હોય તે તેનો નિષેધ કરે છે અને પરંપરા ચાલવા દેતો નથી.

આમાં આટલું વિશેષ જાણવું કે જેને અન્યથા જાણવાથી જીવનું બુરું થાય એવા દેવ-ગુરુ-શાસ્ત્રાદિક તથા જીવાદિક તત્ત્વોને તો શ્રદ્ધાળુ જૈન અન્યથા જાણે જ નહિ. એનું તો જૈન આગમમાં પ્રસિદ્ધ કથન છે.

આત્માનું બુરું થાય એવા દેવ-ગુરુ-શાસ્ત્ર અને જીવાદિ તત્ત્વોમાં તો ભૂલ થાય નહિ. નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં, નિશ્ચય-વ્યવહારમાં અને છ દ્રવ્યો આદિમાં ભૂલ થાય નહિ. અને જેને ભ્રમથી અન્યથા જાણવા છતાં પણ તેને જિનની આજ્ઞા માનવાથી જીવનું બુરું ન થાય. એવા કોઈ સૂક્ષ્મ અર્થમાં કોઈને કાંઈ અર્થ અન્યથા પ્રમાણમાં લાવે તો તેનો વિશેષ દોષ નથી. સાધારણ દોષ આવી જાય તો એ તો ક્ષયોપશમનો દોષ છે. માટે શ્રી ગોમ્મટસારમાં પણ કહ્યું છે કે :-

**सम्माइट्ठी जीवो उवइट्ठं पवयणं तु सद्दहदि ।**
**सद्दहदि असब्भावं अजाणमाणो गुरुणियोगा ॥ २७ ॥**

**અર્થ** : સમ્યગ્દૃષ્ટિ જીવ ઉપદેશિત સત્ય પ્રવચનને શ્રદ્ધાન કહે છે. તથા અજાણમાન ગુરુના યોગથી અસત્યને પણ શ્રદ્ધા છે. કોઈ શિષ્યના ખ્યાલમાં ગુરુને ક્ષયોપશમ જ્ઞાનના કારણે કોઈ એવી સાધારણ વાતમાં ભૂલ થઈ જાય તો એમાં કાંઈ મૂળ દોષ નથી.

પંડિતજી કહે છે કે :- ''મને પણ વિશેષ જ્ઞાન નથી તથા જિનઆજ્ઞા ભંગ કરવાનો ઘણો ભય છે. એક પણ પ્રયોજનભૂત ભૂલ ન થાય એનો મને ઘણો ભય છે અને એ જ વિચારના બળથી આ ગ્રંથ રચવાનું સાહસ કરું છું. હીન બુદ્ધિવાળા જીવો સમજે એ આશયથી હું આ સાહસ કરું છું. તેથી આ ગ્રથમાં જેવું પૂર્વ ગ્રંથોમાં વર્ણન છે તેવું જ વર્ણન કરીશ. મારા ઘરનું કાંઈ નાખીશ નહિ. પૂર્વે આચાર્યો થઈ ગયા. તેમણે કહ્યા પ્રમાણે હું આ ગ્રંથમાં વર્ણન કરીશ. અથવા કોઈ ઠેકાણે પૂર્વ ગ્રંથોમાં સામાન્ય ગૂઢ વર્ણન છે તેનો વિશેષ ભાવ પ્રગટ કરી અહીં વર્ણન કરીશ. સામાન્યપણે છે એને વિશેષપણે કહીશ.'' આમ કહીને આ ગ્રંથની પ્રમાણતા સિદ્ધ કરે છે. ઓટલો મજબૂત કરે છે. ''એ પ્રમાણે વર્ણન કરવામાં હું ઘણી સાવધાની રાખીશ'' એમ કહીને પ્રમાણતા બતાવે છે. તેમ છતાં કોઈ ઠેકાણે સૂક્ષ્મ અર્થનું અન્યથા વર્ણન થઈ જાય તો બુદ્ધિમાન હોય તેઓ તેને બરાબર કરી શુદ્ધ કરશે. કોઈ ન્યાય, વ્યાકરણની ભૂલ હોય તો ભૂલ સુધારશો. એવી પરંપરા

આગળથી ચાલી આવે છે. કુંદકુંદાચાર્ય પણ શ્રી સમયસારમાં શરૂઆત કરતાં કહે છે કે કોઈ ભૂલ થાય તો દોષ ગ્રહણ કરશો નહિ. એમ અહીં પંડિતજી કહે છે કે ભૂલ થાય તો સુધારશો - એવી મારી પ્રાર્થના છે. એ પ્રમાણે આ શાસ્ત્ર રચવાનો નિર્ણય કર્યો છે.

હવે કેવા શાસ્ત્ર વાંચવા, સાંભળવા યોગ્ય છે તથા તે શાસ્ત્રના વક્તા-શ્રોતા કેવા જોઈએ તે કહેશે.

## આસો વદ ૪, મંગળવાર, ૭-૧૦-૫૨.

જેને સંસારમાર્ગમાંથી છૂટીને મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવો હોય તેને માટે આ વાત છે. સંસાર છે તે દુઃખરૂપ છે ''તેને ટાળવો છે'' -એવી રુચિ પ્રથમ થવી જોઈએ. પણ દુઃખ અને પરાધીનતાને જ સુખ માનીને બેસી ગયા હોય તેને આ મોક્ષમાર્ગની વાત સાંભળવાની રુચિ થતી નથી.

આત્મા છે, તેનો નિર્ણય કરવો જોઈએ; આત્મા છે, તો તે પરાધીન તત્ત્વ ન હોય; તે સ્વતંત્ર તત્ત્વ છે. એને જાણવા માટે શાસ્ત્રો કેવા વાંચવા ? -એ વાત કરે છે. આત્મા ને દેહ એક હોય તો શરીર જાડું અને જ્ઞાન ઓછું, અને શરીર પાતળું અને જ્ઞાન વધારે -એમ બને નહિ; માટે શરીર અને આત્મા એક નથી -એમ શરીરથી ભિન્ન આત્મા છે એને પ્રથમ જાણવો જોઈએ. અને તે જાણવા માટે સાચા શાસ્ત્રોનો અભ્યાસ કરવો જોઈએ. પણ સંસારના કામમાંથી નવરો થાય ત્યારે શાસ્ત્રો વાંચે ને ? આત્મા પરથી ભિન્ન છે એવું બતાવે તે શાસ્ત્રો વાંચવા યોગ્ય છે. એ સિવાય સંસારના કામ બતાવે એવાં શાસ્ત્રો વાંચવા યોગ્ય નથી, કારણ કે તે તો અનાદિનો કરતો આવ્યો છે. તે સંસાર પરિભ્રમણનું કારણ થાય છે.

## કેવાં શાસ્ત્ર વાંચવા-સાંભળવા યોગ્ય છે ?

સંસારનું જ્ઞાન હોય કે મોક્ષનું જ્ઞાન હોય તો તે બધું જ્ઞાન આત્માનું છે; પોતાનો ઉઘાડ છે તે કાંઈ શાસ્ત્રોમાંથી આવ્યો નથી. જે આગમ મોક્ષમાર્ગનો પ્રકાશ કરે તે જ આગમ વાંચવા-સાંભળવા યોગ્ય છે. આત્માને મોક્ષમાર્ગમાં નિમિત્ત થાય તે આગમ સાંભળવા યોગ્ય છે. બીજા શાસ્ત્રો સાંભળવા કે વાંચવા યોગ્ય નથી. બીજા શાસ્ત્રો તો પોતાને અને પરને નિમિત્તરૂપે શસ્ત્ર છે, નુકસાન કરવામાં નિમિત્ત થાય છે. સંસારનો ઉઘાડ ઘણો હોય પણ આત્મા છે કે નહિ ? એવો નિર્ણય પણ કર્યો ન હોય તો તે ભણતરનો સરવાળો મીંડું છે. જ્ઞાન કરનાર છે કે નહિ એનું પણ ઠેકાણું નથી એને કાંઈ લાભ થતો નથી.

હવે મોક્ષમાર્ગને પ્રકાશ કરે એવાં શાસ્ત્રો કેમ વાંચવા અને સાંભળવા તેનું કારણ કહે છે - કે સંસારમાં જીવ નાના પ્રકારના દુઃખોથી પીડિત છે. લાખો-કરોડો રૂપિયા હોય પણ શરીર જીર્ણ થઈ જાય, ટી.બી. લાગુ પડ્યો હોય તો તે દુઃખી દુઃખી હોય છે. ટી.બી.ની હોસ્પીટલમાં જુઓ તો જુવાન જુવાન ટી.બી.થી



ઘેરાયેલા નિરાધાર અશરણ દુઃખી દુઃખી હોય છે-દેખાય છે. જુઓ, શરીર અને આત્મા એક હોય તો શરીરમાં રોગ આવે એ કોઈ ઈચ્છતા નથી. રોગ આવવા દે નહિ. પણ શરીર ને આત્મા એક નથી. આમ શરીર પોતાના કહ્યા પ્રમાણે રહેતું નથી એટલે પછી ભગવાનને યાદ કરે. પણ આ ભગવાન આત્મા પોતે છે અને એ જ શરણભૂત છે તે જાણવાને પ્રયાસ કરતો નથી.

એક આઠ વર્ષનો બાળક હતો. તેના ઘરે ડૉક્ટર દરદીને જોવા આવ્યો ત્યારે ડૉક્ટરને તે કહે કે તમો શરીરનો રોગ મટાડો છો ? એ તમારામાં તાકાત હોય તો આ તમારું મોઢું આગળ છે તેને પાછળ કરી દ્યો, હાથ પાછળ કરી દ્યો. ડૉક્ટર કહે તે થાય નહિ. તો નક્કી થયું કે તમારા કારણે શરીરમાંથી રોગ જતો નથી પણ રોગ જવાની યોગ્યતાને કારણે જાય છે. તમારે કારણે થતું નથી. જુઓ, હવે બાળકો પણ આ રીતે તૈયાર થઈ ગયા છે. શરીરને પોતાનું માનીને દુઃખી થઈ રહ્યા છે. હવે તે દુઃખોથી મુક્ત કેમ થવાય ? તે કહે છે.

જો શાસ્ત્રરૂપી દીપક વડે તે મોક્ષમાર્ગને પામે તો તે મોક્ષમાર્ગમાં ગમન કરી એ દુઃખોથી મુક્ત થાય. શાસ્ત્રોરૂપી દીવા વડે મોક્ષમાર્ગ એટલે સમ્યગ્દર્શનાદિને પામે છે. જેમ અંધારામાં દીવો કરે તો આગળ ચાલે એમ સાચા શાસ્ત્રોનો અભ્યાસ કરે તો દુઃખથી મુક્તિ થાય. માટે કેવા શાસ્ત્રો વાંચવા-સાંભળવા તે કહે છે. હવે મોક્ષમાર્ગ તો એક વીતરાગભાવ છે. માટે જે શાસ્ત્રોમાં કોઈ પ્રકારે રાગ-દ્વેષ-મોહ ભાવોનો નિષેધ કરી વીતરાગભાવનું પ્રયોજન પ્રગટ કર્યું હોય તે જ શાસ્ત્રો વાંચવા-સાંભળવા યોગ્ય છે. હજુ કયા ક્યા શાસ્ત્રો વાંચવા-સાંભળવા એની ખબર ન હોય, એ ક્યારે સંસારના દુઃખથી છૂટે ? તેને દુઃખનો અભાવ થાય નહિ. માટે સાચા શાસ્ત્રોનો પહેલાં નિર્ણય કરવો. જેણે દયા, દાન, ભક્તિથી લાભ મનાવ્યો હોય, કુદેવાદિથી લાભ મનાવ્યો હોય તે શાસ્ત્રો નથી પણ શસ્ત્ર છે. વીતરાગભાવ પ્રગટ કરે તે જ શાસ્ત્ર છે. આત્માના સ્વભાવથી જ વીતરાગભાવ પ્રગટ થાય અને વ્યવહારથી ન થાય એવું પ્રયોજન સિદ્ધ કર્યું હોય એવા જ શાસ્ત્રો વાંચવા-સાંભળવા જોઈએ. આવો મનુષ્યભવ અનંતકાળે મળ્યો હોય અને આત્માના કલ્યાણ માટે પરીક્ષા કર્યા વગર જેવા તેવા શાસ્ત્રો વાંચશે તો મનુષ્યભવ એળે ચાલ્યો જશે. અહીં શાસ્ત્રો વાંચવા-સાંભળવાની મુખ્યતાથી વાત કરી છે.

જે શાસ્ત્રોમાં શ્રૃંગાર-ભોગ-કુતૂહલાદિ પોષી રાગભાવનું તથા હિંસા યુદ્ધાદિ પોષી દ્વેષભાવનું અથવા અતત્ત્વ શ્રદ્ધાન પોષી મોહભાવનું પ્રયોજન પ્રગટ કર્યું હોય તે શાસ્ત્ર નથી પણ શસ્ત્ર છે. માટે તેવા શાસ્ત્રો વાંચવા-સાંભળવા નહિ. આત્મા નારાયણ છે. એને જરાએ કષ્ટ ન દેવું, સુખ દેવું. એટલે કે ભોગ લેવો, ખાવું-પીવું, શોખ કરવો -એવો ઉપદેશ કર્યો હોય તો તે સાચા શાસ્ત્રો નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર, દર્શન-જ્ઞાન-ચારિત્ર, નવ તત્ત્વાદિનું વિરુદ્ધ પ્રરૂપણ કર્યું હોય તે શાસ્ત્રો નથી પણ શસ્ત્ર છે. આગળ પૃષ્ઠ ૧૭૦માં કહ્યું છે કે જૈનમાં શ્વેતાંબર મત છે. તે પણ દેવાદિક-તત્ત્વાદિક

અને મોક્ષમાર્ગાદિકનું અન્યથા પ્રરૂપણ કરે છે માટે તે પણ મિથ્યાદર્શનાદિકના પોષક છે, તેથી ત્યાજ્ય છે. અહીં શ્વેતાંબર શાસ્ત્રોમાં દેવ-ગુરુ-શાસ્ત્રનું, નવ તત્ત્વનું અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું સ્વરૂપ વિરુદ્ધ પ્રરૂપ્યું છે. માટે તે શાસ્ત્રો પણ વાંચવા જેવાં નથી -એમ કહે છે. જે મોક્ષમાર્ગે ચડ્યો તે માર્ગને ગોપવે નહિ. માટે અહીં કહે છે કે જે શાસ્ત્રે રાગભાવનું પોષણ કર્યું હોય અને હિંસાદિનો ઉપદેશ આપી દ્વેષનો પોષ્યો હોય, અતત્ત્વાદિની શ્રદ્ધાને પોષે એવું પ્રયોજન સાધ્યું હોય તે શાસ્ત્રો નથી પણ શસ્ત્ર છે.

આ બધુ વસ્તુની પરીક્ષા કરવા માટે કહે છે, કોઈ વ્યક્તિની વાત નથી. ખોટા દેવાદિને પોષી સંવરાદિ તત્ત્વોની ઊંધી પ્રરૂપણા કરી હોય એવા શાસ્ત્રો વાંચવા નહિ એમ કહે છે. આત્માના ભાવ વિના બહારમાં ગમે એટલી ક્રિયા કરે એમાં આત્માને કાંઈ લાભ થતો નથી. હવે તે ખોટાં શાસ્ત્રો શસ્ત્ર સમાન કેમ છે તે કહે છે.

જે રાગ-દ્વેષ-મોહ વડે જીવ અનાદિથી દુઃખી થઈ રહ્યો છે તેની વાસના તો જીવને વગર શીખવાડે પણ હતી જ. અને વળી કલ્પિત ખોટાં શાસ્ત્રો વડે તેનું જ પોષણ કર્યું ત્યાં ભલું થવાની તેમને શું શિક્ષા આપી ? માત્ર જીવના સ્વભાવનો ઘાત જ કર્યો. દયા-દાન કરો તો ધર્મ થશે એવો અનાદિનો અભ્યાસ તો છે. એમાં એ કહેનારા શાસ્ત્રો મળ્યા એટલે મિથ્યાત્વની શ્રદ્ધા દૃઢ થઈ. આત્મા રાગ-દ્વેષ-મોહથી દુઃખી થાય છે, શરીરમાં રોગ છે, નિર્ધન છે, માટે દુઃખી છે - એમ નથી. કર્મના ઉદયથી દુઃખી નથી પણ પોતાના રાગ-દ્વેષ-મોહના કારણે દુઃખી થાય છે. તે દુઃખનો નાશ કરવાનો ઉપાય તો એક વીતરાગભાવ છે. તે જે શાસ્ત્રો કહેતાં નથી અને રાગ-દ્વેષ-મોહને પોષણ કરવાવાળા શાસ્ત્રો તો આત્માના ઘાતમાં નિમિત્ત થાય છે. એટલે આત્માની પર્યાયમાં ઘાત થાય છે. માટે એવા શાસ્ત્રો વાંચવા-સાંભળવા યોગ્ય નથી.

જીવોને દુઃખ ન દેવાનો ભાવ એનાથી સંવર-નિર્જરા થાય, ઉપવાસ કરવાથી નિર્જરા થાય એવી રીતના શ્વેતાંબર શાસ્ત્રોમાં લખાણ આવે છે. સામાન્ય જીવોને તેમાં સૂઝ પડે એવી નથી. ઘણાં વૈરાગી હોય, દીક્ષા લે, મંદકષાયી હોય પણ એના શાસ્ત્રો એવા છે કે એનાથી કાંઈ મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય એવી વાત નીકળે એમ છે જ નહિ. એમાં શંકા પણ કરાય નહિ -એમ માને.

પ્રશ્નવ્યાકરણમાં એવી વાત આવે છે કે સુધર્માસ્વામી કહે છે કે :- ''હે જંબૂ - પંચ મહાવ્રત તે સંવર છે.'' હવે આમ કહ્યું હોય એમાં શંકા કેમ થાય ? આવા શાસ્ત્રો વાંચવા-સાંભળવાથી માત્ર આત્માનો ઘાત જ થાય છે. માટે એવા શાસ્ત્ર વાંચવા-સાંભળવા યોગ્ય નથી.

સંસારના ચોપડા કેવા રાખવા જોઈએ અને કેવા વાંચવા જોઈએ એમાં ડહાપણ વાપરે પણ અહીં આત્માના કલ્યાણને માટે કેવા શાસ્ત્રો વાંચવા એની પરીક્ષા કરે નહિ તો એને મોક્ષમાર્ગ થાય નહિ. આત્માના લાભ માટે જે શાસ્ત્રો વીતરાગભાવનું પોષણ કરે તેવા શાસ્ત્રો વાંચવા-સાંભળવા.



તે પ્રમાણે જોડવા એટલે ગૂંથવા, શીખવા, શીખવાડવા અને લખાવવા અને પ્રભાવના પણ સાચા શાસ્ત્રોની કરવી જોઈએ. વાંચવા-સાંભળવા પ્રમાણે વિચારવા, શીખવા વગેરેનું જાણી લેવું. એ પ્રમાણે જે શાસ્ત્રો સાક્ષાત્ અથવા પરંપરાએ એક આત્મસ્વભાવના અવલંબને વીતરાગભાવ થાય એવું પોષણ કરે તે જ શાસ્ત્રોનો અભ્યાસ કરવો.

પરમાં અટકવાથી લાભ મનાવે તે શાસ્ત્રો નથી, જ્ઞાનથી લાભ મનાવે તે શાસ્ત્ર છે. સ્વભાવના આશ્રયે રાગનો અભાવ થાય છે એમ નહિ કહેતાં પરના આશ્રયે રાગ ઘટે તો તે પણ શાસ્ત્રો નથી. મેઘકુમારે હાથીના ભવમાં પગ ઉપાડ્યો અને પાછો મૂક્યો નહિ. તે નિર્વદ્ય દયા પાળી એનાથી પરિત સંસાર કર્યો એમ શ્વેતાંબર શાસ્ત્રમાં કહે છે તે બરાબર નથી. માટે એવા શાસ્ત્રો વાંચવા-સાંભળવા નહિ. પણ એક વીતરાગભાવનું પોષણ કરે એવાં શાસ્ત્ર જ અભ્યાસ કરવા યોગ્ય છે. હવે વક્તાનું સ્વરૂપ કહે છે.

## વક્તાનું સ્વરૂપ

પ્રથમ તો જૈન શ્રદ્ધાનમાં દૃઢ હોય એટલે કે વીતરાગમાર્ગમાં દૃઢ શ્રદ્ધાની હોય. અહીં વાડાની વાત નથી. વાડો તે જૈન જ નથી. એના શાસ્ત્રો તે શાસ્ત્ર જ નથી. હવે છૂપું રહે એમ નથી. છાસ લેવા જાય ત્યારે દોણી સંતાડે નહિ. એમ સત્યમાર્ગ કેવો છે ? એને ગોપવી રખાય નહિ અને બીજી રીતે કહેવાય નહિ. દિગંબર સનાતન જૈનધર્મ તે જ ખરો જૈનધર્મ છે. બીજો જૈનધર્મ જ નથી. આજ સાંભળો, કાલ સાંભળો અને અનંતકાળે સાંભળો તો આ એક જ માર્ગ સત્ય છે. ધીમેથી કહો કે જોરથી કહો, નરમાશથી કહો કે કડકાઈથી કહો તો પણ આ એક જ ધર્મ સત્ય છે. માટે પ્રથમ વાસ્તવિક જૈનધર્મ કોને કહે છે તે જાણવું જોઈએ.

જો પોતે અશ્રદ્ધાળું હોય તો અન્યને શ્રદ્ધાળુ કેવી રીતે કરે ? શ્રોતા તો પોતાનાથી પણ હીન બુદ્ધિના ધારક છે. તેમને કોઈ સમ્યક્ યુક્તિ વડે તે શ્રદ્ધાળુ કેવી રીતે કરે ? માટે શ્રદ્ધાન જ સર્વ ધર્મનું મૂળ છે.

પોતાને આત્માની તથા સાચા દેવ-ગુરુ-શાસ્ત્રાદિની શ્રદ્ધા ન હોય તો તે યુક્તિ વડે શ્રોતાઓને નક્કી કેવી રીતે કરાવે ? જેની શ્રદ્ધામાં ભૂલ છે એને બધામાં ભૂલ છે. પણ પોતે શ્રદ્ધાનમાં દૃઢ હોય તે જ બીજાને શ્રદ્ધાનમાં નિમિત્ત થઈ શકે છે. માટે બધા ધર્મનું મૂળ તો શ્રદ્ધાન જ છે. હજારો ગ્રંથનો સાર આ મોક્ષમાર્ગ પ્રકાશકમાં મૂકી દીધો છે. જેને વીતરાગમાર્ગ અનુસાર સાચા દેવાદિની શ્રદ્ધા થઈ નથી તે બીજાને શ્રદ્ધાન કરાવી શકતો નથી. માટે પોતાને પહેલાં શ્રદ્ધાની થવું જોઈએ.

હવે સાચા વક્તા થવા માટે પહેલાં શું હોવું જોઈએ તે કહે છે.

વિદ્યાભ્યાસ કરવાથી જેને શાસ્ત્ર વાંચવાયોગ્ય બુદ્ધિ પ્રગટ થઈ હોય. કારણ કે એવી શક્તિ વિના તે વક્તાપણાનો અધિકારી થઈ શકે નહિ. શાસ્ત્રનો અભ્યાસ ન હોય તે વક્તા થઈ શકે નહિ. શ્રદ્ધાનપૂર્વક અભ્યાસની અહીં વાત છે. એટલે વક્તાના સ્વરૂપમાં પણ ક્રમથી વાત લીધી છે કે તે પ્રથમ તો દૃઢ શ્રદ્ધાની હોય અને જ્ઞાનમાં શાસ્ત્રોનો અભ્યાસી હોવો જોઈએ. અને પછી કષાય ન હોય એમ કહેશે. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો ક્રમ છે. એ પ્રમાણે વાત લીધી છે.

## આસો વદ ૫, બુધવાર, ૮-૧૦-૫૨.

આ મોક્ષમાર્ગ પ્રકાશક ગ્રંથ છે. એમાં વક્તાનું સ્વરૂપ કેવું હોય તે કહે છે. ધર્મનો કહેનાર કેવો હોય ? અને કોની પાસે સાંભળવા જવું ? તે કહે છે. એમાં વક્તા પ્રથમ શ્રદ્ધાવાળો, જ્ઞાની અને પછી કષાયની મંદતાવાળો હોય એમ ક્રમથી વાત કહે છે.

વક્તા પોતે કુદેવાદિની શ્રદ્ધાવાળો હોય તે બીજાને સાચી શ્રદ્ધામાં નિમિત્ત થાય નહિ. કેમ કે શ્રોતા તો પોતાથી હીન બુદ્ધિવાળા છે. આગળ વાત આવશે કે પોતે જે સાધુ ન હોય અને સાધુ મનાવે તો તે અશ્રદ્ધાની છે. અને જે સાધુ ન હોય એને સાધુ નથી એમ ન કહે તો તે પણ અશ્રદ્ધાની છે. વળી જેને સાધુ માનો છો તે યથાર્થ આચરણવાળો છે કે નહિ તે વિચાર વડે જુઓ અને યથાર્થ આચરણ ન હોય અને બીજા કરતાં તે સારો છે - એમ માને તો તે અશ્રદ્ધાની છે. એવા વક્તા બીજાને ધર્મશ્રદ્ધા થવામાં નિમિત્ત થતો નથી. કારણ કે શ્રદ્ધાન જ સર્વ ધર્મનું મૂળ છે.

જૈનધર્મનો વીતરાગે કહેલો વીતરાગમાર્ગ તે જ છે એનો જે શ્રદ્ધાની હોય તે જ જૈનધર્મનો સાચો વક્તા હોઈ શકે. એનાથી વિરૂદ્ધ દેવાદિને લજ્જાદિકથી પણ પોષણ કરે તો તે જૈનધર્મનો શ્રદ્ધાની નથી પણ મિથ્યાદૃષ્ટિ છે.

વળી વક્તાને ઘણો વિદ્યાભ્યાસ હોય તો વક્તાપણું વિશેષ શોભે. ઘણાં પ્રશ્નો આવે તેનો ઉત્તર બરાબર આપી શકે માટે વિદ્યાભ્યાસ હોવો જોઈએ. વળી સમ્યગ્જ્ઞાન વડે સર્વ પ્રકારના વ્યવહાર નિશ્ચયાદિરૂપ વ્યાખ્યાનનો અભિપ્રાય જે પિછાનતો હોય કારણ કે જો એમ ન હોય તો કોઈ ઠેકાણે અન્ય પ્રયોજનપૂર્વક વ્યાખ્યાન હોય તેનું અન્ય પ્રયોજન પ્રગટ કરી વિપરીત પ્રવૃત્તિ કરાવે. શાસ્ત્રમાં નિમિત્ત-ઉપાદાનની વ્યાખ્યા આવે તેનો યથાર્થ જાણનાર હોવો જોઈએ. નિશ્ચય-વ્યવહાર વગેરેનું જ્ઞાન હોવું જોઈએ. એ અભિપ્રાયને જાણતો હોય તો કોઈ ઠેકાણે નિમિત્તની પ્રધાનતાથી કથન કર્યું હોય તો નિમિત્ત પ્રધાનથી કાર્ય થાય છે એમ નથી - તે બરાબર જાણતો હોય છે. જો એમ ન જાણતો હોય તો ઊંધો માર્ગ ચલાવે તો અનંતા કેવળી ગુરુ-શાસ્ત્રનો અવિનય થાય.

વળી જેને જિનઆજ્ઞા ભંગ કરવાનો ઘણો ભય હોય કારણ કે જો એવો વક્તા ન હોય તો



કોઈ અભિપ્રાય વિચારી સૂત્ર વિરૂદ્ધ ઉપદેશ આપી જીવોનું બુરું કરે. સર્વજ્ઞ અનુસાર શાસ્ત્રથી વિરૂદ્ધ પ્રરૂપણા કરે છે તે ઘણાં જીવોનું બુરું થવામાં નિમિત્ત થાય છે તે માટે તે વક્તા યથાર્થ નથી. કહ્યું છે કે :-

**बहुगुणविज्जाणिलयो असुत्तभासी तहावि मुत्तव्वो ।**
**जह वरमणि जुत्तोविहु विग्घयरो विसहरो लोए ॥**

**અર્થ :** જે પુરુષ ઘણા ક્ષમાદિક ગુણો તથા વ્યાકરણાદિક વિદ્યાનું સ્થાન છે છતાં જો તે ઉત્સૂત્રભાસી છે તો છોડવા યોગ્ય જ છે. જેમ ઉત્કૃષ્ટ મણિ સહિત સર્પ છે તે લોકમાં વિઘ્નનો જ કરવાવાળો છે.

વક્તાની બરાબર પરીક્ષા કરવી જોઈએ. જુઓ પાનું ૧૯૪માં કહ્યું છે કે :- જેમ શીલવતી સ્ત્રી પોતાના ભરથારની માફક પરપુરુષની સાથે રમણક્રિયા સર્વથા કરે નહિ તેમ તત્ત્વશ્રદ્ધાની સુગુરુની માફક કુગુરુને નમસ્કાર આદિ ક્રિયા કરે નહિ. કોઈ પ્રશ્ન કરે કે જેમ રાજાને નમસ્કાર કરીએ છીએ એમ નમસ્કાર કરવામાં શું વાંધો છે ? તેનો ઉત્તર : રાજાનો વિનય તે તો ધર્મપદ્ધતિમાં નથી માટે તે તો ચારિત્રમોહમાં જાય છે. પણ કુગુરુના સેવનથી તો મિથ્યાત્વ જ થાય છે. માટે વક્તાની યથાર્થ પરીક્ષા કરવી.

ક્ષમાદિ ગુણો છે તે મણિ જેવા હોવા છતાં ઉત્સૂત્રભાષી ઝેરવાળો હોવાથી સર્પના મણિ જેવા છે. માટે તે છોડવા યોગ્ય છે. માટે વક્તા તો શ્રદ્ધાની અને જ્ઞાની હોવો જોઈએ.

હવે વક્તા ક્રોધી, માની, માયાવી, લોભી ન હોય તે કહે છે. ઉત્સૂત્રભાષી વક્તા તો વિઘ્નરૂપ જ છે માટે છોડવા યોગ્ય જ છે.

વળી જેને શાસ્ત્ર વાંચી આજીવિકાદિ લૌકિક કાર્ય સાધવાની ઈચ્છા ન હોય કારણ કે આશાવાન હોય તો યથાર્થ ઉપદેશ આપી શકે નહિ. તેને તો કંઈક શ્રોતાના અભિપ્રાય અનુસાર વ્યાખ્યાન કરી પોતાનું પ્રયોજન સાધવાનો જ અભિપ્રાય રહે. એટલે કે લોભી વક્તા સાચો ઉપદેશ આપી શકે નહિ. સત્ય આવતા બધાં પડખાંથી સ્પષ્ટ થાય છે. પોતાનું માન જવાની ભીતિ હોય તે પણ સાચો ઉપદેશ કેમ આપી શકે ? શ્રોતાને ગમે તેવો ઉપદેશ આપે, પૈસા મંદિર બનાવવામાં ધન ખરચે તો તારો આઠ ભવમાં મોક્ષ થઈ જશે એમ સારું મનાવવા માટે કહે. પણ એનાથી મોક્ષ થતો નથી એમ કહે નહિ તો તે વક્તા યથાર્થ નથી, પોતાનું પ્રયોજન સાધવાનો જ અભિપ્રાય રહે. બહારનો ત્યાગ કરવાની વાત કરે એટલે લોકો રાજી રાજી થઈ જાય. પણ એમાં ધર્મ નથી એમ ન કહે તો તે વક્તા માની અને લોભી છે.

વળી શ્રોતાથી વક્તાનું પદ ઊંચું છે. પરંતુ વક્તા લોભી હોય તો તે શ્રોતાથી હીન થઈ જાય અને શ્રોતા ઊંચા થાય.

વક્તાનું પદ શ્રોતા કરતાં મોટું હોવા છતાં પણ વક્તા પોતે લોભી હોય તો શ્રોતાનું પદ ઊંચું થઈ જાય છે. શ્રાવકના આધારે મુનિ નભે છે એમ કહે તે શ્રાવકનો ઓશિયાળો છે -એમ કદી હોય નહિ. આવા ભિખારી હોય તે સાચો ઉપદેશ આપી શકે નહિ. આહાર પાણી શ્રાવકો આપે છે માટે એના આધારે મુનિનો ધર્મ છે -એમ નથી. છતાં એના આધારે ધર્મ છે એમ કહે તો તે પણ બરાબર નથી. ઋષભદેવ ભગવાનને આહાર આવવાનો ન હતો તે ન આવ્યો. શ્રાવકના કારણે આહાર આવે છે અને આહાર આવે છે માટે ધર્મ નભે છે -એમ નથી. અઘાતિનો ઉદય બહારમાં હોય અને રોગ હોય કે આહાર ન મળે એથી કરીને આત્માને કાંઈ નુકસાન નથી. કર્મના કારણે આત્માને નુકસાન નથી. કર્મ તો સંયોગમાં નિમિત્ત છે. એમાં કર્મે આત્માને નુકસાન કરાવ્યું એમ ક્યાં આવ્યું ? માટે કર્મના કારણે આત્મામાં નુકસાન નથી. છતાં કર્મ આત્માને હેરાન કરે છે એમ મનાવે તે સાચો વક્તા નથી. સત્ય વાત સંભળાવવી જોઈએ. પણ લોભી થઈને સાચો ઉપદેશ આપે નહિ તે વક્તા લાયક નથી એમ કહ્યું. હવે ક્રોધ, માનની વાત કરે છે. વળી તેનામાં તીવ્ર ક્રોધ, માન ન હોય કારણ કે તીવ્ર ક્રોધી-માનીની નિંદા જ થાય અને શ્રોતા એનાથી ડરતો રહે તો તેનાથી પોતાનું હિત કેમ થાય ? અત્યારે તો સાધુ નામ ધરાવીને એવા ક્રોધી હોય છે કે એમને કોઈ પ્રશ્ન કરે કે આત્મા બોલે છે ? એનો જવાબ આપે કે આત્મા નથી બોલતો ત્યારે કોણ બોલે છે તારો બાપ બોલે છે ? એમ મોઢું તોડી લે. એવો વક્તા તે ઉપદેશ દેવાને લાયક ન હોય. વક્તા તીવ્ર ક્રોધી કે તીવ્ર માની ન હોય. વળી પોતે જ જુદા જુદા પ્રશ્નો ઉઠાવી તેનો ઉત્તર કરે અથવા ચાલતી વાતને દઢ કરવા જુદા જુદા પ્રશ્ન ઉઠાવીને સમાધાન કરે. વળી સભામાં કોઈ અનેક પ્રકારથી વિચાર કરીને પ્રશ્ન કરે તો તેનું મિષ્ટ વચનથી સમાધાન કરે પણ ઠઠ્ઠા-મશ્કરીથી પ્રશ્ન કરે એની વાત નથી, ખોટા તર્ક કરે એવા પ્રશ્નની વાત લીધી નથી. મિષ્ટ વચનથી જવાબ આપે, એટલે કે વચન કહી શકે છે એમ નથી પણ કષાયની મંદતા હોય છે -એમ કહેવું છે. જે શિષ્ય સંદેહ દૂર કરવા માંગે છે એનો સંદેહ દૂર કરે છે -એમ કહે છે. પણ જેને સંદેહ જ લાગતો ન હોય અને સંદેહને દૂર કરવા ન માંગતો હોય એની વાત નથી.

વળી વક્તામાં ઉત્તર આપવાનું સામર્થ્ય ન હોય તો ચોખવટ કરે કે મને એનું જ્ઞાન નથી, વિશેષ જ્ઞાનીને પૂછીને જવાબ આપીશ. એમ માની ન હોય, લોભી ન હોય, માયાવી ન હોય. કુંદકુંદાચાર્ય આદિ થઈ ગયા, તેમણે વર્તમાન તીર્થંકર જેવું કામ કર્યું છે અને અમૃતચંદ્રાચાર્યે ગણધર જેવું કામ કર્યું છે પણ માનાદિ એમને નથી. એમ વક્તા માની, ક્રોધી ન હોય. વળી વક્તા એમ પણ કહે કે કોઈ અવસર પામી તમને કોઈ વિશેષ જ્ઞાની મળે તો સંદેહ દૂર કરશો અને મને પણ દર્શાવશો, કારણ કે આમ ન હોય અને અભિમાનપૂર્વક પોતાની પંડિતાઈ જણાવવા ચાલતો અધિકાર બીજો હોય અને બીજી પ્રરૂપણા કરે તો વિરૂદ્ધ શ્રદ્ધાન થવાથી શ્રોતાઓનું બુરું થાય અને જૈનધર્મની પણ નિંદા થાય. અર્થાત્ જો એવો ન હોય તો શ્રોતાનો સંદેહ દૂર થાય નહિ પછી કલ્યાણ તો



ક્યાંથી થાય ? તથા જૈનમતની પ્રભાવના પણ થાય નહિ.

નય-નિક્ષેપ-પ્રમાણની વિધિ પ્રમાણે અર્થ ન કરે અને ઊંધો અર્થ કરે તો જીવોનું બુરું થાય અને જૈનધર્મની નિંદા થાય. જૈનધર્મ એટલે સમજવું કે સનાતન દિગમ્બર વીતરાગીમાર્ગ છે તે જૈનધર્મ છે. એ સિવાય બીજો એકે ય જૈનધર્મ જ નથી -એમ સમજવું.

નિયમસારમાં શુદ્ધ કારણપર્યાયની વાત આવી. તેનો અર્થ અને ભાવને ન સમજ્યા એટલે પોતાની પંડિતાઈ રાખવા માટે સમજ્યા વગર ઘરનો અર્થ કરે તો તેથી જીવોનું બુરૂં થાય છે. આચાર્યો-મુનિઓના કથન તો ઊંડા હોય છે પણ એમાં સંદેહ રાખે તેનો સંદેહ દૂર થાય નહિ. તેથી શ્રોતાનો પણ સંદેહ દૂર થાય નહિ. તો પછી કલ્યાણ તો ક્યાંથી થાય ? એટલે કે પોતાનું તો કલ્યાણ થાય નહિ પણ શ્રોતાઓને નિમિત્ત પણ થાય નહિ.

વળી જેનામાં અનીતિરૂપ લોકનિંદ્ય કાર્યોની પ્રવૃત્તિ ન હોય એવો વક્તા હોવો જોઈએ. કેમ કે લોકનિંદ્ય કાર્યો વડે તે હાસ્યનું સ્થાનક થઈ જાય. તો તેના વચનનું પ્રમાણ કોણ કરે ? ઉલટો જૈનધર્મ લજવે.

''સો ઉંદર મારીને મીંદડી પાટે બેઠી'' -એમ કહે, દીકરીના દશ હજાર રૂપિયા લઈને સાઠ વરસના બુઢાને આપી હોય અને ઉપદેશ આપે તો તે લોકનિંદાને પાત્ર થાય. કોઈ વક્તા ગૃહસ્થી પણ હોય છે. વળી કુળહીન વક્તા ન હોય -શરીરમાં અંગહીન ન હોય એવો સહજ મેળ હોય છે. ઊંચો વક્તા કેવો હોય એની વાત કરે છે. ધર્મી થયો એટલે કાંઈ શબ્દ સુધારી શકે એમ નથી. મીઠાં વચનો હોય છે, અને જગત એને મહત્તા આપતું હોય એવો ન હોય તો વક્તાની મહત્તા રહેતી નથી. સાધારણ વક્તાની વાત નથી -એ પ્રમાણે ઉપરના ગુણો તો વક્તામાં અવશ્ય જોઈએ.

## આસો વદ ૬, ગુરુવાર, ૯-૧૦-૫૨.

વક્તા કેવા હોય તેની વ્યાખ્યા ચાલે છે. કોની પાસે ધર્મશ્રવણ કરવો તે બતાવે છે. શ્રી આત્માનુશાસનમાં કહ્યું છે કે :-

**અર્થ** :- જે બુદ્ધિમાન હોય, સમસ્ત શાસ્ત્રોના રહસ્યને પામ્યો હોય, લોકમર્યાદા જેને પ્રગટ થઈ હોય, આશા જેની અસ્ત થઈ હોય, કાંતિમાન હોય, ઉપશમવંત હોય, પ્રશ્ન થતા પહેલાં જ ઉત્તરને જે જાણતો હોય, બાહુલ્યપણે અનેક પ્રશ્નોનો સહન કરવાવાળો હોય, પ્રભુતાયુક્ત હોય, પરના વા પર દ્વારા પોતાના નિંદારહિતપણા વડે પરના મનનો હરવાવાળો હોય, ગુણનિધાન હોય અને સ્પષ્ટમિષ્ટ જેના વચન હોય એવો સભાનો નાયક ધર્મકથા કહે.

જેની તેની પાસે ધર્મ સાંભળવો તે પાત્રતા નથી. જેની તેની પાસે ધર્મ સાંભળવો તે સંભળવાનાર કરતાં સાંભળનારની પાત્રતા ઓછી-હલકી છે -એમ પોતાની હલકી યોગ્યતા બતાવે છે. વક્તા

કેવો છે તેના પ્રમાણમાં સાંભળનારની યોગ્યતા કેવી છે તે સાબિત થાય છે કેમ કે તે શ્રોતા વક્તાની ઊંધી માન્યતા-શ્રદ્ધાને અનુમોદનારા છે. કરે, કરાવે અને અનુમોદે તે ત્રણેનું ફળ એક જ છે.

ગુણભદ્રાચાર્ય મહામુનિ થયા છે તે આત્માનુશાસનમાં કહે છે કે :- જે ધર્મ સંભળાવનાર બુદ્ધિમાન હોય, જેણે સાચા શાસ્ત્રનું રહસ્ય જાણ્યું હોય, વીતરાગે કહેલાં શાસ્ત્રો તે જ સાચા છે બાકીના શાસ્ત્રો કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને પોષનારાં છે.

શ્રી વિદ્વજ્જનબોધકમાં કહ્યું છે કે :- એકત્વ નિશ્ચયનું ભાન થવું તેને તથા સાત તત્ત્વનું યથાર્થ ભાન થવું તેને સમ્યક્ત્વ કહ્યું છે અને સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષામાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તેને સમ્યગ્દર્શન કહ્યું. તે બન્નેની એકતા-મેળ શી રીતે થશે ?

**સમાધાન :-** સાત તત્ત્વમાં ચાર ઉપાદેય છે અને ત્રણ હેય છે. ઉપાદેય તત્ત્વ જીવ, સંવર, નિર્જરા અને મોક્ષ છે. સ્વભાવ સહિત અર્હંત, સિદ્ધ છે તેમની શ્રદ્ધામાં મોક્ષની શ્રદ્ધા આવી ગઈ. મોક્ષતત્ત્વની શ્રદ્ધા કહો કે અર્હંત, સિદ્ધની શ્રદ્ધા કહો બન્ને એક જ છે. જેને મોક્ષની શ્રદ્ધા નથી તેને અર્હંત, સિદ્ધની પણ શ્રદ્ધા નથી.

જેને રાગ રહિત એવા આત્માની શ્રદ્ધા છે તેને અહિંસાની શ્રદ્ધા થઈ જાય છે. અને અહિંસા સ્વરૂપ જ જીવતત્ત્વ છે. જેણે દયા-દાનમાં સંસારનો નાશ મનાવ્યો તેણે રાગરૂપી હિંસામાં ધર્મ મનાવ્યો. જે હિંસામાં ધર્મ માને-મનાવે તે સંવર-નિર્જરાને સમજ્યા નથી. સંવર-નિર્જરા તે રત્નત્રય છે અને તે જ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ છે. જેને સાચા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુની શ્રદ્ધા છે તેને સંવર-નિર્જરાની શ્રદ્ધા છે, તેને રત્નત્રય સ્વરૂપ વીતરાગી મોક્ષમાર્ગની શ્રદ્ધા છે. જેને આચાર્ય, ઉપાધ્યાય અને સાધુની શ્રદ્ધા નથી તેને સંવર-નિર્જરાની શ્રદ્ધા નથી.

હેય તત્ત્વમાં અજીવ, આસ્રવ, બંધ છે. જેને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર તે હેયરૂપ છે એવી શ્રદ્ધા છે તેને હેયરૂપ અજીવ, આસ્રવ, બંધની સાચી શ્રદ્ધા છે. જે આસ્રવ, બંધ હેય છે તેને ઉપાદેય માને છે તે કુદેવ-કુગુરુ આદિને ઉપાદેય માને છે, અને જે ઉપાદેય એવા સંવર, નિર્જરાને શ્રદ્ધે છે તે સાચા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને શ્રદ્ધે છે.

**પ્રશ્ન** : આના કરતાં તિર્યંચનું સમ્યગ્દર્શન સહેલું લાગે છે ?

**ઉત્તર** : તિર્યંચને નવ તત્ત્વની શ્રદ્ધા છે કે નહિ ? તેને સંવર, નિર્જરા, મોક્ષની શ્રદ્ધા છે કે નહિ ? તે શ્રદ્ધામાં દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા આવી જાય છે.

જેને સાચા આત્માની ખબર છે તેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ઓળખાણ હોય જ, અને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધાનો ત્યાગ હોય જ.

વક્તા સમસ્ત શાસ્ત્રના રહસ્યને પામ્યો હોય; લોકમર્યાદા પ્રગટ થઈ હોય એટલે કે દેશની ભાષાની



મર્યાદાને જાણતો હોય, કયા વખતે કઈ રીતે બોલાય. અમુક ભાષા બોલતા અમુક ઠેકાણે કડક લાગે, અમુક ઠેકાણે કડક ન લાગે. માટે કયે સ્થાને કેમ બોલાય તેની લોકમર્યાદા જાણે. જેને સમસ્ત આશા નાશ થઈ છે, જેને કાંઈ પર પાસેથી મેળવવાની આશા ન હોય. **નત્રક્કણબંનય** = સમાજ પર પ્રતિભા પડે એવી યોગ્યતા તેની હોય, પરમાં પ્રતિભા પડે એમ કહેવું નથી પણ સામા જીવોની એવી યોગ્યતા છે અને આનું નિમિત્ત છે. પ્રતિભાપરનો બીજો અર્થ કાંતિમાન પણ થાય છે.

ઉપશમવંત હોય એટલે ક્રોધાદિ તીવ્ર કષાયોનો જેને અભાવ થયો હોય. વળી પ્રશ્નો થયા પહેલાં જ તે ઉત્તરને જાણતો હોય, એમ તેની બુદ્ધિમાં વિચક્ષણતા હોય. **પ્રશ્નસહઃ** = એક સાથે ઘણાં પ્રશ્નો થાય છતાં પણ મૂંઝાય નહિ. પ્રતિભાસહિત હોય = તેને જોતાં જ બીજાને બહુમાન આપવાનો ભાવ થાય, આદર આપવાનો ભાવ થાય. બીજા પોતાની નિંદા કરે એવું પોતામાં આચરણ ન હોય. આચરણના ઠેકાણાં ન હોય તે ધર્મ પ્રરૂપે, તે ધર્મ સમજાવવાને લાયક નથી.

પરના વા પર દ્વારા પોતાના નિંદારહિતપણા વડે પરના મનને હરવાવાળો હોય. પરના મનને હરે તે નિમિત્તનું કથન છે. સામા જીવોની યોગ્યતા છે તેથી તેઓ માને છે; કોઈ વિરોધી હોય તે ન પણ માને. અહીં વક્તાના લક્ષણ બતાવવા છે. તેમાં વક્તામાં આવી પણ એક નિમિત્તપણાની યોગ્યતા છે, તે બતાવે છે. ગુણનિધાન = ગુણનો દરિયો હોય. પ્રગટ અને મીઠાં તેના વચન હોય -આવો વક્તા સભાનો નાયક હોય તે શ્રોતાને ધર્મકથા સંભળાવે.

## વક્તાના વિશેષ લક્ષણો

વળી વક્તાના વિશેષ લક્ષણ આ પ્રમાણે છે. મૂળ-ખરું કારણ તો આત્માનું ભાન, સાચું જ્ઞાન અને રાગરહિત સ્થિરતા, અને શાસ્ત્રનું યથાર્થ રહસ્ય જાણે, તે છે. પણ વિશેષમાં કોઈ વ્યાકરણ, ન્યાયશાસ્ત્ર-પ્રમેયકમલમાર્તંડ આદિનો જાણનાર હોય તો વિશેષપણે વક્તાપણું શોભે છે.

વળી જો અધ્યાત્મરસ દ્વારા -આત્માના શાંતરસ દ્વારા- પોતાના સ્વભાવનું યથાર્થ અનુભવન ન થયું હોય તે વીતરાગ દિગંબર જૈનમાર્ગના રહસ્યને જાણતો નથી. વીતરાગી સંતોએ કહેલાં મર્મોને ન જાણતો હોય તે માત્ર પદ્ધતિ દ્વારા જ વક્તા થાય છે. પણ આત્માના ભાન વિના નિશ્ચય શું? વ્યવહાર શું ? તેના શુદ્ધ ઉપાદાનની પર્યાયનું સ્વરૂપ કેવું હોય ? તેની તેને ખબર પડે નહિ, માત્ર તે રીત-રિવાજ પ્રમાણે વાંચી જાય છે, તેનાથી અધ્યાત્મરસસ્વરૂપ સાચા જૈનધર્મનું રહસ્ય કેવી રીતે પ્રગટ થાય ? આત્માને જાણતાં કેટલો રાગ ટળ્યો અને કેટલો રહ્યો તે સાચા જૈનધર્મનું સ્વરૂપ સમજ્યા વિના સમજાય નહિ. અધ્યાત્મરસમય જૈનધર્મને સમજતાં આગમમાં કહ્યું તે બધું સમજવામાં આવે. પણ જૈનધર્મ તે અધ્યાત્મરસમય છે. કોઈ દયા-દાન આદિ જૈનધર્મ નથી, જ્ઞાયકપિંડ આનંદસ્વરૂપનું ભાન કરી અંદર લીન થવું તે જૈનધર્મ છે. લોકો દયા પાળો, વ્રત પાળો તેને જૈનધર્મ માને છે, તે જૈનધર્મનું સાચું સ્વરૂપ નથી.

અધ્યાત્મરસમય સાચા જૈનધર્મનું સ્વરૂપ તે વીતરાગતા છે પણ મુનિને જે મહાવ્રતનો વિકલ્પ રહે, જરી રાગ રહે તે સાચો જૈનધર્મ નથી. આવું રહસ્ય ન જાણતો હોય તે જૈનધર્મનું રહસ્ય કઈ રીતે બતાવે?

અધ્યાત્મ સમજતાં તેમાં વચ્ચે રાગનું અને ઉપચારનું જ્ઞાન-આગમપદ્ધતિનું જ્ઞાન ભેગું આવી જાય છે.

પ્રવચનસારમાં કહ્યું છે કે - આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન અને સંયમભાવ એ ત્રણે આત્મજ્ઞાન-શૂન્ય કાર્યકારી નથી.

દિગંબર જૈન વીતરાગમાર્ગમાં આગમો કહ્યાં છે તે જ સાચા આગમ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની બરાબર શ્રદ્ધા, શાસ્ત્રોનું જ્ઞાન, ઇન્દ્રિયદમન તે મંદ કષાય છે. તે આત્મજ્ઞાન વિના કાર્યકારી નથી, તેનાથી આત્માનો લાભ થતો નથી. મહા પરમાગમો ષટ્ખંડાગમ-ગોમ્મટસાર, સર્વાર્થસિદ્ધિ આદિની શ્રદ્ધા હોય પણ કારણપરમાત્મા-કારણભગવાન એકસ્વરૂપે છે જેમાંથી અનંત કેવળજ્ઞાન પર્યાય ઉઘડે છે એવા કારણપરમાત્માના જ્ઞાનથી શૂન્ય હોય તો તે આગમજ્ઞાન આદિ ત્રણે કાર્યકારી નથી.

આ ભાવતત્ત્વાર્થ શ્રદ્ધાનની વાત નથી પણ વિકલ્પવાળી શ્રદ્ધાનની વાત છે. આ શ્રદ્ધા નામનિક્ષેપથી છે. ભાવનિક્ષેપથી શ્રદ્ધા થાય તે સાચી શ્રદ્ધા કહેવાય. વળી દોહા પાહુડમાં પણ કહ્યું છે કે :-

**पंडिय पंडिय पंडिय कण छोडि वितुस कंडिया ।**
**पय अत्थं तुट्ठोसि परमत्थ ण जाणइ मूढो सि ॥**

અર્થ :- હે પાંડે ! હે પાંડે ! હે પાંડે ! તું કણને છોડી માત્ર તુષ જ ખાંડે છે અર્થાત્ તું અર્થ અને શબ્દમાં જ સંતુષ્ટ છે પણ પરમાર્થ જાણતો નથી માટે મૂર્ખ છે.

હે મિથ્યાદર્શનના પંડિત, મિથ્યાજ્ઞાનના પંડિત અને મિથ્યાચારિત્રના પંડિત ! એમ ત્રણ વાર લીધું છે. તું ફોતરાં ખાંડે છે. અહીં વ્યવહાર આગમજ્ઞાન આદિને ફોતરાં કહ્યા છે અને આત્મજ્ઞાનને ચોખા કહ્યા છે. આગમ પ્રમાણે વ્યવહારથી સાચા આગમ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા સાથે હોય છે. પણ તેનાથી ધર્મ પમાય નહિ, પણ તે હોયા વિના હોતા નથી. પંડિતો અર્થ અને શબ્દમાં સંતુષ્ટ છે, પણ યથાર્થ સમજતાં નથી.

## પ્રધાન વિદ્યા

વળી ચૌદ વિદ્યામાં અધ્યાત્મ વિદ્યા પ્રધાન કહી છે. બાહ્ય બધી વિદ્યાના મીંડા વાળી, આ અધ્યાત્મ વિદ્યા તે જ સાચી વિદ્યા છે. વડા પ્રધાન થાય તે બધી સંસારની વિદ્યા-રખડવાની વિદ્યા છે. શિલ્પ, તાર, ટપાલની વિદ્યા બધી વિદ્યામાં મીંડા છે, તે કાંઈ આત્માને લાભદાયક નથી. માટે અધ્યાત્મરસનો રસિક વક્તા હોય તે જ જૈનધર્મનો વક્તા જાણવો. આ સામાન્ય વાત



લીધી; હવે વિશેષ વાત કરે છે.

વળી જે બુદ્ધિઋદ્ધિના ધારક હોય તથા અવધિ-મનઃપર્યય તથા કેવળજ્ઞાનના ધારક હોય તે મહા વક્તા જાણવા. કુંદકુંદ આચાર્યની તો વાત જ શું કરવી ? તે તો ભગવાન સ્વરૂપ હતા પણ ધવલાના કરનાર વીરસેનાચાર્ય આદિ મહામુનિઓ જેમની બુદ્ધિની અગાધતાનો પાર પામી ન શકાય. નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી જેમણે ષટ્ખંડાગમને પોતાના મતિજ્ઞાનરૂપી ચક્ર વડે સાધ્યા એવી બુદ્ધિના ધરનાર વક્તા મહાભાગ્યવાન હોય તેને મળે.

જો આવા વક્તા મળી આવે તો ઘણું જ સારું પણ જો તે ન હોય તો આત્માના શ્રદ્ધા આદિના ધારક એવા ગુણવંત મુનિ તથા શ્રાવક હોય તેમની પાસે સાંભળવું પણ પરંપરાની બુદ્ધિ વડે અથવા શાસ્ત્ર સાંભળવાના લોભથી શ્રદ્ધા આદિ ગુણરહિત પાપી જીવો પાસે સાંભળવું યોગ્ય નથી. અહીં પાપીનો અર્થ મિથ્યાદષ્ટિ સમજવો. જેનો ભાવ જ ઊંધો છે તેની પાસે સાંભળવું યોગ્ય નથી. અન્યત્ર શ્લોક દ્વારા કહ્યું છે કે :-

**અર્થ** : જે વીતરાગની સાચી આમ્નાય માનવામાં સાવધાન છે, ગમે તેની પાસે સાંભળશું - એમાં જિનધર્મની સાચી આમ્નાય રહેતી નથી. નિર્ગ્રંથ ગુરુની નિકટમાં જ ધર્મ સાંભળવો યોગ્ય છે. અથવા નિર્ગ્રંથ કુંદકુંદાચાર્ય, પૂજ્યપાદ સ્વામી, સમંતભદ્રસ્વામી આદિ સુગુરુઓએ કહેલાં દેવ-ગુરુ-શાસ્ત્રને જ કહેવાવાળા-માનવાવાળા ઉચિત શ્રદ્ધાળુ શ્રાવકના મુખથી ધર્મશ્રવણ કરવા યોગ્ય છે. તે સિવાય કોઈ કુળપરંપરા-ધર્મપરંપરાના નામે કહે તેનું સાંભળવું યોગ્ય નથી.

વીતરાગી સંતોએ સનાતન સત્યમાર્ગને થંભાવીને રાખ્યો છે. તેમણે કહેલાં તત્ત્વ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાવાળા શ્રાવકના મુખથી ધર્મ શ્રવણ કરવા યોગ્ય છે. અહીં પહેલાં તું વાંચજે એમ કહ્યું નથી પણ સાચા વક્તાના મુખથી સાંભળજે એમ કહ્યું છે કેમ કે અહીં વક્તાનું સ્વરૂપ બતાવવું છે.

એવા ધર્મબુદ્ધિવાન વક્તા ઉપદેશદાતા હોય તે જ પોતાનું ભલું કરે છે અને બીજાનું ભલું થવામાં નિમિત્ત બને છે. પણ જે પરંપરા ચલાવવા કષાયબુદ્ધિ વડે ઉપદેશ આપે છે તે પોતાનું બુરું કરે છે અને બીજાને બુરું થવામાં નિમિત્ત થાય છે.

અહીં શ્રવણનું કહ્યું તે પ્રમાણે અભ્યાસ કરવો, વાંચન કરવું વગેરે સમજી લેવું.

## શ્રોતાનું સ્વરૂપ

પોતાનું ભલું થવાયોગ્ય છે તેથી જે જીવને એવો વિચાર આવે છે કે ''હું કોણ છું ? આ બધા છે કોણ ? આ બધો ખીચડો ભેગો થયો છે તેમાં હું કોણ છું ? ને આ બધું શું છે ?''

ભલું થવાયોગ્ય છે તેથી તેને એવો વિચાર આવે છે કે ''હું કોણ છું ?'' વક્તા પાસે સાંભળવા આવનાર શ્રોતા કેવા હોય તે અહીં બતાવે છે. 'હું છું તે ક્યાંથી આવ્યો ? પહેલાં હું ક્યાં હતો? ક્યાંથી આવી મેં આ દેહ ધર્યો છે. દેહ તો છૂટશે જ. ૨૫-૫૦ વર્ષે દેહ તો છૂટશે જ. માટે મરીને ક્યાં જઈશ ? પહેલાં 'હું કોણ છું' -એમાં અસ્તિત્વ બતાવ્યું. 'હું ક્યાંથી આવ્યો, ક્યાં જઈશ?' એમ નિત્યતા બતાવી : મારું સ્વરૂપ શું છે ? વગેરે વિચાર કરે છે.

**આસો વદ ૭, શુક્રવાર, ૧૦-૧૦-૫૨.**

વક્તાનું સ્વરૂપ પુરું થયું, હવે શ્રોતાનું સ્વરૂપ કહે છે. જેમ ઝાડને ઓટલો હોય તેમ આ અધિકાર આ ગ્રંથની પીઠિકારૂપ છે. તેમાં સાંભળનારની લાયકાત કેવી હોય તે બતાવે છે.

ભલું થવાયોગ્ય છે તે જીવને એવો વિચાર આવે છે કે - હું કોણ છું ? ક્યાંથી આવી અહીં જન્મ ધર્યો છે ? મરીને ક્યાં જઈશ ? મારું સ્વરૂપ શું છે ? આ ચારિત્ર કેવું બની રહ્યું છે ? અને આ જે ભાવો થાય છે તેનું ફળ શું આવશે ?

ખરેખર જેનું ભલું થવા લાયક છે તેને એવો વિચાર આવે છે કે હું કોણ છું ? શું હું શરીર છું ? લોકો કહે છે કે 'અમે મનુષ્ય છીએ'. ભાઈ ! તું મનુષ્ય નથી તું તો આત્મા છો. આપણે મનુષ્ય છીએ, આપણે મનુષ્યનું પાલન પોષણ કરવું જોઈએ ને ! - આમ માને તે ખરેખર શ્રોતાને લાયક જ નથી.

ક્યાંથી આવીને અહીં જન્મ ધર્યો ? ત્યારે વિચાર આવે કે ''હું કંઈક આત્મા દેહથી જુદો લાગુ છું.'' મરીને ક્યાં જઈશ ? દેહ છૂટશે પછી ક્યાં જઈશ ? મારું સ્વરૂપ શું છે ? શું સ્ત્રી, પુત્ર મારું સ્વરૂપ છે ? દેશ આપણો હશે ? કુટુંબનું ભલું કરવું, ને કુટુંબ આત્માનું ભલું કરશે? કુટુંબ તો આત્માથી જુદું છે. વળી, આ ચારિત્ર કેવું બની રહ્યું છે ? સવારે ઊઠવું, ખાવું, દુકાને જવું, પાંચ-પચીશ રૂપિયા કમાવા- આ બધું શું છે ? આ મારું સ્વરૂપ છે કે ઉકરડા ઉથામાય છે, જલસા ઉડાડે-દુકાને બેઠા- પાંચ-પચીસ રૂપિયા પેદા કર્યા-પછી જમવાનો વખત થયો-પાછો જરી ઊંઘ્યો. આ બધું શું થઈ રહ્યું છે ? આ શું આત્માનું સ્વરૂપ છે ? આ બધું શું બની રહ્યું છે ?

અને મને જે આ ભાવો થાય છે તેનું ફળ શું ? રળવાના ભાવ, ભણવાના ભાવ, પૈસાની વ્યવસ્થા કરવાના ભાવ થાય છે તેનું ફળ શું આવશે ? આવા બધા વિચારો આવે તે શ્રોતાપણાને લાયક છે. મારું શું થશે ? મને આ ભાવોનું શું ફળ આવશે ? પૂર્વે જે ભાવો થયા તેનું આ ફળ આવ્યું, ને હવે આ પરિણામોનું ફળ શું આવશે ?

આટલા વિચાર થયા પછી તેને એમ લાગે કે આ જીવ દુઃખી થઈ રહ્યો છે. વળી પરાધીનતા



લાગે છે. આમાં કાંઈ સુખ લાગતું નથી.

આ જીવ દુઃખી થઈ રહ્યો છે ? તે વાત સાચી લાગે છે ? પરાધીનતા તે જ દુઃખ છે. પૂરણપોળી ને ભજીયાં ખાવા બેઠો હોય-છોકરાં વચ્ચે લાખોના બંગલામાં બેઠો હોય તે સુખી છે ? ના, તે જીવ સુખી નથી, તે જીવ દુઃખી થઈ રહ્યો છે. તેને અંદર જ સંકલ્પ અને વિકલ્પની જાળ ઊઠે છે. રાગદ્વેષની લાળ-પરંપરા ચાલ્યા જ કરે છે. પર્યાયમાં આવું દુઃખ છે એમ જેને ન ભાસે તે શ્રોતાપણાને લાયક નથી. આ નવીન શ્રોતાનું સ્વરૂપ બતાવે છે.

આ જીવ દુઃખી થઈ રહ્યો છે એવો જેને નિર્ણય થાય, પર જીવ દુઃખી થઈ રહ્યો છે તેની વાત નથી. લોકો કહે છે કે દુનિયા દુઃખી થઈ રહી છે તેને સુખી કરીએ. પણ ભાઈ ! દુનિયા તો તેના ભાવથી-મમતાને લઈને દુઃખી છે. તે મમતા ટાળે તો સુખી થશે. તું તેને સુખી કરી શકે નહિ. જેણે પોતે દુઃખ ઊભું કર્યું તે પોતે પોતાનું દુઃખ ટાળે, શું કોઈનું દુઃખ કોઈ બીજાએ ઊભું કર્યું છે ? આત્માનું ભાન ચૂકી વિકાર, રાગ-દ્વેષનો ભાવ ઉત્પન્ન કરવો તે દુઃખ છે. કોઈ પ્રતિકૂળ સામગ્રીનો સંયોગ કે અનુકૂળ સામગ્રીનો વિયોગ તે દુઃખ નથી.

તે દુઃખ દૂર થવાનો સાચો ઉપાય શું છે ?

પ્રથમ હું દુઃખી છું એવો નિર્ણય થવો જોઈએ. જો હું સુખી હોઉં તો પરમાનંદનો પ્રગટ આસ્વાદ આવવો જોઈએ; પણ આનંદ પ્રગટ દેખાતો નથી. માટે રાગ-દ્વેષ-આકુળતાનું દુઃખ છે. હવે તે દુઃખ દૂર થવાનો ઉપાય શું ? મમતા થઈ રહી છે, તેને ટાળવાનો ઉપાય શું ? આટલી વાતનો નિર્ણય કરી, જેથી મારું હિત થાય તે જ કરવું. હજી જગતને ખબર નથી કે શું મારું હિત છે અને શું અહિત છે ?

આત્મા સચ્ચિદાનંદમય-અનાકુળ છે. તેમાં વિકાર-પરની ઓશિયાળ હોય નહિ. પણ સ્વભાવને ભૂલી પરની ઓશિયાળ તે દુઃખના આંસુડાં છે. બહારના કોઈને આંસુડાં પડે પણ નહિ કેમ કે શરીર અને આત્મા વચ્ચે અત્યંત અભાવની મોટી ભીંત છે.

કંઈક મારું કલ્યાણ થાય એ જ કરવું એવા વિચારથી કોઈ જીવ સાંભળવા માટે ઉદ્યમવંત થયો છે. અમસ્તો નવરો થયો હોય અને સાંભળવાનું સહેજે મળી આવે અને સાંભળે તે ઉદ્યમવંત થયો નથી.

વળી, હિતની સિદ્ધિ, શાસ્ત્ર સાંભળવાથી થતી જાણી. કેમ કે સર્વજ્ઞ, મુનિઓ તેમણે આત્માને સમજી શરીરની મમતા ટાળી, સુખ પ્રગટ કર્યું છે. તેમની પાસે પ્રીતિપૂર્વક સાંભળવાથી હિતની સિદ્ધિ થતી જાણી-પોતાનું હિત થવું જાણી-પ્રીતિપૂર્વક સાંભળે છે. પ્રીતિપૂર્વક સાંભળે તેને યાદ રહ્યા વિના રહે નહિ. ઝોલાં ખાય તે સાંભળવાને લાયક નથી.

સંસારમાં ૨૫ લાખ રૂપિયા કમાવાની કેવી પ્રીતિ છે ? તે વાત કેવી રુચિથી સાંભળે ? સ્ત્રી પ્રેમથી વાતો કરે ત્યાં ઝોલું આવે ?

આમ અતિ પ્રીતિપૂર્વક શાસ્ત્ર સાંભળે - તે નવીન શ્રોતા જાણવા. જૂના શ્રોતા આથી વધારે લાયક હોવા જોઈએ. કોઈ તો એમ માને કે આપણે ઘણું સાંભળ્યું છે-સમજ્યા છીએ, પછી શ્રવણમાં રસ ન પાડે-ઝોલાં ખાય-જ્યાં ત્યાં નજર ફર્યા કરે-મનમાં બીજાના સંકલ્પ કર્યા કરે, તે શ્રોતાપણાને લાયક નથી.

કાંઈ પૂછવું હોય તો પૂછે, ગુરુએ કહેલા અર્થને વારંવાર વિચારે અને પોતાના વિચારથી સત્ય અર્થનો-સત્ય ભાવનો નિર્ણય કરી, જે કરવા જેવું છે તેમાં ઉદ્યમી થાય છે. આ વાંચવા જેવું છે, આ સાંભળવા જેવું છે, અમુક નિવૃત્તિ લેવા જેવી છે, બ્રહ્મચર્ય પાળીને વિશેષ નિવૃત્તિ લેવા જેવી છે એ વગેરે જે કરવા જેવું હોય તેનો ઉદ્યમ કરે. -આમ નવા શ્રોતાનું સ્વરૂપ છે.

જે જૈનધર્મનો દૃઢ શ્રદ્ધાળુ છે. નાના પ્રકારના શાસ્ત્ર સાંભળવાથી જેની બુદ્ધિ નિર્મળ થઈ છે, વીતરાગતા તે જ જૈનમાર્ગ છે. જેણે રાગ-પુણ્યથી ધર્મ મનાવ્યો હોય એવા શાસ્ત્રની પ્રીતિ છૂટી ગઈ છે. એવા શાસ્ત્રો તે વાંચતો નથી. તેનું અનુમોદન પણ આપતો નથી. જૈનધર્મ એટલે વીતરાગતા. જેમાં દયા-દાન-ભક્તિ-વ્રતમાં ધર્મ મનાવ્યો તે જૈનધર્મ નથી. જે દેવ-ગુરુ-શાસ્ત્રના નામે દયા-પુણ્યમાં ધર્મ મનાવ્યો છે તેની શ્રદ્ધા છોડી દીધી છે.

પોતાના આત્માના અવલંબનથી રાગરહિત સ્વભાવમાં રમણતાથી-વીતરાગતાથી ધર્મ થાય છે તેને જૈનધર્મ કહેવાય છે. વિશ્વપ્રેમ કરો-હળીમળીને રહો તે બધો રાગ છે. તે રાગમાં વીતરાગતા - જૈનધર્મ બતાવે નહિ. ઝુંપડે ઝુંપડે ફરે તે કોની માટે ફરે છે ? પોતાના રાગની લાગણીને કારણે ફરે છે. તે રાગ લાગણી છે, તે ધર્મ નથી. તેને ધર્મ માને તે મૂઢતા છે. આત્માનું ભાન થયું હોય તેને જરી લાગણી ઊઠે પણ તેને ભાન છે કે તે વિકલ્પ છે અને પરનું ભલું હું કરી શકું નહિ. જે શિથિલ છે તે જ્યાં-ત્યાં 'જે નારાયણ' કરે પણ ધર્મી એવો નથી.

જૂના શ્રોતા હોય તે વીતરાગમાર્ગ સિવાય કોઈને માને નહિ. વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર સિવાય કોઈને માને નહિ.

જૈન તે વાડો નથી. વિકારને-રાગની પર્યાયને સ્વભાવની બુદ્ધિ અને તેમાં સ્થિરતા વડે જીતે તે જૈન છે. સ્વભાવના અવલંબને વિકારને ટાળે તે જૈન છે. આત્મામાં થતો વિકાર-પુણ્ય-પાપ, દયા, દાન તે વિકાર આત્માના ભાન અને સ્થિરતા વડે ટાળે-જીતે તે જૈન છે, બીજી જૈનની વ્યાખ્યા નથી.

એક તત્ત્વને બીજા તત્ત્વ વચ્ચે અત્યંત અભાવનો મોટો ડુંગર પડ્યો છે, તેથી છોકરાનું કોઈ



કરી શકતું નથી. અહો ! મારું તત્ત્વ બીજાના અભાવપણે ટકી રહ્યું છે અને બીજા તત્ત્વો પણ મારા અભાવપણે ટકી રહ્યા છે. શરીરમાં આત્માનો અભાવ છે અને આત્મામાં શરીરનો અભાવ છે. ઇચ્છાથી શરીરનું કરી શકાય છે ? જો કરી શકાતું હોય તો રોગ શું કામ આવવા દે છે ? સ્ત્રી-પુત્રને શું કામ મરવા દે છે ? પ્રથમ ઘરમાં દયા પાળ ! તારે દયા પાળવી છે ને ? તારા રાગથી છોકરાંને જીવતો રાખ ! પણ એ રાગથી તારો છોકરો બચાવી શકતો નથી. તો બીજાને બચાવી દઉં તે તારી માન્યતા અજ્ઞાન છે.

બે તત્ત્વ વચ્ચે અભાવ છે. આ બે આંગળી બેપણે છે કે એકપણે છે ? જો એકપણે છે તો બે રહેતી નથી અને જો બેપણે છે તો સિદ્ધ થઈ ગયું કે તો બન્ને પોતપોતામાં છે, એકમાં બીજી નથી.

તેમ શરીર અને આત્મા બે છે કે એક છે ? એક છે તો શરીર અને આત્મા એમ બે રહેતા નથી, અને જો બે છે તો શરીર અને આત્મા બન્ને જુદા સિદ્ધ થયા. તો શરીર આત્માનું કાંઈ કરતું નથી અને આત્મા શરીરનું કાંઈ કરતો નથી.

એક બીજામાં અભાવ છે; તે અભાવ અજ્ઞાનીને બેસતો નથી. સ્વતંત્ર દ્રવ્યો પોતપોતાની પર્યાયમાં સ્વતંત્રપણે પરિણમી રહ્યા છે. એક બીજાનું કાંઈ કરતા નથી.

અનેક પ્રકારના શાસ્ત્રો સાંભળવાથી જેની બુદ્ધિ નિર્મળ થઈ છે. જુઓ ! અહીં વીતરાગી શાસ્ત્રો કહ્યા છે, સર્વજ્ઞ અનુસાર હોય તેને જ શાસ્ત્ર કહ્યાં છે. બાકીને શસ્ત્ર કહ્યા છે.

વળી શ્રોતા વ્યવહાર-નિશ્ચયનું સ્વરૂપ જાણતો હોય. નિશ્ચય જ્ઞાનાનંદ સ્વભાવનું ભાન થયું છે; તેને પર્યાયમાં રાગ હોય તે વ્યવહાર કહેવાય.

ઉપાદાન-નિમિત્ત = દરેક પદાર્થ પોતાથી કાર્ય કરે છે, ત્યાં બીજી ચીજ હોય છે તેને નિમિત્ત કહે છે.

સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો પક્ષપાતી થયો હોય, છતાં તે વિકારને ધર્મ ન માનતો હોય તે વ્યવહાર છે. અને તે વિકાર રહિત સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક વીતરાગતા તે નિશ્ચય છે.

ઈત્યાદિ વ્યવહાર-નિશ્ચયને યથાર્થપણે જાણી-એક બીજાને એક બીજામાં ખતવતો નથી. સાંભળેલા અર્થને - નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્તનું સ્વરૂપ યથાર્થ જાણી તેને અવધારે છે.

કર્મ વિકાર કરાવતું નથી. કોઈ તત્ત્વમાં કોઈને લૂંટવાની કે મદદ કરવાની તાકાત નથી. લોકો માને છે કે કર્મનો ઉદય આવે એટલે અમારી બુદ્ધિ ફરી જાય છે, તે વાત સાચી નથી. તું ઊંધાઈ કરે છે ત્યારે કર્મને નિમિત્ત કહેવાય છે.

અતિ વિનયવાન થઈ સમજવા માટે પ્રશ્ન કરે છે, સમજવા માટે પ્રશ્ન કરે, પૂછ્યા વિના સમજાય કેમ ? માટે નિર્ણય કરવા માટે બરાબર પૂછવું જોઈએ.

''અથવા પરસ્પર અનેક પ્રશ્નોત્તર વડે વસ્તુનો નિર્ણય કરે છે.''

જૈનધર્મના દૃઢ શ્રદ્ધાળુ હોય તે માંહો માંહે અને પ્રશ્નોત્તર વડે નિર્ણય કરે. આવો માહાત્મ્યવાળો આત્મા કહો છો, તો શું તેને વિકાર કરવાનો ભાવ છે ? માટે કર્મને લઈને વિકાર થાય છે તેને કહે છે કે એમ નથી, તેનો નિર્ણય કર ! આત્મા પોતાની ભૂલથી વિકાર કરે છે, કર્મ વિકાર કરાવતું નથી.

વળી, તે શ્રોતા શાસ્ત્રાભ્યાસમાં અતિ આસક્ત હોય તથા ધર્મબુદ્ધિપૂર્વક નિંદવા યોગ્ય કાર્યનો ત્યાગી થયો છે -દારૂ-માંસ-મદ્ય, ત્રસવાળો ખોરાક, પુરુષને પરસ્ત્રી, સ્ત્રીને પરપુરુષ, સાધારણ લૌકિક નીતિમાં ન હોય. તેથી શ્રોતા આવા નિંદ્ય કાર્યોનો ત્યાગી થયો છે.

આવા જીવો શાસ્ત્રના શ્રોતા હોવા જોઈએ.

## આસો વદ ૯, રવિવાર, ૧૨-૧૦-૫૨.

ધર્મ શ્રવણ કરનાર જીવો કેવા હોય ? શ્રવણ કરનાર જીવને પ્રથમ એવો વિચાર આવે કે 'હું કોણ છું, હું મરીને ક્યાં જઈશ ? આ બધું શું બની રહ્યું છે, આ ભાવો થાય છે તેનું ફળ શું આવશે ?' આ બધું વિચારે તેને નવીન શ્રોતા કહે છે.

ત્યાર પછી બીજા પ્રકારના શ્રોતા લીધા. ત્યાં હજી તેણે આત્મજ્ઞાન લીધું નથી, પણ તેણે વ્યવહાર-નિશ્ચયનું સ્વરૂપ સાંભળી યથાર્થપણે અવધાર્યું હોય તથા ધર્મબુદ્ધિપૂર્વક નિંદ્યકાર્ય છોડ્યા હોય. અહીં ધર્મબુદ્ધિ એટલે સમ્યગ્દર્શન નથી, પણ તે પહેલાં આવી લાયકાત પ્રગટી છે. આટલું ન હોય તે શ્રોતામાં ગણાતો નથી, તો તે સાંભળવાને લાયક તો હોતો જ નથી.

તેને વીતરાગે કહેલાં તત્ત્વોની શ્રદ્ધામાં યથાર્થતા, નિશ્ચય-વ્યવહારની તથા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધામાં યથાર્થતા હોય છે અને લૌકિક નિંદ્ય કાર્યોનો ત્યાગી થયો છે.

''વળી શ્રોતાના વિશેષ લક્ષણ આ પ્રમાણે પણ છે. જેને કંઈક વ્યાકરણ, ન્યાયાદિકનું વા મહાન જૈનશાસ્ત્રનું જ્ઞાન હોય તો શ્રોતાપણું વિશેષ શોભે.''

વ્યાકરણ થોડું શીખ્યો હોય, ન્યાયનું પણ થોડું શીખ્યો હોય તો શ્રોતાપણું વિશેષ શોભે. એવો હોવા છતાં પણ જો તેને આત્મજ્ઞાન ન હોય તો ઉપદેશનો મર્મ સમજી શકે નહિ. માટે આત્મજ્ઞાન વડે જે સ્વરૂપનો આસ્વાદી થયો છે તે જૈનધર્મના રહસ્યનો શ્રોતા છે. વળી જો એને આત્માનું જ્ઞાન ન હોય તો ઉપદેશનો મર્મ સમજે નહિ. જ્યાં નિશ્ચયની વાત કરે ત્યાં વ્યવહારને ઉડાવે અને



વ્યવહારની વાત કરે ત્યાં નિશ્ચયને ઉડાવે.

બીજા પ્રકારનો શ્રોતા દેવ-ગુરુ-શાસ્ત્રને તો માનતો હતો તેથી તેને શ્રોતામાં ગણ્યો હતો પણ તે ઉપદેશનો મર્મ સમજ્યો છે એમ કહ્યું નથી. જેને આત્માનું જ્ઞાન થયું છે તે વિશેષ શ્રોતા છે તે મર્મ પકડી શકે છે.

એક સમયની પર્યાય થાય છે તેનું કારણ કોણ ? ખરેખર તો કારણ પણ પર્યાય અને કાર્ય પણ તે જ પર્યાય. પર્યાય પણ તે તે ક્ષણનું સત્ છે. નિશ્ચયથી તો કોઈ કારણ-કાર્ય નથી. એવી ઝીણી સૂક્ષ્મ વાત આવે તો તેનો મર્મ સમજે.

પર્યાય ગુણ વિના પોતાના કારણ-કાર્યને કરે છે. આ વાતને ચિદ્વિલાસમાં દીપચંદજીએ કહી છે. અત્યારે પંડિતો તેની ના પાડે છે. જે સમયે જે પર્યાય થાય તે નિમિત્ત વિના તો હોય પણ દ્રવ્ય-ગુણને લઈને પણ નહિ ? પણ પર્યાય પર્યાયને કારણે થાય છે. આવો ન્યાય અબાધિત સિદ્ધ થાય છે. આ ન્યાય નથી તો શું છે ?

જૈનશાસ્ત્રના-વીતરાગતા-સ્વતંત્રતાના ન્યાયને-મર્મને સમજતો હોય તે શ્રોતા વિશેષ શોભે. વળી એવો હોવા છતાં પણ જો તેને આત્મજ્ઞાન ન હોય તો ઉપદેશનો મર્મ સમજી શકે નહિ. આત્મજ્ઞાન વિનાનો હોય તો પણ પ્રથમ આવી દૃઢતાવાળો તો હોવો જોઈએ. જેને આવી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા ન હોય તે બીજા પ્રકારના શ્રોતામાં આવતો નથી. માટે જે આત્મજ્ઞાન વડે સ્વરૂપનો આસ્વાદી થયો છે તે જૈનધર્મના રહસ્યનો શ્રોતા છે.

વળી પ્રજ્ઞા અતિશયવંત બુદ્ધિ હોય કે જેનાથી ચૌદપૂર્વના ન્યાયો અંદરથી આવે. પોતાને ચૌદપૂર્વ ન હોય છતાં વીતરાગે કહેલાં સૂક્ષ્મ ન્યાયો પોતાને અંદરથી તર્કમાં આવી જાય છે. આવી તીક્ષ્ણ બુદ્ધિ હોય તો શ્રોતા વિશેષ શોભે. આત્માનું જ્ઞાન તો છે જ. અથવા અવધિ-મનઃપર્યય જેને હોય તે મહાન શ્રોતા જાણવો. શ્રોતામાં કેવળી ન આવે. કેવળજ્ઞાની વક્તામાં આવે પણ શ્રોતામાં ન આવે કેમ કે તે પૂર્ણ થઈ ગયા છે.

વળી શાસ્ત્ર સાંભળવાથી આપણું ભલું થશે પણ ન્યાયને પકડી શકતા નથી કે આત્મા શું ? જ્ઞાન શું ? તેને પુણ્યબંધ થાય છે, તેને ધર્મ થતો નથી. તેને જન્મ-મરણ મટતા નથી-આત્માનો લાભ થતો નથી. જ્ઞાનની મંદતાથી આત્માનું જ્ઞાન કરી શકે નહિ-આત્માનો નિર્ણય કરે નહિ તેને પુણ્ય થાય, ધર્મ થાય નહિ.

વળી કુળપ્રવૃત્તિપૂર્વક-આપણે જૈનકુળના છીએ-આપણા મહારાજ આવ્યા છે, બધા જાય છે માટે આપણે પણ જવું જોઈએ. વળી હમણાં કંઈ કામ નથી માટે ચાલો સાંભળવા જઈએ, તેને કાંઈ લાભ થતો નથી. તેને શાસ્ત્રશ્રવણનો પ્રેમ નથી, સાંભળે તો પણ કંઈ અવધારણ કરતો નથી.

તેને પરિણામ અનુસાર કોઈ વેળા પુણ્યબંધ થાય છે, કોઈ વાર પાપબંધ થાય છે, કેમ કે તે પ્રીતિથી સાંભળતો નથી. તેથી વિચારો બીજે ચડી જાય છે-દુકાનના વિચારો આવે.

પરમાત્મપ્રકાશમાં યોગીન્દુદેવે કહ્યું છે કે વાછડાંને છૂટવાનો વખત આવે ત્યારે હરખથી કૂદે છે અને તું અનંતકાળથી બંધાયેલો, તને બંધનથી છૂટવાની વાત સંભળાવવામાં આવે અને જો હરખ-ઉત્સાહ નથી આવતો તો વાછડાંમાંથી જાય એવો છે.

વળી જે મદ ખાતર - અમે કંઈ જાણીએ છીએ એમ બતાવવા પ્રશ્ન કરે, વાદ કરવાનો અભિપ્રાય છે, મહંતતાનો ભાવ છે, સાંભળીને બીજાને કહેવાનો અભિપ્રાય રાખે છે. એ રીતે સાંભળે-વાંચે-સંભળાવે- તે ધારીને મોટપ લેવા, વક્તા થવા, માન ખાટવા ભણે છે-ભણાવે છે તે બધા કેવળ પાપબંધ કરે છે.

અથવા શાસ્ત્ર સાંભળે પણ ''કોઈનો પરોપકાર કરવાની તો વાત કરતા નથી, લોકોને રોટલા મળે નહિ, કામ મળે નહિ માટે તેની સંભાળ રાખો એવી વાત તો કરતા નથી અને આ આત્મા-આત્માની વાત કરો છો'' એમ જેને તે રુચતું નથી તે એકાંત પાપબંધ કરે છે.

સાંભળવામાં એવો ભાવ રહે કે આ સાંભળીને ધારશું ને વક્તા થશું-ઉપદેશ આપશું, લોકોને લાગે કે આ પણ એક ધર્મી છે-એવો જેનો ભાવ છે તે શીખે તે પાપબંધ કરે છે, ને શીખવાડે તે પણ પાપબંધ કરે છે. એવા માન-લોભને માટે શીખે તો પણ પાપ બાંધે છે. તેનું સ્વરૂપ પણ યથાસંભવ સમજવું. સુદૃષ્ટિ તરંગિણીમાં વિશેષ શ્રોતાનું સ્વરૂપ કહ્યું છે. (તે મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૧૯ની ફૂટનોટમાંથી વાંચી લેવું.)

એ પ્રમાણે શાસ્ત્રનું તથા વક્તા-શ્રોતાનું સ્વરૂપ કહ્યું. ત્યાં ઉચિત શાસ્ત્રને ઉચિત વક્તા થઈ વાંચવું તથા ઉચિત શ્રોતા થઈ સાંભળવું યોગ્ય છે. વીતરાગે કહ્યા અનુસાર જે નથી તે શાસ્ત્ર જ નથી, તેને વાંચવું તે પાપ છે. તેમાં કુદેવ-ગુરુ-શાસ્ત્રનું વાંચવું-અનુમોદવું તે એકાંત પાપ છે.

મોક્ષમાર્ગ પ્રકાશક ગ્રંથની પ્રમાણતા આવી ગઈ, હવે તેનું જે નામ છે તેની સાર્થકતા છે કે નહિ ? આવું નામ કેમ પડ્યું ? તે હવે બતાવે છે.

મોક્ષમાર્ગ પ્રકાશક ગ્રંથની પ્રમાણતા-પૂર્વાચાર્ય અનુસાર તે પ્રમાણતા અને નામ કેમ પડ્યું, તેનું પ્રયોજન બતાવે છે. તેનું મોક્ષમાર્ગ પ્રકાશક નામ કેમ પડ્યું-તે નામ અર્થ સહિત છે, પ્રયોજન સહિત છે. નામ પ્રમાણે તેનો અર્થ છે.

## મોક્ષમાર્ગ પ્રકાશક ગ્રંથની સાર્થકતા

''આ સંસારરૂપ અટવીમાં સમસ્ત જીવો કર્મનિમિત્તથી ઉત્પન્ન નાના પ્રકારના દુઃખોથી પીડિત થઈ રહ્યા છે.''



સંસાર છે, જીવનું ભ્રમણ છે, તે કાંઈ ભ્રમ નથી. તારી અવળાઈથી રખડ અને સવળાઈથી તેને ટાળ. સંસારમાં સિદ્ધ સિવાયના સમસ્ત જીવો કર્મનિમિત્તથી ઉત્પન્ન નાના પ્રકારના દુઃખોથી પીડિત થઈ રહ્યા છે.

અહીં નિમિત્ત કહ્યું તે કાળે નૈમિત્તિક છે કે નહિ ? નિમિત્તથી એટલે કે પોતાના નૈમિત્તિક સ્વભાવના કાળથી રખડે છે, કર્મનિમિત્તથી નહિ. અહો ! જીવો દુઃખથી પીડિત છે. સંસાર અટવી તે જીવના પર્યાયમાં છે. તેમાં કર્મનિમિત્તથી નાના પ્રકારના દુઃખ છે. કોઈને સ્ત્રી સારી ન હોય, કોઈને ધણી સારો ન હોય - અને બધું હોય તો પણ અંતર સંસાર-વિકારના દુઃખ હોય. આત્માને સમજ્યા ન હોય તે બધા દુઃખી છે. શેઠિયા પણ દુઃખી છે, પૈસાવાળા દુઃખી, નિર્ધન દુઃખી - તે બધા પરના ઓશિયાળા છે માટે દુઃખી છે. આત્માના સ્વાભાવિક આનંદને ચૂકીને પરાધીન સ્વપ્ને પણ સુખી નહિ. ચિદાનંદ આત્મા છે તેનું ભાન નથી તે બધા પીડિત થઈ રહ્યા છે. બધા મમતાથી દુઃખી છે, તે બધા દુઃખી થાય છે તે પોતાની મમતાથી થાય છે, કર્મ કરાવતું નથી.

''ત્યાં સંસાર અટવીમાં અજ્ઞાન અંધકાર છવાઈ રહ્યો છે.'' મિથ્યા અંધકારમાં સૂઝ પડતી નથી, શું વિષયમાં સુખ હશે ? તે સુખના ઉપાય કરે છે પણ સાચા ઉપાયની તેને ખબર નથી, રોગ આવે તો દાકતર બોલાવે, પણ તે સુખનો ઉપાય નથી.

''તેમાંથી છૂટવાનો માર્ગ પણ પામતા નથી. પરંતુ તરફડી તરફડી ત્યાં જ દુઃખને સહન કરે છે.'' કીડીમાં, કાગડામાં જ્યાં ગયો ત્યાં રાંકાઈ કરે. અન્ન નથી, પાણી નથી. કદાચ મળે તો પણ દુઃખી છે. તરફડી તરફડી દુઃખ સહન કરે છે એવા અંધકારથી છૂટવા અર્થે જગતમાં તીર્થંકર કેવળી ભગવાનરૂપ સૂર્યનો ઉદય થયો. સર્વજ્ઞરૂપ તીર્થંકર વિમળ ભાનુ ઉગ્યો છે.

અંધકારમાં રખડતા પ્રાણીને છૂટવાનો માર્ગ સૂઝ્યો નહિ ત્યાં શ્રી તીર્થંકર કેવળીરૂપ સૂર્યનો ઉદય થયો. તે પરમાત્મા હતા ને અવતર્યા છે -એમ નથી. પણ જગતના આત્મામાંનો એક આત્મા પોતાના ઉન્નતિક્રમમાં આવતા બીજાને ધર્મ પામવાનું નિમિત્ત થાય, તે આત્મા તીર્થંકરપણે જન્મે છે. પણ તે મુનિપણું લઈ કેવળજ્ઞાન પામી - તેને દિવ્યધ્વનિ છૂટે છે. કેવળી થાય એટલે તીર્થંકરને વાણી છૂટ્યા વિના રહે નહિ. તે વાણીરૂપ કિરણો વડે અંધકાર દૂર થાય અને લોકો સાચા માર્ગને જાણે. તે વાણી દ્વારા માર્ગનો પ્રકાશ થયો. સૂર્યને ઈચ્છા નથી કે માર્ગ પ્રકાશું-અંધકારને દૂર કરું પણ સ્વાભાવિક જ તેના કિરણો ફેલાય છે. તે જ પ્રમાણે સર્વજ્ઞ-વીતરાગને ઈચ્છા નથી કે અમે મોક્ષમાર્ગનો પ્રચાર કરીએ, જગતને સમજાવીએ પણ સ્વાભાવિકપણે અઘાતિના ઉદયથી વાણી નીકળે છે, તે કેવી રીતે નીકળે છે તે બતાવશે.

## આસો વદ ૧૦, સોમવાર, ૧૩-૧૦-૫૨.

મોક્ષમાર્ગ પ્રકાશકનું નામ છે તે સાર્થક છે તેની વાત ચાલે છે. આ શાસ્ત્રમાં દરેક અધિકાર મોક્ષમાર્ગનો પ્રકાશ કરે છે. પાંચમો છઠ્ઠો અધિકાર પણ વીતરાગ સર્વજ્ઞદેવે કહેલા મોક્ષમાર્ગનો જ પ્રકાશ કરે છે, બધા અધિકાર મોક્ષમાર્ગનો પ્રકાશ કરે છે. આત્મા, જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. તેની વ્યવહાર અને નિશ્ચય શ્રદ્ધા કેવી હોવી જોઈએ તેની આ વાત છે.

જે સંપ્રદાય ગૃહીત મિથ્યાત્વને પોષે છે તેનું સ્વરૂપ શું છે ? તે આ ગ્રંથ બતાવે છે. વીતરાગ સર્વજ્ઞદેવે દિવ્યધ્વનિ દ્વારા જે કહ્યું અને તે દ્વારા ગણધરે જે કહ્યું તે અનુસાર આચાર્યદેવે કહ્યું છે, અને તે અનુસાર જ આ મોક્ષમાર્ગ પ્રકાશક શાસ્ત્ર રચવામાં આવ્યું છે.

ચોરાશી લાખના અવતારમાં જીવો દુઃખી થઈ રહ્યા છે, તેવા જીવોનું ભલું થવા અર્થે વીતરાગની વાણી નીકળી, વીતરાગની વાણી નીકળે અને ભલું થવા યોગ્ય જીવો ન હોય એમ બને જ નહિ. અંતર નિશ્ચય આત્મસ્વરૂપ શું છે ? અને વ્યવહાર શું છે ? તે સમજાવવા માટે એટલે કે મુક્ત થવાનો માર્ગ પ્રકાશવા માટે કેવળી ભગવાનરૂપ સૂર્યનો ઉદય થયો. કેવળી તીર્થંકર ભગવાનનો ઉદય થાય અને ભલું થવા યોગ્ય સામા જીવોનું ઉપાદાન ન હોય એમ બને જ નહિ. સૂર્ય ઊગે અને અંધકાર ન ટળે -એમ કોઈ દિવસ બને નહિ.

શ્વેતાંબર મતવાળા કહે છે કે મહાવીર ભગવાનની વાણી નીકળી પણ ખાલી ગઈ કેમ કે સભામાં પાત્ર ઝીલનાર નહોતા, પણ તેમ કદી હોઈ શકે નહિ. તે જીવોની લાયકાત તેવી છે ત્યારે એવું નિમિત્ત હોય છે. અને ભગવાનની વાણી નિમિત્ત હોય અને જીવોના લાયકાત ન હોય એમ બને નહિ.

અજ્ઞાનીઓનું ભલું થવું છે એટલે અજ્ઞાન અંધકાર ટાળવા કેવળજ્ઞાનરૂપી સૂર્ય ઊગ્યો. સૂર્યને એવી ઈચ્છા નથી કે હું પ્રકાશ કરું. તેમ ભગવાનને એવી ઈચ્છા નથી કે હું મોક્ષમાર્ગને પ્રકાશ કરું પણ સ્વાભાવિકપણે સહજ અઘાતિકર્મના ઉદયથી તેમના શરીરરૂપ પુદ્‌ગલો ધ્વનિરૂપ પરિણમે છે. જેમ સૂર્યના કિરણો પરિણમે છે તેમ વાણી પરિણમે છે.

અસંખ્ય પ્રદેશે સર્વાંગથી ધ્વનિ ઊઠે છે. એકલા મોઢેથી ધ્વનિ નીકળતો નથી. સૂર્યથી કિરણ નીકળે છે. કિરણનો સૂર્ય સાથે સંબંધ છે તેમ અહીં દિવ્યધ્વનિને ભગવાનના શરીર સાથે સંબંધ બતાવવો છે. ધ્વનિ બન્યો છે તો ભાષાવર્ગણાના પુદ્‌ગલોથી પણ અસંખ્યાત પ્રદેશે શરીરના સર્વાંગથી ખરે છે એટલે શરીરરૂપ પુદ્‌ગલો ધ્વનિરૂપ પરિણમે છે એવી શૈલી અહીં લીધી છે. તે દિવ્યધ્વનિ દ્વારા મોક્ષમાર્ગનું સહજ પ્રકાશન થાય છે, વળી ગણધરદેવોને એવો વિચાર આવ્યો કે જ્યારે કેવળી ભગવાનરૂપ સૂર્ય-કેવળજ્ઞાનરૂપી સૂર્ય અસ્ત થશે ત્યારે જગતને અંધકાર ટાળવાનું નિમિત્ત કોણ થશે? એવી કરુણા ઊપજી તેથી મહાન દીપકો સમાન અંગો રચ્યાં.



વળી જેમ દીપકને દીપક જોડવાથી દીપકની પરંપરા ચાલે છે તેમ અંગો ઉપરથી આચાર્ય, ઉપાધ્યાય તથા મુનિઓએ અન્ય ગ્રંથો રચ્યા. વળી તેમાંથી સમ્યગ્જ્ઞાની ગૃહસ્થોએ અન્ય ગ્રંથો રચ્યા. એ પ્રમાણે ગ્રંથોથી ગ્રંથોની પરંપરા સર્વજ્ઞ અનુસાર ચાલી આવે છે. તેમ હું પણ પૂર્વ ગ્રંથો ઉપરથી આ મોક્ષમાર્ગ પ્રકાશક ગ્રંથ બનાવું છું. આ ગ્રંથના ૫-૬ અધિકારમાં જે વર્ણન કર્યું છે તે બધું પૂર્વ ગ્રંથ અનુસાર છે. મારા ઘરનું લખ્યું નથી. અનંત જ્ઞાનીઓ થઈ ગયા તેમણે મોક્ષમાર્ગ પ્રકાશ્યો છે, તે અનુસાર મેં લખ્યું છે. દીવે દીવો થતો આવ્યો છે.

જેમ સૂર્ય અને બધા દીપકો માર્ગને એક જ રૂપે પ્રકાશે છે તેમ દિવ્યધ્વનિ અને બધા ગ્રંથો માર્ગને એક જ રૂપે પ્રકાશે છે. મિથ્યાશ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનો નાશ કરે છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રકાશે છે.

વળી આંધળા નેત્રરહિતને અથવા વિકારસહિત પુરુષને-મોતિયાવાળાને તે પ્રકાશ હોવા છતાં માર્ગ સૂઝતો નથી તેથી કાંઈ દીપકનો માર્ગપ્રકાશકપણાનો અભાવ થયો નથી. તેમ ભગવાન-ગણધર તથા શાસ્ત્રોરૂપ દીવા હતા તે પ્રમાણે આ ગ્રંથ પણ દીવો છે પણ અજ્ઞાનીને માર્ગ સૂઝતો નથી તેથી કાંઈ આ ગ્રંથના મોક્ષમાર્ગપણાનો અભાવ થયો નથી.

જેનામાં જ્ઞાન નથી, જે મૂઢ છે અને ઊંધા આગ્રહવાળા છે તે દેવ કોણ ? ગુરુ કોણ ? શાસ્ત્ર કોણ ? તેને સમજે નહિ, અને ઊંધા આગ્રહવાળા છે તેને આ મોક્ષમાર્ગ પ્રકાશક ગ્રંથ હાથ આવવા છતાં માર્ગ સૂઝશે નહિ, તેથી આ ગ્રંથનો મોક્ષમાર્ગ પ્રકાશકપણાનો અભાવ નથી.

સૂર્ય ઊગ્યો હોય અથવા દીવા થયા હોય છતાં પણ આંધળાને માર્ગ સૂઝે નહિ, તેમ આવો ગ્રંથ મોક્ષમાર્ગને પ્રકાશે છે છતાં સૂઝે નહિ તો તેના અભાગ્યની મહિમા કોણ કરે ?

**પ્રશ્ન** : મોક્ષમાર્ગના પ્રકાશક પૂર્વ ગ્રંથોમાં - જૂના પ્રમાણ ગ્રંથોમાં પરંપરા ચાલી આવે છે છતાં તમે નવો ગ્રંથ કેમ કર્યો ?

**ઉત્તર** : જેમ મોટા દીવામાં તેલ ઘણું જોઈએ, વખત ઘણો જોઈએ પણ જેને ઘણાં તેલાદિની શક્તિ ન હોય તો તેને નાનો દીવો કરી આપે તો થોડાથી પોતાનું સાધન રાખી કાર્ય સાધી લે. તેવી રીતે ગણધરો તથા આચાર્યોની શક્તિ ઘણી હતી. તેથી તેમને ઘણાં જ્ઞાન આદિનું મોટું સાધન હતું, પણ તેવી બુદ્ધિ-શક્તિ ન હોય તે આવા નાના ગ્રંથો વાંચી પોતાનું કાર્ય સાધી લે. જેને ઘણાં જ્ઞાનની શક્તિ ન હોય તેને લઘુ ગ્રંથ બનાવી આપીએ તો તેનું સાધન રાખી તેના પ્રકારથી પોતાનું કાર્ય કરી શકે.

આ ગ્રંથ બન્યો છે થોડો છતાં એવી શૈલીથી બન્યો છે કે હજારો ગ્રંથોનું માખણ તારવીને મૂકી દીધું છે.

''માટે આ સુગમ લઘુ ગ્રંથ બનાવીએ છીએ.'' સહેલી-સાદી ભાષામાં ગ્રંથ બનાવીએ છીએ. થોડે પોતાનું સાધન થાય, માટે બનાવીએ છીએ. પણ માન, યશ, આબરૂ કે પરંપરા સાચવવા હું આ ગ્રંથ બનાવતો નથી. મારી પરંપરા ચાલે આબરૂ વધે માટે હું બનાવતો નથી પણ લોકો સહેલાઈથી પોતાનું સાધન કરી શકે માટે બનાવું છું.

બહુ નયો તથા પ્રમાણના વિસ્તારનું જ્ઞાન ન હોય તેનાથી મહાન ગ્રંથોનો અભ્યાસ બની શકે નહિ, અને નાના ગ્રંથોનો અભ્યાસ બને, પણ તેનો મર્મ શું છે તે સમજે નહિ. એવા આ કાળમાં - અત્યારે મંદ બુદ્ધિવાન જીવો ઘણા જોવામાં આવે છે-તેમનું ભલું થવા અર્થે, ધર્મબુદ્ધિપૂર્વક આ ભાષાગ્રંથ બનાવું છું.

વળી જેમ કોઈ મહાન દરિદ્રીને ૨૫ કરોડનો હીરો અથવા દેવ અધિષ્ઠિત ચિંતામણિ જોવા માટે પ્રાપ્ત થાય છતાં તે ન દેખે તો તેનું શું કહેવું ? અથવા જેમ કોઈ કોઢીઆને અમૃતપાન કરાવવા છતાં પણ ન કરે તેમ સંસાર પીડિત જીવને સુગમ મોક્ષમાર્ગના ઉપદેશનું નિમિત્ત બને છતાં તે અભ્યાસ ન કરે તો તેના અભાગ્યની મહિમા કોણ કરી શકે ? તેનું તો ભાવી જ વિચારી પોતાને સમતા આવે.

ચાર ગતિમાં રખડતા જીવને સુગમ મોક્ષમાર્ગના ઉપદેશનું નિમિત્ત બને, છતાં તે અભ્યાસ ન કરે તો તેના અભાગ્યનો મહિમા કોણ કરે ? -તે જીવ ભારે મોટો અભાગી છે.

આવો સુગમ ગ્રંથ બનાવ્યો અને વાંચે નહિ, અવલોકન કરે નહિ અને વિરોધ કરે અને ભડકે. અરે ! આમાં આવું વિરોધનું લખ્યું છે ?

મોક્ષમાર્ગ પ્રકાશક ગ્રંથ - આખો ય - મોક્ષમાર્ગનો પ્રકાશ કરે છે. તેમાં કોઈ અધિકાર મોક્ષમાર્ગનો પ્રકાશ કરે અને કોઈ નથી કરતો -એમ નથી.

આવો અમૃત જેવો ગ્રંથ છે છતાં તેને કોઢિયાની જેમ વાંચે નહિ અને અભ્યાસ પણ કરે નહિ તેના અભાગ્યનો મહિમા કોણ કરી શકે ? તેનું ભવિષ્ય વિચારી તેનું ભાવિ-હોનહાર ખરાબ છે એમ જાણી પોતાને સમતા આવે.

કહ્યું છે કે :-

**साहिणे गुरुजोगे जे ण सुणंतीह धम्मवयणाई ।**
**जे धिट्ठदुट्ठचित्ता अह सुहडा भवभयविहुणा ।।**

**અર્થ** : સ્વાધીન ઉપદેશદાતા ગુરુનો યોગ મળવા છતાં પણ જે જીવ ધર્મવાક્યોને નથી સાંભળતો તે ધીઠ અને દુષ્ટ ચિત્ત છે. અથવા જે સંસારભયથી શ્રી તીર્થંકરાદિ ડર્યા તે સંસારભયથી જે રહિત છે તે મોટો સુભટ છે.



ગુરુનો યોગ સહેજે મળતાં છતાં - એટલે કે ગુરુના યોગ માટે પરદેશ જવું પડે -એમ નથી. અહીં પહેલાં ગુરુયોગ કહ્યો છે, વાંચવાનું પહેલાં લીધું નથી. ધર્મના વચનોને શ્રવણ કરતો નથી તે ધીઠો છે- દુષ્ટ છે. વિકથા સાંભળે - અલકમલકની વાતો કરે - લડાઈની વાતો કરે એવો વખત મળે, પણ ભાઈ ! આવો સાંભળવાનો અવસર મળવો અનંતકાળે દુર્લભ છે.

જગતને ધર્મવાક્યોનું શ્રવણ કરવું હોય તો વખત મળતો નથી. ધર્મ કરવા માટે ઉંમરની સાથે સંબંધ નથી. ગમે ત્યારે જીવ સમજવા માંગે ત્યારે સમજી શકે છે. તેમાં ૨૫ કે ૫૦ વર્ષનો પ્રશ્ન જ નથી. ૨૫ વર્ષનો ધર્મ ન સમજી શકે અને ૫૦ વર્ષનો નવરો થયા પછી સમજે એવો ધર્મ સમજવા માટે ઉંમરનો સંબંધ નથી.

જન્મથી જ જેઓ ત્રણ જ્ઞાનના ધણી છે, જેમને તે ભવે મોક્ષનો કોલકરાર છે છતાં તે તીર્થંકર ભગવાન પણ સંસારથી ડર્યા. તીર્થંકર ભગવાન બાર ભાવના ભાવે છે ! અરે ! તું ત્રણ જ્ઞાન લઈ આવ્યો છતાં હજી કેવળજ્ઞાન-મહાનિર્જરા-મહા શુદ્ધિ કરવાની બાકી છે. જે સંસારના ભયથી તીર્થંકરો, ગણધરો, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ ડર્યા, વાસુદેવ ભોગ છોડી શક્યા નહિ પણ અંદર સંસારનો ભય હતો. એવા સંસારભયથી જે ડરતો નથી તે ઊંધો સુભટ છે.

સુકુમાર પણ સંસારભયથી ડર્યા, અબજોપતિ, રાજાઓ, ચક્રવર્તી પણ ડર્યા. તે સંસારનો ત્રાસ જેને લાગતો નથી તેઓ ઊંધાઈમાં સુભટ છે. કેટલાક રાજાઓ નરકમાં જવાની વાતથી ડરતા નહોતા અને ધીઠાઈથી જવાબ આપતા કે ''આ હાથે કર્યા અને આ હાથે ભોગવશું - અમે ક્ષત્રિય છીએ, વેવલા નથી.

અહીં મોક્ષમાર્ગની દુર્લભતા છતાં સુગમતા બતાવે છે. ગણધરદેવ સમાન મંગળમય ભગવાન કુંદકુંદાચાર્યદેવે પ્રવચનસારમાં જ્યાં ''મોક્ષમાર્ગ અધિકાર'' કર્યો ત્યાં પણ પ્રથમ આગમજ્ઞાન ગ્રહણ કરવાનું કહ્યું છે. સર્વજ્ઞ વીતરાગે કહેલ આગમ અનુસાર જ્ઞાન કેમ છે તેને યથાર્થ જાણીને ગ્રહણ કરવું જોઈએ -એમ પ્રથમ કર્તવ્ય બતાવ્યું છે. માટે પ્રથમ આગમનો નિર્ણય કરવો પડશે. આ જીવનું મુખ્ય કર્તવ્ય તો આગમજ્ઞાન જ છે. દ્રવ્યાનુયોગ વગેરે ચારે અનુયોગનો અભિપ્રાય શું છે તેને જાણી, પૂર્વાપર વિરોધ રહિત હિત-અહિતનો નિર્ણય કરવો જોઈએ.

શ્રી ટોડરમલજી પોતે મહાન પૂર્વાચાર્યનો વિનય સહિત આધાર આપી કહે છે કે શ્રી કુંદકુંદાચાર્ય પણ આમ કહે છે.

પ્રથમ યથાર્થ આગમ શું ને તે શું કહે છે તે નક્કી કરવાની તાકાત જેને નથી તે બીજું વિશેષ શું કરી શકે ? પ્રથમ આગમજ્ઞાન દ્વારા તત્ત્વોનું યથાર્થ શ્રદ્ધાન થાય છે. તત્ત્વશ્રદ્ધાન એટલે સ્વતંત્ર વસ્તુસ્વરૂપની સાચી પ્રતીતિ થતાં જ સંયમભાવ થાય છે અને તે રીતે આગમથી આત્મજ્ઞાનની

પણ પ્રાપ્તિ થાય છે.

આમાં કષ્ટ કરવાની વાત નથી. અજ્ઞાનીઓ તત્ત્વજ્ઞાનનો વિરોધ કરી, હઠથી ક્રિયાકાંડની વાતોનું સ્થાપન કરવા માગે છે. શું થાય ? ઊંધાઈમાં પણ જીવ સ્વતંત્ર છે.

સામાયિક, સ્વાધ્યાય, ધ્યાન વગેરે ધર્મના અનેક અંગો છે. તેમાં પણ એક ધ્યાન વિના આનાથી (સ્વાધ્યાયથી) ઊંચું અન્ય કોઈ ધર્મનું અંગ નથી -એમ જાણી હર કોઈ પ્રકારે સત્સમાગમપૂર્વક આગમનો અભ્યાસ કરવો યોગ્ય છે.

**આસો વદ ૧૧, મંગળવાર, ૧૪-૧૦-૫૨.**

આ મોક્ષમાર્ગ પ્રકાશક છે. જેમ મકાનને પ્લીન્થ હોય છે તેમ આ પ્રકરણ ગ્રંથની પીઠીકારૂપ છે. હરકોઈ પ્રકારે આગમનો અભ્યાસ કરવો યોગ્ય છે. મર્યાદામાં જાણવું અથવા આવવું તે મર્યાદાના કથનના શાસ્ત્રને આગમ કહે છે. તેનો અભ્યાસ કરવો યોગ્ય છે. વળા આ ગ્રંથનું વાંચવું, સાંભળવું અને વિચારવું ઘણું સુગમ છે. કોઈ વ્યાકરણાદિક સાધનની જરૂર પડતી નથી. માટે તેના અભ્યાસમાં અવશ્ય પ્રવર્તો - એથી તમારું કલ્યાણ થશે.

**એ પ્રમાણે શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક શાસ્ત્રમાં પીઠબંધ પ્રરૂપક પ્રથમ અધિકાર સમાપ્ત.**

# અધિકાર બીજો

## સંસાર અવસ્થા નિરૂપણ

મોક્ષ તે આત્માની પૂર્ણ શુદ્ધદશા છે, તે ત્રિકાળી સ્વરૂપ નથી. તે મોક્ષનું કારણ મોક્ષમાર્ગ છે - તે પણ અવસ્થા છે. પ્રથમ સમજાવે છે કે તને સંસાર છે કે મોક્ષમાર્ગ છે ? મોક્ષમાર્ગ પ્રગટ હોય તો સમજવાનું રહેતું નથી. પણ મોક્ષમાર્ગ પ્રગટ નથી, પર્યાયમાં સંસારદશા છે ને તેમાં કર્મનું નિમિત્તપણું છે -એવી અવસ્થાનું નિરૂપણ કરે છે. અનાદિથી કર્મબંધનનો રોગ વળગ્યો છે તેનું નિદાન કરે છે. જેમ વિસ્ફોટકનું કારણ ખાટી કેરીનું ખાવું તે છે તેમ તને કર્મબંધન થયું છે તેનું શું કારણ ?

**મિથ્યાભાવ અભાવથી જે પ્રગટે નિજભાવ;**<br>**તે જયવંત રહે સદા એહી જ મોક્ષ ઉપાય.**

આત્માને વર્તમાનમાં સુખરૂપ દશા નથી પણ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રભાવ છે. તેનો અભાવ થઈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રભાવ પ્રગટે તે નિજભાવ છે. મિથ્યાભાવનો વ્યય થઈ મોક્ષમાર્ગનો ઉત્પાદ થાય ને આત્મા કાયમ રહે છે. મોક્ષમાર્ગ જયવંત રહો તે અત્યારે છે ને સદાય જયવંત રહો. મોક્ષના કારણરૂપ મોક્ષમાર્ગ જયવંત રહો એમ કહ્યું છે. એ જ મોક્ષનો ઉપાય છે.

પ્રથમ અધિકારમાં ગ્રંથની પ્રમાણતા અને સાર્થકતા બતાવ્યા, તેના માટે મંગલાચરણ વગેરે કહેલ. વળી અર્હંતને નમસ્કાર કેમ કહેલ તે બતાવી પીઠિકા કહેલ હતી. હવે ગ્રંથમાં મોક્ષમાર્ગનો પ્રકાશ કરીએ છીએ. શબ્દે શબ્દે સત્‌ની નિરૂપણા થશે, અસત્‌નો નિષેધ થશે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો પ્રકાશક છે ને મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રનો નિષેધ થશે. ત્યાં બંધનથી છૂટવું તેનું નામ મોક્ષ છે. આ આત્માને કર્મબંધન છે, તે વડે દુઃખી થઈ રહ્યો છે, અબંધ સ્વભાવના આશ્રયે સુખી થાય છે. ને કર્મ વગેરે નિમિત્તના વલણથી દુઃખી થાય છે. ભાવબંધને અને દ્રવ્યબંધને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. તેથી કર્મબંધનથી દુઃખી થઈ રહ્યો છે -એમ કહ્યું છે. સંસારી જીવ દુઃખ દૂર કરવાનો ઉપાય કરે છે. પણ ખરો ઉપાય પામ્યા વિના દુઃખ દૂર થતું નથી. મોક્ષમાર્ગરૂપી વીતરાગી દશા પામ્યા વિના દુઃખ દૂર થતું નથી ને સહ્યું જતું નથી. પ્રતિકૂળ સંયોગો મળતા દુઃખી દુઃખી થાય છે. સાતમી નરકની વેદના ૩૩ સાગરની આયુષ્યની સ્થિતિ સુધી પરવશપણે સહન કરે છે. એવા અનંતા ભવો કર્યા. તે પ્રકારના દુઃખ સહ્યા જતાં નથી ને તેથી જ આ જીવ આકુળ-વ્યાકુળ થઈ રહ્યો છે.

એ પ્રમાણે જીવને સમસ્ત દુઃખનું મૂળ કારણ કર્મબંધન છે. એટલે કે જે ભાવોથી કર્મનું બંધન થાય એવા અનેક પ્રકારના ઉપાધિ ભાવોથી પરિભ્રમણ થઈ રહ્યું છે તે ભાવો દુઃખનું મૂળ છે. જડ કર્મ દુઃખનું કારણ છે એમ અજ્ઞાની માને છે પણ તે વાત ખોટી છે. જે ભાવે કર્મ બંધાય તે ભાવ દુઃખનું મૂળ છે ને તેનો અભાવ થઈ મોક્ષદશા પ્રગટ થવી તે પરમહિત છે. સંવર-નિર્જરા હિત છે ને મોક્ષ પરમહિત છે. તે સિવાય બીજું કોઈ હિત નથી. વળી તેનો સાચો ઉપાય કર્તવ્ય છે. એટલે કે શુદ્ધ આત્માની પ્રતીતિ, જ્ઞાન ને રમણતારૂપી મોક્ષમાર્ગ કર્તવ્ય છે. ને ઉપાદાન મૂળ ઉપાય છે. નિમિત્તરૂપે ઉપાય સત્ શાસ્ત્રાદિ વાંચન છે. ઉપાય કહો, મોક્ષમાર્ગ કહો, મોક્ષનું કારણ કહો એક જ છે - એક જ કરવા લાયક છે. માટે દુઃખી માણસોને સુખી થવાનો આ એક જ ઉપદેશ આપીએ છીએ.

પ્રથમ દૃષ્ટાંત આપે છે. વૈદ્ય રોગસહિત મનુષ્યને પ્રથમ રોગનું નિદાન બતાવે છે કે ગેસ ચડતો હોય અને બેચેની હોય તો અમુક દરદ છે એમ કહે. જૂના મરડાને લીધે આંતરમાં દરદ રહી ગયું છે, તેથી લોહી ચડતું નથી, વગેરે પ્રકારે રોગ બતાવે ને રોગના નિમિત્તથી જે અવસ્થા થતી હોય તે બતાવે. જેમ કે અમુક રોગથી શરીર ફિક્કું પડી ગયું છે વગેરે; તો દરદીને નિશ્ચય થાય કે મને એવો જ રોગ છે. વળી એ રોગને દૂર કરવાનો ઉપાય અનેક પ્રકારે બતાવે કે આ પડીકાં લેવાં, એના ઉપર દૂધ લેવું, પછી ગોળી લેવી વગેરે પ્રકારે ઉપાય બતાવે અને એ ઉપાયથી ઘણાંને તેવા દરદો મટી ગયા છે એમ કહી તેની પ્રતીતિ અણાવે. એટલું વૈદ્યનું કર્તવ્ય છે તથા જો તે રોગી તે દવા વગેરેનું સાધન કરે તે રોગથી મુક્ત થઈ નિરોગી થાય. એ રોગીનું કર્તવ્ય છે.

એ જ પ્રમાણે અહીં કર્મબંધનયુક્ત જીવને પ્રથમ તો કર્મબંધનનું નિદાન દર્શાવીએ છીએ કે આ પ્રમાણે કર્મબંધન થયું છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય વગેરે કર્મોનું નિમિત્ત છે ને તેને લીધે જે જે અવસ્થા થાય છે તે બતાવીએ છીએ. પોતાની અવસ્થામાં સંસાર છે-બંધન છે ને નિમિત્તરૂપે કર્મો છે. જીવ પોતે ઊંધી અવસ્થા કરે છે તો કર્મને નિમિત્ત કહેવાય છે, વગેરે પ્રકારથી દર્શાવતાં જીવને નિશ્ચય થાય છે કે મને એ જ પ્રમાણે કર્મબંધન છે. તથા એ કર્મબંધનથી દૂર થવાનો ઉપાય અનેક પ્રકારે બતાવીએ છીએ. બીજા અનંતા ઉપાય કર્યા પણ સંસાર ટળ્યો નહિ. માટે આત્માની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા એ એક જ ઉપાય છે એમ ઉપાયની પ્રતીતિ કરાવીએ છીએ. એટલો તો શાસ્ત્રનો ઉપદેશ છે. હવે આ જીવ તેનું સાધન કરે તો કર્મબંધનથી મુક્ત થઈ પ્રવર્તે એટલે કે રોગરહિત દશારૂપ થઈ પોતાના સ્વભાવરૂપ પ્રવર્તે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કારણ છે ને તે કારણથી મોક્ષ જરૂર થાય છે. માટે તે અચૂક ઉપાય છે.

ત્યાં પ્રથમ કર્મબંધનનું નિદાન બતાવીએ છીએ. કોઈ પ્રશ્ન કરે કે :- આ કર્મબંધન દેખાતું નથી ને ?



**સમાધાન** : પરમાં ઝાવા નાંખતો દેખાય છે તે ભાવ કર્મબંધનનો હેતુ છે ને જ્ઞાનપર્યાયમાં જ્ઞાનપર્યાય વડે જણાય છે. લાકડું લાકડાં વડે જણાતું નથી પણ જ્ઞાનથી જણાય છે. રાગ-દ્વેષ વગેરે થાય છે તે કર્મબંધનનો હેતુ છે એમ જ્ઞાનમાં જ્ઞાન વડે જણાય છે પણ અજ્ઞાની તે જાણતો નથી. પરની નાસ્તિમાં અને સ્વજ્ઞાનની અસ્તિમાં સ્વજ્ઞાનની અસ્તિથી રાગદ્વેષાદિ જણાય છે. જેને પોતાના સામર્થ્યની પ્રતીતિ નથી તેને પર્યાયવાન એવા દ્રવ્યની પ્રતીતિ ક્યાંથી આવશે ? સંસાર-અવસ્થામાં વર્તમાનમાં વિકાર ને અલ્પજ્ઞતા દેખાય છે તે નિમિત્તના આશ્રયે થયેલા ભાવ છે; પણ તે સ્વભાવના આશ્રયે ન હોય. સ્વભાવના આશ્રયે તો વીતરાગતા હોય એમ સાબિત કરશે.

## કર્મનો સંબંધ અનાદિકાળથી છે.

જીવને કર્મબંધન છે તેનો આશ્રય કરવાથી જીવ અનેક પ્રકારના ઉપાધિભાવો-રાગદ્વેષ-પુણ્ય-પાપ-અલ્પજ્ઞતા વગેરે કરે છે તેથી તેને પરિભ્રમણ છે. સ્વભાવના આશ્રયે એકરૂપતા હોય પણ અનેકતા ન હોય. નિમિત્ત તથા સંયોગ તરફના વલણમાં અનેકતા થાય છે. ઘડીમાં દુકાનની વ્યવસ્થાનો ભાવ કરે, કોઈને દીકરો મરી જતાં દુઃખ થાય, કોઈને દીકરો ખરાબ પાકે, કોઈને સારો છોકરો પાકે તો રાજી થાય વગેરે અનેકતા કર્મના આશ્રયે થાય છે. કર્મ અનેકતા કરાવે છે એમ નથી પણ સ્વભાવને ચૂકીને કર્મના લક્ષે અનેકતા કરે છે એમ બતાવી કર્મબંધનનું નિમિત્તપણું સાબિત કરે છે. તે કર્મબંધન સહિત અવસ્થાનું નામ સંસારદશા છે. કર્મ સંસારદશા નથી પણ કર્મબંધન સહિતની દશા તે સંસારદશા છે. એ સંસાર અવસ્થામાં અનંતાનંત જીવ છે. તેઓ અનાદિથી જ કર્મબંધન સહિત છે, પણ એમ નથી કે પ્રથમ આત્મા શુદ્ધ હતો ને કર્મ જુદાં હતા ને પાછળથી તે બન્નેનો સંયોગ થઈ અશુદ્ધદશા થઈ. જીવ તથા કર્મને અનાદિકાળથી કર્મબંધન છે તે કેવી રીતે છે તે બતાવે છે. જેમ મેરુ પર્વત તથા સૂર્ય-ચંદ્ર આદિ અકૃત્રિમ સ્કંધો છે, તેને કોઈએ કર્યા નથી. તેમાં અનંતા પરમાણુઓ અનાદિકાળથી એક કર્મબંધનરૂપ છે, અનાદિથી તેના તે પરમાણુઓ નથી પણ એવી આકૃતિવાળા અનાદિથી છે. તેમાંથી કોઈ પરમાણુ જુદા પડે છે તો કોઈ નવા મળે છે. એ પ્રમાણે મળવું તથા છૂટા પડવું થયા કરે છે છતાં સ્કંધનો આકાર એવો ને એવો હોય છે. અનંતા પરમાણુઓ મળે ને જાય કોઈ એનો કર્તા-હર્તા નથી.

તે દૃષ્ટાંત મુજબ સંસારમાં એક જીવદ્રવ્ય તથા અનંતા કર્મના પરમાણુઓ -એ બન્ને અનાદિકાળથી એક બંધાનરૂપ છે. જીવ પહેલાં હતો ને પાછળથી કર્મો આવ્યા એમ નથી. બન્ને અનાદિથી છે. તેમાંથી કોઈ કર્મો જુદા પડે છે ને કોઈ નવા મળે છે. એ પ્રમાણે મળવું અને જુદા પડવું થયા કરે છે.

**પ્રશ્ન** : પુદ્ગલ પરમાણુ તો રાગાદિના નિમિત્તે કર્મરૂપે પરિણમે છે. તો અનાદિ કર્મરૂપ કેવી રીતે છે ? રાગરૂપ દશા થાય ત્યારે કર્મ બંધાય છે. પણ રાગ નિમિત્ત ન હોય તો કર્મ કેવી રીતે થાય ?

## કર્મોના અનાદિપણાની સિદ્ધિ

**ઉત્તર** : નિમિત્ત તો નવીન કાર્ય થાય તેમાં જ સંભવે છે. અનાદિ કર્મબંધનમાં નિમિત્તના પ્રયોજનની જરૂર નથી. શિષ્યે પ્રશ્ન કરેલ છે કે કર્મબંધનમાં રાગનું નિમિત્તપણું હોવું જોઈએ. તેનો ખુલાસો એ છે કે : નવા કર્મ બંધાય તેમાં રાગનું નિમિત્તપણું હોય તે વાત બરાબર છે પણ કર્મબંધનરૂપ અવસ્થા નવી નથી. તે તો અનાદિની છે માટે તેમાં નિમિત્તની જરૂર નથી. અનાદિ કર્મબંધનને નિમિત્ત કહો તો તેની આદિ થઈ જાય છે. નવામાં નિમિત્તની ઉપસ્થિતિ હોઈ શકે પણ જૂનામાં નિમિત્ત હોઈ શકે નહિ. કર્મબંધન અનાદિથી છે એમ સિદ્ધ કરવું છે ને કર્મબંધન અનાદિથી છે એમ સિદ્ધ કરતાં સંસારદશા અનાદિથી છે એમ સિદ્ધ થઈ જાય છે.

સૂર્ય, ચંદ્ર અનાદિથી છે તેમાં નિમિત્ત શું ? જેમ તેમાં નિમિત્ત નથી તેમ જીવને કર્મો અનાદિથી છે, એમાં નિમિત્ત નથી. નવા કર્મ બંધાય એમાં વિકારનું નિમિત્ત ખરું પણ અનાદિના કર્મબંધનને નિમિત્તની જરૂર નથી.

જેવી રીતે નવા પુદ્‌ગલોની બંધરૂપ અવસ્થા થાય તે લૂખાશ ને ચીકાશના અંશો વડે જ થાય છે, પણ મેરુ પર્વત, ચંદ્ર, તારા, સૂર્ય જે અનાદિના સ્કંધો છે ત્યાં નિમિત્તનું શું પ્રયોજન છે ? અઠવાડિયાના સાત વાર છે તેમાં પહેલાં કયો વાર ? પહેલો ભવ કયો ? કુકડી પહેલી કે ઈંડું પહેલું ? જેમ તેમાં કોઈ પહેલું-પછી નથી પણ અનાદિથી છે તેવી રીતે આત્મા સાથે પુદ્‌ગલકર્મ અનાદિથી છે, પહેલું-પછી કોઈ નથી. નવા કર્મો બંધાય તેમાં રાગાદિનું નિમિત્તપણું હોઈ શકે પણ અનાદિ કર્મો છે તેમાં નિમિત્તનું શું પ્રયોજન છે ? એટલે કે તેમાં નિમિત્તપણું નથી. આમ આત્મા અને કર્મોનો સંબંધ અનાદિથી છે -એમ સિદ્ધ કર્યું.

### આસો વદ ૧૨, બુધવાર, ૧૫-૧૦-૫૨.

કર્મબંધન દુઃખનું મૂળ છે, આત્માનો સ્વભાવ સુખનું મૂળ છે. આત્માને અનાદિ કર્મબંધન કેમ છે તે જણાવે છે. અનાદિ કર્મરૂપ અવસ્થાને રાગ નિમિત્ત છે એમ કહેવામાં આવે તો કર્મની આદિ થઈ જાય છે. અનાદિ કહેવું ને વળી તેને નિમિત્ત કહેવું એ બન્ને વિરોધ છે. માટે કર્મનો સંબંધ અનાદિથી જાણવો. શ્રી પ્રવચનસારશાસ્ત્રની તત્ત્વપ્રદીપિકાવૃત્તિની વ્યાખ્યામાં સામાન્ય જ્ઞેયાધિકાર છે, ત્યાં કહ્યું છે કે ''રાગાદિનું કારણ તો દ્રવ્યકર્મ છે તથા દ્રવ્યકર્મનું કારણ રાગાદિક છે''. ત્યારે ત્યાં તર્ક કર્યો છે કે એ પ્રમાણે તો ઈતરેતરાશ્રય દોષ લાગે છે. જડ કર્મના નિમિત્તે રાગ થાય ને રાગના કારણે તેના તે જ કર્મ બંધાય તો ઈતરેતરાશ્રય દોષ આવે છે, ક્યાંય થંભાવ-અટકવું રહ્યું નહિ, ત્યારે ત્યાં એવો ઉત્તર આપ્યો છે કે :

**અર્થ** : એ પ્રમાણે ઈતરેતરાશ્રય દોષ નથી. જે જડ કર્મના નિમિત્તે રાગ થાય તેના તે જ



કર્મ બંધાતા નથી, રાગના કારણે તો નવા કર્મો બંધાય છે. વર્તમાન રાગથી જૂના કર્મો બંધાતા હોય તો ઈતરેતરાશ્રય દોષ લાગે પણ વર્તમાન રાગથી નવા કર્મ બંધાય છે માટે તે દોષ લાગતો નથી. જે દ્રવ્યકર્મના નિમિત્તે રાગ થયો તે રાગથી એનું એ જ કર્મ બંધાય એમ માનવામાં આવે તો દોષ લાગે -પણ એમ નથી, માટે દોષ લાગતો નથી.

વળી અનાદિનો સ્વયંસિદ્ધ દ્રવ્યકર્મનો સંબંધ છે તેને ત્યાં કારણપણા વડે ગ્રહણ કર્યો છે. વળી યુક્તિથી એમ જ સંભવે છે. પહેલાં આ રાગ હતો ને પછી કર્મ નિમિત્ત થયા એમ છે જ નહિ. જો કર્મના નિમિત્ત વિના જીવને પહેલાં રાગાદિક કહીએ તો રાગાદિક જીવનો નિજ સ્વભાવભાવ થઈ જાય.

આત્મા અનંત ગુણોનો પિંડ છે, તેની પર્યાયમાં વિકાર અનાદિથી છે, તે વાત સિદ્ધ કરવી નથી પણ અનાદિ કર્મબંધન સિદ્ધ કરવું છે. અનાદિ કર્મ છે માટે વિકાર છે -એમ નથી પણ કર્મના નિમિત્તપણા વિના વિકાર હોય તો વિકાર સ્વ આશ્રિત થઈ જાય ને તેમ થતાં વિકાર કદી ટળે નહિ. કારણ કે પરનિમિત્ત વિના હોય તેનું જ નામ સ્વભાવ છે. જો કે વિકાર કરનારો પોતે છે ને વિકારરૂપ આત્મદ્રવ્ય પોતે પર્યાયમાં પરિણમે છે. પણ નિમિત્ત વિના ને તેના આશ્રય વિના વિકાર થતો નથી.

અહીં દ્રવ્યબંધ અનાદિથી છે એમ સિદ્ધ કરવું છે. ભાવબંધ અને દ્રવ્યબંધને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એમ સિદ્ધ કરે છે. વિકાર વખતે નિમિત્ત ન હોય ને નિમિત્ત પાછળથી આવે તો વિકાર સ્વભાવ થઈ જાય અથવા પરનિમિત્તની ઉપસ્થિતિ વિના વિકાર હોય તો વિકાર સ્વભાવ થઈ જાય.

અજ્ઞાની જીવો કહે છે કે કર્મો જીવને રખડાવે છે, પણ તે માન્યતા ભૂલવાળી છે. કર્મ જડ છે, તેનાથી જીવ રખડતો નથી પણ જીવ પોતાની ભૂલથી રખડે છે ત્યારે કર્મને નિમિત્ત કહેવાય છે. પ્રથમ ભૂલ હતી પછી કર્મ આવ્યું એમ નથી ને કર્મ આવ્યું માટે ભૂલ થઈ એમ પણ નથી. પોતે ભૂલ કરે ત્યારે કર્મ નિમિત્તરૂપ હોય છે.

અહીં કર્મને અનાદિ સંબંધ સિદ્ધ કર્યો

**પ્રશ્ન** : જો ન્યારા ન્યારા દ્રવ્ય છે તો અનાદિથી તેનો સંબંધ કેમ સંભવે ?

**ઉત્તર** : પાણી ને દૂધમાં પહેલું-પછી કોઈ નથી, બન્ને એકી સાથે છે. શેરડીમાં રસ અને કૂચા સાથે છે, સોનું અને માટીમાં પહેલું-પછી કોઈ નથી, તેલ ને તલ(ખોળ)માં પહેલાં-પછી કોઈ નથી, ફોતરાં ને કણનો સંબંધ અનાદિથી છે. આ બધા દૃષ્ટાંતોમાં સંબંધ અનાદિનો છે; તેવી રીતે જીવ અને કર્મનો સંબંધ અનાદિથી જ જાણવો. પરંતુ તે નવા આવીને મળ્યા નથી.

વળી તમે કહ્યું કે ''તે કેમ સંભવે ?'' પણ અનાદિથી જેમ કોઈ જુદા જુદા દ્રવ્યો છે તેમ મળી રહેલા દ્રવ્યો પણ છે. ચંદ્ર, સૂર્ય અનાદિથી છે તેમાં વિરોધતા નથી. દૂધ અને પાણી અનાદિથી ભેગા છે તેમાં વિરોધ નથી, તે બે જુદા દ્રવ્યો છે. પાણી વરાળ થઈ નીકળી જાય છે ને દૂધનો માવો થઈ જાય છે -એમ બે જુદા હોવા છતાં તેના રહેવામાં વિરોધતા નથી. એવા સંભવમાં કાંઈ વિરોધ નથી. સંભવ = સમ્યક્ પ્રકારે સ્થિતિ હોવી તે સંભવ છે, તેમાં વિરોધ નથી.

**પ્રશ્ન** : સંબંધ વા સંયોગ કહેવો ત્યારે જ સંભવે કે જ્યારે પહેલાં જુદા હોય ને પાછળથી મળ્યા હોય પણ અહીં અનાદિકાળથી મળેલાં જીવ અને કર્મોનો સંબંધ કેમ કહ્યો ?

**ઉત્તર** : તે પદાર્થો અનાદિથી તો મળેલા હતા પણ પાછળથી જુદા થયા ત્યારે જાણ્યું કે જુદા હતા તો જુદા થયા. સોનું ને માટી જુદા થઈ શકે છે. શરીર ને આત્મા જુદા છે તો જુદા થઈ શકે છે, દૂધ ગરમ કરવાથી પાણી જુદું પડી વરાળ થઈ જાય છે. જુદા છે તો જુદા થઈ શકે છે. માટે પહેલાં પણ જુદા જ હતા. એ પ્રમાણે અનુમાનથી પરોક્ષ અથવા કેવળજ્ઞાનથી પ્રત્યક્ષ જુદા ભાસે છે. છદ્મસ્થ પ્રત્યક્ષ નથી જાણતો છતાં તેનું અનુમાનજ્ઞાન યથાર્થ છે. તેઓનું બંધાન હોવા છતાં પણ જુદાપણું જણાય છે. આત્મા ને કર્મો સાથે હોવા છતાં એક થઈ જતાં નથી, જુદે જુદા છે. લાડવામાં ગોળ, ઘી ને લોટ હોય -એ બધી ચીજો સાથે દેખાવા છતાં જુદે જુદી છે તેમ આત્મા અને કર્મ એકબંધાનરૂપ હોવા છતાં બન્ને જુદે જુદા છે, એકમેક થઈ ગયા નથી. એ ભિન્નતાની અપેક્ષાએ તેઓનો સંબંધ વા સંયોગ કહ્યો છે. કારણ કે નવા કર્મો મળો વા મળેલાં જ હો પરંતુ જુદા દ્રવ્યોના મેળાપમાં એમ જ કહેવું સંભવે છે. એટલે કે સમ્યક્ પ્રકારે એમ જ હોય છે. સંયોગ-સંબંધ કહેતાં જ બે વસ્તુ પૃથક્ સાબિત થાય છે, ને ભિન્ન દ્રવ્યોનો એવો સંબંધ હોવામાં વિરોધ નથી. એ પ્રમાણે જીવ અને કર્મોનો અનાદિ સંબંધ છે.

હવે જીવદ્રવ્ય તો દેખવા-જાણવાના સ્વભાવવાળો છે. વળી જીવ ઈંદ્રિયોથી જણાય તેવો નથી પણ અનુમાનથી કે પ્રત્યક્ષ જ્ઞાનથી જણાય તેવો છે. અમૂર્તિક છે એટલે કે સ્પર્શાદિ ગુણ વિનાનો છે. વળી સંકોચ-વિસ્તાર શક્તિવાળું અસંખ્યપ્રદેશી એક દ્રવ્ય છે. કીડીમાંથી હાથી થાય તો વિસ્તાર પામે, હાથીમાંથી કીડી થાય તો સંકોચ પામી જાય -એવી સંકોચ-વિસ્તાર શક્તિવાળો જીવ છે.

હવે કર્મ તેનાથી વિરુદ્ધ લક્ષણવાળા છે તે બતાવે છે. કર્મચેતના ગુણ રહિત છે, તેને ખબર નથી કે અમો આત્મા સાથે બંધાયા છીએ. વળી કર્મ મૂર્તિક છે ને અનંત પુદ્ગલ પરમાણુનો પુંજ છે. આત્મા મૂર્તિક થતો નથી. જીવ અને કર્મોનો અનાદિ સંબંધ છે તો પણ જીવનો કોઈ પ્રદેશ કર્મરૂપ થતો નથી ને કર્મનો કોઈ પરમાણુ જીવરૂપ થતો નથી. એક પ્રદેશ કર્મરૂપે થતો હોય તો આખો આત્મા કર્મરૂપે થવો જોઈએ -પણ તેમ નથી. જીવ વિકાર કરે તો કર્મને નિમિત્ત કહેવાય પણ કર્મ હેરાન કરે છે એમ માનવું તે ભ્રમ છે.



કર્મને લીધે જીવ મૂર્ત થઈ જાય એમ માને તો બે દ્રવ્ય એક થઈ જાય છે. આત્માના અસંખ્ય પ્રદેશમાંથી એક પ્રદેશની પહોળાઈ એક પરમાણુ જેટલી છે માટે પ્રદેશ પરમાણુરૂપ થતો હશે ? ના. પ્રદેશ પરમાણુરૂપ ન થાય ને પરમાણુ જીવરૂપ ન થાય. પોતપોતાના સ્વરૂપ અથવા ભાવને ધારી જુદા જુદા રહે છે. પુદ્ગલ પોતાના રૂપીપણાના લક્ષણથી જણાવા યોગ્ય છે ને જીવ ચેતના લક્ષણથી જણાય એવો છે, બન્ને જુદા જુદા જ રહે છે. જેમ સોનું અને ચાંદીનો એક સ્કંધ હોય છતાં સોનું પોતાના પીળાશ, ચીકાશ, વજન આદિ ગુણોને ધારી રાખે છે ને ચાંદી પોતાના સફેદાદિ ગુણોને ધારે છે, બન્ને જુદા રહે છે એમ જાણવું. તેવી રીતે આત્મા અને કર્મ જુદા જાણવા.

આ શાસ્ત્રનો બરાબર અભ્યાસ કરવો ને અંતરનો અનુભવ કરવો. શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ આ શાસ્ત્રને સત્શાસ્ત્ર કહ્યું છે ને દિવ્યધ્વનિ અનુસાર લખાયેલું છે.

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે મૂર્તિક અને મૂર્તિકનું તો બંધાન થવું બને પણ અમૂર્તિક આત્મા ને મૂર્તિક કર્મનું બંધાન કેમ બને ?

## અમૂર્તિક આત્માથી મૂર્તિક કર્મોનો બંધ કેવી રીતે થાય છે.

**ઉત્તર** : જેમ અવ્યક્ત ને ઈન્દ્રિયોથી ન જણાય એવા સૂક્ષ્મ પુદ્ગલોની સાથે વ્યક્ત ને ઈન્દ્રિયોથી જણાય એવા સ્થૂલ પુદ્ગલોનું બંધાન હોવું માનીએ છીએ, તેમાં વિરોધ દેખાતો નથી. જીવ શરીરમાંથી નીકળી ગયા પછી શરીર ફૂલી જાય છે, તેમાં બધા ઈન્દ્રિયગમ્ય પુદ્ગલો જ હોય એવું નથી, સૂક્ષ્મ પરમાણુ પણ આવે છે ને જાય છે. તે બંધાન હોવામાં વિરોધ નથી. વળી આત્માના જ્ઞાનમાં ઘડિયાળ, શરીર, ગોળ વગેરે જણાય છે, તે બધા પદાર્થો રૂપી છે છતાં અરૂપી જ્ઞાનમાં જણાય છે. એવો મૂર્તિક પદાર્થ સાથે જ્ઞેય-જ્ઞાયક સંબંધ ન હોય તો જ્ઞાનમાં જણાય નહિ. જેમ એવો જ્ઞેય-જ્ઞાયક સંબંધ હોવામાં વિરોધ નથી તેમ સંસારદશામાં જીવ ને કર્મ સાથે એકક્ષેત્રાવગાહ સંબંધે બંધાનરૂપ રહેવામાં વિરોધ દેખાતો નથી. માટે ઈન્દ્રિયગમ્ય નથી એવા અમૂર્તિક આત્માને ઈન્દ્રિયગમ્ય હોવા યોગ્ય મૂર્તિક કર્મો સાથે બંધાન છે -એમ માનવું.

## આસો વદ ૧૩, ગુરુવાર, ૧૬-૧૦-૫૨.

આ મોક્ષમાર્ગ પ્રકાશક શાસ્ત્રમાં પીઠબંધ અધિકાર પૂર્ણ થયો છે અને આ સંસારાવસ્થા નિરૂપણ અધિકાર ચાલે છે. આત્માની પર્યાયમાં અનેક પ્રકારની સંસારાવસ્થા થાય છે એમ જાણે તો તેનો નાશ કરવાનો ઉદ્યમ કરે, સંસારાવસ્થાનું નિરૂપણ કરતાં તે અવસ્થામાં જડ કર્મ નિમિત્ત છે પણ જડ કર્મ સંસારદશા કરાવતું નથી -એમ કહે છે. હવે અહીં અમૂર્તિક આત્માની સાથે મૂર્તિક કર્મનું બંધાન કેવી રીતે થાય છે તે કહે છે.

આત્મા અરૂપી છે અને કર્મ રૂપી છે, તેનો એકક્ષેત્રાવગાહ સંબંધ થઈને બંધાન થવામાં કાંઈ

કારણપણું છે, અને પુદ્ગલો કર્મરૂપે થાય છે એમાં જીવનો વિકારીભાવ નિમિત્ત છે એ કાર્ય-કારણપણું છે. અથવા તો આત્માને અને કર્મને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તેને અહીં બંધાન જાણવું. આ રીતે મૂર્તિક કર્મો અને અમૂર્તિક આત્માને બંધ થવામાં કાંઈ વિરોધ નથી. તે જ પ્રમાણે નિગોદથી માંડીને ચૌદમા ગુણસ્થાન સુધીના બધા જીવોને સંસારદશા છે અને કર્મનો નિમિત્ત બંધ પણ છે -એમ સમજવું.

## ઘાતિ-અઘાતિકર્મ અને તેના કાર્ય

હવે તે કર્મ જ્ઞાનાવરણાદિ ભેદો વડે આઠ પ્રકારના છે. આ સામાન્ય કર્મોની વાત કરી. હવે એમાંથી ચાર ઘાતિકર્મોની વાત કરે છે. જ્ઞાનાવરણાદિ ચાર ઘાતિકર્મોના નિમિત્તથી તો જીવના સ્વભાવનો ઘાત થાય છે. આત્મા પોતે જ્ઞાન-દર્શનની હીનતારૂપે પરિણમે છે ત્યારે જ્ઞાનાવરણ કર્મને નિમિત્ત કહેવાય છે. જ્ઞાનાવરણ અને દર્શનાવરણ વડે જીવના જ્ઞાન-દર્શન સ્વભાવની વ્યક્તતા થતી નથી.

આત્મામાં જ્ઞાન-દર્શનની હીનતા હોય છે તેમાં કર્મ નિમિત્ત છે, પણ કર્મના કારણે હીનતા નથી. આ હીનતા પોતાના કારણે છે એમ નક્કી કરે તો પુરુષાર્થની ઉગ્રતા કરે. કર્મોના ક્ષયોપશમ અનુસાર કિંચિત્ જ્ઞાન-દર્શનની વ્યક્તતા રહે છે, ત્યાં પૂર્ણ જ્ઞાન નથી તેથી કર્મનું નિમિત્ત છે. જો કર્મનું નિમિત્ત ન હોય તો પૂર્ણદશા હોવી જોઈએ એટલે કે પૂર્ણદશામાં કર્મનું નિમિત્ત હોતું નથી. આત્મા જાણનાર-દેખનાર છે. એને પૂર્ણ જણાય નહિ તે રોગ છે, તેમાં કર્મનું નિમિત્ત છે એ વાત અહીં સિદ્ધ કરે છે.

ઘાતિકર્મોમાં મોહનીયકર્મ છે તે વડે જીવના સ્વભાવ નહિ એવા મિથ્યાશ્રદ્ધાન અથવા ક્રોધ, માન, માયા અને લોભાદિ કષાયોની વ્યક્તતા થાય છે. આત્મામાં પરથી લાભ થાય, પુણ્ય કરતાં કરતાં ધર્મ થાય એવી ઊંધી માન્યતા થાય છે તે અને હરખ, શોક, રતિ, અરતિ વગેરે કષાય થાય તે સ્વભાવને ભૂલીને થાય છે ત્યારે નિમિત્તરૂપે મોહનીયકર્મ છે. મિથ્યાત્વનું મહાન પાપ છે અને એનું અનંતુ દુઃખ છે, તે અજ્ઞાનીને જણાતું નથી. જેમ કોઈ પણ માણસને લાકડીનો માર પડતા તે અસાધ્ય થઈ જાય ત્યારે તેને દુઃખ જણાતું નથી તેથી કરીને તેનું દુઃખ ઓછું નથી પણ ઉલટું વધી ગયું છે, તેમ અજ્ઞાનીને મિથ્યાત્વનું મહાન દુઃખ છે છતાં મૂઢતાને લીધે એ ભાસે નહિ, એટલે દુઃખ નથી એમ નથી. આ મિથ્યાત્વાદિ મોહનીયકર્મ કરાવે છે એમ નથી પણ આત્મા પોતે કરે છે એમાં તે કર્મ તો નિમિત્તમાત્ર છે.

હવે ઘાતિકર્મોમાં અંતરાયકર્મ છે, તે વડે જીવનો સ્વભાવ દીક્ષા એટલે ચારિત્ર લેવાનો છે, તેના સામર્થ્યરૂપ જે વીર્ય તેની વ્યક્તતા થતી નથી પણ અંતરાયકર્મના ક્ષયોપશમ અનુસાર કિંચિત્ શક્તિ રહે છે. મોક્ષનું મૂળ કારણ ચારિત્ર છે, અને ચારિત્રનું કારણ સમ્યગ્દર્શન છે. ચારિત્રની પૂર્ણદશારૂપે

વાંધો નથી. જેમ આ સ્થૂળ શરીરની સાથે સૂક્ષ્મ પુદ્ગલો આવીને ભળે છે એમાં વાંધો આવતો નથી, તેમ અમૂર્તિક આત્માની સાથે મૂર્તિક કર્મોને બંધ થવામાં વાંધો નથી. તેથી અરૂપી આત્મા સાથે રૂપી કર્મોનું બંધાન છે -એમ જાણવું.

## વળી એ બંધાનમાં કોઈ કોઈને કર્તારૂપે તો છે જ નહિ.

અરૂપી આત્મા અને જડ કર્મ એક જગ્યાએ રહેવા છતાં કોઈ કોઈનો કર્તા નથી. આત્મા કર્મને કરે અને કર્મ આત્માની સંસારદશાને કરે એમ બનતું નથી. અહીં સંસારદશાનું વર્ણન કરતાં તે દશામાં અનાદિથી કર્મનું નિમિત્ત છે એમ કહે છે પણ કર્મના કારણે તે સંસારદશા નથી. તે દશા તો આત્માની ભૂલથી થયેલી છે. પહેલાં ગુણસ્થાનથી માંડી ચૌદમા ગુણસ્થાન સુધીની સંસારદશા છે તેને કર્મ કરતું નથી એમ કહે છે. તે દશા આત્માની પોતાની પરિણતિની યોગ્યતાથી થઈ છે, કર્મથી થઈ નથી. આત્મા રાગ-દ્વેષની પર્યાયને કરે છે, પણ કર્મની અવસ્થાને કરતો નથી, એમ અહીં સિદ્ધાંત મૂક્યો છે. આ વાતને ધ્યાનમાં રાખીને નિમિત્ત-નૈમિત્તિક સંબંધને બરાબર જાણવો જોઈએ.

આગળ પૃષ્ઠ ૩૧૪માં આવશે કે ''જ્યારે કર્મનો તીવ્ર ઉદય હોય ત્યારે તો પુરુષાર્થ થઈ શકતો નથી અને ત્યાં તો ઉપરના ગુણસ્થાનેથી પડી જાય છે.'' એનો અર્થ કર્મના કારણે પડી જાય છે -એમ નથી. આત્મા પોતાની યોગ્યતાથી તેરૂપે પરિણમે છે તે વખતે કર્મ નિમિત્તમાત્ર છે એમ સમજવું જોઈએ. તેથી કરીને અહીં આ સિદ્ધાંત મૂક્યો છે કે સંસારની કોઈ પણ અવસ્થા થાય છે તેનો કર્તા આત્મા છે પણ કર્મ નથી, અને કર્મની કોઈ પણ અવસ્થાનો કર્તા આત્મા નથી.

સંસાર અવસ્થારૂપે આત્મા પોતે થાય છે માટે સંસાર તે ચેતનની વિકારી અવસ્થા છે, તે જડ કર્મની અવસ્થા નથી. કર્મ તે અવસ્થારૂપે થતું નથી અને કર્મના કારણે તે અવસ્થા નથી. આત્મા અને કર્મ બન્ને ન્યારા ન્યારા છે અને બન્ને જુદા જુદા કામ કરે છે.

શરીર સંસાર નથી; સ્ત્રી, કુટુંબ, પૈસો સંસાર નથી અને કર્મ પણ સંસાર નથી. શરીર સંસાર હોય તો શરીર બળી જતાં સંસાર બળીને ખાખ થઈ જાય અને મુક્તિ થઈ જાય, પણ એમ બનતું નથી. વળી સ્ત્રી-પુત્રમાં પણ સંસાર નથી. આત્માનો સંસાર તો આત્માની પર્યાયમાં છે. અજ્ઞાની પરમાં સંસાર માને છે, તેને સંસારની પણ ખબર નથી, તો પછી સંસાર રહિત મોક્ષની તો એને ક્યાંથી ખબર હોય ? ન જ હોય.

હવે કહે છે કે : આત્મા અને કર્મનું એકક્ષેત્રાવગાહ સંબંધ રહીને બંધાન જ્યાં સુધી રહે છે ત્યાં સુધી એ બન્નેનો સાથ રહે છે, છૂટા પડતા નથી. અને એક-બીજાને પરસ્પર કાર્ય-કારણપણું બન્યું રહે છે, તે બંધાન જાણવું. આત્મા પોતે વિકારનું કાર્ય કરે તો નિમિત્ત કર્મ થાય છે તે કાર્ય-

આત્મા વીર્યને ફોરવી શકતો નથી તેમાં અંતરાયકર્મ નિમિત્ત છે. અંતરાયકર્મના ઉદયના કારણે ચારિત્રનું વીર્ય પ્રગટ થતું નથી એમ નથી. અહીં માત્ર દીક્ષા એટલે ચારિત્ર પ્રગટ થવાના સામર્થ્યની જ વાત લીધી છે. ભોગ, ઉપભોગ, દાનાદિની વાત કરી નથી, ચારિત્રના વીર્યની મુખ્યતા છે.

એ પ્રમાણે ઘાતિકર્મોના નિમિત્તથી જીવના સ્વભાવનો અનાદિથી જ પર્યાયમાં ઘાત થયો છે. આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય તે ચાર ગુણો છે અને તે સ્વભાવ છે, એની પ્રગટતા નથી, તેમાં ચાર કર્મો નિમિત્ત છે એમ વાત કરી. તે અનાદિથી જ છે પણ એમાં એમ ન સમજવું કે પહેલાં તો સ્વભાવરૂપ શુદ્ધ આત્મા હતો, પરંતુ પાછળથી કર્મનિમિત્તથી સ્વભાવઘાત વડે અશુદ્ધ થયો. સંસારદશા અનાદિની છે, એમ કહે છે. હવે અહીં પ્રશ્ન થાય છે કે :

**પ્રશ્ન** : ઘાત નામ તો અભાવનું છે. હવે જેનો પહેલાં સદ્‌ભાવ હોય તેનો અભાવ કહેવો બને, પરંતુ અહીં સ્વભાવ તો છે જ નહિ તો પછી ઘાત કોનો કર્યો ?

**ઉત્તર** : જીવમાં અનાદિથી જ એવી શક્તિ હોય છે કે જો કર્મનું નિમિત્ત ન હોય તો કેવળજ્ઞાનાદિ પોતાના સ્વભાવરૂપ પ્રવર્તે. પરંતુ અનાદિથી કર્મોનો સંબંધ હોવાથી એ શક્તિનું વ્યક્તપણું ન થયું એટલે કે ભગવાન આત્મામાં એવી તાકાત છે કે જો તે કર્મનું અવલંબન ન લ્યે તો પર્યાયમાં પણ કેવળજ્ઞાનાદિ પ્રગટ જ હોય, પણ તે અનાદિથી કર્મનું અવલંબન લે છે એટલે પ્રગટ દશા નથી. માટે શક્તિ અપેક્ષા સ્વભાવ છે તે વ્યક્ત ન થવામાં જ્ઞાનાવરણાદિ કર્મો નિમિત્ત છે એટલે ઘાત કર્યો એમ કહીએ છીએ. અહીંયા નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કેવો છે તે બતાવે છે. નિમિત્ત ન હોય તો નૈમિત્તિકભાવ પણ હોતો નથી. દ્રવ્યસ્વભાવ છે એનું પર્યાયમાં અનાદિથી કાર્ય થયું નથી એટલે નિમિત્ત પણ અનાદિનું છે એમ નક્કી થાય છે, પણ કર્મને લઈને અનાદિથી સંસાર છે એમ નથી.

હવે અઘાતિકર્મોની વાત કરે છે. ચાર અઘાતિકર્મો છે, એના નિમિત્તથી આત્માને બાહ્ય સામગ્રીનો સંયોગ બને છે. અહીં પહેલાં સામાન્ય અઘાતિકર્મોના નિમિત્તની વાત કરી છે. એમાં વેદનીયકર્મની વાત કરે છે. વેદનીય વડે તો શરીરમાં અથવા શરીરથી બાહ્ય નાના પ્રકારના સુખ-દુઃખના કારણરૂપ પરદ્રવ્યોનો સંયોગ જોડાય છે. જુઓ, અહીં એક સિદ્ધાંત મૂકી દીધો કે : શરીરમાં રોગ થવો કે નીરોગતા થવી અને પૈસો આવવો કે જવો એમાં વેદનીયકર્મ નિમિત્ત છે, પણ તે આત્માના ઉદ્યમથી થાય છે -એમ નથી. વર્તમાન એક પંડિત તો કહે છે કે સમાજને વ્યવસ્થા રાખતા આવડતી નથી માટે ગરીબો પાસે પૈસા નથી, -પણ તે વાત ખોટી છે. અહીં તો ટોડરમલજી કહે છે અને ગોમ્મટસારમાં પણ આવે છે કે વેદનીયકર્મના કારણે સામગ્રીનું મળવું થાય છે, પણ આત્માને કારણે નહિ. આમ નક્કી કરે તો પરના કામ કરવાનો ઉત્સાહ મટી જાય અને મોક્ષના પંથે ચાલે તો સાચો અંતરનો પુરુષાર્થ પ્રગટે.

હવે બીજા અઘાતિકર્મોના કાર્યની વાત કરશે.



## આસો વદ ૧૪, શુક્રવાર, ૧૭-૧૦-૫૨.

## પંડિતપ્રવર શ્રી ટોડરમલજીને સ્મરણાંજલિ

આત્માની પરિપૂર્ણ શુદ્ધદશારૂપ મોક્ષ કે જે આત્માને પરમ હિતસ્વરૂપ છે તથા નિરંજન નિજ શુદ્ધાત્માના શ્રદ્ધાન-જ્ઞાન-આચરણની એકાગ્રતારૂપ જે મોક્ષનો માર્ગ-તેનું તથા નિશ્ચય-વ્યવહાર, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ, નવ તત્ત્વ આદિનું જેમાં સુસંબદ્ધ વિવેચન કરવામાં આવ્યું છે અને શ્રી સર્વજ્ઞ પરમાત્માના દિવ્યધ્વનિ અનુસાર જેની રચના કરવામાં આવી હોવાથી જે પ્રમાણભૂત સત્શ્રુત છે તેવા 'મોક્ષમાર્ગ પ્રકાશક' શાસ્ત્રના રચયિતા, સનાતન દિગંબર જૈનદર્શનના પરમ શ્રદ્ધાવાન, સ્વસમય-પરસમયના યથાર્થ જ્ઞાતા, પંડિતપ્રવર શ્રી ટોડરમલજીનો આજે દેહાંતદિન છે.

તેમણે અત્યંત ઉપયોગ રાખીને તેમાં વસ્તુસ્વરૂપનું જે યથાર્થ નિરૂપણ કર્યું છે તે જૈનદર્શનનું આધ્યાત્મિક રહસ્ય સમજવા માટે એક અનુપમ છતાં સુગમ ચાવી સમાન છે, અને તેઓ પોતે શાસ્ત્રના કેવા ઊંડા અભ્યાસી હતા તે પણ તેના ઉપરથી જણાઈ આવે છે. વળી તેઓએ ગોમ્મટસાર, આત્માનુશાસન આદિ ગ્રંથોની ભાષા ટીકાઓ પણ કરી છે.

તેઓ ગૃહસ્થ હોવા છતાં આચાર્યકલ્પ કહેવાય છે. તેમના સમયના તેઓ એક મહાન ધર્માત્મા, નિરાભિમાની અને અજોડ વિદ્વાન હતા. તેમને આજના દિવસે ભાવભીની સ્મરણાંજલિ અર્પીએ છીએ.

ૐ ૐ ૐ

અહીં સંસારાવસ્થાનું નિરૂપણ કરે છે. જેમ રોગીને રોગનો નિર્ણય થાય તો તેના નાશનો ઉદ્યમ કરે તેમ અહીં સંસારાવસ્થા આત્માની વિકારી કાર્યરૂપ દશા છે -એમ જાણે તો તેના નાશનો ઉદ્યમ કરે, એ વિકારમાં કર્મનું નિમિત્ત છે, પણ કર્મ વિકાર કરાવતું નથી. અહીં ઘાતિ-અઘાતિકર્મોના કાર્યની વાત કરી છે. આત્મા પોતે પોતાને ભૂલે છે, તેમાં ઘાતિકર્મો નિમિત્ત છે. અઘાતિકર્મનું કાર્ય બહારની સામગ્રી મેળવી આપે છે એમ કહ્યું છે પણ કર્મના કારણે સામગ્રી મળી નથી. સામગ્રી તો એના કારણે મળી આવે છે તેમાં વેદનીયાદિ અઘાતિકર્મો નિમિત્ત છે. આત્માના પુરુષાર્થના કારણે તે બહારની સામગ્રી આવતી-જતી નથી, એમ અહીં સિદ્ધ કરે છે.

કોઈ કોઈને કરી દે કે લાવી દે એ વાત નથી. શરીરમાં અને શરીરની બહાર અનેક પ્રકારના

સુખ-દુઃખના નિમિત્તરૂપ પરદ્રવ્યોનો સંયોગ થાય છે. શાતા-અશાતાનો ઉદય હોય તે પ્રમાણે સંયોગો મળી આવે છે. શરીરમાં રોગ હોય તે વખતે જે વૈદ્યો-દવા આદિ મળી આવે છે તેમાં આત્માનો પુરુષાર્થ નથી, પણ એમાં વેદનીયકર્મ નિમિત્તમાત્ર છે. માટે એની રુચિ છોડી દે, નિમિત્તદષ્ટિ છોડી દે, અને વિકારનું કાર્ય છોડવા માટે સ્વભાવદષ્ટિ કર એમ કહેવાનો હેતુ છે. પૈસા મળવા કે જવા એમાં આત્માની બુદ્ધિ કાંઈ કામ લાગતી નથી. વેદનીયકર્મના નિમિત્તે તે આવે છે અને જાય છે. એમ અઘાતિકર્મમાં વેદનીયકર્મનું કાર્ય કહ્યું. હવે આયુષ્યકર્મની વાત કરે છે.

આયુકર્મ વડે પોતાની સ્થિતિ સુધી પ્રાપ્ત થયેલા શરીરનો સંબંધ છૂટી શકતો નથી એટલે કે શરીર અને આત્માનો સંબંધ રહે છે એમાં આયુકર્મ નિમિત્ત છે. આયુષ્ય શરીરને રાખતું નથી પણ શરીરનો સંબંધ રહે છે એમાં આયુકર્મ નિમિત્ત છે. આયુષ્ય હોય ત્યાં સુધી શરીરનો સંબંધ છૂટે નહિ, આયુષ્ય પૂરું થાય તો અનેક દાકતરો ઊતરે પણ એને રાખી શકે નહિ. ઈંદ્રો, નરેંદ્રો આદિ કોઈ રોકવાને સમર્થ નથી. બરાબર ઉપચાર ન કર્યા માટે મરણ થયું એ વાત ખોટી છે. આયુષ્યકર્મના નિમિત્તે તે સંબંધ રહે છે અને છૂટે છે. આત્માના પુરુષાર્થના કારણે તેનું રહેવું કે છૂટવું થતું નથી. આ અઘાતિકર્મમાં આયુષ્યકર્મના કાર્યની વાત થઈ. હવે નામકર્મના કાર્યની વાત કરે છે.

નામકર્મ વડે ગતિ, જાતિ અને શરીરાદિક નીપજે છે; એટલે કે નામકર્મ ગતિ, જાતિ, સંઘયણ, સંસ્થાન, ઈંદ્રિયાદિ બાહ્ય વસ્તુને ખેંચીને લાવતું નથી. તે શરીર, ગતિ, જાતિ આદિ જે મળે છે તે તો એના કારણે મળે છે તેમાં નામકર્મ નિમિત્તમાત્ર છે. એ આત્માના પુરુષાર્થના કારણે મળે છે -એમ નથી. આત્માનો પુરુષાર્થ એમાં કિંચિત્‌માત્ર કામ લાગતો નથી. ઈંદ્રિયો સારી મળવી કે સારું રૂપ મળવું તે બધું નામકર્મના નિમિત્તે મળે છે -એમ અહીં સિદ્ધ કરે છે.

હવે ગોત્રકર્મના કાર્યની વાત કરે છે. ગોત્રકર્મ વડે ઊંચ-નીચ કુળની પ્રાપ્તિ થાય છે.

પૂર્વે જે પ્રમાણે ગોત્રકર્મ બાંધ્યું હોય છે એ પ્રમાણે ઊંચ-નીચ ગોત્ર મળે છે. એ પ્રમાણે અઘાતિકર્મો વડે બાહ્ય સામગ્રી એકઠી થાય છે. આ વાત વર્તમાન એક પંડિતને માન્ય નથી. અહીં ટોડરમલજી કહે છે અને ગોમ્મટસારમાં પણ આવે છે કે બહારના સંયોગોમાં અઘાતિકર્મનું નિમિત્ત છે. તે સામગ્રી સુખ-દુઃખ કરાવતી નથી પણ આત્મા પોતે સુખ-દુઃખની કલ્પના કરે છે. સામગ્રી સુખ-દુઃખનું કારણ નથી. આત્મા મોહકર્મમાં જોડાય છે ત્યારે સુખ-દુઃખ થાય છે.

અઘાતિકર્મ બહારના સંયોગોમાં નિમિત્ત છે એ વાત કરીને હવે આત્માનો સ્વભાવ પ્રગટ નહિ થવા દેવામાં નિમિત્ત છે તે વાત કરે છે. વળી શરીરાદિના સંબંધથી જીવનો અમૂર્તત્વાદિ ભાવ પોતાના સ્વઅર્થને કરી શકતો નથી. જેમ કોઈ શરીરને પકડે તો આત્મા પણ પકડ્યો જાય છે.

શરીરાદિના નિમિત્તે પોતાનો અમૂર્તત્વાદિ સ્વભાવ વ્યક્ત નથી. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. આત્માના પ્રતિજીવી ગુણોની વ્યક્તતા પોતાના કારણે નથી એમાં તે નિમિત્ત છે. વળી જ્યાં



સુધી કર્મનો ઉદય રહે ત્યાં સુધી બાહ્ય સામગ્રી પણ તેમ જ બની રહે છે પણ અન્યથા થઈ શકતી નથી. આ પ્રમાણે અઘાતિકર્મના નિમિત્તે આત્માનો અમૂર્તત્વાદિ સ્વભાવ પ્રગટ થતો નથી ને બીજું બાહ્ય સંયોગો મળે છે -એમ કહ્યું.

**પ્રશ્ન** : કર્મ તો નિર્બળ છે. શિષ્યના મુખમાં પંડિતજીએ આ પ્રશ્ન મૂક્યો છે. અત્યારના પંડિતો અને ત્યાગી કહે છે કે કર્મોના જોરને લઈને ચારિત્ર પ્રગટ થતું નથી અને કોઈ અગિયારમેથી પણ પડી જાય છે -તો તે વાત ખોટી છે. અજ્ઞાની કર્મનું જોર માને છે તે મૂઢતા છે. અઘાતિ પરને લાવે અને ઘાતિ આત્માના ગુણનો ઘાત કરે એવી તાકાત કર્મોમાં નથી. વળી એને ખબર પણ નથી તો તે જીવના સ્વભાવનો ઘાત કેવી રીતે કરે ? અને બહારની સામગ્રીને પણ તે કેમ મેળવે?

## નિર્બળ જડ કર્મો દ્વારા જીવના સ્વભાવનો ઘાત તથા બાહ્ય સામગ્રીનું મળવું.

જગતમાં નિમિત્ત-નૈમિત્તિક કાર્યો અનંતા બની રહ્યા છે એમાં ખબર કે શક્તિની કાંઈ જરૂર નથી. માથું હલે છે ત્યારે પડછાયો પણ એના કારણે એવો જ હોય છે. હાથ આવે ત્યારે પડછાયો થાય છે એટલે કે ત્યાં રહેલા પરમાણુ સફેદ પર્યાયરૂપે હતા તે કાળી પર્યાયરૂપે થાય છે. પણ તે હાથના કારણે થતા નથી. એ બેની અવસ્થા કરવામાં કોઈ ઈશ્વર કર્તા નથી પણ આંગળાની પર્યાય અને રજકણોની પર્યાય સ્વતંત્ર તેના દ્રવ્યના કારણે થાય છે. કોઈ કોઈનો કર્તા નથી. દરેકે દરેક પદાર્થની પર્યાય પોતાના ઉપાદાનના કારણે થાય છે. એક દ્રવ્યમાં બીજા દ્રવ્યની પ્રેરણા ત્રણ કાળમાં થતી નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હજારો-લાખો બની રહ્યા છે. કોઈ કોઈના કારણે નથી.

હવે નિર્બળ જડ કર્મોના નિમિત્તે જીવના સ્વભાવનો ઘાત અને બાહ્ય સામગ્રીનું મળવું કેવી રીતે થાય છે ? તે વાતને સમજાવે છે.

જો પોતે કર્તારૂપ પ્રયત્નપૂર્વક જીવના સ્વભાવને હણે અથવા બાહ્ય સામગ્રી મેળવી આપે તો કર્મમાં ચૈતન્યપણું તથા બળવાનપણું સંભવે પણ એમ તો નથી. કર્મ પોતે કર્તારૂપ થઈને હું આના ગુણોને હણું અને શાતાનો ઉદય છે માટે પૈસા મેળવી આપું એમ કર્તા થઈને કાંઈ કરતું નથી. પણ એવો જ સહજ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બની આવે છે. અહીં નિમિત્ત છે અને સામે કાર્ય થાય છે એ બન્નેનો એક જ કાળ છે, આગળ-પાછળ નથી. જે પોતે સંસાર અવસ્થાને કરનારો છે એને નિમિત્ત થાય છે. જે સંસારાવસ્થારૂપે થતો નથી એની વાત નથી. અહીં લોકો ભ્રમમાં પડે છે કે કર્મ કર્તા નથી એ વાત તો બરાબર છે પણ નિમિત્ત આવે છે એટલે જીવે પરિણમવું પડે છે. તો કહે છે કે એ વાત પણ ખોટી છે.

અહીં તો કહે છે કે સ્વાભાવિક જ એવો મેળ છે કે જ્યારે કર્મનો ઉદયકાળ છે ત્યારે આત્મા પોતે સંસારદશારૂપે પરિણમે છે અને અઘાતિનો ઉદયકાળ હોય ત્યારે બહારના સંયોગો એના કારણે આવી મળે છે.

જેમ કોઈ પુરુષના માથા ઉપર મંત્રેલી ધૂળ પડવાથી તે પુરુષ બહાવરો બની ગયો. હવે ત્યાં મંત્રેલી ધૂળને જ્ઞાન નથી અને એમાં બળવાનપણું નથી છતાં બહાવરાપણું એ મંત્રેલી ધૂળ વડે જ થતું જોવામાં આવે છે. મંત્રેલી ધૂળનું તો માત્ર નિમિત્તપણું જ છે પણ તે પુરુષ પોતે જ બહાવરો થઈ પરિણમે છે. મંત્રતંત્રથી કોઈ ગાંડું બનતું નથી પણ જેની ગાંડા બનવાની લાયકાત હોય તેને એવું નિમિત્ત હોય છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એક સમયનો હોય છે. ગાંડા થવાનો કાળ અને મંત્ર આવવાનો કાળ એક સમયે જ છે. **એવો કોઈ નિમિત્ત-નૈમિત્તિકભાવ બની રહ્યો છે.** એનો કોઈ કર્તા નથી. દેવ-ગુરુ-શાસ્ત્રના સંબંધમાં પણ એમ જ છે. વાણી આદિનું મળવું તે વર્તમાન પુરુષાર્થ આધીન નથી અને વાણી આવી માટે આત્મામાં કાર્ય થાય છે -એમ નથી. વાણી સાંભળતી વખતે અશુભભાવ કરવો કે શુભભાવ કરવો તે આત્માનો પુરુષાર્થ છે. વાણીનું હોવું અને આત્માનો પુરુષાર્થ થવો એ બન્નેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. પણ એકબીજાના કારણે નથી. તે વાત દૃષ્ટાંતથી કહે છે :

જેમ સૂર્યોદય કાળે ચકવા-ચકવીનો સંયોગ થાય છે ત્યાં કોઈએ દ્વેષબુદ્ધિથી અથવા બળપૂર્વક રાત્રિ વિષે તેમને જુદા કર્યા નથી. તેમ કોઈએ કરુણાબુદ્ધિપૂર્વક દિવસ વિષે મેળવ્યા નથી. પણ સૂર્યોદયનું નિમિત્ત પામીને પોતે જ મળે છે તથા સૂર્યાસ્તનું નિમિત્ત પામીને પોતે જ છૂટા પડે છે એવો જ કોઈ નિમિત્ત-નૈમિત્તિકભાવ બની રહ્યો છે.

ભોંય-આંબલીના ઝાડ થાય છે તેના પાંદડાં સૂર્ય ઊગે ત્યારે ખૂલ્લા થઈ જાય છે, ને સૂર્ય અસ્ત થાય ત્યારે બીડાઈ જાય છે. એવો જ કોઈ નિમિત્ત-નૈમિત્તિકભાવ બની રહ્યો છે. જો સૂર્ય તેમાં કર્તા હોય તો બધી લીલોતરી ખીલી જવી જોઈએ પણ એમ બનતું નથી. સૂર્ય ઊગે ત્યારે લાખો માણસો જાગે છે અને સૂર્ય આથમે ત્યારે સુવાની તૈયારી કરે છે. સૂર્ય કર્તા નથી. કેમ કે ઘણાં એવા પણ હોય છે કે રાત્રે જાગે અને સવારથી સાંજ સુધી સુવે. જો સૂર્યના કારણે હોય તો સરખું થવું જોઈએ -પણ એમ નથી. સહજ નિમિત્ત-નૈમિત્તિકભાવ બની રહ્યો છે.

આ પ્રમાણે કર્મનો પણ નિમિત્ત-નૈમિત્તિકભાવ જાણવો. એક સમયનો નિમિત્ત-નૈમિત્તિકભાવ છે એને કોણ જાણી શકે ? કેવળી સિવાય એ જણાય નહિ. છતાં અજ્ઞાની નિમિત્તના કારણે નૈમિત્તિકભાવ માને છે. નિમિત્ત આવ્યું માટે નૈમિત્તિક થયું એ વાત તદ્દન ખોટી છે. કર્મને પ્રેરક નિમિત્ત કહીને કર્મના કારણે આત્મામાં વિકાર થાય છે -એમ મૂઢ માને છે. એણે પર્યાયનો કાળ માન્યો નહિ, એટલે પર્યાયને સ્વતંત્ર માની નહિ, તેનું બધું ચક્ર ઊંધું છે. તે નિમિત્ત-નૈમિત્તિકભાવને સમજતો નથી. આત્મામાં સંસારાવસ્થારૂપી કાર્ય થાય છે તેમાં કર્મ નિમિત્ત છે એમ સિદ્ધ કરે છે. સંસારાવસ્થા સ્વતંત્ર થાય છે એમ હજી જેને ખબર નથી તે સ્વતંત્ર રીતે સંસારાવસ્થાનો નાશ કરી શકે નહિ, તેને જણાવે છે કે કર્મના કારણે સંસારાવસ્થા નથી. હવે નવીન બંધ કેવી રીતે થાય છે ? તે કહે છે.



## નવીન બંધ કેમ થાય છે ?

જેમ મેઘપટલથી સૂર્યનો જેટલો પ્રકાશ વ્યક્ત થતો નથી તેટલો તો તે કાળમાં તેનો અભાવ છે. તથા એ મેઘપટલના મંદપણાથી જેટલો પ્રકાશ વ્યક્ત થાય છે તે એ સૂર્યના સ્વભાવનો અંશ છે પણ મેઘપટલજનિત નથી. સૂર્ય તો કાયમ છે, એના પ્રકાશનો સદ્ભાવ અને અભાવ કેટલો છે એની વાત કરી. તે છે તો પોતાના કારણે પણ તેમાં મેઘપટલનું નિમિત્ત છે તેમ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાયકર્મના નિમિત્તથી જીવનો જેટલો જ્ઞાન, દર્શન, વીર્યસ્વભાવ પ્રગટ થતો નથી તેટલો તો તે કાળમાં તેનો અભાવ છે. જ્ઞાનાવરણાદિ કર્મનું જેટલું અવલંબન છે એટલો તો પોતાના કારણે પર્યાયમાં જ્ઞાનાદિનો અભાવ છે પણ એ બંધનું કારણ નથી. જ્ઞાન, દર્શન અને વીર્યનો અભાવ છે તે બંધ થવામાં કારણ થતું નથી, કેમ કે અભાવ બંધનું કારણ થાય નહિ. જેમ એક માણસ મરી ગયો હોય તે લાકડી લઈને મારે એમ બને નહિ -એમ જ્ઞાન, દર્શન, વીર્યનો અભાવ તે બંધનું કારણ થતું નથી અને જ્ઞાન-દર્શન-વીર્યનો ઉઘાડ પણ બંધનું કારણ થતું નથી એ વાત હવે કરશે.

## વીર નિર્વાણદિન

## આસો વદ ૧૫, શનિવાર, ૧૮-૧૦-૫૨.

આજે ભગવાન મહાવીર પરમાત્માનો નિર્વાણ દિવસ છે. નિર્વાણ એટલે શું ? આત્મા જ્ઞાનસ્વભાવી છે એવી અંતર્દૃષ્ટિ કરી, અંતર્લીનતા કરીને પૂર્ણદશા પ્રગટ કરી તે નિર્વાણ છે. પરમભાવ તે જ્ઞાન છે. આત્મા જ્ઞાતાદૃષ્ટા છે, એમ નક્કી થયું એટલે પરની રુચિ છૂટીને સ્વભાવમાં ઢળી એ જ કેવળજ્ઞાનનું અંતર્સાધન થયું. ભગવાન મહાવીરે આ જ સાધન વડે કેવળજ્ઞાન પ્રગટ કર્યું હતું અને કેવળજ્ઞાન પછી ચાર અઘાતિકર્મ બાકી હતા તે નાશ થઈ આજે કારતક વદ ૧૪ (ગુજરાતી -આસો વદ ૧૪)ની પાછલી રાત્રિએ ભગવાનનો મોક્ષ થયો છે. શક્તિરૂપે જે સ્વભાવ હતો તે પ્રગટરૂપે થયો અને મુક્તિરૂપ સાદિ અનંતદશાને પામ્યા છે.

આત્મા જ્ઞાનનું બિમ્બ છે. એવી પરમાત્મદશાને આજે ભગવાન પામ્યા છે. તે એક આત્માના જ સાધન વડે પામ્યા છે, બીજા સાધન વડે પામ્યા નથી. ભગવાન જે સાધન વડે મુક્તિને પામ્યા તે સાધનનો ઉપદેશ જગતને આપ્યો છે. આત્મામાં અનાદિથી જ્ઞાન, દર્શન અને વીર્યના એક અંશનો ઉઘાડ તો છે જ કારણ કે તે આત્માનો સ્વભાવ છે, તે ત્રિકાળીનો અંશ છે, માટે ત્રિકાળીના અવલંબનથી કેવળજ્ઞાન પમાય છે એ વિધિ જગતને કહી છે.

સંસારદશા તો જીવનો એક સમયનો વિકાર છે, એમાં કર્મ નિમિત્ત છે તે નિમિત્ત-નૈમિત્તિક સંબંધની વાત આવી ગઈ છે. આ આત્મામાં કર્મનું બળ જરાય નથી. કર્મ વિકાર કરાવતું નથી.

જ્યારે તે કર્મનો ઉદયકાળ હોય ત્યારે આત્મા પોતે જ સ્વભાવરૂપ નહિ પરિણમતાં વિકારરૂપે પરિણમે છે -એમ કહ્યું છે. પણ ઉદયના પ્રમાણમાં આત્મા પરિણમે -એમ કહ્યું નથી. અને ત્યાં અઘાતિકર્મના નિમિત્તે તો તે જ પ્રમાણે બાહ્ય સંયોગો મળે છે -એમ કહેલ છે.

ઘાતિકર્મ અને અઘાતિકર્મમાં એટલો ફેર છે. જ્ઞાન-દર્શન-ચારિત્રમાં ઉદયના કાળમાં એટલા પ્રમાણમાં પરિણમે એવો નિયમ નથી, પણ અઘાતિકર્મના નિમિત્તે એટલા જ પ્રમાણમાં એ પ્રમાણે જ બાહ્ય સંયોગો મળે છે -તેમાં ફેરફાર થાય નહિ, અને જો ઘાતિકર્મના પ્રમાણમાં આત્મામાં વિકાર થાય તો પછી સંસારનો અભાવ થાય નહિ. આમ ઘાતિકર્મ અને અઘાતિકર્મના કાર્યમાં ફેર છે. ઘાતિકર્મોના ઉદયમાં આત્મા પોતે સ્વભાવરૂપ નહિ પરિણમતા વિભાવરૂપ પરિણમે છે, અને અઘાતિકર્મના ઉદયમાં અન્ય દ્રવ્યો તે જ પ્રમાણે સંબંધરૂપે થઈને સ્વયં પરિણમે છે. આ ઘાતિ-અઘાતિકર્મોના નિમિત્તની વાત છે. અઘાતિકર્મ જડ છે, એને કોઈ ભોગવતું નથી, પૂર્વે પરિણામ કર્યા હતા એના નિમિત્તે અઘાતિકર્મો બંધાયા એની વાત નથી. પણ અઘાતિકર્મના ઉદય વખતે એના પ્રમાણમાં જ બહારમાં સામગ્રી મળે છે. આત્માનું વર્તમાન કોઈ કારણ છે -એમ નથી.

આત્માનું સ્વ-પરપ્રકાશકનું સામર્થ્ય છે તેથી તે સંયોગોને જાણે છે. તે સંયોગો એના કારણે આવે છે અને એમાં અઘાતિકર્મ નિમિત્ત છે -એમ જાણે છે. તે વખતે રાગ કરે તો નવો બંધ થાય છે. વર્તમાન સંયોગ મળ્યો છે એની સાથે એને જાણવાનો સંબંધ છે, બીજો સંબંધ નથી. અને તે સંયોગો શા કારણે મળ્યા એ બતાવવું હોય તો અઘાતિકર્મના નિમિત્તે આવ્યા -એમ કહેવાય, અને તે અઘાતિકર્મ પૂર્વે જીવે જેવા ભાવ કર્યા હતા તે પ્રકારથી અઘાતિકર્મો બંધાયા હતા એમ પરંપરાએ આત્માની સાથે સંબંધ કહેવાય છે, પણ વર્તમાનના કારણે બહારમાં લક્ષ્મી, દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ મળે છે -એમ નથી. આ વાત આગળ આવી ગઈ છે.

હવે અહીં તો નવો બંધ કેમ થાય છે ? તે વાત ચાલે છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાયકર્મના ક્ષયોપશમના નિમિત્તે આત્મામાં જ્ઞાન-દર્શન-વીર્યનો સદ્‌ભાવ છે. તે તો જીવના સ્વભાવનો અંશ છે પણ તે કર્મોના ઉદયજન્ય ઉપાધિભાવ નથી. એકેંદ્રિય-નિગોદથી માંડીને બધા અજ્ઞાની જીવોને જે ઉઘાડ છે તે તો જીવનો સ્વભાવ છે. અનાદિ મિથ્યાદૃષ્ટિ ભવી કે અભવી જીવો સંસારદશામાં છે તે બધા જીવોને જે જ્ઞાન-દર્શન-વીર્યનો ઉઘાડ છે તે તેનો સ્વભાવ છે. તે બંધનું કારણ નથી કેમ કે તે કર્મોદયજન્ય ઉપાધિભાવ નથી.

એ પ્રમાણે સ્વભાવના અંશનો અનાદિથી માંડીને કદી પણ અભાવ થતો નથી, અને એ વડે જ જીવનો નિશ્ચય કરી શકાય છે.

ચૈતન્યજ્યોતની ઉઘાડરૂપ દશા અનાદિથી છે તેનો કદી પણ અભાવ થતો નથી, એ વડે જ જીવના જીવત્વનો નિશ્ચય કરી શકાય છે. ઈંદ્રિય વડે જીવનો નિર્ણય થાય છે -એમ કહેલ નથી.



ભગવાન આત્મા શક્તિરૂપે જ્ઞાન, દર્શન અને વીર્યના સ્વભાવરૂપ છે, તે તાકાત વડે આ જીવ છે એમ નક્કી થાય છે. રાગદ્વેષ, પુણ્ય-પાપ, મન-વાણી-દેહ વડે નિર્ણય કરી શકાય છે એમ કહેલ નથી પરંતુ જ્ઞાન, દર્શન, વીર્યસ્વભાવવાળો જીવ છે એમ નિર્ણય કરીને અનંતા કેવળી પરમાત્મા સિદ્ધપદને પામ્યા છે. સ્વભાવનો અંશ છે તે અનાદિનો છે, તે કદી ઢંકાતો નથી. હીણું પરિણમન થાય પણ સ્વભાવનો એક અંશ તો સદા ઉઘાડરૂપે રહે છે. તે અંશનો અભાવ થાય તો જીવનો અભાવ થઈ જાય.

આ સ્વભાવનો અંશ જે જ્ઞાનનો છે તે કેવળજ્ઞાનનો અંશ છે અને દર્શનનો અંશ છે તે કેવળદર્શનનો અંશ છે અને ચારિત્રનો અંશ તે યથાખ્યાતનો અંશ છે તે વડે પરિપૂર્ણ જીવસ્વભાવનો નિર્ણય થાય છે. આમ નિર્ણય કરવો તે જ મુક્તિનું કારણ છે. અનંતા જીવો પોતાનો નિર્ણય યથાર્થપણે કરે છે એની વાત કરી છે. બંધનો અભાવ અને બંધનો ભાવ કેમ થાય તે અહીં કહેવો છે. સ્વભાવનો અંશ છે તે આવરણરૂપ થાય નહિ -આવો નિર્ણય કોણ કરી શકે ? કે જેને દ્રવ્ય-ગુણ-પર્યાય, દેવ-ગુરુ-શાસ્ત્રાદિનું યથાર્થ જ્ઞાન હોય તેને જ થાય છે, અન્યને થતો નથી. જેને યથાર્થ નિર્ણય થયો છે તે સમજે છે કે આ જાણવા-દેખવાની શક્તિને ધારણ કરનાર વસ્તુ છે તે જ આત્મા છે.

જેમ સૂર્યના કિરણો વડે આ સૂર્ય છે એમ નિર્ણય થાય છે તેમ જાણવા-દેખવાના સ્વભાવથી આત્માનો નિર્ણય થાય છે તે સ્વભાવ વડે નવીન કર્મોનો બંધ થતો નથી. અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ નિગોદના જીવને પણ જેટલો સ્વભાવનો અંશ ઉઘડેલો છે તે કર્મોના બંધ થવામાં કારણ થતો નથી. આમ સત્ય વાત ધારણ તો કર, આમ ધારણા કર્યા વગર અંતર વલણ થશે ક્યાંથી ? ઈંદ્રિય નહિ, રાગ નહિ પણ આત્માનો જ્ઞાન-દર્શન સ્વભાવ છે તેના વડે આત્માનો નિર્ણય થાય છે એમ નક્કી કર. આમ નક્કી કર્યા પછી નિમિત્તનું જ્ઞાન સાચું થશે. અહીં તો કહે છે કે સ્વભાવ બંધનું કારણ થાય તો બંધથી છૂટવાનું બની શકે નહિ. જ્ઞાન-દર્શન-વીર્યનો ઉઘાડ છે તેના વડે તો બંધ થતો નથી પણ કર્મના ઉદયના નિમિત્તે જ્ઞાન-દર્શન-વીર્ય જેટલા અભાવરૂપ છે તે વડે પણ બંધ થતો નથી.

મિથ્યાશ્રદ્ધા-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્ર -એ ત્રણને બંધકારણ બીજે કહેલ છે પણ અહીં તો સીધા જ્ઞાન-દર્શન-વીર્ય બંધના કારણ નથી -એમ કહેલ છે. કેમ કે સ્વભાવ બંધનું કારણ ન હોય અને જેનો અભાવ છે તે બીજાને કારણરૂપ કેમ થાય ? સંસારાવસ્થા તો આત્માની પર્યાય છે એમાં કર્મનું નિમિત્ત છે, એમાં બંધનું કારણ કોણ છે ? એ કહે છે. જ્ઞાન, દર્શન અને વીર્યના અંશનો સદ્‌ભાવ તથા અભાવ સંસારદશા હોવા છતાં તે બંધનું કારણ નથી. માટે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયના નિમિત્તથી ઉપજેલા ભાવો બંધનું કારણ નથી. એ ત્રણે ઉઘાડ નિમિત્ત

છે અને અભાવમાં પણ એ ત્રણે કર્મોનું નિમિત્ત છે માટે ઉઘાડ તથા અભાવ બન્ને નવીન કર્મબંધનું કારણ નથી. આ વાત તો એકદમ સમજાય એવી છે. આત્મા છે તો એની વર્તમાનદશા સંસારરૂપે છે કે મુક્તિરૂપે છે ? સંસારરૂપે છે તો એમાં જેટલો જ્ઞાન-દર્શન-વીર્યનો અંશે ઉઘાડ છે અને એનો અભાવ પણ છે, તે બેમાંથી એકેય નવા બંધનું કારણ નથી. કેમ કે જ્ઞાન-દર્શન-વીર્યનો ઉઘાડ છે તે સ્વભાવ છે માટે બંધનું કારણ નથી અને જે અભાવરૂપ છે તે બંધનું કારણ કેમ થાય ? માટે તે પણ બંધનું કારણ નથી. જુઓ, અહીં કહે છે કે જ્ઞાન-દર્શન-વીર્યનો ઉઘાડ અંશે સંસારદશામાં પણ ન હોય તો જીવનો અભાવ થાય અને પૂર્ણ હોય તો સંસારદશા ન હોય, માટે અંશે ઉઘાડરૂપ અને અંશે અભાવરૂપે જ્ઞાન, દર્શન અને વીર્ય છે તે બંધનું કારણ નથી. આગળ કહેશે કે મિથ્યાત્વ અને રાગાદિ બંધનું કારણ છે.

જ્ઞાન-દર્શન-વીર્યનો પર્યાય છે એનો ધરનાર તો આત્મા છે એનો નિર્ણય કરે તો બંધનો અભાવ થાય પણ એના કારણે બંધ થાય નહિ. સમજવાની દરકાર કરે નહિ તો આ વાત સમજાય નહિ બાકી સરળ અને સહજ છે. જુઓ, હવે બંધ શા કારણે થાય છે તે કહે છે :

મોહનીયકર્મના ઉદય વડે એટલે આત્મા મોહનીયકર્મના પાક વખતે તેમાં જોડાય છે ત્યારે તેને અયથાર્થ શ્રદ્ધાનરૂપ મિથ્યાત્વ અથવા ક્રોધ, માન, માયા અને લોભાદિ કષાયભાવ થાય છે.

મોહનીયકર્મનો પાક થાય એ વખતે જીવ પોતે અતત્ત્વાર્થશ્રદ્ધાન કરે છે તે મિથ્યાત્વભાવ છે. અને કષાયભાવ જીવ કરે છે તે નવીન બંધનું કારણ છે. જુઓ, આ વાત તો સમજવા જેવી ઘણી સરસ છે. આજે ભગવાન મુક્તિને પામ્યા છે તે સ્વભાવના અવલંબને પામ્યા છે; તે એક જ રસ્તો છે. જીવને સંસારદશામાં નવો બંધ થાય છે તે મિથ્યાત્વાદિ ભાવો કરે છે તેના કારણે બંધ થાય છે. તે મિથ્યાત્વાદિ ભાવો જીવના અસ્તિત્વમાં થાય છે. જીવથી તે ભાવો જુદા નથી. જીવ પોતે તે રૂપે થાય છે. પરિણમનાર જીવ પોતે છે.

ચાર વાત કરી.

૧) મિથ્યાત્વાદિ ભાવો જીવના અસ્તિત્વમાં થાય છે.

૨) તે ભાવ જીવથી જુદા નથી.

૩) તે વિભાવદશાનો કર્તા જીવ પોતે જ છે, અને

૪) તે જીવના પરિણમનનું જ કાર્ય છે.

આમ સમજીને આત્મા જ્ઞાન-દર્શનની મૂર્તિ છે એના સ્વભાવમાં તે ભાવો નથી એવો નિર્ણય કરે તેને નવો બંધ થતો નથી અને મુક્તિ થાય છે.



## સુપ્રભાત માંગલિક દિન

## કારતક સુદ ૧, રવિવાર, ૧૯-૧૦-૫૨.

આજે ૨૦૦૯ની સાલનું નવું બેસતું વર્ષ છે. બેસતા વર્ષને દિવસે સુપ્રભાત માંગલિક કોને કહેવાય ? તે અહીં કહે છે. આ મોક્ષમાર્ગ પ્રકાશક અધિકારમાં સંસારાવસ્થાનું વર્ણન ચાલે છે. તે સંસારદશામાં બે પ્રકાર છે. એક તો જ્ઞાન-દર્શન-વીર્યનો અંશે ઉઘાડ છે, બીજું પુણ્ય-પાપરૂપી ઔપાધિકભાવ છે. તે ઔપાધિકભાવ આદરણીય નથી; અને નિરુપાધિક જે નિજસ્વભાવ છે તે આદરણીય છે -એમ આત્માના અંતર્સન્મુખ થઈને નિર્ણય કરવો તે ભાવશ્રુતજ્ઞાન કેવળજ્ઞાનરૂપી સુપ્રભાતનું કારણ થાય છે. અને તે કેવળજ્ઞાન, કેવળદર્શનાદિ પૂર્ણ સ્વભાવ પ્રગટ થયો તે સાદિ અનંત રહે છે માટે માંગલિક છે.

ભગવાનને કેવળજ્ઞાનરૂપી સુપ્રભાત પ્રગટ થયું અને એમને દિવ્યધ્વનિ છૂટી એમાં એમ આવ્યું કે આત્માની પર્યાયમાં જે જ્ઞાન-દર્શન-વીર્યનો ઉઘાડ છે તે સ્વભાવ હોવાના કારણે એ બંધનું કારણ નથી. આત્માએ અનાદિથી કર્તાપણે થઈને મોહ-રાગાદિ ઔપાધિકભાવરૂપ કાર્ય કર્યું છે તે સંસાર છે, અને એ બંધનું કારણ છે, તે તો કહ્યું પણ હવે મોક્ષ અને મોક્ષમાર્ગ કેમ થાય ? તે વાત કહે છે કે : જે જ્ઞાન પરનું લક્ષ કરીને ઔપાધિકભાવપણે થાય છે તે જ્ઞાનને સ્વભાવ તરફ વાળે અને અંતર્મુખ દ્રષ્ટિ કરે તો મોક્ષમાર્ગ, જે કેવળજ્ઞાનરૂપી સુપ્રભાતનું કારણ છે તેને, પ્રગટ કરે. જે ભાવ કર્મના નિમિત્તવાળો છે તેને ઔપાધિકભાવ કહેલ છે. તે ઔપાધિકભાવ સાથે રહેલો જ્ઞાન-દર્શન-વીર્યનો જે ઉઘાડ છે એમાં એમ આવવું જોઈએ, ઔપાધિકભાવ છે એનું લક્ષ છોડવા જેવું છે અને નિમિત્તનું લક્ષ પણ છોડવા જેવું છે એવો નિર્ણય કરે તે દ્રવ્યશ્રુત વિકલ્પવાળું છે - આ વિકલ્પવાળા શ્રુતજ્ઞાનને સંપૂર્ણ દ્રવ્યશ્રુત કહેલ છે.

જ્ઞાન-દર્શન-વીર્યનો પર્યાય જે અંશરૂપ ઉઘડેલો છે તેનો આત્મા કર્તા અને આત્માનું તે કાર્ય છે, અને તે નિરુપાધિક અંશ છે. એનો ધરનાર આત્મા નિરુપાધિક દ્રવ્ય છે, તે આદરણીય છે અને વર્તમાન પુણ્ય-પાપરૂપી ઔપાધિકભાવ કે દેવ-ગુરુ-શાસ્ત્રદિના લક્ષે થયેલો ભાવ તે છોડવાયોગ્ય છે. માટે ઔપાધિકભાવનું લક્ષ છોડવા યોગ્ય છે-તેવો વિકલ્પપૂર્વક નિર્ણય કરવો તેને ભગવાન દ્રવ્યશ્રુત કહે છે. જ્ઞાન-દર્શન-વીર્યનો પ્રગટ પર્યાય મનુષ્યભવમાં વિશેષ હોય છે, એમાં નિર્ણય કરે કે આ પ્રગટેલો પર્યાય છે તે સ્વભાવનો અંશ છે; તે અંશ અંશી એવા શુદ્ધ નિરુપાધિક દ્રવ્યનો છે એમ સ્વભાવને પકડે તે બેસતા વર્ષનું માંગલિક છે.

આજે બેસતા વર્ષને દિવસે બહારમાં અનુકૂળતા રહે એમ લોકો ઈચ્છે છે. પણ અહીં તો કહે છે કે બહારમાં અનુકૂળતા કે પ્રતિકૂળતા છે જ નહિ. વળી આત્માની પર્યાયમાં બે અંશ છે

એમાં એક અંશ તો અનુકૂળતાનો છે અને બીજો અંશ પ્રતિકૂળતાનો છે, અને આત્મા તો સ્વભાવથી ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વરૂપી છે. હવે તેની પર્યાયમાં જે જ્ઞાન-દર્શન-વીર્યનો વિકાસ છે તે નિરુપાધિક સ્વભાવનો અંશ છે તેને અંતર્મુખ કરીને આત્માને પકડે તો ઔપાધિકભાવનો અંશ રહે નહિ, તે મંગળિક અને નવા વર્ષનું સુપ્રભાત છે.

અહીં, બંધ કેમ થાય છે તેની વાત ચાલે છે. પણ એની સાથે સાથે અબંધ મોક્ષમાર્ગ પણ કેમ થાય ? તે કહેવાય છે. ઔપાધિકભાવ છે તે ટાળવા યોગ્ય છે એમ જે દેવ-ગુરુ-શાસ્ત્ર કહે તે યથાર્થ છે અને એમ જે કહેતા નથી તે મિથ્યા દેવ-ગુરુ-શાસ્ત્ર છે. શ્રી કુંદકુંદાચાર્યદેવ પ્રવચનસારમાં ચારિત્ર અધિકાર શરૂ કરતાં કહે છે કે મુનિપણું બતાવનારા - તેના પ્રણેતા અમે આ ઊભા ! એટલે કે તમારે મુનિપણું પ્રગટ કરવું હોય તો તેની વિધિના કહેનારા અમે છીએ -એમ કહીને કહે છે કે - જેટલો ઔપાધિકભાવ છે તે બધો છોડવાયોગ્ય છે. દ્રવ્યશ્રુત દ્વારા વિકલ્પથી પણ એમ નિર્ણય કરે કે જેટલો ઊઘડેલો અંશ છે તે તો નિજસ્વભાવ છે, તે વડે અંતર્મુખ દૃષ્ટિ કરે અને ઔપાધિકભાવ છે તે છોડવાયોગ્ય છે એમ નિર્ણય કરીને ભાવશ્રુત દ્વારા આત્માને પકડે તો મોક્ષમાર્ગ શરૂ થાય છે.

આચાર્યો, મુનિઓ, સંતો એમ કહે છે કે ભલે આત્મા મનુષ્ય, દેવ કે તિર્યંચની ગતિમાં હોય પણ ત્યાં જે જ્ઞાન-દર્શન-વીર્યનો ઊઘડેલો અંશ છે તેમાં એમ નિર્ણય કરે, દેવ-ગુરુ-શાસ્ત્ર કહે છે કે તારો વર્તમાન ઉઘાડ છે તેને અને જે વિકલ્પ છે તેને નિરુપાધિક અંતર્તત્ત્વ તરફ વાળ તો આત્માને પકડી શકાય એમ છે. કેમ કે આખા આત્માને પકડવાનું નિમિત્ત તો દ્રવ્યશ્રુત છે માટે તે દ્રવ્યશ્રુતને આખું શ્રુત કહેવામાં આવે છે.

આત્માને શાંતિ જોઈએ છે તો તે શાંતિ પૂર્ણ અને સાદિ અનંતકાળ સુધી રહે એવી હોવી જોઈએ. તેવી શાંતિ કોને થાય ? કે જેણે આત્માના ઉઘાડ અને વિકલ્પ દ્વારા આત્મા તરફ વલણ કરીને નિર્ણય કર્યો કે ઔપાધિકભાવ છે તે બધો છોડવાયોગ્ય છે અને નિરુપાધિકભાવ છે તે આદરણીય છે એમ દ્રવ્યશ્રુત વડે નિર્ણય કરે, અને એવા નિર્ણય કરનારને દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય એનો પણ નિર્ણય હોય છે. તે દ્રવ્યશ્રુતજ્ઞાનવાળો નિર્વિકલ્પ ભાવશ્રુતજ્ઞાન વડે આત્માને પકડે તેને એવી શાંતિનું કારણ પ્રગટ કરીને પૂર્ણ શાંતિને પ્રાપ્ત કરે છે તે સુપ્રભાતનું માંગલિક છે.

જેને વિકલ્પ નથી અને પૂર્ણદશા પ્રગટ થઈ છે એવા સર્વજ્ઞદેવ તથા જેને વિકલ્પ છે એવા નિર્ગ્રંથ ગુરુ અને એના પ્રરૂપેલા શાસ્ત્રો તે એમ કહે છે કે જે જ્ઞાનનો ઊઘડેલો અંશ છે તે વડે અને વિકલ્પ દ્વારા નિર્ણય કર કે આત્મામાં જેટલો ઔપાધિકભાવ છે તે છોડવાયોગ્ય છે, તે દ્રવ્યશ્રુતજ્ઞાન છે. એમ આત્મામાં અંતર્મુખ થયે આત્મા પકડાય એમ છે. એનાથી વિરુદ્ધ કહેતા હોય તે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર નથી. બીજી રીતે કહીએ તો સાધક, સાધ્ય અને શાસ્ત્ર કેવા હોય ? અને તે શું



કહે છે ? તારો વર્તમાન ઊઘડેલો અંશ છે તેને અંતર્મુખ વાળવાથી અંતર્ સ્વભાવભાવરૂપી પર્યાય પ્રગટે એમ છે -એમ વિકલ્પમાં પ્રથમ નિર્ણય કરે તો તે વિકલ્પનો અભાવ કરી ભાવશ્રુત દ્વારા આત્માને પકડે તેને મોક્ષમાર્ગની શરૂઆત થાય એમ છે અને તેને બેસતા વર્ષનું શુભ માંગલિક કહેવાય છે. આ વાત કહેવાય છે તેને રુચિપૂર્વક અંતર ઉપયોગનું જોડાણ કરીને જો સમજે નહિ તો તેને મોક્ષમાર્ગ પ્રગટ થાય નહિ અને સંસારનો અંત આવે નહિ. પ્રથમ આત્મા પોતે સમજે કે આત્મા તો આનંદશક્તિનો કંદ છે, એનો વર્તમાન ઉઘાડ છે તેને અંતર્મુખ વાળ, એમ કરવાથી તે કેવળજ્ઞાનરૂપી સુપ્રભાતનું કારણ થાય છે.

પદ્મનંદીપચીસીમાં આચાર્ય ભગવાન કહે છે કે સુપ્રભાત તો કેવળજ્ઞાન, કેવળદર્શનરૂપી ચક્ષુ ઊઘડી ગયા તે છે -એમ કહીને આચાર્યે કેવળી પરમાત્માને અંતરમાં ઉતાર્યા છે. શ્રી કુંદકુંદાચાર્યે સમયસાર શાસ્ત્રમાં પહેલી ગાથામાં સિદ્ધ પરમાત્માને પોતાના આત્મામાં સ્થાપીને વંદન કર્યું છે. આ પંચમકાળ છે તેમાં અત્યારે કેવળજ્ઞાનરૂપી સુપ્રભાત ઊગે એમ નથી તેથી પ્રસ્તાનું મૂકે છે, એટલે કેવળજ્ઞાનરૂપી સુપ્રભાત ઊગી જશે. જેણે પોતાના આત્મામાં સર્વ સિદ્ધોને આદર આપ્યો છે તેને વિકાર અને અલ્પજ્ઞતાનો આદર રહેતો નથી. વર્તમાન પર્યાય અંતરમાં વળી તેને પરનો આદર રહેતો નથી. કોઈ પણ શાસ્ત્રની ગાથા લ્યો કે ટીકા લ્યો તો સંતોએ વીતરાગમાર્ગની કેવળજ્ઞાન કંપાથી વાત કરી છે. અહો ! જેણે સિદ્ધોનો આદર કરવાનું નક્કી કર્યું છે તેને ખરેખર આત્મા પૂર્ણાનંદ, આનંદની મૂર્તિ હું છું અને પર્યાયમાં જે અલ્પજ્ઞતા અને વિકાર છે તેનો તેને આદર નથી. જેને સુપ્રભાતરૂપી પ્રકાશ પ્રગટ કરવો હોય તો તેને માટે તો કેવળજ્ઞાન સુપ્રભાત જ માંગલિક છે -એવો આત્મામાં પ્રથમ ભાવશ્રુતજ્ઞાન દ્વારા નિર્ણય કરવો જોઈએ. ઔપાધિકભાવ તે નિજ સ્વભાવ નથી. એનું લક્ષ છોડવું જોઈએ. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે :

**ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;**
**અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર.**

જ્ઞાન-દર્શન-વીર્યનો પ્રગટ અંશ તે જીવનો સ્વભાવ છે અને ઔપાધિકભાવ તે સ્વભાવ નથી એમ કહીને જીવનું જીવપણું, જીવનું સિદ્ધપણું-ભાવપણું છે તે, જ્ઞાન-દર્શન-વીર્ય વડે નક્કી થાય છે. એ ઊઘડેલા ભાવને અંતર તરફ વાળ તો ઔપાધિકભાવ નાશ થશે અને સુપ્રભાત ઊગશે.

શ્રીમદ્ નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી ગોમ્મટસાર કર્મકાંડ ગાથા ૪૩૬માં કહે છે કે : વીરેન્દ્રનન્દિ નામના આચાર્યનો શિષ્ય એવો હું, આ ગ્રંથકર્તા નેમિચંદ્ર છું, જે શાસ્ત્રના શિક્ષાદાયક ગુરુના ચરણ-પ્રસાદથી અનંત સંસાર સમુદ્રના પાર પામી ગયો, તે શ્રુતગુરુ અભયનન્દિ આચાર્યને હું નમસ્કાર કરું છું.

આ રીતે શ્રુતગુરુને નમસ્કાર કર્યો છે. જેને જ્ઞાનના દરિયા ઊછળ્યા છે એવા આ નેમિચંદ્ર મુનિ હતા. અત્યારે તો એવા મુનિ નથી. તે મુનિ કહે છે કે : ''અહો શ્રુતગુરુ ! તારે ચરણે સંસારને પાર પામ્યા.'' ક્ષયોપશમજ્ઞાનના દરિયા ફાટ્યા હતા, ધવલ અને મહાધવલ શાસ્ત્રોનો જેમણે અભ્યાસ કર્યો હતો તે સંતો મોક્ષને નજીક આવી ગયા હતા -એવા મુનિઓને પણ ગુરુઓનું બહુમાન આવ્યા વિના રહેતું નથી. પંચમકાળના મુનિ પણ વિનયમાં ઝૂકી પડ્યા છે. ગમે તે આચાર્યનું કથન હોય, પણ તે બધામાં એક જ વાત હોય. ગોમ્મટસાર, સમયસાર, અષ્ટસહસ્રી, પ્રવચનસાર આદિ ગ્રંથોમાં એક વીતરાગભાવને જ પોષણ કરવાની વાત છે.

જુઓ નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી સંત મુનિ હતા, તે પરના કારણે આત્માને લાભ થાય છે એમ તો માનતા નહોતા પણ શુભ વિકલ્પથી આત્મા તરે છે એમ પણ માનતા નહોતા, છતાં તેમને ગુરુનું બહુમાન આવ્યા વિના રહેતું નથી. અને પોતે વીરેન્દ્રનન્દિના શિષ્ય હતા એમ પણ કહે છે. અનંત સંસારરૂપી દરિયો છે, તે દરિયાનો પાર ગુરુની સેવાથી હું પામ્યો છું -એમ ગુરુનો વિનય કરીને નમસ્કાર કર્યો છે. અહીં લખાણ તો નિમિત્તની પ્રધાનતાથી શુભવિકલ્પ ઊઠ્યો છે તો એ રીતે આવે છે પણ ખરેખર તો અંતર આત્મામાં વિનય ઉછળ્યો છે.

હે નાથ ! શિક્ષાદાયક ગુરુ ! તારા પ્રસાદથી સંસારને તર્યો છું. મારે સંસારનો અંત આવી ગયો છે -આમ વિનય બતાવ્યો છે. ગુરુનું જાહેર રીતે શાસ્ત્રમાં નામ આપ્યું છે. જેના નિમિત્તે પામ્યો એનું બહુમાન કરે છે અને પોતાની પાત્રતા વર્ણવે છે. આત્મા તો સ્વભાવથી આનંદનો કંદ છે પણ પર્યાયમાં વર્તમાન આનંદ નથી અને દુઃખની લાગણી છે તે હેય છે, એમ આપે નક્કી કરાવ્યું એમ કહીને વિનય કરે છે. અજ્ઞાની મૂઢ જીવ પોતાથી જ્ઞાન થયું છે એમ માનીને નિમિત્તનો વિનય કરતાં નથી; તે મિથ્યાદૃષ્ટિ છે. અહીં તો કહે છે કે આત્મા ચિદાનંદ છે તેમાં અંતર્મુખ થઈને જુએ તો ખાતરી થાય એમ છે. તે અખંડાનંદના અવલંબને કેવળજ્ઞાનરૂપી સુપ્રભાત પ્રગટ થાય એમ છે.

લોકો નવા વર્ષમાં સુખી દિવસો જાય એમ આશીર્વાદ માગે છે. પણ આત્માને સમજ્યા વિના સુખી દિવસો જાય એમ નથી. માટે અહીં કહે છે કે વર્તમાન જ્ઞાન-દર્શન-વીર્યનો અંકુર છે તે ત્રિકાળનો અંશ છે, તે અંશ દ્વારા ત્રિકાળી આત્મતત્ત્વનો નિર્ણય થાય છે. જેમ આંબાના બે પાંદડા જમીનની બહાર દેખાતા હોય તેના ઉપરથી નક્કી થાય કે આનું બીજ આંબાનું ગોટલું છે. તે બીજ અવ્યક્ત હોવા છતાં પાંદડાં વડે તેનો નિર્ણય થાય છે એમ જ્ઞાન-દર્શન-વીર્યનો અંશ છે તે ચૈતન્યનો અંશ છે. તેનાથી ચૈતન્યસ્વભાવી આત્માનો નિર્ણય થાય છે કેમ કે તે રાગ-દ્વેષ કે પુણ્ય-પાપનો અંશ નથી, તે ઔપાધિકભાવ નથી. આમ આત્માનો નિર્ણય કરવો તે માંગલિક છે.

આત્મા અનંત શક્તિનો ભંડાર છે એનો આશ્રય લે તો સમ્યક્ અંકુર પ્રગટે છે. જ્ઞાન-દર્શન-વીર્યનો અંકુર તો અનાદિનો છે પણ તે અંકુરને સ્વભાવ તરફ વાળે તો સમ્યગ્દર્શનરૂપી અંકુર પ્રગટે



અને કેવળજ્ઞાનરૂપી માંગલિક સુપ્રભાત થાય એમ છે. તે સુપ્રભાત દેહ હોવા છતાં પ્રગટ થાય છે. તે પહેલાં સમ્યગ્દર્શનરૂપી પરોઢિયું હોય છે અને પછી કેવળજ્ઞાનરૂપી સૂર્ય પ્રગટે છે.

આત્માનો ઉઘાડ અંશ તે ઔપાધિકભાવ નથી અને તે સ્વભાવ છે -એમ અસ્તિ-નાસ્તિથી વાત કરી છે. ઔપાધિકભાવ તે નિજસ્વભાવ નથી અને જ્ઞાન-દર્શન-વીર્ય તે નિજસ્વભાવ છે માટે જ્ઞાન-દર્શન-વીર્યથી બંધ થતો નથી પણ પુણ્ય-પાપરૂપી ઔપાધિકભાવથી બંધન થાય છે. આત્માનો અંશ જે જ્ઞાન-દર્શન-વીર્યનો છે તે નિરુપાધિક છે. તો તે અંશ આત્માનો હોવાથી આત્મા પણ નિરુપાધિક છે. એવા નિરુપાધિક આત્માનો નિર્ણય કરવો તે માંગલિક છે, અને તે સુપ્રભાતનું કારણ છે. ઔપાધિકભાવ બંધનું કારણ છે અને નિરુપાધિકભાવ મોક્ષમાર્ગ-મોક્ષનું કારણ છે -એમ નક્કી કરવું તે કેવળજ્ઞાનરૂપી સુપ્રભાતનું કારણ છે અને મંગળિક છે.

## કારતક સુદ ૨, સોમવાર, ૨૦-૧૦-૫૨.

આત્મામાં અનાદિકાળથી જે બંધ અવસ્થા છે તેને બતાવે છે. એમાં જે જ્ઞાન-દર્શન-વીર્યનો ઉઘાડ અને અભાવ તે બંધનું કારણ નથી. આ આત્મા છે એ જ્ઞાન-દર્શનાદિ અનંત ગુણોનો પિંડ છે. એની પર્યાયમાં જ્ઞાન-દર્શન-વીર્યનો અનાદિ અંશે ઉઘાડ છે. તે ઉઘાડ ન હોય તો આત્માનું અસ્તિત્વ રહેતું નથી. તે ઉઘાડ આત્માનો નિજસ્વભાવ હોવાથી બંધનું કારણ નથી અને જેટલો અભાવ છે તે પણ બંધનું કારણ નથી. બંધનું કારણ તો મોહ છે ત્યાં સુધી વાત આવી છે. હવે અઘાતિકર્મોના નિમિત્તે સંસારાવસ્થામાં શું થાય છે ? તે કહે છે.

અઘાતિકર્મના ઉદયથી બાહ્ય સામગ્રી મળી આવે છે. આત્માના પ્રયત્નથી બહારની સામગ્રી મળતી નથી. એકને જાડું શરીર અને એકને પાતળું શરીર મળે છે તે પૂર્વના કર્મનું કારણ છે. તે સંયોગો બંધનું કારણ નથી. પણ આત્મામાં મિથ્યાત્વાદિના ભાવો થાય છે તે બંધનું કારણ છે એમ નક્કી કરે તો તે મોહના નાશનો ઉપાય કરે. માટે અહીં કહે છે કે અઘાતિકર્મના નિમિત્તે તો બહારમાં સંયોગ મળે છે. તેમાં શરીરાદિક તો જીવના પ્રદેશોથી એકક્ષેત્રાવગાહી થઈ એક બંધાનરૂપ જ હોય છે અને ધન-કુટુંબાદિ બહારના સંયોગરૂપે રહે છે. પૈસા મળવા તે તો પૂર્વના અઘાતિકર્મનો ઉદય એ પ્રકારનો હોય તો મળે છે. વર્તમાન પ્રયત્નનું ફળ નથી, વર્તમાન મેળવવાનો ભાવ થયો તે મોહના કારણે નવું બંધન થાય છે એમ કહે છે.

મોક્ષમાર્ગ સમજાવતાં પહેલાં બંધન શા કારણે થાય છે તે બતાવે છે કે : ઊંધી માન્યતા અને રાગદ્વેષાદિ બંધનું કારણ એક જ છે. ગરીબમાંથી ધનાઢ્ય થાય છે તે અઘાતિકર્મના નિમિત્તે થાય છે. પૂર્વે જે પ્રમાણે કર્મ બાંધ્યું હોય એટલા જ પ્રમાણમાં સામગ્રી મળે છે. તે સામગ્રી શરીરાદિ અને પૈસો આદિ બંધનું કારણ નથી -એમ કહે છે. કંચન, કામિની અને કુટુંબ તે બંધનનું કારણ નથી. માટે એને છોડવાથી બંધન છૂટતું નથી. તે કુટુંબાદિ તો અઘાતિકર્મનું ફળ છે. કુટુંબની મમતા

કરે તે સંસારવૃદ્ધિનું કારણ છે, કુટુંબ સંસારનું કારણ નથી. દીકરા-દીકરી-વહુ-વેવાઈ-સ્ત્રી આદિ મળેલા છે તે બધા આત્માથી દૂર ભિન્ન છે, તે કાંઈ દોષનું કારણ નથી. શરીર-ઈંદ્રિયાદિ તો એકક્ષેત્રાવગાહી છે -એ પણ બંધનું કારણ નથી. તો પછી આ ધનાદિ તો આત્માથી ઘણા દૂર છે. એ તો પૂર્વ કર્મના કારણે મળેલા છે. તે આત્માને બંધનું કારણ નથી. કારણ કે પરદ્રવ્ય બંધનું કારણ હોય નહિ.

અહીં તો ચોખ્ખું કહે છે કે પરદ્રવ્ય બંધનું કારણ નથી અને પરદ્રવ્ય મુક્તિનું કારણ પણ નથી -નિમિત્તકારણ નથી એ વાત કરે છે. પરવસ્તુ બંધનું કારણ હોય નહિ પણ તેમાં આત્મા મમત્વ અને મિથ્યાત્વાદિ ભાવો કરે છે તે બંધનું કારણ છે. આંખે દેખાય નહિ, શરીર કામ કરે નહિ છતાં મમતા કરીને વેપાર આદિનું કામ કરવાનો ભાવ તે બંધનું કારણ છે. મેં બરાબર ધ્યાન રાખ્યું માટે વ્યવસ્થા રહે છે તે મિથ્યાભાવ બંધનું કારણ છે.

પૈસાની વ્યવસ્થા બરાબર કરી શકીએ છીએ તે મિથ્યાભાવ છે. અજ્ઞાની મફતનો અભિમાન કરે છે. તે વર્તમાન પ્રયત્ન નિરર્થક હોવા છતાં મમત્વ કરીને શરીર મારું, હું રૂપાળો, અમને આવડત ઘણી છે એમ માનીને પોતે બંધનનો કર્તા થાય છે. કર્મ બંધન કરાવે છે એમ નથી, આત્માના ભાવ બંધનનું કારણ છે. પર ચીજ બંધનનું કારણ નથી એમ અહીં સિદ્ધ કરે છે.

અહીં પ્રશ્ન થાય કે પરવસ્તુ બંધનું કારણ નથી તો પછી વસ્ત્ર હોય કે ન હોય તો પણ મુનિપણામાં શું વાંધો આવે છે ?

**ઉત્તર** : પરવસ્તુ બંધનું કારણ નથી. વસ્ત્ર બંધનું કારણ નથી પણ વસ્ત્ર-પાત્ર રાખે છે એમાં જે મમત્વભાવ છે તે બંધનું કારણ છે. એના પ્રત્યેનો મમત્વભાવ ન હોય અને વસ્ત્ર-પાત્ર હોય -એમ બને નહિ. માટે જેને વસ્ત્ર-પાત્ર છે તેને મમત્વભાવ છે છતાં એનાથી મુનિપણું મનાવે છે તે મિથ્યાત્વભાવ છે; તે અનંત સંસારમાં રખડાવનારો ભાવ છે. મોટર બંધનું કારણ નથી પણ મોટરમાં બેસવાનો ભાવ તે બંધનું કારણ છે એમ જાણવું. પરવસ્તુને બંધનું કારણ માને તે વસ્તુના સ્વભાવને સમજ્યા નથી.

ગોમ્મટસાર કર્મકાન્ડ ગાથા ૮૦૨માં આવે છે કે : જે જીવ અરહંત, સિદ્ધ, પ્રતિમા, તપશ્ચરણ, નિર્દોષ શાસ્ત્ર, નિર્ગ્રંથ ગુરુ, વીતરાગ પ્રણીત ધર્મ અને મુનિ આદિના સમૂહરૂપ સંઘ-એનાથી પ્રતિકૂળ વર્તે છે અને એના સ્વરૂપને વિપરીત ગ્રહણ કરે છે તે દર્શનમોહને બાંધે છે, તેથી તે અનંત સંસારમાં ભટકે છે. ખોટા દેવાદિનો આદર કરે અને સાચાનો અનાદર કરવો તે દર્શનમોહના બંધનું કારણ છે. કુદેવાદિ બંધનું કારણ નથી. તે તો પરવસ્તુ છે, પણ એના પ્રત્યેનો રુચિનો ભાવ અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનો અરુચિનો ભાવ તે મિથ્યાત્વના બંધને કરે છે અને તે અનંત સંસારી થાય છે. સંસારદશાનું વર્ણન ચાલે છે. તે સંસારદશા પર્યાય છે, ત્રિકાળી સ્વભાવ નથી. તે સંસારદશા



છે એમાં બંધદશા થાય છે તે મમત્વ અને મિથ્યાત્વભાવથી થાય છે. પૈસા, મકાન આદિનો મમત્વ-ભાવ તે બંધનું કારણ છે એમ જાણવું.

હવે વિશેષમાં નામકર્મના ઉદયથી શરીર, વચન અથવા મન ઊપજે છે. તેની ચેષ્ટાના નિમિત્તથી આત્મપ્રદેશોનું ચંચળપણું થાય છે. જે વડે આત્માને પુદ્ગલ વર્ગણાઓથી એક બંધાનરૂપ હોવાની શક્તિ થાય છે તેને યોગ કહે છે. નામકર્મ બાંધેલું એના નિમિત્તે મન, વચન અને કાયા મળે છે. તેના નિમિત્તે આત્માના પ્રદેશનું કંપન થાય છે. આત્માના પ્રદેશનું કંપન તે નૈમિત્તિક કાર્ય છે. એમાં મન, વાણી અને દેહ નિમિત્ત છે તે જડની ચેષ્ટા છે. તે વખતે આત્માના પ્રદેશોનું ચંચળપણું થાય છે. તે ચંચળપણાને લીધે આત્માના પ્રદેશોમાં કર્મો આવે છે તેને યોગ કહે છે. તે યોગના નિમિત્તથી નવા કર્મોને થવા લાયક રજકણો આવે છે તેને ગ્રહણ થાય છે એમ કહેલ છે. કંપનમાં મન, વાણી, દેહ નિમિત્ત છે અને કર્મોને આવવામાં યોગનું કંપન નિમિત્ત છે. તે કર્મો યોગના કંપનના પ્રમાણમાં આવે છે.

હવે ત્યાં એક સમયમાં ગ્રહણ થયેલા પુદ્ગલ પરમાણુઓ જ્ઞાનાવરણ આદિ મૂળ પ્રકૃતિ વા તેની ઉત્તર પ્રકૃતિઓમાં સિદ્ધાંતમાં કહ્યા પ્રમાણે સ્વયં વહેંચાઈ જાય છે. ઘરમાં લાડવા તો પચીશ કર્યા હોય પણ ખાનારના પ્રમાણમાં ખાય છે, ભૂખ પ્રમાણે વહેંચાય છે. એમ આત્માના પ્રદેશોમાં કર્મો આવે છે તે જ્ઞાનાવરણીયાદિની યોગ્યતા પ્રમાણે સ્વયં વહેંચાઈ જાય છે અને તે પ્રમાણે તે કર્મો પોતે જ પરિણમી જાય છે. આ રીતે યોગને પણ બંધનું કારણ કહેલ છે. એટલે કે કષાય અને યોગ બન્ને બંધનું કારણ છે એમ કહ્યું.

વિશેષ એ છે કે : યોગ બે પ્રકારના છે - શુભયોગ અને અશુભયોગ. ત્યાં ધર્મના અંગોમાં મન, વચન, કાયાની પ્રવૃત્તિ થતાં તો શુભયોગ હોય છે અને અધર્મના અંગોમાં તેની પ્રવૃત્તિ થતાં અશુભયોગ હોય છે.

અહીં ધર્મના અંગોમાં એટલે શુભભાવમાં શુભયોગ હોય છે. અને અધર્મ અંગ એટલે તે અશુભ-ભાવ-પાપભાવ હોય છે ત્યારે જે યોગનું કંપન હોય છે તેને અશુભયોગ કહે છે. દીકરા, દીકરી, પૈસા વગેરેની વ્યવસ્થા કરવી તે બધો પાપભાવ છે-અધર્મના અંગ છે, એ ફરજ નથી, અધર્મના અંગ છે. દયા, દાન, ભક્તિ આદિના ભાવને શુભયોગ કહે છે. શુભયોગ હો કે અશુભયોગ હો પણ સમ્યક્ત્વ પામ્યા વગર ઘાતિયાકર્મોનો તો નિરંતર બંધ થયા જ કરે છે.

દયા, દાન, ભક્તિ, વ્રતના પરિણામ કરે પણ આત્માના ભાન વિના ઘાતિકર્મોની બધી પ્રકૃતિ બંધાયા કરે છે. માટે એને સંસાર પરિત કોઈ રીતે થાય નહિ. અજ્ઞાની દયા પાળે કે દાન આપે, સંત મુનિને આહારદાન આપે તો તેને ધર્મ ન થાય પણ પુણ્યબંધ થાય છે. ચાર ઘાતિયાકર્મોની ૪૭ પ્રકૃતિ સત્તા અને ઉદયમાં હોય છે પણ બંધન તો ૪૫ પ્રકૃતિનું નિરંતર મિથ્યાદૃષ્ટિને થયા

કરે છે. આ મોટો સિદ્ધાંત છે. શ્વેતાંબરમાં અને દિગંબરમાં મોટો આંતરો છે. શુભ કે અશુભભાવ કરે પણ આત્માના ભાન વિના એને નિરંતર ઘાતિકર્મની ૪૫ પ્રકૃતિનો બંધ થાય જ કરે છે. એટલે યોગને કારણે જે બંધ થાય છે એને અહીં ગૌણ કરેલ છે. એટલે સંસારમાં રખડવાનું મૂળ કારણ તો મિથ્યાત્વ છે એમ કહે છે.

સમ્યગ્દષ્ટિ જ્ઞાની લડાઈમાં ઊભો હોય તો મિથ્યાત્વાદિ પ્રકૃતિનો બંધ એને થતો નથી અને દ્રવ્યલિંગી મુનિ હોય તે મિથ્યાદષ્ટિ હોવાથી તેને નિરંતર ચારે ઘાતિકર્મોની પ્રકૃતિ બંધાય છે. એમાં આત્માને શુભયોગ હો કે અશુભયોગ હો એની વિશેષતા નથી. એનાથી આત્માને કાંઈ લાભ નથી. આ સંસારદશામાં શું થઈ રહ્યું છે તેની વાત ચાલે છે. એમાં શુભયોગમાં પણ મિથ્યાદષ્ટિને નિરંતર ઘાતિકર્મનું બંધન થયા જ કરે છે. કોઈ પણ સમય કોઈ પણ પ્રકૃતિનો બંધ થયા વિના રહેતો જ નથી અસ્તિ-નાસ્તિથી વાત કરી છે. કર્મની સ્થિતિ-રસની વધઘટ થાય છે એની મુખ્યતા નથી, બધી પ્રકૃતિનું બંધન થાય છે. એમાં આટલું સમજવાનું છે કે મોહનીયના હાસ્ય અને શોકના યુગલમાં, રતિ અને અરતિ યુગલમાં અને ત્રણ પ્રકારના વેદમાંથી એક કાળમાં કોઈ એક પ્રકૃતિનો જ બંધ થાય છે. એટલે કે હાસ્ય-શોક બેમાંથી એક અને રતિ-અરતિ બેમાંથી એક અને ત્રણ વેદમાંથી એક વેદ -એમ એક કાળે એક પ્રકૃતિ બંધાય છે. એમ આ ઘાતિકર્મની પ્રકૃતિના બંધની વાત થઈ.

હવે અઘાતિ પ્રકૃતિઓમાંથી શુભયોગ હોય તો શાતાવેદનીય આદિ પુણ્યપ્રકૃતિઓના અને અશુભયોગ હોય ત્યારે અશાતાવેદનીયાદિનો પાપપ્રકૃતિઓનો બંધ થાય છે. જેને આત્માનું ભાન નથી તેને કદાચ શુભયોગ હોય તો શાતાવેદનીયમાં પુણ્યપ્રકૃતિ બંધાય છે અને અશુભયોગ હોય તો અશાતાની પાપપ્રકૃતિ બંધાય છે. એટલે અઘાતિકર્મમાં ફેર પડે પણ ઘાતિકર્મના બંધનમાં ફેર પડતો નથી. અને મિશ્રયોગ હોય તો કોઈ પુણ્યપ્રકૃતિ તથા કોઈ પાપપ્રકૃતિનો બંધ થાય છે. માટે યોગને આસ્રવ કહેલ છે.

''વળી એ યોગ દ્વારા ગ્રહણ થયેલા કર્મ પરમાણુનું નામ પ્રદેશ છે. તેઓનો જે બંધ થયો તેમાં મૂળ-ઉત્તર પ્રકૃતિઓનો વિભાગ થયો. તેથી યોગ વડે પ્રદેશબંધ અથવા પ્રકૃતિબંધ થાય છે એમ સમજવું.'' કંપનના કારણે પરમાણુ આવે છે અને તે પરમાણુ તેની લાયકાત પ્રમાણે વહેંચાઈ જાય છે પણ એની અહીં વિશેષતા નથી. સંસારાવસ્થામાં નવા આવરણો આવે છે એમાં પ્રકૃતિ-પ્રદેશનું આવરણ તે યોગના કારણે છે. આ રીતે આઠ કર્મોમાં મોહનીયકર્મ અને નામકર્મ બે બંધમાં નિમિત્ત થાય છે. બાકીના છ કર્મો તો નિમિત્ત પણ થતાં નથી. તેમાં પણ મુખ્ય તો મોહનીયકર્મના નિમિત્તે આત્મા મિથ્યાત્વભાવ કરે છે તે બંધનું કારણ છે -એમ કહેલ છે. અને નામકર્મના નિમિત્તે જે મન-વચન-કાયા મળે છે તેના નિમિત્તે આત્માના પ્રદેશોનું ચંચળપણું થાય છે તે પ્રદેશબંધ અને પ્રકૃતિબંધનું કારણ છે એમ કહેલ છે પણ તેની મુખ્યતા નથી.



જે કર્મ સત્તામાં હતું તેની સ્થિતિ પૂરી થઈને પાકરૂપે થાય છે તેને અહીં ઉદય કહે છે. તે મોહના ઉદયના નિમિત્તે મિથ્યાત્વ, ક્રોધાદિરૂપ ભાવ થાય છે તે સર્વનું સામાન્યપણે ''કષાય'' એ નામ છે.

આત્મા ઊંધી માન્યતા કરે છે એમાં મોહનીયકર્મનું નિમિત્ત છે. અહીં મિથ્યાત્વ વગેરેને કષાયભાવ કહેલ છે. ત્યાં જેટલી સ્થિતિ બાંધી હોય તેમાં અબાધાકાળ છોડી તે પછી જ્યાં સુધી બંધસ્થિતિ પૂર્ણ થાય ત્યાં સુધી સમયે સમયે તે પ્રકૃતિઓનો ઉદય આવ્યા જ કરે છે. ત્યાં અલ્પ કષાય હોય તો દેવ, મનુષ્ય અને તિર્યંચાયુ વિના બાકીની સર્વ ઘાતિ-અઘાતિ કર્મપ્રકૃતિનો થોડો સ્થિતિબંધ થાય છે. શુભભાવથી દેવ, મનુષ્ય અને તિર્યંચનું આયુષ્ય ઓછું બંધાય નહિ અને બાકીની પ્રકૃતિની સ્થિતિ ઓછી બંધાય છે પણ એની અહીં વિશેષતા નથી. અશુભભાવ હોય તો એ ત્રણના આયુષ્યની સ્થિતિ થોડી બંધાય છે અને બીજી પ્રકૃતિની સ્થિતિ ઘણી બંધાય છે.

## કારતક સુદ ૩, મંગળવાર, ૨૧-૧૦-૫૨.

અહીં નવીન બંધ કેવી રીતે થાય છે ? તેનું સ્વરૂપ બતાવે છે. આત્માના જ્ઞાન-દર્શન-વીર્યનો જેટલો ઉઘાડ છે તે બંધનનું કારણ નથી અને જેટલો અભાવ છે તે પણ બંધનનું કારણ નથી. મિથ્યાત્વ, રાગદ્વેષ તે બંધનનું કારણ છે. યોગના કારણે પ્રકૃતિ અને પ્રદેશબંધ થાય છે એની મુખ્યતા નથી, પણ કષાયના કારણે સ્થિતિબંધ તથા અનુભાગબંધ થાય છે એની મુખ્યતા છે.

કુદેવાદિની રુચિ જેના પરિણામમાંથી છૂટી છે અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની પુષ્ટિ, આશ્રય, પ્રમોદ વર્તે છે તે મંદ મિથ્યાત્વ છે તે મંદ કષાયરૂપ શુભભાવ છે એવા અલ્પ કષાય જેને હોય તેને દેવ, મનુષ્ય, તિર્યંચના આયુષ્યની સ્થિતિ ઘણી બંધાય છે. જેને આત્મજ્ઞાન નથી એવો જીવ મંદ મિથ્યાત્વ કરે છે તેને દેવ, મનુષ્ય, તિર્યંચના આયુષ્યની પ્રકૃતિ સિવાય સર્વ ઘાતિ અને અઘાતિ કર્મપ્રકૃતિનો થોડો સ્થિતિબંધ પડે છે. મિથ્યાદષ્ટિ જીવને મંદ કષાયમાં અને તીવ્ર કષાયમાં સ્થિતિબંધ કેવો થાય છે તેનું વર્ણન ચાલે છે. મિથ્યાત્વીને ઘણો કષાય હોય તો ત્રણ આયુની પ્રકૃતિ સિવાય સર્વ ઘાતિ-અઘાતિ પ્રકૃતિનો ઘણો સ્થિતિબંધ થાય છે અને દેવ, મનુષ્ય, તિર્યંચ એ ત્રણ આયુની પ્રકૃતિનો અલ્પ કષાય હોય તો ઘણો અને ઘણો કષાય હોય તો થોડો સ્થિતિબંધ થાય છે.

જેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રતીતિ નથી તેને તો શાતાની પંદર ક્રોડાક્રોડી સાગરની સ્થિતિ બંધાતી નથી પણ જે મિથ્યાદષ્ટિને સાચા દેવાદિની શ્રદ્ધા છે તેને શાતાવેદનીયની પંદર ક્રોડાક્રોડી સાગરની સ્થિતિ બંધાય છે, તીવ્ર મિથ્યાત્વ હોય અને કષાય ઘણો હોય તો નિગોદની સ્થિતિ ઘણી બંધાય છે. સાચા દેવાદિની જેને શ્રદ્ધા નથી એને કદાચ શુભભાવ થાય પણ મિથ્યાત્વની મંદતા હોય નહિ. ગૃહીત મિથ્યાત્વ સહિત તીવ્ર કષાય હોય તેની નિગોદની ઘણી સ્થિતિ પડે છે. આ રીતે સ્થિતિબંધની વાત કરી. હવે અનુભાગબંધની વાત કરે છે.

વળી એ મિથ્યાત્વ ક્રોધાદિકરૂપ કષાય વડે જ કર્મપ્રકૃતિઓમાં અનુભાગશક્તિના ભેદો થાય છે.

જે પ્રકૃતિનો જેવો બંધ થયો હોય તેનો અનુભાગ એવો જ ઉદયમાં આવે છે, બીજો આવતો નથી. તે ઉદય વખતે આત્માને જો અલ્પ કષાય હોય તો ઘાતિકર્મની સર્વ પ્રકૃતિઓમાં અથવા અઘાતિકર્મોની પાપપ્રકૃતિઓમાં થોડો અનુભાગ બંધાય છે અને ઘણો કષાય હોય તો તેમાં ઘણો અનુભાગ બંધાય છે. તથા અઘાતિકર્મોની પુણ્યપ્રકૃતિઓમાં અલ્પ કષાય હોય તો ઘણો અને ઘણો કષાય હોય તો થોડો અનુભાગ બંધાય છે. અલ્પ કષાય હોય તો પુણ્યપ્રકૃતિમાં ઘણો રસ પડે છે અને તીવ્ર કષાય હોય તો પુણ્યપ્રકૃતિમાં થોડો રસ પડે છે. એ પ્રમાણે કષાયો વડે કર્મ પ્રકૃતિઓમાં સ્થિતિબંધ અને અનુભાગબંધના ભેદો પડે છે તેથી કષાયના કારણે જ સ્થિતિબંધ અને અનુભાગબંધ થાય છે એમ જાણવું. યોગ વડે પ્રકૃતિ અને પ્રદેશ બંધાય છે અને કષાય વડે સ્થિતિ ને અનુભાગ બંધાય છે એમ જાણવું.

આ સ્થિતિબંધ અને અનુભાગબંધમાં તાત્પર્ય એ છે કે જેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા નથી, અરહંતાદિની પ્રતિમા તથા વીતરાગધર્મથી વિમુખ થઈને વિપરીતતા સેવે તેને સીત્તેર ક્રોડાક્રોડી સાગરની સ્થિતિનો બંધ પડે છે, તે અનંત સંસારી છે. મંદ મિથ્યાત્વ અને મંદ કષાય હોય તો પણ પાપપ્રકૃતિનો બંધ થયા વગર રહેતો નથી અને તીવ્ર કષાય હોય ત્યારે પણ પુણ્યપ્રકૃતિનો થોડો રસ બંધાય છે. એમ પુણ્ય-પાપનું ચક્ર ચાલ્યા કરે છે અને તેથી અનંત સંસારમાં રખડે છે.

કુદેવાદિની શ્રદ્ધા છોડે નહિ તેને તો મિથ્યાત્વ મંદ પણ થતું નથી. એવા જીવોને કોઈ રીતે આત્માની પ્રાપ્તિ થતી નથી, તે તો અનંત સંસારનું કારણ જે મિથ્યાત્વ તે બાંધે છે, આવું વસ્તુનું સ્વરૂપ છે. સંસારદશામાં મંદ અને તીવ્રપણું અનાદિથી થયા કરે છે.

અનુભાગનું દૃષ્ટાંત આપે છે કે : જેમ ઘણી મદિરા હોય છતાં તેમાં થોડા કાળ સુધી ઉન્મત્તતા ઉપજાવવાની શક્તિ હોય તો તે મદિરા હીનપણાને પ્રાપ્ત કહેવાય છે. એટલે કે તે દારૂ હલકો કહેવાય છે. અને થોડી મદિરા હોય છતાં તેમાં ઘણાં કાળ સુધી ઉન્મત્તતા ઉપજાવવાની શક્તિ હોય તો તે મદિરા અધિકપણાને પ્રાપ્ત છે. એટલે કે તેને સારો દારૂ કહેવાય છે. તેમ કર્મપ્રકૃતિઓના ઘણાં પરમાણુ હોય છતાં તેમાં થોડા કાળ સુધી થોડું ફળ દેવાની શક્તિ હોય તો તે કર્મપ્રકૃતિ હીનપણાને પ્રાપ્ત છે તથા કર્મપ્રકૃતિઓના થોડા પરમાણુ હોય અને એમાં ઘણાં કાળ સુધી ઘણું ફળ દેવાની શક્તિ હોય તો તે કર્મપ્રકૃતિ અધિકપણાને પ્રાપ્ત છે.

અહીં પ્રદેશની મહત્તા કાઢી નાખે છે. ઘણાં પરમાણુ હોય છતાં અનુભાગ દેવાની શક્તિ ઓછી હોય છે અને ઓછા પરમાણુ હોય છતાં ફળ દેવાની શક્તિ વધારે હોય છે. માટે યોગ વડે થયેલો પ્રકૃતિ અને પ્રદેશબંધ બળવાન નથી એમ કહેવું છે. પણ મિથ્યાશ્રદ્ધા તથા કષાય વડે થતો સ્થિતિ અને અનુભાગબંધ જ બળવાન છે. શરીરમાં એક નાની ફોડકી હોય ને રસ ઘણો હોય છે અને



રસોળી મોટી હોય છતાં રસ ઓછો હોય છે. એટલા માટે મુખ્યપણે મિથ્યાત્વ સહિત કષાય જ બંધનું કારણ જાણવું. જેઓને બંધ ન કરવો હોય તેઓ મિથ્યાત્વ અને રાગદ્વેષ ન કરે પણ આત્માના સ્વભાવની રુચિ અને એમાં સ્થિરતા કરે. પ્રથમ મિથ્યાત્વને છોડો એટલે આત્માના સ્વભાવની રુચિ કરો, એ સિવાય બધું સંસારનું કારણ છે. પ્રકૃતિ-પ્રદેશની મુખ્યતા નથી પણ સ્થિતિ અને અનુભાગની મુખ્યતા છે -એમ કહેલ છે. મિથ્યાત્વ છોડવા માટે પ્રથમ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધા છોડવી અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી અને પછી એનાથી પણ લાભ થતો નથી એમ શ્રદ્ધા કરવી તે બંધનના નાશનો ઉપાય છે.

હવે પુદ્‌ગલ પરમાણુ એની મેળે વહેંચાઈ જાય છે એમ પહેલાં વાત આવી હતી. એમાંથી પ્રશ્ન થાય છે કે પુદ્‌ગલ પરમાણુ તો જડ છે. તેમને કાંઈ જ્ઞાન નથી તો તેઓ યથાયોગ્ય પ્રકૃતિરૂપ થઈ કેવી રીતે પરિણમે છે ? જડને કેવી રીતે ખબર પડે કે આત્માએ આવા રાગદ્વેષ કર્યા માટે અમારે આવી જ રીતે પરિણમવું ?

## જ્ઞાનહીન જડ પરમાણુઓનું યથાયોગ્ય પ્રકૃતિરૂપ પરિણમન

**ઉત્તર** : જુઓ, પ્રથમ દૃષ્ટાંતથી સમજાવે છે કે જેમ ભૂખ લાગતા મુખદ્વાર વડે ગ્રહણ કરેલો ભોજનરૂપ પુદ્‌ગલપિંડ માંસ, શુક્ર અને રુધિરાદિક ધાતુરૂપે પરિણમે છે એ ભોજનના પરમાણુઓમાં યથાયોગ્ય કોઈ ધાતુરૂપ થોડા વા કોઈ ધાતુરૂપ ઘણાં પરમાણુ હોય છે તેમાં પણ કોઈ પરમાણુઓનો સંબંધ ઘણાં કાળ સુધી તથા કોઈનો થોડા કાળ સુધી રહે છે. વળી એ પરમાણુઓમાં કોઈ તો પોતાનું કાર્ય નીપજાવવાની ઘણી શક્તિ ધરાવે છે અને કોઈ અલ્પ શક્તિ ધરાવે છે. હવે એમ થવામાં કાંઈ ભોજનરૂપ પુદ્‌ગલપિંડને તો જ્ઞાન નથી કે ''હું આમ પરિણમું'' તથા અન્ય પણ કોઈ પરિણમાવનારો નથી, પરંતુ એવો જ કોઈ નિમિત્ત-નૈમિત્તિકભાવ બની રહ્યો છે. એટલે કે પરમાણુ એના સ્વતંત્ર પરિણમનના કારણે પરિણમી રહ્યા છે તે વડે પરિણમન થાય છે. લીમડામાં જેટલા પરમાણુ આવે તે લીમડારૂપે જ પરિણમે એવી તે પુદ્‌ગલની યોગ્યતા છે. એવો નિમિત્ત-નૈમિત્તિકભાવ બની રહ્યો છે.

આ રીતે કષાય થતાં યોગદ્વાર વડે ગ્રહણ કરેલો કર્મવર્ગણારૂપ પુદ્‌ગલપિંડ જ્ઞાનાવરણાદિ પ્રકૃતિરૂપ પરિણમે છે. એ કર્મ પરમાણુઓમાં યથાયોગ્ય કોઈ પ્રકૃતિરૂપ થોડા વા કોઈ પ્રકૃતિરૂપ ઘણાં પરમાણુઓ હોય છે. તેમાં કોઈ પરમાણુનો સંબંધ ઘણો કાળ રહે છે તથા કોઈનો થોડો કાળ રહે છે. એ પરમાણુઓમાં કોઈ તો પોતાનું કાર્ય નીપજાવવાની ઘણી શક્તિ ધારે છે ત્યારે કોઈ થોડી શક્તિ ધારે છે, એમ થવામાં કાંઈ કર્મવર્ગણારૂપ પુદ્‌ગલપિંડને તો જ્ઞાન નથી કે ''હું આમ પરિણમું'' તથા ત્યાં અન્ય કોઈ પરિણમાવનારો પણ નથી પરંતુ એવો જ કોઈ નિમિત્ત-નૈમિત્તિકભાવ બની રહ્યો છે.

અહીં કહે છે કે સર્વજ્ઞે જોયેલું છે એ પ્રમાણે એના કારણે પરમાણુ પરિણમી રહ્યા છે. કષાય એનો યોગ નિમિત્ત છે અને કર્મ પરમાણુ જે પરિણમી રહ્યા છે તે નૈમિત્તિક છે. આમ નિમિત્ત-નૈમિત્તિકભાવ બની રહ્યો છે. પરમાણુમાં અનુભાગશક્તિ છે તેને કોઈ પરિણમાવતું નથી.

લોકમાં પણ એવા નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઘણાં બની રહ્યા છે. જેમ મંત્રના નિમિત્તથી જલાદિમાં રોગ દૂર કરવાની શક્તિ હોય છે. શાતાનો ઉદય હોય અને રોગ મટવાનો હોય તો મંત્રાદિના નિમિત્તે પાણીથી રોગ મટ્યો એમ કહેવાય છે. મંત્રથી પાણીની પર્યાય થઈ નથી અને પાણીની પર્યાયથી રોગનો નાશ થતો નથી. પણ રોગ મટે તો તેને નિમિત્ત કહેવાય છે. અહીં તો કર્મ પુદ્ગલો એના કારણે પરિણમે છે, એને કોઈ પરિણમાવતો નથી -એમ સિદ્ધ કરે છે.

## કારતક સુદ ૪, બુધવાર, ૨૨-૧૦-૫૨.

આત્માની અવસ્થામાં નિમિત્તના સંબંધે થતી અવસ્થા તે સંસાર છે અને સ્વભાવના સંબંધે જે અવસ્થા થાય તે મોક્ષનો માર્ગ છે. અહીં સંસારાવસ્થાનું નિરૂપણ છે.

સંસારાવસ્થા કર્મના સંબંધે ઊપજેલું કાર્ય છે, આત્માના સ્વભાવે ઊપજેલું કાર્ય નથી કેમ કે આત્માનો મૂળ સ્વભાવ તો જ્ઞાતા-દૃષ્ટા, આનંદ અને શાંતિ છે. તે આત્માનું પૂર્ણ કાર્ય છે. એના કારણરૂપ મોક્ષમાર્ગ છે તે આત્માના સંબંધે થાય છે. આત્મા જ્ઞાન-દર્શન વગેરે અનંત શક્તિઓ છે એનું અવલંબન લઈને જે કાર્ય થાય તે પૂર્ણ મોક્ષદશાનું કારણ છે. એ કારણ જેને થયું નથી એને વર્તમાન કાર્યદશા કેવી હોય છે ? એટલે કે એને નિમિત્તના સંબંધે થતું કાર્ય એવી સંસારદશા હોય છે, તે નૈમિત્તિકદશા છે અને કર્મ તે નિમિત્ત છે. કર્મના નિમિત્તના અવલંબને આત્માના સ્વભાવને ચૂકીને કાર્ય થાય છે એવા નિમિત્ત-નૈમિત્તિક સંબંધની વાત કરે છે.

આત્માએ જેવા ભાવો કર્યા તેનું નિમિત્ત પામીને જડ કર્મ જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પરિણમે છે; તે નૈમિત્તિક કાર્ય છે. આત્માની વિકારીદશા તે નિમિત્ત છે અને પુદ્ગલકર્મની અવસ્થા થાય છે તે નૈમિત્તિક છે. એવા આત્માને અને કર્મોને અરસપરસ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. આત્માને કર્મ સંસાર કરાવતું નથી અને આત્માના રાગના કારણે કર્મને બંધાવું પડે છે -એમ નથી પણ તે બન્નેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કેવો હોય છે તે બતાવે છે. એના ભાન વિના સંસાર કોઈ દિવસ ટળે નહિ. સંસારદશા તે આત્માનું કાર્ય છે, તે કાર્ય જ્યારે આત્મામાં થાય છે ત્યારે કર્મ એને નિમિત્તરૂપે હોય છે. જીવના વિકારના સંબંધમાં જડ પોતાના કારણે કર્મરૂપે પરિણમે તેને કર્મ કહે છે. એ સિવાય બીજા પદાર્થો કર્મ કહેવાતા નથી. અહીં દૃષ્ટાંત આપે છે.

જેમ મંત્રના નિમિત્તથી જલાદિકમાં રોગ દૂર કરવાની શક્તિ હોય છે તથા કાંકરી વગેરેમાં સર્પાદિકને રોકવાની શક્તિ હોય છે. અહીં નિમિત્ત થવાની શક્તિની વાત કરી છે. જ્યારે રોગ મટવાનો હોય



છે ત્યારે નિમિત્ત કેવું હોય છે એનું જ્ઞાન કરાવે છે. રોગ મટતી વખતે મંત્રેલું પાણી છે તેનું નિમિત્ત થવાનું કાર્ય છે. દરિયાનું પાણી કે બીજું પાણી છે એની નિમિત્ત થવાની યોગ્યતા નથી. રોગ તો રોગના કારણે મટે છે, મંત્રના કારણે મટતો નથી. રોગ મટવાનો સમય હોય ત્યારે મંત્રેલા પાણીનું નિમિત્ત હોય છે. નિમિત્તના સંબંધે થતું કાર્ય તેને નૈમિત્તિક કહે છે. નિમિત્તના કારણે કાર્ય બને એમ છે જ નહિ. પ્રત્યેક સમયે આવા અનંતા નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બની રહ્યા છે.

જ્યારે સર્પ રોકાય છે ત્યારે કાંકરીમાં નિમિત્તરૂપે શક્તિ છે એમ કહેવાય છે. તેવી રીતે જીવભાવના નિમિત્ત વડે પુદ્ગલ પરમાણુઓમાં જ્ઞાનાવરણાદિરૂપ શક્તિ થાય છે. કર્મ થવાની સ્વતંત્રપણે પુદ્ગલમાં શક્તિ છે, તે નિમિત્તના સંબંધના કાળે કાર્માણવર્ગણા કર્મરૂપે થાય છે. બન્નેનો કાળ એક છે પણ નિમિત્ત કોઈને કરતું નથી તથા જીવના ભાવના કારણે કર્મ પરિણમતા નથી. જીવભાવ તો નિમિત્તમાત્ર છે. પુદ્ગલો પોતે પોતાની શક્તિના કારણે જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પરિણમે છે. એને કોઈ જીવભાવ પરિણમાવતો નથી. વળી પુદ્ગલોમાં કાંઈ જાણવાનો સ્વભાવ પણ નથી. અહીં વિચાર વડે પોતાના ઉદ્યમપૂર્વક કાર્ય કરે તો ત્યાં જ્ઞાનની જરૂર ખરી, પરંતુ તથારૂપ નિમિત્ત બનતા સ્વયં તેવું પરિણમન થાય ત્યાં જ્ઞાનનું કાંઈ પ્રયોજન નથી. કર્મનો ભાવ સ્વયં થવાને લાયક હોય છે તે થાય છે એમાં જ્ઞાનની જરૂર નથી. સાકરને જ્ઞાનની જરૂર નથી પરંતુ મોઢામાં મૂકતા તે ઓગળવા માંડે છે. એ પ્રમાણે નવીન બંધ થવાનું વિધાન જાણવું. અનાદિથી કર્મો છે એની વાત પહેલાં કરી હતી એમાં નિમિત્તની જરૂર નથી પણ અહીં નવીન બંધ થાય છે. તેમાં આ કહેલ પ્રમાણે કર્મ નિમિત્ત હોય છે એમ કહેલ છે. અહીં સુધી તો તારા વિકારના પ્રમાણમાં કર્મનો બંધ થાય છે એ વાત કરી. હવે તારામાં અવસ્થા અનાદિથી થતી આવે છે તે કહે છે.

## કર્મોની બંધ, ઉદય, સત્તારૂપ અવસ્થા

હવે જે પરમાણુ કર્મરૂપે પરિણમ્યા છે તેનો જ્યાં સુધી ઉદયકાળ ન આવે ત્યાં સુધી તે જીવના પ્રદેશોથી એકક્ષેત્રાવગાહરૂપ બંધાન રહે છે એટલે કે કર્મોના પાકનો કાળ ન આવે ત્યાં સુધી જીવની સાથે રહે છે. તે એક સાથે રહે છે એમાં પલટાવું થાય છે તે કહે છે. ત્યાં જીવભાવના નિમિત્તથી કોઈ પ્રકૃતિઓની અવસ્થાનું પલટાવું પણ થઈ જાય છે. પુણ્ય-પાપના પ્રમાણમાં પલટી જાય છે. પ્રકૃતિમાં પલટવાની લાયકાતના કારણે જીવના શુભાશુભભાવનું નિમિત્ત પામીને પલટે છે. બધી પ્રકૃતિ પલટતી નથી પણ કોઈક પ્રકૃતિ પલટી જાય છે અને કોઈ અન્ય પ્રકૃતિઓના પરમાણુ હતા તે સંક્રમણરૂપ થઈ અન્ય પ્રકૃતિના પરમાણુ થઈ જાય છે. વળી કોઈક પ્રકૃતિઓનો સ્થિતિ વા અનુભાગ ઘણો હતો તેનું અપકર્ષણ થઈ થોડો થઈ જાય છે. તથા કોઈ પ્રકૃતિઓનો સ્થિતિ વા અનુભાગ થોડો હતો તેનું ઉત્કર્ષણ થઈ ઘણો થઈ જાય છે. શુભ પરિણામ હોય તો પુણ્યનો રસ વધી જાય છે અને અશુભ પરિણામ હોય તો પાપનો રસ વધી જાય છે. શાતાનો રસ હોય તે

શુભભાવનું નિમિત્ત પામીને વધી જાય છે. આત્માના પરિણામનું નિમિત્ત પામીને ઉત્કર્ષણ થાય છે. આ બધું ક્રમબદ્ધ છે.

એ પ્રમાણે પૂર્વે બાંધેલા પરમાણુઓની અવસ્થા પણ જીવભાવનું નિમિત્ત પામીને પલટાય છે, નિમિત્ત ન બને તો ન પલટાય, જેમની તેમ રહે, એવી રીતે સત્તારૂપ કર્મો રહે છે. કર્મોનું પલટવું થવાનું ન હોય ત્યારે જીવભાવનું નિમિત્તપણું પણ બનતું નથી. ત્યાં પલટવાનું હતું અને જીવભાવનું થવું ન થયું માટે ન પલટ્યું -એમ નથી. જો જીવભાવના કારણે કર્મની પર્યાયનું પલટવું થાય તો કર્તા-કર્મપણું થઈ જાય છે, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ રહેતો નથી. કર્મ પોતાના કારણે પલટે છે ત્યારે જીવભાવને નિમિત્ત કહેવાય છે એવો એનો અર્થ છે કેમ કે અહીં તો બંધ-સત્તારૂપે કેમ રહે છે તે બતાવવું છે. કુંભારના ચાક ઉપર માટીનો પિંડ છે એનું નળિયું થવાનું હોય તો તે પ્રમાણે કુંભારના હાથનું નિમિત્ત હોય છે. અને નળિયું થવાનું ન હોય તો એને એવું નિમિત્ત નથી. માટે નળિયું ન થયું એમ કહેવું તે નિમિત્તનું કથન છે. પણ નિમિત્ત ન આવ્યું માટે ન થયું એમ નથી.

અહીં જીવને કર્મનો સંબંધ છે અને તે કર્મો સત્તારૂપે પડ્યા છે તેનું વર્ણન કર્યું. હવે ઉદયની વાત કરે છે. વળી જ્યારે તે કર્મપ્રકૃતિઓનો ઉદયકાળ આવે ત્યારે તે પ્રકૃતિઓના અનુભાગ અનુસાર સ્વયં કાર્ય બની જાય છે. આત્મામાં, પોતે વિકાર કરે છે તે સ્વયં પોતાના કારણે કરે છે ત્યારે પ્રકૃતિના આશ્રયે કરે છે. જીવ અનુભાગ અનુસાર વિકાર કરે છે એટલે અનુભાગના પ્રમાણમાં વિકાર થાય છે -એમ નથી. પણ વિકાર તો કર્મના અનુસારે થાય છે અને ધર્મ તો આત્માના અનુસારે થાય છે -એમ અહીં કહેવું છે. આત્માને જે અનુસરતો નથી પણ કર્મને અનુસરે છે તેને વિકાર થાય છે એમ કહેવું છે. પણ કર્મનો ઉદય આવ્યો માટે વિકાર આત્મામાં થાય છે એમ નથી. આત્મા નિત્યાનંદ છે; એનું અનુકરણ છોડ્યું એટલે કર્મનું અનુકરણ કર્યું. આત્માનું અનુકરણ કરે તો તો આત્મામાં વીતરાગી પર્યાય થાય પણ એનું લક્ષ છોડીને કર્મનું અનુકરણ કર્યું એટલે રાગ થાય છે.

આત્મામાં વિકાર સ્વયં થાય છે એટલે કર્મે વિકાર કરાવ્યો નથી એમ કહેવું છે, પણ સ્વયં એટલે સહજ ઊંધા પુરુષાર્થ વિના થયો છે -એમ નથી. તે વિકાર થયો છે એ કર્મનો અપરાધ નથી પણ જીવના અપરાધથી સ્વયં પોતાથી થયો છે એમ કહે છે. આત્માને અનુસરતો નથી તે કર્મને અનુસરે છે. આમ દરેક આત્માઓ સ્વતંત્ર છે અને તેનું પરિણમન પણ સ્વતંત્ર થાય છે.

પ્રકૃતિઓના અનુભાગ અનુસાર સ્વયં કાર્ય બની જાય છે. એનો અર્થ એવો છે કે ઘાતિકર્મની પ્રકૃતિના ઉદય વખતે આત્મા જેટલા પ્રમાણમાં જોડાય એટલો વિકારરૂપે પરિણમે છે અને જ્ઞાનના હીણારૂપે પરિણમે છે. અને અઘાતિના ઉદયમાં જેવો વેદનીય આદિનો ઉદય હોય એવા શરીર આદિ મળે છે. નામકર્મના ઉદય પ્રમાણે જ બહારમાં ઈંદ્રિયાદિ મળે છે. એમ અનુભાગ અનુસાર



સ્વયં કાર્ય બની જાય છે -એમ તેનો અર્થ સમજવો. આ રીતે ઘાતિકર્મના નિમિત્તે એના પ્રમાણમાં જ વિકાર કે જ્ઞાનાદિનું થવું થતું નથી પરંતુ અઘાતિકર્મના નિમિત્તે એના પ્રમાણમાં જ બહારમાં સામગ્રી મળે છે. આમ ઘાતિ-અઘાતિના નિમિત્તે થતા કાર્યમાં આટલો ફેર છે.

બે ચીજ પૃથક કહેવી અને બે ચીજનું પરિણમન એકબીજાને કારણે માનવું તે બે ચીજનું પૃથકપણું માનતો નથી. ખ્યાલ ન રાખ્યો માટે જડનું કાર્ય બરાબર ન થયું એમ છે જ નહિ. બન્ને પૃથક્ વસ્તુ છે. બે છે તે એક નથી. જુદા જુદા છે તો જુદા જુદા કામ કરી રહ્યા છે. બે એક થઈને કાર્ય કરતાં હોય તો ઘાત કર્યો કહેવાય પણ એમ બનતું નથી. ત્રિલોકનાથ વીતરાગદેવ દરેક પદાર્થની સ્વતંત્રતા જાહેર કરે છે માટે અહીં કહેલ છે. આત્મામાં સ્વયં કાર્ય બની જાય છે પણ કર્મ તે કાર્ય નીપજાવતું નથી, બન્નેનો સ્વકાળ એક સમયમાં સાથે છે તો કર્મ તે કાર્ય કેવી રીતે નીપજાવે? પણ કર્મોનો ઉદયકાળ આવતાં આત્મામાં વિકારનું કાર્ય સ્વયં બની જાય છે. અને અઘાતિકર્મના ઉદયકાળ વખતે બહારમાં એના પ્રમાણમાં સ્વયં કાર્ય બની જાય છે. એટલો જે અહીં નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો અર્થ જાણવો.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાયનો ઉદયકાળ આવ્યો ત્યારે આત્મામાં પોતાની યોગ્યતા પ્રમાણે વિકાર અને જ્ઞાન આદિનું પરિણમન સ્વયં થાય છે. અને અઘાતિનો ઉદયકાળ આવ્યો તે વખતે તેના પ્રમાણમાં બહારમાં સ્વયં કાર્ય બની જાય છે એને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જાણવો. એકબીજાના કારણે માનવામાં આવે તો કર્તા-કર્મ થાય છે.

વળી જે સમયમાં ફળ નીપજ્યું તેના પછીના સમયમાં એ કર્મરૂપ પુદ્‌ગલોની અનુભાગશક્તિનો અભાવ થવાથી કર્મપણાનો પણ અભાવ થાય છે. તે પુદ્‌ગલો અન્ય પર્યાયરૂપ પરિણમી જાય છે. એનું જ નામ સવિપાક નિર્જરા છે. પાક આવીને છૂટી જવું તે સવિપાક નિર્જરા છે. એ પ્રમાણે સમયે સમયે ઉદય થઈ કર્મો ખરી જાય છે. કર્મપણું નાશ પામતા તે પરમાણુ તે જ સ્કંધમાં રહો વા જુદા જુદા થઈ જાઓ -એનું કાંઈ પ્રયોજન જ નથી. એટલે કે કર્મની અવસ્થાનું પરિણમન બદલીને એકલા જુદા જુદા પરમાણુ જ થઈ જાય -એમ નથી પણ ત્યાં ને ત્યાં જ સ્કંધરૂપે પણ રહી શકે છે, પણ કર્મરૂપે રહેતા નથી. ધર્મ સમજવાવાળાને પ્રથમ આનું જ્ઞાન હોય છે. કેમ કે ધર્મ કરવો છે એનો અર્થ એવો થયો કે વર્તમાન અધર્મ થઈ રહ્યો છે. અને તે અધર્મની અવસ્થામાં નિમિત્ત પણ હોય છે એનું અહીં જ્ઞાન કરાવે છે.

## કારતક સુદ ૫, ગુરુવાર, ૨૩-૧૦-૫૨.

અહીં કર્મોની બંધ, ઉદય અને સત્તારૂપ અવસ્થાની વાત ચાલે છે. આત્માની સંસારાવસ્થા છે તે અનાદિની છે, ને તે દુઃખરૂપ છે એમ જીવ જાણે તો તેનો અભાવ કરવાનો પુરુષાર્થ કરે. સંસારદશા એટલે તો ખરેખર પુણ્ય-પાપ, આસ્રવ અને બંધતત્ત્વની વાત છે અને તેના નિમિત્તરૂપ

કર્મનું બંધન થાય છે તે અજીવતત્ત્વની વાત છે, એટલે કે આ નવ તત્ત્વની વાત છે.

વિશેષમાં - સંસારી જીવને સમયે સમયે અનંત પરમાણુ બંધાય છે. ત્યાં એક સમયમાં બાંધેલા પરમાણુઓ અબાધાકાળ છોડી પોતાની સ્થિતિના જેટલા સમય હોય તે સર્વમાં ક્રમથી ઉદય આવે છે. જે કર્મનું બંધન થાય છે એમાં મુદત હોય છે અર્થાત્ તે અમુક કાળે પાકે છે. જેમ રાયણ લાંબે કાળે પાકે છે, રજકો અલ્પકાળે પાકે છે, -એમ કર્મોમાં પણ અમુક સમયે ઉદય આવે એવો ક્રમ હોય છે. વળી ઘણા સમયમાં બાંધેલા પરમાણુ કે જે એક સમયમાં ઉદયમાં આવવા યોગ્ય છે તે બધા એકઠા થઈ ઉદય આવે છે. જેમ દેણદારે તેના લેણદારોને અમુક કાળે મુદત આપી હોય તો બધા એક સાથે પણ લેણદાર થઈ જાય. એમ કર્મમાં પણ એક સાથે ઉદયમાં આવવા યોગ્ય હોય તે એક સાથે ઉદયમાં આવે છે. તે સર્વ પરમાણુઓનો અનુભાગ મળતા જેટલો અનુભાગ થાય તેટલું ફળ તે કાળમાં નીપજે છે. વળી અનેક સમયોમાં બાંધેલા પરમાણુ બંધ સમયથી માંડી ઉદય સમય સુધી કર્મરૂપ અસ્તિત્વને ધારી જીવથી સંબંધરૂપ રહે છે, એટલે કે ઘણાં કાળમાં બાંધેલા કર્મો ઉદયમાં ન આવે ત્યાં સુધી તે જીવની સાથે રહે છે. એ પ્રમાણે કર્મોની બંધ, ઉદય, સત્તારૂપ અવસ્થા જાણવી. બંધની એક સમયની અવસ્થા, ઉદયની એક સમયની અવસ્થા અને સત્તાની જ્યાં સુધી ઉદયમાં ન આવે ત્યાં સુધીની અવસ્થા હોય છે. ત્યાં સમયે સમયે એક સમયપ્રબદ્ધમાત્ર પરમાણુ બંધાય છે. એમ સમયપ્રબદ્ધમાત્ર નિર્જરે છે તથા દોઢ ગુણહાનિ વડે સમયપ્રબદ્ધમાત્ર સદાકાળ સત્તામાં રહે છે. એ સર્વનું વિશેષ વર્ણન આગળ કર્મ અધિકારમાં લખીશું -એમ શ્રી ટોડરમલજી કહી ગયા છે પણ લખી શકાયું નથી. વિશેષ લખવાનો ગ્રંથકર્તાનો ભાવ હતો એમ જાણવું.

## દ્રવ્યકર્મ અને ભાવકર્મ

દ્રવ્યકર્મ કોને કહેવા અને ભાવકર્મ કોને કહેવા એ વાત કરે છે. કર્મ છે તે પરમાણુરૂપ અનંત પુદ્‌ગલદ્રવ્યો વડે નિપજાવેલું કાર્ય છે તેથી તેનું નામ દ્રવ્યકર્મ છે, અને મોહના નિમિત્તથી મિથ્યાત્વ-ક્રોધાદિરૂપ જીવના પરિણામ થાય છે તે અશુદ્ધભાવ વડે નિપજાવેલું કાર્ય છે તેથી તેનું નામ ભાવકર્મ છે. જીવના મિથ્યાત્વાદિ ભાવો નિમિત્તના લક્ષે થાય છે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એમ જણાવે છે પણ તે ભાવો નિમિત્તના કારણે થાય છે એમ કહેવું નથી. પણ જીવના અશુદ્ધભાવનું કાર્ય હોવાથી તેને ભાવકર્મ કહે છે. અહીં ભાવકર્મ એટલે આત્માનું વિકારી કાર્ય છે. કર્મનો અર્થ કાર્ય છે. પુદ્‌ગલ વડે નિપજેલું કાર્ય છે તેને દ્રવ્યકર્મ કહે છે. અહીં તો અનાદિથી જીવ ભાવકર્મ કરે છે એની વાત છે. રાગદ્વેષ તોડી સંસારનો નાશ કરે છે એની વાત અહીં નથી પણ કારણ-કાર્ય સિદ્ધ કરે છે. કારણ-કાર્યને તોડે છે એની વાત નથી. સંસારચક્ર ચાલ્યું જાય છે એની વાત છે. હવે દ્રવ્યકર્મના નિમિત્તથી ભાવકર્મ તથા ભાવકર્મના નિમિત્તથી દ્રવ્યકર્મો બંધાય છે; ફરી પાછું દ્રવ્યકર્મથી ભાવકર્મ અને ભાવકર્મથી દ્રવ્યકર્મ એ જ પ્રમાણે પરસ્પર કારણ-કાર્યભાવ વડે સંસારચક્રમાં



પરિભ્રમણ થાય છે. આગળ પૃ. ૩૧૩માં પૂછ્યું છે કે - દ્રવ્યકર્મથી ભાવકર્મ અને ભાવકર્મથી દ્રવ્યકર્મ એમ ચાલ્યા કરે છે તો મોક્ષનો ઉપાય કેવી રીતે થાય ? તો ત્યાં સંસારચક્રને તોડી શકે છે એમ કહેલ છે અને અહીં સંસારાવસ્થાનું નિરૂપણ છે માટે સંસાર કેમ ચાલ્યો જાય છે એમ વર્ણન કરે છે. પુરુષાર્થપૂર્વક બંધનને તોડી નાખે છે એ વાત જ્યારે મોક્ષમાર્ગની વાત કરવી હોય ત્યારે કરે છે અને સંસારમાં કેમ રખડ્યો ? તે બતાવવા દ્રવ્યકર્મના કારણે ભાવકર્મ અને ભાવકર્મના કારણે દ્રવ્યકર્મ -એમ સંસારચક્ર ચાલ્યું જાય છે -એમ કહ્યું છે. હવે તેમાં ઓછું વધતું કરે છે એની વાત કરે છે.

વળી તીવ્ર-મંદ બંધ હોવાથી અથવા સંક્રમણાદિ થવાથી અથવા એક કાળમાં બાંધ્યા અનેક કાળમાં અને અનેક કાળમાં બાંધ્યા એક કાળમાં ઉદય આવવાથી કોઈ કાળમાં તીવ્ર ઉદય આવતાં તીવ્ર કષાય થાય છે અને નવીન બંધ પણ તીવ્ર થાય છે તથા કોઈ કાળમાં મંદ ઉદય આવતાં મંદ કષાય થાય છે; ત્યાં નવીન બંધ પણ મંદ થાય છે. વળી એ તીવ્ર-મંદ કષાયો અનુસારે પૂર્વે બાંધેલા કર્મોનું પણ સંક્રમણાદિ થાય તો થાય. આત્માના પરિણામનું નિમિત્ત પામીને કર્મનું સંક્રમણ પણ થઈ જાય છે અને ઘણાં કર્મોનો પાક એક સાથે આવે છે તે વખતે જીવની તીવ્ર કષાયની લાયકાતના કારણે તીવ્ર કષાય કરે છે. તે વખતે કર્મોનું નિમિત્ત કેવું હોય છે તે કહે છે. આ વાતને સમજતાં નથી તે આ લખાણ વાંચીને ઊંધું કાઢે છે. ઘણા કર્મોનો ઉદયનો પાક આવે છે માટે તીવ્ર કષાય જીવને કરવો પડે છે પણ એ વાત ખોટી છે. કર્મનો ઉદય આવે તો એક વખત જોડાવું પડે એમ અજ્ઞાની આ વાંચીને માને છે. પણ એમ માને તો જીવનો સંસાર કદી મટે નહિ. તીવ્ર ઉદય આવતાં તીવ્ર કષાય થાય એમ નથી પણ આત્મા જેવો કષાય કરે તેવો થાય છે. કર્મનો તીવ્ર ઉદય હોય માટે તીવ્ર કષાય થાય છે અને મંદ ઉદય હોય છે માટે મંદ કષાય થાય છે એમ નથી.

સંસારચક્ર કેમ ચાલે છે ? એની વાત કરતાં કર્મોના ઉદયને અને શ્રદ્ધા તથા ચારિત્રગુણની પર્યાયને કેવો સંસારમાં રખડનારને મેળ હોય છે તે કહે છે, પણ સિદ્ધાંત એવો નથી. પહેલાં સામાન્ય વાત કરી હતી. અનેક કાળમાં બાંધ્યા એક કાળમાં કર્મોનો પાક આવે છે અને એક કાળમાં બાંધ્યા અનંતકાળમાં ઉદયમાં આવે છે, એમ કહીને પછી કહે છે કે કોઈ કાળમાં તીવ્ર ઉદય આવે છે. મિથ્યાત્વનો પણ તીવ્ર ઉદય હોય છે તે વખતે સંસારમાં રખડનારો પોતાની લાયકાત-રુચિથી તીવ્ર મિથ્યાત્વરૂપ કષાયને કરે છે માટે ઉદય પ્રમાણે કષાય થાય છે એમ કહેલ છે પણ કર્મના ઉદયના કારણે કષાય થાય છે એમ નથી.

સિદ્ધાંત તો એ છે કે જીવ વિકારને કરવા અને વિકાર ટાળવા સ્વતંત્ર છે. એ વાત રાખીને આ લખાણનો અર્થ સમજવો જોઈએ. કર્મોનો મંદ ઉદય હોય છે તે વખતે જીવની લાયકાતથી મંદ કષાય કરે છે અને નવીન બંધ મંદ થાય છે. બધાને એક સરખા પરિણામ ન હોય માટે

કેટલાકને કર્મનું સંક્રમણ થાય તો થાય -એમ કહેલ છે. તીવ્ર-મંદ કષાય જીવ કરે છે ત્યારે ઘણાને પૂર્વકર્મ સંક્રમણરૂપે થાય છે પણ બધાને સંક્રમણ થતાં નથી. એવા શુભ કે અશુભ પરિણામથી બધા કર્મો સંક્રમણ ન પામી જાય. આ સંસારદશા વખતની વાત છે કેવળીની વાત નથી કેમ કે તે ભાવમોક્ષ છે.

જીવ મંદ-તીવ્ર કષાય કરે તો પૂર્વે બાંધેલા કર્મોનું પણ સંક્રમણ થઈ જાય છે. એમાં પણ કહેવાનું શું કારણ છે ? તે કહે છે કે નવા બંધનની વાત કરી છે પણ અહીં જૂના કર્મની વાત કરવી છે માટે પણ શબ્દ વાપર્યો છે. કર્મોમાં સંક્રમણ થવાની લાયકાત એવી હોય છે અને નિમિત્ત પણ જીવભાવનું એવું હોય છે એમ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જુઓ, આ ગ્રંથને સુગમ કહેલ છે કેમ કે ચાલતી ભાષામાં કહેલ છે અને તેથી સમજવું સુગમ થાય છે. સંસ્કૃત, વ્યાકરણાદિ હોય તો અઘરો પડે -પણ અહીં એમ નથી.

અહીં તો અનાદિથી પરસ્પર કારણ-કાર્ય સંબંધ સંસારમાં ચાલ્યો આવે છે એ કહેલ છે. એ પ્રમાણે અનાદિકાળથી માંડી ધારાપ્રવાહરૂપ દ્રવ્યકર્મ અને ભાવકર્મની પ્રવૃત્તિ જાણવી.

## નોકર્મનું સ્વરૂપ અને તેની પ્રવૃત્તિ

વળી નામકર્મના નિમિત્તથી શરીર થાય છે; તે દ્રવ્યકર્મવત્ કિંચિત્ સુખદુઃખનું કારણ છે માટે શરીરને નોકર્મ કહે છે. અહીં ''નો'' શબ્દ અલ્પતાવાચક જાણવો. જેમ કર્મ સુખદુઃખમાં નિમિત્તકારણ છે એમ શરીર પણ કિંચિત્ સુખદુઃખમાં નિમિત્ત છે. પણ શરીર સુખદુઃખ ઉપજાવતું નથી. નોકર્મ કિંચિત્ કારણ છે એમ કહીને દ્રવ્યકર્મ મૂળકારણ છે એમ બતાવવું છે.

સુખદુઃખની કલ્પનામાં ખરેખર નિમિત્તકારણરૂપે દ્રવ્યકર્મ છે અને શરીર પણ કિંચિત્ કારણ છે એમ કહેવું છે. હવે શરીર તો પુદ્ગલ પરમાણુનો પિંડ છે તથા દ્રવ્યઈંદ્રિય, દ્રવ્યમન, શ્વાસોશ્વાસ અને વચન એ શરીરના જ અંગો હોવાથી એ પણ પુદ્ગલ પરમાણુના પિંડ જાણવા. ઈંદ્રિય, મન, શ્વાસોશ્વાસ, વચન વગેરે શરીરના જ અંગ છે માટે તે પુદ્ગલ છે, વચનને પણ શરીરનું અંગ કહેલ છે. શ્વાસ પણ પુદ્ગલ છે, આત્મા નથી. એ પ્રમાણે શરીર અને દ્રવ્યકર્મ સંબંધ સહિત જીવનું એકક્ષેત્રાવગાહરૂપ બંધાન થાય છે. આત્માના ભાન વિના શરીરનો સંબંધ છૂટે નહિ. અનાદિથી સંબંધ ચાલ્યો આવે છે. કર્મ ને આત્માનું એકક્ષેત્રાવગાહ જ છે, એમ શરીર ને આત્માનો સંબંધ જન્મથી મરણ સુધી રહે છે. શરીરના જન્મથી એટલે કે માતાના ઉદરમાં આવ્યો ત્યારથી આયુ પૂર્ણ થાય ત્યાં સુધી શરીરનો આત્મા સાથે સંબંધ રહે છે, પણ કોઈના કારણથી શરીરનો સંબંધ છૂટતો નથી. પણ આયુ પૂર્ણ થાય તો જ શરીરનો સંબંધ છૂટે છે, એટલે કે શરીર અને આત્મા જુદા જુદા થઈ જાય છે.



વળી શરીર છૂટ્યા પછીના બીજા સમયે અથવા તો ત્રીજા કે ચોથા સમયે જીવ કર્મઉદયના નિમિત્તે નવીન શરીર ધારણ કરે છે એટલે કે વધારેમાં વધારે ચાર સમયમાં તો નવું શરીર ધારણ કરી લ્યે છે, એટલે કે નેવે બેસે છે, ઘરમાં રહે છે -એ બધી વાત ખોટી છે. જ્યાં નવીન શરીર ધારણ કરે છે ત્યાં પણ તે પોતાની આયુસ્થિતિ પર્યંત તે જ પ્રમાણે સંબંધરૂપ રહે છે. ફરી જ્યારે મરણ થાય છે ત્યારે તેનાથી પણ સંબંધ છૂટી જાય છે. એ પ્રમાણે પૂર્વ શરીરનું છોડવું અને નવીન શરીરનું ગ્રહણ કરવું અનુક્રમે થયા જ કરે છે. -આમ અનંતકાળથી જીવ પરિભ્રમણ કર્યા જ કરે છે.

વળી આત્મા અસંખ્યાત પ્રદેશી છે તો પણ સંકોચ-વિસ્તાર શક્તિ વડે શરીર પ્રમાણ જ રહે છે. સંકોચ-વિસ્તારની પોતાની શક્તિ હોવાથી કીડીમાં જાય તો કીડી પ્રમાણે અને હાથીમાં જાય તો હાથી પ્રમાણે તે શરીરમાં રહે છે. વિશેષ એટલું કે સમુદ્ઘાત થતાં શરીરથી બહાર પણ આત્માના પ્રદેશો ફેલાય છે તથા અંતરાલ સમયમાં પૂર્વ શરીર છોડ્યું હતું તેના પ્રમાણરૂપ રહે છે.

વળી એ શરીરના અંગભૂત દ્રવ્યઈંદ્રિય અને મનની સહાયથી જીવમાં જાણપણાની પ્રવૃત્તિ થાય છે તથા શરીરની અવસ્થા અનુસાર મોહના ઉદયથી જીવ સુખી-દુઃખી થાય છે. જાણવાની લાયકાત તો આત્માની છે પણ ઈંદ્રિયો એમાં નિમિત્ત હોય છે. પોતે વિચારે છે ત્યારે મન નિમિત્ત હોય છે અને સુખદુઃખની કલ્પના પોતાના શરીરના નિમિત્તે હોય છે. હાથીનું શરીર હોય અને જો કોઈ સૂંઢ પકડે તે તેને એવો જ વિકલ્પ હોય છે -એમ કહેવું છે. એમાં શરીર તો નિમિત્તમાત્ર છે તથા શરીરની અવસ્થા કોઈ વેળા જીવની ઈચ્છાનુસાર પ્રવર્તે છે. આત્મામાં ચાલવાની ઈચ્છા થઈ ત્યારે શરીરની ક્રિયા થાય છે એટલે ઈચ્છા અનુસાર કહેલ છે. વળી કોઈ વેળા શરીરની અવસ્થા અનુસાર જીવ પ્રવર્તે છે એટલે કે રેલગાડીમાં ઊભો હોય અને ધક્કો લાગે તો શરીર પડી જતાં આત્મા પણ ત્યાં પડી જાય છે. અહીં શરીરના કારણે આત્મામાં થાય છે અને ઈચ્છાના કારણે શરીરમાં થાય છે એ વાત સિદ્ધ કરવી નથી પણ કોઈ વેળા એવો મેળ ખાઈ જાય છે. આ વાત સંસારાવસ્થામાં શું થઈ રહ્યું છે એ કહે છે પણ એકબીજાના કારણે થાય છે -એમ કહેવું નથી.

## કારતક સુદ ૬, ૭, ૮.

પૂ. ગુરુદેવશ્રીને ગળામાં દુઃખાવો હોવાને કારણે કારતક સુદ ૬ની સવારે શ્રી નિયમસારની સ્વાધ્યાય હતી. અને કારતક સુદ ૭ અને ૮ સવારે શ્રી નિયમસાર કળશની સ્વાધ્યાય હતી.

## કારતક સુદ ૯, સોમવાર, ૨૭-૧૦-૫૨.

સંસારદશાનું નિરૂપણ કરતાં નોકર્મનું સ્વરૂપ અને તેની પ્રવૃત્તિ કેવી હોય છે તે કહે છે. આ આત્માને અનાદિથી શરીર સાથે સંબંધ છે એમાં કોઈ વખત તો જીવની ઈચ્છા પ્રમાણે શરીર

પલટે છે એટલે કે તેને કોઈ વેળા એમ લાગે છે કે મારી ઈચ્છા પ્રમાણે શરીર ચાલે છે. અને કોઈ વેળા શરીરની અવસ્થા પ્રમાણે જીવની અવસ્થા પ્રવર્તે છે. એટલે કે શરીરની અવસ્થાનો અને જીવની અવસ્થાનો મેળ ખાઈ જાય છે. તેથી અજ્ઞાનીને ભ્રમ થઈ ગયો છે કે શરીરના કારણે આત્માની અવસ્થા થાય છે પણ શરીરના કારણે તે નથી. કેમ કે કોઈ વેળા જીવ અન્યથા ઈચ્છારૂપ અને પુદ્‌ગલ અન્યથારૂપ પ્રવર્તે છે. એ પ્રમાણે નોકર્મની પ્રવૃત્તિ જાણવી.

અનાદિથી અજ્ઞાની માને છે કે શરીરની અવસ્થા મારા કારણે થાય છે પણ જીવ તો અરૂપી, જાણનાર-દેખનાર છે. એના કારણે જડની અવસ્થા થાય નહિ. શરીરમાં ધોળા વાળ આવે, ઘડપણ આવે, વહાલી સ્ત્રી મરે વગેરે જીવની ઈચ્છા વિના થાય છે. માટે ઈચ્છાના કારણે શરીરાદિ પરની અવસ્થા થતી નથી. આત્માના કારણે પરની અવસ્થા માનવી તે અનાદિની ભ્રમણા છે. વીસ વીસ વર્ષના યુવાન હોય પણ ટી.બી.ની હોસ્પીતાલમાં અશરણ થઈને પડ્યા હોય છે, સેંકડો રૂપિયા દવામાં ખર્ચે છે પણ શરીરની અવસ્થા થવાની હોય તે પ્રમાણે થાય છે, એમ પ્રથમ જાણવું જોઈએ. પુદ્‌ગલાસ્તિકાયનું પલટવું એના કારણે થાય છે -એમ ન માનતા જીવાસ્તિકાયના કારણે માને તે મૂઢ-મિથ્યાદષ્ટિ છે. માટે જેમ છે તેમ માનવું જોઈએ.

જીવે અનંતો કાળ તો નિગોદમાં કાઢ્યો છે તે કહે છે.

## નિત્યનિગોદ અને ઈતરનિગોદ

હવે અનાદિકાળથી માંડી પ્રથમ તો આ જીવને નિત્યનિગોદરૂપ શરીરનો સંબંધ હોય છે. ત્યાં નિત્યનિગોદના શરીરને ધારી આયુ પૂર્ણ થતાં મરી ફરી નિત્યનિગોદ શરીરને જ ધારે છે. વળી પાછો એ આયુ પૂર્ણ થતાં નિત્યનિગોદ શરીરને જ ધારે છે. અનંત જીવો નિગોદ એકેંદ્રિય શરીરમાં પડ્યા છે, કદી ત્રસ થયા નથી. મરે છે અને પાછો ત્યાં જન્મે છે. આ આત્મા પણ અનંતકાળ ત્યાં રહ્યો છે, બે ઈંદ્રિય થયો નથી; અને અત્યારે મનુષ્યભવ મળ્યો તો અભિમાન આવી ગયું છે.

સમ્યગ્દષ્ટિ જીવ એમ વિચારે છે :

**यदि पापनिरोधोऽन्यसंपदा किं प्रयोजनम् ।**
**अथ पापास्रवोऽस्त्यन्यसंपदा किं प्रयोजनम् ॥ २७ ॥** (રત્નકરંડ શ્રાવકાચાર)

**અર્થ** : જ્ઞાનાવરણાદિ અશુભ પાપપ્રકૃતિનો આસ્રવ જો અટકી ગયો છે તો અન્ય સંપદાથી મારે શું પ્રયોજન છે ? અને જો મને પાપનો આસ્રવ થાય અને સંપદા આવે તો તે સંપદાથી મારે શું પ્રયોજન છે ?

જો કુપુત્ર જાગ્યો તો તારી લક્ષ્મી ઉડાવી દેશે અને સુપુત્ર જાગ્યો તો તારી લક્ષ્મીની પરવા નહિ કરે, માટે પરથી અને તૃષ્ણાથી તને શું લાભ છે ? કાંઈ નથી. કદાચ વર્તમાનમાં લક્ષ્મી



ન હોય તો પણ જો પાપનો અભાવ કરીને સ્વરૂપ સંપદાની પ્રાપ્તિ થઈ તો પછી બીજી સંપદાનું મારે શું કામ છે ? અને પાપના પરિણામ થાય તો અંતરની સંપદા તો લૂંટાય છે. તો બહારમાં લક્ષ્મી મળે તો તેથી મને શું લાભ છે ? કાંઈ નથી -એમ સમ્યગ્દષ્ટિ વિચારે છે. પાંચ-પચીસ લાખ રૂપિયા કમાય તો એમાં સર્વસ્વ માનીને અજ્ઞાની સુખ માની બેઠો છે પણ જ્યાં પાપનો સંચય થાય છે અને સ્વરૂપલક્ષ્મી લૂંટાય છે તેને એ લક્ષ્મીથી કાંઈ લાભ નથી. મિથ્યાત્વનો આસ્રવ થાય છે એ જ મોટું નુકસાન છે અને સમ્યગ્દષ્ટિને આસ્રવ રોકાય છે. તે ગરીબ હોય તો પણ તેને કાંઈ નુકસાન નથી. નરકમાં અનંત પ્રતિકૂળતા હોવા છતાં સમ્યગ્દષ્ટિ વિચાર કરે છે કે એથી મને નુકસાન નથી અને દુઃખ નથી અને મિથ્યાદષ્ટિને કદાચ સ્વર્ગની સંપદા મળે તો પણ એથી એને કાંઈ લાભ નથી.

લક્ષ્મી કલેશની ભરેલી છે અને તે જડ છે -એમ સમ્યગ્દષ્ટિ વિચારે છે. ધર્મી જીવ ન્યાયવિરુદ્ધ કુટિલતા આદિ કરતો નથી. તે જાણે છે કે પુણ્ય હશે તો પૈસા મળશે અને રહેશે અને પાપ હશે તો ચાલ્યા જશે. અહીં તો નિગોદની વાત ચાલે છે કે જીવે ત્યાં અનંતો કાળ ગાળ્યો છે. એ પ્રમાણે અનંતાનંત પ્રમાણ સહિત જીવરાશિ અનાદિકાળથી નિગોદમાં જ જન્મમરણ કર્યા કરે છે.

વળી ત્યાં છ મહિના ને આઠ સમયમાં છસો આઠ જીવ નીકળે છે. તેઓ પૃથ્વી, જળ, અગ્નિ, પવન અને પ્રત્યેક વનસ્પતિરૂપ એકેંદ્રિય પર્યાયોમાં વા બેઈંદ્રિય, તેઈંદ્રિય, ચૌરેંદ્રિયરૂપ પર્યાયોમાં અથવા નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવરૂપ પંચેંદ્રિય પર્યાયોમાં ભ્રમણ કરે છે. એમ ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે. વળી પાછો મરીને નિગોદમાં જાય છે. એને ઈતરનિગોદ કહેવાય છે. ત્યાં કેટલોક કાળ રહી ત્યાંથી નીકળી અન્ય પર્યાયોમાં ભ્રમણ થાય છે.

હવે એ પરિભ્રમણ કરવાનો ઉત્કૃષ્ટ કાળ પૃથ્વી આદિ સ્થાવર જીવોમાં સૂક્ષ્મ તથા બાદર મળીને અસંખ્યાત કલ્પમાત્ર છે. બેઈંદ્રિયથી પંચેંદ્રિય સુધી ત્રસ જીવોમાં કંઈક અધિક બે હજાર સાગર છે. ત્રસમાં એટલે ઈયળ, માણસ, ઢોર, સ્વર્ગ વગેરેના ભવો કરે તો વધારેમાં વધારે બે હજાર સાગર ત્યાં રહે છે. પછી નિગોદમાં જાય છે. ઈતરનિગોદમાં અઢી પુદ્‌ગલપરાવર્તનમાત્ર રહે છે. સૂક્ષ્મ અને બાદર નિગોદ એ બન્નેમાં રહે તો આટલો કાળ રહે છે એમ સમજવું. વળી ઈતરનિગોદમાંથી નીકળી કોઈ જીવ સ્થાવરપર્યાય પામી ફરી પાછો નિગોદમાં જાય; એવા એકેંદ્રિય પર્યાયોમાં ઉત્કૃષ્ટ પરિભ્રમણ કાળ અસંખ્યાત પુદ્‌ગલપરાવર્તનમાત્ર છે અને જઘન્ય કાળ સર્વનો એક અંતર્મુહૂર્ત છે. કોઈ માણસ પૈસા કમાય અને તેથી અભિમાની થઈ જાય ત્યારે બીજા માણસો કહે કે તું નાનો હતો ત્યારે નિર્ધન હતો તેને યાદ કર; તેમ અહીં કહે છે કે માણસપણું મળ્યું અને અભિમાન કરે છે પણ આવા નિગોદના અનંતા ભવો કર્યા છે તેના દુઃખને યાદ કર -એમ સમજાવે છે.

આ પ્રમાણે જીવને ઘણું તો એકેંદ્રિય પર્યાયોનું જ ધારવું બને છે, ત્યાંથી નીકળી અન્ય પર્યાય

પામવો એ કાકતાલીયન્યાયવત્ છે એટલે કે કાગડાનું નીકળવું અને તે વખતે તાડના ફળનું પડવું અને તેના મોઢામાં આવવું એના જેવું છે. એ જેમ દુર્લભ છે તેમ મનુષ્યપણું મળવું દુર્લભ છે. આવી સંસારદશા અનંતકાળથી તું ભોગવી રહ્યો છો એમ જણાવે છે. કેમ કે તને કર્મબંધનનો રોગ લાગુ પડ્યો છે. ભાવકર્મનું બંધન તેં કર્યું તો દ્રવ્યકર્મનો સંબંધ થયો છે એ મોટો રોગ છે -એમ જાણવું.

જો આ રોગ તારી ભૂલથી થયેલો છે એમાં કર્મ નિમિત્તમાત્ર છે તે કહે છે.

## કર્મબંધનરૂપ રોગના નિમિત્તથી થતી જીવની અવસ્થાઓ

હવે એ કર્મબંધનરૂપ રોગના નિમિત્તથી જીવની કેવી અવસ્થાઓ થઈ રહી છે તે કહે છે. પહેલાં તો આ જીવનો સ્વભાવ ચૈતન્યરૂપ છે એટલે સર્વ દ્રવ્યોના સામાન્ય-વિશેષ સ્વરૂપને પ્રકાશવાવાળો છે. દયા, દાન, હિંસા આદિની વૃત્તિ ઊપજે તે તારું સ્વરૂપ નથી, તારું રૂપ તો ચૈતન્ય છે. જીવ તે ચેતન છે અને તેનો ગુણ તે ચૈતન્ય છે. આત્મા સ્વભાવવાન અને ચૈતન્ય સ્વભાવ છે. તેની પર્યાયમાં પોતાના અપરાધથી પુણ્ય-પાપના ભાવ થાય છે, તે એનો મૂળ સ્વભાવ નથી પણ ચૈતન્ય તે આત્માનો મૂળ સ્વભાવ છે. જગતના બધા પદાર્થોને સામાન્ય અને વિશેષપણે જાણવા-દેખવાનો તેનો સ્વભાવ છે.

જેવું એમનું સ્વરૂપ હોય તેવું પોતાને પ્રતિભાસે છે એનું જ નામ ચૈતન્ય છે. આત્માનું અને પરનું જેવું સ્વરૂપ છે એવું જ આત્મા જાણે છે. બધા આત્માનો સ્વભાવ ચૈતન્યરૂપ છે. જ્ઞાન પોતાને અને તેની સાથે રહેલા અનંતા ગુણોને અને વર્તમાન પર્યાયમાં થતો વિકાર અને એમાં નિમિત્ત એવા પરપદાર્થને બધાને જેમ છે તેમ યથાર્થ જાણે છે એનું નામ જ ચૈતન્ય છે. એવો આત્માનો સ્વભાવ છે તેનો અનાદિકાળથી એક સેકન્ડમાત્ર પણ ભરોસો કર્યો નથી. હું વાણિયો, પરનું કરવાવાળો, રાગવાળો વગેરે પ્રકારે અજ્ઞાની માને છે પણ પરથી ભિન્ન પોતાનો ચૈતન્ય સ્વભાવ છે, તેને માનતો નથી. એને કહે છે કે આત્માનું સ્વરૂપ રાગના કારણે કે પરના કારણે જણાય એવું નથી પણ તેનો પોતાનો જાણવાનો જ સ્વભાવ છે એનાથી તે જાણે છે.

જેમ લીંબુનો ખાટો, સાકરનો મીઠો, મીઠાનો ખારો, અફીણનો કડવો સ્વભાવ છે તેમ આત્માનો સ્વભાવ ચૈતન્ય છે. અરીસાનો સ્વચ્છ સ્વભાવ છે તેમ આત્માનો સ્વચ્છ સ્વભાવ છે. એમાં પરપદાર્થો પ્રતિભાસે છે એટલે કે પરપદાર્થો પરમાં છે અને આત્મા તેનાથી ભિન્ન છે એમ જ્ઞાનમાં જણાય છે. પરપદાર્થો આત્મામાં પેસી જતા નથી. ભિન્ન રહીને આત્મા જાણે છે. આ એક જ સુખી થવાનો ઉપાય છે. જ્ઞાન સિવાય બીજો સુખી થવાનો ઉપાય નથી. પૈસાથી સુખ માન્યું છે તે જ મહાન દુઃખ છે. લોકોની દૃષ્ટિ સંયોગી છે, તે બહારથી સુખ માને છે. તેને વાસ્તવિક વસ્તુના સ્વભાવની ખબર નથી, તે પરથી લાભ માને છે. અહીં તો કહે છે કે ભગવાન ! તને



આ વળગાડ શેનો લાગુ પડ્યો છે ? તારો સ્વભાવ તો જાણવા-દેખવાનો છે. સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે એમ સમજે અને એવો વિશ્વાસ અંતરમાં બેસે તે જ્ઞાની છે. તે સંસારમાં હોય અને બહારમાં પુણ્યનો ઠાઠ ઘણો હોય છતાં તે પરને પોતાનું માનતો નથી, તે રાગનો કર્તા નથી. અને અજ્ઞાની સાધુ થાય પણ એને ભાન હોતું નથી. નિમિત્તથી લાભ થાય અને પુણ્ય કરતાં કરતાં કલ્યાણ થઈ જાય એવી એની માન્યતા હોય છે તે જીવ આત્મા ચૈતન્ય સ્વભાવી છે એને માનતો નથી.

દ્રવ્ય ત્રિકાળી છે, તેના ગુણો પણ ત્રિકાળી છે અને તેની પર્યાય એક સમયની નવી નવી થાય છે. એનો ભેદ પાડ્યા વિના એટલે કે ભાગલા પાડ્યા વિના પ્રતિભાસ થાય એને દર્શન કહે છે. જુઓ, આ સ્વભાવસંપદાની વાત કરે છે. આવો સ્વભાવ હોવા છતાં થોડું દેખે છે-થોડું જાણે છે અને આ વિકારદશા છે તે શું થઈ રહ્યું છે ? તે તારું સ્વરૂપ નથી એમ કહે છે. દ્રવ્ય શું, ગુણ શું, પર્યાય શું, પર શું, વિકાર શું વગેરેને પૃથક્ પૃથક્ ભેદ પાડીને જાણે છે એનું નામ જ્ઞાન છે. આવો દર્શન-જ્ઞાન સ્વભાવ દરેક આત્માનો છે.

હવે એવા સ્વભાવ વડે તો ત્રિકાળવર્તી સર્વ ગુણપર્યાય સહિત સર્વ પદાર્થોને પ્રત્યક્ષ યુગપત્ સહાય વિના દેખી-જાણી શકે એવી આત્મામાં નિરંતર શક્તિ મોજુદ છે.

અહીં સ્વભાવ વડે કહેલ છે પણ રાગ વડે, પુણ્ય વડે કે પર વડે આત્મા જાણે છે એમ કહેલ નથી. આત્માની તાકાત બધાને જાણવાની છે. એની પ્રતીત જે કરતો નથી તેને અનાદિની સંસારદશા છે. પણ આ સ્વભાવની પ્રતીત આવી તેને પછી સંસારદશા રહેતી નથી. અહીં આત્માની શક્તિનું વર્ણન કરતાં કહે છે કે આ સ્વભાવ વડે બધા પદાર્થોને એક સાથે, પરની સહાય વિના જાણે-દેખે છે છતાં અનાદિથી એનો ભરોસો કરતો નથી માટે સંસારદશા છે.

### કારતક સુદ ૧૦, મંગળવાર, ૨૮-૧૦-૫૨.

આ આત્મા છે, તેની સંસારાવસ્થા કેવી હોય છે, તેની વાત ચાલે છે. એ સંસારદશા દુઃખરૂપ છે એમ કહે છે. જીવનો સ્વભાવ તો બધા પદાર્થોને ગુણ-પર્યાય સહિત જાણવાનો છે છતાં તે વ્યક્ત-પ્રગટ નથી એ જ સંસારદશા છે. પર્યાયમાં અલ્પજ્ઞતા અને વિકાર છે તે મારો સ્વભાવ નથી એમ જાણે તો સંસારદશા રહે નહિ.

## જ્ઞાન-દર્શનાવરણ કર્મોદયજન્ય અવસ્થા

જ્ઞાનાવરણ-દર્શનાવરણનો સંબંધ અનાદિકાળથી છે, જેના નિમિત્તથી એ શક્તિનું વ્યક્તપણું થતું નથી, આત્મા જ્ઞાન-દર્શનરૂપી સૂર્ય છે, એક સમયમાં પરની સહાય વિના બધાને જાણે એવો હોવા છતાં કર્મનિમિત્તના સંબંધે પર્યાયમાં તે શક્તિનું વ્યક્તપણું નથી. કર્મે તે શક્તિને રોકી નથી. કર્મ તો નિમિત્તમાત્ર છે, આત્મા પોતે હીણાપણે પ્રવર્તે છે ત્યારે કર્મને નિમિત્ત કહેવાય છે. આત્મા

સ્વભાવનો સંબંધ જોડતો નથી પણ નિમિત્તનો સંબંધ જોડે છે ત્યારે પર્યાયમાં જ્ઞાન-દર્શનની હીનતા થાય છે. જ્ઞાનાવરણકર્મના ઉદયનો અને આત્માની પર્યાયમાં જ્ઞાનની હીનતાનો સમકાળ છે. તેથી જ્ઞાનાવરણના નિમિત્તે જ્ઞાનની પર્યાય વ્યક્ત થતી નથી એમ કહેલ છે.

કર્મની પર્યાયનો આત્માની જ્ઞાનપર્યાયમાં અત્યંત અભાવ છે તેથી તે જ્ઞાનને કેમ રોકે ? પણ આત્મા પરના લક્ષે શક્તિની વ્યક્તિ કરતો નથી ત્યારે કર્મ નિમિત્ત છે અને આત્મામાં જ્યારે અંશે જાણવાનો ઉઘાડ પોતાની યોગ્યતાના કારણે થાય છે ત્યારે જ્ઞાનાવરણીયકર્મનો પણ ક્ષયોપશમ હોય છે, ત્યારે મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન હોય છે. આત્મા પોતે કર્મને પરાધીન થાય છે ત્યારે જીવની પર્યાયમાં અલ્પ વ્યક્તતા ભાસે છે, પૂર્ણ વ્યક્તતા થતી નથી. કર્મના કારણે પૂર્ણ પર્યાય થતી નથી એમ નથી, કોઈ વેળા તેને અવધિજ્ઞાન હોય છે.

આ રીતે જ્ઞાનની પ્રવૃત્તિની વાત કરી. હવે દર્શનની પ્રવૃત્તિ કેવી હોય છે તે કહે છે.

ત્યાં કોઈ વેળા ચક્ષુદર્શન અને કોઈ વેળા અચક્ષુદર્શન હોય છે અને સમ્યગ્દષ્ટિને કોઈ વેળા અવધિદર્શન પણ હોય છે. આત્મા પોતે પોતાની કમજોરીથી-નબળાઈથી હીણો પરિણમે છે. તે જ પરાધીન પ્રવૃત્તિ છે. કોઈ કર્મે પરાધીનતા કરાવી છે -એમ નથી. કેમ કે પર્યાય સ્વયંસિદ્ધ સ્વતંત્ર સત્ છે, એનું સત્પણું પરના કારણે નથી. વળી તે પર્યાયમાં પર પર્યાયનો અભાવ છે. હવે મતિ-શ્રુતજ્ઞાનની પરાધીનતા વર્ણવે છે.

## મતિ, શ્રુત અને અવધિજ્ઞાનની પરાધીન પ્રવૃત્તિ

પ્રથમ તો શરીરના અંગભૂત જ જીભ, નાસિકા, નેત્ર, કાન અને સ્પર્શન -એ પાંચ દ્રવ્ય ઈંદ્રિય તથા હૃદયસ્થાનમાં આઠ પાંખડીના ફૂલ્યા કમળના આકારવાળું દ્રવ્યમન એ બન્નેની સહાયતા વડે મતિજ્ઞાન જાણી શકે છે, એ નિમિત્તનું કથન છે. ખરેખર તો પાંચ ઈંદ્રિયો જડ છે, તે આત્મા નથી અને દ્રવ્યમન પણ જડ છે. આત્મા વિચારે છે તેમાં તે નિમિત્તમાત્ર છે. તે ઈંદ્રિય તથા મન કાંઈ જાણતા નથી, એનામાં જ્ઞાન નથી. એ કદી ભવિષ્યમાં જાણશે પણ નહિ. તેની સહાયતા વડે આત્મા જાણે છે એનો અર્થ એવો છે કે આત્મા જાણે છે એમાં તે નિમિત્ત છે. આત્મામાં મતિજ્ઞાન થાય છે તે નિમિત્તના અવલંબને થાય છે એવી તેની યોગ્યતા છે તેથી ઈંદ્રિય અને મનની સહાયતાથી થાય છે એમ કહેલ છે.

જેમ મંદ દષ્ટિવાળો મનુષ્ય પોતાના નેત્ર વડે જ દેખે છે, પરંતુ ચશ્મા આપીએ તો દેખે પણ ચશ્મા વિના દેખી શકતો નથી તેમ આત્માનું જ્ઞાન મંદ છે, હવે તે પોતાના જ્ઞાન વડે જ જાણે છે. પરંતુ દ્રવ્યઈંદ્રિય અથવા મનનો સંબંધ થતાં જ જાણી શકે છે, એ વિના નહિ. ચક્ષુ દેખે છે તે ઉપાદાન છે ને ચશ્માનું નિમિત્ત છે, એટલું કહેવું છે; તેમ ખરેખર તો જ્ઞાન પોતાનું મંદ



છે તે પરાધીનતા છે. ક્ષયોપશમજ્ઞાનની લાયકાત એવી છે કે પાંચ ઈંદ્રિય અને મનનું નિમિત્ત હોય તો જાણે છે પણ નિમિત્તના કારણે જાણે છે એમ નથી.

વળી નેત્ર તો જેવા ને તેવા જ હોય પરંતુ ચશ્માની અંદર કાંઈ દોષ હોય તો દેખી શકે નહિ, થોડું દેખે વા અન્યથા દેખે, તેમ ક્ષયોપશમ તો જેવો ને તેવો હોય પરંતુ દ્રવ્યઈંદ્રિય અથવા મનના પરમાણુ અન્યથા પરિણમ્યા હોય તો તે જાણી શકે નહિ. મંદ દષ્ટિવાળાને આંખો તો સારી હોય પણ ચશ્મા દોષવાળા હોય તો દેખતો નથી એવી આંખોની પણ યોગ્યતા છે. તેવી રીતે આત્માનો ઉઘાડ તો એવો ને એવો હોય પણ પાંચ ઈંદ્રિયો તથા મન બીજી રીતે પરિણમ્યા હોય તો તે જાણી શકતો નથી. એવી યોગ્યતા અને પરાધીનદશા આત્માની છે એમ અહીં કહેવા માગે છે.

બૌદ્ધનો મત એવો છે કે જ્ઞેય પ્રમાણે જ્ઞાન થાય છે. હવે જૈનમાં રહીને પણ કોઈ કહે કે જ્ઞેયના કારણે જ્ઞાન થાય છે તો તે પણ બૌદ્ધ જ છે. ખરેખર તો પોતાના ક્ષયોપશમના કારણે જ જાણે છે. બૌદ્ધ મતવાળા પરથી જ્ઞાન થાય છે એમ માને છે અને જૈન મિથ્યાદષ્ટિ નિમિત્ત આવે તો જ્ઞાન થાય છે એમ માને છે તે બૌદ્ધ જ છે.

હવે કહે છે કે દ્રવ્યઈંદ્રિય અથવા મનરૂપ પરમાણુઓના પરિણમનને તથા મતિજ્ઞાનને પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એટલે કે ઈંદ્રિયોને લઈને આત્મા જાણતો નથી પણ ઈંદ્રિયોને અને જ્ઞાનની પર્યાયને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એક સમયમાં હોય છે, આગળ-પાછળ હોતો નથી. જ્ઞાનની પરાધીનતા જણાવવી છે માટે દ્રવ્યઈંદ્રિય અથવા મનના પરમાણુઓના પરિણમન અનુસાર જ્ઞાનનું પણ પરિણમન થાય છે -એમ કહ્યું છે.

જેમ મનુષ્યાદિને બાળ-વૃદ્ધ અવસ્થામાં જો દ્રવ્યઈંદ્રિય અથવા મન શિથિલ હોય તો જાણપણું શિથિલ હોય છે. બાળપણામાં કે વૃદ્ધાવસ્થામાં ઈંદ્રિયોનું શિથિલપણું છે માટે જ્ઞાનનું હીણાપણું છે -એમ નથી. પણ જ્ઞાનના હીણાપણાને અને ઈંદ્રિયોના શિથિલપણાને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. પરના કારણે જ્ઞાનની અવસ્થા નથી પણ પોતાની યોગ્યતાથી છે -એ વાત લોકોને કઠણ પડે છે-આણુબોમ્બ પડ્યો હોય એમ લાગે છે. પણ હવે લોકો સમજતા થયા છે કે નિમિત્તના કારણે અવસ્થા નથી. વળી શીત, વાયુ આદિના નિમિત્તથી સ્પર્શનાદિ ઈંદ્રિયોના અથવા મનના પરમાણુ અન્યથા હોય તો જાણપણું ન થાય, થોડું થાય અથવા અન્યથા પણ થાય. જીભમાં રોગ થાય ત્યારે સ્વાદને જાણવાની લાયકાત હોતી નથી -એવો પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એવી પરાધીનતા અનાદિકાળથી પર્યાયમાં વર્તે છે. જ્ઞાનનો પર્યાય પરાધીન થઈ રહ્યો છે, છતાં બહારમાં સ્વતંત્ર થયો છું એમ અજ્ઞાની માને છે. ખરેખર તો સ્વભાવના અવલંબને પર્યાય પૂર્ણ કામ કરે તે સ્વંત્રતા છે.

જ્ઞાન-દર્શન ગુણ આત્માનો છે અને પર્યાય પણ આત્માની છે. છતાં તે પર્યાય પરના અવલંબને

વર્તે છે એ પરાધીનદશા છે એમ નક્કી કર, અને સ્વભાવના આશ્રયે પર્યાયને પ્રગટ કર તો સ્વાધીન દશા પ્રગટ થાય છે.

પંડિત બનારસીદાસજી કહે છે કે :

**चेतनरूप अनूप अमूरत,**
**सिद्धसमान सदा पद मेरौ ।**
**मोह महातम आतम अंग,**
**कियौ परसंग महा तम घेरौ ॥**
**ग्यानकला उपजी अब मोहि,**
**कहौं गुन नाटक आगमकेरौ ।**
**जासु प्रसाद सधै शिवमारग,**
**वेगि मिटै भववास वसेरौ ॥ ११ ॥**

આત્માની શક્તિ તો સિદ્ધ સમાન છે પણ આત્માને ભૂલીને મેં પરનો સંગ કર્યો છે. અહો! ચૈતન્ય સ્વયંસિદ્ધ સ્વતંત્ર છે એના આશ્રયે પર્યાય ઊઘડ્યો તેથી હવે હું સમયસાર નાટક કહીશ- સ્વભાવના આશ્રયે પરિપૂર્ણ દશાને હું પ્રગટ કરીશ એમ કહે છે.

ઈંદ્રિય અને મન સાથે મતિજ્ઞાનની પર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધની વાત કરી. હવે બાહ્ય પદાર્થોની સાથે પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કેવો છે તે કહે છે.

વળી એ જ્ઞાનને તથા બાહ્ય દ્રવ્યોને પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જેમ અંધકારના પરમાણુ, ફુલા આદિના પરમાણુ અથવા તો પાષાણાદિના પરમાણુ આડા આવી જાય તો નેત્ર ઈંદ્રિય દેખી શકે નહિ. લાલ કાચ આડો આવે તો લાલ દેખાય અને લીલો કાચ આડો આવે તો લીલું દેખાય છે. વળી દુરબીન, ચશ્મા વગેરે આડા આવે તો ઘણું દેખાય છે અને પ્રકાશ, જળ, કાચ આદિના પરમાણુ આડા આવે તો કાંઈનું કાંઈ દેખાય છે. એ પ્રમાણે અન્ય દ્રવ્યો, દ્રવ્યઈંદ્રિયો અને મનને યથાસંભવ નિમિત્ત-નૈમિત્તિકપણું જાણવું.

અંધારા વખતે જાણી શકે નહિ એવી જ્ઞાનની પરાધીનતા છે. વળી લાલ કાચ આવે તો તે વખતે જ્ઞાનની યોગ્યતા લાલ દેખવાની છે. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એમ ન માને અને લાલ કાચના કારણે લાલ જાણે છે એમ માને તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ન માનતા કર્તા-કર્મ સંબંધ માન્યો ગણાય, પણ પરની સાથે કર્તા-કર્મ સંબંધ નથી. નિમિત્ત આવ્યું માટે જ્ઞાન થયું છે એમ અજ્ઞાની માને છે. જે સ્વતંત્ર પર્યાયને માનતો નથી તેને સ્વતંત્ર દ્રવ્ય છે એવી દૃષ્ટિ ત્રણ કાળમાં થાય નહિ અને દ્રવ્યદૃષ્ટિ થાય નહિ એને સમ્યગ્દર્શન પણ થાય નહિ.



દુરબીન અને ચશ્મા હોય છે ત્યારે જ્ઞાન વિશેષ જાણે છે પણ ખરેખર તો તે ક્ષયોપશમની જ એવી લાયકાત છે અને પાણીમાં કે કાચમાં બીજા પ્રકારે દેખાય છે. કાચમાં આડી હાંસ હોય એમાં જુએ તો મોઢું બીજા પ્રકારે દેખાય છે તે કાચના કારણે નથી પણ ક્ષયોપશમજ્ઞાનની લાયકાત જ એવી છે, એમાં કાચ નિમિત્તમાત્ર છે. ઉપાદાન નિમિત્તને ખેંચે છે એમ નથી પણ નિમિત્ત નિમિત્તના કારણે હોય છે માટે જ્યાં જ્યાં જ્ઞાનની પર્યાય થાય છે ત્યાં ત્યાં તેવું નિમિત્ત હોય છે એમ સમજવું. વર્તમાન જ્ઞાનની પરાધીનદશા છે આમ જાણીને આત્માનો સ્વભાવ સ્વતંત્રપણે પૂર્ણ જાણવાનો છે એની દૃષ્ટિ કરવી તે આનો સાર છે. અનાદિથી સ્વભાવનો સંબંધ કર્યો નથી અને નિમિત્તનો સંબંધ કર્યો છે માટે મોક્ષ થયો નથી -એ વાત અહીં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જણાવીને કહે છે.

**કારતક સુદ ૧૧, બુધવાર, ૨૯-૧૦-૫૨.**

આજે સવારે નિયમસાર કળશની સ્વાધ્યાય થઈ હતી.

**કારતક સુદ ૧૨, ગુરુવાર, ૩૦-૧૦-૫૨.**

આજે સવારે શ્રી નિયમસાર કળશની સ્વાધ્યાય થઈ હતી.

**કારતક સુદ ૧૪, શુક્રવાર, ૩૧-૧૦-૫૨.**

આજે સવારે શ્રી સમયસાર કળશની સ્વાધ્યાય થઈ હતી.

**કારતક સુદ ૧૫, શનિવાર, ૧-૧૧-૫૨.**

આજે સવારે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની સ્વાધ્યાય થઈ હતી.

**કારતક વદ ૧, રવિવાર, ૨-૧૧-૫૨.**

સંસારદશામાં આત્મા પરાધીનપણે પરિભ્રમણ કરી રહ્યો છે એનું આ અધિકારમાં જ્ઞાન કરાવે છે. સંસારદશા તે આત્માની વિકારી અને હીણી પર્યાય છે. આત્માનો સ્વભાવ તો પ્રત્યક્ષ યુગપત્ સહાય વિના એક સમયમાં ત્રણકાળ અને ત્રણલોકને જાણે એવો છે. છતાં અનાદિ કર્મનિમિત્તે પરાધીન વર્તી રહ્યો છે. એમાં મતિજ્ઞાનની પરાધીનતાની વાત ચાલે છે.

મતિજ્ઞાનનો પર્યાય તો આત્માનો છે. પણ બાહ્ય નિમિત્તો અનેક પ્રકારના હોય તેવું અનેક પ્રકારે પરાધીનતાથી જાણે છે. દુરબીન, કાચ આદિ આવે તો વધારે દેખવાનું થાય છે અને લીલો કાચ આવે તો લીલું જાણે છે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. વળી મંત્રાદિના પ્રયોગથી, મદિરાદિના પાનથી અથવા ભૂતાદિના નિમિત્તથી જાણવું થતું નથી, થોડું જાણવું થાય છે અથવા તો અન્યથા જાણવું પણ થાય છે. આ પ્રમાણે મતિજ્ઞાન બાહ્ય દ્રવ્યને આધીન થઈને પ્રવર્તે છે. અહીં મદિરાને

લઈને ગાંડો થાય છે એમ કહ્યું નથી પણ મતિજ્ઞાનનો પર્યાય પોતાની યોગ્યતાના કારણે એવો પરાધીન હોય છે એમ કહેવું છે. આ આત્માનો રોગ છે. નિમિત્ત દૃષ્ટિવાળા આ લખાણમાંથી પરના કારણે જ્ઞાનની અવસ્થા થાય છે એમ માને છે પણ એમ છે નહિ. પરાધીન થવાની જ્ઞાનની પોતાની લાયકાત છે એમાં પરપદાર્થો નિમિત્તમાત્ર છે.

વળી એ મતિજ્ઞાન વડે જે જાણવું થાય છે તે પણ અસ્પષ્ટ હોય છે. જેમ દૂરથી કેવું જાણે, નજીકથી કેવું જાણે, તત્કાળ કેવું જાણે, ઘણા વખતે કેવું જાણે. કોઈ પદાર્થને સંશયરૂપ જાણે, કોઈને અન્યથા પ્રકારે જાણે તથા કોઈને કિંચિત્‌માત્ર જાણે -એ રીતે અનેક પ્રકારે નિર્મળ જાણવાનું બનતું નથી એમ એ મતિજ્ઞાન પરાધીનતાપૂર્વક ઈંદ્રિય તથા મન દ્વારા પ્રવર્તે છે.

જ્ઞાનની પર્યાય પોતાની હોવા છતાં કોઈ વખતે સંશયથી જાણે છે, કોઈ વખતે માણસ સૂતો હોય તો કાળા વાળ દેખીને મચ્છરનો ઢગલો લાગે તેવું વિપરીત પણ જાણે છે -એમ અનેક પ્રકારથી મતિજ્ઞાન સ્પષ્ટ જાણતું નથી. આ રીતે અનાદિથી મતિજ્ઞાન નિમિત્ત દ્વારા એટલે પોતાની યોગ્યતાથી પ્રવર્તે છે. ત્યાં ઈંદ્રિયો વડે બધા ક્ષેત્રને ન જાણતો થોડા ક્ષેત્રને અને તેમાં પણ પોતાની યોગ્યતા પ્રમાણે અને તેમાં પણ વર્તમાનને અને તેમાં સ્થૂલ સ્કંધને જાણે, અને તેમાં પણ જુદી જુદી ઈંદ્રિયો વડે અને જુદા જુદા કાળમાં કોઈ સ્કંધોને જાણવાનું થાય છે. એક સાથે અને બધાને જાણતો નથી એવી આત્માની પરાધીનતા છે. સ્વાધીનતાનું ભાન નથી એટલે આ પરાધીનતાનો પણ એને યથાર્થ ખ્યાલ આવતો નથી. આ રીતે ઈંદ્રિયોને આધીન મતિજ્ઞાન પ્રવર્તે છે તે વાત કરી.

હવે મન વડે જ્ઞાન પ્રવર્તે છે તે કહે છે. મનના નિમિત્તે જે મતિજ્ઞાન થાય છે તે પોતાને જાણવાયોગ્ય કિંચિત્‌માત્ર ત્રિકાળ સંબંધી, દૂર વા સમીપ ક્ષેત્રવર્તી, રૂપી-અરૂપી, દ્રવ્ય વા પર્યાયને અત્યંત અસ્પષ્ટ જાણે છે માટે તે જ્ઞાન પરાધીન છે. આ લોટ હતો, અત્યારે ગોરાણું છે ને હવે એની રોટલી થશે એમ મન વડે ભૂત અને ભવિષ્યને ભેળવીને કિંચિત્ જાણે છે. રોટલો ખાઈશ તો ભૂખ મટશે એમ વર્તમાનમાં થોડું જાણે છે અને કોઈ પદાર્થ દૂર હોય કે નજીક હોય અથવા રૂપી હોય કે અરૂપી હોય તેને મન વડે જાણે છે. હું આત્મા છું, મારી પર્યાય બાળકની હતી, વળી વૃદ્ધાવસ્થામાં દેહ છૂટી જશે એમ દ્રવ્ય-પર્યાયને મન દ્વારા જાણે છે. આ પરાધીનતા છે. મનથી અસ્પષ્ટ અને કિંચિત્ જાણે, પહેલાં ઈંદ્રિયો વડે જાણ્યું હોય અથવા અનુમાન કર્યું હોય એને જાણે. વળી ઠુંઠું હોય એને માણસ જાણે, તેમ અસત્‌ને પણ જાણે-સ્વપ્નમાં પદાર્થો જેવા નથી એવા કલ્પનાથી માને છે. એ પ્રમાણે મન વડે જાણવું થાય છે. એ ઈંદ્રિયો તથા મન દ્વારા જે જ્ઞાન થાય છે તેનું નામ મતિજ્ઞાન છે.

મતિજ્ઞાનની સામાન્ય વાત કરી, એમાં હવે વિશેષ વાત કરે છે. પૃથ્વી, જળ, અગ્નિ, પવન અને વનસ્પતિરૂપ એકેંદ્રિયોને માત્ર સ્પર્શાદિનું જ જ્ઞાન હોય છે. ત્રણકાળ ત્રણલોકને જાણનારો



આત્મા તે માત્ર સ્પર્શને જ જાણે તે એકલી પરાધીનતા જ છે. વળી બેઈંદ્રિય - લટ, શંખ આદિ જીવોને સ્પર્શ અને રસનું જ્ઞાન છે, કીડી-મકોડા આદિ તેઈંદ્રિય જીવોને સ્પર્શ, રસ અને ગંધનું જ્ઞાન છે; ભમરો, માખી અને પતંગાદિક ચૌરેંદ્રિય જીવોને સ્પર્શ, રસ, ગંધ અને વર્ણનું જ્ઞાન છે. તથા મચ્છ, ગાય, કબૂતર આદિ તિર્યંચ તથા મનુષ્ય, દેવ, નારકી આદિ પંચેંદ્રિય જીવોને સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દનું જ્ઞાન છે. વળી તિર્યંચોમાં કોઈ સંજ્ઞી છે તથા કોઈ અસંજ્ઞી છે, તેમાં સંજ્ઞીને તો મનજનિત જ્ઞાન હોય છે પણ અસંજ્ઞીઓને નહિ તથા મનુષ્ય, દેવ અને નારકી જીવો સંજ્ઞી છે, તે સર્વને મનજનિત જ્ઞાન હોય છે. શ્વેતામ્બરમાં નારકીના અપર્યાપ્તમાં સંજ્ઞીપણું માનતા નથી. પણ અહીં તો કહે છે કે નારકીને ત્યાં પણ સંજ્ઞીપણું છે. એક તિર્યંચમાં જ સંજ્ઞી-અસંજ્ઞીપણું છે. આ બધાને મનજનિત જ્ઞાન હોય છે. એવી મતિજ્ઞાનની પરાધીનતા છે. જ્યારે મતિજ્ઞાનની આટલી પરાધીનતા છે તો પછી બાહ્ય વસ્તુને આધીન થઈને જીવ વર્તે છે તેની તો શું વાત કરવી? એટલે કે એ તો પરાધીનતા છે જ.

આ ચીજ મને સુખરૂપ છે અને આ ચીજ મને દુઃખરૂપ છે એવી કલ્પનાથી જીવ અનાદિથી દુઃખી થઈ રહ્યો છે -એ જ પરાધીનતા છે. આ રીતે મતિજ્ઞાનની વાત પૂરી થઈ. હવે શ્રુતજ્ઞાનની વાત કરે છે.

શ્રુત એટલે શાસ્ત્રની વાત નથી, પણ આત્માની જ્ઞાનપર્યાયની વાત છે. મતિજ્ઞાન વડે જે અર્થને જાણ્યો હોય તેના સંબંધથી અન્ય અર્થને જે વડે જાણીએ તે શ્રુતજ્ઞાન છે. પહેલા મતિજ્ઞાનથી જાણ્યું હોય, પછી શ્રુતજ્ઞાન હોય છે. તે બે પ્રકારનું હોય છે. અક્ષરાત્મક તથા અનક્ષરાત્મક. ત્યાં જેમ ઘટ શબ્દ સાંભળ્યો કે ઘટને દેખ્યો એમાં ઘટ શબ્દનું જ્ઞાન તે મતિજ્ઞાન છે અને ઘટ પદાર્થનું જ્ઞાન તે શ્રુતજ્ઞાન છે. એ તો અક્ષરાત્મક શ્રુતજ્ઞાન છે.

વળી જેમ સ્પર્શ વડે ઠંડકનું જાણવું થયું તે તો મતિજ્ઞાન છે અને તેના સંબંધથી ''આ હિતકારી નથી, અહીંથી ચાલ્યા જવું'' ઇત્યાદિ જ્ઞાન થયું તે અનક્ષરાત્મક શ્રુતજ્ઞાન છે, એ પ્રમાણે અન્ય પણ સમજવું. પાણી ઠંડું છે એમ જાણ્યું તે મતિજ્ઞાનનો પર્યાય છે. પાણી ઠંડું છે માટે જ્ઞાન થયું છે એમ નથી પણ મતિજ્ઞાનનો પર્યાય થયો એમાં નિમિત્ત કેવું છે અને પરાધીનતા કેવી છે ? એ જણાવે છે. પાણી ઠંડું છે એમ જ્ઞાન થયા પછી તે ઠંડું હિતકારી નથી અને તેથી મારે ચાલ્યા જવું એ શ્રુતજ્ઞાન છે. હવા-પાણી સારા નથી માટે અહીં રહેવું ઠીક નથી એવા જ્ઞાનને શ્રુતજ્ઞાન કહે છે. આવું જ્ઞાન કરે માટે ચાલ્યા જવાની ક્રિયા થાય છે એમ નથી. વીંછીનો કરડ થયો તેનું જ્ઞાન થયું તે મતિજ્ઞાન છે અને આ અહિતકરી છે એમ જાણ્યું તે શ્રુતજ્ઞાન છે. એ પ્રમાણે અન્ય પણ સમજવું.

હવે એકેંદ્રિયાદિ અસંજ્ઞી જીવોને તો અનક્ષરાત્મક જ શ્રુતજ્ઞાન હોય છે તથા બાકીના સંજ્ઞી

પંચેંદ્રિય જીવોને બન્ને જ્ઞાન હોય છે. હવે એ શ્રુતજ્ઞાન પણ અનેક પ્રકારથી પરાધીન જે મતિજ્ઞાન તેને આધીન હોય છે અથવા અન્ય અનેક કારણોને આધીન હોય છે તેથી તે મહાપરાધીન છે એમ જાણવું. શ્રુતજ્ઞાનની પરાધીનતા બતાવતાં મતિજ્ઞાનને આધીન તે જ્ઞાન છે એમ કહેલ છે, અને બીજી પણ પરાધીનતા ઘણી કહી તેથી મહાપરાધીન આ જ્ઞાન છે એમ કહેલ છે. પરની ક્રિયા તો આત્માના વિકલ્પ પ્રમાણે થતી નથી પણ આત્માની પર્યાય મતિ-શ્રુતની થાય છે તે પણ સ્વાધીન નથી પણ પરાધીન છે.

હવે અવધિજ્ઞાનની પરાધીનતાની વાત કરે છે. પોતાની મર્યાદા અનુસાર ક્ષેત્ર-કાળની પ્રમાણતાપૂર્વક રૂપી પદાર્થોને જે વડે સ્પષ્ટપણે જાણવામાં આવે તે અવધિજ્ઞાન છે. એ જ્ઞાન દેવો અને નારકીઓમાં સર્વને હોય છે તથા સંજ્ઞી પંચેંદ્રિય તિર્યંચ તથા મનુષ્યોમાં પણ કોઈ કોઈને હોય છે અને અસંજ્ઞી સુધીના જીવોને તો આ જ્ઞાન હોતું જ નથી.

આ જ્ઞાન પણ શરીરાદિ પુદ્ગલોને આધીન છે. તેના ત્રણ ભેદ છે. દેશાવધિ, પરમાવધિ અને સર્વાવધિ. એમાં થોડા કાળની મર્યાદાપૂર્વક કિંચિત્‌માત્ર રૂપી પદાર્થને જાણવાવાળું દેશાવધિજ્ઞાન છે. તે કોઈક જીવોને હોય છે તથા પરમાવધિ અને સર્વાવધિ તો મુનિને જ હોય છે. આ ત્રણે જ્ઞાન મોક્ષમાર્ગમાં એટલે સમ્યગ્દષ્ટિને જ હોય છે. કેવળજ્ઞાન મોક્ષસ્વરૂપ છે તેથી આ અનાદિ સંસાર અવસ્થામાં તેનો સદ્‌ભાવ જ નથી એટલે તે જ્ઞાનની અહીં વાત નથી. આ પ્રમાણે જ્ઞાનની પ્રવૃત્તિ જાણવી.

## ચક્ષુ-અચક્ષુદર્શનની પ્રવૃત્તિ

જુઓ, જેમ વૈદ્ય રોગ બતાવે તેમ અહીં જ્ઞાન-દર્શનની પ્રવૃત્તિ પરાધીન છે તે રોગ છે એમ બતાવે છે. જ્ઞાનની વાત થઈ ગઈ. હવે દર્શનમાં ચક્ષુ-અચક્ષુદર્શનની પ્રવૃત્તિ પરાધીન છે તે કહે છે. ઈંદ્રિય અથવા મનના સ્પર્શાદિ વિષયોનો સંબંધ થતાં પ્રથમ કાળમાં, મતિજ્ઞાન થવા પહેલાં જે સત્તામાત્ર અવલોકનરૂપ પ્રતિભાસ થાય છે તેને દર્શનઉપયોગ કહે છે. ત્યાં નેત્ર વડે જે દર્શન થાય તે ચક્ષુદર્શન છે. બાકીની ચાર ઈંદ્રિય અને મન વડે જે દર્શન થાય તે અચક્ષુદર્શન છે. મતિજ્ઞાન થવા પહેલાં ભેદ પાડ્યા વિના અંતરમાં ચક્ષુ-અચક્ષુનો વ્યાપાર થાય છે એ દર્શનઉપયોગ છે. ચક્ષુ દ્વારા મતિજ્ઞાન થાય છે તે પહેલાંનો ભેદ પાડ્યા વિનાનો અંદર દર્શનવ્યાપાર છે તે ચક્ષુદર્શન છે અને ચક્ષુ સિવાયની બીજી ઈંદ્રિયો વડે સ્પર્શાદિનું મતિજ્ઞાન થાય તે પહેલાં સામાન્ય સત્તામાત્ર અવલોકન થવું તે અચક્ષુદર્શન છે. ગોળ પદાર્થનો સંબંધ થાય અને તેનું મતિજ્ઞાન થાય તે જ્ઞાન થવા પહેલાં અંતરવેપાર તે દર્શન છે. તે ચક્ષુ-અચક્ષુદર્શનમાં પરાધીનતા છે. તે પર્યાય જીવની છે, તેનું જ્ઞાન કરવું જોઈએ.

ઘણાં પ્રકારના રોગ તો ઘણાં પ્રકારથી એને સમજાવવામાં આવે છે. તેમ અહીં જ્ઞાન અને




દર્શનમાં ઘણાં પ્રકારથી પરાધીનતા છે તે બતાવે છે. આંખ જેમાં નિમિત્ત છે એવું જ્ઞાન થવા પહેલા દર્શનઉપયોગ થાય છે. તે ચક્ષુદર્શન છે. આ રાતું છે, આ કાળું છે એમ ચક્ષુ વડે જે દેખાય છે તે તો મતિજ્ઞાન છે, તે ચક્ષુદર્શન નથી. પણ તે મતિજ્ઞાન થવા પહેલાં સામાન્ય અવલોકનરૂપ વેપાર થાય છે તે ચક્ષુદર્શન છે. ચક્ષુદર્શન ચૌરેંદ્રિય અને પંચેંદ્રિય જીવોને જ હોય છે. ચાર ઈંદ્રિયો અને મન દ્વારા જે દર્શન થાય છે તે અચક્ષુદર્શન છે. તે નિમિત્ત છે માટે અચક્ષુદર્શન થાય છે -એમ નથી પણ મતિજ્ઞાનમાં ચાર ઈંદ્રિય અને મન નિમિત્ત છે. તે મતિજ્ઞાન થવા પહેલાં - ભેદ પાડ્યા વિના જે સામાન્ય અવલોકનરૂપી વેપાર થાય છે તે અચક્ષુદર્શન છે. આ ચક્ષુદર્શન અને અચક્ષુદર્શનનો ઉપયોગ સંસારદશામાં પરાધીનપણે થઈ રહ્યો છે એનું જ્ઞાન કરાવે છે એમ જાણીને પર્યાયબુદ્ધિ છોડીને સ્વભાવદષ્ટિ કર -એમ કહેવાનું તાત્પર્ય છે.

**કારતક વદ ૨, સોમવાર, ૩-૧૧-૫૨.**

આ સંસારદશાનું વર્ણન છે. સંસારદશા પરાધીન છે તે આત્માનું ખરું સ્વરૂપ નથી. શરીર, કર્મ, મન, વાણી જડ છે તેને સંસાર નથી. સંસાર આત્માની વિકારીદશા છે. જેને સંસારદશાની પણ ખબર નથી તે કેવી રીતે ધર્મ કરે ? સંસાર તે આત્માની પરાધીનદશા છે તેમાં કર્મનું નિમિત્તપણું છે. જીવને અનાદિથી સંસારનો રોગ પર્યાયમાં લાગુ પડ્યો છે પણ જેને રોગ લાગ્યો હોય તે ઉપચાર કરે. આત્મા અરૂપી ચૈતન્યસ્વભાવી છે, તેની પર્યાયમાં વિકાર છે તેને રોગ કહે છે. આત્મા જાણનાર છે, શરીરાદિનું કરે તે આત્માનો સ્વભાવ નથી. શરીરાદિ જડ છે તેનું આત્મા કાંઈ કરે નહિ ને શરીર આત્માનું કાંઈ કરે નહિ પણ એવું ભાન નથી તેથી આત્મા પોતાના અજ્ઞાનના કારણે પરાધીનદશા ભોગવી રહ્યો છે તે સંસાર છે.

લોકો તત્ત્વજ્ઞાન કર્યા વિના ધર્મ કરવો છે એમ માની બેઠા છે. સર્વજ્ઞ શું કહે છે તેની લોકોને ખબર નથી. આત્માનું મૂળ સ્વરૂપ ત્રણકાળના પદાર્થોને જાણવા-દેખવાનું છે, પણ અનાદિથી પરને વશ થયેલો હોવાથી પોતાની જ્ઞાન ને દર્શનની પર્યાય હીણી થઈ રહી છે. અહીં ચક્ષુદર્શન વગેરેની વાત ચાલે છે. આત્મામાં દર્શનગુણ ત્રિકાળ છે, તેની પર્યાયમાં ચક્ષુદર્શન અથવા અચક્ષુદર્શનની અવસ્થા થઈ રહી છે. અલ્પજ્ઞને ખબર ન પડે કે આ દર્શનનો વ્યાપાર થઈ રહેલ છે. આ દર્શન થયું તેમ જ્ઞાન જાણે છે. છદ્મસ્થ તેની પ્રતીત કરી શકે છે. સર્વજ્ઞને જ્ઞાન ને દર્શનઉપયોગ એક સાથે હોય છે. કેવળી ભગવાનના દર્શનઉપયોગને પણ કેવળજ્ઞાન જાણે છે. તેમનું કેવળદર્શન પણ પોતાને પૃથક્ કરીને દેખતું નથી. સામાન્ય - ભેદ પાડ્યા વિના બધું દેખે તે કેવળદર્શન છે પણ તેની વાત અહીં નથી. અહીં છદ્મસ્થ જ્ઞાની તથા અજ્ઞાનીના દર્શનઉપયોગની વાત છે. છદ્મસ્થને દર્શનનું કાર્ય થાય છે પણ છદ્મસ્થ દર્શનને પકડી શકે નહિ. તે દર્શનની પ્રતીતિ કરી શકે કે જ્ઞાન થતાં પહેલાં દર્શન ઉપયોગ હોય છે. પણ આ દર્શનઉપયોગ છે એમ તે જ વખતે છદ્મસ્થ જાણી

શકતો નથી. દર્શનઉપયોગ થઈ ગયો એમ જ્યારે છદ્મસ્થ જાણે છે ત્યારે છદ્મસ્થને જ્ઞાનઉપયોગ હોય છે.

જીવનો સ્વભાવ પૂરેપૂરું જાણવા-દેખવાનો છે, ઓછું જાણવું-દેખવું તે પણ તેનો સ્વભાવ નથી, તો પછી દેશ, કુટુંબ, બૈરાં, છોકરાં, શરીરાદિનું કરી દે એવો તો તેનો સ્વભાવ છે જ નહિ. જડની અવસ્થા જડથી જ થાય છે. અહીં કહે છે કે અલ્પદર્શનની અવસ્થા તારું ખરું સ્વરૂપ નથી. પૂર્ણ જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ આદરણીય છે એમ પ્રતીતિ કર.

અહીં અચક્ષુદર્શનની વાત ચાલે છે. ચક્ષુ સિવાય ચાર ઈંદ્રિયો તથા મન દ્વારા, જ્ઞાન થતાં પહેલા, સામાન્ય અવલોકનમાત્ર વ્યાપારને અચક્ષુદર્શન કહે છે. તે યથાયોગ્ય એકેંદ્રિયાદિક જીવોને હોય છે.

‘‘વળી અવધિને વિષયોનો સંબંધ થતાં અવધિજ્ઞાન પહેલાં જે સત્તામાત્ર અવલોકનરૂપ પ્રતિભાસ થાય છે તેનું નામ અવધિદર્શન છે.’’

અવધિજ્ઞાન થતાં પહેલાં અવધિદર્શન થાય છે. સ્વર્ગ-નરકાદિનું જ્ઞાન થતાં પહેલાં સામાન્ય અવલોકનરૂપ વ્યાપાર થાય તેને અવધિદર્શન કહે છે. સ્વર્ગમાં ઈંદ્ર ઉપયોગ મૂકે ને ખ્યાલ આવે કે સીમંધર ભગવાન મહાવિદેહમાં બિરાજે છે; તે અવધિજ્ઞાન છે. તે અવધિજ્ઞાન થતાં પહેલાં સામાન્ય અવલોકનરૂપ વ્યાપાર તે અવધિદર્શન છે. તેમાં ભેદપૂર્વક જાણવું હોતું નથી. જેને અવધિજ્ઞાન હોય તેને જ આ અવધિદર્શન હોય છે. -એ ચક્ષુ, અચક્ષુ અને અવધિદર્શન મતિજ્ઞાન-અવધિજ્ઞાનવત્ પરાધીન જાણવા.

કેવળદર્શન મોક્ષસ્વરૂપ છે. કેવળદર્શન એક સમયમાં ત્રણકાળ ને ત્રણલોકના પદાર્થોને સામાન્યપણે અવલોકે છે, તે સ્વતંત્ર છે, તે કેવળીને હોય છે, છદ્મસ્થને હોતું નથી. એ પ્રમાણે દર્શનનો સદ્ભાવ હોય છે.

## જ્ઞાન-દર્શનોપયોગાદિની પ્રવૃત્તિ

‘‘ઉપર પ્રમાણે જ્ઞાન-દર્શનનો સદ્ભાવ જ્ઞાનાવરણ-દર્શનાવરણના ક્ષયોપશમ અનુસાર હોય છે.’’ આત્માના પુરુષાર્થ અનુસાર જ્ઞાન-દર્શનનો ઉઘાડ થાય છે. જ્યારે ઉઘાડ થોડો હોય ત્યારે જ્ઞાન-દર્શનની શક્તિ થોડી હોય છે ને ઘણો ઉઘાડ હોય ત્યારે શક્તિ ઘણી હોય છે. અહીં ત્રિકાળી શક્તિની વાત નથી. ત્રિકાળી શક્તિ તો પરિપૂર્ણ છે, પણ પર્યાયમાં જે જ્ઞાન-દર્શન ઉત્પાદરૂપ થાય છે તેની વાત કરે છે. પર્યાયની તાકાતની વાત કરે છે. ત્રિકાળી શક્તિમાંથી પ્રગટરૂપ શક્તિ ઊઘડી તેની વાત છે. તે ઉઘાડની વાત થઈ. હવે ઉપયોગની વાત કરે છે. લબ્ધરૂપ પરિણમન તો સમયે સમયે છે પણ ઉપયોગરૂપ પરિણમનની વાત કરે છે. તે ઉપયોગરૂપ પરિણમન દ્વારા એક જીવને એક કાળમાં કોઈ એક જ વિષયનું દેખવું વા જાણવું થાય છે. ઉઘાડ તો ઘણો હોય



છે, તેને ક્ષયોપશમ કહે છે. અને જાણવા-દેખવાનું પ્રગટ કાર્ય થાય તેને ઉપયોગ કહે છે. વળી જાણવા તથા દેખવાની લબ્ધરૂપ શક્તિ એક સાથે હોય છે પણ જે વખતે જાણવાનું કામ કરે ત્યારે દેખવાનું કાર્ય કરી શકે નહિ ને દેખવાનું કાર્ય કરે ત્યારે જાણવાનું કાર્ય કરી શકે નહિ. એટલે કે એક કાળમાં કાં તો જ્ઞાનઉપયોગ અથવા દર્શનઉપયોગ હોય. પર્યાયમાં દેખવા તથા જાણવાની લબ્ધરૂપ શક્તિ એક સાથે વર્તે છે છતાં એક સાથે બન્નેનું ઉપયોગરૂપ કાર્ય કરી શકે નહિ તો પછી આત્મા શરીરાદિ પરપદાર્થનું કામ કરી શકે તેમ કદી પણ બને નહિ ને પરની દયા પાળી શકે એમ બને નહિ -અજ્ઞાની અભિમાન કરે છે. પરના કાર્ય મારાથી થાય છે એમ માની અજ્ઞાની સંસારમાં રખડે છે.

વળી તે ઉઘાડરૂપ પર્યાયમાં દર્શનઉપયોગ ને જ્ઞાનઉપયોગ ક્રમસર હોય છે. વળી દર્શનમાં ચક્ષુ, અચક્ષુ ને અવધિદર્શનનો ઉઘાડ સાથે હોય પણ એક સાથે ઉપયોગ ન હોય. એક જ ભેદરૂપ પ્રવૃત્તિ હોય છે. વળી મતિ, શ્રુત, અવધિ ને મનઃપર્યયજ્ઞાન - એમ ચારનો ઉઘાડ હોય તો પણ મતિજ્ઞાનરૂપ ઉપયોગ હોય ત્યારે બીજા જ્ઞાનનું ઉપયોગરૂપ કાર્ય થઈ શકે નહિ. આવી રીતે આત્માની પર્યાયમાં જ્ઞાનની પરાધીનતા છે. વળી એક ભેદમાં પણ કોઈ એક વિષયમાં જ પ્રવૃત્તિ હોય છે. જેમ કે મતિજ્ઞાનમાં સાંભળવા તરફ ખ્યાલ હોય ત્યારે બીજાનો ખ્યાલ ન હોય. સ્પર્શના જ્ઞાન વખતે બીજા રસાદિક ગુણને ન જાણે. વળી એક વિષયમાં પણ તેના કોઈ એક અંગમાં જ પ્રવૃત્તિ હોય છે. જેમ કે મતિજ્ઞાનથી સ્પર્શમાં ઠંડાને જાણે ત્યારે ચીકણાને ન જાણે. બધા અંગોને એક સાથે જાણી ન શકે એવી પરાધીનતા છે. એ પ્રમાણે એક જીવને એક કાળમાં કોઈ એક જ્ઞેય વા દશ્યમાં જ્ઞાન વા દર્શનનું પરિણમન હોય છે.

જ્યારે સાંભળવામાં ઉપયોગ લાગ્યો હોય ત્યારે આંખની સમીપ રહેલો પદાર્થ દેખાતો નથી. એક માણસ ચોપડામાં એટલો તલ્લીન થઈ ગયેલો કે નજીકમાં સાપ ચાલ્યો ગયો તો પણ તેને ખ્યાલ ન રહ્યો. એક વિષય તરફ જ ઉપયોગ કામ કરી શકે છે એવી પરાધીનદશા છે. એક માણસ પાણીમાં ઊભો હોય ને ઉપર તડકો હોય પણ ઉનાનું જ્ઞાન કરતી વખતે ઠંડા પાણીનું જ્ઞાન કરી શકતો નથી. લબ્ધરૂપ શક્તિ હોવા છતાં ઉપયોગમાં પરાધીનતા થઈ રહી છે.

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એવા ભાન વિના અજ્ઞાનીને મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર હોય છે. આ બધી પરાધીનદશા થઈ રહી છે તેની તેને ખબર નથી. હરખ સન્નિપાતવાળાને પોતાના રોગની ખબર નથી ને તેથી તે ખડખડ હસે છે તેમ અજ્ઞાની ધર્મની ખબર વિના અલ્પ ઉઘાડદશામાં ને રાગદ્વેષમાં તથા પરમાં હરખ માની રહ્યો છે.

એક પદાર્થ તરફ ઉપયોગ લાગ્યો હોય ત્યારે બીજો પદાર્થ નજીક હોવાં છતાં દેખાતો નથી. એ જ પ્રમાણે અન્ય પ્રવૃત્તિ પણ જોવામાં આવે છે.

વળી એ પરિણમનમાં ઘણી શીઘ્રતા હોવાથી કોઈ વેળા એમ માને છે કે અનેક વિષયોનું યુગપત્ જાણવું-દેખવું થાય છે. આઈસ્ક્રીમ ખાતી વખતે ઠંડાનું, મીઠાનું ને સુંવાળાનું જ્ઞાન યુગપત્ થતું દેખાય છે પણ તે યુગપત્ નથી, ક્રમે ક્રમે થાય છે. કાગડાની આંખમાં બે કાણાં છે પણ પૂતળી એક છે તે એવી શીઘ્ર ફરે છે કે જે વડે બન્ને ગોલકોનું સાધન કરે છે. તેમ આ જીવને પાંચ ઈંદ્રિયો અને મન વગેરે દ્વાર તો અનેક છે પણ ઉપયોગ એક છે. પણ તે એટલો શીઘ્ર ફરે છે કે જે વડે સર્વ દ્વારોનું સાધન રહે છે.

આમ હોવાથી ધર્મી જીવને ઊઘડેલી પર્યાયની પણ રુચિ હોતી નથી, રુચિ તો અંતર્મુખ સ્વભાવની જ છે. ચાર જ્ઞાન ઊઘડેલાં હોય તો પણ તે ક્ષાયોપશમિકજ્ઞાન છે તેની રુચિ ધર્મીને હોતી નથી તો પછી રાગ ને પરપદાર્થની રુચિ તે કરે તેમ બને નહિ.

ચાર જ્ઞાનવાળાને પણ એક જ્ઞાન વખતે બીજું જ્ઞાન ઉપયોગરૂપ નથી ને એક જ્ઞાનમાં પણ એક વિષયને જાણે ત્યારે બીજો વિષય ન જાણે, આવું પરાધીનપણું છે તેથી તેની પણ રુચિ કરવા જેવી નથી. પૂર્ણ જ્ઞાનસ્વભાવ એક જ આદરણીય છે એમ કહેવાનો ભાવાર્થ છે.

**પ્રશ્ન** : આત્મામાં ઉઘાડ ઘણો કહો છો ને કાર્ય થોડું કહો છો તો પછી કાર્ય જેટલો ઉઘાડ કહો ને ? એક કાળમાં એક જ વિષયને જાણે છે તો એટલો ઉઘાડ કહો ને ? ઘણો ઉઘાડ કેમ કહો છો ? વળી તમે કહો છો કે ક્ષયોપશમની શક્તિ હોય છે પણ શક્તિ તો આત્મામાં કેવળજ્ઞાન-દર્શનની છે.

**સમાધાન** : જ્ઞાન-દર્શનની શક્તિ આત્મામાં છે તે ધ્રુવગુણરૂપ શક્તિ છે. વળી પર્યાયમાં ઉઘાડ છે તે પર્યાયની શક્તિ છે તેમાંથી ઉપયોગરૂપ પરિણમન થાય છે. જેમ કોઈ પુરુષને ઘણા ગામોમાં ગમન કરવાની શક્તિ તો છે પણ તેને કોઈએ રોક્યો અને કહ્યું કે આ પાંચ ગામોમાં જ જાઓ અને તે પણ એક દિવસમાં કોઈ એક જ ગામમાં જાઓ. તેમાં ત્રણ વાત લીધી. (૧) ઘણાં ગામ જવાની શક્તિ કહી, (૨) તેમાંથી પાંચ ગામ જવાની છૂટ આપી, (૩) તેમાંથી એક દિવસમાં કોઈ એક જ ગામમાં જવાનું કહ્યું. હવે તે પુરુષમાં દ્રવ્ય અપેક્ષાએ ઘણાં ગામોમાં જવાની શક્તિ તો છે, અન્ય કાળમાં તેનું સામર્થ્ય થશે પણ તે વર્તમાન સામર્થ્યરૂપ નથી. વર્તમાનમાં તો પાંચ ગામોથી અધિક ગામોમાં તે ગમન કરી શકતો નથી. વળી પાંચ ગામોમાં જવાની સામર્થ્યરૂપ શક્તિ વર્તમાનમાં પર્યાય અપેક્ષાએ છે તેથી તે તેટલામાં જઈ શકે છે અને ગમન કરવાની વ્યક્તતા એક દિવસમાં એક ગામ જવાની હોય છે. તેમ બધા જીવોમાં ત્રણકાળ ત્રણલોકને જાણવાની શક્તિ છે, તેમાં કર્મોએ રોક્યો. એટલે કે કર્મ તરફના વલણથી પોતે રોકાયો. પોતે જ્ઞાનનો ઉઘાડ કર્યો નથી માટે જ્ઞાનાવરણીયે જ્ઞાન રોક્યું -એમ કથન કરેલ છે. ને ઉઘાડ એટલો જ થયો કે પાંચ ઈંદ્રિયોના વિષયોને જાણો-દેખો પણ વ્યક્ત અપેક્ષાએ એકને જ જાણવાની શક્તિ છે.



હવે દ્રવ્ય અપેક્ષાએ તો સર્વને જાણવાની દેખવાની શક્તિ છે પણ તે પોતાના આત્માનું ભાન કરી અન્ય કાળમાં સામર્થ્યરૂપ થશે પણ વર્તમાન પર્યાયમાં સર્વને જાણવાની પ્રગટ દશા નથી તેથી તે પોતાને યોગ્ય વિષયોથી અધિક વિષયોને દેખી-જાણી શકતો નથી.

''પોતાને યોગ્ય વિષયોને દેખવા-જાણવાની પર્યાય અપેક્ષાએ વર્તમાન સામર્થ્યરૂપ શક્તિ છે તેથી તેને દેખી-જાણી શકે છે પરંતુ વ્યક્તતા એક કાળમાં કોઈ એકને જ દેખવા-જાણવાની હોય છે.''

આમ પર્યાય અપેક્ષાએ મનુષ્યને પાંચ ઈંદ્રિય દ્વારા જાણવાની શક્તિ છે. ઉઘાડ છે છતાં એક સાથે પાંચેના વિષયને જાણી શકે નહિ, એક કાળમાં કોઈ એકને જ દેખે-જાણે છે.

સંસારી જીવ પોતાનો જ્ઞાનવ્યાપાર પૂર્ણ કરી શકતો નથી, આત્માની ઊઘડેલી પર્યાયમાં પોતાના કારણે થયેલ જ્ઞાનદર્શનના ઉઘાડનું કાર્ય પણ પૂરું કરી શકે નહિ તો પછી જીવ પરનું કાર્ય કરે ને પરની દયા પાળી દે એમ માનનાર મૂઢ છે. અજ્ઞાની માને છે કે અમે આટલાને ધંધે વળગાડ્યા, આટલાને મદદ કરી, પણ તે તો બાહ્ય ક્રિયા છે. તારી ઊઘડેલી પર્યાય પણ કાર્યરૂપે પૂરી ન આવે તો પૈસા કામમાં આવે એમ બની શકે નહિ. પાંચ ઈંદ્રિયોના વિષયોને જાણવાનું લબ્ધરૂપ જ્ઞાન બધે એક સાથે પહોંચી વળે નહિ. તો પરના કામને પહોંચી વળે એમ બનતું નથી. આમ સમજાણ કરે તો પરનું અભિમાન ઊડી જાય ને પર્યાયબુદ્ધિ છૂટી સ્વભાવબુદ્ધિ થાય. લબ્ધ ને ઉપયોગરૂપ પર્યાયની રુચિ છોડવા જેવી છે. ચાર જ્ઞાનનો ઉઘાડ હોવા છતાં એક જ્ઞાનનું કાર્ય કરી શકે ને એક જ્ઞાનમાં પણ એક વિષયનું જ જ્ઞાન કરી શકે માટે પરનું ને રાગનું અભિમાન છોડ; અધૂરી જ્ઞાન-દર્શન પર્યાયની પણ રુચિ છોડ ને પૂર્ણ સ્વભાવની રુચિ કર તો સમ્યગ્જ્ઞાન થઈ ક્રમે ક્રમે કેવળજ્ઞાન પ્રગટ થશે.

### કારતક વદ ૩, મંગળવાર, ૪-૧૧-૫૨.

સંસારાવસ્થાનું વર્ણન ચાલે છે. તેમાં જ્ઞાન-દર્શનની અવસ્થાની વાત ચાલે છે. બધા પદાર્થોને જાણવા-દેખવાનો આત્માનો સ્વભાવ છે પણ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મના નિમિત્તે પર્યાયમાં તેની પૂર્ણ વ્યક્તતા નથી. દર્શનઉપયોગ વખતે જ્ઞાનઉપયોગ હોતો નથી અને જ્ઞાનમાં પણ મતિ-શ્રુત આદિનો ઉઘાડ હોવા છતાં એક સાથે કામ કરી શકતો નથી.

પરના કાર્ય તો આત્મા કરી શકતો નથી અને વર્તમાન પર્યાયમાં આવો રાગ કરું તે પણ તારે આધીન નથી. અને જ્ઞાન-દર્શનનો વર્તમાન ઉઘાડ છે તે પણ એક સાથે કામ કરી શકતો નથી, માટે રાગ કરવાનું અભિમાન મૂકી દે. વર્તમાન ચારિત્રગુણની પર્યાય છે એને બદલીને હું આવી પર્યાય લાવું એ તારે આધીન નથી. નિમિત્તની રુચિ છોડ, પર્યાય ફેરવવાની રુચિ છોડ પણ ત્રિકાળી સ્વભાવની રુચિ કર -એમ કહે છે.

ત્રણકાળ ત્રણલોકને જાણવાની તાકાતવાળો આત્મા છે તેની રુચિ કરીને પર્યાયમાં પૂર્ણતા ન થાય ત્યાં સુધી આત્મા પરાધીન છે એમ અહીં બતાવવું છે. માટે પૂર્ણ કાર્ય ન આવે ત્યાં સુધી સ્વાધીન દૃષ્ટિપૂર્વક અંતર્મુખ થઈને અભેદતા કરવી તે જ કર્તવ્ય છે. પરના કાર્ય તો તારા નથી પણ રાગ કે ઉઘડેલા અંશો છે તે પણ તારું ખરું સ્વરૂપ નથી એમ કહે છે.

જુઓ, પૈસા મળવા દુર્લભ નથી પણ મનુષ્યભવ મળવો અને આ રીતે સત્શ્રવણ થવું દુર્લભ છે; અને તે શ્રવણ કરીને તેની પ્રતીતિ કરવી તે તો મહા દુર્લભ છે. બાકી દુર્લભ કાંઈ નથી. પૂર્વના પુણ્યના ઉદય પ્રમાણે પૈસા મળે છે એ કાંઈ વર્તમાન પુરુષાર્થનું ફળ નથી. વળી તેવા સંયોગો તો અનંતવાર મળ્યા, તે કાંઈ દુર્લભ નથી. અનંતકાળમાં ધર્મ સમજ્યો નથી માટે તે દુર્લભ છે. લોકો કહે છે કે લક્ષ્મીનો સદ્‌ઉપયોગ કરો પણ અહીં તો કહે છે કે આત્મામાં મતિ-શ્રુતાદિનો ઘણો ઉઘાડ હોવા છતાં તેનો એક સાથે ઉપયોગ ન કરી શકે તો પછી લક્ષ્મીનો ઉપયોગ આત્મા કરી શકે એમ કદી બનતું નથી. આત્મા કોઈ પણ રજકણનો ફેરફાર કરી શકતો નથી છતાં મફતનો હેરાન થાય છે. શરીર ચાલે કે ન ચાલે તે આત્માને આધીન નથી. પણ આત્માનું કારખાનું જે ચાલી રહ્યું છે એમાં શું બની રહ્યું છે તે તો જો, તેનો સ્વભાવ જાણવા-દેખવાનો છે. તે વર્તમાન જેટલો ઉઘાડ છે તેટલું કામ પણ કરી શકતો નથી. તે પરાધીનતા છે. માટે પરદ્રવ્યોને તો ફેરવવું નથી પણ ચારિત્રગુણની પર્યાય અને જ્ઞાન-દર્શનની વર્તમાન પર્યાયને પણ ફેરવવી નથી. માત્ર સ્વભાવદૃષ્ટિ કરવાની છે ને એ જ પૂર્ણદશા પ્રગટ કરવાનો ઉપાય છે.

પૂર્ણ જાણવા-દેખવાની જે શક્તિ છે તે અન્યકાળમાં પ્રગટરૂપે થશે, એટલે કે જ્યારે તે શક્તિનો ભરોસો કરીને અંતર્ વીતરાગતા કરશો ત્યારે થશે.

**પ્રશ્ન** : એ તો જાણ્યું પરંતુ ક્ષયોપશમ તો હોય છતાં બાહ્ય ઈંદ્રિયો વગેરેને અન્યથા નિમિત્ત મળતાં દેખવું-જાણવું ન થાય, થોડું થાય વા અન્યથા થાય છે. હવે એમ થતાં કર્મનું નિમિત્ત તો ન રહ્યું. જેટલો ઉઘાડ છે તેમાં જ્ઞાનાવરણીયના ક્ષયોપશમનું નિમિત્ત છે અને જેટલો ઉઘાડ નથી તેમાં જ્ઞાનાવરણીયના ઉદયનું નિમિત્ત છે -એમ કહ્યું પણ બહારના કારણો મળતાં ઉઘાડ હોવા છતાં જાણવું થતું નથી તો કર્મનું નિમિત્ત ક્યાં રહ્યું ? અહીં નિમિત્ત કયું છે એ બતાવે છે પણ નિમિત્ત ઉપાદાનમાં કાંઈ કરે એમ વાત નથી. શિષ્યનો પ્રશ્ન છે કે ઈંદ્રિયો બરાબર ન હોય, બહારમાં અંધારું હોય તો જાણી શકે નહિ. માટે ત્યાં કર્મનું નિમિત્ત લાગતું નથી પણ બહારનું નિમિત્ત અમને લાગે છે.

**ઉત્તર** : જેમ એ રોકવાવાળાએ કહ્યું કે પાંચ ગામોમાં પણ એક દિવસમાં કોઈ એક જ ગામ જાઓ અને તે પણ આ કિંકરોને સાથે લઈને જાઓ. તે કિંકર અન્યથા પરિણમે તો જવું ન થાય, થોડું થાય અથવા અન્યથા થાય. તેમ આત્મામાં જે પ્રકારથી જે નિમિત્તે જાણે એવો ક્ષયોપશમ



હોય છે તે આટલા વિષયોમાં કોઈ એક વિષયને જ એક કાળમાં દેખો વા જાણો ત્યાં બાહ્ય દ્રવ્ય અન્યથા પરિણમે તો દેખવું-જાણવું ન થાય, થોડું થાય અથવા અન્યથા થાય. એ પ્રમાણે કર્મના ક્ષયોપશમની વિશેષતા છે માટે ત્યાં કર્મનું જ નિમિત્ત જાણવું.

ચશ્મા ચડાવ્યા ન હોય તો જાણે નહિ, તે ચશ્માના કારણે નહિ પણ ક્ષયોપશમ એવો જ છે. પર્યાયમાં સ્વતંત્ર કાર્ય થઈ રહ્યું છે તેને મિથ્યાદૃષ્ટિ સમજતો નથી. તેથી તે કહે છે કે આંખો બંધ હોય છે માટે દેખાતું નથી પણ એમ નથી. આંખો બંધ હોય તે વખતે ન દેખાયું તેવો જ જ્ઞાનનો તે સમયનો ક્ષયોપશમ છે. તે પરના કારણે નથી. વળી કોઈ એવો રોગ થાય કે તેથી જીભને સ્વાદની ખબર પડતી નથી તે વખતે ક્ષયોપશમ પણ એવો જ છે. તે નિમિત્તના કારણે નથી. આ બધી વાત પંડિતજીએ સ્પષ્ટપણે કરી છે, છતાં વાંચનારા સમજ્યા વગર પરના કારણે થાય છે -એમ માને છે એ ભૂલ છે.

નિમિત્ત ન હોય ત્યારે ન જાણે અને એ પ્રકારનું નિમિત્ત હોય તો જાણે એવો જ ક્ષયોપશમ આત્માનો પોતાના કારણે હોય છે. માટે જ્ઞાનના ઉઘાડમાં કે અભાવમાં નિમિત્ત કર્મ છે પણ બાહ્ય પદાર્થોની મુખ્યતા નથી, કર્મનું જ નિમિત્ત છે -એમ બતાવવું છે. પણ કર્મના કારણે તે ઉઘાડ છે એમ કહેવું નથી. કાળા ચશ્મા આવે તો કાળું દેખાય છે તે ચશ્માના કારણે નહિ પણ કાળું જાણવાનો તે વખતનો ક્ષયોપશમ જ છે -તેના કારણે છે. બાહ્ય નિમિત્તની ત્યાં વિશેષતા નથી. પહેલાં વાત આવી હતી કે બાહ્ય નિમિત્તો આવે એવું દેખાય છે એ વાતનો અહીં ખુલાસો કર્યો છે.

જેમ કોઈને અંધકારના પરમાણુ આડા આવતાં દેખવું થાય નહિ પરંતુ ઘુવડ અને બિલાડા આદિ પ્રાણીઓને તે આડા આવવા છતાં પણ દેખવાનું બને છે. એ પ્રમાણે આ ક્ષયોપશમની જ વિશેષતા છે, એટલે જેવો ક્ષયોપશમ હોય એવું જાણાય છે. માટે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કર્મની સાથે છે એમ સમજવું. જેટલો પોતાનો પુરુષાર્થ છે તેટલો ઉઘાડ છે અને એવું બાહ્ય નિમિત્ત છે. તે પ્રમાણે દેખવું-જાણવું થાય છે. પરના કારણે જ્ઞાનનો ઉઘાડ નથી પણ આત્માનો ઉઘાડ પોતાના કારણે યોગ્યતા પ્રમાણે હોય છે એમાં કર્મનું નિમિત્ત છે, એટલું સાબિત કરે છે. પર નિમિત્તના કારણે ઉઘાડ કે અભાવ છે એમ નથી. કર્મની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. બત્તી કરે અને ન દેખાય એમાં એ નિમિત્તની વિશેષતા નથી પણ ત્યાં ક્ષયોપશમ જ એવો છે. આ વાતને જેઓ સમજતાં નથી છતાં ધર્મની વાતો કરે છે તેઓને ધર્મ થતો નથી અને કેટલાક આવી વાતો કરે છે પણ તેને સત્ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના ઠેકાણાં નથી તો તેને પણ ધર્મ થતો નથી.

આત્મા શુદ્ધ છે, પરનું કાંઈ કરી શકતો નથી એમ અહીંની વાત વાંચીને કહે છે, પણ કુદેવાદિના નિમિત્તને છોડતા નથી તે પણ મિથ્યાદૃષ્ટિ છે. વળી કેટલાક કહે છે કે કર્મના કારણે આત્મામાં

જાણવું-દેખવું થતું નથી -તે પણ મિથ્યાદૃષ્ટિ છે. જેને દ્રવ્યસ્વભાવની ખબર નથી તેને પર્યાયની પણ ખબર નથી જ.

વળી મોક્ષમાર્ગમાં અવધિજ્ઞાન-મનઃપર્યયજ્ઞાન હોય છે તે પણ ક્ષયોપશમજ્ઞાન જ છે. તેની પણ એ જ પ્રમાણે એક કાળમાં કોઈ એકને જ પ્રતિભાસવારૂપ અથવા પરદ્રવ્યની આધીનતારૂપ પ્રવૃત્તિ જાણવી. એ પ્રમાણે જ્ઞાનાવરણ-દર્શનાવરણના ઉદયના નિમિત્તથી જ્ઞાન-દર્શનના ઘણાં અંશોનો અભાવ હોય છે તથા તેના ક્ષયોપશમથી થોડા અંશોનો સદ્‌ભાવ હોય છે -એમ જાણવું. હવે મિથ્યાત્વ તથા કષાયજન્ય અવસ્થાની વાત કરે છે.

## દર્શનમોહજન્ય અવસ્થા

વળી આ જીવને મોહના ઉદયથી મિથ્યાત્વ તથા કષાયભાવ થાય છે, આ નિમિત્તનું કથન છે. બીજા દ્રવ્યના કારણે બીજા દ્રવ્યની પર્યાય કહેવામાં આવે તે વ્યવહાર છે. નિશ્ચયથી તો પોતાના કારણે છે. પરદ્રવ્ય અને સ્વદ્રવ્યને અત્યંત અભાવ છે. મોહનો ઉદય તો જડ છે અને મિથ્યાત્વ ને કષાય તે આત્માનો પર્યાય છે. આત્મા પોતે જ્યારે તે ભાવ કરે છે ત્યારે મોહના ઉદયને નિમિત્ત કહેવાય છે, તે બન્નેનો સમકાળ છે. પર્યાય પર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, ત્યાં જીવને દર્શનમોહના ઉદયથી મિથ્યાત્વભાવ થાય છે. જેથી આ જીવ અન્યથા પ્રતીતિરૂપ અતત્ત્વશ્રદ્ધાન કરે છે-જેમ છે તેમ માનતો નથી પણ જેમ નથી એમ માને છે.

જો કર્મના કારણે મિથ્યાત્વભાવ થતો હોય તો આત્માનો કદી મોક્ષ થાય નહિ પણ આત્મા પોતે જેમ છે તેમ ન માને અને જેમ નથી તેમ માને છે તે વિપરીતતા છે, જીવનો દોષ છે. માટે તેને સમજાવે છે. કર્મને કોઈ ઉપદેશ આપતું નથી માટે કર્મના કારણે સંસારાવસ્થા નથી.

આત્મા અરૂપી છે અને પુદ્‌ગલથી બનેલું શરીર મૂર્ત છે. આત્મા જ્ઞાનાદિ અનંત ગુણોનો આધાર છે અને શરીર જ્ઞાનાદિ રહિત છે. આત્મા અનાદિ નિધન વસ્તુ પોતે છે અને શરીર સંયોગી નવીન વસ્તુ છે. તે બન્નેના સંયોગે મનુષ્યાદિ પર્યાયો થાય છે, તે પર્યાયોમાં મિથ્યાદૃષ્ટિ અહંબુદ્ધિ કરે છે. ત્યાં શરીર મારાથી ચાલે છે, હું બોલું છું -એમ તે માને છે. તે બધો મિથ્યાત્વભાવ છે. પ્રત્યક્ષ સંયોગે આવેલી ચીજ અને મૂર્તિક જ્ઞાનરહિત જે પોતાની ચીજ નથી તેને પોતાની માની રહ્યો છે તે મૂઢતા છે.

## કારતક વદ ૪, બુધવાર, ૫-૧૧-૫૨.

દર્શનમોહજન્ય અવસ્થાની વાત ચાલે છે. સંસારાવસ્થામાં જ્ઞાન-દર્શનની પર્યાય અનાદિથી કેવી થઈ રહી છે તે વાત આવી ગઈ છે. આત્માને વિપરીત માન્યતા અને કષાયભાવ થાય છે તેમાં મોહકર્મ નિમિત્ત છે -એ સામાન્ય વાત કરી. એમાં વિપરીતબુદ્ધિ એટલે ભ્રાંતિ જે અનાદિની જીવને



થઈ રહી છે તેને લીધે આત્મા અને જડ શરીર આદિનું પૃથક્ પૃથક્ સ્વરૂપ છે તેને જેમ છે તેમ માનતો નથી પણ જેમ નથી તેમ માને છે -એમ અસ્તિ-નાસ્તિથી વાત કરી છે.

પોતાની યોગ્યતાના કારણે જીવ વિપરીત માન્યતા કરી રહ્યો છે. તે કેવી રીતે છે તે કહે છે. આ આત્મા અમૂર્ત પ્રદેશોનો પુંજ છે -તે ક્ષેત્રની વાત કરી. વળી જાણે છે તે આ આત્મા છે એમ પ્રસિદ્ધ છે છતાં તેને અનાદિથી માનતો નથી. વળી આત્મા અનંતા ગુણોનો ધારક છે, તે જડના ગુણોને ધારતો નથી, અને આત્માની આદિ નથી અને અંત પણ નથી. દેહથી નિરાળી ચીજ આત્મા પોતે છે. આવો આત્મા છે અને શરીર તે જડ છે. તે મૂર્તિક છે, ઘણાં રજકણોનો પિંડ છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે, શરીર જ્ઞાનરહિત છે; આત્મા અનાદિ અનંત વસ્તુરૂપ પોતે છે ત્યારે આ શરીરનો તો નવો સંયોગ છે. શરીરાદિ પોતાથી પર છે, તે આત્માની ચીજ નથી. આત્મા અને શરીરના સંયોગરૂપ મનુષ્યાદિ દેહો અનંતવાર મળ્યા છે. અનાદિનો સંયોગ છે, એ પર્યાયમાં આ મૂઢ જીવ અહંબુદ્ધિ ધારી રહ્યો છે.

આ શરીર તે હું છું એમ અજ્ઞાની માની રહ્યો છે. ધોળો હું, આકૃતિ મારી, અવયવો મારાં, તેની ક્રિયા મારાંથી થાય છે એમ મિથ્યાદૃષ્ટિ જીવ માની રહ્યો છે, તે માન્યતા કર્મે કરાવી નથી પણ જીવ પોતે અહંબુદ્ધિ ધારી રહ્યો છે. ચિદાનંદ છું એનો એને ભરોસો આવતો નથી. જ્યારે આત્મામાં અહંબુદ્ધિ નથી અને આત્મા ખ્યાલમાં ન આવ્યો ત્યારે પોતાનું હોવાપણું પરમાં માનીને અહંબુદ્ધિ કરી રહ્યો છે. આત્મા જે રીતે છે એનો ખ્યાલ ન આવ્યો એટલે તે બીજે ક્યાંક સત્તા માન્યા વિના રહેતો નથી. જો આ પ્રકારની ભ્રાંતિ જીવની પર્યાયમાં ન હોય તો વર્તમાન શાંતિ હોવી જોઈએ. વર્તમાનમાં શાંતિ નથી તેથી નક્કી થાય છે કે જીવ પરમાં અહંબુદ્ધિ અનાદિથી કરી રહ્યો છે.

જ્ઞાનાનંદ તે આત્માનું પ્રસિદ્ધ સ્વરૂપ છે, અને શરીરાદિ પર છે એનો વિવેક અજ્ઞાની મૂઢ કરી શકતો નથી. આ સંસારાવસ્થાનું વર્ણન છે. ત્રિકાળી વસ્તુસ્વરૂપમાં સંસાર નથી. જડમાં સંસાર નથી પણ આત્માની વર્તમાન પર્યાયમાં ભ્રમણાને કારણે સંસાર છે, તેથી જેમ છે તેમ માનતો નથી. સ્વ-પરનો ભેદ કરી શકતો નથી. શરીરાદિથી પર જ્ઞાનાનંદ સ્વરૂપી આત્મા છે એની સત્તાને કબૂલતો નથી. પર ચીજ તો સંયોગે આવેલી છે અને આત્મા ત્રિકાળી છે એનો ભેદ મૂઢ જીવ કરતો નથી.

વળી એ શરીર જ્યાં જ્યાં પામ્યો ત્યાં અજ્ઞાની પોતાપણું માને છે. હવે હું થોડું જીવવાનો છું -એમ કહે છે પણ આત્મા તો અનાદિનિધન છે એનો વિવેક નથી. હું હવે થોડો કાળ રહેવાનો છું -એમ માને છે પણ આત્મા તો ત્રિકાળી વસ્તુ છે. તેનો તો જાણવા-દેખવાનો સ્વભાવ છે અને રાગાદિ ભાવો થાય છે તે કર્મના નિમિત્તે થતો પોતાનો નૈમિત્તિકભાવ છે, પણ તે તેનો સ્વભાવ

નથી. અને વર્ણાદિક છે તે આત્માના ગુણો નથી પણ શરીરાદિ જડ પુદ્‌ગલોના ગુણો છે, અજ્ઞાની એ ત્રણેનો વિવેક કરતો નથી.

શરીરમાં રોગ પલટાય છે, જુવાન-વૃદ્ધ, રોગ-નીરોગ આદિ અવસ્થા અનેક પ્રકારથી થાય છે તે આત્માના કારણે થતી નથી. શરીર જીર્ણ થાય તે શરીરની અવસ્થા છે છતાં શરીર જાડું કે પાતળું થતાં હું જાડો-પાતળો થયો એમ અજ્ઞાની માને છે. વસ્ત્ર પાતળું-જાડું પહેરે તો શરીર પાતળું-જાડું થાય છે એમ માનતો નથી પણ શરીર પાતળું-જાડું થતાં પોતે તેવો થઈ ગયો એમ ભ્રાંતિથી માને છે. શરીરની અવસ્થાને આત્માની અવસ્થા માને છે. જ્ઞાન, રાગ અને શરીર એ ત્રણેને એકરૂપ માને છે, પણ તેમાં ભેદ પાડતો નથી.

પરમાત્મપ્રકાશમાં આવે છે કે - અનાદિથી શરીરાદિનો સંબંધ છે તે બંધુ જેવો છે અને સમ્યગ્જ્ઞાન દ્વારા જુદો પાડે છે. તે તો જુદો પાડવા જેવો છે. અજ્ઞાની મૂઢ તેને જુદો પાડતો નથી, સ્વપરનો વિવેક કરતો નથી. હવે પોતાથી પ્રત્યક્ષ ભિન્ન વસ્તુ છે તેમાં પોતાપણું માને છે તે કહે છે.

વળી મનુષ્યાદિ પર્યાયોમાં પોતાનાથી પ્રત્યક્ષ ભિન્ન ધન-કુટુંબાદિનો સંબંધ થાય છે અને તે પોતાને આધીન થઈ પરિણમતા નથી તો પણ તેમાં આ જીવ મમકાર કરે છે કે ''આ બધા મારાં છે'' પણ એ કોઈ પણ પ્રકારથી પોતાના થતાં નથી, માત્ર પોતાની ઊંધી માન્યતાથી તેને પોતાના માને છે. સ્ત્રી, કુટુંબ, મિત્રો, વેવાઈ, ભાગીદાર એ બધાનો સંબંધ નવો થયો છે. તે પ્રત્યક્ષ પોતાથી જુદા છે. મકાન નવું કરાવ્યું તે પહેલાં ન હતું એમ જણાય છે છતાં તેને પોતાનું માને છે. છોકરાંઓ કહ્યું માને નહિ, પૈસો પોતાના ધાર્યા પ્રમાણે રહેતો નથી છતાં તે પોતાથી જુદા છે એવો વિવેક કરતો નથી. કુટુંબ, ભાઈઓ, સ્ત્રી પોતાના ધાર્યા પ્રમાણે માનતા નથી અને કદાચ માને છે તો તે પોતાને માને છે, તે એના રાગને પોષે છે પણ આને માનતા નથી છતાં તેને જીવ પોતાના માને છે.

દીકરો પ્રત્યક્ષ વિરુદ્ધ ચાલતો હોય છતાં મમતાથી કહે કે તે ગમે તેમ બોલે તો પણ મારો દીકરો છે ને ! એમ મમકાર કરે છે. અમારી દીકરી, અમારા દીકરાં, અમારા જમાઈ -એમ કહીને મમકાર કરે છે. તે બધા આત્માથી પર છે -આત્માને આધીન પરિણમતા નથી અને પ્રત્યક્ષ જુદા છે છતાં મમકાર છોડતો નથી. વિપરીત માન્યતાને કારણે બધાને પોતાના માને છે.

વળી મનુષ્યાદિ પર્યાયોમાં કોઈ વેળા દેવાદિનું અને તત્ત્વોનું જે અન્યથા સ્વરૂપ કલ્પિત કર્યું હોય તેની તે પ્રતીત કરે છે પણ જેવું યથાર્થ સ્વરૂપ છે તેવું પ્રતીત કરતો નથી. તે મિથ્યાદૃષ્ટિ કલ્પિત દેવને માને અને સાચા દેવને માને નહિ. દેવ તો સર્વજ્ઞ છે, તેમને ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન હોય છે, તે દિવ્ય શક્તિવાળા છે, તે જ સાચા દેવ છે, એને કલ્પિત દેવ માને છે તે દેવને માનતો નથી. નિર્ગ્રંથ મુનિ એ જ સાચા ગુરુ છે એને ન માને અને કલ્પિત ગુરુને માને, વસ્ત્રવાળાને મુનિ માને છે તે સાચા ગુરુને માનતો નથી. વળી કલ્પિત શાસ્ત્રો છે તેને સાચા શાસ્ત્રો માને છે



તે મિથ્યાદૃષ્ટિ છે. કુદેવાદિને માને છે તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે, તેને અગૃહીત મિથ્યાત્વ તો પડેલું જ છે.

નવ તત્ત્વો સર્વજ્ઞે કહેલાં છે તેને માનતો નથી. પુણ્યના પરિણામ છે તે ધર્મ નથી છતાં તેને ધર્મ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. સત્યનો તો જ્યાં હોય ત્યાં સ્વીકાર કરવો જોઈએ. અમુક ઠેકાણે જ સત્ય સ્વીકાર થઈ શકે -એમ નથી. તેથી જ્ઞાની મનુષ્યાદિમાં સાચા દેવાદિને જ માને છે, કુદેવાદિને માનતો નથી. સંવર તો આત્માના આશ્રયે થાય છે, એને બદલે શરીરની ક્રિયાથી સંવર થાય છે એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. એને જે માને-મનાવે તે પણ ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. વિપરીત માન્યતા કેવી હોય તેનું વર્ણન થાય છે. પંડિતજીએ ક્રમબદ્ધ વાત લીધી છે. ગૃહસ્થ હતા પણ આ શાસ્ત્ર લખતી વખતે એટલો તીક્ષ્ણ ઉપયોગ હતો કે ક્રમબદ્ધ શૃંખલા રચાઈ ગઈ છે. એમાં મિથ્યાદૃષ્ટિ કેવું માને છે ? તે બતાવતાં સ્પષ્ટ વર્ણન કર્યું છે.

દેવ, ગુરુ, શાસ્ત્રનું તથા જીવાદિ તત્ત્વનું જેવું સ્વરૂપ છે એવી પ્રતીત કરતો નથી. એમ અનેક પ્રકારથી દર્શનમોહના ઉદયથી જીવને અતત્ત્વશ્રદ્ધાનરૂપ મિથ્યાત્વભાવ થાય છે. તેમાં જ્યારે પોતે ઘણી વિપરીત શ્રદ્ધા કરે છે ત્યારે તીવ્ર મિથ્યાત્વનો ઉદય કહેવાય છે. અને થોડું વિપરીત શ્રદ્ધાન કરે ત્યારે મંદ મોહનો ઉદય કહેવાય છે. તીવ્ર ઉદયથી તીવ્ર થાય છે અને મંદ ઉદયથી મંદ થાય છે, તે નિમિત્તનું કથન છે. મિથ્યાત્વ મંદ હોય ત્યારે કુદેવાદિની શ્રદ્ધા છૂટી જાય છે અને સાચા દેવાદિની શ્રદ્ધા હોય છે પણ એનાથી ધર્મ થાય એવી માન્યતા રહી જાય છે. બાહ્ય લક્ષણથી દેવાદિને માને છે પણ અંતરના લક્ષણથી નિર્ણય કરતો નથી. તીવ્ર મિથ્યાત્વવાળો દેવાદિના બહારના લક્ષણોને યથાર્થ જાણતો નથી તેને કુદેવાદિની શ્રદ્ધા છે તે તો ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે અને જ્યારે બહારના લક્ષણથી પરીક્ષા કરીને સાચા દેવાદિને માને ત્યારે ગૃહીત મિથ્યાત્વ જાય છે અને અંતરની પરીક્ષા કરીને માને ત્યારે અગૃહીત મિથ્યાત્વ જાય છે પણ મિથ્યાદૃષ્ટિ પરીક્ષા કરીને યથાર્થ સ્વરૂપને માનતો નથી.

**કારતક વદ ૫, ગુરુવાર, ૬-૧૧-૫૨.**

સંસારાવસ્થાનું નિરૂપણ ચાલે છે. એમાં સામાન્યપણે દર્શનમોહના ઉદયથી આત્મામાં અનાદિથી મિથ્યાત્વદશા થાય છે તે વાત કરી અને વિશેષ વાત કરતાં મનુષ્ય-દેવાદિની પર્યાય પામીને મિથ્યાત્વદશા કરી રહ્યો છે તે વાત કરી. સ્ત્રી-કુટુંબાદિમાં મારાપણું માન્યું અને પછી વાત કરી કે આ રીતે અગૃહીત મિથ્યાત્વ તો હતું જ પણ મનુષ્યમાં આવીને કુદેવાદિની શ્રદ્ધા કરીને ગૃહીત મિથ્યાત્વ કરે છે. તે તીવ્ર મિથ્યાદૃષ્ટિ છે. મંદ મિથ્યાત્વના પરિણામ દ્રવ્યલિંગી મુનિને અનંતવાર થયા છે અને કોઈ વખત જીવ તીવ્ર મિથ્યાત્વ કરે છે -એમ અનાદિથી સંસારદશામાં મિથ્યાત્વરૂપ અવસ્થા થઈ રહી છે. હવે ચારિત્રમોહના નિમિત્તે આત્મામાં કષાયભાવ થાય છે તે કહે છે.

## ચારિત્રમોહજન્ય અવસ્થા

ચારિત્રમોહના ઉદયથી આ જીવને કષાયભાવ થાય છે ત્યારે પોતે દેખતો-જાણતો છતાં અર્થાત્ પોતાનો સ્વભાવ જ્ઞાતાદષ્ટા હોવા છતાં પણ પરપદાર્થોમાં ઇષ્ટ-અનિષ્ટપણું માની ક્રોધાદિ કરે છે. એમાં હવે ક્રોધની વાત કરે છે.

ક્રોધનો ઉદય થતાં પદાર્થો પ્રત્યે અનિષ્ટપણું ચિંતવી તેનું બૂરૂં થવું ઇચ્છે છે. કોઈ મકાન આદિ અચેતન પદાર્થ બૂરા લાગતાં તેને તોડવા-ફોડવા આદિરૂપથી તેનું બૂરું ઇચ્છે છે. તથા કોઈ શત્રુ આદિ સચેતન પદાર્થો બૂરા લાગે ત્યારે તેને વધ-બંધનાદિ અથવા પ્રહારાદિ વડે દુઃખ ઉપજાવી તેનું બૂરું કરવા ઇચ્છે છે. પણ તે તેને આધીન નથી. જૂની સ્ત્રી સારી હતી પણ આ નવી સ્ત્રી આવી ત્યારથી દુઃખી દુઃખી છીએ એમ માની તેના ઉપર દ્વેષ કરે છે. આ મકાન ખરાબ છે, એમાં સુખી થયા નથી માટે એને વેંચી નાખો તો સુખી થઈએ -એમ ચિંતવીને તેને તોડવા ફોડવા માગે છે પણ એ એને આધીન નથી, કોઈ શત્રુને મારીને કે દુઃખ આપીને પણ એનું ખરાબ કેમ થાય એમ ઇચ્છે છે પણ એ કાંઈ એને આધીન નથી. જુઓ, હવે અહીં જરા ઝીણી વાત કરે છે. આત્મા પોતે તથા પર કોઈ પ્રકારે પરિણમતા હોય અને તેને તે ઠીક ન લાગે તો તેને અન્ય પ્રકારે પરિણમાવવા માગે છે, તે પર્યાય વ્યવસ્થિત ક્રમબદ્ધ થાય છે તેના જ્ઞાતાદષ્ટાપણે રહેવું જોઈએ એમ ન રહેતાં પોતાની તથા પરની પર્યાય બદલાવવા માગે છે અને તે પર્યાય બૂરી લાગે છે અને તેથી ક્રોધમાં વર્તી રહ્યો છે.

પોતે આત્મા જ્ઞાતાદષ્ટા છે, તે પોતાની પર્યાયનો પણ જાણનાર છે એમ ન માનતા પોતાની પર્યાયને પણ બૂરી જાણીને ફેરવવા માગે છે તેને પર્યાયદષ્ટિ છે, સ્વભાવ ઉપર દષ્ટિ નથી. તે પર્યાયને બૂરી માનીને મિથ્યાત્વ સહિતનો ક્રોધ તેને થઈ રહ્યો છે. આત્મા જ્ઞાયકસ્વભાવી છે, જ્ઞાનનો ગાંગડો છે, જ્ઞાનનો કુંડ છે. તેમાં પરિણતિ જણાય છે, તે કાંઈ ઇષ્ટ-અનિષ્ટ નથી. છતાં તે પર્યાયને બૂરી માનીને ક્રોધ કરે છે તે આત્મા દેખનાર-જાણનાર છે એને દેખતો નથી અને એકલી પર્યાયદષ્ટિ હોવાથી તે મિથ્યાદષ્ટિ છે.

પરિણમનનું બૂરું કરવા ઇચ્છે છે પણ તે પરિણમન તો ક્રમબદ્ધ-વ્યવસ્થિત થાય છે, એને ફેરવવું નથી, તેની એને ખબર નથી. વસ્તુસ્થિતિ ફરે નહિ, છતાં ફેરવવા માગે છે તે વસ્તુસ્થિતિને સમજતો નથી. કોઈ કહે કે શ્રીમદ્દે કહ્યું છે કે :

**ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધ સ્વભાવતા,**
**માન પ્રત્યે તો દીનપણાનું માન જો;**
**માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની,**
**લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો.** અપૂર્વ....



એનો અર્થ : જેવો ક્રોધ કરતો હતો એવો જ ક્રોધ પ્રત્યેથી ખસી જા. ક્રોધથી ખસી જા એનો અર્થ એ છે કે -સ્વભાવ સન્મુખ થઈ જા. ક્રોધને ખસેડવો નથી, ક્રોધને ફેરવવો નથી. સ્વભાવ સન્મુખ થઈ ગયો એટલે ક્રોધ થતો જ નથી. આત્મામાં જે પરિણામ થાય છે તેનું બૂરું ઇચ્છીને બીજા પ્રકારે પરિણમાવવા માગે છે તે મિથ્યાદષ્ટિ છે. કેમ કે આત્માનો સ્વભાવ તો તેને જાણવા-દેખવાનો છે -એની એને ખબર નથી. વિકારની પર્યાયનો પણ હું જાણનાર છું એમ ન માનતા તેને ફેરવવા માગે છે તે મિથ્યાત્વપૂર્વકનો ક્રોધ છે. સ્વભાવ સન્મુખ ન જતાં પર્યાયને બદલાવવા માગે છે, તે પર્યાયદષ્ટિવંત હોવાથી મિથ્યાદષ્ટિ છે.

જુઓ, પંડિતજીએ કેવી સરસ વાત લીધી છે. ''પરિણતિ છે'' એને શું ફેરવવી છે ? ''શરીરમાં રોગની અવસ્થા છે'' તે પરિણતિ છે, એને શું ફેરવવી છે ? કુટુંબ, સ્ત્રી, લક્ષ્મી, મકાનાદિની પરિણતિ છે અને તારી પરિણતિ પણ છે તે બધી વ્યવસ્થિત થઈ રહી છે. એ વખતે અજ્ઞાનીની રુચિ પોતાના જ્ઞાતાસ્વભાવ ઉપર નથી એટલે તે પરિણતિ ફેરવવા માગે છે પણ તે ફરે નહિ અને આનો મિથ્યાત્વભાવ જાય નહિ. શરીરની, પુસ્તકની, કુટુંબાદિની અવસ્થા જે કાળે જે થવાની તે થવાની, એને ફેરવવાને માટે કોઈ સમર્થ નથી. છતાં અજ્ઞાની તે અવસ્થા ફેરવવા માગે છે તે મિથ્યાત્વ સહિત ક્રોધમાં વર્તે છે.

અનંત આત્માઓ અને અનંત પુદ્ગલો છે એની પરિણતિ ક્રમબદ્ધ થઈ રહી છે. જે પ્રકારે પરિણમતા હોય તે અવસ્થા આત્માને બૂરી લાગે તો તે આત્મા જ્ઞાતા છે એને સમજતો નથી અને તેને પલટાવવા ઇચ્છે છે. એવા ભાવથી અન્ય ચેતન-અચેતન પદાર્થોનું બૂરું થવાની ઇચ્છા થયા કરે છે પણ થવું અથવા ન થવું તે તેના ભવિતવ્ય આધીન છે.

સામાનું ભૂંડું થવું તે તારે આધીન નથી, તેનું ભલું કે બૂરું થવું તે એને પોતાને આધીન છે. છતાં મૂર્ખો મારા કારણે થાય છે એમ માની મફતનો ક્રોધી થઈ રહ્યો છે. પરનું પરિણમન થવું તે તેની યોગ્યતાને કારણે છે તે કાંઈ તારે આધીન નથી. ઘરની કેળવણીના કારણે છોકરાંને કોઈ ખરાબ ટેવ નથી એમ અજ્ઞાની માને છે પણ એમ નથી, કેમ કે એની પરિણતિ એને આધીન છે, તારે આધીન નથી.

અનાદિ અજ્ઞાની આત્મા જાણનાર-દેખનાર છે એની રુચિ કરતો નથી પણ પરની પરિણતિ ફેરવવા માગે છે અને તેથી હેરાન હેરાન થાય છે. છોકરાંને કેળવણી આપવા માગે છે, પૈસા ખર્ચે અને તે બરાબર ભણે નહિ તો તેને દ્વેષ થાય છે અને કદાચ કેળવણી પામે તો પણ તે તારે આધીન કે પૈસાને આધીન નથી પણ એની યોગ્યતાને આધીન છે. ધાર્યા પ્રમાણે ન થાય તો આણગમો કરીને દુઃખી થાય છે. એમ તે ક્રોધના કારણે મિથ્યાચારિત્રરૂપે પરિણમે છે. હવે માનની વાત કરે છે.

માનનો ઉદય થતાં અન્ય પદાર્થો પ્રત્યે અનિષ્ટપણું માની તેને નીચો પાડવા અને પોતે ઊંચો

થવા ઈચ્છે છે પણ તે તેને આધીન નથી. જે જીવો સત્તાપ્રિય પ્રકૃત્તિવાળા હોય છે તે બીજાને હીણા બતાવવા માગે છે તે પરવસ્તુમાં અનિષ્ટપણું માને છે અને પોતાનું માન વધારવા માગે છે. બીજાનું હલકું કરવા માગે છે પણ તે તારે આધીન નથી, એના ભવિતવ્ય આધીન છે. વિષ્ટા, ધૂળ વગેરે અચેતન જડ પદાર્થોમાં દુગંચ્છા કરીને તે હીન છે અને પોતે ઊંચો છે એમ ઈચ્છે છે પણ જડ પદાર્થો કાંઈ દુગંચ્છા કરવા જેવા નથી. છતાં તેના પ્રત્યે નિરાદર કરે છે તે મિથ્યાત્વ સહિત માનકષાય કરે છે. તે માનના કારણે બીજાનું અપમાન કરે છે. મકાન ધૂળવાળા હોય તો અમે આવા મકાનમાં ન રહીએ એમ કહીને મોટાઈ બતાવે છે, પણ ઊંચતા મળવી અને પરની હીનતા થવી તે આત્માને આધીન નથી -આમ અચેતનની વાત કરી. હવે સચેતન પદાર્થની વાત કરે છે.

અન્ય પુરુષાદિ સચેતન પદાર્થોને પોતાની આગળ નમાવવા અથવા પોતાને આધીન કરવા ઈચ્છે છે એટલે કે પોતાનો ભાઈ હોય અને વાંધો પડ્યો હોય તો પહેલાં તે નમવા આવે એમ કહીને મોટાઈ કરવા માગે છે. પણ મોટાઈ થવી તે તારે આધીન નથી. અજ્ઞાની પરપદાર્થને ઈષ્ટ-અનિષ્ટ માનીને તેને પલટાવવા માગે છે, જ્ઞાની પરપદાર્થને ઈષ્ટ-અનિષ્ટ માનીને પરિણમાવવા માગતો નથી. સાસુ વહુને નમાવવા માગે છે, હું મોટી ને તે નાની એમ મોટાઈ માનીને તેને નીચી બતાવવા માગે છે પણ ખરેખર તો કોઈ ઊંચ-નીચ છે જ નહિ. સાસુને વહુ નમે નહિ તો તેને દુઃખ લાગે છે પણ તેને ખબર નથી કે હું સાસુ જ નથી, હું તો આત્મા છું, જાણનાર-દેખનાર છું. વહુ નમતી નથી માટે દુઃખ થાય છે એમ જ્ઞાની માને નહિ. અજ્ઞાની માનનો પ્રેર્યો બીજાને નમાવવા માગે છે તે મિથ્યાત્વ સહિતનું માન છે. શ્રીમદ્દે કહ્યું છે કે :

**તનસે, મનસે, ધનસે, સબસે,**
**ગુરુદેવકી આન સ્વ આત્મ બસે.**

તન, મન અને ધન બધા ઉપરથી પ્રેમ ખેસવીને ગુરુની આજ્ઞા અંતરમાં વસે એટલે એમાં પણ ઉપાદાનની પાત્રતા વર્ણવી છે. શ્રીમદ્દનો ક્ષયોપશમ ઘણો હતો. એમનું હૃદય બીજું હતું. એમના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ કેવા હતા તે એ જાણે, બીજા એની ઓથ લઈને વાત કરે તો તે એને સમજતો નથી. એમણે સ્વભાવને જ મુખ્ય કહ્યો છે એવી એની આજ્ઞા છે. પંચપરમેષ્ઠી પ્રત્યે હરખ-પ્રમોદ આવ્યા વિના રહે નહિ. તેઓ શું કહે છે એને જાણે ત્યારે તેની આજ્ઞા માની કહેવાય છે.

અહીં તો અજ્ઞાની લોકમાં ઊંચો દેખાય તે માટે ધન ખર્ચે, લગ્નાદિમાં પૈસા ખર્ચે, બહારમાં માનને ખાતર ઊંચો દેખાવ કરે અને લગ્નમાં શૃંગારાદિ કરે, વેશ્યાદિને નચાવે અને હેરાન હેરાન થાય. બીજા કરતાં પોતે ઊંચો કેમ દેખાય એવી પ્રવૃત્તિ કરે. બીજાને પૈસા થયા હોય તો તેને અનીતિથી



પૈસા મળ્યા છે એમ કહીને એને નીચો બતાવે છે. અમે ગર્ભશ્રીમંત છીએ અત્યારે ભલે નિર્ધન હોઈએ એમ કહીને પણ માનને સેવે છે. એ પ્રમાણે માન વડે પોતાની મહંતતાની ઈચ્છા તો ઘણી કરે પણ મહંતતા થવી તે ભવિતવ્ય આધીન છે.

પૈસા ખર્ચે છતાં મોટપ થવી કે ન થવી તે તો ભવિતવ્ય આધીન છે. એક શેઠ હતો, તે ઘણાં પૈસા ખર્ચે પણ નાતમાં વખાણ થાય નહિ. એક વખત નાતને જમણ આપેલ અને મિઠાઈ બનાવી હતી એમાં રાત્રે ઊઠીને મોટપ કરાવવા માટે વધારે ઘી નાખવા ગયો પણ અંધારે ઘીને બદલે એરંડિયું આવી ગયું. સવારે નાત જમતી વખતે જોવા નીકળ્યો તો બધા મોઢું ખરાબ કરીને ખરાબ બોલતા હતા. માટે મોટપ થવી તે આત્માને આધીન નથી. છતાં અજ્ઞાની બીજાનું હલકું કરીને પોતાની મોટપ કરવા માગે છે તે મિથ્યાત્વ સહિતનું માન છે.

**કારતક વદ ૬, શુક્રવાર, ૭-૧૧-૫૨.**

આ આત્માનો સ્વભાવ તો જાણવા-દેખવાનો છે, પણ એને ચૂકીને ભ્રાંતિ વડે સંસારાવસ્થામાં કષાયભાવ કરે છે. એની વાત કરતાં ક્રોધ, માન - બે કષાયની વાત આવી ગઈ છે. હવે માયા કષાયની વાત કરે છે.

માયા કષાયનો ઉદય થતાં કોઈ પદાર્થને ઈષ્ટ માની તેને અર્થે નાના પ્રકારરૂપ છળ-પ્રપંચ વડે તે પદાર્થોની સિદ્ધિ કરવા ઈચ્છે છે. માયાની આ સામાન્ય વ્યાખ્યા કરી. હવે વિશેષ પ્રકારથી તેનું વર્ણન કરે છે. રત્ન, સુવર્ણાદિ અચેતન પદાર્થો અથવા સ્ત્રી, દાસી, દાસાદિ સચેતન પદાર્થોની સિદ્ધિ અર્થે અનેક છળ-પ્રપંચ કરે છે. સોંઘા ભાવથી સોનું, ચાંદી આદિ મળતા હોય તો કપટ કરે છે અને તેમાં પોતાનું ડહાપણ માને છે. કપટ કર્યા વગર પૈસો પેદા થતો નથી એમ અજ્ઞાની માને છે પણ પુણ્ય વગર પૈસો મળતો નથી એની એને ખબર નથી. તેથી તે અનેક પ્રકારથી છળકપટ કરે છે પણ તેની પ્રાપ્તિ થવી તે તેને આધીન નથી.

વળી સ્ત્રી આદિ પદાર્થો મેળવવા માટે અછતીને છતી કરીને કપટ કરે છે. દીકરીનું સગપણ કરવું હોય તો મોટીને બદલે નાની બતાવે એમ અનેક પ્રકારે માયા કરે છે. માલ બતાવે બીજો અને આપે બીજો એમ અજ્ઞાની પૈસાની પ્રાપ્તિ અર્થે કપટ કરે છે. કપટ કરીને પરની અવસ્થા કરવા માગે છે તે મિથ્યાદૃષ્ટિ છે, કોઈ પદાર્થની પર્યાય કોઈના કારણે થતી નથી. છતાં અજ્ઞાની બીજા ચેતન-અચેતન પદાર્થોની અવસ્થા બીજાને ઠગવા માટે પલટાવે છે. એ પ્રમાણે ઈષ્ટ સિદ્ધિ અર્થે નાના પ્રકારના માયા કપટને સેવે છે પણ ઈષ્ટની સિદ્ધિ થવી તે ભવિતવ્ય આધીન છે. હવે લોભ કષાયની વાત કરે છે.

લોભ કષાયનો ઉદય થતાં અન્ય પદાર્થને ઈષ્ટ માની તેની પ્રાપ્તિ કરવા ઈચ્છે છે. વસ્ત્ર, આભરણ,

ધન, ધાન્યાદિ અચેતન પદાર્થો તથા સ્ત્રી-પુત્રાદિ ચેતન પદાર્થોની તૃષ્ણા કરે છે. લક્ષ્મી આદિ માટે લોભ કરે છે. પણ તે ચીજો મળવી તે ભવિતવ્ય આધીન છે. પણ હું લોભ કરું છું તો તે મળે છે એમ અજ્ઞાની માને છે. તે મિથ્યાત્વસહિતનો લોભકષાય છે. હવે જરા ઝીણી વાત કરે છે.

વળી પોતાનું અથવા અન્ય સચેતન-અચેતન પદાર્થોનું કોઈ પરિણમન હોવું ઈષ્ટ માની તેને તે પ્રકારના પરિણમનરૂપ પરિણમાવવા ઈચ્છે છે. મારું પરિણમન શુભ હોય પણ અશુભ ન હોય તો ઠીક એમ માનીને તે પોતાનું પરિણમન બદલાવવા માગે છે પણ જડ અને ચેતન બધા પદાર્થોની તથા પોતાની પર્યાયો થાય છે તે ક્રમબદ્ધ થાય છે અને તેનો હું જાણનાર-દેખનાર છું એમ માનતો નથી તેથી તે મિથ્યાદષ્ટિ લોભ કષાયવાળો છે.

ધર્મ તો અંતર્દષ્ટિથી થાય છે, પર્યાયદષ્ટિથી થતો નથી. પર્યાયદષ્ટિ તે મિથ્યાદષ્ટિ છે. મારી પર્યાય ધર્મરૂપે થાય પણ ધર્મરૂપ પર્યાય પર્યાયમાંથી થતી નથી. ધર્મની પર્યાય તો ત્રિકાળ જ્ઞાનસ્વભાવી આત્મા છે એની રુચિ કરવાથી થાય છે. પર્યાય આવી હોય તો ઠીક એવું જેને જોર વર્તે છે તેને સ્વભાવદષ્ટિનું જોર નથી. તે મૂઢ જીવ પર્યાયની ભાવના કરે છે તેને અહીં મિથ્યાચારિત્ર લોભ કહે છે. ત્યાગી થઈને પણ આવા શિષ્ય હોય તો ઠીક એમ માને છે તે બધો મિથ્યા અભિપ્રાય છે. માટે સાચી માન્યતા કરવાની આ વાત છે. પરપદાર્થો કોઈ ઈષ્ટ કે અનિષ્ટ નથી અને પર્યાયમાં જે ક્રોધાદિ થાય છે તે મારો સ્વભાવ નથી. હું તો જ્ઞાતા છું એવી દષ્ટિ કરવી તે ધર્મ છે. અજ્ઞાની પરમાં ઈષ્ટ-અનિષ્ટ માની પરને પરિણમાવવા માગે છે અને પોતાની પર્યાયને ફેરવવા માગે છે તે પર્યાયદષ્ટિ છે. તેને આત્મા જાણનાર-દેખનાર છે એની ખબર નથી. દ્રવ્ય ઉપર દષ્ટિ રાખવી તે ધર્મીનું કર્તવ્ય છે. રાગાદિરૂપ વિકારી પર્યાયનું જ્ઞાન હોય પણ એનો આશ્રય કરવા જેવો નથી.

ધર્મ માટે જળસમાધિ લે છે અને માને છે કે જળસમાધિ કરવાથી મોક્ષ થયા વિના રહે નહિ. વળી, માને છે કે એક વાર મોક્ષને માટે રુદન કરે તો મોક્ષ મળે. વળી દિવસે જે પાપ કર્યા હોય ને રાત્રે આંસુ પાડે તો પાપનો નાશ થાય. પતિને મેળવવા માટે સતી થાય છે તે બધી અજ્ઞાનતા છે. આ બધા અભિપ્રાયવાળા પરને ઈષ્ટ માનીને બદલાવવા માગે છે પણ તેનું પરિણમવું પોતાની આધીન નથી. અને પોતાની પર્યાય જે થઈ રહી છે તેને અજ્ઞાની ફેરવવા માગે છે પણ તે પર્યાય તો ક્રમબદ્ધ થાય છે. એને ફેરવી શકાતી નથી. આ વાત સમજવા જેવી છે.

આત્મા જ્ઞાનસ્વરૂપી છે, તેને ભૂલીને પરમાં અને પર્યાયમાં અહંબુદ્ધિ કરીને સંસારાવસ્થામાં ક્રોધાદિભાવો અનાદિથી અજ્ઞાની કરી રહ્યો છે. આત્માને ભૂલીને પોતાની અને પરની પરિણતિને બદલાવવા માગે છે તે જ મિથ્યાચારિત્રરૂપી લોભ છે. લોભ કરે છે છતાં પરની પ્રાપ્તિ થવી તે તો ભવિતવ્ય આધીન છે.

એ પ્રમાણે ક્રોધાદિ કષાયના ઉદયથી આત્મા પરિણમી જાય છે. આત્મા પોતે ક્રોધાદિરૂપે પરિણમે



છે એમાં કર્મ નિમિત્ત છે. પરનું બૂરું થવું કે ન થવું તે ભવિતવ્ય આધીન છે. માન મળવું તે ભવિતવ્ય આધીન છે, અને ઈષ્ટની સિદ્ધિ થવી તે પણ ભવિતવ્ય આધીન છે. આમ ચાર કષાયની વાત કરી. તે ચાર કષાયના ચાર ચાર પ્રકાર છે.

૧) અનંતાનુબંધી ૨) અપ્રત્યાખ્યાનાવરણીય ૩) પ્રત્યાખ્યાનાવરણીય અને ૪) સંજ્વલન.

૧) 'જે કષાયના ઉદયથી આત્માને સમ્યક્ત્વ અને સ્વરૂપાચરણ ચારિત્ર ન થઈ શકે તે અનંતાનુબંધી કષાય છે.' આત્મા કષાયરૂપે પરિણમે છે તેમાં કર્મ નિમિત્તમાત્ર છે. કર્મના કારણે કષાય નથી. જ્ઞાતા સ્વભાવની અરુચિ અને પુણ્ય-પાપની રુચિ તે સમ્યક્ત્વને રોકે છે. આત્માની પ્રતીતિ ન હોય તેની સાથે અનંતાનુબંધી કષાય હોય છે અને તેથી સ્વરૂપાચરણ ચારિત્ર થતું નથી. આત્મામાં સમ્યગ્દર્શન થાય છે ત્યારે સ્વરૂપાચરણ ચારિત્ર થાય છે. તે વડે અંશે શાંતિ થાય છે. તેવી શાંતિ પ્રગટ ન થાય તેને અનંતાનુબંધી કષાય છે.

૨) 'જે કષાયના ઉદયથી આત્માને દેશચારિત્ર પ્રાપ્ત ન થાય તથા જેથી કિંચિત્ પણ ત્યાગ ન થઈ શકે તે અપ્રત્યાખ્યાનાવરણ કષાય છે.' પાંચમા ગુણસ્થાનમાં આત્માની શાંતિ-અકષાયભાવ વધે છે. જો આત્મામાં અંશે સ્થિરતા ન દેખાતી હોય તો તેને અપ્રત્યાખ્યાનાવરણ કષાયનું નિમિત્ત મોજુદ છે.

૩) 'જે કષાયના નિમિત્તે સકળ ચારિત્ર ન હોય જેથી સર્વ ત્યાગ ન બની શકે તે પ્રત્યાખ્યાનાવરણ કષાય છે.' આત્માના અવલંબને અંતર વિશેષ શાંતિ પ્રગટ થઈને છઠ્ઠી-સાતમી ભૂમિકા પ્રગટે નહિ તેમાં પ્રત્યાખ્યાનાવરણ નિમિત્ત છે. નગ્ન દિગંબર મુનિપણું પ્રગટ ન થવામાં આ ત્રીજો કષાય નિમિત્ત છે. ચાર કષાયોમાં પહેલો કષાય તીવ્ર છે અને બીજા ઉત્તરોત્તર મંદ, મંદતર, મંદતમ છે. ચારે કષાયમાં તારતમ્યતા છે. આત્માના ભાનપૂર્વક અંતર્લીનતાપૂર્વક મુનિદશા હોય છે તે જેને નથી તેને પ્રત્યાખ્યાનાવરણ કષાય નિમિત્ત હોય છે.

૪) 'જે કષાયના ઉદયથી સકળ ચારિત્રમાં દોષ ઊપજ્યા કરે જેથી યથાખ્યાત ચારિત્ર ન થઈ શકે તે સંજ્વલન કષાય છે.' પૂર્ણ ચારિત્રદશા પ્રગટ ન થાય તેને સંજ્વલન કષાયનું નિમિત્ત છે. આત્માનો ગુણ થોડો બળે તેને સંજ્વલન કષાય કહેવાય છે. અનંત સંસારનું કારણ અનંતાનુબંધી કષાય છે. આત્મામાં દેશચારિત્ર પ્રગટ ન થવા દેવામાં નિમિત્ત છે તે અપ્રત્યાખ્યાનાવરણ કષાય છે. સકળચારિત્ર પ્રગટ ન થાય એમાં જે કષાય નિમિત્ત છે તે પ્રત્યાખ્યાનાવરણ કષાય છે. અને યથાખ્યાત ચારિત્ર પ્રગટ ન થવામાં સંજ્વલન કષાય નિમિત્ત છે. આ ચારે કષાય આત્માના ગુણોને ઘાતવામાં નિમિત્ત છે.

હવે અનાદિ સંસારાવસ્થામાં એ ચારે કષાયોનો નિરંતર ઉદય હોય છે. અનંતકાળ તો આત્મા નિગોદમાં જ રહ્યો છે. જેમ ચણા શેકે છે ત્યારે કોઈ દાણો બહાર નીકળી જાય એમ કોઈક જીવ

નિગોદમાંથી નીકળી મનુષ્યાદિ થાય છે. ત્યાં પરમ કૃષ્ણ લેશ્યારૂપ તીવ્ર કષાય હોય ત્યાં પણ તથા શુક્લ લેશ્યારૂપ મંદ કષાય હોય ત્યાં પણ નિરંતર એ ચારે કષાયોનો ઉદય હોય છે. નરકમાં જવાના ભૂંડા ભાવ હોય છતાં તે વખતે પણ સંજ્વલન કષાયનો ઉદય હોય છે અને શુક્લ લેશ્યાવાળાને ઘણો મંદ કષાય હોય છે છતાં ત્યાં અનંતાનુબંધીનો ઉદય હોય છે. કુદેવાદિની શ્રદ્ધા છોડી હોય, શુક્લ લેશ્યા હોય અને નવમી ગ્રૈવેયક સુધી જાય એવો ભાવ અનંતવાર કર્યો છે પણ તે વખતે પણ અનંતાનુબંધીની તીવ્રતા હોય છે -તેમ કહેવા માગે છે. આત્માનું ભાન નથી તેથી ચારે કષાયનો ઉદય શુભ કે અશુભભાવ વખતે નિરંતર હોય છે.

## કારતક વદ ૭, શનિવાર, ૮-૧૧-૫૨.

ચાર કષાયોરૂપે આત્મા પરિણમે છે એની વાત અહીં ચાલે છે. કષ એટલે સંસાર અને આય એટલે લાભ, સંસારમાં પરિભ્રમણનો લાભ જે ભાવથી થાય તેને કષાય કહેવામાં આવે છે.

આત્માનું સ્વરૂપ ચિદાનંદ વીતરાગી છે, કષાય તે આત્માનો સ્વભાવ નથી, કષાય તો આત્માની શાંતિને લૂંટનાર છે, આ ચાર કષાય તો આત્માના ગુણનો ઘાત કરે છે. મિથ્યાદષ્ટિને આ ચારે કષાયોનો નિરંતર ઉદય હોય છે. અનંતાનુબંધી કષાયનો નાશ થતાં આત્માનું ભાન થયા પછી બીજા ત્રણ કષાયો હોવા છતાં તે પહેલાં જેવા તીવ્ર હોતા નથી, પણ અનાદિ સંસારાવસ્થામાં એ ચારે કષાયોનો નિરંતર ઉદય હોય છે. આત્માની રુચિ ન કરતાં પરની રુચિ કરવી તેને અનંતાનુબંધી કષાય છે. આત્મામાં અંશે સ્થિરતા ન થવા દે, તે અપ્રત્યાખ્યાનાવરણીય કષાય છે. આત્મામાં સકળ ચારિત્રરૂપ સ્થિરતા ન થવા દે, તે પ્રત્યાખ્યાનાવરણીય કષાય છે અને સંપૂર્ણ સ્થિરતા થઈ યથાખ્યાત ચારિત્ર થાય છે તેને ન થવા દેવામાં નિમિત્ત જે કષાય છે તે સંજ્વલન કષાય છે.

ચિદાનંદ આત્મા ધ્રુવ છે એના અવલંબને જે પર્યાય પ્રગટ થાય છે તે ધ્રુવ છે એવી ને એવી રહે છે એ અપેક્ષાએ ધ્રુવ કહેલ છે અને અધ્રુવ પદાર્થોના અવલંબને કે પર્યાયના અવલંબને ઉત્પન્ન થયેલી પર્યાય તે અધ્રુવ છે. ચિદાનંદ ધ્રુવના અવલંબને મોક્ષ પર્યાય પ્રગટે તે પાછી સંસાર પર્યાયરૂપે થતી નથી, કષાય તો અસ્થિર છે અને આત્મા અકષાયી ધ્રુવ છે, ધ્રુવના અવલંબને ઉત્પન્ન થાય તે પરમાત્મદશા છે. અને કષાય જે અધ્રુવ છે તેના અવલંબને ઉત્પન્ન થાય તે સંસારદશા છે. સંસારનો નાશ થઈ જેને પરમાત્મદશા થઈ તેવા પરમાત્મા કહે છે કે મિથ્યાત્વદશામાં ચારે કષાયોનો ઉદય હોય છે.

મિથ્યાત્વ ગયા પછી ત્રણ કષાયો રહે છે એમાં પહેલાંના જેવા કષાયો તીવ્ર હોતા નથી, મિથ્યાત્વીને કૃષ્ણ લેશ્યાના પરિણામ હોય અથવા તો શુક્લ લેશ્યાના પરિણામ હોય છતાં ત્યાં ચારે કષાયોનો નિરંતર ઉદય હોય છે. જેમ પાણીમાં પડેલા માણસને જેટલો ઊંડો જઈને બડબડિયા બોલે તેટલા પ્રમાણમાં બહારમાં દેખાય છે તેમ આત્મામાં ચાર પ્રકારના કષાય છે. તેમાં ઊંડેથી મિથ્યાત્વ સહિતના



પરિણામમાં જે કષાય હોય છે તેને અનંતાનુબંધી કષાય કહે છે અને સમ્યક્દર્શન પછી ઉત્તરોત્તર જે ત્રણ કષાયો છે તેની મંદતા હોય છે.

અહીં તો કહે છે કે મિથ્યાદષ્ટિને કૃષ્ણ લેશ્યા વખતે પણ સંજ્વલનનો ઉદય હોય છે અને શુક્લ લેશ્યા એટલે પંચમહાવ્રત, દયા-દાન-ભક્તિ આદિના શુભભાવ વખતે પણ અજ્ઞાનીને અનંતાનુબંધી આદિ ચારે કષાયોનો ઉદય હોય છે કેમ કે ધ્રુવ આત્મદ્રવ્ય છે એની દષ્ટિ એને થઈ નથી.

આત્મા ધ્રુવ પદાર્થ છે તે અકષાયરૂપ છે એની રુચિ થઈ નથી તેને એકેય કષાયનો અભાવ થયો નથી. અનંતાનુબંધી આદિના ભેદ છે તે તીવ્ર-મંદતાની અપેક્ષાએ નથી પણ આત્માના ગુણના ઘાતની અપેક્ષાએ છે. આગળ પાને ૩૩૭માં આ વાત આવશે.

અહીં કૃષ્ણ લેશ્યા વખતે અને શુક્લ લેશ્યા વખતે ચારે કષાયનો મિથ્યાદષ્ટિને નિરંતર ઉદય હોય છે તે વાત કહે છે. છ માણસોને કેરી જોવે છે તે આંબા પાસે જાય છે અને છ એ જણના પરિણામમાં ફેર છે. એક આંબાને મૂળમાંથી કાપવાના પરિણામ કરે છે તે કૃષ્ણ લેશ્યા છે, અને ઉત્તરોત્તર મંદ પરિણામ થતાં થતાં અતિ મંદ પરિણામ થાય તે શુક્લ લેશ્યા છે. એવી શુક્લ લેશ્યા દ્રવ્યલિંગી મિથ્યાદષ્ટિને હોય છે. પણ ચાર કષાયમાંથી એક પણ કષાયનો અભાવ એને થયો નથી, જેને આત્માની રુચિ નથી તથા સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કોણ છે એની પણ જેને ખબર નથી એવો તીવ્ર મિથ્યાદષ્ટિ મંદ કષાયરૂપ પરિણામ કરે પણ તેને અનંતાનુબંધી આદિ ચારે કષાયોનો ઉદય નિરંતર વર્તે છે.

આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એના અવલંબને શાંતિ અને ધર્મ થાય એવું જે બતાવે તે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર છે એનાથી વિરુદ્ધ જે કહે તે ગુરુ સાચા નથી, કેમ કે તેને અનંતાનુબંધી આદિ ચારે કષાયનો ઉદય વર્તે છે. તેને કદાચ કષાયની મંદતા હોય પણ કષાય રહિત આત્માને જાણ્યો ન હોવાથી તે સાચા ગુરુ નથી.

સિદ્ધ પરમાત્મા અને કેવળી ભગવાન કે જેમણે અનંત આનંદની પર્યાય પ્રગટ કરી છે તેમનો આદર કોણે કર્યો કહેવાય ? કે જે પોતાને વર્તમાન અલ્પજ્ઞ પર્યાય હોવા છતાં તેનો આદર ન કરે પણ સ્વભાવ જ્ઞાયક પૂર્ણ છે એનો જ આદર કરે, તેના અવલંબન વિના સિદ્ધોનો યથાર્થ આદર થઈ શકે નહિ. હે નાથ ! તમો પરમાત્મા આદરણીય અને સત્કાર કરવા યોગ્ય છો, તે ક્યાંથી કહે છે ? શું શુક્લ લેશ્યાના પરિણામ થયા એનાથી આદર કરે છે ? ના, સિદ્ધોનો આદર કરે પણ જો આત્માનો આદર નથી તો તેને શુક્લ લેશ્યાનો આદર છે, એટલે કે સંસારનો આદર છે પણ સિદ્ધોનો તે ખરેખર આદર કરતો નથી. આ ચૈતન્યમૂર્તિ આત્મા છે તેનું માપ ચાલે છે. જો શુક્લ લેશ્યાથી પરમાત્માનું માપ કાઢીશ તો ખરેખર માપ આવશે નહિ પણ ધ્રુવ આત્મા ચૈતન્ય અચળ છે એના અવલંબને સિદ્ધોનું માપ કાઢે તો ધ્રુવ અચળ સિદ્ધપર્યાય પ્રગટ થાય.

આત્મવસ્તુ ધ્રુવ અકષાયી છે અને વર્તમાન પર્યાય તે કષાયરૂપ છે. તે પર્યાયમાં શુક્લ લેશ્યા હોય તેનો આદર કરે પણ ધ્રુવસ્વભાવનું અવલંબન ન કરે તેને ચારે કષાયનો ઉદય વર્તે છે. આત્મા વસ્તુ નિર્વિકલ્પરૂપ ધ્રુવ ચૈતન્યસ્વભાવી છે, એનો આશ્રય જેને થયો નથી તેને કદાચ અનંતાનુબંધી કષાયની મંદતા હોય તો પણ તે અનંત કષાય છે -કેમ કે અનંત સંસારમાં કાંઈ પણ ઓછું થયું નથી. એટલે કે તેને એક ભવ પણ ઓછો થતો નથી. માટે મંદ કષાય વખતે પણ અનંતાનુબંધીનો ઉદય છે એમ કહેલ છે. કદાચ શુભભાવ થયો તો પણ તે કષાય છે તેથી તે સંસારનો લાભ આપે છે. તેમાં વર્તમાન પર્યાયની અપેક્ષાએ મંદતા-તીવ્રતા કહેવાય છે પણ આત્માની રુચિ નથી અને પરની રુચિ છે એટલે એને અનંત સંસાર જ છે. અશુભભાવ થયો એને અનંતાનુબંધી કષાય કહેવો એમ નથી અને શુભભાવ થયો એને સંજ્વલન કષાય કહેવો એમ નથી. કેમ કે તીવ્ર-મંદતાની અપેક્ષાએ તે ભેદો નથી પણ સમ્યક્ત્વાદિ ગુણો ઘાતવાની અપેક્ષાએ એ ભેદ છે.

ચાર પ્રકારના કષાયના જે ભેદ બતાવ્યા છે તેનો ખુલાસો કરે છે. આત્મા જ્ઞાયકમૂર્તિ છે, તેનો આદર ન કરવો અને શુભભાવનો આદર કરવો તેને ભગવાન ઉપર પ્રીતિ હોય તો પણ નિજ આત્મભગવાન ઉપર પ્રીતિ નથી, તેથી તેને અનંતાનુબંધી કષાય જ છે. શુભભાવ છે માટે કષાય છે તે સંજ્વલન કષાય છે એમ નથી. વળી અશુભભાવ કરે છે માટે અનંતાનુબંધી છે એમ પણ નથી, પણ આત્માની રુચિ છોડી ને પરની રુચિ કરે છે એમાં અનંતાનુબંધી કષાયનો ઉદય છે. આ સિવાય બીજી કોઈ વાત ઊલટી કહેતા હોય તો તે સત્ય નથી, આ એક જ વાત સત્ય છે- એ ફરે એમ નથી. અજ્ઞાની ભક્તિ આદિના પરિણામ કરે પણ તેને સંસાર જરા પણ ઓછો થતો નથી.

સંસારના એટલે સ્ત્રી-કુટુંબ આદિના અશુભભાવ ન કરતાં કદાચ દયા-દાનાદિના શુભભાવ કરે પણ તે શુભભાવના આશ્રયે કે તે ભાવો કરતાં કરતાં આત્મામાં ધર્મ પ્રગટશે એમ જે માને છે તેને આત્માનું અવલંબન કદી થશે નહિ, તેને આત્મામાં શાંતિ કદી મળશે નહિ અને એનો એક પણ ભવ ઓછો થશે નહિ. તેથી તેને શુભભાવ વખતે પણ અનંતાનુબંધીનો ઉદય છે એમ કહેલ છે. સમ્યક્ત્વ થતાં ત્રણ કષાયનો ઉદય રહે છે, અંશે સ્થિરતા થતાં બે કષાયનો ઉદય હોય છે અને વિશેષ સ્થિરતા થતાં ત્રણ કષાયનો અભાવ થાય છે અને યથાખ્યાત ચારિત્ર થતાં ચારે કષાયોનો અભાવ થાય છે. આત્મામાં તીવ્ર ક્રોધાદિ થાય છે ત્યારે કષાયની પ્રકૃતિઓનો તીવ્ર ઉદય કહેવાય છે અને મંદ કષાયમાં મંદ ઉદય કહેવાય છે. અને સમ્યગ્દર્શન પ્રગટ કરી મોક્ષમાર્ગ પ્રગટ થતાં ક્રમે ક્રમે કષાયનો અભાવ થાય છે.

### કારતક વદ ૮, રવિવાર, ૯-૧૧-૫૨.

આ સંસારાવસ્થાનું નિરૂપણ છે. ચારિત્રમોહના નિમિત્તે આત્માની પર્યાયમાં ક્રોધાદિ કષાયો



થાય છે તેની વાત ચાલે છે. આત્મા ત્રિકાળ શુદ્ધ છે અને પર્યાયમાં સંસાર છે એમ જાણીને સ્વભાવદૃષ્ટિ કરે તો મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. તે મોક્ષમાર્ગ ક્યાં હોય ? શરીરમાં હોય ? રાગમાં હોય? દ્રવ્યમાં હોય કે ગુણમાં હોય ? તો કહે છે કે આત્માની પર્યાયમાં મોક્ષમાર્ગ હોય છે, અને મોક્ષ પણ પર્યાયમાં થાય છે. પરમાં અને પરના કારણે થતો નથી અને ત્રિકાળી દ્રવ્ય-ગુણમાં પણ મોક્ષમાર્ગ થતો નથી. દ્રવ્ય-ગુણ જે ધ્રુવ છે એમાં સંસાર અવસ્થા નથી. જો દ્રવ્યમાં સંસાર હોય તો સંસાર ટળવાનો પ્રસંગ રહેતો નથી માટે સંસાર અને મોક્ષ આત્માની પર્યાયમાં હોય છે.

ભગવાનને શરણે જાય-ભગવાનને ખોળે બેઠો એને શી ચિંતા ? એમ કહે તો તેનો અર્થ - ભગવાન કોઈને કાંઈ આપતા નથી પણ પોતે આત્મા પોતાના સ્વભાવનો આશ્રય કરીને મોક્ષમાર્ગ પ્રગટ કરે છે તે વ્યવહારથી ભગવાનને આરોપ આપે છે. અહીં તો કહે છે કે જેને આત્માનું ભાન નથી તે જીવ પુણ્ય કરે તો પણ અનંત સંસાર છે અને પાપ કરે તો પણ અનંત સંસાર છે, કેમ કે તેને નિરંતર અનંતાનુબંધીનો ઉદય હોય છે. મોક્ષમાર્ગ થતાં અનંતાનુબંધી કષાયનો અભાવ થાય છે. પાંચમા ગુણસ્થાને બે કષાયનો અભાવ થાય છે, છઠ્ઠે ત્રણ કષાયનો અને યથાખ્યાત ચારિત્ર થતાં ચારે કષાયનો અભાવ થાય છે. હવે ક્રોધ, માન, માયા, લોભ જે થાય છે તેની મુખ્યતા અને ગૌણતા બતાવે છે.

વળી એ ક્રોધાદિ એટલે ક્રોધ, માન, માયા, લોભ એ ચારે કષાયમાંથી એક કાળમાં કોઈ એક જ કષાયનો ઉદય હોય છે. ક્રોધ હોય ત્યારે માન આદિ ન હોય અને માન હોય ત્યારે માયા આદિ ન હોય. એ કષાયોમાં પણ એકબીજામાં પરસ્પર કારણ-કાર્યપણું વર્તે છે. કોઈ વેળા ક્રોધથી માનાદિ થઈ જાય છે. કોઈ વેળા માનથી ક્રોધાદિ થઈ જાય છે, તેથી પરસ્પર એ કષાયોમાં કોઈ વેળા ભિન્નતા ભાસે છે તથા કોઈ વેળા ભિન્નતા ભાસતી નથી. આ પ્રમાણે કષાયરૂપ પરિણમન થાય છે. આ રીતે સંસારદશામાં મિથ્યાત્વભાવ સહિત અનાદિથી કષાયનું પરિણમન થઈ રહ્યું છે. આત્મા પોતે દોષ કરે છે. કોઈ કર્મ દોષ કરાવતું નથી. એ રીતે સોળ કષાયની વાત કરી. હવે નવ નોકષાયની વાત કરે છે. આ સંસારદશા છે કે નહિ ? એમ પહેલાં જ્ઞાન જ કરે નહિ તો તે સંસારદશાથી રહિત આત્મા ત્રિકાળ શુદ્ધ છે અને એના આશ્રયે સંસાર રહિત થવાય છે એવો પુરુષાર્થ પ્રગટ થતો નથી. માટે સંસારદશાનું જ્ઞાન કરવું જોઈએ.

વળી ચારિત્રમોહના નિમિત્તે આત્મામાં નોકષાયની પરિણતિ થાય છે. એમાં (૧) હાસ્યના ઉદયથી કોઈ ઠેકાણે ઈષ્ટપણું માની પ્રફુલ્લિત થાય છે, હર્ષ માને છે. (૨) રતિના ઉદયથી કોઈને ઈષ્ટ માની તેનાથી પ્રીતિ કરે છે-ત્યાં આસક્ત થાય છે. (૩) અરતિના ઉદયથી કોઈને અનિષ્ટ માની અપ્રીતિ કરે છે-તેનાથી ઉદ્વેગ પામે છે, પ્રીતિ-અપ્રીતિના બન્ને ભાવ દુઃખરૂપ જ છે. બીજાને વધારે પૈસા દેખી અપ્રીતિ કરીને ઉદ્વેગ પામે છે. (૪) શોકના ઉદયથી કોઈમાં અનિષ્ટપણું માની

દિલગીર થાય છે-ખેદ પામે છે. છોકરો ખરાબ થયો છે-એ વગેરે માની શોક કરે છે. (૫) ભયના ઉદયથી કોઈને અનિષ્ટ માની તેનાથી ડરે છે અને તેનો સંયોગ ઈચ્છતો નથી. (૬) જુગુપ્સાના ઉદયથી કોઈ પદાર્થમાં અનિષ્ટપણું માની તેની ઘૃણા-તિરસ્કાર કરે છે અને તેનો વિયોગ થવો ઈચ્છે છે, આત્મા દુગંછાના ભાવ કરે છે એમાં જુગુપ્સા કષાયનું નિમિત્ત છે, તેથી તિરસ્કારભાવ થાય છે. અને શરીર સડી જાય ને ગંધાય છે ત્યારે એની દુગંછા કરે છે પણ એ તો જડની પર્યાય છે. અજ્ઞાની તેની દુગંછા કરી તેને દૂર કરવા માગે છે.

વેદના ઉદયથી કામ પરિણામ થાય છે, તે સામાન્ય વાત કરી. ત્યાં (૭) સ્ત્રીવેદના ઉદયથી પુરુષ સાથે રમવાની ઈચ્છા થાય છે. (૮) પુરુષવેદના ઉદયથી સ્ત્રી સાથે રમવાની ઈચ્છા થાય છે અને (૯) નપુંસકવેદના ઉદયથી એકસાથ બન્નેની સાથે રમવાની ઈચ્છા થાય છે. આ રીતે ચારિત્રમોહના નિમિત્તે આત્માનું પરિણમન થાય છે. આ નવ નોકષાયો છે તે ક્રોધાદિ જેવા બળવાન નથી તેથી એને નો અર્થાત્ ઈષત્ (અલ્પ) કષાય કહેવામાં આવે છે. અહીં 'નો' શબ્દ ઈષત્‌વાચક જાણવો. એ નોકષાયનો ઉદય ક્રોધાદિની સાથે યથાસંભવ હોય છે.

એ પ્રમાણે ઉપર કહેલા દર્શનમોહ અને ચારિત્રમોહના ઉદયથી મિથ્યાત્વ તથા કષાયભાવ થાય છે. દેહમાં, ઈંદ્રિયમાં અને પરમાં સુખ માને છે, એ જ અનાદિ સંસારનું મૂળ છે અને સમ્યગ્દર્શનાદિ ધર્મનું મૂળ છે. મિથ્યાત્વ તે સંસારનું મૂળ છે, એમાંથી સંસાર ફાલે છે. વળી વર્તમાનકાળે પણ જીવ એના જ ઉદયથી દુઃખી થાય છે. અને ભાવી સંસારના કારણરૂપ કર્મબંધનનું મૂળ કારણ પણ એ જ છે, એનું જ બીજું નામ મોહ તથા રાગદ્વેષ છે. ત્યાં મિથ્યાત્વનું નામ મોહ છે. કારણ કે તેના ઉદયમાં આત્મસાવધાનતાનો અભાવ હોય છે. ભ્રાંતિ કરે છે તેથી તેને આત્માના સ્વભાવની સાવધાનતા રહેતી નથી. તે જ મોહ છે. પુણ્યને ધર્મ માને તે પણ આત્માની અસાવધાની છે, અને વિકારમાં સાવધાનપણું છે. અનુકૂળ નિમિત્ત હોય તો ઠીક થાય તેવી રુચિ સ્વભાવની અસાવધાનતા બતાવે છે. કોઈ કહે છે કે કાંટાથી કાંટો નીકળે છે તેમ વ્યવહારથી વ્યવહારનો અભાવ થાય છે -એમ માનીને સ્વરૂપની અસાવધાની કરે છે. કોઈ મરણપથારીએ પડ્યો હોય અને અસાધ્ય થઈ જાય તો તેને કાંઈ ભાન રહેતું નથી તેમ અજ્ઞાની અસાધ્ય છે. તેને આત્માની અસાવધાની છે.

શરીર સારું હોય તો ધર્મ થાય, પુણ્યથી ધર્મ થાય તે ત્રિદોષવાળો સન્નિપાતિયો છે. તેને આત્માના સ્વરૂપની સાધ્ય નથી. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્રરૂપી ત્રિદોષ તેને લાગુ પડ્યો છે તે પછી ભલે દુનિયામાં ડાહ્યો કહેવાતો હોય, પંડિતાઈ કરતો હોય પણ તેને આત્માની અસાવધાની હોવાથી અસાધ્ય છે. જેમ કોઈ દીકરીને મા કહે અને માને દીકરી કહે તો તેને અસાધ્ય કહેવાય છે, કાંઈનું કાંઈ બોલાઈ જાય તો તેને સાધ્ય નથી એમ કહે છે. તેમ આત્મા તો સાધ્યવાળો હોવા છતાં ભ્રાંતિને લઈને અસાધ્ય થઈ ગયો છે અને જેમ તેમ બકે છે. પુણ્યથી ધર્મ થાય, વ્યવહાર કરતાં કરતાં કલ્યાણ થઈ જશે એમ બબડે છે તે અસાધ્ય છે.



જ્ઞાન અને આનંદ તે તારો સ્વભાવ છે, એને બદલે પરથી જ્ઞાન અને આનંદ માને તે અસાધ્ય રોગમાં ઘેરાઈ ગયા છે. આ મોહની વ્યાખ્યા છે. મોહનો અર્થ નિષ્ફળ છે. મોહવાળાને આત્માનું ફળ મળતું નથી. ચૈતન્ય સ્વયં જ્ઞાનાનંદ હું છું એની પ્રતીતિ કરતો નથી અને પરને લઈને કલ્યાણ થાય એમ માને તે સ્વરૂપની અસાવધાનીવાળો છે. અનાજ મળે, વસ્ત્ર મળે, બહારમાં અનુકૂળતા મળે તો આપણે સુખી થઈએ એમ માનનાર અસાધ્ય રોગી છે -તેથી તે દુઃખી છે. એ રીતે મોહની વાત કરી. હવે રાગ-દ્વેષની વાત કરે છે.

વળી માયા, લોભ એ બે કષાયો તથા હાસ્ય, રતિ અને ત્રણે પ્રકારના વેદના પરિણામ થાય છે તે રાગ છે, કારણ કે એના ઉદયમાં ઈષ્ટબુદ્ધિ થઈ અનુરાગ પ્રવર્તે છે તથા ક્રોધ-માન એ બે કષાય અને અરતિ, શોક, ભય, જુગુપ્સા -એ બધાનું નામ દ્વેષ છે, કારણ કે એના ઉદયથી આત્મામાં અનિષ્ટબુદ્ધિ થઈ દ્વેષ થાય છે. આ રીતે મોહ-રાગ-દ્વેષની વાત કરી. સામાન્યપણે રાગ-દ્વેષ-મોહ એ ત્રણેનું નામ મોહ છે કારણ કે એ બધાના નિમિત્તમાં સર્વત્ર અસાવધાનતા જ હોય છે. જેમ દર્શનમોહના નિમિત્તે અસાવધાની છે એમ ચારિત્રમોહના નિમિત્તે જેટલા રાગદ્વેષ થાય છે તે પણ આત્માનું અસાવધાનપણું છે. આત્મા જ્ઞાનાનંદ છે એની શ્રદ્ધા કરીને લીનતા ન કરે તેટલી અસાવધાનતા છે, ક્રોધાદિ થાય છે તે પણ અસાવધાનતા છે. ''સમય વર્તે સાવધાન'' કહે છે -એમ અત્યારે સમજવાના ટાણાં મળ્યા છે તો હવે સાવધાન થા. જો અત્યારે સમજીશ નહિ તો આ મનુષ્યભવ મળ્યો છે તે ચાલ્યો જશે, ફરી મળશે નહિ. માટે કહે છે કે અનાદિથી અજ્ઞાની જીવને મિથ્યાત્વ અને કષાયના કારણે આત્માનું અસાવધાનપણું છે.

થોડો પણ વિકાર છે તે આત્માને સુખદાયક માને અને દુઃખદાયક ન માને તો તેને ક્ષયરોગ લાગુ પડ્યો છે એમ માનવું. જેમ તાવ ૯૯ ડીગ્રી રહેતો હોય તે થોડા માસ રહે ને તેને સારો માને તો તે ક્ષયરોગનું લક્ષણ છે એમ શુભભાવ તે સારો છે એમ જેની માન્યતા છે તેને આત્માનો ક્ષયરોગ લાગુ પડ્યો છે. આ રોગ અનાદિનો લાગુ પડ્યો છે એમ અહીં બતાવે છે. તે સંસાર છે. સંસાર પરમાં નથી પણ પોતાની પર્યાયમાં સંસાર છે અને તે દુઃખરૂપ છે. રોગ લાગુ પડ્યો છે તેમ જાણે તો તેને ટાળવાનો પ્રયાસ કરે. માટે રોગ લાગુ પડ્યો છે એમ પ્રથમ માન અને વિકાર દુઃખદાયક છે અને સ્વભાવ સુખદાયક છે એમ પ્રથમ સાવધાન તો થા -એમ કહે છે. આ રીતે દર્શનમોહ અને ચારિત્રમોહના ઉદયથી થતી અવસ્થાની વાત થઈ. હવે અંતરાયકર્મની વાત કરે છે.

## અંતરાયકર્મોદયજન્ય અવસ્થા

અંતરાયકર્મના નિમિત્તે જીવ ઈચ્છે છે તે થતું નથી. (૧) આત્મા પોતે અંતરાયના નિમિત્તમાં જોડાય છે એટલે દાન દેવાની ઈચ્છા થતી નથી એને દાન આપવા ઈચ્છે પણ આપી શકે નહિ

એમ કહેલ છે. તૃષ્ણા ઘટાડવાનો ભાવ કરતો નથી તેમાં અંતરાયકર્મ નિમિત્ત છે. દોષ તો પોતે કરે છે, અંતરાયકર્મ દોષ કરાવતું નથી તે દાનાનંતરાયની વાત કરી.

(૨) વસ્તુની પ્રાપ્તિ ઈચ્છે પણ થાય નહિ, પૈસાની ઈચ્છા કરે પણ પુણ્ય વગર મળે નહિ. પુણ્ય ફરે ત્યારે પૈસા હોય તે પણ ચાલ્યા જાય છે એમાં અંતરાયકર્મ નિમિત્ત છે.

(૩) ભોગ ભોગવવા ઈચ્છે પણ ભોગવી શકે નહિ. પોતે ભાવ કરે પણ વસ્તુ ભોગવી શકે નહિ. એમાં આત્માનો પુરુષાર્થ કામ કરે નહિ. પૂર્વ પ્રારબ્ધ જ એવું બાંધ્યું હોય તેથી વસ્તુને ભોગવી શકે નહિ.

(૪) ઉપભોગ લેવા ઈચ્છે પણ લેવાય નહિ. વારંવાર જે ચીજને ભોગવે તેને ઉપભોગ કહે છે. અહીં પરવસ્તુને ભોગવવાની વાત નથી પણ આત્મામાં અંતરાયના નિમિત્તે જેટલો ઉદય હોય છે તેના પ્રમાણમાં ભોગવી શકતો નથી.

(૫) પોતાની જ્ઞાનાદિ શક્તિને પ્રગટ કરવા ઈચ્છે પણ તે પ્રગટ થાય નહિ. જ્ઞાન પ્રગટ કરવાની ઈચ્છા કરવાથી જ્ઞાન પ્રગટે નહિ કેમ કે ઈચ્છા તો રાગ છે, રાગથી જ્ઞાન થાય નહિ. જ્ઞાન પ્રગટ કરવાનો પુરુષાર્થ કરતો નથી માટે થતું નથી. એ પ્રમાણે અંતરાયકર્મના ઉદયથી પોતે જે ઈચ્છે તે થતું નથી, પણ એના ક્ષયોપશમથી, ઈચ્છા કરતાં પણ કિંચિત્‌માત્ર પ્રાપ્ત થાય છે. અર્થાત્ ઈચ્છા તો ઘણી છે પરંતુ એ ઈચ્છેલું કિંચિત્‌માત્ર મળે છે. ઘણું દાન દેવા ઈચ્છે પણ થોડું જ દઈ શકે, ઘણો લાભ ઈચ્છે પણ થોડો જ લાભ થાય, જ્ઞાનાદિક શક્તિ પ્રગટ થાય છે ત્યાં પણ અનેક બાહ્ય કારણની જરૂર પડે છે. બાહ્ય કારણો વિઘ્નમાં નિમિત્ત થાય છે, ને અંતરાયકર્મના ઉદયે આત્માની શક્તિ હણાવાની એવી જ યોગ્યતા હોય છે -એમ કહેવું છે. આ પ્રમાણે ઘાતિકર્મોના નિમિત્તે આત્માની અનેક અવસ્થા થાય છે. હવે અઘાતિકર્મના નિમિત્તે આત્મામાં કેવી અવસ્થા થાય છે તે કહે છે.

## વેદનીયકર્મોદયજન્ય અવસ્થા

તે કર્મના ઉદયથી શરીરાદિમાં અનેક પ્રકારના અનુકૂળ-પ્રતિકૂળ સંયોગો આવે છે. આ અઘાતિકર્મ છે તેથી તેના નિમિત્તે બાહ્યમાં અનેક પ્રકારના સુખદુઃખના નિમિત્તો મળે છે, તે સામાન્ય વાત કરી. હવે શાતા-અશાતાના ભેદ પાડીને તેના નિમિત્તે કેવા સંયોગો મળે છે તે કહેશે.

## કારતક વદ ૮ (દ્વિ), સોમવાર, ૧૦-૧૧-૫૨.

આજ દિને સવારે શ્રી સમયસારજી હરિગીતની સ્વાધ્યાય થઈ હતી.



## કારતક વદ ૯, મંગળવાર, ૧૧-૧૧-૫૨.

અંતરાય કર્મોદયજન્ય અવસ્થાની વાત થઈ ગઈ. આત્મામાં દાન, લાભ, ભોગ, ઉપભોગ ને વીર્યની જેટલી લબ્ધિ ઉઘડી હોય તે પ્રમાણે કામ કરે, ઈચ્છાથી કામ થતું નથી. ઘણું દાન દેવા ઈચ્છે પરંતુ થોડું દઈ શકે. એનો અર્થ એમ છે કે દાનાંતરાયનો ક્ષયોપશમ કર્યો તેટલું કાર્ય થાય છે. જડની ક્રિયા તો જડથી થાય છે. લાભાંતરાયના ક્ષયોપશમ મુજબ લાભની પ્રાપ્તિ થાય છે; તેવી રીતે ભોગ-ઉપભોગનું સમજવું. કેવળી ભગવાનને પાંચ લબ્ધિ ક્ષાયિકભાવે છે. સંસારીને પાંચ લબ્ધિ ક્ષયોપશમભાવે છે, ત્યાં જેટલો ઉઘાડ હોય તે પ્રમાણે કાર્ય થાય છે.

અઘાતિકર્મોમાં વેદનીયકર્મના ઉદયથી શરીરમાં અનેક સુખ-દુઃખના કારણો નીપજે છે. શરીરમાં જે રજકણો આવવાને લાયક હોય છે તે આવે છે, તેમાં વેદનીયકર્મ નિમિત્ત છે. શરીરમાં રોગ થવો કે નીરોગતા રહેવી તેમાં વેદનીયકર્મ નિમિત્ત છે. સારો ખોરાક લઉં તો શરીર નીરોગ રહે એમ છે જ નહિ. શરીરમાં ક્ષુધા, તૃષા લાગે, રોગપણું, ખેદપણું, પીડા વગેરે કારણો મળે તેમાં વેદનીય નિમિત્ત છે ને મોહના નિમિત્તે સુખદુઃખની કલ્પના કરે છે. વર્તમાનમાં કોઈ પંડિત કહે છે કે સમાજની વ્યવસ્થા બરાબર નથી તેથી આ બધું થઈ રહ્યું છે પણ અહીં કહે છે કે પૈસા મળવામાં વેદનીય નિમિત્ત છે.

શરીરથી બહાર પણ મનગમતા ઋતુ, પવનાદિક વા વહાલી સ્ત્રી, પુત્ર, મિત્રો, લક્ષ્મી, સારા મકાન ઈત્યાદિ મળવા તે બધામાં શાતાવેદનીયનું નિમિત્ત છે. જડની ક્રિયા જડને કારણે છે પણ તેમાં નિમિત્ત વેદનીયનું છે. તેમ જ અણગમતા ઋતુ, ખૂબ ઠંડી હવા, તડકો વગેરેમાં અશાતાવેદનીય નિમિત્ત છે. અનિષ્ટ સ્ત્રી, પુત્ર, દરિદ્રપણું વગેરે પૂર્વના અશાતાના નિમિત્તે મળે છે. કોઈ મારે, કટકા કરે, જમૈયા મારે, દોરડાથી બાંધે તે કારણોમાં વેદનીય નિમિત્ત છે. તે આત્માના અધિકારની વાત નથી, આત્મા જ્ઞાન કરે અથવા અભિમાન કરે તે સિવાય પરમાં કાંઈ કરી શકતો નથી.

કેટલાક એવા કારણો મળે કે જેના નિમિત્તે શરીરમાં સુખદુઃખ થાય ને કોઈ બાહ્ય કારણો સીધા સુખદુઃખમાં નિમિત્ત થાય -એ પ્રમાણે કારણોનું મળવું વેદનીયકર્મના ઉદયથી થાય છે. ત્યાં શાતાવેદનીયના ઉદયથી સુખના નિમિત્તો શરીરમાં ને બહારમાં મળી આવે છે.

અહીં એમ સમજવું કે એ કારણો એટલે કે રોગ-નીરોગપણું, છોકરાં સારા-નરસા એ સુખ-દુઃખ ઉપજાવતા નથી પણ મોહકર્મના નિમિત્તે જીવ પોતે સુખ-દુઃખની કલ્પના કરે છે. પોતે સુખ-દુઃખની કલ્પના કરે તો મોહનું નિમિત્ત કહેવાય. સંયોગ મળવા તે વેદનીયકર્મ અનુસાર મળે છે ને મોહ કરવો તે મોહકર્મના નિમિત્તે છે. વેદનીયકર્મના ઉદયને અને મોહનીયકર્મના ઉદયને એવો જ સંબંધ છે. જ્યારે બાહ્ય અનુકૂળ કારણો શાતાવેદનીયકર્મથી મળે ત્યારે સુખ માનવારૂપ મોહકર્મનો ઉદય થાય છે -એવો મેળ છે ને બાહ્ય પ્રતિકૂળ કારણો અશાતાવેદનીયકર્મથી મળે ત્યારે દુઃખ માનવારૂપ

મોહકર્મનો ઉદય થાય છે -એવો મેળ છે. અહીં એમ સમજવું કે જીવ પોતે મોહ કરે તો મોહનો ઉદય નિમિત્ત કહેવાય છે.

વળી એક જ કારણ કોઈને સુખનું તથા કોઈને દુઃખનું કારણ થાય છે. જાડું કપડું ગરીબને મળે તો ખુશી થાય ને ઉનાળામાં તે જ કપડું કોઈ શ્રીમંતને મળે તો દુઃખનું કારણ થાય. બાહ્ય સંયોગો પૂર્વ કર્મ અનુસાર હોય છે પણ અજ્ઞાની પોતે સુખ-દુઃખની કલ્પના કર્યા કરે છે. માટે બાહ્ય વસ્તુ તો સુખ-દુઃખનું નિમિત્તમાત્ર છે પણ સુખ-દુઃખ તો મોહના નિમિત્તથી થાય છે.

કેવળી ભગવાનને આશાતાનો કિંચિત્ ઉદય છે ને શાતાનો ઘણો ઉદય છે, પણ તેમને સુખ-દુઃખની કલ્પના નથી. અજ્ઞાની જીવ મોહ તરફ વલણ કરે છે તો સુખ-દુઃખની કલ્પના કરે છે. નિર્મોહી મુનિને અનેક ઋદ્ધિ હોય ને મોટા આચાર્યપદ મળે છતાં સુખની કલ્પના કરતા નથી ને રોગ આવે, સિંહ કરડે છતાં દુઃખની કલ્પના કરતા નથી. માટે બાહ્ય કારણો સુખ-દુઃખમાં નિમિત્ત નથી પણ મોહ કરે છે તો સુખ-દુઃખના નિમિત્ત કહેવાય છે. સુખ-દુઃખમાં ખરેખર નિમિત્ત મોહકર્મ છે.

વળી મોહીજનોને બાહ્ય કારણો ન હોય તો પણ અંતર સંકલ્પથી ઘોડા દોડાવ્યા કરે. મનમાં વિચાર કરે કે ઘરમાં બૈરાં અથવા દીકરાં નહિ માને તો ? છોકરો બુદ્ધિવાળો થશે તો મોટો થઈ જશે ને હું હીણો દેખાઈશ -એમ કલ્પના કરી સુખ-દુઃખ કરે છે, ત્યાં બાહ્ય કારણ નથી છતાં કલ્પના કરે છે. મોહી જીવને કારણો મળો વા ન મળો, તો પણ પોતાના સંકલ્પથી જ સુખ-દુઃખ થયા કરે છે. તીવ્ર મોહીને જે કારણો મળતાં તીવ્ર સુખ-દુઃખ થાય છે તે જ કારણોથી મંદ મોહીને મંદ સુખ-દુઃખ થાય છે. માટે બાહ્ય નિમિત્ત કારણો બળવાન નથી પણ મોહકર્મ બળવાન છે. અહીં નિમિત્તકારણમાં બળવાન કોણ છે તે કહેવું છે. વેદનીયકર્મ બળવાન નથી પણ મોહકર્મ બળવાન છે -એમ કહેવું છે. તેથી મોહકર્મ મોહ કરાવે છે એવો અર્થ નથી. અહીં નિમિત્તની બીજી જાત બતાવવા કહ્યું છે. બે નિમિત્તોમાં -સુખદુઃખમાં નિમિત્ત- કયું બળવાન છે તે બતાવવું છે.

અન્ય વસ્તુને અને મોહી જીવના પરિણામને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે. મોહી જીવ જેટલા પ્રમાણમાં મોહ કરે તેટલા પ્રમાણમાં બાહ્ય ચીજ નિમિત્ત કહેવાય છે. સ્ત્રી-કુટુંબ, શત્રુ કે મિત્ર રાગદ્વેષ કરાવતા નથી છતાં અજ્ઞાની મુખ્યતા પરને આપે છે પણ તે ભૂલ છે. અંતરનું મોહકર્મ નિમિત્ત છે. તે નિમિત્તનો ખ્યાલ નહિ હોવાથી લોકો બાહ્ય સંયોગોને મુખ્યતા આપે છે. આ પ્રમાણે વેદનીયકર્મના નિમિત્તે થતી અવસ્થાનું વર્ણન થયું.



## આયુકર્મોદયજન્ય અવસ્થા

આ મનુષ્યાદિ શરીરનું રહેવું આયુના પ્રમાણમાં છે. દેવ, કીડી, કાગડા, કુતરાં વગેરે આયુષ્યના પ્રમાણમાં તે તે શરીરમાં રહે છે. કોઈ જીવ કોઈનો માર્યો મરતો નથી ને કોઈથી જીવતો નથી. ધીમે ધીમે ચાલે, ખોરાક સારો લ્યે, પગ ઉઘાડા રાખે, સાત્વિક ખોરાક લ્યે તેથી આયુ વધે છે એમ નથી. પણ પૂર્વે આયુકર્મ બાંધ્યું છે તે પ્રમાણે શરીરની સ્થિતિ રહે છે. લીલોતરીના જીવ કે બટાટાના અનંત જીવો આયુ પ્રમાણે શરીરમાં રહે છે. તેમાં ફેરફાર કરવા નરેંદ્ર, ઈંદ્ર કે જિનેંદ્ર સમર્થ નથી. માથે જમૈયા લાગે, વીજળી પડે પણ જો આયુ હોય તો શરીર છૂટતું નથી. ગમે તેવા કારણો મળે છતાં શરીર છૂટે નહિ. કુવામાં પડે તો બચી જાય, તલવાર મારે તો તલવાર બુઠી થઈ જાય, ઝેર પીએ તો ઊલટી થઈ જાય. આમ આયુ હોય ત્યાં સુધી કોઈ મારી શકતું નથી. આયુનો ઉદય ન હોય ને આયુ સ્થિતિ પૂરી થયેથી દેવ મિત્ર હોય ને ડોકટરો આવે તો પણ શરીર રહેતું નથી. દેવલોકના દેવો, ઈંદ્રોના શરીર પણ છૂટી જાય છે. સર્વજ્ઞે જોયેલ આયુ મુજબ રહે છે. બહાર હવાફેર કરે તો પણ આયુમાં ફેરફાર ન થાય. કાંઈ નિમિત્ત ન હોય છતાં હાર્ટફેલ થઈ જાય છે કેમ કે આયુ પૂરું થવાથી શરીર જે ક્ષેત્રે ને કાળે જે પ્રકારે જે નિમિત્તે શરીર છૂટવાનું તે છૂટવાનું એમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. આયુનો ઉદય ન હોય ત્યારે અનેક ઉપાય કરવા છતાં પણ શરીરનો સંબંધ રહેતો નથી પણ તે જ વખતે આત્મા ને શરીર જુદા થઈ જાય છે. આ શરીરનો સંયોગ થવો, તેનું ટકી રહેવું ને શરીર છૂટી જવું તે બધું આયુના કારણે છે, આયુકર્મ જ કારણ છે.

**પ્રશ્ન** : તો પછી આપઘાતનો શો અર્થ ?

**સમાધાન** : લોકોની દષ્ટિમાં અકસ્માત લાગે છે માટે આપઘાત કહેવાય છે. બાકી તો જે કુવામાં જે રીતે માણસ મરવાનો હોય તે રીતે મરે છે. આયુ પૂરું થયું હોય તો જ મરે છે ને આયુ પૂરું ન થયું હોય તો આપઘાત કરવા છતાં મરતો નથી

જ્યારે નવીન આયુનો ઉદય થાય છે ત્યારે એકેંદ્રિય વગેરે નવી પર્યાયમાં જન્મે છે. ને ત્યાં પણ આયુનો ઉદય રહે ત્યાં સુધી પ્રાણો ધારણ કરીને જીવે છે ને આયુ પૂરું થવાથી પ્રાણો છૂટી જવાથી જીવ મરે છે. માટે શરીરની સ્થિતિ ફેરવી શકીશ નહિ. માટે તેના ઉપર દષ્ટિ છોડ ને આત્માની દષ્ટિ કર.

આ પ્રમાણે આયુકર્મનું સહજ નિમિત્ત છે. શરીરનું જન્મવું, ટકવું ને છૂટવું તે આયુથી છે. અન્ય કોઈ ઉપજાવવાવાળો નથી, ઈશ્વર ઉપજાવતો નથી. કોઈ બીજો જીવન ટકાવી રાખે એવો નથી, કોઈ વિનાશ કરવાવાળો નથી. જન્મ, ટકવું ને મરણમાં આયુ જ નિમિત્ત છે આમ નિશ્ચય કરવો.

વળી જેમ કોઈ નવીન વસ્ત્ર પહેરે, કેટલોક કાળ તે રહે પછી તેને છોડી કોઈ અન્ય નવીન વસ્ત્ર પહેરે તેમ જીવ નવીન શરીર ધારણ કરે ને તે કેટલોક કાળ રહે ને પછી છોડે, એટલે કે છૂટી જાય છે. માટે શરીર સંબંધની અપેક્ષાએ જન્માદિક છે. શરીરનો સંબંધ થવો તે જન્મ છે. શરીરાદિ પ્રાણનું ટકવું તે ટકવું છે ને તેનો વિયોગ થવો તે મરણ છે. જીવ પોતે જન્માદિ રહિત નિત્ય છે. જન્મવું, ટકવું ને છૂટવું આત્માને લાગુ પડતું નથી. આત્મા અવિનાશી અનાદિ અનંત છે. ચિદાનંદ ભગવાન નિત્ય બિરાજે છે તેનું ભાન કરીને ઠરે તેને શરીરાદિનો સંબંધ ન રહે. પોતે અવિનાશી હોવા છતાં મોહી જીવ શરીર જન્મતા પોતે જન્મ્યો, શરીર મરતા હું મર્યો એમ માને છે. ભૂતકાળમાં ક્યાં હતો અથવા ભૂતનું શરીર ખલાસ થઈ ગયું છતાં પોતે રહે છે ને ભવિષ્યના શરીરના પરમાણુ ક્યાં હશે એમ ભવિષ્ય પર્યાયનો વિચાર ન હોવાથી વર્તમાન પર્યાય માનીને પોતાનું અસ્તિત્વ માની પર્યાય સંબંધી કાર્યોમાં તત્પર રહે છે. શરીરમાં પોતાપણું માને છે ને શરીર સંબંધી કાર્યમાં તત્પર રહે છે.

ઘરમાં દીકરા-દીકરી સારા ન હોય તો શું કરીએ ? આપણે જાતે જઈએ તો કામ થાય, એમ શરીર તથા તેના સગાં વગેરે સંબંધીના કાર્યોમાં તત્પર રહે છે પણ આત્માના જ્ઞાન ને આનંદનું કાર્ય શું છે તેની રુચિ કરતો નથી.

આયુકર્મના નિમિત્તે શરીરમાં રહેવું, જન્મવું, ટકવું ને દેહ છૂટવું થાય છે તે નિમિત્તથી વાત કરે છે. ખરેખર તો જીવની સમય સમયની લાયકાત જ એવી છે, આયુકર્મ નિમિત્તમાત્ર છે. અહીં સંસાર અવસ્થામાં વર્ણન કરતાં આયુકર્મના નિમિત્તપણામાં થતી અવસ્થાનું વર્ણન કરેલ છે.

### નામકર્મોદયજન્ય અવસ્થા

નામકર્મના નિમિત્તે મનુષ્ય, દેવ, તિર્યંચ, નારકી ગતિ મળે છે. તે પર્યાયરૂપ પોતાની અવસ્થા થાય છે. ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાન વગેરે નામકર્મના લીધે મળે છે. ત્યાં કીડી, કાગડા, મનુષ્ય, દેવ ત્રસ છે ને લીલોતરીના જીવો સ્થાવર છે. ત્યાં ગતિ કીધી નથી. વળી તેમાં સ્થાવર અને ત્રસ જાતિ કીધી છે. તેમાં એકેંદ્રિય, બેઈંદ્રિય વગેરે જાતિ કીધી, તેમાં તે મુજબ ક્ષયોપશમ હોય છે. એકેંદ્રિયનો ક્ષયોપશમ હોય તો એકેંદ્રિય મળે ને પંચેંદ્રિયનો ક્ષયોપશમ હોય ત્યારે પાંચ ઈંદ્રિયનું અધિકરણ મળે. એક ઈંદ્રિયનો ક્ષયોપશમ હોય ત્યારે પાંચ ઈંદ્રિયનું અધિકરણ હોય એમ બને નહિ. જેવો ક્ષયોપશમ હોય તેટલી ઈંદ્રિયનું શરીર નિમિત્ત મળે. ક્ષયોપશમ મળ્યો માટે શરીરની અવસ્થા આવી છે એવું પરાધીન નથી. જેવા જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ નિમિત્ત ને તેવો બહારમાં એકેંદ્રિય આદિ જાતિ મળે તે એકેંદ્રિય જાતિ મળવામાં નામકર્મ નિમિત્ત છે, એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ત્યાં રજકણો અથવા શરીરના અધિકરણોને જ્ઞાન નથી કે સામે આવો ક્ષયોપશમ છે માટે તે મુજબ રચાઈ જાઉં, પણ જાતિ કર્મના ઉદયને તથા મતિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમને એવો નિમિત્ત-



નૈમિત્તિક સંબંધ છે. કોઈ કોઈને લીધે પરાધીન નથી. જેવો ક્ષયોપશમ હોય તેવી જાતિ પામે.

વળી શરીરના રજકણો આત્માના એકક્ષેત્રાવગાહરૂપે રહે છે. તેમાં સંકોચ-વિસ્તારરૂપ થઈને આત્મા શરીરપ્રમાણ રહે. હાથીનું શરીર મળે તો તે પ્રમાણે ને કીડીનું શરીર મળે તો તે પ્રમાણમાં આત્મા રહે છે. તે જીવની યોગ્યતા નૈમિત્તિક છે ને તે નિમિત્ત નામકર્મનું છે.

વળી નોકર્મરૂપ શરીરમાં તેના અંગ ને ઉપાંગ યોગ્યસ્થાને રહે છે. શરીર, હાથ ને પગ તે અંગ છે ને આંગળા ઉપાંગ છે. નાક, કાન વગેરે યથાયોગ્ય સ્થાને હોય છે, આડાંઅવળાં હોતા નથી. માણસને પાંચ હાથ લાંબો કાન હોય એમ બને નહિ. યથાયોગ્ય સ્થાને હોય છે, તેમાં નામકર્મ નિમિત્ત છે. તે વડે સ્પર્શાદિ દ્રવ્યઈંદ્રિયો નીપજે છે.

તેમાં જીવની યોગ્યતા છે ને નામકર્મ નિમિત્ત છે પણ તે નામકર્મ ને જીવની યોગ્યતા આત્માનું ખરું સ્વરૂપ નથી. આત્માનું સ્વરૂપ તો જાણવું-દેખવું છે -એમ સાચી દૃષ્ટિ કરે તો સંસાર અવસ્થા છૂટીને સુખી થાય.

### કારતક વદ ૧૦, બુધવાર, ૧૨-૧૧-૫૨.

આત્માની સંસાર અવસ્થામાં કર્મ નિમિત્તમાત્ર છે તે બતાવે છે. સંસારને સુખરૂપ જાણે તે ટાળવા માગે નહિ. સાતમી નામકર્મોદયજન્ય અવસ્થા બતાવે છે. આ ઈંદ્રિયોની રચના તે નામકર્મના નિમિત્તે થાય છે. તેનો ગોઠવનાર ઈશ્વર નથી તેમ જ આ આત્મા પણ નથી. હૃદયસ્થાનમાં ખીલેલ કમળ આકારે દ્રવ્યમન છે તે નામકર્મના નિમિત્તે સ્વયં રચાય છે, આત્મા તેનો કર્તા નથી. હાડકાં જાડા પાતળા થાય, હાડકાં વળે તે આકારને આત્મા પલટાવતો નથી. રંગ ભેદ થવો, ઘડીમાં રૂપાળું શરીર થવું, ઘડીમાં કાળું શરીર થતાં રંગ બદલી ગયો તેનો આત્મા કે ઈશ્વર કર્તા નથી. શરીરાદિમાં રંગ બદલો થવો કે સ્પર્શમાં ફેરફાર થવાની યોગ્યતા શરીરની છે ને નામકર્મ નિમિત્ત છે. કોઈના શ્વાસની દુર્ગંધી આવે ને ભગવાનના શ્વાસની કમળ જેવી સુગંધ આવે તે રચના જડને લીધે છે. રસ, સ્પર્શ, સ્થૂલ, સુક્ષ્મ કાર્ય નીપજે, શરીર ન ફરે, જીભ ટૂંકી થઈ જાય, તે શરીરરૂપ પરિણમેલા પરમાણુથી થાય છે ને તેમાં નામકર્મ નિમિત્ત છે. ધ્વનિ નીપજે છે. કોઈનો અવાજ મીઠો હોય, કોઈનો ગધેડા જેવો અવાજ હોય તે બધી પુદ્ગલની અવસ્થા છે. શ્વાસોચ્છ્વાસ પવન છે. જેમ આહાર ગ્રહણ થાય ને દસ્ત બહાર કાઢે તો જીવી શકાય છે. જીવનમાં આયુ નિમિત્ત છે પણ બાહ્યથી આહાર ને નિહારથી નભે છે. તેવી રીતે શ્વાસ લેવા-મૂકવાની ક્રિયાથી જીવાય છે. બહારનો પવન ગ્રહણ કરે ને અભ્યંતર પવનને કાઢે તો જીવીતવ્ય રહે છે. શરીરનું રહેવું તે તેના કારણે છે તેમાં આહાર, નિહાર, શ્વાસોચ્છ્વાસ છે તે નિમિત્ત છે. વળી હાથ વગેરે વડે કાર્ય કરીએ છીએ એટલે કે આત્મા પરનું કાંઈ કરી શકતો નથી પણ જેમ બહારના કાર્યોમાં હાથપગ નિમિત્ત છે તેમ અનાજ -પાણી લેવામાં પવન નિમિત્ત છે. શ્વાસની ક્રિયા સ્વતંત્ર થાય છે, આત્માનો તેમાં અધિકાર નથી.

હવે વાયુની વાત કરે છે. નાડીમાં લોહી વહે છે તે નાડી, વાયુરોગ, સંધિવા, વાયુનો ગોળો વગેરે પવનરૂપ શરીરના અંગ છે. જડ પરમાણુના પરિણામથી તે ક્રિયા થાય છે.

વળી સ્વર છે તે શબ્દ છે. પુદ્ગલ સ્કંધો શબ્દરૂપે પરિણમે છે, આત્મા તેનો કર્તા નથી. ગાયન બોલે ત્યારે કંઠ વગેરેનું કંપન થાય છે, અનક્ષરી ભાષા બોલાય કે ગાયન બોલાય તેમાં આત્માનો અધિકાર નથી.

બે પુરુષોને એકદંડી બેડી હોય ત્યાં એક પુરુષ ચાલવાને ઈચ્છે અને બીજો પણ ચાલે તો જ ચાલવાનું થઈ શકે પણ બન્નેમાંથી એક બેસી રહે તો ગમનાદિ થઈ શકે નહિ. તથા બન્નેમાંથી એક બળવાન હોય તો બીજાને પણ ઘસડી જાય, તેમ આત્મા અને શરીરનું એકક્ષેત્રાવગાહરૂપ બંધન છે ત્યાં આત્મા ચાલવા ઈચ્છે પણ શરીરમાં લકવા થઈ જાય તો શરીરની ક્રિયા શરીરના કારણે ન થાય અથવા શરીરમાં નીરોગતા હોય, પક્ષઘાત ન હોય પણ આત્માની ઈચ્છા ન હોય તો હલનચલન ન થઈ શકે. એટલે કે શરીર પોતાના કારણે ચાલતું નથી ત્યાં ઈચ્છા નિમિત્ત છે. આત્માની ઈચ્છાથી શરીર ચાલે એમ અજ્ઞાની માને છે તે ખોટું છે.

શરીર પડી જાય, કેળાંની છાલથી લપસી જાય ત્યાં ઈચ્છા નથી છતાં પડી જાય છે. શરીરના પરમાણુની એવી લાયકાત હોય છે ત્યાં આત્માની પણ એવી પડવાની લાયકાત હોય છે ત્યાં આત્માની ઈચ્છા ન હોય છતાં આત્માની એવી યોગ્યતા છે. પડવાની ક્રિયામાં જીવની ઈચ્છા નથી માટે શરીરનું બળવાનપણું કહ્યું છે.

અહીં નામકર્મોદયજન્ય અવસ્થા કહી છે. શરીરને લીધે આત્માની અવસ્થા નથી અથવા આત્માને લીધે શરીરની અવસ્થા કહી નથી, આત્મજન્ય શરીરની અવસ્થા કહી નથી. અહીં નામકર્મોદયજન્ય અવસ્થા એમ મથાળું બાંધ્યું છે તે પ્રમાણે લખાણ ક્રમસર આવે છે. અહીં કહે છે કે આત્માની ઈચ્છા વિના આત્માની અવસ્થા શરીરની જેમ થાય છે માટે શરીરનું બળવાનપણું કહ્યું. પણ જે શરીરની અવસ્થા થાય છે તેમાં નામકર્મ નિમિત્ત છે એમ કહ્યું છે.

અહીં બન્નેની સ્વતંત્રતા બતાવે છે ને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે. એ પ્રમાણે હલનચલનાદિ થાય છે. વળી નામકર્મના કારણે અપજશ આદિ બાહ્ય નિમિત્ત બને છે.

એ બધા કાર્ય નીપજતાં એ વડે મોહના ઉદય અનુસાર આત્મા સુખી-દુઃખી થાય છે. એટલે કે મોહકર્મ સુખી-દુઃખીપણામાં નિમિત્ત છે ને નામકર્મના ઉદયથી અનેક પ્રકારની રચના સ્વયં થાય છે પણ કોઈ કરવાવાળો નથી.



## ગોત્રકર્મોદયજન્ય અવસ્થા

ગોત્રકર્મના ઉદયથી ઊંચ-નીચ કુળમાં ઊપજવું બને છે. ત્યાં નીચકુળમાં હીનપણું ને ઊંચકુળમાં ઊંચપણું મળે છે તેમાં મોહના કારણે સુખી-દુઃખી થાય છે. અમે ગર્ભશ્રીમંત છીએ, ઊંચા છીએ એમ અભિમાન કરે છે. અમે હલકા-નીચા છીએ એમ માની દુઃખી થાય છે.

એ પ્રમાણે અઘાતિકર્મોના નિમિત્તથી અવસ્થાઓ થાય છે.

એમ આ અનાદિ સંસારમાં ઘાતિ-અઘાતિકર્મોના ઉદય અનુસાર આત્માની અવસ્થા થાય છે. હે ભવ્ય ! તારા અંતરમાં વિચારપૂર્વક જો કે તારી પર્યાયમાં આ રોગ આઠ કર્મના નિમિત્તે બતાવ્યો છે. જ્ઞાનાવરણીયથી જ્ઞાનની હીનતા બતાવી, દર્શનાવરણીયકર્મથી દર્શનની હીનતા બતાવી, મોહનીય-કર્મથી મિથ્યા શ્રદ્ધા ને મિથ્યા આચરણ બતાવ્યું, અંતરાયકર્મથી દાન, લાભ, ભોગ, ઉપભોગ ને વીર્યનું અલ્પપણું બતાવ્યું, વેદનીયકર્મના નિમિત્તે શાતા-અશાતા મળે છે એમ બતાવ્યું, આયુકર્મથી શરીરની સ્થિતિ બતાવી, નામકર્મથી શરીરની જુદી જુદી અવસ્થા બતાવી ને ગોત્રકર્મથી ઊંચ-નીચ કુટુંબનું મળવું બતાવ્યું.

આમ આઠે પ્રકારે બધી અવસ્થા તારામાં છે કે નહિ તે જો, વિચાર કરતાં તને એમ જ પ્રતિભાસશે. જ્ઞાન, દર્શન, વીર્યની હીણી દશા છે, વિકારી વિપરીત દશા છે, ને શરીરાદિનો યોગ છે, આયુ સુધી શરીરની સ્થિતિ રહે છે. તો તારે નિશ્ચય કરવો કે મને સંસારપર્યાયમાં રોગ અનાદિથી લાગુ પડ્યો છે. માટે તેના નાશનો ઉપાય કરવો જરૂરી છે. એ બધી સંસાર અવસ્થા જીવની ઉપાધિની યોગ્યતા ને કર્મના નિમિત્તે થાય છે. અહીં પર્યાયનું જ્ઞાન કરી દ્રવ્ય ઉપર નજર કરવી. પર્યાયમાં સંસાર ન હોય તો નજર કરવાનું રહેતું નથી. સંસારના નાશનો ઉપાય આત્મદ્રવ્યના શ્રદ્ધા-જ્ઞાન-આચરણ એ જ ઉપાય છે એ વિચારથી તારું કલ્યાણ થશે.

આ પ્રમાણે તીર્થંકરે તારી અવસ્થા થાય છે એમ જોયું છે. વૈદ્ય જેમ રોગના ચિહ્ન બતાવે તો રોગ નક્કી કરે તો દવા કરે, તેમ પર્યાયમાં રોગ છે એમ નક્કી કરે તો ઉપાય કરે. આત્માની પર્યાયનો રોગ નક્કી કરે તો તે જ્ઞાની પાસે દવા લેવા જાય.

**એ પ્રમાણે શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક શાસ્ત્ર વિષે**
**સંસાર અવસ્થા નિરૂપક બીજો અધિકાર સમાપ્ત.**

## અધિકાર ત્રીજો

## સંસારદુઃખ અને મોક્ષસુખ નિરૂપણ

આખો સંસાર દુઃખમય છે ને મોક્ષ સુખમય છે એમ બતાવે છે.

**જે નિજ ભાવ સદા સુખદ, નિજનો કરો પ્રકાશ;**
**જે બહુ વિધિ ભવ દુઃખતણી, કરે છે સત્તા નાશ.**

પોતાના આત્માનો ભાવ જ્ઞાન ને આનંદ છે, તેના શ્રદ્ધા-જ્ઞાન-રમણતા સુખને દેનાર છે. સંસાર નિજભાવ નથી. આત્માનો સ્વભાવ જાણવું છે. તેના શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા સદાય સુખને દેનાર છે તેથી નિજનો પ્રકાશ કરો. જે સંસાર અનેક પ્રકારના ભવના દુઃખરૂપ છે તે સંસારનો નાશ કરે છે. સંસાર સત્ છે, સંસાર અવસ્થા ભ્રમ નથી. સંસાર અવસ્થારૂપે સત્ છે તેનું નિમિત્તકારણ કર્મ છે. સ્વભાવના ભાન વડે સંસારનો નાશ થઈ જાય છે.

હવે સંસાર અવસ્થામાં કેવું દુઃખ હોય છે તે બતાવે છે. સંસારમાં અનેક પ્રકારના દુઃખ છે. સંસારમાં સુખ નથી, મોક્ષદશા-પૂર્ણ શુદ્ધદશામાં સુખ છે. સંસારમાં પણ સુખ હોય તો સંસારમાંથી છૂટવાનો ઉપાય કોણ કરે ? તીર્થંકરો અને ચક્રવર્તીઓ સંસારપર્યાયથી છૂટવા માગે છે. આ સંસારમાં અનેક પ્રકારના દુઃખ છે, ધર્મી સંસારરૂપી દુઃખથી છૂટવા માગે છે. એટલા માટે સંસારથી મુક્ત થવાનો ઉપાય કહીએ છીએ.

વળી જેમ નિપુણ વૈદ્ય રોગનું નિદાન કહે છે તથા એ રોગજન્ય અવસ્થાની હકીકત કહે છે ને રોગીને રોગનો નિશ્ચય કરાવે છે પછી ઉપાય કરવાનું કહે છે. તેમ અહીં સંસાર અવસ્થાનો નિર્ણય કરાવે છે. પ્રથમ સંસારના રોગનું નિદાન તથા એ સંસારરોગથી જુદી જુદી અવસ્થા થાય છે તેનું વર્ણન કરી સંસારી જીવને સંસારરોગનો નિશ્ચય કરાવે છે ને તેના ઉપાયની રુચિ કરાવે છે. જે રોગ ન માને તે દવા કરાવે નહિ. પર્યાયે પણ શુદ્ધ જ છે એમ માને તો કાંઈ કરવાનું રહેતું નથી પણ તે વાત ખોટી છે. આત્મા સ્વભાવે શુદ્ધ છે, પર્યાયમાં સંસાર છે એટલે રોગઅવસ્થા છે તેનો ઉપાય બતાવશે.

જેમ રોગી રોગથી દુઃખી થઈ રહ્યો હોય પણ તેનું મૂળ કારણ જાણે નહિ. સાચો ઉપાય જાણે નહિ ને દુઃખ પણ સહ્યું જાય નહિ ત્યારે પોતાને ઠીક લાગે તેવા ઉપાયો કર્યા કરે પણ એથી દુઃખ દૂર થાય નહિ એટલે તરફડી તરફડી પરવશ બની એ જ દુઃખોને સહન કરે છે. પણ એ દુઃખોનું મૂળ કારણ જાણતો નથી. તેને જેમ વૈદ્ય બતાવે કે દરદ આ છે. મૂળ કારણ બતાવે ને એના



કરેલા ઉપાય ખોટા છે એમ બતાવે. કોઈ દરદ ઉપર ક્ષયના ઉપાય કર્યા હોય ને દરદ બીજું નીકળે તો તે ઉપાય ખોટા છે એમ વૈદ્ય બતાવે ત્યારે જ સાચો ઉપાય કરવાની રોગીની રુચિ થાય.

તે જ પ્રમાણે આ સંસારી જીવ દુઃખી થઈ રહ્યો છે તેનું મૂળ કારણ જાણતો નથી. સંસારનું કારણ ઊંધી શ્રદ્ધા, ઊંધું જ્ઞાન, અને ઊંધું આચરણ છે તે જાણતો નથી ને તેને ટાળવાનો ઉપાય સમ્યગ્દર્શન-જ્ઞાન ને સમ્યગ્ચારિત્ર છે તેને પણ જાણતો નથી અને સંસારનું દુઃખ સહ્યું જતું નથી ત્યારે પોતાને ઠીક લાગે તેવા ઉપાય કર્યા કરે અને તરફડી તરફડી પરવશ બની એ જ દુઃખોને સહન કર્યા કરે છે.

### દુઃખનું મૂળ કારણ મિથ્યાદર્શન, અજ્ઞાન, અસંયમ.

અનાદિ સંસાર પર્યાયના રોગનું કારણ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને તે પૂર્વક મિથ્યાઆચરણ છે. મિથ્યાશ્રદ્ધામાં દર્શનમોહ નિમિત્ત છે. તેના ઉદયે પોતાની લાયકાતથી વસ્તુસ્વરૂપની વિપરીત શ્રદ્ધા થાય છે.

ચેતન, અચેતન, પુણ્ય, પાપ તથા મોક્ષમાર્ગનું સ્વરૂપ જેમ છે તેમ તેની પ્રતીતિ થતી નથી પણ અન્યથા પ્રતીતિ થાય છે. વળી એ મિથ્યા ભ્રાંતિ ને અતત્ત્વશ્રદ્ધાથી ઉઘડેલું જ્ઞાન અજ્ઞાન બની રહ્યું છે. જ્ઞાનનું ઊંધું થવાની લાયકાત છે તેમાં મિથ્યાભ્રાંતિ નિમિત્ત છે. જેવું વસ્તુનું સ્વરૂપ યથાર્થ છે તેમ જાણવું થતું નથી. હું જ્ઞાયક છું, શરીર, કર્મ જડ છે વગેરે નવ તત્ત્વ જેમ છે તેમ જાણવું થતું નથી. વળી આત્માની પર્યાયમાં થતી કષાયદશામાં ચારિત્રમોહકર્મ નિમિત્ત છે. તે કર્મના નિમિત્તે અસંયમભાવ થાય છે. આ ત્રણ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન ને અસંયમભાવ દુઃખના કારણો છે. ઊંધા ચારિત્રને લીધે પરિણામની પ્રવૃત્તિ અન્યથા કરે છે. દયા-દાનાદિના પરિણામને ધર્મ માને છે. શુદ્ધ આત્માના ભાનપૂર્વક આત્મામાં પ્રવર્તે તો ચારિત્ર કહેવાય પણ રાગમાં પ્રવર્તે તેને અજ્ઞાની ચારિત્ર માને છે. આત્માનો જાણવાનો સ્વભાવ છે તેમાં નહિ પ્રવર્તતા શરીરની ક્રિયા ને રાગમાં ધર્મ માની પ્રવૃત્તિ કરવી તે અસંયમ છે.

આ પ્રમાણે જ્ઞાનસ્વભાવથી વિપરીત શ્રદ્ધા, વિપરીત જ્ઞાન ને સ્વભાવથી વિપરીત આચરણ આમ ત્રણ દુઃખનું કારણ છે. કર્મના લીધે ભ્રાંતિ આદિ થતા નથી પણ ચૈતન્યસ્વભાવ છોડી ઊંધી ભ્રાંતિ કરે તે પોતાની ઊંધાઈ છે તેમાં કર્મ નિમિત્ત છે.

બીજા અધિકારમાં જ્ઞાન-દર્શનની હીણી અવસ્થાની વાત શરૂ કરી હતી. પણ અહીં સંસારનું મૂળ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર છે તેથી તેની પ્રથમ વાત કરે છે. આત્મા ચૈતન્ય સ્વરૂપ છે. શરીર, પુણ્ય, પાપ પર છે એમ અજ્ઞાની જાણતો નથી. મિથ્યાભ્રાંતિના લીધે સ્વ-પરની પ્રતીતિ કરતો નથી. મિથ્યાજ્ઞાનને લીધે સ્વ-પરની જુદાઈ જાણતો નથી. મિથ્યાચારિત્રને લીધે સ્વ-પરની એકત્વના

પરિણામ કરે છે અને આ જ સંસારદુઃખનું મૂળ કારણ છે એમ સમજે તો સાચા સુખના ઉપાય તરફ વળે.

### કારતક વદ ૧૧, ગુરુવાર, ૧૩-૧૧-૫૨.

અનાદિકાળથી જીવ પરિભ્રમણ કરી રહ્યો છે તે સંસાર અવસ્થા દુઃખરૂપ છે એવો વિવેક સેકંડમાત્ર આવ્યો નથી. સંસાર ક્યાં છે તેની ખબર નથી. સ્ત્રી, પુત્રને સંસાર માને છે પણ તે સંસાર નથી, આત્માની વિકારી પર્યાયમાં સંસાર છે.

મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન ને ઊંધા આચરણથી જીવને સ્વ-પરનો વિવેક થતો નથી. ભગવાને નવ તત્ત્વો કહ્યા તેનું જ્ઞાન અજ્ઞાનીને ઊંધી માન્યતાને લીધે થતું નથી. આ દેહમાં આત્મા એક છે ને દેહ અનંત પરમાણુનો છે, બન્ને ચીજ જુદી છે. પણ અજ્ઞાનીને જુદાઈનું જ્ઞાન નથી. શરીર રૂપી છે, અજીવ છે. છતાં મિથ્યાદર્શન ને જ્ઞાનને લીધે શરીર તે જ હું છું. શરીર રોગી થતાં હું રોગી છું, નીરોગ શરીર થતાં હું નીરોગ થયો એમ શરીરની અવસ્થાને પોતાની માને છે તે ભ્રમણા છે.

(૧) વળી આત્મા વસ્તુ છે તેનો જ્ઞાન-દર્શન ત્રિકાળી સ્વભાવ છે. તેનો કિંચિત્ વિકાસ થતાં થોડું જાણવું-દેખવું થાય છે ને (૨) ક્રોધ, માન, દયા-દાનાદિના પરિણામ કર્મના નિમિત્તે પોતે કરે છે ને ઓછા ઉઘાડરૂપ જ્ઞાનને પોતાનું સ્વરૂપ માને છે તથા વિકારને પોતાનું સ્વરૂપ માને છે. ને (૩) પ્રગટ શરીરના રસ, વર્ણાદિ, સ્પર્શ-સુંવાળાપણું, શરીર જાડું-પાતળું એવી પલટવારૂપ અવસ્થા શરીરમાં થાય તેને પોતાની માને છે.

પ્રથમ દ્રવ્યની વાત કરી. આત્મા એક ને શરીર અનંતા પુદ્‌ગલ દ્રવ્યો છે તેની ભિન્નતા અજ્ઞાની માનતો નથી. અંતર આનંદકંદ આત્મા છે, સિદ્ધ સમાન છે તેને ઓળખતો નથી. મિથ્યાદર્શનને કારણે શરીરને પોતાનું માને છે; બીજામાં પર્યાયની વાત કરી કહ્યું કે જ્ઞાન-દર્શનનો ઉઘડેલો અંશ તેને પોતાનું સ્વરૂપ માને છે. ને દયા-દાનાદિની વિકારી અવસ્થાને પોતાની માને છે; ત્રીજું શરીરની અવસ્થા પલટે તેને પોતાનું માને છે.

શરીર પાતળું કે જાડું થાય, આંખ ફૂટે, તેમાંથી પાણી ઝરે; વર્ણ, ગંધ, રસ પલટે તે બધાને પોતાની અવસ્થા માને છે. આમ જ્ઞાનના ઉઘાડ અંશને, વિકારના અંશને તથા શરીરની અવસ્થાને અજ્ઞાની પોતાની માને છે. સર્વને પોતાનું સ્વરૂપ માને છે તેથી તેની મિથ્યાશ્રદ્ધા ટળતી નથી. હું આત્મા છું, જ્ઞાન-દર્શન સ્વભાવ ત્રિકાળ છે, પર્યાયમાં જ્ઞાનનો ઉઘાડ છે, દયા-દાન વિકૃતિ છે ને શરીર પર છે એમ તે માનતો નથી તેથી સંસાર ટળતો નથી. આ પ્રમાણે પર્યાયની વાત કરી.



આત્મા ત્રિકાળ છે ને જ્ઞાન-દર્શન સ્વભાવ ત્રિકાળ છે. તેની વર્તમાન અવસ્થામાં જાણવા-દેખવાનો ઉઘાડ કહ્યો તે જાણવા-દેખવાની પ્રવૃત્તિ ઈંદ્રિય ને મન દ્વારા થાય છે. સ્પર્શ, જીભ, કાન વગેરે જડ ઈંદ્રિયો ને મનને લીધે જ્ઞાન થાય છે એમ માને છે. દ્રવ્ય પોતે છે, ગુણ પોતાનો છે ને અવસ્થા પોતાની છે. તેમાં જડ ઈંદ્રિયો ને મન નિમિત્ત છે પણ અજ્ઞાની માને છે કે જાણવા-દેખવાની પ્રવૃત્તિ ઈંદ્રિયો ને મનથી જ થાય છે. અને આ ઈંદ્રિયો મારા અવયવ છે. જીભ દ્વારા રસ જાણે ને નેત્ર દ્વારા રૂપ જાણે ત્યારે એમ માને કે આ મારા અંગ છે પણ તે તો જડ છે, તેને જ્ઞાન નથી. જ્ઞાન પોતાના કારણે થાય છે, તેમાં તે નિમિત્ત છે -એમ માનતો નથી. ઈંદ્રિયો જે નિમિત્ત છે તેને પોતાનું અંગ માની પોતાના સ્વભાવની રુચિ કરતો નથી. વળી મન ન હોય તો વિચાર કરી શકીએ નહિ એમ માને છે. જાણવાનો પોતાનો સ્વભાવ છે તે એમ માનતો નથી. લીલોતરી-એકેંદ્રિયના જીવને મન નથી પણ અવગ્રહાદિ થાય છે ને તે પણ ઈંદ્રિયોને પોતાની માને છે.

ઈંદ્રિયો ને મન વડે જ જાણું-દેખું છું તે માન્યતાથી તેના તરફની પ્રીતિ છૂટતી નથી. ઈંદ્રિયો સારી હોય તો જ્ઞાન થાય એમ માને છે. જડ ને ચૈતન્ય ભિન્ન કેમ છે ને સ્વતંત્ર દશા કેમ થઈ રહી છે એની ખબર નથી તેને ધર્મ થાય એમ બને નહિ. ઈંદ્રિયો ન હોય તો જાણી દેખી શકીએ નહિ એમ અજ્ઞાની માને છે પણ જાણવાની પર્યાય સ્વભાવમાંથી આવે છે એમ માનતો નથી. આંખ ફૂટી જતાં હવે કેમ જ્ઞાન થશે, કાન બહેરાં થાય તો કેવી રીતે સંભળાય ? ભાઈ, તે પ્રકારનો સાંભળવાનો ને જાણવાનો ઉઘાડ ખસી જાય ત્યારે ઈંદ્રિય વગેરેની અવસ્થા એવી જ હોય.

**પ્રશ્ન** : ઈંદ્રિયથી જ્ઞાન થતું પ્રત્યક્ષ દેખાય છે ને ?

**સમાધાન** : આંખ વગેરે બંધ કરી દેવા છતાં પણ જીવ જાણી શકશે કે આ કાળું છે, આ સફેદ છે, માટે ઈંદ્રિયથી જ્ઞાન થતું નથી. વળી જ્ઞાનમાં મનની મદદ હોય તો બધા સંજ્ઞીને મન સરખા છે તો બધાને સરખું જ્ઞાન થવું જોઈએ પણ એમ નથી. એક જીવ વધારે વિચાર કરી શકે ને બીજો ઓછો વિચાર કરી શકે છે તે બતાવે છે કે પોતાના ઉઘાડ અનુસાર જાણે છે. મન નિમિત્તમાત્ર છે. ઉઘાડમાં હીનાધીકતા દેખાય છે તે સ્વતંત્રતા બતાવે છે ને ત્યારે ઈંદ્રિય ને મન નિમિત્ત કહેવાય છે.

અજ્ઞાની જીવ પર ઈંદ્રિયથી જ્ઞાન થવું માની તેની રુચિ કરે છે તેથી તેની પર્યાયબુદ્ધિ છૂટતી નથી ને તે સ્વભાવબુદ્ધિ કરતો નથી. પોતાની લાયકાતથી જ્ઞાન થાય છે એમ માનતો નથી તેથી મૂઢતા ટળતી નથી. અહીં કહે છે કે જડ ઈંદ્રિયોની રુચિ છોડ ને વસ્તુનું સ્વરૂપ જેવું છે તેવું જાણ.

વળી મોહના આવેશથી રાગદ્વેષ ને વિકાર કરે છે ત્યારે ઈંદ્રિયો દ્વારા વિષય ગ્રહણ કરવાની ઈચ્છા થાય છે. આંખથી ખૂબ જોઈ લઉં, સ્પર્શથી ખૂબ સ્પર્શી લઉં, જીભથી ખૂબ ચાખી લઉં

આમ તે તરફના વિષયોના ગ્રહણમાં જોડાઈ જાય છે. પ્રથમ જોવાની ઈચ્છા થઈ, પછી જોયું ને ઈચ્છા ગઈ એટલે આનંદ આવ્યો માને છે. સ્પર્શથી વિષય લીધો ને તે ઈચ્છા ગઈ, તે પ્રકારની ઈચ્છા રહેતી નથી માટે આનંદ આવ્યો માને છે. ખાવાની, સુંઘવાની કે સાંભળવાની ઈચ્છા હતી તે આકુળતા હતી. તે ઈચ્છા ગઈ એટલે આનંદ માન્યો. ઈચ્છા મટવાથી તે પ્રકારની નિરાકુળતા થતાં આનંદ માને છે, પણ મારા જ્ઞાનસ્વભાવમાં આનંદ છે એમ માનતો નથી પણ ઈંદ્રિયવિષયોના ગ્રહણથી સુખ માને છે. આવી ઊંધી માન્યતા ન ટાળે ત્યાં સુધી ધર્મ થતો નથી.

જેમ કૂતરો હાડકાં ચાવતી વખતે પોતાના લોહીનો સ્વાદ લઈ માને કે હાડકાંનો સ્વાદ આવે છે, તે સ્વાદ ખરેખર તો પોતાના લોહીનો છે તેમ આ જીવ વિષયોને જાણે છે -એમ કહેવાય છે. જડ વિષયો, શરીર, ગંધ વગેરેને ખબર નથી. સ્પર્શ, રસ વગેરેમાં જ્ઞાન પ્રવર્તે છે, પરમાં જ્ઞાનની એકાગ્રતા કરી રાગનો સ્વાદ લ્યે છે છતાં વિષયમાંથી સ્વાદ આવે છે એમ માને છે. ખરેખર તો જાણવા-દેખવાની પ્રવૃત્તિ પોતામાં પ્રવર્તે છે, વિષયોમાં જ્ઞાન જતું નથી ને જડની પર્યાય જ્ઞાનમાં આવતી નથી. અજ્ઞાનીનું જ્ઞાન પરમાં રોકાઈ રાગનો સ્વાદ લ્યે છે પણ માને છે કે વિષયમાંથી આનંદ આવે છે.

આ ખાવાપીવાના પદાર્થો લાડવા આદિ છે, આ શરીર છે -એમ જ્ઞાન વર્તમાનદશામાં ત્યાં રોકાયું છે ને રાગ કર્યો તેનો સ્વાદ આવે છે, પણ પરમાંથી સ્વાદ આવ્યો માને છે. પરમાં રાગ કે જ્ઞાન પેઠું નથી. રાગ કે જ્ઞાન પોતાની પર્યાયમાં છે. તેનો સ્વાદ થયો છે એમ નહિ માનતા પરમાંથી સ્વાદ માને છે. તે વિપરીત શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ છે. પરમાં રોકાતાં રાગ થયો તેનો સ્વાદ આવે છે છતાં અજ્ઞાની માને છે કે વિષયોનું ને નિમિત્તનું સુખ થયું તે ભ્રમણા છે.

જ્ઞાન સ્પર્શ, રસમાં પ્રવર્તે છે ને ઈચ્છા કરી હતી તેને પોતે જાણીને રાગ કર્યો તેને આનંદ માને છે. પરવસ્તુને લીધે કે સુંદર શરીરને લીધે સુખ નથી. પોતે આનંદ માન્યો છે. પાંચ ઈંદ્રિયોના વિષયોમાં જ્ઞાન કે ઈચ્છા પ્રવર્તતા નથી ને પાંચ ઈંદ્રિયોના વિષયનો રાગમાં તેમ જ જ્ઞાનમાં અભાવ છે. જે અભાવ છે તેમાંથી સ્વાદ આવે ? ના. ખરેખર તો પોતે રાગ કર્યો છે ને જ્ઞાને જાણ્યું ત્યારે રાગમાં આનંદ માન્યો. ખરેખર પરને જાણતાં આનંદ માન્યો નથી. સ્પર્શાદિને આત્મા અડતો નથી, ફક્ત જ્ઞાન પ્રવર્તે છે ને રાગ કરે છે. હવે તે રાગને જ્ઞાન જાણે ત્યારે મજા માને છે તે મિથ્યાદર્શનશલ્ય છે, મિથ્યાજ્ઞાન છે. રાગમાં આનંદ માન્યો તે મિથ્યાચારિત્ર છે.

આ સાંભળ્યું ન હોય ને માને કે અમે ધર્મ કરીએ છીએ તે ભ્રમણા છે. પર્યાયમાં રહેલાં જ્ઞાન ને રાગ ક્ષણિક છે તે વિનાનો આત્મસ્વભાવ શુદ્ધ છે એમ માને તો ધર્મ થાય.

પાંચ ઈંદ્રિયોના વિષયો વર્તમાનમાં છે ને જ્ઞાન તથા રાગની પર્યાય વર્તમાનમાં છે પણ તે આત્માનું સ્વરૂપ નથી. વિષયો હું નથી, રાગ હું નથી ને રાગને જાણવા જેટલો હું નથી. હું અનાદિ



અનંત જ્ઞાનસ્વરૂપ છું, પરથી જુદો છું એવા કેવળજ્ઞાનનો (પરથી જુદાનો) અનુભવ અજ્ઞાની કરતો નથી. રાગ સન્મુખ થઈ જ્ઞાને રાગને જાણ્યું, તેમાં સુખ માન્યું પણ જ્ઞાને પોતાનો અનંત ગુણોનો પિંડ જાણ્યો નહિ તે મિથ્યાદર્શન-જ્ઞાન છે. આત્મા ત્રિકાળી વસ્તુ છે, તેનો સ્વભાવ ત્રિકાળ છે, ને તેની જ્ઞાનપર્યાયને રાગમાં રોકી છે ને તેમાં સ્વાદ માની બેઠો છે તે અધર્મ છે. ને જ્ઞાનને રાગમાં નહિ રોકતાં પોતા તરફ વાળવું તે ધર્મ છે.

હું જ્ઞાયક છું, હું ચૈતન્ય છું, દયા-દાનાદિ વિકાર છે, પરની ક્રિયા પરને લીધે છે એવું જ્ઞાન અજ્ઞાનીને નથી. આત્મા જ્ઞાનસ્વભાવી છે તે સન્મુખ રુચિ નથી તેથી સંસારદશા ઊભી થાય છે.

હું જ્ઞાન છું, જાણનાર છું, રાગ થવા છતાં હું જ્ઞાન છું એવું નહિ જાણતાં રાગને જાણું છું. એકલો રાગની સન્મુખ થઈ જાણનાર નથી. હું જ્ઞાનસ્વભાવી છું એમ પોતાની સન્મુખ થઈ જ્ઞાનનો અનુભવ નથી તેથી પરમાં રોકાય છે. નૃત્યમાં સુખ માને છે. હે આત્મા ! તારા જ્ઞાનની દશા તારા જ્ઞાનગુણનો અંશ છે તે અંશે ગુણનો અનુભવ નહિ કરતા 'આ નૃત્ય દીઠું' એમ માને છે. ખરેખર નૃત્ય જણાતું નથી પણ તારું જ્ઞાન જણાય છે. પર્યાયમાં જ્ઞાન જણાય છે છતાં નિમિત્તને જાણે છે એમ અજ્ઞાની માને છે. અજ્ઞાની માને છે કે પરને જાણું છું, છતાં જ્ઞાનપર્યાય સિવાય કાંઈ જણાતું નથી. જીવ પોતાને જાણતા પરને જાણે છે એમ નહિ માનતા પરને જાણું છું એમ અજ્ઞાની માને છે. જીવ ખરેખર પોતાની સ્વ-પરપ્રકાશક જ્ઞાનપર્યાયને જાણે છે.

કોઈ નૃત્ય કરતું હોય ને ખ્યાલ બીજે હોય તો નૃત્ય જોઈ શકતો નથી. તે બતાવે છે કે તારા જ્ઞાનપર્યાયને તું જાણે છે, નૃત્યને જાણતો નથી. છતાં માને છે કે આ રાગ-મીઠો સ્વર સાંભળ્યો. તો તે વખતે પોતાની ઊઘડેલી જ્ઞાનપર્યાયમાં પ્રવૃત્તિ થઈ છે છતાં પરને સાંભળ્યું એમ માનવું તે પરસન્મુખ દશા અધર્મ છે, સ્વસન્મુખ થઈ જ્ઞાન કરવું તે ધર્મ છે.

અત્યારે તો સર્વજ્ઞે કહેલો ધર્મ શું છે, તત્ત્વો શું છે તે સાંભળવાના દ્વારો અજ્ઞાનીએ બંધ કર્યા છે. અજ્ઞાની કહે છે કે મેં પ્રશંસા સાંભળી પણ મેં મારી જ્ઞાનપર્યાયને જાણી તે વાત તેને બેસતી નથી. ફૂલ સૂંઘ્યું, તેમાં તે તરફની પ્રવૃત્તિ કરતાં રાગને જાણ્યો છે પણ પોતાના જ્ઞાનસ્વભાવની ખબર નથી એટલે કહે છે કે મેં ફૂલ સૂંઘ્યું, પણ ફૂલ સૂંઘાતું નથી, રાગ સંભળાતો નથી પણ પોતાનો જ્ઞાનપર્યાય થઈ રહ્યો છે તે પોતામાં પ્રવર્તે છે છતાં માને છે કે ફૂલ સૂંઘે છે. અજ્ઞાનીના જ્ઞાને તે તરફ પ્રવૃત્તિ કરી જ્ઞાન કર્યું છે પણ પોતાના તરફ પ્રવૃત્તિ કરી જ્ઞાન કરતો નથી. પદાર્થ સ્પર્શ્યા, સ્વાદ જાણ્યા -એમ પર તરફ પ્રવૃત્તિ કરી રહ્યો છે.

મનથી આ પરને જાણવું જોઈએ એમ પરમાં રોકાઈ ગયો છે પણ પોતાને જાણવો જોઈએ તે વાત બેસતી નથી. તેથી મિથ્યાદર્શન, જ્ઞાન ને આચરણ થઈ રહ્યું છે. તેને સ્વતંત્ર જ્ઞાનસ્વભાવની વાત બેસતી નથી અને એ જ સંસાર અને અધર્મ છે.

## કારતક વદ ૧૨, શુક્રવાર, ૧૪-૧૧-૫૨.

સંસારની અવસ્થા દુઃખરૂપ છે ને આત્માની મોક્ષદશા સુખરૂપ છે. જેવી વસ્તુસ્થિતિ છે ને જેવો સ્વભાવ છે તેમ ન માનતાં અન્યથા માને તે દુઃખનું કારણ છે.

અનાદિ મિથ્યાદર્શન ને મિથ્યાજ્ઞાનના કારણે ઇંદ્રિયોથી જ જાણું છું એમ અજ્ઞાની માને છે તેથી ઇંદ્રિયની પ્રીતિ છૂટતી નથી. મારો સ્વભાવ અનાદિ અનંત જ્ઞાનસ્વભાવ છે તેની દૃષ્ટિ નહિ હોવાને લીધે હું ઇંદ્રિયો વડે જાણું છું, મારું જ્ઞાન મારાથી થાય છે એમ નહિ જાણતા ઇંદ્રિયો વડે જણાય છે એમ માની ઇંદ્રિયોની પ્રીતિ કરી સ્વભાવની પ્રીતિ કરતો નથી. ઇંદ્રિયો, મન મારા અંગિત છે, એ જ હું છું એમ માની અજ્ઞાની જીવ ઇંદ્રિયોની રુચિ છોડતો નથી ને અતીંદ્રિય સ્વભાવની રુચિ કરતો નથી.

જેમ કૂતરો હાડ ચાવવાથી પોતાની દાઢમાંથી નીકળેલા લોહીનો સ્વાદ લઈ એમ માને છે કે આ હાડનો સ્વાદ છે તેમ આ જીવ વિષયોને જાણવાથી પોતાનું જ્ઞાન પ્રવર્તે છે તે જ્ઞાનનો સ્વાદ લ્યે છે છતાં વિષયોનો સ્વાદ લઉં છું એમ માને છે. વિષયોને જાણતાં ઇચ્છા કરી હતી તે ઇચ્છાને જાણી, ઇચ્છામાં રોકાઈ મને મજા પડે છે -એમાં આનંદ છે એમ પોતે માને છે. જ્ઞાન ઇચ્છામાં એકાગ્ર થયું છતાં માને છે કે વિષયોમાંથી સ્વાદ આવે છે તેથી વિષયોથી પાછો ફરતો નથી.

હું અનાદિ અનંત જ્ઞાનસ્વરૂપ આત્મા છું. વર્તમાન જ્ઞાનપર્યાય વિષયોથી થયો નથી, રાગ વિષયોથી થયો નથી. છતાં જે જીવ વિષયોથી રાગ ને જ્ઞાન માને તેને આત્મા અનાદિ અનંત જ્ઞાનસ્વરૂપી છે તેની પ્રતીતિ થતી નથી. હું સ્પર્શ, રસને જાણું એમ ઇચ્છા થઈ ને ઇચ્છાને જાણે એમ વર્તમાનમાં માનતો ત્રિકાળી આત્માની અંતર્મુખ દૃષ્ટિ કરતો નથી. આવા જીવને ધર્મ હોતો નથી. તેના જ્ઞાનનો પર્યાય જાણવામાં પ્રવર્ત્યો. રાગ કર્યો તે રાગનો સ્વાદ આવ્યો છતાં વિષયનો સ્વાદ લીધો એમ તે માને છે. વિષયને આત્મા અડ્યો નથી છતાં વિષયને અડ્યો-સ્પર્શ્યો એમ માને છે.

હું અનાદિ અનંત જ્ઞાનસ્વરૂપ આત્મા છું -આમ અંતર્મુખ જ્ઞાનમાંથી પર્યાય આવે છે ને અટકે તો રાગ થાય છે. સ્વને જાણતાં રાગનો જાણવો જોઈએ તેને બદલે એકલા રાગને જાણતો રાગનો સ્વાદ લ્યે છે ને માને છે કે મેં પરનો સ્વાદ લીધો. અજ્ઞાની માને છે કે મેં નાચને જોયો, પણ તેણે ખરેખર નાચને જોયો નથી. નાચ ને જ્ઞાન વચ્ચે અત્યંત અભાવ છે. જ્ઞાનપર્યાય પોતાનું ક્ષેત્ર મૂકી નાચને અડે છે ? ને નાચ પોતાનું ક્ષેત્ર છોડી જ્ઞાનમાં આવે છે ? ના, જ્ઞાન પોતાના ગુણથી પ્રગટે છે તે જ્ઞાનપર્યાયને નહિ જોતાં હું નાચને જોઉં છું એમ માને છે, તે માન્યતા મિથ્યા છે. નાચ દેખાતો નથી પણ સ્વ-પરપ્રકાશક સ્વભાવવાળી વર્તમાન જ્ઞાનપર્યાય દેખાય છે. હું અનાદિ અનંત જ્ઞાનસ્વરૂપી આત્મા છું એમ માન્યતા નહિ હોવાને કારણે મેં નૃત્ય દીઠું એમ કહે છે તેને ધર્મ થતો નથી. જ્ઞાનસ્થિતિની ખબર નથી. મેં મારો જ્ઞાનપર્યાય જોયો ને તે પર્યાય અનાદિ અનંત



સ્વરૂપનો અંશ છે એમ નહિ માનતાં મારા જ્ઞાને સ્ત્રી, નૃત્ય, હાથી, ઘોડા દીઠાં, તો પછી જ્ઞાને જ્ઞાન જોયું એ વાત રહેતી નથી. અજ્ઞાનીને ભ્રમ થઈ જાય છે.

જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક પર્યાય નૃત્ય પાસે જતો નથી, નૃત્યની સામે જોતો નથી. નૃત્ય સામે જોવું એટલે શું ? પર તો પરમાં પરિણમે છે, પોતાના જ્ઞાનમાં પ્રવર્તી રહેલી પર્યાય પોતાને જાણે છે એમ નહિ માનતાં હું પરને જોઉં છું -એવી માન્યતા મિથ્યા છે. અજ્ઞાની કહે છે કે મેં સ્ત્રી, આંખો, હાથ, ચેષ્ટા વગેરેને દીઠા, પણ ખરેખર તો તે જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક પર્યાય ખીલ્યો છે. તે પણ પરપદાર્થ છે માટે નહિ પણ અનાદિ અનંત સ્વભાવ છે માટે પર્યાય પ્રગટે છે. પર છે માટે નહિ, પરને લીધે નહિ, પર સામું જોયું માટે નહિ, મારો જ્ઞાનપર્યાય મારાથી પ્રગટે છે એમ માનવું જોઈએ.

તે જ્ઞાન રૂપને જાણતું નથી. જડ પદાર્થ જ્ઞાનમાં આવતા નથી, જ્ઞાન અજીવની પર્યાયમાં જતું નથી, અરૂપી જ્ઞાન રૂપી પર્યાયને સ્પર્શતું નથી, આ રૂપી નૃત્ય તો પરમાં છે, તે પર્યાય સંબંધીનું, સ્વપર્યાય સંબંધીનું જ્ઞાન પરની એટલે નૃત્યપર્યાયની નાસ્તિપણે પ્રવર્તતું સ્વના સદ્ભાવે અને પરના અભાવરૂપે પરિણમે છે છતાં પરને લીધે પરિણમે છે એમ માનવું તે પોતાની પ્રાણહિંસા છે. પોતાનો વર્તમાન પર્યાય સ્વભાવમાં પરિણમતો નૃત્યને અડતો નથી, નૃત્ય સામે જોતો નથી. ભગવાન! તારો જ્ઞાનસ્વભાવ તારી સત્તામાં, તારી હયાતીમાં પ્રવર્ત્યો છે, તારી હયાતી છોડી આઘો ગયો નથી. તારો જ્ઞાનસ્વભાવ નૃત્યના અભાવપણે વર્તતો પોતાના ભાવરૂપે પરિણમે છે. રૂપી પર્યાય અહીં આત્મામાં આવે તો આત્મા રૂપી થઈ જાય છે, આત્માનું જ્ઞાન અરૂપી છે, સ્વની હયાતીમાં સ્વના સામર્થ્યથી જાણે છે. આ વસ્તુસ્થિતિની અજ્ઞાનીને ખબર નથી. પોતામાં રહીને પોતાની જ્ઞાનપર્યાય થાય છે તેમ નહિ માનતા 'મેં આ નૃત્ય દીઠું' એમ માને છે તેવી ઊંધી માન્યતામાં હિંસા, જૂઠું, ચોરી, અબ્રહ્મચર્ય, પરિગ્રહ એ પાંચ પાપ આવી જાય છે. હું અનાદિ અનંત જ્ઞાનવાન છું એમાંથી પ્રવર્તતી જ્ઞાનપર્યાયના સામર્થ્યને જે માનતો નથી ને પરને જાણું છું એમ માને છે તે પોતાની હયાતી ઉડાડે છે. તે જીવ નૃત્યને ખરેખર જાણતો નથી. જો ખરેખર જાણે તો નૃત્ય જ્ઞાનમાં આવી જાય, તો જ્ઞાન રૂપી થઈ જાય.

'મેં રાગ-સ્વર સાંભળ્યો' એમ તે કહે છે. રાગ-શબ્દ જડ છે, નિંદા ને પ્રશંસાના શબ્દો જડ છે માટે રાગને સાંભળ્યો નથી પણ તે ક્ષણની સામર્થ્યશક્તિ સ્વ-પર શક્તિને જાણી છે. શબ્દને અડ્યા વિના, શબ્દ સામું જોયા વિના પોતાના સામર્થ્યથી સાંભળે છે. તે સ્વર અથવા રાગ જ્ઞાનમાં આવે તો જ્ઞાન જડ થાય ને જ્ઞાન સ્વરમાં જાય તો જ્ઞાન ને સ્વર એક થઈ જાય. જ્ઞાન સ્વરને જાણે તો જ્ઞાનની હયાતી રહેતી નથી. સ્વ-પર સામર્થ્ય પોતાનું છે તે નિશ્ચયથી છે, પરને જાણે એમ કહેવું તે વ્યવહાર છે. 'આ નિંદા સાંભળી'. 'મારો જશ ગવાય છે, તેને હું સાંભળું છું'

એમ અજ્ઞાની કહે છે. તે વખતે તારી હયાતી છે કે નહિ ? કે તેની હયાતીને તું સાંભળે છે ? તું તારા જ્ઞાનપર્યાયને જાણી રહ્યો છે. અનાદિ અનંત જ્ઞાનસ્વરૂપ છે તેની જ્ઞાનપર્યાયનું પ્રવર્તન થઈ રહ્યું છે તેમ નહિ માનતા પરને જાણું છું એમ માનવું તે અધર્મ છે. શબ્દને સાંભળું છું એટલે પરને સાંભળે છે કે સ્વને ? સ્વને છોડી પરને સાંભળું છું, મને નૃત્ય અને રાગમાં મજા પડી એમ માનનારના જ્ઞાન તથા મજા બન્નેમાં ભૂલ છે.

પંડિતજીએ કેવી શૈલીથી મૂક્યું છે. વસ્તુ જ્ઞાનસ્વરૂપ છે. સ્વના સામર્થ્યને નહિ માનતો 'મેં શબ્દ સાંભળ્યો' એમ માનવું તે મિથ્યા અભિપ્રાય છે. 'મેં ફૂલ સૂંઘ્યું' એમ માને છે. ફૂલ તો જડ છે, અજીવ-મૂર્ત છે, તેનો પર્યાય મૂર્ત છે. આત્માનું જ્ઞાન મૂર્તને સૂંઘતું નથી, મૂર્ત તરફ જઈને જાણતું નથી, પણ અમૂર્ત તરફ રહીને પોતાને જાણે છે, પણ પોતાના જ્ઞાનસ્વભાવના સામર્થ્યને નહિ જાણતો પરને જાણું છું એવી માન્યતાને લીધે પરની રુચિ છોડતો નથી.

પંડિત ટોડરમલજી પૂર્વાચાર્યોએ જે કહ્યું છે તે મુજબ જ કહે છે. હું જ્ઞાનસ્વભાવી આત્મા છું તેવા જ્ઞાનનો અજ્ઞાનીને અનુભવ નથી. અહીં કહે છે કે તે જ્ઞાન ગંધને જાણતું નથી, જ્ઞાનને જાણે છે. સામે ગજરો હોય છતાં તે પ્રકારનું જ્ઞાન ન હોય તો જણાતું નથી. માટે જ્ઞાનનું જ્ઞાન થાય છે છતાં પદાર્થનું જ્ઞાન થયું, પુરુષનું જ્ઞાન થયું, ફૂલ સૂંઘ્યાનું જ્ઞાન થયું એમ માનવું તે વિપરીત માન્યતા છે. આત્મા સુગંધને અડ્યો નથી, જ્ઞાનપર્યાય સુગંધ તરફ ગઈ નથી. પોતાના જ્ઞાનમાં રહી, જ્ઞાનને જાણતાં ફૂલને જાણે છે એમ નહિ માનતા એકાંત ફૂલને જાણે છે એમ માનવું તે વિપરીત શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ છે.

તું જ્ઞાનસ્વભાવી આત્મા છો એમ નહિ માનતાં પરપદાર્થને સ્પર્શ્યો એમ માને છે. અરૂપી આત્મા સ્પર્શને અડતો નથી. આ પદાર્થ સુંવાળો છે, આ પદાર્થ પસંદ છે. અજ્ઞાનીને પોતાના જ્ઞાનનો અનુભવ નથી ને જ્ઞાન પોતાના સામર્થ્યથી પોતામાં પ્રવર્તે છે એમ નહિ માનતા પદાર્થને સ્પર્શ્યો છે એમ માને છે. તારી હયાતી, તારી દશા જ્ઞાનપર્યાય છે. સ્પર્શને જ્ઞાન અડે ? ના, જ્ઞાન છે માટે સ્પર્શને આવવું પડે ? ના, સ્પર્શને લીધે જ્ઞાન છે ? ના. જ્ઞાન સ્પર્શને અડ્યું નથી ને સ્પર્શ જ્ઞાનને અડ્યો નથી. સ્પર્શને જાણવું કહેવું તે ઉપચાર છે.

બે વાત કરે છે. વિષયોમાં સ્વાદ નથી, જીવ પોતાના રાગનો સ્વાદ લ્યે છે. સ્પર્શાદિ વિષયોનો સ્વાદ નથી - તો પછી સ્પર્શાદિ પદાર્થનો તારામાં અભાવ છે તેને તું સ્પર્શતો નથી, પણ તેને જાણ્યું કહેવું તે ઉપચાર છે. પોતાના સ્વભાવથી જ્ઞાનને જાણે છે, જ્ઞાનને જાણતાં પરને જાણે છે. છતાં પરને જાણે છે એમ કહે -એમ જ્ઞાનમાં ભૂલ કરે છે. આમ જ્ઞાન ને આનંદ બન્નેમાં ભૂલ કરે છે. જ્ઞાન ને આનંદ મારામાં છે છતાં પરપદાર્થને લીધે મજા માને છે તે ભ્રાંતિ છે તેથી પરથી છૂટતો નથી. એક જ્ઞાનપર્યાય પરને સ્પર્શતો નથી, જ્ઞાન સ્પર્શ પર્યાયમાં વર્તે નહિ. સ્પર્શપર્યાય



જ્ઞાનને અડે નહિ છતાં સ્પર્શને અડું છું ને તેથી જ્ઞાન થાય છે એમ માનવું તે ભ્રમ છે. જેને યથાર્થ જ્ઞાન કરવું હોય ને યથાર્થ ધર્મની શરૂઆત કરવી હોય તેને માટે આ વાત છે. મેં પદાર્થને સ્પર્શ્યો એમ તે માને છે. જો એમ હોય તો મારાપણું સ્પર્શમાં ચાલ્યું ગયું ને મારાપણાનો અભાવ થઈ ગયો.

જગત ભ્રમ નથી, જગત જગતપણે છે પણ જ્ઞાન જગતને અડતું નથી. સૌ સૌના કારણે છે. મેં જગતને જોયું -તેમાં તું જગતરૂપ થઈ ગયો છો ? ના, તે ચીજોના કારણે જ્ઞાન નથી ને જ્ઞાનના કારણે તે ચીજો નથી, જ્ઞાન તે ચીજોને ખરેખર જાણતું નથી. પોતાને જાણતો જગતને ઉપચારથી જાણે છે.

અજ્ઞાનીને પોતાના અસ્તિત્વની ખબર નથી, પરના અસ્તિત્વની ખબર નથી ને સ્વ-પર ભિન્નતાની ખબર નથી. તેને ભેદજ્ઞાન વિના ધર્મ થતો નથી. મેં દૂધપાક, શીખંડ, રસગુલ્લા, ગુલાબજાંબુ જાણ્યા એમ કહે છે. તો તું પરમાં પ્રવર્તે છે ? તારામાં તે પ્રવર્તે છે ? તેં સ્વાદને જાણ્યો નથી. તારો જ્ઞાનસ્વભાવ તને તથા પરને જાણવાનો તારામાં છે, પરને જાણવું તે ઉપચારકથન છે. જ્ઞાન જ્ઞાનનું છે. જ્ઞાનમાં પોતાને જાણવાનો સ્વભાવ છે, તથા સ્વાદને જાણ્યો એમ કહેવું તે ઉપચાર છે છતાં અજ્ઞાની ઉપચારને યથાર્થ કરી નાખે છે. તે ચીજ જાણતી વખતે તને તારો પર્યાય જણાય છે એમ નહિ માનતાં પરને જાણું છું એમ માની અવાસ્તવિકતા ઊભી કરી છે.

જ્ઞાન તથા સ્વાદ વચ્ચે મોટો આંતરો છે. પદાર્થો નજીક અથવા દૂર છે તે આકાશક્ષેત્રની અપેક્ષાએ છે. જ્ઞાન તથા પદાર્થને અભાવ છે-સદાય દૂર છે. તારા જ્ઞાનસ્વભાવની હયાતીને-પ્રવૃત્તિને પરમાં ગોઠવી દે છે ને પરને લીધે તારી પ્રવૃત્તિ છે એમ તું માને છે એ વાત સાચી નથી. તારું વર્તમાન જ્ઞાન તારે લીધે ન હોય તો પરને જાણ્યું એ ઉપચાર આવતો નથી.

પરને જાણ્યું એમ માની તેમાં રાગ કરે છે, મને આ ચીજ મીઠી લાગે છે એમ રાગ કરે છે. જડની હાલત અહીં આવે છે ? ના, જડની હાલતને લીધે રાગ થાય છે ? ના. જડની હાલતને લીધે જ્ઞાન થાય છે ? ના. પોતાનું જ્ઞાન નહિ જાણતાં પરને જાણું છું એમ માનવું અધર્મ છે.

ધર્મ એટલે વસ્તુસ્વભાવ. તારો સ્વભાવ અનાદિ અનંત છે; તારો પર્યાય તારી અસ્તિમાં છે એમ માને તો પછી રાગ પોતાના કારણે છે, પોતાની કમજોરીથી થાય છે એમ માને તો રાગ ટાળવાનો પ્રસંગ આવે ને જ્ઞાન પોતાથી છે એમ માને તો જ્ઞાનસ્વભાવ તરફ વળવાનો પ્રસંગ આવે. વળી અજ્ઞાનીને પોતાના જ્ઞાનની ખબર નથી ને નબળાઈથી થતા રાગની ખબર નથી તેથી સંસારમાં રખડે છે.

આત્માએ મીઠા પદાર્થને જાણ્યા નથી. સ્વને જાણતા પરને ઉપચારથી જાણે છે. અણારોપ વિના આરોપ ક્યાંથી આવે ? મીઠાની પર્યાયના અભાવરૂપે રહેતા ને પોતામાં ભાવરૂપે રહેતા

પોતાને જાણું છું એમ નહિ માનતાં પરને જાણું છું એમ અજ્ઞાની માને છે.

જીવ સ્વાદ લઈ શકતો નથી. તે વખતની જ્ઞાનપર્યાય તે કાળે તેવી તાકાતવાળી છે એમ નહિ માનતાં પરને જાણું છું તે મિથ્યાભ્રાંતિ ને અજ્ઞાન છે તેથી અનંત સંસારમાં રખડે છે.

''તથા મારે આ જાણવું જોઈએ'' -એમ હવે મનની વાત કરે છે. આ પુસ્તક જાણવું જોઈએ. ઈતિહાસ ખૂબ જાણીએ તો બુદ્ધિ ખીલે, જુદા જુદા દેશમાં જઈએ તો બુદ્ધિ ખીલે એમ માનનાર મૂઢ પરને લીધે બુદ્ધિ ખીલે એમ માને છે ને પોતાને જ્ઞાનથી ખાલી માને છે.

આત્મા જ્ઞાનનો ભંડાર છે, પોતાને લીધે પ્રવર્તે છે છતાં માને છે કે મારે આ જાણવું જોઈએ. ઈતિહાસ, ખનીજ પદાર્થોના શાસ્ત્રો, વિજ્ઞાન વગેરેમાં આટલા પાવરધા તો થવું જોઈએ -તે માન્યતા વિપરીત છે. વર્તમાન જ્ઞાનપર્યાય મારા જ્ઞાનસ્વભાવી આત્માની છે તે વાત રહેતી નથી. તેથી અજ્ઞાનીનું વલણ પરમાં જાય છે.

આ પ્રકારે જ્ઞેયમિશ્રિત જ્ઞાન કર્યું છે પણ જ્ઞેય મિશ્ર થયા નથી. એવા જ્ઞેયમિશ્રિત જ્ઞાન વડે વિષયોની જ પ્રધાનતા ભાસે છે. મારો જ્ઞાનપર્યાય મારાથી પ્રવર્ત્યો એમ ન ભાસ્યું પણ વિષયોથી પ્રવર્ત્યો એમ ભાસે છે. આને જાણ્યું, ફૂલને સૂંઘ્યું એમ પરને પ્રધાનતા આપે છે, કલ્પનામાં જ્ઞેય ને જ્ઞાન મિશ્રિત કરે છે. પાંચ ઈંદ્રિયના વિષયો ને મનના વિષયો પોતામાં એકમેક કરે છે. આ ચીજો હોય તો જણાય તેથી તે ચીજો મેળવવા માગે છે, પરને મેળવવા માગે છે, પરને જાણવા માગે છે પણ પોતાને જાણવા માગતો નથી. પોતાને ભિન્ન નહિ માનતો જ્ઞેયમિશ્રિત જ્ઞાન વડે તે ચીજોની મુખ્યતા ભાસે છે. હું જાણનાર-દેખનાર છું એમ ભાસતું નથી -આખો ભગવાન આત્મા રહી જાય છે. કોઈ કહે કે હું બાગમાં ન હતો ને બાગને દીઠો -તો તે ખોટો છે. તેમ નૃત્યને જાણવામાં, સુગંધને જાણવામાં હું ન હતો ને નૃત્ય દીઠું -તો તે ખોટો છે. પોતાની હયાતી વિના આ ચીજો છે એમ કોણે દીઠી ? વળી અજ્ઞાનીને વિષયોનો સ્વાદ નહિ આવવા છતાં રાગના સ્વાદમાં પરનો સ્વાદ માની બેઠો છે.

જ્ઞાનપર્યાય પોતાની છે ને નબળાઈનો રાગ પોતાનો છે છતાં જ્ઞાન પરનું છે ને વિષયનો સ્વાદ આવે છે એમ માને છે પણ રાગનો સ્વાદ આવે છે ને જ્ઞાન મારું છે એમ માને તો વિષયો તરફથી વળી પોતા તરફ આવે ને રાગ ઘટી અંતરમાં ઠરવાનો પ્રસંગ આવે. આત્માએ વિષયોને ગ્રહણ કર્યા નથી, વિષયોનો સ્વાદ લેતો નથી, વિષયોને જાણ્યા નથી પણ આત્માને જાણ્યો છે ને રાગનો સ્વાદ લ્યે છે એમ નક્કી કરે તો પોતા તરફ વળે.

આ જીવને આ કારણે વિષયોની ઈચ્છા હોય છે કારણ કે તેને વિષયોનો સ્વાદ આવે છે એમ માને છે, ને તેને જાણે છે એમ માને છે તેથી સ્વને જાણવા તરફ ને સ્વનો સ્વાદ લેવા તરફ



ફરતો નથી. તેને વિષયોની જ પ્રધાનતા ભાસે છે. એ પ્રમાણે મોહના નિમિત્તથી આ જીવને વિષયોની ઈચ્છા હોય છે

અનાદિ અનંત જ્ઞાનસ્વભાવ છે. પરને અડ્યા વિના તેમ જ પરની હયાતી છે માટે નહિ પણ પોતાની તાકાતથી સ્વને જાણતા ત્રણકાળના પદાર્થોને જાણવાની તાકાત છે. મારામાં રહીને મને જાણતાં તે પદાર્થોને જાણું છું -એવી પ્રતીતિનો અજ્ઞાનીને અભાવ છે. તે એમ માને છે કે ''એક પદાર્થનો સ્વાદ મને આવે છે.'' તેથી તે ત્રણકાળના પદાર્થને છોડવા માગતો નથી ને પરપદાર્થને જ જાણું છું એમ માનનારને ત્રણકાળના એકાંત પરપદાર્થો તરફની જાણવાની બુદ્ધિ રહે છે. ખરેખર વિષયોમાં સ્વાદ નથી ને વિષયોને લીધે જ્ઞાન નથી છતાં અજ્ઞાનને કારણે ત્રણકાળના પદાર્થ તરફની ઈચ્છા થઈ તથા પરને જાણવામાં પોતાની પર્યાય રોકાઈ ગઈ. મિથ્યાદષ્ટિ 'મેં નૃત્ય દીઠું' એમ વર્તમાન પરમાં રોકાયો હોવા છતાં બધા પરને સ્પર્શી લઉં, સર્વને સ્વાદું એમ તેની માન્યતામાં રહેલું છે. સર્વને સૂંઘું, સર્વને સાંભળું અને સર્વને જાણું એવી તીવ્ર ઈચ્છા છે. એક પદાર્થનો થોડો સ્વાદ લાગ્યો એમ માન્યો માટે બધા પદાર્થોનો સ્વાદ લેવા માગે છે. સર્વને દેખું ને સર્વને સાંભળું -એમ ઈચ્છા કરે છે. પોતે જ્ઞાનસ્વભાવી આત્મા છે તેની પ્રતીતિ નથી. ''સર્વને જાણું'' એવી માન્યતામાં પોતે ચૈતન્ય રહી ગયો. બધા પદાર્થને જાણું એવી ઈચ્છા વર્તે છે -એટલી બધી ઈચ્છા છે. અજ્ઞાનીને વેગ એવો છે કે બધાનો સ્વાદ લઉં પણ શક્તિ ઓછી છે. ઈંદ્રિયોની સન્મુખ થયેલા વર્તમાન સ્પર્શ, રસ, ગંધ, વર્ણ કે શબ્દમાંથી કોઈને કિંચિત્ જાણે છે અથવા સ્મરણાદિક વડે મનથી કંઈક જાણે તે પણ અનેક કારણ મળતાં સિદ્ધ થાય છે. આવી પરાધીનતા છે તેથી કોઈ કાળે તેની ઈચ્છા પૂર્ણ થતી નથી.

આ બધાનો સાર એ છે કે તારો પરને જાણવાનો રસ્તો ને પરમાં સ્વાદ માની રાગનો સ્વાદ લેવાનો રસ્તો શાંતિનો નથી, તેથી તું દુઃખી થઈ રહ્યો છો. વિષયોનો સ્વાદ નથી ને વિષયોનું જ્ઞાન નથી પણ રાગનો સ્વાદ છે ને જ્ઞાનનું જ્ઞાન છે. વિષયો પર છે, રાગ ક્ષણિક છે, સ્વભાવમાં નથી ને જ્ઞાનપર્યાય જ્ઞાનસ્વભાવવાનની છે એમ રાગ રહિત નિત્ય જ્ઞાનસ્વભાવીની દષ્ટિ થાય, આમ સમજે તો નિમિત્તબુદ્ધિ અને રાગબુદ્ધિ છૂટીને સ્વભાવબુદ્ધિ થાય-ધર્મ થાય એ સમજાવવા વાત કરી છે.

## કારતક વદ ૧૩, શનિવાર, ૧૫-૧૧-૫૨.

આત્મા અનાદિ અનંત જ્ઞાનસ્વરૂપ છે તેવા જ્ઞાનસ્વરૂપની અંતર પ્રતીતિ ને ભાન નથી તે વર્તમાન ઉઘાડમાં ''હું પર વસ્તુને જાણું છું તથા પર વસ્તુનો સ્વાદ લઉં છું'' -એમ માને છે. ખરેખર તો દરેક જીવ-નિગોદનો જીવ પણ પોતાની જ્ઞાનપર્યાયને જ જાણે છે. ભલે ઉઘાડ ઓછો હોય છતાં પર્યાયનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે, પણ માને છે કે વિષયોને જ તથા રાગને જ જાણું

છું. ખરેખર તો પોતાને જ જાણે છે. જેને જેટલો ઉઘાડ હોય તે સ્વ-પરપ્રકાશક છે એમ નહિ માનતાં પરને જ જાણું છું એમ માને છે.

અહીં પ્રશ્ન થાય કે જ્ઞાન જ્ઞાનને જ જાણે છે તો જગતની બીજી ચીજની શી જરૂરિયાત છે?

**સમાધાન** : જ્ઞાનને લીધે જગતની ચીજો નથી ને જગતની ચીજોને લીધે જ્ઞાન નથી. જ્ઞાન પરને જાણે છે એમ કહેવું તે અસદ્ભૂત ઉપચાર છે. ખરેખર જ્ઞાન પરને જાણે તો લોકાલોક ને જ્ઞાન એકમેક થઈ જાય-બન્ને જુદા રહેતા નથી.

જ્ઞાનમાં બીજી ચીજો નિમિત્ત નથી એમ કહે તો સ્વ-પરપ્રકાશક સામર્થ્ય એટલું રહેતું નથી. નિમિત્તને લીધે નહિ પણ પોતાના કારણે જ જ્ઞાન સ્વ-પરપ્રકાશક સામર્થ્યવાળું છે. વર્તમાન ઉઘાડઅંશ દેખાય છે તે આખી ચીજનો અંશ છે એમ નહિ માનતાં તે અંશ નિમિત્તને જ અથવા રાગને જ જાણતો હોય ને પરનો સ્વાદ લેતો હોય એમ માને છે તે નિમિત્તબુદ્ધિ ને પર્યાયબુદ્ધિવાળો મિથ્યાદૃષ્ટિ જીવ છે.

આત્માનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે, તેમાં જ્ઞાન પોતાને પ્રકાશે છે ને બીજા ગુણોને પ્રકાશે છે માટે જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે એમ પણ નથી. આત્માના બીજા ગુણો છે માટે જ્ઞાનને પરપ્રકાશકપણું આવ્યું છે -એમ નથી ને પરપ્રકાશકપણું છે માટે આત્મામાં બીજા ગુણો છે એમ પણ નથી.

આત્મા જ્ઞાનસ્વભાવી છે. અનાદિ અનંત છે તેની વર્તમાન પર્યાયની રુચિ સ્વમાં હોય તો પરને નહિ જાણતાં સ્વને જાણું છું એમ માને તથા પરનો સ્વાદ નહિ માનતાં રાગનો સ્વાદ આવે છે એમ માને તો રાગની અધિકતા તૂટી જાય ને અંશી જ્ઞાનસ્વભાવ સાથે સંધિ થતાં રાગની ગૌણતા થઈ જાય ને અનાકુળ સ્વભાવની અધિકતા થઈ જાય. આમ થતાં પરને જાણું છું એ વાત રહેતી નથી ને પરનો સ્વાદ લઉં છું એ વાત પણ રહેતી નથી.

જો જ્ઞાનપર્યાય લોકાલોક છે માટે જાણે છે એમ કહો તો પોતાનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક સાબિત થતો નથી. ને જગતમાં નિમિત્તો જ નથી એમ માને તો સ્વ-પરપ્રકાશક સામર્થ્ય જ્ઞાનનું પોતાનું છે તે રહેતું નથી, એટલે કે આત્મા પોતે રહેતો નથી.

પ્રથમ નક્કી કરાવે છે કે આ ભૂલ થઈ રહી છે. પર વસ્તુ હોય તો મારામાં પરપ્રકાશક સામર્થ્ય છે એમ અજ્ઞાની માને છે. લોકાલોક છે માટે પરપ્રકાશક સ્વભાવ છે ? ના.

જ્યારે જ્ઞાન જ્ઞાનને જાણે તો લોકાલોક રહેતા નથી એમ કોઈ કહે તો તેનું સમાધાન : આત્માનું સામર્થ્ય સ્વ-પરપ્રકાશક નિશ્ચય છે. તે નિશ્ચય એમ કહે છે કે બીજી ચીજ જગતમાં અનંત છે, તે માનવામાં ન આવે તો પોતાની પર્યાયનું સામર્થ્ય સ્વ-પરપ્રકાશક નિશ્ચય છે તે રહેતું નથી, તો જ્ઞાનગુણ ને આત્મદ્રવ્ય પણ રહેતું નથી.



અરીસામાં નાળિયેર, જાંબુ વગેરે જણાય છે તે અરીસાની પર્યાય છે. ત્યાં અરીસામાં કેરી આવી ગઈ નથી છતાં અરીસાની સામે કેરી છે જ નહિ એમ કહે તો અરીસાની સ્વ-પર સ્વચ્છશક્તિ રહેતી નથી. કેરીને બતાવવાનું સામર્થ્ય અરીસાનું નિશ્ચય છે. તેમ માનવામાં ન આવે તો સામી ચીજ સામી ચીજના કારણે રહેતી નથી ને સામી ચીજ ન માને તો અરીસાનો સ્વચ્છ સ્વ-પરપ્રકાશવાનો સ્વભાવ રહેતો નથી.

ઉપાદાન-નિમિત્ત બન્ને ચીજ છે પણ ઉપાદાનમાં કાર્ય થાય છે માટે નિમિત્તને આવવું પડે છે એમ નથી. તેમ જ નિમિત્ત છે માટે ઉપાદાનમાં કાર્ય થાય છે -એમ પણ નથી. બન્ને પોતપોતાના કારણે સ્વતંત્ર છે -એ જ સિદ્ધાંત અહીં આવી ઊભો રહે છે.

અરીસો અરીસાને જણાવે છે ને બીજી ચીજો બીજી ચીજના કારણે છે એમ અરીસો જણાવે છે. તેમ ચૈતન્યબિંબ આત્માની પર્યાય જે પર્યાય હોય તેનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ નિશ્ચયથી છે તે પરને જાણે છે એમ કહેવું તે અસદ્ભૂત ઉપચાર છે પણ પરપ્રકાશક સ્વભાવ વ્યવહારથી છે એમ કહે તો પરપ્રકાશક સ્વભાવ રહેતો નથી તો સ્વભાવ આખો સ્વ-પરપ્રકાશક સાબિત થતો નથી. માટે પરપ્રકાશક સ્વભાવ આત્માનો નિશ્ચયથી છે.

જ્ઞાનપર્યાય સ્વને જાણે ને સ્વના સામર્થ્યથી પરને ન જાણે તો સ્વ-પરપ્રકાશક સામર્થ્ય ઊડી જાય છે ને સ્વ-પરપ્રકાશક જ્ઞાનને લીધે લોકાલોક છે એમ માને તો નિમિત્ત નિરપેક્ષ સાબિત થતું નથી.

જ્ઞાનગુણ છે માટે અનંતા ગુણો છે એમ નથી. અનંતા ગુણો છે માટે જ્ઞાનગુણ છે એમ પણ નથી. જ્ઞાનગુણનો પોતાનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે તે બીજા અનંત ગુણો છે માટે સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે એમ નથી.

આ જગત નથી ને હું છું એમ કહે તો પોતાનો સ્વભાવ રહેતો નથી ને સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે માટે જગત છે એમ કહે તો જગત નિરપેક્ષ વસ્તુ રહેતી નથી. વળી આત્મા લોકાલોકની સામે જોતો નથી, કોઈ પણ પદાર્થની સામે જોવાની વ્યાખ્યા શી ? માથું ઊંચું થાય તે સામું જોવું છે? માથું તો જડ છે તેને આત્મા ઊંચું કરી શકતો નથી. ને આત્માની વ્યંજનપર્યાય ફરે માટે જ્ઞાનની અર્થપર્યાય ફરે છે ? ના. અસંખ્ય પ્રદેશી આત્મા પોતાની વ્યંજનપર્યાયના ક્રમને ફેરવતો નથી. તેનું કાર્ય આ રીતે થાય છે માટે તેને ફેરવીને બીજી રીતે કરું -એમ ભવિષ્યનું કર્તાપણું હોઈ ન શકે. દરેક પર્યાયનું વર્તમાનનું કર્તાપણું હોય છે. હોય પછી આમ કરું તો આમ થાય એ વાત રહેતી નથી. વ્યંજનપર્યાય ફર્યો માટે જ્ઞાન થયું એ વાત છે જ નહિ.

વળી આંખ દ્વારા જાણ્યું એમ કહો તો તે વાત પણ ખોટી છે. આંખ અને આત્મા વચ્ચે અત્યંત અભાવ છે. વળી કોઈ કહે કે આંખના છિદ્ર દ્વારા આત્મા જુએ છે તો તે વાત પણ

ખોટી છે. જેમ મકાનના કાણાં-બારી-દરવાજા દ્વારા માણસ જુએ છે તેમ આંખમાં ક્યાંક કાણાં હોય તો તે દ્વારા જોઈ શકે એમ પણ નથી. કાણાં બહારમાં માની બેઠો છે, કાણાં વખતે કે આડશ વખતે પોતાની પર્યાયથી જુએ છે. અજ્ઞાનીને ભ્રમ છે કે શરીરના કોઈ છિદ્ર દ્વારા જુએ છે પણ શરીરમાં ક્યાંય છિદ્ર નથી. દરેક જીવ પોતાની ક્ષયોપશમપર્યાયથી-ઉઘાડથી જુએ છે, પરથી નહિ, ઈંદ્રિયોથી નહિ, રાગ છે માટે નહિ ને પોતામાં બીજા અનંતા ગુણો છે માટે પણ નહિ પરંતુ પોતાના સ્વ-પરપ્રકાશક સામર્થ્યથી જુએ છે.

વસ્તુસ્વભાવ ધર્મ છે. આત્માનો સ્વભાવ મુખ્યપણે જ્ઞાન છે તેનું યથાર્થ ભાન થવું તે ધર્મ છે, તે જ્ઞાનમાં સ્વ-પરપ્રકાશક સ્વભાવની ના પાડે તો તેના સ્વભાવનો નકાર થાય છે ને બીજી ચીજોની ના પાડે તો પોતાના સામર્થ્યનો નકાર થાય છે. તે સ્વભાવ બીજી ચીજોને લીધે નથી પણ પોતાને લીધે છે.

અજ્ઞાની કહે છે કે મેં આડું જોયું કે ઊંચું માટે આ પદાર્થ જોયો પણ એમ છે જ નહિ. સ્વ-પરપ્રકાશક સામર્થ્ય પર્યાયમાં છે તે પૂર્વને લીધે નથી, ભવિષ્યને લીધે નથી, બીજા ગુણોને લીધે નથી. પરપદાર્થને લીધે નથી. પણ પોતાના સામર્થ્યને લીધે છે. આમ સ્વ-પરપ્રકાશક સ્વતંત્ર પર્યાય કબૂલ કરે તો સ્વભાવવાન આત્મા કબૂલ થાય છે.

સ્વ-પરપ્રકાશક સ્વભાવ નિરપેક્ષ છે ને લોકાલોક નિરપેક્ષ છે. બન્ને પોતપોતાના કારણે નિરપેક્ષ છે એમ સાબિત કર્યા પછી સાપેક્ષપણું લાગુ પડે, તે વિના લાગુ પડતું નથી.

એક સમયનો રાગ અંદરમાં -ત્રિકાળી સ્વભાવમાં પેઠો નથી. મિથ્યા માન્યતા અને રાગ સ્વભાવની અંદર પેઠા નથી ને પર્યાયમાં બિલકુલ છે જ નહિ એમ કહે તો તે પણ ખોટો છે. દરેક ચૈતન્ય-રત્ન છે તેની એક પર્યાયની હાંસમાં સંસાર છે તથા જ્ઞાનની પર્યાય સ્વ-પરપ્રકાશક સામર્થ્યવાળી છે. તેમાં પરપદાર્થનો પોતામાં અભાવનું જ્ઞાન ને સ્વપદાર્થનો પોતામાં સદ્ભાવનું જ્ઞાન છે. પરના અભાવરૂપ નાસ્તિપણે પરિણમન પોતાના કારણે છે ને સ્વનું અસ્તિરૂપ પરિણમન પોતાના કારણે છે.

આત્મા અનંત પરપદાર્થોથી નાસ્તિરૂપે છે એવા અનંતા પદાર્થોના નાસ્તિપણાનો ભાવ તે પોતાનો ભાવ છે, પરનો નથી, પરને લીધે નથી -એમ સમજે તો પોતા તરફ વળતાં ધર્મ થાય.

આત્મા સૂક્ષ્મ છે, તેના ગુણ-પર્યાય સૂક્ષ્મ છે, તેની ધર્મ-અધર્મ દશા સૂક્ષ્મ છે. તે કેવી રીતે છે તે સાંભળવા મળ્યું નથી, ને કોઈ દિવસ મળ્યું હોય તો વિચાર કર્યો નથી. માટે યથાર્થ વિચાર કરવો જોઈએ.

**પ્રશ્ન** : સ્વ-પરપ્રકાશક સ્વભાવમાં બેપણું આવ્યું કે એકપણું ?



**ઉત્તર** : શક્તિ એક છે. એક પર્યાયમાં અખંડપણું છે, બેપણું નથી. સ્વ-પરપ્રકાશકનું સામર્થ્યનું એકપણું છે. ભેદ પાડીને બેપણું કહેવાય છે.

અજ્ઞાની માને છે કે હું પરપદાર્થને કરું ને જાણું, અહીં કહે છે કે પરને કરવારૂપ તારી તાકાત નથી પણ પરપદાર્થ એના કારણે આવે જાય એને જાણવું તે અસદ્ભૂત ઉપચાર છે. પરમાં તન્મય થયા વિના સ્વસામર્થ્યથી આત્મા પરને જાણે છે, છતાં પરને આત્મા કરે છે એમ માનવું તે સ્થૂળ અજ્ઞાન છે.

આત્માનો ત્રિકાળને જાણવાનો સ્વભાવ છે એવી ખબર નથી તેથી અજ્ઞાની ગુલાંટ ખાઈ ગયો છે ને ''હું સર્વને સ્પર્શું, હું સર્વને સ્વાદું, સર્વને સૂંઘું, સર્વને દેખું, સર્વને સાંભળું અને સર્વને જાણું.'' આમ પરને જાણવાની ને ભોગવવાની ઈચ્છા અનંતી છે પણ વર્તમાન શક્તિ તો બહુ ઓછી છે ને તે પણ બાહ્ય કારણો મળતા થાય છે, તેથી કોઈ કાળે એની ઈચ્છા પૂર્ણ થતી નથી. કારણ કે ઈચ્છા તો કેવળજ્ઞાન થતાં જ સંપૂર્ણ થાય છે એટલે કે કેવળજ્ઞાન થતાં ઈચ્છાનો અભાવ થઈ જાય છે. સર્વને દેખું ને સાંભળું એવી ઈચ્છા હતી તે કદી બની શકતું નથી. ખરેખર તો કેવળજ્ઞાનમાં બધા પદાર્થને જ્ઞાનમાં લ્યે એટલે બધા પદાર્થોને સૂંઘ્યા ને સ્વાદ્યા, ભોગવ્યા વગેરે આવી જાય છે.

પણ ક્ષયોપશમરૂપ જ્ઞાન ઓછું છે તેથી બધું જાણવાની તાકાત પ્રગટે નહિ તે કેવળજ્ઞાન પ્રગટવાથી જણાય, કેવળજ્ઞાન સમ્યગ્દર્શન થતાં પ્રગટે છે ને સમ્યગ્દર્શન આત્માની પ્રતીતિ કરતાં થાય છે.

અહીં કહે છે કે આ ઈંદ્રિયો દ્વારા કિંચિત્ જાણે છે માટે બધું જાણવાનું કયે દિવસે ભેગું થાય? માટે ઉઘાડ દ્વારા કદી બધું જાણવાનું થાય નહિ ને કેવળજ્ઞાન દ્વારા થાય -એમ અસ્તિ-નાસ્તિથી વાત કરે છે.

ખરેખર આ જગતને જીવે જાણ્યું નથી. જો જગતને ખરેખર જાણે તો જગત ને જીવ એક થઈ જાય. તારું જ્ઞાન ખરેખર માનસ્તંભને જાણે તો તારું જ્ઞાન તેમાં ચાલ્યું જાય. તો તું ને માનસ્તંભ એકરૂપ થઈ જાય. ખરેખર પોતાની જ્ઞાનપર્યાયને જાણે છે, માનસ્તંભ આદિ પરને ખરેખર જ્ઞાન જાણતું નથી.

આ જીવ આકુળ-વ્યાકુળ બની દુ:ખી થઈ રહ્યો છે. એક વિષયને લેતાં જો મરણ આવે તો પણ વિષયને છોડે નહિ. ટી.બી થયો હોય ને વૈદ્ય બ્રહ્મચર્ય પાળવાનું કહે ને પોતાને ખ્યાલમાં હોય છતાં એક વિષયના ગ્રહણ માટે મરણ સાથે ખેલ ખેલે છે. વિષયનો અર્થી ઝંપાપાત કરી ચૈતન્યને ચૂકી જાય છે. જેમ હાથી કપટણી હાથણીનો સ્પર્શ કરવા ખાતર ખાડામાં પડે છે. બીજી હાથણી કપટથી લઈ જાય ને સ્પર્શનો પ્રેર્યો-આવેશનો માર્યો ચૈતન્ય ચૂકી જાય છે. પણ ભાઈ, ઈંદ્રિયના વિષયોથી સંતોષ નહિ થાય માટે સ્વભાવને ઓળખ. જ્ઞાનીને રાગની મર્યાદા થઈ ગઈ

છે. સ્વભાવમાં એકાગ્ર થવું એ જ સુખ છે, છતાં જરા રાગ થઈ આવે છે પણ મર્યાદામાં છે. પોતાના સ્વભાવને ચૂકીને રાગ થતો નથી. અજ્ઞાની તો વિષયમાં તલ્લીન એકાકાર છે.

મચ્છને જાળમાં લગાડેલ માંસ ચાખવાની ઈચ્છા ઘણી થાય છે. માંસ ખાવા જતાં માછલું લોઢાના કાંટામાં ભરાઈ જાય છે. લોલુપતામાં આત્માને ચૂકી જાય છે. તત્કાળ મરણ ભાસે તો પણ લોલુપતા છોડતું નથી. જ્ઞાનીને અમર્યાદિત સ્વભાવ આગળ રાગની મર્યાદા થઈ ગઈ છે, અજ્ઞાનીને રાગ અમર્યાદિત છે.

ભ્રમરને કમળ સૂંઘવાની ઈચ્છા ઘણી હોય છે. કમળમાંથી ભ્રમર નીકળતો નથી, મરણને ગણતો નથી એટલો સુગંધમાં તલ્લીન હોય છે. કમળ રાત્રે બિડાઈ જતાં ભમરો તેમાં બિડાઈને મરણ પામે છે.

પતંગિયું પ્રકાશમાં ઝંપલાવે છે, તેને રૂપ જોવાની ઈચ્છા ઘણી હોય છે તેથી દીવામાં પડી મરી જાય છે.

હરણને રાગ સાંભળવાની ઈચ્છા ઘણી છે. સિતાર વાગે ત્યાં તલ્લીન થઈ જાય છે, ત્યાં શિકારી પારધી પાછળથી આવી મારી નાખે છે.

એક એક વિષય પાછળ તલ્લીન થયેલો જીવ મરણ પામે છે તો પાંચ ઈંદ્રિયોના વિષય પાછળ તત્પર હોય તેની શી વાત ? તે તો તદ્રૂપ તલ્લીન થઈ ગયેલો છે.

આ બધા દૃષ્ટાંત ઉપરથી નક્કી થાય છે કે મરણની પીડા કરતાં વિષયોની પીડા તેઓને અસહ્ય-ઘણી અસહ્ય લાગે છે. માટે જ્ઞાનસ્વભાવની પ્રીતિ કરવી તે સુખદાયક છે એમ કહેવાનો ભાવાર્થ છે.

## કારતક વદ ૧૪, રવિવાર, ૧૬-૧૧-૫૨.

આત્મા જ્ઞાનસ્વભાવી છે. મારો આનંદ મારામાં છે એમ અજ્ઞાની માનતો નથી. શરીર, મન, વાણી, વિષયો પર છે. મારો સ્વભાવ પરથી અભાવસ્વરૂપ છે ને જ્ઞાન ને આનંદસ્વરૂપ છે એમ માનતો નથી. તેથી વિષયોમાં ઝાંવા નાખે છે -પાંચ ઈંદ્રિયો તરફ ઝૂકાવ કરે છે. શરીરની, ઈંદ્રિયોની તથા પરપદાર્થની ક્ષણે ક્ષણે જે અવસ્થા થાય તેને પરમાં તન્મય થયા વિના જાણું છું એવી ખબર નથી. હું જાણનાર-દેખનાર છું એમ નહિ માનતા પરની સહાય લઉં, પરમાંથી સુખ લઉં એમ માને છે તે પોતાના સ્વભાવની રુચિનો અભાવ બતાવે છે. મારા જ્ઞાન ને આનંદ મારામાં છે એમ સ્વભાવમાં નહિ ઝૂકતો પરમાં ઝૂકી જાય છે. આત્મા પાંચ ઈંદ્રિયોના વિષય રહિત નિર્વિષયી છે -એમ નહિ માનતાં સ્વચૈતન્યને-સ્વધ્યેયને ચૂકી પર વિષયમાં ઝૂકી રહ્યો છે.



પર મને મદદ કરે, કંઈક શરીરની ક્રિયા કરું એવી અજ્ઞાનદૃષ્ટિ અનાદિથી છે. જેથી અજ્ઞાનીને પરની તથા પાંચ ઈંદ્રિયોના વિષયની એવી રુચિ છે કે સ્વને ચૂકીને પર વિષયોમાં પડે છે. તેથી મરણ કરતાં વિષયની પીડા અધિક જણાય છે પણ વિષયોથી રહિત, આખા જગતથી શૂન્ય મારું સ્વરૂપ છે -એમ માનતો નથી. જગતની કોઈ ચીજની અવસ્થા કરવાની મારી તાકાત નથી. શરીર-મન-વાણી-જગત મારામાં નથી તો તે મને કાંઈ ન કરી શકે ને હું જગતમાં નથી તો હું જગતનું કાંઈ ન કરી શકું એવી દૃષ્ટિ અજ્ઞાની કરતો નથી અને પરમાં ઝૂકી રહ્યો છે. તેને પર તરફના વલણમાં એટલી પ્રીતિ છે કે દેહ છૂટવાનો પ્રસંગ આવે તો પણ તેની દરકાર નહિ કરતાં વિષયોની પ્રીતિ છોડતો નથી. શબ્દ, રસ, રૂપ, ગંધ, સ્પર્શ ને મન તરફનો વિચાર કરી, પુણ્ય-પાપના વિચારમાં રોકાઈ સ્વભાવનો વિચાર કરતો નથી.

જેમ કોઈ દુઃખી માણસ પહાડ ઉપરથી પડતું મૂકે તેમ અજ્ઞાની વિષયોમાં ઝંપાપાત કરે છે. હું જ્ઞાતા છું, અનાદિ અનંત જ્ઞાનસ્વરૂપ છું એવી રુચિ કરતો નથી અને મારાથી આ વિષય છોડાય એમ નથી એમ માને છે ને સ્વસામર્થ્યની પ્રતીતિ ન કરતાં પરમાં ઝૂકી જાય છે. પર વિષયો હિતરૂપ નથી પણ સ્વ આત્મા હિતરૂપ છે એવો વિચાર કરતો નથી.

‘‘અનેક પ્રકારના કષ્ટ ઉઠાવી ધન ઉપજાવે અને વિષયને અર્થે તેને ગુમાવે’’. ધન તો પુણ્યને લીધે મળે છે પણ પૂર્વ પુણ્યને લીધે પૈસાની પ્રાપ્તિ થવી હોય તો થાય એમ માનતો નથી ને તે પૈસા ખાવા-પીવામાં, મકાનમાં, નાચતાનમાં વગેરે વિષયોમાં ગુમાવે છે. એક દીકરા માટે, દીકરાની વહુ માટે, આબરૂ માટે કષ્ટથી ભેગા કરેલા પૈસા ગુમાવે છે. વિષય અર્થે, આબરૂ અર્થે, વાહવાહ સાંભળવા અર્થે લક્ષ્મી આપી દે છે.

ઘણાં વિષયોની પ્રાપ્તિ થતી હોય, રૂપ જોવાનું મળતું હોય, પૈસા મળતાં હોય ત્યાં મરણ થતું હોય તો પણ જાય છે. ચૈતન્યની ખબર નથી તેથી પૈસા ખાતર મરણની દરકાર કરતો નથી. ઉપરથી બોમ્બ પડે, દરિયામાં મરણ થાય એવું જોખમ હોવા છતાં પૈસા માટે પરદેશ જાય છે. નરક ને તિર્યંચમાં જવાના કારણરૂપ હિંસા, જૂઠું, ચોરી વગેરે કરે. મોટી મીલો કરે જેમાં માછલાં, દેડકાં મરતાં હોય છતાં તે કામ પૈસા મેળવવા માટે ચલાવે.

વળી પોતાની સત્તા અંતરમાં છે તેની ખબર નથી તેથી પોતાનું ધાર્યું કરવા ખાતર ક્રોધ, માન, માયા, લોભ કષાયો કરે છે. બિચારો શું કરે ? લોકોમાં આબરૂ રહે તે ખાતર કષાય કરે. બાપ મરી ગયા પછી આટલું કરવું પડશે, દીકરીને દસ હજારનો દાયજો આપવો પડશે, નહિ કરીએ તો આબરૂ નહિ રહે એમ માની માન ખાતર ખર્ચ કરે છે. તે બધી ઈંદ્રિયોની પીડા છે. બિચારો= ભિખારી-રાંક વૃત્તિવાળો - ચૈતન્યમાં શાંતિ છે તેને નહિ શોધનારો બહારમાંથી શાંતિ મળશે એમ માનનારો બિચારો છે. આત્મા ત્રિકાળ સત્ ચિદાનંદ સ્વરૂપ છે, દેહ ને વિષયોથી જુદો છે, વિકાર

ક્ષણિક છે એવી ખબર નથી તેથી દીકરા-દીકરીના લગ્નમાં આટલા રૂપિયા ખર્ચવા પડશે એમ માનનો પ્રેર્યો મરી જાય છે પણ માન મૂકતો નથી, પોતાની જાત ચૈતન્યની જાત છે તેનો ભરોસો કરતો નથી.

ઈંદ્રો વગેરે પણ રાગને લીધે વિષયોમાં ઝંપલાવે છે. કેટલાક દેવો ને ઈંદ્રો સમકિતી છે, તેમને આત્માનું ભાન છે છતાં આસક્તિ હોય છે પણ મિથ્યાદૃષ્ટિ દેવોને વસ્તુનું ભાન નથી તેથી વિષયોમાં અતિ આસક્ત બની રહ્યા છે. કોઈ કહે કે આ વિષયોને છોડી દઈએ, પણ ભાઈ, એવા વિષયો ઘણી વાર છૂટ્યા ને અનંતવાર દ્રવ્યલિંગી મુનિ થયો પણ વિષયોથી રહિત શુદ્ધ આત્માના ભાન વિના વિષયો છૂટ્યા કહેવાતા નથી.

જેમ ખુજલીથી પીડિત પુરુષ કાથીથી ખજવાળે છે. તેથી લોહી નીકળે છતાં ખજવાળવામાં મીઠાસ લાગવાથી પીડાને ગણતો નથી તેમ ઈંદ્રિયોથી પીડિત થયેલા ને ચૈતન્યની રુચિ નથી એવા દેવો વગેરે રાગમાં ઝંપલાવે છે. અરાગી સ્વભાવની રુચિ હોય તો રાગની મર્યાદા થઈ જાય.

જ્ઞાની જીવો વિષયોમાં સુખ માનતા નથી ને રાગમાં આનંદ માનતા નથી પણ અજ્ઞાની વિષયોમાં ને રાગમાં સુખ માને છે તેથી તેવા જીવોને પીડા ઘણી છે.

**પ્રશ્ન** : નિમિત્ત કાંઈ કરતું નથી તો રાજકુમારોએ ગાળો આપી માટે દ્વીપાયન મુનિએ ક્રોધ કર્યો ને તેથી દ્વારિકા બળી ગઈ -એમ લખાણ છે ને ?

**સમાધાન** : નિમિત્ત-નૈમિત્તિકમાં કાળભેદ નથી. મુનિને ક્રોધ થયો તો રાજકુમારની ગાળો નિમિત્ત કહેવાય છે. 'નિમિત્ત ન હોત તો' તે પ્રશ્ન જ અસ્થાને છે. નિમિત્તને લીધે ક્રોધ છે જ નહિ. જો રાજકુમારે ગાળો આપી માટે ક્રોધ થયો તો પછી ચારિત્રગુણનું વિશેષ ચારિત્રગુણના સામાન્યથી ન થયું ને પરથી થયું ? નિમિત્તથી ક્રોધ થયો નથી ને ક્રોધથી દ્વારિકા બળી નથી. દ્વારિકા બળી તો ક્રોધને નિમિત્ત કહેવાય છે. ક્રોધને ચારિત્રગુણનું વિશેષ નહિ માનતાં નિમિત્તનું વિશેષ માનવું તે ભ્રમ છે. આત્મા ત્રિકાળ છે, ચારિત્રગુણ ત્રિકાળ છે તે સામાન્ય છે, તેનું વિશેષ તે ક્રોધ છે -એમ નહિ માનતાં પરનું વિશેષ માનવું તે ભ્રમ છે. લાકડીમાં ક્રોધ થતો નથી કારણ કે તેમાં શાંત સ્વભાવ નથી. આત્મામાં શાંત સ્વભાવ છે તો વિશેષ-વિપરીત દશા ક્રોધ છે તથા નિમિત્તનું વિશેષ નિમિત્તના સામાન્યને લીધે છે.

આ લાકડી છે ને તેની વર્તમાન દશા પણ છે. વસ્તુ ને ગુણ સામાન્ય છે તે કાયમી છે, તેની અવસ્થા ક્ષણિક છે તે સામાન્યનું વિશેષ છે. આ લાકડી ક્ષેત્રાંતર થાય છે તે આત્માથી નહિ, હાથથી નહિ પણ તે પર્યાય-વિશેષ થાય છે તે સામાન્યનું વિશેષ છે. તે અંશ-વિશેષ હાથનો નથી, આત્માનો નથી. કોઈનું વિશેષ કોઈને લીધે હોય તો વસ્તુ વિશેષ વિનાની થઈ જાય.



ક્રોધ થાય છે તે અવસ્થા છે-વિશેષ પ્રકાર છે, તે અંશ-વિશેષ આત્માનો છે, તે બીજાનો નથી. આત્માના ભાનવાળાને પણ અસ્થિરતામાં વિકાર થાય છે તે પરને લીધે નથી પણ તે ચારિત્રગુણનું વિશેષ છે-કર્મનો ઉદય કર્મનું વિશેષ છે. દરેક વર્તમાન પોતાથી સ્વતંત્ર છે એમ જે માનતો નથી તે પોતાના આત્માને માનતો નથી -તે નાસ્તિક છે.

જે જે પરિણમન થાય છે તે વર્તમાનમાં થાય છે ને તે પોતાથી થાય છે, નિમિત્તથી થતું નથી. જે ન હોય તે નવું થાય નહિ ને જે હોય તેનો સર્વથા નાશ થાય નહિ, પોતે કાયમ રહીને અવસ્થામાં પલટે છે, તે અવસ્થા દ્રવ્ય-ગુણનું વિશેષ છે.

બીજાએ ગાળો આપી માટે ક્રોધ થયો એમ માને તો બધાને ક્રોધ થવો જોઈએ પણ બધાને ક્રોધ થતો નથી. ચારિત્રગુણની વિશેષ દશા-મલિન દશા પોતાથી છે, પરને લીધે નથી. આત્મામાં ઉપશમરસ પડ્યો છે તેની વિપરીત દશા પોતાથી થાય છે, પરથી થતી નથી.

**પ્રશ્ન** : ધર્મી કેમ ક્રોધ કરે છે ?

**સમાધાન** : પોતાને આત્માનું ભાન છે પણ સાધકદશામાં ચારિત્રગુણમાં હજી વિપરીતતા છે તે ભૂલ છે એમ સમજે છે. વિપરીતતા પરને લીધે માને તે તો મૂઢ છે. પણ વિપરીતતા જેટલો પોતાને માને તે પણ અજ્ઞાની છે.

અહીં કોઈ પૂછે કે જીવને ક્રોધ ક્રમબદ્ધ થવાનો હતો માટે થયો ?

**સમાધાન** : આ ક્રોધ થવાનો હતો તે થયો -એમ નિર્ણય કરનાર કોણ છે ? ક્રોધ ક્ષણિક છે ને આત્મા શાંતસ્વભાવી છે તે સન્મુખ દૃષ્ટિ કરનાર 'આ ક્રોધ થવાનો હતો તો થયો' -એમ કહી શકે. તેની દૃષ્ટિ વર્તમાન પર્યાય ઉપર નથી - જ્ઞાયકસ્વભાવ ત્રિકાળી છે તેના નિર્ણય વિના 'આ ક્રોધ થવાનો હતો તે થયો' એ નિર્ણય કરી શકે નહિ.

કોઈ કહે કે કેવળી ભગવાનને પૂછતાં મને એમ જવાબ આવ્યો કે મારે ચાર ભવ બાકી છે તો તેને પૂછીએ છીએ કે તને કેવળજ્ઞાનની પ્રતીત છે ? જેને કેવળજ્ઞાનની પ્રતીત છે તેને સ્વભાવની રુચિ થઈ છે. વર્તમાનમાં મારી અલ્પજ્ઞ પર્યાય છે, રાગ છે, નિમિત્ત છે. સર્વજ્ઞ આ જગતમાં છે તે પણ આત્મા છે, હું પણ આત્મા છું પણ પર્યાયમાં અલ્પજ્ઞ છું. તે અલ્પજ્ઞ પર્યાયમાં સર્વજ્ઞનો નિર્ણય કેવી રીતે થાય ? કર્મ, નિમિત્ત ને રાગની રુચિ છૂટીને અલ્પજ્ઞ પર્યાયની રુચિ છૂટી, સ્વભાવની રુચિ થઈ તેને હું કેવળજ્ઞાનશક્તિનો ભંડાર છું એવી પ્રતીતિ થઈ છે તે પૂછે છે કે હે પ્રભુ ! મારે કેટલા ભવ બાકી છે ? તેને દિવ્યધ્વનિમાં જવાબ આવે કે બે-ત્રણ ભવ બાકી છે. એવો પ્રશ્ન પૂછનારની દૃષ્ટિ પર્યાય ઉપર નથી, બે-ત્રણ ભવ બાકી છે તે પર્યાયમાં છે, સ્વભાવમાં ભવ નથી. ભવ વિકારી પર્યાય છે, તે કેટલો કાળ રહેશે એમ પૂછનારની દૃષ્ટિ પર્યાય ઉપરથી ખસી ગઈ છે

ને અમર્યાદિત સ્વભાવ ઉપર ગઈ છે. ભવ કેટલા છે એમ પૂછનારને ભાન છે કે મારી વિકારી પર્યાયનો નાશ થશે, મારી મોક્ષદશા ઉત્પન્ન થશે ને હું કાયમ રહીશ -એવા ભાનવાળાને આવો પ્રશ્ન યથાર્થ ઊઠે છે. કેવળી ભગવાનની પ્રતીતિ આવતા ભવ વિનાના સ્વભાવની પ્રતીતિ આવે છે. એવી પ્રતીતિવાળાને અનંત ભવો છે જ નહિ પણ વિશેષ ભવ -બે કે ત્રણ કેટલા બાકી છે તેની ખબર ન હોય તો પૂછે છે. અનંતા ભવો જેને હજી છે તેને આ પ્રશ્ન યથાર્થ ઊઠે નહિ.

**પ્રશ્ન** : સર્વજ્ઞનો નિર્ણય અને સ્વભાવદૃષ્ટિ થયા પછી પણ કોઈને ઘણાં ભવ રખડવું પડે છે? નરક-નિગોદમાં પણ જાય છે ?

**સમાધાન** : ભવનો પ્રશ્ન ઊઠ્યો અને તે કેવળી ભગવાનને પૂછવાનો વિચાર થયો તે કેવળજ્ઞાનીના નિર્ણય કરનારને સ્વભાવ ઉપર દૃષ્ટિ છે. સ્વભાવમાં ભવ નથી, ભવ ઉપર દૃષ્ટિ નથી. આમ કેવળજ્ઞાનીની પ્રતીતિ કરી પ્રશ્ન ઊઠે તેને ભવ અલ્પ જ છે. જો તે આત્માની પ્રતીતિ વમી જાય તો તેને કેવળજ્ઞાનીની પ્રતીતિ ઊડી જાય છે. એટલે કે મિથ્યાત્વ થઈ જાય છે, ને જો તીવ્ર વિરોધ કરે તો નિગોદમાં જાય છે. જ્યાં સુધી કેવળજ્ઞાનીની પ્રતીતિ છે ત્યાં સુધી મિથ્યાત્વ નથી ને મિથ્યાત્વ વિના કોઈ નિગોદમાં જાય નહિ.

આત્માનું ભાન નથી તે મિથ્યાત્વ ને અજ્ઞાનમાં ઝંપલાવે છે. કેવળજ્ઞાનીની પ્રતીતિવાળાને મિથ્યાત્વનું ફળ હોય નહિ, મિથ્યાત્વ વિના નિગોદમાં જાય નહિ.

કેવળીની વાતો કરવી ને અલ્પજ્ઞતાની હૂંફ લેવી એમ બને નહિ.

કેવળજ્ઞાનીની ઓથ લેનારને કાંઈ હૂંફ ન આવે એમ બને નહિ.

કેવળજ્ઞાનીની યથાર્થ પ્રતીતિ કરનારને પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીતિ છે, પોતાનો સ્વભાવ ભવરહિત છે એમ નિઃશંકતા વર્તે છે તે અલ્પભવમાં મુક્તિ પામે છે.

### કારતક વદ ૧૫, સોમવાર, ૧૭-૧૧-૫૨.

આજે સવારે શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક પૃષ્ઠ ૫૦ ઉપરના પ્રવચનનું રેકોર્ડિંગ રીલ સંભળાવવામાં આવ્યું હતું.

### માગશર સુદ ૧, મંગળવાર, ૧૮-૧૧-૫૨.

આત્મામાં સંસારમાર્ગ છે તે દુઃખરૂપ છે એમ જ્ઞાન થાય તો તેને તોડી અંતરના અવલંબને મોક્ષમાર્ગ પ્રગટ થાય ને મોક્ષદશા થાય. અહીં સંસારમાર્ગ બતાવે છે કે આ રીતે તું દુઃખી છો. એમ ખ્યાલ આવે તો તેને છોડી મોક્ષમાર્ગમાં આવે.

શરીર, મન, વાણી કે પરપદાર્થમાં સંસાર નથી. આત્માની હાલતમાં સંસાર છે. આત્મા જ્ઞાનાનંદ



સ્વરૂપ છે તેનો સ્વભાવ આદિ ને અંત વિનાનો છે, તેની મૂળ શક્તિ જ્ઞાન ને આનંદ છે. અનાદિ કાળથી જે જ્ઞાન-દર્શનનો ઉઘાડ છે તે દ્વારા વિષયોને જાણી વિષયો તરફ ઝૂકાવ કરી રાગમાં ઠીક ને દ્વેષમાં અઠીક એમ ભાવ કરે છે. જ્ઞાનના ઉઘાડને વિકારમાં ને પરમાં આનંદ માનીને રોકે છે પણ મારો જ્ઞાન ને આનંદ સ્વભાવ છે તેની ખબર નથી. તેથી વિષયોમાં ને રાગમાં મજા માને છે. ઈંદ્રિય રોગથી પીડિત થયેલા ઈંદ્રાદિક દેવો આસક્ત બની વિષયસેવન કરે છે. પીડા ન હોય તો તેઓ શા માટે વિષયસેવન કરે ?

ઈંદ્રાદિ દેવોને પોતાના આત્માની પ્રતીતિ નથી. તે સ્પર્શને સ્પર્શીને, રસને ચાખીને, ગંધને સૂંઘીને, રૂપને દેખીને ને શબ્દને સાંભળીને -એમ પાંચ વિષયોમાં ઝૂકે છે. પણ ભાઈ ! એ તારી ચીજ નથી, તારી ચીજ અંતરમાં છે તેની ખબર વિના તીવ્ર અશુભભાવ કરે તો પાપ થાય ને શુભ કરે તો પુણ્ય થાય. ઈંદ્રાદિ દેવોને હજારો દેવીઓ હોય છે તેમાં રુચિ કે આસક્તિથી ઝંપલાવે છે.

એ પ્રમાણે જ્ઞાન-દર્શનનો ઉઘાડ છે તેમાં જ્ઞાનાવરણીય ને દર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમ નિમિત્ત છે તેથી તે જ્ઞાન પાંચ ઈંદ્રિયોના નિમિત્તે વિષય તરફ લક્ષ કરે છે ને ઊંધી માન્યતાના કારણે ઈચ્છામાં સુખ માને છે તે દુઃખનું કારણ થયું છે. તે ચીજો, ઈંદ્રિયો કે જ્ઞાનનો ઉઘાડ દુઃખનું કારણ નથી પણ ઈચ્છા દુઃખનું કારણ છે. અજ્ઞાની દુઃખને સુખ માને છે. પાંચ ઈંદ્રિયોના વિષયોમાંથી સુખ લેવાની ઈચ્છા અજ્ઞાની કરી રહ્યો છે.

### જ્ઞાન-દર્શનાવરણના ઉદયથી થતું દુઃખ અને તેના ઉપાયોનું જૂઠાપણું

અનાદિકાળથી અજ્ઞાની પોતાના જ્ઞાનાનંદ સ્વભાવને ચૂકી ઈંદ્રિયોથી વિષયોને ગ્રહણ કરવાથી પોતાની ઈચ્છા પૂરી થશે એમ માને છે. પણ સ્વભાવની રુચિ કરતાં ઈચ્છાનો નાશ થશે એમ માનતો નથી. જ્ઞાનાનંદ સ્વભાવની રુચિ કરે તો જ્ઞાનની ઉગ્રતાનો પ્રયત્ન કરે પણ તેની ખબર નથી તેથી ઈંદ્રિયોને પુષ્ટ કરવા માગે છે. ઈંદ્રિયો નબળી પડે તો સાલમપાક વગેરે ખાઈ ઈંદ્રિયો પુષ્ટ કરું તો ઈચ્છા પૂરી થાય. તે પ્રકારે પદાર્થો ભોગવવા ઈંદ્રિયોની પુષ્ટિ કરવા માગે છે. શરીરને તેલ વડે માલિશ કરે, આંખોમાં સુરમા આંજે, જે ઈચ્છા થઈ છે તેને ઈંદ્રિય દ્વારા તૃપ્ત કરવા માગે છે, તેવો ભાવ કરે છે પણ શરીર સારું થવું કે નહિ તે તેને આધીન નથી.

વળી એમ જાણે છે કે જો ઈંદ્રિય પ્રબળ થાય તો વિષય ગ્રહણ કરવાની શક્તિ વધે પણ તે વાત ખોટી છે. રાગ ઘટાડે તો જ્ઞાન વધતાં વધારે વિષયોને જાણી શકે. આત્માને પુષ્ટ કરવાથી જ્ઞાન વધે છે એમ નહિ માનતાં ઈંદ્રિયો પુષ્ટ થાય તો વિષયોનું ગ્રહણ વધારે થાય એમ માને છે. તેમાં અનેક બાહ્ય કારણોની જરૂર હોવાથી તેનું નિમિત્ત મેળવે છે.

જ્ઞાન ત્રિકાળ છે ને તેની પર્યાયમાં માત્ર પરને જ જાણવાની તાકાત છે -એમ નથી. સ્વ-પર જાણવાની તાકાત દરેક સમયે છે. કોઈ કહે કે વર્તમાનમાં તો અમારે વિષયોને જ જાણવાની તાકાત છે તો આત્માને કેવી રીતે જાણી શકીએ ? -તો તે વાત ખોટી છે. દરેક સમયે સ્વ-પર જાણવાની તાકાત છે એવું જેને ભાન નથી તેની માન્યતાની ભૂલને કારણે તે જ્ઞાનને પરમાં જ રોકી રાખે છે -તે ભ્રમણા છે.

વર્તમાન જ્ઞાનની યોગ્યતા જ એવી છે કે તે સ્વને નહિ જાણતાં નિમિત્તને જાણવાનું કામ કરે છે માટે જ્ઞાન યથાર્થ કામ કરે છે એમ કોઈ દલીલ કરે તો તે વાત ખોટી છે. ભાઈ, તે જ્ઞાનપર્યાય પોતે પોતાને જાણે છે ને પોતાને જાણતાં ઈંદ્રિયો તથા નિમિત્તોને જાણી લ્યે છે. સ્વ-પર જાણવાની તાકાત છે એમ નહિ માનતાં ઈંદ્રિયજનિત જ્ઞાન પરવિષયને કરીને મિથ્યાદર્શનને કારણે ઈચ્છા સહિત બની દુઃખનું કારણ બને છે.

આત્મા વસ્તુ ત્રિકાળ છે, તેનો જ્ઞાનસ્વભાવ ત્રિકાળ છે, તેની વર્તમાન પર્યાય નવી નવી પ્રગટે છે, તેની યોગ્યતા મુજબ જે જ્ઞાનઅવસ્થા થઈ તેમાં દ્રવ્ય, ગુણ, પર્યાયને પોતે યથાવત્ જાણી શકે છે. ભલે અલ્પજ્ઞ અવસ્થા હોય તો પણ સ્વદ્રવ્યને, ગુણને તથા પોતાની અલ્પપર્યાયને, રાગને, નિમિત્તને તથા ઈંદ્રિયોને જાણવાની તાકાતવાળો છે, પણ મિથ્યાદર્શનને લીધે સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવાને બદલે જ્ઞાનને પરને જ જાણવાવાળું માની બેસે છે.

સ્વ-પરપ્રકાશક જ્ઞાનની તાકાત પર્યાયમાં હોવા છતાં મિથ્યાદર્શનના કારણે જ્ઞાનને પરમાં ને રાગમાં રોકે છે ને ઈંદ્રિયોને પુષ્ટ કરવા માગે છે પણ પોતામાં એકાગ્ર થઈ સ્વને વિશેષ જાણતાં પરને વિશેષ પ્રકારે જાણી શકે છે એમ તે માનતો નથી તેથી બાહ્યમાં રોકાય છે.

હવે સાચી સમજણ કરી વિપરીતતા ટાળે તો તે પર્યાય મારો છે, મને ને પરને જાણવાની તાકાતવાળો છે એમ જ્ઞાન થાય ને સ્વમાં વિશેષ લીન થતાં સ્વને જાણવાનો ઉઘાડ વિશેષ થતાં પરપદાર્થોને જાણવાનો ઉઘાડ પણ વિશેષ વધે, રાગ ઘટે, આસક્તિ ઘટે ને બાહ્ય વિષયોને મેળવવાની ઈચ્છા ઘટી જાય ને શાંતિને પામે.

અહીં કહેવું છે કે જ્ઞાનનો ઉઘાડ ઓછો છે તે દુઃખનું કારણ નથી પણ જ્ઞાન પરમાં ને રાગમાં રોકાઈ ગયું ને તે જ્ઞાનને પરને મેળવવા પૂરતું ને પરને જાણવા જેટલું માને છે તે ભૂલ છે. સ્વજ્ઞેયને પકડતાં સ્વ-પર બન્ને જાણવાનો ઉઘાડ વધી જાય તેમ છે. સ્વભાવને પુષ્ટ કરું ને તેથી પરને જાણવાનો ઉઘાડ સહજ વધી જાય -તેમ નહિ કરતાં પરમાં રોકી બાહ્ય ઉપાયો કરે છે -તે મિથ્યા છે.

પોતાની જ્ઞાનપર્યાય પોતામાં રોકતા સ્વ-પરપ્રકાશક જ્ઞાનસ્વભાવ ખીલે છે ને વિશેષ લીનતા થતાં રાગ ઘટી જાય છે ને ક્રમે ક્રમે વીતરાગદશા પામી સર્વજ્ઞદશા પામે તે પોતાનું ખરેખરું વાસ્તુ છે.



અનેક બાહ્ય ઉપાયો વડે વિષયોનો અને ઈંદ્રિયોનો સંયોગ મેળવે છે એટલે કે તે પદાર્થો મારી પાસે આવે અથવા મારી ઈંદ્રિયો તેની સન્મુખ જાય એમ ભાવ કરે છે. પોતાના જ્ઞાનમાં બધાને જાણવાની તાકાત છે એમ નહિ માનતા સંયોગ તરફ પોતે દોડે છે ને સંયોગો મળે ત્યારે માને કે હું સુખી થયો પણ ભાઈ, તે બધી ઈચ્છા દુઃખ છે.

પોતાના જ્ઞાન-આનંદ અંતરમાં છે તેની પ્રતીતિ નથી તેથી અનેક પ્રકારના વસ્ત્ર, ભોજનાદિ મેળવવા માગે છે ને ખેદખિન્ન થાય છે. રાગી જીવને રાગ થાય પણ રાગ રહિત મારો જ્ઞાનસ્વભાવ છે તેની ખબર નથી. પરને મેળવવાથી ઈચ્છા કદી પૂરી થતી નથી તેથી દુઃખી થઈ રહ્યો છે. ચોવીસ કલાકમાં ઘણાં કલાક પાંચ ઈંદ્રિયોના વિષયોની ઈચ્છામાં જ વર્તે છે. એક પછી એક પરના કામ કરવા માગીને ખેદખિન્ન થાય છે.

જ્યાં સુધી તે વિષયો ઈંદ્રિયો સન્મુખ રહે ત્યાં સુધી તેનું કિંચિત્ જાણપણું રહે ને પછી મન દ્વારા સ્મરણ કરે છે. આત્માના પ્રેમ ને સંતોષ વિના બાહ્યમાં પ્રીતિ કરે છે. જ્ઞાનીને રાગ થાય છે પણ સ્વભાવમાં રુચિ વર્તે છે તથા રાગમાં દુઃખ માને છે તેથી રાગને ટાળવા માટે પરપદાર્થોને મેળવું એમ જ્ઞાની માનતો નથી પણ સ્વભાવના ભાન દ્વારા રાગ રહિત થાઉં તો સુખી થવાય એમ માને છે.

અજ્ઞાની એક સાથે બધાને ભોગવી લેવા માગે છે, વિષયોને શીઘ્ર શીઘ્ર ગ્રહણ કરવા માગે છે, ખાવાનો ગૃદ્ધિ જલદી જલદી ખાવા માગે છે. વળી ઈંદ્રિયો વડે તો એક કાળમાં કોઈ એક જ વિષયનું ગ્રહણ થાય છે પણ આ જીવ ઘણાં વિષયો ગ્રહણ કરવા ઈચ્છે છે તેથી ઉતાવળો બની જલદી જલદી એક વિષયને છોડી અન્યને ગ્રહણ કરું એમ ઈચ્છે છે, જ્ઞાનીને રાગ હોય છે પણ જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ ચૂકીને હોતો નથી. અનાદિથી અજ્ઞાની જીવ મિથ્યાદર્શનને કારણે સ્વભાવને ચૂકીને પર વિષયોના વલખાં મારે છે, દેહ-મન-વાણીથી પાર ને પુણ્ય-પાપ દુઃખદાયક છે તેનાથી રહિત આત્મા ચૈતન્યજ્યોત છે તેની પ્રતીતિ કરતો નથી. પોતાના જ્ઞાનસ્વભાવમાં લીનતા કરે તો સ્વને જાણતાં પરને વિશેષ જાણે પણ તેવી પ્રતીતિ કરતો નથી ને પોતાને ભાસે તેવા ઉપાય કર્યા કરે છે પણ એ ઉપાય જૂઠા છે કારણ કે પ્રથમ તો એ બધાનું એ જ પ્રમાણે થવું પોતાને આધીન નથી.

બહારની ચીજ આત્માને આધીન નથી. તું આત્મા છો, તને ઈચ્છા થાય તે રાગ છે-પાપ છે, તે રાગથી પરપદાર્થો મળતાં નથી. અનંત આત્મા ને પરમાણુ સ્વયંસિદ્ધ તત્ત્વો છે. તેને ઈચ્છાથી મેળવવા માગતો હો તો તેમ મળે નહિ. ઈચ્છાથી પરપદાર્થને મેળવી શકાય નહિ એ વાત અજ્ઞાનીને બેસતી નથી. અઘાતિકર્મના ઉદય અનુસાર બાહ્ય ચીજો મળી આવે છે છતાં તે માને છે કે મારાં પ્રયત્નથી તે મળે છે -તે ભૂલ છે.

અંતરમાં રાગદ્વેષ પોતાથી થાય છે, કર્મને લીધે નહિ પણ બાહ્ય સંયોગો તો કર્મ અનુસાર જ મળે છે. જ્ઞાન, ઈચ્છા ને બાહ્ય ચીજો કેમ છે એનું ભેદજ્ઞાન અજ્ઞાનીને નથી. જ્ઞાન પોતાના સ્વભાવથી થાય છે, ઈચ્છા પોતાની પર્યાયનો દોષ છે ને બાહ્ય ચીજો પૂર્વકર્મ અનુસાર મળે છે. તે જાણ્યા વિના બધું નકામું છે. આવા જ્ઞાનના ભાન વિનાનું બધું કાર્ય છાર ઉપર લીંપણ સમાન છે.

અજ્ઞાની પરને મેળવવા માગે છે ને તેની સન્મુખ થવા માગે છે ને વિષયોને મારી પાસે લાવું એમ ઈચ્છે છે. કર્મ અનુસાર પૈસા, દીકરાં, શરીર નીરોગી મળે પણ ઈંદ્રિયોને પ્રબળ કરવાથી વિષયગ્રહણ શક્તિ વધતી નથી, તેથી જ્ઞાન વધતું નથી પણ પોતાના જ્ઞાનસ્વભાવના શ્રદ્ધા-જ્ઞાનથી જ્ઞાન વધે છે -એમ માનતો નથી.

કોઈ પંડિત માને છે કે બદામ, પિસ્તા ખાવાથી જ્ઞાન વધે છે -તે મૂઢ છે. મારા જ્ઞાનમાં એકાગ્ર થાઉં તો શક્તિ વધે એમ માનતો નથી. પરદ્રવ્ય-બદામ વગેરેમાંથી જ્ઞાન નીકળતું નથી. બ્રાહ્મી તેલ ઘસવાથી જ્ઞાન વધતું નથી પણ અજ્ઞાની કલ્પના કરે છે. દેહ, મન, વાણી ને રાગ વિનાનું પોતાનું સ્વરૂપ છે તેથી જ્ઞાન વધે છે એમ માનતો નથી ને વિષયને અર્થે વલખાં મારે છે તેથી દુઃખી થઈ રહ્યો છે.

**માગશર સુદ ૨, બુધવાર, ૧૯-૧૧-૫૨.**

સંસાર અવસ્થામાં દુઃખ છે તે બતાવે છે.

આત્મામાં જ્ઞાન-દર્શનનો ઉઘાડ ક્ષયોપશમરૂપે વર્તે છે, પણ મિથ્યાદર્શનને લીધે ઈચ્છાના કારણે દુઃખરૂપ થઈ રહ્યું છે. તે જ્ઞાનસ્વભાવને આધીન થાય તો સુખી થાય. તે ઈચ્છા તૃપ્ત કરવા માટે ઘણાં વિષયો ગ્રહણ કરવા માગે છે, પણ સ્વરૂપની રુચિ ને લીનતા થતાં રાગ તૂટી જાય ને સુખી થવાય છે -એમ અજ્ઞાનીને બેસતું નથી.

વળી ઈંદ્રિયોના બધા વિષયોને એક સાથે ભેગા કરી ભોગવું એમ અજ્ઞાની વલખાં મારે છે, પણ ઈચ્છાનુસાર સંયોગ મળવા તેને આધીન નથી. કદાચિત્ ઈચ્છાનુસાર સામગ્રી મળે તો પણ ઈંદ્રિયોને પુષ્ટ કરવાથી શક્તિ વધતી નથી, પણ જ્ઞાન-દર્શનનો ઉઘાડ વધારે થાય તો ઘણાં વિષયોને જાણી શકે ને તે ઉઘાડ રાગ ઘટાડવાથી વધે ને તેનાથી ઘણાં વિષયોને જાણી શકે.

જ્ઞાનનો ઉઘાડ જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમ અનુસાર છે ને તે કષાયમંદતાપૂર્વક થાય છે. જુઓ, કોઈનું શરીર પુષ્ટ હોય છતાં તેનામાં જાણવાની શક્તિ ઓછી જોવામાં આવે છે, તથા કોઈનું શરીર પાતળું હોય ને કષાય મંદ પાડ્યો હોય તો જ્ઞાનની શક્તિ વધારે જોવામાં આવે છે. માટે ભોજન, ખાવાપીવાના પદાર્થોથી કે વાજીંત્ર સાંભળવાથી ઈંદ્રિયો પુષ્ટ થતી નથી, પણ ક્રોધ, માન, માયા, લોભ મંદ પાડે તો જ્ઞાન-દર્શનનો ઉઘાડ વધે ને તો જ વિષયોને ગ્રહણ કરવાની શક્તિ વધે.



વળી વિષયોનો સંયોગ છે તે પણ ઘણાં વખત સુધી ટકતો નથી. આટલી દુકાનો, આબરૂ, વ્યવસ્થા મેળવું -એમ બળતરામાં જીવન ગાળે છે. સર્વ વિષયોનો સંયોગ મળતો જ નથી, તેથી એ આકુળતા રહ્યા જ કરે છે.

રાગ તો આકુળતા છે, ને આકુળતાથી આનંદ થાય ? મિલ્કત ને દુકાનની વ્યવસ્થાના અશુભ રાગની તીવ્ર આકુળતાથી આનંદ ન થાય, પણ દયાદાનાદિ પરિણામ પણ આકુળતા છે તેથી આનંદ મળતો નથી. આત્માનું સ્વરૂપ અતીન્દ્રિય, આનંદરૂપ છે.

વ્યવહારરત્નત્રય રાગ પરિણામ છે માટે દુઃખરૂપ છે. તે રાગથી અનાકુળ, ચૈતન્ય આત્મા પકડાય તેમ કદી બને નહિ, તો પછી અશુભથી આનંદ આવે એમ બને જ નહિ. અધૂરી દશામાં શુભરાગ આવે તે મંદ દુઃખ છે. મંદ દુઃખને સુખરૂપ ને આનંદરૂપ માનવું તે ભ્રમણા છે.

અજ્ઞાનીને આકુળતા રહ્યા જ કરે છે. છોકરો હોશિયાર ને કમાઉ થાય તો આકુળતા ને ખરાબ થાય તો આકુળતા, કુટુંબ પોતાની ઈચ્છા મુજબ માને તો ય આકુળતા ને ન માને તો ય આકુળતા -એ બધી અશુભ આકુળતા છે, ને દયાદાનાદિના પરિણામ મંદ આકુળતા છે, બન્ને દુઃખ છે. તે વિનાના શુદ્ધ આત્માની શ્રદ્ધા, જ્ઞાન કરવા તે સુખ છે.

વિષયો ને સામગ્રી મેળવવી હોય ને તેને ગ્રહણ કરવાની શક્તિ વધારવી હોય તો રાગાદિ મંદ કરવા જોઈએ, ઈંદ્રિયોને પુષ્ટ કરવી તે ઉપાય નથી.

રાજા નોકરને તાબે રાખવા માગે, મોટી પદવી મળે ત્યારે એક પછી એક એમ સભાના પ્રમુખપદમાંથી નવરો ન થાય તે બધું દુઃખ છે. રાગ વિનાના ચૈતન્ય આત્મા તરફ વળતો નથી. અંતરસ્વભાવ તરફ વળીને પર્યાયબુદ્ધિ છોડતો નથી, તેથી દુઃખ દૂર કરવાના ઉપાય સાચા નથી. જગતના લોકો માન આપે એટલે ફૂલાઈ જાય. વળી વિષયોને પોતાને આધીન રાખી જલ્દી જલ્દી ગ્રહણ કરવા માગે છે. ઘડીમાં સભામાં જાવું, ઘડીમાં જમવા જાવું, પાર્ટીમાં જાવું, એકદમ બલૂનમાં મુંબઈ જાવું -એ બધી આકુળતા છે. વિલાયત જાવું, મુંબઈ જાવું -જલ્દી જલ્દી બધું કરવા માગે છે, વિષયો ગ્રહણ કરવા માગે છે પણ તે પોતાને આધીન રહેતા નથી; કેમ કે તે વસ્તુ, સ્ત્રી, કુટુંબ, મકાન, પેટ્રોલ જુદી જુદી વસ્તુ છે, પોતપોતાને આધીન થઈ પરિણમે છે, પણ અજ્ઞાની માને કે હું પરદ્રવ્યને પરિણમાવું ને તેમાંથી સુખ માણી લઉં -એમ માની રહ્યો છે. દરેક દ્રવ્ય-આત્મા ને પુદ્ગલ સ્વતંત્ર પરિણમન કરે છે. જીવની ઈચ્છાથી બોલાતું થતું નથી, ને છતાં આનું ભલું કરું ને આનું બુરું કરું -તે બધી ભ્રમણા છે.

દરેક પદાર્થ પોતાના કારણે પરિણમે છે ને આવે છે, તે ઉપાદાન કારણ છે. દીકરા, દીકરી, મોટર, પૈસા - પોતપોતાના કારણે આવે છે. આવી કેળવણી આપું તો સારા થાય, ધ્યાન રાખું તો પૈસા મળે -તે માન્યતા મૂઢતા છે. દરેક પદાર્થ સ્વતંત્ર છે. આત્મા ને શરીર સ્વતંત્ર છે. દરેકની

પોતપોતાની અવસ્થા પોતાને કારણે થાય છે. એક પાઈ આવવી, મકાન, દહેરાસર થવા, બોર્ડિંગ થવી - તે તે તત્ત્વના આધીન છે, બીજો કરવા સમર્થ નથી. છતાં પરનું કરી શકું છું -એમ માને તે મોટો મૂઢ છે. નિગોદ ને શકરકંદમાં જીવ સમજતો ન હતો પણ મનુષ્ય થવા છતાં તત્ત્વ સમજતો નથી તે મૂઢ છે.

એક મનુષ્ય પોતાના શરીરનો રોગ મટાડી શકતો નથી કારણ કે શરીર જડ છે, પર છે. તો પછી પર જીવોનું કાંઈ કરી દઉં એ માન્યતા મૂઢતા છે.

દરેક વસ્તુની પર્યાય થવી તે તે દ્રવ્યના આધીન છે, અન્ય કોઈના આધીન નથી. દરેક પૃથક્ પોતાને આધીન પરિણમે છે ને નિમિત્તથી કહો તો પૂર્વ કર્મને આધીન પરિણમે છે. ત્યાં કર્મ નિમિત્તમાત્ર છે. પ્રથમ કહ્યું હતું કે જ્ઞાનશક્તિ કષાયમંદતાથી વધે છે, ને અહીં કહે છે કે કષાયમંદતાથી પુણ્યકર્મો બંધાય તથા અનુકૂળ સામગ્રી મળે.

પૂર્વ કર્મો જેવા બાંધ્યા તેવા ઉદયમાં આવે ને સામગ્રી મળે -યથાયોગ્ય કીધું. એટલે કે કોઈએ તીવ્ર-ઓછા-વત્તા શુભભાવ જે પ્રકારના કર્યા હોય તે પ્રમાણે શુભ કર્મ બંધાય ને તેનો ઉદય આવવાથી તે પ્રકારની સામગ્રી મળે છે. જગતના પ્રાણી પરવસ્તુ મેળવવા માગે છે, પણ તે પૂર્વ કર્મના વિના મળતી નથી. એલ.એલ.બી. ભણેલ હોય ને પૂર્વ કર્મ ન હોય તો પચાસ રૂપિયા માસિક મળે ને ભણેલ ન હોય છતાં પૂર્વ કર્મ હોય તો પૈસાવાળો થાય - એ બધું કર્માનુસાર છે.

રાજાઓને રાજ્ય ગયું - વગેરે જે ફેરફારો થયા તે પૂર્વ કર્મ અનુસાર છે. કોઈના ડહાપણથી એ થયું નથી.

પુણ્યનો ઉદય થવો અથવા તેના નિમિત્તે સામગ્રી મળવી તે આકુળતા નથી પણ તેમાં મને લાભ છે -એ માન્યતા દુઃખ છે. પાપનો ઉદય ને પ્રતિકૂળ સામગ્રી દુઃખનું કારણ નથી પણ હું નિર્ધન છું, હું રોગી છું, મારી પાસે પૈસા ન રહ્યા, મારે દીકરાં અભણ થયા, બીજાને ડાહ્યા દીકરાં મળ્યા -એવી બળતરા તે દુઃખ છે. અજ્ઞાની કલ્પના કરે છે તે દુઃખ છે.

જીવ ઉપાય ઘણાં કરે છતાં સામગ્રી કર્મ વિના મળતી નથી. જમાઈ મળવા, સારી વહુ મળવી, આબરૂ, પૈસા વગેરે મળવા પૂર્વ કર્માનુસાર છે, તે જીવના પ્રયત્નનું કાર્ય નથી. છતાં તે બધાને મેળવવા ઝાવાં નાખે છે. દીકરાં, દીકરી સારે ઘરે પરણાવું, મકાન સારું બનાવું, શરીર સારું રાખું -તે બધી પરવસ્તુને જીવ વ્યાકુળ બની તાબે રાખવા માગે છે. છોકરાને ક્ષય (ટી.બી.) થયો હોય તો તેને જીવાડવા માગે પણ ઈંદ્રો કોઈને રાખવા સમર્થ નથી. તો પછી છોકરો મરી જાય એટલે રોવા માંડે કે અમારા પૈસા ને ચાકરી લેખે ન લાગ્યા. જીવ પોતાના સગાં દીકરાંને કે શરીરને રાખી શકતો નથી તો પછી દેશ તથા સમાજની વ્યવસ્થા કરી દઉં એ માન્યતા મૂઢ છે. તે જગતની ચીજો છે તે પોતાના કારણે આવે છે ને જાય છે. અનેક ઉપાય કરવા છતાં પણ કર્મના નિમિત્ત



વિના કોઈ સામગ્રી મળતી નથી, આત્માને આધીન નથી છતાં બધા વિષયોને યુગપદ્ ગ્રહણ કરવા માગે છે.

મોટપ મેળવું, અધિકારી થાઉં, મ્યુનિસિપાલિટીમાં મત મેળવી પ્રમુખ થાઉં એમ ઈચ્છે છે પણ એ બધું પુણ્યને આધીન છે. વળી સર્વ ગ્રહણની ઈચ્છા કરે છે. આત્માનો જ્ઞાનસ્વભાવ છે તેમાં  જ્ઞાનનો ઉઘાડ ઓછો છે તે જ્ઞાન મોહને આધીન થઈ વિષયોને ગ્રહણ કરવા માગે છે, પણ રાગ મંદ કરે તો જ્ઞાન વધે ને વિષયો મળે તેની તેને ખબર નથી. ભગવાન આત્મા જ્ઞાનસૂર્ય છે, તેની ખબર નથી. ઉઘાડ અલ્પ છે. તે ઈચ્છાને આધીન થઈ વિષયો મેળવીને તેમાં સુખ મેળવવા માગે છે ને વિષયશક્તિ વધારવા માગે છે, પણ તેનો ઉપાય એ છે કે રાગમંદતા કરે તો જ્ઞાનનો ઉઘાડ વધે ને રાગમંદતા કરી તો પુણ્યના નિમિત્તે વિષય સામગ્રી વધારે મળે છે. રાગ ને લોભ ઘટાડે તો જ્ઞાનની શક્તિ વધે ને તો જ વિષય જાણવાની શક્તિ વધે તથા રાગ ને લોભ ઘટાડે તો પુણ્ય બંધાતા વિશેષ સામગ્રી મળે. આવી રીતે તેના વ્યવહારુ ઉપાયની ખબર નથી, તો પછી નિશ્ચય ઉપાયની ખબર ક્યાંથી હોય ? હું શુદ્ધ ચૈતન્યસ્વભાવી આત્મા છું. તેની શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા કરવાથી રાગ ઘટી જતાં ઈચ્છા તૂટી જાય છે તે સુખનો ઉપાય છે તેની તો ક્યાંથી ખબર હોય? સામગ્રીઓ મળે છે તે મારી ચીજ નથી, પુણ્ય-પાપ વિકાર છે તે મારી ચીજ નથી. હું તો અનાકુળ ચિદ્‌બ્રહ્મ સ્વરૂપ છું તેમાંથી સુખ, આનંદ મળે છે. એવી પ્રતીતિ ને નિશ્ચય ઉપાયની ખબર તો નથી, પણ વ્યવહારુ ઉપાયની પણ અજ્ઞાનીને ખબર નથી.

આત્માનો જ્ઞાનસ્વભાવ છે, તેનો ઉઘાડ મંદ છે, ઓછું જાણે છે, કોઈ વાર ભૂતકાળની વાત ભૂલી જાય છે તેવો જ્ઞાનનો ઉઘાડ મિથ્યાશ્રદ્ધા સહિત બની દુઃખરૂપ વર્તી રહ્યો છે. એક વિષયને છોડી અન્યનું ગ્રહણ કરવા માટે આ જીવ એવા વલખાં મારે છે, પણ પરિણામે શું સિદ્ધ થાય છે ? જેમ મણની ભૂખવાળાને કણ મળ્યો, પણ તેથી તેની ભૂખ મટે ? તેમ સર્વ ગ્રહણની જેને ઈચ્છા છે તેને એક વિષયનું ગ્રહણ થતાં ઈચ્છા કેમ મટે ? અને ઈચ્છા મટ્યા વિના સુખ પણ થાય નહિ. માટે એ બધા ઉપાય જૂઠા છે.

**પ્રશ્ન** : એ ઉપાયોથી કોઈ જીવને સુખી થતાં જોઈએ છીએ, ઘણા વિષયોને મેળવે છે, ને ઈંદ્રિયો પુષ્ટ થતી જોઈએ છીએ, તો તે ઉપાયોને સર્વથા જૂઠા કેમ કહો છો ?

**ઉત્તર** : કદાચિત્ પાંચ ઈંદ્રિયો પુષ્ટકારક હોય, સંયોગ મળ્યા હોય ને કદાચિત્ તે જાણવાનો જ્ઞાનઉઘાડ દેખાતો હોય તો પણ તે સુખનું કારણ નથી. અજ્ઞાની ભ્રમથી સુખ માને છે. કોઈ માણસને મૃત્યુ વખતે બધા સેવા કરનારા હાજર હોય - દીકરા, દીકરી ને વેવાઈ હાજર હોય, દવા બરાબર થતી હોય તો શું તે સુખી છે ? અજ્ઞાની ભ્રમથી સુખ માને છે. એક વિષયને ભોગવ્યો ને સુખી થયો હોય તો બીજી ઈચ્છા કેમ કરે ? નિર્ધનમાંથી ધનવાન થાય તો ઠીક, ધનવાન થાય

તો છોકરાં થાય તો ઠીક, તેમાંથી સારી કન્યા મળે તો ઠીક, ખરાબ ને રોગી કન્યા મળે તો ઓરતો કર્યા કરે -આમ અન્ય વિષયોની ઈચ્છા કર્યા કરે છે, માટે વિષયમાં સુખ નથી.

જેમ રોગ મટ્યા પછી દર્દી અન્ય ઓસડ લેતો નથી, અથવા નિરોગ શરીર થયા પછી દવા ન લ્યે, તેમ જો વિષયનું ગ્રહણ કર્યા પછી ઈચ્છા શાંત થાય તો અમે પણ સુખી માનીએ પણ તે જીવ ઈચ્છા તો કર્યા કરે છે, તેથી દુઃખી છે. સાધુ થાય તો બળતરા કર્યા કરે છે -શિષ્યોને વધારવાની, વ્યાખ્યાનમાં અમારી આબરુ રહી નહિ, અમો દીક્ષાએ મોટા છતાં તાજો દીક્ષા લીધેલો વધી ગયો -આમ સાધુપણામાં પણ બળતરા કર્યા કરે છે. જો વિષયનું ગ્રહણ કર્યા પછી ઈચ્છા શાંત થાય તો અમે સુખી માનીએ પણ અહીં તો ઈચ્છિત વસ્તુનું ગ્રહણ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી તો તેની ઈચ્છા વિષયમાં રહ્યા કરે છે તથા જે સમયે વિષયનું ગ્રહણ થાય છે ત્યારે તે જ સમયે બીજા વિષયની ઈચ્છા કર્યા કરે છે, માટે તેને સુખ માનવું તે ભ્રમ છે.

જેમ કોઈ મહા ક્ષુધાવાન ગરીબ માણસ પોતાને કદાચિત્ એક અન્નનો કણ મળતા તેનું ભક્ષણ કરી સુખ માને, તેમ આ મહા તૃષ્ણાવાન જીવ આ મળે ને તે મળે એવી ઈચ્છા કરે છે. ચૈતન્યમાં શાંતિ માનતો નથી, તે તૃષ્ણાવાનને કોઈ એક વિષયનું નિમિત્ત મળતા તેનું ગ્રહણ કરી સુખ માને છે પણ વાસ્તવિકપણે તે સુખ નથી.

આત્મા જ્ઞાનાનંદ છે તેનો સંતોષ અનંતો છે. તેની ગુલાંટ દશા થતાં વસ્તુની તૃષ્ણા અનંતી થઈ ગઈ છે. રોગ મટે તો આમ કરું, જરા ખવાય તો ઠીક, પછી જરા દુકાને જવાય તો ઠીક, પછી દુકાનની સંભાળ બરાબર રહે તો ઠીક -એમ એક પછી એક તૃષ્ણા કર્યા કરે છે. તૃષ્ણાની હદ લાવતો નથી. તૃષ્ણાનો ખાડો પૂરાય નહિ ને દુઃખ મટે નહિ.

### માગશર સુદ ૩, ગુરુવાર, ૨૦-૧૧-૫૨.

સંસારદુઃખનું ને મોક્ષના સુખનું આ કથન છે. આત્માના જ્ઞાનનો ને દર્શનનો થોડો ઉઘાડ છે તે ઈચ્છા સહિત વર્તે છે, તેથી દુઃખનું કારણ છે.

શિષ્ય પ્રશ્ન કરે છે : જેમ કણ કણ વડે પોતાની ભૂખ મટે છે, તેમ એક એક પદાર્થને ગ્રહણ કરી પોતાની ઈચ્છા પૂર્ણ કરે તો શો દોષ ? ઓછા જ્ઞાનમાં નવી નવી ઈચ્છા થાય છે ને નવા નવા વિષયો ગ્રહણ કરે છે તો પછી બધી એકઠી દશા થઈને સુખી થશે-એમ શિષ્ય પ્રશ્ન કરે છે.

**ઉત્તર** : જો બધા કણ ભેગા થાય તો એમ જ માનીએ પરંતુ બીજો કણ મળતા પ્રથમના કણનું નિર્ગમન થઈ જાય તો ભૂખ કેમ મટે ? એમ જ્ઞાનની અવસ્થા નવી નવી થાય છે ને ઈચ્છા નવી નવી થાય છે. ઈચ્છા ને જ્ઞાનની પૂર્વ અવસ્થાનો વ્યય થાય છે, કોઈ અવસ્થા ભેગી થતી નથી.

આત્મામાં જ્ઞાનગુણ ત્રિકાળ છે. તેની જ્ઞાનપર્યાય નવી નવી થાય છે, ને ઈચ્છા નવી નવી



થાય છે. ઈચ્છા પૂર્ણ થયા વિના દુઃખ મટે નહિ, ને દુઃખ મટ્યા વિના સુખ કહી શકાતું નથી. માટે પૂર્ણ જ્ઞાનપર્યાય વિના ઈચ્છા પૂરી થતી નથી, ને પૂર્ણ જ્ઞાન વિના પૂર્ણ સુખ પ્રગટ થતું નથી.

વળી એક વિષયનું ગ્રહણ પણ આ જીવ મિથ્યાદર્શનાદિકના સદ્ભાવપૂર્વક કરે છે. આત્માની વર્તમાન પર્યાયમાં ઓછો વિકાસ છે, તેથી એકને જાણતાં પૂર્વનું જાણપણું સાથે રહેતું નથી. વળી એકને જાણતી વખતે તે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન ને મિથ્યાઆચરણના કારણે રાગના સદ્ભાવપૂર્વક જાણે છે. વિષયમાંથી સ્વાદ આવ્યો, વિષયથી રાગ થયો, ને રાગથી જ્ઞાન થયું -એમ અજ્ઞાની માને છે. પૈસાને જ્ઞાન જાણે પણ મિથ્યાદર્શનથી માને છે કે મારી હોશિયારીથી આવ્યા, પણ તે તેના કારણે આવ્યા છે. હું મારામાં રહીને તેને જાણું છું -એમ સમજતો નથી. કોઈ વિષય હતો તો મજા પડી, ને વિષય હતો તો રાગ ને જ્ઞાન થયા -એમ માને છે. તેની હયાતીપૂર્વક તેને જાણે છે, પણ મને જાણતાં હું તેને જાણું છું -એમ માનતો નથી, ને આવી ઊંધી દૃષ્ટિના લીધે સુખી થતો નથી, ને ભાવી દુઃખોના કારણરૂપ કર્મો બાંધે છે; તેથી વર્તમાનમાં સુખ નથી, ને ભાવી સુખનું કારણ પણ નથી, માટે એ દુઃખ જ છે.

એક છોકરાંનો જન્મ થતાં જાણ્યું કે હાશ ! મને વાંઝીયાપણું ટળ્યું, લક્ષ્મી આવતાં જાણ્યું કે મને સુખ થશે -આમ વર્તમાનમાં દુઃખ છે ને ભવિષ્યમાં દુઃખના કારણરૂપ કર્મો બાંધે છે. જાણવામાં ઊંધા શ્રદ્ધા, જ્ઞાન ને આચરણપૂર્વક જાણે છે, તેથી વર્તમાન ને ભવિષ્યમાં દુઃખી છે.

શ્રી પ્રવચનસાર ગાથા ૭૬માં કહ્યું છે કે :

**અર્થ** : ઈંદ્રિયોથી પ્રાપ્ત થયેલું સુખ, સ્પર્શ-રસ-ગંધ-વર્ણથી તેમજ મનના વિકલ્પના ઘોડાથી થયેલું સુખ પરાધીન છે, બાધાવાળું છે. ઈંદ્રિયોના વિષયો વિનાશિક છે, તે વિષયો બંધના નિમિત્ત છે તથા વિષય છે, તેથી એ સુખ ખરેખર દુઃખ જ છે.

એ પ્રમાણે સંસારી જીવે સુખ માટે કરેલા ઉપાય જૂઠા જ જાણવા. નવી નવી ઈચ્છા કરી નવા વિષયો ગ્રહણ કરવા ને તેથી ઈંદ્રિયોની પુષ્ટિ કરું એ બધા ઉપાયો ખોટા છે.

જ્ઞાનપર્યાય હીણો છે, તેથી બધું જાણપણું એક સાથે થતું નથી, ને ઈચ્છા એક પછી એક થયા કરે છે, તે દુઃખ છે. તેથી જ્ઞાનનો ઉઘાડ ઓછો છે તે પૂરું જ્ઞાન થતાં બધાને જાણે છે, ને ઈચ્છાને આત્માના ભાન દ્વારા દૂર કરવી તે સુખનો ઉપાય છે. ઈચ્છા મોહ જતાં ટળે -ને સર્વનું જાણવું કેવળજ્ઞાન થતાં થાય છે. એ મોહના નાશનો ને કેવળજ્ઞાનની ઉત્પત્તિ કરવાનો -ઈચ્છાને દૂર કરવાનો ને સર્વને એક સાથે જાણવાનો ઉપાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.

બધા વિષયો ભેગા કરું ને ઈંદ્રિયોને પૌષ્ટિક કરવી તે ઉપાય નથી. મોહનો નાશ ને કેવળજ્ઞાનની

ઉત્પત્તિ સાચી શ્રદ્ધા, જ્ઞાન, વીતરાગતાથી થાય છે -એ જ સાચો ઉપાય છે. વિષયોને જાણવાથી કે વિષયોનો હું સંગ્રહ કરું, ઈંદ્રિયોને પુષ્ટ કરું તે સુખનો ઉપાય સાચો નથી. આત્મા પરિપૂર્ણ, આનંદસ્વરૂપ છે, તેની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા -આ એક જ ઉપાય છે. છોકરાં ભણાવી રાજી થવું, મકાન બનાવી રાજી થવું, પોતે ભણી રાજી થવું તે બધા ખોટા ઉપાય છે. આત્માનો સ્વભાવ જ્ઞાન છે, તેના પર્યાયમાં ઉઘાડ ઓછો છે, તે બધા વિષયોને ગ્રહણ કરી શકતો નથી ને તેથી એક પછી એક ઈચ્છા થાય તે આકુળતા છે. માટે વિકાર -એટલે મિથ્યાદર્શન, જ્ઞાન, ચારિત્રનો અભાવ થઈ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ કરવું તે ઉપાય છે. જ્ઞાનનો ઉઘાડભાવ દુઃખનું કારણ નથી, પણ ઈચ્છાના કારણે તે ઉઘાડ દુઃખદાયક છે. ઈચ્છા સાથે રહેલી છે માટે દુઃખદાયક છે, તેનું વર્ણન કર્યું.

**પ્રશ્ન** : જેટલો જાણવા દેખવાનો ભાવ નથી, તેને દુઃખનું કારણ તમો કહો -પણ જે ઉઘાડ વ્યક્ત છે, તેને દુઃખનું કારણ કેમ કહો છો ?

**ઉત્તર** : જાણવું ન બને એ જો દુઃખનું કારણ હોય તો પુદ્ગલ-લાકડાને દુઃખ ઠરે. લાકડાને જ્ઞાનનો ઉઘાડ બિલકુલ નથી. તો પછી તેને બહુ દુઃખ હોવું જોઈએ ! માટે ન જાણવું તે દુઃખનું કારણ નથી. પણ દુઃખનું મૂળ કારણ તો ઈચ્છા છે, અને તે ઉઘાડથી જ થાય છે. એટલે કે જ્યાં જ્ઞાન-દર્શનનો ઉઘાડ ઓછો હોય તે ભૂમિકામાં ઈચ્છા થાય છે. ભગવાનને કેવળજ્ઞાન છે, ત્યાં ઈચ્છા નથી, પણ અહીં અધૂરા જ્ઞાનને દુઃખનું કારણ ઉપચારથી કહ્યું છે. કેમ કે ઓછા જ્ઞાનવાળાને ઈચ્છા રહ્યા કરે છે. તે ઈચ્છા તો રાગના કારણે છે પણ અપેક્ષાથી ઉઘાડને દુઃખનું કારણ કહ્યું. ખરેખર તો ઉઘાડ દુઃખનું કારણ નથી. જે જ્ઞાનનો અભાવ છે તે તથા જ્ઞાનનો સદ્ભાવ છે તે દુઃખનું કારણ નથી, પણ મોહથી વિષયગ્રહણની ઈચ્છા થાય છે તે જ દુઃખના કારણરૂપ જાણવી તેથી મોહનો ઉદય છે તે પણ દુઃખરૂપ જ છે.

**क्या इच्छत खोवत सबै, है इच्छा दुःख मूल....**

જ્યાં જીવ ઈચ્છા કરે છે ત્યાં આત્માની શક્તિ હણાઈ જાય છે તથા પરપદાર્થની ઈચ્છા દુઃખનું કારણ છે. તે કેવી રીતે છે ? તે બતાવે છે.

## દર્શનમોહના ઉદયથી થતું દુઃખ અને તેના ઉપાયોનું જૂઠાપણું

અનાદિથી અજ્ઞાની જીવ દુઃખી થાય છે. અજ્ઞાનીને જેવી શ્રદ્ધા છે તેવું પદાર્થનું સ્વરૂપ નથી, ને જેવું પદાર્થનું સ્વરૂપ છે તેવું તે માનતો નથી. ઊંધી રુચિ અને ઊંધો અભિપ્રાય સંસારનું કારણ છે. પરપદાર્થો સુખના કારણો છે -એમ મિથ્યાદૃષ્ટિ માને છે. પદાર્થો નિમિત્તમાત્ર છે. તે સુખદુઃખ ઉપજાવતા નથી, પણ મિથ્યાદૃષ્ટિ માને છે કે 'આ પદાર્થો આવ્યા માટે સુખદુઃખ થયું.' 'આ પૈસા-



લાડવા સુખરૂપ છે' -એમ માને છે. તે પદાર્થોમાં સુખ નથી, તે પદાર્થોનું એવું સ્વરૂપ નથી. તે તો જ્ઞેય છે. જેવા પદાર્થો છે તેવું અજ્ઞાની માનતો નથી, તેથી તેને વ્યાકુળતા જ રહ્યા કરે છે.

જેમ કોઈ ગાંડા માણસને વસ્ત્ર પહેરાવ્યું તેને તે ગાંડો માણસ પોતાનું અંગ જાણી, પોતાને તથા વસ્ત્રને એક માને છે, પણ એ વસ્ત્ર પહેરાવનારને આધીન છે. એ પહેરાવનાર કોઈ વેળા વસ્ત્ર ફાડે, જોડે, કોઈ વાર લઈ લે, નવીન પહેરાવે તે પ્રકારનું વિચિત્ર ચરિત્ર કરે, ત્યારે આ ગાંડો માણસ એ વસ્ત્રની પરાધીન ક્રિયા થવા છતાં તેને પોતાનું માની, ઘણો ખેદખિન્ન થાય છે. આ મારું વસ્ત્ર લઈ જાય છે, મારું વસ્ત્ર ફાડી નાખે છે -વસ્ત્રને ફાડે, જોડે, લઈ લે ને નવીન બનાવે- એ બધી ક્રિયા પોતાને આધીન નહિ થતા ખેદખિન્ન થાય છે.

તેમ આ જીવને શરીરરૂપી વસ્ત્ર કર્મના કારણે મળ્યું છે. પણ અજ્ઞાની શરીરને પોતાનું માને છે. પગ ચાલે તો જાત્રા થાય, ઈંદ્રિયો સારી હોય તો ઠીક, એ બધું કર્મકૃત મળેલા શરીરને તથા પોતાને એક માને છે. શરીર કર્મ આધીન પાતળું પડતા હું પાતળો પડ્યો -એમ માને છે. કોઈ વાર શરીર સ્થૂળ થાય, નિરોગી થાય, લોહીથી ભરેલું થાય -તે બધી ક્રિયા કર્મના નિમિત્તે સ્વતંત્ર થાય છે, છતાં અજ્ઞાની માને છે કે મારાથી ચાલે છે. પાંચ ગાઉ કે ત્રીસ ગાઉ ચાલે ત્યારે માને કે આત્માથી શરીર ચાલે છે, કર્મના નિમિત્તે શરીર પાતળું થાય, જાડું થાય, ને આયુ પૂરું થાય તો શરીર છૂટી જાય, ને શરીર જન્મે ઈત્યાદિ ચરિત્ર થાય છે. વળી શરીરનું હાલવું, ચાલવું તે બધું કર્મના આધીન છે. છતાં મારા લીધે શરીરની ક્રિયા થાય છે -એમ માને છે. શરીરનું વર્તમાન ચાલવું, પડી જવું, તે આત્માને આધીન નથી. શરીરનો સ્વભાવ એના કારણે પરિણમે તેમાં કર્મ નિમિત્ત છે -એમ મિથ્યાદૃષ્ટિ માનતો નથી. આંખમાં મોતીઓ ઉતરાવવો, ફૂલ પડવું, મોતીઓ ટળવો એ બધામાં કર્મનું નિમિત્ત છે, છતાં અજ્ઞાની પોતાની આવડતને લીધે થવું માને છે. પદાર્થનો સ્વભાવ એવો નથી, ને પદાર્થનો જેવો સ્વભાવ છે તેવો તે માનતો નથી.

શરીરરૂપી લુગડાં ધૂળ છે. તેના હોઠ ફફડવા, હાથ આમ વળવા, આંખો ફરવી તે બધી સ્વતંત્ર ક્રિયા છે ને તેને કર્મનું નિમિત્ત છે. છતાં અજ્ઞાની માને છે કે મારાથી થયું. શરીરના અવયવ વધી જાય, આંખ ખરાબ થાય, દાંત નીકળી જાય, દવા આવવી, શરીર પાતળું થવું, પગનું લપસી જવું, તે બધું કર્મના નિમિત્તે છે પણ તે બધું મારાથી થાય છે -એમ અજ્ઞાની માને છે.

પથ્ય ખાઈએ તો આયુષ્ય વધે વગેરે અજ્ઞાનીની માન્યતા છે. આરોગ્યશાસ્ત્રનો 'ધનવંતરી' પણ મરી ગયો. શરીરમાં ગોટલા ચડવા વગેરે વિચિત્ર પર્યાયમાં કર્મ નિમિત્ત છે.

અહીં ખાસ વાત એ છે કે શરીરની ક્રિયાને આત્મા સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ લીધો નથી પણ કર્મ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ લીધો છે. જેવો કર્મનો ઉદય હોય તે પ્રમાણે શરીરની અવસ્થા થાય છે.

દેહ આત્માનો નથી. આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે. આ નક્કી કરી શરીર ઉપરથી દૃષ્ટિ ખસેડી સ્વભાવની પ્રીતિ કરે તો ધર્મ થાય.

કહેવાતા ત્યાગી નામ ધરાવનારને આ ભેદજ્ઞાનની ખબર નથી. ''શરીરની ક્રિયા આત્માને આધીન નથી. હું જ્ઞાતા છું'' -એમ નહિ માનતા પોતાને આધીન માની ખેદખિન્ન થાય છે.

હવે બાહ્ય પદાર્થોમાં અજ્ઞાની જીવ મારાપણું માને છે તે બતાવે છે.

વળી જેમ કોઈ ગાંડો માણસ બેઠો હતો ત્યાં અન્ય ઠેકાણેથી રાજા તેના લશ્કર સહિત તથા હીરા, માણેક, ઘોડા, ધન વગેરે ત્યાં ઉતાર્યા, તંબૂ ઊભા થયા, બૈરાં-છોકરાં આવ્યા.... તે સર્વને ગાંડો પોતાના માનવા લાગ્યો. કોઈ જાય, કોઈ ન્હાય, લૂગડાં સૂકવે, કોઈ અનેક અવસ્થારૂપ પરિણમે - એ બધી પરાધીન ક્રિયા થવા છતાં બહાવરો તેને પોતાના આધીન માની ખેદખિન્ન થાય છે. વખત થતાં તેના લશ્કર સહિત રાજા જવા લાગ્યો ત્યારે ગાંડો કહે છે કે 'અરે ! જાતાં પહેલા મને પૂછવું હતું ને ?' પણ ગાંડા અમો તો નાસ્તો કરવા બેઠા હતા, તે પૂરું થવાથી અમો જઈએ છીએ.

એ પ્રમાણે જ્યાં વાણિયા, નાગર, કોળીનું શરીર ધારણ કર્યું ત્યાં અન્ય ઠેકાણેથી લક્ષ્મી, બૈરાં, ઘોડા, મકાન આવ્યા. દાગીનાઓ, આડતીઆઓ, મોટરો સ્વયં તેના કારણે આવીને પ્રાપ્ત થાય છે. જીવની ઈચ્છાને લીધે આવતા નથી. દીકરાં, બળદ, ગાયો, પાડા, ભેંસો સ્વયં આવ્યા, તે ગાંડો જીવ પોતાના માને છે. આ દીકરાં મારાં છે, આ લક્ષ્મી મારી છે -એમ માને છે, પણ તે તો એના કારણે આવે છે ને જાય છે.

અજ્ઞાની માને છે કે વ્યવસ્થા કરતાં ન આવડી માટે પૈસા વગેરે ગયા, તે ભ્રમણા છે. તે તેના કારણે આવે છે. તેની સ્થિતિ પૂરી થતાં જાય તો પણ તેના કારણે છે, ને રહે તો તેના કારણે છે. છોકરાં સાજા રહે કે ગાંડા થાય, સારા બૈરાં મળવા, લક્ષ્મી રહેવી, વર્તમાન પચાસ વર્ષ સુધી રહેવું તે બધું એના કારણે છે. છતાં અજ્ઞાની માને છે કે બાહુબલથી પૈસા ભેગા કર્યા, આબરુ જમાવી, દીકરાં, દીકરી પરણાવ્યા, પણ ભાઈ, શાંત થા. જે ચીજો આવે છે તે તેના કારણે આવે છે ને જાય છે કે થોડો કાળ વચમાં રહે છે તે એના કારણે છે. કોઈ છોકરાં જુદા થાય તો તે તેના કારણે છે, પણ અજ્ઞાની બળતરા કરે છે -તે બધાની પરાધીન ક્રિયા હોય છે, તેને પોતાને આધીન માની આ જીવ ખેદખિન્ન થાય છે.

આત્મા અનંત શક્તિનો ધણી, આનંદનો ધણી તે પોતામાં છે, પણ પરમાં પોતાથી કાંઈ થાય તેવી ત્રેવડ આત્મામાં નથી. આત્મા પરનું કરે તેવી પર ચીજો પરાધીન નથી.

અજ્ઞાની જીવને ઉન્માદ વળગ્યો છે, તેથી પરપદાર્થની ક્રિયા પોતાને આધીન માની ખેદખિન્ન




થાય છે. પણ પદાર્થની યથાર્થ શ્રદ્ધા કરતો નથી, અને તે જ સંસાર અને દુઃખનું કારણ છે. માટે દુઃખ દૂર કરવાનો ઉપાય તો યથાર્થ જ્ઞાન કરવું તે જ છે.

**માગશર સુદ ૪, શુક્રવાર, ૨૧-૧૧-૫૨.**

મિથ્યાત્વના કારણે કેવી રીતે જીવ માની રહ્યો છે તે વાત ચાલે છે. દર્શનમોહના નિમિત્તે પોતે ઊંધી માન્યતા કરે છે ને તેથી તેના ઉપાયો બધા ખોટાં છે.

**પ્રશ્ન** : કોઈ વેળા શરીરની વા પુત્રાદિની ક્રિયા આ જીવને આધીન થતી જોવામાં આવે છે એ વેળા તો જીવ સુખી થાય છે ને ?

**ઉત્તર** : શરીર, લક્ષ્મી, દીકરાં, મકાન તથા ભવિતવ્ય ને જીવની ઈચ્છા ત્રણેનો મેળ થતાં કોઈ એક પ્રકારે તેની ઈચ્છા અનુસાર પરિણમનના કાળમાં તેના વિચાર અનુસાર સુખનો આભાસ લાગે છે પરંતુ તે બધા તેની ઈચ્છા મુજબ પરિણમતા નથી તેથી અભિપ્રાયમાં નિરંતર આકુળતા રહ્યા જ કરે છે.

દીકરા અનુકૂળ રહે ને ઈચ્છા પ્રમાણે માને તે તેના કારણે છે છતાં અજ્ઞાની જીવ મમકાર કરે છે. પોતાની ઈચ્છા પ્રમાણે કોઈ વાર શરીર નીરોગ થતું દેખાય ને પૈસા મળ્યા -એમ દેખાય એટલે તે માને કે તે મારે આધીન છે. તેથી તેની વૃદ્ધિ કરું ને તેની રક્ષા કરું -એવી ચિંતાથી વ્યાકુળ રહ્યા કરે છે. હું પરને કબજે રાખી શકું છું, રક્ષણ કરી શકું છું એમ માને છે તે ભ્રમણા છે.

વળી પદાર્થોની જે ઈચ્છા થાય છે તે તો કષાયભાવ છે. બાહ્ય સંયોગોમાં આ ઈષ્ટ છે ને આ અનિષ્ટ છે એમ માને છે ને અન્યથા ઉપાયો કરે છે, સાચા ઉપાયની શ્રદ્ધા કરતો નથી ને અન્ય કલ્પના કરે છે. સાચો ઉપાય તો એ છે કે રાગ મંદતા કરે તો પૈસાની પ્રાપ્તિ થાય ને જ્ઞાન વધે તેમ નક્કી કરે તો રાગનો સર્વથા અભાવ થવાથી વીતરાગતા થઈ કેવળજ્ઞાન થાય -એ સાચો ઉપાય છે. પણ અજ્ઞાની જીવ અન્યથા ઉપાય કરે છે એટલે કે શાંતિનો ઉપાય કરતો નથી. હું આત્મા જ્ઞાનસ્વભાવી છું તેની શ્રદ્ધા કરી લીનતા કરતાં, ઈચ્છા તૂટી જતાં, જ્ઞાન વૃદ્ધિ પામે તો શાંતિ થાય છે એમ માનતો નથી. આ ખોટાં ઉપાય કરે છે તેનું મૂળ કારણ મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન છે. ઊંધી શ્રદ્ધાનો નાશ થતાં કષાયોનો નાશ થાય ને ઈચ્છાનો નાશ થાય ને ઈચ્છાનો નાશ થાય અને સાચું જ્ઞાન થતાં સુખ થાય પણ અજ્ઞાની અન્ય કલ્પના કરે છે.

વળી સંજ્ઞી પંચેંદ્રિય જીવ કોઈ વેળા તત્ત્વનો નિશ્ચય કરવા માટે ઉપાય વિચાર કરે છે છતાં અભાગ્યથી કુદેવ, કુગુરુ ને કુશાસ્ત્રનું નિમિત્ત બની જાય તો ઉલટું અતત્ત્વશ્રદ્ધાન પુષ્ટ થાય. તત્ત્વ, જીવ-અજીવ શું છે, સુદેવાદિ કોણ છે એમ તત્ત્વનો વિચાર કરે પણ વર્તમાન ઊંધો પુરુષાર્થ ને

કુભાગ્યથી કુદેવ મળી જાય. સર્વજ્ઞદેવને બદલે કુદેવ મળે, પરંપરાવાળા કુગુરુ મળી જાય ને ખોટાં શાસ્ત્ર મળી જાય તો ઉલટું મિથ્યાત્વ પુષ્ટ થાય. શરીરની ક્રિયા આત્મા કરી શકે છે, પુણ્યથી ધર્મ થાય એવી માન્યતા તો હતી, તેને પુષ્ટિ મળી જાય છે. અમારા દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા છે એમ મનાવી દે છે. સર્વજ્ઞની ધ્વનિ અનુસાર બનાવેલ અથવા યથાર્થ નિરૂપણ કરતા શાસ્ત્રો સત્ છે તેથી વિરુદ્ધ શાસ્ત્રો મળી જાય તેથી અતત્ત્વશ્રદ્ધાન દઢ થઈ જાય છે.

જેને દિવ્યશક્તિ ખીલી તે દેવ છે. આત્મામાં જ્ઞાનશક્તિ તથા દર્શનશક્તિ પૂર્ણ ખીલી હોય, જેનું શરીર સ્ફટિક જેવું હોય, જેને રોગ ન હોય -એવા શરીરવાળા દેવ અરિહંત છે; અશરીરી દેવ તે સિદ્ધ છે જે પરમાનંદનો અનુભવ કરે છે. વળી જેણે અંતરમાં ભાવલિંગદશા તથા બાહ્યમાં નિર્ગ્રંથદશા પ્રગટ કરી છે, જેને વૈરાગ્ય વર્તે છે -બધી વાતમાં પ્રવીણ છે, તેવા દેવ-ગુરુ નહિ મળતાં કુદેવ-કુગુરુ મળી જાય તો ઉલટું મિથ્યાત્વ દઢ થાય છે.

જેમાં સાચા દેવ-ગુરુની વાત નથી ને જેમાં ખોટા દેવ-ગુરુની વાત છે તે શાસ્ત્ર ખોટાં છે. એવાનું નિમિત્ત મળતાં અજ્ઞાની માને કે મારું આમાં હિત છે, એમ માની ઉપાય કર્યા કરે છે. જેથી તે અચેત બની જાય એટલે સાંભળવાનો અવસર ન રહે, પોતે માનેલા દેવ-ગુરુ-શાસ્ત્ર જ સાચા છે, પોતે માનેલા તત્ત્વ જ સાચા છે એમ આગ્રહ રાખે; સાચી વાત કાને પડતા તેનો નકાર કરે તેને ચેતનાનો સમ્યક્ વિચાર કરવાનો અવસર રહેતો નથી. સાચી વસ્તુસ્થિતિ કાને પડવા છતાં વિચારતો નથી, આત્મા શું છે, ઉપાદાન-નિમિત્ત શું છે. એ વિચારવા ઉદ્યમી થાય છતાં વિપરીત વિચારમાં દઢ થઈ જાય છે. ''આપણા સંપ્રદાયને મૂકી બીજે જશું તો આપણે ઈતોભ્રષ્ટ તતોભ્રષ્ટ થઈ જશું'' -એમ માની મિથ્યાત્વને દઢ કરે છે.

હવે કદાચિત્ સંજ્ઞી પંચેંદ્રિય જીવને અરિહંતદેવ, નિર્ગ્રંથ ગુરુ ને પૂર્વાપર વિરોધતા રહિત સાચા શાસ્ત્રોનું નિમિત્ત મળી જાય તો ત્યાં તેમના નિશ્ચય ઉપદેશની શ્રદ્ધા કરતો નથી. પ્રથમ તો કુદેવાદિની માન્યતામાં લીન હતો, હવે સાચા દેવાદિ મળ્યા તો પણ નિશ્ચયથી ઉપદેશની શ્રદ્ધા કરતો નથી. આત્માનો સ્વભાવ નિમિત્ત ને વ્યવહાર વિનાનો છે, તે જ્ઞાનાનંદ આત્મા જ્ઞાનથી પ્રગટે છે, નિમિત્તથી પ્રગટ થતો નથી -તે વાત તેને બેસતી નથી. આત્મા અખંડ પરિપૂર્ણ છે, તેના ગુણો સ્વતંત્ર છે, તેની પર્યાય સ્વતંત્ર છે એમ માનતો નથી પણ નિમિત્ત હોય તો કાર્ય થાય, રાગ હોય તો ધર્મ થાય -એમ ઊંધી માન્યતા ચાલુ રાખે છે. સાચા દેવ ને ગુરુ જેને મળ્યા નથી તેનો તો નિશ્ચય કે વ્યવહાર એકે સાચા નથી પણ જેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પૂર્વકર્મના નિમિત્તે તથા વર્તમાન શુભરાગના નિમિત્તે મળી જાય તો પણ નિશ્ચયશ્રદ્ધા કરતો નથી, માત્ર વ્યવહારશ્રદ્ધા વડે અતત્ત્વનો શ્રદ્ધાની રહે છે.

''ગુરુની કૃપાથી કલ્યાણ થશે, નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થશે, ગુરુ હાથ ઝાલે તો કલ્યાણ



થશે, સાચા નિમિત્તથી જ્ઞાન થાય જ, પુણ્ય કરીએ તો ધર્મ થયા વિના રહે નહિ, લોભ ઘટાડીએ, ચિત્તશુદ્ધિ કરીએ તો ધર્મ થાય'' એવી માત્ર વ્યવહારશ્રદ્ધા વડે અતત્ત્વશ્રદ્ધાળુ રહે છે, કુદેવાદિને પગે ન લાગે, સાચા દેવને પગે લાગે એટલે પોતાને સમકિતી માને છે; અમે લજ્જા કે ભયથી કુદેવાદિને પગે લાગતા નથી. અમે સાચાને માનીએ છીએ -એમ કહી વ્યવહારશ્રદ્ધામાં સંતોષ માને છે. ''કર્મ મંદ પડે તો શુભરાગ થાય, તીવ્ર હોય તો અશુભરાગ થાય'' એમ જે માને તેની તો વ્યવહારશ્રદ્ધા પણ સાચી નથી પણ સ્વભાવના અવલંબને જ્ઞાન ને આનંદ પ્રગટે છે તેને બદલે રાગના અવલંબને વીતરાગતા ને જ્ઞાન ને આનંદ પ્રગટશે એમ માને છે.

ભક્તિ કરવી, પૂજા કરવી, પ્રતિમા ધારણ કરવી, નગ્ન મુનિ થઈ જવું વગેરે પ્રકારે વ્યવહારમાં રુચિ રાખે છે પણ અંતરંગ નિશ્ચયતત્ત્વની યથાર્થ શ્રદ્ધા કરતો નથી.

આત્માનું ભાન થયું હોય તેને શુભભાવ હોય છે પણ તે શુભથી ધર્મ માનતો નથી. ક્ષેત્રશુદ્ધિ થશે તો ધર્મ થશે એમ અજ્ઞાની માને છે પણ ક્ષેત્રમાં બીજ વાવ્યા વિના વૃક્ષ ક્યાંથી થશે ? કુદેવાદિની શ્રદ્ધાનો ત્યાગ ને સાચા દેવાદિની શ્રદ્ધા થાય તે ક્ષેત્રશુદ્ધિ છે પણ તેમાં આત્માના ભાનરૂપી બીજને રોપે નહિ તો ધર્મ થાય નહિ.

અત્યારે આત્માની વાતો ઘણાં કરે છે પણ કુદેવાદિની શ્રદ્ધા તો તેમને છૂટી નથી. તે સ્વચ્છંદીના નિશ્ચય અને વ્યવહાર એકેય સાચા નથી. તેવા જીવને સાચી વાત સાંભળવાનો અવસર નથી.

અહીં તો સાચા નિમિત્ત મળ્યા છે તેની વાત કરે છે. કષાય મંદતા કરે, તો પણ માત્ર વ્યવહારશ્રદ્ધા વડે તે અતત્ત્વશ્રદ્ધાળુ જ રહે છે. ત્યાં જો મંદ કષાય હોય વા વિષયની ઈચ્છા ઘટે તો થોડો દુઃખી થાય. વર્તમાન પરિણામ ગણીને ઓછો દુઃખી થાય એમ કહ્યું છે. બાકી અભિપ્રાય તો ખોટો છે. વ્યવહારશ્રદ્ધા સાચી છે એટલે કહ્યું કે બ્રહ્મચર્ય પાળો, દયા પાળો -આમ ઈચ્છા મંદ કરતાં થોડો દુઃખી દેખાય પણ આત્માની પ્રતીતિ થઈ નથી તેથી પાછો કુદેવાદિને માનતો થઈ જશે. સમયસાર વગેરે શાસ્ત્રોમાં નિશ્ચયની વાતો છે એમ કહી ઉડાડે છે ને નિશ્ચયનો ઉપદેશ સાંભળતો નથી.

જેને સાચા નિમિત્ત મળ્યા નથી તેને ઉપાદાન સાચું પ્રગટે નહિ. અહીં તો કહે છે કે સાચા નિમિત્ત મળવા છતાં સાચી શ્રદ્ધા કરતો નથી.

સાચી નિશ્ચયની શ્રદ્ધા કરે નહિ ને વ્યવહારશ્રદ્ધા કરે તે એવો ને એવો બની રહેવાનો ને તીવ્ર વિરોધ કરે તો નિગોદમાં જશે. કુદેવાદિની શ્રદ્ધાવાળો તો મિથ્યાદષ્ટિ જ છે પણ સાચા દેવ-ગુરુ મળવા છતાં માત્ર વ્યવહારશ્રદ્ધા કરે તો તે ફરીને તીવ્ર મિથ્યાદષ્ટિ થઈ જવાનો. માત્ર વ્યવહારની શ્રદ્ધા કરે તે સાચો ઉપાય નથી.

કુદેવાદિને માનવાથી કલ્યાણ થાય એ ઉપાય તો ખોટો છે પણ સાચા દેવ-ગુરુને માનવા છતાં વ્યવહારથી કલ્યાણ થાય -એ માનવું તે પણ ખોટું છે, માટે સાચા ગુરુ જે નિશ્ચયનો ઉપદેશ આપે છે તે સાચો ઉપાય છે.

વળી સંસારી જીવોને એક આ ઉપાય છે કે પોતાને જેવું શ્રદ્ધાન છે તેમ અન્ય પદાર્થોને પરિણમાવવા ઈચ્છે છે. પોતાની ઈચ્છા પ્રમાણે નોકરો, કુટુંબીઓ, લક્ષ્મી, મકાન રહો એમ અન્ય પદાર્થને પરિણમાવવા માગે છે. અનેરા પદાર્થો જો એના શ્રદ્ધાન પ્રમાણે પરિણમે તો તેનું શ્રદ્ધાન સાચું થઈ જાત પરંતુ વસ્તુ અનાદિનિધન છે. તેની કોઈ શરૂઆત કે અંત નથી, જે ન હોય તે નવી થાય નહિ ને જે હોય તે સર્વથા નાશ પામે નહિ. દરેક આત્મા જુદે જુદા છે. દીકરાં, સ્ત્રી, કપડાં, દાગીના, પરમાણુ જુદે જુદા છે. ને તે પોતપોતાની મર્યાદાપૂર્વક પરિણમે છે. તેને પોતાના અભિપ્રાય પ્રમાણે જીવ રાખવા-પરિણમાવવા માગે છે તે મિથ્યાત્વ છે.

સામેના જીવને ઉપદેશ કરી પૈસા ખંખેરી લઉં, સામા જીવના વિચારો ફેરવી દઉં -એમ અજ્ઞાની માને છે. પૈસા આવવા-જવા તે ઉપદેશને આધીન નથી. દરેક આત્મા ન્યારો ન્યારો, દરેક કર્મ ન્યારા ન્યારા પોતપોતાની મર્યાદાપૂર્વક પરિણમે છે. જડ ને ચેતન પોતાની મર્યાદાપૂર્વક પરિણમે છે, આઘાપાછા પરિણમતા નથી.

આત્મા ને જડ સત્ તત્ત્વો જુદે જુદા છે, તેની મર્યાદાપૂર્વક એટલે તેની યોગ્યતા મુજબ પરિણમે છે. આત્માને લીધે પરિણમતા નથી. કોઈના સમજાવ્યાથી કોઈ સમજતું નથી. છતાં અજ્ઞાની પોતાને લીધે પરમાં ફેરફાર થાય એમ માને છે તેથી તેની માન્યતા ખોટી છે ને તેના ઉપાયો બધા ખોટા છે.

### માગશર સુદ ૫, શનિવાર, ૨૨-૧૧-૫૨.

આ મોક્ષમાર્ગ પ્રકાશક ગ્રંથ છે.

૧) આત્મા લક્ષ્મી, પુત્ર વગેરેને મેળવવા માગે છે તે કષાય છે, ૨) બાહ્ય પદાર્થોમાં ઈષ્ટ-અનિષ્ટ માનવું તે ભ્રાંતિ છે. આત્મા એક પદાર્થ છે ને શરીરાદિ અનંત પદાર્થ જુદા છે એમ જો ભેદજ્ઞાન કરે તો શાંતિ મળે પણ ભેદજ્ઞાન નહિ કરતાં ઈચ્છા કરે છે તેથી આકુળતા પામે છે. રોગને અનિષ્ટ, નીરોગતા ઈષ્ટ માનવા તે ભ્રાંતિ છે, તેને વિપરીત માન્યતા કહે છે. ૩) વળી દુઃખ ટાળવાનો ઉપાય એ છે કે સ્વભાવનું ભાન કરી રાગ ટાળે તો દુઃખ ટળે, તેને બદલે સામગ્રી મેળવવાનો ઉપાય તે ખોટાં ઉપાય છે. ૪) હું ચૈતન્ય છું, જ્ઞાતા-દ્રષ્ટા છું, પરમાં મારો અધિકાર નથી એવા સાચા ઉપાયનું શ્રદ્ધાન કરતો નથી. ૫) અન્યથા કલ્પના કરે છે. તે બધાનું મૂળ કારણ મિથ્યાદર્શન છે. તેનો નાશ થતાં એ સર્વ દુઃખ અને ભ્રાંતિનો નાશ થાય છે.



હવે કદાચિત્ ધર્મમાં આવ્યો ત્યાં કુદેવાદિની શ્રદ્ધા થાય છે ને અચેત જેવો થઈ જાય છે. સત્ય-અસત્યનો વિવેક કરતો નથી. કદાચિત્ સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર મળે તો પણ નિશ્ચય ઉપદેશને ગ્રહણ કરતો નથી, વ્યવહારને ગ્રહણ કરે છે. તેથી પાછો એવો ને એવો તીવ્ર મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે.

કોઈ પ્રશ્ન કરે કે - નિશ્ચયપૂર્વક વ્યવહાર કરે તો ?

નિશ્ચય જ્ઞાનસ્વભાવી આત્મા છે. વર્તમાનમાં રાગ થાય છે તેને જાણવું તે વ્યવહાર ને સ્વભાવને જાણવું તે નિશ્ચય છે. આ નિશ્ચય-વ્યવહારની વ્યાખ્યા છે. જ્ઞાનસ્વભાવમાં સ્થિર રહી શકે નહિ ત્યારે જે શુભભાવ આવે છે તેને જાણવો તે વ્યવહાર છે.

વળી દરેક જીવ એવી માન્યતા રાખે છે કે શરીર તથા બીજા પદાર્થોની અવસ્થા પોતાની ઈચ્છા પ્રમાણે થાય; શરીર, વાણી તથા નિમિત્તોને ઈચ્છાથી લાવું ને ઈચ્છાથી દૂર કરું એવી તેને શ્રદ્ધા છે પણ ઈચ્છા મુજબ તેમનું પરિણમન થતું નથી. આત્મા ને પરમાણુ અનાદિ અનંત વસ્તુ છે, આત્મા ને પરમાણુની પોતપોતાની મર્યાદાનો જે કાળ છે તે મુજબ અવસ્થા થાય છે. અજ્ઞાની તેને બદલાવવા માગે છે, તે ત્રણ કાળમાં થાય નહિ. શરીર, દવા કે કોઈ પદાર્થ આત્માને આધીન નથી. છતાં અજ્ઞાની જીવ પરપદાર્થ દૂર કરવા કે નજીક લાવવા તથા પોતાની ઈચ્છા મુજબ પરિણમાવવા માગે છે.

દરેક પદાર્થ જુદે જુદો છે, દરેક પદાર્થની અવસ્થા પોતપોતાથી થઈ રહી છે. એક રજકણ બીજા રજકણને આધીન નથી, એક આત્મા બીજા આત્માને આધીન નથી. આત્માના કારણે પરમાણુ પલટતો નથી, પરમાણુના કારણે આત્મા પલટતો નથી, પોતપોતાના કારણે દરેક પલટે છે. એક તત્ત્વનો પ્રભાવ બીજા તત્ત્વ ઉપર પડતો નથી, કોઈ કોઈને અસર કરતું નથી, આ વસ્તુમર્યાદા છે. વસ્તુનું વર્તમાન તેનાથી હોવા છતાં આત્માને આધીન માનવું તે ભ્રમણા ને દુઃખ છે. જે વર્તમાનદશા છે તે તે વસ્તુના કારણે થાય છે છતાં બીજા કારણ મેળવી દઉં તો તેમાં ફેરફાર થાય એમ અજ્ઞાની માને છે. જડ ને ચેતન દરેક પોતપોતાની પ્રભુત્વશક્તિથી ભરેલા છે. આત્મા સવળો કે ઊંધો પણ પ્રભુત્વશક્તિથી ભરેલો છે. જડ પદાર્થ જડેશ્વર ભગવાન છે ને તેની શક્તિથી ભરેલો છે. ઈંદ્ર પણ એક રજકણને પલટાવી શકે નહિ -આમ અજ્ઞાની માનતો નથી.

જીવને રાગ થાય પણ રાગને લીધે પર ચીજો આવે એમ બનતું નથી. **વસ્તુ ફરશે નહિ પણ તું મિથ્યા નિર્ણયને ફેરવ.** પરપદાર્થ આત્માથી પરિણમતા નથી એ વાત અજ્ઞાનીને બેસતી નથી. વ્યવહારથી એમ બોલાય કે આને લીધે આમ થયું, પણ વસ્તુસ્થિતિ એમ નથી. અહીં કહે છે કે શ્રદ્ધા તો સુધાર, સમ્યક્ શ્રદ્ધા કર કે મારાંથી કોઈ ચીજ પલટાવી શકાતી નથી, હું જ્ઞાનમાત્ર છું. રાજાનો પુત્ર બિમાર હોય તો તેને મોટા દાકતરો પણ બચાવી શકે નહિ, છતાં અજ્ઞાની જીવ ઈચ્છા અનુસાર પરને પરિણમાવવા માગે છે, તે ઉપાય સાચો નથી, તે મિથ્યાદર્શન છે. જે ક્ષણે,

જે પળે, જે ક્ષેત્રે, જે કાળે શરીર પડવાનું તે પડવાનું. તેને ઈંદ્ર, નરેંદ્ર કે જિનેંદ્ર પણ રાખવા સમર્થ નથી. પ્રથમ યથાર્થ વાતનો નિર્ણય તો કરો, આંખની પાંપણ ફેરવવાની પણ આત્માની તાકાત નથી. જે સમયે જે પરમાણુની પર્યાય થવાની તે થવાની, તે જીવને આધીન નથી. દેહનું ક્ષેત્રાંતર થવું કે અટકવું તે દેહના કારણે છે, પણ અજ્ઞાની જીવ પોતાની શ્રદ્ધા પ્રમાણે તેને પલટાવવા માગે છે, પણ તે માન્યતા વિપરીત છે. પરને પરિણમાવવાનો ઉપાય સાચો નથી. તો સાચો ઉપાય શું છે તે બતાવે છે.

જેવું જડ અને ચૈતન્ય પદાર્થોનું સ્વરૂપ છે તેવું શ્રદ્ધાન કરે તો સર્વ દુઃખ દૂર થાય. મિથ્યાદર્શનનો નાશ થતાં મિથ્યા ભ્રાંતિનો, ખોટાં ઉપાયનો, ઈચ્છા વગેરેનો નાશ થઈ જાય છે. વિપરીત અભિપ્રાય ટળતાં ઈચ્છા ક્રમે ક્રમે નાશ થયા વિના રહે નહિ. આત્મા જ્ઞાતાસ્વરૂપ છે, જડ આદિ પરપદાર્થોને ફેરવવા તે સમર્થ નથી એવી શ્રદ્ધા કરે તો ભ્રમણા નાશ થાય. અનંતા પદાર્થોને પલટાવવાની ભ્રમણા નાશ થતાં પોતે અનંતા પદાર્થોનો જ્ઞાતા રહે છે. પોતે આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે એવો અભિપ્રાય થતાં સર્વ દુઃખ ટળે. જે પદાર્થ હોય તેનું વર્તમાન આત્માથી થાય તો તેનું વર્તમાન રહેતું નથી તેથી વસ્તુ રહેતી નથી.

આત્મા શરીરની અવસ્થામાં ફેરફાર કરનાર નથી, માત્ર જાણનાર છે. વસ્તુ જવાની હોય તો ગયા વગર રહે નહિ ને ન જવાની હોય તો કાઢવા માગે છતાં ન જાય. આયુષ્ય હોય ત્યાં સુધી કોઈ મારવા માગે છતાં મરે નહિ ને આયુષ્ય ન હોય તો ગમે તે ઉપાય કરે તો પણ શરીર છૂટ્યા વગર રહે નહિ. જગતના પદાર્થના સ્વરૂપને જાણવા-દેખવાનું આત્માનું કામ છે. પછી રાગ થાય તે નબળાઈને લીધે છે, તે રાગ જ્ઞાનને લીધે નહિ તેમ જ ચીજોને પલટાવવા માટે રાગ થતો નથી -આમ જ્ઞાનીને રાગ મર્યાદિત થઈ જાય છે.

જે થવાનું હોય તે થાય છે. આત્મામાં પરપદાર્થને ફેરવવાની જરા પણ તાકાત નથી ને જ્ઞાતા-દ્રષ્ટાપણે રહેવાની તાકાત જરા પણ ઓછી નથી -એમ બે સિદ્ધાંત સમજે તો સમાધાન થાય.

દરેક પદાર્થનું પલટવું તે તેનો સ્વભાવ છે. પદાર્થનું સ્વરૂપ જેમ છે તેમ સમજે તો દુઃખ દૂર થાય. જેમ કોઈ મોહી થઈને મડદાને જીવતું માને અથવા જીવાડવા ઈચ્છે તો પોતે જ દુઃખી થાય -બન્ને ઉપાય ખોટા છે. સાચો ઉપાય એ છે કે મડદાને મડદું માનવું ને મડદાને જીવાડવાનો અભિપ્રાય છોડવો તે દુઃખ દૂર કરવાનો ઉપાય છે. મડદું જીવતું થશે નહિ એ અભિપ્રાય કરવો -તે દુઃખ દૂર કરવાનો ઉપાય છે. આત્મા ને શરીરની અવસ્થા ભિન્ન ભિન્ન છે તેમ માનવું તે દુઃખ દૂર કરવાનો ઉપાય છે. મિથ્યાદષ્ટિ આત્મા ને શરીરને એક માને છે.

**પ્રશ્ન** : રામચંદ્રજીએ લક્ષ્મણનું મડદું છ મહિના સુધી ઉપાડેલ હતું ને ?

**ઉત્તર** : ત્યાં જ્ઞાનીને રાગ જરા મચક ખાઈ જાય છે, તે રાગનો દોષ છે. રામચંદ્રજી મહાપુરુષ



હતા, તે જ ભવે મોક્ષ ગયા છે, પણ ચારિત્રના દોષને લીધે રાગ હતો ત્યાં સુધી છ માસ સુધી મડદું ફેરવ્યું, છતાં ભાન હતું કે તે બધાથી આત્મા જુદો છે. પછી ક્રમે કરી રાગ ટાળી વીતરાગ થઈ સિદ્ધદશા પામ્યા છે.

અહીં મિથ્યાદષ્ટિની વિપરીત માન્યતાના વાત છે. મિથ્યાદષ્ટિ પરપદાર્થને અન્યથા પરિણમાવવા માગે છે તેથી દુઃખી થાય છે. માટે સાચી સમજણ કરવી. વસ્તુ વસ્તુને કારણે છે. રોગ આવે તો સમજે કે રોગ શરીરની અવસ્થા છે. મારા પલટાવવાના ભાવથી બીજી રીતે પલટી શકે એમ નથી, અન્ય પ્રકારે પરિણમવાના નથી.

લોકો મૃત્યુ પાછળ બોલે છે કે ''ભાઈ ! કોઈની કાંઈ પાંચમની છઠ્ઠ થાય ?'' પણ યથાર્થ શ્રદ્ધા કરતાં નથી. અહીં કહે છે કે ભ્રમજનિત દુઃખ દૂર થવાનો ઉપાય ભ્રમ દૂર કરવો એ જ છે. દોરડીને સર્પ માનીને ભય સેવે તે ભ્રમ છે. ભ્રમણા દૂર કરે તો ભય ને દુઃખ દૂર થાય. છોકરાં પોતાનું માનતા નથી એમ માનવું તે ભ્રમણા છે. તે ભ્રમણા કાઢી નાખે તો દુઃખ દૂર થાય, પણ અજ્ઞાની ભ્રમણાનો ભાર પોતાને માથે રાખે છે. માટે ભ્રમણા દૂર થવાથી સમ્યક્ શ્રદ્ધા થાય, દીકરાં તેના પોતાના કારણે ઠીક લાગે તેમ પરિણમે છે, કોઈ કોઈનું માનતા નથી -એમ દરેક ચીજને સ્વતંત્ર સમજે તો સમાધાન થાય.

## ચારિત્રમોહના ઉદયથી થતું દુઃખ અને તેના ઉપાયોનું જૂઠાપણું

પ્રથમ ભ્રમણાની વાત કરી હતી. હવે આત્માની પર્યાયમાં થતાં ક્રોધ, માન, માયા, લોભથી જીવ દુઃખી થાય છે તેની વાત કરે છે. ચારિત્રમોહનીય કર્મ છે, તે કર્મના ઉદયથી જીવના ભાવ ક્રોધ, માન, માયા, લોભના અનંતાનુબંધી વગેરે ૧૬ ભેદ ને હાસ્યાદિ નવ નોકષાયરૂપ થાય છે. ત્યારે આ જીવ કલેશવાન બની દુઃખી થતો વિષયકષાયમાં પ્રવર્તે છે ને વિહ્વળ થઈ અનેક પ્રકારના કુકાર્યોમાં પ્રવર્તે છે.

જ્યારે જીવને ક્રોધ થાય ત્યારે અન્યનું બૂરું કરવા માગે છે, બીજાનું નામ રહેવા ન દઉં -એવા ભાવ કરે છે. કોઈની ગુપ્ત વાત બહાર કરી ગાલીપ્રદાન બોલે, પોતાના અંગ વડે સામેના જીવનો ઘાત કરે, પથ્થરથી કે શસ્ત્રથી ઘાત કરે; અનેક કષ્ટ સહન કરી, ધનાદિ ખર્ચી સામા જીવનું ખરાબ કરે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ કરી શકે છે એમ વાત છે જ નહિ પણ ક્રોધ થતાં કેવા પરિણામ થાય છે તે બતાવે છે. પોતાનું મરણ થવા છતાં બીજાનું ભૂંડું બતાવે; જીભ, કાન વગેરે કાપી નાખે, પોતાના અંગનો પણ ઘાત કરે -એમ ક્રોધ કરી પોતાનું બૂરું કરી બીજાનું બૂરું કરવાનો ઉદ્યમ કરે -એ પ્રમાણે ભાવ કરે. અન્ય દ્વારા બૂરું કરાવે. દુશ્મનના દુશ્મનને મિત્ર બનાવે, લાગ આવે ત્યારે મારે કે બીજા પાસે બૂરું કરાવે. સામા જીવનો દીકરો મરી જાય કે પૈસા જાય તો ઠીક થયું એમ કહે, સામાનું ભૂંડું થતા પોતાનું પ્રયોજન સિદ્ધ ન થતું હોય તો પણ તેનું બૂરું કરે.

આવા પરિણામ ક્રોધ થતાં થાય છે.

માટે સ્વભાવનું જ્ઞાન કરી ક્રોધ ટાળવો એ સમજાવવા આ વાત કરી છે.

## માગશર સુદ ૬, રવિવાર, ૨૩-૧૧-૫૨.

સંસારના દુઃખનું ને મોક્ષના સુખનું વર્ણન ચાલે ત્યાં ચારિત્રમોહના ઉદયથી થતાં દુઃખનું વર્ણન કરે છે.

વસ્તુને ઈષ્ટ-અનિષ્ટ માની ક્રોધાદિ કષાય કરે છે પણ વસ્તુમાં ઈષ્ટ-અનિષ્ટપણું નથી. સમ્યગ્દર્શન થતાં પદાર્થમાં ઈષ્ટ-અનિષ્ટપણું ન ભાસે. પદાર્થોમાં ઈષ્ટ-અનિષ્ટપણું નથી. તે તો જ્ઞેય છે ને આત્માનો સ્વભાવ જ્ઞાનસ્વરૂપ છે. તેમાં ઈષ્ટ-અનિષ્ટપણું નથી એમ નહિ માનતાં અજ્ઞાની ક્રોધ કરી દુઃખી થાય છે. વળી ક્રોધ થતાં કોઈ પૂજ્ય પુરુષ આવે તો પણ તેનો અનાદર કરે. વહાલાં દીકરાં, સ્ત્રી જેના પર પ્રેમ હોય તેનો પણ તિરસ્કાર કરી નાખે. ગુરુ ને શાસ્ત્ર આવે તેનો પણ તિરસ્કાર કરી નાખે-અનાદર કરે. પોતે જ્ઞાન ને આનંદસ્વરૂપ છે તેની ખબર નથી તેથી પરને અનિષ્ટ માની ક્રોધાદિ કરે છે. ઈષ્ટજનને-પૂજ્યજનને મારવા લાગી જાય. આત્મા જ્ઞાનસ્વભાવી છે ને બહારના પદાર્થો જ્ઞેય છે તેની સાથે જાણવાનો સંબંધ છે -એમ નહિ માનતાં તેમને ઈષ્ટ-અનિષ્ટ માનવારૂપ આડો વ્યવહાર કરે છે ને તેથી દુઃખી થાય છે. ક્રોધના આવેશમાં બીજાનું ભૂંડું ન થાય તો પોતાના અંગનો ઘાત કરે. આંખો ફોડે, છાતી કૂટે ને છેવટે ગળાફાંસો ખાય. ઝેર ખાઈ આપઘાત કરે -એ બધી અવસ્થા ક્રોધ થતાં થાય છે. પદાર્થો ઈષ્ટ-અનિષ્ટ નથી. પોતાનો જ્ઞાનસ્વભાવ છે એવી તેને ખબર નથી તેથી પોતાની ઊંધી માન્યતાપૂર્વક ક્રોધ કરી દુઃખી થઈ રહ્યો છે, તેને કાંઈ વિચાર રહેતો નથી. આ અજ્ઞાનીના ક્રોધની વાત છે.

વળી માનનો ઉદય થતાં બીજાને નીચો અને પોતાને ઊંચો દર્શાવવા અનેક ઉપાય વિચારે, બીજાનો નાશ કેમ થાય, પોતાનું ઊંચું બતાવવા બીજાની નિંદા કરે, અન્યનો મહિમા મટાડી પોતાનો મહિમા કરાવવા લાગે. આમ માનના કારણે દુઃખી થઈ રહ્યો છે. સામા જીવનો મહિમા ઘટવો તે તો સામાના કર્મને આધીન છે. પણ અજ્ઞાની ભાવ કર્યા કરે છે. છોકરાં છોકરીના લગ્નમાં ઘણાં પૈસા ખર્ચે તે પોતાનું માન બતાવવા માટે કરે. પોતાની સ્થિતિ સારી ન હોય તો પણ છોકરાંના લગ્ન, કારજ વગેરે પ્રસંગે પાપથી ભેગા કરેલા પૈસા એકદમ ખરચી નાખે છે. જગતમાં, નાતમાં કેમ મોટો કહેવાઉં તેમ કરે છે. પોતે બીજાને અનુકૂળ કરવા માગે છે ને પ્રતિકૂળને દૂર કરવા માગે છે, પણ તે પોતાને આધીન નથી, કર્માધીન છે. છતાં પોતે માન આધીન થઈ લગ્નમાં કે મરણ પાછળ દેવું કરીને પૈસા ખર્ચે, વળી માન ખાતર મરણ પણ ઈચ્છે છે. દેશ ખાતર વગેરે કારણસર મરે કારણ કે મરણ પછી મારો યશ રહેશે એમ માને છે.



જો પોતાનું સન્માન ન કરે તો તેને ભય વગેરે દેખાડે. પ્રસંગે ભય બતાવે, જેલમાં નાખી દઈશ એમ કહે -આમ બીજાને દુઃખ ઉપજાવી પોતાનું સન્માન કરાવે. ગામમાં ઘણાં સેવાના કામો કર્યા છે એમ કહી માનપત્ર મેળવે, નામધારી સાધુઓ પણ પોતાના સામૈયા માટે આગળથી તૈયારી કરાવે -એમ માન કષાયને પોષે છે.

વળી માનનો ઉદય થતાં કોઈ પૂજ્ય હોય, મોટા હોય તેમના સન્મુખ પણ માન છોડતો નથી. વળી ભગવાનની પ્રતિમા બિરાજમાન હોય ત્યાં પણ માન કષાય વડે કજિયો કરે, સભામાં તેમ જ વડીલોની હાજરીમાં માન ખાતર કજિયા કરે, સાચા દેવ-ગુરુની હાજરી હોય તો પણ તેને વિવેક રહેતો નથી. આમ કરતાં પણ અન્ય નીચો તથા પોતે ઊંચો ન દેખાય તો પોતાના અંતરંગમાં પોતે જ ઘણો દુઃખી થાય. પોતાના દીકરાંના લગ્ન થાય છતાં પોતાનું ધાર્યું ન થાય તો કષાય કર્યા કરે. પોતાની કોઈ ગણતરી થતી નથી -એમ માની દુઃખી થાય. ભાઈ, આબરૂ વગેરેમાં કાંઈ સુખ નથી. સમાધાન કરવામાં સુખ છે. પણ તેને વાત સૂઝતી નથી. ઘરમાં વહુનું ધાર્યું થાય તો અજ્ઞાની સાસુ માનના માર્યા દુઃખી થાય. વળી કોઈ છાતી કૂટે, અંગઘાત કરે, ઝેર ખાઈને મરે. ભાઈ, એ બધી પ્રતિકૂળ અવસ્થા તને નડતી નથી, ને અનુકૂળ અવસ્થા મદદ કરતી નથી. ઉપર કહેલ અવસ્થા માન થતાં થાય છે.

માયાથી કપટ વચન કહે, કપટરૂપ શરીરની અવસ્થા કરે, કાંઈ જાણતો ન હોય એવી માયા કરે. કપટ કરે તથા બીજી વસ્તુને અન્ય પ્રકારે બતાવે. દીકરાં, દીકરી, મકાન જેમ હોય તેમ ન બતાવે. વળી કપડાં વગેરેમાં જ્યાં સારું હોય ત્યાં બતાવે ને ડાઘો માલ ન બતાવે. કપટમાં મરણ થાય તો પણ કપટ ન છોડે, પૂજ્ય પુરુષથી પણ કપટ કરે. સગાંવહાલાં ચીજો લેવા મોકલે ત્યાં પણ માયા કરે, વેપારમાં કુટિલતા કરી પૈસા મેળવવા માગે, મોટી દીકરીને બતાવીને સગપણ કર્યું હોય પણ માયા કરી નાની તથા કાળી દીકરી પરણાવી દે -એવા છળ પ્રપંચ કરે છે.

જ્ઞાનીને જરા માયા થાય પણ તે મર્યાદિત છે, પરપદાર્થો ઈષ્ટ-અનિષ્ટ માની માયા થતી નથી.

અજ્ઞાનીને છળ કરતાં કાર્ય સિદ્ધ ન થાય તો પોતે બહુ દુઃખી થાય, અંગોનો ઘાત કરે તથા ઝેર પણ ખાય વગેરે અવસ્થા કરે છે. આવી અવસ્થાઓ માયા થતાં થાય છે.

પોતાનો આત્મા સ્વભાવે આનંદકંદ ઈષ્ટ છે ને વિકારી પરિણામ અનિષ્ટ છે તેમ નહિ માનતાં પરપદાર્થો-પૈસા, દીકરાં, દીકરી મેળવવા અનેક ઉપાય વિચારે છે. લોભનો પ્રેર્યો અનુકૂળ વચનો બોલે, ચીજો લેવા માટે દીનતા કરે, કેટલાક ભિખારીઓ જુદી જુદી રીતે શરીરને ધ્રુજાવે, પૈસા ખાતર એવો વેશ કરે -ઘણાં કષ્ટ સહન કરે, દેશ દેશાંતર જાય. બીજાની સેવા ચાકરી કરે, લોભના માર્યા મરણ થતું જાણે છતાં લોભ છોડે નહિ. વળી ઘણું દુઃખ થાય એવા કાર્યોનો આરંભ કરે. વળી લોભ કરતાં વચમાં ઈષ્ટજન આવે તો પણ ગણે નહિ, સગાંવહાલાંના કામ કરવા જતાં

વચમાં રૂપિયા ખાઈ જાય, પોતાનો સ્વાર્થ સાધે, લોભીને કાંઈ વિચાર જ રહેતો નથી. વળી પ્રાપ્ત થયેલી વસ્તુની રક્ષાનો ભાવ કરે, ને વહાલી ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ ન થાય અથવા ઇષ્ટનો વિયોગ થાય તો ઝૂરે ને દુઃખી થાય, પણ લોભને ટાળવા માગતો નથી. લોભ ખાતર પોતાના શરીરનો ઘાત કરે, ઝેર ખાઈને મરણ પણ પામે.

લોભ દુઃખ છે છતાં અજ્ઞાની તેને છોડતો નથી. કરકસરનું નામ આપી કંજુસાઈ પોષે, અમોને કોઈ છેતરી ન જાય એમ બડાઈ ચલાવી બહારની ચીજો છેતરપીંડી કરી વધારે લઈ આવે.

હું સ્વભાવે જ્ઞાન છું, ચૈતન્ય છું. પરપદાર્થની પ્રાપ્તિ થવી તે પુણ્ય આધીન છે. છતાં લોભનો માર્યો માનતો નથી. લોભ કષાય થતાં ઉપર કહી તેવી અવસ્થા થાય છે.

એ પ્રમાણે ક્રોધ, માન, માયા, લોભરૂપી વિકારથી પીડિત થાય છે. આ પ્રમાણે કષાયથી પીડિત થતો જીવ એ અવસ્થામાં પ્રવર્તે છે. આત્મા ચૈતન્ય છે. ઇષ્ટ-અનિષ્ટ કોઈ ચીજ નથી. પોતાનો જ્ઞાયકસ્વભાવ ઇષ્ટ છે તે વાત બેસતી નથી. ચારે કષાય દુઃખ છે અને તેનો અભાવ કરવો તે સુખનો ઉપાય છે.

વળી એ કષાયોની સાથે નોકષાય થાય છે તે બતાવે છે.

જ્યારે હાસ્ય નોકષાય થાય ત્યારે પોતે પ્રફુલ્લિત થાય. તે એવું જાણવું કે જેમ વાયુરોગીને હસવું થાય છે, તેમ મશ્કરી ભાવમાં હસવું તે ગાંડપણ છે. અનેક પ્રકારે રોગથી પીડિત છે છતાં કલ્પનાથી હસે છે. શરીરમાં રોગ હોય ને બીજી પ્રતિકૂળતા હોવા છતાં જૂઠી કલ્પના વડે હસવા લાગી જાય. વાયુરોગીવાળો રોગ હોવા છતાં હસવા લાગે છે, તેમ અજ્ઞાનીને કષાયથી દુઃખનો પાર ન હોય છતાં કાંઈ અનુકૂળતા મળે ત્યાં હસવા લાગી જાય છે. કલ્પના કરી હરખ માને પણ તે દુઃખી જ છે. હાસ્યાદિ કષાય રોગ મટતાં સુખી થાય, શુદ્ધ આત્માની રુચિ કરે તો સુખી થાય.

વળી રતિ થતાં, વહાલી વસ્તુ મળતાં આસક્ત થાય છે. બિલાડીને માર પડે તો પણ ઉંદર છોડે નહિ. પોતાની વહાલી સ્ત્રીને મેળવવા ખાતર રાજ્ય છોડી દે છે. દીકરાં, દીકરી ખરાબ થયા હોય છતાં તેના પ્રત્યેની રતિ ખાતર તેમની મમતા છોડતો નથી. જેને જે વહાલી ચીજ લાગે તેમાં રતિ કરી રોકાય. ભાગીદાર વેપારમાં ખાઈ જતો હોય, ઘરમાં બગાડ કરે, છતાં પ્રીતિના માર્યા તેને બધું આપી દે ને પાછળનો પણ વિચાર ન કરે. આમ રતિ દુઃખદાયક છે. વળી તે ચીજોનો વિયોગ થઈ જશે તો ? ભાગીદાર ને નોકર જુદો થઈ સામે દુકાન માંડશે તો ? એમ ધારી તેની સાથે અરતિભાવ કરે છે, તે બધું દુઃખ જ છે.

પોતાને અણગમતી ચીજોનો સંયોગ પામી મહા વ્યાકુળ થાય છે. પોતાને તે સંયોગો ગમતા નથી, તેથી તે જલ્દી દૂર થાય તેમ ઇચ્છે છે. અરતિના પરિણામથી દુઃખી થઈ રહ્યો છે. આમ



સંસારપર્યાય દુઃખી બતાવે છે. તે સમજે તો સ્વભાવની પ્રીતિ કરે. ઇષ્ટનો વિયોગ ને અનિષ્ટનો સંયોગ થતાં અતિ વ્યાકુળ બની દુઃખી થાય.

સારા દીકરાં-દીકરી મરે, શેરીનું કૂતરું મરે વગેરે કારણસર અતિ વ્યાકુળ બની દુઃખી થાય. એમ અનેક પ્રકારે ઇષ્ટના વિયોગે ને અનિષ્ટના સંયોગે અનેક પ્રકારનો શોક કરે. દીકરા-દીકરી પાછળ રુદન કર્યા કરે. એકનો એક દીકરો મરી જતાં શોકમાં ગરકાવ થાય છે. મરનારની પાછળ રોનારો રહેવાનો નથી એમ વૈરાગ્ય લાવી સમાધાન કરે કે પોતે કેવળજ્ઞાનનો કંદ આખો આત્મા પડ્યો છે તો શાંતિ થાય તેમ છે.

પણ અજ્ઞાની શોક કર્યા કરે છે. વળી દીકરો દીક્ષા લ્યે તો તેની માતા શોક કર્યા કરે છે. વસ્તુ સમજતા નથી. કેટલીએ વાર શોકના માર્યા જીવો મૂર્છા ખાય છે, માથા ફોડે છે, પછડાટો ખાય છે. શોક કરવાથી કાંઈ વળે તેમ નથી, માત્ર પોતે જ દુઃખી થાય છે. શોક રહિત પોતાનો શુદ્ધ આત્મા છે એવા શ્રદ્ધા-જ્ઞાન કરે તો સુખી થાય.

### માગશર સુદ ૮, સોમવાર, ૨૪-૧૧-૫૨.

સંસારના દુઃખો ને મોક્ષના સુખનું આ વર્ણન ચાલે છે. આત્માને કષાય થાય તે છતાં પોતાને દુઃખરૂપ માનતો નથી ને પરપદાર્થો તરફ લક્ષ જાય છે ને ઇષ્ટ-અનિષ્ટ માન્યા કરે છે, તે જ ભ્રમ છે.

<u>ભય</u> : જ્યારે ભય નોકષાય પર્યાયમાં થાય છે એટલે કે તે ભય પોતે કરે છે ત્યારે આ પરપદાર્થને કારણે ડર લાગ્યો એમ માને છે. સ્વભાવ સન્મુખ દૃષ્ટિ કરવાથી નિર્ભય થવાય છે. હું જ્ઞાનાનંદ છું એવી દૃષ્ટિ કરવી ને અંતર્લીનતા કરવી તે ભય ટાળવાનો ઉપાય છે, તેને અજ્ઞાની જાણતો નથી પણ ઇષ્ટના વિયોગ ને અનિષ્ટના સંયોગને ભયનું કારણ માને છે. તેથી તેને દૂર કરવા માગે છે, પણ તે ઉપાય ખોટો છે. પ્રતિકૂળ સંયોગોનો ભય થતાં અતિ ગાંડો થઈ ભાગવા માંડે. સંયોગોના કારણથી ભાગવા માંડે છે તે ભય રહિત થવાનો ઉપાય નથી. અનિષ્ટના સંયોગથી ભાગી ઇષ્ટના સંયોગોમાં જવા માગે છે પણ તે આત્માને આધીન નથી, કર્મને અનુસાર છે. ભય ક્ષણિક છે, પરને લીધે તે નથી તેમ જ ભય સ્વભાવમાં નથી એવું જ્ઞાન કરવું તે ભય દૂર કરવાનો સાચો ઉપાય છે.

અજ્ઞાની ભયના કારણે છુપાઈ જાય, શિથિલ થઈ જાય, ચોર મારશે એમ ધારી છુપાવા માગે પણ છુપાઈ જવું ઇત્યાદિ શરીરની ક્રિયા આત્માને આધીન નથી. હું જ્ઞાન છું એમ દૃષ્ટિ કરે તો ભય મંદ પડે ને લીનતા થતાં ભયનો સર્વથા અભાવ થાય.

વળી ભયથી ભાગે ત્યાં પણ દુઃખ થવાના જ ઠેકાણાં પ્રાપ્ત થાય કારણ કે તે બધું પૂર્વ કર્મ

અનુસાર છે. વળી ભય પામતા અંદર ફફડાટ થાય ને છેવટે મરી પણ જાય. આમ અંતરની પ્રતીતિ કરે નહિ ને ભય દૂર થાય નહિ તેથી ભય નોકષાય પણ દુઃખરૂપ જ છે.

<u>જુગુપ્સા</u> : જ્યારે ગ્લાનિના પરિણામ થાય ત્યારે ઉલટી, વિષ્ટા વગેરે વસ્તુની ઘૃણા કરે. જેનો સંયોગ થયો તેનાથી ભાગવા માંડે, ઈન્ફ્લુએન્ઝા, પ્લેગ થતાં ભાગવા માંડે પણ તું ક્યાં ભાગીશ? તે બધું કર્મ આધીન છે. આત્મા ચિદાનંદ છે તેનો નિર્ણય કરવો એ ઉપાય છે પણ તેને અજ્ઞાની માનતો નથી. પ્લેગ થતાં ખુલ્લી જગ્યામાં રહેવા જાય, ન ભાગીએ તો મરી જવાય એમ માની રહ્યો છે, ભાગીને ક્યાં જઈશ ? કોની દુગંચ્છા કરીશ ? દુગંચ્છા ટાળવાનો તે ઉપાય નથી. અજ્ઞાની પરમાં વિસામો માને છે. જ્ઞાનાનંદ સ્વરૂપી આત્મા વિસામો છે તેનું તેને ભાન નથી. એક કષાય છોડી બીજા કષાયમાં લાગવું તે કષાયથી છૂટવાનો ઉપાય નથી. આત્મા ચિદાનંદ સ્વરૂપ છે, પરપદાર્થો ઈષ્ટ-અનિષ્ટ નથી તેમ સમજણ કરવી તે ઉપાય છે. આ શરીરના અનંતા પરમાણુ છે, પેશાબ, વિષ્ટા બંધ થશે, અથવા વારંવાર ઝાડા થશે, શરીર ગંધાઈ જશે ત્યારે ક્યાં ભાગીશ ? દુગંચ્છા ટાળવાનો ઉપાય પરવસ્તુ ટાળવી તે નથી, સ્વરૂપમાં દુગંચ્છા નોકષાય નથી -એમ જેમાં નથી તેનું શરણ લ્યે તો દુગંચ્છા ટળે તેમ છે. અકષાયી આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા કરતા તે દુગંચ્છા મંદ કરવાનો ને અભાવ કરવાનો ઉપાય છે. ગૃહસ્થીઓ માટે પણ આ જ ઉપાય છે.

અજ્ઞાની જીવ વસ્તુઓને દૂર કરવા માગે છે પણ જીવથી તે વસ્તુ દૂર થતી નથી જેથી ખેદખિન્ન બની મહા દુઃખી થાય તેથી એ જુગુપ્સા નોકષાય પણ દુઃખરૂપ છે.

<u>વેદ</u> : જ્યારે ત્રણે પ્રકારના વેદ નોકષાય ઊપજે ત્યારે વિષય ભોગવવાની ઈચ્છા થાય છે, ત્યાં પુરુષવેદના ઉદયથી સ્ત્રી સાથે રમવાની, સ્ત્રીવેદના ઉદયથી પુરુષ સાથે રમવાની તથા નપુંસકવેદના ઉદયથી બન્નેની સાથે રમવાની ઈચ્છા થાય છે. તેથી જીવ અતિ વ્યાકુળ થાય છે, આતાપ ઊપજે છે, વિષયો ભોગવું તો શાંતિ થાય એમ માને છે. વિષયોના નિમિત્તો ન હોય ત્યારે આરોપિત પણ ઊભા કરી વ્યાકુળ થાય છે. નિર્લજ્જ થઈ મા-બાપ તથા બેન-દીકરીને ગણે નહિ, હજારો રૂપિયા ખર્ચી વિષયોને મેળવવા માગે છે, તેને ભોગવી વિષયવાસના ટાળવા માગે છે. સારા કુટુંબનો પોતે હોય તો પણ હલકા કુટુંબની બાઈને પરણે છે, નિર્લજ્જ થાય છે. નિષ્કામ સ્વભાવનું શરણ લેતો નથી ને પરંપરા દુઃખી થાય છે. જુદા જુદા રોગ થાય, રાજ્ય લંપટીને દંડ કરે, જેલમાં મોકલે છતાં તે વાસના છોડતો નથી. વાસના દૂર કરવાના ઉપાયની તેને ખબર નથી. વાસના હોવાં છતાં સ્વભાવ વાસના રહિત છે એવી અંતર્મુખ દૃષ્ટિ કરવી તે વાસના મંદ કરવાનો ઉપાય છે ને સ્થિરતા કરવી તે સર્વથા વાસનાનો અભાવ કરવાનો ઉપાય છે. અજ્ઞાની જીવોને વસ્તુસ્વભાવનો વિચાર નથી તેમ જ ખરી વસ્તુસ્થિતિ સાંભળી નથી. ખૂન થાય છતાં વિષયવાસના છોડે નહિ. કામપીડાથી વિહ્વળ થઈ જાય છે, તે માટે બહારના ઉપાયો કરે છે. જ્ઞાનીને વિષયવાસના હોય



છે પણ અંતરશ્રદ્ધા, જ્ઞાનના કારણે વિષયવાસના શિથિલ હોય છે, ને ચારિત્ર લેતાં અભાવ થાય છે. અજ્ઞાની જીવો કામપીડાથી બહાવરા બની જાય છે ને મરણ પામે છે.

વળી રસગ્રંથોમાં કામજન્ય દસ પ્રકારની અવસ્થાઓ કહી છે. ત્યાં કામી બહાવરો બની જાય છે ને તેનું મરણ પણ થાય છે. પણ વિકારવાસના રહિત શુદ્ધ આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરતો નથી. વળી વૈદકશાસ્ત્રોમાં જ્વરના ભેદોમાં એક કામજ્વર મરણનું કારણ કહ્યું છે. તે કામવાસનાથી મરણ પર્યંતના દુઃખો જોવામાં આવે છે. કામમાં આંધળા થયેલા જીવને પોતામાંથી સુખ પ્રગટે છે તે વાત બેસતી નથી. કામાંધ પુરુષને કાંઈ વિચાર જ રહેતો નથી. વિષય માટે પિતા પુત્રી સાથે, મનુષ્ય કે તિર્યંચણી ઈત્યાદિથી પણ વિષય ભોગવે છે એવી કામની પીડા ઘણી દુઃખરૂપ છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જ કામવાસના ટાળવાનો ઉપાય છે. તે ઉપાયનું શ્રવણ પણ કરવા માગતો નથી. એ નિશ્ચયની વાતો છે એમ કહી કાઢી નાખે છે. વળી કોઈ કહે કે સાત્વિક ખોરાક ખાવાથી વિષયવાસના મંદ થાય પણ તે ઉપાયો પણ યથાર્થ નથી. અગ્નિમાં લાકડા નાખવાથી અગ્નિ ઓલવાતી નથી તેમ વિષયો ઘણા ભોગવવાથી વિષયવાસના મંદ થતી નથી. માટે સુખસ્વરૂપ આત્માના આશ્રયે વિષયવાસના મંદ થઈ અભાવ થાય છે.

એ પ્રમાણે કષાયો તથા નોકષાય વડે આત્માની અવસ્થા થાય છે. અહીં એમ વિચાર થાય છે કે જો એ અવસ્થાઓમાં જીવ ન પ્રવર્તે તો ક્રોધાદિ પીડા થાય તથા પ્રવર્તે તો મરણપર્યંત કષ્ટ થાય. સંસારી જીવો ક્રોધ, માન, માયા, લોભ કરી આવા કષ્ટ સહન કરી રહ્યા છે. હવે મૃત્યુ સુધી કષ્ટ સહન કરે, વિહ્વળ થાય, ભાગવાનું કરે ને છેવટે મરણપર્યંતના કષ્ટ સંસારી જીવ કબૂલ કરે. લોભના માર્યા પોતે અશક્ત હોવા છતાં દુકાનો ચલાવે -એમ મરણનું કષ્ટ સહન કરે છે. ગાંડો થાય, નિર્લજ્જ થાય, અંગ છેદાય, આંખો ફૂટી જાય, અપજશ થાય, મરણ થાય ઈત્યાદિ દુઃખો ભોગવે પણ ક્રોધાદિ રહિત અકષાયી નિજસ્વભાવ છે અને તે જ સુખરૂપ છે તેની દૃષ્ટિ કરતો નથી.

જ્યારે તેને કષાયનો ઉદય થાય ત્યારે તેનાથી કષાય કર્યા વિના રહેવાતું નથી, કારણ કે તેની દૃષ્ટિ ખોટી છે. આત્મા ચિદાનંદ છે તેના ઉદય તરફ દૃષ્ટિ નથી તેથી કર્મના ઉદય તરફ વલણ છે તેથી કષાય કર્યા વિના ચાલે નહિ. ક્રોધ, માન, માયા, લોભ આદિના પરિણામ વિનાનો સ્વભાવ છે તેના શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ કરે તો અકષાય પરિણામનો ઉદય આવે જ પણ અકષાય સ્વભાવ તો પ્રગટ કરવો નથી. બહિર્મુખ વલણ છે ને અંતર્મુખ વલણ કરતો નથી એટલે બહિર્મુખ વલણ કર્યા વિના રહેશે નહિ.

અજ્ઞાની બહારમાં ઝાવાં નાખે છે તે ભૂલ છે. દાકતરો પણ શરીરની અવસ્થાને સુધારવા સમર્થ નથી, દાકતરો પોતે પણ મરી જાય છે. અજ્ઞાની પરપદાર્થનું શરણ લેવા માગે છે પણ

સ્વ સ્વભાવનું શરણ લેવા માગતો નથી. મૃગલા જંગલમાં હોય તેને પારધી જે દિશા તરફ જાળ હોય તે તરફ લઈ જવા માગે; ધર્મી તેને બચાવવા બીજી દિશા તરફ ઈશારા કરે તો પણ તે મૃગલા બચાવનારા ધર્મીથી ડરે ને પારધી તરફ જાય તેમ અજ્ઞાની જીવને ધર્મી ઈશારા કરે છે ને કહે છે કે સ્વભાવનું શરણ લે તો વિકાર ટળે તેમ છે, પણ અજ્ઞાની જીવ કુગુરુનું શરણ લઈ તેમાં ધર્મ માની વિકારને તથા પરપદાર્થોને પ્રધાનતા આપે છે ને સંસારમાં રખડે છે.

અજ્ઞાની જીવ પરપદાર્થને જ મહત્વ આપે છે. દવામાં પૈસા ખર્ચે તો પણ શરીરની અવસ્થા મટવી તેને આધીન નથી. અજ્ઞાની જીવ કષાયને સહન કરી શકતો નથી તેથી તેની બાહ્ય ઉપર નજર જાય છે. બાહ્ય કારણો મળે તો તેના આશ્રયે કષાય કરે તથા ન મળે તો પોતે નવું કારણ બનાવે. સાધન ન હોય તો પોતે વિષયવાસનાની કલ્પના બનાવે પણ તે કષાય ટાળવાનો ઉપાય નથી.

જેમ વેપારાદિ કષાયના કારણો ન હોય તો જુગાર, ગંજીપા વગેરે રમતો રમે, તમાશા ખેલે, સિનેમા જોવા જાય, ક્રોધ, માન, માયાદિના પરિણામ કરે. દુષ્ટ કથા કહેવી-સાંભળવી, ક્રોધ-માન-માયાની વાર્તા સાંભળી પોતે તેવા પરિણામ કરે -એમ પોતે જાતે કારણ બનાવે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના કારણરૂપ ત્રિકાળી સ્વભાવ પડ્યો છે તેને સુખનું કારણ બનાવતો નથી પણ કલ્પના કરી પરપદાર્થને સુખનું કારણ બનાવે છે. શક્તિરૂપ ત્રિકાળ કારણપરમાત્મા અંતર પડ્યો છે તે સુખનું કારણ છે તેને કારણ બનાવતો નથી ને વિકલ્પ કરી નવા કારણ બનાવે છે. આમ ખોટા ઉપાય કરે છે.

વળી કામ-ક્રોધાદિક પીડા કરે અને શરીરમાં એ વિષય ભોગવવાની શક્તિ ન હોય તો અન્ય ઔષધિ આદિ લઈ અનેક ઉપાય કરે, દીકરાં બચાવવા માટે મંત્ર જપાવે, મૃત્યુંજય જાપ જપાવે, ઘણાં પ્રકારે અભક્ષ્ય વસ્તુ લ્યે પણ તે દુઃખ ટાળવાની શક્તિ સ્વભાવમાં છે તે વાત તેને બેસતી નથી. કારણ ન બની આવે તો પોતાના ઉપયોગમાં કષાયના કારણભૂત પદાર્થોનું ચિંતવન કરે. સિનેમા જોવાનું ન મળે, વાત કહેનારો કે સાંભળનારો ન મળ્યો તો પોતે પદાર્થનું ચિંતવન કરે. આ પ્રમાણે આ જીવ ક્રોધ, માન, માયા, લોભ, તૃષ્ણા વગેરેથી મહાદુઃખી થાય છે.

**માગશર સુદ ૯, મંગળવાર, ૨૫-૧૧-૫૨.**

આજે સવારે શ્રી નિયમસાર હરિગીતની સ્વાધ્યાય થઈ હતી.

**માગશર સુદ ૧૦, બુધવાર, ૨૬-૧૧-૫૨.**

ચારિત્રમોહના ઉદયથી થતા વિકારભાવ દુઃખનું કારણ છે. તેને ટાળવાનો ઉપાય અજ્ઞાની બાહ્યથી કરે છે તે ખોટાં છે. ક્રોધ, માન, માયા, લોભ પોતાના કારણે થાય છે, કર્મથી થતા નથી.



૨૫ પ્રકારના કષાય છે. અનંતાનુબંધી આદિ ૧૬ ને નવ નોકષાય એમ પચીશ થાય છે. તે ટાળવાનો ઉપાય અજ્ઞાનીના ખોટા છે એમ બતાવે છે.

ક્રોધ, માન, માયા કરું તો પરમાં ફેરફાર થાય. તે પ્રયોજનની સિદ્ધિ થાય તો જ આ દુઃખ દૂર થઈ મને સુખ થાય -એમ વિચારી પ્રયોજનની સિદ્ધિ માટે અનેક ઉપાય કરવા તે દુઃખ ટાળવાનો ઉપાય માને છે. હવે જે ક્રોધ, માન, માયા, દ્વેષ આદિ થયા તે પોતે જ દુઃખરૂપ છે. તે વાસના અથવા વિકાર દ્રવ્ય-ગુણમાં નથી, જડમાં નથી, જડના લીધે નથી, પોતાના કારણે પર્યાયમાં દુઃખ છે. પોતે જ કષાય કરી વિષયવાસના કરી દુઃખી થઈ રહ્યો છે. પ્રત્યક્ષ પોતે દુઃખી થઈ રહ્યો છે તે વાત સાચી જ છે પણ તેના ઉપાય ખોટા છે તે બતાવે છે.

ક્રોધ થતાં અન્યનું બુરું કરવા ઈચ્છે છે. માન થતાં કપટથી કાર્ય સિદ્ધ કરવા ઈચ્છે છે. માયા થતાં પ્રપંચથી પોતાનું કાર્ય સિદ્ધ કરવાનો, ને લોભ થતાં પૈસા વગેરે મેળવવાનો, હાસ્ય થતાં પ્રફુલ્લિત થવાના કારણો બન્યા રાખવાનો, રતિ થતાં ઈષ્ટ વસ્તુનો સંયોગ બન્યો રાખવાનો, અરતિ થતાં પ્રતિકૂળ વસ્તુને દૂર કરવાનો, શોક થતા શોકના બાહ્ય કારણો મટાડવાનો, ભય થતા ભયના કારણ મટાડવાનો, જુગુપ્સા થતાં તેના નિમિત્તો દૂર કરવાનો ઉપાય કરે છે. પણ નિમિત્તો મેળવી શકાતા નથી, તેમજ દૂર કરી શકાતા નથી કારણ તે પરવસ્તુઓ છે. ઈષ્ટને મેળવું, અનિષ્ટને દૂર કરું એમ ઈચ્છે છે. અજ્ઞાની બાહ્ય ઉપાય કરે છે. જ્ઞાનાનંદ સ્વભાવની રુચિ કરતાં વિકાર મંદ થાય છે ને લીનતા કરતાં વિકારનો અભાવ થાય છે. તે સિવાય બીજો કોઈ ઉપાય નથી. પુરુષવેદનો ઉદય થતાં સ્ત્રી સાથે રમવાનો, સ્ત્રીવેદનો ઉદય થતાં પુરુષ સાથે રમવાનો, નપુંસકવેદનો ઉદય થતાં બન્ને સાથે રમવાનો ઉપાય કરે છે.

હવે એ પ્રયોજનની સિદ્ધિ થાય તો કષાય ઉપશમવાથી દુઃખ દૂર થઈ જીવ સુખી થાય. પરંતુ એ પ્રયોજનની સિદ્ધિ તેને આધીન નથી. અન્યનું બુરું કરવું, બીજાને હલકા પાડવા, કામ સિદ્ધ કરવા, ઈષ્ટ વસ્તુ મેળવવી જીવને આધીન નથી. તે બધું ભવિતવ્ય આધીન છે. જડની પર્યાય આત્મા કરી શકતો નથી. જે કાળે જડની જે પર્યાય થવાની તે થવાની છે. પ્રતિકૂળ સંયોગો દૂર કરવા, અનુકૂળ સંયોગો રાખવા તે જીવને આધીન નથી પણ અજ્ઞાની પરપદાર્થને પોતાને આધીન માની રહ્યો છે તે મિથ્યાદર્શન શલ્ય છે.

પરપદાર્થોની અવસ્થા પરને આધીન છે. ને નજીક ક્ષેત્રે રહેલા શરીરની અવસ્થા થવી કે ભાષા થવી તે જડને આધીન છે, જીવને આધીન નથી. જીવ વિકાર કરે અથવા જ્ઞાન કરે, તે સિવાય બીજું કાંઈ કરી શકતો નથી. જીવમાં રાગ, દ્વેષ, કામ, ક્રોધ થાય છે તે પોતાની પર્યાયનો અપરાધ છે. અજ્ઞાની જીવ પરને દૂર કરવા માગે છે ને પોતે પ્રયત્ન કરી શરીરાદિનું કરવા માગે છે પણ તે બની શકતું નથી. અનેકને બહારના ઉપાયો કરવાની ઈચ્છા હોય છતાં એક પણ ઉપાય ન

બની શકતો હોય એમ પ્રત્યક્ષ દેખાય છે.

કદાચિત્ કાગડાનું જાવું અને ફળનું પડવું અથવા કાગડાનું બેસવું અને તાલની ડાળીનું તૂટવું એ ન્યાયાનુસાર જેવું પોતાનું પ્રયોજન હોય, તેવું જ ભવિતવ્ય હોય અને તેવો જ ઉપાય બની જાય તો તેથી એ કાર્યની સિદ્ધિ પણ થઈ જાય. બીજાને નીચે પાડ્યો ને પોતાને પૈસા મળ્યા એમ માની તે કોઈ કષાયનો ઉપશમ થાય પરંતુ ત્યાં થંભાવ થતો નથી.

મારો જ્ઞાન ને આનંદ સ્વભાવ છે એમ રુચિ કરે તો કષાય અટકી જાય પણ તે ઉપાયની અજ્ઞાનીને રુચિ નથી. એક કાર્ય સંબંધી કષાય ઓછો થયો તો બીજું કાર્ય કરવા કષાય કરે -એમ કષાય કર્યા જ કરે છે. જે સમયે કાર્ય સિદ્ધ થયું તે જ સમયે બીજા કાર્ય માટે કષાય કરે છે. અનાકુળ શાંતિની પ્રતીતિ વિના આકુળતા અટકતી નથી. દીકરાંને પરણાવું તો સારું, પછી તેને ઘેર દીકરો થાય તો ઠીક; દસ હજાર રૂપિયા થાય તો વીસ હજાર રૂપિયા ભેગા કરું વગેરે પ્રકારે નવો નવો કષાય કરે છે. આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા એક પછી એક આવ્યા કરે છે. એક સમય પણ નિરાકુળ રહેતો નથી. આકુળતા બાહ્યના ઉપાયથી ટાળવા માગે છે. એકનું બુરું થયું તો બીજાનું બુરું ઇચ્છવા લાગે. વળી થોડી શક્તિ હતી ત્યાં સુધી નાનાનું બુરું ચાહતો હતો ને શક્તિ વધતાં મોટાનું બુરું ચાહવા લાગ્યો. પણ ઈચ્છા શાંત થવાથી કષાય ટળે તેવા ઉપાયની ખબર નથી. એ પ્રમાણે માન, માયા, લોભ કષાયમાં જોડાતાં નવા નવા કાર્યો શોધે છે અને તેની સિદ્ધિ કરવા માગે છે. શરીરમાં રોગમાંથી નીરોગતા આવે ત્યાં દુકાને જાઉં તો ઠીક, વળી દુકાને ઝાઝો વખત બેસું તો ઠીક -એમ કષાયમાં મર્યાદિતપણું રહેતું નથી. અમર્યાદિત સ્વભાવના ભાન વિના કષાયની મર્યાદા થતી નથી. ગામડામાં હતો ત્યારે થોડા કાર્ય કરી કષાય કરતો હતો. કાંઈક મૂડી વધતાં શહેરમાં મોટા કામ કરવા માંડ્યો. કષાયના કાર્યમાં કાંઈક પ્રમાણ કરે તો કષાય પાતળા પડે ને તો જીવ સુખી થાય પણ કષાયની મર્યાદા નથી. નિજાનંદ આત્માના ભાન વિના કષાયની મર્યાદા આવતી નથી ને પરના કામ કરવાની મર્યાદા આવતી નથી. એક પછી એક ઈચ્છા લંબાવ્યા કરે છે. શ્રી આત્માનુશાસનમાં પણ કહ્યું છે કે (ગા. ૭૬) જગતમાં અનંતાનંત જીવો છે તે સર્વમાં આશારૂપી મહાન ખાડો છે. એક એક જીવમાં આશારૂપી ખાડો છે જે એક જ ખાડામાં આખો લોક મળે તો પણ ખાડો પૂરાતો નથી, આખો લોક એક અણુ સમાન છે. આત્મા અનંતા સંતોષનો પિંડ છે. જ્ઞાન, આનંદ ને રમણતાસ્વરૂપ છે. એમાં આશા બિલકુલ નથી ને બેહદ સુખવાળો છે એવું અજ્ઞાનીને ભાન નથી તેથી ગુલાંટ ખાઈ ગયો છે. બહારમાં પૈસા મેળવું, નિરોગતા રાખું વગેરે આશા અમર્યાદિત થઈ ગઈ છે. આખો લોક આવે તો તૃષ્ણાનો ખાડો પુરાય નહિ. હવે લોક એક જ છે તો ક્યા કયા જીવોના હિસ્સામાં કેટલો આવે ? આશા સ્વભાવમાં નથી એવા ધ્રુવ નિજાનંદ સ્વભાવની રુચિ કરે તો આશા ઉપર કાપ મુકાય. તે સિવાય ઉપાય નથી. રાગ માત્ર દુઃખદાયક છે. તેને ટાળવા પરથી માગે છે તે માન્યતા મિથ્યાત્વ છે.



શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ કહ્યું છે કે ''વિકાર થાય ત્યારે ધ્યાન કર્યા વિના ન રહું'' એનો અર્થ એ છે કે અંદર સ્વભાવમાં જોવું તે જ રાગ અથવા વાસના ટાળવાનો ઉપાય છે. જ્ઞાનને જ્ઞાનમાં એકાગ્ર કરવો તે ઉપાય છે.

લોક એક જ છે, તૃષ્ણા અનંતી છે, એક જીવને ભાગે કેટલું આવે ? માટે ઈચ્છા કદી પૂર્ણ થાતી નથી. જેથી કોઈ કાર્ય સિદ્ધ થતાં પણ દુઃખ દૂર થતું નથી અથવા કોઈ કષાય મટતાં તે જ વખતે અન્ય કષાય થાય છે. વળી કોઈ નામધારી સાધુ થાય ત્યારે જાત્રા ને સંઘ કઢાવી માન મેળવવા ઈચ્છે. પછી શિષ્યો વધારવા માગે તે બધી તૃષ્ણા છે. બહારના પદાર્થો ભેગા કર્યા થતાં નથી પણ આબરૂ વધારવા માગે છે. નાનો હતો ત્યારે નાના સાથે હરિફાઈ કરે ને મોટો થતાં મોટા સાથે હરિફાઈ કરે એમ ઈચ્છાની અગ્નિમાં જીવો બળ્યા જ કરે છે.

જેમ કોઈને મારવાવાળા ઘણાં હોય. હવે જ્યારે કોઈ એક તેને ન મારે ત્યારે કોઈ અન્ય તેને મારવા લાગી જાય તેમ જીવને દુઃખ આપવાવાળા ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા વગેરે ઘણાં છે. ક્રોધ ન હોય તો માન થાય, માન ન હોય તો વિષયવાસના થાય અથવા રતિ થઈ આવે. એમ કષાયો બન્યા કરે છે. પર્યાયમાં થતો કષાય દુઃખદાયક જ છે. એક સમય પણ જીવ કષાય રહિત હોતો નથી. તેથી કોઈ કષાયનું કોઈ કાર્ય સિદ્ધ થતાં પણ દુઃખ કેવી રીતે દૂર થાય.

વળી તેનો અભિપ્રાય તો સર્વે કષાયોના સર્વ પ્રયોજનને એક સાથે સિદ્ધ કરવાનો છે. એમ થાય તો જ તે સુખી થાય પણ એમ કદી બનતું નથી. અભિપ્રાયમાં શાશ્વત દુઃખી થાય છે. નામધારી આચાર્ય ક્યાંય ચોમાસું રહે ને વિચારે કે આટલા લાખ રૂપિયા સંઘ ખરચે તો ઠીક, મોટી સંખ્યામાં માણસો જાત્રામાં આવે તો ઠીક. આમ ત્યાગીના નામે પણ ભ્રમણા ને માનાદિ કષાયમાં રહેલા છે. એક ત્યાગીએ આટલા દેરાસરનો જીર્ણોદ્ધાર કર્યો તો હું આટલા જીર્ણોદ્ધાર કરાવું -એમ ઈચ્છા કર્યા કરે છે ને બીજાથી અધિક થવાની ભાવના કર્યા કરે છે. જડ પદાર્થોની અવસ્થા જડના પરાવર્તનના કાળે થાય છે. તે ઈચ્છાને આધીન નથી એવું અજ્ઞાનીને ભાન નથી. કોકના સારા મકાન દેખી તેવા મકાન કરવા માગે છે પણ એમ બનવું તેની ઈચ્છાને આધીન નથી માટે અભિપ્રાયમાં તો દુઃખ જ રહ્યા કરે છે. એટલે કષાયના પ્રયોજનને સાધી દુઃખ દૂર કરી સુખી થવાની ઈચ્છા રાખે છે. પણ એ ઉપાય જૂઠા છે. તો સાચો ઉપાય શો છે ? તે કહે છે.

પ્રથમ સમ્યગ્દર્શન-જ્ઞાન વડે વાસ્તવિક શ્રદ્ધાન કરે તો પરપદાર્થોમાં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ મટે. હું ચિદાનંદ આત્મા છું, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઉઠે તે વિકાર છે. વિકાર વિનાનો હું શુદ્ધ આત્મા છું એવી શ્રદ્ધા ને જ્ઞાન કરી વાસ્તવિક પદાર્થનું શ્રદ્ધાન ને જ્ઞાન કરે તો ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ મટે. તે પદાર્થો તેના કારણે છે. તે પદાર્થો મારી ઈચ્છાથી આવતા નથી ને તે પદાર્થો મારો કષાય

ટાળવા સમર્થ નથી. પચીસ પ્રકારના કષાયો ટાળવાનો ઉપાય પરપદાર્થમાં નથી પણ મારા સ્વભાવમાં તે કષાયો ટાળવાનો ઉપાય છે. પ્રથમ સમ્યગ્દર્શન-જ્ઞાન થતાં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ મટે. તેના જ બળથી ચારિત્રમોહનો અનુભાગ ઓછો થાય, તેમ થતાં ચારિત્રમોહનો સર્વથા અભાવ થાય. સમ્યગ્દષ્ટિને ભાન છે કે બાહ્ય પદાર્થો તેના કારણે આવે છે. રાગના લીધે પદાર્થો આવતાં નથી. પદાર્થોનું વાસ્તવિક ભાન થયું છે ને પદાર્થોમાંથી ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ ગઈ છે. તેથી ચારિત્રમોહનું દુઃખ ઓછું થાય ને સ્વરૂપમાં સ્થિરતા દ્વારા કષાયનો અભાવ થાય.

આવા ઉપાયના ભાન વિના સામાયિક ને પૌષધ હોય નહિ. પદાર્થોમાં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિનો વિષમભાવ પડ્યો છે ત્યાં સમતાભાવરૂપી સામાયિક થાય નહિ.

ઉપદેશકને હજી પદાર્થના સ્વરૂપની ખબર નથી તો પછી શ્રોતાને ક્યાંથી આ વાતની ખબર હોય ?

પદાર્થોના સાચી માન્યતા કરતાં કષાય મંદ થાય ને વિશેષ લીનતા કરતાં કષાયનો અભાવ થાય ત્યારે કષાયથી થતી પીડા દૂર થાય અને પછી પ્રયોજન કાંઈ રહે જ નહિ.

અજ્ઞાનીને પુણ્ય સારા લાગે છે સ્વભાવ સારો લાગતો નથી. હજી કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર કોને કહેવા ને સાચા દેવાદિ કોને કહેવા તેની ખબર નથી તેને નિશ્ચયની ખબર પડે નહિ. વ્યવહાર વિવેકની ખબર ન હોય તેવો જીવ નિશ્ચયથી ધર્મ થાય એમ કહે તો પણ ખોટો છે.

નિશ્ચય સમ્યગ્દર્શન થતાં વ્યવહાર સાથે હોય જ છે. પણ વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય તેમ બને નહિ.

### અંતરાયકર્મના ઉદયથી થતું દુઃખ અને તેના ઉપાયોનું જૂઠાપણું

અંતરાયકર્મ જડ નિમિત્તમાત્ર છે. કર્મના લીધે દુઃખ થતું નથી. પણ સંસારના દુઃખમાં કયું કર્મ નિમિત્ત છે તે બતાવે છે. અજ્ઞાનીને શરીરાદિ પરપદાર્થ, ઈચ્છા ને આત્મા એમ ત્રણે વચ્ચેના ભેદજ્ઞાનની ખબર નથી.

વળી આ જીવને ઈચ્છા વડે દાનનો, દયાનો, લાભ લેવાનો, ભોગ ભોગવવાનો, વીર્ય ફોરવવાનો ઉત્સાહ ઉપજે છે પરંતુ અંતરાયકર્મના ઉદયથી તે બની શકતું નથી. એટલે કે પોતાની તે વખતની પર્યાયમાં તેવી યોગ્યતા નથી. એટલો જ પર્યાયમાં ક્ષયોપશમભાવ છે. એટલો ઊણો છે તેથી તેમ બની શકતું નથી ત્યાં કર્મ નિમિત્તમાત્ર છે. આ દાન આપી શક્યો નહિ, આ લાડવા ભોગવી શક્યો નહિ -એમ અજ્ઞાની વ્યાકુળ થયા કરે છે. પરમાં વીર્ય ફોરવવા માગે, પરપદાર્થોને અથવા પર જીવને વિઘ્નરૂપ માને છે. પરને વિઘ્નકર્તા માને છે તેથી પરને ખસેડવા માગે છે તે ઉપાય ખોટાં છે.



### માગશર સુદ ૧૧, ગુરુવાર, ૨૭-૧૧-૫૨.

સંસાર અવસ્થા બધી દુઃખરૂપ છે ને મોક્ષદશા સુખરૂપ છે તેની વાત ચાલે છે. બાહ્ય વિઘ્ન થતાં જોવામાં આવે છે તેમાં અંતરાયકર્મનું નિમિત્ત છે તેમ નહિ માનતાં અજ્ઞાની બાહ્ય પદાર્થને કારણ માની દૂર કરવા માગે છે. સંસાર દુઃખરૂપ પર્યાય છે, એમ દુઃખરૂપ લાગે તો તેનો ઉપાય કરી મોક્ષદશા-સુખરૂપદશા પ્રગટ કરે. આ અંતરાયકર્મના નિમિત્તે થતાં દુઃખની વાત ચાલે છે.

વળી જેમ મનુષ્યના હાથમાં રહેલી લાકડી કૂતરાંને વાગતા ને લાકડી પ્રત્યે નિરર્થક દ્વેષ કરે છે તેમ અંતરાયકર્મ વડે નિમિત્તભૂત કરેલા એવા બાહ્ય ચેતન-અચેતન દ્રવ્યો વડે વિઘ્ન થાય ત્યાં આ જીવ નિરર્થક દ્વેષ કરે છે. બાહ્ય ચેતન-અચેતનના નિમિત્તનું નિમિત્ત અંતરાયકર્મ છે -તેમ નહિ માનતાં આ જીવે મારું બગાડ્યું, આ જીવે મને લાભ કર્યો -એમ માને છે. દયા-દાનાદિ એક સમયની પર્યાય છે. એક સમયની પર્યાય બુદ્ધિવાળો જીવ સ્વભાવની રુચિ કરતો નથી, તેની રુચિ નિમિત્ત ઉપર જાય છે પણ પર્યાયવાન ઉપર રુચિ જતી નથી. જ્ઞાયકસ્વરૂપ ધ્રુવ છે તેની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા નથી તેથી બાહ્ય દ્રવ્યો ઉપર દૃષ્ટિ જાય છે. વિકારી પર્યાય જેટલો જ હું ને જ્ઞાનના ઉઘાડ જેટલો જ હું છું એવી પર્યાયબુદ્ધિવાળો નિમિત્ત ને બાહ્ય સંયોગો ઉપર નજર નાખે છે પણ સ્વભાવ શક્તિવાન છે તેની ઉપર નજર નાખતો નથી તેથી બાહ્ય પદાર્થો પ્રત્યે નિરર્થક દ્વેષ કરે છે.

તો સાચો ઉપાય શો છે ?

મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્ર વડે આને હું વિઘ્ન કરું, આને મદદ કરું એવો જે ઉત્સાહ થતો હતો તે સમ્યગ્દર્શન થતાં દૂર થાય. આત્મા આનંદનો દરિયો છે; તેના શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા કરવાથી જ્ઞાન ને આનંદ ઉછળે છે. તેનું પરિણમન જ્ઞાન ને આનંદ આવે. આમ જ્ઞાન કરે તો ઈચ્છા ટળે. આ કારણ વડે જ દુઃખ જાય. વળી આત્માની શ્રદ્ધા-પ્રતીતિ ને અંતરઉત્સાહ વડે અંતરાયકર્મમાં વિપાક દેવાની શક્તિ ઘટી જાય ને ઈચ્છા પણ રહેતી નથી. બન્નેનો નાશ થઈ જાય ને એકલો પરમ પવિત્ર આત્મા રહી જાય છે. સ્વભાવની જાણવાની, દેખવાની, રમણતાની શક્તિ વધે તેથી નિરાકુળ સુખ વધે માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જ સાચો ઉપાય છે. લોકો માને છે એવું સમ્યગ્દર્શન નથી, તેની વાત આગળ કહેશે.

### વેદનીયકર્મના ઉદયથી થતું દુઃખ અને તેના ઉપાયોનું જૂઠાપણું.

વેદનીયકર્મના નિમિત્તે સુખ-દુઃખના કારણના સંયોગો મળે છે, તે જીવના પ્રયત્નને લીધે મળતાં-ટળતાં નથી. વળી વેદનીયકર્મ સુખદુઃખ આપતું નથી માત્ર સંયોગો આપે છે. તેમાં જીવ મોહ કરે તો દુઃખી થાય. તેમાં (૧) કોઈ શરીરની અવસ્થા એવી થાય, તથા (૨) કોઈ શરીરની અવસ્થાને

નિમિત્તભૂત બાહ્ય સંયોગો મળે તથા (૩) કોઈ બાહ્ય વસ્તુનો સંયોગ થાય છે -આમ ત્રણ પ્રકાર કહે છે. તે શાતા-અશાતાવેદનીયના નિમિત્તે મળે છે. હવે ત્રણનો વિસ્તાર કરે છે.

(૧) અશાતાવેદનીયકર્મના નિમિત્તે શરીરમાં ભૂખ લાગે, તરસ લાગે, આત્માને ભૂખ-તરસ લાગતાં નથી. શરીરમાં જ રજકણોની તેરૂપ થવાની લાયકાત છે. તેમાં અશાતાકર્મ નિમિત્ત છે. શરીરમાં ભૂખ લાગતાં મને એટલે કે આત્માને ભૂખ લાગી એમ અજ્ઞાની માને છે. વૈદ્ય પણ અશાતા મટાડી શકતો નથી, તેના ક્રમબદ્ધને કારણે મટવું કે થવું થાય છે તેમાં વેદનીયકર્મ નિમિત્ત છે.

વળી શરીરમાં શ્વાસની ક્રિયા થવી તે શરીરનું અંગ છે, તે આત્માની અવસ્થા નથી. અશાતાને લીધે શરીરમાં, માથા વગેરેમાં પીડા થાય છે. વળી આંખમાંથી પાણી ઝરવા તે અશાતાના નિમિત્તે શરીરની અવસ્થા પોતાને કારણે થાય છે. એક રજકણને લીધે બીજા રજકણની અવસ્થા થતી નથી. અશાતાકર્મનો ઉદય થયો માટે તૃષા ને ભૂખ અવસ્થા થઈ એમ માને તો પરમાણુ પરાધીન થઈ ગયા. અશાતાકર્મ કાર્માણવર્ગણાના રજકણ છે ને શરીર ઔદારિકવર્ગણાના રજકણો છે. ઔદારિકના પરમાણુની તેરૂપ અવસ્થા પોતાના કારણે થાય છે ત્યારે અશાતાવેદનીયકર્મ નિમિત્ત કહેવાય. આમ રોગાદિકનું થવું કે પીડા થવી બધી શરીરની અવસ્થા છે.

(૨) હવે બીજી વાત કરે છે. અશાતાના નિમિત્તે શરીરની અનિષ્ટ અવસ્થાને નિમિત્તભૂત અતિ ટાઢ પડે છે. અમુક ગામ જતાં બહુ ટાઢ પડી તેથી શરીરમાં શરદી થઈ એમ કહે છે. અશાતાને ખબર નથી કે હું ટાઢને લાવું તેમ જ ટાઢને ખબર નથી કે અશાતાનો ઉદય છે માટે ત્યાં જાઉં, પણ અશાતાને તથા ટાઢના સંયોગને એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. વળી ૧૧૬ ડીગ્રીનો અતિ તાપ પડવો તે તેના કારણે છે તેમાં અશાતા નિમિત્ત છે. જેઠ માસના તડકા પડવા અથવા લૂ ઝરવી તે અશાતાના નિમિત્તે છે. ગરમ લૂને ખબર નથી કે અશાતાનો ઉદય છે ને અશાતાના ઉદયને ખબર નથી કે ગરમ લૂને લાવું પણ એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પણ અજ્ઞાની બાહ્ય ઉપર જોયા કરે છે.

હવે સંયોગો થોડો કાળ રહે તેની વાત કરે છે.

(૩) વળી બાહ્ય શત્રુઓ મળે છે તેમાં અશાતા નિમિત્ત છે. ઘરમાં દીકરા, દીકરી, વહુ, બૈરાં કજિયાળા મળે તેમાં અશાતા નિમિત્ત છે. અજ્ઞાની માને છે કે આ ચીજો મને નુકસાનકારક છે પણ તે ચીજો આત્માની અવસ્થાને નિમિત્ત પણ નથી તેની અજ્ઞાનીને ખબર નથી.

આ પવન ખરાબ આવ્યો, આ દીકરા-દીકરી અનિષ્ટ છે વગેરે અનિષ્ટપણું મોહને લીધે જીવ કરે છે. અશાતાનું નિમિત્ત, સંયોગોનું આવવું ને મોહના ઉદયને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. અશાતા-કર્મને કે મોહકર્મ કોઈને કાંઈ ખબર નથી પણ અજ્ઞાની મોહ કરે છે, તે મિથ્યાત્વભાવ પોતાનો



છે, મોહકર્મ તેને મિથ્યાભાવ કરાવતો નથી, પોતે મિથ્યાભાવ કરે છે તો મોહકર્મ નિમિત્ત છે.

પર ચીજો જ્ઞેય છે, જ્ઞેય હોવા છતાં અનિષ્ટ માને તે મોટો નમાલો છે. અજ્ઞાની મહાવ્યાકુળ થયા કરે છે. પોતાના ઊંધા ભાવને લીધે મોહ કરે છે. તત્ત્વ સમજતો નથી તેથી ભૂખ, તૃષા, ટાઢ, તડકો, શત્રુ, ખરાબ દીકરા, કુવર્ણાદિ પુદ્‌ગલ સ્કંધો -એ બધાને દૂર કરવા માગે છે. આત્મા તેને મેળવી શકતો નથી તેમ જ દૂર કરી શકતો નથી છતાં સંયોગોને દૂર કરવાનો ભાવ તે મિથ્યાભાવ છે. તે પદાર્થો દૂર ન થાય ત્યાં સુધી મિથ્યાભાવથી દુઃખી થાય છે. હવે એ બધાના હોવાથી સર્વ દુઃખ જ માને છે. અશાતાના પ્રસંગે બધા દુઃખ માને છે તેમાં નવાઈ નથી.

હવે શાતાવેદનીયના નિમિત્તે થતી અવસ્થા બતાવે છે.

(૧) વળી શરીરમાં નીરોગ અવસ્થા થવી ને શરીરમાં બળ રહેવું તે શાતાના નિમિત્તે છે. આત્માને લીધે શરીરનું બળ નથી. નેમીનાથ ભગવાને શંખ ફૂંક્યો ને દ્વારિકામાં ઝણઝણાટ થયો તે શરીરનું બળ છે. બ્રહ્મચર્ય તો આત્માની અવસ્થા છે, તેને લીધે શરીરનું બળ વધતું નથી. શાતાનો ઉદય ને શરીરની જેવી અવસ્થા થવાની હોય તે થાય. વર્તમાન તીવ્ર વિષયના ભાવ સેવ્યા માટે ક્ષય થયો -એમ પણ નથી. શરીરની ક્ષયરૂપ દશા થાય તેમાં અશાતા નિમિત્ત છે. આત્માના વર્તમાન પરિણામને લીધે તે નથી, બ્રહ્મચારીને પણ અશાતાના નિમિત્તે રોગ આવ્યા વિના રહે નહિ, વાસ્તવિક તત્ત્વ સમજવું જોઈએ.

(૨) બાહ્ય ખાનપાનાદિ ખોરાક, મોસંબી, રોટલી, પાણી, શિયાળમાં હળવો તાપ, ઉનાળામાં અનુકૂળ પવન વગેરે પોતાના કારણે આવે છે, તેમાં શાતાનું નિમિત્ત છે. તે પદાર્થો જીવની ઈચ્છાથી આવતા નથી. આત્મા તેને કરતો નથી, આત્મા રજકણને ફેરવે નહિ. તેમ જ કર્મના રજકણો જુદા છે ને ચીજોના રજકણો જુદા છે. એકબીજાને લાવે નહિ. બહારના ઈષ્ટ પદાર્થો આવે તો શાતા નિમિત્ત કહેવાય.

હવે શાતાના નિમિત્તે બાહ્ય પદાર્થો મળવાની વાત કરે છે.

(૩) પરદેશ જાય તો ત્યાં અજાણ્યા માણસો પણ શાતાના નિમિત્તે મિત્ર થાય. સારા નોકર, સ્ત્રી-પુત્ર, ચાકર વગેરે મળે છે ત્યાં તે પદાર્થો તો તેના કારણે આવે છે પણ તેમાં શાતાકર્મ નિમિત્ત છે. સારા હાથી-ઘોડા મળવા ત્યાં તે ચીજોનો આવવાનો કાળ છે ને ત્યાં શાતા નિમિત્ત છે. જીવના ભાવને લીધે તે મળતા નથી. અશાતાનો ઉદય હોય તો ખરાબ હાથી-ઘોડા મળે. જીવ સમતાભાવ રાખે અથવા વિષમભાવ કરે, બીજું કાંઈ તેના હાથની વાત નથી. પૈસા આવવા તે તેના કારણે છે તેમાં શાતા નિમિત્ત છે. મનુષ્યનો યત્ન તેમાં કામ આવતો નથી. કસાઈ મહા પાપના કામ કરે છે છતાં પૈસા મળે છે તે શાતાનો ઉદય છે. અનાજનું મળવું, મકાન સારા મળવા તે શાતાના નિમિત્તે છે તેમાં આત્માનો પ્રયત્ન નથી. શાતાના ઉદય વખતે સંયોગો મળે છે ત્યારે મોહના નિમિત્તે

અજ્ઞાની તેમાં ઈષ્ટબુદ્ધિ કરે છે-તેમાં ચેન માને છે પણ એ સુખ નથી.

પણ એ સુખની માન્યતા એવી છે કે - જેમ કોઈ ઘણા રોગો વડે ઘણો પીડિત થઈ રહેલો માણસ કોઈ ઉપચાર વડે કોઈ રોગ ઉપશાંત દેખાય જેમ કે ૧૦૬ ડીગ્રી તાવ હતો તેમાંથી ૧૦૩ ડીગ્રી તાવ થાય તો માને કે જરા ઠીક છે. કોઈ રોગ કેટલોક કાળ માત્ર ઓછો થાય તો સુખ માને પણ તે તાવ વખતે પણ બીજા રોગ હોય છે માટે તે સુખ નથી. તેમ આ જીવ ઘણા દુઃખો વડે પીડિત થઈ રહ્યો છે તેમાં કોઈ વાર પૈસા મળે, બૈરાં મળે, દીકરાં થાય ત્યારે કોઈ વાર અમુક કાળ સુખ માને.

પૂર્વ અવસ્થામાં નિર્ધન હોય ને હમણાં સધન થયો હોય તો અંશે ઠીક લાગ્યું ત્યાં સુખ કલ્પી બેસે છે પણ તે વાસ્તવિક સુખ નથી. આત્મા તે સંયોગી ચીજોનો જ્ઞાતા છે. સ્વ-પરપ્રકાશક જ્ઞાનપર્યાય ખીલે છે તેમાં તે ચીજો જણાવાલાયક છે. આત્માને જાણતા પરપ્રકાશકમાં તે જ ચીજો જણાય છતાં આ ઈષ્ટ અને આ અનિષ્ટ -એમ માનવું તે જ ભ્રાંતિ છે. પોતાની સ્વ-પરપ્રકાશક જ્ઞાનશક્તિને ભૂલી જાય છે. એ જ મકાન, પૈસા, એ જ દીકરાં-દીકરી જણાય છતાં તે પદાર્થોના કારણે જ્ઞાનસ્વભાવ નથી, તેમ જ જ્ઞાનને લીધે સંયોગો આવ્યા નથી. સંયોગો આવ્યા માટે પરપ્રકાશક જ્ઞાન ખીલ્યું એમ પણ નથી. પણ પોતાના સ્વ-પરપ્રકાશક જ્ઞાનસ્વભાવના સામર્થ્યને લીધે સ્વને જાણતાં પરપદાર્થો જે હોય તેને તેમ જ યથાર્થ રીતે જાણે પણ અજ્ઞાની તેમ માનતો નથી, પણ અમુક કાળ સુધી શાતાને નિમિત્તે અનુકૂળતા મળે તો પોતાને સુખી માને છે પરંતુ તે વાસ્તવિકપણે સુખી નથી.

### માગશર સુદ ૧૨, શુક્રવાર, ૨૮-૧૧-૫૨.

જીવને સંસારમાં કર્મના નિમિત્તે થતું દુઃખ અને તેના ઉપાયોનું જૂઠાપણું બતાવે છે. અનાદિથી જીવને સંસાર અવસ્થા છે. વેદનીયકર્મના નિમિત્તે શરીરની અવસ્થામાં રોગ વગેરે થાય તે જડની અવસ્થા છે, તે કાંઈ જીવમાં થતાં નથી, છતાં તેમાં જીવ દુઃખ માને છે. રોગ, ક્ષુધા વગેરે અવસ્થાઓ શરીરમાં થવા છતાં તે રોગાદિ મને થયા -એમ જીવ માને છે. તે અસત્ માન્યતા છે, ને અસત્ માન્યતાથી જ જીવ દુઃખી થાય છે. શાતા-અશાતાના નિમિત્તે જડ શરીરમાં રોગાદિ થાય છે, તે રોગ વગેરે થવાની લાયકાત તો શરીરમાં હતી જ, કાંઈ કર્મના પરમાણુને લીધે શરીરની અવસ્થા થઈ નથી, કર્મ તો નિમિત્ત છે. તે કર્મના નિમિત્તે શરીરમાં રોગ-ક્ષુધા-ઉષ્ણતા-શીત વગેરે થાય ત્યાં તેને દુઃખરૂપ માનીને અજ્ઞાની જીવ તેને દૂર કરવા માગે છે. ખરેખર શરીરની અવસ્થા પોતાને સુખ-દુઃખનું કારણ નથી છતાં તેને સુખદુઃખનું કારણ માનવું તે મિથ્યાત્વ છે. ક્ષુધા, રોગ વગેરે જડની પર્યાયો છે, જીવની ઈચ્છાને લીધે તે જડની પર્યાયમાં ફેરફાર થતો નથી. જ્ઞાનીને ઈચ્છા થાય તે તો અસ્થિરતા પૂરતી છે, પણ હું જડની અવસ્થાને પલટાવી દઉં -એવી તેને બુદ્ધિ નથી. અજ્ઞાની તો હું જડની પર્યાયને પલટાવી દઉં, હું રોગ મટાડી દઉં -એવી બુદ્ધિપૂર્વક તે અવસ્થાને ફેરવવાની



ઈચ્છા કરે છે. શરીરમાં તૃષાની પર્યાય થઈ તેને હું દૂર કરું -એમ અજ્ઞાની જડની પર્યાયને ફેરવવા માગે છે, તે મિથ્યાત્વ છે. જ્ઞાની જાણે છે કે શરીરમાં તૃષા થવી ને પાણીનું આવવું તે બધી જડની ક્રિયા છે, તે પુદ્ગલના પરાવર્તન અનુસાર થાય છે, મારી ઈચ્છાને લીધે તેની અવસ્થા થતી નથી.

વળી શાતાના ઉદયથી શરીર નીરોગ રહે, સારો પુષ્ટ આહાર મળે, તેને અજ્ઞાની જીવ સુખનું કારણ માનીને તેનો સંયોગ રાખવા માગે છે. પણ સુખ તો મારા સ્વભાવમાં છે -એમ જાણતો નથી ને સંયોગમાંથી સુખ મેળવવા માગે છે -તે ભ્રમણા છે. બહારમાં અનુકૂળ સંયોગ-પૈસા-સ્ત્રી-નીરોગતા વગેરે હોય ત્યાં મને આનાથી સુખ થાય છે -એમ માનીને તેનો સંયોગ રાખવા માગે છે પણ તેનો એ ઉપાય જૂઠો છે. શાતા-અશાતાના ઉદયથી પરની-જડની અવસ્થા થાય તેમાં અજ્ઞાની સુખદુઃખ માને છે, અશાતાના ઉદયથી શરીરમાં ભૂખ લાગી તેમાં દુઃખ માને છે. ને શાતાના ઉદયથી જ્યાં આહાર આવ્યો ત્યાં તેમાં સુખ માને છે, રોગ થયો ત્યાં દુઃખ માને છે ને નીરોગતા થાય તેમાં સુખ માને છે, એ પ્રમાણે જડની અવસ્થામાં સુખ-દુઃખ માને છે. ને જેમાં દુઃખ માને તેને દૂર કરવાની ઈચ્છા કરે તથા જેમાં સુખ માને તેનો સંયોગ રાખવાની ઈચ્છા કરે છે, પણ તે સંયોગ રહેવો કે ટળવો તે જીવની ઈચ્છાને આધીન નથી, માટે જીવના એ ઉપાય જૂઠા છે.

સુખ-દુઃખ જડમાં થતું નથી, પણ જીવની પર્યાયમાં જ સુખ-દુઃખનું વેદન થાય છે. શાતા-અશાતાનો ઉદય કાંઈ પરાણે-બળજબરીથી તેના ફળમાં જીવને જોડતો નથી. મુનિ ગજસુકુમારને માથે અગ્નિ પડ્યો હતો તે વખતે પણ તેમને અંતરમાં ચૈતન્યના આનંદનું વેદન હતું, દુઃખની કલ્પના ન હતી. અશાતાના ઉદયથી તેવો સંયોગ આવ્યો, તે સંયોગને ફેરવી ન શકાય, પણ જીવ પોતે તે વખતે સંયોગનું લક્ષ છોડી સ્વભાવ તરફ વળીને આનંદમાં લીન થયો, ત્યાં અશાતાનો ઉદય કાંઈ દુઃખ કરાવતો નથી. શાતા-અશાતાનો ઉદય થતાં જીવને તેમાં ભ્રમણાથી સુખદુઃખ ભાસે છે, કાંઈ કર્મ તેને બળજોરીથી સુખદુઃખની કલ્પના કરાવતું નથી.

કોઈ પણ પરદ્રવ્યની તાકાત નથી કે જીવને સંસારમાં રખડાવે. પોતે પોતાની ભૂલથી રખડે ત્યારે કર્મ નિમિત્ત હોય છે. જીવ પોતે જ પોતાની ભૂલથી રખડે છે, ને પોતે જ પોતાની સમજણથી મુક્તિ પામે છે. પરદ્રવ્ય કાંઈ તેને સંસાર કે મોક્ષ કરાવતું નથી. શાતા-અશાતાના ઉદયથી બહારમાં જે સંયોગ આવે તેમાં સુખ-દુઃખ માને અને તેને રાખવા કે ટાળવા માગે છે -તે બધા ઉપાય જૂઠા છે.

૧) અશાતાના ઉદયથી શરીરમાં રોગાદિનો સંયોગ થયો તેમાં દુઃખ માનવું તે જૂઠું છે.

૨) તે રોગાદિના સંયોગને દૂર કરવા માગે છે તે ઉપાય પણ જૂઠો છે.

૩) શાતાના ઉદયથી પૈસા મળે, શરીરમાં નીરોગતા વગેરે થાય, તેમાં સુખ માનવું તે જૂઠું છે.

૪) અને તે સંયોગને રાખવા માગે છે તે ઉપાય પણ જૂઠો છે.

કારણ કે તે સંયોગો રહેવા કે દૂર થવા તે જીવને આધીન નથી, પણ શાતા-અશાતાના ઉદયને આધીન તે અવસ્થા થાય છે. શરીરમાં આહાર આવવો કે ન આવવો, રોગ થવો કે નીરોગતા રહેવી, લક્ષ્મી આવવી કે જવી -તે બધી અવસ્થાઓ જીવને આધીન નથી, પણ વેદનીયકર્મના ઉદય અનુસાર તે થાય છે. અશાતાને મટાડવા માટે અને શાતાની પ્રાપ્તિ માટે તો સર્વે જીવો પ્રયત્ન કરે જ છે, છતાં તેમની ઈચ્છાને આધીન તે કાર્યો બનતા નથી. કોઈક જીવો તો ઘણી ઈચ્છા કરે છતાં પણ બહારમાં કાર્યસિદ્ધિ થતી નથી, અને કોઈક જીવોને થોડી ઈચ્છાથી વા પ્રયત્ન વિના પણ એ કાર્યસિદ્ધિ થતી જોવામાં આવે છે. દવામાં લાખો રૂપિયા ખર્ચે છતાં શરીરમાં નીરોગતા રહે નહિ અને બીજાને દવા વિના પણ શરીરમાં નીરોગતા રહે, એ તો વેદનીયકર્મના ઉદયને અનુસાર બને છે, આત્માનો પ્રયત્ન તેમાં કામ આવે નહિ. ખોરાક લેવો ને ક્ષુધા મટવી -તે કાંઈ આત્માને આધીન નથી, તે તો વેદનીયકર્મના નિમિત્તે શરીરની અવસ્થા થાય છે. છતાં જડની અવસ્થા ફેરવીને જીવ પોતાનું દુઃખ મટાડવા માગે છે, પણ દુઃખ ટાળવાના તેના ઉપાયો જૂઠા છે. દુઃખ મટાડવાનો સાચો ઉપાય તો સમ્યગ્દર્શન આદિક છે -તે વાત પછી કહેશે. જુઓ, બહારના ઉપાયોથી દુઃખ મટવાનું કે ધર્મ થવાનું જેઓ મનાવતા હોય તેઓ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર છે, ને તેને સારા માને, તેને અનુમોદન આપે તે પણ મિથ્યાદષ્ટિ છે. જડથી ધર્મ થાય, નિમિત્તથી લાભ થાય કે પુણ્યથી ધર્મ થાય -એમ કહેનારા કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર છે, ને તેને માનનારા પણ મિથ્યાદષ્ટિ છે. ભગવાન કહે છે કે જિનમાર્ગમાં મુનિઓની દશા ત્રિકાળ નગ્ન દિગંબર હોય છે. એ સિવાય વસ્ત્ર-પાત્ર, ઓઘો કે મુહૂપત્તી વગેરે પરિગ્રહ રાખીને પોતાને મુનિપણું હોવાનું જેઓ માને છે તે તો કુલિંગી ગૃહીત મિથ્યાદષ્ટિ છે, ને તેવા જીવોને ગુરુ તરીકે જે માને, મનાવે કે માનતાને રૂડું જાણે તે પણ ગૃહીત મિથ્યાદષ્ટિ છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય-વંદન-બહુમાન કરતાં ભય લાગે, લજ્જા લાગે, અને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને ભયથી-લજ્જાથી વંદે-આદર કરે તો તે મોટો મિથ્યાદષ્ટિ ધર્મનો વેરી છે. હજી આટલો વ્યવહારનો પણ જેને વિવેક ન હોય તેને અધ્યાત્મનું ભાન હોય જ નહિ. સર્વજ્ઞની પરંપરાથી આવેલા ષટ્ખંડાગમ વગેરે સિવાય બીજા વિપરીત શાસ્ત્રોને આગમ તરીકે માનવા કે ભાવલિંગી દિગંબર સંત સિવાય બીજા વસ્ત્રાદિ સહિતને મુનિ માનવા -તે મિથ્યા માન્યતા છે, તેને કુગુરુ અને કુઆગમની માન્યતા છે, તે ગૃહીત મિથ્યાત્વ છે. મુનિ નામ ધરાવે અને ''આત્મા શરીરની લોથને ૩૦ ગાઉ લઈ ગયો'' - એવી પ્રરૂપણા કરે, તો તે મુનિ નથી પણ મિથ્યાદષ્ટિ છે. એવા મિથ્યાદષ્ટિ પાસેથી સાચો ઉપાય મળી શકે જ નહિ.

દુઃખ ટાળવાનો ઉપાય બહારના સંયોગને દૂર કરવો તે નથી; બહારમાં સંયોગ આવવો કે જવો તે જીવની ઈચ્છાને આધીન નથી પણ વેદનીયકર્મના ઉદય અનુસાર છે, કોઈક વાર જીવની ઈચ્છાને અને બહારના સંયોગને મેળ ખાઈ જાય -તો ત્યાં પણ તે જીવની ઈચ્છાને લીધે થયું નથી, પણ તે જાતના વેદનીયના ઉદય પ્રમાણે થયું છે. ત્યાં પોતાની ઈચ્છા અનુસાર શાતાનો સંયોગ થતાં



તેમાં સુખ માનીને મોહથી અજ્ઞાની જીવ તેને ભોગવવાની ઈચ્છાથી વ્યાકુળ થાય છે. વળી એક વસ્તુ ભોગવવાની ઈચ્છા થાય અને ન મળે તો આકુળતાથી દુઃખી થાય છે, તથા તે વસ્તુ મળે તો વળી બીજી વસ્તુને ભોગવવાની ઈચ્છા થાય છે. એ પ્રમાણે જ્ઞાયક ચિદાનંદ આત્માને ચૂકીને બહારના સંયોગની ઈચ્છાથી વ્યાકુળ જ થયા કરે છે. ઘડીકમાં સ્પર્શની ઈચ્છા થાય, ને વળી બીજી ક્ષણે રસ ભોગવવાની ઈચ્છા થાય, વળી તે બદલીને બીજી વસ્તુની ઈચ્છા થાય. એ પ્રમાણે તે ઈચ્છાની આકુળતા-વ્યાકુળતાથી દુઃખી જ થયા કરે છે, પણ દુઃખને મટાડવાનો સાચો ઉપાય તો આત્મામાં છે તેને જાણતો નથી. ઈચ્છા થાય તે જ દુઃખ છે. હું તો જ્ઞાન છું, ઈચ્છા થાય તે મારો અપરાધ છે -એમ સમજે તો ઈચ્છાની હદ-મર્યાદા થઈ જાય. અજ્ઞાનીને ઈચ્છા થતાં તે સંયોગોને ભોગવીને દુઃખ મટાડવાનું માને છે. જ્ઞાનીને ઈચ્છા થાય તેને તે અપરાધ જાણે છે, ને સંયોગોને ભોગવવાથી દુઃખ મટશે એમ તે માનતા નથી. અંતરમાં જ્ઞાનસ્વભાવ છું એની શ્રદ્ધા-જ્ઞાન કરીને તેની ભાવના કરવી તે દુઃખ મટાડવાનો ઉપાય છે.

મારું જ્ઞાનાનંદ તત્ત્વ છે, તે ઈચ્છા વિનાનું છે, ને બહારનો સંયોગ તે મને સુખ-દુઃખનું કારણ નથી. મારા સ્વભાવમાં પરનો અભાવ છે, તેથી પર ચીજ મને સુખદુઃખનું કારણ હોઈ શકે જ નહિ. સચ્ચિદાનંદ તો મારા સ્વરૂપમાં છે -એમ અજ્ઞાની જાણતો નથી, ને પર ચીજમાં સુખ કલ્પીને તેને ભોગવવાની ઈચ્છા કર્યા કરે છે. પરમાં સુખ ક્યાંય નથી ને મારામાં જ મારું સુખ છે - એમ રુચિનો પલટો કર્યા વિના કદી સુખનો ઉપાય થાય નહિ. પર ચીજો તો જ્ઞાતાનું જ્ઞેય છે, તેમાં સુખ પણ નથી ને દુઃખ પણ નથી, મારા જ્ઞાનસ્વરૂપમાં જ સુખ ભેગું વણાયેલું છે, તે જ્ઞાતાસ્વરૂપમાં રુચિ વળીને તેમાં એકાગ્રતા થવી તે જ સુખનો ઉપાય છે. એ ઉપાયને તો જીવ જાણતો નથી ને બહારમાં સંયોગને ભોગવીને સુખ લેવાનું માને છે, તે ઉપાય જૂઠો છે ને તેમાં તો આકુળતા જ છે. અહો ! ચૈતન્ય ભગવાન આત્મા જ જ્ઞાન-આનંદથી ભરપૂર છે, તેના આનંદની ગૂલાંટ મારીને અજ્ઞાની જીવ પરમાંથી આનંદ લેવા માગે છે. ચૈતન્યના આનંદની પ્રતીત અને રુચિ પણ કરતો નથી. અશાતાના ઉદયથી શરીરમાં રોગ-ક્ષુધા, ટાઢ-તાપ, મળ વગેરે થાય છે, ત્યાં તેને દૂર કરીને જીવ સુખ લેવા માગે છે, પણ તેમાં સુખ છે જ નહિ. શું શરીરની અવસ્થામાં જીવનું સુખ હોય ? ભૂખ લાગી ને મેસુબ ખાધો ત્યાં અજ્ઞાની સુખ માને છે, પણ ભૂખ લાગી ને મેસૂબ ખાધો -તે તો જડ શરીરની અવસ્થાઓ છે. તેમાં જીવનું સુખ-દુઃખ નથી. દેહથી ભિન્ન ચૈતન્યતત્ત્વ છે, તેમાં જ સુખ છે -એમ ઓળખીને તેની રુચિ કરવી તે સુખનો સાચો ઉપાય છે, એ સિવાય સંયોગમાં સુખ-દુઃખ માનવા તે સાચી રીત નથી.

## માગશર સુદ ૧૩, શનિવાર, ૨૯-૧૧-૫૨.

સંસારમાં વેદનીય પ્રારબ્ધના કારણે શરીરમાં શાતા-અશાતારૂપ અવસ્થા થાય છે, તેમાં જીવ

સુખ-દુઃખ માને છે તે ભ્રમ છે. શરીરમાં રોગ-નીરોગ, ક્ષુધા, તૃષા થવા કે મટવા તે બધું જડના કારણે છે. જીવને લીધે તે અવસ્થાઓ થતી નથી. છતાં હું કરું એમ જીવ માને છે તે અજ્ઞાન છે. રોગ થયો કે ક્ષુધા લાગી, તેમાં દુઃખ માને છે અને રોગ મટે, ક્ષુધા મટે તેમાં સુખ માને છે પણ તે તો બધી જડની પર્યાય છે. તેમાં સુખ શેનું ? જીવની પોતાની પર્યાયમાંથી આકુળતા ટળીને આનંદ આવે તો સુખ કહેવાય. જડની અવસ્થા પલટે તેમાં આત્માનું સુખ ક્યાંથી આવ્યું? ભૂખ લાગી ને લાડવા મળ્યા ત્યાં અજ્ઞાનીએ સુખ માન્યું તે માત્ર કલ્પના જ છે. શું જડ લાડવામાં તારું સુખ છે ? અનાદિથી અજ્ઞાનભાવે પરમાં સુખ-દુઃખ માનીને જીવ સંસાર પરિભ્રમણ કરી રહ્યો છે. આત્મામાં દુઃખ ક્યાં થાય છે અને તેનું શું સ્વરૂપ છે તથા તે મટાડવાનો ઉપાય શું છે તેની અજ્ઞાનીને ખબર નથી.

ક્ષુધા હોય ત્યારે ખાવાની ઈચ્છાથી દુઃખી થાય ને ક્ષુધા મટતાં વળી બીજી માનાદિની ઈચ્છાથી દુઃખી થાય. એ ઈચ્છા મટતાં ફરી પાછો ક્ષુધાદિકથી વ્યાકુળ થાય છે. એમ એક પછી એક ઈચ્છાથી આકુળ-વ્યાકુળ દુઃખી જ થયા કરે છે. તેમાં ક્યારેક કાંઈક શાતા હોય ત્યારે તેમાં પોતાને સુખી માને છે. પણ એ શાતાનો ઉદય પણ કાંઈ સદાકાળ રહેતો નથી. કોઈક જીવને કોઈક કાળ જ શાતા રહે છે તેમાં પણ ક્યારેક અશાતાનો એવો ઉદય આવી જાય કે તે મટે જ નહિ. એવો રોગ થાય કે તે કોઈ ઉપાયથી મટે જ નહિ. અહીં એમ સમજાવે છે કે ભાઈ ! શરીરમાં રોગ, નીરોગ, શાતા-આશાતા એ તો બધી જડની અવસ્થા છે. તેની સંભાળ તારા હાથમાં નથી. શરીર વિનાનો અરૂપી ચૈતન્ય જ્ઞાનઘન આત્મા છે, તેની પ્રતીતિ કર.

સંસારમાં શાતાનો ઉદય તો કોઈક જીવને જ અને અલ્પકાળ જ રહે છે. ઘણાં જીવોને તો ઘણો કાળ અશાતાનો જ ઉદય રહે છે. માટે શાતામાં સુખ માનવું અને અશાતામાં દુઃખ માનવું તે માન્યતા જૂઠી છે. બીજાને અમે માર્યા કે અમે બહાદુરીથી બીજાને બચાવી દઈએ, એવી માન્યતા તે અજ્ઞાનીનું મિથ્યા અભિમાન છે. બીજા જીવોનું મરવું કે બચવું તે કાંઈ તારે આધીન નથી. આ શરીરની અવસ્થા પણ પૂર્વના પ્રારબ્ધ અનુસાર થાય છે, જીવના વર્તમાન પ્રયત્નને લીધે થતી નથી. જડની અવસ્થામાં આત્માનો અધિકાર નથી. આત્મા શું કરે ? કે પોતામાં શુભ, અશુભ પરિણામ કરે અથવા આત્માનું ભાન કરીને વીતરાગભાવ કરે. જડ શરીરની અવસ્થામાં આત્માનો કાંઈ પ્રયત્ન નથી. તેમ જ જડ કર્મના સંક્રમણ વગેરે થાય તે પણ જડ કર્મમાં તેવી યોગ્યતાથી થાય છે. જીવના વર્તમાન પરિણામ તેમાં નિમિત્ત છે. જીવ તીવ્ર માયાભાવ કરે તો પૂર્વે બંધાયેલા પુણ્ય પલટીને પાપ થઈ જાય. કોઈ જીવ એમ માને કે આપણે પ્રયત્ન કરીને પૂર્વના પાપનું સંક્રમણ કરીને પુણ્ય કરી દઈએ તો તેમાં તો પાપભાવ છે. તે પાપભાવથી પૂર્વના પાપનું સંક્રમણ થઈને પુણ્ય થાય એમ બને નહિ. શુભભાવ વગર પાપનું સંક્રમણ થઈને પુણ્ય થાય નહિ. અને આયુષ્યમાં તો સંક્રમણ પણ થતું નથી. જેટલી આયુની સ્થિતિ તેમાં એક સમયની પણ વધઘટ થતી નથી.



ઉદીરણા થાય છે તેમાં પણ કાંઈ મૃત્યુનો જે સમય છે તે ફરી જતો નથી. સર્વજ્ઞદેવે પહેલેથી જે સમય જોયો છે તેમાં એક સમય પણ ફરે નહિ. છતાં હું શરીરનું ધ્યાન રાખીને આયુષ્ય વધારી દઉં એમ અજ્ઞાની ભ્રમણાથી માને છે. તથા શરીરનું ધ્યાન ન રાખીએ તો આયુષ્ય ઓછું થઈ જાય -એ માન્યતા પણ ભ્રમણા છે. જે સમયે, જે રીતે, જે સંયોગે, જે ક્ષેત્રે, જે જીવનું જીવન-મરણ સર્વજ્ઞદેવે જોયું છે, તેમાં કિંચિત્ ફેરફાર કરવા ઈંદ્ર, નરેંદ્ર કે જિનેંદ્ર સમર્થ નથી. લોકોમાં કહેવાય છે કે ''દાણે દાણે ખાનારકા નામ'' તેનો અર્થ શું ? જે રજકણ આવવાનો તે જ આવવાનો. એક રજકણનો પણ ફેરફાર કરવાનું આત્માના હાથમાં નથી, હું તો જ્ઞાન છું ને બધી ચીજો મારું જ્ઞેય છે. પણ જીવને ભિન્નતાનું ભાન નથી. આ તો હિંદનો સિદ્ધાંત છે કે ''દાણે દાણે ખાનાર કા નામ''. લોકો બોલે છે પણ તેનો મર્મ સમજતા નથી. જુઓ, જે રજકણો પંચેંદ્રિયના શરીરપણે પરિણમવાના હોય તેને પરિણમ્યા પહેલાં પણ પંચેંદ્રિય કહી દીધા છે. એનું એ જ પ્રકારનું પરિણમન થવાનું છે. કોઈ પણ સંયોગથી જીવને સુખ-દુઃખ નથી. બાહ્ય સામગ્રીથી જીવ સુખ-દુઃખ માને છે એ જ મોટો ભ્રમ છે. સંયોગથી સુખ-દુઃખ છે જ નહિ. તેનો દાખલો આપે છે. કોઈ જીવ પાસે લાખ રૂપિયાની મૂડી હોય ને એક હજાર ઓછા થાય ત્યાં બાકી નવાણુ હજાર પડ્યા છે. છતાં તે દુઃખ માને છે કે અરેરે ! હજાર રૂપિયાની ખોટ ગઈ !! બીજા જીવ પાસે ૧૦૦ રૂપિયાની મૂડી હોય ને ૯૦૦ મળે ત્યાં તેને હજાર રૂપિયા થયા છતાં તેમાં તે સુખ માને છે. હવે જો સંયોગથી સુખ-દુઃખ હોય તો તો હજાર રૂપિયાવાળા કરતાં ૯૯ હજાર વાળો જીવ ૯૯ ગણો સુખી હોવો જોઈએ. પણ એમ જોવામાં આવતું નથી. માટે સંયોગથી સુખ-દુઃખ માનવું તે મિથ્યાત્વ છે. શાતામાં સુખ અને અશાતામાં દુઃખ એ તો મોહથી કલ્પના કરી છે. મોહ અનુસાર જીવને સુખ-દુઃખ છે. જેની પાસે ૯૯ હજાર રૂપિયા છે, છતાં અધિક ધનની ઈચ્છાને લીધે તે દુઃખી જ છે. એટલે કે ઈચ્છાનું જ દુઃખ છે તથા એક હજાર રૂપિયાવાળો પણ જો સંતોષ કરે તો તે સુખી છે. એટલે કે ઈચ્છાના અભાવથી સુખ છે. અહીં સિદ્ધાંત એમ બતાવે છે કે સંયોગથી સુખ-દુઃખ નથી પણ ઈચ્છા તે દુઃખ છે, તે ઈચ્છાનો અભાવ તે સુખ છે.

વળી સમાન વસ્તુ મળવા છતાં પણ ત્યાં કોઈ સુખ માને છે તથા કોઈ દુઃખ માને છે. જેમ કોઈને મોટું વસ્ત્ર મળવું દુઃખકારી થાય છે ત્યારે કોઈને સુખકારી થાય છે. શરીરમાં ભૂખ વગેરે પીડા વા બાહ્ય ઈષ્ટનો વિયોગ-અનિષ્ટનો સંયોગ થતાં કોઈને ઘણું દુઃખ થાય છે, કોઈને થોડું દુઃખ થાય છે તથા કોઈને કાંઈ પણ દુઃખ થતું નથી. માટે સામગ્રીને આધીન સુખ-દુઃખ નથી. પણ શાતા-અશાતાનો ઉદય થતાં મોહ પરિણામોના નિમિત્તથી જ જીવ સુખ-દુઃખ માને છે.

શિયાળામાં જે પછેડી સારી લાગે તે જ પછેડી ઉનાળામાં સારી ન લાગે. માટે પછેડી કાંઈ સુખ-દુઃખનું કારણ નથી. સામગ્રી મેળવવી કે દૂર કરવી તે જીવને આધીન નથી. તેમ જ તે સામગ્રીમાં સુખ-દુઃખ નથી. સામગ્રીને હું મેળવું ને તેનાથી મને સુખ-દુઃખ છે એવી માન્યતા તે જીવનું અજ્ઞાન

છે ને તેથી જ જીવ સંસારમાં ભ્રમણ કરી રહ્યો છે.

અરે જીવ ! પહેલાં યથાર્થ વસ્તુસ્થિતિ શું છે તેનો નિશ્ચય તો કર. જ્ઞાનાનંદ આત્મચીજમાં તારું સુખ છે. તેને ચૂકીને પર ચીજમાં સુખ-દુઃખની કલ્પના કરી છે તે તો ભ્રમણા છે. રોગ થતાં તે વખતે કોઈને મોહને લીધે વધારે દુઃખ લાગે છે, બીજા જીવને રોગ થતાં મંદ રાગને લીધે ઓછું દુઃખ લાગે છે તથા વીતરાગી સંતોને જરા પણ દુઃખ થતું નથી. માટે સંયોગથી દુઃખ નથી. ધર્મી સમ્યગ્દષ્ટિને અંતરમાં ભાન છે કે અમે તો ચિદાનંદ આનંદકંદ આત્મા છીએ. આ દેહ અમે નથી, દેહથી અમને સુખ-દુઃખ નથી. જુઓ, આ સુકુમાર મુનિના શરીરને સિંહણ ખાઈ જાય છે છતાં તેઓ તો આત્માના અતીન્દ્રિય આનંદના અનુભવમાં લીન છે તેથી તેમને કિંચિત્ પણ દુઃખ થતું નથી. માટે સંયોગથી દુઃખ નથી. ધર્મીને રોગાદિ થતાં જરા દુઃખ લાગે પણ અંદર ભાન છે કે આ શરીરના રોગને કારણે મને દુઃખ નથી ને શરીરનો રોગ મટાડવો તે કાંઈ મારા અધિકારની વાત નથી. અમારો આત્મા ચિદાનંદ કંદ છે તેમાં દુઃખ નથી. અલ્પ રાગ છે તેનું દુઃખ છે. અજ્ઞાની તો પરથી પોતાને સુખદુઃખ માને છે, તે મિથ્યાત્વ છે. જગતની ચીજોમાં જે કાળે જે સ્થિતિ બનવાની હોય તે તેને કારણે બને છે, પણ અજ્ઞાની સંયોગને સુખ-દુઃખનું કારણ માનીને તેમાં હર્ષ-શોક કરે છે. એટલે તેની દૃષ્ટિ સંયોગ ઉપર છે. સંયોગદૃષ્ટિ છોડીને પોતાના જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિ તે કરતો નથી. ધર્મી જીવને ભાન છે કે હું તો જ્ઞાનાનંદ ચિદાનંદ સ્વભાવ છું, સંયોગો મારાથી ભિન્ન છે. તે સંયોગોમાં મારું સુખ-દુઃખ નથી. આમ સ્વભાવદૃષ્ટિ થઈ છે ને સંયોગદૃષ્ટિ છૂટી ગઈ છે. પછી અસ્થિરતાથી અલ્પ રાગદ્વેષ થાય પણ તે સંયોગના કારણે માનતાં નથી. પહેલાં આવી યથાર્થ વસ્તુસ્થિતિ સમજવી જોઈએ કે ક્યાંય બહારની સામગ્રીથી મને સુખદુઃખ નથી ને બહારની ચીજની ક્રિયા મારે આધીન નથી.

હવે શિષ્ય એમ પ્રશ્ન કરશે કે ''બાહ્ય સામગ્રી માટે તો તમે કહો છો તેમ જ, પરંતુ શરીરમાં પીડા થતાં જીવ દુઃખી જ થાય છે તથા પીડા ન થતાં સુખી થાય છે. હવે એ તો શરીરની અવસ્થાદિને આધીન સુખદુઃખ ભાસે છે ?'' -એ પ્રશ્ન તથા ઉત્તર હવે કહેવાશે.

### માગશર સુદ ૧૪, રવિવાર, ૩૦-૧૧-૫૨.

આત્મા અનાદિકાળથી સંસારમાં રખડે છે, તેમાં પૂર્વ પ્રારબ્ધથી બાહ્યમાં જે શાતા-અશાતાની સામગ્રીનો સંયોગ મળે તેને તે સુખ-દુઃખનું કારણ માને છે તે ભ્રમ અને અજ્ઞાન છે. સ્ત્રી-પુત્ર, શત્રુ-મિત્ર, રોગ-નીરોગ -તે તો બધા પરપદાર્થ છે, આત્માને તે કોઈ સુખ-દુઃખનું કારણ નથી. સધનતા તે સુખનું કારણ ને નિર્ધનતા તે દુઃખનું કારણ -એમ નથી.

હવે શિષ્ય પૂછે છે કે બહારમાં જે દૂર છે એવા સ્ત્રી-પુત્ર-મકાન-લક્ષ્મી વગેરે જીવને સુખ-દુઃખનું કારણ નથી એ તો ઠીક પણ આ શરીરમાં રોગ આવે ને પીડા થાય ત્યાં જીવ દુઃખી જ



થાય છે ને શરીરમાં શાતા હોય તો સુખી થાય છે. પેટમાં શૂળનું દર્દ ઉપડે ત્યાં જીવને દુઃખ થાય છે. માટે શરીરની અવસ્થાને આધીન તો સુખદુઃખ છે કે નહિ ? પૈસા જાય તેમાં તો સમાધાન રાખી લઈએ ને દુઃખ ન થાય, પણ શરીરમાં મોટો રોગ થાય ત્યારે તો જીવ દુઃખી થયા વિના કેમ રહે ? માટે શરીરની અવસ્થાથી તો સુખદુઃખ છે ?

તેનો ઉત્તર : ત્યાં પણ શરીરની અવસ્થાને લીધે સુખ-દુઃખ થતું નથી, પણ શરીરની અવસ્થાને જાણતી વખતે સાથે મોહભાવ કરે છે તે મોહભાવને લીધે જીવ શરીરની અવસ્થા વડે પોતાને સુખી-દુઃખી માને છે. દુઃખ રોગનું નથી પણ મોહનું દુઃખ છે. સંસારી આત્માનું જ્ઞાન ઈંદ્રિયાધીન છે, અને ઈંદ્રિયો શરીરનું અંગ છે. હવે તેમાં જે અવસ્થા વેદાય તેને જાણવારૂપ જ્ઞાન પરિણમતા તેની સાથે જ મોહભાવ થઈ જાય તેથી શરીરની અવસ્થા વડે સુખ-દુઃખ વિશેષ જાણીએ છીએ.

જ્ઞાનનો સ્વભાવ તો જાણવાનો છે, પણ જ્ઞાનસ્વભાવને ચૂકીને અજ્ઞાનીનું જ્ઞાન ઈંદ્રિયને આધીન થઈ રહ્યું છે. શરીરની જે અવસ્થા થાય તેને જાણવાપણે જ્ઞાન પ્રવર્તે છે, પણ તે જ્ઞાન પ્રવર્તતા તેની સાથે અજ્ઞાની એવો મોહભાવ કરે છે કે ''આ રોગથી હું દુઃખી, નીરોગતાથી હું સુખી'' -એ રીતે મોહભાવથી જ જીવ શરીરમાં સુખ-દુઃખ માને છે, તે અસત્ય માન્યતા તેને દુઃખનું કારણ છે.

શરીર કપાય ત્યાં શરીર કપાવાનું દુઃખ જીવને નથી, શરીર કપાયું તે અવસ્થાને પણ જીવે જ્ઞાનથી જાણી છે, પણ તે વખતે સાથે મોહ કરીને પોતાને દુઃખી માને છે. જડની અવસ્થા થાય તેને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે, પણ તે જડની અવસ્થામાં સુખ-દુઃખ માનવું તે તો મિથ્યાત્વ છે. હજી જડ-ચેતનની ભિન્નતાનું ભાન ન હોય તો ધર્મ ક્યાંથી થાય ? ધર્મનું મૂળ તો ભેદજ્ઞાન છે. જેને જડથી પણ ભેદજ્ઞાન નથી તેને રાગથી ભેદજ્ઞાન થતું નથી. હું તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છું, દેહ મારાંથી ભિન્ન છે, તેમાં મારું સુખ-દુઃખ નથી -આવા ભેદજ્ઞાન વગર ધર્મ થાય નહિ. મારો જ્ઞાયકસ્વભાવ દેહથી તો ભિન્ન છે ને રાગથી પણ ભિન્ન છે -એવા ભેદજ્ઞાનથી જ ધર્મ થાય છે. જડ-ચેતનની વહેંચણી અનાદિથી છે, પણ અજ્ઞાની તેને એકમેક માનીને જડ શરીરની અવસ્થાથી પોતાને સુખ-દુઃખ માની રહ્યો છે. જડ-ચેતનની વહેંચણી તો કર કે જડની અવસ્થા જડમાં, ને મારી અવસ્થા મારાંમાં; જડ શરીરની અવસ્થામાં મારું સુખ-દુઃખ નથી. હજી જડ-ચેતનની ભિન્નતાને જાણે નહિ તો તેને સાચું જ્ઞાન નથી, ને સાચા જ્ઞાન વગર દર્શનપડિમા કે સામાયિક વગેરે ક્યાંથી હોય ? જીવનો સ્વભાવ તો દેહની અવસ્થાને જાણવાનો છે, રોગ-નીરોગ વગેરે થાય તે બધા દેહનો ધર્મ છે, દેહનો ધર્મ જીવપદમાં જણાય છે, પણ દેહની અવસ્થાને લીધે જીવને સુખ-દુઃખ નથી.

''જુઓ, પુત્ર-ધનાદિની સાથે અધિક મોહ હોય તો પોતાના શરીરનું કષ્ટ સહન કરે તેનું તો

થોડું દુઃખ માને પણ એ પુત્ર, ધનાદિને દુઃખ થતાં વા તેનો સંયોગ મટતાં ઘણું દુઃખ માને છે, અને મુનિજનો શરીરની પીડા થતાં પણ તેમાં કાંઈ દુઃખ માનતાં નથી. માટે સુખ-દુઃખ માનવું તે મોહના જ આધીન છે.''

પોતે માંદો હોય, પાંચ ડીગ્રી તાવ ચડ્યો હોય અને દીકરો પણ માંદો હોય, ત્યાં પોતાના શરીરની પીડાની દરકાર છોડીને પણ દીકરાંની સંભાળ કરવા જાય છે, કેમ કે શરીર કરતાં તેના ઉપર વધારે મોહ છે. માટે નક્કી થયું કે શરીરના રોગને લીધે દુઃખ થતું નથી પણ મોહથી જ દુઃખ છે. જો અપમાન થયું હોય તો શરીર નીરોગ હોવા છતાં તે વખતે પોતે દુઃખી થાય છે અને શરીરમાં રોગ હોવાં છતાં જ્યાં એમ સાંભળે કે ''પાંચ લાખ રૂપિયાની કમાણી થઈ'' અથવા ''રાવબહાદુરનો ઈલ્કાબ મળ્યો'' -તો ત્યાં પોતાને સુખી માને છે. માટે શરીરની રોગ-નીરોગતાની સાથે સુખ-દુઃખનો સંબંધ નથી. એકનો એક દીકરો ખોવાઈ ગયો હોય, દસ વર્ષ પછી એવા સમાચાર આવે કે ''તમારો દીકરો ૨૫ લાખ રૂપિયા કમાઈને આવે છે'' -તો તે વખતે શરીરમાં ગમે તેવો રોગ હોય તો પણ તે રોગને ભૂલીને કેવો હર્ષ કરે છે ? જ્યાં મોહ છે ત્યાં સુખી માની લ્યે છે.

વળી બીજો દાખલો : એકનો એક દીકરો પરદેશથી આવવાનો હોય અને તેનો પિતા તેની સામે જતો હોય -પુત્ર જે ધર્મશાળામાં આવીને ઉતર્યો હોય, તે જ ધર્મશાળાની બાજુની ઓરડીમાં પિતો ઉતર્યો હોય, પણ તેને પુત્રની ખબર ન હોય; પુત્રને તાવ આવ્યો ને રાત્રે ઊંહકારાનો અવાજ થતો હતો, ત્યાં પિતા વિચારે છે કે આ તે કોણ આવ્યું છે ? રાત્રે સૂવા પણ દેતું નથી !! એમ વિચારીને તેને પૂછ્યું કે ક્યાંથી આવ્યા ? જ્યાં પુત્રે નામ આપ્યું, ત્યાં તેને ઓળખતા જ ઊંઘ ભૂલી ગયો ને ઊજાગરો કરવા લાગ્યો. જુઓ, પહેલાં જેનાથી કંટાળો આવતો હતો, તેને માટે જ હવે ઊજાગરા કરવા લાગ્યો ! કેમ કે મોહ છે. પુત્રને ઓળખ્યો ત્યાં તે જ્ઞાનની સાથે મોહ કરે છે. પુત્રના મોહને લીધે શરીરના રોગને કે થાકને ગણતો નથી. માટે શરીરની અવસ્થાથી સુખ-દુઃખ નથી. મુનિજનોને શરીરમાં રોગ થાય, સિંહ ખાઈ જાય - છતાં દુઃખ થતું નથી, કેમ કે અંદરમાં મોહ નથી. ''મોહ એટલું દુઃખ'' કોઈને થોડો રોગ હોય પણ મોહ ઘણો હોય તો તેને ઘણું દુઃખ છે ને ઘણો રોગ હોવા છતાં જો મોહ ન હોય તો દુઃખ થતું નથી.

મોહનીયને અને વેદનીયને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ત્યાં શાતા-અશાતાના ઉદયથી અજ્ઞાનીને સુખ-દુઃખ ભાસે છે. વળી શાતાના ઉદયથી કેટલીક સામગ્રી પ્રાપ્ત થાય છે તેના ઉપર લક્ષ જતાં જીવ પોતાને સુખી માને છે ને અશાતાના ઉદયથી કેટલીક સામગ્રી પ્રાપ્ત થાય છે તેના ઉપર લક્ષ જતાં જીવ પોતાને દુઃખી માને છે, પણ ખરેખર તો તે સુખ-દુઃખની માન્યતા મોહથી જ થાય છે. જેને મોહ નથી તેને સંયોગમાં સુખ-દુઃખની માન્યતા થતી નથી. મોહ સિવાય બીજા દ્વારા સુખ-દુઃખ થવાનો નિયમ નથી, એટલે કે એક જ નિયમ છે કે જેટલો મોહ તેટલું દુઃખ છે, ને મોહનો અભાવ તે જ સાચું સુખ છે, -આવો યથાર્થ નિર્ણય કરવો જોઈએ.



મુનિને શરીરમાં રોગાદિ થવા છતાં સુખ-દુઃખની માન્યતા નથી, વળી કેવળી ભગવાનનો દાખલો આપે છે. કેવળી ભગવાનને તો પૂર્ણ વીતરાગતા થઈ ગઈ છે. તે કેવળી ભગવાનને તેરમા ગુણસ્થાને શાતા-અશાતાનો ઉદય હોય છે તથા સુખ-દુઃખની સામગ્રીનો પણ સંયોગ છે. સમવસરણાદિ સુખની સામગ્રી છે, ને અંદર કર્મના ઉદયમાં અશાતાના પરમાણુઓ અનંતમા ભાગે (દરિયામાં મીઠાની કાંકરીની જેમ) હોય છે, બહારમાં રોગ-ક્ષુધાદિ થાય એવી દુઃખ સામગ્રી તો હોય જ નહિ. અશાતામાં એવી તીવ્રતા નથી કે રોગ-ક્ષુધાદિ થાય. પણ અહીં તો એમ સાબિત કરવું છે કે ભગવાનને શાતા તેમ જ અશાતા બન્નેનો ઉદય હોવા છતાં વીતરાગતાને લીધે તેમાં સુખ-દુઃખની કલ્પના નથી. માટે સુખ-દુઃખની કલ્પના તે તો મોહનું કાર્ય છે. સામગ્રીને લીધે સુખ-દુઃખની કલ્પના થતી નથી. જો સામગ્રીને લીધે સુખ-દુઃખની કલ્પના થતી હોય તો કેવળીને પણ થવી જોઈએ. સર્વજ્ઞદેવ કેવળી ભગવાનને દેહમાં રોગ-ક્ષુધાદિ હોય જ નહિ. આવા સર્વજ્ઞદેવને જે આહાર-રોગ-દવા વગેરે મનાવે તેણે સર્વજ્ઞદેવને ઓળખ્યા જ નથી.

કોઈ કહે કે આપણે તો નિમિત્તનું શું કામ છે ? ઉપાદાન તો આપણું જ છે ને ? તો તે જીવને વસ્તુસ્વરૂપની ખબર નથી.

**ઉપાદાનનું નામ લઈ એ જે તજે નિમિત્ત,**
**પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત.**

સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય ? તે નિમિત્તને ઓળખે નહિ, તેનું વિનય-બહુમાન કરે નહિ, તો તે સ્વચ્છંદી છે. તેને ઉપાદાનનું ભાન હોય જ નહિ. શાસ્ત્રમાં તો કહે છે કે એક અક્ષરને પણ ઓળવે તો અનંત સંસારી થાય, તો પછી જેણે દેવ-ગુરુ-શાસ્ત્રને જ વિપરીત મનાવ્યા તેનું તો શું કહેવું ? ''શાસ્ત્ર ગમે તેવા હોય, જ્ઞાન તો આપણું છે ને ? જ્ઞાન ક્યાં શાસ્ત્રમાંથી આવે છે'' ? -એમ કહીને શાસ્ત્રનો વિનય છોડી દ્યે, ખોટાં શાસ્ત્રોને માને, તેનો વિનય કરે, તો તે સ્વચ્છંદી મિથ્યાદષ્ટિ છે. કેવળીને અશાતાની સામગ્રી હોવાનું અહીં કહ્યું તે તો કર્મમાં તે જાતના રજકણોનો અંશ છે, પણ તે અશાતાનો સંયોગ એવો નથી કે ક્ષુધાદિક થાય ! સુખ-દુઃખ મોહજનિત છે, સંયોગજનિત નથી. એટલા માટે તું સામગ્રીને દૂર કરવાના વા કાયમ રાખવાના ઉપાયો કરી દુઃખ મટાડવા તથા સુખી થવા ઈચ્છે છે, પણ એ બધા ઉપાય જૂઠા છે. તો સાચો ઉપાય શો છે ? સમ્યગ્દર્શનાદિકથી ભ્રમ દૂર થાય તો સામગ્રીથી સુખ-દુઃખ ન ભાસતાં પોતાના પરિણામથી જ સુખ-દુઃખ ભાસે, મને સુખ-દુઃખ સંયોગથી નથી પણ મારાં પરિણામથી જ સુખ-દુઃખ છે -એમ નિર્ણય કરતાં પોતાના પરિણામને જોવા લાગે ને પરિણામી એવા સ્વભાવની દૃષ્ટિ થાય. સુખ-દુઃખ શા કારણે છે તે જાણે તો તેને મટાડવાનો સાચો ઉપાય કરે, પણ સામગ્રીથી જ સુખ-દુઃખ માને તો સામગ્રી મેળવવા ને દૂર કરવા માગે, તે ઉપાય જૂઠા છે. સુખનો સાચો ઉપાય તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. સંયોગ અને સામગ્રીનો મારામાં અભાવ છે, ને મારાં ચિદાનંદ

સ્વભાવમાં એક સમયનો સંસાર પણ નથી -એવી પહેલાં શ્રદ્ધા કરી તેને અભિપ્રાયમાંથી સંસાર છૂટ્યો. ''વર્તે અંતરશોધ'' એટલે અંતરના સ્વભાવનું ભાન કરીને તેમાં વર્તવા લાગે. સંયોગથી જ જે સુખ-દુઃખ માને તે અંતરશોધમાં વર્તે નહિ ને તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય નહિ. માટે કહ્યું કે સમ્યગ્દર્શનાદિક થતાં ભ્રમ દૂર થાય ને સામગ્રીથી પોતાને સુખ-દુઃખ ન ભાસે, પોતાના પરિણામથી જ સુખ-દુઃખ ભાસે. વળી યથાર્થ વિચારના અભ્યાસ વડે પોતાના પરિણામ જેમ એ સામગ્રીના નિમિત્તથી સુખી-દુઃખી ન થાય તેમ સાધન કરે. એ સમ્યગ્દર્શનાદિની ભાવનાથી જ મોહ મંદ થતાં એવી દશા બની જાય કે અનેક કારણ મળવા છતાં પણ પોતાને તેમાં સુખ-દુઃખ ભાસે જ નહિ. એક શાંતદશારૂપ નિરાકુલ બની સાચા સુખને અનુભવે તો જ સર્વ દુઃખ મટી તે સુખી થાય. માટે એ જ સુખી થવાનો સાચો ઉપાય છે.

**માગશર સુદ ૧૫, સોમવાર, ૧-૧૨-૫૨.**

આજે સવારે શ્રી પ્રવચનસારની સ્વાધ્યાય હતી.

**માગશર વદ ૧, મંગળવાર, ૨-૧૨-૫૨.**

સંસારના દુઃખનું વર્ણન કરીને તે દુઃખ ટાળવાનો ઉપાય બતાવે છે. વેદનીયકર્મના નિમિત્તે જીવને બહારની અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રી મળે છે તેમાં અજ્ઞાની સુખ-દુઃખ માને છે, અને તેથી અનુકૂળ સામગ્રીને રાખવા માગે છે તથા પ્રતિકૂળ સામગ્રીને ટાળવા માગે છે પણ તે ઉપાય સાચા નથી. તો સાચો ઉપાય શો છે ? સમ્યગ્દર્શનાદિકથી એ ભ્રમ દૂર થતાં બહારમાં સુખ-દુઃખ ન ભાસે; સામગ્રીને મેળવવી કે ટાળવી તે જીવના હાથની વાત નથી પણ તેમાં સુખ-દુઃખની માન્યતા કરવી કે ન કરવી તે પોતાના હાથની વાત છે. એટલે નિમિત્તથી સુખ-દુઃખ થવાની વાત ઊડી ગઈ. પોતે પોતાનો ભાવ પલટી નાખે તો ગમે તેવા સંયોગમાં પણ પોતાને સુખ-દુઃખ ભાસતું નથી.

બહારની નોકર્મરૂપ સામગ્રી કે કર્મ - તેના કારણે જીવને સુખ-દુઃખ નથી. બહારની સામગ્રીમાં સુખ-દુઃખની કલ્પના પોતે ન કરે તો કાંઈ કર્મ પરાણે સુખ-દુઃખની કલ્પના કરાવતું નથી, પોતે સ્વભાવની સન્મુખ થતાં સમ્યગ્દર્શનાદિ થાય છે, ને મિથ્યાભ્રમ ટળે છે; એટલે કર્મના ઉદયથી, શરીરની અવસ્થાથી કે બહારની સામગ્રીથી પોતાને સુખ-દુઃખ થવાનું માનતો નથી પણ પોતાના પરિણામથી જ સુખ-દુઃખ થવાનું માને છે. નિમિત્તની બુદ્ધિ ટળી ગઈ અને પોતાના પરિણામને જોવા લાગ્યો. **પોતાના પરિણામથી જ** સુખ-દુઃખ ભાસે છે. એટલે કર્મ કે નોકર્મથી સુખ-દુઃખ ભાસવાની વાત રહેતી નથી. પોતે કલ્પનાથી પરમાં સુખ-દુઃખ માનતો ત્યારે કર્મ અને નોકર્મને નિમિત્ત કહેવાતું, પણ પોતે પરમાં સુખ-દુઃખની માન્યતા ટાળી એટલે કર્મ-નોકર્મ નિમિત્ત પણ ન રહ્યું.



અંતરમાં હું જ્ઞાન છું, સામગ્રીથી ભિન્ન છું -એવું ભાન થતાં મિથ્યાત્વ ટળ્યું, તેને અલ્પ રાગ-દ્વેષના કારણે સુખ-દુઃખ થાય છે, પણ તે સુખ-દુઃખ સંયોગના કારણે ભાસતું નથી, તેમ જ મોહકર્મના કારણે પણ તે સુખ-દુઃખ થવાનું માનતાં નથી. પોતાના પરિણામથી જ સુખ-દુઃખ થવાનું માને છે.

સૂંવાળા સ્પર્શમાં સુખ ને ગોખરૂનો કાંટો લાગે તેમાં દુઃખ -એમ જ્ઞાની માનતા નથી; અજ્ઞાની તે સામગ્રીના કારણે પોતાને સુખ-દુઃખ માને છે. સમ્યગ્દર્શન થતાં મિથ્યા માન્યતા ટળે એટલે સામગ્રીથી સુખ-દુઃખ ન ભાસે તેમ જ કર્મથી પણ સુખ-દુઃખ ન ભાસે પણ પોતાના પરિણામથી જ સુખ-દુઃખ ભાસે. એટલે કર્મ તથા નોકર્મ બન્ને નિમિત્તોથી સુખ-દુઃખ થવાની વાત ન રહી, પણ પોતાના ભાવકર્મથી જ સુખ-દુઃખ થવાનું રહ્યું. સામગ્રીને રાખવી કે દૂર કરવી તે આત્માના હાથની વાત નથી. આમ સમજતાં નિમિત્તથી સુખ-દુઃખની કલ્પના ગઈ, ને આસક્તિ પૂરતી સુખ-દુઃખની કલ્પના રહી. વળી યથાર્થ જ્ઞાનના અભ્યાસ વડે જેમ સામગ્રીના નિમિત્તથી સુખ-દુઃખ ન થાય એ રીતે પોતાના પરિણામમાં સાધન કરે.

કોઈ કહે કે નિમિત્ત તો 'કારક' છે, તે કાંઈ 'જ્ઞાયક' નથી. એટલે તે નિમિત્ત તો સુખ-દુઃખનું કારણ થાય જ ! -પણ એ વાત જૂઠી છે. જીવ પોતે પોતાના પરિણામમાં સુખ-દુઃખ કરે તો તે સામગ્રીને તેવું નિમિત્ત કહેવાય, પણ જ્ઞાનમાં યથાર્થ અભ્યાસ વડે પોતે એવું સાધન કરે કે ગમે તેવો અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગ આવે તો પણ તેમાં સુખ-દુઃખ ન ભાસે. એ રીતે સમ્યગ્દર્શનાદિ વડે એવી ભાવનાથી જ મોહ મંદ થતાં એવી દશા થઈ જાય છે કે ગમે તેવા સંયોગમાં સુખ-દુઃખ ભાસતું જ નથી. સંયોગ એવા ને એવા હોય તો પણ જ્ઞાનની ભાવનાના અભ્યાસ વડે તેમાં સુખ-દુઃખ ભાસતું નથી, એટલે કે શાંતદશારૂપ અનાકુળ દશા બની સાચા સુખને અનુભવે છે, તે જ દુઃખ મટીને સુખી થવાનો ઉપાય છે.

મોટો ફણીધર નાગ સામે ફેણ માંડીને બેઠો હોય, તો ત્યાં જ્ઞાનીને તેના કારણે દુઃખ ભાસતું નથી, અલ્પ ભય થાય તો તે પોતાના અસ્થિરતાના પરિણામથી છે -એમ જાણે છે. વળી ઈંદ્રાણીનો સંયોગ થાય તેમાં જ્ઞાની સુખ માનતા નથી, રાગ થાય તે પોતાની અસ્થિરતાને કારણે છે -એમ જાણે છે. આ પ્રમાણે સંયોગમાં મારું સુખ-દુઃખ નથી, હું તો જ્ઞાન છું -એમ જ્ઞાનની ભાવના વડે સુખ-દુઃખના પરિણામ પણ ટળી જાય છે ને નિરાકુળ શાંતદશા થતાં સાચું સુખ અનુભવાય છે. માટે આ સમ્યગ્દર્શનાદિક જ સુખનો સાચો ઉપાય છે.

**હવે આયુકર્મના ઉદયથી થતું દુઃખ બતાવે છે તથા અજ્ઞાની તે દુઃખ મટાડવાના જે ઉપાયો કરે છે તે જૂઠા છે -એમ કહે છે.**

આયુકર્મના નિમિત્તથી શરીર ધારણ કરવું તે જીવિતવ્ય છે. શરીરનો સંયોગ મળ્યો તે તો પુદ્ગલના

કારણે છે, પણ પૂર્વે જેટલું આયુ બાંધ્યું હોય તેટલો કાળ શરીરનો સંયોગ બની રહે છે, તેનું નામ જીવન છે, તથા આયુની સ્થિતિ પૂર્ણ થતાં શરીરનો સંયોગ છૂટવો તેનું નામ મરણ છે. એ રીતે શરીરનો સંયોગ-વિયોગ થાય તેનું નામ જીવન-મરણ છે. જીવ તો ત્રિકાળ છે, તેને કાંઈ આયુની મર્યાદા નથી. પણ મિથ્યાદૃષ્ટિ જીવ પોતાના સ્વરૂપને ઓળખતો નથી અને શરીરને જ પોતાના સ્વરૂપપણે અનુભવે છે. હું તો જ્ઞાનઘનવાળો છું, આ દેહ હું નથી -એમ અજ્ઞાની જાણતો નથી ને દેહ તે જ હું -એમ માને છે. હું કાળો, હું રૂપાળો, હું જાડો, હું પાતળો, મારા શિંગડા આવા, આવા મારા હાથ, આવું મારું મોઢું -એમ શરીરની પર્યાયને જ પોતાનું સ્વરૂપ માને છે, તેથી શરીરના સંયોગથી પોતાનું જીવન માને છે ને શરીરના વિયોગથી પોતાનું જ મરણ માને છે, તેથી મૃત્યુના ભયથી નિરંતર દુઃખી રહ્યા જ કરે છે. શરીરનો અનુભવ કાંઈ આત્માને નથી, પણ શરીર તે જ હું -એમ મિથ્યાત્વને લીધે માને છે. દેહના સંયોગથી જીવન રહે તેને જ આત્માનું અસ્તિત્વ માને છે અને દેહના વિયોગથી મરણ થાય ત્યાં પોતાનો અભાવ થવાનું માને છે, પણ પોતે તો દેહથી વિલક્ષણ જ્ઞાનસ્વરૂપ છે, દેહથી ભિન્ન અનાદિ અનંત છે એમ જાણતો નથી. તેથી દેહદૃષ્ટિથી મરણનો ભય રહ્યા જ કરે છે.

શરીરના વિયોગનો વખત આવે ત્યાં એમ માને કે અરેરે ! હવે હું મરી જઈશ. શરીર રહેતાં પોતાનું અસ્તિત્વ માને અને શરીર જતાં પોતાનો નાશ થવાનું માને, તેથી અજ્ઞાનીને સદાય મરણનો ભય રહે છે, ને તેથી સદાય આકુળતા રહે છે, એટલે જેને મરણના કારણ જાણે એવા સિંહ-વાઘ-સર્પ-રોગ વગેરેથી ઘણો જ ડરે છે, પણ તે એમ નથી જાણતો કે હું તો અનાદિઅનંત જ્ઞાનસ્વરૂપ છું, મારો નાશ કરવા કોઈ સમર્થ નથી, આ દેહ મારો નથી. જો એમ જાણે તો મૃત્યુનો ભય રહે નહિ. દેહથી ભિન્ન ચૈતન્યમૂર્તિ આત્માનું ભાન નથી ને દેહ તે જ હું એમ માન્યું છે, તેથી જેને મૃત્યુના કારણો જાણે તેનાથી ઘણો ડરે છે, અને કદાચિત્ તે કારણનો સંયોગ બની જાય -સિંહ આવે, નાગ કરડે - તો ત્યાં મહા વિહ્વળ બનીને મહાદુઃખી થાય છે.

સંયોગો તારા ફેરવ્યા નહિ ફરે, ભાઈ ! તું જ્ઞાનદૃષ્ટિ કર ! તારો આત્મા કોઈ સંયોગથી નાશ પામે તેવો નથી, એવા આત્માને ઓળખ તો મરણનો ભય રહે નહિ. જીવન અને મરણ તે તો આયુષ્ય પ્રમાણે જ છે, તેમાં તારા ઉપાયથી ફેરફાર થવાનો નથી. પણ મૂઢ જીવ જેને મરણના કારણો માને તેને દૂર કરવાના ભાવથી ઔષધ વગેરે અનેક ઉપાયો કરે છે, મોટા ગઢ બનાવે, રક્ષણ માટે માણસો રાખે, પણ તે બધાય ઉપાય ખોટા છે, તે બધા ઉપાયો કરવા છતાં મૃત્યુનો ભય તો બન્યો જ રહે છે. આયુ પૂર્ણ થતાં અનેક ઉપાય કરવા છતાં, અને ઉપરથી ઈંદ્ર ઊતરે તો પણ મરણ તો અવશ્ય થાય જ છે, એક સમયમાત્ર પણ ફરતો નથી.

મોટા દાકતરોને દર્દ વખતે બોલાવે પણ આયુની સ્થિતિ વગર દર્દીને કોઈ બચાવી શકતા નથી.



આયુ પૂર્ણ થતાં, લાખો રૂપિયા ખર્ચે, દાકતરો ઊભા રાખે છતાં દેહ છૂટી જાય છે. આમ નિર્ણય કરે તો તે બાજુની આકુળતા ઘટે. અહીં આયુના નિમિત્તે શરીરની સ્થિતિની વાત કરે છે.

ઈંદ્રને દરેક દિશાએ ૮૪૦૦૦ દેવો અંગરક્ષક તરીકે હોય છે છતાં તેઓ ઈંદ્રને કાંઈ બચાવી શકતા નથી. આયુની સ્થિતિ પૂરી થતાં દેહનો વિયોગ થઈ જાય છે. જે સંયોગે, જે ખાટલે, જે તિથિએ દેહ છૂટવાનો હોય તે વખતે છૂટે છે તેને ઈંદ્ર, નરેંદ્ર કે જિનેંદ્ર રાખવા સમર્થ નથી. એક સમય પણ આયુ વધઘટ થતું નથી. દાકતરો આવે ને ઈંજેકશનો મારે તો પણ શરીરની સ્થિતિ ટકાવવા તેઓ સમર્થ નથી. જ્ઞાનીને નબળાઈને લીધે રાગ થઈ આવે છે પણ શરીરની અવસ્થાનું ટકવું પોતાને આધીન માનતા નથી. લોકોમાં કહેવત છે કે ''પાંચમની છઠ્ઠ થાય નહિ'' પણ લોકો તે બોલવા ખાતર બોલે છે, ખરું રહસ્ય સમજતાં નથી.

બહારની માવજત મળે તો દર્દી બચી જાય ને ન મળે તો દર્દી ન બચે -એ બધી માન્યતા વ્યર્થ છે. અનેક ઉપાય ને બાહ્યની સહાય હોવા છતાં પણ મરણ અવશ્ય થાય છે. આયુ પૂર્ણ થતાં એક સમયમાત્ર પણ દેહમાં જીવ રહેતો નથી.

વળી જ્યાં સુધી આયુ પૂર્ણ ન થાય ત્યાં સુધી અનેક કારણ મળે છતાં મરણ સર્વથા થતું નથી. કોઈ ઝેર આપે, કૂવામાં નાખે -વગેરે કારણો મળે છતાં મરણ થતું નથી. અશાતાવેદનીયને લીધે પ્રતિકૂળતા આવે પણ આયુની સ્થિતિ પૂરી ન થાય ત્યાં સુધી ગમે તે કારણો મળે છતાં મરતો નથી. ને આયુ પૂરી થવાની સ્થિતિ હોય ત્યાં નજીવા કારણસર - હાર્ટફેઈલ માત્રથી મરી જાય. એક દર્દીને ઝેર આપવા છતાં મર્યો નહિ ને ઊલટું તેનું દર્દ મટી ગયું તે બધું કર્મને આધીન છે. પોતાને દર્દ મટવાનું હોય તો મુશ્કેલીથી મળે તેવી દવા પણ સહેજે મળી જાય ને દર્દ મટી જાય. જ્ઞાનીને રોગ આવે ખરો પણ રોગને લીધે દવા આવે કે દવાને લીધે રોગ મટી જાય - એમ તેઓ માનતા નથી. દર્દ મટવા ટાણે મટશે -એમ માને છે.

જ્યાં સુધી આયુ પૂર્ણ ન થયું હોય ત્યાં સુધી અનેક કારણો મળવા છતાં મરણ થતું નથી. વળી આયુની સ્થિતિ અવશ્ય પૂર્ણ થાય છે ને તેથી મરણ પણ અવશ્ય થાય છે માટે એ ઉપાય કરવા બધા ખોટાં છે.

### માગશર વદ ૨, બુધવાર, ૩-૧૨-૫૨.

અનાદિથી અજ્ઞાની જીવ શરીરના ટકવાને પોતાનો સદ્ભાવ માને છે તથા શરીરના મરણથી પોતાનો અભાવ માને છે, એટલે જીવન ટકાવવાના અને મરણથી બચવાના અનેક ઉપાય કરે છે, પણ જીવન-મરણ તો આયુષ્ય પ્રમાણે થાય છે, એટલે તેને મરણનો ભય તો રહ્યા જ કરે છે. હું દેહથી ભિન્ન ચૈતન્ય છું -મારું ચૈતન્યતત્ત્વ ત્રિકાળ છે- એમ ભાન કરે તો મરણનો ભય

ટળે. સમ્યગ્દર્શનાદિકથી શરીરમાં અહંબુદ્ધિ ટળે ને પોતાના અનાદિઅનંત ચૈતન્યભાવમાં જ અહંબુદ્ધિ થાય, તો શરીરના સ્વાંગને પરનો જાણે ને મરણનો ભય રહે નહિ. શરીર ટકે તો મારું અસ્તિત્વ રહે -એમ અજ્ઞાની માને છે, પણ મારું અસ્તિત્વ તો મારી ચૈતન્યસત્તાથી છે, શરીરથી મારું અસ્તિત્વ નથી, પણ શરીરના અભાવરૂપ મારું અસ્તિત્વ છે, દેહનો સંયોગ હોય તે વખતે પણ આત્મામાં તો તેનો અભાવ જ છે -આમ જાણે તો શરીરમાં આત્મબુદ્ધિ છૂટી જાય ને મરણનો ભય રહે નહિ. ભગવાન આત્મા તો અનાદિનિધન છે એટલે તેની આદિ નથી, મધ્ય નથી અને અંત નથી. અને આ શરીરનો સંયોગ તો વચમાં નવો નવો થાય છે, તેનો સંયોગ આદિ-અંત સહિત છે. જેમ નવા નવા કપડા બદલાવે તેથી કાંઈ માણસ બદલી જતો નથી. તેમ દેવ, મનુષ્ય, બાળ-યુવાન-વૃદ્ધ, રોગ-નીરોગ વગેરે અનેક શરીરોના સ્વાંગ બદલવા છતાં આત્મા તો અનાદિઅનંત એનો એ જ છે. આમ જો જાણે તો મરણનો ભય રહે નહિ. શ્રદ્ધા એવી થઈ જાય કે શરીર છૂટતાં પણ મારું મરણ થતું નથી. શરીર તો સંયોગી ચીજ છે ને વિકાર તે પણ ક્ષણિક છે, હું તો અનાદિ અનંત ચૈતન્યદ્રવ્ય છું -આવા આત્માનું ભાન કરતાં મરણનો ભય રહે નહિ. ને પછી સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્રદશા પ્રગટ કરીને જ્યારે સિદ્ધપદ પામે ત્યારે દેહનો સંયોગ પણ ન રહે ને મરણનો સર્વથા અભાવ થાય. માટે મરણથી બચવાનો સાચો ઉપાય સમ્યગ્દર્શનાદિક જ છે. એ સિવાય દવા, શસ્ત્ર, ગઢ-કોટ વગેરે કોઈ ઉપાય મરણથી બચવાના નથી. જીવ સાચા ઉપાયને જાણતો નથી ને બહારના ઉપાયો કરે છે તે બધા જૂઠા છે. ચૈતન્યદ્રવ્ય ત્રિકાળ છે, તેનું મરણ છે જ નહિ. આયુષ્ય દેહનું છે, આત્માને આયુષ્યની મર્યાદા નથી -એમ જાણે તો મરણનો ભય ટળે તથા સિદ્ધદશા થતાં મરણ રહે નહિ.

## નામકર્મના ઉદયથી થતું દુઃખ અને તેના ઉપાયોનું જૂઠાપણું

''નામકર્મના ઉદયથી ગતિ, જાતિ અને શરીરાદિક નીપજે છે. તેમાં પુણ્યના ઉદયથી જે પ્રાપ્ત થાય તે તો સુખના કારણ થાય છે, અને પાપના ઉદયથી જે પ્રાપ્ત થાય છે તે દુઃખના કારણ થાય છે, પણ ત્યાં સુખ માનવું એ જ ભ્રમ છે. વળી દુઃખના કારણ મટાડવાના તથા સુખના કારણ મેળવવાના એ જે ઉપાય કરે છે તે બધા જૂઠા છે. સાચા ઉપાય તો માત્ર સમ્યગ્દર્શનાદિક છે. તે તો વેદનીયકર્મનું કથન કરતાં જેમ નિરૂપણ કર્યા તેમ અહીં પણ જાણવા.''

શરીરની રચના આત્માના કારણે થતી નથી, તે તો નામકર્મના નિમિત્તથી થાય છે, જડ શરીરની દશાથી પોતાને સુખ-દુઃખ માને છે તે ભ્રમ છે. શરીરને સુધારીને સુખ મેળવું -એવી અજ્ઞાનીની માન્યતા જૂઠી છે, તથા શરીર ખરાબ હોય તેથી પોતાને દુઃખ માનવું તે પણ ભ્રમ છે. શરીરનું બંધારણ સુડોળ હોય કે બેડોળ હોય -તે તો જડ છે, તેનાથી આત્માને સુખ-દુઃખ નથી. મજબૂત અને રૂપાળું શરીર હોય તેથી પોતાને સુખ માને છે, ''પહેલું સુખ તે જાતે નર્યા'' -એમ માને



છે -તે બધી મૂઢ જીવોની કલ્પના છે. જેમ શાતા-અશાતાનો ઉદય તે જીવને સુખ-દુઃખનું કારણ નથી, પણ જીવ મોહથી જ તેમાં સુખ-દુઃખની કલ્પના કરે છે, તેમ નામકર્મના નિમિત્તે અનુકૂળ શરીર મળે કે બેડોળ શરીર હોય -તેમાં જીવ ભ્રમથી સુખ-દુઃખ માને છે. અને તેથી તે સુખ માટે શરીરને સરખું રાખવા માગે છે -પણ તે ઉપાય જૂઠો છે. શરીરની રચના આત્માને આધીન નથી, નામકર્મના નિમિત્તે શરીરની જે અવસ્થા થવાની હોય તે તેના કારણે થાય છે. આત્માની ઓળખાણ-શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તે જ દુઃખ મટાડવાનો ઉપાય છે.

## ગોત્રકર્મના નિમિત્તથી થતું દુઃખ અને તેના ઉપાયોનું જૂઠાપણું.

''ગોત્રકર્મના નિમિત્તથી આત્મા ઊંચ-નીચ કુળમાં ઊપજે છે. ત્યાં ઊંચ કુળમાં ઊપજતા પોતાને ઊંચો માને છે તથા નીચ કુળમાં ઊપજતાં પોતાને નીચો માને છે. વળી કુળ પલટવાનો ઉપાય તો તેને કાંઈ ભાસતો નથી તેથી જેવું કુળ પામ્યો હોય તેવા જ કુળમાં સ્વપણું માને છે. પણ કુળ અપેક્ષાએ પોતાને ઊંચ-નીચ માનવો એ જ ભ્રમ છે.''

આત્માને જાણતો નથી ને શરીર જે કુળમાં ઊપજ્યું તેવો જ પોતાને માને છે. 'અમે આ કુળના છીએ' -એમ અભિમાન કરે છે. પણ ઊંચ-નીચ કુળ તો ગોત્રકર્મ અનુસાર થાય છે. તેનાથી આત્માને ઊંચ-નીચ માનવો તે ભ્રમ છે. કુળ તો જન્મ્યો ત્યારથી મરે ત્યાં સુધી રહે છે ને આત્મા તો ત્રિકાળ છે -એમ જાણતો નથી. નીચ કુળવાળો પણ ઊંચ કાર્ય કરે તો લોકમાં પ્રશંસા પામે ને બીજા ભવમાં તેનું કુળ પણ પલટી જાય તથા ઊંચ કુળવાળો જો નિંદ્ય કાર્ય કરે તો લોકમાં તેની નિંદા જ થાય તથા બીજા ભવમાં તે નીચ કુળ પામે. વળી ઊંચ કુળમાં જન્મ્યો હોય છતાં લોભાદિક વડે નીચ કુળવાળાની પણ સેવા કરવા લાગી જાય છે. માટે કુળથી પોતાની ઊંચ-નીચતા માનવી તે ભ્રમ છે. ઊંચ-નીચ કાર્ય કરવાથી કુળ ન પલટે પણ ભવ પલટતા કુળ પલટી જાય છે. આનો અર્થ એમ નથી કે લોકવ્યવહારમાં પણ કુળનો વિવેક ન રાખવો. કુળ જેમ છે તેમ સમજવું જોઈએ. પરંતુ કુળને આધીન સુખ-દુઃખ નથી. ઊંચ કુળને લીધે પોતાને સુખી માને કે નીચ કુળથી પોતાને દુઃખી માને -તે ભ્રમ છે. સુખનો ઉપાય તો સમ્યગ્દર્શનાદિક છે. કુળ કાંઈ સદાય રહેવાનું નથી. ઊંચ કુળવાળાને નીચા થઈ જવાનો ભય રહે છે ને નીચ કુળવાળાને નીચપણાથી દુઃખ રહે છે, પણ જો કુળને ગોત્રકર્મનું કાર્ય જાણે ને તેનાથી ભિન્ન આત્માને ઓળખે તો ઊંચ-નીચ કુળમાં હર્ષ-શોક માને નહિ એટલે સમ્યગ્દર્શનાદિક તે જ દુઃખ મટવાનો સાચો ઉપાય છે, અને સર્વથી શ્રેષ્ઠ સિદ્ધપદને પામતા તેનો ફરી કદી પલટો થાય નહિ ને જીવ પરમ સુખી થાય.

એ પ્રમાણે કર્મના ઉદયની અપેક્ષાએ મિથ્યાદર્શનાદિકના નિમિત્તથી સંસારમાં કેવળ દુઃખ જ હોય છે તેનું વર્ણન કર્યું. હવે એ દુઃખોનું પર્યાય અપેક્ષાએ વર્ણન કરીએ છીએ.

## એકેંદ્રિય પર્યાયના દુઃખોનું વર્ણન

આ સંસારમાં જીવનો ઘણો કાળ એકેંદ્રિય પર્યાયમાં જ જાય છે. તેથી અનાદિથી જ તેનું નિત્ય નિગોદમાં રહેવું થાય છે. જેમ ભાડભૂંજાએ શેકવા નાખેલા ચણામાંથી અચાનક કોઈ ચણો ઊછળી બહાર પડે તેમ ત્યાંથી નીકળી જીવ અન્ય પર્યાય ધારણ કરે તો ત્રસ પર્યાયમાં તો ઘણો જ થોડો કાળ રહે, પણ ઘણો કાળ તો એકેંદ્રિય પર્યાયમાં જ વ્યતીત કરે છે. ત્યાં ઈતર નિગોદમાં તે ઘણો કાળ રહે છે. તથા કેટલોક કાળ પૃથ્વી, અપ, તેજ, વાયુ અને પ્રત્યેક વનસ્પતિમાં રહે છે. નિત્ય નિગોદમાંથી નીકળી ત્રસ પર્યાયમાં રહેવાનો ઉત્કૃષ્ટ કાળ કાંઈક અધિક બે હજાર સાગર જ છે.

ત્રસની ઉત્કૃષ્ટ સ્થિતિ બે હજાર સાગરની જ છે, એટલા કાળમાં જો ધર્મ ન પામ્યો તો પાછો નિગોદ-એકેંદ્રિયમાં જાય છે. અનાદિથી નિગોદમાં હતો, તેમાંથી નીકળી અનંતકાળે માંડમાંડ મનુષ્યપણું પામ્યો, છતાં આત્માની દરકાર ન કરે તો પાછો અનંતકાળ નિગોદમાં જશે. નિગોદમાંથી નીકળીને મનુષ્યપણું મળવું મહાદુર્લભ છે. જેમ તાવડામાં ચણા શેકાતા હોય તેમાંથી કોઈક ચણો ઊછળીને બહાર નીકળે છે, તેમ નિગોદમાંથી નીકળીને ત્રસપણું પામવું બહુ દુર્લભ છે. પાછો નિગોદમાં જાય તો તે ઈતર નિગોદમાં ઉત્કૃષ્ટ કાળ અઢી પુદ્‌ગલપરાવર્તન રહે છે, તથા તેજ-વાયુ વગેરેમાં અસંખ્ય કાળ રહે છે. નિગોદમાંથી નીકળીને ત્રસ પર્યાયમાં રહેવાનો ઉત્કૃષ્ટ કાળ બે હજાર સાગરથી કાંઈક અધિક જ છે. એકેંદ્રિયમાં રહેવાનો સમુચ્ચયકાળ ઉત્કૃષ્ટ અસંખ્યાત પુદ્‌ગલપરાવર્તન છે, તે કાળ એટલો બધો લાંબો છે કે તેના અનંતમાં ભાગમાં પણ અનંતી ચોવીસી હોય છે. અનંતકાળ નિગોદમાં કાઢ્યો, ને મનુષ્ય થયો ત્યાં માન-અપમાનમાં રોકાયો, પણ આત્માની દરકાર કરતો નથી. અહીં આ બતાવીને કહે છે કે હે જીવ ! હવે તું ચેત ! મનુષ્યપણું પામ્યો છો તો આત્માની સમજાણ કર.

એકેંદ્રિય જીવને જ્ઞાન-દર્શનની શક્તિ બહુ જ અલ્પ થઈ ગઈ છે, એકેંદ્રિય જીવ તો સ્પર્શ ઈંદ્રિયના નિમિત્તે મતિજ્ઞાનથી માત્ર સ્પર્શને જ જાણે છે તથા શ્રુતજ્ઞાન પણ બહુ જ અલ્પ છે. તે જીવને જ્ઞાન ઘણું હણાઈ ગયું છે, જ્ઞાન-દર્શન અત્યંત હીણા થઈ ગયા છે ને ઈચ્છા તો ઘણી તીવ્ર છે, તેથી તે મહાદુઃખી છે.

વળી દર્શનમોહના ઉદયથી તેમને મિથ્યાશ્રદ્ધાન જ હોય છે, એટલે દેહને જ પોતાનું સ્વરૂપ માને છે. પણ બીજો વિચાર કરવાની શક્તિ જ નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરેનો વિચાર કરવાની શક્તિ જ નથી ને ચારિત્રમોહના નિમિત્તથી તીવ્ર કષાયપણે તે જીવો પરિણમે છે. એકેંદ્રિય જીવોને તીવ્ર ક્રોધાદિ કષાય હોય છે, ઠંડું પાણી હોય તેના જીવને પણ તીવ્ર ક્રોધાદિ કષાય છે. બહારમાં દેખાય છે તે તો શરીર છે, પણ અંદર જીવ છે તેને તીવ્ર કષાય છે, ને તે એકેંદ્રિય જીવોને કૃષ્ણ-નીલ-કાપોત -એ ત્રણ અશુભ લેશ્યાઓ જ કેવળી ભગવાને કહી છે. કષાય ઘણો છે પણ શક્તિ



ઘણી અલ્પ જ છે, તે એવા મૂર્છાઈ ગયા છે કે ક્રોધાદિની ચેષ્ટા બહાર ન દેખાય. જેમ ઘણો માર પડતાં માણસ બેભાન થઈ જાય, છતાં તે વખતે તેને ઘણું દુઃખ છે. બેભાન દશામાં ઓછું દુઃખ હોય -એ વાત જૂઠી છે. લીલોતરીના ઘાસ પવનથી લીલાછમ હોય તેનો જીવ પણ તીવ્ર દુઃખી છે. કલ્પવૃક્ષ કે ચિંતામણી તેનો એકેંદ્રિય જીવ પણ મહાદુઃખી છે. નરકના દુઃખ કરતાં ય નિગોદના જીવનું દુઃખ અનંતગણું છે. જ્ઞાન ઘણું જ અલ્પ રહ્યું છે માટે કષાય શું કરે ? - એમ પૂછે તો તેનો ઉત્તર : એવો ખાસ નિયમ નથી કે જેટલું જ્ઞાન હોય તેટલો જ કષાય થાય. કોઈને જ્ઞાન ઘણું હોય છતાં કષાય અલ્પ જ હોય અને જ્ઞાન અલ્પ હોય છતાં કષાય તીવ્ર હોય. જેમ કોઈ આંધળા કે બહેરાને તે પ્રકારનું જ્ઞાન થોડું હોવા છતાં તીવ્ર કષાય હોય છે. તેમ એકેંદ્રિય જીવોને જ્ઞાન અતિશય અલ્પ હોવા છતાં કષાયભાવ ઘણો જ તીવ્ર છે. પણ શક્તિહીન હોવાથી કષાયને બાહ્યમાં પ્રગટ કરવાની તાકાત રહી નથી, પણ અંદર તો કષાય ઘણો છે ને તેથી મહાદુઃખી છે. આત્માનું ભાન કરીને કષાય મટે તો દુઃખ મટે. માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ દુઃખ ટાળવાનો ને સુખી થવાનો સાચો ઉપાય છે.

### માગશર વદ ૩, ગુરુવાર, ૪-૧૨-૫૨.

સંસારમાં દુઃખ છે ને મોક્ષમાં સુખ છે -તેનું આ વર્ણન છે. એકેંદ્રિય જીવોના દુઃખનું આ વર્ણન ચાલે છે. લીલોતરી લીલીછમ હોય ને પવનથી લહેરાતી હોય ત્યાં કોઈને એમ લાગે કે આ મલકાય છે એટલે દુઃખી નથી, પણ તે જીવ મહા દુઃખી છે. તેમને કષાય ઘણો છે પણ તે વ્યક્ત કરવાની શક્તિ નથી. જેમ શક્તિહીન દુર્બળ માણસને અંતરમાં ઘણો કષાય થાય પણ બહારમાં કાંઈ કરી શકતો નથી, મનમાં ને મનમાં ક્રોધાદિ કરીને દુઃખી થાય છે. તેમ એકેંદ્રિયાદિ જીવોને કોઈ કારણથી મહા કષાય થાય પણ શક્તિ તો અલ્પ છે તેથી કષાય બહારમાં વ્યક્ત કરી શકતા નથી, પણ તેઓ મહા દુઃખી જ છે. એકેંદ્રિય જીવને ઉદીરણા વગેરે કારણોથી મહા કષાય થાય છે. એકેંદ્રિય જીવો મહા દુઃખી છે -તે વાત સર્વજ્ઞ સિવાય બીજા જાણી શકે નહિ. માણસ થઈને પણ જેણે આત્માની દરકાર કરી નહિ, તત્ત્વનો અનાદર કર્યો તેઓ ક્રમે ક્રમે એકેંદ્રિય થાય છે ને ત્યાં તેઓ મહા દુઃખી છે. વનસ્પતિ હસે છે -એ વાત જૂઠી છે, તેને હસવાનું હોતું નથી. વળી નિયમિત પાણી તથા પવન મળતાં હોય છતાં પણ વનસ્પતિ વગેરે જીવો મહા દુઃખી છે. શક્તિ ઓછી ને કષાય ઘણો હોવાથી એકેંદ્રિય જીવો મહા દુઃખી છે. તેમના દુઃખોને તો તે જ ભોગવે અને સર્વજ્ઞ ભગવાન જ જાણે, બીજો જાણી શકે નહિ. સન્નિપાતનો રોગી જીવ શક્તિ ઘટી જવાથી તથા બાહ્ય શક્તિહીન હોવાથી પોતાનું દુઃખ પ્રગટ કરી શકતો નથી, પણ અસાધ્ય થઈને મહા દુઃખી છે, બહારમાં દુઃખની ચેષ્ટા ન દેખાય છતાં અંદર તે મહા દુઃખી જ છે. અસાધ્ય થઈ જાય ત્યાં દુઃખ ઓછું નથી પણ દુઃખ ઘણું વધી ગયું છે. એક માણસને કોઈ ધોકા મારતો

હોય ને રાડો પાડે - બૂમાબૂમ કરે ત્યારે બીજા તેને દુઃખી માને છે, પણ સહનશક્તિ જ્યારે ન રહી ને બેભાન થઈ ગયો ત્યારે રાડ ન પાડે, છતાં તે વખતે દુઃખ ઘણું વધી ગયું છે. તેમ એકેંદ્રિય જીવોને જ્ઞાનાદિની શક્તિ ઘણી અલ્પ છે, ને કષાય ઘણો તીવ્ર છે, તેથી તે દુઃખ પ્રગટ કરી શકતા નથી પણ અંદર તો તે મહા દુઃખી જ છે.

એ પ્રમાણે ચાર ઘાતિકર્મોના નિમિત્તે દુઃખ બતાવ્યું. હવે અઘાતિકર્મના નિમિત્તે દુઃખનું વર્ણન કરે છે.

અઘાતિકર્મોમાં મુખ્યપણે તેમને પાપપ્રકૃતિઓનો જ ઉદય હોય છે. અશાતાવેદનીયનો ઉદય થતાં તેના નિમિત્તથી તેઓ મહા દુઃખી હોય છે, પવનથી તૂટી જાય છે, શીત-ઉષ્ણતાથી અને જળ ન મળવાથી વનસ્પતિ સૂકાઈ જાય છે. અગ્નિથી બળી જાય છે. કોઈ છેદે છે, ભેદે છે, મસળે છે, ખાય છે, તોડે છે ઈત્યાદિ અવસ્થા થાય છે. એ અવસ્થાઓ હોવાથી એકેંદ્રિય જીવો મહા દુઃખી છે.

એકેંદ્રિયાદિ જીવોને બાદર શરીર વગેરે પ્રકૃતિઓ છે તે પુણ્યપ્રકૃતિ છે. મુખ્યપણે તો તેને પાપ-પ્રકૃતિઓનો જ ઉદય છે, એટલે અશાતાથી તેઓ મહા દુઃખી થાય છે, અશાતાનો ઉદય તો નિમિત્ત છે, પણ તે વખતે તીવ્ર મોહથી પર્યાયની શક્તિ હણાઈ ગઈ છે તેથી તેઓ મહા દુઃખી છે. ટાઢ વગેરે અવસ્થાથી જેમ મનુષ્યને દુઃખ થાય છે તેમ તે એકેંદ્રિય જીવો પણ ટાઢ વગેરેથી મહા દુઃખી છે. તે જીવોને માત્ર સ્પર્શ ઈંદ્રિયનો જ ઉઘાડ છે, તે વડે સ્પર્શની અવસ્થાઓને જાણતાં તીવ્ર મોહવશ તેઓ મહા દુઃખી થાય છે. પરંતુ તેમનામાં લડવાની, બોલવાની, ભાગવાની શક્તિ નથી તેથી લોકો તેમના દુઃખને દેખતાં નથી, પણ તે મહા દુઃખી છે. વળી ક્યારેક કિંચિત્ શાતાનો ઉદય હોય છે પણ તે ઘણો અલ્પ છે. એકેંદ્રિય જીવોને મહા પાપનો ઉદય છે, તેથી તેઓ મહા દુઃખી છે.

વળી આયુકર્મના ઉદયથી એ એકેંદ્રિય જીવોમાં જે અપર્યાપ્ત જીવો છે તેમના પર્યાયની સ્થિતિ એક ઉચ્છ્વાસના અઢારમા ભાગમાત્ર જ છે અને પર્યાપ્ત જીવોની સ્થિતિ એક અંતર્મુહૂર્ત આદિ કેટલાક વર્ષ સુધીની છે. તેમને આયુષ્ય થોડું હોવાથી જન્મ-મરણ થયાં જ કરે છે, જેથી તેઓ મહા દુઃખી છે.

નામકર્મના ઉદયમાં તિર્યંચગતિ આદિ પાપપ્રકૃતિઓનો જ ઉદય વિશેષપણે તેમને હોય છે. કોઈક પુણ્યપ્રકૃતિનો ઉદય તેમને હોય પણ તેનું બળવાનપણું નથી તેથી એ વડે કરીને મોહવશપણે તેઓ મહાદુઃખી છે. પર્યાપ્તપણું, બાદરપણું વગેરે પુણ્યપ્રકૃતિના ઉદયથી છે.

ગોત્રકર્મમાં માત્ર એક નીચ ગોત્રનો જ તેમને ઉદય છે, જેથી તેમની મહત્તા કાંઈ થતી નથી, તેથી પણ તેઓ દુઃખી જ છે.



એ પ્રમાણે એકેંદ્રિય જીવો મહા દુઃખી જ છે. આ સંસારમાં જેમ પથ્થરને જમીન વગેરેનો આધાર હોય ત્યાં તો તે ઘણો કાળ રહે છે પણ આકાશમાં ઊછાળો તો તે પથ્થર આકાશમાંથી તો અલ્પકાળમાં જ નીચે પડે છે -તેમ ત્રસપર્યાયમાં તો જીવ બહુ અલ્પકાળ રહે છે, ને નિગોદાદિ એકેંદ્રિયમાં ઘણો લાંબો કાળ રહે છે, માટે હે જીવ ! તું નિગોદથી ઊંચે ચડીને મનુષ્યપર્યાય પામ્યો છો તો તારા આત્માના સ્વરૂપનું ભાન કરી લે. સ્વરૂપનો આશ્રય કરી લે જેથી તારે ફરીને આવા અવતાર ન થાય. એ માટે આ વાત કરી છે.

## વિકલેંદ્રિય તથા અસંજ્ઞી પંચેંદ્રિયપર્યાયના દુઃખ

વળી બેઈંદ્રિય, તેઈંદ્રિય, ચૌરેંદ્રિય અને અસંજ્ઞી પંચેંદ્રિય પર્યાયોને જીવ ધારણ કરે છે. ત્યાં પણ એકેંદ્રિય પર્યાય જેવા જ દુઃખ હોય છે. વિશેષમાં એટલું કે : અહીં ક્રમપૂર્વક એક એક ઈંદ્રિયજનિત જ્ઞાન-દર્શનની વા કંઈક શક્તિની અધિકતા થઈ છે તથા બોલવા-ચાલવાની શક્તિ પણ પ્રાપ્ત થઈ છે. તેમાં પણ જે અપર્યાપ્ત છે વા પર્યાપ્ત છતાં પણ હીનશક્તિના ધારક નાના જીવો છે તેમની શક્તિ તો પ્રગટ થતી નથી, પણ કેટલાંક પર્યાપ્ત અને ઘણી શક્તિના ધારક મોટા જીવો છે તેમની શક્તિ પ્રગટ હોય છે. તેથી તે જીવો વિષયોને પ્રાપ્ત કરવાનો તથા દુઃખ દૂર થવાનો ઉપાય કરે છે. ક્રોધાદિથી કાપવું, મારવું, લડવું, છળ કરવો, અન્નાદિકનો સંગ્રહ કરવો, ભાગી જવું, દુઃખથી તડફડાટ કરવો અને પોકાર કરવો ઈત્યાદિ કાર્ય તેઓ કરે છે. માટે તેમના દુઃખ કંઈક પ્રગટ પણ થાય છે. લટ, કીડી વગેરે જીવોને શીત, ઉષ્ણ, છેદન, ભેદન વા ભૂખ-તરસ આદિ વડે પરમ દુઃખી જોઈએ છીએ. એ સિવાય બીજા દુઃખો પણ જે પ્રત્યક્ષ દેખાય છે તેનો વિચાર વાંચકે કરી લેવો. અહીં વધારે શું લખીએ ? એ પ્રમાણે બેઈંદ્રિયાદિ જીવો પણ મહા દુઃખી જાણવા.

એકેંદ્રિય કરતાં બેઈંદ્રિય વગેરેને ક્રમે ક્રમે જ્ઞાન-દર્શન-વીર્યની શક્તિ વધતી જાય છે, તથા બેઈંદ્રિય વગેરેને બોલવા-ચાલવાની શક્તિ પણ પ્રગટ થઈ છે. બોલવા-ચાલવાની ક્રિયા તો જડની છે, પણ અંદર તે પ્રકારની જીવની વીર્ય શક્તિનો ઉઘાડ થયો છે -તે અહીં બતાવવું છે. બેઈંદ્રિય વગેરેમાં પણ જે અપર્યાપ્ત છે તથા અલ્પ શક્તિવાળા છે તેમને એવી શક્તિ હોતી નથી. મોટો સર્પ નાના સર્પને ખાઈ જાય, કીડી હોય તે ગોળની ગંધ આવે ત્યાં જાય, -એ જાતનો તેને ઉઘાડ વધ્યો છે. ''માખીનો વાઘ'' માખીનો શિકાર કરે ત્યારે એવો કપટથી ગૂપચૂપ જઈને માખીને પકડે. તે વાઘ ચૌરેંદ્રિય અસંજ્ઞી છે, છતાં તેનામાં એવું છળકપટ વગેરે હોય છે. ઈયળ તડકામાં તરફડે, કીડી હોય ને માથે પૈડું ફરી જાય -એવા અનેક પ્રકારે તે જીવો મહા દુઃખી છે.

## નરક અવસ્થાના દુઃખોનું વર્ણન

નારકી જીવો પંચેંદ્રિય તથા સંજ્ઞી છે. સંજ્ઞી પંચેંદ્રિયોમાં નરકના જીવો સર્વ પ્રકારે મહા દુઃખી છે, તેમનામાં જ્ઞાનાદિની શક્તિ કંઈક છે પણ વિષયોની ઈચ્છા ઘણી હોવાથી તથા ઈષ્ટ વિષયોની

સામગ્રી કિંચિત્ પણ ન મળવાથી તેઓ મહા દુઃખી છે. પાંચે ઈંદ્રિયોનો ઉઘાડ તો થયો છે પણ ઈષ્ટ સામગ્રી મળતી નથી તેથી મહા આકુળતાથી તેઓ દુઃખી છે.

ક્રોધાદિક કષાયોનું અતિ તીવ્રપણું હોવાથી તેમને કૃષ્ણાદિક અશુભ લેશ્યાઓ જ હોય છે. ક્રોધ-માન વડે એકબીજાને દુઃખ આપવાની જ નિરંતર પ્રવૃત્તિ હોય છે. જો તેઓ એકબીજાની સાથે મિત્રતા કરે તો એ દુઃખ મટી જાય. વળી અન્યને દુઃખ આપવાથી તેમનું કાંઈ પણ કાર્ય સિદ્ધ થતું નથી, છતાં ક્રોધ-માનના અતિ તીવ્રપણા વડે કરીને તેઓનામાં એકબીજાને દુઃખી કરવાની જ બુદ્ધિ રહે છે.

જો તેઓ એકબીજા સાથે મિત્રતા કરે તો પરસ્પર છેદન-ભેદનનું દુઃખ તો મટી જાય, પણ ત્યાં એમ બનતું નથી. વિક્રિયા વડે અન્યને દુઃખદાયક શરીરના અંગ વા શસ્ત્રાદિક બનાવી એ વડે પોતે બીજાને દુઃખી કરે વા પોતાને અન્ય કોઈ દુઃખી કરે છે. કોઈ પણ વેળા તેમનો કષાય શાંત થતો નથી.

અરે જીવ ! તને આ મનુષ્યપણું મળ્યું તો તું વિચાર કર કે દુઃખ છે, અને તે મટાડવાનો ઉપાય કરવો જરૂરી છે. તે ઉપાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, માટે તે ઉપાય કરવો યોગ્ય છે.

વળી તેમનામાં માયા-લોભની પણ અતિ તીવ્રતા છે. પરંતુ કોઈ ઈષ્ટ સામગ્રી ત્યાં દેખાતી નથી તેથી તેઓ એ કષાયોનું કાર્ય પ્રગટ કરી શકતા નથી, પણ એ વડે અંતરંગમાં તેઓ મહા દુઃખી જ છે. વળી કદાચિત્ કિંચિત્ કોઈ પ્રયોજન પામી તેનું કાર્ય વખતે બને છે. તેઓમાં હાસ્ય અને રતિ કષાય છે પણ બાહ્ય નિમિત્ત ન હોવાથી તે પ્રગટ થતાં નથી. કદાચિત્ કિંચિત્ કોઈ કારણવશાત્ પ્રગટ થાય છે. અરતિ, શોક, ભય અને જુગુપ્સાના બાહ્ય કારણો ત્યાં સદા હોય છે તેથી એ કષાયો તીવ્રપણે પ્રગટ હોય છે. ત્રણ પ્રકારના વેદમાં માત્ર એક નપુંસકવેદ તેમનામાં હોય છે. હવે ઈચ્છા તો ઘણી હોય છે પણ ત્યાં સ્ત્રી-પુરુષથી રમવાનું નિમિત્ત ન હોવાથી તેઓ મહા દુઃખી છે. એ પ્રમાણે કષાયો વડે તેઓ મહા દુઃખી છે.

મનુષ્ય અને તિર્યંચગતિમાં ત્રણે પ્રકારના વેદ હોય છે, પણ નરકમાં તો એકલો નપુંસકવેદ જ હોય છે, ત્યાં સ્ત્રી-પુરુષ હોતા નથી. અહીં મોટા શિકાર કરે, માંસ ખાય, પાપનો ભય રાખે નહિ -તેવા જીવો નરકમાં નપુંસક થાય છે.

નરકમાં વેદનીયકર્મમાં મુખ્યપણે તીવ્ર અશાતાનો જ ઉદય હોય છે. તેથી અનેક પ્રકારના ભૂખ-તરસ-છેદન-ભેદન વગેરે અશાતાના નિમિત્તો મળ્યા જ કરે છે. ભૂખ-તરસ એવી તીવ્ર લાગે છે કે જાણે દરિયાનું પાણી પી જાઉં ને દુનિયાનું બધું અનાજ ખાઈ જાઉં -પણ તેમને પીવાના પાણીનું ટીપું કે અનાજના કણિયો પણ મળતો નથી, તેથી તે મહા દુઃખી છે. ત્યાં મહા દુર્ગંધિત માટી ખાવા મળે છે પણ તે એવી હોય છે કે અહીં તેનો કણિયો આવે તો ય તેની દુર્ગંધથી કેટલાય ગાઉ



સુધીના માણસો મરી જાય. આવું નરકમાં દુઃખ છે, ને જીવે તેવું દુઃખ અનંતવાર ભોગવ્યું છે.

ભાઈ ! તું આત્મા છો, આત્મા અનાદિનો છે, પૂર્વે તેં આવા આવા અનેક અવતાર કર્યા છે, તેમાં આવા દુઃખો તું અનંતવાર ભોગવી ચૂક્યો પણ તને તારી ખબર નથી. તું આવા ભવો કરી ચૂક્યો, તેની આ વાત સર્વજ્ઞદેવ બતાવે છે, જેમ જોષી જોષ જુએ તેમાં બધું બતાવે, તેમ અહીં સર્વજ્ઞદેવ બતાવે છે કે જીવે પૂર્વે કેવા કેવા દુઃખ ભોગવ્યા.

નરકમાં શીત-ઉષ્ણતા એવાં હોય છે કે લાખ યોજનનો લોખંડનો ગોળો હોય તે પણ તેનાથી ભસ્મ થઈ જાય. તેમાં કેટલાક નરકોમાં અતિ શીતતા છે અને કેટલાક નરકોમાં અતિ ઉષ્ણતા છે. ત્યાંની પૃથ્વી શસ્ત્રથી પણ મહા તીક્ષ્ણ કંટકના સમૂહથી ભરેલી છે. એ પૃથ્વીના વનના ઝાડ શસ્ત્રની ધાર જેવા પાંદડાથી ભરેલા છે, જેનો સ્પર્શ થતાં શરીરના ખંડખંડ થઈ જાય એવા જલ સહિત તો જ્યાં નદીઓ છે, તથા જેથી શરીર દગ્ધ થઈ જાય એવો પ્રચંડ જ્યાં પવન છે, એ નારકીઓ એકબીજાને અનેક પ્રકારે દુઃખી કરે, ઘાણીમાં પીલે, શરીરના ખંડખંડ કરે, હાંડીમાં રાંધે, કોરડા મારે તથા લાલચોળ ગરમ લોખંડ આદિથી સ્પર્શ કરાવે ઈત્યાદિ વેદના પરસ્પર ઉપજાવે છે. ત્રીજી નરક સુધી તો અસુરકુમાર દેવ જઈને પોતે પીડા આપે વા તેમને પરસ્પર લડાવે. એવી તીવ્ર વેદના હોવા છતાં પણ તેમનું શરીર છૂટતું નથી, પારાની માફક ખંડખંડ થઈ જવા છતાં પણ પાછું મળી જાય છે. એવી ત્યાં તીવ્ર પીડા છે. વળી શાતાવેદનીયનું કોઈ નિમિત્ત ત્યાં નથી, છતાં કોઈ અંશે કદાચિત્ કોઈને પોતાની માન્યતાથી કોઈ કારણ અપેક્ષાએ કિંચિત્ શાતાનો ઉદય છે, પણ તે બળવાન નથી.

જુઓ, આ નરકના દુઃખ વર્ણવ્યા છે તે ''ભયસૂત્ર'' નથી, પણ યથાર્થ વસ્તુસ્થિતિનું વર્ણન કર્યું છે. જે જીવો આત્માનું ભાન કરતાં નથી ને મહા તીવ્ર શિકાર-માંસભક્ષણ વગેરે પાપો કરે છે તેને નરકનો અવતાર થાય છે ને ત્યાં તે જીવો આવા દુઃખ ભોગવે છે. આવા દુઃખથી બચવાનો ઉપાય સમ્યગ્દર્શનાદિક જ છે, માટે તું એવા ઉપાય કર - એ માટે આ ઉપદેશ છે.

નરકમાં ઘણી અશાતા જ છે, ત્યાં બહારમાં શાતાનો સંયોગ નથી, પણ અંદર પોતાની કલ્પનાથી ક્યારેક શાતાનો ઉદય પણ હોય છે, ભગવાનના પંચકલ્યાણક પ્રસંગે ત્યાં જીવોને કાંઈક શાતાનો ઉદય હોય છે પણ તે અલ્પકાળ છે ને બળવાન નથી.

વળી નરકનું આયુષ્ય જઘન્ય દશ હજાર વર્ષ તથા ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરનું હોય છે. એટલો બધો કાળ ઉપર કહેલા દુઃખો તેમને સહન કરવા પડે છે.

નામકર્મમાં બધી પાપપ્રકૃતિઓનો જ તેમને ઉદય વર્તે છે. એક પણ પુણ્યપ્રકૃતિનો ઉદય નથી જેથી તેઓ મહા દુઃખી છે. પર્યાપ્તપણું, બાદરપણું વગેરે કેટલીક પુણ્યપ્રકૃતિઓનો ઉદય છે ખરો, પણ તે દુઃખનું જ કારણ બને છે, તેથી બધી પાપપ્રકૃતિઓનો જ ઉદય ગણ્યો છે.

ગોત્રકર્મમાં માત્ર નીચ ગોત્રનો જ તેમને ઉદય છે જેથી તેમની કાંઈ પણ મહત્તા થતી નથી માટે તેઓ દુઃખી જ છે -એ પ્રમાણે નરકગતિમાં મહા દુઃખ છે.

## તિર્યંચ અવસ્થાના દુઃખોનું વર્ણન

તિર્યંચગતિમાં ઘણાં જીવો તો લબ્ધ અપર્યાપ્તક છે. તેમને તો ઉચ્છ્વાસના અઢારમા ભાગ માત્ર આયુષ્ય છે. કેટલાક નાના જીવો પર્યાપ્ત પણ હોય છે, પણ તેમની શક્તિ પ્રગટ જણાતી નથી. તેમના દુઃખો તો એકેંદ્રિય જેવા જ જાણવા. વિશેષમાં જ્ઞાનાદિકની તેમનામાં વિશેષતા છે. વળી મોટા પર્યાપ્ત જીવોમાં કેટલાક સન્મૂર્છન છે તથા કેટલાક ગર્ભજ છે. તેઓમાં જ્ઞાનાદિક પ્રગટ હોય છે, પણ તેઓ વિષયોની ઈચ્છા વડે સદા વ્યાકુળ જ હોય છે, કારણ કે ઘણા જીવોને ઈષ્ટવિષયની પ્રાપ્તિ હોતી જ નથી, પણ કોઈને કદાચિત્ કિંચિત્માત્ર હોય છે.

વળી તિર્યંચગતિના જીવો મિથ્યાત્વભાવ વડે અતત્ત્વશ્રદ્ધાવાળા બની રહ્યા છે. નરકના દુઃખમાં મિથ્યાત્વની વાત લીધી ન હતી પણ તેમાંય તે સમજી લેવી. નરકમાં તેમ જ તિર્યંચમાં કેટલાક જીવો સમકિતી પણ હોય છે, પણ તે ઘણા જ અલ્પ છે, તેમની વાત અહીં ગૌણ છે. ઢોર વગેરે જીવોને બિચારાને તત્ત્વની કાંઈ ખબર નથી, જીવ શું - અજીવ શું, તેની કાંઈ ખબર નથી; તેઓને મુખ્યપણે તીવ્ર કષાય જ હોય છે, ક્રોધ-માન વડે તેઓ પરસ્પર લડે છે, ભક્ષણ કરે છે, દુઃખ આપે છે, માયા-લોભ વડે તેઓ છલપ્રપંચ કરે છે તથા ઈચ્છિત વસ્તુને ચોરે છે, હાસ્યાદિક વડે તે તે કષાયના કાર્યમાં પ્રવર્તે છે. કદાચિત્ કોઈક જીવોને ક્યારેક મંદ કષાય પણ હોય છે, પણ તેની અહીં મુખ્યતા નથી.

વેદનીયમાં મુખ્યપણે તેમને અશાતાવેદનીયનો ઉદય હોય છે, જેથી તેમને રોગ, પીડા, ક્ષુધા, તૃષા, છેદન, ભેદન, બહુભારવહન, ટાઢ, તાપ અને અંગભંગાદિ અવસ્થાઓ વડે દુઃખી થતાં પ્રત્યક્ષ જોઈએ છીએ. માટે અહીં ઘણું કહેતા નથી. વળી કોઈને કદાચિત્ કિંચિત્ શાતાવેદનીયનો પણ ઉદય હોય છે, પરંતુ એ થોડા જીવોને હોય છે. તેથી અહીં તેની મુખ્યતા નથી.

જુઓ, આ દુઃખ ! આનો વિચાર પણ કરે તો વૈરાગ્ય થઈ જાય તેવું છે, આત્માની ઓળખાણ વગર જીવે અનંતવાર આવા અવતાર કર્યા છે. ત્યાં ખરેખર સંયોગનું દુઃખ નથી પણ અંદર ચૈતન્યને ચૂકીને મોહથી દુઃખી છે. તિર્યંચમાં પણ અસંખ્ય જીવો મગરમચ્છ-માછલાં-હાથી વગેરે જીવો આત્મભાન સહિત હોય છે. અઢી દ્વીપ બહાર અસંખ્ય જીવો શ્રાવક છે, તેમને આવા તીવ્ર દુઃખ હોતાં નથી. અહીં તો અજ્ઞાની જીવો મોહ અને કષાયથી દુઃખી થઈ રહ્યા છે તેની જ મુખ્ય વાત છે.

તિર્યંચનું આયુષ્ય અંતર્મુહૂર્ત આદિ કોટીપૂર્વ સુધીનું હોય છે. ત્યાં ઘણા જીવો તો અલ્પ આયુષ્યના



ધારક હોય છે તેથી તેઓ વારંવાર જન્મ-મરણના દુઃખ પામે છે. વળી ભોગભૂમિના જીવોનું આયુષ્ય ઘણું હોય છે તથા તેમને શાતાવેદનીયનો ઉદય પણ હોય છે, પરંતુ એવા જીવો થોડા છે. નામકર્મમાં મુખ્યપણે તિર્યંચગતિ આદિ પાપપ્રકૃતિઓનો જ તેમને ઉદય વર્તે છે. કોઈને કદાચિત્ કોઈ પુણ્ય પ્રકૃતિઓનો પણ ઉદય હોય છે, પરંતુ તે થોડા જીવોને અને થોડો હોય છે. તેથી અહીં તેની મુખ્યતા નથી. ગોત્રકર્મમાં એક નીચ ગોત્રનો જ ઉદય હોય છે તેથી તેઓ હીન બની રહ્યા છે. -એ પ્રમાણે તિર્યંચગતિમાં પણ મહા દુઃખ હોય છે.

એ પ્રમાણે તિર્યંચગતિના દુઃખોનું વર્ણન કર્યું.

**માગશર વદ ૪, શુક્રવાર, ૫-૧૨-૫૨.**

સંસાર અવસ્થામાં જીવના દુઃખોનું વર્ણન ચાલે છે. સંસારમાં દુઃખ છે એમ માને તો તેનાથી છૂટવાનો ઉપાય કરે, પણ જો સંસારમાં જ સુખ માને તો તે મોક્ષમાર્ગનો ઉપાય સાંભળવા નવરો ક્યાંથી થાય ? મારા સ્વભાવમાં દુઃખ નથી, ને વિકારી પર્યાય તે સંસાર છે ને દુઃખરૂપ છે-એમ જાણે તો સત્સમાગમ કરીને સમ્યગ્દર્શનાદિનો ઉપાય કરે.

## મનુષ્યગતિના દુઃખોનું વર્ણન

મનુષ્યગતિમાં અસંખ્યાતા જીવો તો લબ્ધિ અપર્યાપ્તક છે, તે અસંજ્ઞી નથી પણ સંજ્ઞી છે, પણ સન્મૂર્છન છે, તેમનું આયુષ્ય ઉચ્છ્વાસના અઢારમા ભાગમાત્ર હોય છે.

વળી કેટલાક જીવો ગર્ભમાં આવી થોડા જ કાળમાં મરણ પામે છે. તેમની શક્તિ પ્રગટ ભાસતી નથી એટલે એમના દુઃખો તો એકેંદ્રિયવત્ સમજવા. વિશેષ છે તે વિશેષ સમજવા. ગર્ભજ જીવોને કેટલોક કાળ ગર્ભમાં રહેવાનું થઈ પછી બહાર નીકળવું થાય છે. તેમના દુઃખોનું વર્ણન કર્મ અપેક્ષા પૂર્વે વર્ણન કર્યું છે તેવું સમજવું. એ બધું વર્ણન ગર્ભજ મનુષ્યોને સંભવે છે. અથવા તિર્યંચોનું વર્ણન કર્યું છે તેમ જાણવું.

મનુષ્યપણામાં કોઈ શક્તિ વિશેષ હોય છે, રાજાઓ વગેરેને શાતાનો વિશેષ ઉદય હોય છે. ભલે વર્તમાનમાં પાપ કરતાં હોય ને નરકે જવાના હોય, પણ તેમને પૂર્વની શાતાનો ઉદય હોય છે. તથા કોઈને ઊંચ કુળ હોય છે, ધન-કુટુંબ વગેરે વિશેષ હોય છે. ગર્ભ અવસ્થામાં અનેક પ્રકારના દુઃખો છે તે તો પ્રત્યક્ષ દેખાય છે. માતાના પેટમાં જ મરી જાય, કોઈ જન્મતાં મરી જાય, મહિને-બે મહિને મરી જાય - તે બધાના દુઃખો તો નજરે દેખાય છે, પણ જીવ દરકાર કરતો નથી.

જેમ વિષ્ટામાં લટ-ઈયળ ઉત્પન્ન થાય છે તેમ માતાના પેટમાં અશુચિમાં શરીર ધારણ કરીને જીવ ઊપજે છે અને પછી ત્યાં ક્રમપૂર્વક શરીરની તેમ જ જ્ઞાનાદિકની વૃદ્ધિ થાય છે.

ગર્ભ અવસ્થામાં ઘણાં દુઃખ છે. માતાના પેટમાં સંકોચરૂપ રહે છે તથા ઊંધા માથે રહે છે. અહીં સંયોગથી વાત કરી છે, પણ સંયોગનું દુઃખ નથી, પણ ચૈતન્યને ચૂકીને દેહમાં મૂર્છાઈ ગયો છે તેથી તે દુઃખી છે. ગર્ભમાંથી બહાર નીકળીને બાળ-અવસ્થામાં મહા દુઃખી થાય છે. બાલકપણામાં દુઃખ ઘણું છે પણ વ્યક્ત કરવાની શક્તિ નથી. કોઈ એમ કહે કે બાલકપણું તો નિર્દોષ છે માટે તેમાં ઓછા દુઃખ છે પણ એમ નથી. બાલકપણામાં પણ તીવ્ર કષાયથી મહા દુઃખી છે, પણ શક્તિ ઓછી હોવાથી તે વ્યક્ત થઈ શકતું નથી.

વળી મોટો થતાં વેપારધંધામાં ને વિષય કષાયમાં પાપભાવથી મહા દુઃખી આકુળવ્યાકુળ થાય છે, ત્યાં ઇષ્ટ-અનિષ્ટજનિત આકુળતા થયા કરે છે. વળી વૃદ્ધાવસ્થામાં શક્તિહીન થઈ જવાથી વિષય કષાયની ઇચ્છાથી મહા દુઃખી થાય છે. આવા પ્રકારના દુઃખો થતાં પ્રત્યક્ષ જોઈએ છીએ.

અહીં ગ્રંથકાર કહે છે કે અરે ! આવા દુઃખો પ્રત્યક્ષ દેખાય છે, અમે વિશેષ શું કહીએ ? કેમ કે પ્રત્યક્ષ પણ જેને નથી ભાસતા તે કોઈના કહેલાં કેમ સાંભળશે ? અરે જીવ ! તું જો કે આવા પ્રકારના દુઃખોથી તું દુઃખી થઈ રહ્યો છે કે નહિ ? જેને સંસારમાં દુઃખ ન ભાસે તેને અમે શું કહીએ ? ચાર ચાર છોકરાં હોય છતાં જુદા થાય ને ઘરડા મા-બાપને હાથે રાંધવું પડતું હોય, ત્યાં તે યાદ કરીને દુઃખી થાય કે અરેરે ! ચાર ચાર છોકરાં છતાં હાથે રાંધવું પડે છે ! પણ ત્યાં ધર્મને યાદ કરતો નથી.

વળી મનુષ્યગતિમાં કોઈ વેળા કંઈક શાતાનો ઉદય હોય છે, પણ તે આકુળતામય છે. તીર્થંકર-ચક્રવર્તી વગેરે શ્રેષ્ઠપદ છે તે તો મોક્ષમાર્ગ પ્રાપ્ત થયા વિના હોતા જ નથી. તીર્થંકરાદિ પદવી સમ્યગ્દષ્ટિને જ બંધાય છે, એટલે તેની અહીં વાત નથી. અજ્ઞાની જીવો મનુષ્યગતિમાં પણ દુઃખી જ છે. છતાં પણ આવી મનુષ્યપર્યાયમાં જે જીવ પોતાનું ભલું થવાનો પ્રયત્ન કરે તો તે થઈ શકે છે. અજ્ઞાની તો વિષયકષાયમાં જીવન વ્યર્થ ગુમાવે છે પણ કલ્યાણનો ઉપાય કરતો નથી. તે માટે શેરડીનો દાખલો આપે છે.

જેમ કાણાં સાઠાની જડ વા સાંઠા ઉપરનો ફિક્કો ભાગ તો ચૂસવા યોગ્ય જ નથી અને વચ્ચેની પેલી ગાંઠો તે પણ ચૂસી શકાતી નથી છતાં કોઈ સ્વાદનો લોલુપી તેને બગાડો તો ભલે બગાડો પરંતુ જો તેને વાવવામાં આવે તો તેમાંથી ઘણાં સાંઠા થાય અને તેનો સ્વાદ પણ ઘણો મીઠો આવે. તેમ મનુષ્યપણામાં બાળ અને વૃદ્ધપણું તો સુખ ભોગવવા યોગ્ય નથી, વચ્ચેની અવસ્થા તે પણ રોગ-કલેષાદિ યુક્ત હોવાથી ત્યાં સુખ ઊપજતું નથી. છતાં કોઈ વિષયસુખનો લોલુપી તેને બગાડે તો ભલે બગાડે, પરંતુ જો તેને ધર્મસાધનમાં લગાવે તો તેથી ઘણા ઉચ્ચપદને તે પામે. ત્યાં ઘણું નિરાકુળ સુખ પામે. માટે અહીં જ પોતાનું હિત સાધવું. પણ સુખ થવાના ભ્રમથી આ મનુષ્ય જન્મને વૃથા ન ગુમાવવો.



મનુષ્યપણામાં સાચી સમજણ કરી અતીંદ્રિય આનંદનો ઉપાય કરે તો પરમ સુખ પામે. માટે વિષયાદિમાં સુખ માનીને ભ્રમથી આ મનુષ્યપણું વ્યર્થ ન ગુમાવવું પણ સાચી સમજણ કરી આત્માના કલ્યાણનો ઉપાય કરવો. અત્યારે બહારનું ભોગવી લઈને ને ધર્મ પછી વૃદ્ધાવસ્થામાં કરશું એવા ભ્રમથી મનુષ્યપણું વ્યર્થ ન ગુમાવવું પણ શક્તિ હોય ત્યાં જ ધર્મસાધન કરી લેવું.

## દેવગતિના દુઃખોનું વર્ણન

આત્માના ભાન વિના કાંઈક મંદ કષાય અને શુભ પરિણામ કર્યા હોય તેવા જીવો મરીને હલકા દેવ થાય છે. તે જીવો દેવપણામાં પણ મિથ્યાશ્રદ્ધા વગેરેથી મહા દુઃખી જ છે. દેવગતિમાં કષાય કાંઈક મંદ છે, ભવનવાસી, વ્યંતર અને જ્યોતિષી દેવોને કષાય ઘણો મંદ નથી, ઉપયોગ બહુ ચંચળ છે તથા શક્તિ કંઈક છે તેથી તેઓ કષાયના કાર્યોમાં જ પ્રવર્તે છે. કુતૂહલાદિ તથા વિષયાદિ કાર્યોમાં જ તેઓ લાગી રહેલા હોવાથી એ વ્યાકુળતા વડે તેઓ દુઃખી જ છે. કેટલાક દેવો તીર્થંકર ભગવાન પાસે જાય છે, પણ ત્યાં કુતૂહલબુદ્ધિથી જાય છે, તથા અતત્ત્વશ્રદ્ધાનવાળા જીવો ઘણાં છે, તેઓ વિષય કષાય વગેરેમાં જ પ્રવર્તે છે.

વૈમાનિક દેવોમાં ઉપર ઉપરના દેવોને વિશેષ મંદ કષાય હોય છે. સોળ સ્વર્ગ છે તેમ જ પછી પણ નવ ગ્રૈવેયક વગેરે છે. તેમાં કષાયની મંદતા છે. અહીંથી વિશેષ મંદ કષાય કરીને ગયા છે, તે કષાયની મંદતા ત્યાં પણ છે. વળી તે દેવોને શક્તિ પણ વિશેષ છે, આયુષ્ય-ઋદ્ધિ વગેરે વિશેષ છે. તે દેવો આકુળતાથી તથા ક્રોધાદિથી દુઃખી છે, પણ ત્યાં બાહ્ય કારણો થોડા હોવાથી તે ક્રોધાદિના કાર્યની ગૌણતા છે.

કોઈનું બૂરું કરવું, કોઈને હીન કરવો ઇત્યાદિ કાર્ય નિકૃષ્ટ દેવોમાં તો કુતૂહલાદિક વડે હોય છે, પણ ઉત્કૃષ્ટ દેવોમાં થોડા હોય છે તેથી ત્યાં તેની મુખ્યતા નથી. માયા-લોભ કષાયના કારણો ત્યાં હોવાથી તેના કાર્યની મુખ્યતા છે. છલ કરવો, વિષય સામગ્રીની ઇચ્છા કરવી ઇત્યાદિ કાર્ય ત્યાં વિશેષ હોય છે. એ પણ ઉપર ઉપરના દેવોને થોડા હોય છે. હાસ્ય અને રતિ કષાયના કારણો ઘણાં હોવાથી તેના કાર્યોની ત્યાં મુખ્યતા હોય છે. અરતિ, શોક, ભય અને જુગુપ્સાના કારણો થોડા હોવાથી તેના કાર્યોની ત્યાં ગૌણતા હોય છે, તથા સ્ત્રી-પુરુષવેદનો ત્યાં ઉદય છે અને રમવાના નિમિત્ત પણ છે તેથી તેઓ કામસેવન કરે છે, એ કષાય પણ ઉપર ઉપરના દેવોમાં મંદ હોય છે. અહમિન્દ્ર દેવોમાં વેદની મંદતા હોવાથી કામસેવનનો પણ અભાવ હોય છે. એ પ્રમાણે દેવોને કષાયભાવ હોય છે અને કષાયથી જ દુઃખ છે.

આત્માના ભાન વિના જીવ સ્વર્ગમાં પણ અનંતવાર જઈ આવ્યો પણ ત્યાં આકુળતાથી દુઃખી જ રહ્યો. વૈમાનિકમાં કેટલાક જીવો સમ્યગ્દષ્ટિ છે, તેમને દુઃખ ઘણું અલ્પ છે. પાંચમા સ્વર્ગમાં લોકાન્તિક દેવો છે તેઓને બ્રહ્મર્ષી કહેવાય છે, તેઓ બ્રહ્મચારી એકાવતારી જ હોય છે, તીર્થંકર

ભગવાનના વૈરાગ્ય વખતે આવે છે.

નવ ગ્રૈવેયક ઉપરના બધા જીવો સમકિતી જ છે. દેવગતિમાં ઉપર ઉપરના દેવોને કષાય થોડો હોવાથી દુઃખ થોડું છે, તેથી બીજા જીવોની અપેક્ષાએ તેમને સુખી કહેવાય છે, પણ તેઓને પણ જેટલો કષાય છે તેટલું દુઃખ જ છે.

વળી વેદનીયમાં શાતાનો ઉદય તેમને ઘણો છે. તેમાં ભવનત્રિક દેવોને થોડો હોય છે તથા વૈમાનિક દેવોમાં ઉપર ઉપરના દેવોને વધારે હોય છે. શરીરની ઈષ્ટ અવસ્થા તથા સ્ત્રી-મકાનાદિક સામગ્રીઓનો સંયોગ હોય છે. કદાચિત્ કિંચિત્ અશાતાનો ઉદય પણ કોઈ કારણથી તેમને હોય છે. એ અશાતાના ઉદય હલકા દેવોને કંઈક પ્રગટ છે પણ પરંતુ ઉત્કૃષ્ટ દેવોને તે વિશેષ પ્રગટ નથી. તેમનું આયુષ્ય ઘણું છે, ઓછામાં ઓછું દસ હજાર વર્ષ તથા ઉત્કૃષ્ટ એકત્રીસ સાગર છે. દેવમાં એકત્રીસ સાગર કરતાં વધારે આયુષ્ય સમ્યગ્દષ્ટિ મોક્ષમાર્ગી સિવાય બીજાને હોતું નથી. ભાવલિંગી મુનિ સંત હોય તે જ નવમી ગ્રૈવેયક ઉપર જાય છે, મિથ્યાદષ્ટિને ૩૩ સાગરનું સ્વર્ગનું આયુષ્ય હોતું નથી. પણ અજ્ઞાની જીવ સ્વર્ગમાં એટલો લાંબો કાળ વિષયોમાં મગ્ન રહે છે.

નામકર્મમાં દેવગતિ વગેરે સર્વ પુણ્યપ્રકૃતિઓનો જ તેમને ઉદય છે. ગોત્રકર્મમાં તેમને ઉચ્ચ ગોત્રનો જ ઉદય છે તેથી તેઓ મહાનપણાને પ્રાપ્ત છે. એ પ્રમાણે પુણ્યોદયની વિશેષતા વડે તેમને ઈષ્ટ સામગ્રી મળી છે અને કષાયજનિત ઈચ્છા હોવાથી તેને ભોગવવામાં તેઓ આસક્ત બની રહ્યા છે; એમ છતાં પણ ઈચ્છા તો અધિક જ રહે છે તેથી તેઓ સુખી થતાં નથી. ઊંચા દેવોને ઉત્કૃષ્ટ પુણ્યનો ઉદય છે અને કષાય ઘણા મંદ છે, તથાપિ તેમને પણ ઈચ્છાનો અભાવ થતો નથી તેથી વસ્તુતાએ તેઓ દુઃખી જ છે. એ પ્રમાણે સંસારમાં સર્વત્ર કેવળ દુઃખ જ છે. આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વગર સંસારમાં ચારે ગતિમાં સર્વત્ર જીવ દુઃખી જ છે.

ચાર ગતિના દુઃખોનું વર્ણન શરીરાદિની અપેક્ષાએ કહ્યું, હવે સર્વ જીવોના દુઃખનું સામાન્યસ્વરૂપ કહે છે.

## સર્વ દુઃખોનું સામાન્ય સ્વરૂપ

દુઃખનું લક્ષણ આકુળતા છે.

આકુળતા ઈચ્છા થતાં થાય છે.

ને તે ઈચ્છા સંસારી જીવોને અનેક પ્રકારની હોય છે, તેથી તે ઈચ્છાની આકુળતા વડે સર્વ જીવો દુઃખી છે.

ઈચ્છાના ચાર પ્રકાર છે - તે હવે વર્ણવે છે.



૧) એક તો વિષયોના ગ્રહણની ઈચ્છા છે. વિષયોમાં સુખ માનીને તેને ગ્રહણ કરવા અને દેખવા-જાણવા ઈચ્છે છે. અમુક રૂપ દેખું, અમુક રાગ સાંભળું, સુગંધ સૂંઘું, કોઈની ખાનગી વાત વગેરે જાણવાની ઈચ્છા થાય, રાજાની રાણી ઓઝલમાં હોય ત્યાં એમ લાગે કે રાણી કોણ જાણે કેવી હશે ! એમ ધારીને રાણીને જોવાની ઈચ્છા થાય, એમ અવ્યક્ત ગુપ્ત પદાર્થોને જાણવાની ઈચ્છા રહ્યા કરે, તે વસ્તુ જ્યાં સુધી દેખવા-જાણવા ન મળે ત્યાં સુધી તેને દેખવા-જાણવાની ઈચ્છાથી દુઃખી જ રહ્યા કરે છે. બહારના વિષયોને દેખવાની ઈચ્છાથી આકુળ-વ્યાકુળ થાય છે, પણ અંતરમાં ચૈતન્યમૂર્તિ આત્માને દેખતો નથી, એ પ્રમાણે વિષયોની ઈચ્છાથી દુઃખી થાય છે.

૨) બીજી ઈચ્છા કષાયભાવો અનુસાર કાર્ય કરવાની થાય છે. ક્રોધ થતાં કોઈને મારવાની, કોઈનું બૂરું કરવાની ઈચ્છા થાય છે, ને તેમ ન થાય ત્યાં સુધી કષાયરૂપે ઈચ્છાથી દુઃખી જ થાય છે. માન કષાય થતાં માન લેવાની ઈચ્છાથી દુઃખી થાય છે. કષાય થતાં કોઈનું હીણું બતાવવાની ને પોતાની અધિકતા બતાવવાની ઈચ્છા કરે છે, અને તેમ ન બને ત્યાં સુધી કષાય ઈચ્છાથી તે જીવ દુઃખી જ રહે છે. અહીં બીજી કોઈ પીડા નથી, પણ કષાય થતાં તે પ્રમાણે કાર્ય ન બને ત્યાં સુધી આકુળતા-વ્યાકુળતાથી દુઃખી થાય છે. શેઠાઈ હોય ને તે ચાલી ગઈ હોય, ત્યાં તે શેઠાઈ પાછી મેળવવાની ઈચ્છાથી દુઃખી થાય છે. માયા કરે ને લોભ કરે, એમ અનેક પ્રકારે કષાય કરીને તે પ્રમાણે કાર્ય કરવાની ઈચ્છા કરે છે, પણ પુણ્ય વિના તેમ બનતું નથી ને જીવ ઈચ્છાથી વ્યાકુળ રહ્યા કરે છે. ઈચ્છા મટે તો દુઃખ મટે. હું તો જ્ઞાનાનંદ સ્વરૂપ છું, મારે કોઈનું કાંઈ કાર્ય કરવાનું છે જ નહિ, ઈચ્છા પણ મારા સ્વરૂપમાં નથી -આમ સમજે તો પરનું ભલું બૂરું કરવાની માન્યતા મટી જાય, ને ઈચ્છા ઘણી અલ્પ થઈ જાય. એ રીતે જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માને સમજીને ઈચ્છા મટાડે તો દુઃખ મટે. અજ્ઞાની જીવ કાં તો વિષયોને જાણવા-દેખવાની ઈચ્છાથી દુઃખી થાય છે, કાં તો કષાયભાવ પ્રમાણે કાર્ય કરવાની ઈચ્છાથી દુઃખી થાય છે.

૩) વળી ક્યારેક પાપના ઉદયથી શરીરમાં રોગ, ક્ષુધા વગેરેનો સંયોગ થતાં તેમાં દુઃખ માનીને તેને દૂર કરવાની ઈચ્છાથી દુઃખી થાય છે અને તે દૂર ન થાય ત્યાં સુધી દુઃખી થાય છે. આ ઈચ્છા પાપના ઉદયને લીધે થઈ છે -એમ નથી, પણ પાપનો ઉદય દૂર કરવાની ઈચ્છા થઈ છે તેથી તે ઈચ્છાને પાપનો ઉદય કહ્યો છે. પાપનો ઉદય થતાં તેમાં દુઃખ માનીને તેને દૂર કરવા માટે આકુળવ્યાકુળ થાય છે.

આ રીતે ત્રણ પ્રકારની ઈચ્છાનું દુઃખ વર્ણવ્યું. હવે ઈચ્છાનો એક ચોથો પ્રકાર કહેશે.

**માગશર વદ ૫, શનિવાર, ૬-૧૨-૫૨.**

જીવને સંસાર અવસ્થામાં દુઃખ છે. દુઃખનું લક્ષણ આકુળતા છે. જીવ પાંચ ઈંદ્રિયોના વિષયોની ઈચ્છાથી આકુળવ્યાકુળ થઈને દુઃખી થાય છે.

૧) પોતાના જ્ઞાનાનંદ સ્વભાવને જાણવા તરફ દૃષ્ટિ નથી અને પર વિષયોને જાણવા-દેખવાની ઈચ્છાથી આકુળ-વ્યાકુળ થાય છે. ત્યાં કોઈ પ્રતિકૂળતારૂપ પીડા નથી પણ ઈચ્છાની આકુળતાનું દુઃખ છે. જાણવા-દેખવાનો પોતાનો સ્વભાવ છે તે સ્વસ્વભાવની મુખ્યતા ચૂકીને પર વિષયોને જાણવાની રુચિ કરીને આકુળતા કરે છે.

હે જીવ ! ''**क्या इच्छत खोवत सबै, है इच्छा दुःखमूल**'' તારો આત્મા પોતાના સ્વભાવથી જાણનાર-દેખનાર છે, તેને જાણતાં બધું જાણવામાં આવી જાય છે. છતાં તે સ્વભાવને જાણતો નથી ને બહારના વિષયોને જાણવાની આકુળતા કરે છે -તે દુઃખ છે.

૨) વળી ક્રોધાદિ કષાયોથી પરનું બૂરું ચિંતવે અને બૂરું કરવાની ઈચ્છાથી આકુળીત થઈને દુઃખી થાય છે. ત્યાં કાંઈ કોઈ તેને મારતું નથી, વગેરે પ્રતિકૂળતાની કાંઈ પીડા તો નથી પણ પોતે ઈચ્છાની આકુળતાથી દુઃખી થાય છે.

૩) વળી શત્રુ, રોગ, ક્ષુધા વગેરે થતાં તેને દૂર કરવાની ઈચ્છાથી જીવ દુઃખી થાય છે. ત્યાં તેને કાંઈ પીડા તો નથી પણ પોતે ક્ષુધાદિથી પીડા માનીને તેને દૂર કરવાની ઈચ્છાથી દુઃખી થાય છે.

૪) વળી એક ઈચ્છા બાહ્ય નિમિત્તથી થાય છે એટલે કે વિષયો મળતાં તેને દેખવાની-ભોગવવાની આકુળતારૂપ ઈચ્છા થાય છે. પહેલાં ઈચ્છા પ્રમાણે વસ્તુ મેળવવાની ઈચ્છાથી આકુળ-વ્યાકુળ થતો હતો અને ઈચ્છા પ્રમાણે બાહ્ય પદાર્થો પુણ્યના ઉદયથી મળતા તે પદાર્થોને દેખવા વગેરેની ઈચ્છાથી વ્યાકુળ થાય છે. જગત અનેક પ્રકારની ઈચ્છાઓથી દુઃખી થઈ રહ્યું છે.

ત્રણ પ્રકારની ઈચ્છા થતાં, પુણ્યના ઉદયથી કોઈક પ્રકારની ઈચ્છા પૂરી કરવાના સાધનો મળે, પણ ત્યાં બધાને એક સાથે યુગપત્ ભોગવી શકતો નથી, એટલે એકને છોડી બીજામાં, ને બીજાને છોડીને વળી ત્રીજામાં પ્રવર્તે છે. ઘડીકમાં કોઈકને દેખે, વળી રૂપ દેખવા ઈચ્છે, વળી સારી ચોપડી રંગબેરંગી દેખે ત્યાં તે જોવાની ઈચ્છા કરે, વળી ક્યારેક કોઈનું બૂરું ચિંતવવા લાગી જાય, વળી ક્યારેક ભોજનાદિકમાં લાગી જાય -એ પ્રમાણે અનેક પ્રકારની ઈચ્છાથી જીવો દુઃખી થઈ રહ્યા છે. જાણવા-દેખવાનો જીવનો સ્વભાવ છે, પણ ઈચ્છા કાંઈ જીવનો સ્વભાવ નથી.

વળી દેખવામાં જીવ એક પદાર્થને દેખે, ને તે છોડીને વળી અન્ય પદાર્થને દેખવા લાગે એમ દેખવામાં પણ અનેક પ્રકારની ઈચ્છા થાય છે. તે જ પ્રમાણે ભોજન વગેરેમાં પણ અનેક પ્રકારની ઈચ્છાઓ થાય છે. તે ઈચ્છાનું નામ પુણ્યનો ઉદય છે, પણ એનો અર્થ એવો નથી કે પુણ્યનો ઉદય તે ઈચ્છા કરાવે છે ! વિષયની ઈચ્છા તે તો વર્તમાન પાપભાવ છે; પણ તે ઈચ્છામાં પુણ્યના ઉદયથી મળેલી સામગ્રીને ભોગવવાનું લક્ષ છે, તેથી તેને પુણ્યનો ઉદય કહ્યો છે.



ત્રણ પ્રકારની ઈચ્છા પ્રમાણે સામગ્રી મળી - તો તેમાં પણ સુખ નથી, કેમ કે તે સામગ્રી મળતાં તેને દેખવા-જાણવાની કે ભોગવવાની ઈચ્છાથી પણ જીવ દુઃખી જ છે. ઈચ્છા અનુસાર સામગ્રી મળી તેમાં પ્રવર્તવું તે કાંઈ સુખ નથી, લોકો તેને સુખ માને છે, પણ તે દુઃખ જ છે.

અહીં ચાર પ્રકારની ઈચ્છાનું દુઃખ વર્ણવ્યું છે તેમ તત્ત્વાર્થસારમાં ચાર પ્રકારના સુખનું વર્ણન કર્યું છે :-

૧) પુણ્યના ઉદયથી ઈષ્ટ વિષય સામગ્રી મળી તેમાં જીવ અભિમાનથી સુખ માને છે તેથી તે સામગ્રીને સુખ કહેવાય છે.

૨) વેદનાનો અભાવ થતાં જીવ પોતાને સુખ માને છે તે પણ કલ્પનાથી માનેલું સુખ છે.

૩) સામગ્રીમાં ''આ સુખ છે'' એમ કલ્પના કરે છે, પરંતુ તે પણ ખરેખર સુખ નથી.

અભિમાની જીવ ઈષ્ટ વિષયોમાં અભિમાનથી સુખની કલ્પના કરે છે, પણ તેમાં ખરેખર સુખ નથી.

૪) ખરું સુખ તો મોક્ષદશામાં છે, બહારના વિષયોની ઈચ્છારહિત આત્માનું સ્વાભાવિક સુખ મોક્ષમાં છે. (જુઓ તત્ત્વાર્થસાર પૃ. ૪૧૫ થી ૪૧૮.)

ચાર પ્રકારના સુખ કહ્યા, તેમાં પહેલા ત્રણ પ્રકાર તો કલ્પિત છે, ચોથા પ્રકારનું સુખ મુક્ત જીવોને હોય છે તે જ ખરું સુખ છે.

બહારમાં પુણ્યની સામગ્રીથી પોતાને સુખી માનવો તે તો અભિમાનીક સુખ છે; એમાં સુખ નથી પણ ઈચ્છાથી દુઃખ જ છે.

જુઓ, બહારમાં રોગ-ક્ષુધા વગેરે થતાં જગત તેને પીડા અને દુઃખ માને છે પણ તેમાં ખરેખર દુઃખ નથી, દુઃખ તો ઈચ્છાનું છે, તથા એ જ પ્રમાણે બહારમાં પુણ્યની સામગ્રી મળી તેમાં અજ્ઞાની જીવ અભિમાનથી સુખ માને છે પણ તેમાં સુખ નથી, સુખ તો ઈચ્છારહિત મોક્ષદશામાં છે. એ પ્રમાણે સુખ અને દુઃખ બન્નેની વાત કરી. અજ્ઞાની જીવ દુઃખને પણ જાણતો નથી ને સુખને પણ જાણતો નથી.

પુણ્યના ઉદયથી સામગ્રી મળી ત્યાં જગત સુખ માને છે, પરંતુ તે વિષયોમાં પ્રવર્તવાની જે ઈચ્છા છે તે દુઃખ જ છે. કારણ કે પ્રથમ તો સર્વ પ્રકારની ઈચ્છા પૂર્ણ થવાના કારણો કોઈને પણ બની આવતા નથી. કદાચિત્ કોઈ પ્રકારની ઈચ્છા પૂર્ણ થવાના કારણો બની આવે તો પણ તે સર્વનું યુગપત્ સાધન થઈ શકતું નથી. તેથી જ્યાં સુધી એક સાધન ન હોય ત્યાં સુધી તેની વ્યાકુળતા રહે છે, અને એનું સાધન થતાં તે જ સમયે અન્ય સાધનની ઈચ્છા થાય છે, ત્યારે

વળી તેની વ્યાકુળતા થાય છે. એક સમય પણ નિરાકુળ રહેતો નથી. તેથી તે મહા દુઃખી જ છે. આત્માના જ્ઞાનાનંદ સ્વભાવની પ્રતીત વગર સુખ છે જ નહિ. બધા વિષયોને એક સાથે ભોગવી શકતો નથી, એટલે એક પછી એક પદાર્થ પ્રત્યે ઈચ્છાથી વ્યાકુળ થયા જ કરે છે, ને આકુળતાથી તે મહા દુઃખી જ છે. ઈચ્છા મંદ થતાં ક્યારેક આકુળતા કંઈક ઘટે છે તેથી જીવ પોતાને સુખી માને છે, પણ તેને ઈચ્છાનો નાશ તો થતો નથી. એટલે સર્વ દુઃખનો તો નાશ થતો નથી તેથી તેને દુઃખ જ છે. પુણ્યની સામગ્રીવાળા હોય તો પણ તે દુઃખી જ છે. એ પ્રમાણે સંસારી જીવોને સર્વ પ્રકારે દુઃખ જ છે. ભ્રમથી અજ્ઞાની જીવ વિષયોમાં સુખ માને તેથી કાંઈ તેને સુખ મળી જાય નહિ. અરે ભાઈ ! તારું સુખ તો અહીં તારામાં હોય કે પરમાં હોય ?

ઈચ્છા ઘટતાં કંઈક દુઃખ ઘટ્યું તો પણ ઈચ્છાઓ તો ચાલુ છે તેથી દુઃખનો નાશ થતો નથી. પુણ્યનો ઉદય છે માટે ઈચ્છા કરે છે ને ઈચ્છા પૂરી થાય -એમ નથી.

ચોથા પ્રકારની ઈચ્છા પુણ્યનો ઉદય પ્રાપ્ત થતાં જ થાય છે - એટલે શું ? કાંઈ પુણ્યના ઉદયથી તે ઈચ્છા થાય છે -એમ નથી, પણ જેને પુણ્યના ઉદયથી સામગ્રી મળી હોય તેને જ એ પ્રકારની સામગ્રીને ભોગવવાની ઈચ્છા થાય છે -એમ સમજવું. જેને પુણ્યની સામગ્રી જ ન મળી હોય તેને તે પ્રકારની ઈચ્છા ક્યાંથી થાય ? તે તો બીજી ત્રણ પ્રકારની ઈચ્છાથી દુઃખી છે. જેને સામગ્રી નથી મળી તે મેળવવાની ઈચ્છાથી દુઃખી છે, ને જેને મળી છે તે ભોગવવાની ઈચ્છાથી દુઃખી છે.

પરમાત્મપ્રકાશમાં કહ્યું છે કે :-

**पुण्णेण होइ विहवो विहवेण मओ मएण मइ-मोहो ।**
**मइ-मोहेण य पावं ता पुण्णं अम्ह मा होउ ॥ २६० ॥**

અર્થાત્ પુણ્યથી વૈભવ મળે છે, વૈભવથી અભિમાન થાય છે, અભિમાનથી બુદ્ધિભ્રમ થાય છે ને બુદ્ધિભ્રમ થવાથી પાપ થાય છે -માટે એવા પુણ્ય અમને ન હો -આમ કહ્યું છે. તેમાં પણ એમ સમજવું કે પુણ્યનો ઉદય તે કાંઈ અભિમાનનું કે પાપનું કારણ નથી, પણ જે જીવને સ્વભાવનું ભાન નથી તે પુણ્યના ફળરૂપ સામગ્રીને ભોગવવામાં લીન થઈ જાય છે, ને તેને પુણ્યસામગ્રી ભોગવવાની વર્તમાન ઈચ્છા છે તે પાપ છે.

પુણ્યનો ઉદય કોઈક જીવને જ હોય છે, તેથી ચોથા પ્રકારની ઈચ્છા કોઈ જીવને કોઈક કાળમાં જ થાય છે. આત્માના ભાનસહિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ધર્મ કરનારા જીવો તો બહુ થોડા જ હોય છે, ને સંસારમાં ધર્માનુરાગથી પુણ્ય કરનારા જીવો પણ થોડા જ હોય છે. મોટા ભાગના જીવો તો પાપ ક્રિયામાં જ પ્રવર્તે છે. વિષય કષાયના પાપભાવોમાં જ ઘણાં જીવો ઘણો કાળ પ્રવર્તે છે. જીવ પુણ્યભાવમાં તો થોડો જોડાય છે, એટલે કે પુણ્યની સામગ્રીવાળા જીવો જગતમાં



થોડા હોય છે. ઘણા જીવો તો પાપના ઉદયમાં પડેલા છે, એટલે ચોથા પ્રકારના પુણ્ય ભોગવવાની ઈચ્છાવાળા જીવો તો જગતમાં થોડા છે. તે જીવોને ત્રણ પ્રકારની ઈચ્છા કંઈક ઘટવાથી તેઓ પોતાને સુખી માને છે તથા બીજા પણ તેને સુખી માને છે, પણ તેઓ સુખી નથી, તેઓ પણ ઈચ્છાથી દુઃખી જ છે. ચારે પ્રકારની ઈચ્છાવાળા જીવો દુઃખી છે, સુખી તો સમ્યગ્દૃષ્ટિ છે. જેને આત્માનું ભાન નથી તે બધા જીવો દુઃખી જ છે. ભલે પુણ્યના ઉદયથી લાખો-કરોડો રૂપિયાની સામગ્રી મળે છતાં ઈચ્છાથી તે જીવ દુઃખી છે. ઘણી વિભૂતિ હોવા છતાં જો ઘણી ઈચ્છા છે તો તે ઘણો દુઃખી છે, ને ઓછી સામગ્રીવાળો પણ જો ઈચ્છા થોડી હોય તો તે થોડો દુઃખી છે. પુણ્યના ઉદયથી સામગ્રી મળે તેને પણ ''વિભૂતિ'' કહેવાય, ને રાખને પણ 'વિભૂતિ' કહેવાય. તે બેમાંથી એકેમાં જીવનું સુખ નથી. ઈચ્છા તે દુઃખ છે ને ઈચ્છાનો અભાવ તે સુખ છે. પણ જ્ઞાનસ્વરૂપ આત્માના ભાન વગર ઈચ્છાનો અભાવ થાય નહિ. બહારની સામગ્રી અનુસાર સુખ-દુઃખ નથી, પણ ઈચ્છા અનુસાર સુખ-દુઃખ જાણવું.

પુણ્યની સામગ્રી ઘણી મળે માટે ઓછો દુઃખી -એમ નથી, ને પાપનો ઉદય હોય માટે ઘણો દુઃખી -એમ પણ નથી. જેને ઘણી આકુળતા છે તે ઘણો દુઃખી છે ને થોડી આકુળતા છે તે થોડો દુઃખી છે તથા આત્માના ભાન સહિત જેણે ઈચ્છાનો નાશ કર્યો તે સુખી છે. માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ સુખનો ઉપાય છે -એમ અહીં બતાવવું છે. નિમિત્તને લીધે સુખ-દુઃખ થાય -એ વાત આમાં ક્યાંય ઊભી રહેતી નથી. પોતે પોતાની કલ્પનાથી સામગ્રીને સુખ-દુઃખનું કારણ માને છે, પણ તેમાં ઈચ્છા તે દુઃખ જ છે. સુખી-દુઃખી થવાનું સામગ્રી અનુસાર નથી પણ સુખી-દુઃખી થવાનું ઈચ્છા અનુસાર જાણવું - એ મોટો સિદ્ધાંત છે. ધણી મરે ને વિધવા થાય -ત્યાં તેમાં દુઃખ માને છે, પણ તે ખરેખર દુઃખ નથી. અરે ! અમે નિરાધાર થઈ ગયા -એમ કલ્પના કરીને અજ્ઞાની જીવ દુઃખ કલ્પે છે, પણ તે દુઃખ નથી. સામગ્રીમાંથી દૃષ્ટિ ઉઠાવીને સ્વભાવમાં દૃષ્ટિ કર કે અરે ! મારું સુખ બહારની સામગ્રીમાં નથી, સુખ તો મારાં જ્ઞાનાનંદ સ્વરૂપમાં જ ભર્યું છે, -આમ જ્ઞાનાનંદ સ્વભાવની સન્મુખ થઈને તેની દૃષ્ટિ કર, તેને જો, તેની ભાવના કર, તેના આનંદને ભોગવ, તેમાં અંતર્મુખ વલણ કર.

બહારના વિષયોને દેખવા-જાણવા ઈચ્છે છે તેને બદલે અંતર્મુખ થઈને જ્ઞાનાનંદ સ્વભાવને જ દેખ અને જાણ.

બહારના વિષયોને ભોગવવા ઈચ્છે છે તેને બદલે જ્ઞાનાનંદ સ્વભાવની સન્મુખ થઈને તેના આનંદને ભોગવ.

સુખ સ્વભાવમાં છે, સંયોગમાં નથી. સંયોગ તરફની ઈચ્છા તે દુઃખ છે, પણ સંયોગ તે દુઃખ નથી. નરકમાં પણ સંયોગનું દુઃખ નથી. અનેક જીવો નરકમાં સરખી સ્થિતિએ ગયા હોય છતાં

તેમાં પણ કોઈ થોડા દુઃખી છે, કોઈ વધારે દુઃખી છે. સંયોગ બધાને સરખો છે, પણ આકુળતા અનુસાર સુખ-દુઃખ થાય છે. નરકમાં પણ કોઈ જીવ મંદ કષાય કરે તો તે થોડો દુઃખી થાય છે. સ્વર્ગમાં પણ એ જ પ્રમાણે સમજવું.

તીવ્ર કષાયથી જેને ઘણી ઈચ્છા છે તે દુઃખી જ છે, તથા મંદ કષાય એટલે કે ઈચ્છાની કંઈક મંદતા થતાં તેને થોડું દુઃખ છે, પરંતુ લોકો તેને સુખ માને છે. દેવોને તથા રાજા વગેરેને બહારની સામગ્રીને લીધે લોકો સુખી માને છે તે ભ્રમ છે, ખરેખર તેઓ પણ ઈચ્છાથી દુઃખી જ છે.

## માગશર વદ ૬, રવિવાર, ૭-૧૨-૫૨.

સંસારના જીવો ચાર પ્રકારની ઈચ્છાઓ વડે દુઃખી થાય છે. જેમને પુણ્યનો ઉદય છે તેઓ પણ ઈચ્છાથી દુઃખી જ છે. આત્માનો જ્ઞાનસ્વભાવ છે, તેમાં ઈચ્છા જ નથી. તે સ્વભાવનું ભાન કરીને તેમાં સ્થિર થતાં ઈચ્છા ટળી જાય છે. ઈચ્છા થાય છે તે મિથ્યાત્વ, અજ્ઞાન અને અસંયમથી થાય છે.

પરનું ભલું-બૂરું કરવાની માન્યતા તો મિથ્યાત્વ છે. કોઈ કહે કે અરિહંત ભગવાન પણ મોક્ષદશાના કામી છે એટલે કે તેમને પણ મોક્ષની ઈચ્છા છે -તો તે વાત જૂઠી છે, તેણે અરિહંતદેવને ઓળખ્યા નથી. અરિહંતદેવ વીતરાગ છે, તેમને ઈચ્છા હોય જ નહિ, ઈચ્છા તો આકુળતા છે. મુનિઓને મિથ્યાભ્રાંતિથી તો ઈચ્છા થતી જ નથી, પરંતુ તેમને પણ જે આહારાદિની ઈચ્છા થાય છે તેટલી આકુળતા છે, પણ તે માત્ર અસ્થિરતા પૂરતી અલ્પ છે. અહીં તો મુખ્યપણે મિથ્યાદૃષ્ટિ જીવોની વાત છે. ચૈતન્યને ચૂકીને પરને જાણવા-દેખવાની ઈચ્છા કરે છે, ક્રોધાદિ કષાયથી પરનું બૂરું કરવાની ઈચ્છા કરે છે, પીડા-રોગ વગેરેને દૂર કરવાની ઈચ્છા કરે છે તથા પૈસા વગેરે મળ્યા તેની વ્યવસ્થાની ઈચ્છા કરે છે -એ પ્રમાણે ઈચ્છા વડે સર્વે જીવો દુઃખી છે.

હવે જે જીવોને દુઃખથી છૂટવું હોય તેમણે ઈચ્છા દૂર કરવાનો ઉપાય કરવો. ઈચ્છાને ભલી જાણે તે તેને રાખવા માગે છે -તે અજ્ઞાની છે. ઈચ્છાને દૂર કરવાનો ઉપાય કરવો પણ ઈચ્છા દૂર ક્યારે થાય ? કે મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રનો અભાવ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ થાય તો જ ઈચ્છા મટે. માટે એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો જ ઉદ્યમ નિરંતર કરવો યોગ્ય છે. ચોવીસે કલાક એ જ કાર્યનો ઉદ્યમ કરવો યોગ્ય છે. પહેલાં ચૈતન્યમૂર્તિ આત્માનું ભાન કરતાં મિથ્યાત્વની ઈચ્છા મટે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે જેટલી જેટલી ઈચ્છા મટે તેટલું તેટલું દુઃખ મટે. મોહનો સર્વથા અભાવ થતાં ઈચ્છા સર્વથા મટે અને ઈચ્છા મટતાં દુઃખ મટીને સુખ થાય. એ પ્રમાણે મોહના અભાવની વાત કરી.

હવે બાકીના ત્રણ ઘાતિકર્મોના અભાવની વાત કરે છે. જ્યારે જ્ઞાનાવરણ-દર્શનાવરણ-અંતરાયનો



અભાવ થાય ત્યારે ઈચ્છાના કારણરૂપ ક્ષયોપશમ જ્ઞાન-દર્શનનો વા શક્તિહીનપણાનો પણ અભાવ થઈ અનંતજ્ઞાન-દર્શન-વીર્યની પ્રાપ્તિ થાય તથા કેટલાક કાળ પછી અઘાતિકર્મોનો પણ અભાવ થતાં ઈચ્છાના બાહ્ય કારણોનો પણ અભાવ થાય છે.

મોહ તે ઈચ્છાનું મૂળ કારણ છે. તેમાં જ્ઞાન-દર્શનનો ક્ષયોપશમ તે અંતરનું નિમિત્તકારણ છે. ખરેખર કાંઈ જ્ઞાન-દર્શનનો ક્ષયોપશમ પોતે ઈચ્છાનું કારણ નથી, પણ તે ભૂમિકામાં જીવોને ઈચ્છા થાય છે, માટે તે ક્ષયોપશમને પણ ઈચ્છાના કારણમાં ગણ્યો છે, પણ તે નિમિત્તરૂપ સમજવો, તથા વીર્યશક્તિ પણ અલ્પ હોવાથી ઈચ્છા થાય છે. તે જ્ઞાનાવરણ, દર્શનાવરણ તથા અંતરાયકર્મનો નાશ થઈને, જ્ઞાન-દર્શન-વીર્ય શક્તિની પૂર્ણતા થાય છે, ને કેટલાક કાળ પછી ચાર અઘાતિકર્મોનો પણ નાશ થઈને નામ-ગોત્ર વગેરે ઈચ્છાના બાહ્ય કારણોનો પણ અભાવ થાય છે. અહીં સિદ્ધદશાનું સુખ સાબિત કરવું છે, તેથી ઉત્કૃષ્ટ વાત લીધી છે. મોહ ગયા પછી જ્ઞાન-દર્શનની હીનતા અલ્પકાળ રહે છે, છતાં તે કારણો જીવને એક સમયમાત્ર પણ ઈચ્છા ઉપજાવી શકતા નથી, તેમ જ બહારમાં શરીરાદિ બાહ્ય કારણો પણ મોહ ગયા પછી ઈચ્છા ઉપજાવવા સમર્થ નથી. બારમા ગુણસ્થાને જ્ઞાન-દર્શન-વીર્ય અલ્પ છે પણ મોહનો નાશ થઈ ગયો છે, તેથી ત્યાં જ્ઞાન-દર્શન-વીર્યની અલ્પ શક્તિ હોવા છતાં, તેમ જ બહારમાં સામગ્રી હોવા છતાં, તે કોઈ, જીવને ઈચ્છા ઉપજાવવા સમર્થ નથી. પહેલાં પણ તેઓ જીવને ઈચ્છા કરાવતાં ન હતા, પણ મોહ હતો તેથી તે કારણોને નિમિત્ત કહેવાતું. મોહ જતાં તેઓ ઈચ્છાના નિમિત્ત પણ ન રહ્યા. ઈચ્છા મોહથી થાય છે, તે જ દુઃખ છે. માટે કહ્યું છે કે :-

**क्या इच्छत खोवत सबै, है इच्छा दुःखमूल ।**
**जब इच्छाका नाश, तब मिटै अनादि भूल ॥**

મોહના સદ્‌ભાવમાં જ્ઞાન-દર્શન-વીર્યની અલ્પતા તેમ જ બાહ્ય સામગ્રીરૂપ જે ઈચ્છાના કારણો હતા, તે જ કારણો હોવા છતાં મોહના અભાવમાં તેઓ ઈચ્છાનું કારણ બનતા નથી કેમ કે અહીં જીવમાં ઈચ્છા જ થતી નથી. મોહનો અભાવ થયા પછી અલ્પકાળમાં જ્ઞાન-દર્શન-વીર્યની અલ્પતાનો પણ અભાવ થઈ જાય છે, ને બાહ્યસામગ્રી પણ ટળી જાય છે.

કોઈ કહે કે ''જીવતા જીવને તો ઈચ્છા થાય ને !'' તો કહે છે કે સિદ્ધ ભગવાન પણ જીવતા જીવ છે, તેમને કેમ ઈચ્છા થતી નથી ? માટે જીવનો સ્વભાવ ઈચ્છા કરવાનો નથી. અરિહંતો દેહ સહિત હોવા છતાં મોહ રહિત હોવાથી તેમને ઈચ્છા નથી. મોહી જીવને જ ઈચ્છા થાય છે. જેને સ્વભાવની ભાવના છે તેને પરની ઈચ્છાની ભાવના નથી. એક જ નિયમ છે કે જેને મોહ છે તેને જ ઈચ્છા થાય છે. જ્યાં મોહ નથી ત્યાં બાહ્યસામગ્રી ઈચ્છાનું નિમિત્તકારણ પણ બનતી નથી. સિદ્ધદશામાં મોહ નથી, જ્ઞાન-દર્શન-વીર્યની અલ્પતા પણ ટળી ગઈ છે ને બાહ્યસામગ્રી

પણ દૂર થઈ ગઈ છે. એવી સિદ્ધદશા પ્રાપ્ત થતાં આત્મા સાદિ અનંત સર્વોત્કૃષ્ટ અનુપમ અખંડ આનંદમાં બિરાજમાન રહે છે. માટે સિદ્ધદશામાં જ સાચું સુખ છે.

## સિદ્ધ અવસ્થામાં દુઃખના અભાવની સિદ્ધિ

''જ્ઞાનાવરણ-દર્શનાવરણનો ક્ષયોપશમ થતાં વા ઉદય થતાં મોહથી એક એક વિષયને દેખવા-જાણવાની ઇચ્છા વડે મહાવ્યાકુળ થતો હતો, પરંતુ હવે મોહના અભાવથી ઇચ્છાનો પણ અભાવ થયો જેથી દુઃખનો પણ અભાવ થયો.'' સૌથી પહેલાં જ મોહના અભાવની વાત લીધી. ભગવાનને મોહનો અભાવ હોવાથી દુઃખનો અભાવ છે.

''વળી જ્ઞાનાવરણ-દર્શનાવરણના ક્ષય થવાથી સર્વ ઇંદ્રિયોના સર્વ વિષયોનું યુગપત્ ગ્રહણ થતાં દુઃખના કારણો પણ દૂર થયા.'' કેવળજ્ઞાન-કેવળદર્શન થતાં ચૈતન્ય દરિયો ઊછળી ગયો, જ્ઞાન-દર્શન-વીર્યમાં હીનતા ન રહી પણ પૂર્ણ થઈ ગયા, તેથી દુઃખના અંતરના નિમિત્તકારણો પણ ટળી ગયા. મોહ તે ઇચ્છાનું મૂળ કારણ છે, ને જ્ઞાન-દર્શન-વીર્યની અલ્પતા તે અંતરનું નિમિત્ત છે, પણ પૂર્ણ જ્ઞાન-દર્શન-વીર્ય પ્રગટતાં એક સમયમાં ત્રણકાળ ત્રણલોકના સર્વ પદાર્થોને એક સાથે પ્રત્યક્ષ જાણે-દેખે છે, તેથી જાણવા-દેખવાની આકુળતાનો નાશ થઈ ગયો.

જેમ નેત્ર વડે પહેલાં એક વિષયને દેખવા ઇચ્છતો હતો પણ હવે ત્રણલોકના ત્રિકાલવર્તી સર્વ વર્ણોને યુગપત્ દેખે છે, કોઈ દેખ્યા વિનાનો રહ્યો નથી કે જેને દેખવાની ઇચ્છા થાય. એ જ પ્રમાણે સ્પર્શનાદિક ઇંદ્રિયો વડે એક એક વિષયને ગ્રહણ કરવા ઇચ્છતો હતો, પરંતુ હવે ત્રણલોકના ત્રિકાલવર્તી સર્વ સ્પર્શ-રસ-ગંધ-શબ્દાદિક વિષયોને ગ્રહણ કરવા લાગ્યો. કોઈ ગ્રહણ કર્યા વિનાનો રહ્યો નથી કે જેને ગ્રહણ કરવાની ઇચ્છા ઊપજે. જાણવું-દેખવું તે કાંઈ ઇચ્છાનું કારણ નથી. ત્રણકાળ ત્રણલોકને જાણવા છતાં પરમાત્માને મોહ હોતો નથી, તેથી સિદ્ધ ભગવંતો પૂર્ણ સુખી છે.

અહીં સિદ્ધ ભગવાનના સુખની વાત લીધી છે, ને સિદ્ધને શરીર હોતું નથી. તો શરીર વગર પદાર્થોનું જ્ઞાન કઈ રીતે થાય -એમ પ્રશ્ન કરે છે. શરીર અને ઇંદ્રિયો વગર આત્મા શી રીતે જાણે?

તેનો ઉત્તર કહે છે :- ઇંદ્રિયજ્ઞાનવાળા જીવને દ્રવ્યઇંદ્રિયાદિ વગર સ્પર્શાદિ વિષયોનું ગ્રહણ (-જ્ઞાન) થતું નથી કેમ કે તેનું જ્ઞાન જ તેવી અલ્પ શક્તિવાળું છે. પણ જ્યાં આત્માનો કેવળજ્ઞાન-કેવળદર્શન સ્વભાવ પ્રગટ થયો ત્યાં તો જીવ ઇંદ્રિયો વિના જ બધું જાણે છે. અશરીરી સિદ્ધ ભગવાન પોતાના જ્ઞાનસ્વભાવથી જ બધું જાણે છે. જેમ પહેલાં કાંઈક જોયું હોય ને પછી મનમાં યાદ કરે -એમ કાંઈ સિદ્ધ ભગવાનને નથી.

કોઈ એમ કહે કે - જેમ મન વડે સ્પર્શાદિકને જાણીએ છીએ તેમ અહીં જાણવું થતું હશે



પણ ત્વચા-જીભ આદિ વડે ગ્રહણ થાય છે તેમ નહિ થતું હોય ? પણ એમ નથી. કારણ કે મન વડે તો સ્મરણાદિ થતાં કંઈક અસ્પષ્ટ જાણવું થાય છે, પરંતુ અહીં તો ત્વચા-જીભ આદિ વડે સ્પર્શ-રસાદિકને સ્પર્શવામાં, આસ્વાદવામાં, સૂંઘવામાં, દેખવામાં અને સાંભળવામાં જેવું સ્પષ્ટ જાણવું થાય છે તેથી પણ અનંતગણું સ્પષ્ટ જાણવું તેમને હોય છે.

જેવું ઇંદ્રિયજ્ઞાનવાળાને ઇંદ્રિયના નિમિત્તથી જણાય છે, તેમ સિદ્ધને તેવું ઇંદ્રિયના નિમિત્ત વગર જાણવું થાય છે -એમ નથી. પણ ઇંદ્રિયજ્ઞાનવાળા કરતાં સિદ્ધ ભગવંતોના જ્ઞાનમાં અનંતગણી સ્પષ્ટતા છે તથા તે પ્રત્યક્ષ જ્ઞાન છે. ઇંદ્રિયજ્ઞાન તો સ્થૂળને જ જાણે છે, અને આ જ્ઞાનમાં તો અનંતગણું સ્પષ્ટ જાણવું થાય છે, તથા તેમાં પદાર્થ પ્રત્યે જોડાણ પણ કરવું પડતું નથી, અનુમાન કે સ્મરણ પણ કરવું પડતું નથી. વળી વિશેષતા એ છે કે છદ્મસ્થને ઇંદ્રિયજ્ઞાનમાં તો વિષયો અને ઇંદ્રિયોનો સંબંધ થતાં જ જાણવાનું બનતું હતું, પણ કેવળજ્ઞાનમાં તો દૂર રહેવા છતાં સ્પષ્ટ જણાય છે; આ બધો આત્માની શક્તિનો મહિમા છે. અહો ! તારા જ્ઞાનસ્વભાવનો આવો મહિમા છે. જ્યાં વીર્યશક્તિ અલ્પ હતી તે પૂર્ણ થઈ ત્યાં આવા કેવળજ્ઞાન-કેવળદર્શનરૂપ સામર્થ્યને ધારી રાખે તેવી શક્તિ આત્મામાં પ્રગટી. આવો આત્માની શક્તિનો મહિમા છે.

પહેલાં મન વડે કંઈક અતીત-અનાગતને વા અવ્યક્તને જાણવા ઇચ્છતો હતો પણ હવે અનાદિથી અનંતકાળ પર્યંત સંપૂર્ણ કાળના સર્વ પદાર્થોના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને યુગપત્ જાણે છે. કોઈ જાણ્યા વિનાના રહ્યા નથી કે જેને જાણવાની ઇચ્છા થાય. એ પ્રમાણે દુઃખ અને દુઃખના કારણોનો તેમને અભાવ જાણવો.

સર્વ પદાર્થોના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જ્યાં એક સાથે પ્રત્યક્ષ જાણ્યા ત્યાં કાંઈ જાણવાની ઇચ્છા રહી નહિ, તેથી આકુળતા ટળી ને દુઃખ ન રહ્યું. આવી પૂર્ણ જ્ઞાન-દર્શનશક્તિને જે ન માને તેનું બધું ઊંધું હોય. વળી મોહના નિમિત્તથી મિથ્યાત્વ તથા કષાયભાવ થતો હતો તેનો પણ સર્વથા અભાવ થયો હોવાથી દુઃખનો અભાવ છે.

એ પ્રમાણે મોહના અભાવથી દુઃખનો તથા તેના કારણોનો પણ અભાવ થયો. જ્ઞાન-દર્શન-વીર્યશક્તિની પૂર્ણતા થતાં, અલ્પજ્ઞાન-દર્શન-વીર્યનો અભાવ થયો, તેથી મોહના કારણોનો અભાવ થયો. સિદ્ધ ભગવાનને મોહનો અભાવ છે, તેથી દુઃખનો પણ અભાવ જ છે.

મિથ્યાત્વદશામાં ઊંધી શ્રદ્ધાથી તત્ત્વો વિપરીતપણે ભાસતા હતા તેથી ત્યાં મિથ્યાત્વથી અનંત દુઃખ હતું, પણ સિદ્ધદશામાં તો સર્વે તત્ત્વો યથાર્થ પ્રત્યક્ષ પ્રતિભાસે છે, તો તેમને અતત્ત્વશ્રદ્ધાનરૂપ મિથ્યાત્વ કેમ થાય ? વળી સિદ્ધદશામાં કાંઈ મોહ નથી. ત્યાં કોઈ અનિષ્ટરૂપ રહ્યો નથી. નિંદક પોતે પોતાના ઊંધા ભાવથી અનિષ્ટ પામે છે, તો પોતે ક્રોધ કોના પ્રત્યે કરે ? એટલે કે સિદ્ધને ક્રોધ નથી. વળી સિદ્ધથી ઊંચું તો કોઈ છે જ નહિ, ઇંદ્ર વગેરે પણ તેમને નમે છે, ને તે નમનારા

પોતાના ભાવથી સ્વયમેવ ઈષ્ટફળ પામે છે, તો ભગવાન કોનાથી માન કરે ? વળી પોતાનો આત્મા સ્વયમેવ પૂર્ણ ઈષ્ટરૂપ થઈ ગયો છે, હવે અન્ય કાંઈ ઈષ્ટ રહ્યું નથી કે જેના માટે તેઓ છળપ્રપંચરૂપ માયા કરે. જેને કંઈક ઈષ્ટ મેળવવાની ઈચ્છા હોય તે તેને માટે માયા કરે, પણ ભગવાનને અન્ય કાંઈ ઈષ્ટ નથી તેથી માયા નથી. વળી ભગવાનને તો સર્વ ભવિતવ્ય પ્રત્યક્ષ ભાસી જ રહ્યું છે કે ક્યારે શું થવાનું છે ? કોઈ કાર્ય રહ્યું નથી ને કોઈ સાથે કાંઈ પ્રયોજન સાધવાનું રહ્યું નથી, તો પછી લોભ શા અર્થે કરે ? એ પ્રમાણે ભગવાનને ક્રોધ-માન-માયા-લોભ નથી. આવા સિદ્ધ પરમાત્માને જ્ઞાન આનંદનો અનુભવ છે. પરમાણુ તો સ્વભાવમાં હોય તો પણ તેને જ્ઞાન-આનંદનો અનુભવ હોતો નથી. તેમજ તે તો પાછો વિભાવરૂપે પરિણમે છે, સિદ્ધો ફરીને કદી વિભાવરૂપ પરિણમતા નથી.

વળી ભગવાનને પોતાના જ્ઞાનમાં કોઈ પણ વસ્તુ ગુપ્ત રહી નથી, તેથી આશ્ચર્યકારક કાંઈ જ રહ્યું નથી, એટલે ભગવાનને હાસ્ય નથી. કોઈ અન્ય ઈષ્ટ પ્રીતિ કરવાયોગ્ય છે નહિ તો કોનાથી રતિ થાય ? કોઈ દુઃખદાયક સંયોગ તેમને રહ્યો નથી તો કોનાથી અરતિ કરે ? કોઈ ઈષ્ટ-અનિષ્ટ સંયોગ-વિયોગ તેમને થતો નથી તો તેઓ કોનો શોક કરે ? કોઈ અનિષ્ટ કરવાવાળું કારણ રહ્યું નથી તો તેઓ કોનાથી ભય કરે ?

ભગવાનના જ્ઞાનમાં સર્વ વસ્તુઓ પોતપોતાના સ્વભાવસહિત પ્રત્યક્ષ ભાસે છે, તેમાં પોતાને કાંઈ પણ અનિષ્ટ રહ્યું નથી, તેથી ભગવાનને જુગુપ્સા હોતી નથી. વળી કામપીડા જ નથી, આત્માનો અતીંદ્રિય આનંદ પ્રગટી ગયો છે તેથી સ્ત્રી-પુરુષ સાથે ક્રીડાની ઈચ્છા નથી, એટલે કે ત્રણ પ્રકારના વેદ નથી. એ પ્રમાણે મોહ ઊપજવાના કારણોનો તેમને અભાવ છે, તેથી ભગવાનને દુઃખ નથી. હવે એક અંતરાયકર્મના અભાવનું વર્ણન બાકી છે તે કહેશે.

**માગશર વદ ૭, સોમવાર, ૮-૧૨-૫૨.**

આત્માની સિદ્ધપર્યાયમાં સુખ છે ને સંસારપર્યાયમાં દુઃખ છે. આત્મા નિત્ય જ્ઞાન-આનંદ શક્તિરૂપ છે, પણ તેને ભૂલીને બહારમાં વિષય કષાયમાં આનંદની કલ્પના કરે છે તે દુઃખ છે. આત્માના ત્રિકાળ સ્વરૂપમાં આનંદ છે, સિદ્ધદશામાં તે આનંદનો અનુભવ છે.

સિદ્ધદશામાં અંતરાયકર્મ નથી ને જ્ઞાન-દર્શન-વીર્યશક્તિમાં હીનતા પણ રહી નથી. અંતરાયનો નાશ થઈને દાન-લાભ-ભોગ-ઉપભોગ ને વીર્યશક્તિ પૂર્ણ થઈ ગઈ છે. અનંત શક્તિઓ પ્રગટ થઈ ગઈ છે તેથી ત્યાં દુઃખના કારણોનો અભાવ છે. દુઃખના નિમિત્તો પણ ટળી ગયા છે ને દુઃખનો પણ અભાવ છે.

**પ્રશ્ન** : દાન-લાભ-ભોગ અને ઉપભોગ તો સિદ્ધને નથી, તો તેમને શક્તિ પ્રગટ થઈ કેમ



કહેવાય ? સિદ્ધ ભગવાન કાંઈ લક્ષ્મી વગેરેનું દાન કરતાં નથી, તેમને લક્ષ્મી વગેરેની પ્રાપ્તિ નથી, તેઓ પાંચ ઈંદ્રિયના વિષયોનો ભોગ-ઉપભોગ તો કરતાં નથી, છતાં તેમને અંતરાયના અભાવથી અનંત શક્તિ પ્રગટી -એમ કેમ કહેવાય ?

**ઉત્તર** : એ દાન-લાભ-ભોગ ને ઉપભોગ તો રોગના ઉપચાર હતા, ઈચ્છા થતાં એ દાનાદિનો ભાવ થતો હતો પણ જ્યારે ઈચ્છારૂપી રોગ જ ન રહ્યો તો તે દાનાદિ કાર્ય શા માટે કરે ? અંદરમાં દાનાદિની વૃત્તિ જ ઊઠતી નથી. અંદરમાં પોતાના સ્વરૂપનું સંપૂર્ણ દાન દીધું છે, સ્વરૂપનો સંપૂર્ણ લાભ થયો છે, આનંદનો સમયે સમયે ભોગવટો કરે છે અને ગુણના આનંદનો વારંવાર ઉપભોગ કરે છે. ઈચ્છાની વૃત્તિ પણ ન રહી, ને બાહ્ય ઉપચાર તરીકે દાનાદિ કાર્યો પણ ન રહ્યા તથા અંતરાયરૂપ કર્મ પણ ન રહ્યા, તેથી તેમને એ શક્તિ પ્રગટી કહેવાય છે. જેમ કોઈ લગ્ન વગેરે કામને માટે ગમન કરવા ઈચ્છતો હતો, તેનો કોઈએ રોક્યો ત્યારે તે દુઃખી થવા લાગ્યો, પણ જ્યારે રોકાણ દૂર થયું અને લગ્ન વગેરે જે કાર્ય માટે જવા ઈચ્છતો હતો તે કાર્ય પણ ન રહ્યું એટલે તેણે ગમન પણ ન કર્યું. ત્યાં તે ગમન ન કરવા છતાં તેનામાં ગમન કરવાની શક્તિ પ્રગટી એમ કહીએ છીએ. તેમ સિદ્ધદશામાં પણ સમજવું, ત્યાં ઈચ્છાનો અભાવ છે, ને જ્ઞાનાદિકની શક્તિરૂપ વીર્ય પ્રગટી ગયું છે, ત્યાં જ્ઞાન-દર્શન-પ્રભુત્વ-સ્વચ્છત્વ વગેરે અનંત શક્તિઓ પ્રગટી ગઈ છે.

વળી અઘાતિકર્મોમાં પાપના ઉદયમાં દુઃખ માનતો ને પુણ્યના ઉદયમાં સુખ માનતો, પણ તે વખતે વાસ્તવિકપણે તો આકુળતા હોવાથી જ દુઃખ છે. બહારમાં સુખ-દુઃખની કલ્પના તો મોહથી કરી હતી. સિદ્ધદશામાં મોહનો નાશ થતાં દુઃખ પણ રહ્યું નથી. ને દુઃખ માનવારૂપ બાહ્યમાં શાતા-અશાતા પણ રહી નથી, વેદનીયકર્મનો અભાવ થઈ ગયો છે. કેવળીને શાતા-અશાતા હોવાં છતાં તેમને મોહ નથી તેથી સુખ-દુઃખની કલ્પના નથી. સિદ્ધને મૂળથી જ દુઃખનો સર્વથા અભાવ હોવાથી તેના ઈલાજનું કાંઈ પ્રયોજન રહ્યું નથી. જે વડે કાર્યની સિદ્ધિ કરવા ઈચ્છતો હતો તેની સિદ્ધિ તો સ્વયં થઈ જ રહી છે એટલે કે પોતાને દુઃખ ટળીને સુખ પ્રગટી ગયું છે.

વેદનીયકર્મમાં અશાતાના ઉદયથી શરીરમાં રોગ-ક્ષુધાદિક દુઃખના કારણો થતાં હતા, પણ હવે શરીર જ રહ્યું નથી ત્યાં ક્યાંથી થાય ? શરીરની અનિષ્ટ અવસ્થાના હેતુરૂપ આતાપાદિક હતા પણ શરીર વિના તે કોને કારણરૂપ થાય ? બાહ્ય અનિષ્ટ નિમિત્તો બનતા હતા પણ હવે તેને અનિષ્ટ કોઈ રહ્યું જ નથી, એ પ્રમાણે દુઃખના કારણોનો અભાવ થયો.

શરીર, શરીરના નિમિત્તરૂપ રોગાદિ તથા બહારમાં શત્રુ વગેરે અનિષ્ટ નિમિત્તોનો પણ સિદ્ધને અભાવ છે ને અંદરમાં મોહનો નાશ થયો છે ને બહારમાં દુઃખના નિમિત્તોનો પણ અભાવ થયો છે. અશાતાના કારણે પ્રતિકૂળ નિમિત્તો આવતા ને મોહના કારણે તેમાં દુઃખ માનતો, પણ સિદ્ધદશામાં

તે કાંઈ રહ્યું નથી.

વળી શાતાના ઉદયથી કિંચિત્ દુઃખ મટવાના કારણરૂપ જે ઔષધ-ભોજનાદિક હતા તેનું કાંઈ પ્રયોજન રહ્યું નથી તથા કોઈ પરાધીન ઈષ્ટ કાર્ય ન રહેવાથી બાહ્ય મિત્રાદિકને પણ ઈષ્ટ માનવાનું પ્રયોજન નથી, કારણ કે એ વડે દુઃખ મટાડવા વા ઈષ્ટ પ્રાપ્ત કરવા ઈચ્છતો હતો પણ હવે અહીં સંપૂર્ણ દુઃખ નષ્ટ થતાં સંપૂર્ણ ઈષ્ટ પામ્યો.

અંતરમાં આત્માની પૂર્ણ દશા થઈ ત્યાં પૂર્ણ સુખ પ્રગટ્યું ને દુઃખ ટળ્યું એટલે ઈષ્ટની પ્રાપ્તિ સ્વયમેવ થઈ ગઈ છે. હવે કાંઈ ઈષ્ટ કાર્ય કરવાનું રહ્યું નથી. પહેલાં મિત્ર-પુત્ર-લક્ષ્મી વગેરેથી દુઃખ મટાડીને સુખ મેળવવા ઈચ્છતો હતો તે મોહથી માનતો હતો. પણ હવે અંતર્સ્વભાવમાંથી પૂર્ણ સુખદશા પ્રગટી ને દુઃખનો નાશ થયો એટલે સંપૂર્ણ ઈષ્ટ પામ્યો છે, તેથી ઈષ્ટ માટે બહારમાં કાંઈ મેળવવાનું રહ્યું નથી. ઈષ્ટ શું ? કે પોતાની પૂર્ણ નિર્મળ આનંદદશા તે જ ઈષ્ટ છે. બહારમાં કાંઈ ઈષ્ટ-અનિષ્ટ ખરેખર નથી. અંતરના આનંદ દરિયામાં એકાગ્ર થતાં પર્યાયમાં આનંદ ઊછળ્યો છે. આત્માની પૂર્ણ આનંદદશા પ્રગટી તે જ ઈષ્ટ છે.

આયુકર્મના નિમિત્તથી મરણ-જીવન થતાં હતા. હવે મરણ વડે તો દુઃખ માનતો હતો પણ અહીં જ્યાં અવિનાશી પદ પામ્યો એટલે દુઃખનું પણ કોઈ કારણ રહ્યું નહિ. આનંદમૂર્તિ આત્મા અશરીરી પૂર્ણાનંદને પામ્યો તે તો અવિનાશી છે, ત્યાં હવે જન્મ-મરણ રહ્યા નથી, એટલે મૃત્યુ જ રહ્યું નથી. પહેલાં આયુકર્મના નિમિત્તે દસ પ્રાણ ધારણ કરીને જીવતો તેમાં સુખ માનતો હતો ને મૃત્યુથી ડરતો હતો. અને નરકમાં તો જીવવા પણ ઈચ્છતો ન હતો. એ પ્રમાણે જીવન-મરણ થતાં, ત્યાં મોહથી સુખ-દુઃખ માનતો. પણ હવે સિદ્ધદશામાં તો સદાકાળ પોતાના ચૈતન્યપ્રાણથી જીવે છે, ત્યાં કદી મરણ નથી. ચૈતન્યપ્રાણમાં દુઃખ લવલેશ પણ નથી ને ત્યાં મોહ પણ નથી એટલે આયુના નિમિત્તે જે દુઃખ હતું તેનો સિદ્ધદશામાં નાશ થઈ ગયો છે.

નામકર્મ વડે પ્રાપ્ત અશુભ ગતિ-જાતિ આદિમાં દુઃખ માનતો હતો, પણ હવે એ સર્વનો અભાવ થયો એટલે દુઃખ ક્યાંથી થાય ? અને શુભ ગતિ-જાતિ આદિમાં કિંચિત્ દુઃખ દૂર થવાથી સુખ માનતો હતો, હવે એ વિના પણ સર્વ દુઃખનો નાશ તથા સર્વ સુખનો પ્રકાશ હોવાથી તેનું પણ કાંઈ પ્રયોજન રહ્યું નથી.

ગોત્રકર્મના નિમિત્તથી નીચ કુળ પામતા દુઃખ માનતો હતો તથા ઊંચ કુળ પામતા સુખ માનતો હતો, પણ અહીં નીચ કુળનો અભાવ થવાથી દુઃખનું કારણ રહ્યું નહિ તથા ઊંચ કુળ વિના પણ ત્રૈલોક્યપૂજ્ય ઊંચપદને પામે છે. એ પ્રમાણે સિદ્ધને દુઃખનો ને દુઃખના નિમિત્તકારણોનો સર્વથા નાશ થયો છે ને આત્માનું પૂર્ણ સુખ પ્રગટ થયું છે.



દુઃખનું લક્ષણ તો આકુળતા છે. આકુળતા તો ઈચ્છાથી જ હોય. સિદ્ધ ભગવાનને ઈચ્છા પણ નથી ને ઈચ્છાના કારણો પણ રહ્યા નથી તેથી તેઓ સર્વ દુઃખરહિત નિરાકુળ અનંત સુખ અનુભવે છે. નિરાકુળપણું એ જ સુખનું લક્ષણ છે. સંસારમાં પણ કોઈ પ્રકારે નિરાકુળ થતાં જ સુખ માનીએ છીએ. તે જ્યાં સર્વથા નિરાકુળ થયા ત્યાં સંપૂર્ણ સુખ કેમ ન માનીએ ? એ પ્રમાણે સમ્યગ્દર્શનાદિ સાધન વડે સિદ્ધપદ પામતા સર્વ દુઃખોનો અભાવ થાય છે, સર્વ સુખ પ્રગટ થાય છે.

આ પ્રમાણે સંસારમાં દુઃખ અને સિદ્ધદશામાં સુખ છે. અહીં ઉપદેશ કરીએ છીએ કે હે ભવ્ય! હે ભાઈ ! અહીં સંસારના જે દુઃખો બતાવ્યા તેનો અનુભવ તને થાય છે કે નહિ ? તું જે ઉપાયો કરી રહ્યો છે તેનું જૂઠાપણું દર્શાવ્યું તે તેમ જ છે કે નહિ ? -એ બધું વિચાર ! જો ઉપર કહ્યા પ્રમાણે જ તને પ્રતીતિ આવતી હોય તો સંસારથી છૂટી સિદ્ધ અવસ્થા પામવાના અમે જે ઉપાય કહીએ છીએ તે કર ! વિલંબ ન કર ! એ ઉપાય કરતાં તારું કલ્યાણ જ થશે !

ગ્રંથકાર સામા જીવને કહે છે કે હે ભાઈ ! તું વિચાર કર કે આ વાત બરાબર છે ?

૧) સંસાર અવસ્થામાં જે દુઃખો બતાવ્યા તેનો તને અનુભવ થાય છે કે નહિ ?

૨) તે દુઃખ ટાળવા માટે તું જે ઉપાયો કરી રહ્યો છે તે જૂઠા છે કે નહિ ?

૩) સિદ્ધ અવસ્થામાં જ સુખ છે -એ વાત બરાબર કે નહિ ?

એ પ્રમાણે વિચાર કરતાં જો તને પ્રતીતિ આવતી હોય તો સંસારથી છૂટીને સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરવાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉપાય અમે કહીએ છીએ તે કર. તેમાં વિલંબ ન કર. એમ કરવાથી તારું કલ્યાણ થશે.

**એ પ્રમાણે શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક શાસ્ત્ર વિષે**
**સંસારદુઃખ અને મોક્ષસુખ નિરૂપક ત્રીજો અધિકાર સમાપ્ત.**

# અધિકાર ચોથો

## મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રનું વિશેષ નિરૂપણ

**ભવના સર્વ દુઃખોતણું, કારણ મિથ્યાભાવ;**
**તેની સત્તા નાશ કરે, પ્રગટે મોક્ષ ઉપાય.**

આત્મા કાયમ ધ્રુવ રહે છે, તેના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઉત્પાદ થાય છે તે મોક્ષનો ઉપાય છે, ને મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર સંસારનું કારણ છે, તેનો વ્યય થઈ જાય છે. મિથ્યાભાવનો વ્યય, સમ્યગ્દર્શનાદિનો ઉત્પાદ અને આત્માની ધ્રુવતા છે.

સંસારદુઃખોના બીજભૂત મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર છે. જેમ આંબાનું બીજ ગોટલી છે ને લીંબડાનું બીજ લીંબોળી હોય છે, તેમ સંસારનું બીજ મિથ્યાત્વ છે અને મોક્ષનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. સંસારના કારણરૂપ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર છે તેનું અહીં વિશેષ નિરૂપણ કરે છે. જેમ વૈદ્ય રોગના કારણો બતાવે તથા કુપથ્યસેવનનો નિષેધ કરે, અને વૈદ્ય ઉપર પ્રતીતિ લાવીને રોગી તે કુપથ્યનું સેવન ન કરે તો રોગમુક્ત થાય. પણ વૈદ્ય સાચા હોવા જોઈએ, ઊંટવૈદ્ય જેવા હોય તો ઊંધો ઉપાય બતાવીને મારી નાખે. એક વાર ઊંટને ગળે કોઠું અટક્યું, ત્યાં કોઈએ પગની પાટુ મારતાં તે ગળે ઊતરી ગયું. પછી કોઈ ડોશીને ગળે રતવા થયેલો, ત્યારે તે કહે કે ઊંટને પાટુ મારવાથી મટી ગયું હતું માટે આ ડોશીને ગળે પણ પાટુ મારો ! -એમ ઊંટવૈદું બતાવે તો તે વૈદ સાચા ન કહેવાય, તેમ ધર્મમાં સાચા જ્ઞાની ગુરુ હોય તે જ મોક્ષનો ઉપાય યથાર્થ બતાવે. જેને આત્માનું ભાન ન હોય તે સાચો ઉપાય ક્યાંથી બતાવે ? જ્યારે સંસારી જીવ સાચો ઉપદેશ સાંભળી મિથ્યાદર્શન વગેરે કુપથ્યનું સેવન છોડે ત્યારે જ સંસારરોગનો નાશ થાય. તેથી તે મિથ્યાત્વાદિકને છોડવા. માટે તેનું સ્વરૂપ બતાવે છે.

### મિથ્યાદર્શનનું વિશેષ સ્વરૂપ

આ જીવ અનાદિકાળથી કર્મના સંબંધ સહિત છે. પોતાના સ્વરૂપને ચૂક્યો છે તેથી મોહાદિ કર્મનો સંબંધ થયો છે. તેમાં દર્શનમોહના ઉદયથી અતત્ત્વશ્રદ્ધાન કરે છે તેનું નામ મિથ્યાદર્શન છે. પોતે અતત્ત્વનું શ્રદ્ધાન કરે છે તે મિથ્યાદર્શન છે, તે સંસારનું મૂળ છે. તદ્ભાવ એટલે જીવ-અજીવ, દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે તત્ત્વોનો જેવો જેવો ભાવ (સ્વરૂપ) છે તે પ્રમાણે શ્રદ્ધા કરતો નથી પણ તેનાથી વિપરીત માને છે તેનું નામ અતત્ત્વશ્રદ્ધા છે.

જે પદાર્થનો જેવો ભાવ છે તેવી શ્રદ્ધા કરવી તે તત્ત્વશ્રદ્ધા છે અને જે પદાર્થનો જેવો ભાવ



નથી તેવો માનવો તે અતત્ત્વશ્રદ્ધા છે અને અતત્ત્વશ્રદ્ધા તે મિથ્યાત્વ છે.

પુસ્તકને જાણતી વખતે ''હું સ્વ-પરપ્રકાશક છું'' એમ ન માનતાં હું પરને જ જાણું છું એમ માને છે,

વળી પુસ્તક એક ક્ષણિક પર્યાય હોવા છતાં તેને કાયમ રાખવા ચાહે છે,

પુસ્તક કોઈએ કર્યું ન હોવા છતાં તે કોઈએ બનાવ્યું -એમ પરને તેનો કર્તા માને છે.

એ રીતે તત્ત્વની અશ્રદ્ધા છે. આગળ પૃ. ૮૯માં ત્રણ પ્રકારની વિપરીતતાનું વર્ણન કરશે.

''મિથ્યાદૃષ્ટિ જાણે છે ત્યાં તેને સત્તા-અસત્તાનો વિશેષ (ભેદ) નથી તેથી તે કારણવિપરીતતા, સ્વરૂપવિપરીતા વા ભેદાભેદવિપરીતતા ઉપજાવે છે. ત્યાં જેને તે જાણે છે તેના મૂળ કારણને તો ન ઓળખે અને અન્યથા કારણ માને તે **કારણવિપરીતતા** છે, જેને જાણે છે તેના મૂળ વસ્તુભૂત સ્વરૂપને તો ન ઓળખે અને અન્યથા સ્વરૂપ માને તે **સ્વરૂપવિપરીતતા** છે તથા જેને તે જાણે છે તેને ''એ આનાથી ભિન્ન છે તથા એ આનાથી અભિન્ન છે'' એમ યથાર્થ ન ઓળખતાં અન્યથા ભિન્ન-અભિન્નપણું માને તે **ભેદાભેદવિપરીતતા** છે. એ પ્રમાણે મિથ્યાદૃષ્ટિના જાણવામાં વિપરીતતા હોય છે.

''આ આમ જ છે'' -એમ પ્રતીતિ કરવી તે શ્રદ્ધાન છે. ઉપાદાન શું, નિમિત્તનું સ્વરૂપ શું, આત્મા અને કર્મનો સંબંધ શું, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ શું -એમ બધા તત્ત્વો જેમ છે તેમ ન શ્રદ્ધતા વિપરીતપણે માનવા તે અતત્ત્વશ્રદ્ધાન છે અને તે જ મિથ્યાત્વ છે. મિથ્યાદર્શન કહ્યું તેમાં શ્રદ્ધાનનું નામ જ દર્શન છે. દર્શનઉપયોગની વાત અહીં નથી. ''જો કે દર્શન શબ્દનો અર્થ સામાન્ય અવલોકન થાય છે તો પણ અહીં પ્રકરણાનુસાર એ જ ધાતુનો અર્થ શ્રદ્ધાન સમજવો અને શ્રી સર્વાર્થસિદ્ધિ ટીકામાં પણ એમ જ કહ્યું છે. કારણ કે સામાન્ય અવલોકન કાંઈ સંસાર-મોક્ષનું કારણ થાય નહિ, પણ શ્રદ્ધાન જ સંસાર-મોક્ષનું કારણ છે. તેથી સંસાર-મોક્ષના કારણ સંબંધી વિવેચનમાં દર્શન શબ્દનો અર્થ શ્રદ્ધાન જ ગ્રહણ કરવો.

દર્શન ઉપયોગ તો સામાન્ય અવલોકનરૂપ છે, તે સંસાર-મોક્ષનું કારણ નથી. તત્ત્વાર્થસૂત્રની સર્વાર્થસિદ્ધિ ટીકા છે તે પૂજ્યપાદસ્વામીએ કરી છે, તેઓ પહેલાં ટીકાકાર છે. ત્યાં પણ દર્શનનો અર્થ શ્રદ્ધાન કર્યો છે.

મિથ્યારૂપ જે દર્શન એટલે મિથ્યાશ્રદ્ધા તે મિથ્યાદર્શન છે. જેવું વસ્તુસ્વરૂપ નથી તેવું માનવું તથા જેવું હોય તેવું ન માનવું -એવી વિપરીત માન્યતા તે મિથ્યાદર્શન છે. આવું મિથ્યાદર્શન તે સંસારનું કારણ છે.

## માગશર વદ ૯, બુધવાર, ૧૦-૧૨-૫૨.

જીવને અનાદિકાળથી તત્ત્વોની વિપરીત શ્રદ્ધા છે તે મિથ્યાદર્શન છે, અને તે સંસારનું કારણ છે. પદાર્થોનું જે સ્વરૂપ છે તે 'તત્ત્વ' છે. તત્ત્વાર્થ તો અનંત છે. અનંત દ્રવ્ય-ગુણ-પર્યાયો છે તે બધાય અર્થો એટલે કે તત્ત્વો છે. તેમનું જેવું સ્વરૂપ છે તેવું શ્રદ્ધાન કરવું તે તત્ત્વાર્થશ્રદ્ધાન છે, અર્થને પણ તત્ત્વ કહેવાય છે, ને પદાર્થોનું જે સ્વરૂપ છે તેને પણ તત્ત્વ કહેવાય છે. અર્થ કહો કે તત્ત્વ કહો - બન્ને એક છે. 'તત્ત્વાર્થશ્રદ્ધાન' પણ કહેવાય છે ને 'તત્ત્વશ્રદ્ધાન' પણ કહેવાય છે. દેવતત્ત્વ, ગુરુતત્ત્વ, શાસ્ત્ર વગેરે જે તત્ત્વો જેમ છે તેમ ન જાણતાં વિપરીત માનવા તે મિથ્યાશ્રદ્ધા છે.

હવે અહીં શિષ્ય પ્રશ્ન કરે છે : તત્ત્વો તો અનંત છે, તે સર્વ પદાર્થોનું જ્ઞાન તો કેવળજ્ઞાન વિના થાય નહિ. કેવળજ્ઞાનથી સર્વ પદાર્થો યથાર્થ ભાસ્યા વિના તેમનું યથાર્થ શ્રદ્ધાન પણ ક્યાંથી થાય ? અને તો પછી મિથ્યાદર્શનનો ત્યાગ કેવી રીતે બને ? જુઓ, વેપાર કરવામાં એમ નથી પૂછતા કે કેવળજ્ઞાન વગર વેપાર કેમ થાય ? ત્યાં તો જાણપણું બતાવે છે ને અહીં પૂછે છે કે અમને તત્ત્વાર્થનું શ્રદ્ધાન કેવળજ્ઞાન વગર કેમ થાય ? કેવળજ્ઞાન વિના મિથ્યાદર્શનનો ત્યાગ કઈ રીતે બને ? તેનો ઉત્તર કહે છે.

પદાર્થોને જાણવા, ન જાણવા કે અન્યથા જાણવા તે તો જ્ઞાનાવરણના ક્ષયોપશમ અનુસાર હોય છે, અને તેની પ્રતીતિ પણ જાણવાથી થાય છે. જાણ્યા વિના પ્રતીતિ ક્યાંથી થાય ? - એ તો સાચું. જાણ્યા વિના પદાર્થની પ્રતીતિ ન થાય. પણ જેમ કોઈ પુરુષ જે પદાર્થથી પોતાનું કાંઈ પ્રયોજન નથી તે પદાર્થને અન્યથા જાણે, યથાર્થ જાણે વા જેવું જાણે તેવું જ માને છતાં તેથી તેનો કાંઈ પણ સુધાર-બગાડ થતો નથી અને એવી રીતે જાણવા વા માનવાથી તે પુરુષ ડાહ્યો કે ગાંડો ગણાય નહિ, પરંતુ જેનાથી પ્રયોજન છે તેને જો અન્યથા જાણે વા તેમ જ માનવા લાગે તો તેનો બગાડ થાય અને તેથી તે ગાંડો કહેવાય. તથા જો એ પ્રયોજનભૂત પદાર્થોને યથાર્થ જાણે વા તે જ માને તો તેનો સુધાર થાય અને તેથી ડાહ્યો કહેવાય. આ તો સંસારનો દાખલો છે. નળિયું ફૂટીને તેના કેટલા કટકા થયા, વસ્ત્રમાં કેટલા તાણા છે, એવું ન જાણે તો તેથી કાંઈ ગાંડો ન કહેવાય. લાપસી રાંધવા બેસે ત્યાં રાંધવાની વિધિ તો ન જાણે અને ચૂલામાં રાડાં ને છાણાં કેટલાં નાખ્યા તે ગણવા બેસે તો ત્યાં તેનો મૂર્ખ કહે છે, પણ રાડાં કેટલાં નાંખ્યા તે ન જાણે પણ લાપસીની વિધિ બરાબર જાણે -તો તેને મૂર્ખ કહેવાય નહિ. એટલે કે લૌકિકમાં પ્રયોજનભૂત જરૂરી જ્ઞાન કરે ને બીજું ન જાણે તો લોકો તેને ગાંડો કહેતા નથી.

તે જ પ્રમાણે અહીં મોક્ષમાર્ગમાં પણ મોક્ષને માટે પ્રયોજનભૂત રકમને જાણવાની પ્રધાનતા છે. જેનાથી પ્રયોજન નથી તેવા પદાર્થોને આ જીવ અન્યથા જાણે, યથાર્થ જાણે વા જેવું જાણે તેવું જ શ્રદ્ધાન કરે, તો તેથી તેનો કાંઈ સુધાર કે બગાડ નથી અથવા તેથી તે મિથ્યાદષ્ટિ-સમ્યગ્દષ્ટિ



નામ પામે નહિ. પણ જેનાથી પ્રયોજન છે તેને જો અન્યથા જાણે તથા તેવું જ શ્રદ્ધાન કરે તો તેનો બગાડ થાય અને એટલા માટે તેને મિથ્યાદષ્ટિ કહીએ છીએ. તથા જો તેને યથાર્થ જાણે અને તેવું જ શ્રદ્ધાન કરે તો તેનો સુધાર થાય માટે તેને સમ્યગ્દષ્ટિ કહીએ છીએ.

દેવ-ગુરુ-શાસ્ત્ર શું ? નવ તત્ત્વો શું ? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ શું ? -એ બધું પ્રયોજનભૂત છે. તેને ન જાણે ને વિપરીત માને તો તે મિથ્યાદષ્ટિ છે. બીજા અપ્રયોજનભૂત તત્ત્વોને ન જાણે તો તેથી મિથ્યાદષ્ટિ ન કહેવાય. પણ યથાર્થ પ્રયોજનભૂત તત્ત્વોને જાણવામાં ભૂલ કરે તો મિથ્યાદષ્ટિ છે. પ્રયોજનભૂત તત્ત્વોનું જ્ઞાન તો કેવળજ્ઞાન વિના નીચે થઈ શકે છે -એમ અહીં બતાવવું છે. રૂના ધોકડામાં પાંચ લાખની ખોટ જતી હોય - તે તો જુએ નહિ ને તેની ખોળમાંથી રૂની પૂમડા વીણવા બેસે -તો કાંઈ ખોટ પૂરાય નહિ, તેમ અપ્રયોજનભૂત વાત જાણવામાં રોકાય પણ પ્રયોજનભૂત તત્ત્વો, દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરેને જાણે નહિ તો મિથ્યાત્વ ટળે નહિ. અહીં હીન-અધિક જાણવાની મુખ્યતા નથી પણ પ્રયોજનભૂત તત્ત્વોને ઓળખીને તેની યથાર્થ પ્રતીતિ કરવાથી જ મિથ્યાત્વ ટળીને સમ્યક્ત્વ થાય છે.

અહીં એટલું સમજવું કે અપ્રયોજનભૂત વા પ્રયોજનભૂત પદાર્થોને ન જાણવા વા યથાર્થ-અયથાર્થ જાણવામાં આવે છે તેમાં તો માત્ર જ્ઞાનની જ હીનતા-અધિકતા થાય છે એટલો જ જીવનો બગાડ-સુધાર છે અને તેનું નિમિત્ત તો જ્ઞાનાવરણકર્મ છે. પરંતુ પ્રયોજનભૂત પદાર્થોને અન્યથા વા યથાર્થ શ્રદ્ધાન કરતાં જીવનો કંઈ બીજો પણ બગાડ-સુધાર થાય છે તેથી તેનું નિમિત્ત દર્શનમોહકર્મ છે.

પ્રયોજનભૂત તત્ત્વો કયા છે ? તે વાત આગળ કહેશે.

પાંચમા અધ્યાયમાં અન્યમતનું નિરાકરણ કરતાં કહે છે કે અજ્ઞાનીઓને ''તત્ત્વાર્થશ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે'' તેની તો પ્રધાનતા નથી, પણ પોતે જેવા અર્હંતદેવ-સાધુ-ગુરુ-દયાધર્મને નિરૂપણ કરે છે, તેના શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહે છે. હવે પ્રથમ તો અરહંતાદિકનું સ્વરૂપ જ અન્યથા કહે છે. વળી તત્ત્વાર્થશ્રદ્ધાન થયા વિના માત્ર એટલા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ કેવી રીતે હોય ? માટે તે મિથ્યા કહે છે. વળી તત્ત્વોના શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહે છે, પણ પ્રયોજનપૂર્વક તત્ત્વોનું શ્રદ્ધાન કહેતા નથી. (પૃ. ૧૫૯-૧૬૦)

ધર્મમાં કાંઈ કુળક્રમનું પ્રયોજન નથી, પણ શાસ્ત્રોના અર્થને વિચારી કાળદોષથી જૈનધર્મમાં પણ પાપી પુરુષોએ કુદેવ-કુગુરુ-કુધર્મસેવનાદિરૂપ વા વિષયકષાય પોષણાદિરૂપ વિપરીત પ્રવૃત્તિ ચલાવી હોય, તેનો ત્યાગ કરી જિનઆજ્ઞાનુસાર પ્રવર્તવું યોગ્ય છે. (પૃ. ૨૧૯)

કોઈ મંદ કષાયાદિકનું કારણ પામીને જ્ઞાનાવરણાદિ કર્મોનો ક્ષયોપશમ થવાથી તત્ત્વવિચાર કરવાની શક્તિ પ્રગટ થઈ, તથા મોહ મંદ થવાથી તત્ત્વવિચારમાં ઉદ્યમી થયો, અને બાહ્ય નિમિત્ત દેવ-

ગુરુ-શાસ્ત્રાદિકનું થતાં એ વડે સત્ય ઉપદેશનો લાભ થયો, ત્યાં પોતાના પ્રયોજનભૂત મોક્ષમાર્ગના, દેવ-ગુરુ-ધર્માદિકના, જીવાદિ તત્ત્વોના, સ્વ-પરના વા પોતાને અહિતકારી-હિતકારી ભાવોના, ઈત્યાદિના ઉપદેશથી સાવધાન થઈ એવો વિચાર કર્યો કે અહો ! મને તો આ વાતની ખબર જ નથી, હું ભ્રમથી ભૂલી પર્યાયમાં જ તન્મય થયો, પણ આ પર્યાયની તો થોડા જ કાળની સ્થિતિ છે. અહીં મને સર્વ નિમિત્તો મળ્યા છે માટે મારે આ વાતોનો બરાબર નિર્ણય કરવો, કારણ કે આમાં તો મારું જ પ્રયોજન જણાય છે, એમ વિચારી જે ઉપદેશ સાંભળ્યો તેનો નિર્ધાર કરવાનો ઉદ્યમ કર્યો. (પૃ. ૨૬૨)

હેય-ઉપાદેય તત્ત્વોની પરીક્ષા કરવી યોગ્ય છે. ત્યાં જીવાદિ દ્રવ્યો વા તત્ત્વોને પીછાણવાં, ત્યાગવા યોગ્ય મિથ્યાત્વ-રાગાદિક તથા ગ્રહણ કરવા યોગ્ય સમ્યગ્દર્શનાદિકનું સ્વરૂપ પીછાણવું તથા નિમિત્ત-નૈમિત્તિકાદિકને જેમ છે તેમ પીછાણવાં, ઈત્યાદિ જેને જાણવાથી મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ થાય તેને અવશ્ય જાણવા. (પૃ. ૨૬૪)

દેવાદિકનો વા તત્ત્વોનો નિર્ધાર થયા વિના તો મોક્ષમાર્ગ થાય નહિ, તેનો તો નિર્ધાર પણ થઈ શકે છે, જો કોઈ તેનું સ્વરૂપ વિરુદ્ધરૂપ કહે તો પોતાને જ તે ભાસી જાય છે. પણ અન્ય કથનનો નિર્ધાર ન થાય, સંશયાદિ રહે વા અન્યથા જાણવાપણું થઈ જાય અને જો 'કેવળીનું કહ્યું પ્રમાણ છે' એવું શ્રદ્ધાન રહે તો તેથી મોક્ષમાર્ગમાં કાંઈ વિઘ્ન નથી, એમ સમજવું. (પૃ. ૩૦૪)

એ પ્રમાણે મોક્ષમાર્ગમાં જે પ્રયોજનભૂત તત્ત્વો છે તેનો પોતે પરીક્ષા કરીને જરૂરી નિર્ણય કરવો જોઈએ. કોઈ કુગુરુના કહેવાથી ઊંધી માન્યતા સેવે તો તે પણ મિથ્યાદષ્ટિ છે. જગતમાં તો અનેક પ્રકારની વિપરીત માન્યતા ચાલે છે, માટે પ્રયોજનભૂત તત્ત્વોની પરીક્ષા પોતે જાતે કરીને તેને ઓળખવા જોઈએ. મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત જે રકમો છે તેની યથાર્થ શ્રદ્ધા કરતાં જીવને કલ્યાણ થાય છે, ને તે પ્રયોજનભૂત તત્ત્વોના નિર્ણયમાં ભૂલ કરે તો તેથી જીવનું મહા અકલ્યાણ થાય છે. જ્ઞાનનો ઉઘાડ ઓછો હોય તેથી અકલ્યાણ નથી. નવ પૂર્વ ભણે પણ યથાર્થ તત્ત્વાર્થશ્રદ્ધાન કરીને સમ્યગ્દર્શન ન કરે તો કલ્યાણ થાય નહિ ને ઓછું જ્ઞાન હોવા છતાં જો પ્રયોજનભૂત તત્ત્વોને યથાર્થ જાણે તો સમ્યગ્દર્શન થઈને કલ્યાણ થાય છે.

હીરાની દુકાને લાખોની ખોટ જાય તેને ગણે નહિ ને શાકભાજીની સંભાળ કરવામાં રોકાય, તો તેને લોકો પણ મૂર્ખ કહે છે, શાક લેતાં ભલે ન આવડતું હોય પણ જો જરૂરિયાતની વસ્તુનું જ્ઞાન હોય તો લોકો તેને ડાહ્યો કહે છે. તેમ અહીં મૂળ તત્ત્વોના જ્ઞાનમાં વિપરીતતા હોય તો તે જીવ મિથ્યાદષ્ટિ છે. મિથ્યાશ્રદ્ધાનમાં તો દર્શનમોહ નિમિત્ત છે, ને જ્ઞાનના ઉઘાડમાં તો જ્ઞાનાવરણના ક્ષયોપશમનું નિમિત્ત છે. જ્ઞાનનો ઉઘાડ ઓછો વધતો હોવા સાથે મોક્ષમાર્ગનો સંબંધ નથી, પણ પ્રયોજનભૂત તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા કે વિપરીત શ્રદ્ધા ઉપર આધાર છે.



**પ્રશ્ન** : જેવું જાણે તેવું શ્રદ્ધાન કરે માટે અમને તો જ્ઞાનાવરણના અનુસાર જ શ્રદ્ધાન ભાસે છે, પણ અહીં દર્શનમોહનું વિશેષ નિમિત્ત કહ્યું તે કેવી રીતે ભાસે છે ?

**ઉત્તર** : પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન કરવા યોગ્ય જ્ઞાનાવરણનો ક્ષયોપશમ તો સર્વ સંજ્ઞી પંચેંદ્રિય જીવોને થયો છે. ભરવાડને પણ તેટલો તો ક્ષયોપશમ છે, ને ભરવાડની ગાયને પણ તેટલો ક્ષયોપશમ છે, ચારે ગતિના સંજ્ઞી મનવાળા પંચેંદ્રિય જીવોને એટલો ઉઘાડ છે. જીવ શું, અજીવ શું ? દેવનો જીવ કેવી પર્યાયે પરિણમેલો હોય, ગુરુનો જીવ કેવી પર્યાયરૂપે પરિણમેલો હોય, તેમના કહેલા સાચા અનેકાંત શાસ્ત્રો કેવા હોય -એ બધું જ્ઞાન કરી શકે એટલો ઉઘાડ સર્વ સંજ્ઞી પંચેંદ્રિય જીવોને હોય છે એટલે અહીં એમ બતાવવું છે કે જીવને જે યથાર્થ તત્ત્વાર્થશ્રદ્ધાન નથી તેમાં જ્ઞાનના ઉઘાડનું કારણ નથી પણ પોતે મિથ્યાશ્રદ્ધા કરે છે, પોતે યથાર્થ તત્ત્વને ઓળખતો નથી. વળી દ્રવ્યલિંગી મુનિ અગિયાર અંગ સુધી ભણે છે છતાં પોતે પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોને શ્રદ્ધતો નથી તેથી મિથ્યાત્વ ટળતું નથી. વળી ગ્રૈવેયક વગેરેના દેવોને કુઅવધિજ્ઞાન પણ હોય છે, તેમને જ્ઞાનનો ઉઘાડ બીજા સામાન્ય જીવો કરતાં વિશેષ છે, પણ પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન હોતું નથી; અને જ્ઞાનનો ઉઘાડ અલ્પ હોવા છતાં કોઈ કોઈ તિર્યંચોને, નારકીને તેમ જ શિવભૂતિ મુનિ વગેરેને પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોનું યથાર્થ શ્રદ્ધાન હોય છે ને તેના વડે તેઓ મોક્ષમાર્ગને સાધે છે. માટે જ્ઞાનના ઓછા-વધતા ઉઘાડની સાથે સમ્યક્ત્વ-મિથ્યાત્વનો સંબંધ નથી. દેડકું પણ અંદરમાં ચૈતન્યની અનાકુળ શાંતિમાં સુખ છે ને આકુળતા તે દુઃખ છે -એમ વિવેક કરીને સમ્યગ્દર્શન પામે છે. આકુળતા તે દુઃખ છે, ને અંદરના ચૈતન્યના આશ્રયે અનાકુળતાનું વેદન તે સુખ છે. એવી પ્રતીતિમાં નવે તત્ત્વોની અને દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રતીત સમાઈ જાય છે. મિથ્યાત્વમાં નિમિત્તભૂત દર્શનમોહકર્મ છે, પણ જ્ઞાનાવરણનો ઉદય તે મિથ્યાત્વમાં નિમિત્ત નથી. દર્શનમોહના ઉદયને લીધે મિથ્યાત્વ થાય છે -એમ સિદ્ધ નથી કરવું, પણ જ્ઞાનનો ઉઘાડ અને ઊંધી શ્રદ્ધા - તે બે વચ્ચે તફાવત બતાવવો છે. એટલે ઊંધી શ્રદ્ધામાં જ્ઞાનાવરણ નિમિત્ત નથી પણ દર્શનમોહ નિમિત્ત છે -એમ અહીં બતાવવું છે. માટે પ્રયોજનભૂત તત્ત્વોની પરીક્ષા કરીને તેનું યથાર્થ શ્રદ્ધાન કરવાથી મિથ્યાત્વ ટળે છે.

**પ્રશ્ન** : તે પ્રયોજનભૂત તત્ત્વો અને અપ્રયોજનભૂત તત્ત્વો ક્યા ક્યા છે ? મોક્ષમાર્ગ માટે જરૂર જાણવાયોગ્ય તત્ત્વો ક્યા ક્યા છે ?

**ઉત્તર** : આ જીવને પ્રયોજન તો એક એ જ છે કે ''મને દુઃખ ન થાય અને સુખ થાય'', અન્ય કંઈ પણ પ્રયોજન કોઈ જીવને નથી. વળી દુઃખ ન હોવું તથા સુખ હોવું એ બે એક જ છે, કારણ કે દુઃખનો અભાવ એ જ સુખ છે. હવે એ પ્રયોજનની સિદ્ધિ જીવાદિક તત્ત્વોનું સત્ય શ્રદ્ધાન કરતાં જ થાય છે. પહેલાં એ વાત ત્રીજા અધિકારમાં સાબિત કરી ગયા છે કે બહારના પદાર્થો મેળવીને કે દૂર કરીને સુખ લેવા માગે છે તે ઉપાય સાચા નથી. સુખ તો આત્માની પૂર્ણાનંદ

દશામાં છે અને તે પૂર્ણાનંદ દશાનું નામ મોક્ષ છે. મોક્ષનું કારણ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. માટે તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઉપાય કરવો. જ્ઞાનનો ઓછો-વધારે ઉઘાડ તે પ્રયોજન નથી, પણ સુખ મળે ને દુઃખ ટળે એ જ સર્વે જીવોનું પ્રયોજન છે. જુઓ, અપમાન થાય ત્યાં દુઃખ માને છે, પણ તે ઉપાય સાચો નથી. અંદરમાં ચૈતન્યનું ભાન કરીને સમાધાન કરવું ને આકુળતા થવા ન દેવી તે જ સુખનો ઉપાય છે. અરે જીવ ! તું સંસારમાં સુખ માટે ઝાંવા નાખી રહ્યો છે, પણ બહારમાં તારા બધા ઉપાયો જૂઠા છે. માટે તું સુખનો સાચો ઉપાય શું છે તે અંતરમાં શોધ. જીવાદિક તત્ત્વોની સાચી શ્રદ્ધા કરવાથી જ જીવના પ્રયોજનની સિદ્ધિ થાય છે. તે કઈ રીતે ? તે કહે છે.

પહેલાં જીવ-અજીવ તત્ત્વોનું યથાર્થ શ્રદ્ધાન કરવાની વાત કરે છે.

<u>પ્રથમ તો દુઃખ દૂર કરવા માટે સ્વ-પરનું જ્ઞાન અવશ્ય જોઈએ.</u> કારણ કે સ્વ-પરનું જ્ઞાન જો ન હોય તો પોતાને ઓળખ્યા વિના પોતાનું દુઃખ તે કેવી રીતે દૂર કરે ? અથવા સ્વ-પરને એકરૂપ જાણી પોતાનું દુઃખ દૂર કરવા અર્થે પરનો ઉપચાર કરે તો તેથી પોતાનું દુઃખ કેવી રીતે દૂર થાય? અથવા પોતાનાથી ભિન્ન એવા પરમાં આ જીવ અહંકાર-મમકાર કરે તો તેથી દુઃખ જ થાય. માટે સ્વ-પરનું જ્ઞાન થતાં દુઃખ દૂર થાય છે.

સ્વ-પરને જુદા જુદા જાણ્યા વિના પોતાના દુઃખનો ઉપચાર ક્યાંથી કરે ? સ્વ-પરને એક જાણે તો જીવને બદલે અજીવમાં ઉપચાર કરે. જીવ અને અજીવને જાણ્યા વિના પોતાને બદલે શરીરમાં દુઃખ ટાળવાનો ઉપાય કરે. જેમ રોગ થયો હોય પોતાને અને દવા કરે બીજામાં, તો પોતાનો રોગ કેમ ટળે ? પોતાની આંખમાં મોતીઓ આવ્યો હોય ને બીજાની આંખમાં તેની દવા કરે તો પોતાની આંખનો મોતીયો કેમ ટળે ? તેમ જીવને મિથ્યાત્વરૂપી મોતિયો આવ્યો છે, તેને ટાળવાનો ઉપાય કરવાને બદલે શરીરમાં ને બહારમાં ઉપચાર કરે -તો દુઃખ ક્યાંથી મટે ? માટે પહેલાં જીવ-અજીવને ભિન્ન ભિન્ન ઓળખવા જોઈએ.

જીવ શું અને અજીવ શું ? તે જાણે નહિ અને શરીરનો રોગ દૂર કરીને કે પૈસા મેળવીને વગેરે ઉપાયથી પોતાનું દુઃખ ટાળવા માગે, તો તે ઉપાય જૂઠા છે. દુઃખ તો જીવમાં છે, ને તે દુઃખ મોહથી છે, તો તે દુઃખ ટાળવાનો ઉપાય પણ જીવમાં યથાર્થ ભાન કરીને મોહ ટાળવો તે જ છે.

પ્રથમ તો સ્વ-પરને ઓળખે નહિ તો દુઃખ ટાળવાનો ઉપાય કેવી રીતે કરે ? તેમ જ સ્વ-પરને એકરૂપ જાણે તો ઉપચાર પરમાં કરે, એટલે પોતાનું દુઃખ ક્યાંથી ટળે ? સ્વ-પરને જુદા જાણ્યા વગર પોતાથી ભિન્ન એવા જુદા પદાર્થોમાં અહંકારથી જીવ દુઃખી જ થાય છે. માટે જીવ-અજીવના ભેદવિજ્ઞાનથી જ સુખની સિદ્ધિ થાય છે.



કોઈ કહે કે અમે ભેદવિજ્ઞાન કરીએ છતાં પણ સુખ ન થાય તો શું કરવું ? તો કહે છે કે અરે ભાઈ ! યથાર્થ ભેદજ્ઞાન કરે અને સુખ ન થાય એમ ત્રણ કાળમાં બને જ નહિ, ને જીવ-અજીવને એકમેક માને તેને દુઃખ મટે એમ પણ કદી બને જ નહિ. સ્વ-પરનું ભેદજ્ઞાન કરતાં જ દુઃખ દૂર થાય છે.

સ્વ-પરનું જ્ઞાન જીવ-અજીવનું જ્ઞાન થતાં થાય છે. તેમાં સ્વ કોણ ? ને પર કોણ ? કે હું જીવ છું, ને શરીરાદિક અજીવ છે. જીવ તે હું સ્વ છું, ને શરીરાદિક અજીવ છે તે મારાથી પર છે. જીવ તો જ્ઞાનલક્ષણવાળો છે ને અજીવ પદાર્થો જ્ઞાનરહિત જડ છે. આ પ્રમાણે લક્ષણો વડે જીવ-અજીવને ભિન્નપણે જાણે, તો દુઃખ મટે. ‘‘શરીરે સુખી તો સુખી સર્વ વાતે’’ એમ માને તેને જીવ-અજીવની ભિન્નતાનું ભાન નથી એટલે શરીરની નીરોગતાને સુખ માન્યું છે, પણ દુઃખ ટાળીને સુખનો ઉપાય તો આત્મામાં છે તેનું ભાન નથી. શરીરની દરકાર ન રાખે ને વિષ્ટામાં પડ્યો રહે તેથી તેને શરીર સાથે એકત્વબુદ્ધિ છૂટી ગઈ છે -એમ નથી, તે તો મોટો મૂઢ અવિવેકી છે. સ્વ-પર કોણ છે, જીવ-અજીવ કોણ છે -તેને જાણીને યથાર્થ શ્રદ્ધા કરવાથી જ દુઃખ દૂર થાય છે -માટે જીવ અને અજીવ તત્ત્વોનું જ્ઞાન પ્રયોજનભૂત છે, તેમને જાણવા જોઈએ. વળી બીજા પ્રયોજનભૂત તત્ત્વો કયા છે તે હવે કહેશે.

**માગશર વદ ૧૦, ગુરુવાર, ૧૧-૧૨-૫૨.**

નવ તત્ત્વોનું જ્ઞાન પ્રયોજનભૂત છે. તેમાં જીવ-અજીવની વાત આવી ગઈ. હવે આસ્રવની વાત કરે છે.

**આસ્રવ** : આસ્રવને ન ઓળખે તો તેને કેવી રીતે ટાળે ? આત્મામાં શુભાશુભભાવ, મિથ્યાત્વ ને અવ્રતાદિના ભાવ થાય છે તે દુઃખના મૂળ કારણ છે. જે પરિણામ બંધન ને દુઃખનું કારણ છે તેને દુઃખનું મૂળ કારણ ન જાણે તો કેવી રીતે ટાળે ? અજ્ઞાની જીવ સંયોગને દુઃખનુ કારણ માને છે ને તેને દૂર કરવા માગે છે પણ તે માન્યતા ઊંધી છે. કર્મબંધન નિમિત્તમાત્ર છે મૂળ કારણ તો વિકારીભાવ છે. આસ્રવનો અભાવ ન કરે તો કર્મબંધન થાય અને તેથી દુઃખ જ થાય.

મિથ્યાત્વાદિ ભાવ અજ્ઞાન, પુણ્ય-પાપના ભાવ પોતે જ દુઃખમય છે, તે વિકાર છે તેને ન જાણે તો સાચી શ્રદ્ધા થાય નહિ. પ્રથમ આસ્રવને દુઃખનું કારણ કહ્યું હતું. અહીં કહે છે કે આસ્રવ જ દુઃખમય છે. અજ્ઞાની પુણ્યને ધર્મનું કારણ માની તેને રાખવા પ્રયત્ન કરે છે પણ તેથી તો તે સંસારમાં રખડે છે. માટે પુણ્ય-પાપના પરિણામ દુઃખ છે, દુઃખના કારણો છે -એમ જાણવું જોઈએ. દેવગતિનો ભાવ દુઃખમય છે ને દેવગતિ દુઃખનું કારણ છે. આત્મા અકષાયી-શાંતસ્વભાવી છે -એવું જ્ઞાન કરે નહિ તેનું દુઃખ ટળે નહિ.

**બંધ** : હવે બંધની વાત કરે છે. સમસ્ત દુઃખોનું મૂળ કારણ કર્મબંધન છે. જીવનો ભાવબંધ કર્મબંધને નિમિત્ત થાય છે. પુણ્ય-પાપના ભાવો જીવને બંધનું કારણ છે. તીર્થંકર પુણ્યપ્રકૃતિ બાંધવી કે આહારકશરીર મળે તેવી પ્રકૃતિ બાંધવી તે બધું બંધન છે. બંધનમાત્ર દુઃખદાયક છે, તેને જો ન જાણે તો તેથી મુક્ત થવાનો ઉપાય પણ ન કરે અને તેના નિમિત્તથી તે દુઃખી જ થાય. માટે બંધને જાણવો આવશ્યક છે. સ્વભાવનો આશ્રય કરતાં ભાવબંધનો અભાવ થાય છે ને તેનો અભાવ થતાં દ્રવ્યબંધનો અભાવ થાય છે.

**સંવર** : આત્માના ભાનપૂર્વક પુણ્ય-પાપના ભાવને રોકવા તે સંવર છે. અજ્ઞાની શરીરાદિની બાહ્યક્રિયા કરતાં કરતાં સંવર માને છે. શરીરની ક્રિયા વર્તે છે તે જડની અવસ્થા છે. શુભભાવ થાય તે આસ્રવ છે, પુણ્ય-પાપ રહિત આત્મામાં શુદ્ધ અવસ્થા થાય તે સંવર છે. જાપનો વિકલ્પ ઊઠે છે તે પણ આસ્રવ છે, તેનાથી રહિત અંતર નિર્મળદશા થવી તે સંવર છે. આવી જેને ખબર નથી તેને ધર્મ થાય નહિ. સામાયિક, પૌષધ વગેરે આત્માના આશ્રયે થાય છે. લોકો સંવરને જાણતા નથી, તેથી મલિન પરિણામને સંવર માને છે તેથી વર્તમાનમાં દુઃખ છે ને ભાવિમાં દુઃખનું કારણ બને છે. માટે સંવરનું જ્ઞાન કરવું આવશ્યક છે.

**નિર્જરા** : વળી નિર્જરાની વાત કરે છે. કથંચિત્ કિંચિત્ કર્મબંધનનો અભાવ કરવો તે નિર્જરા છે.

કોઈ પ્રકારે કિંચિત્ બંધનનો અભાવ થાય તેને નિર્જરા કહે છે. આત્માના ભાનપૂર્વકની નિર્જરાની વાત છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે, વિકાર આસ્રવ ને દુઃખમય છે ને નિર્જરા હિતરૂપ છે -એવા ભાનવાળાને નિર્જરા થાય છે.

કથંચિત્ = કોઈ પ્રકારે, પણ સર્વથા પ્રકારે કર્મબંધનો અંશે અભાવ કરવો એવો નિર્જરાનો અર્થ નથી. કિંચિત્ = થોડો અભાવ કરવો કહ્યું. સર્વથા કહે તો મોક્ષ થઈ જાય. અહીં નિર્જરાની વ્યાખ્યા છે માટે કિંચિત્ કહ્યું છે, વળી કથંચિત્ ન કહે ને એકલું કિંચિત્ કહે તો પુણ્યકર્મની પણ નિર્જરા થઈ જાય પણ પુણ્યના રસની નિર્જરા થતી નથી. સમ્યગ્દષ્ટિને પુણ્યનો રસ વધતો જાય છે. ધર્મીને અકામ, સકામ, અવિપાક ને સવિપાક -એમ ચારે પ્રકારની નિર્જરા થાય છે. છતાં અનુભાગ અથવા રસની નિર્જરા થાય છે એટલે રસ અંશે ઘટે છે -એમ નથી. માટે કથંચિત્ (કોઈ પ્રકારે) શબ્દ વાપરેલ છે.

નિર્જરાને યથાર્થ ન જાણે તો તેરૂપની પ્રવૃત્તિનો ઉદ્યમી ન થાય ને સ્વભાવ સન્મુખ રહેવાનો પ્રયત્ન કરે નહિ ત્યારે સર્વથા બંધ જ રહે ને તેથી દુઃખ જ થાય.

જ્ઞાનીને પુણ્યનો રસ વધતો જાય માટે કથંચિત્ કહ્યું. પૃ. ૨૩૫માં કહ્યું છે કે ''મોક્ષમાર્ગમાં સ્થિતિનું ઘટવું તો બધી જ પ્રકૃતિઓનું થાય છે ત્યાં પુણ્ય-પાપની વિશેષતા છે જ નહિ તથા



અનુભાગનું ઘટવું પુણ્યપ્રકૃતિઓમાં શુદ્ધોપયોગથી પણ થતું નથી પરંતુ ઉપર ઉપરની પુણ્યપ્રકૃતિઓના અનુભાગનો તીવ્ર ઉદય થાય છે તથા પાપપ્રકૃતિઓના પરમાણુ પલટી શુભપ્રકૃતિરૂપ થાય એવું સંક્રમણ શુભ અને શુદ્ધ બન્ને ભાવ થતાં થાય છે.''

અજ્ઞાની જીવ તો બહારની ક્રિયાથી નિર્જરા માને છે પણ તે બરાબર નથી તેથી અહીં તેનું સાચું સ્વરૂપ બતાવેલ છે.

**મોક્ષ** : હવે મોક્ષતત્ત્વને બતાવે છે. નિર્જરામાં કથંચિત્ ને કિંચિત્ કર્મબંધનો અભાવ કહ્યો હતો ને અહીં મોક્ષમાં સર્વથા ને સર્વ કર્મબંધનો અભાવ કહ્યો તેને ન ઓળખે તો તેનો ઉપાય ન કરે.

**''મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ''**

આત્માના ભાનપૂર્વક શુદ્ધ વીતરાગી દશા પ્રગટવી તે મોક્ષનો પંથ છે. મોક્ષતત્ત્વને ન ઓળખે તો તેનો ઉપાય પણ તે ન કરે જેથી સંસારમાં કર્મબંધનથી ઉત્પન્ન થતાં દુઃખોને જ સહન કરે માટે મોક્ષતત્ત્વને જાણવું આવશ્યક છે.

આ પ્રમાણે સાત તત્ત્વો આવી ગયા, તે સાતે તત્ત્વને જાણવા આવશ્યક છે. વળી શાસ્ત્રાદિકથી કદાચિત્ તેને જાણે, જ્ઞાનના ઉઘાડથી જાણ્યું પણ તે આમ જ છે એવી પ્રતીતિ ન આવે તો માત્ર જાણવાથી શું થાય ?

જીવ જ્ઞાનાનંદ શુદ્ધ છે; શરીર, કર્મ વગેરે અજીવ છે, પુણ્ય-પાપ બન્ને આસ્રવ છે, તેમાં અટકવું તે બંધ છે, આસ્રવ-બંધ અહિતકર છે, આસ્રવનો અભાવ કરવાથી સંવર થાય છે, નિર્જરા હિતરૂપ છે ને મોક્ષ પરમહિત છે. આ પદાર્થો એમ જ છે એવી પ્રતીતિ ન આવે તો માત્ર જાણવાથી પણ શું થાય ? પ્રથમ તો સત્ય સાંભળવા ન મળે, સાંભળવા મળે તો ગ્રહણ ન કરે, ને કદાચિત્ ગ્રહણ કર્યું પણ વેપાર-ધંધા આડે ધારણા ન રહી તો શ્રવણ ને ગ્રહણ નિરર્થક છે. ને કદાચિત્ ધારણા થઈ પણ તે તત્ત્વો એમ જ છે એવી પ્રતીતિ ન આવે તો શું કાર્ય થાય ?

અહીં કહે છે કે સાતે તત્ત્વોને જાણવાનો ઉઘાડ હોવા છતાં પ્રતીતિ ન કરે તો વ્યર્થ છે. માટે સાતે તત્ત્વોની શ્રદ્ધા કરવી એ જ કાર્યકારી છે. આ પ્રમાણે જીવાદિકની સાચી શ્રદ્ધા કરવાથી જ દુઃખના અભાવરૂપ પ્રયોજનની સિદ્ધિ થાય છે. માટે જીવાદિ સાતે પદાર્થો જાણવા જોઈએ, તે જ પ્રયોજનભૂત છે. વળી આસ્રવના પુણ્ય ને પાપ એવા બે વિશેષો જાણવા જરૂરી છે કેમ કે સામાન્યથી વિશેષ બળવાન છે. અહીં સામાન્યનો અર્થ સંક્ષેપથી જાણપણું સમજવું ને વિશેષ એટલે વર્તમાન જ્ઞાનની વિશેષ નિર્મળતા સમજવી. આસ્રવના બે પેટાભેદ કહે છે. ખાવું-પીવું-રળવું વગેરેના ભાવ તે પાપ છે, દયા-દાનાદિના ભાવ તે પુણ્ય છે, અજ્ઞાની પુણ્ય-પાપના ભેદને જાણતો નથી.

સર્વજ્ઞ ભગવાને કહેલા નવ તત્ત્વોને બરાબર જાણવા જોઈએ કારણ કે તે પ્રયોજનભૂત છે, તે ન જાણે તો ધર્મ ન થાય. નવ તત્ત્વનું યથાર્થ શ્રદ્ધાન કરતાં સુખ જ થાય ને દુઃખ ન જ થાય ને તેની યથાર્થ શ્રદ્ધા કર્યા વિના દુઃખ જ થાય ને સુખ ન થાય. અહીં શ્રદ્ધા ઉપર જોર છે. નવતત્ત્વને નક્કી કરે નહિ ત્યાં સુધી ધર્મ થાય નહિ.

અહીં કહ્યું છે કે નવ તત્ત્વોને ઓળખવા પ્રયોજનભૂત છે, એ સિવાય બીજા પદાર્થો અપ્રયોજનભૂત છે તેથી તેનું યથાર્થ શ્રદ્ધાન કરો વા ન કરો કારણ કે તેનું શ્રદ્ધાન કાંઈ સુખ-દુઃખનું કારણ નથી.

**પ્રશ્ન** : પૂર્વે જીવ-અજીવ પદાર્થો કહ્યા તેમાં સર્વ પદાર્થો આવી ગયા તો તે વિનાના કયા પદાર્થો બાકી રહ્યા કે જેને તમે અપ્રયોજનભૂત કહો છો ?

**સમાધાન** : સર્વ પદાર્થો જીવ-અજીવમાં આવી જાય છે પણ તેના પ્રકારો ઘણા છે - વિશેષો ઘણા છે. ભેદો સહિત જીવ-અજીવનું યથાર્થ શ્રદ્ધાન કરતાં સ્વ-પરનું શ્રદ્ધાન થાય, રાગાદિ દૂર કરવાની શ્રદ્ધા થાય ને તેથી સુખ ઊપજે.

અજ્ઞાની **णमो अरिहंताणं** શબ્દો બોલે ને તેથી ધર્મ માને પણ શબ્દો તો જડ છે ને શુભરાગ ઊઠે છે તે પુણ્ય છે, તે ધર્મ નથી. આમ ન ઓળખે તો રાગને રાખ્યા કરે તેથી દુઃખ જ ઊપજે.

જીવ-અજીવના સાત વિશેષો છે. તેને યથાર્થ જાણવાથી સુખ ઊપજે ને અયથાર્થ જાણવાથી સ્વ-પરની શ્રદ્ધા ન થાય. રાગાદિક દૂર કરવાની શ્રદ્ધા ન થાય અને તેથી દુઃખ ઊપજે. માટે એવા ભેદસહિત જીવ-અજીવ પદાર્થો પ્રયોજનભૂત છે. ને જે ભેદો સહિત જીવ-અજીવનું યથાર્થ શ્રદ્ધાન કરતાં સ્વ-પરનું શ્રદ્ધાન થાય અથવા ન થાય; રાગાદિક દૂર કરવાનું શ્રદ્ધાન થાય વા ન થાય, જેનો કાંઈ નિયમ નથી, એવા વિશેષો સહિત જીવ-અજીવ પદાર્થો અપ્રયોજનભૂત સમજવા.

જેમ જીવ સામાન્ય છે તેનું વિશેષ જાણવું-દેખવું છે તે પ્રયોજનભૂત છે પણ કોઈ મનુષ્યનું શરીર આટલું જાડું, લાંબું, પહોળું તે ન જાણે તો શ્રદ્ધામાં વાંધો આવતો નથી. આત્મા સામાન્ય છે ને તેનો જાણવા-દેખવાનો સ્વભાવ તે વિશેષ છે. શરીર મૂર્ત-રૂપી છે, સ્પર્શ-રસ-ગંધ-વર્ણ તેના ગુણો છે તે વિશેષ છે. આમ જીવ-અજીવને તેના વિશેષ સહિત જાણવા જરૂરના છે. પણ જુગલિયા ત્રણ ગાઉના ઊંચા હોય છે, દેવોની આટલી સંખ્યા હોય છે વગેરે વાત જાણતા કદાચિત્ ખ્યાલ આવે કે આ વાત સર્વજ્ઞ સિવાય ન હોય. તેમ ખ્યાલ કરતાં કદાચિત્ શ્રદ્ધા થાય એટલે આવા વિશેષોથી સ્વ-પરની શ્રદ્ધા થાય અથવા ન થાય. રાગાદિક દૂર કરવાની શ્રદ્ધા થાય અથવા ન થાય જેનો કાંઈ નિયમ નથી. એવો વિશેષો સહિત જીવ-અજીવ અપ્રયોજનભૂત સમજવા.

જીવ પોતે સામાન્ય છે ને આસ્રવ, બંધ, સંવર, નિર્જરા વગેરે તેના વિશેષો છે તે જાણવા પ્રયોજનભૂત છે પણ જડ શરીરના આકારો તથા ઘટપટાદિના આકારો -રૂપવિશેષો જાણવા તે



અપ્રયોજનભૂત છે. આ પ્રમાણે અન્ય પણ સમજવું.

હવે સંસારી જીવોને મિથ્યાદર્શનની પ્રવૃત્તિ કેવી હોય છે તે અહીં કહીએ છીએ. અહીં વર્ણન તો શ્રદ્ધા કરાવવા માટે છે પણ જાણે તો શ્રદ્ધાન કરે તેથી જાણવાની મુખ્યતાપૂર્વક વર્ણન કરીએ છીએ.

સંસારી જીવ અનાદિકાળથી કર્મના નિમિત્તે અનેક પ્રકારના શરીર ધારણ કરે છે. આત્મા પોતે એક છે ને અનંત પુદ્‌ગલ પરમાણુના બંધાનરૂપ એક શરીર છે. તેમાં આ જીવને ''આ હું છું'' એવી બુદ્ધિ થાય છે. પોતાના આત્માની ખબર નથી તેથી શરીરને પોતાનું માને છે.

વળી પોતે જીવ છે ને તેનો સ્વભાવ જાણવું-દેખવું છે. પર્યાયમાં થતાં પુણ્ય-પાપ, કામ-ક્રોધના ભાવ વિકાર છે ને શરીરાદિ જડ છે છતાં અનંત પુદ્‌ગલ પરમાણુને પોતાના માને છે. વર્ણ-ગંધાદિ હું, વિકારાદિ હું ને જ્ઞાનાદિ હું -આમ ત્રણેને એકમેક માને છે. શરીર જડ છે, વિકાર ક્ષણિક છે ને પોતે જ્ઞાનાનંદ નિત્ય છે એમ માનતો નથી. અજ્ઞાની જીવને ઓળખાણ નથી તેથી તે શરીરને પોતાનું માને છે એ મિથ્યાપ્રવૃત્તિ છે.

જીવમાં જ્ઞાનની અવસ્થા ઓછી વત્તી થાય છે તેને પોતાની માને, ક્રોધાદિની અવસ્થા ઓછી વત્તી થાય તેને પોતાની માને, શરીરની જાડી-પાતળી અવસ્થા થાય તેને પોતાની માને. પુદ્‌ગલ પરમાણુઓની રૂપાદિ અવસ્થા પલટે છે તે સર્વને પોતાની અવસ્થા માની ''આ મારી અવસ્થા છે'' એમ મમકારબુદ્ધિ કરે છે.

### માગશર વદ ૧૧, શુક્રવાર, ૧૨-૧૨-૫૨.

અનાદિથી નવ તત્ત્વોની વિપરીત શ્રદ્ધાને લીધે રખડવું થાય છે, નવ તત્ત્વો પૃથક્ પૃથક્ કેવી રીતે છે તે જાણ્યું નથી. શરીર ને આત્મા આકાશના એકક્ષેત્રે જુદા છે છતાં અજ્ઞાની શરીરને પોતાનું માને છે, શરીર ને તેના સ્પર્શાદિ ગુણોને પોતાના માને છે. વળી શરીરાદિની અવસ્થાને, જ્ઞાનની ઓછી વત્તી અવસ્થા થાય ને વિકારાદિ થાય તે બધી અવસ્થામાં મમકારબુદ્ધિ કરે છે.

છ ઢાળામાં સાત તત્ત્વોની ભૂલ બતાવી છે, અહીં તેનો વિસ્તાર કરેલ છે. જીવ ત્રિકાળ છે, પર્યાય ક્ષણિક છે ને શરીરાદિ પર છે એમ ત્રણે વચ્ચે ભેદજ્ઞાન કરતો નથી તેથી જીવ રખડે છે.

વળી જીવ તથા શરીરને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે ત્યાં શરીરની જે ક્રિયા થાય છે તેને પોતાની માને છે.

આત્માનો સ્વભાવ જાણવું-દેખવું છે તેની જ્ઞાનપર્યાયને સ્પર્શનાદિ ઈંદ્રિયો નિમિત્ત છે તે ઈંદ્રિયોને અજ્ઞાની પોતાની માને છે. જ્ઞાનનો પર્યાય જાણવાની લાયકાતવાળો છે તે જ્ઞાનગુણની પરિણતિ

છે એમ નહિ માનતાં હાથના સ્પર્શથી જ્ઞાન થયું માને છે તે જીવ ને અજીવના સ્વરૂપની ભૂલ છે. તે મિથ્યાદર્શન શલ્ય છે.

પોતાના કારણે જ્ઞાન થાય ત્યારે બીજો પદાર્થ નિમિત્ત કહેવાય એમ નક્કી કરે તો પર્યાયબુદ્ધિ છૂટી જાય પણ નિમિત્ત વડે કાર્ય થયું માને છે તે જીવને ભેદજ્ઞાન થતું નથી. નિમિત્ત-સ્પર્શાદિ ઈંદ્રિયો તો જડ છે તેના વડે જ્ઞાન થતું નથી. તે ક્રિયા તો જડની છે ને આત્મામાં જ્ઞાનની ક્રિયા થાય છે - બન્ને ક્રિયા સ્વતંત્ર છે.

વળી ''જીભ વડે મેં ચાખ્યું'' એમ માને છે. પણ તે વખતે જ્ઞાનની પરિણતિ વડે સ્વાદનું જ્ઞાન કર્યું છે તેમ માનતો નથી. જીભની ક્રિયા મારાથી થઈ માને છે ને તે જીભની ક્રિયાથી જ્ઞાન થયું માને છે તે મોટું પાખંડ ને ભ્રમ છે. તે મોટું પાપ અજ્ઞાનીના ખ્યાલમાં આવતું નથી.

વળી ''નાસિકા વડે મેં સૂંઘ્યું'' એમ માની નાકની ક્રિયાથી જ્ઞાન થયું માને છે ને નાસિકાની ક્રિયા મારાથી થઈ માને છે. જ્ઞાનની ક્રિયા મારામાં મારાથી થાય છે તેમાં સુગંધ જણાય છે. નાકની ક્રિયા તો જડની ક્રિયા સ્વતંત્ર છે. તે નૈમિત્તિક દશા સ્વતંત્ર છે તેમાં જીવ નિમિત્તમાત્ર છે તેમ નહિ માનતાં જીવને લીધે નાકની ક્રિયા થઈ માને છે તથા ગંધ સંબંધીનું જ્ઞાન પોતાથી થાય છે તેમાં નાક ઈંદ્રિય નિમિત્તમાત્ર છે એમ ભિન્ન નહિ માનતા નિમિત્ત વડે જ્ઞાનની ક્રિયા થઈ માને છે.

વળી ''નેત્ર વડે મેં દેખ્યું'' એમ માને છે. આંખની ક્રિયા જડની છે ને જ્ઞાનક્રિયામાં નેત્ર નિમિત્તમાત્ર છે. આમ યથાર્થ માનતો નથી તેને ધર્મ થતો નથી. અહીં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે. તેને અજ્ઞાની માનતો નથી ને નિમિત્ત વડે નૈમિત્તિકદશા થઈ એમ માને છે. બન્નેને પૃથક્ માનતો નથી.

વળી ''કાન વડે મેં સાંભળ્યું'' એમ માને છે, પોતાને સાંભળવાની જ્ઞાનની અવસ્થા નૈમિત્તિક છે તેમાં કાન નિમિત્ત છે, તેમ પૃથક માનતો નથી. તેથી બન્ને ક્રિયાને ભેળસેળ માને છે પણ નૈમિત્તિક ક્રિયા ને નિમિત્તની ક્રિયા જુદી જુદી છે -એમ માનતો નથી.

અહીં સ્પષ્ટ લખેલ છે કે ઈંદ્રિયો વગેરે નિમિત્તમાત્ર છે. છતાં અજ્ઞાની જીવ આત્મા ને ઈંદ્રિયોને એકમેક માને છે ને ઈંદ્રિયો વડે જ્ઞાન થયું માને છે.

વળી જીવના વિચારમાં આઠ પાંખડીના આકારે રહેલું દ્રવ્યમન નિમિત્ત છે. તે દ્રવ્યમન પોતાથી જુદું છે એમ અજ્ઞાનીને ભાસતું નથી. દ્રવ્યમન દૃષ્ટિગોચર નથી, તેનું નિમિત્ત થતાં સ્મરણાદિની પ્રવૃત્તિ થાય છે. તે દ્રવ્યમન તથા આત્માને એકરૂપ માને છે. વળી જીવ સંજ્ઞી થયો માટે ઉપદેશ ગ્રહણ કરી શક્યો એમ માને છે. ''ઈયળ વગેરે અસંજ્ઞીને મન નથી માટે શિક્ષા ગ્રહણ કરી શકતા



નથી ને સંજ્ઞી જીવોને મન છે તો ઉપદેશ ગ્રહણ કરી શકે છે ને સ્મરણની શક્તિ ખીલી છે'' -એમ અજ્ઞાની માને છે. તેનું વજન દ્રવ્યમન ઉપર જાય છે. મનના આધારે જ્ઞાન વિકાસ પામ્યું એમ માને છે. તે આખો ચૈતન્ય ભૂલી જાય છે. જ્ઞાનને પરાધીન માને છે, દ્રવ્યમન તથા જ્ઞાનને એકરૂપ માની એમ માને છે કે મેં મન વડે જાણ્યું.

વળી બોલવાની ઈચ્છા થાય ત્યારે આત્માના પ્રદેશોને જેમ બોલવાનું બને તેમ હલાવે. ત્યાં પ્રદેશનું કંપન તો આત્માની પર્યાય છે ને જીવના નિમિત્તથી શરીરોના અંગો ચાલે, કંઠ ચાલે, ધ્રુજારો થાય તે શરીરાદિની અવસ્થા આત્માના લીધે થઈ માને છે. વળી ભાષાવર્ગણાના પુદ્ગલો વચનરૂપ સ્વયં પરિણમે છે છતાં અજ્ઞાની માને છે કે હું બોલું છું, તે ક્રિયા મારાથી થઈ એમ માને છે તે અજીવતત્ત્વમાં ભૂલ કરે છે. આત્માના પ્રદેશોને, શરીરના અંગને તથા ભાષારૂપ વચનને એમ બધાને એકરૂપ માની એમ માને છે કે ''હું બોલું છું.''

વળી શરીરાદિ ચાલવા માંડે, હાથ ઊંચો થાય ને ખાતી વખતે હાથ વગેરેની ક્રિયા થાય તથા કોઈ વસ્તુ લેવાની ઈચ્છા થાય તે બધા વખતે આત્માના પ્રદેશોની જે ક્રિયા થાય તે તો આત્માની ક્રિયા છે ને તે તે વખતે શરીરની ક્રિયા થાય તે જડની છે, તેને ઈચ્છા નિમિત્તમાત્ર છે.

અથવા ઈચ્છા નહિ હોવા છતાં શરીર ચાલતાં પોતાના પ્રદેશો પણ ચાલે, ત્યાં પ્રદેશોની ક્રિયામાં શરીર નિમિત્તમાત્ર છે ને શરીરની ક્રિયામાં આત્મા નિમિત્ત છે. આમ હોવાં છતાં જીવ માને છે કે હું શરીરાદિને ચલાવું છું. વળી વસ્તુ ગ્રહણાદિની ક્રિયા થાય છે ત્યાં જે જે અવસ્થા થઈ તે તેને લીધે થયેલ છે પણ ઈચ્છાને લીધે થયેલ નથી અને ઈચ્છા વગર આત્માના પ્રદેશો ક્ષેત્રાંતર થાય ત્યાં પણ આત્માની ક્રિયા આત્માના કારણે છે, શરીરના કારણે નથી. બન્ને ક્રિયા સ્વતંત્ર છે. છતાં અજ્ઞાની જીવ શરીરની ક્રિયાને, પરવસ્તુની અવસ્થાને, આત્માના પ્રદેશોની હલનચલનરૂપ અવસ્થાને તથા જીવ ને ઈચ્છાને એકરૂપ માને છે. અને હું ગમનાદિક કરું છું અથવા આ વસ્તુને રાખું છું ઈત્યાદિ માને છે.

વળી કષાયભાવ થતાં શરીરની અવસ્થા કષાય અનુસાર થઈ જાય છે તેની વાત કરે છે. મિથ્યાદર્શન સહિતના કષાયની વાત છે.

ક્રોધ થતાં નેત્રો લાલ થઈ જાય, ત્યાં ક્રોધ તે આત્માની વિકારી દશા છે, ને આંખની અવસ્થા લાલ થવી તે જડની અવસ્થા છે. અજ્ઞાની માને છે કે ક્રોધને લીધે આંખની અવસ્થા લાલ થઈ, ક્રોધ થતાં શરીર ધ્રુજે ત્યાં શરીરની બધી અવસ્થા સ્વતંત્ર છે, ક્રોધાદિ નિમિત્તમાત્ર છે. વળી હાસ્યાદિ થતાં મોઢું પ્રફુલ્લિત થાય છતાં મારાથી શરીરની અવસ્થા થઈ માને છે -પણ એમ નથી. શરીરની ક્રિયા નૈમિત્તિક છે તેમાં હાસ્ય, રતિ વગેરે નિમિત્ત છે. છોકરો ગુજરી જતાં શોક થાય ત્યારે મોઢું વીલું થઈ જાય -તે શરીરની ક્રિયા છે. પુરુષવેદાદિ થતાં શરીરની લિંગ કઠણ થઈ જાય -એ બધાને

એકરૂપ માની ''લાલ નેત્ર મેં કર્યા, પ્રફુલ્લિત વદન મેં કર્યું -વગેરે જડના કાર્યો મેં કર્યા'' -એમ માને છે. અહીં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સ્વતંત્ર બતાવે છે, તે તે જડની પર્યાયો પોતપોતાના દ્રવ્યોની સ્વતંત્ર છે એમ માની પર્યાયબુદ્ધિ છોડવાનું કહે છે.

વળી શરીરમાં ટાઢ ચડે, ઉનિયો તાવ આવે, વાઈનો રોગ થાય વગેરે અવસ્થા થાય છે છતાં મોહભાવ વડે સુખદુઃખ માને છે. એ બધાને એકરૂપ જાણી તે ટાઢ મને ચડી તથા તાવ મને આવ્યો એમ માને છે તથા સુખદુઃખ પોતાને જ થયા માને છે -એ બધી અવસ્થા પોતાની માને છે.

વળી શરીર પાતળું પડતું જાય કે જાડું થાય વગેરે અવસ્થા થતાં મારી અવસ્થા પલટી -એમ માને છે. આંખે મોતિયો થયો તો મને થયો માને છે. વળી શરીરના સ્કંધમાંથી આંગળી તૂટી જાય કે નાક કપાતા હું કપાઈ ગયો, દાંત પડી જતાં હું બોખો થયો -એમ માને છે. આમ શરીર સ્થૂલ થાય, જલંધર થાય, બાળ કે વૃદ્ધ અવસ્થા થાય -તે બધી શરીરની અવસ્થા છે તે અનુસાર આત્માના પ્રદેશો પોતાના કારણે સંકોચ-વિસ્તાર થાય છે. અજ્ઞાની તે બધાને પોતાનું માને છે. ''અનુસાર''નો અર્થ એમ છે કે પોતાના પ્રદેશની લાયકાત તેવી છે તેમાં શરીરની અવસ્થા નિમિત્ત છે. નિમિત્તને અનુરૂપ નૈમિત્તિકદશા થાય છે માટે નિમિત્તને અનુસાર થયું એમ કહ્યું છે.

વળી શરીરની અપેક્ષાએ ગતિ, કુળ વગેરે હોય છે તેને પોતાના માની હું મનુષ્ય છું, હું ઢોર છું, હું વૈશ્ય છું, અમે ખાનદાન છીએ, અમે હલકા કુળના છીએ ઈત્યાદિરૂપે માને છે.

વળી શરીરનો સંયોગ થતાં હું જન્મ્યો ને શરીરનો વિયોગ થતાં હું મર્યો માને છે. નવા ભવે જન્મવાનું છે -એમ માને છે પણ તે બધી શરીરની અવસ્થા છે ને પોતે કાયમ રહે છે એમ માનતો નથી.

વળી માતા-પિતા સાથે શરીરનો સંબંધ છે, તેમની સાથેનો શરીરનો સંબંધ નહિ માનતાં પોતાના માતાપિતા માને છે. શરીરને રમાડે તેને રમણી માને છે ને શરીર વડે નિપજ્યા તેને દીકરાં-દીકરી માને છે, ત્યાં પણ દીકરાંના શરીરની અવસ્થા નૈમિત્તિક છે તેમાં માબાપનું શરીર નિમિત્તમાત્ર છે છતાં પરની પર્યાયને પોતાની માને છે ને પોતાના દીકરાં-દીકરી માને છે પણ તે વાત સાચી નથી.

**માગશર વદ ૧૨, શનિવાર, ૧૩-૧૨-૫૨.**

અનાદિનો અજ્ઞાની જીવ શરીરથી પોતાના સ્વરૂપને ભિન્ન માનતો નથી તે અધર્મભાવ છે. અધર્મદૃષ્ટિ હોય ત્યાં સુધી ધર્મ થાય નહિ. શરીર તો જડ છે, તેનાથી દીકરાં-દીકરી જન્મ્યા એમ કહેવું તે નિમિત્તનું કથન છે. દીકરાં-દીકરીના આત્મા જુદા છે ને તેમના શરીરના રજકણો માબાપના શરીરના રજકણોથી જુદા છે. છતાં તેને પોતાના માનવા તે અધર્મભાવ છે. સાચી માન્યતા હોવાં



છતાં રાગ થાય તે પોતાનો ચારિત્રદોષ છે.

વળી શરીરને નિમિત્તરૂપે ઉપકાર કરે તેને મિત્ર માને છે. મિત્રનો આત્મા, શરીરાદિ પોતાથી જુદા છે છતાં તેને પોતાના માને છે ને પોતાને કામ આવે છે એમ માને છે. શરીરનું બૂરું કરે તેને શત્રુ માને છે. શરીરને કાપે કે મારે તો માને કે આ વેરી છે. આ મિથ્યા માન્યતા જીવ ન ટાળે ત્યાં સુધી ધર્મ થાય નહિ. શરીર ને તેના સંબંધીઓ પોતાના નથી એમ ભેદજ્ઞાન ન કરે ત્યાં સુધી ધર્મ થાય નહિ. અજ્ઞાની જીવ આવી માન્યતા કર્યા કરે છે. ઘણું શું કહીએ ? હર કોઈ પ્રકાર વડે પોતાને તથા શરીરને તે એકરૂપ જ માને છે.

રોગ થતાં મને રોગ થયો, શરીરનું અંગ પુષ્ટ થતાં હું પુષ્ટ થયો એ માન્યતા અધર્મભાવ છે. તે ટાળ્યા વિના ધર્મ થાય નહિ. ઈંદ્રિય, આંખ, કાન વગેરે જડ હોવા છતાં મારી માને છે. જો ઈંદ્રિય તેની હોય તો સદાય તેની સાથે રહેવી જોઈએ પણ ચૈતન્ય ને ઈંદ્રિયો જુદા છે તેની ખબર નથી અને તેને કંઈ ગમ નથી માત્ર અચેત જડ જેવો બની પર્યાયમાં જ અહંબુદ્ધિ કરે છે.

આત્મા હોય તો પરની દયા પાળી પરને બચાવી શકે. આત્મા હોય તો શરીર ચાલે, આત્મા હોય તો વાણી બોલાય -આમ અજ્ઞાની માને છે ને અસાધ્ય થઈ રહ્યો છે. વેશધારી સાધુ થાય તો પણ શરીરથી ધર્મ થાય તેમ માને છે. આત્મા પોતાનું ભાન કરી લીનતા કરે તો ધર્મ થાય. મિથ્યાત્વના ત્યાગ વિના સાત વ્યસનનો ખરેખર ત્યાગ થાય નહિ. મોટામાં મોટું પાપ મિથ્યાત્વનું છે. પૃ. ૧૯૮માં કહ્યું છે કે જૈનધર્મમાં તો એવી આમ્નાય છે કે પહેલાં મોટું પાપ છોડાવી પછી નાનું પાપ છોડાવવામાં આવે છે. તેથી એ મિથ્યાત્વને સાત વ્યસનાદિથી પણ મહાન પાપ જાણી પહેલાં છોડાવ્યું છે. માટે જે પાપના ફળથી ડરતો હોય તથા પોતાના આત્માને દુઃખ સમુદ્રમાં ડૂબાવવા ન ઈચ્છતો હોય, તે જીવ આ મિથ્યાત્વ પાપને અવશ્ય છોડો. નિંદા પ્રશંસાદિના વિચારથી પણ શિથિલ થવું યોગ્ય નથી.

આપણે સાચું માનશું તો આપણો લોકમાં વ્યવહાર રહેશે નહિ એવો વિચાર છોડી દે. મૃત્યુ થતાં દુનિયા સાથે આવશે નહિ. સ્ત્રી સેવનના પાપ તથા માંસ ખાવાના પાપ કરતાં પણ મિથ્યાત્વનું પાપ અનંતગણું છે. દેવને કુદેવ માને, કુદેવને દેવ માને; કુગુરુને ગુરુ માનવા, કુશાસ્ત્રને શાસ્ત્ર માનવા, વગેરે પ્રકારની મિથ્યા માન્યતા માંસભક્ષણ ને શિકારના પાપ કરતાં મહાન પાપ છે. સાત તત્ત્વની વિપરીત માન્યતા મહાન પાપ છે. લોકોને આ પાપનો ખ્યાલ નથી. પર જીવની અવસ્થા આત્મા કરી શકે છે એમ માને છે. કુદેવાદિને માનવા જેવું ને સાત તત્ત્વની વિપરીત માન્યતા જેવું જગતમાં કોઈ મોટું પાપ નથી.

કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર કોને કહેવા તેની લોકોને ખબર નથી. કુદેવાદિની ઊંધી માન્યતાથી મિથ્યાદર્શન થાય છે તેને તો સ્થૂલ મિથ્યાત્વ છે જ પણ ત્રિલોકનાથદેવે કહેલાં જીવ, અજીવ વગેરેની ખબર

નથી. બે ને એક માની મિથ્યાત્વ સેવે છે. અજ્ઞાની જીવ શરીરને તથા આત્માને એક માને છે. પર્યાયમાં અહંબુદ્ધિ ધારણ કરે છે તેનું શું કારણ છે તે અહીં કહીએ છીએ.

આ આત્માને અનાદિકાળથી ઈંદ્રિયજનિત જ્ઞાન છે, પર ઉપર લક્ષ કરી જ્ઞાન કરે છે. આત્મા અમૂર્તિક છે તેની પ્રતીતિ આવતી નથી. હું આત્મા અરૂપી જ્ઞાનસ્વભાવી છું તે માનતો નથી. તે મૂર્તિક શરીરાદિને પોતાનું માને છે. શરીર કાંઈ દેખતું નથી પણ આત્મામાં શરીરાદિ દેખાય છે તે વાત તેને બેસતી નથી. પોતે પોતાને ભાસતો નથી જેથી પોતાનું અસ્તિત્વ પરમાં માને છે. ચિદાનંદઘનની ઓળખાણ કરી નહિ, જેથી અન્યને પોતારૂપ માને છે. શરીર ને આત્મા ભેગાં છે, એ જ હું છું એમ માને છે. જીવ, અજીવતત્ત્વની ભૂલ કરે છે -તેથી સાચા જ્ઞાન વિના ધર્મ થતો નથી.

દેહની ક્રિયાથી પુણ્ય કે ધર્મ નથી. હિંસા, જૂઠના ભાવથી પાપ છે ને દયા-દાનાદિથી પુણ્ય છે ને આત્માના આશ્રયે ધર્મ છે તે વાતની ખબર નથી. પોતાને પરથી જુદો માનતો નથી તેથી તેના સમુદાયરૂપ પર્યાયમાં જ અહંબુદ્ધિ ધારે છે. શરીરમાં પર્યાયબુદ્ધિ ધારે છે. વળી શરીર તથા આત્માને નિમિત્ત-નૈમિત્તિક ઘનિષ્ટ સંબંધ છે. જીવ ઇચ્છા કરે અને શરીર તેના કારણે ચાલે તેમાં શરીરની ક્રિયા નૈમિત્તિક છે ને ઇચ્છા નિમિત્ત છે. વળી ઈંદ્રિયો નિમિત્ત છે ને જ્ઞાનદશા થવી નૈમિત્તિક છે. પણ અજ્ઞાની નિમિત્તથી કાર્ય થયું માને છે. લોકોમાં એકબીજાની નાતમાં જેમ ઘાટો સંબંધ કહેવાય છે તેમ અહીં આત્મા અરૂપી જાત છે ને શરીર રૂપી જાત છે. તેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઘનિષ્ટ છે. ઇચ્છા કરે ને હાથ ઊંચા થાય ત્યાં હાથની અવસ્થા નૈમિત્તિક છે ને ઇચ્છા નિમિત્ત છે - બે કાર્ય સાથે થતાં દેખાય છે. અજ્ઞાની જીવને નિમિત્તથી કાર્ય થતું ભાસે છે. જીભ ચાલવી નૈમિત્તિક ને ઇચ્છા નિમિત્ત છે. પણ બે નો સંબંધ નજીક હોવાથી અજ્ઞાનીને જુદા ભાસતા નથી. નૈમિત્તિકદશા નિમિત્તની ઉપસ્થિતિમાં થાય છે તેથી નૈમિત્તિક કહ્યું પણ નિમિત્તને લીધે થાય છે એવો નૈમિત્તિકનો અર્થ નથી.

આંખ નિમિત્ત છે ને જ્ઞાનપર્યાય નૈમિત્તિક છે. બન્નેનો ઘનિષ્ટ સંબંધ છે. અજ્ઞાનીને મોહના કારણે જુદું ભાસતું નથી. આંખો સરખી હોય તો દોરો સરખી રીતે પરોવી શકાય ને સરખી ન હોય તો પરોવી ન શકાય -એમ પરના લીધે કાર્ય થયું માને છે. જડની ક્રિયા જડના કારણે છે, ને આત્માની ક્રિયા આત્માના કારણે છે તે વાત અજ્ઞાનીને બેસતી નથી. જીવોએ સાચું સાંભળ્યું નથી, જેથી શરીરથી આત્માની ભિન્નતા ભાસતી નથી. શરીર ને આત્મા જુદા છે એ જે વિચારોથી ભાસે તે મિથ્યા અભિપ્રાયને લીધે સાચા વિચાર કરતો નથી. પોતાની ઊંધી માન્યતા છે તેથી સાચા વિચાર કરી શકે નહિ. આ વસ્તુ છે તેનું વર્તમાન દેખી રહ્યો છે. જે વર્તમાન છે તે પરની અવસ્થા છે. પણ તે પરનું વર્તમાન મારાથી છે એમ માને છે. આમ દૃષ્ટિમાં ભૂલ છે. જેથી સવળા વિચાર આવતાં નથી



લોકોએ કોઈ દિવસ આ વાત સાંભળી નથી. જીવને પોતાની પાત્રતા હોય ને તેને પૂર્વના પુણ્યકર્મનું નિમિત્ત હોય તો સાંભળવાનું મળે. વળી તે પ્રકારના વૈરાગ્યના શુભભાવ કર્યા હોય ને તે વાણીને જાણવાનો જ્ઞાનનો ઉઘાડ હોય આમ ત્રણ કારણો હોય તો સાચી વાત સાંભળવા મળે.

અજ્ઞાનીને શરીર તથા જીવની ભિન્નતાની ખબર નથી ને કલ્પિત માની લીધેલા સામાયિક ને પ્રતિક્રમણ કરે તો કાંઈ ધર્મ થાય નહિ. શરીર તથા જીવને એક માને છે. જીવોએ તત્ત્વની વાત સાંભળી નથી તેથી તેને પર્યાયમાં અહંબુદ્ધિ હોય છે. વળી મિથ્યાદર્શન વડે આ જીવ કોઈ વેળા બાહ્ય સામગ્રીનો સંયોગ થતાં તેને પણ પોતાની માને છે. નારકીઓને પૈસા વગેરે સંયોગો તો નથી; મનુષ્ય, દેવ આદિમાં કોઈ વેળા બાહ્ય સામગ્રીનો સંયોગ મળે ત્યારે મિથ્યાદર્શનથી તેને મારાં માને છે. દુકાન, આડતીયા, નોકરો સારા મળે, દીકરો-દીકરી મળે તો તે બધાને મારાં માને છે. દીકરા-દીકરીના આત્મા જુદા છે છતાં અજ્ઞાની પોતાના માને છે. સોનાનું ઘરેણું, ધન, ધાન્ય, અનાજને મારાં માને, ઘઉં, બાજરો બે વરસ સંઘરી રાખે. આ ગાય અમારી છે. આ દીકરો અમારો છે એમ માને છે. હાથી, ઘોડા અમારા છે, મંદિર એટલે મકાન -આ અમારા બાપદાદાના મકાન છે -એમ માને છે. આ નોકર અમારા પિતાશ્રીના વખતથી છે. આ અમારો કિંકર છે એમ માને છે. બન્ને આત્મા જુદા છે, તે દાસ-દાસી પ્રત્યક્ષ જુદા છે. એકે રજકણ પણ આત્માનો નથી માટે દૃષ્ટિ ફેરવ એમ કહે છે. વળી સદાય કાળ તે સામગ્રી પોતાને આધીન નથી તેમ પોતાને જણાય તો પણ તેમાં મમકાર કરે છે. પુત્ર વગેરેમાં આ હું છું એમ માને છે. પુત્ર ને પિતા જુદા હોવા છતાં તેને મારાં માનવા એ મહા પાપ છે. આ પુત્ર મારાંથી થયો છે તેથી તે છે તે હું જ છું -એમ માને છે એમ ભ્રમબુદ્ધિ થાય છે.

વળી ઊંધી શ્રદ્ધાથી શરીરાદિકનું સ્વરૂપ અન્યથી જ ભાસે છે. શરીર અનિત્ય છે, તેને નિત્ય માને છે. તેને કાયમ રાખવા ચાહે છે. પ્રત્યક્ષ જુદી ચીજોને અભિન્ન માને છે. બૈરાં, છોકરાં, લક્ષ્મી દુઃખના નિમિત્ત છે તેને સુખના નિમિત્ત માને છે. શરીરમાં રોગ આવશે ત્યારે કોઈ માવજત કરવા આવશે એમ માની સુખ માને છે. દુઃખને સુખ માને. વિષયભોગના પરિણામ દુઃખદાયક છે છતાં સુખદાયક માને છે. ઈત્યાદિ પ્રકારે વિપરીત ભાસે છે. એ પ્રમાણે જીવ, અજીવ તત્ત્વોનું અયથાર્થ જ્ઞાન થતાં શ્રદ્ધાન પણ અયથાર્થ થાય છે જ.

(૧) હવે આસ્રવતત્ત્વમાં ભૂલની વાત કરે છે. આસ્રવ...વિકારીભાવ.

વળી આ જીવને મોહના ઉદયમાં જોડાતા મિથ્યાત્વ તથા કષાયભાવ થાય છે. ઊંધી શ્રદ્ધા તે મિથ્યાત્વ છે ને દયા-દાનાદિ કોમળતાના ભાવ ને હિંસા-જૂઠના ભાવ બન્ને કષાયભાવ છે. તે વિકાર છે. તેને અજ્ઞાની ઓળખતો નથી. તેમાં મોહકર્મ નિમિત્ત છે. વ્રત, પુણ્ય, તપશ્ચર્યા કરું વગેરે વૃત્તિ

ઊઠે તે કષાયભાવ છે. તેને પોતાનો સ્વભાવ માને છે પણ તે કર્મના નિમિત્તના આશ્રયે થયેલા ઉપાધિભાવ છે. પુણ્ય-પાપના ભાવો બધા ઉપાધિ છે, ત્રિકાળી સ્વભાવ નથી. ઉપાધિભાવ તથા સ્વભાવભાવને અજ્ઞાની જુદા માનતો નથી. ગુમડું શરીરનું અંગ છે પણ શરીરમાં ઉપાધિ છે. તેમ આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે તેમાં પુણ્ય થાય. ગુમડાંની સમાન ઉપાધિ છે. તે આત્માની પર્યાયમાં છે છતાં ઉપાધિભાવ છે, ત્રિકાળી સ્વભાવ નથી એમ જુદા છે તે અજ્ઞાની જીવ જાણતો નથી. જાણવા દેખવાના વ્યાપારને પુણ્ય-પાપના ભાવને એકરૂપ માને છે. મારો સ્વભાવ જાણવું-દેખવું છે. તેમાં જે પુણ્ય-પાપની લાગણી ઊઠે છે તે ઉપાધિ છે. સ્વભાવથી જુદી છે એમ માનતો નથી.

(૨) જીવનું સ્વરૂપ ન જણાયું તેથી પરમાં જીવને માન્યું. દેહ ઓરડામાં આત્મા છે, ત્યાં દેહને આત્મા માને છે. એ જીવ-અજીવતત્ત્વમાં ભૂલ છે. અહીં આસ્રવની ભૂલ બતાવે છે. પર્યાયમાં થતાં દયા-દાનાદિ કામ-ક્રોધના ભાવ ''ભરનિંગળ'' સમાન છે, ઉત્પન્ન-ધ્વંસી છે, ભરાય છે ને જાય છે. તે આત્માનું ખરું સ્વરૂપ નથી ને જાણવું દેખવું મૂળ સ્વરૂપ છે. છતાં બે ને એક માને છે. કેમ કે ઉપાધિભાવનો આધાર આત્મા છે, ને જાણવા દેખવાનો આધાર આત્મા છે. કર્મના આધારે રાગદ્વેષ થતાં નથી પણ આત્માના આધારે વિકાર થાય છે. ને જાણવું દેખવું પણ આત્માના આધારે થાય છે. બે નો આધાર આત્મા એક છે. તેથી આ બન્નેને એક માની રહ્યો છે. વિકારના છ કારકો પોતામાં છે. વિકારનો કર્તા કરણ પોતે છે ને જ્ઞાન પણ પોતાની પર્યાય છે. બન્નેનો આધાર એક હોવાથી જ્ઞાનપર્યાય ને વિભાવ (ઉપાધિભાવ) બન્ને જુદા છે એમ માનતો નથી.

(૩) વિકારનો ને જાણવા-દેખવાનો બન્નેનો આધાર એક કહ્યો. વળી બન્નેનો કાળ એક છે. વિકારાદિ ભાવનું થવું ને જ્ઞાનનું પ્રગટ થવું એક સમયે થાય છે. તેથી તેને જુદું ભાસતું નથી. જ્ઞાન-દર્શનના ઉપયોગનું પરિણમન ને આસ્રવનું થવું એક સમયે છે જેથી જુદું ભાસતું નથી. વળી વિકાર તથા સ્વભાવને એક માની રહ્યો છે તેથી સાચા વિચાર કરી શકતો નથી. જો મિથ્યા વિચારમાં ઢીલો પડે કે વિકાર કૃત્રિમ છે ને સ્વભાવ નિરુપાધિ સ્વભાવ છે તો ભેદજ્ઞાનનો અવસર આવે પણ અજ્ઞાનીએ એકતા માની છે. દયા-દાનાદિથી ધર્મ માને છે તે માન્યતાથી એટલે મિથ્યાદર્શનના બળથી બન્નેની જુદાઈ કરતો નથી. વ્યવહાર કરીએ, કષાય મંદ કરીએ તો ધર્મ થાય એવી ઊંધી શ્રદ્ધા સ્વભાવને તથા વિભાવને જુદા જાણવાના વિચાર કરવા દેતી નથી.

અજ્ઞાની જીવ આત્મા તથા આસ્રવ બે ને એક માને છે. આસ્રવને પોતાનો સ્વભાવ માને છે. વળી આસ્રવ તથા જ્ઞાનઉપયોગનો આધાર આત્મા એક હોવાથી બન્નેને એક માને છે. વળી આસ્રવનો તથા જ્ઞાનપર્યાયનો ઉત્પાદનો સમય એક છે તેથી બન્નેને એક માને છે.

ચોથી વાત કરે છે કે મિથ્યાત્વભાવ ને પુણ્ય-પાપના ભાવ વર્તમાનમાં આકુળતાવાળા છે ને



ભવિષ્યમાં દુઃખના નિમિત્ત છે. દયા-દાનાદિ વ્રત, પુણ્યનો વિકલ્પ દુઃખમય છે તેનાથી કર્મ બંધાય છે ને બાહ્ય સંયોગો મળે ત્યારે મોહ કરી દુઃખ પામે છે. પુણ્ય-પાપને દુઃખરૂપ ન માનતા ઉલટા ભલા જાણે છે. રાગ કરવો જોઈએ, પુણ્ય કરવું જોઈએ, અહિંસામાં લાભ છે એમ માને, રળવામાં મજા માને, દુકાનમાં મજા માને, કમાણી થાય તેમાં મજા માને. ત્યાં આકુળતા હોવા છતાં મજા માને છે. દુકાને જૂના ગ્રાહકો આવે, આડતીયા આવે ત્યાં મજા માને છે. દુઃખને ભલા જાણી તેરૂપ પ્રવર્તે છે. દયા, દાન, ભક્તિના પરિણામ દુઃખરૂપ છે, છતાં તેને સુખરૂપ માની, તે ભાવોરૂપ થઈ પ્રવર્તે છે. તેથી દુઃખી થઈ રહ્યો છે. પાંચમું કારણ કહેશે.

## માગશર વદ ૧૨, રવિવાર, ૧૪-૧૨-૫૨.

મિથ્યાદર્શનના વિશેષ સ્વરૂપની વાત ચાલે છે. મિથ્યાદર્શન મોટું પાપ છે. સાત વ્યસન કરતાં મિથ્યાદર્શન મોટું પાપ છે. તે માન્યતા કઈ રીતે થઈ રહી છે તે બતાવે છે. જીવ ને અજીવ જુદા હોવા છતાં પરની ક્રિયા મારાંથી થાય એમ માને છે. ને પરથી લાભ-નુકસાન માને છે. અહીં આસ્રવની વ્યાખ્યા ચાલે છે. આસ્રવ = જીવના પરિણામમાં કષાયભાવ થવો તે આસ્રવ છે. પુણ્ય-પાપ, દયા-દાનાદિ કષાયમાં જાય છે. તે દુઃખદાયક છે તથા સ્વભાવ સુખદાયક છે એમ માનતો નથી. આસ્રવને સુખદાયક માને છે તે મિથ્યાભ્રાંતિ છે. જ્ઞાનાનંદ સ્વભાવને તથા પુણ્ય-પાપને જુદા જાણતો નથી. પુણ્ય-પાપને ભલા જાણી પ્રવર્તે તે મિથ્યાદર્શન છે. જાણવા-દેખવાના સ્વભાવનો તથા વિકારનો આધાર એક છે. તેથી બન્નેને જુદા માનતો નથી. બન્નેનો કાળ એક સમયે છે, જેથી આસ્રવને મારાં માની પ્રવર્તે છે. પુણ્ય-પાપભાવ દુઃખરૂપ ને દુઃખના કારણ છે. ચિદાનંદ આત્માની પર્યાયમાં થતાં દયા, દાન, પૂજા, વિષયભોગના પરિણામ દુઃખરૂપ છે. તેની ઓળખાણ કરતો નથી. ઉલટા ભલા જાણી તેરૂપ પ્રવર્તે છે, તે મિથ્યાશ્રદ્ધા છે.

વળી દુઃખી તો પોતાની ઊંધી શ્રદ્ધા ને કામ-ક્રોધાદિથી થાય છે. છતાં બીજા પદાર્થો પોતાને દુઃખ ઉપજાવે છે એમ માને છે. એવી બુદ્ધિથી દુઃખી થાય છે છતાં પરપદાર્થને દુઃખદાયક માને છે. શરીરમાં રોગ થતાં મને રોગ થયો એવી શ્રદ્ધાથી દુઃખી થાય છે. લક્ષ્મીની અનુકૂળતા ન મળે અને પ્રતિકૂળતા ન ટળે તો દુઃખી થયો માને છે. તે પદાર્થો તેના કારણે આવે-જાય છે છતાં પરથી પોતામાં દુઃખ માને છે. આમ નરક વગેરે ગતિમાં પરથી દુઃખ માને છે. લક્ષ્મી, કુટુંબ, મકાન વગેરે પદાર્થો તેની અવસ્થા મુજબ પરિણમે છે. છતાં મિત્રથી સુખી થઈશ એમ માને છે. પોતે ક્રોધથી દુઃખી થાય છે છતાં પર જીવે હેરાન કર્યો માને છે. પોતે મિથ્યાશ્રદ્ધા સેવી દુઃખી થાય છે. આવી ઊંધી શ્રદ્ધાવાળાને ધર્મ થતો નથી. બીજાએ મારી બાજી બગાડીને હેરાન કરી નાખ્યો એમ માને છે. નરક-નિગોદની ગતિના પરિણામને સેવનાર બીજા જીવને દુઃખદાયક માને છે. પોતાની શ્રદ્ધા અનુસાર જો પદાર્થ ન પ્રવર્તે તો તેને દુઃખદાયક માનવા લાગે છે. વળી દુઃખી

તો લોભથી થાય છે, પણ ધાર્યા પ્રમાણે ભાડાં ન ઊપજ્યા, વ્યાજ ન ઊપજ્યા, દીકરો ધાર્યા પ્રમાણે કામ ન કરે તો દુઃખી માને છે. મૂળમાં ભૂલ છે. વેપારમાં પચીસ હજાર રૂપિયા ન મળ્યા માટે દુઃખી માને, ધાર્યા મકાન ન મળ્યા તેથી દુઃખ માને છે. વળી કુટુંબમાં સંપ ન થયો ને બે માસની મહેનત માથે પડી એમ માની તેનાથી દુઃખી માને છે, તે જ ઊંધી માન્યતા છે. એ જ ઠેકાણે અન્ય સમજવું. પોતે માનથી દુઃખી થાય છે પણ માને છે કે બીજા જીવે આમ કર્યું માટે આમ થયું. બીજાનો દોષ કાઢી દુઃખી માને છે. અનાદિનો અજ્ઞાની સંયોગને જુએ છે પણ વિકારને જોતો નથી. ક્રોધ, માન, માયા, લોભ થતાં પરને અનુકૂળ કરવા માગે છે. પણ ક્રોધાદિ પરિણામ દુઃખદાયક માને ને તે પરિણામ ક્ષણિક ને દુઃખદાયક છે ને મારો સ્વભાવ ત્રિકાળ ને સુખદાયક છે એમ માને તો તે શ્રદ્ધાથી સુખી થાય ને સ્થિરતા કરતાં સર્વથા સુખી થાય.

ક્રોધાદિના પરિણામ આકુળતા છે ને તેનું ફળ સંયોગો અનુકૂળ કે પ્રતિકૂળ મળશે તે તેને ભાસતું નથી. મિથ્યા અભિપ્રાય, કુદેવાદિની માન્યતા ને તીવ્ર રાગ-દ્વેષાદિના પરિણામથી ઢોર ને નરકમાં જશે તેમ ભાસતું નથી.

હવે પુણ્યની વાત કરે છે. દયા-દાનાદિ પરિણામથી સ્વર્ગ મળે છે અથવા શેઠાઈ મળે છે, તે પુણ્યના ફળ છે. તે મને સુખદાયક કે લાભદાયક નથી એમ માનતો નથી. વર્તમાનમાં તીવ્ર મિથ્યાત્વ ને તીવ્ર ક્રોધાદિના પરિણામમાં નરક ને તિર્યંચ થાશે ને ત્યાં તીવ્ર દુઃખ છે. ને દયા-દાનાદિ કરી સ્વર્ગમાં જાય છે તો પણ ત્યાં મંદ દુઃખ છે, પણ તે ભાસતું નથી. શેઠાઈ ને દેવપદમાં આકુળતા છે તે ભાસતું નથી. પુણ્યના ફળ શેઠાઈ ને સ્વર્ગ પણ ભૂંડા છે ને પાપના ફળ નરક મળે તે પણ ભૂંડા છે તે ભાસતું નથી તેથી પુણ્ય-પાપ સારા લાગે છે. આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે. તેને ન ઓળખો ત્યાં સુધી આકુળતા ટળે તેમ નથી. ચાર ગતિ પુણ્ય-પાપનું ફળ છે. પુણ્ય-પાપ આત્માના લાભ માટે નિરર્થક છે એ વાત વિચાર કરીને માનતો નથી.

અજ્ઞાની જીવોને પુણ્ય-પાપના ભાવો સારા લાગે છે ને તેના ફળ ભૂંડા લાગતા નથી. તેથી સ્વર્ગાદિના સંયોગો મેં મેળવ્યા, અબજોપતિ હું થયો. કળા ખીલી તો વકીલ થયો -આમ પોતાના કરેલા ભાસે છે. ફળ પોતાના ભાસ્યા છે તો વિકાર પોતાના ભાસ્યા વિના રહે નહિ. બહારની ચીજો મળી તે મારી કરેલી છે એમ માને છે. આમ આસ્રવને દુઃખદાયક માનતો નથી. કુદેવાદિને માનીએ તો અનુકૂળતા મળશે એમ માને છે. આમ ઊંધી શ્રદ્ધા કરે છે. વ્રત-તપાદિ કરો તો ધર્મ થશે એમ અજ્ઞાની માને છે. ને પોતાના સ્વભાવને સુખદાયક માને નહિ તે જીવ આસ્રવને તથા તેના ફળને દુઃખદાયક માને નહિ. આમ તેને આસ્રવતત્ત્વની ખબર નથી. સ્વભાવની રુચિ વિના પુણ્ય-પાપના ઢગલામાં મિઠાસ વેદે છોકરાંઓ સારા થાય ને પૈસા મળે ત્યાં હરખાઈ જાય છે. પણ ઈંદ્ર થાય તો મંદ આકુળતા ને દુઃખ છે ને નારકી થાય તો તીવ્ર આકુળતારૂપી દુઃખ છે. અહીં



સાચી શ્રદ્ધા કરાવે છે. ચિદાનંદ ભગવાન આત્મા છે તેની રુચિ કર્યા વિના ઊંધો અભિપ્રાય ટળે નહિ. અજ્ઞાની જીવને આસ્રવતત્ત્વનું યથાર્થ જ્ઞાન નથી તેથી તેનું શ્રદ્ધાન પણ અયથાર્થ થાય છે.

આઠે કર્મનું બંધન દુઃખદાયક છે. આસ્રવભાવથી આઠે કર્મોનો બંધ થાય છે. દયાદાનાદિ પરિણામ હો કે હિંસા, જૂઠ, ચોરીના ભાવ હો બન્ને પરિણામથી બંધ થાય છે. પાંચ મહાવ્રત પાળે, બાર વ્રતના વિકલ્પ કરે તેથી આઠે કર્મ બંધાય છે. પણ તે આસ્રવથી અબંધ માર્ગ પ્રગટતો નથી. સ્વભાવથી અબંધદશા થાય છે ને આસ્રવથી બંધદશા થાય છે તેની અજ્ઞાનીને ખબર નથી.

પુણ્યના ભાવ કરે કે પાપના ભાવ કરે બન્ને વખતે જ્ઞાનાવરણીયકર્મ બંધાય છે. તેના ઉદયને વશ થવાથી જ્ઞાનદર્શનની હીણી અવસ્થા થાય છે તેની તેને ખબર પડતી નથી પણ પુણ્ય બંધાણું તો ઠીક એમ માને છે. પૂર્વે પુણ્ય-પાપના પરિણામથી બંધ થયેલ ત્યાં મોહનીયકર્મ બંધાયેલ તેના ઉદયને વશ થવાથી મિથ્યાત્વ ને કષાયરૂપ પરિણામ થાય છે ને વિપરીતદશા કરે છે છતાં પુણ્યને હિતકારી માને છે. પુણ્યથી લાભ માનીને વિપરીત અભિપ્રાય કરેલ તેથી મિથ્યાત્વ કર્મ બંધાયેલ. તેના નિમિત્તે મિથ્યાત્વ કષાય થાય છે. લોકો કહે છે કે પુણ્ય તો બંધાશે ને ? પણ તે વખતે આઠે કર્મો બંધાય છે, ને તેના ઉદય વખતે આત્મા જોડાય તો નુકસાન થાય છે તેની તેને ખબર નથી.

વળી પુણ્યમાં હિત માની કર્મ બંધાણા છે. તેમાં અંતરાયકર્મ બંધાણા તેના ઉદયને વશ થવાથી -દાન, લાભ, ભોગ, ઉપભોગ કરી શકે નહિ ને વીર્ય ફોરવી શકે નહિ. જેને આઠ કર્મનું બંધન થાય છે ને તેને ઠીક માને તે જીવ કર્મના ઉદય વખતે ઊંધી શ્રદ્ધા કર્યા વિના રહેશે નહિ. અંતરાય કર્મના ઉદય વખતે તે કર્મ તરફનું વલણ ખસેડશે નહિ. કારણ કે બંધતત્ત્વને હિતરૂપ માને છે. જેણે વિપરીત અભિપ્રાયથી બંધ કર્યો તે પર્યાય બુદ્ધિવાળો જીવ કર્મના ઉદય વખતે કર્મમાં જોડાઈ જવાનો છે. દાન-લાભ-ભોગ-ઉપભોગ વગેરે કરી શકે નહિ. વીર્ય ફોરવી શકે નહિ કારણ કે બંધ હિતકારક માને છે, તેથી અબંધ સ્વભાવ હિતકારક માને નહિ.

વળી પુણ્યથી શાતા પ્રકૃતિ બાંધીને પાપથી અશાતા પ્રકૃતિ બાંધેલ છે, તેના ઉદય વખતે બાહ્યમાં અનુકૂળ-પ્રતિકૂળ સંયોગો મળશે. અજ્ઞાની જીવની બંધ ઉપર દૃષ્ટિ છે તેથી સંયોગો ઉપર દૃષ્ટિ ગયા વિના રહેશે નહિ. જે ભાવે બંધન કર્યું તે બંધને સારું માન્યું તેની દૃષ્ટિ બાહ્ય કારણો ઉપર જશે પણ સ્વભાવ ઉપર દૃષ્ટિ જશે નહિ.

વળી પુણ્ય પરિણામથી મનુષ્યમાં રાજાનું કે દેવનું આયુ બાંધ્યું તે આયુકર્મના અનુસાર સ્થિતિ રહે છે. પાપના ભાવે નરક ને ઢોરનું આયુ બાંધ્યું. જેણે બંધને સારો માન્યો તે જીવ શરીરનો સંયોગ સારો માન્યા વિના રહેશે નહિ. તેની રુચિ શરીરના સંયોગ ઉપર જશે. મારો આત્મા શરીરથી જુદો છે એવા જ્ઞાનાનંદ સ્વભાવની રુચિનો અવસર રહેશે નહિ. વળી જેવા પુણ્ય-પાપ કર્યા હતાં

તેવા નામકર્મ -શુભ ને અશુભ- બાંધેલ છે, તેના ફળમાં ગતિ, જાતિ મળે છે. દેવની ગતિ મળો કે નરકની ગતિ મળો, એકેંદ્રિય જાતિ મળો કે પંચેંદ્રિય જાતિ મળો બધું એક જ છે, એટલે કે બંધન છે. છતાં પુણ્યને સારું માને છે તેને આઠે કર્મો બંધાય છે. નામકર્મના ફળમાં ગતિ, જાતિ મળે છે, ત્યાં અજ્ઞાની જીવ પંચેંદ્રિયપણું મળ્યું તેને ઠીક માને છે. બંધતત્ત્વ હિતકર નથી એમ માનતો નથી. શરીરનો વર્ણ રૂપાળો કે કાળો મળવો તે નામકર્મના નિમિત્તે છે. પણ બંધ ઉપરની દૃષ્ટિવાળો જીવ શરીર ઉપર ને પંચેંદ્રિય જાતિ ઉપર એકતાબુદ્ધિનો રાગ કર્યા વિના રહેવાનો નથી.

પુણ્યના પરિણામથી ઊંચગોત્ર મળે છે ને પાપના પરિણામથી નીચગોત્ર મળે છે. જે ભાવે બંધન થાય તે ભાવથી સમ્યગ્દર્શન થાય નહિ. જે જીવ બંધનને હિતકર માને છે તે સ્વભાવને હિતકર માને નહિ.

પોતે જેવા પુણ્ય-પાપના પરિણામ કર્યા હતા તેના ફળમાં બંધન થયું ને તેના ઉદય વખતે ઉપર કહ્યા પ્રમાણે અવસ્થા થઈ તેમાં મૂળ નિમિત્તકારણ કર્મ છે. મિથ્યાત્વમાં, રાગદ્વેષાદિ થવામાં ઈચ્છાનુસાર કાર્ય ન થવામાં, બાહ્ય સંયોગ મળવામાં વગેરેમાં કર્મ કારણ છે. તેને આ જીવ ઓળખતો નથી. વળી જે ભાવે કર્મ બંધાય તે ભાવ સૂક્ષ્મ છે ને જે કર્મરૂપી બંધાણા તે સૂક્ષ્મ છે. તેને ભાળતો નથી. આ જ્ઞાન-દર્શન હીણું કેમ થયું તેની ખબર નથી. જ્ઞાનાવરણીયના ઉદય વખતે તે તરફનું લક્ષ હોવાથી જ્ઞાનાદિની હીનતા થાય છે. વળી બંધતત્ત્વના જ્ઞાન વિના સ્વભાવમાંથી વિકાર થાય છે એમ માને છે. વળી શરીરાદિનો સંયોગ અમોએ કર્યો માને છે. બંધન તત્ત્વ સૂક્ષ્મ છે તેને ભાળતો નથી. જ્ઞાનાવરણીય ને દર્શનાવરણીયકર્મ સૂક્ષ્મ છે ને તેના ઉદયે જ્ઞાન-દર્શનની હીનતા થાય છે. મોહનીયકર્મ સૂક્ષ્મ છે, તેના ઉદયે મિથ્યાત્વ કષાયરૂપ પરિણામ થાય છે. અંતરાયકર્મ સૂક્ષ્મ છે ને તેના ઉદયે વીર્ય ફોરવી શકતો નથી. દાન, લાભ, ભોગ, ઉપભોગ કરી શકાતા નથી. વેદનીયકર્મ સૂક્ષ્મ છે ને તેના ઉદયે બાહ્ય સુખ-દુઃખના સંયોગો મળે છે. ને આયુકર્મ સૂક્ષ્મ છે, તેના ઉદયે શરીરનો સંયોગ મળે છે. નામકર્મ સૂક્ષ્મ છે ને તેના ઉદયે ગતિ, જાતિ આદિ મળે છે. ગોત્રકર્મ સૂક્ષ્મ છે ને તેના ઉદયે ઊંચ-નીચ ગોત્ર મળવું થાય છે. તે કાંઈ પણ અજ્ઞાનીને ભાસતું નથી તથા તે કર્મોનો કર્તા દેખાતો નથી. તેથી બધા સંયોગોનો કર્તા પોતે માને છે. બંધન નિમિત્તરૂપે કર્તા છે તેમ માનતો નથી. અથવા પરને કર્તા માને. બીજાએ ખરાબ પુસ્તકો આપ્યા માટે જ્ઞાન હીણું થયું. ડોકટરોએ આવી શરીર સારું કરી આપ્યું અથવા ઈશ્વર કર્તા માને. ઈશ્વરની મરજી મુજબ થાય એમ માને છે. પોતે સૂક્ષ્મ બંધન કરેલ છે તે દેખાતું નથી. તેથી આ બધાનું કર્તાપણું પોતાના સ્વભાવને માને છે અથવા પરને કર્તા માને છે. કુગુરુ મળ્યા માટે કુશ્રદ્ધા થઈ એમ માને છે. પોતે બંધતત્ત્વમાં જોડાણો છે, ને બંધને હિતકર માન્યું છે માટે તેવી ખોટી શ્રદ્ધા થઈ છે તેમ માનતો નથી. જ્ઞાનહીનતા, મિથ્યાત્વાદિ થાય છે તેના ખરા કારણની ખબર નથી. એ બધા કર્મોમાં પોતાને કર્તા માને અથવા પરને કર્તા માને એમ ન ભાસે તો કહે કે અમોને સૂઝ પડતી નથી.



આમ ઘેલા જેવો થઈને ભવિતવ્ય માને છે પણ બંધતત્ત્વને ઓળખતો નથી.

વિકાર તથા બંધન હિતકર નથી ને સ્વભાવ હિતકર છે એમ માને તો સુખી થાય પણ પોતે પોતાની કલ્પનાથી દુઃખી થઈ રહ્યો છે. કલ્પનાના ઘોડાથી દુઃખી થાય છે. અજ્ઞાની જીવે ઘેલા જેવો બની ભવિતવ્ય માનવા લાગે છે. એક શુભ પરિણામને હિતકારક માન્યું તેણે આઠ કર્મોને હિતકારક માન્યા છે અથવા પુણ્ય બાંધશું તો સ્વર્ગમાં જઈ ભગવાન પાસે જાશું. તેવા જીવને બંધના ફળ તરફની દૃષ્ટિ છૂટે નહિ. ઘેલા જેવો થાય છે તેને સૂઝ પડતી નથી. મેં બંધન કર્યું છે માટે સંયોગો વર્તે છે તે વાત સૂઝતી નથી.

હોળીના તહેવાર વખતે કોઈ જીવો ગમ્મત ખાતર શરીર મેલું કરે છે ને રાજી થાય છે. તેમ અજ્ઞાની જીવ નિજાનંદ ભગવાન આત્મા હોવાં છતાં પુણ્યના બંધનને હિતકર માની સંતુષ્ટ થાય છે. તેને બંધતત્ત્વની ખબર નથી. આવા શુભભાવ કરશું તો સગવડતા મળશે એમ માને છે. દ્રવ્યબંધન પોતાના ભાવોની વિપરીતતામાં કે હીનતામાં નિમિત્ત છે અથવા સંયોગોમાં નિમિત્ત છે પણ સ્વભાવમાં નિમિત્ત નથી. કદાચિત્ પુણ્યના નિમિત્તે દેવ-ગુરુ-શાસ્ત્રનો યોગ મળશે તો પણ તે વખતે તેમની વાણીના યોગ વખતે અજ્ઞાનીની બંધ ઉપર દૃષ્ટિ રહેશે. જ્ઞાની પુરુષો અબંધતત્ત્વની વાત કહેશે ને જે ભાવે બંધન થાય તે તથા જડબંધન નુકસાનકારક છે એમ ગુરુના કહેવાં છતાં અજ્ઞાની જીવ તે વાત માનશે નહિ ને બંધનને હિતકારક માનશે. જેણે બંધનને હિતકારક માન્યું તેને કદાચિત્ ભગવાનનું સમવસરણ સાક્ષાત્ મળ્યું તો પણ અબંધ સ્વભાવી આત્માની વાત રુચશે નહિ. વળી તારો આત્મા ચૈતન્યજ્યોત છે તેની ઉપાદેય બુદ્ધિ કર, વિકારને હેય કર -આવી વાણીનો ખ્યાલ તેના ક્ષયોપશમના કારણે કદાચિત્ ખ્યાલમાં આવે. વળી બંધતત્ત્વ અહિતકર છે, સંયોગો દુઃખના હેતુ છે, સ્વભાવ હિતકર છે એમ સાંભળે છતાં પણ બંધતત્ત્વને હિતકર માન્યું હોવાથી ને એવી બુદ્ધિ ચાલુ હોવાથી તે વાત સાંભળવા છતાં પણ અબંધ સ્વભાવની શ્રદ્ધા કરશે નહિ.

પરની દયા પાળવાના ભાવના ફળમાં કદાચિત્ સારો સંયોગ મળે છતાં સાચી દૃષ્ટિ કરશે નહિ. મોટું આયુષ્ય મળતા ખુશી થશે. બંધને હિતકર માનનાર આત્માની શ્રદ્ધા સાચી કરી શકતો નથી. જ્ઞાની જીવ જે ભાવથી તીર્થંકર નામકર્મ બંધાય તે ભાવને હિતકર માનતો નથી. કોઈ કહે કે શાસ્ત્રમાં તેને પરંપરાએ મોક્ષનું કારણ કહ્યું છે ને ? સમાધાન : જ્ઞાનીને તે ભાવનો તેમ જ તે કર્મનો આદર નથી, સ્વભાવનો આદર છે. બંધતત્ત્વને અહિતકર માને છે તેને શુભરાગથી તીર્થંકર નામકર્મ બંધાઈ જાય તો પણ તેનો આદર નથી. સ્વભાવનો આદર હોવાથી મોક્ષ પામશે. તેથી તે પ્રકૃતિને ઉપચારથી પરંપરા મોક્ષનું કારણ કહ્યું છે.

મારો અબંધ સ્વભાવ હિતકર છે ને બંધભાવ હિતકર નથી એમ સમજે તો સાચી શ્રદ્ધા થાય પણ અજ્ઞાની જીવને બંધતત્ત્વનું યથાર્થ જ્ઞાન નથી તેથી તેની શ્રદ્ધા પણ અયથાર્થ થાય છે.

## માગશર વદ ૧૩, સોમવાર, ૧૫-૧૨-૫૨.

મિથ્યાદર્શન - વિપરીત અભિપ્રાયનું સ્વરૂપ વર્ણવે છે. સાત તત્ત્વોનું યથાર્થ જ્ઞાન નથી તેથી રખડે છે. જેવું પદાર્થનું સ્વરૂપ છે તેવું જ્ઞાન કરે તો ધર્મ થાય. વિપરીત માન્યતા કરે છે તેથી સ્વભાવની રુચિ થતી નથી. નવ તત્ત્વની વિપરીત માન્યતાને લીધે ધર્મ થતો નથી. અહીં સંવરતત્ત્વમાં ભૂલની વાત કરે છે. દયા, દાન, ભક્તિ આદિના વિકલ્પ ઊઠે છે તે રાગ છે, તેનો અભાવ થવો તે સંવર છે. વર્તમાન હાલતમાં શુભાશુભની લાગણી થાય તે મલીનભાવ છે. તે રહિતનો ભાવ સંવર છે - ધર્મ છે. પુણ્ય-પાપના ભાવને યથાર્થ ન ઓળખે તો તેને સંવરનું યથાર્થ શ્રદ્ધાન ક્યાંથી થાય ? પુણ્ય-પાપની લાગણીઓ, ગુણ-ગુણી ભેદના વિકલ્પ સ્વભાવથી ઊલટી દશા છે. તે વિકારને દુઃખદાયક ન માને તો વિકાર રહિત આત્મા સુખદાયક છે તે તરફની વૃત્તિ ક્યાંથી થાય ? કુદેવાદિને માનવા તે મિથ્યાત્વ-આસ્રવ છે ને કુદેવાદિ તરફના વલણનો ભાવ કરવો તે કષાય આસ્રવ છે. એવા મલિન પરિણામને જે જીવ ન ઓળખે તે જીવ આત્માના આશ્રયે થતી આનંદરૂપ દશા એટલે કે સંવરને ઓળખે નહિ.

જેમ કોઈ પ્રાણી અસજ્જન હોય, લંપટી હોય ને ભૂંડા આચરણવાળો હોય તેને તેના પરિણામ અહિતરૂપ ન લાગે. દગા-પ્રપંચ કરવા, નામામાં ગોટા કરવા વગેરે પરિણામ અહિતરૂપ ન માને, આ પરિણામ સજ્જનને ન શોભે તેમ ન માને તો તેના અભાવને હિતરૂપ કેમ માને ? તે દષ્ટાંતે આત્મામાં થતાં આસ્રવના પરિણામ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના રાગના પરિણામ અહિતરૂપ ન ભાસે તેના અભાવને હિતરૂપ કેમ માને ? કુદેવાદિની શ્રદ્ધા તો અહિતરૂપ છે જ પણ સુદેવાદિની માન્યતાનો રાગ અહિતરૂપ ન ભાસે તો તેનાથી ખસી મારો ભાવ આનંદ સ્વભાવ છે તેમાં એકાગ્ર થાઉં તો સંવર થાય એવા સંવરને હિતરૂપ કેમ માને ? આત્માના તત્ત્વથી વિરુદ્ધ કહેનારા દેવ-ગુરુ-શાસ્ત્ર માનવા તે ગૃહીત મિથ્યાત્વ છે. તે અગૃહીતને પુષ્ટિનું કારણ છે. તે ગૃહીત મિથ્યાત્વ ટાળીને પણ વિકારરૂપ પરિણામને અહિતકર ન માને તો સંવરને હિતકર કેમ માને ?

અહીં વિચાર કરવાનું કહે છે. સત્ય સમજણ ને જ્ઞાન વિના ભવના નિવેડા આવતા નથી. અસત્ય સમજણ છોડ્યા વિના સત્ય સમજણ આવે એમ નથી.

સ્વભાવને સમજવામાં વિકલ્પ પ્રથમ હોવો જોઈએ -એમ જેને રાગની પકડ છે તે તેનો અભાવ કેમ કરે ? જ્ઞાનમૂર્તિ આત્માની દશામાં ઉઠતાં પુણ્ય-પાપને અહિતકર ન માને તે તેનો અભાવ કરવાનો પ્રયત્ન કરે નહિ.

આ મોક્ષમાર્ગ પ્રકાશક છે. મોક્ષમાર્ગના પ્રકાશનો ઉત્પાદ કરે છે ને બંધમાર્ગનો વ્યય કરે છે. આત્મા ધ્રુવ રહે છે એવું સ્વરૂપ આ ગ્રંથમાં બતાવે છે. અનાદિકાળથી ચિદાનંદ નિર્લેપ શુદ્ધ વસ્તુ એમ ને એમ પડી છે, એક સમયનો સંસાર સ્વભાવમાં પેઠો નથી. તેને ભૂલી અનાદિથી મિથ્યાત્વ



રાગદ્વેષ થાય છે તેને જ ભાળે છે તેથી આસ્રવ થયો છે પણ સંવર થયો નથી. સંવર, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રદશા આનંદરૂપ છે, તે તેને ભાસતો નથી. નિત્યાનંદ વસ્તુ છે તેને ભૂલતો આવ્યો છે. ભૂલ ટળતી નથી. પુણ્ય-પાપ, દયા-દાનાદિ ક્રિયાકાંડમાં મથીએ તો ધર્મ થશે એમ માને છે. કારણ અનાદિથી આસ્રવ કર્યો છે. એક સમયમાત્ર સંવર કર્યો નથી. એક સમય સંવર કર્યો હોય તો મુક્તિ થયા વિના રહે નહિ. જેને પૂર્વે સમ્યગ્દર્શન થયું નથી તેવા જીવની વાત લેવાની છે. પુણ્ય-પાપની રુચિ છોડી સ્વભાવની રુચિ ને એકાગ્રતા કરતાં શાંતિ થાય છે ને ભાવિમાં દુઃખ પણ થાય નહિ.

કુદેવાદિની શ્રદ્ધાવાળાને સંવર થાય નહિ ને રાગથી ધર્મ માને તેને સંવર થાય નહિ. અંતર્મુખ થઈ સ્વભાવનું અવલંબન કરે તો સંવર પ્રગટે તેમ છે. અંતર્ જ્ઞાયકસ્વભાવને પકડવો તે સંવર અથવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે ને તે સુખદાયક છે ને ભાવિ દુઃખના નાશનું કારણ છે તે તેને ભાસતું નથી. તેથી તે આસ્રવનો સંવર કરતો નથી.

દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ પણ આસ્રવ-મલિન પરિણામ છે એમ ન ભાસે તે આસ્રવથી પાછો વળવા માગતો નથી. તેથી બહારના પદાર્થોને દુઃખદાયક માની તેને છોડવા માગે છે. બૈરાં-છોકરાં છોડી જંગલ જવા માગે છે. ધંધો છોડી દેવો વગેરે પરપદાર્થને છોડવા માગે છે. પણ અંતર્મલિન પરિણામને છોડવા માગતો નથી. પરપદાર્થો દુઃખદાયક માની તેને ન થવા દેવાનો ઉપાય કરે છે. પણ પરપદાર્થોનું પરિણમન પોતાને આધીન નથી એમ માનતો નથી. અગ્નિ હોય ત્યાં પગ ન મૂકવો, લીલોતરી હોય ત્યાં પગ ન મૂકવો વગેરે સંયોગથી ભાગે, છકાયની રક્ષા માટે ભાગવા માંડે પણ પરપદાર્થથી ભાગવું આત્માને આધીન નથી. તેમ જ પરવસ્તુનો સંયોગ ન થવા દેવો તે પણ આત્માને આધીન નથી. ભાષા ન થવા દેવી એટલે કે મૌનતા પણ આત્માને આધીન અજ્ઞાની માને છે. નવ વાડે બ્રહ્મચર્ય પાલન માટે સ્ત્રીથી ભાગવા માંડે છે. આમ પરપદાર્થને દુઃખદાયક માને છે પણ પોતાના પરિણામને દુઃખદાયક માનતો નથી. ઘર, બૈરાં, છોકરાં વગેરે કાજળની કોટડી માને છે પણ પુણ્ય-પાપના પરિણામ દુઃખદાયક માનતો નથી ને પરવસ્તુથી લેપ માને છે.

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. અનંતા ગુણોનો પિંડ છે તેની ખબર નથી. તેની દશામાં પુણ્ય-પાપની લાગણી ઊઠે તે મલિન પરિણામ છે. તેને અહિત માનતો નથી. તેથી પરપદાર્થને દૂર કરવા માગે છે. દયા-દાનાદિની લાગણી મલિનભાવ છે. તેને દુઃખદાયક ન જાણે ને આત્માની સ્વભાવ સન્મુખ દશાને સુખદાયક ન જાણે તે પરપદાર્થથી દૂર રહેવા માગે છે. આ ભાષા ન બોલું એમ માને છે. હોઠનું વળવું, ભાષા બોલાવી -બધી જડની ક્રિયા છે. પરથી દૂર થવા માગે છે તે સંવરની રીત નથી. વર્તમાનદશામાં શુભાશુભ લાગણી થાય છે તે રહિત અંતર્ વલણ કરવું તે સંવર છે.

પરપદાર્થો પ્રત્યે મોહ ને મૂર્છા દુઃખદાયક છે તે માનતો નથી. પરપદાર્થો દૂર કરવા માગે છે. તેને યથાર્થ જ્ઞાન થતું નથી. પરપદાર્થનું ટકવું ને પલટવું તે આત્માને આધીન નથી. તે જગતના તત્ત્વો છે તેનું પલટવું તે પદાર્થને આધીન છે, આત્માને આધીન નથી. હું ત્રિકાળ નિત્યાનંદ છું તેવું ભૂલીને જે લાગણી થાય છે તે દુઃખદાયક છે -એમ માનતો નથી. પુણ્ય-પાપથી ખસવું એટલે ચિદાનંદ આત્માની શ્રદ્ધા કરવી તે છે. અનાદિથી મિથ્યાદર્શન સેવી અજ્ઞાની જીવ રખડી રહ્યો છે. નિમિત્તના વલણવાળા ભાવથી ભાગવું છે કે શરીરથી ભાગવું છે ? શરીરથી ભાગી શકાય છે? શરીરાદિનો ઉત્પાદ-વ્યય જડના કારણે થાય છે. તેને ઓળખતો નથી. જે જે સંયોગો છે તેનો આત્મા જાણનાર છે એવી પોતાના જ્ઞાનની રુચિ કરતો નથી ને પરભાવને છોડવા માગતો નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ છે તે આત્માની પ્રતીતિ, જ્ઞાન ને ચારિત્ર થતાં આનંદ પ્રગટે છે. તે અતીંદ્રિય આનંદસ્વરૂપ પ્રગટે, તેને સંવર કહે છે.

અનંતવાર જીવ સ્વર્ગમાં ગયો, શુભભાવથી બ્રહ્મચર્ય પાળ્યાં પણ પુણ્ય-પાપ વિનાનો ને ચિત્તના સંગ વિનાના આત્માની પ્રતીતિ કરી નથી. તેથી સંવરતત્ત્વનું જ્ઞાન થતું નથી. ભગવાન આત્મા સિદ્ધ સમાન છે. જે સિદ્ધ થયા તે સિદ્ધદશા વસ્તુમાંથી પ્રગટી છે. પણ દ્રવ્ય કોણ છે તેની ખબર નથી તેમ જ દ્રવ્યથી વિરુદ્ધભાવને ટાળવા માગે નહિ ને પરને ટાળવા માગે પણ પરપદાર્થ પોતાને આધીન નથી માત્ર નિરર્થક ખેદખિન્ન થાય છે. એ પ્રમાણે સંવરતત્ત્વનું અયથાર્થ જ્ઞાન થતાં શ્રદ્ધા સાચી થતી નથી.

હવે નિર્જરાતત્ત્વમાં શું ભૂલ કરે છે તે બતાવે છે.

પૃ. ૮૨માં કહ્યું હતું કે કથંચિત્-કિંચિત્ કર્મબંધનનો અભાવ કરવો તે નિર્જરા છે. આત્માનો અંતર્ અનુભવ થવો તે નિર્જરા છે. તે વખતે પુણ્યનો રસ ઘટતો નથી માટે કથંચિત્ કહ્યું છે ને અંશે કર્મનું ઘટવું થાય છે માટે કિંચિત્ શબ્દ વાપરેલ છે.

અહીં બીજી રીતે વાત કરે છે. બંધનનો એક અંશ અભાવ થવો તે નિર્જરા છે, બંધનો સર્વથા અભાવ થાય તો મોક્ષ કહેવાય. આત્માના ભાનપૂર્વક લીનતા થતાં જુનો બંધ અંશે ખરી જાય તેને નિર્જરા કહે છે. આત્માના સ્વભાવને ચૂકીને જેટલા પરિણામ થાય તે બંધનું કારણ છે. જે પરિણામે ૧૪૮ કર્મપ્રકૃતિ બંધાય તે બંધ દુઃખનું નિમિત્ત છે. છતાં અજ્ઞાની બંધની રુચિ કરે છે. કાંઈક પુણ્ય કરશું તો પામશું તેમ માને છે, તેવી રુચિ કરે છે. પુણ્ય-પાપના પરિણામ થાય તે ભાવબંધ છે ને નવા કર્મનુ બંધાવું તે જડબંધન છે. તેને બરાબર ન જાણે તેને નિર્જરાતત્ત્વનું જ્ઞાન થતું નથી. કાંઈ પુણ્યબંધ બાંધશું તો લાભ થશે. આમ પુણ્યથી લાભ થશે એમ માને છે તે બંધતત્ત્વને જાણતો નથી. તેથી તેનો અંશે અભાવ કરવો એવા નિર્જરાતત્ત્વને જાણતો નથી. બંધના ભેદો - પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ ને અનુભાગ- એવા ભેદો જે ભાવે પડે તેને ઠીક માને છે. તેને અંશે છેદવો



તેને અથવા શુદ્ધોપયોગ-રાગરહિતના વ્યાપારને ભાવનિર્જરા કહે છે તથા તેના નિમિત્તે કર્મો અંશે ખરવા તેને દ્રવ્યનિર્જરા કહે છે. જે બંધને ઠીક માને છે તેને નિર્જરા થતી નથી. આત્માનું ભાન થતાં  જેટલે અંશે શુદ્ધિ થાય તેટલે અંશે નવો બંધ થતો નથી એટલે કે પૂર્વના કર્મો અંશે ટળી જાય છે. અજ્ઞાની જીવને પુણ્યની રુચિ છે. પુણ્યથી સ્વર્ગમાં જશું ને ત્યાંથી ભગવાનનો ભેટો થશે. એવી માન્યતાવાળો અજ્ઞાની સ્વભાવની રુચિપૂર્વક પ્રગટતી નિર્જરાને ઓળખતો નથી.

અનાદિકાળથી જીવે વાત સાંભળી નથી. જો કદાચિત્ સાંભળે પણ જો તેને ગ્રહણ કરે નહિ તો ગ્રહણ વિના ધારણા ક્યાંથી થાય ? ને ધારણા વિના રુચિ થાય નહિ.

મુક્તિ એટલે આત્માની પરમાનંદ દશા છે. સિદ્ધ તે પર્યાય છે. તેમાં પૂર્ણ રીતે બંધનો અભાવ છે ને નિર્જરામાં બંધનો અંશે અભાવ છે.

**પ્રશ્ન** : કાળલબ્ધિ પાકી ન હોય તો શું કરવું ?

**સમાધાન** : આ જગતમાં દ્રવ્ય-ગુણ-પર્યાય એમ ત્રણ વસ્તુ છે. શક્તિનો પિંડ તે દ્રવ્ય છે, તે શક્તિઓ ગુણ ને તેની વર્તમાન અવસ્થા પર્યાય -આમ ત્રણ વસ્તુઓ છે. કાળલબ્ધિ પર્યાયમાં આવે છે. સ્વભાવનો પુરુષાર્થ તે જ કાળલબ્ધિ છે. જે વસ્તુ હોય તે ત્રણમાં સમાવી જોઈએ એટલે કે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં હોવી જોઈએ. ત્રણ સિવાય ચોથી ચીજ હોતી નથી. આત્માનું ભાન કરી પોતામાં રમણતા કરે તે કાળલબ્ધિ છે. તે પુરુષાર્થને કાળલબ્ધિ કહે છે. આત્માના સ્વભાવ સન્મુખને પુણ્ય-પાપથી વિમુખ થતાં પુરુષાર્થને કાળલબ્ધિ કહે છે.

આત્મા અરૂપી છે. તેના વિકાર પરિણામ અરૂપી છે ને કર્મબંધન રૂપી જડ છે. તે ત્રણની પૃથકતાની જેને ખબર નથી તેને બંધથી ખસી અબંધ સ્વભાવ ઉપર વળવાની ખબર પડે નહિ તેથી નિર્જરાતત્ત્વની તેને ખબર પડે નહિ.

જેમ કોઈ ઝેર ખાવાથી દુઃખ થતું ન જાણે તો તેને નષ્ટ કરવાના ઉપાયને ભલો કેમ જાણે? આઠે કર્મ દુઃખના હેતુ છે. કર્મ દુઃખ આપતું નથી. કારણ આત્મા ને કર્મ બન્ને વચ્ચે અત્યંત અભાવ છે. પોતે દુઃખની લાગણી ઊભી કરે છે તો કર્મોને નિમિત્ત કહેવાય છે. એટલે કર્મબંધને દુઃખના હેતુરૂપ ન માને તો તેની નિર્જરા ને ભલું કેમ જાણે ? પુણ્ય કરીને ઈંદ્ર થાશું, દેવ થાશું એમ જે પુણ્યને દુઃખરૂપ માનતો નથી તે જીવ સ્વભાવની વિપરીત શ્રદ્ધાથી ચારે ગતિમાં ભ્રમણ કરે છે. જે કર્મબંધનને દુઃખનું નિમિત્ત ન જાણે તે જીવ સ્વભાવ સન્મુખતાનો ઉપાય આનંદકંદ દશાને ભલો કેમ જાણે ? એટલે કે ઉપાયને તે ભલો કેમ જાણે ?

વળી જીવને સૂક્ષ્મ આઠ કર્મ દેખતા નથી. તે કાર્માણવર્ગણાના પરમાણુનો સમૂહ છે. અજ્ઞાનીએ કર્મ જોયા નથી તથા તેમાં દુઃખના કારણભૂત નિમિત્તપણાની શક્તિ છે. દુઃખમાં નિમિત્ત છે તેનું

તેને જ્ઞાન નથી. શાતાવેદનીય બાંધે તો પણ આકુળતામાં નિમિત્ત છે. આત્મામાં આનંદના કારણરૂપ શક્તિ છે, અતીંદ્રિય અનુભવ થવાનું કારણ છે. ને કર્મમાં દુઃખના નિમિત્ત કારણરૂપ થવાની શક્તિ છે તેનું અજ્ઞાનીને ભાન નથી. તેથી પરપદાર્થો દુઃખદાયક જાણે છે. રોટલા ન ખાવા, પાણી ન પીવું એમ પરવસ્તુને છોડવા માગે છે. પુણ્ય-પાપ બન્ને દુઃખરૂપ દશા છે તેમાં કર્મ નિમિત્ત છે. આત્મા આનંદકંદ વસ્તુ છે તેને ઓળખતો નથી. ઉપવાસ કરું, વૃત્તિપરિસંખ્યાન કરું એમ વિકલ્પ ઉઠાવી નિમિત્તોનો અભાવ કરવા માગે છે. પણ બાહ્ય કારણોનો અભાવ કરવો તે ખરી રીત નથી. પ્રાયશ્ચિત્ત, વિનય વગેરેના વિકલ્પો કર્યા કરે છે ને પરથી ભાગવા માગે છે પણ ચિદાનંદના આશ્રયે લીનતા થતાં નિર્જરા થાય તેની ખબર નથી. પરપદાર્થને દૂર કરવા તે આત્માને આધીન નથી. જે પદાર્થો છે તે ઉત્પાદ-વ્યય-ધ્રુવ સહિત છે. જુની અવસ્થાથી બદલી જાય ને નવી અવસ્થારૂપ ઊપજે ને પોતે ગુણના સમૂહરૂપે કાયમ રહે છે. પણ તેની અવસ્થા આત્માને આધીન નથી.

કદાચિત્ કોઈ ઈષ્ટ સંયોગો મળે, પૈસા ટકા મળે, સારું ખાવાપીવાનું મળે, પૂર્વના પુણ્યના યોગે સંયોગ મળે છે. આત્માની હોશિયારીથી પૈસા મળતા નથી. અજ્ઞાનીને ઈષ્ટ સંયોગો મળે તે પૂર્વ પુણ્ય અનુસાર મળે છતાં આને મેળવું, આને કરું એમ અભિમાન કરી રહ્યો છે. પણ પરમાં પ્રયત્ન કામ આવે એમ નથી. તેવા અજ્ઞાની જીવને જીવ, અજીવ, બંધાદિ તત્ત્વની ખબર નથી. તેથી ઉપાય કરી વ્યર્થ ખેદ કરે છે. એ પ્રમાણે નિર્જરાતત્ત્વનું તેને જ્ઞાન નથી. આત્માના આશ્રયે લીનતા થતાં અંશે આનંદ પ્રગટ થવો તે ભાવનિર્જરા છે ને કર્મોનું અંશે ખરી જવું તે દ્રવ્યનિર્જરા છે. આમ નિર્જરાનું યથાર્થ જ્ઞાન નથી, તેનું શ્રદ્ધાન પણ યથાર્થ નથી.

**માગશર વદ ૧૫, મંગળવાર, ૧૬-૧૨-૫૨.**

આજે સવારે શ્રી યોગસારની સ્વાધ્યાય થઈ હતી.

**પોષ સુદ ૧, બુધવાર, ૧૭-૧૨-૫૨.**

જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરાતત્ત્વની ભૂલની વાત આવી ગઈ. હવે અજ્ઞાની મોક્ષતત્ત્વમાં શું ભૂલ કરે છે તે બતાવે છે. મિથ્યાદર્શનનું સ્વરૂપ બતાવે છે. સર્વ કર્મબંધનનો અભાવ થવો તેનું નામ મોક્ષ છે. કર્મનો એકદેશ અભાવ થવો તે નિર્જરા છે, ને સર્વથા અભાવ થવો તે મોક્ષ છે. જે જીવ બંધને સારો માને તેને બંધતત્ત્વની ખબર નથી. પુણ્ય બાંધશું તો સ્વર્ગમાં જઈ ભગવાન પાસે જશું એમ માનનારને બંધજનિત દુઃખની ખબર નથી ને કર્મના અભાવરૂપ મોક્ષની રુચિ નથી, તો તેને મોક્ષની શ્રદ્ધા નથી. અજ્ઞાની માને છે કે અમે મોક્ષ માટે ક્રિયા કરીએ છીએ પણ તે બંધના રસ્તે છે. બંધનના એક અંશને હિતકર માન્યો તે મોક્ષને હિતકર માનતો નથી.



પ્રથમ જ્ઞાન દ્વારા ઓળખે તો ખરો. સાચા જ્ઞાનથી સ્વતંત્ર થવાય છે, અનાદિકાળથી જીવે આ સત્ય વાત સાંભળી નથી અને કહે છે કે ''અમે તો પુણ્ય બાંધશું ને ! દયા, દાન, જાપ, તપ કરવાથી ગતિ તો સારી મળશે ને !'' -એવા જીવને ગતિ કરવાની રુચિ છે પણ ગતિરહિત મોક્ષદશાની રુચિ નથી.

આઠે કર્મનો બંધ દુઃખનો વિપાક છે, છતાં શાતાવેદનીય બંધાયુ તો ઠીક થયું -એમ માનનાર બંધરહિત સ્વભાવ તે ઠીક એમ માનતો નથી. બંધતત્ત્વ જડતત્ત્વ છે. વસ્તુ સ્વભાવે અબંધ છે ને પર્યાયે મોક્ષતત્ત્વ અબંધ છે, પણ પર્યાયમાં બંધ ઠીક લાગ્યો તેને મોક્ષતત્ત્વ તથા જીવતત્ત્વની પણ ખબર નથી. બંધરહિત સ્વભાવના આશ્રયે મોક્ષદશા પ્રગટ થશે તેની ખબર અજ્ઞાનીને નથી. બંધના ભાવને સુખદાયક માને તથા બંધનને હિતકારક માને તેને બંધનો અભાવ કેમ થાય તેની ખબર નથી તથા અબંધ સ્વભાવ કેમ પ્રગટે તેની ખબર નથી.

બંધને ઠીક માન્યો તેણે બંધને ઓળખ્યો નહિ. એટલે મુક્તિની પણ તેને ખબર નથી. તથા મુક્તિના કારણરૂપ સંવર-નિર્જરા માન્યા નહિ. સંવર-નિર્જરાથી વિરુદ્ધ આસ્રવ વગેરેને ઓળખતો નથી, અબંધ સ્વભાવને ઓળખતો નથી -આમ નવે તત્ત્વોને જાણતો નથી.

કોઈ રોગી રોગને ઓળખે નહિ તથા રોગજનિત દુઃખોને ન જાણે તો રોગના સર્વથા અભાવને તે ભલો કેમ જાણે ? વળી આ જીવને કર્મનું વા તેની નિમિત્તપણાની શક્તિનું જ્ઞાન નથી. વળી તે જીવ અર્હંતને ઓળખતો નથી, અર્હંત ભગવાને બંધનો અભાવ કર્યો છે. બંધનો અભાવ મોક્ષ હિતકારક છે ને બંધ હિતકારક નથી એમ અર્હંત ભગવાન કહે છે, છતાં જે પુણ્યબંધ હિતકારક માને છે તથા દયા-દાનાદિથી સંવર ઘટે -એમ માને છે તેણે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માન્યા નથી. કેટલાક જીવો રાગ મંદતાને ક્ષયોપશમભાવ માને છે પણ તે વાત ખોટી છે. રાગાદિભાવ ઔદયિકભાવ છે. આત્માના અવલંબન વિના સમ્યક્ ક્ષયોપશમભાવ થાય નહિ.

રાગ મંદતાથી જ્ઞાનનો જે પરલક્ષી ક્ષયોપશમ થયો તે પણ સમ્યક્જ્ઞાનનું કારણ નથી, પણ સ્વભાવના લક્ષે જે સ્વ-પરપ્રકાશકજ્ઞાન પ્રગટ્યું તે ક્ષયોપશમજ્ઞાન મોક્ષનું કારણ છે.

કર્મબંધનથી રહિત થતાં મોક્ષદશા થાય છે પણ અજ્ઞાનીને બંધનની ખબર નથી, બંધનો અભાવ કેમ કરવો તેની ખબર નથી તેથી બાહ્ય સંયોગોને છોડવા માગે છે -કંચન, કામિની, કુટુંબ વગેરે છોડવા માગે છે. પરને લીધે બંધન નથી પણ કર્મના નિમિત્તે બંધન છે તેની તેને ખબર નથી. બંધ થવો ઠીક માન્યો તેણે બંધના અંશે અભાવ નિર્જરા તથા સર્વથા અભાવ મોક્ષને ઠીક માન્યા નહિ.

**પ્રશ્ન** : પુણ્યાનુબંધી પુણ્ય એટલે શું ?

**સમાધાન :** આત્માનું ભાન હોય તેવા જીવને શુભરાગથી પુણ્ય બંધાય છે, તેને પુણ્યના બંધની રુચિ નથી, સ્વભાવમાં દૃષ્ટિ હોવાથી તેનો આદર નથી તેથી તેના પુણ્યને પુણ્યાનુબંધી પુણ્ય કહે છે.

પુણ્યનો બંધ ઠીક નથી -એમ પ્રથમ માનવું જોઈએ. સમ્યગ્દૃષ્ટિને પુણ્યરહિત સ્વભાવની પ્રતીતિ છે ને તે પુણ્યથી લાભ માનતો નથી.

મિથ્યાદૃષ્ટિના પુણ્ય સર્વ અનર્થનું કારણ છે, કારણ કે પુણ્ય દુઃખદાયક હોવા છતાં તેને સુખદાયક માને છે. અજ્ઞાની જીવ શુભરાગને મોક્ષનો વળાવિયો માને છે તે મૂઢતા છે. પુણ્યની રુચિવાળો મિથ્યાત્વની રુચિવાળો છે, તેને સ્વભાવની રુચિ નથી.

જેમ ઈશ્વર જગતકર્તાની માન્યતાવાળો જડ ને આત્માની પર્યાયનો કર્તા ઈશ્વર માને છે તેમ જૈન સંપ્રદાયમાં આવી કર્મને આત્માના પરિણામનો કર્તા માને ને આત્માને લીધે શરીર રૂપાંતર પામે -એમ માને તો તે પણ જગતકર્તાની માન્યતાવાળાની જેવો મિથ્યાદૃષ્ટિ છે.

અહીં કહે છે કે અજ્ઞાની જીવને કર્મનું તથા તેની નિમિત્તપણાની શક્તિનું જ્ઞાન નથી અને તેથી બાહ્ય પદાર્થોને દુઃખના કારણરૂપ જાણી તેનો સર્વથા અભાવ કરવાનો ઉપાય કરે છે. બૈરાં-છોકરાંને છોડવા માગે છે, પૈસા છોડવા માગે છે. બાહ્ય કારણોનો અભાવ કરવા માગે છે. પણ દુઃખ દૂર કરવાનો ઉપાય સંવર-નિર્જરા-મોક્ષ છે તેને જાણતો નથી.

ભગવાનની વાણી, સમવસરણ મળે, કાળ સારો હોય વગેરે બાહ્ય સામગ્રી મળે તો દુઃખ દૂર થાય ને સુખ થાય -એમ માને છે. વળી કેટલાંક જીવો એમ માને છે કે હાલ વ્રત-તપ કરો તે કરવાથી સ્વર્ગમાં જશું ને ત્યાંથી શ્રી સીમંધર ભગવાન પાસે જશું ને ત્યાં સમકિત પામશું - તે પણ ભ્રમણા છે.

વળી કેટલાંક લોકો માને છે કે સમકિતમાં પુરુષાર્થ નથી, ચારિત્રમાં પુરુષાર્થ છે. સમકિત દૈવથી થાય છે. વ્રત, તપ, મહાવ્રતને ચારિત્ર માને છે. તેવું ચારિત્ર પાળી, સ્વર્ગમાં જઈ, સીમંધર ભગવાન પાસે જશું ને ભગવાનને પામી સમકિત પામશું -આમ માની રહ્યા છે, તે બધા ભ્રમણાવાળા છે.

અજ્ઞાની જીવ સીમંધર ભગવાન, સમવસરણ, ભગવાનની વાણી વગેરે બાહ્ય સંયોગો ઈષ્ટ માને છે ને તેથી સમકિત પામશું -એમ માને છે. અજ્ઞાની સમવસરણમાં અનંતવાર જઈ આવ્યો પણ કાંઈ ધર્મ પામ્યો નહિ.

સમ્યગ્જ્ઞાનદીપિકામાં પૃ. ૧૫માં કહ્યું છે કે ''તમે પૂર્વે અનંતવાર પ્રત્યક્ષ સમવસરણમાં (ખૂદ) કેવળી ભગવાનની મોતી, અક્ષત, રત્ન અને કલ્પવૃક્ષના પુષ્પાદિકથી પૂજા કરી, પ્રત્યક્ષ દિવ્યધ્વનિ સાંભળી, મુનિવ્રત, શીલ અનંતવાર ધારણ કર્યા અને કામ, ક્રોધ, લોભાદિક પણ અનંતકાળથી



કરતાં ચાલ્યા આવો છો -એમ સર્વ શુભાશુભ વગર સમજે કરતાં ચાલ્યા આવો છો.''

અજ્ઞાની બાહ્ય સંયોગને કારણ માની તેનાથી સુખ માને છે. સર્વથા દુઃખ દૂર કરવાના કારણરૂપ ઈષ્ટ સામગ્રી છે અને તેના મેળાપથી ''સર્વથા સુખ થશે'' -એમ અજ્ઞાની માને છે પણ તેમ કદી બનતું નથી, નિરર્થક જ ખેદ કરે છે.

એ પ્રમાણે મિથ્યાદર્શનથી મોક્ષતત્ત્વનું અયથાર્થ જ્ઞાન થતાં શ્રદ્ધાન અયથાર્થ થાય છે.

એવી રીતે આ જીવ મિથ્યાદર્શનથી જીવાદિ સાતે પ્રયોજનભૂત તત્ત્વોનું અયથાર્થ શ્રદ્ધાન કરે છે.

જીવને શરીરની ક્રિયાથી લાભ માનવો ને અજીવ જીવથી ચાલે તેમ માનવું તે જીવ-અજીવની ભૂલ છે. આસ્રવને સુખદાયક માનવો તે આસ્રવની ભૂલ છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને દુઃખદાયક માનવા તે સંવરની ભૂલ, પુણ્યથી નિર્જરા થશે તે નિર્જરાતત્ત્વની ભૂલ, બંધને હિતકર માનવો તે બંધની ભૂલ, સર્વ કર્મનો અભાવ થતા મોક્ષ થાય -એમ ન માનવું તે મોક્ષતત્ત્વની ભૂલ છે. વળી પુણ્ય-પાપ તેના ભેદો છે, પુણ્ય-પાપની જાત એક છે તો પણ મિથ્યાદર્શનના કારણે પુણ્યને ભલું તથા પાપને બૂરું જાણે છે.

અજ્ઞાની જીવને પુણ્ય-પાપની ખબર નથી. પુણ્ય વડે પોતાના ઈચ્છાનુસાર કાંઈક કામ થાય તો ભલું જાણે ને પાપ વડે ઈચ્છા મુજબ ન બને તો બૂરું જાણે. વળી માન પોષવા માટે શુભભાવ કરે તો તે પાપી છે ને માની પણ છે. પુણ્ય-પાપના પરિણામ આકુળતામય છે તેથી બૂરાં છે. છતાં પોતાની માન્યતાથી સુખ-દુઃખ માને છે, બન્ને ચંડાળણીના દીકરા છે. પ્રથમ યથાર્થ પ્રતીતિ કરે તો પુણ્ય-પાપ શ્રદ્ધામાંથી છૂટે ને શુદ્ધોપયોગ થતાં ચારિત્ર અપેક્ષાએ છૂટે.

સાચી માન્યતા કરતાં અન્યમતવાળા પોતા વિષે શું કહેશે તેની સામું ન જો. મનુષ્યો તો સંખ્યાતા છે, સંખ્યાતા મનુષ્ય વિરુદ્ધ બોલે તેની સામે ન જો. શરીરના અનંત પરમાણુ તારી ઈચ્છા વિરુદ્ધ વર્તશે તો તું શું કરીશ ? તાવ આવશે, શરદી થશે, શરીર ખળભળશે વગેરે પ્રસંગે પુદ્ગલ-અનંતા દ્રવ્યો તારી ઈચ્છા વિરુદ્ધ વર્તશે કારણ કે તેનું પરિણમન સ્વતંત્ર છે. માટે સંખ્યાતા માણસ તારી વિરુદ્ધ બોલે તો તેના સામું ન જો.

માટે લોકો પોતા વિષે શું કહેશે તે ઉપરની દૃષ્ટિ ફેરવ તો સૃષ્ટિ ફરશે, એટલે કે તારી પર્યાયમાં મિથ્યાભ્રાંતિ ટળી સમ્યગ્દર્શન થશે.

અજ્ઞાની જીવ પુણ્ય-પાપમાં સુખ-દુઃખ માને છે. વાસ્તવિકપણે તો જ્યાં આકુળતા છે ત્યાં દુઃખ જ છે. માટે પુણ્ય-પાપના ઉદયને ભલો-બૂરો માનવો તે ભ્રમણા છે, એમાં ક્યાંય સુખ નથી, માત્ર આકુળતા છે.

## પોષ સુદ ૨, ગુરુવાર, ૧૮-૧૨-૫૨.

અજ્ઞાની જીવ અનાદિકાળથી મિથ્યા માન્યતા કરતો આવ્યો છે તેનું વર્ણન કરે છે. આત્મામાં શુભાશુભભાવ થાય છે તે આકુળતા છે, બન્ને વિકાર છે. તેમાંથી પુણ્ય ઠીક છે ને પાપ બૂરું છે તેવી માન્યતા કરવી તે મિથ્યાદર્શન છે. અજ્ઞાની બેમાં ફેર પાડે છે. પુણ્યના ઉદયથી પૈસા મળે તેમાં સુખ માને છે અને પાપના ઉદયમાં રોગ ને ગરીબાઈ મળે તેમાં દુઃખ માને છે. તેની શ્રદ્ધા વિપરીત છે. તે જીવ ગમે તેટલા વ્રત, તપ કરે તો તે વૃથા છે. જ્યાં આકુળતા છે ત્યાં દુઃખ છે માટે પુણ્ય-પાપના સંયોગોથી સુખ-દુઃખ માનવા ને તેને ભલા-બૂરાં માનવા તે ભ્રમ છે.

જૈનકુળમાં જન્મે તે જૈન નથી, સાચી માન્યતા કરે તે જૈન છે. બે વાત લીધી. એક તો પૂર્વના પુણ્ય-પાપ કર્મ અનુસારે અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં સુખ-દુઃખ માનવું તે અધર્મ છે ને બીજી વાત વર્તમાન દયા-દાનાદિના ભાવ થાય તે શુભ છે ને હિંસા, જૂઠું, ચોરી આદિના ભાવ તે અશુભ છે. જે જીવ શુભભાવને ભલો માને ને અશુભભાવને ખરાબ માને તે મિથ્યાદૃષ્ટિ છે, તેની શ્રદ્ધા ખોટી છે, તેને ધર્મની ખબર નથી. બન્ને ભાવો કર્મબંધનના કારણો છે, પુણ્ય સોનાની બેડી છે ને પાપ લોઢાની બેડી છે, છતાં શુભરાગને ઠીક માનવો તે ખોટી શ્રદ્ધા છે. નીચલી દશામાં શુભાશુભ ભાવ હોય છે. અશુભભાવ છોડીને શુભભાવ આવે છે પણ શુભને ભલો માને છે તે જીવ વીતરાગની આજ્ઞા માનતો નથી. ત્રિલોકનાથ ભગવાન શુભાશુભ ભાવોને અને તેના ફળને દુઃખદાયક કહે છે.

અનાદિથી અજ્ઞાની જીવો અનુકૂળતામાં સુખ માને છે ને તેના કારણરૂપ શુભભાવમાં સુખ માને છે તેને વીતરાગ શું કહે છે તેની ખબર નથી.

આ પ્રમાણે પુણ્ય-પાપનું વિપરીત જ્ઞાન થતાં શ્રદ્ધા વિપરીત હોય છે. આ પ્રમાણે અતત્ત્વશ્રદ્ધાનરૂપ મિથ્યાદર્શનનું સ્વરૂપ કહ્યું. તે અસત્યરૂપ છે માટે તેને જ મિથ્યાત્વ કહે છે. આત્મા શરીરની ક્રિયા કરી શકે છે -એમ માનવું, શરીરની અનુકૂળતાથી ધર્મ માનવો તે બધી મિથ્યાશ્રદ્ધા છે. તે અસત્યરૂપ છે, માટે તેનું નામ મિથ્યાત્વ છે. તે સત્ય શ્રદ્ધાનથી રહિત માટે તેનું જ નામ અદર્શન છે.

હવે અનાદિથી અજ્ઞાની મિથ્યાજ્ઞાન કેવી રીતે કરે છે તે બતાવે છે.

### મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ

પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોને અયથાર્થ જાણવા તેનું નામ મિથ્યાજ્ઞાન છે. મિથ્યાજ્ઞાનના કારણે જાણવામાં સંશય, વિપર્યય અને અનધ્યવસાય થાય છે.

**૧) સંશય** : જ્યાં ''આ પ્રમાણે છે કે આ પ્રમાણે છે'' એવું જે પરસ્પર વિરુદ્ધતાપૂર્વક બે પ્રકારનું જ્ઞાન થવું તેનું નામ સંશય છે.



ખબર પડતી નથી કે હું જ્ઞાનાનંદસ્વરૂપી આત્મા હોઈશ કે શરીર હોઈશ -એ સંશયજ્ઞાન છે. શરીરની હલનચલનરૂપ ક્રિયા શરીરથી થાય છે, આત્મા શરીરને ચલાવતો નથી, શરીરમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ પોતાના કારણે થાય છે છતાં અજ્ઞાનીને સંશય રહ્યા કરે છે કે શરીરની ક્રિયા આત્માથી થાય છે કે શરીરથી થાય છે -તેવું ડામાડોળ જ્ઞાન તે સંશયજ્ઞાન છે.

**૨) વિપર્યય** : શરીરની ક્રિયા તથા ભાષાની ક્રિયા આત્મા કરે છે -એમ માનવું તે વિપરીતતા છે. ઈચ્છા હોવાં છતાં ઘણી વાર ભાષા નીકળતી નથી -તે સ્વતંત્રતા બતાવે છે. શરીરની ક્રિયાથી જ મને લાભ થાય છે તે માન્યતા અધર્મભાવ છે. હું જ્ઞાનાનંદ છું, મારી જ્ઞાનક્રિયા મારાથી થાય છે એમ જાણવું જોઈએ -છતાં વસ્તુસ્વરૂપથી વિરુદ્ધ ''આ આમ જ છે'' એમ એકરૂપ જ્ઞાનનું નામ વિપર્યય છે.

**૩) અનધ્યવસાય** : ''હું કાંઈક છું'' -એમ નિર્ધારરહિતપણે જાણવું તે અનધ્યવસાય છે. કોઈ નિમિત્તથી કાર્ય માને છે ને કોઈ ઉપાદાનથી કાર્ય માને છે -આ બધામાં અમને ખબર પડતી નથી. કાંઈક હશે એવો નિર્ધારરહિત વિચાર કરવો તે અનધ્યવસાયરૂપ મિથ્યાજ્ઞાન છે. મિથ્યાજ્ઞાન હોય ત્યાં બધા વ્રત-તપ ફોક છે.

આ પ્રમાણે પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોમાં સંશય, વિપર્યય અને અનધ્યવસાયરૂપ જે જાણવું થાય તેનું નામ મિથ્યાજ્ઞાન છે. જે યથાર્થ જ્ઞાન કરતો નથી તેનું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે. વકીલાતનું શીખે, કંદોઈનું શીખે વગેરે અપ્રયોજનભૂત પદાર્થોમાં ડાહ્યો હોય તો સમ્યક્ નામ ન પામે, કેમ કે સંસારનું જ્ઞાન અપ્રયોજનભૂત છે. અપ્રયોજનભૂતને યથાર્થ જાણે તો સમ્યગ્જ્ઞાન અને યથાર્થ ન જાણે તો મિથ્યાજ્ઞાન છે -એમ નથી.

જેમ મિથ્યાદૃષ્ટિ દોરીને દોરી જાણે તેથી તેનું જ્ઞાન કાંઈ સમ્યક્ નામ પામે નહિ. ને કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ તેને સર્પ જાણે તો પણ તેનું જ્ઞાન મિથ્યા થતું નથી. કારણ કે દોરીનું જ્ઞાન પ્રયોજનભૂત નથી. સંસારની અપ્રયોજનભૂત વાતની ભૂલથી પ્રયોજનભૂત જ્ઞાન ખોટું થતું નથી. માટે સંસારનું ડહાપણ મીંડા વાળવા જેવું છે. આત્મા અને જડ પદાર્થો વચ્ચે યથાર્થ ભેદજ્ઞાન ન કરે તો તેનું બધું જ્ઞાન ખોટું છે. બે ને બે ચાર કહે તો પણ તેનું જ્ઞાન ખોટું છે. કેમ કે તે શબ્દો બોલાયા તે ભાષાની અવસ્થા છે છતાં અજ્ઞાની જીવ તે ભાષા મારાથી થઈ એમ માને છે. હું જીવ અરૂપી ચૈતન્ય છું ને ભાષા જડ, મૂર્તિક છે - બન્ને ભિન્ન છે એવો તેને ખ્યાલ નથી તેથી મિથ્યાદૃષ્ટિ જીવ બે ને બે ચાર કહે તો પણ તેનું જ્ઞાન ખોટું છે.

**પ્રશ્ન** : પ્રત્યક્ષ સાચા-જૂઠા જ્ઞાનને સમ્યગ્જ્ઞાન-મિથ્યાજ્ઞાન કેમ ન કહેવાય ? રસીને સર્પ માને તે જૂઠું જ્ઞાન છે ને રસીને રસી જાણે તે સાચું જ્ઞાન છે -એમ કેમ ન કહેવાય ?

**સમાધાન** : જ્યાં સાચા-જૂઠાનો નિર્ધાર કરવાનું જ પ્રયોજન હોય ત્યાં તો કોઈ પદાર્થને તેના

સાચા-જૂઠા જાણવાની અપેક્ષાએ સમ્યગ્જ્ઞાન-મિથ્યાજ્ઞાન નામ પામે છે. જેમ સર્પને સર્પ જાણ્યો તે જાણવા અપેક્ષાએ બરાબર છે.

જેમ પ્રત્યક્ષ-પરોક્ષ પ્રમાણના વર્ણનમાં કોઈ પદાર્થને સાચો જાણે તે સમ્યગ્જ્ઞાન છે ને સંશયાદિરૂપ જાણપણાને અપ્રમાણરૂપ મિથ્યાજ્ઞાન કહ્યું છે. પણ અહીં તો સંસારનું કારણ વિકાર છે ને મોક્ષનું કારણ અવિકારી સ્વભાવ છે તેનો નિર્ધાર કરવો છે. વકીલાત શીખે માટે ધર્મનું કારણ થાય ? ના. અને કોઈ કુંભારને વકીલાત ન આવડે તેથી ધર્મ અટકી જાય છે ? ના. કોઈ સમ્યગ્જ્ઞાનીને સંસારની કળાનું જ્ઞાન ન હોય પણ શરીરાદિ પર છે, વિકાર અશુદ્ધ છે ને પોતે જ્ઞાનસ્વભાવી છે -એવું ભેદજ્ઞાન હોય તો તેનું જ્ઞાન સમ્યક્ છે. અહીં તેનો નિર્ણય કરવાનો છે. રસી-સર્પ વગેરેનું યથાર્થ અથવા ખોટું જ્ઞાન કાંઈ સંસાર-મોક્ષનું કારણ નથી, માટે તેની અપેક્ષાએ અહીં મિથ્યાજ્ઞાન-સમ્યગ્જ્ઞાન કહ્યું નથી.

અહીં પ્રયોજનભૂત તત્ત્વોને યથાર્થ જાણે તેને સમ્યગ્જ્ઞાન કહ્યું છે ને વિપરીત જાણે અથવા ન જાણે તેને મિથ્યાજ્ઞાન કહ્યું છે. એ અભિપ્રાયથી મિથ્યાદષ્ટિ અગિયાર અંગ સુધી ભણે તો પણ તે મિથ્યાજ્ઞાની છે. જડ પૃથક્, વિકાર પૃથક્ ને સ્વભાવ પૃથક્ છે -એમ જેને ખબર નથી તે જીવનું બધું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે ને જેને જ્ઞાનસ્વભાવી આત્માની ખબર છે, જે પુણ્ય-પાપને વિકાર જાણે છે ને શરીરને જડ માને છે તેવા સમ્યગ્દષ્ટિ જીવનું બધું જ્ઞાન યથાર્થ છે. નવ તત્ત્વના યથાર્થ ભાન વગરનો જીવ ભગવાનની ભક્તિ કરતો હોય તો પણ અજ્ઞાની છે. કોઈ સમ્યગ્દષ્ટિ જીવ લડાઈમાં હોવા છતાં તેનું જ્ઞાન સમ્યક્ છે. લડાઈની ક્રિયા જડની છે ને જે ભાવ થયો તે પાપ છે, તેનાથી રહિત મારો આત્મા શુદ્ધ છે એવો વિવેક છે તેથી તેનું જ્ઞાન લડાઈ વખતે પણ સમ્યક્ છે.

આ અભિપ્રાયથી શાસ્ત્રમાં મિથ્યાદષ્ટિના સર્વ જાણપણાને મિથ્યાજ્ઞાન કહ્યું ને સમ્યગ્દષ્ટિના સર્વ જાણપણાને સમ્યગ્જ્ઞાન કહ્યું.

**પ્રશ્ન** : મિથ્યાદષ્ટિને જીવ, અજીવ, વિકાર વગેરેમાં ભિન્નતાની ખબર નથી માટે તેને મિથ્યાજ્ઞાન કહો પણ રસી-સર્પાદિકના યથાર્થ જાણપણાને સમ્યગ્જ્ઞાન કહો !

**સમાધાન** : મિથ્યાદષ્ટિ જાણે છે તેમાં તેને સ્વસત્તા ને પરસત્તાની ખબર નથી. આત્માની સત્તા તથા જડની સત્તા ભિન્ન છે તેની તેને ખબર નથી. ઈંદ્રિયની સત્તાથી જ્ઞાન માને છે પણ જડની સત્તા જડની સત્તામાં છે, તે મારામાં નથી ને ચૈતન્યસત્તા મારામાં છે ને તે જડની સત્તામાં નથી -એમ માનતો નથી. સત્તા એટલે હોવાપણું. **उत्पाद्-व्यय-ध्रौव्ययुक्तम् सत्** અને **सत् द्रव्यलक्षणम्** દ્રવ્યનું લક્ષણ સત્ છે ને સત્નું લક્ષણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. પૂર્વ અવસ્થાનો અભાવ થવો ને નવી અવસ્થાનો ઉત્પાદ થવો ને ગુણો ધ્રુવ રહેવા -એ સત્નું લક્ષણ છે. કોઈની સત્તા કોઈને લીધે નથી છતાં અજ્ઞાની જીવ ભેળસેળ કરે છે. જીવની ક્રિયા જડથી માને છે, જડની ક્રિયા જીવથી



માને છે. આમ હોવાંથી તેના જ્ઞાનમાં કારણવિપરીતતા છે. વળી જીવાદિના સ્વરૂપમાં ભૂલ કરે તે સ્વરૂપવિપરીતતા છે. આત્મા અને જ્ઞાનગુણ અભેદ છે છતાં જ્ઞાન ઈંદ્રિયથી થયું માને તે જ્ઞાન તથા આત્માને ભિન્ન માને છે ને જડ ભેદરૂપ છે છતાં જડની ક્રિયા મારાથી થઈ એમ માની તેની સાથે અભેદતા કરે છે તેથી ભેદાભેદવિપરીતતા છે.

આમ અજ્ઞાનીને ત્રણમાં ક્યાંક ભૂલ હોય છે.

**૧) કારણવિપરીતતા** : રૂપી પદાર્થનું કારણ ઈશ્વર છે એમ માને છે, ઈશ્વરને તે જગતનો કર્તા માને છે તે કારણવિપરીતતા છે. વળી જડની પર્યાય આત્માથી થાય તેમ માનવું તે પણ કારણમાં ભૂલ છે. કોઈ પૃથ્વી, જળ વગેરેને જુદા જુદા તત્ત્વો માને છે તે ભૂલ છે. પંચ મહાભૂતની જુદી જુદી જાત માને છે તે કારણવિપરીતતા છે. તે બધી પુદ્‌ગલની અવસ્થા છે છતાં જુદા જુદા માનવા તે કારણવિપરીતતા છે.

વળી જ્ઞાન ઈંદ્રિય, પુસ્તક કે નિમિત્તથી થાય એમ માનવું તે કારણવિપરીતતા છે. આત્માને મૂર્ત શરીરનું કારણ માનવું તે કારણવિપરીતતા છે. કોઈ પદાર્થ નવો ઉત્પન્ન થતો નથી ને કોઈ પદાર્થનો સર્વથા નાશ થતો નથી, તેની પર્યાય બદલે છે, છતાં પરથી પર્યાય બદલે છે એમ માનવું તે કારણવિપરીતતા છે. તે તે દ્રવ્યના કારણે પર્યાય બદલે છે એમ તેના મૂળ કારણને અજ્ઞાની જાણતો નથી. શરીરની અવસ્થાનું મૂળ ઉપાદાનકારણ જડ છે પણ આત્મા નથી ને આત્માના જ્ઞાનની અવસ્થાનું મૂળ કારણ આત્મા છે પણ ઈંદ્રિયાદિ નથી છતાં વિપરીત માનવું તે કારણવિપરીતતા છે. કર્મની પર્યાયનો કર્તા આત્મા માનવો તે કારણવિપરીતતા છે. વિકારનું કારણ આત્મા છે તેને બદલે કર્મને લીધે વિકાર થયો એમ કહેવું તે કારણવિપરીતતા છે. પોતે વિકાર કરે તો કર્મને નિમિત્ત કહેવાય, કર્મ વિકાર કરાવતા નથી. જો કર્મ વિકાર કરાવે તો વિકાર કદી ટળે નહિ. આત્મા અરૂપી ચૈતન્ય છે ને કર્મ રૂપી જડ છે. મૂર્તનું કારણ અમૂર્ત માનવું ને અમૂર્તનું કારણ મૂર્ત માનવું તે કારણવિપરીતતા છે. વળી પુણ્ય-પાપ વિકાર છે. તેને ધર્મનું મૂળ કારણ માનવું તે કારણવિપરીતતા છે.

અજ્ઞાની જીવ જૈન સાધુ થયો હોય પણ આ ભૂલના કારણે મિથ્યાદષ્ટિ છે, તે સાધુ જ નથી. છ ઢાળામાં આવે છે કે જીવે મુનિવ્રત અનંતવાર ધારણ કર્યા પણ આત્મજ્ઞાન વિના સંસારમાં રખડ્યો. વળી ઔપચારિક કારણને મૂળકારણ માને તે મિથ્યાદષ્ટિ છે.

જેમ અરીસામાં મયૂરનું પ્રતિબિંબ પડે છે તે પ્રતિબિંબ અરીસાની પર્યાય છે, ને તે અરીસાને કારણે છે. તેને બદલે મયૂરને લીધે અરીસામાં અવસ્થા થઈ તેમ જાણવું તે કારણવિપરીતતા છે. વળી સમયે સમયે જ્ઞાન થાય છે તેનું મૂળ કારણ પોતાની લાયકાત છે છતાં ભાષાથી જ્ઞાન થયું એમ માનવું તે કારણવિપરીતતા છે. જો ભાષાથી જ્ઞાન થાય તો બધાને સરખું જ્ઞાન થવું જોઈએ પણ એમ બનતું નથી. પ્રતિમા દેખતી વખતે શુભરાગ થાય છે તે આત્માના કારણે થાય છે.

જો પ્રતિમાને લીધે થયો હોય તો બધાને થવો જોઈએ પણ બધાને શુભરાગ થતો નથી. પ્રતિમા હોય તો રાગ થાય એમ જાણવું તે કારણવિપરીતતા છે.

વીતરાગી પર્યાયનું કારણ આત્મા છે, પર્યાય પર્યાયનું કારણ નથી. પૂર્વ પર્યાયનો અભાવ થાય છે તેમાંથી નવી પર્યાય આવતી નથી, નવી પર્યાય દ્રવ્યમાંથી આવે છે તેમ ન માનતાં ધર્મની પર્યાય પર્યાયમાંથી આવે છે, રાગમાંથી કે નિમિત્તમાંથી આવે છે એમ જાણે તે વિપરીતજ્ઞાન છે.

**૨) સ્વરૂપવિપરીતતા** : જડનું સ્વરૂપ જડથી છે ને આત્માનું સ્વરૂપ આત્માથી છે -એમ યથાર્થ ન જાણે તે સ્વરૂપવિપરીતતા છે. બધા થઈને એક આત્મા માને અથવા જગતમાં બધું જડ છે અથવા બધું જ્ઞાન જ છે એમ માનવું તે સ્વરૂપવિપરીતતા છે. વિકાર અને સ્વભાવ એક જ છે એમ માનવું તે સ્વરૂપવિપરીતતા છે. મૂળવસ્તુભૂત સ્વરૂપને ન ઓળખે અને અન્યથા સ્વરૂપ માને તે સ્વરૂપવિપરીતતા છે.

## પોષ સુદ ૩, શુક્રવાર, ૧૯-૧૨-૫૨.

મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ ચાલે છે. તેમાં ત્રણ પ્રકારની વિપરીતતા આવે છે. ૧) કારણવિપરીતતા ૨) સ્વરૂપવિપરીતતા ૩) ભેદાભેદવિપરીતતા. તેમાં જે મૂળ કારણ છે તેને ન જાણે અન્યથા કારણ જાણે તે કારણવિપરીતતા છે. જડ પદાર્થોનું મૂળ કારણ તે પદાર્થ છે પણ તેના મૂળ કારણ તરીકે બ્રહ્મને અથવા ઈશ્વરને જાણે તે કારણવિપરીતતા છે. તેમ જ દરેક કાર્યમાં કારણ લે તે પર્યાય છે ને નિમિત્ત આરોપિત કારણ છે. છતાં મૂળકારણને છોડીને નિમિત્તકારણથી કાર્ય માનવું તે કારણ-વિપરીતતા છે, તે મિથ્યાજ્ઞાન છે.

**ઉપાદાન નિજ ગુણ જહાં તહાં નિમિત્ત પર હોય,**
**ભેદજ્ઞાન પરમાણવિધિ વિરલા બૂજે કોઈ.**

જે વખતે જે ગુણની જે પર્યાય હોય તે વખતે નિમિત્ત પરવસ્તુ હોય છે, છતાં નિમિત્ત આવે તો કાર્ય થાય એમ માને તે કારણવિપરીતતા છે. આત્માના રાગને લીધે કર્મ બંધાણા એમ માનવું તે કારણવિપરીતતા છે. કર્મનું મૂળ કારણ જડની પર્યાય છે. રાગ તો નિમિત્તમાત્ર છે. દરેક પદાર્થ પૃથક્ પૃથક્ હોય છે. કોઈને લીધે કોઈ નથી. આત્માનો પર્યાય પોતાથી થાય છે તે મૂળ કારણ છે. છતાં નિમિત્તને લીધે કાર્ય થાય તેમ માનવું તે વિપરીતતા છે. સમ્યગ્જ્ઞાન થતી વખતે કુદેવાદિના રાગનો અભાવ હોવો તે પ્રતિબંધનો અભાવ છે. પ્રતિબંધનો અભાવ નિમિત્તકારણ છે તે મૂળ કારણ નથી છતાં પ્રતિબંધના અભાવને મૂળ કારણ માનવું તે કારણવિપરીતતા છે.

**૨) સ્વરૂપવિપરીતતા** : વળી જડ ને ચૈતન્ય બધું એક છે એમ માને તે સ્વરૂપવિપરીતતા છે. નિમિત્તકારણ ને ઉપાદાનકારણ બન્ને એક છે એમ માનવું તે સ્વરૂપવિપરીતતા છે. જ્યારે નૈમિત્તિક



દશા થાય ત્યારે અનુકૂળ નિમિત્ત હોય છે એમ બન્નેની પૃથક્તા છે તેને બદલે બન્નેને એક માનવા તે સ્વરૂપવિપરીતતા છે. બ્રહ્મ સત્ય ને જગત મિથ્યા એવી માન્યતા સ્વરૂપવિપરીતતા છે અથવા બધા થઈને એક જ આત્મા છે એમ માનવું તે સ્વરૂપવિપરીતતા છે. શરીર અને આત્માની પર્યાયનું સ્વરૂપ સ્વતંત્ર છે છતાં બે ને એક માનવા તે સ્વરૂપમાં ભૂલ છે.

**૩) ભેદાભેદવિપરીતતા** : ભિન્નને અભિન્નપણું યથાર્થ નહિ ઓળખતાં અન્યથા ભિન્ન-અભિન્નપણું માને તે ભેદાભેદવિપરીતતા છે. જ્ઞાનગુણથી આત્મા સર્વથા ભિન્ન નથી. ગુણ-ગુણી કથંચિત્ ભિન્ન છે. પ્રથમ જ્ઞાનગુણની દશા ઓછી હતી ને પાછળથી જ્ઞાન વધ્યું તે બહારથી આવ્યું એમ જે માને છે તેણે ગુણ અને ગુણીને જુદા માન્યા તે ભેદવિપરીત માન્યતા છે.

વળી દ્રવ્ય છે તેને જ ગુણ માને છે તેના લક્ષણો જુદા છે. સમ્યગ્દર્શન પ્રગટતા બધા ગુણો પ્રગટી જાય એમ જાણવું તે અભેદ વિપરીતજ્ઞાન છે. તેને ગુણભેદની ખબર નથી. રાગ ક્ષણિક છે ને સ્વભાવ ત્રિકાળ છે છતાં બે ને એક માને તે અભેદ વિપરીતબુદ્ધિ છે.

વિકારથી આત્માને લાભ માને તે ભેદ હોવા છતાં અભેદ માને છે. નિમિત્તથી લાભ માને તે ભેદ હોવા છતાં અભેદ માને છે તે અભેદ વિપરીતતા છે. આત્મા અને શરીર ભેગા થઈ કામ કરે એમ માને ત્યાં આત્મા અને શરીરની અવસ્થાઓ જુદી છે છતાં બે દ્રવ્ય ભેગા થઈને એક પરિણામ કરે અથવા આત્માએ ઈચ્છા કરી તેથી શરીરની અવસ્થા થઈ એમ માનવું તે અભેદ બુદ્ધિ છે. આત્માથી શરીર ચાલતું નથી. જડથી જડની અવસ્થા થાય છે. છતાં જડનો ઉત્પાદ આત્માથી થયો માનવો અને જડથી પણ થયો માનવો એમ બે દ્રવ્યના એક પરિણામ માનવા તે અભેદ વિપરીતબુદ્ધિ છે. તે મિથ્યાજ્ઞાન છે. તેવા જીવને ધર્મ હોતો નથી. બે જુદા દ્રવ્યોને એક માનવા તે મિથ્યાજ્ઞાન છે. ગુણ-ગુણી પ્રદેશે અભેદ હોવા છતાં તેને સર્વથા ભેદરૂપ જાણવા તે ભેદાભેદવિપરીતતા છે.

વળી પર્યાય તથા દ્રવ્ય કથંચિત્ ભેદરૂપ છે અને કથંચિત્ અભેદ છે. પણ સર્વથા ભેદ માને તો પણ ખોટું ને સર્વથા અભેદ માને તો પણ ખોટું છે. વળી એકને અનેક માનવા તે મિથ્યાજ્ઞાન છે.

નવ તત્ત્વનું જ્ઞાન પોતાનું છે. બંધનું કે પુણ્ય-પાપનું જ્ઞાન નથી. આત્માનું જ્ઞાન કરતાં નવેનું જ્ઞાન યથાર્થ આવી જાય છે. જીવથી અજીવની ક્રિયા માનવી તે અનેકને એક ક્રિયા માનવી તે મિથ્યાત્વ છે. પુણ્યાસ્રવથી સામાયિક માનવી ને સંવર કરતાં પુણ્ય બંધાય તે અનેક તત્ત્વોને એક માનવારૂપ મિથ્યાજ્ઞાન છે.

વળી કારણથી કાર્ય સર્વથા ભિન્ન છે કે સર્વથા અભિન્ન છે એમ માનવું તે ભેદાભેદવિપરીતતા છે. દરેક દ્રવ્યના પૂર્વ પર્યાયનો વ્યય થઈ, નવીન પર્યાયનો ઉત્પાદ થાય છે. તેમાં વ્યય કારણ છે ને ઉત્પાદ કાર્ય છે તેમાં સમયભેદ નથી તેથી અભેદ છે. અને વ્યય ને ઉત્પાદમાં લક્ષણ ભેદે ભેદ છે. આમ કથંચિત્ સમજવું જોઈએ. છતાં સર્વથા ભેદ માને અથવા અભેદ માને તે ભેદાભેદવિપરીતતા છે.

વળી એક સમયની પર્યાયમાં વીર્યશક્તિ કારણ છે ને વર્તમાન પર્યાય કાર્ય છે. તેમાં સમયભેદ નથી છતાં ગુણ ને પર્યાયમાં લક્ષણભેદે ભેદ છે. આમ ભેદાભેદ સ્વરૂપ સમજવું જોઈએ. તેમ ન સમજે ને સર્વથા ભેદ સમજે અથવા સર્વથા અભેદ સમજે તો તે ભેદાભેદવિપરીતતા છે.

પૂજ્યપાદ સ્વામીએ તત્ત્વાર્થસૂત્રની સર્વાર્થસિદ્ધિ ટીકામાં આ વિપરીતતા મિથ્યાજ્ઞાનના અધિકારમાં બતાવેલ છે. જ્યાં મિથ્યાજ્ઞાન હોય છે ત્યાં ધર્મ હોતો નથી. આ પ્રમાણે મિથ્યાદષ્ટિના જ્ઞાનમાં વિપરીતતા છે. તે જુદા પદાર્થને એક માને છે.

આત્માના આશ્રયે જે પ્રતીતિ, જ્ઞાન અને રમણતા પ્રગટ થયા તે દ્રવ્ય સાથે ભળ્યા માટે અભેદ કહ્યું ને પર્યાય દ્રવ્યથી કથંચિત્ ભેદ છે. આમ ભેદાભેદ સ્વરૂપ સમજવું. દહીં અને દૂધ બન્ને ગોરસ તરીકે વર્તમાનમાં એક છે, અભેદ છે. ને દહીં અને દૂધ બન્ને પર્યાય અપેક્ષાએ જુદા જુદા છે, એટલે ભેદ છે. આમ ભેદાભેદ છે. ગોરસ તરીકે અભેદ ન માને તો મિથ્યાજ્ઞાન છે અને જુદા જુદા સ્વાદની અપેક્ષાએ ભેદ ન માને તો મિથ્યાજ્ઞાન છે

અજ્ઞાની જીવને જડ અને ચેતનની ભિન્નતાની તથા સ્વભાવ અને વિકારની ભિન્નતાની ખબર નથી. પુણ્યથી ધર્મ માને, જડની પર્યાયથી આત્માને લાભ માને, ઈચ્છા પ્રમાણે જગતના કાર્યો થાય એમ માને તે બધું મિથ્યાજ્ઞાન છે.

જેમ દારૂનો કેફી મનુષ્ય માતાને પોતાની સ્ત્રી માને ને સ્ત્રીને માતા માને તેમ અજ્ઞાની જીવ શરીરની ક્રિયાથી ધર્મ માને છે તે વિપરીત માન્યતા કરે છે.

વળી જેમ કોઈ કાળમાં એ કેફી મનુષ્ય માતાને માતા વા સ્ત્રીને સ્ત્રી પણ જાણે તો પણ તેને નિશ્ચયરૂપ નિર્ધાર વડે શ્રદ્ધાનપૂર્વક જાણપણું ન હોવાથી, તેને યથાર્થ જ્ઞાન કહેતા નથી. તેમ મિથ્યાદષ્ટિ કોઈ વાર કહે કે આત્મા ને દેહ જુદા છે, વળી કોઈ વાર કહે કે શરીર નિરોગી હોય તો ધર્મ થાય પણ શરીર તો જડ છે ને આત્માથી જુદું છે. જે પદાર્થ જુદો હોય તેનાથી લાભ થાય ? ન થાય. શરીરથી મને લાભ-નુકસાન નથી ને મારાંથી શરીરમાં લાભ-નુકસાન નથી -એમ માને તો શરીર ને આત્મા જુદા જુદા માન્યા કહેવાય. રોગ આવતા મને દુઃખ થયું એમ માનવું તે ભ્રાંતિ છે. વળી કહે કે પથ્ય આહાર લઈએ તો આયુષ્ય વધારી શકાય. આમ અજ્ઞાનીને કાંઈ ભાન નથી. અજ્ઞાની કદાચિત્ કહે કે આ દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા છે પણ ગુરુની કૃપાથી કલ્યાણ માને તો તે ભ્રાંતિ છે. જો ગુરુથી કલ્યાણ થતું હોય તો બધાનું કલ્યાણ થવું જોઈએ, પણ એમ બનતું નથી. પર તરફથી લક્ષ છૂટી સ્વ તરફ લક્ષ કરે તો કલ્યાણ થાય. વળી પ્રતિમાને પોતાથી જુદી માને અને કોઈ વાર પ્રતિમાથી કલ્યાણ થાય એમ માને આમ તેનું જ્ઞાન મિથ્યા છે. કલ્યાણનું કારણ પોતાનો આત્મા છે. તે પ્રગટ કરે તો ભગવાનની પ્રતિમાને નિમિત્ત કહેવાય. આમ તેને ખબર નથી. પરથી પોતાને લાભ-નુકસાન ન માનવા ને પોતાથી પરમાં લાભ-નુકસાન ન માનવા આમ



ભેદજ્ઞાન કરવું તે જ કલ્યાણનું કારણ છે.

**भेद विज्ञानतः सिद्धाःसिद्धा ये किल केचन ।**
**अस्यै वा भावतो बद्धा बद्धा ये किल केचन ॥**

જે કોઈ બંધાણા તે ભેદજ્ઞાનના અભાવે બંધાણા છે ને જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનના કારણે સિદ્ધ થયા છે.

અજ્ઞાની કોઈ વાર કર્મ ને આત્મા જુદા કહે. વળી કહે કે કર્મનો ઉદય બળવાન છે. જડ કર્મ તો પર છે. તો પછી કર્મોએ તને હેરાન કર્યો અથવા કર્મના ઉદયને કારણે વિકાર થયો એ વાત ક્યાંથી લાવ્યો ? જ્ઞાની વિચારે છે કે હું ચિદાનંદ છું. જે વિકાર થાય છે તે મારી કમજોરી છે પણ સ્વભાવમાં વિકાર નથી. અજ્ઞાની કર્મને લીધે વિકાર થયો માને છે. પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, અન્યોન્યાભાવ ને અત્યંતાભાવ -એમ ચાર અભાવ કહ્યા છે. આત્મા અને જડ કર્મ વચ્ચે અત્યંત અભાવ છે. સૌ સૌની અવસ્થા સૌથી થાય છે. વળી પુદ્‌ગલની વર્તમાન પર્યાયને બીજા પુદ્‌ગલની વર્તમાન પર્યાય વચ્ચે અન્યોન્ય અભાવ છે. અજ્ઞાનીને તેની ખબર નથી. આવા ભાન વિના સામાયિક વ્રત કર્યા કરે તો પણ તેને ધર્મ થતો નથી. સમ્યગ્દર્શન વિના શ્રાવક ને મુનિપણું હોય નહિ.

અજ્ઞાની જ્ઞાનાવરણીયકર્મના ઉઘાડ અનુસાર કોઈ પદાર્થને જાણતો હોય તો પણ તેનું શ્રદ્ધાન ખોટું હોવાથી તેનું બધું જ્ઞાન મિથ્યા છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે. તેની જેને ખબર નથી તેને નવ પૂર્વનું જાણપણું હોય તો પણ મિથ્યાજ્ઞાન છે.

કોઈને સન્નિપાત થયો હોય તે કોઈ વાર સરખું બોલે ને કોઈ વાર તિરસ્કાર કરે તેમ અજ્ઞાની કોઈ વાર જાણપણું સાચું કરે ને કોઈ વાર યથાર્થ ન જાણે પણ અજ્ઞાનીને સાચી શ્રદ્ધા નથી તેથી તેનું જ્ઞાન સાચું નથી. નિશ્ચય નિર્ધાર વડે શ્રદ્ધાપૂર્વક તે જાણતો નથી.

૧) જેને છ દ્રવ્યોની અને નવ તત્ત્વોની ખબર નથી, તેને ત્રણે વિપરીતતા હોય છે. તેથી તેને મિથ્યાજ્ઞાન છે.

૨) કોઈ જીવ કોઈ પદાર્થને કદાચિત્ જાણે છે પણ યથાર્થ નિર્ધાર કરતો નથી ને યથાર્થ શ્રદ્ધા કરતો નથી તેથી તેનું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે.

૩) કોઈને સત્ય વાતનો ખ્યાલ આવે પણ તેને મોટપ લેવામાં ગોઠવી દે છે. મહાન આચાર્યની વાણી વાંચી ખ્યાલમાં આવી જાય પણ તે નિમિત્તે પોતાનું માન પોષે તો તેનું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે. આવો જીવ સત્ય જાણે છતાં પ્રયોજન વિપરીત સાધે છે. આચાર્યોના શાસ્ત્ર વાંચે ખરો પણ અયથાર્થ પ્રયોજન એટલે જગતના માનપૂજા માટેનું તથા સંપ્રદાય ચલાવવા માટેનું પ્રયોજન સાધે તેથી તેનું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે.

**અસદ્‌ગુરુને દૃઢ કરે, નિજ માનાર્થે મુખ્ય.**

કોઈકની વાત ચોરીને પોતાની કહે એ પ્રમાણે પોતાના માન માટે અથવા સંપ્રદાય ચલાવવા માટે જ્ઞાનના ઉઘાડનો ઉપયોગ કરે તો તેનું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે. સત્ય જાણે એનો અર્થ એમ છે કે તેના જ્ઞાનના ઉઘાડમાં આવ્યું છે કે આચાર્ય આમ કહેવા માગે છે. ઉપાદાન-નિમિત્ત સ્વતંત્ર કહેવા માગે છે. સ્વભાવ શુદ્ધ છે અને વિકાર અશુદ્ધ છે -તે વાત તેના ખ્યાલમાં આવે છે પણ માન પૂજા માટે તેનો ઉપયોગ કરે માટે તેનું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે.

છ દ્રવ્યો અને નવ તત્ત્વોને જે પૃથક્ પૃથક્ માનતો નથી તે તો મિથ્યાદષ્ટિ છે. પણ કોઈ ધારણા કરી એમ કહે કે નિમિત્ત અને ઉપાદાન સ્વતંત્ર જુદા કામ કરે છે, પણ યથાર્થ શ્રદ્ધામાં લેતો નથી તો તે મિથ્યાદષ્ટિ છે. ત્રીજો જીવ અયથાર્થ પ્રયોજન સાધે છે માટે મિથ્યાદષ્ટિ છે, કારણ કે પોતાની ખોટી પરંપરા ચલાવવાનો હેતુ છે. તેથી તેનું જ્ઞાન પણ સાચું નથી. એ પ્રમાણે મિથ્યાદષ્ટિના જ્ઞાનને મિથ્યાજ્ઞાન કહીએ છીએ. તે સંસારનું કારણ છે ને સમ્યગ્જ્ઞાન મુક્તિનું કારણ છે.

**પોષ સુદ ૪, શનિવાર, ૨૦-૧૨-૫૨.**

મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ કહે છે. અનાદિથી અજ્ઞાની જીવને આત્મા અને વિકાર તથા શરીર વચ્ચે ભેદજ્ઞાન નથી. જુદી જુદી વસ્તુના કાર્ય જુદા જુદા છે. જગતના પદાર્થોનો કર્તા કોઈ ઈશ્વરને માને તે મિથ્યાદષ્ટિ છે. તેમ આત્મા શરીરની ક્રિયા કરે એમ જે માને તે મિથ્યાદષ્ટિ છે. તેના જ્ઞાનમાં કારણવિપરીતતા, સ્વરૂપવિપરીતતા ને ભેદાભેદવિપરીતતા છે. સ્વતંત્ર વસ્તુ નહિ માનતાં બીજાને કારણ માને તે મિથ્યાદષ્ટિ છે. આત્માને લીધે શરીરમાં ફેરફાર માને તેને કારણ કે સ્વરૂપની ખબર નથી. ગુણની દશા પરથી માને છે તે સર્વથા ભેદ માને છે તે વિપરીતતા છે, તેનું જ્ઞાન મિથ્યા છે. કોઈ કાળમાં તે જીવ કોઈ પદાર્થને સત્ય જાણે તો પણ તેનું જ્ઞાન મિથ્યા છે. કેમ કે તેનો યથાર્થ નિર્ણય કરતો નથી. દારૂ પીધેલો માણસ કોઈ વાર સ્ત્રીને મા કહે ને માને સ્ત્રી કહે તેમ અજ્ઞાની જીવ કોઈ વાર જેમ તેમ કહે અથવા કોઈ વાર સત્ય કહે તો પણ નિર્ધાર નથી. પરપદાર્થની ક્રિયા આત્મા કરી શકતો નથી, મિથ્યાદષ્ટિથી કોઈ બોલની ધારણા કરે છતાં નિર્ધાર વિના તેનું જ્ઞાન યથાર્થ નથી.

વળી કોઈ વાર ધારણા સાચી કરે પણ આત્માનું પ્રયોજન સાધતો નથી. મારું સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ છે તેવું પ્રયોજન સાધતો નથી. માન ને કીર્તિ લેવા ઊંધા માર્ગને સાચો કહી પરંપરા ચલાવવી તે મિથ્યાજ્ઞાનીનું કાર્ય છે. છ દ્રવ્યો ને નવ તત્ત્વો સ્વતંત્ર છે તેની તેને ખબર નથી તેથી તે મિથ્યાદષ્ટિ છે.

શરીરાદિની ક્રિયા શરીરના કારણે ચાલે, વાણી વાણીના કારણે નીકળે ને આત્મા તેનો જાણનાર-



દેખનાર છે-એમ જે સ્વતંત્ર સમજતો નથી તે મિથ્યાદષ્ટિ છે. પોતાનું પ્રયોજન જ્ઞાન ને આનંદ છે. પુણ્ય-પાપની લાગણી દુઃખદાયક છે. જગતની આબરૂનું પ્રયોજન સાધે તે મિથ્યાદષ્ટિ છે. પરની દયા મારાથી પળે તેમ માનનાર મિથ્યાદષ્ટિ છે. તેને ધર્મ હોતો નથી, તેનું જ્ઞાન મિથ્યા છે.

**પ્રશ્ન** : એ મિથ્યાજ્ઞાનમાં નિમિત્તકારણ શું છે ? જીવ પોતે મિથ્યાજ્ઞાન કરે છે. પોતાના વાસ્તવિક જ્ઞાન વિના મિથ્યાજ્ઞાન કરે છે તેમાં કયું કર્મ નિમિત્ત છે ?

**સમાધાન** : આત્મા જ્ઞાનાનંદ છે તે ચૂકીને પરમાં લાભ માને છે તે મોહભાવમાં મોહકર્મ નિમિત્ત છે. કર્મ મોહ કરાવતું નથી પણ જીવ પોતે મોહ કરે તો કર્મને નિમિત્ત કહેવાય છે. આમ સમ્યગ્ભાવ થતો નથી એ જ મિથ્યાજ્ઞાનનું કારણ છે. સમ્યગ્જ્ઞાનમાં સમ્યક્‌ભાવ નિમિત્ત છે. મિથ્યાજ્ઞાનમાં મિથ્યાભાવ નિમિત્ત છે. ઝેરના સંયોગથી પદાર્થને ઝેર કહેવામાં આવે છે. દૂધપાકમાં ઝેર પડવાથી જેમ દૂધપાકને ઝેર કહેવાય છે તેમ ઊંધી માન્યતાથી તેનું જ્ઞાન મિથ્યા કહેવાય છે. જ્ઞાનનો ઉઘાડ જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી છે. પણ ઊંધી માન્યતાથી તેનું જ્ઞાન મિથ્યા નામ પામે છે.

**પ્રશ્ન** : ઊંધી શ્રદ્ધાપૂર્વક જે મિથ્યાજ્ઞાન થાય છે તેને જ્ઞાનાવરણીયનું નિમિત્ત કેમ કહેતા નથી?

**સમાધાન** : અહીં નિમિત્તની વ્યાખ્યા છે. પોતે જ્ઞાનની હીણી અવસ્થા કરે તો જ્ઞાનાવરણીયકર્મ નિમિત્ત કહેવાય પણ જ્ઞાનાવરણીયકર્મ જ્ઞાનને હીણું કરતું નથી. જ્ઞાનાવરણીયકર્મના ઉદય વખતે જ્ઞાનનો ઉઘાડ હોતો નથી તથા ક્ષયોપશમથી કિંચિત્ મતિ-શ્રુત-અવધિજ્ઞાનનો ઉઘાડ હોય છે. અજ્ઞાની જીવને જે કાંઈ જ્ઞાનનો ઉઘાડ હોય તે જ્ઞાન મિથ્યા નામને પામે છે. જો મિથ્યાજ્ઞાનને જ્ઞાનાવરણીયનું નિમિત્ત માનવામાં આવે તો સમ્યગ્દષ્ટિને કોઈ વાર એ પ્રકારના જ્ઞાનાવરણીયના ઉદયના કારણે કોઈ પરપદાર્થને જાણવામાં ભૂલ થઈ જાય તો તેનું જ્ઞાન મિથ્યા થઈ જાય ને મિથ્યાદષ્ટિને ક્ષયોપશમને કારણે ઉઘાડ હોય તો તેનું જ્ઞાન સમ્યક્ કહેવું પડે. જો જ્ઞાનાવરણીયના ક્ષયોપશમના કારણે જ્ઞાન સમ્યક્ કહેશો તો અજ્ઞાનીના જ્ઞાનને સમ્યક્ કહેવું પડશે ને જ્ઞાનીની ભૂલને મિથ્યાજ્ઞાન કહેવું પડશે -પણ એમ નથી. સમકિતીને આત્માનું ભાન છે તેથી તેનું જ્ઞાન સમ્યક્ છે.

વકીલો, વડાપ્રધાન વગેરેને જ્ઞાનાવરણીયનો ઘણો ક્ષયોપશમ છે. જો તેના કારણે સમ્યગ્જ્ઞાન કહેવાય તો તેને સમકિતી કહેવા પડશે ને સમકિતી દેડકાને ઉઘાડ ઓછો છે, તેને વકીલ જેટલું જ્ઞાન નથી તો તેને મિથ્યાદષ્ટિ કહેવા પડશે પણ તેમ નથી. જેને આત્માનું ભાન છે તે સમકિતી છે. માટે જ્ઞાનાવરણીય સમ્યગ્જ્ઞાન કે મિથ્યાજ્ઞાનમાં નિમિત્ત નથી.

જ્ઞાનાવરણીયનો વિશેષ ક્ષયોપશમ સમ્યગ્જ્ઞાનમાં નિમિત્ત નથી ને જ્ઞાનાવરણીયનો ઓછો ક્ષયોપશમ મિથ્યાજ્ઞાનમાં નિમિત્ત નથી. અજ્ઞાની અપ્રયોજનભૂત પદાર્થોનું જ્ઞાન કરે છે. તેને ભેદજ્ઞાન નથી તેથી તેનું જ્ઞાન મિથ્યા છે.

**પ્રશ્ન** : દોરડી પડી હોય તેને સર્પ છે એમ જાણે એવા અયથાર્થ જ્ઞાનમાં કયું કારણ નિમિત્ત છે ? જે નિમિત્તના કારણે દોરડીને સર્પ જાણે છે તે નિમિત્તકારણને જીવાદિ તત્ત્વોના અયથાર્થ જ્ઞાનનું કારણ કહો ને જે કારણથી દોરડીને દોરડી જાણે તે કારણને યથાર્થ જ્ઞાનનું કારણ કહો તો શું વાંધો ?

**ઉત્તર** : પ્રયોજનભૂત તત્ત્વને જાણવામાં દર્શનમોહનો અભાવ નિમિત્ત છે ને ખોટું જાણવામાં દર્શનમોહનો સદ્‌ભાવ નિમિત્ત છે એ વાત અહીં સિદ્ધ કરવી છે. જાણવામાં જેટલું અયથાર્થપણું છે તેટલું તો જ્ઞાનાવરણીયકર્મના ઉદયથી છે ને જેટલું લૌકિક કે પ્રયોજનભૂત પદાર્થનું જ્ઞાન છે તેમાં જ્ઞાનાવરણનો ક્ષયોપશમ નિમિત્ત છે. દોરડીને સર્પ જાણે તો જ્ઞાનાવરણીયનો ઉદય નિમિત્ત છે અને દોરડીને દોરડી જાણે તો જ્ઞાનાવરણીયનો તે જાતનો ક્ષયોપશમ છે પણ તે આત્માને લાભ કે નુકસાનકારક નથી. જ્ઞાનનો જેટલો ઉઘાડ જ્ઞાની કે અજ્ઞાનીને વર્તે છે તેમાં જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ નિમિત્ત છે. જીવાદિ પદાર્થોને યથાર્થ જાણવામાં જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ નિમિત્ત છે ને અયથાર્થ જાણવામાં જ્ઞાનાવરણીયકર્મનો ઉદય નિમિત્ત છે. આવી રીતે જીવાદિ તત્ત્વોને યથાર્થ જાણવાનો ઉઘાડ ન હોવો કે હોવામાં તો જ્ઞાનાવરણનું જ નિમિત્ત છે પણ મિથ્યાજ્ઞાન કે સમ્યક્‌જ્ઞાનમાં જ્ઞાનાવરણીય નિમિત્ત નથી. સમકિતીના ઉઘડેલા જ્ઞાનમાં કદાચિત્ અપ્રયોજનભૂત વાતમાં ભૂલ પડે પણ પ્રયોજનભૂત પદાર્થના જ્ઞાનમાં ભૂલ પડતી નથી તેથી તેના જ્ઞાનને મિથ્યા કહેતા નથી પણ સમ્યક્ કહેવાય છે.

જેમ કોઈ પુરુષને સુખ-દુઃખના કારણો જાણવારૂપ જ્ઞાનનો ઉઘાડ છે. પણ જેને અશાતાનો ઉદય હોય, તે પ્રતિકૂળ કારણોને જ વેદે અને જેને શાતાનો ઉદય હોય તે અનુકૂળ કારણોને જ વેદે.

એક પુરુષને છોકરાંઓ છે તથા પૈસાના સંયોગો પણ છે. આમ બન્ને સંયોગો છે. બન્નેને જાણવાનો ઉઘાડ છે પણ છોકરો ન માને ને પ્રતિકૂળ વર્તે તો પૈસા હોવા છતાં છોકરો ન માને તેના ઉપર લક્ષ જશે. અશાતાના ઉદયવાળાને પ્રતિકૂળ પદાર્થો ઉપર લક્ષ જશે પણ અનુકૂળ પદાર્થો ઉપર લક્ષ જશે નહિ. પૈસા પડ્યા છે તેના ઉપર લક્ષ જશે નહિ. માટે વેદવામાં નિમિત્ત શાતા કે અશાતાનો ઉદય છે. જાણવામાં કે ન જાણવામાં જ્ઞાનાવરણીયકર્મ નિમિત્ત છે. અત્યારે જ્ઞાનના ઉઘાડમાં સમ્યક્ કે મિથ્યાની વાત નથી. જ્ઞાનના ઉઘાડના કારણે શાતા ને અશાતાની ચીજોને જાણે છે. પણ જેને અશાતાનો ઉદય છે તે પ્રતિકૂળને વેદશે. રોગ ઉપર લક્ષ જશે ને પૈસા ઉપર લક્ષ જશે નહિ. સુખના કારણભૂત પદાર્થોને વેદે નહિ. જો તે સુખના કારણભૂત પદાર્થોને વેદે તો સુખી થાય પણ તેનાથી અશાતાના ઉદયથી એમ બની શકતું નથી. ને શાતાના ઉદય વખતે અનુકૂળતા ઉપર લક્ષ જશે ને રોગ ઉપર લક્ષ જશે નહિ. માટે સુખ-દુઃખના કારણભૂત પદાર્થોને વેદવામાં જ્ઞાનાવરણનું નિમિત્ત નથી પણ શાતા-અશાતાનો ઉદય જ કારણભૂત છે. જીવને પ્રયોજનભૂત ને અપ્રયોજનભૂત જાણવાની



શક્તિ છે. પણ જેને મિથ્યાત્વનો ઉદય હોય તેનું લક્ષ પ્રયોજનભૂત તત્ત્વો ઉપર જશે નહિ. ચિદાનંદ આત્માથી ધર્મ થાય છે, નવ તત્ત્વ જુદે જુદા છે વગેરે પ્રયોજનભૂત વાત ઉપર દૃષ્ટિ જશે નહિ. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર તથા કુદેવાદિને જાણવા તે પ્રયોજનભૂત છે ને તે જાણવાનો ઉઘાડ તો મિથ્યાદૃષ્ટિને છે પણ તેના ઉપર તેનું લક્ષ જશે નહિ. પોતાની ઊંધી રુચિ ને નિમિત્તરૂપે દર્શનમોહના કારણે અપ્રયોજનભૂત ઉપર તેનું લક્ષ જશે ને તેને જ જાણશે.

જેને આત્માનું ભાન છે તેનું લક્ષ પ્રયોજનભૂત તત્ત્વો ઉપર જશે. કદાચિત્ તેના કોઈ ઉઘાડમાં ભૂલ હોય તો પણ તેનું જ્ઞાન સમ્યક્ છે. અજ્ઞાનીને ઉઘાડ હોવા છતાં મિથ્યા રુચિના કારણે તેનું જ્ઞાન મિથ્યા છે.

કોઈ પૈસાવાળાને રસ્તામાં કોઈ દુશ્મન મળ્યો તે વખતે પૈસા તથા દુશ્મન બન્નેને જાણવાનો ઉઘાડ છે. છતાં અશાતાના ઉદયને લીધે દુશ્મન ઉપર લક્ષ જશે ને અશાતાને વેદશે. અજ્ઞાનીને પ્રયોજનભૂત ને અપ્રયોજનભૂત બન્ને પદાર્થોને જાણવાનો ઉઘાડ છે. છતાં મિથ્યા રુચિના કારણે પ્રયોજનભૂત તત્ત્વ ઉપર લક્ષ જશે નહિ ને અપ્રયોજનભૂત ઉપર લક્ષ જશે.

સિદ્ધ સમાન આત્માનો અંશે અનુભવ થવો તે ધર્મ છે. આનંદકંદ પ્રભુની નિર્વિકારી શાંતિને ધર્મ કહે છે. દ્રવ્યલિંગી સાધુ થયો છતાં તેને ધર્મ પ્રગટતો નથી કેમ કે તેનું લક્ષ અપ્રયોજનભૂત ઉપર જાય છે. મિથ્યા શ્રદ્ધાને લીધે અપ્રયોજનભૂત ઉપર તેનું લક્ષ જાય છે. દયા ને ભક્તિ વગેરે શુભભાવમાં એકાન્ત રોકાઈ જાય છે. પણ નવ તત્ત્વ પૃથક્ પૃથક્ છે -એમ પ્રયોજનભૂત વાત ઉપર તેનું લક્ષ જતું નથી.

જેને મિથ્યાત્વનો ઉદય છે એટલે કે જેની શ્રદ્ધા મિથ્યા છે તેનું લક્ષ -વ્રત કરું, દયા પાળું વગેરે વિકલ્પો ઉપર જાય છે. રાગની મંદતા કરવા ઉપર લક્ષ જાય છે. રાગની મંદતા કરવી તે અપ્રયોજનભૂત છે. પણ પ્રયોજનભૂત રાગરહિત ચિદાનંદ સ્વભાવને તે સાધતો નથી. માન પોષવામાં રોકાય છે. પણ જેટલી રાગાદિની વૃત્તિ ઊઠે છે તે બધો વિકાર છે. મારું તત્ત્વ અબંધ છે. તેવી વૃત્તિ કરવા નવરો થતો નથી. મારો દ્રવ્યસ્વભાવ જ્ઞાનસ્વરૂપ છે. તેમાં દ્રવ્યના અવલંબને સમ્યક્ પર્યાય પ્રગટે છે. તેવી પ્રયોજનભૂત વાતને તે પકડતો નથી. મિથ્યાદૃષ્ટિને પ્રયોજનભૂત ને અપ્રયોજનભૂત પદાર્થો બન્નેને જાણવાનો ઉઘાડ છે પણ પ્રયોજનભૂત તત્ત્વને જાણવામાં તેનું લક્ષ જશે નહિ. તે દર્શનમોહના કારણે છે. ઉઘાડ તો ઉઘાડ છે. પણ ઊંધી શ્રદ્ધાના કારણે તેનું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે.

જ્ઞાનીને પ્રયોજનભૂત-અપ્રયોજનભૂત તત્ત્વ બન્નેને જાણવાનો ઉઘાડ છે. છતાં મિથ્યાત્વના અભાવને લીધે પ્રયોજનભૂતને જાણવા ઉપર તેનું લક્ષ જશે ને સુખી થશે. અજ્ઞાની કદાચિત્ વ્યવહાર ધારણા કરે પણ અંતર્મુખ દૃષ્ટિ કરતો નથી. તેથી અપ્રયોજનભૂત હોય તેને જ તે જાણે છે. અંતર પરમાત્મામાંથી

વીતરાગતા પ્રગટે છે. શક્તિરૂપે પરમાત્મા છે. તેની પ્રતીતિ ને અનુભવ કરવાથી ધર્મ થાય છે. પોતાના તેવા પરમાત્માની રુચિ કરતો નથી તેથી તેના ઉઘાડને મિથ્યાજ્ઞાન કહે છે. જો તે જીવ, જીવ-અજીવ વગેરે નવ તત્ત્વોને સાચા જાણે ને દેવ-ગુરુ-શાસ્ત્રને યથાર્થ જાણે તો સમ્યગ્જ્ઞાન થઈ જાય, પણ ઊંધી શ્રદ્ધાના કારણે તથા નિમિત્તરૂપે દર્શનમોહના કારણે એમ બનતું નથી. વાસ્તવિક તત્ત્વ શું ? તેના ઉપર તેની રુચિ જતી નથી. શાસ્ત્રની વાતો કરે પણ પ્રયોજનભૂત વાત ઉપર લક્ષ કરે નહિ. માટે ત્યાં પ્રયોજનભૂત-અપ્રયોજનભૂત પદાર્થોને જાણવામાં જ્ઞાનાવરણનું નિમિત્ત નથી.

જ્ઞાનાવરણીયના ક્ષયોપશમના કારણે ઉઘાડ હોય છે. પણ તેને લીધે મિથ્યાજ્ઞાન કે સમ્યગ્જ્ઞાન નથી. પરંતુ પ્રયોજનભૂત પદાર્થોને ન જાણવા-જાણવા સાથે મિથ્યા કે સમ્યગ્જ્ઞાનનો સંબંધ જાણવો. પ્રયોજનભૂત પદાર્થો કોને કહેવા તે બાબત આ શાસ્ત્રના નીચેના પાનામાં સ્પષ્ટીકરણ છે.

પૃ. ૨૨૧ ''મોક્ષમાર્ગમાં દેવ-ગુરુ-જીવાદિ તત્ત્વ તથા બંધ, મોક્ષમાર્ગ પ્રયોજનભૂત છે. માટે તેની તો પરીક્ષા અવશ્ય કરવી. અને જે શાસ્ત્રોમાં તે સત્ય કહ્યા હોય તેની સર્વ આજ્ઞા માનવી. તથા જેમાં એ અન્યથા પ્રરૂપ્યા હોય તેની આજ્ઞા ન માનવી.''

પૃ. ૨૬૪ ''હેય-ઉપાદેય તત્ત્વોની પરીક્ષા કરવી યોગ્ય છે. ત્યાં જીવાદિ તત્ત્વોને પિછાણવાં, ત્યાગવાયોગ્ય મિથ્યાત્વ રાગાદિક તથા ગ્રહણ કરવાયોગ્ય સમ્યગ્દર્શનાદિકનું સ્વરૂપ પિછાણવું તથા નિમિત્ત-નૈમિત્તિકાદિકને જેમ છે તેમ પિછાણવાં ઇત્યાદિ જેને જાણવાથી મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ થાય તેને અવશ્ય જાણવા. તેની તો પરીક્ષા કરવી, સામાન્ય હેતુ-યુક્તિ વડે તેને જાણવા, પ્રમાણ-નયો વડે જાણવા''

એ પ્રમાણે પ્રયોજનભૂત તત્ત્વો કોને કહેવા તે કહ્યું.

## પોષ સુદ ૫, રવિવાર, ૨૧-૧૨-૫૨.

આત્મામાં મિથ્યાજ્ઞાન થાય છે તેનું નિમિત્તકારણ કોણ છે ? વિપરીત જ્ઞાનમાં જ્ઞાનાવરણીય નિમિત્ત કેમ કહેતા નથી ? મિથ્યાત્વ નિમિત્ત કેમ કહો છો ? તેનો ઉત્તર અપાણો કે જીવને ક્ષયોપશમ છે પણ ઊંધી માન્યતાને લીધે તત્ત્વનો નિર્ણય કરતો નથી, દેવ-ગુરુ આદિની પરીક્ષા કરતો નથી તેમાં મિથ્યાત્વ કારણ છે.

જીવને સંયોગો અનુકૂળ કે પ્રતિકૂળ મળે છે તેને જાણવાનો જ્ઞાનનો ઉઘાડ છે, પણ અશાતાના ઉદય વખતે અનુકૂળ સામગ્રી ઉપર લક્ષ જશે નહિ પણ પ્રતિકૂળ સામગ્રી ઉપર લક્ષ જશે. તેમ મિથ્યાદૃષ્ટિનું લક્ષ અપ્રયોજનભૂત પદાર્થ ઉપર જશે પણ પ્રયોજનભૂત તત્ત્વ ઉપર લક્ષ જશે નહિ. દુકાનો ચાલતી હોય, રૂપિયાની કમાણી હોય, રોગ હોય, દીકરાં-સ્ત્રી વગેરે હોય તે બધાનું જ્ઞાન



કરવાની સંજ્ઞી પંચેંદ્રિય જીવની તાકાત છે પણ અશાતાનો ઉદય હોય તો તેનું લક્ષ પ્રતિકૂળ ઉપર જશે. બીજી અનુકૂળતા પડી હોવા છતાં તેના ઉપર લક્ષ જશે નહિ. તેમ જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી મિથ્યાદૃષ્ટિ નવ પૂર્વ ભણ્યો છતાં પ્રયોજનભૂત તત્ત્વનું જ્ઞાન કર્યું નહિ તેનું શું કારણ ? તેની મિથ્યા રુચિને લીધે તે સાચી પરીક્ષા કરી શકશે નહિ. રાગ મંદ કરીને ઉઘાડ લઈને આવ્યો છે અથવા વર્તમાનમાં શુભરાગ કરીને ઉઘાડ થાય છે પણ મિથ્યા રુચિને લીધે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર તરફ રુચિ થશે નહિ, ખોટા દેવ-ગુરુ ઉપર લક્ષ જશે. ઊંધી રુચિને લીધે તેને ઊંધા કુતર્ક સૂઝશે.

પ્રયોજનભૂત તત્ત્વ વિષે પાને ૨૨૧માં કહ્યું છે કે :- ''મોક્ષમાર્ગમાં દેવ-ગુરુ-ધર્મ જીવાદિ તત્ત્વ તથા બંધ-મોક્ષમાર્ગ પ્રયોજનભૂત છે માટે તેની તો પરીક્ષા અવશ્ય કરવી અને જે શાસ્ત્રોમાં એ સત્ય કહ્યા હોય તેની સર્વ આજ્ઞા માનવી તથા જેમાં એ અન્યથા પ્રરૂપ્યા હોય તેની આજ્ઞા ન માનવી. જેમ લોકમાં જે પુરુષ પ્રયોજનભૂત કાર્યોમાં જૂઠ બોલતો નથી તે પ્રયોજન રહિત કાર્યમાં કેવી રીતે જૂઠ બોલશે ? તેમ જે શાસ્ત્રોમાં પ્રયોજનભૂત દેવાદિકનું સ્વરૂપ અન્યથા કહ્યું નથી તેમાં પ્રયોજન રહિત દ્વીપ સમુદ્રાદિકનું કથન અન્યથા કેવી રીતે હોય ? કારણ કે દેવાદિકનું કથન અન્યથા કરતાં તો વક્તાના વિષય કષાય પોષાય છે.'' સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો નિર્ણય કરે તો વિષય કષાય પોષાતા નથી. અજ્ઞાની જીવને ઉઘાડ હોવાં છતાં તે સાચા દેવાદિના સ્વરૂપનો નિર્ણય કરશે નહિ.

જરૂરના તત્ત્વોમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કેવો છે તે જાણવો જોઈએ. આત્મા વિકાર કરે તો કર્મને નિમિત્ત કહેવાય વગેરેનો નિર્ણય મિથ્યા રુચિને કારણે કરતો નથી. કેટલાક કહે છે કે નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો તથા દેવ-ગુરુ-શાસ્ત્રનો નિર્ણય કરવામાં મજા આવતી નથી, તો તેને મિથ્યાત્વની રુચિ છે. અજ્ઞાની યથાર્થ નિર્ણય કરતો નથી. દરેક પદાર્થ સ્વતંત્ર પરિણમન કરે છે એવી પ્રયોજનભૂત વાતનો ખ્યાલ નથી તેને ધર્મ થતો નથી.

અહીં એમ જાણવું કે જ્યાં એકેંદ્રિયાદિ જીવોને યથાર્થ જાણવાની શક્તિ નથી ત્યાં જ્ઞાનાવરણીયકર્મ નિમિત્ત છે ને મિથ્યા રુચિને લીધે મિથ્યાત્વનો ઉદય નિમિત્ત છે. આમ તેને મિથ્યાજ્ઞાનમાં બન્નેનું નિમિત્ત છે.

સંજ્ઞી પંચેંદ્રિય મનુષ્યાદિકને ઉઘાડ છે, વાસ્તવિક તત્ત્વને જાણવાનો ઉઘાડ છે પણ પ્રયોજનભૂત વાતને પકડતો નથી. જેમ કે : આત્મા જ્ઞાનાનંદ છે, રાગ વિકાર છે, સ્વભાવ વિકાર રહિત છે, અશુદ્ધતા પર્યાયમાં છે, ગુણની દૃષ્ટિ કરવાથી અશુદ્ધતા ટળે છે, ગુણ અશુદ્ધ નથી પણ શુદ્ધ છે, ને પર્યાય અશુદ્ધ છે માટે અશુદ્ધની દૃષ્ટિ છોડી શુદ્ધની દૃષ્ટિ કરવી તે પ્રયોજનભૂત છે. અજ્ઞાનીને ઉઘાડ હોવા છતાં તેનો નિર્ણય કરતો નથી. પર્યાયમાં અશુદ્ધતા છે તેમ જ્ઞાન કરી આત્મામાં શુદ્ધતા પ્રગટ કરવી તે પ્રયોજનભૂત છે પણ અજ્ઞાની તેમ કરતો નથી. ગુણદૃષ્ટિ કર્યા વિના એટલે કે અંતર્મુખ દૃષ્ટિ કર્યા વિના દોષ ટળે તેમ નથી માટે સ્વભાવદૃષ્ટિ કરવી. એમ પ્રયોજનભૂત એવી ગુણદૃષ્ટિ

કરીને જે સર્વજ્ઞ થયા તેને તથા જે સ્વરૂપને સાધી રહ્યા છે એવા મુનિઓને તથા તેમ કહેનારા અનેકાન્ત શાસ્ત્રને પ્રયોજનભૂત સમજવા જોઈએ.

પણ અજ્ઞાનીને તેનો ખ્યાલ આવતો નથી. જે દોષ ટાળવો છે તે દોષ ક્યાં છે ? શરીરમાં છે કે કર્મમાં છે ? ના, દ્રવ્ય-ગુણમાં દોષ છે ? ના, દોષ ગુણમાં હોય તો દોષ કદી ટળે નહિ. જે દોષ ટાળવા માગે છે તે દોષ પર્યાયમાં છે પણ પર્યાય સામું જોયે દોષ ટળશે નહિ. ગુણથી ભરેલાં દ્રવ્ય સામું જોઈને દોષ ટળે તેમ છે. આ રીતે અનંત જીવોએ સર્વજ્ઞપણું પ્રગટ કર્યું છે ને મુનિઓ સર્વજ્ઞપણાને સાધી રહ્યા છે તેનો નિર્ણય કરવો જોઈએ.

અજ્ઞાનીમાં અવગ્રહ, ઈહા, અવાય ને ધારણા કરવાની શક્તિ છે. તે નવા તર્ક પણ કરી શકે છે. તેને ઉઘાડ હોવા છતાં તે સાચા તત્ત્વનો નિર્ણય કરતો નથી. તેના મિથ્યાજ્ઞાનમાં મિથ્યાત્વ નિમિત્તરૂપે જાણવું. મુખ્ય કારણ જ્ઞાનાવરણીયકર્મ નહિ કહેતાં મિથ્યાજ્ઞાનનું કારણ દર્શનમોહજનિત ઊંધી શ્રદ્ધા જ છે.

અલૌકિક નિશ્ચયની વાત બહાર આવી ત્યારે કેટલાક લોકો એવા સ્વચ્છંદી થયા કે અમારો અશુભ-રાગનો પર્યાય ક્રમબદ્ધ થવાનો છે માટે થાય છે એમ માની સ્વચ્છંદને સેવે છે. સત્સમાગમનો વ્યવહારે પણ ઉત્સાહ રહ્યો નથી. સ્વભાવની દૃષ્ટિ કર્યા વિના રાગના ટાણે રાગ આવે છે એમ કહેનારો સ્વચ્છંદ સેવે છે. ક્રમબદ્ધપર્યાયના નિર્ણયવાળાને જ્ઞાનસ્વભાવ ઉપર દૃષ્ટિ છે, બીજા ઉપર દૃષ્ટિ નથી, પર્યાય ઉપર દૃષ્ટિ નથી. વળી કેટલાક ક્રમબદ્ધને એકાંત નિયત કહે છે તે પણ મિથ્યાદૃષ્ટિ છે.

વળી નિયમબદ્ધ અવસ્થાની વાત કરો ત્યારે કોઈ કહે કે ''અમોને સ્વાધ્યાયનો વિકલ્પ આવવા ટાણે આવશે'' એમ કહી ઊલટો દિગ્મૂઢ થાય છે, પોતાના સ્વચ્છંદને પોષવા માગે છે. વળી કોઈ કહે કે દેવ-ગુરુ-શાસ્ત્રનો નિર્ણય થવાનો હશે તો થશે તે પણ મૂઢ છે. અરે ! તારા આત્માનો નિર્ણય થયો હોય તો દેવ-ગુરુ-શાસ્ત્રનો નિર્ણય હોવો જોઈએ.

અનુભવપ્રકાશમાં કહ્યું છે કે : ''તારી હરામજાદીએ ભવ ઊભા કર્યા છે.'' ચૈતન્યતત્ત્વને નહિ ઓળખતા ઊંધે રસ્તે દોરાઈ ગયો છે. રાગ ટાણે રાગ આવશે એમ કહેનારનું લક્ષ ક્યાં છે ? અપેક્ષા કઈ છે ? તે યથાર્થ જાણવું જોઈએ. પ્રથમ વ્યવહારથી સ્વાધ્યાયનો ઉત્સાહ હતો તે ક્રમબદ્ધના બહાને સ્વચ્છંદ સેવતા તે ઉત્સાહ પણ ચાલ્યો ગયો.

વળી કોઈ કહે કે : ''સમયસાર બહુ ઊંચો ગ્રંથ છે માટે હાલ ન વાંચવો'' પણ તે ભૂલ છે. અજ્ઞાનીને પર્યાયમાં અશુદ્ધતા કેવા પ્રકારની છે તેની ખબર નથી. અશુદ્ધતાથી અશુદ્ધતા ટળશે એમ માને છે એને તત્ત્વની ખબર નથી. વળી ઉઘાડ હોય ને ગુણદૃષ્ટિ કરે તો ગુણી કેવી પર્યાયવાળા હોય, સર્વજ્ઞદેવ ને નિર્ગ્રંથ ગુરુ કેવા હોય તે તેના ખ્યાલમાં આવી જાય. પણ અજ્ઞાની



જીવ અપ્રયોજનભૂતમાં રોકાઈ જાય છે. બીજાને સમજાવવામાં રોકાઈ જાય છે. બીજા સમજે કે ન સમજે તે તેની પર્યાયને આધીન છે. દુનિયા સમજે કે ન સમજે તે ઉપર લક્ષ કરવાનું નથી કારણ કે તે અપ્રયોજનભૂત છે.

દેવ-ગુરુ-શાસ્ત્ર શું કહે છે તે જાણવું પ્રયોજનભૂત છે ને પર્યાયની અશુદ્ધતા ગુણદૃષ્ટિથી નાશ પામે છે એમ ખ્યાલમાં લેવું તે પ્રયોજનભૂત છે. પુસ્તક બનાવવા રોકાવું, બીજાને સમજાવવા રોકાવું, કાગળ લખવામાં રોકાવું તે બધું અપ્રયોજનભૂત છે.

ઈયળ વગેરેને આત્માનો નિર્ણય કરવાનો ઉઘાડ નથી. સંજ્ઞી પંચેંદ્રિય જીવને ઉઘાડ હોવા છતાં જે સાચો નિર્ણય કરવા રોકાતા નથી તેને મિથ્યાજ્ઞાનમાં મિથ્યા રુચિ નિમિત્ત છે. મલિનભાવની પ્રતીતિથી મલિનભાવ ટળતો નથી, નિર્મળ પ્રભુના આશ્રયે મલિનભાવ ટળે છે. આવો નિર્ણય કરતો નથી, પણ બીજી અપ્રયોજનભૂત વાતમાં રોકાઈ જાય છે.

એક જીવને ઝવેરીની એક દુકાન છે ને બીજી દાણાની દુકાન છે. દાણાની દુકાને ખૂબ ધ્યાન રાખવા જતાં ઝવેરાતની દુકાનમાં ખોટ આવવા લાગી, તે ઝવેરાતની ખોટ દાણાની દુકાનથી પૂરી થાય તેમ નથી. તેમ અજ્ઞાની વ્યવહાર ક્રિયાકાંડમાં ખૂબ ખ્યાલ કરે છે પણ પ્રયોજનભૂત તત્ત્વનો ખ્યાલ કરતો નથી તેથી તેને ખોટ આવે છે, એટલે મિથ્યાજ્ઞાન થાય છે. અને ધર્મી જીવ આત્માના તત્ત્વનો નિર્ણય કરવામાં પુરુષાર્થ કરે છે. મિથ્યાદૃષ્ટિ તેનો નિર્ણય કરવાની મહેનત કરતો નથી, વિકાર અને સ્વભાવની વચ્ચેનું ભેદજ્ઞાન કરતો નથી, તેનું કારણ તેનો મિથ્યાભાવ છે. જ્ઞાનાવરણીય તેમાં કારણ નથી. શરીર કે કર્મ લાભ કે નુકસાન કરતા નથી. દયા-દાનાદિના ભાવ મલિન છે. તેને ટાળવાનો ઉપાય ગુણદૃષ્ટિ અથવા સ્વભાવદૃષ્ટિ છે -તે નિર્ણય અજ્ઞાની કરતો નથી. શાસ્ત્ર વાંચ્યા પણ મિથ્યા રુચિને લીધે પુણ્ય-પાપના પરિણામમાં રોકાઈ ગયો પણ પુણ્ય-પાપ રહિત આત્માનો નિર્ણય કે જે આત્માની ઝવેરાતના લાભનો છે તે નિર્ણય કરવા રોકાતો નથી.

શુદ્ધ આત્મા જ્ઞાનાનંદ છે તેને અજ્ઞાની સાંભળતો નથી. મિથ્યા રુચિના કારણે અવળો નિર્ણય કરે છે માટે તેના મિથ્યાજ્ઞાનમાં મિથ્યા રુચિ નિમિત્ત છે.

**પ્રશ્ન** : જો જ્ઞાન થયા પછી શ્રદ્ધાન થાય છે તો પહેલાં મિથ્યાજ્ઞાન કહો અને પછી મિથ્યાદર્શન કહો.

**ઉત્તર** : છે તો એ જ પ્રમાણે, કારણ કે જાણ્યા વિના શ્રદ્ધાન થાય નહિ. પરંતુ જ્ઞાનમાં મિથ્યા સંજ્ઞા મિથ્યાદર્શનના નિમિત્તથી ને સમ્યક્ સંજ્ઞા સમ્યગ્દર્શનના નિમિત્તથી થાય છે.

આત્માનું ઉઘડેલું જ્ઞાન આત્મા તરફ વળે તો તે જ્ઞાન સમ્યક્ કહેવાય છે ને પરથી મને નુકસાન છે. વિકારથી મને લાભ થાય એવું જે જ્ઞાન પર તરફ વળેલું છે તે જ્ઞાન મિથ્યા છે. મિથ્યાશ્રદ્ધાના

કારણે મિથ્યાજ્ઞાન કહેવાય છે ને સમ્યગ્દર્શનના કારણે સમ્યક્જ્ઞાન કહેવાય.

જ્ઞાની વિચારે છે કે અહો ! અમો આત્મા છીએ. જેવા અશરીરી સિદ્ધ છે તેવા અમો છીએ. પર્યાયમાં દોષ છે પણ તે ક્ષણિક છે ને આત્મા જ્ઞાનસ્વભાવી નિર્દોષ છે એવું ભાન કરી જ્ઞાન પામે. સ્વભાવ, શરીર ને વિકાર વચ્ચેના ભેદજ્ઞાનની જેને ખબર નથી તે મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાની ને અજ્ઞાની બન્ને સોનાને સોનું કહે, હીરાને હીરો કહે, જુવાર-બાજરાની પરીક્ષા કરે તેથી કાંઈ અજ્ઞાની સમ્યક્જ્ઞાની થઈ જતો નથી. સંસારનું જ્ઞાન મિથ્યાદૃષ્ટિ પણ કરે પણ તે જ્ઞાન સમ્યક્ નથી. વળી અજ્ઞાની સોનાને સોનું કહે તો પણ તેનું જ્ઞાન મિથ્યા છે કેમ કે ''સોનું મારું છે તેને હું લઈ શકું છું અને તેનાથી મને લાભ છે એમ તે માને છે.'' આથી તેનું જ્ઞાન મિથ્યા છે, તે જડ પદાર્થો સ્વતંત્ર છે તેની તેને ખબર નથી, તેથી તેનું જ્ઞાન મિથ્યા છે. ને જ્ઞાનીને ખબર છે કે હીરો જડ છે, હીરાની ક્રિયા હીરાથી થાય છે મારાથી થતી નથી. મને જરા રાગ થાય છે તે દોષ છે, સ્વભાવમાં દોષ નથી. આમ નિર્દોષ સ્વભાવનું જ્ઞાન હોવાથી તેનું જ્ઞાન સમ્યક્ છે. ઊંધી માન્યતાને કારણે મિથ્યાજ્ઞાનીનું સાંસારિક જ્ઞાન મિથ્યા રહિત નથી, ને સમકિતી લડાઈમાં હોય તે વખતે પણ તેને આત્માનું ભાન છે. લડાઈની ક્રિયા જડની છે, જરા દ્વેષ થયો છે પણ સ્વભાવમાં દ્વેષ નથી -એમ આત્માનું ભાન હોવાથી તેનું જ્ઞાન સમ્યક્ છે.

એ જ પ્રમાણે મિથ્યાજ્ઞાનનું કારણ મિથ્યાદર્શન ને સમ્યગ્જ્ઞાનનું કારણ સમ્યક્દર્શન જાણવું.

તેથી જ્યાં સામાન્યપણે જ્ઞાન-શ્રદ્ધાનનું નિરુપણ હોય ત્યાં જ્ઞાન કારણભૂત છે. સામાન્ય રીતે જાણ્યા વિના શ્રદ્ધા ન થાય એ અપેક્ષાએ જ્ઞાન કારણ છે. માટે તેને પહેલાં કહેવું ને શ્રદ્ધા કાર્ય છે માટે તેને પાછળ કહેવું. પણ જ્યાં મિથ્યાદર્શન ને મિથ્યાજ્ઞાનને સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાનનું નિરુપણ હોય ત્યાં શ્રદ્ધાન કારણભૂત છે -માટે શ્રદ્ધાને પહેલાં કહેવી ને જ્ઞાન કાર્યભૂત હોવાથી તેને પાછળ કહેવું.

કોઈ સમકિતીને સંસારનું જ્ઞાન ઓછું હોય પણ આત્માનું જ્ઞાન છે તેથી તેનું જ્ઞાન સમ્યક્ છે, પર્યાયમાં દોષ છે તે ટાળવાનો ઉપાય અંતર્મુખ દૃષ્ટિ છે, તેને નહિ માનતાં બહારનો ઉપાય માનવો તે મિથ્યાજ્ઞાન છે.

સર્વજ્ઞદેવે કહેલો આત્મા જ્ઞાનાનંદ મૂર્તિ છે. જે વિકાર થાય છે તે બંધન છે તેવું જ્ઞાન નથી તેવા અજ્ઞાનીના બધા ભણતરને અજ્ઞાન કહેવામાં આવે છે.

**પ્રશ્ન** : આત્માને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન એક સાથે હોય છે, આગળ પાછળ હોતા નથી તો પછી તેમાં કારણ-કાર્ય કેવી રીતે કહો છો ?

**ઉત્તર** : દીવો ને પ્રકાશ સાથે છે છતાં દીવો કારણ ને પ્રકાશ કાર્ય છે. આત્મા જ્ઞાનાનંદ છે,



શરીર-કર્મ અજીવ છે, સમ્યગ્દર્શન દીવો છે ને સમ્યગ્જ્ઞાન પ્રકાશ છે, એક જ સમયે છે, સાચી પ્રતીતિ થતાં જ્ઞાન ખીલે છે. પુણ્ય-પાપ દુઃખદાયક છે, આત્મા સુખદાયક છે, તેમ સમ્યગ્દર્શન થતાં સમ્યગ્જ્ઞાન થાય છે, યુગપત્ હોવા છતાં કારણ-કાર્ય સંભવે છે.

## પોષ સુદ ૬, સોમવાર, ૨૨-૧૨-૫૨.

**પ્રશ્ન** : મિથ્યાદર્શન ને મિથ્યાજ્ઞાન એક સાથે છે ને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન એક સાથે છે. મિથ્યાદર્શન કારણ ને મિથ્યાજ્ઞાન કાર્ય છે. આમ જ્ઞાન-શ્રદ્ધાન તો યુગપત્ છે તો તેમાં કારણ-કાર્યપણું કેવી રીતે સંભવે ?

**ઉત્તર** : સમ્યગ્દર્શન હોય તો સમ્યગ્જ્ઞાન હોય જ ને મિથ્યાદર્શન હોય ત્યાં મિથ્યાજ્ઞાન હોય, એ અપેક્ષાએ કાર્ય-કારણપણું હોય છે. દીપક ને પ્રકાશ એક સાથે છે. દીપક હોય ને પ્રકાશ ન હોય એમ બને નહિ, બન્ને યુગપત્ છે. તેથી દીવો કારણ ને પ્રકાશ કાર્ય છે તે દૃષ્ટાંત છે. તેમ મિથ્યાશ્રદ્ધા છે ત્યાં મિથ્યાજ્ઞાન છે. તેથી મિથ્યાશ્રદ્ધા કારણ છે ને મિથ્યાજ્ઞાન કાર્ય છે ને સમ્યક્શ્રદ્ધા છે ત્યાં સમ્યક્જ્ઞાન છે માટે સમ્યગ્દર્શન કારણ ને સમ્યગ્જ્ઞાન કાર્ય છે. આ પ્રમાણે કારણ-કાર્ય સમજવું.

**પ્રશ્ન** : જો મિથ્યાદર્શન કારણ ને મિથ્યાજ્ઞાન કાર્ય છે ને મિથ્યાદર્શનના કારણે મિથ્યાજ્ઞાન છે તો મિથ્યાદર્શનને જ સંસારનું કારણ કહેવું જોઈએ પણ અહીં મિથ્યાજ્ઞાન જુદું શા માટે કહો છો? ભોજનમાં ઝેર ભળેલું હોય તેમાં ઝેરને ઝેર કહો પણ બધા ભોજનને ઝેર શા માટે કહો છો?

**ઉત્તર** : જ્ઞાન ઊઘડ્યું એ અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિ વા સમ્યગ્દૃષ્ટિના જ્ઞાનમાં કાંઈ ભેદ નથી. બન્નેનું ક્ષયોપશમજ્ઞાન સ્વભાવનો અંશ છે તે અંશ કેવળજ્ઞાનનું કારણ છે. એ જ્ઞાન કેવળજ્ઞાનમાં જઈ મળે છે. અભવીને ઊઘડેલું જ્ઞાન પણ સ્વભાવનો અંશ છે. પાને ૨૯મે કહ્યું છે કે ''એ કર્મોના ક્ષયોપશમથી જેટલો જ્ઞાન, દર્શન અને વીર્યસ્વભાવ પ્રગટ વર્તે છે તે જીવના જ સ્વભાવનો અંશ છે પણ કર્મોદયજન્ય ઔપાધિકભાવ નથી.''

પાને ૩૫૯માં કહ્યું છે કે ''જ્ઞાનગુણની શુદ્ધતા વડે જ્ઞાનગુણ નિર્મળ થાય તથા ચારિત્રગુણની શુદ્ધતા વડે ચારિત્રગુણ નિર્મળ થાય અને તે કેવળજ્ઞાનનો તથા યથાખ્યાત ચારિત્રનો અંશ છે.''

મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન પણ કેવળજ્ઞાનનો અંશ છે. એ જ્ઞાન કેવળજ્ઞાનમાં જઈ મળે છે, જેમ નદી સમુદ્રમાં જઈ મળે છે. એમાં કાંઈ દોષ નથી. પરંતુ છદ્મસ્થના જ્ઞાનનો ઉઘાડ એક જ્ઞેયમાં જ લાગે. એક જ્ઞેય એટલે પરજ્ઞેય એક જ હોય એમ નથી પણ પરમાં લાગે કાં સ્વમાં લાગે. મિથ્યાદર્શનના કારણે ઉઘાડરૂપ જ્ઞાન અપ્રયોજનભૂતમાં લાગે, પણ પ્રયોજનભૂત તત્ત્વ, દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરેના નિર્ણયમાં ન લાગે. મારા પરિણામ શું ? ગુણ શું ? કેવા પરિણામના ધરનાર દેવ-ગુરુ હોય ? કયા પરિણામને ધર્મ ને કયા પરિણામને અધર્મ કહે છે -એ પ્રયોજનભૂત વાત ઉપર ઊંધી રુચિના

કારણે લક્ષ જતું નથી. મિથ્યાજ્ઞાનમાં મિથ્યાત્વ નિમિત્ત છે પણ જ્ઞાનના ઉપાદાનનો દોષ એ છે કે તે જ્ઞાન પ્રયોજનભૂત વિષયોનો નિર્ણય કરતું નથી. માટે તે જ્ઞાનને મિથ્યાજ્ઞાન કહેવામાં આવે છે. તેથી મિથ્યાજ્ઞાન સંસારનું કારણ છે. એક ગુણની પર્યાયને બીજા ગુણની પર્યાય ઉપાદાનકારણ ન હોય પણ નિમિત્તકારણ હોય. જ્ઞાન પોતાના કારણે સ્વ તરફ વળે તેમાં જ્ઞાનપર્યાય ઉપાદાનકારણ છે ને સમ્યગ્દર્શનપર્યાય જ્ઞાનને નિમિત્તકારણ છે. તેવી રીતે જ્ઞાન પોતાના કારણે પર તરફ વળે તે મિથ્યાજ્ઞાનનું ઉપાદાનકારણ પોતે છે ને મિથ્યાદર્શનપર્યાય મિથ્યાજ્ઞાનને નિમિત્ત છે.

મિથ્યાજ્ઞાન પરજ્ઞેયને વિષય કરે છે માટે તેને બંધનો માર્ગ કહ્યો છે. જેમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગમાં જ્ઞાનને મોક્ષમાર્ગનું કારણ કહ્યું તેમ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રમાં મિથ્યાજ્ઞાન પણ બંધનું કારણ છે. અપેક્ષા બરાબર સમજવી જોઈએ. મિથ્યાજ્ઞાનમાં મિથ્યાદર્શન નિમિત્ત છે ને તેના નિમિત્તે જ્ઞાન પરમાં અટક્યું ને પ્રયોજનભૂત તત્ત્વને જ્ઞાને પકડ્યું નહિ તે જ્ઞાનનો દોષ છે તેથી તેને બંધનું કારણ કહેલ છે.

મિથ્યાદર્શનના નિમિત્તે જ્ઞાન પરજ્ઞેયોમાં લાગે, સંસારના કાર્યોમાં લાગે પણ નવ તત્ત્વ કે જે પ્રયોજનભૂત છે તેમાં જે જ્ઞાન વળતું નથી તે જ્ઞાનનો દોષ છે. જ્ઞાનનો પોતાનો દોષ ન હોય તો મિથ્યાદર્શનનું નિમિત્તપણું પણ બને નહિ. જીવ શુદ્ધ છે તેનો નિર્ણય કરવા નવરો થતો નથી ને બીજા કાર્યોમાં જ્ઞાન રોકે તે જ્ઞાનનો દોષ છે. સંસ્કૃત, વ્યાકરણ વગેરે ભણવામાં રોકાય પણ વાસ્તવિક તત્ત્વનું જ્ઞાન કરતો નથી તેને જ મિથ્યાજ્ઞાન કહેલ છે.

જીવાદિ પ્રયોજનભૂત નવ તત્ત્વો, દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરેના સ્વરૂપમાં યથાર્થ શ્રદ્ધા ન કરે તે શ્રદ્ધાનો દોષ છે માટે તેને મિથ્યાદર્શન કહ્યું છે. એ પ્રમાણે લક્ષણભેદથી મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન જુદા કહ્યા છે -એ પ્રમાણે મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ કહ્યું.

વળી મિથ્યાજ્ઞાનીને તત્ત્વજ્ઞાનનો અભાવ છે માટે અભાવની અપેક્ષાએ મિથ્યાજ્ઞાનને અજ્ઞાન કહીએ છીએ તથા પોતાનું પ્રયોજન સાધતું નથી તેથી તેને કુજ્ઞાન કહીએ છીએ.

૧) જ્ઞાન સ્વનો વિષય ન કરે ને પ્રયોજનભૂતનું જ્ઞાન ન કરે માટે તેને મિથ્યાજ્ઞાન કહે છે.

૨) તત્ત્વજ્ઞાનનો અભાવ હોવાથી તેને અજ્ઞાન કહે છે.

૩) હું શાંત છું, વિકાર દુઃખદાયક છે, પોતાના આશ્રયે શાંતિ છે -એમ પોતાનું પ્રયોજન સાધી કલ્યાણ ન સાધે તેથી તેને કુજ્ઞાન કહે છે.

**હવે મિથ્યાચારિત્રનું સ્વરૂપ કહે છે.**

ચારિત્રમોહના ઉદયથી એટલે કે તેમાં જોડાવાથી જે કષાય થાય છે તેનું નામ મિથ્યાચારિત્ર છે.



જેટલો પુણ્ય-પાપનો ભાવ થાય તે મિથ્યાચારિત્ર છે તે દુઃખનું કારણ છે. પુણ્ય-પાપ રહિત આત્મા છે તેની શ્રદ્ધા કરી લીનતા કરે તો સુખી થાય પણ ખોટી શ્રદ્ધા કરી રાગ-દ્વેષ કરે છે ને પોતાની સ્વભાવરૂપ પ્રવૃત્તિ કરતો નથી પણ અમો રાગથી સુખી છીએ, પુણ્યથી સુખી છીએ એવી જૂઠી પરભાવરૂપ પ્રવૃત્તિ કરવા ઈચ્છે એટલે કે શુભાશુભ પરિણામ સુખના કારણ છે એમ પ્રવૃત્તિ કરવા ઈચ્છે પણ તેમ બને નહિ તેથી તેનું નામ મિથ્યાચારિત્ર છે એ જ અહીં કહીએ છીએ.

આત્માનો સ્વભાવ જાણવું-દેખવું છે પણ કેવળ દેખવા-જાણવાવાળો રહેતો નથી પણ જે જે પદાર્થોને દેખે-જાણે તે પદાર્થો જ્ઞેય હોવાં છતાં તેને ઈષ્ટ-અનિષ્ટ માને છે તેથી રાગ-દ્વેષ થાય છે. મિથ્યાદર્શન સહિતના ઊંધા ચારિત્રની વાત છે, તે બંધનું કારણ છે. આ શરીર અનુકૂળ રહે તો ઠીક, પૈસા-મકાન વગેરે સરખા રહે તો ઠીક વગેરે પ્રકારે માને છે પણ તે તો જગતની ચીજો છે, તે આત્માને આધીન નથી. નિરોગતા હોય તો ધર્મ થાય એમ માને તે ભ્રાંતિ છે. શરીરને રોગ આવતા આત્માને રોગ આવતો નથી. અજ્ઞાની જીવ કોઈના સદ્‌ભાવને ઈચ્છે છે ને કોઈના અભાવને ઈચ્છે છે. આ ગાય ખરાબ આવી ગઈ છે. આ પ્રતિકૂળ સંયોગો આવેલ છે તેનો અભાવ ઈચ્છે છે. અનુકૂળ પરપદાર્થોનો સદ્‌ભાવ ઈચ્છે છે. જેમ કે હું જીવું ત્યાં સુધી આટલા પૈસા રહે તો ઠીક, જીવતા સુધી આબરૂ રહે તો સારું એમ માને છે. ક્ષયના રોગે મરું તો સારું કારણ કે તેમાં બહુ મૂંઝવણ થતી નથી એમ માને છે. જડની પર્યાય જીવને આધીન નથી છતાં અમુક પ્રકારની શરીરના પર્યાયને ઈચ્છે છે તે જીવ મૂઢ છે. મફતનો રાગ કરે છે, કોલેરામાં બહુ પીડા થાય, ઝાડા-ઊલટી થાય તેવો રોગ અજ્ઞાની ઈચ્છતો નથી પણ તેનો અભાવ ઈચ્છે છે. શરીર તો પર છે માટે આત્મામાં વિચાર કર. જે જે અવસ્થા શરીરની હોય તેને જાણવા-દેખવાનો આત્માનો સ્વભાવ છે પણ આવી અવસ્થા હોય તો ઠીક ને આ હોય તો ઠીક નહિ એમ માની અજ્ઞાની રાગ-દ્વેષ કર્યા કરે છે. માંદગી વખતે અમુક પદાર્થોનો સદ્‌ભાવ ઈચ્છે, માવજત કરનારા સારા હોય તો ઠીક. સગવડતાનો સદ્‌ભાવ ને અગવડતાનો અભાવ ઈચ્છે છે પણ પોતે જ્ઞાતા-દૃષ્ટા છે તેનું ભાન કરતો નથી. વળી કોઈ જીવ કહે કે વીંછીં કરતા સર્પના કરડથી મૃત્યુ થાય તો ઠીક કેમ કે સર્પના કરડમાં બહુ દુઃખ નથી. શરીર ઠીક હોય તો આત્માનું ધ્યાન કરી શકું એમ માનવું તે બધો અજ્ઞાનભાવ છે.

અજ્ઞાની બાહ્ય સંયોગોને ઈચ્છે છે ને તેને રાખવા માગે છે. આંખો સરખી હોય તો ભગવાનના દર્શન થાય, તેમ પરપદાર્થની ભાવના ભાવે છે. અનુકૂળતાનો સદ્‌ભાવ ને પ્રતિકૂળતાનો અભાવ ઈચ્છે છે પણ કોઈનો સદ્‌ભાવ કે અભાવ આ જીવનો કર્યો થતો જ નથી. કેમ કે કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યનું કર્તા છે જ નહિ માત્ર આ જીવ વ્યર્થ કષાયભાવ કરી વ્યાકુળ થાય છે.

જેમ કે મારી હયાતીમાં વેપાર ધંધો વગેરે બધું સરખું ચાલે ને ''બાંધી મૂઠી લાખની'' રહે તો ઠીક એમ માને છે. પોતાના ભાવ અનુસાર પરમાં બનતું નથી. પરપદાર્થો રહે કે ન રહે તે આત્માને આધીન નથી. વળી કોઈ કહે કે દીકરાં નથી તો ઠીક છે. વળી કોઈ દીકરાં હોય તો ઠીક એમ માને છે પણ પરવસ્તુનો સદ્ભાવ કે અભાવ ઈચ્છવો તે મિથ્યા કષાય છે, અજ્ઞાનભાવ છે. કદાચિત્ કોઈ પદાર્થ ઈચ્છા અનુસાર પરિણમે તો તે પદાર્થ આત્માની ઈચ્છાના કારણે પરિણમતો નથી. બાઈઓ કહે કે હું ચુંદડી ઓઢીને જાઉં તો ઠીક એમ અજ્ઞાનભાવ કરે છે પણ કદાચિત્ એમ થાય તો તેના કારણે થાય છે પણ જીવની ઈચ્છાને લીધે થયું એમ નથી.

ચાલતા ગાડાને બાળક ધકેલી એમ માને કે ''હું આ ગાડાને ચલાવું છું'' એ પ્રમાણે અસત્ય માને છે. જો એ ગાડું તેનું ચલાવ્યું ચાલે છે તો જ્યારે તે ચાલતું ન હોય ત્યારે તે કેમ ચલાવી શકતો નથી ? તેમ વસ્તુ તો તેના કારણે ચાલે છે પણ અજ્ઞાની માને કે ''મારી ઈચ્છાથી આ વસ્તુ ચાલે છે.''

દીકરો પોતાના પરિણામ અનુસાર કરે છે, બાપના પરિણામ અનુસાર પરિણમતો નથી. જગતના પદાર્થો પોતાના કારણે પરિણમે છે છતાં તે મારી ઈચ્છાથી ચાલે છે એમ અજ્ઞાની માને છે. પદાર્થો અનંતા છે ને આત્મા એક છે. અનંતા પદાર્થો પોતપોતાની અવસ્થારૂપ પરિણમે છે. છતાં કોઈ વાર જીવની ઈચ્છા અનુસાર પરિણમે ત્યારે માને છે કે પોતાથી પરપદાર્થો પરિણમે છે એમ માનવું તે ભ્રાંતિ છે. આ પ્રમાણે અજ્ઞાની જીવ અસત્ય માને છે. માટે રાગદ્વેષ મિથ્યા છે.

જ્ઞાનીને નબળાઈના કારણે રાગદ્વેષ થાય છે પણ પરપદાર્થને પરિણમાવવાની તેને ઈચ્છા નથી. અજ્ઞાની જીવ પરપદાર્થોને પરિણમાવવા ઈચ્છે છે તેથી તેનું ચારિત્ર મિથ્યા છે.

## પોષ સુદ ૭, મંગળવાર, ૨૩-૧૨-૫૨.

મિથ્યાદર્શન-જ્ઞાનનું સ્વરૂપ આવી ગયું. અનાદિકાળથી મિથ્યાદર્શન સહિત ખોટું આચરણ કરે છે તેની વાત કરે છે. આત્માનો તો જાણવાનો સ્વભાવ છે. પણ અજ્ઞાની પરપદાર્થોને ઈષ્ટ અનિષ્ટ માની રાગ-દ્વેષ કરે છે. પણ અનુકૂળ પદાર્થોનો સદ્ભાવ ને પ્રતિકૂળ પદાર્થોનો અભાવ રાગદ્વેષને આધીન નથી. માટે રાગદ્વેષને નિરર્થક કહ્યા છે.

છોકરો ચાલતાં ગાડાને હાથ અડાડીને માને કે હું આ ગાડાને ચલાવું છું. તેમ જગતના અનંતા દ્રવ્યો ગાડા સમાન છે. તેનું પરિણમન તે દ્રવ્યને લીધે છે. છતાં શરીર, લક્ષ્મી, કુટુંબ, દેશ વગેરેની વ્યવસ્થા અજ્ઞાની પોતાને આધીન માને છે ને રાગદ્વેષ કરે છે. જ્ઞાનીને પરને લીધે રાગદ્વેષ થતાં નથી પણ પોતાની નબળાઈને લીધે થાય છે. રાગદ્વેષ કરવો કે ટાળવો એ સ્વભાવમાં નથી એમ તે માને છે. તેમ જ પરપદાર્થો તેના કારણે રહેવા હોય તો રહે એમ તે માને છે.



અજ્ઞાની જીવ પરને ફેરવવા માગે છે. અજ્ઞાનીનો રાગ પરમાં નિરર્થક છે. માટે તેને મિથ્યાચારિત્ર છે. દુશ્મનને હેરાન કરું, અગવડતા હોય તેને દૂર કરું વગેરે પ્રકારે માની દ્વેષ કરે છે, પણ તે નિરર્થક છે. ને દ્વેષને લીધે પરમાં કાંઈ થતું નથી. શિષ્યને સમજાવી દઉં વગેરે માન્યતા ખોટી છે. કોઈ જીવને સમજાણ થવી કે ન થવી તે તે જીવને આધીન છે. વળી દવા, હવા, પાણી આદિ જીવની ઈચ્છાનુસાર મળતા નથી.

કદાચિત્ તે સંયોગો મળે તો તેવા જોગાનુજોગ બનતા થાય છે. ''કાગડાનું બેસવું ને ડાળનું પડવું''. તેની જેમ અજ્ઞાનીને ઈચ્છાનું થવું ને પદાર્થોનું મળવું કોઈ વાર બની જાય છે. ઈચ્છા થઈ ને દવા આવી ને રોગ મટ્યો એ જોગાનુજોગ છે. ઈચ્છા કરી ને મકાન મળી ગયું છતાં મૂઢ માને કે મારી ઈચ્છાને લીધે રોગ મટ્યો, મકાન મળ્યું વગેરે તે બધું મિથ્યાચારિત્ર છે.

**પ્રશ્ન** : પ્રત્યક્ષને ખોટું કેમ મનાય ?

**સમાધાન** : તે પદાર્થો તેના કારણે પ્રત્યક્ષ પરિણમે છે. પેસાબ, ઝાડાની ક્રિયા તેના કારણે થાય છે. એવો રોગ થાય છે કે પેસાબ ને ઝાડો મુશ્કેલીથી નીકળે છતાં ઈચ્છાથી થયું માને છે. જીવની ઈચ્છા ઘણી હોય છતાં પરમાં કાંઈ બનતું નથી. પોતે જ્ઞાતા સ્વભાવને ચૂકીને નિરર્થક કષાય કરે છે.

દીકરાંને અમુક કામ કરવાનું કહે છતાં માને નહિ. પોતાની ઈચ્છા મુજબ પરનું પરિણમન થતું નથી પણ અજ્ઞાનીને શ્રદ્ધા બેસતી નથી. વાસ્તવિક વસ્તુનો જેવો સ્વભાવ છે તે તેને બેસતો નથી. બીજા પદાર્થની હયાતી રાખવી કે તેનો અભાવ કરવો તે આત્માને આધીન નથી. આત્માના રાગદ્વેષ મુજબ શરીરનું પરિણમન થતું નથી. તો પછી કષાયભાવ કરવાથી શો ફાયદો ? કાંઈ વળે તેમ નથી છતાં પોતે રાગદ્વેષ કરી દુઃખી થાય છે.

''જાનમાં કોઈ જાણે નહિ ને વરની ફોઈ હું''ની જેમ વિવાહમાં, કારજમાં, મકાન વગેરેના કામમાં, પોતાનું કાંઈ ચાલતું ન હોય છતાં ડાહ્યો થાય છે. પોતાને ગણે નહિ છતાં સલાહ આપ્યા કરે પણ કોઈ ન માને ત્યારે પોતે જ દુઃખી થાય છે. અજ્ઞાનીને સ્વભાવની સૂઝ પડતી નથી. જેમ પાણીને વલોવવાથી માખણ ન નીકળે તેમ પરની દયા પાળું વગેરે ભાવ કરે તે પાણી વલોવવા બરાબર છે. પરમાં રાગદ્વેષ કાર્યકારી નથી.

જ્ઞાનીને નબળાઈને લીધે રાગદ્વેષ થાય છે. પણ પરના કાર્યો કરવા માટે થતાં નથી. અજ્ઞાની પરપદાર્થોને ઈષ્ટ-અનિષ્ટ માની રાગદ્વેષ કરે છે. આ મારા અંગત માણસ છે. આ મારાથી વિરુદ્ધ માણસો છે એમ રાગ કરી અનુકૂળને રાખવા માગે છે ને દ્વેષ કરી પ્રતિકૂળ ટાળવા માગે છે. પરવસ્તુને ઈષ્ટ-અનિષ્ટ માનવી મિથ્યા છે. તેં આવી મારું બધું બગાડ્યું, તારા આવવાથી મારું

માન જાય છે અને અમારી મોટપ રહેતી નથી -એમ નિરર્થક રાગદ્વેષ કરે છે. પણ તે પદાર્થો તેના કારણે આવે-જાય છે -એમ અજ્ઞાની માનતો નથી. વેષધારી સાધુ થઈને પણ એકબીજાની ઈર્ષામાં બળતા હોય. આ મોટો થઈ ગયો અને તેને ઘણા શિષ્યો થઈ ગયા એમ રાગદ્વેષ કરી હેરાન થાય છે.

આ જગતમાં ભગવાન પણ આત્મા માટે ખરેખર ઈષ્ટ નથી. પણ ભગવાન પરમેષ્ઠી કહેવાય છે ને ? સમાધાન : શુભરાગ આવે છે ને લક્ષ જાય છે માટે તેમ કહેવાય છે. પણ નિશ્ચયથી તેઓ તેમના પરમેષ્ઠી છે. આ આત્મા માટે પરમેષ્ઠી નથી. પોતાનો સ્વભાવ ઈષ્ટ છે ને વિકાર અનિષ્ટ છે ને ખરેખર તો વિકાર પણ જ્ઞેય છે -આમ સમજવું જોઈએ. પદાર્થોને ઈષ્ટ-અનિષ્ટ માનવાથી રાગદ્વેષ થાય છે. માટે ઈષ્ટ-અનિષ્ટપણું માનવું મિથ્યા છે. કારણ કે કોઈ પદાર્થ ઈષ્ટ-અનિષ્ટરૂપ છે નહિ. તે કેવી રીતે તે અહીં કહીએ છીએ.

જે પોતાને સુખદાયક ને ઉપકારી હોય તેને ઈષ્ટ કહે છે ને દુઃખમાં નિમિત્ત હોય તેને અનિષ્ટ કહે છે. કેવળજ્ઞાની ભગવાન પોતાની પર્યાયના કર્તા છે. શત્રુનો આત્મા તેની પોતાની પર્યાયનો કર્તા છે. આમ બધા પદાર્થો પોતપોતાના કર્તા છે. કોઈ કોઈને ઉપકારક નથી, તેમ જ સુખદુઃખ આપનાર નથી. સાધક જીવને આત્માનું ભાન તો છે જ પણ જ્યારે શુભરાગ આવે છે ત્યારે ભગવાન ઉપર ઉપકારીનો આરોપ આપે છે. અનારોપ પોતાના જ્ઞાનસ્વભાવમાં પર્યાય વળી છે ને બાકી શુભરાગ રહેલ છે ત્યારે આરોપ આપે છે. જ્ઞાની જાણે છે કે કોઈ રાગને લાવવો નથી, ઘટાડવો નથી કે ટાળવો નથી, માત્ર રાગને તે જાણે છે. આમ જ્ઞાનસ્વભાવ પ્રગટ થયા વિના બીજાને ઉપકારી માનવા યથાર્થ નથી. પોતે જ્ઞાયકસ્વભાવને નિર્વિકલ્પપણે જાણવા પહેલાં પણ શુભરાગ વખતે એમ નક્કી કર્યું હતું કે ચિદાનંદ સૂર્ય પોતે છે તેમાં ઠરવાનું તે પોતાનું કાર્ય છે. એમ પ્રથમ વિકલ્પ હતો પછી પુરુષાર્થપૂર્વક સ્વભાવમાં શ્રદ્ધા-લીનતા કરે તો પૂર્વના શુભરાગને નિમિત્ત કહેવાય છે ને તેના નિમિત્તે દેવ-ગુરુનો ઉપકાર માન્યો કહેવાય છે.

ગુરુ શિષ્ય ઉપર ઉપકાર કરે તે કથનમાં નિમિત્તનું જ્ઞાન કરાવે છે. જ્ઞાન થતી વખતે કયું નિમિત્ત હતું, સુખદુઃખમાં કયું નિમિત્ત હતું વગેરેનું જ્ઞાન કરાવે છે. એક સમયનો સંસારરૂપી ઔદયિકભાવ અને જ્ઞાયક પરમ સ્વભાવભાવ-બન્ને કદી પણ તન્મય થયા નથી. સ્વભાવ તે સ્વભાવ છે ને વિકાર તે વિકાર છે. સ્વભાવમાં વિકારનો અભાવ છે. સ્વભાવનું ભાન થતાં જ્ઞાની સંસારનો કર્તા નથી પણ સંસારનો જ્ઞાતા છે. વળી દયા-દાનાદિ સંસારભાવનો જ્ઞાતા છે એમ કહેવું તે પણ ઉપચારથી છે. ત્યાં રાગ થાય છે માટે જ્ઞાન થાય છે એમ નથી. રાગ સાથે જ્ઞાનનું તન્મયપણું નથી. જ્ઞાનનું જ્ઞાતા સાથે તન્મયપણું છે. આમ પોતાનો જ્ઞાનસ્વભાવ ઉપકારી છે એવો નિર્ણય કરે તો ગુરુના ઉપકારને સાચો વ્યવહાર કહેવાય છે.



અજ્ઞાની રાગને સાધન ઠરાવે છે તે ભૂલ છે. સ્વભાવમાં જ્ઞાતા-દૃષ્ટા નામનો ગુણ છે ને સાધન નામનો ગુણ છે. ને સ્વભાવ સાથે તન્મય છે તે સાધન છે. કોઈ પદાર્થ બીજા કોઈને ઉપકારક નથી. તત્ત્વાર્થસૂત્રમાં ઉપકારક પદાર્થો બતાવ્યા છે તે નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે. વળી કુદેવ, કુગુરુને આત્માના પ્રત્યક્ષ ઘાતક માન્યા વિના આત્માનું કલ્યાણ થાય તેમ નથી. એ લખાણનો પરમાર્થ સમજવો જોઈએ. પોતાના સ્વભાવના ઘાતકની ઊંધી માન્યતા કરે તો કુદેવાદિને નિમિત્તરૂપે કહેવાય છે.

વળી વ્યવહારશાસ્ત્રમાં કથન આવે છે કે જેના નિમિત્તે જ્ઞાન થયું હોય તેના ઉપકારને ઓળવે તો તે જીવ મહા પાતકી છે. એનો અર્થ એમ છે કે પોતાના સ્વભાવને ઓળખતાં કયું નિમિત્ત હતું તેનું જ્ઞાન કરાવે છે. ને પોતાનું બહુમાન આવતા નિમિત્તનું બહુમાન આવ્યા વિના રહેતું નથી. પણ ખરેખર પરનો ઉપકાર માને તો પણ મિથ્યાદૃષ્ટિ છે. માટે અપેક્ષા સમજવી જોઈએ. સ્વ-પરપ્રકાશક જ્ઞાન પ્રગટતા તે વખતે કેવા પ્રકારનો શુભરાગ હોય છે ને જ્ઞાનમાં કેવું નિમિત્ત હતું તે જાણીને તેના પ્રત્યે વ્યવહાર ઉપકારનો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. સમ્યગ્જ્ઞાન થવા વખતે આ ગુરુ, આ વાણી, આ પુસ્તક નિમિત્ત હતા એમ યથાર્થ જાણે છે. તે ચીજો ઉપકારી છે માટે નહિ પણ શુભરાગના કાળે શુભરાગ આવે છે, નિમિત્તને લીધે શુભરાગ આવતો નથી પણ તે વ્યવહાર વિવેક છે ને તે સાર્થક છે.

આચાર્ય નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી પણ પોતાના ગુરુના બહુમાન કરે છે કે ''આપના ચરણ કમળના પ્રસાદથી હું સંસારને તરી ગયો''. અહીં કહે છે કે પરનો ઉપકાર માનવો તે મિથ્યા છે. બે કથનનો મેળ કેવી રીતે કરવો ? સમાધાન :- નિશ્ચયથી સ્વભાવનો ઉપકાર છે ને રાગ વખતે ગુરુનો ઉપકાર આવ્યા વિના રહેતો નથી ને તેમ વ્યવહારે ઉપકાર ન માને તો મિથ્યાદૃષ્ટિ થાય છે ને આ લખાણ મુજબ પરનો ઉપકાર ખરેખર એટલે નિશ્ચયથી માની લ્યે તો પણ મિથ્યાદૃષ્ટિ છે. માટે અપેક્ષા સમજવી જોઈએ.

પોતાનો દીકરો સારું સારું બોલે તો અજ્ઞાની મિઠાસ વેદે ને દુશ્મન દેખતા દ્વેષ કરે ને તેને જોવા માગે નહિ. અજ્ઞાની તેને દુઃખદાયક માની દુઃખી થાય છે. પોતાના પરિણામમાં અનુકૂળ માની સુખદાયક માને છે અને પ્રતિકૂળ માની દુઃખદાયક માને છે.

ચીજો ઈષ્ટ-અનિષ્ટ નથી. છતાં એક ચીજ એકને ઈષ્ટ લાગે ને તે ચીજ બીજાને અનિષ્ટ લાગે તે ચીજોમાં પ્રમેય થવાની નિમિત્તતા છે. તે ચીજોમાં ઈષ્ટ-અનિષ્ટમાં નિમિત્તપણે થવાની પણ લાયકાત નથી. કેવળજ્ઞાન થતાં લોકાલોકમાં જ્ઞેય થવાનું નિમિત્તપણું છે. પરપદાર્થમાં સુખ-દુઃખના નિમિત્તપણે થવાની લાયકાત નથી પણ પોતે પરમાં ઈષ્ટ કલ્પે તો સુખના નિમિત્તનો અને અનિષ્ટ કલ્પે તો દુઃખના નિમિત્તનો આરોપ આવે છે. અજ્ઞાની પદાર્થોને જ ઈષ્ટ-અનિષ્ટ માની બેઠો છે.

સર્વજ્ઞની વાણી ને સમયસારની વાત લ્યો.

કેટલાકને લાગે છે કે સમયસાર અત્યારે વંચાય નહિ. કોઈ પંડિતોને લાગે કે આ સમયસારનું સ્પષ્ટીકરણ નીકળવાથી અમારી આબરૂ ઉપર પાણી ફરે છે -એમ માને છે. શાસ્ત્ર તો જ્ઞાનનુ જ્ઞેય છે. અજ્ઞાની અનિષ્ટ માની તેમાં દ્વેષ કરે છે. વળી બીજો અજ્ઞાની સમયસારથી જ જ્ઞાન થશે એમ માની તેને ઈષ્ટ માની રાગ કરે છે. બન્ને ભૂલમાં છે.

વળી કોઈ કહે કે સમયસાર તમો વાંચો છો માટે તેમાં પ્રિયતા છે. પણ ખરેખર તેમાં પ્રિયતા નથી. પોતાની જ્ઞાનપર્યાયની લાયકાત મુજબ સામે જ્ઞેયો ઉપસ્થિત હોય છે. સ્વભાવ ઉપાદેય છે અને રાગ હેય છે એ અમુક ભૂમિકા સુધી છે. પરમાર્થે તો બધું જ્ઞેય છે પણ રાગ ટળી જાય છે માટે તેને હેય કહ્યો છે.

ગરીબ માણસને જાડી પછેડી આપો તો સારી લાગે ને શ્રીમંત માણસને તે જ પછેડી ગમશે નહિ. ગરીબ માણસને પૈસા તથા સ્ત્રી મળે તો ઈષ્ટ લાગે પૈસાવાળાને તેની કિંમત ન હોય. અજ્ઞાની કલ્પનાના કાળે કલ્પના કર્યા કરે છે. ઘરમાં મિષ્ટાન કર્યું હોય પણ તે વખતે કોઈને ઉલટી થાય તો તે કહે કે અત્યારે મારે મિષ્ટાન ખાવાનો મોખ નથી. જે મિષ્ટાન ઈષ્ટ લાગતું તે હવે અનિષ્ટ લાગવા માંડ્યું. ભૂંડને વિષ્ટા સારી લાગે ને મનુષ્યને વિષ્ટા ખરાબ લાગે. ખાતી વખતે દીકરો સાથે ખાવા બેસે તો સારું લાગે ને તે વખતે તે પાયખાનું કરે તો ખરાબ લાગે. વસ્તુ તો એની એ છે, તે તો જ્ઞાનના જ્ઞેય છે પણ અજ્ઞાની ઈષ્ટ-અનિષ્ટ માની મિથ્યાભાવ કરે છે.

કોઈને વરસાદ સારો લાગે. ખેડૂતને છેલ્લો વરસાદ અમૃત સમાન લાગે ને મહા માસમાં વરસાદ આવે તે વખતે અનાજ ખેતરમાં તૈયાર પડ્યું હોય ત્યારે અનિષ્ટ લાગે. નદીમાં પાણી આવે તો ગામના માણસને ઠીક લાગે ને જંગલના પ્રાણીઓ સર્પ વગેરે ડૂબી જતાં તેને ખરાબ લાગે. વળી વરસાદમાં માલ ભીંજાઈ જાય તો ખેડૂત કે વેપારી દ્વેષ કરે છે. તે બધાને જાણવાનો પોતાનો સ્વભાવ છે ને તે પદાર્થો સ્વયં તેના કાળે પરિણમે છે -એમ અજ્ઞાની માનતો નથી. એકનો એક દીકરો ધાર્યા પ્રમાણે કામ કરે તો સારો લાગે ને પોતાથી પ્રતિકૂળ વર્તે તો ખરાબ લાગે. અજ્ઞાની કલ્પના કરે છે. વસ્તુમાં વહાલાપણું કે ખરાબપણું રજીસ્ટર કરેલ નથી. માટે અજ્ઞાનીની કલ્પના ખોટી છે.

વળી કોઈ એક જીવને પણ કોઈ કાળમાં એક પદાર્થ ઈષ્ટ લાગે ને તે જ પદાર્થ બીજા કાળમાં અનિષ્ટ લાગે. શિયાળામાં ગરમ કપડું સારું લાગે ને ઉનાળામાં ખરાબ લાગે. શિયાળામાં ગરમ પાણી સારું લાગે ને ઉનાળામાં તે જ ખરાબ લાગે. ચીજો તો એની એ જ છે. વળી આ જીવ જેને મુખ્યપણે ઈષ્ટરૂપ માને છે તે પણ અનિષ્ટ થતું જોવામાં આવે છે. શરીર વહાલું લાગે પણ રોગ આવતા અનિષ્ટ લાગે, વિષયભોગ વખતે શરીર સારું લાગતું તે જ શરીરમાં ઈયળો પડી હોય



તે વખતે તે જ શરીર ખરાબ લાગે છે. જે પદાર્થ ઈષ્ટ લાગતો તે જ પદાર્થ પ્રતિકૂળતા વખતે અનિષ્ટ લાગે છે. પદાર્થ ઈષ્ટ-અનિષ્ટ નથી પણ પોતે રાગદ્વેષ કરી કલ્પના કરે છે પરંતુ તે વ્યર્થ છે.

પરપદાર્થો તેના કારણે પરિણમે છે. પોતે જ્ઞાતા-દૃષ્ટા રહેવું ને અધૂરી દશામાં પોતાની નબળાઈને કારણે રાગ આવે તેને પણ જાણવો -એમ સાચી સમજણ કરવી તે સુખી થવાનો ઉપાય છે.

## પોષ સુદ ૯, ગુરુવાર, ૨૫-૧૨-૫૨.

આત્મા સિવાય પરપદાર્થો જ્ઞાનના જ્ઞેય છે. કોઈ પર ચીજ ઈષ્ટ-અનિષ્ટ નથી છતાં તેને ઈષ્ટ-અનિષ્ટ માની રાગદ્વેષ કરવા નિરર્થક છે. માટે અજ્ઞાનથી રાગદ્વેષ થાય છે તે મિથ્યાચારિત્ર છે.

મુખ્યપણે શરીરને ઈષ્ટ માન્યું છે તેને રોગ વખતે અનિષ્ટ માને છે. અપમાન થતાં જીવવું ગોઠતું નથી. કુટુંબમાં, રાજ્યમાં અપમાન થાય ત્યારે શરીર છૂટી જાય તો સારું એમ માને છે. આમ અજ્ઞાની કલ્પના કરી રાગદ્વેષ કરે છે.

વળી મુખ્યપણે આ જીવ જેને અનિષ્ટ માને છે તે પણ ઈષ્ટ થતું જોવામાં આવે છે. સામાન્ય રીતે ગાળ અનિષ્ટ લાગે છે પણ લગ્નમાં સાસરા પક્ષના માણસો ફટાણાં બોલે તો સારું લાગે છે.

આમ અજ્ઞાની પરપદાર્થોમાં ઈષ્ટ-અનિષ્ટની કલ્પના કરે છે. જ્ઞાની પદાર્થોમાં ઈષ્ટ-અનિષ્ટપણું માનતો નથી પણ પોતાની નબળાઈથી રાગ થાય છે તેને જાણે છે. અજ્ઞાની તો ઈષ્ટ-અનિષ્ટની કલ્પના કરી રાગદ્વેષ કરે છે તેથી તેનું ચારિત્ર મિથ્યા છે. શરીરને ઈષ્ટ માન્યું હોવા છતાં રોગ લાંબો વખત ચાલે ત્યારે માને કે હવે દેહમાં રહેવા જેવું નથી કારણ કે આ વેદના સહી ન જાય તેવી છે. આમ મિથ્યા માન્યતાથી અનિષ્ટ કલ્પે છે ને સાસરામાં અનિષ્ટ ગાળને ઈષ્ટ માને છે.

વળી શરીર સારું હોય તો ધર્મ થાય એમ માની તેને ઈષ્ટ માને છે. જો પદાર્થમાં ઈષ્ટ-અનિષ્ટપણું હોય તો જે પદાર્થ ઈષ્ટ હોય તે બધાને ઈષ્ટ લાગવો જોઈએ. વહાલો દીકરો બાપને ઈષ્ટ લાગે પણ તે પોતાથી પ્રતિકૂળ વર્તે તો અનિષ્ટ લાગે. જે મકાન પચાસ હજારનું હતું તે પચીસ હજારમાં મળતા ઈષ્ટ લાગે ને તે જ મકાનમાં ભૂતની શંકા પડતા તે અનિષ્ટ લાગવા માંડ્યું -આમ કલ્પના કરે છે. પદાર્થ અનિષ્ટ હોય તો તે બધાને અનિષ્ટ લાગવો જોઈએ, પણ તેમ બનતું નથી. કોઈ શિષ્ય દીક્ષા લ્યે ત્યારે સાધુને સારો લાગે ને પાછળથી પ્રતિકૂળ વર્તે તો તે અનિષ્ટ લાગે. આ રીતે જીવ પોતે જ કલ્પના કરી પદાર્થોને ઈષ્ટ-અનિષ્ટ માને છે પણ તે કલ્પના જૂઠી છે.

વળી તે પદાર્થો સુખદાયક ઉપકારી વા દુઃખદાયક અનુપકારી થાય છે. તે કાંઈ પોતાની મેળે થતાં નથી પણ પૂર્વના પુણ્ય-પાપ અનુસાર થાય છે. અનુકૂળ પદાર્થો મળવા તે પુણ્યને આધીન

છે. એટલે કે તે પદાર્થોની અવસ્થા તો તેના કારણે થાય છે પણ પુણ્યકર્મ તેમાં નિમિત્ત છે ને પ્રતિકૂળ પદાર્થો મળવામાં પાપકર્મ નિમિત્ત છે. પૂર્વે શાતાવેદનીયકર્મ બાંધ્યું હોય તો નોકર, મકાન વગેરે સુખદાયક ઉપકારી થાય છે ને અશાતાવેદનીયકર્મ બાંધ્યું હોય તેને દીકરા, દીકરી ને નોકરો પ્રતિકૂળ એટલે કે દુઃખદાયક થાય છે. શેઠને નોકર સારો મળ્યો હોય તો પ્રીતિ કરે ને જુદો થઈને સામે દુકાન માંડે તો તેને દુઃખદાયક ને અનુપકારી માને છે. તને અત્યાર સુધી બધું શીખવ્યું ને હવે મારી સામે દુકાન માંડી -આમ દ્વેષ કર્યા કરે છે પણ પૂર્વ કર્મ અનુસાર થાય છે -એમ જોતો નથી. ને જેમ કૂતરો લાકડી પ્રત્યે દ્વેષ કરે છે પણ મારનારની સામે જોતો નથી તેમ અજ્ઞાની પર જીવો પ્રત્યે રાગદ્વેષ કરે છે પણ પોતાના પૂર્વ કર્મ અનુસાર સંયોગો મળે છે તેમ જોતો નથી.

જે સ્ત્રી-પુત્ર વહાલાં લાગતા તે પ્રતિકૂળ નીવડે ત્યારે ખેદખિન્ન થાય છે, તેની માન્યતા મિથ્યા છે. વ્યાપાર કરતાં કોઈને નફો થાય છે તે પુણ્યના ઉદયે થાય છે, ડહાપણને લીધે નફો થતો નથી ને પાપના ઉદયે નુકસાન થાય છે ને આવેલી ચીજ ચાલી જાય છે. જીવનો પ્રયત્ન પરમાં કામ આવતો નથી. છતાં અજ્ઞાની પરપદાર્થોને ઈષ્ટ-અનિષ્ટ માન્યા કરે છે. પૂર્વ કર્મોને માનતો નથી ને હું જ્ઞાતા છું એવી શ્રદ્ધા કરતો નથી. વસ્તુ ઈષ્ટ-અનિષ્ટ માની રાગદ્વેષ થાય છે તે મિથ્યાચારિત્ર છે ને પોતાની અસ્થિરતાના કારણે રાગદ્વેષ થાય છે તે ચારિત્રનો દોષ છે.

વળી પાપના ઉદયે સ્ત્રી-પુત્ર અહિતકારી થાય છે ને પુણ્યના ઉદયે શત્રુ પણ મિત્ર બની જાય, રાવણ જેવો મોટો માણસ લક્ષ્મણ પાસે દીન થઈ ગયો.

અહીં સ્પષ્ટ વાત લખી છે કે પૈસા આદિ સંયોગો વેદનીયના નિમિત્તે મળે છે ને જે સુખ-દુઃખની કલ્પના કરે છે તે માન્યતામાં દર્શનમોહનીય નિમિત્ત છે ને તે પ્રકારના રાગદ્વેષમાં ચારિત્ર-મોહનીય નિમિત્ત છે. તેથી સમજાય છે કે પદાર્થો પોતે ઈષ્ટ-અનિષ્ટરૂપ નથી પણ કર્મના ઉદય અનુસાર તે વર્તે છે.

જેમ કોઈનો નોકર પોતાના સ્વામીની ઈચ્છાનુસાર કોઈ પુરુષને ઈષ્ટ-અનિષ્ટ ઉપજાવે. જેમ કોઈ રાજા પાસે બીજા રાજાનો નોકર જઈને વિરુદ્ધ બોલે ને ઈષ્ટ-અનિષ્ટ ઉપજાવે તો તે નોકરનું ઉપજાવેલું નથી. સિંહાસનને લાત મારવાનું નોકરને કહે તો તે નોકરનું કર્તવ્ય નથી પણ તેના સ્વામીનું કર્તવ્ય છે. જ્ઞાનીને રાગદ્વેષ થાય છે પણ પરને લીધે રાગદ્વેષ માનતાં નથી ને રાગદ્વેષથી લાભ માનતાં નથી, તેમને રાગ મર્યાદિત થાય છે.

અહીં કહ્યું કે એક રાજ્યનો નોકર બીજા રાજ્યનું અપમાન કરે તેને મારવો તે રાજ્યનીતિ નથી કેમ કે તે અપમાન નોકરનું કર્તવ્ય નથી પણ તેના ધણીનું કહેલું કહે છે. છતાં એ પુરુષ તે નોકરને ઈષ્ટ-અનિષ્ટરૂપ માને તો એ જૂઠ છે. તેમ કર્મના ઉદય અનુસાર જીવને પદાર્થો મળે છે તે ઈષ્ટ-અનિષ્ટ ઉપજાવતાં નથી પણ ઈષ્ટ-અનિષ્ટ કલ્પનામાં બાહ્ય નિમિત્ત છે. ત્યાં એ કાંઈ પદાર્થોનું



કાર્ય નથી પણ કર્મનું કાર્ય છે એટલે કે તેમાં કર્મ નિમિત્ત છે. છતાં આ જીવ પદાર્થોને ઈષ્ટ-અનિષ્ટ માને તે જૂઠ છે. માટે નક્કી થાય છે કે પદાર્થોને ઈષ્ટ-અનિષ્ટ માની રાગદ્વેષ કરવા તે મિથ્યાચારિત્ર છે.

સમકિતી લડાઈ કરવા જાય ને માણસોનો સંહાર થતો દેખાય છતાં પદાર્થોને લીધે રાગદ્વેષ માનતો નથી. અલ્પ રાગદ્વેષ થાય છે તેને જાણે છે કે તે મારું સ્વરૂપ નથી. હું જ્ઞાતા છું. પણ અજ્ઞાની પરને લીધે રાગદ્વેષ થયા માને છે. શરીર અનુકૂળ હોય તો ધર્મ થાય -એમ માની શરીરને ઈષ્ટ માને અને શરીરમાં રોગ આવે તો વ્રત ને સામાયિક ન થાય એમ માની રોગી શરીરને અનિષ્ટ માને, તેને વસ્તુની ખબર નથી. શરીર નીરોગી થાય ત્યાં તેને ધર્મનું સાધન માને માટે તે મિથ્યાચારિત્ર છે. આવી માન્યતાવાળો મુનિ થાય તો પણ મિથ્યાદષ્ટિ છે.

**પ્રશ્ન** : બાહ્ય વસ્તુ પ્રત્યે રાગદ્વેષ ન કરવો કેમ કે બાહ્ય પદાર્થો કર્મના નિમિત્તે મળે છે તો કર્મો પ્રત્યે તો રાગદ્વેષ કરવો ને ?

**સમાધાન** : કર્મ જડ છે, તેને કાંઈ સુખ-દુઃખ આપવાની ઈચ્છા નથી. રસ્તામાં બોરડીના કાંટા ભરાઈ જતાં એક જાણે આખી બોરડી કાપી નાખી. એક સત્તાપ્રિય માણસને કૂતરો ભસવા માંડ્યો ત્યાં તેણે કૂતરાને મારી નાખ્યો. આમ અજ્ઞાની જીવો પદાર્થો પ્રત્યે રાગદ્વેષ કર્યા કરે છે. વળી કોઈ કહે છે કે ક્યા ભવના કર્મ ઉદયમાં આવ્યા; આટલા બધા દુઃખ સહન કરવા પડે છે -એમ માની કર્મ પ્રત્યે દ્વેષ કરે છે. પરંતુ કર્મ તેની મેળે પરિણમતા નથી, જીવના રાગદ્વેષ તેમાં નિમિત્ત છે. કર્મનો તેમાં દોષ નથી. જેમ કોઈ માણસ મોટો પથ્થર લઈ પોતાનું માથું ફોડે તો પથ્થરનો શો દોષ ? તેમ આ જીવ પોતે રાગદ્વેષ કરે છે તે જ પોતાનો દોષ છે ને તેનું નિમિત્ત પામીને કર્મ પરિણમે છે. એક બીજાને પરાધીન નથી. કર્મ પોતાના કારણે પરિણમે છે ત્યારે રાગ-દ્વેષ નિમિત્ત હોય છે. જીવ રાગદ્વેષ કરે છે તો કર્મ બંધાય છે એમ અહીં કહેલું છે. વેપારી ખરાબ માલ આપે તેમાં વેપારી ખરાબ ભાવ કરે તે તેનો દોષ છે. ગ્રાહકને ખરાબ માલ મળે તેમાં ગ્રાહકના તે પ્રકારના કર્મનું નિમિત્ત છે. આમ જીવ પોતે રાગદ્વેષ કરી કર્મ બાંધે છે ને પોતાનું જ બૂરું કરે છે, તેમાં કર્મનો દોષ નથી. માટે એ કર્મોથી પણ રાગદ્વેષ કરવા મિથ્યા છે.

એ પ્રમાણે પરદ્રવ્યોને ઈષ્ટ-અનિષ્ટ માની રાગદ્વેષ કરવા મિથ્યા છે.

જો પરદ્રવ્ય ઈષ્ટ-અનિષ્ટ હોત ને જીવ રાગદ્વેષ કરતો હોત તો મિથ્યા નામ ન પામત પણ તે પદાર્થો અનુકૂળ-પ્રતિકૂળ નથી. આ જીવ તેને ઈષ્ટ-અનિષ્ટ માને છે ને રાગદ્વેષ કરે છે તેથી તેના પરિણામને મિથ્યા કહ્યા છે ને મિથ્યારૂપ જે પરિણમન તેનું નામ મિથ્યાચારિત્ર છે. કોઈ જીવને પાપનો ઉદય આવ્યો માટે શત્રુને દ્વેષ થયો એમ નથી. રાગદ્વેષ સ્વતંત્રપણે કરે છે ને સામા જીવને પ્રતિકૂળતા અશાતાના ઉદયે મળે છે, તેમ જ મિત્ર અનુકૂળ વર્તે છે તે પુણ્યના લીધે

અનુકૂળ વર્તતો નથી. અનુકૂળતાના પરિણામ મિત્ર પોતાના કારણે કરે છે ને અનુકૂળ સંયોગો પોતાને મળે છે તે પોતાના પુણ્ય કર્મને લીધે મળે છે.

વેપારી સારો માલ બતાવી બીજો ખરાબ માલ આપે તો તેવો ખરાબ માલ મળવો પોતાના પાપકર્મને કારણે બને છે. માટે જીવે સમતા રાખવી. પરના કારણે રાગદ્વેષ માને તે મિથ્યા છે. પરપદાર્થો જ્ઞાનમાં જાણાવા યોગ્ય છે છતાં પરને લીધે રાગદ્વેષ કરવો તે મિથ્યાચારિત્ર છે.

## રાગદ્વેષનું વિધાન (રીત) તથા વિસ્તાર

પ્રથમ આ જીવને શરીરમાં અહંબુદ્ધિ થાય છે. શરીર જડ છે ને આત્મા ચેતન છે, બન્ને ભિન્ન છે. છતાં તે પોતાને અને શરીરને એકરૂપ જાણી પ્રવર્તે છે. શરીરમાં નીરોગતા ને સારું રૂપ મળે વગેરે રુચતી ઈષ્ટ અવસ્થા થાય તો રાગ કરે છે ને કાળું શરીર થતાં, શીતળા નીકળતાં, શરીર ખરાબ થતાં, આંખો ફૂટી જતાં વગેરે અણરુચતી અનિષ્ટ અવસ્થા થાય ત્યારે દ્વેષ કરે છે. વળી શરીરને અનુકૂળ પદાર્થો લાડવા, દાળ, ભાત, ઉનાળામાં મોસંબીના પાણી વગેરે મળતાં તેમાં રાગ કરે ને તે અનુકૂળ પદાર્થોને કોઈ રોકે તો તેમાં દ્વેષ કરે. શરીરની અનિષ્ટ અવસ્થાના કારણરૂપ અપથ્ય વસ્તુ, તલવાર, જમૈયા વગેરે ઉપર દ્વેષ કરે ને પ્રતિકૂળતાને રોકે તેના ઉપર પ્રેમ કરે, શત્રુનો મિત્ર બની જાય ને તેના ઉપર રાગ કરે, મકાન વગેરેની હરેરાજીમાં દ્વેષ કર્યા કરે. પ્રથમ વેપારીઓ સંપી જાય પાછળથી કોઈ ચડામણી કરે તો તેના પ્રત્યે દ્વેષ કરે. આમ રાગદ્વેષમાં લાંબુ ચાલ્યા જ કરે. આમ રાગદ્વેષની પરંપરા વર્તે છે.

જ્ઞાનનો સ્વભાવ પરપદાર્થોને જાણવાનો છે એમ નક્કી કરે તો રાગદ્વેષનો અંત આવે. પરને લીધે રાગદ્વેષ ન માને તો અસ્થિરતાના અલ્પ રાગદ્વેષ રહે તે પણ ટળી જવાના છે. માટે પરપદાર્થોને ઈષ્ટ-અનિષ્ટ માનવારૂપ પરિણામ કરવા તે મિથ્યાચારિત્ર છે.

## પોષ સુદ ૧૦, શુક્રવાર, ૨૬-૧૨-૫૨.

આ મિથ્યાચારિત્રનો અધિકાર છે. અનાદિથી પરવસ્તુમાં ઈષ્ટ-અનિષ્ટ માની રાગદ્વેષ કરે છે તે મિથ્યા છે કેમ કે કોઈ વસ્તુ હિતકર કે અહિતકર નથી. જ્ઞાનીને અલ્પ રાગદ્વેષ થાય છે પણ અંતર્સ્વભાવનું ભાન છે તેથી તેને પ્રયોજનના કારણે રાગદ્વેષ થાય છે. પર્યાયમાં રાગદ્વેષ વિના રહી શકતો નથી તે પ્રયોજન છે, તે જાતની ભૂમિકા છે તેથી રાગદ્વેષ થયા વિના રહેતા નથી. પણ તેના રાગદ્વેષ અનંત સંસારનું કારણ નથી. અજ્ઞાનીને જે રાગદ્વેષ થાય છે તે પર ચીજ હિતકર ને અહિતકર માનીને થાય છે તે અનંત સંસારનું કારણ છે. ચૈતન્ય જાતને તે જાણતો નથી. સમકિતી પરને ઈષ્ટ-અનિષ્ટ માનતો નથી ને તેને લીધે રાગદ્વેષ કરતો નથી. શરીરને ધર્મનું સાધન માની રાગ કરે તે  અનંત સંસારનું કારણ છે. જ્ઞાની પ્રયોજન વિચારી રાગદ્વેષ કરે છે. તે અંતરહેતુ



વિચારે છે કે મારી નબળાઈને લીધે તે થાય છે.

હું આત્મા ચિદાનંદસ્વરૂપ છું, જે રાગ થાય છે તે મારી નબળાઈના કારણે થાય છે, કોઈ વસ્તુને હિતકર કે અહિતકર માનીને તેને રાગદ્વેષ થતા નથી. અજ્ઞાની જીવ સ્ત્રીનું શરીર ઈષ્ટ છે એમ માનીને રાગ કરે છે ને છરો અનિષ્ટ છે એમ માનીને દ્વેષ કરે છે તેને મિથ્યાચારિત્ર કહે છે. ધર્મીને અંતરમાં સ્થિરતા નથી તેથી રાગદ્વેષ થઈ જાય છે. જ્ઞાની લડાઈમાં જાય ત્યાં પણ દુશ્મન અનિષ્ટ છે એમ માનીને લડાઈ કરવા જવું પડે છે એમ માનતો નથી. પણ પોતાની ભૂમિકામાં રાગદ્વેષ થાય છે તે પ્રયોજન છે.

સમકિતી કોઈને દુશ્મન માનતો નથી તેમ જ પરને લીધે દ્વેષ થાય છે એમ માનતો નથી પણ પ્રયોજન વિચારી દ્વેષ થઈ આવે છે. ભરત અને બાહુબલ લડ્યા. ભરતે બાહુબલને અનિષ્ટ માન્યા નથી તેમ જ વસ્તુની અપ્રિયતાને લીધે દ્વેષ થઈ આવ્યો નથી. પોતાની ભૂમિકા અનુસાર દ્વેષ થઈ આવે છે.

વળી કોઈ બાહ્ય પદાર્થ શરીરની અવસ્થાના કારણરૂપ નથી છતાં તેમાં પણ અજ્ઞાની રાગદ્વેષ કરે છે. જેમ ગાયને તેના વાછડાથી શરીરનું કાંઈ ઈષ્ટ થતું નથી તો પણ તેમાં રાગ કરે છે. વાછડી કે વાછડા ગાયને કાંઈ મદદ ન કરે તો પણ વાછડા-વાછડીને માટે ગાય નિષ્પ્રયોજન રાગ કરે છે. કૂતરો બિલાડીને દેખે ત્યાં અનિષ્ટ માની દ્વેષ કરે છે. બિલાડી કૂતરાને કાંઈ કરવા સમર્થ નથી, કાંઈ અનિષ્ટ થતું નથી છતાં કૂતરો દ્વેષ કરે છે.

વળી કોઈ વર્ણ, ગંધાદિ દેખ્યા, શબ્દ સાંભળ્યો તેથી રાગ કરે છે. કોઈનું આરસનું મકાન જોઈ ઈષ્ટ માને છે. તેનાથી પોતાના શરીરનું કાંઈ ઈષ્ટ થતું નથી છતાં ઈષ્ટ માનીને રાગ કરે ને કૂતરાનો અવાજ સાંભળી દ્વેષ કરે છે. વળી કોઈનું કાળું શરીર દેખે ને દ્વેષ કરે પણ તે જડની અવસ્થા છે ને પોતાનું કાંઈ અનિષ્ટ થતું નથી છતાં તેને અનિષ્ટ માની દ્વેષ કરે છે. આ પ્રમાણે જુદા જુદા પદાર્થોમાં રાગદ્વેષ કરે છે. આત્મા જ્ઞાનાનંદ છે, રાગદ્વેષ વિકાર છે એવા ભેદજ્ઞાનની તેને ખબર નથી.

વળી તેમાં પણ જેનાથી રાગ કરે છે તેના કારણરૂપ અન્ય પદાર્થોમાં રાગ કરે, પોતાના ઈષ્ટ પદાર્થોના કોઈ વખાણ કરે તો રાગ કરે ને વિરુદ્ધ કહે તો દ્વેષ કરે. વળી જેનાથી દ્વેષ કરે છે તેના કારણરૂપ પદાર્થોમાં દ્વેષ કરે ને તેના ઘાતક અન્ય પદાર્થોમાં રાગ કરે છે. એ પ્રમાણે ત્યાં પણ  રાગદ્વેષની જ પરંપરા પ્રવર્તે છે.

એક પણ પરપદાર્થને જેણે ઈષ્ટ-અનિષ્ટ માન્યો તેણે અનંતા પરપદાર્થોને ઈષ્ટ-અનિષ્ટ માન્યા છે. તેથી તેના રાગદ્વેષ અનંતા થઈ જાય છે એટલે કે તે અનંતાનુબંધીના રાગદ્વેષ કરે છે. સમકિતીને પરને લીધે રાગદ્વેષ થતાં નથી તેથી તેના રાગદ્વેષ મર્યાદામાં આવી જાય છે, તેને અનંતાનુબંધીનો

અભાવ છે. કારણ કે કોઈ પર ચીજો મને અનુકૂળ કે પ્રતિકૂળ નથી, હું તો જ્ઞાનસ્વરૂપ છું એવું ભાન તેને છે ને તેથી તેને નબળાઈથી થતાં રાગદ્વેષ મર્યાદિત હોય છે.

આત્માના મૂળ સ્વભાવમાં રાગદ્વેષ નથી, પર્યાયમાં રાગદ્વેષ છે. પરપદાર્થોને ઇષ્ટ-અનિષ્ટ માને તેને અનંતાનુબંધીનો રાગદ્વેષ થયા, તે અનંત સંસારનું કારણ છે, ને પરને ઇષ્ટ-અનિષ્ટ માન્યા વિના નબળાઈથી જે રાગદ્વેષ થાય છે તે અલ્પ સંસારનું કારણ છે. આમ જ્ઞાની-અજ્ઞાનીના રાગદ્વેષના પ્રકારમાં ફેર છે.

**પ્રશ્ન** : અન્ય પદાર્થોમાં તો રાગદ્વેષ કરવાનું પ્રયોજન જાણ્યું પરંતુ મૂળભૂત શરીરની અવસ્થામાં વા શરીરની અવસ્થાને કારણરૂપ નથી એવા પદાર્થોમાં ઇષ્ટ-અનિષ્ટપણું માનવાનું શું પ્રયોજન છે?

**ઉત્તર** : મૂળભૂત શરીરની અવસ્થાદિકમાં પણ જો પ્રયોજન વિચારી રાગદ્વેષ કરે તો મિથ્યાચારિત્ર નામ પામતું નથી.

સમકિત ચક્રવર્તીને ૯૬૦૦૦ સ્ત્રી હોય છે, ઈંદ્રને ઈંદ્રાણી ને વિમાનો છે પણ તેઓ કોઈ પર ચીજને પ્રિયકર માનતાં નથી, વળી રાગદ્વેષને પણ હેય માને છે તેથી તેનું ચારિત્ર મિથ્યાચારિત્ર નથી.

જ્ઞાનીને પોતાના સ્વભાવનું ભાન છે માટે તેના રાગદ્વેષને શ્રદ્ધા અપેક્ષાએ (સ્વભાવદૃષ્ટિના જોરમાં) નિર્જરા કહ્યા; જ્ઞાનની અપેક્ષાએ તે જ્ઞેયમાત્ર છે, ને ચારિત્ર અપેક્ષાએ રાગદ્વેષ હેય છે.

શરીરમાં રોગ આવ્યો ત્યારે પોતાના કારણે સહન થતું નથી તેથી દ્વેષ થાય છે. તે દોષ છે-બંધન છે. પણ મિથ્યાચારિત્ર નામ પામતું નથી. કોઈ બાહ્યથી સાધુ થયો હોય પણ તે પરપદાર્થોને ઇષ્ટ-અનિષ્ટ માને તો તેનું ચારિત્ર મિથ્યા છે.

આઠ વર્ષની બાલિકા સમ્યગ્દર્શન પામે ને પછી લગ્ન કરે તો પણ પતિ ઇષ્ટ છે એમ માનતી નથી. જ્ઞાનસ્વભાવનું ભાન છે ને નબળાઈને લીધે પ્રયોજન વિચારીને રાગ થાય છે. અજ્ઞાની બૈરાં-છોકરાં છોડીને સાધુ થાય પણ માને કે બૈરાં-છોકરાં અનિષ્ટ છે તેથી તેને મિથ્યાચારિત્ર છે.

અજ્ઞાની જીવ પરપદાર્થને ઇષ્ટ-અનિષ્ટ માની રાગદ્વેષ કરે છે તથા તેના અર્થે અન્યની સાથે પણ રાગદ્વેષ કરે છે, તેથી પ્રયોજન વિચાર્યા વિના સર્વ રાગદ્વેષ પરિણતિનું નામ મિથ્યાચારિત્ર કહ્યું છે.

લાડવો મળતા અજ્ઞાની હિતકર માને છે, તે રાગ અનંત સંસારનું કારણ છે. ચક્રવર્તી ૩૬૦ દિવસ સુધી જુદી જુદી રસોઈ જમે, કોઈ તીર્થંકર ચક્રવર્તી હોય, ત્રણ જ્ઞાનના ધણી હોય તે પણ અનેક પ્રકારના ભોજન લ્યે પણ આત્માનું ભાન છે તેથી માને છે કે જડની ક્રિયા જડથી થાય છે, પરવસ્તુ મને હિતકર નથી. ક્ષુધા જડની પર્યાય છે, પણ મારામાં સહનશીલતા નથી માટે રાગ થાય છે,



તેથી તેનો રાગ મર્યાદિત હોય છે. અજ્ઞાની લાડવા દાળ વગેરેમાં આખો અર્પાઈ જાય છે. પરપદાર્થને ઇષ્ટ-અનિષ્ટ માની રાગદ્વેષ કરે છે ને ખાવાની વસ્તુમાં કાંકરી આવે ત્યાં ધુંવાફુંવા થાય છે ને દ્વેષ કર્યા કરે છે. તે તો પરપદાર્થોને અનિષ્ટ માની દ્વેષ કરે છે. જ્ઞાની પણ તે વખતે કદાચિત્ દ્વેષ કરે તો પણ પરને લીધે દ્વેષ કરતો નથી. તેના દ્વેષનું લક્ષણ અસ્થિરતા છે ને અજ્ઞાનીના દ્વેષનું લક્ષણ પરવસ્તુને અનિષ્ટ માનવું તે છે. આમ બન્નેના રાગદ્વેષમાં ઘણું અંતર છે.

આત્મા અરૂપી ચૈતન્ય છે ને લાડવા રૂપી જડ છે. આત્માને લાડવાનો સ્વાદ આવતો નથી. અજ્ઞાનીને ભ્રાંતિ સહિત આકુળતાનો સ્વાદ આવે છે, જ્ઞાનીને અલ્પ રાગ આવે છે તેને તે જાણે છે.

**પ્રશ્ન** : શરીરની અવસ્થા વા બાહ્ય પદાર્થોમાં ઇષ્ટ-અનિષ્ટપણું માનવાનું પ્રયોજન તો ભાસતું નથી અને ઇષ્ટ-અનિષ્ટ માન્યા વિના રહ્યું જતું નથી તેનું શું કારણ ? છોકરો મોટી કમાણી કરે ત્યારે ઇષ્ટ માન્યા વિના કેમ રહેવાય ને છોકરો રૂપિયા ઉડાડે ત્યારે અનિષ્ટ માન્યા વિના કેમ રહેવાય?

**સમાધાન** : આ જીવને રાગદ્વેષ થાય છે, તેમાં ચારિત્રમોહનો ઉદય નિમિત્તમાત્ર છે. આત્માના લક્ષે રાગદ્વેષ ન થાય પણ સ્ત્રી, કુટુંબ, દીકરાં વગેરે પરના આશ્રય વિના રાગદ્વેષ થઈ શકતા નથી.

આ પ્રતિમા મને ઇષ્ટ છે અથવા સમવસરણમાં બિરાજતા ભગવાન મને ઇષ્ટ છે એમ માનીને શુભરાગ કરે તો તે મિથ્યાચારિત્ર છે. જ્ઞાનીને શુભરાગ આવે છે પણ પરના કારણે તે થાય છે એમ માનતો નથી. પોતાની નબળાઈથી ભક્તિનો શુભરાગ આવે છે.

અહીં કહે છે કે જે રાગદ્વેષ થાય છે તે પદાર્થના નિમિત્તે થાય છે. જીવ પોતે રાગદ્વેષ કરે છે તે પોતાનું નૈમિત્તિક છે ને પદાર્થો નિમિત્ત છે. જેમ રાગ થાય તે કોઈ પદાર્થ પ્રત્યે થાય છે ને દ્વેષ થાય તે પણ કોઈ પદાર્થ પ્રત્યે જ થાય છે. એ પ્રમાણે એ પદાર્થોને તથા રાગદ્વેષને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. તેમાં વિશેષતા એ છે કે કોઈ પદાર્થ તો મુખ્યપણે રાગનું કારણ છે તથા કોઈ પદાર્થ મુખ્યપણે દ્વેષનું કારણ છે. કોઈ પદાર્થ કોઈને કોઈ કાળમાં રાગનું કારણ થાય છે ત્યારે કોઈને કોઈ કાળમાં દ્વેષનું કારણ થાય છે.

અહીં એટલું સમજવું કે જે રાગદ્વેષ થાય છે તેમાં અનેક કારણોની ઉપસ્થિતિ હોય છે. તેમાં રાગાદિ થવામાં અંતરંગ કારણ મોહનો ઉદય બળવાન છે એટલે કે નિમિત્તપણાના પ્રકારમાં મોહનીયકર્મના નિમિત્તની મુખ્યતા છે, બાહ્ય કારણની મુખ્યતા નથી. રાગદ્વેષાદિના પરિણામ નોકર્મના આશ્રય વિના ન હોય છતાં તેનું બળવાનપણું નથી. મૂળ બળવાન કારણ ચારિત્રમોહકર્મ છે એટલે કે તે મુખ્ય છે, બીજા નિમિત્તો મુખ્ય નથી.

મુનિ છઠ્ઠી-સાતમી ભૂમિકાએ વર્તે છે. તેને ચારિત્રમોહ મંદ છે તેથી બાહ્ય પદાર્થો નિમિત્ત

હોવા છતાં પણ તેમને રાગદ્વેષ ઉપજતો નથી. ગજસુકુમારને અગ્નિનું નિમિત્ત છે, સુકોશલમુનિને વાઘણ ખાય છે. આમ મુનિઓને બાહ્ય નિમિત્ત હોવા છતાં મોહભાવ મંદ છે તેથી રાગદ્વેષ ઉપજતા નથી.

અજ્ઞાનીને બાહ્ય કારણો ન હોવા છતાં અંતર સંકલ્પ-વિકલ્પ મિથ્યાશ્રદ્ધાના કારણે કરે છે. તેને ધર્મની ખબર નથી. સંકલ્પ-વિકલ્પ કરી રાગદ્વેષ કરે છે કારણ કે મોહભાવ તીવ્ર છે, માટે અંતરંગ મોહનીયકર્મની મુખ્યતા છે. જીવ રાગદ્વેષ કરે ત્યારે મોહનીયકર્મનો ઉદય હોય જ પણ બાહ્ય નિમિત્તો હોય જ એવો નિયમ નથી. માટે મોહનો ઉદય થતાં જ રાગાદિક થાય છે. મોહનીયકર્મ ને આત્મા વચ્ચે મોટી વજની ભીંત છે એટલે કે તેમની વચ્ચે અત્યંત અભાવ છે. કર્મ રાગદ્વેષ કરાવતું નથી પણ અહીં જે નિમિત્તો છે તેની વચ્ચેનો ભેદ બતાવવો છે.

ત્યાં જે બાહ્ય પદાર્થના આશ્રય વડે રાગભાવ થવાનો હોય તેમાં પ્રયોજન વિના વા કંઈક પ્રયોજનસહિત ઈષ્ટબુદ્ધિ થાય છે તથા જે પદાર્થના આશ્રય વડે દ્વેષભાવ થવાનો હોય તેમાં પ્રયોજન વિના અથવા કંઈક પ્રયોજન સહિત અનિષ્ટબુદ્ધિ થાય છે. અજ્ઞાની પરપદાર્થોમાં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ માની રાગદ્વેષ કરે છે અથવા પ્રયોજન વિના પણ કરે છે.

અજ્ઞાનીએ કંઈક પ્રયોજન વિચાર્યું પણ વસ્તુને ઈષ્ટ-અનિષ્ટ માની તે રાગદ્વેષ કરે છે માટે તે રાગદ્વેષ અનંત સંસારનું કારણ છે. અહીં પ્રયોજન સહિત કહ્યું પણ પરમાં ઈષ્ટ-અનિષ્ટપણું માને છે તેથી તેના રાગદ્વેષ અનંત સંસારનું કારણ છે. પરપદાર્થો તો જ્ઞાનમાં જ્ઞેય છે. જ્ઞેયો ઈષ્ટ થાય એવું નિમિત્તપણું પણ તેમાં નથી, માત્ર જ્ઞાનમાં નિમિત્ત થાય એવું નિમિત્તપણું જ્ઞેયમાં છે.

આ પદાર્થો ઠીક લાગે છે ને આ ઠીક લાગતા નથી એમ અજ્ઞાની માને છે. માંદગીમાં કોઈ માવજત કરનાર નથી એમ કહી પર જીવો ઉપર દ્વેષ કરે છે. જ્ઞાની પરમાં ઈષ્ટ-અનિષ્ટ માની રાગદ્વેષ કરતા નથી. જ્ઞાની ભગવાનને ઈષ્ટ માની રાગ કરતા નથી. કોઈ પણ પ્રકારનો રાગ કરવો ઈષ્ટ છે જ નહિ. જ્ઞાનીને જરા રાગ આવે છે પણ તે પરમાં ઈષ્ટ-અનિષ્ટ માનતો નથી, કારણ કે પરમાં ઈષ્ટ-અનિષ્ટપણું નથી. ભગવાનની વાણી કોઈને સારી લાગે, કોઈને અનિષ્ટ લાગે; કોઈને તત્ત્વની વાત ઠીક લાગે, કોઈને અઠીક લાગે માટે વસ્તુમાં ઈષ્ટ-અનિષ્ટપણું નથી. પણ પોતે ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ કરી રાગદ્વેષ કરે છે. તેથી મોહના ઉદયથી પદાર્થોને ઈષ્ટ-અનિષ્ટ માન્યા વિના રહ્યું જતું નથી એમ કહ્યું છે. નિમિત્ત કોઈને પ્રેરતું નથી, પણ જીવ મોહમાં જોડાયો છે તેથી પરપદાર્થો ઉપર લક્ષ ગયા વિના રહેતું નથી. પામર જીવને એટલે અજ્ઞાનીને રાગ કેમ થાય છે તેની ખબર નથી તેથી તે ઊંધું ઘૂંટ્યે જાય છે.

આ પ્રમાણે પદાર્થોમાં ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ થતાં રાગદ્વેષ થાય છે, તે મિથ્યાચારિત્ર છે. ને જ્ઞાનીને નબળાઈને લીધે રાગદ્વેષ થાય તે અલ્પ દોષ છે પણ મિથ્યાચારિત્ર નથી.



## પોષ સુદ ૧૧, શનિવાર, ૨૭-૧૨-૫૨.

મિથ્યાચારિત્રનું સ્વરૂપ કહે છે. અનાદિથી પોતે જ્ઞાતા છે, જ્ઞાન પોતાનો સ્વભાવ છે ને જ્ઞાનની પરિણતિ તે જાણવાની ક્રિયા છે. આમ પોતાનું સ્વરૂપ છે એમ નહિ જાણતાં અજ્ઞાની જીવ જે રાગદ્વેષ કરે છે તે મિથ્યાદર્શનની ભૂમિકાનો રાગદ્વેષ છે, તે મિથ્યાચારિત્ર છે. તેવા જીવને ધર્મ થતો નથી.

પદાર્થોમાં ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ થતાં રાગદ્વેષરૂપ પરિણમન થાય છે તેનું નામ મિથ્યાચારિત્ર જાણવું. ધર્મીને રાગદ્વેષ થાય છે પણ તે મિથ્યાચારિત્ર નથી કેમ કે તે પરપદાર્થોથી લાભ-નુકસાન માનતો નથી. ને અજ્ઞાની જીવ પરપદાર્થોને અનુકૂળ-પ્રતિકૂળ માને છે. એવી માન્યતાવાળો જીવ જેનાથી લાભ થાય તેવા પદાર્થોને મારાં માન્યા વિના રહે નહિ. આ સંયોગો અલાભ કરશે એવી માન્યતાવાળાનો દ્વેષ મિથ્યાત્વની ભૂમિકાનો દ્વેષ છે તેથી મિથ્યાચારિત્ર છે. હું જ્ઞાયક છું એવું ચૂકીને આ પદાર્થો મારી પાસે આવે તો ઠીક પડે એવો વિકલ્પ પદાર્થને ઈષ્ટ માન્યા વિના ન હોય ને આ પદાર્થો મારાથી દૂર થાય તો ઠીક તેવો વિકલ્પ પદાર્થને અનિષ્ટ માન્યા વિના ન હોય. આ પ્રમાણે અજ્ઞાનીના રાગદ્વેષ તે મિથ્યાચારિત્ર છે. અજ્ઞાનીને તેના મિથ્યાચારિત્રની ખબર નથી પણ જ્ઞાની જાણે છે કે તેનું ચારિત્ર મિથ્યા છે.

વળી એ રાગદ્વેષના જ વિશેષો -ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયભાવ છે. આ જમૈયો મને પ્રતિકૂળ છે એમ માની અજ્ઞાની ક્રોધ કરે છે. જ્ઞાની પરને લીધે ક્રોધ માનતો નથી. તે ચીજ પ્રતિકૂળ છે એવી છાપ તે ચીજમાં નથી ને પ્રતિકૂળ થવાનો તેમાં ધર્મ નથી. માત્ર જ્ઞેય થવાનો તેમાં ધર્મ છે. આમ સમજે તેને જ્ઞાન ને દ્વેષ વચ્ચે ભેદજ્ઞાન રહે ને અજ્ઞાની પરથી દ્વેષ માને છે તેથી જ્ઞાન ને દ્વેષ વચ્ચે તેને ભેદ રહેતો નથી.

આત્માની જ્ઞાનપર્યાયનો સ્વભાવ સ્વ તથા પરને જાણવાનો છે. વળી અનિષ્ટ થવું તેવો ધર્મ પર ચીજોમાં નથી. માત્ર પ્રમેય થવાનો ધર્મ તેનામાં છે. છતાં તેને લીધે ક્રોધ માને તે મિથ્યાદૃષ્ટિનો ક્રોધ છે.

આ મકાન, ગાય, ભેંસ, લાડવા, સ્ત્રી આદિ ઈષ્ટ છે એમ માની અજ્ઞાની તેનું માન કરે છે, તે મિથ્યાત્વ સહિતનું માન છે. ધર્મીને જ્ઞાન, માન ને પરપદાર્થો વચ્ચે વિવેક વર્તે છે. અજ્ઞાનીને ભેદજ્ઞાન નથી. જ્ઞેય જાણવાયોગ્ય છે ને પોતે જાણનારો છે -આવું જાણ્યા વિના લૌકિકમાં મધ્યસ્થ હોય તો પણ માની છે.

હું કપટ કરું તો આબરૂ રહે, આ નિમિત્તથી બરાબર કામ થશે તેવો ભાવ અજ્ઞાન સહિત માયા છે. જ્ઞાનીને અલ્પ માયા થાય છે પણ તે પરને લીધે થતી નથી તેમ જ જ્ઞાનનો સ્વભાવ માયા

કરવાનો નથી. પોતે જાણનાર છે, નબળાઈથી માયા થાય છે, તે અલ્પ દોષ છે પણ મિથ્યાચારિત્ર નથી.

અજ્ઞાની પર ચીજોને ઈષ્ટ માનીને લોભ કરે છે. શરીર અનુકૂળ હોય તો સામાયિક થાય તે મિથ્યાચારિત્રનો લોભ છે, તેને સામાયિકની ખબર નથી.

પર ચીજ અનુકૂળ માની હાસ્ય કરે છે, સ્ત્રીનું સુંદર શરીર, દાગીના ને કપડાં વગેરે જોઈ હાસ્ય કરે છે તે મિથ્યાદષ્ટિની ભૂમિકાનું મિથ્યા હાસ્ય છે. તેવા જીવને ધર્મ થતો નથી. હું ભગવાન પાસે ગયો ને પ્રતિમાજીની શાંતમુદ્રા દેખીને તે ઈષ્ટ લાગી, ને શુભરાગ થયો તે મિથ્યાદષ્ટિનો પુણ્યભાવ છે, તેને જરા પણ ધર્મભાવ થતો નથી. અજ્ઞાની ધર્મ કે અધર્મ બહારથી માને છે. માન્યતા ફેરે ધર્મ છે ને માન્યતા ફેરે અધર્મ છે.

સારા શાસ્ત્રને કે ભગવાનને જોઈને રતિ કરે. પરપદાર્થને નિશ્ચયથી હિતકર માની રતિભાવ કરે તે મિથ્યાદષ્ટિનો રતિભાવ છે. આ નોકરો પ્રતિકૂળ છે એમ પરપદાર્થોને અનિષ્ટ માની અરતિભાવ કરે તે મિથ્યાદષ્ટિનો અરતિભાવ છે. જ્ઞાની નિમિત્તને લીધે અરતિ કરતા નથી. પણ નબળાઈથી અરતિભાવ થાય છે તે બંધન છે-દોષ છે પણ મિથ્યાચારિત્ર નામ પામતું નથી.

દાગીનો ખોવાઈ જાય, દીકરો મરે - તો ચીજનો વિયોગ માનીને અજ્ઞાની શોક કરે છે. ચીજો તો તેના કાળે તે ક્ષેત્રે પરિણમી જાય છે, જીવના કારણે તે પરિણમતી નથી છતાં આ મને પ્રતિકૂળ નિવડ્યું એમ માની શોક કરે તે મિથ્યાચારિત્ર છે.

આ મકાનમાં ભૂત છે એમ માની ભય કરે તે મિથ્યાત્વ સહિતનો ભય છે. ઊલટી-ઝાડા દેખી દુગંછા કરે છે ને એવી પર ચીજો નજરે ન હો એમ અજ્ઞાની ઈચ્છે છે. જ્ઞેય મારી નજરમાં ન હો એમ માનનાર જ્ઞાનપર્યાયનો નકાર કરે છે. પરપદાર્થ પ્રત્યે અનિષ્ટબુદ્ધિથી કરેલો ભાવ દુગંછાભાવ છે.

આ રૂપાળું પુરુષનું શરીર અનુકૂળ છે એમ માની જે સ્ત્રીવેદના પરિણામ થાય તે મિથ્યાચારિત્ર છે, કેમ કે તે પરમાં ઈષ્ટપણું માને છે. પુરુષને સ્ત્રી અનુકૂળ લાગે, સુંદર લાગે, એમ માની પુરુષવેદનો વિકાર થાય તે મિથ્યાચારિત્ર છે. ચક્રવર્તીને ૯૬૦૦૦ સ્ત્રી હોય પણ સ્ત્રીઓને ઈષ્ટ માનીને તેને વિકાર થતો નથી કેમ કે જગતમાં કોઈ પરપદાર્થ ઈષ્ટ-અનિષ્ટ નથી, ત્રણલોકના પદાર્થો મારાં જ્ઞેય છે ને હું તેનો જાણનાર છું -એમ તે માને છે.

''आत्मा ज्ञानम् स्वयं ज्ञानम् ज्ञानात् अन्यत् करोति किम्''

આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાન સિવાય બીજું શું કરે ? -એમ જ્ઞાની માને છે.

નપુંસકોને સ્ત્રી-પુરુષ - બન્નેના શરીર સુંદર લાગે છે તેને મિથ્યાત્વ સહિતનો નપુંસકવેદ છે.



એ બધા મિથ્યાચારિત્રના જ ભેદ સમજવા. એનું વર્ણન પહેલાં જ કરી ગયા. કર્મના ઉદયને લીધે વિકાર થાય છે એમ માનનાર જીવને કર્મનો મંદ ઉદય ઈષ્ટ લાગે છે ને તીવ્ર કર્મનો ઉદય આવે તો ધર્મ ન થાય -એમ માનનાર જીવને કર્મનો તીવ્ર ઉદય અનિષ્ટ લાગે છે. આમ મિથ્યાદષ્ટિ જીવના બધા રાગદ્વેષ મિથ્યાચારિત્ર છે.

પરપદાર્થોમાં સારા-નરસાની છાપ નથી. પદાર્થોમાં પ્રમેયત્વગુણ છે તેથી તે જ્ઞાનમાં જણાવાયોગ્ય છે. ઈષ્ટ-અનિષ્ટપણાનો સ્વભાવ જ્ઞેયોમાં નથી તેમ જ જ્ઞાનમાં પણ તેવો સ્વભાવ નથી પણ અજ્ઞાની ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ કરે છે. તેથી મિથ્યાચારિત્ર છે. જ્ઞાની તથા અજ્ઞાની બન્નેને જ્યારે જે પ્રકારનો રાગ થાય ત્યારે તે તે પદાર્થો ઉપર લક્ષ જાય છે. પણ અજ્ઞાની પરને ઈષ્ટ-અનિષ્ટ માની રાગદ્વેષ કરે છે ને જ્ઞાની પરને ઈષ્ટ-અનિષ્ટ માની રાગદ્વેષ કરતો નથી પણ નબળાઈથી રાગદ્વેષ થઈ જાય છે. સ્વભાવનું ભાન છે તેથી જ્ઞાનીના રાગદ્વેષને મિથ્યાચારિત્ર કહેતા નથી ને અજ્ઞાનીના રાગદ્વેષને મિથ્યાચારિત્ર કહે છે.

જે પદાર્થો જે સમયે જેમ છે તેમ છે, દ્રવ્ય-ગુણ-પર્યાયમાં કાંઈ ફેરફાર નથી. આખો લોક એમ ને એમ ઊભો છે. ઈષ્ટ-અનિષ્ટની કલ્પના તે સંસાર છે, જ્ઞાતાબુદ્ધિ એ જ મોક્ષનું કારણ છે. જે પદાર્થની જે પર્યાય થવાની તે થવાની છે પણ અજ્ઞાની તેને ફેરવવા માગે છે તે મિથ્યાચારિત્ર છે. અજ્ઞાની પરપદાર્થને વહાલો કલ્પે છે તેથી તેને અનંતાનુબંધીનો સદ્ભાવ છે ને સ્વરૂપાચરણ ચારિત્રનો અભાવ છે તેથી તેને અચારિત્ર પણ કહીએ છીએ તથા પરપદાર્થમાં ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ મટતી નથી વા તેનાથી છૂટતો નથી. તેથી તેને અસંયમ અથવા અવિરતિ પણ કહીએ છીએ. કારણ કે 'પાંચ ઈંદ્રિયો અને મનના વિષયોમાં તથા પાંચ સ્થાવર અને એક ત્રસની હિંસામાં સ્વચ્છંદપણું હોય, તેના ત્યાગરૂપ ભાવ ન થાય એ જ અસંયમ વા બાર પ્રકારની અવિરતિ કહી છે.' આ જડ ઈંદ્રિયો નબળી પાડી તો ઈંદ્રિયો વશ રહી, શરીર જીર્ણ થયું તો વ્રતાદિ પાલનમાં અનુકૂળ પડ્યું ને તંદુરસ્ત-લઠ્ઠ શરીર હોય તો વિષય ઊપજાવે એવી માન્યતાવાળા જીવના રાગદ્વેષને મિથ્યાચારિત્ર કહે છે.

વળી આ જીવ ન મર્યો માટે મારું વ્રત સચવાયું -એમ માનનાર સ્વચ્છંદી છે. તે જીવ તેના કારણે મરે છે ને ઈષ્ટ-અનિષ્ટપણું લાગે છે તે પોતાના મિથ્યાશ્રદ્ધાને લીધે છે. પર જીવ બચ્યો માટે પુણ્ય થયું ને પર જીવ મર્યો માટે પાપ લાગ્યું -આમ માનનાર મિથ્યાદષ્ટિ છે.

નિર્દોષ અન્ન હોય તો મન સારું રહે -આમ નિર્દોષ આહારને સારો માને ને આધાકર્મી આહાર આવ્યો માટે પરિણામ બગડ્યા -એમ અનિષ્ટ માને -એમ માનનાર બાહ્યથી ત્યાગી કે મુનિ થાય તો પણ મિથ્યાદષ્ટિ છે. આહારશુદ્ધિ, વચનશુદ્ધિ ને કાયશુદ્ધિ હોય તો પરિણામ સારા રહે એમ માનનાર પરપદાર્થોને ઈષ્ટ-અનિષ્ટ માને છે તેને સમ્યક્ચારિત્ર હોતું નથી. નિમિત્તની ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિએ

સંસાર ઊભો રાખ્યો છે. આધાકર્મી આહાર લેવાની બુદ્ધિ તે ખરાબ પરિણામ છે. પરપદાર્થ તો જ્ઞાનનું જ્ઞેય છે. તેને લીધે ખરાબ પરિણામ થતા નથી. પદાર્થ તેના કારણે પરિણમે છે, તેમાં તારે શું ? એક દ્રવ્યની પર્યાય પરદ્રવ્યથી થાય નહિ. પરદ્રવ્યની નિમિત્તતામાં હિત-અહિતપણું છે -એમ અજ્ઞાની માને છે પણ અહિતપણું પોતાની ભ્રાંતિમાં છે ને હિતપણું સ્વભાવમાં છે -એમ તે માનતો નથી. વળી આહારશુદ્ધિથી મનશુદ્ધિ ને મનશુદ્ધિથી આત્મશુદ્ધિ માને છે. આમ માનનાર ત્યાગીને ત્યાગની ખબર નથી. જેને પરમાં ઈષ્ટ-અનિષ્ટપણાનો સ્વચ્છંદ છૂટ્યો નથી તેને અત્યાગભાવ ગયો નથી, તેને વિકારનો બિલકુલ ત્યાગ નથી.

એક પણ પરપદાર્થને ઈષ્ટ-અનિષ્ટ માને તે સ્વચ્છંદી છે. પરપદાર્થનો મારામાં અભાવ છે માટે તે ઈષ્ટ-અનિષ્ટ નથી ને જ્ઞાનનો મારામાં સદ્‌ભાવ છે માટે જ્ઞાનમાં જ્ઞેયો જણાવાયોગ્ય છે. આમ સાચું જ્ઞાન કરે તો સ્વચ્છંદ મટે.

કષાયભાવ થતાં જ એવા કાર્ય થાય છે. તેથી મિથ્યાચારિત્રનું નામ અસંયમ વા અવિરતિ જાણવું. વળી એનું જ નામ અવ્રત પણ જાણવું કારણ કે હિંસા, જૂઠું, ચોરી, અબ્રહ્મચર્ય અને પરિગ્રહ એ પાપકાર્યોમાં પ્રવૃત્તિનું નામ અવ્રત છે. પર મરી ગયો તે ખરાબ થયું એવી બુદ્ધિ થઈ તે અનિષ્ટબુદ્ધિ છે, આવી ખરાબ ભાષા મારાથી નીકળી એમ માનનારને અનિષ્ટબુદ્ધિ થઈ તેને રાગનો અત્યાગભાવ વર્તે છે. નિમિત્તનો અત્યાગભાવ વર્તે છે. આ હાથને લીધે ચોરી થઈ, માલ સામે ન હોત તો ચોરી ન કરત એ માન્યતા મિથ્યા છે.

સ્ત્રીના શરીરનો સંગ ન કરવો, સ્ત્રી ઉપર એવો દ્વેષ કરવો જેથી તેના ઉપર પ્રેમ ન થાય એમ માનનાર જીવ શરીરથી બ્રહ્મચર્ય પાળતો હોય તો પણ તેને અંતરમાં અબ્રહ્મચર્યભાવ છૂટ્યો નથી. માટે નિમિત્ત પણ ખરેખર છૂટ્યું કહેવાતું નથી. પરિગ્રહ છૂટ્યો, કપડાં છૂટ્યા ને નગ્ન થયા માટે હળવાં પડ્યા -એમ માનનારને પરિગ્રહ છૂટ્યો નથી. તે પ્રમત્તયોગની ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ છે, તેનું મિથ્યાચારિત્ર છે. તત્ત્વનો વિવેક નથી તેથી ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ થાય છે. પરપદાર્થ ઈષ્ટ-અનિષ્ટ નથી, હું જ્ઞાતા છું એવા ભાન વિના સાચો ત્યાગ હોતો નથી.

શરીરના રોગને અનિષ્ટ માને છે ને કાઢવા માગે છે તો તે ઉપાય વ્યર્થ છે. જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર્યા પછી રાગ ક્રમશઃ ટળે છે, તે સિવાય ઉપાય નથી. વૈરાગ્યના વેગમાં શરીર ઉપર દ્વેષ કરે તે વ્યર્થ છે. જડની ક્રિયાની-રાગની તથા જ્ઞાનસ્વભાવની ખબર નથી તેથી અજ્ઞાનીને બધું મિથ્યાચારિત્ર છે. હઠથી સંથારા કરે તે બધું આર્તધ્યાન છે, તેવા જીવને પુણ્ય પરિણામના પણ ઠેકાણાં નથી તો પછી ધર્મ તો હોય જ ક્યાંથી ? ન જ હોય.

આ પ્રમાણે અવ્રતનું મૂળ કારણ પ્રમત્તયોગ છે. એ પ્રમત્તયોગ કષાયમય છે. તેથી મિથ્યાચારિત્રનું નામ અવ્રત પણ કહીએ છીએ. એ પ્રમાણે મિથ્યાચારિત્રનું સ્વરૂપ કહ્યું.



એ પ્રમાણે સંસારી જીવને મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્રરૂપ પરિણમન અનાદિકાળથી છે. મન વિનાના એકેંદ્રિયાદિ જીવોને આવું પરિણમન હોય છે. સંજ્ઞી પંચેંદ્રિયમાં સમકિતી સિવાયના બધાને આવું પરિણમન છે કેમ કે જડ શું, વિકાર શું, નિર્વિકારી સ્વભાવ શું -તેનો તેને વિવેક નથી. મિથ્યાદષ્ટિ મુનિ તપશ્ચર્યા કરે, ક્રોધ ન કરે છતાં નગ્ન શરીરથી મારો ભાવ સુધર્યો માને છે. માટે તેનું પરિણમન મિથ્યા છે. હજારો રાણીઓ છોડે, અગીયાર અંગ ભણે તો પણ શુદ્ધ ઉપાદાન ઉપર રુચિ નથી તેથી નિમિત્તમાં ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ કરે છે. જેને શરીરમાં ઈષ્ટબુદ્ધિ ગઈ નથી તેને પરિષહ આવતાં અનિષ્ટબુદ્ધિ થયા વિના રહેતી નથી. પરપદાર્થો રાગદ્વેષ કરાવતાં નથી પણ નિમિત્તાધીન બુદ્ધિવાળાને રાગદ્વેષ થયા વિના રહેતા નથી.

## પોષ સુદ ૧૨, રવિવાર, ૨૮-૧૨-૫૨.

આ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રનો અધિકાર છે. નવ તત્ત્વોને જીવે અનાદિથી શ્રદ્ધ્યા નથી. આત્માના હિત માટે તેની શ્રદ્ધા જરૂરની છે. તેની ઊંધી શ્રદ્ધા કરે તે મિથ્યાદર્શન છે. પરપદાર્થો જ્ઞેય છે છતાં પરવસ્તુના ઈષ્ટ-અનિષ્ટ બે પ્રકાર પાડવા ને રાગદ્વેષના પરિણામ કરવા તે મિથ્યાચારિત્ર છે. અનાદિકાળથી એકેંદ્રિયથી માંડીને સમ્યગ્દષ્ટિ પંચેંદ્રિય જીવો સિવાયના બધા જીવોને આવું પરિણમન થઈ રહ્યું છે. સુખને દુઃખ માને, પુણ્યને ધર્મ માને, ચારિત્રમાં કંટાળો માને, જ્ઞાનને પરમાં રોકે, પરને હિતકર તથા અહિતકર માની રાગદ્વેષ કરે -આ બધા પરિણામ ચોરાશીના અવતારનું કારણ છે. વળી એ પરિણમન જેવું જ્યાં સંભવે તેવું ત્યાં જાણવું.

જેમ એકેંદ્રિયાદિક જીવને ઈંદ્રિયાદિકની હીનતા-અધિકતા હોય છે ને ધન, પુત્ર, મકાન વગેરેનો સંબંધ મનુષ્યાદિકને જ હોય છે -એમ સમજવું. પુત્રાદિ મારાં અને હું એનો એમ માનવું તે મિથ્યાદર્શનશલ્ય છે. તેના નિમિત્તથી મિથ્યાદર્શનાદિકનું વર્ણન કર્યું છે, ત્યાં જેવા વિશેષો સંભવે તેવા સમજવા.

જેમ એકેંદ્રિયાદિ જીવો ઈંદ્રિય, શરીરાદિકના નામ જાણતા નથી પરંતુ તેમને ય નવ તત્ત્વની વિપરીત શ્રદ્ધા હોય છે ને મિથ્યાચારિત્ર હોય છે. ભીલને રૂપિયાની સંખ્યા ગણતા ન આવડે તો પણ તે તેની મમતા કરે છે તેમ એકેંદ્રિયાદિને શરીર વગેરેની ખબર નથી પણ મમતા કરે છે. હું આ સ્પર્શ વડે સ્પર્શું છું, શરીર મારું છે -એમ ઊંધું પરિણમન કરે છે. ‘‘આ સ્પર્શ મારી ચીજ નથી, તો પર વડે હું સ્પર્શું -એમ બને નહિ’’ એવો ખ્યાલ નથી ને ઊંધા ભાવનું પરિણમન છે. વનસ્પતિના જીવો વગેરેને પણ ઊંધો ભાવ છે. જે જે ઈંદ્રિયો મળી હોય તેનાથી હું કામ કરું છું -એમ માને છે. કોઈ મનુષ્યાદિ નામ પણ જાણે છતાં મિથ્યાદર્શનથી ઊંધા ભાવ કરી રાગદ્વેષરૂપે પરિણમે છે ઈત્યાદિ જે વિશેષો સંભવે તે જાણી લેવા.

એ પ્રમાણે અનાદિથી જીવને મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર હોય છે, તે નવીન ગ્રહેલા નથી. શરીર તથા ઈંદ્રિયોને મારા માને છે ને તેનાથી જ્ઞાન થાય છે -એમ માને છે. જુઓ તો ખરા, અજ્ઞાનનો

કેવો મહિમા છે કે જ્યાં જ્યાં નવું શરીર મળ્યું ત્યાં ત્યાં વગર શીખવાડે મોહના ઉદયમાં જોડાઈને મિથ્યાપરિણામ કરે છે. પુણ્યમાં ધર્મ માને છે, ધર્મમાં કંટાળો માને છે, લોઢાના ચણા મીણના દાંતે ચાવવા સમાન ચારિત્રને કઠણ માને છે. એ રીતે નવે તત્ત્વોમાં વિપરીતબુદ્ધિ ચાલી આવે છે.

વળી મનુષ્યાદિને સાચા વિચારના નિમિત્તો સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર મળે છે પણ આત્માનો નિર્ણય કરતો નથી. શ્રીગુરુના ઉપદેશનું નિમિત્ત વારંવાર બને છતાં ઊંધો ભાવ કરે છે ને વિકારીભાવમાં પોતાપણું માને છે. અનંતવાર ભગવાન મળ્યા, ગુરુ મળ્યા ને ગુરુ વારંવાર સમજાવે છતાં વાત બેસતી નથી. 'શરીર, ઈંદ્રિયોની ક્રિયાથી કાંઈક ધર્મ થતો હશે' -એવો અભિપ્રાય કર્યા કરે છે. કાંઈ વિચાર જ કરતો નથી. વળી પોતાને પ્રત્યક્ષ ભાસે તે તો ન માને અને અન્યથા જ માને છે. તે કેવી રીતે તે અહીં કહીએ છીએ.

મરણ થતાં શરીર અને આત્મા તદ્દન જુદા પડી જાય છે, પણ અજ્ઞાની માનતો નથી. એક શરીર છોડી આત્મા બીજું શરીર ધારણ કરે છે ને વ્યંતર આદિ દેવો કહે કે અમારા સામાન્ય શુભભાવથી અમે દેવ થયા છીએ પણ અમે તમારા પૂર્વના સગા હતા. તે ઉપરથી ખ્યાલ આવે કે શરીર છોડીને જીવ ગયો છે, અથવા કોઈ અવધિજ્ઞાની કહે કે તારો પૂર્વ ભવ અમુક જગ્યાએ હતો છતાં અજ્ઞાની માનતો નથી. શરીર મારું નથી ને શરીરની ક્રિયા મારાથી થતી નથી એવી બુદ્ધિ કરતો નથી. માણસો પણ કહે છે કે જીવ ચાલ્યો ગયો ને શરીર પડ્યું રહ્યું. તે ઉપરથી શરીર ને જીવ જુદા દેખાય છે પણ મમતા કરીને ભિન્નબુદ્ધિ કરતો નથી. શરીર તે જ હું છું - એમ માને છે. ''શરીરે સુખી તો સુખી સર્વ વાતે'' એમ માને અથવા શરીરને ધર્મનું સાધન માને છે.

વળી સ્ત્રી-પુત્ર આદિ સ્વાર્થના સગાં દેખાય છે. કપડાં ને દાગીના લાવી દે તો ખુશી થાય, પુત્ર પણ પૈસામાં ભાગ માગે ને સ્વાર્થને પોષે ને તેમનું પ્રયોજન ન સધાય તો વિપરીત થતાં દેખાય છે. છતાં આ જીવ મમત્વ કરે છે, પણ તે દરેક પોતાથી જુદા છે એમ પ્રતીતિ ને ઓળખાણ કરતો નથી.

બૈરાં-છોકરાં માટે નરકમાં જવાના પાપ કરે, માયા કરે, લાંચ-રુશ્વત વગેરે લેવાના પરિણામ કરે, ધર્મ સમજવા નવરો પણ થાય નહિ. વળી ધન, દાગીના, વસ્ત્ર આદિ વસ્તુ કોઈની હોય તે અન્યની થતી જોવામાં આવે છે. કોઈકના બંગલા કોઈક વાપરે, એકનો વારસો બીજાને મળે -એમ પ્રત્યક્ષ જોવામાં આવે છે છતાં તેમાં મમતા કરે છે.

વળી શરીરની અવસ્થા તેના કારણે સ્વયં ઊપજે છે ને વિણસે છે. છતાં આ જીવ તેનો નિરર્થક કર્તા થાય છે. અમે શરીરને સરખું રાખીએ છીએ -એમ માને છે. ધ્યાન રાખીએ તો પૈસા વગેરે આવે છે -એમ માને છે. જ્ઞાનીને અલ્પ રાગદ્વેષ થાય તે જુદી વાત છે. અહીં તો



પરનો કર્તા થઈ રાગદ્વેષ કરે છે એની વાત છે. અમે અમારા બાહુબલથી પૈસા ભેગા કર્યા, એમ અભિમાન કરે છે. વેપારી માને કે અમે હોશિયાર છીએ તો પૈસા કમાણા -એમ નિરર્થક કર્તા થાય છે. પણ પુણ્યને લીધે તે વસ્તુ મળે છે એ વાત માનતો નથી. મને સગાં-વહાલાં, દીકરાં-દીકરીને સારી રીતે રાખતાં આવડે છે -એમ અભિમાન કરે છે. ઈચ્છાનુસાર કામ થાય તો મેં કર્યું ને તેમ ન થાય તો કહે કે ''હું શું કરું ? આમ જ થવાયોગ્ય હતું'' -એમ માને છે.

પોતાની દેખરેખ નીચે સારા કામ થાય તો કહે કે મેં કર્યાં ને સારા ન થાય તો એમ કહે કે થવાયોગ્ય જ થાય છે. ઘરમાં પોતાનું ચાલે ત્યારે કહે કે પોતાના રૂવાબથી બધા માને છે ને ન માને ત્યારે કહે કે અત્યારે જમાનો સ્વતંત્રતાનો છે. અથવા આમ કેમ થયું -એમ માને છે. કાં તો સર્વના કર્તા રહેવું હતું અથવા બધી જગ્યાએ અકર્તા જ રહેવું હતું. પણ આ જીવને તેનો કાંઈ વિચાર નથી. જડ પદાર્થો ને પર જીવો સ્વતંત્ર છે ને મારો આત્મા સ્વતંત્ર છે તેની તેને ખબર નથી. એક જીવ બીજાને રાખી શકતો નથી, ઘરના નોકરને રાખતાં આવડે છે -એમ અજ્ઞાની માને છે. પર જીવો મારી સાવધાનીથી રહે છે -એમ માને છે પણ કાંઈ વિચાર કરતો નથી.

વળી શરીર નક્કી છૂટશે એમ ખબર છે પણ મરણના નિશ્ચય વડે પોતે પોતાનું કર્તવ્ય કરતો નથી. નિત્ય આત્માને ચૂકીને શરીરને નિત્ય રાખવા માગે છે. પણ શરીરને જતાં કાંઈ વાર લાગશે નહિ. શરીરનો પર્યાય તેના કાળે જાય છે ત્યારે રોગ વગેરેના નિમિત્તો હોય છે. છતાં વર્તમાનમાં શરીરનું જતન કરવાનું અભિમાન કરે છે.

એક સમયનો સંસાર છે માટે ગમે ત્યારે તેનો નાશ થઈ શકશે એમ કોઈ કહે તો તેને કહે છે કે એમ માનનારની દૃષ્ટિ ક્યાં છે ? એક સમયની પર્યાયમાં ભૂલ છે ને સ્વભાવમાં ભૂલ નથી એમ નિર્ણય હોવો જોઈએ. એક સમયની ભૂલ ગમે ત્યારે સુધારી લેશું -એમ કહેનારને એક સમયની ભૂલ કહેવાનો અધિકાર નથી. એક સમયની ભૂલ સ્વભાવમાં નથી -એમ સ્વભાવ સન્મુખ થઈને નિર્ણય કર્યા વિના ''એક સમયનો સંસાર છે'' તે વાત કેવી રીતે લાવ્યો ? એક સમયને તેં જોયો છે ? માત્ર ધિઠાઈથી વાત કરે છે.

૧) કેવળીએ દીઠું હોય તેમ થશે -એમ માનનારને પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય હોવો જોઈએ.

૨) જેને ક્રમબદ્ધનો નિર્ણય હોય તેને પરના અકર્તાનો નિર્ણય હોવો જોઈએ.

૩) એક સમયનો સંસાર છે એવો નિર્ણય હોય તેને ત્રિકાળી શુદ્ધ સ્વભાવનો નિર્ણય હોવો જોઈએ.

અહીં અજ્ઞાની કાંઈ નિર્ધાર કરતો નથી તેની વાત ચાલે છે.

કોઈ વાર મરણના નિશ્ચયથી એમ કહે કે 'હું મરીશ અને શરીરને બાળી મૂકશે' -આમ ગાંડાની

માફક બોલે છે. આત્મા શું, શરીર શું તેની ભિન્નતાની ખબર નથી, આ જીવને તેનો વિચાર નથી. અજ્ઞાની જીવ જેમ તેમ બોલે છે. મરતાં પહેલાં કોઈ કહે કે ''મને મારે ગામ લઈને બાળજો'' પણ તું તો ચાલ્યો જવાનો છો, તને બાળવો છે કે શરીરને બાળવું છે ? તેની કાંઈ ખબર નથી. કોઈ વાર કહે કે ''મને બાળી મૂકશે''. વળી કોઈ વાર કહે કે ''જરા રહેશે તો હું જીવતો છું'' પાછળથી મકાનની યાદગીરી રહે તો ઠીક. વળી કોઈ વાર કહે કે દીકરા જીવતા રહે તો હું જીવું છું. આમ તેના કથનમાં ક્યાંય મેળ નથી. સન્નિપાતવાળાની જેમ બકે છે પણ સમ્યક્ શ્રદ્ધાની સાવધાનતા નથી. પોતાને પરલોકમાં જવાનું જાણે છતાં વિકાર અનિષ્ટ છે તેથી તેને ટાળું ને ઈષ્ટ સ્વભાવને મેળવું -એનો ઉપાય કરતો નથી, તે ખરેખર પરલોકને માનતો નથી. મારી આબરૂ કાયમ કહે, દીકરાં-દીકરીને ઈષ્ટ થયા કરે, તેને કાંઈ મુશ્કેલી ન પડે, સારા મકાન રાખી જાઉં વગેરે અનેક ઉપાય કરે. કોઈના પરલોક ગયા પછી આ લોકની સામગ્રી વડે ઉપકાર થયો જોયો નથી. અહીં જે ચીજો ભેગી કરી છે તે ભેગી જતી નથી. પરંતુ આ જીવને પરલોક હોવાનો નિશ્ચય હોવાં છતાં પણ માત્ર આ લોકની સામગ્રીનું જ જતન રહે છે.

વળી વિષય, કષાયના પરિણામથી તથા હિંસાદિના કાર્યથી પોતે દુઃખી થાય, ખેદખિન્ન થાય, વૈરી થાય, લોકમાં નિંદા થાય, પરલોકમાં બુરું થાય -એ બધું પ્રત્યક્ષ જાણે તો પણ એ જ કાર્યોમાં પ્રવર્તે. જેમ કે શરીર સરખું રહેતું નથી, આ પાપ થાય છે વગેરે જાણે તો પણ એ જ કાર્યોમાં પ્રવર્તે. ઈત્યાદિ અનેક પ્રકારે પ્રત્યક્ષ ભાસે તેને પણ અન્યથા શ્રદ્ધાન કરે-જાણે-આચરે. આ બધું મોહભાવનું જ માહાત્મ્ય છે.

એ પ્રમાણે આ જીવ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ અનાદિકાળથી પરિણમે છે. એ જ પરિણમનથી અનેક પ્રકારના દુઃખ ઉપજાવવાવાળા કર્મોનો સંબંધ થાય છે. એ જ ભાવ સર્વ દુઃખોનું બીજ છે. વિપરીત માન્યતા, જ્ઞાન ને તે પૂર્વકના રાગદ્વેષ તે દુઃખનું બીજ છે, અન્ય કોઈ નથી. માટે હે ભવ્ય ! જો તું દુઃખથી મુક્ત થવા ઈચ્છે છે તો ઊંધી શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ આદિ વિભાવોનો અભાવ કર. તેમાં તારું કલ્યાણ છે. સાચી શ્રદ્ધા, જ્ઞાન ને આચરણથી તારું પરમ કલ્યાણ થશે.

**એ પ્રમાણે શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક શાસ્ત્ર વિષે મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર નિરૂપક ચોથો અધિકાર સમાપ્ત.**

**નોંધ : શ્રી મોક્ષમાર્ગ પ્રકાશકનો પાંચમા અધિકાર ''અન્યમત નિરાકરણ''નો હોવાથી તેમાંની કેટલીક વાત માત્ર જાણવા જેવી છે તેથી તેના ઉપરના અમુક વ્યાખ્યાનો બહાર પાડવામાં આવશે નહિ તેથી થોડા દિવસ માટે દરરોજના અંકોમાં અનુભવપ્રકાશ ઉપરના વ્યાખ્યાનો આપવામાં આવશે.**

# અધિકાર પાંચમો

## અન્યમત નિરાકરણ

### પોષ સુદ ૧૩, સોમવાર, ૨૯-૧૨-૫૨.

ચાર અધિકાર સુધી અગૃહીત મિથ્યાદર્શનનું સ્વરૂપ કહ્યું. વિપરીત માન્યતા, જ્ઞાનની પર તરફ રુચિ ને પરપદાર્થને ઈષ્ટ-અનિષ્ટ માની રાગદ્વેષ કરવા તે અનાદિનું અગૃહીત મિથ્યાત્વ છે. તે નવું ગ્રહેલું નથી. કોઈ કહે કે અમને નવ તત્ત્વની શ્રદ્ધા છે, પણ ગૃહીત મિથ્યાત્વ રહી ગયું છે તો તે વાત ખોટી છે. જ્યાં ગૃહીત છે ત્યાં અગૃહીત મિથ્યાત્વ તો હોય જ.

**બહુવિધ મિથ્યા ગહનથી મલિન થયા નિજ ભાવ,**
**અભાવ થતાં એ હેતુનો, સહજરૂપ દર્શાવ.**

પુણ્યથી ધર્મ માનવો, નિમિત્તથી કાર્ય માનવું તે મિથ્યાશ્રદ્ધા છે, તે મિથ્યાભાવનો અભાવ થતાં સહજ જ્ઞાનાનંદરૂપ દેખાય છે, પુણ્ય-પાપ રહિત સ્વરૂપનું ભાન થાય છે.

પૂર્વે કહેલા પ્રકારે અનાદિકાળથી આ જીવ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમી રહ્યો છે તેથી સંસારમાં દુઃખ સહન કરે છે. તે સંસારમાં દુઃખ સહન કરતાં કરતાં કોઈ વેળા મનુષ્ય, ઢોર, દેવ આદિના વિશેષ જ્ઞાનનો ઉઘાડ પ્રાપ્ત કરે છે. ત્યાં અજ્ઞાનીને કુદેવાદિની વાત બેસી જાય છે. તેમાં ઊંધી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર વડે અનાદિના અગૃહીત મિથ્યાત્વને પોષે છે. સર્વજ્ઞ ભગવાને કહેલો માર્ગ ને સંતોએ અનુભવેલો જે માર્ગ છે તે સિવાય અન્ય જેટલા મત છે તે અન્યમત છે. દિગંબર મુનિ થાય પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રના સ્વરૂપની ખબર ન હોય તો તે પણ ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. જૈનદર્શનથી અનેરા મતો છે તે બધા ગૃહીત મિથ્યાત્વના પોષક છે. ત્યાં જીવનું દુઃખમુક્ત થવું અતિ દુર્લભ થઈ પડે છે.

જેમ કોઈ રોગીને કાંઈક સાવધાનતાથી રોગ મટે પણ કુપથ્ય સેવન કરે તો તેનું રોગમુક્ત થવું અત્યંત દુર્લભ થઈ પડે છે. તેમ અનાદિકાળથી ઊંધી શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ કરી રહ્યો છે. તેમાં જીવને કાંઈક ઉઘાડ થયો, ને દેવ, તિર્યંચ ને મનુષ્ય થયો પણ સર્વજ્ઞે કહેલા પંથ સિવાય, સનાતન દિગંબર માર્ગ સિવાયના અન્ય કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રનું સેવન કરે તો મિથ્યાત્વની વિશેષ પુષ્ટિ થાય છે, ને તેથી સંસારરોગ મટવો મુશ્કેલ છે. પ્રથમ કઠણ તો હતું પણ ગૃહીત મિથ્યાત્વથી વધારે કઠણ થયું.

જેમ વૈદ્ય કુપથ્યના વિશેષો બતાવી તેના સેવનનો નિષેધ કરે છે તેમ અહીં પણ વિશેષ મિથ્યા

શ્રદ્ધાનાદિકના કારણોના વિશેષો બતાવી તેનો નિષેધ કરીએ છીએ.

સત્ દેવ-ગુરુ-શાસ્ત્રે બતાવેલો માર્ગ એક જ સાચો માર્ગ છે, બાકી બધા માર્ગો કુદેવ, કુગુરુ, કુધર્મને પોષનારા છે. મધ્યસ્થપણે ને શાંતિથી સાંભળવું જોઈએ.

દિગંબરમાં જન્મવા છતાં તત્ત્વમાં ભૂલ કરે તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. છોકરો બહારગામ જાય ત્યારે બધી ભલામણ કરે - દરવાજા પાસે ન બેસજે, મોઢું બહાર કાઢીશ નહિ વગેરે તેમ અહીં ભલામણ કરે છે કે ગૃહીત મિથ્યાત્વના કારણો પહેલાં છોડવા પડશે. કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માને, મનાવે કે અનુમોદે તે બધા પરંપરાએ નિગોદગામી છે.

અહીં મિથ્યાદર્શનાદિકના વિશેષો બતાવી તેનો નિષેધ કરે છે. અનાદિથી જીવ જ્ઞાનસ્વરૂપ છે તેને નહિ માનતાં જીવથી અજીવની ક્રિયા થતી માને, જીવ છે તો વાણી બોલાય -એમ માને વગેરે અગૃહીત મિથ્યાત્વ છે. શરીર સારું હોય તો ધર્મ થાય -એમ માને, દયા-દાનાદિથી ધર્મ માને એટલે કે વિભાવથી સ્વભાવ માને તે અગૃહીત મિથ્યાત્વ છે.

અનાદિનું અગૃહીત મિથ્યાત્વ સંક્ષેપથી વર્ણવ્યું, તેને ગૃહીત મિથ્યાત્વ પુષ્ટિ આપે છે માટે તેને વિશેષ મિથ્યાત્વભાવ કહે છે. અગૃહીત મિથ્યાત્વાદિનું વર્ણન પૂર્વે કરી ગયા એ જ પ્રમાણે સમજવું. હવે અહીં ગૃહીત મિથ્યાત્વાદિકનું નિરૂપણ કરીએ છીએ.

## ગૃહીત મિથ્યાત્વનું નિરાકરણ

જે સર્વજ્ઞદેવ નથી તેને સર્વજ્ઞ માને, નિર્ગ્રંથ મુનિ જેને ભાવલિંગ સહિત નગ્ન દ્રવ્યલિંગ હોય છે તેને ન માનતાં અન્યને ગુરુ માને, પુણ્યથી કે નિમિત્તથી ધર્મ મનાવે તે કુધર્મ છે. ત્રિલોકનાથની વાણીમાં જે તત્ત્વો આવ્યા તેનાથી વિરુદ્ધ તત્ત્વો જે કહે છે તે બધા કલ્પિત તત્ત્વો છે. કલ્પિત તત્ત્વોની શ્રદ્ધા કરવી તે ગૃહીત મિથ્યાત્વ છે. તે ઊંધી શ્રદ્ધા દ્વારા રાગને પોષે છે. સર્વજ્ઞનો માર્ગ નિર્મળ આનંદકંદને તથા વીતરાગતાને પોષે છે. શુભરાગ પણ સંસારનું કારણ છે -એમ કહે છે. તેથી વિપરીત કહેનારા એમ કહે કે ''ભગવાનની ભક્તિથી સંસાર તૂટે, દયા-દાનથી સંસાર તૂટે''. તો તેમ કહેનારા મિથ્યાદૃષ્ટિ છે. દયા-દાનાદિના ભાવ વિકાર છે, તેનાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એમ જે શાસ્ત્રો કહે તેનો અભ્યાસ કરવો તે મિથ્યાજ્ઞાન છે. દયાથી સંસાર પરિત થાય, મુનિઓને આહાર દેવાથી સંસાર પરિત થાય એમ કહે તે કુશાસ્ત્ર છે. તેવા કુશાસ્ત્રોમાં સાચો માર્ગ છે એમ પ્રરૂપે ને તે શાસ્ત્રો પણ સાચા છે ને તેમાં પણ બધી વાત યથાર્થ કહેલી છે તેમ માનવું તે ગૃહીત મિથ્યાત્વ છે.

જે સંપ્રદાયમાં ને જે કુળમાં જીવ જન્મે તે સંપ્રદાયને સાચો માને પણ તત્ત્વનો વિચાર કરતો નથી. ખોટાં શાસ્ત્રને વાંચવા-વંચાવવા ને તેને સત્‌શાસ્ત્ર તરીકે સ્થાપવા તે મિથ્યાજ્ઞાન છે. એક



મણ દૂધમાં પાવલીભાર ઝેર નાખવામાં આવે તો તે બધું ઝેરનું કામ કરશે, તેમાંથી દૂધ જુદું નહિ પડે. તેમ કુશાસ્ત્રમાં કહેલી બધી વાત ખોટી છે. જેમાં પ્રયોજનભૂત વાત યથાર્થ ન હોય તેની એક વાત પણ માનવી નહિ. જેને વાત બેઠી નથી તેને પક્ષપાત જેવું લાગે પણ મધ્યસ્થતાથી વિચારવું જોઈએ. જૈનદર્શન-નિર્ગ્રંથ પંથ, દિગંબર પંથ એક જ અવિરોધી પંથ છે. આજે માને, બે ભવે માને, ગમે તે દિવસે માને પણ આ માન્યે જ છૂટકો છે, યુક્તિથી જેમ છે તેમ કહેવાય છે.

પંચ મહાવ્રતના પરિણામ, ૨૮ મૂળગુણ પાલનનો વિકલ્પ, તે આસ્રવ છે. તેને ચારિત્ર માનવું તે મિથ્યાચારિત્ર છે. દયા-દાનને ધર્મ માને કે તેને ધર્મનું કારણ માને તે મિથ્યાચારિત્ર છે.

હવે તેનું વિશેષ સ્વરૂપ કહીએ છીએ.

ધર્મ માટે ઈંદ્ર માનવા, ઈંદ્ર ધર્મમાં મદદ કરે -એમ માનવું, લોકપાલને માનવા તે ગૃહીત મિથ્યાત્વ છે. બધા થઈને એક જ આત્મા માનવો, રામને તથા કૃષ્ણને જગતના કર્તા માનવા તે ગૃહીત મિથ્યાત્વ છે. જગતનો કર્તા બ્રહ્મા છે, વિષ્ણુ રક્ષક છે ને મહાદેવ તેનો નાશ કરે છે, તે બધી કલ્પિત વાતો છે. બુદ્ધિને અનિત્યભાવનામાં કૃત્રિમ વૈરાગ્ય થયેલો, વગેરે માર્ગ કલ્પિત છે.

પીર પયગંબરને ખુદાના અંશ માનવા તે ગૃહીત મિથ્યાત્વ છે. હનુમાન વાંદરા હતા -તે માન્યતા ખોટી છે, તેમને શનિવારે તેલ ચડાવવાથી કલ્યાણ થાય એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે. અજ્ઞાની ભૈરવનાથને ભલું કરનાર માને છે -તે ભૂલ છે. કુદેવને લૌકિકપણે પણ માનનાર જીવ મિથ્યાદૃષ્ટિ છે. કોઈ ભૂરખિયા હનુમાને માને, ક્ષેત્રપાલને માને તે બધું મિથ્યાત્વ છે. જૈનોને ક્ષેત્રપાલ આદિની માન્યતા ન જ હોય, દેવ-દેવલા માનવા તે મિથ્યાદૃષ્ટિ છે. અંબાજી ભલું કરશે, બુટમાને માને, કુળદેવીને માને, દહાડી દેવીને માને, સતીને માને, શીતળાને માને તે બધું ગૃહીત મિથ્યાત્વ છે. કેટલાંક બૈરાંઓ પોતાના માનેલા સામાયિક, પોષહ વગેરે કરે પણ ખાનગીમાં શીતળાને માને તે ગૃહીત મિથ્યાત્વ છે.

એકમનો અન્નકૂટ કરે, બીજને દિવસે ચંદ્રમાને માને, ત્રીજને દિવસે અક્ષયત્રીજ માને, ગણેશચોથ માને, નાગપાંચમ માને, રાંદલછઠ્ઠ માને, શીતળા સાતમ, ગોકળઅષ્ટમી, રામનવમી, દશેરા, ભીમઅગિયારસ, પોડાબારસ, ધનતેરસ, કાળીચૌદસ, દીવાળી માને -તે બધી ભ્રમણા છે.

સાંઝી, ગણગૌરી, હોળી માને, હોળીને પગે લાગે, સૂર્યનારાયણને ભગવાન માને, ચંદ્રની બીજને પગે લાગે, ગ્રહ માને. પિતૃ એટલે બાપદાદાને-સુરધનને માને તે બધી ભ્રમણા છે. તેને જરા પણ વિવેક નથી. લગ્ન કર્યા પછી સુરધન પાસે છેડાછેડી છોડવા જાય તે બધી ભ્રમણા છે. વ્યંતર માની તેને ઘરમાં બેસાડે તે ભ્રમણા છે. તેમાં આત્માનું કલ્યાણ નથી. રૂપિયાની પૂજા કરે,

ગાયમાં દેવોની કલ્પના કરી તેને પૂજે. ગૌમૂત્રને પવિત્ર માને, નાગપાંચમે નાગ પૂજે, અગ્નિની પૂજા કરે, દેવતામાં થોડી રસોઈ નાખ્યા પછી ખાય, ટાઢા પાણીને પૂજે, વહેલી સવારમાં પહેલો નહાય અથવા ગંગાજળને પવિત્ર માને તે બધી ભ્રમણા છે. પીપળા, વડ તથા ખીજડાને માને, દશેરાને દિવસે શસ્ત્રને પૂજે, ખડિયો પૂજે, સારા વાસણ તથા ઉંમરાને પૂજે, નવી રેલગાડીને માતા માની પૂજે -એ બધી ભ્રમણા છે.

કુદેવાદિને માનવાથી દીકરાં-દીકરી મળે, આંખ-માથું ન દુઃખે તે બધી ભ્રમણા અધર્મની પોષક છે. એનાથી પોતાના કાર્ય સફળ થાય છે એમ શ્રદ્ધા કરે છે પણ એ બધા કાંઈ કાર્યસિદ્ધિના કારણો નથી તેથી તેવી શ્રદ્ધાને ગૃહીત મિથ્યાત્વ કહીએ છીએ.

## પોષ સુદ ૧૪, મંગળવાર, ૩૦-૧૨-૫૨.

## અદ્વૈત બ્રહ્મમત નિરાકરણ

મોક્ષમાર્ગ પ્રકાશક એટલે શું ? દરેક આત્મામાં અનંતા ગુણો છે, તેનું ભાન થઈ, અંતરમાં આનંદદશા થવી તેને મોક્ષમાર્ગ કહે છે, પૂર્ણ શુદ્ધતા થવી તેને મોક્ષ કહે છે. વિકાર આદિની દશા થવી તે સંસાર છે. સંસારી જીવો સ્વભાવે શુદ્ધ હોવાં છતાં પર્યાયમાં નિર્મળતા નથી, નિર્મળતા હોય તો પ્રગટ આનંદ હોવો જોઈએ. અનાદિકાળથી જીવ પરથી ધર્મ માને છે, દયા-દાનાદિથી ધર્મ માને છે તે બધો ભ્રમ છે. તે અગૃહીત મિથ્યાત્વ છે. તે ઉપરાંત ગૃહીત મિથ્યાત્વની વાત કરે છે. મનુષ્ય થયા પછી મિથ્યાત્વનું પોષણ કરે છે તેની વાત ચાલે છે.

આ જગતમાં એક જ આત્મા છે -એમ માને છે. પરંતુ સ્વરૂપ એવું નથી. જેમ છે તેમ ન માને તો ભ્રમણાનું પોષણ થાય છે. અદ્વૈતબ્રહ્મને સર્વવ્યાપી સર્વનો કર્તા માને છે પણ એક જ આત્મા માને તે વસ્તુસ્વરૂપ નથી. માત્ર મિથ્યા કલ્પના કરે છે. જો સર્વવ્યાપી માનીએ તો સર્વ પદાર્થો ભિન્ન ભિન્ન દેખાય છે ને તેના સ્વભાવ જુદા જુદા દેખાય છે. શરીર જડ છે ને આત્મા ચેતન છે. તો પછી બધાને એક કેમ મનાય ? એક માનવાથી વિપરીત માન્યતા થાય છે. નીચેના પ્રકારો વડે એક માની શકાય :-

એક પ્રકાર તો આ છે કે વસ્તુ ભિન્ન ભિન્ન છે પણ સમુદાયને કલ્પનાપૂર્વક કોઈ એક નામ અપાય. જેમ હાથી, ઘોડા આદિ ભિન્ન ભિન્ન છે છતાં તેના સમસ્ત સમુદાયને સૈન્ય કહેવામાં આવે છે. સૈન્ય નામની કોઈ જુદી વસ્તુ નથી. તેમ બધા પદાર્થોનું સમૂહાત્મક નામ બ્રહ્મ રાખવામાં આવ્યું હોય તો પણ બ્રહ્મ નામની કોઈ ખાસ જુદી ચીજ નથી.

બીજો પ્રકાર આ છે કે વ્યક્તિ અપેક્ષાએ તો સર્વ પદાર્થો જુદા જુદા છે. જેમ કે સો ઘોડા વ્યક્તિ અપેક્ષાએ જુદે જુદા છે પણ ઘોડાની જાતિની અપેક્ષાએ એક છે. આકારાદિની સમાનતા



જોઈ કલ્પનાપૂર્વક એક જાતિ કહેવામાં આવે છે. હવે એ જાતિ ઘોડાથી જુદી ચીજ નથી. લાખ મણ ઘઉંને જાતિએ એક કહેવાય પણ તેનો દાણો જુદે જુદો છે. તેમ અનંતા આત્માને જાતિ અપેક્ષાએ એક બ્રહ્મ માનવામાં આવે તો તેથી બ્રહ્મની જાતિ જુદી ચીજ નથી. માટે બ્રહ્મ કોઈ જુદો છે એ કલ્પના જ ઠરી.

એક પ્રકાર આ છે કે પ્રત્યેક પદાર્થ જુદે જુદા છે. તેમના મેળાપથી જે એક સ્કંધ થાય છે તેને એક કહીએ છીએ. એક પાણીમાં રજકણે રજકણ જુદું છે છતાં પિંડરૂપ દેખાય છે. તે પાણીના સમુદાયને દરિયો કે નદી આદિ કહેવાય છે. પૃથ્વીના પરમાણુઓનો મેળાપ થતાં ઘટાદિક કહીએ છીએ. આ સ્કંધને છૂટો પાડો તો જુદો પડી જાય છે. સમુદ્ર ને ઘટ વગેરે પરમાણુઓથી ભિન્ન વસ્તુ નથી. ઘણાં પાણીના પરમાણુના પિંડને દરિયો અથવા નદી કહી પણ તે કોઈ જુદી વસ્તુ નથી. ઘણાં પરમાણુઓના પિંડને ઘટ કહ્યો પણ ઘટ કોઈ જુદી વસ્તુ નથી. તેમ અનંતા આત્મા અને જડના સમુદાયને બ્રહ્મ કહીએ પણ તેથી બ્રહ્મ નામની વસ્તુ જુદી ઠરતી નથી.

આ જગતમાં સત્ય કેવું હોય તે જાણવું જોઈએ. પરાધીનતાનો ભાવ જેને દુઃખદાયક લાગે તે વિચાર કરે. કરોડ રૂપિયા ભેગા થયા તેમાં આત્માને શો લાભ ? આત્માના ડહાપણથી રૂપિયા મળતાં નથી, પૂર્વના પુણ્યને લીધે મળે છે. પુણ્ય ફરતાં રાજ્યપદ પણ ચાલ્યા જાય છે. પૂર્વના પુણ્ય હતાં ત્યાં સુધી સંયોગો દેખાયા, આત્મા પ્રભુ નિત્યાનંદ છે, પુણ્ય-પાપ ક્ષણિક છે. ધર્માત્મા સંયોગો અને રાજ્યપાટ પ્રત્યેનો રાગ છોડે છે, પરમાં સુખ નથી -એમ સમજી વૈરાગ્ય લાવી મુનિપદ લ્યે છે. પૂર્વે જેવા શુભાશુભ ભાવ કર્યા હોય તે પ્રમાણે સંયોગો દેખાય -એમ કાર્યોમાં ફેર દેખાય છે. તો તેના કારણરૂપ ભાવમાં પણ ફેર હોવો જોઈએ. માટે આત્મા ભિન્ન ભિન્ન છે, તેના ભાવો ભિન્ન ભિન્ન છે, તેના પ્રારબ્ધ ભિન્ન ભિન્ન છે ને સંયોગો મળે તે ભિન્ન ભિન્ન છે.

બધા થઈને એક આત્મા નથી. માટે કોઈ બ્રહ્મ જુદો ઠરતો નથી.

એક પ્રકાર આ છે કે અંગ જુદા જુદા છે, હાથ-પગ જુદા જુદા છે અને જેના તે અંગ છે એવો અંગી એક છે. જેમ નેત્ર, હાથ, પગ આદિ જુદા જુદા છે પણ જેના એ જુદા જુદા અંગો છે તે મનુષ્ય તો એક છે. એ પ્રમાણે સર્વ પદાર્થો તો અંગ છે અને જેના એ જુદા જુદા અંગ છે તેવો અંગી બ્રહ્મ એક છે, તેમ માનીએ તો હાથ-પગના કટકા કરો તો દેહ તથા અંગને એકપણું રહેતું નથી. તે અંગો જોડાયેલા રહે ત્યાં સુધી એક શરીર નામ પામે છે, એક જ હોત તો જુદા પડત નહિ, તેમ લોકમાં પદાર્થોમાં પરસ્પર જુદાપણું પ્રગટ દેખાય છે તો તેને એક કેવી રીતે મનાય? આ આત્મા જુદો છે ને બીજો જુદો છે. એક મોસંબી ખાતો હોય ને બીજો દાળભાત ખાતો હોય છે. તો બન્ને કેવી રીતે એક હોય છે ? છૂટા થતાં પણ એકપણું માનવામાં આવે તો જુદા પડવું ક્યાં માનશો ? માટે બધા જડ ને ચેતન અંગો છે ને અંગી એક છે તે વાત ખોટી છે. જો એક

હોય તો જુદા જુદા ન દેખાય. જુદા જુદા પદાર્થો જુદા જુદા કામ કરે છે, તેને એક જ પદાર્થ માનવામાં આવે તો જુદા જુદા કાર્ય દેખાવા ન જોઈએ માટે બધા થઈને એક માનવા તે ખોટું છે.

**જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ;**
**પ્રગટ અનુભવરૂપ છે, સંશય તેમાં કેમ ?**

અહીં કોઈ એમ કહે કે બધા પદાર્થોના મધ્યમાં સૂક્ષ્મરૂપ બ્રહ્મનું અંગ છે જે વડે સર્વ પદાર્થો જોડાયેલા રહે છે તેને કહીએ છીએ કે જે અંગ જે અંગથી જોડાયેલું છે તેની સાથે જોડાયેલું રહે છે કે તે અંગથી અન્ય અન્ય અંગની સાથે જોડાયા કરે છે ? જો પ્રથમ પક્ષ ગ્રહણ કરવામાં આવે એટલે કે બધા અંશોનો એક અંશી હોય તો જુદા જુદા કાર્ય દેખાય નહિ. સૂર્ય ગમન કરવાની સાથે બધા અંગો ચાલવા જોઈએ, બધા સાથે બ્રહ્મ જોડાયેલો હોય તો એક ગમન કરવાની સાથે બધા ગમન કરવા લાગે તેથી સ્થૂલ ને સૂક્ષ્મ બધા અંગો ગમન કરવા લાગે ને તો બધી પૃથ્વી અસ્થિર થઈ જાય. માટે બધાની મધ્યમાં પણ એક બ્રહ્મ રહેલો છે -તે વાત ખોટી છે.

જેમ શરીરનું એક અંગ ખેંચાતા આખું શરીર ખેંચાય છે તેમ બધા થઈને એક હોય તો એક ગમન કરતાં બધા ગમન કરવા જોઈએ પણ એમ થતું ભાસતું નથી. માટે સૂક્ષ્મબ્રહ્મ બધામાં જોડાયેલો છે -એમ કહેતા હો તો તે બરાબર નથી.

વળી બીજો પક્ષ ગ્રહણ કરવામાં આવે તો તેમાં પણ દોષ છે. એક અંગ તૂટી જાય તો ભિન્ન થઈ જાય ને ત્રીજામાં જોડાય તો એકપણું કેવી રીતે સિદ્ધ થાય ? તેથી સિદ્ધ થાય છે કે સર્વ લોકના એકપણાને બ્રહ્મ માનવો એ માત્ર ભ્રમ છે. બધા થઈને એક આત્મા નથી તેમ જ બધા થઈને એક જડ નથી. જો અદ્વૈત જ હોય તો વર્તમાનમાં ભૂલ શી ? એક જ ચીજ હોય તો શાસ્ત્ર શા માટે બનાવ્યા ? ને સમજાવવું શું ? માટે બધું થઈને અદ્વૈત નથી. વસ્તુસ્થિતિ ખ્યાલમાં આવી નથી તેથી કલ્પનાથી આમ માને છે.

વળી **एकोऽहम् बहुस्यामि** એમ કહે છે. પ્રથમ બ્રહ્મ એક હતો તેમાંથી બહુ થયા કહે છે. કોઈ શૂન્યમાંથી થયા કહે છે. જે વસ્તુ અભાવરૂપ હોય તે નવી ન થાય ને જે હોય તેનો સર્વથા નાશ ન થાય પણ રૂપાંતર પામે. સસલાના શિંગડા નથી તે ત્રણ કાળમાં ન થાય. જે હોય તે અવસ્થાંતર પામે પણ જે હોય તેનો સર્વથા નાશ થાય -એમ બને નહિ.

તેઓ દલીલ કરે છે કે પ્રથમ તો એક હતું, પછી તે અનેક થયું, ફરી એક થઈ જાય છે તેથી તે એક છે. જેમ જળ એક હતું, તે જુદા જુદા વાસણમાં જુદું જુદું થયું છતાં જ્યારે તે મળે છે ત્યારે એક થઈ જાય છે તેથી તે એક છે. અથવા જેમ સોનાનો પાટલો એક છે તે કંકણ કુંડલાદિકરૂપ થયો. વળી તે એક સોનાનો પાટલો બની જાય છે. તેમ બ્રહ્મ એક હતું પણ પાછળથી અનેકરૂપે



થયું. વળી તે એક થઈ જાય છે તેથી તે એક જ છે. એ પ્રમાણે એકપણું માનવામાં આવે તો જ્યારે અનેકરૂપ થયું ત્યારે તે જોડાયેલું રહ્યું કે ભિન્ન રહ્યું ? સોનામાંથી દાગીના થયા તે જુદા જુદા ન હોય તો એક દાગીનો ઊપડતાં બધા દાગીના ચાલવા માંડશે. અનેક ઘડામાં પાણી છે, તે એક હોય તો એક ઘડાનું પાણી ઊપડતાં બધા ઘડાના પાણી ઊપડવા જોઈએ અને જુદા કહેશો તો એકપણું રહેતું નથી.

વળી સોનાના દાગીનાને જાતિ અપેક્ષાએ એક કહેવામાં આવે છે પણ અહીં એક જાતિ ભાસતી નથી. લાકડા, શરીર આદિને કદી જ્ઞાન થશે નહિ. આત્મા જાણે છે કે હું જ્ઞાન છું, જડમાં ચૈતન્યપણું કદી આવતું નથી. ચેતન ને જડને જાતિ જુદી જુદી છે. આમ અનેકરૂપ છે તેને એક જાતિ કેમ કહેવાય ? માટે જાતિ અપેક્ષાએ એકપણું માનવું એ માત્ર કલ્પના જ છે એમ પહેલાં કહ્યું છે.

વળી એ બ્રહ્મ પ્રથમ એક હતું પણ પાછળથી ભિન્નપણું માનો છો તો જેમ એક પથ્થરના કટકા થઈ ગયા ને પાછા ભેગા થયા તેમ બ્રહ્મના પણ ખંડ થઈ ગયા તેને પાછા એકઠાં થવા માને છે, તો ત્યાં તે ભેગા રહે છે કે જુદા રહે છે ? જો જુદા જુદા રહે છે તો બધાનું જુદું સ્વરૂપ નક્કી થયું ને જો એક થઈ જાય તો જડ ચેતન થઈ જાય ને ચેતન જડ થઈ જાય પણ એમ બનતું નથી. શરીર પ્રમાણે આત્મા હોય તો શરીર પ્રમાણે બુદ્ધિ હોવી જોઈએ. કોઈ જાડા શરીરવાળાને બુદ્ધિ ઓછી છે ને કોઈ પાતળા શરીરવાળાને બુદ્ધિ વધારે છે. માટે શરીર અને આત્મા જુદા છે. શરીર રોગી હોય કે કાળું હોય તો તેની સાથે શું સંબંધ છે ? શરીરની જાત પ્રમાણે ચૈતન્યની જાત હોય તો મજબૂત શરીરવાળાને બુદ્ધિ ખૂબ હોવી જોઈએ -પણ એમ નથી. માટે શરીર અને આત્મા એક વસ્તુ નથી.

વળી જો અનેક વસ્તુ એક થઈ જાય ને એકની અનેક થઈ જાય તો બે પ્રકાર થઈ જાય છે. તો સદાય એક છે અથવા અનાદિ અનંત પરમ બ્રહ્મ એક છે તે વાત સાબિત થતી નથી. શરીરથી ને વિકારથી ધર્મ માને તે તો અનાદિની ભૂલ છે પણ અદ્વૈત બ્રહ્મ માને તે સ્થૂળ નવી ભૂલ છે તે બતાવે છે.

તમે કહેશો કે 'લોકરચના થતાં વા ન થતાં પણ બ્રહ્મ તો જેવું ને તેવું જ રહે છે તેથી એ બ્રહ્મ અનાદિ અનંત છે'. ત્યાં અમે પૂછીએ છીએ કે જગતમાં આ પાણી, લાકડા વગેરે દેખાય છે તે જુદા નવા થયા છે કે બ્રહ્મ પોતે તે રૂપ થયો છે ? જો નવા થયા હોય તો બ્રહ્મ ને તે ચીજો જુદી ઠરે છે ને તો બ્રહ્મ સર્વવ્યાપક ન થયો. વળી બ્રહ્મ કોઈ વાર પૃથ્વી, જળરૂપ થયું છે તો તે કોઈ વાર લોકરૂપ ને કોઈ વાર બ્રહ્મરૂપ થયું પણ જેવું ને તેવું કેવી રીતે રહ્યું ? માટે બ્રહ્મ અનાદિ અનંત એકરૂપ ન રહ્યું.

ત્યારે તેઓ કહે છે કે સમસ્ત બ્રહ્મ તો લોકરૂપ થતું નથી પણ તેનો કોઈ અંશ જ થાય છે.

તેને અમે કહીએ છીએ કે જેમ દરિયાનું એક બિંદુ વિષરૂપ થયું હોય તો સ્થૂળ દષ્ટિ વડે તે દેખાતું નથી પરંતુ સૂક્ષ્મદષ્ટિએ તો એક બિંદુનું ઝેરની અપેક્ષાએ સમુદ્રમાં અન્યથાપણું થયું. તેમ જો બ્રહ્મનો એક અંશ વિકારરૂપ થઈને લોકરૂપ થયો હોય તો સ્થૂળ દષ્ટિએ ન દેખાય પણ સૂક્ષ્મ દષ્ટિએ બ્રહ્મમાં અન્યથાપણું થયું. બ્રહ્મ અનેકપણું પામ્યું માટે બ્રહ્મમાં અન્યથાપણું થયું. અગ્નિ, પાણી આદિ દેખાય છે તે બ્રહ્મનું અન્યથાપણું થયું. એ પ્રમાણે સર્વરૂપ બ્રહ્મ માનવું એ પણ ભ્રમ જ છે.

વળી એક પ્રકાર આ છે કે જેમ આકાશ સર્વવ્યાપી છે તેમ બ્રહ્મ પણ સર્વવ્યાપી છે. જો એ પ્રમાણે તમે માનો છો તો આકાશની માફક બ્રહ્મને પણ જડ માનો, પણ તેમ હોઈ શકે નહિ. અથવા જ્યાં ઘટપટાદિક છે ત્યાં જેમ આકાશ છે ત્યાં બ્રહ્મ માનો પરંતુ ઘટપટાદિ તથા આકાશને એક જ કહીએ એ કેમ બને ?

ઘટ-પટ જુદા પડી જાય છે ને આકાશ જુદું રહે છે. તેમ બ્રહ્મ ને લોકનું એકપણું માનવું કેમ સંભવે ? વળી આકાશનું લક્ષણ તો સર્વત્ર ભાસે છે પણ બ્રહ્મનું લક્ષણ તો સર્વત્ર ભાસતું નથી. જ્ઞાનાનંદ સ્વરૂપ બધે દેખાતું નથી તો તેનો સદ્ભાવ સર્વત્ર કેમ મનાય ? એ પ્રમાણે ઉપરોક્ત રીતે સર્વરૂપ બ્રહ્મ કોઈ છે જ નહિ તથા એવા અનેક વિચારો કરતાં કોઈ પ્રકારે પણ એક બ્રહ્મ સંભવતો નથી પણ સર્વ પદાર્થો ભિન્ન જ ભાસે છે.

હવે અહીં પ્રતિવાદી કહે છે કે સર્વ એક જ છે પણ તમને ભ્રમ હોવાથી તે એક ભાસતો નથી. વળી તમે યુક્તિઓ કહી પણ બ્રહ્મનું સ્વરૂપ યુક્તિગમ્ય નથી, તે તો વચન અગોચર છે. એક પણ છે, અનેક પણ છે, જુદો પણ છે તથા મળેલો પણ છે, એનો મહિમા જ કોઈ એવો છે.

**ઉત્તર** : તને તથા સર્વને જે પ્રત્યક્ષ ભાસે તેને તું ભ્રમ કહે છે તથા જો ત્યાં યુક્તિ અને અનુમાન વડે કહીએ તો ત્યાં કહે છે કે સાચું સ્વરૂપ યુક્તિગમ્ય નથી, સાચું સ્વરૂપ તો વચન અગોચર છે. હવે વચન વિના નિર્ણય કેવી રીતે થાય ? ઘડીમાં એક કહે, વળી અનેક કહે; વળી ભિન્ન કહે અથવા અભિન્ન કહે. વળી કહે કે વચનગોચર નથી. પરંતુ અપેક્ષા બતાવતો નથી. માત્ર યદ્વા તદ્વા બોલે છે. યુક્તિ, અનુમાન બતાવીએ તો તું કહે કે વચનગોચર નથી માટે કોઈ નિર્ણય કરાવવાનો પ્રસંગ જ રહેતો નથી. માત્ર જેમ તેમ બોલી એનો મહિમા બતાવે છે એ શું ન્યાય છે ? માત્ર મિથ્યા વાચાળપણું કરે છે તો કર, પણ ન્યાય તો જેમ સત્ય હશે તેમ થશે.

વળી તે બ્રહ્મને લોકનો કર્તા માને છે તે સંબંધી મિથ્યાપણું દર્શાવીએ છીએ.

## સૃષ્ટિ કર્તૃત્વવાદનું નિરાકરણ

પ્રથમ તો એમ માને છે કે બ્રહ્મને એવી ઈચ્છા થઈ કે **એકોऽहम् बहुस्यामि** અર્થાત્ હું એક છું તે ઘણો થાઉં. ત્યાં પૂછીએ છીએ કે જે પૂર્વ અવસ્થામાં દુઃખી હોય તે સુખી થવાની ઈચ્છા



કરે તો બ્રહ્મે એકરૂપ અવસ્થાથી બહુરૂપ થવાની ઈચ્છા કરી તો તેને એકરૂપ અવસ્થામાં શું દુઃખ હતું ? ત્યારે તે કહે છે કે દુઃખ તો ન હતું પણ તેને એવું જે કુતૂહલ ઊપજ્યું. તો કહીએ છીએ કે નવરા માણસ હોય તો પાડાને લડાવે અથવા વધારે સુખ લેવા માટે કુતૂહલ કરે. જો સર્વથા સુખી હોય તો કુતૂહલ ન કરે પણ અહીં બ્રહ્મ એક અવસ્થાથી ઘણી અવસ્થારૂપ થતાં ઘણો સુખી થવો કેમ સંભવે ? વળી જે પ્રથમથી જ સંપૂર્ણ સુખી હોય તે અન્ય અવસ્થા શા માટે પલટે? માટે તારી વાત ખોટી છે.

અનેકરૂપ અવસ્થાથી જીવો સુખી થાય એમ બને નહિ તે તો ઉપાધિ વહોરેલી છે ને પહેલેથી આનંદ દશા હોય તો આનંદમાંથી દુઃખ કેમ આવે ? -એમ ન હોય. દરેક આત્મા સચ્ચિદાનંદ પ્રભુ છે, તેની પર્યાયમાં ભૂલ છે. તે પોતાની ભૂલ ટાળે તો સુધરે. એક ભૂલ ભાંગવાનું કહે છે ને બીજો ભૂલ સુધારે છે માટે જીવો જુદા જુદા છે.

અહીં બ્રહ્મ જુદી જુદી અવસ્થા પલટે છે માટે તે જો સુખી હોય તો અવસ્થા પલટાવે નહિ. પ્રયોજન વિના તો કોઈ કાંઈ પણ કાર્ય કરતું નથી. વળી તે પૂર્વે સુખી હશે પરંતુ થોડી ઈચ્છા થઈ એટલો કાળ તો દુઃખી થયો, માટે વસ્તુસ્વરૂપ એવું સંભવતું નથી.

ત્યારે તે કહે છે કે બ્રહ્મને જે કાળમાં ઈચ્છા થાય છે તે જ કાળમાં કાર્ય બની જાય છે તેથી તે દુઃખી થતો નથી. ત્યાં કહીએ છીએ કે સ્થૂળ કાળની અપેક્ષાએ તો એમ માનો પરંતુ સૂક્ષ્મ કાળની અપેક્ષાએ તો ઈચ્છા અને તેના કાર્યનું યુગપત્ હોવું સંભવતું નથી. ઈચ્છા તો ત્યારે જ થાય કે જ્યારે કાર્ય ન હોય અને કાર્ય થતાં ઈચ્છા ન થઈ માટે સૂક્ષ્મપણે ઈચ્છા રહી તેટલો કાળ દુઃખી છે કારણ કે ઈચ્છા છે તે જ દુઃખ છે.

બધી વસ્તુઓ - જડ ને ચેતન અનાદિ અનંત છે, સ્વતંત્ર છે, કોઈ તેનો કર્તા હર્તા નથી.

**હે જીવ ક્યાં ઇચ્છત ખોવત સબૈ, હૈ ઇચ્છા દુઃખમૂલ,**
**જબ ઇચ્છાકા નાશ, તબ મિટૈ અનાદિ ભૂલ.**

ઈચ્છા દુઃખનું કારણ છે, પૂર્ણાનંદને ઈચ્છા ન હોય. એક છું ને ઘણો થાઉં તેવી ઈચ્છા જ દુઃખરૂપ છે. તેથી બ્રહ્મને ઈચ્છાની કલ્પના કરે છે તે મિથ્યા છે.

### પોષ વદ ૨, શુક્રવાર, ૨-૧-૫૩.

કોઈ સૃષ્ટિનો કર્તા નથી એ વાત ચાલે છે. સૃષ્ટિનો અર્થ ઉત્પાદ થાય છે, તે ઉત્પાદ તો પર્યાયમાં થાય છે, વસ્તુની ઉત્પત્તિ થતી નથી. પરપદાર્થની પર્યાયમાં ઉત્પત્તિ તો એના કારણે થાય છે, આત્મા તેનો ઉત્પાદ કરે છે -એમ નથી. આ આત્માના કારણે શરીરની ક્રિયા થાય છે એમ માનનાર પણ સૃષ્ટિના કર્તા ઈશ્વર છે એમ માનનારની જેમ મિથ્યાદષ્ટિ છે.

શરીર, વાણી અને મનને માયાના કારણે ઉત્પન્ન થયા કહે છે. તો તેને કહે છે કે શરીર માયાથી થયું હોય તો શરીર તો સ્પર્શાદિવાળું છે, તો માયાને સ્પર્શાદિ પહેલેથી હોય તો માયા રૂપી ઠરી અને તે માયા બ્રહ્મની હતી તો બ્રહ્મ પણ મૂર્તિક ઠર્યો. ઈશ્વર તો અરૂપી છે માટે અમૂર્તથી મૂર્ત થાય નહિ. માટે તારી વાત ખોટી છે. અને જો માયામાં વર્ણાદિ ન હતા પણ નવા થયા તો અરૂપી બ્રહ્મ રૂપી થયો. બ્રહ્મ ઈશ્વર અરૂપી છે તે શાશ્વત ન રહ્યો, અને કદાચિત્ માયાના નિમિત્તે સ્પર્શાદિ થયા તો અન્ય પદાર્થ માનતો નથી તો તેના નિમિત્તે કેવી રીતે થયા અને તે માયાથી જુદા છે કે માયામયી છે ? જો માયામયી હોય તો માયાથી શરીરાદિ નીપજે છે એમ રહ્યું નહિ અને જો ભિન્ન છે તો નવા ઉપજ્યા એ વાત પણ રહેતી નથી. માટે આ રીતે માયાથી શરીરાદિ નીપજ્યા તે વાત ખોટી છે અને માયામયી કહેવું તે પણ ભ્રમણા છે.

વળી કહે છે કે બ્રહ્મમાંથી માયા થઈ અને એમાંથી ત્રણ ગુણો થયા કહે છે -તે વાત પણ ખોટી છે. રાજસ, તામસ ને સાત્વિક તે ત્રણે અવગુણ છે, તે અવગુણ માયામાંથી થાય અને માયા બ્રહ્મની છે એમ કહે તો બ્રહ્મ અવગુણવાળો ઠર્યો, પણ એમ નથી. તે ભાવ ચેતનામય પ્રત્યક્ષ દેખાય છે. તેથી આત્માથી થયેલા છે, કર્મથી થયા નથી. માન તે રાજસ, ક્રોધ તે તામસ ને લોભાદિની મંદતા તે સાત્વિક છે તે મોહકર્મના કારણે થાય છે એમ કોઈ જૈન નામધારીને કહે તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. ક્રોધાદિની પર્યાય તે જીવની પર્યાય છે, તે જીવનું કાર્ય છે પણ કર્મનું કાર્ય નથી. જેમ માયામાંથી આ અવગુણ થતાં નથી તેમ કર્મના કારણે આ અવગુણ નથી પણ તે ચેતનની પર્યાયમાં થાય છે. માટે તે ચેતનામય ભાવ છે. માયાનું સ્વરૂપ તો જડ છે, તો જડથી તે અવગુણો કેવી રીતે થાય ? ન થાય. તેમ જડ કર્મથી પણ આત્માનો વિકાર થાય નહિ. તેથી કર્મના કારણે આત્માનો વિકાર માનવો તે મિથ્યાત્વ છે. અસદ્ભૂતવ્યવહારનયથી વિકારને મૂર્ત કહેલ છે. આત્મામાં ત્રિકાળ રહેતો નથી અને કર્મના લક્ષે થાય છે માટે તેને મૂર્ત કહેલ છે. પણ ખરેખર વિકાર અરૂપી જીવનો ભાવ છે -એમ પ્રથમ નક્કી કર. જો ક્રોધાદિભાવ જડને થતા હોય તો પાષાણાદિને થવા જોઈએ, પણ એમ નથી. પણ તે તો જીવમાં જ દેખાય છે, જડમાં થતાં દેખાતા નથી. ચેતન પોતે પર્યાયમાં વિકારરૂપે થાય છતાં કર્મ ઉપર નાખે તે વસ્તુને સમજ્યા નથી. આત્માને તદ્દન શુદ્ધ માને અને મલિનતા માયાને કારણે માને તે વાત ખોટી છે. એ ભાવો જીવમાં જ થતાં દેખાય છે માટે તે ભાવો માયાથી નીપજ્યા નથી. જો તું માયાને ચેતન ઠરાવ તો માયાથી નીપજ્યા કહીશું. પણ જો માયાને ચેતન કહેવામાં આવે તો માયા ચેતન ઠરતાં તેનાથી શરીરાદિ જડ પદાર્થો નીપજ્યા એમ પણ બનશે નહિ. તેથી હવે તું નિર્ણય કર કે શરીરાદિ ભિન્ન ભિન્ન પદાર્થો છે, ભ્રમણા કરવાથી કાંઈ લાભ નથી.

વળી તે કહે છે કે ગુણોમાંથી બ્રહ્મા આદિ દેવ પ્રગટ થયા -એ કહેવું પણ ઠીક નથી. કેમ કે ગુણોમાંથી ગુણી ન થાય. ગુણીમાંથી ગુણો-પર્યાયો થાય એમ બને પણ પર્યાયમાંથી દ્રવ્ય ન



થાય. આત્મામાંથી ક્રોધ થાય પણ ક્રોધમાંથી આત્મા ન થાય. માટે રાજસાદિમાંથી બ્રહ્મા આદિ થાય નહિ. વળી રાજસાદિને તો દોષ કહેવાય છે; તે દોષમાંથી બ્રહ્મા આદિ દેવો થયા તેને પૂજ્ય કેમ કહેવાય ?

માયામય બ્રહ્મને અવતાર કહે છે. થોડા અવગુણો હોય તેને છોડાવવા માગીએ છીએ તો બ્રહ્માદિ તો દોષની મૂર્તિ છે તો તેને પૂજનીક કેમ મનાય ? અને એ ત્રણેનું કર્તવ્ય ક્રોધાદિમય ભાસે છે. માટે તે પૂજનીક કહેવાય નહિ. કેમ કે તે તો સંસારી જેવા જ ઠર્યા ને તેથી બધા સંસારી જીવોને બ્રહ્મા આદિ કહેવા પડશે. તો તે કહે છે કે સંસારી તો માયાને આધીન થાય છે પણ બ્રહ્માદિ તો માયાને આધીન થતાં નથી પણ માયા બ્રહ્માદિને આધીન છે -તો તે વાત બરાબર નથી. કેમ કે સંસારી જીવો માયાને આધીન થાય તો કામક્રોધાદિ થાય છે એમ બ્રહ્માદિને કામક્રોધાદિ દેખાય છે. માટે એમાં કાંઈ ફેર રહ્યો નહિ. કેમ કે કામને વશ થઈને નાના પ્રકારની ચેષ્ટા કરે છે, ક્રોધને વશ થઈને લડાઈ આદિ કરે છે અને માનને આધીન થઈને પોતાની ઊંચતા કરવા માગે છે તો માયાને આધીન થયેલા તે દેખાય છે. માયા તેને આધીન હોય તો એવા કાર્યો એક જ પ્રકારના ન હોય. માટે એમ ફેર નથી. સંસારી જીવ માયાને વશ થયેલા જે ક્રોધાદિના કામો કરે છે તેવા જ કામો માયાને વશ થયા વગર બ્રહ્માદિ કરે છે તો તે બ્રહ્માદિ જો માયાને વશ થાય તો તે કેટલા ક્રોધાદિના ભાવો કરે તે સમજાતું નથી. માટે બ્રહ્મામાં આવા ક્રોધાદિ હોવા છતાં તેને માયારહિત છે એમ માનવું તે જેમ અંધકારને અંધકારરહિત માનવા જેવું છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ કોઈ દેવો નથી પણ ખરેખર તો ઉત્પાદ, ધ્રુવ ને વ્યય છે, તે ત્રણે દ્રવ્યોના અંશો છે -એમ સમજવું.

હવે તે કહે છે કે બ્રહ્મા આદિને કામક્રોધાદિ થતાં જ નથી પણ તે તો લીલા કરે છે, તેને કહે છે કે તે લીલા ઈચ્છા વડે કરે છે કે ઈચ્છા વિના કરે છે ? જો ઈચ્છા સહિત કરે છે તો તે ઈચ્છા પોતે જ કામ છે અને ક્રોધથી વ્યાપતો નથી ને ક્રોધના કામ કરવા માગે એમ બનતું નથી. ક્રોધાદિ તો પ્રત્યક્ષ દેખાય છે માટે તેને ઈચ્છા રહિત માનવા તે બરાબર નથી. અને ઈચ્છા વિના તે કાર્ય થાય છે તો તે પરાધીન ઠર્યો પણ તેને પરાધીન કેમ કહેવાય ? વળી લીલા પોતે કરે અને બીજાને તે છોડાવવાનો ઉપદેશ કરે તે પણ બરાબર નથી. પોતાને લીલા પ્રિય છે તે બીજાને છોડવાનું કેમ કહેવાય ? તેથી ક્ષમા આદિનો ઉપદેશ નકામો ઠરે છે. એ રીતે લીલા ભગવાન કરે છે એ વાત ખોટી છે. માટે ભગવાને લીલા કરી છે અને બીજાને એને છોડવાનો ઉપદેશ આપે છે તેવા શાસ્ત્રો પણ ખોટાં છે.

વળી તે કહે છે કે પરમેશ્વરને કાંઈ પ્રયોજન નથી. પણ ભક્તોને મદદ કરવા અને દુષ્ટોનો નિગ્રહ કરવા માટે અવતાર ધરે છે. પણ પ્રયોજન વગર તો કોઈ કાંઈ કાર્ય કરતો નથી. વળી તે પ્રયોજન લોકોની પ્રવૃત્તિ માટે કરે છે તો તે તો બાપ પોતે કુચેષ્ટા કરે અને પુત્રને શીખવાડે

તે કાંઈ બરાબર નથી. નરક નિગોદના ભાવો પોતે કરતાં શીખવે અને નરકાદિમાં નાખે તો એવા પ્રભુને ભલો કેમ કહેવાય ? એટલે કે એવું ઈશ્વરનું કાર્ય હોય નહિ. શ્રીમદ્દે લખ્યું છે કે ''સૃષ્ટિકર્તા એવા ઈશ્વરને શું ખબર ન હતી કે જૈનો પાકશે અને સૃષ્ટિકર્તા એવા ઈશ્વરનો નિષેધ કરશે, માટે એમને ઉપજાવવા નહિ ?'' -પણ એ વાત તદ્દન ખોટી છે. દરેક પદાર્થ સ્વતંત્ર પોતે પોતાને કારણે ત્રિકાળ રહીને બદલે છે. એક બીજાનો કોઈ કર્તા નથી. તો ઈશ્વરે સૃષ્ટિને બનાવી તે વાત તદ્દન ખોટી છે.

એક પરમાણુ બીજા પરમાણુના આધારે રહ્યો નથી. કેમ કે પરમાણુમાં અધિકરણ (આધાર) નામનો એક ત્રિકાળ ગુણ છે. એક પરમાણુ બીજા પરમાણુના આધારે રહે છે એમ કહેવું તે નિમિત્તનું કથન છે. તો પછી આત્માના કારણે પરમાણુ રહે છે -એમ કહેવું તે મિથ્યા માન્યતા છે.

આત્મા ત્રિકાળ શક્તિની અપેક્ષાએ શુદ્ધ છે અને પર્યાયમાં અશુદ્ધ છે તે વાત સમજાણી નહિ એટલે દોષ માયાના કારણે થાય છે એમ માન્યું છે. અને ઈશ્વરના સ્વરૂપને પણ જાણ્યું નહિ. ભક્તોની રક્ષા માટે અને દુષ્ટોના નિગ્રહ માટે ઈશ્વર અવતાર લ્યે છે એવું પ્રયોજન માને છે એટલે કે ઈશ્વર વિના કાંઈ થતું નથી એમ માને છે. જૈન જો એમ માને કે આત્મા વિના શરીરનું ચાલવું વગેરે થાય નહિ -તો બન્ને માન્યતાએ સરખા થયા. આત્માની સ્વતંત્રતાની બેમાંથી એકેયને ખબર નથી તેથી તે મિથ્યાદૃષ્ટિ છે.

## પોષ વદ ૩, શનિવાર, ૩-૧-૫૩.

સૃષ્ટિનો કર્તા કોઈ ઈશ્વર નથી એ વાત ચાલે છે. દુષ્ટોનો નિગ્રહ કરે તેને ઈશ્વર કેમ કહેવાય? ઈશ્વર દંડ દે તે ન્યાય ન કહેવાય. વળી તું કહે છે કે ઈચ્છા વગર દુષ્ટો થયા તો એનો અર્થ તો એવો થયો કે કાં તો ઈશ્વરને જ્ઞાન જ ન હતું અને કાં તો શક્તિ ન હતી. પહેલાં ઈશ્વરમાં શક્તિ ન હતી અને પાછળથી દુઃખ દેવાની શક્તિ ક્યાંથી આવી ? એ કાંઈ પરમેશ્વરનો મહિમા નથી. એ તો રાગદ્વેષ થયા અને ભગવાનને રાગદ્વેષ હોય તો તે બીજાને રાગદ્વેષ છોડવાનો ઉપદેશ કેમ આપે ? માટે નક્કી થયું કે સૃષ્ટિનો કર્તા કોઈ નથી. અને ભગવાનની ઈચ્છા પ્રમાણે કામ ન થાય તો રાગદ્વેષ થયા વગર ન રહે. વળી દુષ્ટોને દંડ દેવાનું કામ તો હલકો માણસ કરે, પોતે અવતાર ધારણ કરીને દુઃખ દે તો તેથી ભગવાનનો મહિમા થતો નથી. માટે એ વાત સાચી નથી.

વળી મહિમા તો બીજાને બતાવવા માટે હોય છે. તો અદ્વૈત બ્રહ્મને માને છે તેને બીજાને મહિમા બતાવવાનું હોય નહિ. વળી અવતાર ધારણ કરીને મહિમા કરાવ્યો તે પણ બરાબર નથી. માટે સ્તુતિ કરાવવા માટે અવતાર ધારણ કરે છે તે વ્યાજબી નથી. કોઈ પણ આત્મા કોઈ પરદ્રવ્ય કે પર્યાયનો કર્તા નથી અને સ્વભાવની અપેક્ષાએ વિકારનો પણ આત્મા કર્તા નથી એમ કહેલ છે.



વળી પરમેશ્વર તે કાર્યો કરે છે, છતાં અકર્તા કહે છે, પણ તેનો નિર્ધાર થતો નથી. તો તે બરાબર નથી. જેમ આ મારી માતા પણ છે અને વહુ પણ છે એના જેવું થયું, તે કોણ સાચું માનશે ? તે પોતે કાર્યો કરવા છતાં અકર્તા કોણ માને ? વળી એનો નિર્ધાર ન થાય, તો નક્કી થયા વગરનું માનવું તે ગધેડાંના શિંગડા જેવું થયું. માટે એ રીતે અસંભવિત કહેવું તે ઠીક નથી.

## બ્રહ્મા, વિષ્ણુ, મહેશના સૃષ્ટિકર્તા, રક્ષક અને સંહારકપણાનું નિરાકરણ

તે કહે છે કે બ્રહ્મા સૃષ્ટિને ઊપજાવે છે, વિષ્ણુ રક્ષા કરે છે તથા મહેશ સંહાર કરે છે - તે કહેવું તે પણ મિથ્યા છે. આ તો ખરેખર ઉત્પાદ, વ્યય અને ધ્રુવની વાત છે. એને સમજ્યા નહિ એટલે આમ જુદું જુદું કાર્ય કરે એમાં વિરોધ થાય. એકને ઈષ્ટ લાગ્યું અને બીજાને અનિષ્ટ લાગ્યું તો તે વિરોધ થયો. આમ પરમેશ્વરના સ્વભાવમાં અન્યથાપણું થયું. સ્વામીનારાયણપંથમાં કહે છે કે એક જ ઈશ્વર માનવો, બીજો ઈશ્વર માનવો નહિ કેમ કે એકને વરસાદ વરસાવવો હોય અને બીજાને ન વરસાવવો હોય તો તકરાર થાય. એક ઈશ્વરને બે પ્રકાર થવાનું કારણ શું છે ? કારણ વગર હોય નહિ. સૃષ્ટિ તો ઈશ્વરને આધીન નથી તો પહેલા ઈષ્ટ થઈ અને પછી અનિષ્ટ ક્યાંથી થઈ ? પણ ખરેખર સૃષ્ટિનો કોઈ કર્તા નથી.

ઈશ્વર કર્તા હોય તો ઈશ્વરે ક્યાં ઊભા રહીને સૃષ્ટિ કરી અને તેની સામગ્રી ક્યાંથી આવી ? સામગ્રી, જગ્યા અને ઈશ્વર પોતે અનાદિના છે એમાં નવું શું બનાવ્યું ? માટે કોઈએ સૃષ્ટિ બનાવી નથી. એક સાથે બનાવી હોય તો ઘણાં હાથો જોઈએ અને ઘણાં હાથો ન હોય તો આગળ પાછળ થાય તો ઈચ્છા પ્રમાણે થયું નહિ. માટે ઈશ્વર કર્તા છે જ નહિ.

વળી જેમ રાજા આજ્ઞા કરે તે અનુસાર કાર્ય થાય તેમ બ્રહ્માની આજ્ઞાથી સૃષ્ટિ નીપજે છે તો તેણે કોને આજ્ઞા આપી, અને જેને આજ્ઞા આપી તે સામગ્રી ક્યાંથી લાવ્યો અને કેવી રીતે રચના કરી ? તે કહે.

વળી જેમ ઋદ્ધિધારી ઈચ્છા કરે તે અનુસાર કાર્ય સ્વયં બને છે. તે બ્રહ્માની ઈચ્છાથી કાર્યો થાય તો બ્રહ્મા તો માત્ર ઈચ્છાનો કર્તા થયો. લોક તો સ્વયં બન્યો એમાં બ્રહ્માનું કર્તાપણું આવ્યું નહિ. તું કહીશ કે પરમબ્રહ્મે પણ ઈચ્છા કરી અને બ્રહ્માએ પણ ઈચ્છા કરી ત્યારે લોક થયો. તો તેથી એમ નક્કી થયું કે એકલા પરમબ્રહ્મની ઈચ્છાથી લોક થયો નહિ. માટે બ્રહ્માની ઈચ્છા કાર્યકારી નથી તેથી તેનામાં શક્તિહીનપણું ઠર્યું.

વળી કેવળ રચના કરવાથી લોક બને તો જે બનાવે છે તે તો સુખને માટે બનાવે છે. પણ લોકમાં સારા પદાર્થો તો થોડા છે અને ખરાબ પદાર્થો ઘણા છે. ત્યાં તો દેવાદિ તો રમવા અર્થે બનાવ્યા પણ કીડા, કૂતરા આદિને શા માટે બનાવ્યા ? તે કાંઈ સૃષ્ટિની ઈષ્ટતા કહેવાય નહિ અને

તે કાંઈ ભક્તિ આદિ પણ કરતા નથી. દરિદ્રી, નારકી આદિને જોવાથી દુગંછા થાય છે, એવા પદાર્થો શા માટે બનાવ્યા ? માટે સૃષ્ટિનો કોઈ કર્તા નથી. વળી તે કહે છે કે હલકા જીવો પોતાના પાપકાર્યોથી દુઃખ ભોગવે છે. તો તેને કહે છે કે - પહેલાં એવા શા માટે બનાવ્યા ? પહેલાં ભગવાનને આધીન હતા અને પાછળથી પાપ કરવા લાગી ગયા તો પાછળથી આધીન ન રહ્યા. તેથી બ્રહ્માને દુઃખ જ થયું, તે બ્રહ્માના પરિણમાવ્યા પરિણમે છે -તો એમ પણ નથી.

વળી અજીવ પદાર્થોમાં સોનું, સુગંધાદિ પદાર્થો તો રમવા માટે બનાવ્યા પણ કુવર્ણ, દુર્ગંધાદિ દુઃખદાયક વસ્તુ શા માટે બનાવી ? પાપી જીવોને દુઃખ દેવા માટે બનાવી તો તે પોતે જ બનાવેલા જીવોને તેણે આવી દુષ્ટતા શા માટે કરી ?

બ્રહ્માની વાત કરી, એના ઘણાં પ્રકાર કહ્યા. એણે પદાર્થો બનાવ્યા-એ બરાબર નથી.

વિષ્ણુ જગતનો રક્ષક છે એમ કહે છે. રક્ષક એને કહેવાય કે સુખ ઉપજાવવાના કારણોનો નાશ થવા ન દે અને દુઃખ ઉપજાવવાના કારણો ન થવા દે. પણ લોકમાં તો દુઃખના કારણો પ્રત્યક્ષ જોવામાં આવે છે. ભૂખ-તૃષા આદિ દેખાય છે. સદા તૃપ્ત તૃપ્ત હોવું જોઈએ. તડકા પડે, બરફ પડે, માણસો મરી જાય છે, તો વિષ્ણુ રક્ષક છે તો તે ક્યાં ગયો ? માટે જગતનો રક્ષક કોઈ નથી. બોમ્બ પડે છે ને હજારો માણસો મરી જાય છે. આવા અરક્ષાના કારણો શા માટે બનાવે છે ? શરીરમાં રોગ થાય છે તે શા માટે થવા દે, અગ્નિ લાગે છે, સેંકડો મકાનો સળગી જાય છે, નાશના કારણો પ્રત્યક્ષ દેખાય છે. તો વિષ્ણુ રક્ષક છે એ વાત ખોટી છે. સુખના કારણો પણ ઉપજાવ્યા નહિ.

ત્યારે કહે છે કે વિષ્ણુ રક્ષક જ છે. ક્ષુધાદિ નાશ માટે અન્નજળાદિ બનાવ્યા છે. કીડીને કણ ને હાથીને મણ પહોંચાડે છે -એમ વિષ્ણુ રક્ષા કરે છે. તો તેને કહીએ છીએ કે ઘણા જીવો અનાજ વગર મરી ગયા જોઈએ છીએ ત્યાં વિષ્ણુને શક્તિ ન હતી કે તેને જ્ઞાન ન હતું ? ત્યારે તે કહે છે કે એ જીવોના પોતાના કર્તવ્યનું ફળ છે, પણ તે વ્યાજબી નથી. જેમ કોઈ લોભી વૈદ્ય દર્દીને સારું થાય તો મારી દવાથી થાય છે -એમ કહે અને સારું ન થાય તો એના કારણે થાય છે એમ કહે છે -એમ વિષ્ણુ સારું થાય એ તો મારું કાર્ય થયું અને ખરાબ થાય તો એના કારણે થાય છે, તે લોભી, શક્તિહીન અને જૂઠા વૈદ્ય જેવું થયું. કાં તો ભલું અને બૂરું જીવનું કર્યું કહે અથવા તો વિષ્ણુનું કર્યું કહે. તો આવું ખરાબ કામ કરે એને રક્ષક કેમ કહેવાય ? અને પોતાના કર્તવ્યનું ફળ કહે તો વિષ્ણુએ કાંઈ કર્યું નથી અને જો કહે કે ભક્તોને વિષ્ણુ આપે છે તો કીડી, હાથી વગેરે ભગવાનનું ભજન પણ કરતાં નથી તો તેને પણ અનાજ પહોંચાડે છે તો તે વાત સાચી નથી. હવે ભક્તોની વાત કહે તો અભક્તો ભક્તોને પણ પીડા વગેરે કરતાં જોઈએ છીએ. ત્યાં કાંઈ બધાને સહાય કરતો નથી. મંદિર વગેરે તોડી નાખે છે, ધર્મના વિરોધીઓ



તેમને મારે છે તો ત્યાં વિષ્ણુ રક્ષક છે તે ક્યાં ગયો ? માટે વિષ્ણુને રક્ષક માનવો તે ભ્રમણા છે. વિષ્ણુને શક્તિ ન હતી તો દુષ્ટો કરતાં તેની ઓછી શક્તિ થઈ અને જ્ઞાન ન હતું તો હીન જ્ઞાનવાળો થયો અને ખબર હતી તો પીડા કેમ થવા દીધી ? -તો ભક્તવત્સલ ભગવાન છે એ પણ રહેતું નથી. માટે વિષ્ણુને રક્ષક માનવો તે વ્યાજબી નથી.

હવે મહેશની વાત કરે છે. મહેશ સંહાર કરે છે તે સદા સંહાર કરે છે કે પ્રલય વખતે જ કરે છે ? જો સદા કરે છે તો એની નિંદા કરવી જોઈએ કેમ કે સંહારક અને રક્ષક પરસ્પર પ્રતિપક્ષી છે. વળી મહેશ પોતાના અંગોથી સંહાર કરે છે કે કોઈને આજ્ઞા કરે છે ? જો પોતાના અંગો વડે સંહાર કરે તો સર્વ જગતના પદાર્થોને સંહાર કેવી રીતે કરે છે ? વળી આજ્ઞા આપી તો કોને કોને આપી ? આ બધો વિરોધ આવે છે. તું કહીશ કે મહેશ તો ઈચ્છા જ કરે છે. તો સંહાર કરવાના પરિણામ તો દુષ્ટ છે અને મહાપ્રલય થતાં જે સંહાર થાય છે તે પરમબ્રહ્મની ઈચ્છાથી થાય છે કે તેની ઈચ્છા વિના થાય છે ? તેની ઈચ્છાથી થાય છે તો તે પણ ક્રોધી થયો. વળી તેને સંહાર કરવાની ઈચ્છા કેમ થઈ ? કારણ વગર ઈચ્છા થાય તે બહાવરા જેવી વાત છે. ખેલ કરવાવાળાની જેમ પોતાને ઈષ્ટ લાગે ત્યારે બનાવે અને અનિષ્ટ લાગે ત્યારે નાશ કરે -એ તો રાગદ્વેષ થયા. સાક્ષીભૂત પરમબ્રહ્મનું સ્વરૂપ છે એમ રહ્યું નહિ. કેમ કે કર્તા-હર્તાપણાને અને સાક્ષીભૂતપણાને વિરોધ છે. સાક્ષીભૂત તો એને કહેવાય કે જે સ્વયં હોય તેમ જાણ્યા-દેખ્યા કરે. માટે આમ પરસ્પર વિરોધ વાત એકમાં સંભવતી નથી.

વળી પરમબ્રહ્મને પહેલાં એવી ઈચ્છા થઈ કે હું એક છું તે ઘણો થાઉં અને પાછળથી ઈચ્છા થઈ કે હું ઘણો છું તે એક થાઉં. -આ તો ભોળપણા જેવું કામ થયું. ભવિષ્યનો વિચાર કર્યા વગર કર્યું માટે તે પણ બરાબર નથી.

વળી પરમબ્રહ્મની ઈચ્છા વિના મહેશ સંહાર કરે છે તો તે પરમબ્રહ્મ અને બ્રહ્મા બન્નેનો વિરોધી થયો તે પણ બરાબર નથી. વળી સંહાર થાય છે ત્યારે સર્વ લોકના જીવ અને અજીવ પદાર્થો હતા તે ક્યાં ગયા ? ભક્તો બ્રહ્મમાં ભળ્યા અને અન્ય પાપી માયામાં ભળ્યા, તો માયા છે તે બ્રહ્મથી જુદી રહે છે કે ભેગી ? જો જુદી હોય તો બ્રહ્મની જેમ માયા પણ નિત્ય ઠરી, તેથી અદ્વૈતબ્રહ્મ ન રહ્યો અને માયા બ્રહ્મમાં ભળી ગઈ તો પાપી પણ બ્રહ્મરૂપ થયા માટે મોક્ષનો ઉપાય કરવાની જરૂર રહી નહિ. વળી જે જીવો માયામાં મળ્યા હતા તે લોકરચના થતાં પાછા આવે છે કે નવા જીવો થાય છે ? જો તે માયામાં ભળેલા જીવો પાછા આવતા હોય તો ત્યાં પણ તે જીવો જુદા રહે છે માટે માયા સાથે મળી જાય છે એ વાત રહી નહિ. અને જો જુદા જુદા રહેતા નથી તો જીવનું અસ્તિત્વ ન રહ્યું. માટે પણ મોક્ષ ઉપાય કરવો નકામો થાય છે. હવે અજીવની વાત કરે છે. અજીવ પદાર્થો માયામાં ભળી જાય તો માયા સચેતન અમૂર્તિકમાં, અચેતન મૂર્તિક

પદાર્થો કેવી રીતે ભળે ? જો માયા અચેતન મૂર્તિક હોય તો તે પણ પરમબ્રહ્મમાં કેવી રીતે ભળે? અને બ્રહ્મમાં ભળે તો પરમબ્રહ્મ મૂર્તિક અચેતન ઠર્યો અથવા મિશ્રિત થયો અને જો બ્રહ્મમાં ભળતી નથી તો અદ્વૈતતા રહી નહિ. માટે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ જગતના કર્તા, રક્ષક, સંહારક છે એમ માનવું તે મિથ્યા છે.

## પોષ વદ ૪, રવિવાર, ૪-૧-૫૩.

અહીં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સૃષ્ટિના કર્તા, રક્ષક કે સંહારક નથી એ વાત ચાલે છે. જગતના પદાર્થો સ્વયંસિદ્ધ અનાદિનિધન છે. માટે તેનો કોઈ કર્તા નથી, રક્ષક નથી અને નાશક પણ નથી. તો કોઈ ઈશ્વરને કર્તા કહે તો તે વાત ખોટી છે. જૈનમાં રહીને કોઈ કહે કે આત્માને લઈને શરીર ચાલે અને કર્મનો નાશ આત્મા કરે એમ માને તો જે બ્રહ્મા જગતનો કર્તા છે અને મહેશ જગતનો નાશક છે એમ માનનારાના જેવો આ પણ મિથ્યાદૃષ્ટિ છે. કર્મ તો જડ પદાર્થ છે તેની પર્યાય તો સ્વયં નાશ થાય છે, આત્મા તેનો નાશ કરતો નથી માટે આત્મા જડ કર્મનો નાશ કરે છે -એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે.

શ્રી સમયસારમાં કહેલ છે કે ''હું છ'કાય જીવનો રક્ષક છું'' એમ કોઈ સાધુ નામ ધરાવીને માને તો તે જગતકર્તા ઈશ્વરની માન્યતાવાળાની જેવી માન્યતા થઈ. આમ બન્નેની એક સરખી માન્યતા થઈ એટલે કે તે મિથ્યાદૃષ્ટિ છે. આત્મા શરીરની પર્યાયનો સહાયક છે -એમ પણ નથી. કેમ કે શરીરની અવસ્થા સ્વતંત્ર થાય છે. એની ઉત્પત્તિ થવી કે નાશ થવો તે તેના કારણે થાય છે તેને બદલે આત્મા એને કરે છે અને નાશ કરે છે એમ માનવું તે બ્રહ્માને ઉત્પાદક અને મહેશને નાશક માને છે એના જેવી માન્યતા થઈ. તે મિથ્યાદૃષ્ટિની માન્યતા છે. એટલે સ્થૂળ ગૃહીત મિથ્યાદૃષ્ટિ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આદિને માને છે તેવી જ માન્યતા જૈન નામ ધરાવીને કરે છે તેની વાત પણ સાથે આવી જાય છે.

પૃથ્વી, પાણી, અગ્નિ આદિ જે પદાર્થો છે એનો મહેશે સંહાર કર્યો એમ કહે તો તેનો નાશ થતાં તે પદાર્થ અમૂર્તમાં ભળી જાય છે તેથી તે અમૂર્ત થઈ જાય છે અને જુદા રહે છે તો અદ્વૈતતા રહી નહિ, શરીરાદિ બ્રહ્મમાં ભળી જાય છે તેથી તે ચેતન બની જાય છે. અહીં સંસારી અજ્ઞાની જીવો પણ શરીર અને આત્માને એક માને છે તેના જેવું થયું. તો પરમબ્રહ્મમાં અને અજ્ઞાનીમાં કાંઈ ફેર રહ્યો નહિ એટલે પરમબ્રહ્મ અજ્ઞાની ઠર્યો. કોઈ એમ માને કે અત્યારે શરીર અને આત્મા એક છે, સિદ્ધ થાય ત્યારે જુદા પડે છે -એમ માનનાર અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે.

શંકર જ્યારે લોકનો નાશ કરે છે ત્યારે શંકરનો સાથે નાશ થાય છે કે આગળપાછળ થાય છે? જો શંકર પોતે જ નાશ થાય તો પરનો નાશ કેવી રીતે કરે ? તેમ કોઈ કહે કે અમે કર્મનો નાશ કર્યો તો તેં તારી પર્યાયનો નાશ કર્યો કે જડ કર્મનો નાશ કર્યો ? બે પદાર્થો ભિન્ન છે તેથી



પરનો નાશ કરતો નથી. કર્મ સ્વયંસિદ્ધ પદાર્થ છે તે પોતાના કારણે નાશ પામે છે, આત્મા તેનો નાશ કરતો નથી. આત્મા સ્વભાવદૃષ્ટિ કરે એટલે વિકારનો નાશ થાય છે ત્યારે કર્મનો એના કારણે નાશ થાય છે માટે શંકર લોકનો નાશ કરે છે -એમ માનવું તે મિથ્યાત્વ છે.

આ પ્રમાણે અને અનેક પ્રકારથી બ્રહ્મા, વિષ્ણુ, મહેશને સૃષ્ટિને ઉપજાવનાર, રક્ષા કરનાર કે સંહાર કરનાર માનવા તે મિથ્યા છે -એમ સમજી લોકને અનાદિ નિધન માનવો, ધ્રુવ ગુણ રક્ષક અને નવી પર્યાય થઈ તે ઉત્પાદ અને પૂર્વની પર્યાયનો વ્યય તે સંહાર -એમ દરેક આત્મા અને પુદ્ગલ આદિને વિષે માનવું. દરેકે દરેક પદાર્થમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું હોવાથી તે પદાર્થમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશપણું લાગુ પડે છે. કોઈ જુદો બ્રહ્મા, વિષ્ણુ, મહેશ નથી -એમ સિદ્ધ કર્યું.

## લોકના અનાદિનિધનપણાની પુષ્ટિ

આ લોકમાં જે જીવાદિક પદાર્થો છે તે જુદા જુદા અનાદિનિધન છે, દરેક દ્રવ્ય પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે અને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી -એમ સ્વયંસિદ્ધ પદાર્થ છે. કર્મનો રજકણે રજકણ જુદો છે. ભાષાના રજકણો જુદા જુદા છે, કોઈ રજકણને કોઈ અન્ય રજકણ સાથે સંબંધ નથી. તે પદાર્થની અવસ્થા બદલ્યા કરે છે તેથી તે પદાર્થને ઊપજતા-વિણસતા કહીએ છીએ. કોઈ પદાર્થને કોઈ પદાર્થ ઉત્પન્ન કરે નહિ તેમ નાશ પણ કરે નહિ. આવો વસ્તુનો સ્વભાવ છે એમ સમજે નહિ અને બહારમાં ક્રિયાકાંડમાં રોકાય તો તેને અંશમાત્ર ધર્મ થતો નથી. આ માર્ગ કાંઈ નવો નથી, અનાદિનિધન છે -એને બરાબર સમજવો જોઈએ.

આત્મા અને પુદ્ગલાદિ અનંત પદાર્થો સ્વયંસિદ્ધ છે, એને કોઈ નવા કરે નહિ પણ એની અવસ્થા પલટે છે. તેને પણ કોઈ બીજો બદલાવતો નથી. પોતાની પર્યાયની અપેક્ષાએ પદાર્થ ઊપજ્યો અને નાશ થયો એમ કહેવાય છે. પદાર્થ ઊપજતો નથી અને નાશ થતો નથી. સ્વર્ગ, નરક, દ્વીપાદિ છે તે અનાદિથી એ જ પ્રમાણે છે. એને કોઈએ બનાવ્યા નથી, અને સદા એમ ને એમ રહેશે. ઊર્ધ્વ, અધો અને તિર્છો -એમ ત્રણ લોકની વાત કરી. તે ધ્રુવપણે રહે છે. એનો કર્તા કે નાશક હોય નહિ. એક સમય તે સૌ સમય વર્તી રહ્યા છે.

વળી કોઈ કહે કે બધા પદાર્થોના આકાર જુદા જુદા છે તો કોઈના બનાવ્યા વિના થાય નહિ. તો એમ પણ નથી. કારણ કે અનાદિથી જે છે એમાં તર્ક શો ? જેમ પરમબ્રહ્મને અનાદિનિધન માને છે તેમ સ્વર્ગાદિ પણ અનાદિનિધન છે. એક છે એમ અનેક પણ અનાદિનિધન છે. વળી તને એમ થાય કે જીવાદિ અથવા સ્વર્ગાદિ કેવી રીતે થયા ? તો પૂછીએ છીએ કે પરમબ્રહ્મ કેવી રીતે થયો ? વળી લોકની રચના કોણે કરી ? તો અમે પણ પૂછીએ છીએ કે પરમબ્રહ્મ આવો કોણે બનાવ્યો ? તું કહીશ કે પરમબ્રહ્મ સ્વયંસિદ્ધ છે. તો અમે પણ કહીએ છીએ કે સ્વર્ગાદિ

પણ સ્વયંસિદ્ધ છે. પરમબ્રહ્મ અને જીવાદિની સ્વયંસિદ્ધતા અનાદિઅનંતની સમાનતામાં કોઈ દોષ નથી. વળી જીવાદિથી જુદો પરમબ્રહ્મ કોઈ નથી કેમ કે સંસારમાં જે જીવ છે તે યથાર્થ જ્ઞાન વડે મોક્ષમાર્ગ સાધનથી સર્વજ્ઞ વીતરાગ થાય છે, તે જ પરમબ્રહ્મ છે.

આત્મા પોતે અનંત ગુણોથી પરિપૂર્ણ ભરેલો છે, તેની પર્યાયમાં શુભાશુભ ભાવ થાય છે તે વિકાર છે અને શરીરાદિ પર છે એમ યથાર્થ જ્ઞાન વડે મોક્ષમાર્ગ પ્રગટ કરે, તે સાધનથી વીતરાગ થવાય છે એમ કહે છે. અહીં યથાર્થ જ્ઞાન વડે કહેલ છે પણ કોઈ ક્રિયાકાંડ કે ભક્તિ આદિના સાધન વડે સર્વજ્ઞ વીતરાગ થવાતું નથી. પર્યાયબુદ્ધિ છોડી સ્વભાવબુદ્ધિ કરે તેને યથાર્થ જ્ઞાન વડે સ્થિરતા થાય છે. પણ અસત્ય જ્ઞાન વડે સ્થિરતા થતી નથી. પ્રથમ જગતના પદાર્થોને જેમ છે તેમ યથાર્થ જ્ઞાન વડે જાણવા જોઈએ. તે જ્ઞાન વડે મોક્ષમાર્ગનું સાધન થાય છે. તે સાધન વડે સર્વજ્ઞ વીતરાગ થાય છે તે પરમબ્રહ્મ છે. એવા અનંતા પરમબ્રહ્મ છે. એક અદ્વૈત પરમબ્રહ્મ છે -એમ નથી.

**પ્રશ્ન** : તમે ન્યારા ન્યારા જીવો અનાદિનિધન કહો છો પણ મોક્ષ થયા પછી તો તે નિરાકાર થાય છે તો ત્યાં ન્યારા ન્યારા કેવી રીતે સંભવે ?

**ઉત્તર** : આત્માઓ મુક્ત થાય છે તે સર્વજ્ઞદેવને દેખાય છે કે નહિ ? જો દેખાય છે તો તેને આકાર ન હોય તો તે પદાર્થ દેખાય નહિ. આત્મા, પુદ્‌ગલ, આકાશ વગેરે બધા પદાર્થોને આકાર હોય છે કેમ કે જો આકાર ન હોય તો ક્ષેત્ર રહેતું નથી. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ તો દરેક પદાર્થનો સ્વભાવ છે માટે ક્ષેત્રરહિત કોઈ પદાર્થ નથી. એટલે દરેક આત્માનો આકાર છે. જો આકાર ન હોય તો તે વસ્તુ જ નથી, અને પદાર્થ જુદો જુદો દેખાતો ન હોય તો તે જાણનાર સર્વજ્ઞ નથી. હા, તે પદાર્થનો આકાર ઈંદ્રિયગમ્ય નથી માટે નિરાકાર કહેવાય છે પણ તેથી કરીને જ્ઞાનગમ્ય નથી -એમ નથી. પણ સર્વજ્ઞના જ્ઞાનમાં તો દરેક આત્માનો ભિન્ન ભિન્ન આકાર પોતાની સત્તાથી છે -એમ જણાય છે.

આકાર હોય તો રૂપી થઈ જાય -એમ પણ નથી પણ જો આકાર ન હોય તો અવસ્તુ થઈ જાય છે. દરેક પદાર્થનો આકાર જુદો જુદો છે, એમાં કાંઈ દોષ આવતો નથી. જાતિ અપેક્ષાએ એકતા માનીએ તો એમાં વાંધો નથી. જેમ ઘઉં જાતિ અપેક્ષાએ એક છે પણ દરેકે દરેક ઘઉંનો દાણો જુદો જુદો છે. તેમ આત્મા જાતિ અપેક્ષાએ એક છે પણ દરેકે દરેક આત્મા ભિન્ન ભિન્ન છે -એમ માનવું. એ પ્રમાણે યથાર્થ શ્રદ્ધાન વડે લોકમાં સર્વ પદાર્થો અકૃત્રિમ, જુદા જુદા અનાદિઅનંત માનવા પણ જો નિરર્થક ભ્રમ વડે સાચ-જૂઠનો નિર્ણય જ ન કરે તો તું જાણે, કારણ કે તારા શ્રદ્ધાનનું ફળ તું જ પામીશ.



## અવતારમીમાંસા

વળી તેઓ બ્રહ્માથી પુત્ર-પૌત્રાદિ વડે કુલપ્રવૃત્તિ ચાલી કહે છે. એ કુલોમાં રાક્ષસ, મનુષ્ય, દેવ અને તિર્યંચોમાં પરસ્પર પ્રસૂતિભેદ તેઓ બતાવે છે. પણ એ વાત સંભવતી નથી. દેવથી મનુષ્ય, મનુષ્યથી દેવ, પુત્ર-પુત્રીઆદિનું થયું સંભવતું નથી. કોઈ દેવને મનુષ્ય સાથે વિષય હોય નહિ. શ્વેતાંબરમાં આવે છે કે દેવ મનુષ્ય સાથે કે તિર્યંચ સાથે વિષય લે છે પણ તે વાત બરાબર નથી. ભરત ચક્રવર્તીની સાથે ગંગાદેવી બેન તરીકે રહેલા હતા -એમાં દોષ નથી પણ દેવ સાથે મનુષ્ય સવિષય લે એમ બને નહિ. માટે કોઈ દેવથી કે અન્યથી પુત્ર-પુત્રીનું ઊપજવું કહેવું તે બરાબર નથી.

## પોષ વદ ૫, સોમવાર, ૫-૧-૫૩.

અન્યમતી એમ કહે છે કે ભગવાન અવતાર ધારણ કરે છે, તે વાત ખોટી છે. દેવથી મનુષ્ય થાય અને મનુષ્યથી તિર્યંચ આદિ થાય છે એમ કહે છે તે વાત સાચી નથી. વળી મનથી પુત્ર થાય, પવનકુમાર પવનથી થયો કહે છે, વીર્ય સુંઘવા આદિથી પુત્ર થાય -એ વાત પ્રત્યક્ષ વિરુદ્ધ ભાસે છે. મહાન પુરુષ બીજા માતાપિતાથી ઊપજે એ વાત બને નહિ. અન્યમતી બીજાથી બીજાનો અવતાર કહીને મહંતતા બતાવે છે પણ તે તો ગાળ છે, મહંતતા નથી.

વળી અન્યમત પૂર્ણાવતાર અને અંશાવતાર કહે છે. તે પણ પ્રત્યક્ષ વિરુદ્ધ વાત છે કેમ કે પૂર્ણાવતાર થાય તો એટલો જ માત્ર બ્રહ્મ રહ્યો અને અંશાવતાર કહો તો બધા અંશાવતાર છે તો પછી પરમેશ્વર અંશાવતાર ધારણ કરે છે એની મહત્તા રહી નહિ. વળી અવતાર ધારણ કરીને કાર્ય કરવું પડ્યું તો બ્રહ્મની શક્તિ અવતાર ધારણ કર્યા વગર હતી એ વાત રહી નહિ અને અવતાર પણ ઘણાં પ્રકારના હલકા ધારણ કર્યા કહે છે પણ તે બધી કલ્પિત વાતો છે. નરસિંહ અવતાર ધારણ કર્યો કહે છે પણ તે તો હલકો ભાંડ જેવો અવતાર કહેવાય. માટે તે બધી વાત ખોટી છે.

વળી નાભિરાજાને ત્યાં વૃષભદેવનો અવતાર થયો કહે છે અને તે સુખને માટે ધર્યો કહે છે અને વળી તપશ્ચર્યા કરી કહે છે પણ તે પ્રત્યક્ષ વિરુદ્ધ છે. કોઈ અવતાર ભોગાદિ બતાવે, કોઈ અવતાર ક્રોધાદિ પ્રગટ કરે, કોઈ કુતૂહલમાત્ર નાચે તો એવા અનેક પ્રકારના અવતાર થયા બતાવે છે તો એમાં કયો અવતાર સારો કહેવો ? કાંઈ ઠેકાણું જ નથી માટે તે વાત ખોટી છે. વળી અરહંત નામનો રાજા થયો કહે છે પણ અરહંત તો વીતરાગ સર્વજ્ઞ છે, તે પૂજવાયોગ્ય છે, તેને અર્હત કહેવાય છે, તેની તો તેમને ખબર નથી.

વળી તેઓ રામ અને કૃષ્ણના અવતારને વિરુદ્ધ રીતે કલ્પે છે. ખરેખર તો રામ મોક્ષ ગયા

છે. કૃષ્ણ અવતારને ગોગાળિયા ઠરાવે છે. વળી રામ-કૃષ્ણનું એક જ સ્વરૂપ કહે છે. તો વચ્ચેના કાળમાં બ્રહ્મ ક્યાં રહ્યો ? બ્રહ્મથી જુદા રહ્યા તો બે થયા અને એક રહ્યા તો રામ તે કૃષ્ણ થયા અને સીતા તે રુકમણિ થયા -એમ બને નહિ. રાધિકા ભક્ત હતી તેને મુખ્ય કરી તે પણ બરાબર નથી. પરસ્ત્રી સેવનને ભલું કેમ કહેવાય ? માટે તે કૃષ્ણાદિ અવતાર કહે છે તે બરાબર નથી.

વળી લક્ષ્મીને ભગવાનની સ્ત્રી કહે છે. પણ લક્ષ્મી તો પૃથ્વી આદિની જેમ ધૂળ છે. માટે એનો ભરથાર નારાયણ નથી પણ લોકોને ભોગોની વાત ભગવાનના નામે કહે તો સારું લાગે છે, પણ એ તો ભ્રમમાં નાખવા જેવું છે.

એ પ્રમાણે તેઓ અવતાર કહે છે ને તેને બ્રહ્મનું સ્વરૂપ કહે છે અને બીજા જીવોને પણ બ્રહ્મસ્વરૂપ કહે છે. મહાદેવને બ્રહ્મસ્વરૂપ કહે છે અને એને યોગી કહે છે. વળી સ્ત્રી રાખે, મૃગછાલા રાખે તો તે બધું વિરુદ્ધતાવાળું છે કેમ કે આ બધું બહાવરા જેવું હોવાં છતાં બ્રહ્મસ્વરૂપ કહેવું તે વ્યાજબી નથી.

વળી તેઓ કૃષ્ણને એનો સેવક કહે છે અને કોઈ વેળા કૃષ્ણનો સેવક તેને કહે છે, કાંઈ ઠેકાણું નથી. વળી વિષ્ણુએ કહ્યું છે કે ધાતુઓમાં હું છું, સૂર્ય આદિ બ્રહ્મનું સ્વરૂપ છે પણ તે ઠેકાણાં વગરની વાત છે. આમ જૂઠી મહંતતા કરવા માટે અનેક યુક્તિ કહે છે. વળી દેવીઓને માયાનું સ્વરૂપ કહીને હિંસાદિ પાપ ઊપજાવી પૂજન કરાવે છે. ગાય, સર્પાદિક, અભક્ષ્યભક્ષણાદિ સહિત પશુને તેઓ પૂજે છે. વૃક્ષાદિને કલ્પિત યુક્તિ બનાવી પૂજ્ય કહે છે. ઘણું શું કહીએ ? પુરુષલિંગી નામ સહિત જે હોય તેને બ્રહ્મ કહે અને સ્ત્રીલિંગી નામ સહિત હોય તેને માયાની કલ્પના કરીને પૂજે છે પણ એને પૂજવાથી કાંઈ લાભ નથી. લૌકિક પ્રયોજનની સિદ્ધિ થશે -એમ કહે છે અને જગતને ભમાવે છે.

વળી તેઓ કહે છે કે વિધાતા શરીરને ઘડે છે, યમ મારે છે અને મરતી વખતે યમના દૂત લેવા આવે છે. મર્યા પછી નેવા ઉપર રહે છે. ધર્મરાજા પુણ્ય-પાપના હિસાબ લે છે, દંડાદિ દે છે પણ એ બધી વાત ખોટી છે. કેમ કે સમયે સમયે અનંતા જીવો જન્મે છે અને મરે છે. માટે કોઈ જન્મ આપતો નથી અને મારતો નથી. એક સમયમાં લેખા આપવા અને ફળ આપવા તે બની શકે નહિ માટે આમ માનવાનું કોઈ કારણ પણ ભાસતું નથી. વળી મર્યા પછી શ્રાદ્ધાદિ કરીને ભલું થવું કહે છે, જીવતા પણ પોતાના પુણ્ય-પાપ પ્રમાણે સુખી-દુઃખી થાય છે. તો મર્યા પછી શ્રાદ્ધાદિ કરવાથી સુખી થાય તે પણ બરાબર નથી. માત્ર મનુષ્યોને ભમાવી પોતાનો લોભ સાધવા માટે તેઓ આવી યુક્તિઓ બનાવે છે. વળી તેઓ શાસ્ત્રમાં કથાદિકનું નિરૂપણ કરે છે. ત્યાં પણ વિચાર કરતાં વિરુદ્ધતા જ ભાસે છે.



## યજ્ઞ સંબંધી પશુહિંસાનો વિચાર

વળી તેઓ યજ્ઞાદિ કરવામાં ધર્મ ઠરાવે છે અને તેમાં મોટા જીવોનો હોમ કરે છે. અગ્નિ, કાષ્ઠાદિનો આરંભ કરે છે, ત્યાં મહાન હિંસા થાય છે પણ શાસ્ત્રમાં તો હિંસાનો નિષેધ છે છતાં તેઓ નિર્દયપણે કાંઈ ગણતા નથી. વળી યજ્ઞ માટે પશુઓને બનાવ્યા છે તેથી ત્યાં ઘાત કરવાનો કાંઈ દોષ નથી -એમ તે કહે છે. અને એનાથી લાભ મનાવી ભ્રમાવે છે. પણ તે તો જેમ વિષથી જીવનવૃદ્ધિ થાય એની માફક પ્રત્યક્ષ વિરુદ્ધ છે. માટે ધર્મ વિરુદ્ધ કાર્ય કરવાથી સિદ્ધિ થતી નથી. આ રીતે અનેક પ્રકારથી યજ્ઞમાં ધર્મ મનાવવો તે પ્રત્યક્ષ વિરુદ્ધ છે. તે જેમની હિંસા કરવી કહે છે તેઓમાં કાંઈ શક્તિ નથી તેમ તેઓ કાંઈ પીડા પણ કરતાં નથી. જો કોઈ શક્તિવાન સિંહ આદિની હિંસા કરીને યજ્ઞ ઠરાવ્યો હોત તો ખબર પડત. પણ તેઓને પાપનો ડર નથી એટલે નિર્બળ બકરાં આદિની હિંસા કરી ઘાતક બની અન્યનું બૂરું કરવા તત્પર થાય છે. પણ તે બરાબર નથી.

## નિર્ગુણ અને સગુણ ભક્તિની મીમાંસા

અન્યમતી બે પ્રકારે ભક્તિ કહે છે. એક તો નિર્ગુણ ભક્તિ અને બીજી સગુણ ભક્તિ. એમાં અદ્વૈત પરમબ્રહ્મની ભક્તિ કરવી તે નિર્ગુણભક્તિ છે. તે આ પ્રમાણે કરે છે : ''નિરંજન, નિરાકાર, મન-વચન-કાયાથી અગોચર, સર્વવ્યાપી, પ્રતિપાલક, અધમઉદ્ધારક અને સર્વના કર્તા હર્તા છો''. આ વિશેષણો સર્વથારૂપ માનવાથી દોષ આવે છે અને કેટલાક વિશેષણો તો અસંભવ છે તે વાત પહેલાં આવી ગઈ છે.

વળી નિર્ગુણભક્તિ ત્રણ પ્રકારથી કહે છે કે (૧) જીવબુદ્ધિ વડે હું તારો દાસ છું, (૨) શાસ્ત્રદષ્ટિ વડે તારો અંશ છું, તથા (૩) તત્ત્વબુદ્ધિ વડે તું જ હું છું. પણ એ ભ્રમ જ છે. હવે ભક્તિ કરનાર જો ચેતન હોય તો હું તારો દાસ છું એ વાત રહેતી નથી કેમ કે ચેતના તો બ્રહ્મની છે તેથી તેનો સ્વભાવ ઠર્યો. માટે એમાં દાસ અને સ્વામીનો સંબંધ રહેતો નથી, અને ભક્તિ કરવાવાળો જડ હોય તો જડમાં બુદ્ધિનું અસંભવિત છે. માટે એ રીતે પણ હું તારો દાસ છું એ બનતું નથી. બે પદાર્થો જુદા હોય તો જ દાસપણું સંભવે. વળી હું તારો અંશ છું એ પણ બરાબર નથી કેમ કે હું અને તું તો બે પદાર્થ હોય એમાં જ સંભવે છે પણ અંશ અને અંશી જુદા હોતા નથી માટે હું તારો અંશ છું એ વાત પણ બનતી નથી. વળી ''તું છે તે હું છું'' એવું વચન જ વિરુદ્ધ છે. કેમ કે એક જ પદાર્થમાં પોતાપણું અને પરપણું માનવું તે બનતું નથી. માટે ભ્રમ છોડી નિર્ણય કરવો યોગ્ય છે. હું જ્ઞાનસ્વરૂપ છું વગેરે ભેદ પાડીને જ્ઞાની જે ચિંતવન કરે છે તે તો વસ્તુના સ્વરૂપને યથાર્થ સમજીને કરે છે. વિકલ્પ છે તેથી એવું ચિંતવન હોય છે તેનું જ્ઞાન કરે છે. અહીં તો એકાંત વસ્તુને માનીને આ રીતે અંશ છું અને દાસ છું -એમ કહે છે. તે વાત બરાબર નથી એમ કહે છે.

કોઈ નામ જપે છે અને એનો અતિશય માને છે પણ જેનું નામ જપે છે તેનું સ્વરૂપ જાણ્યા વિના કેવળ નામ જપવાથી કાંઈ લાભ થતો નથી કેમ કે કોઈ પાપી પુરુષનું પણ એવું નામ હોય તો પછી ઊંચા-નીચામાં કાંઈ ફેર રહ્યો નહિ. માટે સ્વરૂપને સમજ્યા વિના નામ જપવાથી કાંઈ લાભ થતો નથી. અનુભવપ્રકાશમાં આવે છે કે અરહંતનું નામ લેવાથી પરમપદની પ્રાપ્તિ થાય છે. તો ત્યાં ચાર પ્રકારના નિક્ષેપ કહ્યા છે તેની વાત છે. આત્માનું ભાન થયું છે તે નામનિક્ષેપે ભગવાનની સ્તુતિ કરે છે તેને પરમપદની પ્રાપ્તિ થાય છે. માટે પહેલાં સ્વરૂપનો નિર્ણય કરી પછી જેની ભક્તિ કરવાયોગ્ય હોય તેની ભક્તિ કરવી. એ પ્રમાણે નિર્ગુણભક્તિનું સ્વરૂપ કહ્યું. હવે સગુણભક્તિનું સ્વરૂપ અન્યમતી કેવું કહે છે તે કહીએ છીએ.

જ્યાં કામક્રોધાદિજન્ય કાર્યોના વર્ણન વડે સ્તુતિ આદિ કરવામાં આવે તેને તેઓ સગુણભક્તિ કહે છે. ત્યાં તેઓ લોકો જેમ શૃંગારપૂર્વક નાયક-નાયિકાનું વર્ણન કરે છે તેમ ઠાકોર-ઠકુરાણીનું વર્ણન કરે છે. સ્નાન કરતી સ્ત્રીઓના વસ્ત્ર ચોરવા, દહીં લૂંટવું, સ્ત્રીઓના ચરણે પડવું વગેરે કાર્ય કરતાં જે સંસારી જીવો લજ્જા પામે એવા કાર્યો કરવા તેઓ ઠરાવે છે પણ એવાં કાર્યો તો કામપીડા થતાં થાય છે. વળી ઈશ્વરે યુદ્ધાદિ કાર્યો કર્યા એમ કહે છે, કપટ આદિ કર્યા કહે છે, લોભના કાર્યો તથા કુતૂહલ આદિ કર્યા કહે છે. એવા કાર્યો કર્યા કહીને પણ સ્તુતિ કરવાયોગ્ય છે તો નિંદ્ય કાર્યો કોને કહેવા ? વળી ભગવાને જે કાર્યો કર્યા એવા કાર્યો બીજા કરે તો તેને નિંદાપાત્ર કહીએ છીએ. તો જે એવા કાર્યો કરે તે બધાને બૂરા કહેવા જોઈએ. પક્ષપાતરહિત ન્યાય કરો. માટે બરાબર વિચાર કરતાં તે નિંદ્ય કાર્યો ભગવાને કર્યા એમ કહીને સ્તુતિ કરવી તે વ્યાજબી નથી.

જૈન નામ ધરાવીને ભગવાનને વસ્ત્ર પહેરાવે, મુગટ ચડાવે, ઘડિયાળ રખાવે, કોટ-પાટલુન પહેરાવે અને આંગી કરે ને તેને ભક્તિ કહે છે. તો તે બધા અન્યમતી જેમ સગુણભક્તિ માને છે એના જેવા જ તે પણ મિથ્યાદૃષ્ટિ છે. ભગવાને વસ્ત્ર રાખ્યું હતું માટે આપણે પણ વસ્ત્ર રાખવું જોઈએ એમ ભગવાનના નામે કલ્પિત વાતો ગોઠવી દે છે. લોકોને કામક્રોધાદિની વાતો ગમે છે તેથી ભગવાનના નામે એવી વાતો શાસ્ત્રમાં ગોઠવી દે અને લોકોને કહે તો તેમને તે પ્રકારની રુચિ પડી છે તેથી ગમી જાય છે પણ એ બધી ભ્રમણા છે. માટે આ વાત જાણીને યથાર્થ નિર્ણય કરવો તે કર્તવ્ય છે.

### પોષ વદ ૬, મંગળવાર, ૬-૧-૫૩.

અહીં સગુણભક્તિની વાત ચાલે છે. કેટલાક લોકો કામક્રોધાદિની પ્રવૃત્તિને સગુણભક્તિ કહે છે તે વાત ખોટી છે, કેમ કે પરમાત્માને એવી પ્રવૃત્તિ હોય નહિ. યુદ્ધ, કામ-કુતૂહલાદિ ભગવાનને ન હોય, તેથી ભગવાનના નામે એવા અવગુણો કહેવા તે બરાબર નથી. જેનામાં દોષો છે તેની સ્તુતિ કરે તો તે દોષો પોતાને રુચે છે અથવા તેના ઉપર પ્રેમ હોય તો તેની સ્તુતિ કરે છે. માટે



એવા ભાવો ભલા નથી.

જૈન પણ પરમેશ્વરની ભક્તિ શૃંગારાદિથી કરે અને ગુણ વખાણ કરે તો તે પણ કામાદિના પરિણામ થયા વિના અને તે પ્રત્યે અનુરાગ થયા વિના થાય નહિ. ભગવાનને ક્ષુધા, તૃષા, રોગાદિ કલ્પે તો પોતાને એવો ભાવ છે એમ નક્કી થાય છે માટે એ માન્યતા સાચી નથી. દેવ-ગુરુ-શાસ્ત્રને જે પ્રકારે માન્યા હોય તે પ્રકારે સ્તુતિ કર્યા વગર રહે નહિ. માટે સાચા દેવાદિને ઓળખવા જોઈએ. કોઈ પણ માણસ લડાઈ, ભોગાદિના વખાણ કરે તો તે પ્રકારના પરિણામ થયા વિના તેના વખાણ થાય નહિ. ભગવાનને સ્ત્રીનો સંગ બતાવે તો તે વ્યાજબી નથી. વીતરાગ પરમાનંદ દશા જેને વર્તે છે તે પરમાત્મા છે -એમ જાણવું જોઈએ. દેવાદિના સ્તુતિના પરિણામ થવા તે શુભભાવ છે.

વળી તેઓ ઠાકોરજીને ભોજનાદિનો થાળ ધરાવે છે અને પાછો લઈ લે છે પણ તે બરાબર નથી. કોઈ કહે કે જૈનમાં પણ ફળ આદિ મૂકે છે તો ત્યાં તો આત્માનું અનાહારી પદ જે છે તેને યાદ કરીને આત્માના ભાન સહિત જે ભક્તિનો ભાવ થયો છે તેનું જ્ઞાન કરે છે. ત્યાં ભોજનાદિ સામગ્રી ભગવાન માટે મગાવતા નથી. તેથી તે સામગ્રી પાછી પોતે અંગીકાર કરતો નથી. અન્યમતી તો પાછા એ ખોરાક ખાય છે. પ્રસાદનું નામ લઈને પોતે જ ગ્રહણ કરે છે તે બરાબર નથી. પોતે ધરે ને પોતે પાછું લઈ લે -એ તો માત્ર ખેલ થયો. ભક્તિ તો રહી નહિ. આ બધી કલ્પના છે.

વળી ઠાકોરજીને માટે નૃત્ય આદિ કરે છે, તે બરાબર નથી. જૈનમાં નૃત્ય આદિ કરે છે તે ભગવાનને માટે નથી પણ પોતાને તે પ્રકારનો શુભરાગ આવે છે. પોતાના માટે ગુણ ગાય છે. પોતાના ગુણનો પ્રેમ છે તેથી એવો શુભરાગ આવ્યા વિના રહેતો નથી. અન્યમતી તો ઠાકોરજીના માટે -ઠાકોરજીના નામે કરે છે. જૈનમાં ગર્ભકલ્યાણક આદિ કરે છે તે તો પોતાના માટે છે માટે એમાં ફેર છે. સગુણભક્તિને પણ તેઓ સમજ્યા નથી તેથી ભક્તિયોગથી મુક્તિ માને છે પણ એ કાંઈ યથાર્થ નથી.

હવે જ્ઞાનયોગથી મોક્ષની પ્રાપ્તિ તે કહે છે.

### જ્ઞાનયોગથી મોક્ષપ્રાપ્તિનો વિચાર

એક અદ્વૈત-સર્વવ્યાપી બ્રહ્મને જાણવો તેને જ્ઞાન કહે છે પણ તે મિથ્યા છે -એ વાત પહેલાં કહી છે. પોતાને સર્વથા શુદ્ધ માને છે, કામ-ક્રોધાદિ અને શરીરાદિને ભ્રમ જ માને છે. બધા આત્મા પર્યાયે પણ શુદ્ધ જ છે -એમ નથી. કેમ કે પોતે જો શુદ્ધ જ છે તો મોક્ષનો ઉપાય શા માટે કરે ? જે દુઃખાદિ થાય છે તે શરીરનો ધર્મ નથી પણ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપને ભૂલી

જાય છે ત્યારે આત્મામાં વિકાર થાય છે તે દુઃખ છે, તે આત્મામાં થાય છે, શરીરમાં થતું નથી. આત્મા શુદ્ધ જ હોય તો કાંઈ કરવાનું રહેતું નથી. તેથી આત્મા દ્રવ્યે શુદ્ધ છે અને પર્યાયે અશુદ્ધ છે -એમ માનવું તે યથાર્થ છે.

આત્માની પર્યાયમાં વિકાર છે તેને સર્વથા ભ્રમ જ માનવો તે જ્ઞાન ખોટું છે. વિકારનો અભાવ તો પોતે જ્યારે કરશે ત્યારે થશે અને શરીરાદિનો આત્મામાં અભાવ છે પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અત્યારે છે છતાં તેનો સર્વથા અભાવ માનવો તે ભ્રમ છે. વળી સર્વથા અદ્વૈત માનવાવાળા મોક્ષના ઉપાયને પણ ભ્રમ જ કહે છે. દોરડીમાં સર્પનો આરોપ કર્યો ત્યાં સર્પ બીજે છે તો દોરડીમાં સર્પનો આરોપ કરે છે એમ દોરડી ને સર્પ બે વસ્તુ નક્કી થઈ માટે સર્વથા અદ્વૈત જ છે -એમ નથી. વળી અશુદ્ધ માન્યો હતો તે તદ્દન ભ્રમ જ નથી. પર્યાયમાં અશુદ્ધતા છે ને સ્વભાવે શુદ્ધ છે.

પર્યાયમાં કામ-ક્રોધાદિ થાય છે -એમ જાણવું તે યથાર્થ છે પણ અશુદ્ધતા હોવા છતાં વર્તમાનમાં શુદ્ધ માનવો તે વ્યાજબી નથી. વર્તમાનમાં શુદ્ધ માનવો તેમને જ્ઞાનયોગ કહે છે પણ તે વાત ખોટી છે. વળી તે વિકારને મનનો ધર્મ કહે છે તે પણ બરાબર નથી. કામક્રોધ થાય છે તે મનના નિમિત્તે આત્માની અવસ્થામાં થાય છે. વળી આત્મા મનન કરે છે તે જ્ઞાન છે, તે ભાવમન દ્વારા થાય છે માટે તે આત્માનું સ્વરૂપ છે. તે આત્માથી જુદું ભાસતું નથી. ભાવમનને જડ કહે તો તે પણ વ્યાજબી નથી અને બ્રહ્મ જો ભાવમનથી જુદો હોય તો બ્રહ્મમાં તે પોતાપણું શા માટે માને છે ? માટે ભ્રમણા છોડીને શરીરાદિ જડનું સ્વરૂપ છે અને આત્મા ઈંદ્રિયો દ્વારા જ્ઞાન કરે છે તે આત્માનું સ્વરૂપ છે -એમ નક્કી કરવું.

દ્રવ્યદષ્ટિએ બંધ-મુક્તિ આત્માનો સ્વભાવ નથી, બંધ-મુક્તિ પર્યાયમાં છે. માટે ત્રિકાળની દષ્ટિએ તે આત્માનું સ્વરૂપ નથી. પર્યાયદષ્ટિથી જ્ઞાનની પર્યાય અને કામ-ક્રોધાદિની પર્યાય થાય છે તે આત્માની છે -એમ અહીં કહે છે -એમ બન્ને વાતને બરાબર સમજવી જોઈએ. સમયસારમાં ગુણસ્થાનાદિને પુદ્ગલના પરિણામ કહ્યા છે તે દ્રવ્ય અપેક્ષાએ કહેલ છે. અહીં પર્યાયનું જ્ઞાન કરાવે છે કે અશુદ્ધતા થઈ રહી છે તે તારી પર્યાય છે અને તારે લઈને થઈ છે. કોઈ પરથી એ પર્યાય થઈ નથી. વસ્તુને માને અને પર્યાયને ન માને તો મિથ્યાત્વ છે અને એકલી પર્યાયને જાણે અને વસ્તુને ન માને તો પણ મિથ્યાત્વ છે.

કામ-ક્રોધાદિ ક્ષણિક છે, તે પોતાનો સ્વભાવ નથી એમ જાણીને જ્યારે સ્વભાવનું ભાન કરશે અને સ્થિરતા કરીને તેનો અભાવ થશે ત્યારે કેવળજ્ઞાન થશે. વર્તમાન ઈંદ્રિય અને મનને આધીન જે જ્ઞાન છે તેનો અભાવ થશે ત્યારે કેવળજ્ઞાન થશે અને આત્મા શુદ્ધ થશે પણ અત્યારે સર્વથા શુદ્ધ માનવો તે યોગ્ય નથી -એ પ્રમાણે બુદ્ધિ, અહંકારાદિ છે તે કામ-ક્રોધાદિવત્ ઔપાધિકભાવ



છે તેને આત્માથી સર્વથા જુદા જાણવા તે ભ્રમ છે, તે પોતાની પર્યાયમાં થાય છે એમ જાણવું અને માનવું તે બરાબર છે. વિકાર કર્મના કારણે થાય છે એમ માનવું તે પણ ભ્રમણા અને અજ્ઞાન છે. શાસ્ત્રમાં વિકારને પરના કહ્યા છે એ તો ત્રિકાળ સ્વભાવમાં નથી અને એ નાશ થઈ શકે છે એ અપેક્ષાએ દ્રવ્યદષ્ટિ કરાવવા માટે કહેલ છે પણ તેથી પર્યાયમાં વિકાર નથી -એમ નથી.

આત્મા જ્ઞાનાનંદમૂર્તિ ત્રિકાળ શુદ્ધ છે, તેની પર્યાયમાં વિકાર છે તે પોતાનો સ્વભાવ નથી એમ દ્રવ્યદષ્ટિપૂર્વક ચારિત્ર અને વીતરાગતા વધી ગઈ છે અને એટલો આનંદ વધી ગયો છે કે શરીરનું લક્ષ છૂટી ગયું છે અને શરીરમાં નગ્નદશા એના કારણે થઈ ગઈ છે એવી મુક્તદશા છે. માત્ર એકલી શરીરની નગ્નદશા હોય અને આત્માનું ભાન ન હોય તેને મુનિપણું ભગવાન કહેતાં નથી. આત્માની પર્યાયમાં રાગદ્વેષાદિ થાય છે તે આત્માથી સર્વથા ભિન્ન નથી એમ જાણવું જોઈએ. અવસ્થામાં મિથ્યાભ્રાંતિ-અજ્ઞાન છે એમ નક્કી કરીને પર્યાયબુદ્ધિ છોડવી અને સ્વભાવબુદ્ધિ કરવી તે યોગ્ય છે પણ મારી પર્યાયમાં વિકાર છે જ નહિ એમ માનીને પુરુષાર્થ કરે નહિ અને સ્વચ્છંદ પોષે તે તો મિથ્યાત્વભાવ છે અને તે તો રખડી મરવાના રસ્તા છે. માટે યથાર્થ જ્ઞાન કરીને સ્વભાવદષ્ટિનો પુરુષાર્થ કરવો તે જ યોગ્ય છે.

**પોષ વદ ૭, બુધવાર, ૭-૧-૫૩.**

કેટલાક જ્ઞાનયોગથી મુક્તિ માને છે અને બધું એક છે એમ નક્કી કરવું તે જ્ઞાન છે એમ માને છે તે વાત ખોટી છે. હવે તે અહંકારનો ત્યાગ બતાવે છે, તે પણ અન્યથાપણે બતાવે છે. કોઈ ઠેકાણે પોતાપણું માનવું નહિ તેને અહંકારનો ત્યાગ બતાવે છે, પણ તે મિથ્યા છે. આત્મા પોતે છે તેમાં પોતાપણું માનવું તે અહંકાર નથી. પોતે પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે અને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી તે પણ પોતે છે -એમ માનવું તે સાચું જ્ઞાન નથી. નાના-મોટાનો ભ્રમ છોડી દેવો તે અહંકારનો ત્યાગ કહે છે તે પણ બરાબર નથી. શરીરાદિ પરપદાર્થમાં અહંબુદ્ધિ ન કરવી એટલે કે પરમાં કર્તાપણું ન કરવું અને પોતે પોતાપણે છે એમ માનવું તે ખરેખર અહંકારનો ત્યાગ છે. આ વાતની તેઓને ખબર નથી માટે તે મિથ્યાદષ્ટિ છે.

આત્મા ચૈતન્યમૂર્તિ જ્ઞાનસ્વરૂપી છે તે હું છું અને શરીરની ક્રિયા શરીરથી થાય છે, આત્મા તેનો કર્તા નથી -એમ માનવું તે અહંકારનો ખરેખર ત્યાગ છે. શરીરની ક્રિયા આત્માની નથી અને શરીર આત્માનું નથી. આત્મા પરમાં અહંબુદ્ધિ ન કરે પણ પોતામાં અહંબુદ્ધિ (દઢતા) કરે તો એમાં કાંઈ દોષ નથી, તે તો સમ્યગ્જ્ઞાન છે.

વળી બધાને સમાન જાણવા અને કોઈની નિંદા ન કરવી અને કોઈમાં ભેદ કરવો નહિ તેને રાગદ્વેષનો ત્યાગ બતાવે છે. માટે બધાને સમાન જાણવા પણ તે વાત બરાબર નથી. જ્ઞાની એમ બધાને સમાન જાણતા નથી. વળી, ભેદ પાડવો તેને તે રાગદ્વેષ માને છે પણ રાગદ્વેષના ત્યાગની

એ વિધિ નથી કેમ કે કોઈ ચેતન છે અને કોઈ અચેતન છે, કોઈ સમ્યગ્જ્ઞાની છે અને કોઈ મિથ્યાદષ્ટિ છે, કોઈ સિદ્ધ છે અને કોઈ નિગોદ છે. માટે બધાને સરખા માનવા તે બરાબર નથી. હા, પરવસ્તુને ઈષ્ટ-અનિષ્ટ માનવી તે રાગદ્વેષ છે પણ પરવસ્તુ જેમ છે તેમ તેને જાણવી તે કાંઈ રાગદ્વેષ નથી. પર્યાય અપેક્ષાએ મૂર્ખ, પંડિત, દેવ, નારકી, નિગોદ વગેરે છે પણ નિગોદ અનિષ્ટ છે અને કેવળી, સિદ્ધ આદિ મને ઈષ્ટ છે એમ માનવું નહિ એનું નામ સમ્યગ્દષ્ટિ છે.

જૈનદર્શને સર્વને સરખો અધિકાર આપ્યો છે -એમ નથી. પણ જેનો જેવો સ્વભાવ છે એમ કહ્યો છે. ચેતન-અચેતન દ્રવ્યો ભિન્ન ભિન્ન સ્વતંત્ર છે. એની પર્યાય સ્વતંત્રપણે થાય છે એમ જેમ છે તેમ કહેલ છે. ભગવાને કોઈને અધિકાર આપ્યો છે -એમ નથી. નિગોદની પર્યાયને નિગોદપણે જાણવી, સિદ્ધની પર્યાયને સિદ્ધપણે જાણવી એ યથાર્થ જ્ઞાન છે. દ્રવ્યે સરખા છે માટે પર્યાયે પણ સરખા છે -એમ નથી. દ્રવ્યની જેમ પર્યાયે સરખા માનવા તે રાગદ્વેષના ત્યાગનો ઉપાય નથી. રોટલી અને માંસ સરખા નથી, સોનું અને કોલસા સરખા નથી -એમ જાણવું, પણ એક ઈષ્ટ છે અને બીજું અનિષ્ટ છે એમ માનવું નહિ, તે રાગદ્વેષના નાશનો ઉપાય છે. વસ્તુની જેવી સ્થિતિ છે તેવી જાણવી તે સરળતા અને આર્યતા છે, પણ પર્યાયે બધાને સરખા માનવા તે તો ભ્રમણા છે.

બધા પદાર્થમાં સરખાપણું માને છે અને ભેદ પાડતા નથી તે મૂર્ખ છે. વળી બધા સરખા છે એમ કલ્પના કરી હીનક્રિયા આચરે છે, અભક્ષ્ય ભક્ષણ કરે છે તે તો અજ્ઞાન અને ભ્રમ છે. જેટલો ભેદ છે એટલો બરાબર સમજવો જોઈએ. ચંડાળ પણ મુનિ થઈ શકે છે -એમ કોઈ માને છે, તે માન્યતા પણ આના જેવી છે. માટે વર્ણભેદ બરાબર સમજવો જોઈએ. અહીં પંડિત ટોડરમલજી લખે છે કે વર્ણભેદ જાણવો જોઈએ. બધા સરખા નથી. જૈનધર્મ વિશાળ છે માટે બધાને સરખા માને છે -એમ નથી. પર્યાયમાં જે ભેદ છે તેને બરાબર જાણે છે અને સ્વીકારે છે. સ્ત્રીની કે ચંડાળની જેટલી હદ હોય છે તેટલી જાણે છે, બધાને પર્યાયે સરખા માનતાં નથી. પર્યાયે સરખા માનીને અજ્ઞાની સ્વચ્છંદ કરીને વિપરીત રીતે પ્રવર્તે છે. જ્યારે કોઈ તેને પૂછે તો કહે છે કે તે તો શરીરનો ધર્મ છે -એમ કહીને કામક્રોધમાં પ્રવર્તે છે. જૈનમાં પણ અજ્ઞાની કહે છે કે કર્મના ઉદયના પ્રમાણમાં શુભાશુભ પરિણામ થાય છે તે પણ આની જેમ મિથ્યાદષ્ટિ છે. કર્મનો ઉદય આવ્યો માટે ખાવા વગેરેની ઈચ્છા થઈ ગઈ -એમ માને છે તે મૂઢ છે કેમ કે ઈચ્છા તો પોતે કરે અને કર્મના કારણે માને અથવા ઈશ્વરની ઈચ્છાથી થાય છે -એમ માને તે મિથ્યાદષ્ટિ છે. આપણે ધર્મ સાંભળવાનો વિકલ્પ ન કરવો, પ્રારબ્ધ પ્રમાણે થશે એમ કહીને સ્વચ્છંદી થાય છે. રાગાદિના ત્યાગનો પુરુષાર્થ નથી તે સ્વચ્છંદી છે. ક્રમબદ્ધ પર્યાયની વાત સાંભળીને પણ કેટલાક આ પ્રમાણે કહે છે તે તીવ્ર કષાયમાં પ્રવર્તે છે. કેમ કે તે વખતે ભાવ તો પોતે કરે છે અને મારે વિકલ્પ ન કરવો એમ કહે છે. જુઓ તો ખરા, પોતે જાણવા છતાં જૂઠરૂપ પ્રવર્તે છે, અને શરીરાદિનો



ધર્મ છે, ઈંદ્રિયોનો ધર્મ છે એમ કહી સ્વચ્છંદ સેવે છે. માટે તે મિથ્યાદષ્ટિ છે, તેને રાગદ્વેષનો ત્યાગ થતો નથી.

અજ્ઞાની ધર્મના બહાને કષાયનું પોષણ કરે છે અને જૂઠી યુક્તિ બનાવે છે. જો પોતે રાગ-દ્વેષના પરિણામ જરાએ ન કરતો હોય તો અમે માનીએ કે તેનું કર્તવ્ય નથી. પોતે ધ્યાન ધરીને બેઠો હોય અને કોઈ પોતાના ઉપર વસ્ત્ર નાખી જાય ત્યાં પોતે જો કિંચિત્ સુખી ન થાય, ઈષ્ટબુદ્ધિ ન થાય તો ત્યાં તારું કર્તવ્ય નથી, એ સાચું પણ પોતે વસ્ત્રને સરખું ઓઢે, શરીરને ઢાંકે અને કહે કે મને રાગ નથી, તે પણ મૂઢ છે. તે વસ્તુસ્વરૂપને સમજતો નથી.

કામક્રોધાદિના ભાવ કરે પોતે અને નાખે ઈશ્વર ઉપર અને જૈનમાં આવીને કર્મના ઉપર નાખે -તે બન્ને એક સરખી માન્યતાવાળા મિથ્યાદષ્ટિ છે. અન્યમતીનો પરમેશ્વર તો ચેતન થયો અને જૈન કર્મના કારણે માને તો તેનો પરમેશ્વર જડ થયો, તે તો એના કરતાં પણ વધારે મૂઢ થયો. માટે કામક્રોધના પરિણામ પોતે કરે છે એમ માનવું જોઈએ. વિષય કષાયના પરિણામ ન હોય તો બહારમાં એવી ક્રિયાની પ્રવૃત્તિ પણ એના કારણે ન હોય. માટે કામક્રોધાદિના ભાવો ન થાય એવી પ્રવૃત્તિ કરવી પણ સ્વચ્છંદી બની વિષય કષાય વધારવા તે યોગ્ય નથી.

અજ્ઞાની જીવ શરીર, કર્મ, કાળ વગેરેના કારણે આત્મામાં પરિણામ થાય છે એમ માને છે. હીનકાળના કારણે અહીં મોક્ષ નથી એમ કહે છે. નિમિત્તના કારણે આત્મામાં કાર્ય થાય છે એમ માને છે તે બધી વાત ખોટી છે. નૈમિત્તિક પર્યાય થાય તો નિમિત્તમાં નિમિત્તપણાનો આરોપ આવે છે. કોઈ નિમિત્તના કારણે નૈમિત્તિક છે જ નહિ, શરીરના કારણે આત્મામાં અને આત્માના કારણે શરીરમાં કાર્ય થાય છે એમ માનવું તે બે દ્રવ્યની એકતા છે, માટે એમ માનવું તે યોગ્ય નથી.

વળી અજ્ઞાની ધ્યાન કરે છે ત્યારે પવનાદિ સાધન વડે પોતાને જ્ઞાની માને છે પણ તે પવન આદિની ક્રિયા તો જડની ક્રિયા છે, આત્મા તે કરી શકતો નથી. ભાષા આત્મા કરી શકતો નથી, શુભરાગના કારણે ભાષા થતી નથી, ભાષા થવાની હતી તે થઈ તો ઈચ્છાને નિમિત્ત કહેવાય છે. વળી અન્યમતીઓને વિજ્ઞાન વડે કંઈક સાધનથી નિમિત્તનું જ્ઞાન થાય, જે વડે તે જગતને ઈષ્ટ-અનિષ્ટ બતાવે અને પોતે મહંત કહેવડાવે, પણ એ તો લૌકિક કાર્ય છે. એવું તો અભવી મિથ્યાદષ્ટિને પણ હોય છે, એમાં કાંઈ મહત્તા નથી. તેમાં આત્માની કાંઈ સિદ્ધિ થતી નથી. પ્રાણાયમ વગેરે સાધન વડે પવનને ચઢાવી સમાધિ થઈ એમ માને છે પણ તે તો જડની ક્રિયા છે, તે આત્મસાધન નથી. પવનને રોકવાથી ધર્મ થતો નથી, આત્મામાં રાગદ્વેષ થવા ન દે તો ધર્મ સાધન થાય છે પણ તેની એને ખબર નથી. મનને રોકે એટલે કાંઈ ધર્મ થતો નથી કેમ કે વાસના તો મટી નથી. ચેતનાની જાગ્રતિ જ નથી. આત્માનું સાચું જ્ઞાન નથી, તો તેને સાચો આનંદ ક્યાંથી

આવે ? ન જ આવે. રાગ અને દેહની ક્રિયાથી પાર એવી આત્માની શુદ્ધક્રિયાથી ધર્મ અને આનંદ થાય છે તે તેને હોતો નથી.

વળી **સોહમ્**ના જાપને ધર્મ કહે છે, પણ તે તો શબ્દ છે, તે શ્વાસની ક્રિયા છે, આત્માની ક્રિયા નથી. શબ્દ બોલવાથી કે સાંભળવાથી તેમ જ શબ્દ વડે ભક્તિ કરવાથી આત્માને કાંઈ લાભ નથી કેમ કે શબ્દ તો જડ છે. તે વખતે પોતાના પરિણામ જેવા કરે તેવા ફળની પ્રાપ્તિ થાય છે. સાંભળવા વખતે ક્ષણે ક્ષણે જ્ઞાનની પર્યાય થઈ રહી છે તે શબ્દને કારણે નથી. શબ્દના કારણે જ્ઞાન માનવું તે ભ્રમણા છે. અંજન ચોરે નમસ્કારમંત્ર જપ્યો માટે તેને લાભ થયો એમ નથી પણ તેના અર્થને જાણીને પોતાનામાં જે ભાવ કર્યો તેના કારણે લાભ થયો છે.

જગતમાં દ્રવ્ય-ગુણ-પર્યાય સિવાય ચોથી કોઈ વસ્તુ જ નથી તો કાળલબ્ધિ શું છે ? કાળદ્રવ્ય તો અરૂપી છે, જડ છે, તેના કારણે આત્માની પર્યાયમાં કાર્ય થતું નથી. સ્વકાળની પ્રાપ્તિ તે કાળલબ્ધિ છે. ભાષાનો વર્તમાનકાળ છે તે વખતે આત્માનો વર્તમાન પર્યાય છે. તે દરેકે દરેક દ્રવ્યની કાળલબ્ધિ છે. કોઈ પરના કારણે પરમાં કાંઈ થતું નથી. શબ્દના ભાવને સમજે તો લાભ થાય છે પણ માત્ર સાંભળવાથી લાભ થાય -એમ નથી. પોતે તે પ્રમાણે જાણે અને માને તો લાભ થાય.

## પોષ વદ ૯, શુક્રવાર, ૯-૧-૫૩.

કેટલાક જ્ઞાનયોગથી મોક્ષની પ્રાપ્તિ માને છે પણ તે જ્ઞાનનું સ્વરૂપ જાણતા નથી. એના અનેક પ્રકાર કહ્યા છે. હું છું એમ માનવું તે અહંકાર છે અને બધા થઈને એક બ્રહ્મ માને તેને જ્ઞાનયોગ કહે છે. પણ તે બરાબર નથી. વળી **સોહમ્** જાપ જપવાથી લાભ માને છે પણ શબ્દથી કાંઈ લાભ નથી. **સોહમ્** શબ્દનો અર્થ સમજે તો લાભ થાય, માટે તેનો નિર્ણય કરવો જોઈએ. આત્મા જ્ઞાન-દર્શનસ્વભાવી છે એનો નિર્ણય કરવાથી **સોહમ્** શબ્દનો અર્થ સમજાય છે.

આત્મા કોને કહેવો ? એની ભાવના કોને કહેવી ? એને જાણ્યા વિના આત્માની સાચી ભાવના થાય નહિ. માટે પ્રથમ વસ્તુનો યથાર્થ નિર્ણય કરવો જોઈએ. **તત્** અને **યત્** શબ્દને નિત્ય સંબંધ છે. માટે વસ્તુનો નિર્ણય કરીને **સોહમ્** શબ્દનો અર્થ જાણે તો કલ્યાણ થાય. પરને બતાવવા માટે ''આ તે હું છું'' -એમ કહેવાય છે. પણ પોતાના અનુભવમાં ''આ તે હું છું'' -એમ રહેતું નથી. અનંત ગુણનો પિંડ તે જીવ છે અને જ્ઞાન તેનું સ્વરૂપ છે એમ પરને સમજાવવા માટે કહેવાય છે પણ પોતાના અનુભવ માટે આ તે હું છું -એમ રહેતું નથી. આ પ્રમાણે **સોહમ્** શબ્દનો અર્થ છે તેમ સમજવો જોઈએ.

અન્યમતી બાવા-જોગી-ત્રિકૂટી આદિનું સાધન કરીને પરમાર્થ માને છે અને એમાં મૂર્તિક પદાર્થ



દેખાય તેથી સિદ્ધિ થઈ માને છે. પ્રકાશ દેખ્યો હોય તેને આત્માનો સાક્ષાત્કાર માને છે એમાં કોઈ વખતે વચનસિદ્ધિ પણ થાય છે. અને કાંઈક ભૂત-ભવિષ્યનું જ્ઞાન પણ થાય. વળી શરીરના રોગોના નાશનો ઉપાય પણ જાણે, પણ એ તો લૌકિક કાર્યો છે. આવું તો અભવીને પણ થાય છે, એથી આત્માને કાંઈ લાભ છે નહિ. ડુંગરામાં ચાલ્યા જાય, અદ્ધર ચાલે -યોગશક્તિથી એવી સિદ્ધિ થાય પણ એમાં આત્માની સિદ્ધિ નથી. દેવાદિકમાં પણ એવી શક્તિઓ હોય છે. ઊંચે તો પક્ષીઓ પણ ઊડે છે તો યોગ સાધીને શું વિશેષતા થઈ ? વિષય કષાય આદિની વાસના બેસી ગઈ છે તે મટે ત્યારે ભલું થાય. અને તે તો સ્વરૂપ જાણે તો મટે એમ છે. આ યોગની ક્રિયાના સાધનથી તે મટે એમ નથી.

જ્ઞાની પુરુષો એવો વ્યર્થ ખેદ કરતાં નથી. ઋષભદેવ ભગવાનને અવતાર ઠરાવીને તેમણે તપશ્ચર્યાનું સાધન કર્યું કહે છે. કોઈકને સુગમપણે મોક્ષ થયો કહે છે અને વેશ્યાદિને પરિણામ વગર માત્ર નામથી તરી ગયાનું કહે છે. કાંઈ ઠેકાણું જ નથી. એ પ્રમાણે મોક્ષમાર્ગને અન્યથા પ્રરૂપણ કરે છે. મોક્ષમાર્ગ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા છે, બીજો એકેય મોક્ષમાર્ગ નથી. એ બતાવવા માટે આ અન્યમત નિરાકરણની વાત કરવામાં આવી છે. આવો માર્ગ છે અને આવો માર્ગ નથી એમ અસ્તિનાસ્તિરૂપ સ્વરૂપ છે તે બતાવે છે.

એક એક આત્માની જેટલી પર્યાય થઈ ગઈ છે એના કરતાં અનંતગુણી પર્યાય બાકી છે એને શ્વેતાંબર માનતા નથી. માટે તે દ્રવ્યના સ્વભાવને સમજતાં નથી. ભૂત કરતાં ભવિષ્યની અનંતગુણી પર્યાય છે એમ ન કબૂલે તો એક દ્રવ્ય પુરું સાબિત થતું નથી. ભૂત જેટલી ભવિષ્યની પર્યાય માને છે તે દ્રવ્યને અનંતમે ભાગે માને છે. માટે તે દ્રવ્યને સમજતા નથી. અને વેદાંત આદિ અન્યમત એક એક દ્રવ્ય સ્વતંત્ર છે અને પર્યાય સમયે સમયે થાય છે એમ માનતા નથી -એ ગૃહીત મિથ્યાદષ્ટિ છે, એનો આ અધિકાર ચાલે છે. એક દ્રવ્યની ક્રિયા બીજા દ્રવ્યથી થાય અને પુણ્યથી ધર્મ થાય એ અગૃહીત મિથ્યાત્વ તો અનાદિનું છે, એને પુષ્ટ કરનાર ગૃહીત મિથ્યાત્વ છે તેની વાત ચાલે છે.

## અન્યમત કલ્પિત મોક્ષમાર્ગની મીમાંસા

કેટલાક મોક્ષના સ્વરૂપને અન્યથા પ્રકારે કહે છે. એમાં એક તો વૈકુંઠમાં ઠાકોરજી ઠકુરાણી સહિત ભોગવિલાસ કરે છે ત્યાં જઈ તેમની સેવા કરવી તેને મોક્ષ કહે છે. પણ એ તો પરાધીનતા થઈ. અહીં સંસારમાં જેમ છે તેવું તે થયું તો તેવું મોક્ષનું સ્વરૂપ બરાબર નથી.

વળી બીજો પ્રકાર એ છે કે -ત્યાં ઈશ્વર જેવો પોતે થાય છે. તો ઘણાં ઈશ્વર માનતાં લોકનો કર્તા-હર્તા કોને કહેશો ? જુદી જુદી ઈચ્છા થતાં પરસ્પર વિરોધ આવે તો તેથી સુખી કેમ થાય? માટે ઈશ્વરનું એવું સ્વરૂપ નથી.

વળી કેટલાક મોક્ષના સ્વરૂપને જ્યોતમાં જ્યોત મળી જાય એમ કહે છે પણ તે મિથ્યા છે. કેમ કે જ્યોતિ તો જડ-અચેતન છે. એવી જ્યોત ત્યાં કેમ હોય ? અને આત્માની મુક્તિ થતાં બીજા આત્મામાં તે ભળી જાય તો પોતાની અસ્તિ રહે નહિ, તો પોતાનો નાશ કરીને મોક્ષ થાય તે કેમ સુખરૂપ હોય ? માટે એ વાત પણ બરાબર નથી.

વળી આત્મા બ્રહ્મ જ છે, માયાનું આવરણ મટતાં જ મુક્તિ થાય છે એમ કહે છે. તે પણ ખોટું છે કેમ કે માયા ને બ્રહ્મ બે જુદા માનતાં અદ્વૈતપણું રહેતું નથી અને બન્નેને એક માનતાં માયાનો અભાવ થતાં બ્રહ્મનો અભાવ થાય છે. માટે તે રીતે પણ મુક્તિનું સ્વરૂપ બરાબર નથી.

વળી તે બુદ્ધિ આદિનો નાશ થતાં મોક્ષ થાય છે એમ માને છે, તે પણ બરાબર નથી. વળી તે કહે છે કે : જેમ દીવા ઉપર મેશ થવા ન દેવી હોય તો દીવાનો ઓલવી નાખવો જોઈએ, એમ જ્ઞાનમાંથી વિકાર કામ-ક્રોધાદિનો અભાવ કરવો હોય તો જ્ઞાનનો અભાવ કરવો તેને મુક્તિ કહે છે, પણ તે બરાબર નથી. કેમ કે જ્ઞાનનો અભાવ થતાં જડ થવાથી તેને ભલું કેમ માનીએ? આત્મા જ્ઞાનાનંદમૂર્તિ છે તેની રુચિ, જ્ઞાન અને રમણતા થતાં કામક્રોધાદિનો અભાવ થાય છે. પોતાનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ ખીલી ગયો છે એમાં સ્વને અનુભવાય છે -તે મોક્ષ છે. અહીં તો રાગાદિ ઘટવાથી જ્ઞાન વધે છે તો ત્યાં સર્વથા પ્રકારે રાગાદિનો અભાવ થવાથી જ્ઞાનનો અભાવ થાય છે એમ માનવું તે બરાબર નથી. આ પ્રમાણે અન્યમત અનેક પ્રકારે મોક્ષનું સ્વરૂપ કહે છે પણ તે મિથ્યા છે.

## ઈસ્લામમત સંબંધી વિચાર

અન્યમત જેમ બ્રહ્મને સર્વવ્યાપી, એક, નિરંજન, સર્વનો કર્તા-હર્તા માને છે તેમ આ ખુદાને માને છે. ગાય પૂજ્ય તે કહે છે, આ સૂવરને પૂજ્ય કહે છે -એમ અનેક પ્રકારથી વેદાંતાદિથી સમાનતા છે. જો કે નામાદિમાં ફેર હોવા છતાં પ્રયોજનભૂત અર્થની તેમાં એકતા છે એટલે મૂળ શ્રદ્ધાની એકતા હોવાં છતાં ઉત્તર શ્રદ્ધાનમાં ફેર છે. આ રીતે અનેક પ્રકારથી વિષય કષાય, હિંસા આદિ પાપના પોષક હોવાથી તે પ્રમાણથી વિરુદ્ધ છે. માટે મુસલમાનમત પણ વિપરીતરૂપ જાણવો.

**પ્રશ્ન** : જો એ મતો ખોટા છે તો મોટા મોટા રાજાદિકો અને મોટા વિદ્યાવાન પુરુષો એ મતોમાં કેવી રીતે પ્રવર્તે છે ?

**ઉત્તર** : સંસારી જીવોને મિથ્યાવાસના અનાદિકાળથી છે. હવે એ મતોમાં મિથ્યાત્વનું જ પોષણ છે. વળી જીવોને વિષયકષાયરૂપ કાર્યોની ઈચ્છા વર્તે છે અને તેમાં વિષયકષાયરૂપ કાર્યોનું પોષણ છે તથા રાજાદિકો અને વિદ્યાવાનોનું એવા ધર્મમતોમાં વિષય કષાયરૂપ પ્રયોજન સિદ્ધ થાય છે. અને સંસારી જીવો તો લોકનિંદ્યપણાને પણ ઉલ્લંઘી જેમાં પાપ થતું જાણે તે કાર્યોને પણ વિષય



કષાય અર્થે કરવા ઈચ્છે છે તો પછી તે કાર્યો કરતાં કોઈ ધર્મ બતાવે તો એવા ધર્મમાં કોણ ન જોડાય? તેથી એ ધર્મમતોની પ્રવૃત્તિ વિશેષ છે.

**પ્રશ્ન** : એ ધર્મમતોમાં પણ વીતરાગતા અને દયા ઈત્યાદિક કહ્યાં છે !

**ઉત્તર** : જેમ ઝલક આપ્યા વિના ખોટું દ્રવ્ય ચાલે નહિ, તેમ સાચ મેળવ્યા વિના જૂઠ ચાલે નહિ. પરંતુ સર્વના હિતરૂપ પ્રયોજનમાં વિષય કષાયનું જ પોષણ કર્યું છે.

જેમ ગીતામાં ઉપદેશ આપીને યુદ્ધ કરાવવાનું જ પ્રયોજન પ્રગટ કર્યું તથા વેદાંતમાં શુદ્ધ નિરૂપણ કરી સ્વચ્છંદી થવાનું પ્રયોજન દર્શાવ્યું તેમ અન્ય પણ જાણવું. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે ''ગીતામાં પૂર્વાપર વિરોધતા છે. વીતરાગનો માર્ગ એક જ સત્ય છે.'' વળી ઘણા લોકો સમયસાર વાંચીને એમ કહે છે કે વેદાંતે જેમ શુદ્ધતાની વાતો કરી છે તેમ સમયસારને વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે. પણ તે સમયસારને સમજ્યા નથી. આત્મામાં વિકારી પર્યાય થાય છે તેને સ્વભાવની દૃષ્ટિએ અભૂતાર્થ કહેલ છે, પણ તેથી કરીને તે પર્યાય છે જ નહિ એમ નથી. આ વાતને તે સમજતા નથી. વેદાંત તો શુદ્ધ નિત્ય એકરૂપ ધ્રુવ જ વસ્તુ છે એમ માને છે. માટે વેદાંત અને જૈનને ઊગમણો-આથમણો ફેર છે. સમયસારમાં કોઈ કોઈનું કરી શકતું નથી એ વાત આવે છે તે જેને બેસતી નથી એને પણ સમયસાર સમજાતું નથી. આ રીતે અન્યમતમાં વિષય-કષાયની પ્રવૃત્તિ થઈ રહી છે.

વળી આ હલકા કાળમાં હલકા ધર્મની પ્રવૃત્તિ ઘણી થઈ રહી છે. વિષય-કષાયને પોષતા ધર્મને સાંભળનારા પણ ઘણાં હોય છે. સાચા વીતરાગમાર્ગને સમજનારા અને સાંભળનારા ઘણાં થોડા છે. જુઓ, મુસલમાનધર્મ ઘણો વધી ગયો છે અને હિંદુધર્મ ઘટી ગયો છે અને હિંદુધર્મમાં પણ અન્યધર્મમાં ઘણાં વધી ગયા અને જૈનધર્મમાં ઘણાં ઘટી ગયા -એ બધો કાળનો દોષ છે. એટલે કે આ કાળમાં એવા જ જીવો થયા છે. માટે આ કાળમાં ખોટા ધર્મની પ્રવૃત્તિ ઘણી જોવામાં આવે છે.

## સાંખ્યમત નિરાકરણ

હવે પંડિતપણાના બળથી કલ્પિત યુક્તિ વડે જુદા જુદા મત સ્થાપિત થયા છે અને તેમાં તત્ત્વાદિનું નિરૂપણ કર્યું છે, તે ખોટું છે. એમાં સાંખ્યમતની વાત કરે છે. સાંખ્યમતમાં પચીસ તત્ત્વ માને છે. એમાં સત્ત્વ, રજ અને તમને ગુણ માને છે તે ખોટું છે કેમ કે તે ગુણ નથી પણ પર્યાય છે. વળી તે સત્ત્વાદિને પ્રકૃતિ કહે છે અને તે પ્રકૃતિથી બુદ્ધિ થાય છે અને બુદ્ધિથી અહંકાર થાય છે -એમ તે માને છે. પણ તે બધી વાત ખોટી છે. વળી તે સોળ માત્રા કહે છે. અને રૂપથી અગ્નિ, શબ્દથી આકાશ વગેરે થયું કહે છે. તે ખોટું છે કેમ કે એ તો ગુણમાંથી ગુણી થયો એમ થયું પણ તેમ બને નહિ. વળી પ્રકૃતિથી જુદો ભોક્તા પુરુષ એક છે એમ કહે છે.

પણ તે કલ્પિત છે કેમ કે સત્ત્વાદિ પ્રકૃતિ છે તે આધાર વગર હોય નહિ અને તેનો આધાર તો ચેતનદ્રવ્ય છે. એટલે એનો અર્થ એ છે કે -આત્મામાં જે વિકાર થાય છે એનો આધાર ખરેખર તો ચેતનદ્રવ્ય છે પણ કર્મ નથી. છતાં કર્મના કારણે કોઈ વિકાર માને તો તે પણ ખોટો છે એમ અહીં કહેવા માગે છે

વળી પ્રકૃતિથી બુદ્ધિ થઈ એમ કહે છે પણ બુદ્ધિ તો જ્ઞાનનું નામ છે. તે તો જ્ઞાનગુણનો ધારક પદાર્થ છે તેનાથી થાય છે. માટે બુદ્ધિ પ્રકૃતિથી થાય છે એ વાત બરાબર નથી. વળી પ્રકૃતિ તો અવગુણ છે એનાથી જ્ઞાન કેમ થાય ? બુદ્ધિ તો જ્ઞાનગુણની પર્યાય છે તે વિકારથી થાય નહિ. જે કોઈ એમ માને કે વિકાર કરવાથી જ્ઞાન વધે તે સાંખ્યમતની જેમ પ્રકૃતિથી બુદ્ધિ થાય -એમ માનવા જેવું છે, એટલે કે તે મિથ્યાદષ્ટિ છે. માટે ખરેખર પ્રકૃતિ તે અવગુણ છે. તેનાથી જ્ઞાન-બુદ્ધિ થાય એમ બને નહિ. આનો નિર્ણય જો યથાર્થ રુચિ કરે તો થઈ શકે એમ છે પણ રુચિ કરે નહિ અને કહે કે અમને સમજાતું નથી તો તે બરાબર નથી. વેપાર કરતાં દુકાનમાં હજારો ચીજો હોય તો એની ધારણા રાખે છે કેમ કે ત્યાં રુચિ છે, -એમ અહીં રુચિ કરે તો બરાબર સમજાય એમ છે.

જુઓ, તે પ્રકૃતિથી બુદ્ધિ કહે છે અને પાછું બુદ્ધિથી અહંકાર થાય છે એમ કહે છે પણ તે બરાબર નથી. કેમ કે જ્ઞાન તો સાક્ષીભૂત છે, એનાથી અહંકાર થાય નહિ. પરવસ્તુ જાણવાથી અહંકાર થતો નથી પણ પરવસ્તુમાં ઈષ્ટ-અનિષ્ટપણું માનવાથી અહંકાર થાય છે. માટે બુદ્ધિથી અહંકાર થાય છે એ માન્યતા મિથ્યા છે. સમ્યગ્દષ્ટિ એમ માનતો નથી. જ્ઞાનથી અહંકાર થાય નહિ એમ જ્ઞાની માને છે.

## પોષ વદ ૧૦, શનિવાર, ૧૦-૧-૫૩.

જૈન વીતરાગમાર્ગ સિવાય બીજા અન્યમતો ખોટાં છે, તો એમાં શું વિરોધ આવે છે એ પણ જાણવું જોઈએ. તે સમજવા માટે આ અન્યમત નિરાકરણ અધિકાર છે. સાંખ્યમત કલ્પિત છે તે વાત અહીં ચાલે છે. અહંકારથી પાંચ ઈંદ્રિયો ઉત્પન્ન થાય છે એમ તે માને છે. પણ અહંકારથી ઈંદ્રિયો થાય નહિ, અહંકાર તો આત્માની પર્યાય છે અને ઈંદ્રિયો તો જડ છે, માટે તે અહંકારથી થાય નહિ. ભાવઈંદ્રિય પણ આત્માનું સ્વરૂપ નથી -એમ સમયસારમાં કહેલ છે એ તો અલ્પજ્ઞાનના ઉઘાડ જેટલો જ આત્માનો સ્વભાવ નથી -એમ બતાવવા કહેલ છે.

શ્રી સમયસાર ગાથા ૩૧માં આત્માનો વિષય ભાવઈંદ્રિયો, દ્રવ્યઈંદ્રિયો અને એના વિષયો છે -એમ કહેલ છે. અહીં સાંખ્યમત અહંકારથી ઈંદ્રિયો થાય એમ કહે છે તે બરાબર નથી અને બુદ્ધિથી અહંકાર થાય છે એમ માને છે તે પણ બરાબર નથી. કેમ કે જ્ઞાનમાં ઉઘાડ તથા પરને પોતાનું



સ્વરૂપ માને તો અહંકાર થાય છે પણ જ્ઞાન-બુદ્ધિ તે અહંકારનું કારણ થતું નથી. પોતે અહંકાર કરે તો થાય છે પણ તે અહંકારથી પરની પર્યાય થાય એમ નથી. **''ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર''**- એનો અર્થ તો એ છે કે આત્મા મોહ કરે તો આત્માની પર્યાયમાં અહંકારરૂપી સંસાર થાય છે પણ મોહભાવ વડે ઈંદ્રિય આદિ થતાં નથી.

બુદ્ધિમાંથી અહંકાર થયો તેથી આ સ્પર્શાદિ જણાવા લાગ્યા -એમ કહે છે અને સ્પર્શાદિ કોઈ ચીજ નથી પણ અહંકારથી સ્પર્શાદિ જણાય છે અને અહંકારથી ઈંદ્રિયોનો વિષય છે -એમ માને છે પણ એ બરાબર નથી. કેમ કે વીતરાગ કહે છે કે સ્પર્શાદિ તો એક જગતની વસ્તુ છે. આત્મા પોતે અહંકાર કરે તો થાય છે. તે સ્પર્શાદિને પોતાના માનવા તે અહંકાર છે અને તે અરૂપી પર્યાય તો આત્માની છે તેનાથી સ્પર્શાદિ કેવી રીતે ઉત્પન્ન થાય ? એટલે કે અહંકારરૂપ દોષથી અચેતન જડ સ્પર્શાદિ થાય નહિ.

વળી રૂપાદિ જે પુદ્ગલ પરમાણુના ગુણો છે તેમાંથી અગ્નિ, આકાશાદિ ગુણી ઉત્પન્ન થયા કહે છે પણ તે બરાબર નથી, કેમ કે અગ્નિ અને ઉષ્ણતા એક છે, વર્ણ ગંધાદિથી પરમાણુ જુદા નથી, શબ્દથી આકાશ થયો નથી. વસ્તુમાં ગુણ છે એમ કહેવાય પણ ગુણથી વસ્તુ થઈ એમ કહેવાય નહિ. આ વાત સમજાય તેવી હોવાં છતાં આનો નિર્ણય ન થઈ શકે એમ જે માને છે તેને આત્માની ખરેખર રુચિ નથી. જ્યાં રુચિ હોય છે ત્યાં તો બરાબર પરીક્ષા કરે છે. ઘરની ચીજવસ્તુ લેવા જાય તો ત્યાં બરાબર પરીક્ષા કરે. અનાજ, કપડું વગેરેની પરીક્ષા કરે છે -એમ અહીં જેણે ધર્મ કરવો હોય તેણે બરાબર પરીક્ષા કરવી જોઈએ. પરીક્ષા કર્યા વગર જે નિર્ણય કર્યો હોય તે ટકી શકશે નહિ, તે તો મૂઢ જેવો છે, તેને ધર્મ થતો નથી. પરીક્ષા કર્યા વગર ધર્મને માને તો તેને ભગવાને અજ્ઞાન અને આંધળા કહ્યા છે. માટે યથાર્થ વસ્તુસ્વરૂપનો નિર્ણય કરવો જોઈએ.

વળી સાંખ્યમતવાળા પુરુષને પ્રકૃતિથી ભિન્ન માનવો તેને મોક્ષમાર્ગ કહે છે. તો તે વાત પણ ખોટી છે કેમ કે તેઓ કહે છે એવી કોઈ પ્રકૃતિ કે પુરુષ છે જ નહિ. વીતરાગે કર્મરૂપ પ્રકૃતિ કહી છે, તેનાથી આત્મા ભિન્ન છે તે વાત બરાબર છે પણ તે તો આત્માની વિકારી પર્યાયરૂપે પ્રકૃતિ કહે છે તેનાથી ભિન્ન આત્મા નથી. વળી તે જ્ઞાનથી મુક્તિ કહે છે -એમ પણ નથી. જ્ઞાનની સાથે જાણપણાની પ્રતીતિ અને જ્ઞાનની સ્થિરતારૂપ ક્રિયા જ્ઞાનમાં એકાગ્રતાથી રાગરહિત થાય તો મુક્તિ થાય છે. પણ કેવળ જાણપણાથી સિદ્ધિ થતી નથી. કેમ કે વિકારને પ્રકૃતિનું કાર્ય માને અને જ્ઞાનમાં નિર્ણય અને સ્થિરતાનો પુરુષાર્થ કરે નહિ તો તેને મોક્ષમાર્ગ થાય નહિ. પ્રકૃતિનું કર્તવ્ય રાગાદિને માને તથા કર્મનું કર્તવ્ય રાગાદિને માને તો તે બન્ને એક સરખા મિથ્યાદષ્ટિ છે. કર્મ પ્રારબ્ધથી બધું થાય છે એમ માને તો રાગાદિના ઘટાડવાનો પુરુષાર્થ એને ત્રણકાળમાં થાય

નહિ. શરીરાદિની ક્રિયા કરવાથી રાગાદિ ઘટે એમ માને તેને પણ રાગાદિ ઘટાડવાનો પુરુષાર્થ થાય નહિ. માટે આ રીતે મોક્ષમાર્ગના સ્વરૂપમાં તે ભૂલ કરે છે.

હવે મોક્ષના સ્વરૂપને પ્રકૃતિથી પુરુષ ભિન્ન થાય એનું નામ મોક્ષ કહે છે, પણ એની તે માન્યતા બરાબર નથી. કેમ કે પ્રકૃતિ પુરુષ ભિન્ન જ છે, તો ભિન્ન થાય તેને મોક્ષ કહેવો તે વાત ખોટી છે. એટલે કે કર્મને અને આત્માને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એમ માનવું પણ કર્મના કારણે વિકાર થાય છે -એમ નથી. સંસારમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી એમ માનવામાં આવે તો તે ખોટું છે કેમ કે સિદ્ધમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી એમ સિદ્ધ થશે નહિ. માટે આત્મા ને પ્રકૃતિને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એમ માનવું જોઈએ અને પ્રયાસથી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તોડે તેનું નામ મોક્ષ છે પણ પ્રકૃતિથી ભિન્ન થવું તે મોક્ષ છે -એમ નથી.

આત્માએ પોતે પોતાની પર્યાયમાં પ્રકૃતિનો સંગ કર્યો હતો તેનો પુરુષાર્થપૂર્વક સંગ તોડ્યો તેને મોક્ષ કહે તો બરાબર છે પણ પ્રકૃતિથી જુદો પડ્યો તે મોક્ષ છે -એમ નથી કેમ કે પ્રકૃતિથી તો આત્મા ત્રણે કાળે જુદા જ છે. માટે તારું કથન જૂઠું પડે છે. નિમિત્ત તરફનો પોતે પર્યાયસંબંધ છોડ્યો ત્યારે નિમિત્ત એના કાર્યસંબંધ રહિત થયું એમાં તો પુરુષાર્થપૂર્વક રાગાદિ છોડવાનો ઉપાય આવ્યો પણ પ્રકૃતિથી જુદો પાડવો એમાં પુરુષાર્થપૂર્વક રાગાદિ છોડવાનો ઉપાય રહ્યો નથી, માટે પ્રકૃતિને જુદી પાડવી તે મુક્તિ છે એ વાત બરાબર નથી.

હવે આત્મામાં પ્રકૃતિના સંયોગે દોષ થાય છે તે દોષ આત્માનો છે કે આત્માથી ભિન્ન છે? જો તે જીવનું કર્તવ્ય છે એમ માનીશ તો પ્રકૃતિના કારણે ઈંદ્રિયાદિ થાય છે એ વાત બનતી નથી અને ભિન્ન છે તો પુરુષ એનો કર્તા રહ્યો નહિ તો તેને તે દોષ ટાળવાનો ઉપદેશ દેવો તે પણ વ્યર્થ છે. માટે એ પ્રમાણે મોક્ષમાર્ગ માનવો તે મિથ્યા છે. અજ્ઞાની લોકો કહે છે કે ભગવાન તીર્થંકરદેવે કહ્યું છે કે આત્મા અનાદિથી કર્મના કારણે સંસારમાં રખડે છે માટે કર્મના કારણે આત્મામાં વિકાર થાય છે એમ માનવું તે સાંખ્યમતી જેવો છે. કેમ કે દોષ પોતે કરેલો છે અને નાખે કર્મ ઉપર તે કદી સુધરતો નથી. અને તેને ઉપદેશ આપવો પણ નકામો છે, તે ભગવાનના વચનને સમજ્યો નથી. કર્મના કારણે કોઈ સંસારમાં રખડતો નથી. કર્મને લઈને સંયોગો મળે છે પણ જડ કર્મ જીવને દોષ કરાવે તે વાત બરાબર નથી. સાંખ્ય પ્રકૃતિના કારણે કહે અને જૈન નામ ધરાવીને કર્મના કારણે વિકાર માને તે બન્ને સરખા મિથ્યાદૃષ્ટિ છે.

## નૈયાયિકમત નિરાકરણ

નૈયાયિકમતવાળા સોળ તત્ત્વો માને છે, પણ એવું સ્વરૂપ નથી. તે બધી કલ્પિત વાતો છે, કલ્પિત તત્ત્વો કહીને લોકોને ભ્રમણામાં નાખે છે. સંશયાદિને તત્ત્વ કહે છે પણ તે તત્ત્વ નથી, તે તો વિચારના ભેદો છે. પંડિતાઈની વિચારની પર્યાયને તત્ત્વ કહે છે પણ તે તત્ત્વ નથી. કદાચ



તે વિચારની પર્યાય છે એમ પણ કહે, પણ આત્માને સમજે નહિ તો તે પણ કાર્યકારી નથી. માટે એનાથી પ્રયોજન સિદ્ધ થતું નથી. આત્મામાં આકુળતા થાય છે તે વિકાર પુણ્ય-પાપ તત્ત્વ છે અને જીવદ્રવ્ય પણ એક તત્ત્વ છે. એના આશ્રયે પુણ્ય-પાપ તત્ત્વનો અભાવ થાય છે -એ પ્રયોજનભૂત તત્ત્વની તો વાત કરી નહિ અને બીજી મોટી મોટી વાત કરે તેથી આત્માને કાંઈ લાભ થાય નહિ. પ્રયોજનભૂત વાત કહે નહિ અને અપ્રયોજનભૂત કથા આદિ કરે તો તેથી કાંઈ સિદ્ધ થાય નહિ. જે તત્ત્વથી આત્માનું પ્રયોજન સિદ્ધ થાય તે કરે નહિ અને એ સિવાય જેટલી બીજી વાતો પંડિતાઈથી કહે તો તે બધી વિકથા છે. જેને તત્ત્વની ગંધ નથી, ઉપાદાન-નિમિત્તની મુખ્ય વાત છે તે વાત તો કરે નહિ, તે તો જૈન વાડામાં આવ્યા છતાં તે અન્યધર્મી જેવા છે.

વળી તે કહે છે કે -આવા સોળ તત્ત્વો જાણીએ તો પ્રયોજનભૂતનો નિર્ણય થાય. પણ એ વાત તો વ્યાકરણવાળા કહે છે કે વ્યાકરણ ભણવાથી નિર્ણય થાય પણ તે વાત ખોટી છે. વ્યાકરણ ભણ્યો હોય પણ ગાથાનો ભાવ સમજે નહિ તો તે નિર્ણય કરી શકતો નથી. અને ભોજન કરવાથી શરીરની સ્થિરતા થતાં તત્ત્વનિર્ણય થાય, ચા પીવાથી સાંભળવામાં ઠીક પડે અને તત્ત્વનિર્ણય થાય એમ ભોજનના અધિકારી કહે છે એના જેવી તમારી વાત થઈ - તે ખોટી છે. માટે એવી યુક્તિ આપવી બરાબર નથી. ''નોઆગમભાવશ્રુતજ્ઞાન'' આ વાક્યનો અર્થ વ્યાકરણવાળાને પૂછ્યો હોય તો એના ભાવને સમજ્યા વિના અર્થ કરી શકે નહિ, ત્યાં તો આગમ ભાવશ્રુતજ્ઞાન સમ્યગ્જ્ઞાનને કહેલ છે અને નોઆગમભાવશ્રુતજ્ઞાન તો સમ્યગ્જ્ઞાનપૂર્વક ચારિત્રને કહેલ છે, તે એના ભાવને સમજ્યા વિના અર્થ કરી શકે નહિ; માત્ર વ્યાકરણનું જ્ઞાન કરવાથી નિર્ણય થાય નહિ.

## પોષ વદ ૧૧, રવિવાર, ૧૧-૧-૫૩.

આ મોક્ષમાર્ગ પ્રકાશક છે, મોક્ષમાર્ગ થવા પહેલાં એનાથી વિરુદ્ધ કહેનારાં કેવા હોય છે ? તે કહે છે. કેમ કે એનું પણ જ્ઞાન કરવું કાર્યકારી છે. અહીં અજ્ઞાની તત્ત્વોના વિપરીત સ્વરૂપને બતાવે છે અને તેને પ્રયોજનભૂતના નિર્ણયનું કારણ કહે છે પણ તે દલીલ બરાબર નથી કેમ કે ભોજન-વ્યાકરણાદિવાળા પણ એવી દલીલ આપે છે. હવે તું કહે કે એ તો લૌકિક કાર્ય સાધવાનું સાધન છે તો અમે પણ કહીએ છીએ કે આ તમોએ કહેલા તત્ત્વો પણ લૌકિક કાર્યને સાધે છે પણ એમાં મોક્ષમાર્ગને સાધે એવી કોઈ વાત આવતી નથી. કેમ કે આત્માના સ્વભાવનો જેમાં નિર્ણય થાય એ જ કાર્યકારી છે. જેને જાણવાથી સ્વભાવનું ભાન થાય અને કામક્રોધાદિનો અભાવ તથા આકુળતાનો નાશ થઈને શાંતિ થાય એ જ કાર્યકારી છે. આમાં નવે તત્ત્વો આવી જાય છે. એને ખરેખર તત્ત્વ કહેવાય છે.

આકુળતા પુણ્ય-પાપ તત્ત્વ છે અને તે આસ્રવતત્ત્વ છે. એમાં નિમિત્ત પુદ્ગલ કર્મ છે તે અજીવતત્ત્વ છે અને આત્માનો ત્રિકાળી સ્વભાવ તે ચૈતન્યમૂર્તિ તે જીવતત્ત્વ છે. એના અવલંબને સંવર-નિર્જરા-

મોક્ષ પ્રગટ થાય છે. એ રીતે નવે તત્ત્વો એમાં આવી જાય છે. આ નવ તત્ત્વોને પ્રયોજનભૂત કહેવાય છે. એ સિવાય બીજા તત્ત્વો પ્રયોજનભૂત નથી. વળી તું કહે છે કે પ્રમેયતત્ત્વ જુદું તત્ત્વ છે પણ એમ નથી. પ્રમેય તો આખું જગત છે, માટે આત્મા આદિ તત્ત્વ કહેવા હતા, તેથી તું કહે છે એવું તત્ત્વનું સ્વરૂપ નથી.

વળી તેઓએ આત્માદિનું સ્વરૂપ પણ અન્યથા પ્રરૂપણ કર્યું છે, એમ પક્ષપાત રહિત વિચાર કરવાથી ભાસે છે. આત્માના બે ભેદ કહે છે -એક પરમાત્મા અને બીજો જીવાત્મા, અને પરમાત્માને સર્વનો કર્તા કહે છે. ત્યાં તેઓ આ જગત કાર્ય તરીકે છે માટે એનો કર્તા પરમાત્મા છે એમ કહે છે પણ એ વાત બરાબર નથી કેમ કે જગતમાં ઘણાં એવા પદાર્થો છે કે જેનો નિમિત્તકર્તા પણ કોઈ દેખાતો નથી. માટે કોઈ કર્તા ઈશ્વર છે -એમ નથી. સ્થૂલ સ્કંધો દેખાય છે તો સૂક્ષ્મ સ્કંધો પણ પરિણમી રહ્યા છે તો તેનો તમો કોણ નિમિત્તકર્તા કહેશો ? માટે ખરેખર કોઈ કર્તા નથી. જગતમાં જે કેટલાંક પદાર્થોનું કાર્ય થાય છે એમાં નિમિત્ત તરીકે મનુષ્યાદિ દેખાય છે પણ ઘણાં કાર્યો એવા છે એમાં નિમિત્ત તરીકે કોઈ દેખાતું નથી. માટે કોઈને કર્તા માનવો તે બરાબર નથી.

## વૈશેષિકમત નિરાકરણ

તે છ તત્ત્વો કહે છે. ત્યાં પૃથ્વી આદિને નિત્ય કહે છે. પૃથ્વીના, પાણીના પરમાણુ જુદા જુદા છે. એટલે પૃથ્વીના પૃથ્વીરૂપે રહે છે -પણ એમ નથી કેમ કે પૃથ્વીના પરમાણુ અગ્નિરૂપે થઈ જાય છે માટે પૃથ્વીના પરમાણુ જુદા અને અગ્નિના પરમાણુ જુદા છે -એમ નથી. અગ્નિના પરમાણુ રાખરૂપે થતાં જોઈએ છીએ, પાણીના પરમાણુ માછલાંના પેટમાં મોતી થઈ જાય છે. માટે માટીના પરમાણુ અને પાણીના જુદા છે -એમ નથી.

કોઈ એમ કહે છે કે દૂધમાંથી દહીં થાય છે એમાં દહીંના પરમાણુ અંદર જુદા હતા તે બહાર આવ્યા છે. દૂધના મીઠા પરમાણુ મીઠારૂપે રહે છે અને જે ખાટા દેખાય છે તે ખાટા પરમાણુ હતા તે બહાર આવ્યા છે -એમ જૈનમાં આવીને પણ આ રીતે માને છે તે વૈશેષિકમત જેવા જ છે. જૈનમાં જન્મીને પણ અનેક પ્રકારે અન્યથા માને છે, તે પણ મિથ્યાદૃષ્ટિ છે કેમ કે પરમાણુની પર્યાય ધોળીની કાળી થાય છે, મીઠાશ પલટીને ખાટી પર્યાય થાય છે પણ એક જ રૂપે રહે છે -એમ નથી. અને તે પર્યાય તેના કારણે થાય છે. આત્મા તે પર્યાયને પલટાવી શકતો નથી. માટે આ વાત પણ પ્રયોજનભૂત છે. આત્મા પોતાની પર્યાયને જ પલટાવી શકે છે. જે એમ માને છે કે પુદ્ગલની પર્યાય એકરૂપ રહે છે તે આત્માની પર્યાય સંસારરૂપછે તે બદલી શકે નહિ એમ અવ્યક્તપણે માને છે. માટે તે મિથ્યાદૃષ્ટિ છે.



પુદ્ગલો નિત્ય સ્વતંત્ર વસ્તુ હોવાથી તેની પરિણમનશક્તિ પણ નિત્ય છે માટે તેઓ એના કારણે પરિણમે છે એ પ્રત્યક્ષ દેખાય છે અને તું એમ કહે કે બીજા પુદ્ગલો આવે છે તો તેની અવસ્થા થાય છે. પણ તેની પ્રબળ યુક્તિ કહે તો અમે માનીએ. પણ એમ ને એમ કહે તો એમ ખોટી વાત ચાલે નહિ. માટે નક્કી કર કે પરમાણુ પોતે અનેકરૂપ પર્યાયથી થાય છે. વળી તેઓ આકાશ અને કાળને પણ અન્યથારૂપે કહે છે અને આત્માને બે પ્રકારે કહે છે તેનું મિથ્યાપણું આગળ કહ્યું છે. ખરેખર તો દ્રવ્યમન તો જડ છે અને ભાવમન તો આત્માની જ્ઞાનગુણની પર્યાય છે એમ સમજવું. આત્માથી ભાવમન કોઈ જુદું તત્ત્વ નથી. માટે ભાવમનને કોઈ જુદું તત્ત્વ માનનાર કલ્પિત દ્રવ્ય માને છે માટે મિથ્યાદૃષ્ટિ છે.

વળી તેઓ ચોવીસ ગુણો કહે છે. એમાં પૃથ્વીને ગંધવાળી કહે છે તથા પાણીને શીત સ્પર્શવાન કહે છે પણ તે મિથ્યા છે કેમ કે તે ગુણોની એમાં મુખ્યતા ભાસતી નથી, એમાં બીજા ગુણો પણ છે, માટે તે ખોટું છે. એ રીતે બીજા ગુણો અન્યથા પ્રકારે કહે છે પણ તે કલ્પિત છે એમ જાણવું. બુદ્ધિને મન કહે તો તેને તો તેં જુદું દ્રવ્ય કહ્યું હતું અને જો ભાવમનને ગુણ કહેતો હોય તો તે તો આત્માની પર્યાય છે માટે બુદ્ધિ પણ ગુણ નથી અને સુખ-દુઃખને ગુણ કહે છે તે ગુણ નથી કેમ કે સુખ કાયમ રહેતું નથી, દુઃખ પણ કાયમ રહેતું નથી. માટે તે ગુણ નથી પણ ક્ષણિક પર્યાય છે. કલ્પના તે કાયમની ચીજ નથી. માટે સુખ હોય કે દુઃખની કલ્પના હોય તે ગુણ નથી. વળી તે આત્મામાં ત્રિકાળ રહેતા નથી. માટે લક્ષણાભાસ છે કેમ કે ગુણ હોય તો સદા વ્યાપવા જોઈએ, માટે તે ગુણ નથી.

આમાં દ્રવ્યાનુયોગની વાત આવે છે. વીતરાગદેવ દ્રવ્ય-ગુણ-પર્યાય કોને કહે છે અને એનાથી વિરુદ્ધવાદી દ્રવ્ય-ગુણનું સ્વરૂપ કેવું કહે છે ? એ બતાવે છે. અહીં ગુણોનું સ્વરૂપ કલ્પિત કહે છે તે વાત થઈ. હવે તે પાંચ પ્રકારના કાર્યોને તત્ત્વો કહે છે. અને સંકોચ થાય, પહોળું થાય કે ગમન થાય એવી બધી ચેષ્ટા થાય છે તે શરીરની-જડની છે માટે કોઈ જુદા પદાર્થો નથી. માટે એ રીતે જુદા પાંચ પ્રકારના કર્મો છે -એમ નથી. શરીરની ચેષ્ટા મારાંથી થતી નથી એમ જાણવું તે પ્રયોજનભૂત છે પણ ક્યા પ્રકારની અને કેવી થાય છે એ ન જાણે તો કાંઈ પ્રયોજનભૂતમાં વાંધો આવતો નથી. માટે તે કર્મને પાંચ પ્રકારના કહ્યા તેથી કાંઈ સાધ્ય નથી.

વળી તે સામાન્ય બે પ્રકારે છે -એમ તે કહે છે. તે સામાન્યને કોઈ જુદી વસ્તુ માને છે પણ એમ નથી. કેમ કે બધાને ભેગા બતાવવા હોય તો તેને પોતે સમજવા માટે અભેદ બતાવીને સામાન્ય અપેક્ષાએ એક કહે પણ તેથી કોઈ સામાન્ય વસ્તુ છે એમ નથી. એ પ્રમાણે વૈશેષિકોએ કહેલા તત્ત્વોને કલ્પિત જાણવા.

વળી તેઓ બે જ પ્રમાણ માને છે. પ્રત્યક્ષ અને અનુમાન, પણ એના સત્ય-અસત્યનો નિર્ણય

જૈનના ન્યાયગ્રંથોથી જાણવો. વળી નૈયાયિક વિષય, ઇંદ્રિય, બુદ્ધિ, સુખ-દુઃખાદિના અભાવને મોક્ષ કહે છે. અને વૈશેષિક ચોવીસ ગુણોમાંથી બુદ્ધિ આદિ નવ ગુણોના અભાવને મોક્ષ કહે છે. તો તે વાત પણ બરાબર નથી. કેમ કે બુદ્ધિ તો જ્ઞાન છે અને જ્ઞાનનો અભાવ થતાં આત્માની સંજ્ઞાનો અભાવ થાય છે માટે તે ખોટું છે અને વિષયનો અભાવ થાય તો લોકના અભાવનો પ્રસંગ આવે અને સુખનો અભાવ માનવામાં આવે તો સુખરહિત અવસ્થાને ઉપાદેય કેમ મનાય? હા, આકુળતામય ઇંદ્રિયજનિત સુખનો ત્યાં અભાવ કહો તો એ સત્ય છે, પણ મોક્ષમાં નિરાકુળ અતીંદ્રિય સુખનો અભાવ સંભવતો નથી તેથી ત્યાં સુખનો અભાવ કહેવો તે બરાબર નથી. આ રીતે તે મોક્ષના સ્વરૂપને અન્યથા માને છે.

## મીમાંસકમત નિરાકરણ

મીમાંસકના બે પ્રકાર છે -એક બ્રહ્મવાદી અને બીજો કર્મવાદી છે. તેમાં બ્રહ્મવાદી તો ''આ સર્વ બ્રહ્મ છે'' બીજું કાંઈ નથી એમ માને છે પણ એ વાત કલ્પિત છે એમ આગળ સિદ્ધ કરી ગયા છે. અને કર્મવાદી ક્રિયા, આચાર અને યજ્ઞાદિ કાર્યોથી સિદ્ધિ માને છે પણ તે કાર્યો કરવાથી રાગાદિથી રહિત થવાતું નથી માટે તે અભિપ્રાય પણ મિથ્યા છે. જૈન નામ ધરાવીને પણ ઘણા એમ કહે કે અમે કર્મવાદી છીએ અને ક્રિયા કરતાં કરતાં આત્માનું કલ્યાણ થઈ જશે -એમ તે માને છે. પણ તે માન્યતા મીમાંસકમત જેવી જ છે. કેમ કે એ ક્રિયાથી રાગરહિત થવાતું નથી. વળી તે પાંચ પ્રમાણ માને છે. એમાં પણ ઘણી વિરુદ્ધતા આવે છે અને તે બહારથી અનેક પ્રકારના ત્યાગ વડે સંતુષ્ટ થયા છે પરંતુ જ્ઞાન-શ્રદ્ધાનું મિથ્યાપણું અને રાગાદિનો તેમને સદ્ભાવ હોવાથી તે વેષથી આત્માનું કાંઈ કલ્યાણ થતું નથી. માટે તે મિથ્યા છે.

કોઈ કહે કે આપણે મીમાંસકમતને જાણવાની શું જરૂર છે ? એક જૈનધર્મની વાત કરો ને! તો કહે છે કે વીતરાગમાર્ગથી વિરુદ્ધ જે કાંઈ કથન છે અને વિરુદ્ધ માન્યતા છે તે બરાબર જાણીને વીતરાગમાર્ગ એક જ સત્ય છે એમ નિર્ણય કરવો જોઈએ. એકલી અસ્તિથી વાત કરે અને નાસ્તિને સમજે નહિ તો તે અસ્તિને પણ સમજ્યો નથી. એકલી અસ્તિથી વાત કરે તો બધું એક થઈ જાય છે, પૃથક્પણું રહેતું નથી. આત્મા પોતાથી અસ્તિરૂપ છે અને પરથી નાસ્તિરૂપ છે એમ નિર્ણય કરે તો એક એક આત્મા ભિન્ન ભિન્ન છે એમ નક્કી થાય છે એમ વીતરાગમાર્ગ સત્ય છે અને બીજા અસત્ય છે એમ બરાબર જાણે તો વીતરાગમાર્ગનો યથાર્થ નિર્ણય થાય. માટે આ જાણવું કાર્યકારી છે.

## જૈમિનીયમત નિરાકરણ

તે એમ કહે છે કે સર્વજ્ઞદેવ કોઈ છે જ નહિ, વેદવચન નિત્ય છે. એનાથી યથાર્થ નિર્ણય



કરવો જોઈએ. માટે વેદપાઠની ક્રિયા કરવી એને ધર્મનું સાધન માને છે પણ તે બરાબર નથી. જેને હજુ સર્વજ્ઞની પ્રતીતિ નથી તેને મોક્ષમાર્ગ ત્રણકાળમાં થતો નથી. જૈનમાં પણ ઘણાં સર્વજ્ઞને માનતાં નથી. એ બધા જૈમિનીયમતવાળાની જેમ ગૃહીત મિથ્યાદષ્ટિ જ છે. સર્વજ્ઞને નહિ માનવામાં અનેક પ્રકારથી વિરુદ્ધતા આવે છે. માટે તે કલ્પિતમત જાણવો.

## બૌદ્ધમત નિરાકરણ

આ બૌદ્ધમતને માનનારની સંખ્યા ઘણી છે પણ તે માર્ગ સર્વજ્ઞના માર્ગથી વિરુદ્ધ માર્ગ છે કેમ કે વિજ્ઞાનને તે દુઃખ કહે છે. તે વાત પ્રત્યક્ષ ખોટી છે. જ્ઞાન દુઃખનું કારણ હોય નહિ. દુઃખનું કારણ તો કામક્રોધાદિના પરિણામ છે. ઘણું જાણવું તેને તે ઉપાધિ માને છે પણ તે ખોટું છે કેમ કે જ્ઞાન ઘણું હોય અને ક્રોધાદિ ઓછાં હોય છે અને જ્ઞાન ઓછું હોય ને ક્રોધાદિભાવ વધારે હોય છે. માટે જ્ઞાન દુઃખનું કારણ નથી એમ નક્કી થાય છે. વળી તે બધાને ક્ષણિક માને છે. સર્વ ક્ષણિક છે એવી વાસના તે માર્ગ છે એમ માને છે તે વાત ખોટી છે. કેમ કે વસ્તુનો કદી નાશ થતો નથી. વળી પહેલાં અને પછી તે નો તે આત્મા ન હોય તો આ મેં કર્યું એમ રહેતું નથી. માટે આત્મા ક્ષણિક નથી એમ નક્કી કરવું યોગ્ય છે.

## પોષ વદ ૧૨, સોમવાર, ૧૨-૧-૫૩.

આ બૌદ્ધમતની વાત ચાલે છે. તેઓ દરેક વસ્તુને ક્ષણિક માને છે પણ તેવું વસ્તુનું સ્વરૂપ નથી. બાળ, યુવાન ને વૃદ્ધમાં રહેલો આત્મા એક જણાય છે ને પહેલાંના ને પછીના જ્ઞાનમાં નિત્યતા દેખાય છે. આ કામ શરૂ કર્યું ને આ પૂરું કર્યું એમ નિત્યતા દેખાય છે-તેની સંધિ દેખાય છે, માટે ક્ષણિક માનવું વ્યાજબી નથી. સંધિનો કરનાર ક્ષણિક હોઈ શકે નહિ. જો બધી અવસ્થામાં એક નથી તો પહેલાં અને પછીના કાર્યનો એક કર્તા કેમ માને છે ? તું કહીશ કે ''સંસ્કારથી એમ છે'' તો એ સંસ્કાર કોને છે ? આત્મામાં સંસ્કાર રહ્યા તે નિત્ય છે કે ક્ષણિક ? સંસ્કાર નિત્ય હોય તો બધું ક્ષણિક ઠર્યું નહિ ને સંસ્કાર ક્ષણિક છે તો જેનો આધાર ક્ષણિક છે તે સંસ્કારની પરંપરા કેવી રીતે રહે છે ? જો સર્વ ક્ષણિક થયું તો તું ક્ષણિક થાય છે. ક્ષણિક માનવું એવી વાસનાને તું માર્ગ કહે છે તો માર્ગના ફળને તું ક્ષણિક હોવાથી ભોગવી શકતો નથી તો પછી માર્ગને શું કામ પ્રવર્તે છે ? વાસનાના કરનારનો નાશ થઈ ગયો તો પછી વાસનાને કોણ ભોગવશે? માટે આધાર વિના સંસ્કારની પરંપરા ટકતી નથી. વળી જીવ ક્ષણિક હોવાથી નાશ થઈ જાય છે તો નિરર્થક શાસ્ત્ર શા માટે બનાવ્યાં ? કારણ કે વસ્તુ ક્ષણિક હોવાથી બીજા કાળે કામ આવતી નથી.

વસ્તુ નિત્ય રહે તો ઉપદેશનું પ્રયોજન છે ને કર્તવ્ય વડે ફળ પામવા માટે ઉપદેશ છે પણ તું ક્ષણિક માને છે માટે શાસ્ત્ર દ્વારા માર્ગ બતાવવો નિરર્થક છે, એ પ્રમાણે તે માર્ગ મિથ્યા છે.

વળી તેઓ રાગદ્વેષ તથા જ્ઞાનની પર્યાયની વાસનાનો નાશ થવો તેને મોક્ષ કહે છે, તું ક્ષણિક માને છે તો પછી મોક્ષ કોનો થયો ? વિકારાદિના અભાવને મોક્ષ અમે કહીએ છીએ પણ જાણનારનો અભાવ થવો કેમ હિતકારી હોય ? આ અહિત છે માટે છોડવું ને હિતને ગ્રહણ કરવું એમ જ્ઞાન વિચાર કરે છે. તે જ્ઞાનના નાશને મુક્તિ કેમ મનાય ? માટે જ્ઞાનના અભાવને મોક્ષ માનવો તે વ્યાજબી નથી. આમ ત્રણે વાત ખોટી ઠરે છે.

બૌદ્ધમતમાં પ્રત્યક્ષ અને અનુમાન એમ બે પ્રમાણ માને છે પણ તેના સાચા ખોટાંની પરીક્ષા જૈનશાસ્ત્રોથી જાણવી. જો એ બે જ પ્રમાણ છે તો તેમના શાસ્ત્ર અપ્રમાણ થયા. શાસ્ત્રથી પ્રમાણ કરવાનું રહ્યું નહિ કારણ કે તેઓ બે પ્રમાણ માને છે. જો શાસ્ત્રને પ્રમાણ ન માને તો તે શાસ્ત્ર નિરર્થક બને છે. તે શાસ્ત્રનું નિરૂપણ શા માટે કર્યું ? કારણ કે અનુમાન તો જીવ કરશે. તમે શાસ્ત્ર શા માટે બનાવ્યા ?

વળી તેઓ સુગતને દેવ માને છે અને તેનું નગ્ન વા વિક્રિયારૂપ સ્વરૂપ સ્થાપે છે જે વિટંબણારૂપ છે. આત્માના ભાન વગર નગ્નપણું નકામું છે. વળી કમંડળ રાખે, લાલ કપડાં પહેરે ને પહોર ગયા પછી ભોજન કરે-ઈત્યાદિ લિંગરૂપ બૌદ્ધમતના ભિક્ષુક હોય છે. પણ વસ્તુ ક્ષણિક છે માટે વેશ ધારવાનું શું કામ છે ? પરંતુ મહંતતા માટે વેષ ધારણ કરે છે અથવા કલ્પિત નિરૂપણ કરે છે.

એ પ્રમાણે બૌદ્ધ છે - તેના ચાર પ્રકાર છે. વૈભાષિક, સૌત્રાંતિક, યોગાચાર અને મધ્યમ. તેમાં વૈભાષિક જ્ઞાન સહિત પદાર્થને માને છે; સૌત્રાંતિક પ્રત્યક્ષ દેખાય છે તે જ છે, એ સિવાય કાંઈ નથી એમ માને છે; યોગાચાર આચાર સહિત બુદ્ધને માને છે તથા મધ્યમ પદાર્થના આશ્રય વિના જ્ઞાનને જ માને છે. તેઓ પોતપોતાની કલ્પના કરે છે પણ વિચાર કરતાં તેમાં કાંઈ ઠેકાણાની વાત નથી. એ પ્રમાણે બૌદ્ધમતનું નિરૂપણ કર્યું.

## ચાર્વાકમત નિરાકરણ

સર્વજ્ઞદેવ, ધર્મ, અધર્મ, મોક્ષ, પરલોક અને પાપ-પુણ્યનું ફળ છે જ નહિ એમ ચાર્વાક માને છે. આ ઈંદ્રિય વડે દેખાય છે તે જ લોક છે -એમ કહે છે. તેને પૂછીએ છીએ કે સર્વજ્ઞદેવ આ કાળ-ક્ષેત્રમાં નથી કે સર્વ કાળ-ક્ષેત્રમાં નથી ? આ કાળ-ક્ષેત્રમાં તો અમે પણ માનતા નથી. સર્વ કાળ-ક્ષેત્રમાં નથી એવું સર્વજ્ઞ વિના કોણે જાણ્યું ? જે સર્વ કાળ-ક્ષેત્રને જાણે તે જ સર્વજ્ઞ છે તથા જે જાણતો નથી તે કેવી રીતે નિષેધ કરે છે ?

વળી ધર્મ-અધર્મ લોકમાં પ્રસિદ્ધ છે. જો એ કલ્પિત હોય તો સર્વજનપ્રસિદ્ધ કેવી રીતે હોય? વળી આત્માને ધર્મરૂપ કે અધર્મરૂપ પરિણતિ થતાં જોઈએ છીએ. રાગ ઘટાડે તો વર્તમાનમાં સુખી દેખાય છે ને રાગ વધારે તો દુઃખી થતાં દેખાય છે તેને કેમ ન માનીએ ?



વળી મોક્ષનું હોવું અનુમાન થાય છે. કોઈમાં ક્રોધાદિ વિકાર ઓછા છે ને કોઈમાં વધારે છે. માટે કોઈ જીવમાં ક્રોધાદિની નાસ્તિ હોવી જોઈએ. વળી કોઈમાં જ્ઞાન ઓછું-વત્તું દેખાય છે તો કોઈને પૂર્ણ જ્ઞાન થઈ શકે છે -એમ અનુમાન થઈ શકે છે. સર્વ દોષોની હાનિ તથા ગુણોની પ્રાપ્તિ હોય તે જ મોક્ષ અવસ્થા છે. ધર્મ આત્માની શાંતિ છે ને અધર્મ આત્માની અશાંતિ છે. પૂર્ણ આકુળતા ટળી પૂર્ણ અનાકુળ દશા થવી તે મોક્ષ છે.

વળી પુણ્યને લીધે પૈસા મળે છે, ઉદ્યમ કરવા છતાં કોઈને પૈસા મળતા નથી. કોઈ ઉદ્યમ ઓછો કરે પણ પૈસા ઘણા મળી જાય માટે તે પુણ્યને આધીન છે. વળી ઘણું પથ્ય રાખે, હળવે હળવે ચાલે, શરીરની જતના કરે છતાં રોગી દેખાય છે; માટે વર્તમાન પ્રયત્નનું તે ફળ નથી. પાપનો ઉદય હોય તો રોગ થયા વિના રહે નહિ. ને કોઈને વિના પુરુષાર્થથી રોગ મટી જાય છે. એક રોગીને ઘણી દવા કરવા છતાં ન મટે ને પુણ્યનો ઉદય આવતાં સહેજે મટી જાય છે. માટે લક્ષ્મી આદિનું મળવું કે ન મળવું તથા શરીરાદિનું સારું રહેવું કે ન રહેવું તે પુણ્ય-પાપને આધીન છે.

અશાતાનો ઉદય આવે ત્યારે રોગ આવ્યા વિના રહે નહિ. ગરીબ માણસ દવાનો પ્રયત્ન ન કરે પણ પુણ્યનો ઉદય હોય તો વિના દવાએ રોગ મટી જાય છે. તે બધું મટવાના કાળે મટે છે. તેમાં પુણ્ય નિમિત્ત છે એમ સિદ્ધ કરવું છે. આ બધું પ્રત્યક્ષ થતું જોવામાં આવે છે માટે તેમાં પુણ્ય-પાપ કારણ છે.

વળી પરલોક પણ પ્રત્યક્ષ ને અનુમાનથી ભાસે છે. વ્યંતરદેવ જોવામાં આવે છે. ''હું અમુક હતો ને દેવ થયો છું'' એમ તે વાત કરે છે. ''પૂર્વે હું આ હતો ને દેવ થયો છું'' તે જાણપણું જેના આધારે છે તે આત્મા છે. તું તેને પવન માને છે પણ તે વાત સાચી નથી. પવનના આધારે જાણપણું હોઈ શકે નહિ કારણ કે પવન જડ છે. વળી પવન ભીંત આદિથી અટકી જાય છે પણ આત્મા અટકતો નથી. જમીનમાં કોઈને જીવતો દાટે તો જમીન ફાટ્યા વિના જીવ નીકળી જાય છે. ઘરમાં જીવ મરે ત્યારે ભીંત સોંસરો જીવ નીકળી જાય છે. માટે તેને પવન કેમ મનાય?

વળી ઈંદ્રિયગોચર વસ્તુને લોક કહે છે પણ લોક એટલો નથી. તારી ઈંદ્રિય વડે થોડા જોજન દૂરવર્તી ક્ષેત્રના અને થોડા ભૂત-ભવિષ્યના પદાર્થો પણ ખ્યાલમાં આવતા નથી. પાંચ વર્ષ પહેલાંની કોઈ ચીજ દેખાતી નથી ને પાંચ માઈલ દૂર ક્ષેત્રની ચીજ દેખાતી નથી. વિલાયત તને દેખાતું નથી, અમુક વર્ષ પહેલાં મંગળવારે નવ વાગે નિશાળમાં બેઠા હતા તે કાળ વર્તમાનમાં તો ઈંદ્રિયગોચર નથી, માટે તારી ઈંદ્રિયોથી જણાય એટલાને લોક કહે છે તે વ્યાજબી નથી.

વળી પાંચ મહાભૂત થઈને આત્મા થયો કહે છે. પૃથ્વી, પાણી, તેજ, વાયુ ને આકાશ મળતાં ચેતના થઈ એમ તેઓ કહે છે. હવે મર્યા પછી પૃથ્વી આદિ અહીં રહ્યા ને જાણવાવાળો પદાર્થ

વ્યંતરાદિક થયો. પ્રત્યક્ષ જુદા જુદા દેખાય છે. શરીર અહીં પડ્યું રહે છે ને આત્મા ચાલ્યો જાય છે. માટે બન્ને જુદા દેખાય છે, માટે બન્ને જુદી જુદી વસ્તુ છે.

વળી શરીરમાં પૃથ્વી આદિ પાંચ જુદા છે ને જાણનાર એક છે. બધા અંગોમાં જુએ તો જાણનાર એક છે. જઠર ઉષ્ણ થયું તેનું લક્ષણ જુદું છે ને આત્માનું લક્ષણ જુદું છે. પૃથ્વી આદિના લક્ષણ જુદા જુદા ભાસે છે ને આત્મા બધામાં એક છે. આત્માનું સળંગપણું એક છે, શ્વાસ વગેરેને જાણનાર એક જ છે. હાડકાંને જુદી ચેતના જાણે ને લોહીને જુદી ચેતના જાણે એમ બનતું નથી. જાણનાર એક જ છે માટે પાંચથી આત્મા ઉત્પન્ન થયો તે વાત સાચી નથી.

વળી હાથ કપાતાં જેમ વર્ણાદિ તેની સાથે રહે છે તેમ ચેતના પણ તેની સાથે રહેવી જોઈએ -પણ એમ બનતું નથી. માટે શરીર ને ચેતના જુદી વસ્તુ છે.

વળી હું રાગી છું, હું દ્વેષી છું એવો અહંકાર ચેતનાને હોય છે, શરીરાદિના અંગને અહંકાર હોતો નથી. મરી જતાં શરીર અહીં પડ્યું રહે છે. પૂર્વની વાત ખ્યાલમાં આવે છે કે મારાં પૈસા અમુક જગ્યાએ દાટ્યા હતા -એમ કોઈ વ્યંતર કહે છે, તે અહંકાર ચેતનાના આધાર વિના કેમ હોય ? શરીર તો અહીં પડ્યું રહે છે માટે જેની સાથે જાણપણું ગયું તે જ આત્મા છે.

વળી ચાર્વાકમતમાં ખાવા-પીવાનો તથા ભોગવિલાસ આદિ સ્વચ્છંદ વૃત્તિનો ઉપદેશ છે. ''આ લોક મીઠો તો પરલોક કોણે દીઠો ?'' એમ તેઓ કહે છે. હવે એ પ્રમાણે તો જગત પોતાની મેળે જ પ્રવર્તે છે. તો શાસ્ત્ર બનાવી ઉપદેશનું પ્રયોજન શું છે ? તું કહીશ કે ''તપશ્ચરણ, શીલ, સંયમાદિ છોડાવવા એ ઉપદેશ આપ્યો છે'' પણ એ કાર્યોથી તો રાગ ઘટતાં એટલો સુખી થાય છે. બ્રહ્મચર્ય પાળીને રાગ ઘટાડે તો સુખી થતો દેખાય છે, ખાવા-પીવાના તથા ભોગના પરિણામ ઓછા કરે તો આકુળતા ઓછી થાય ને સુખી થતો દેખાય છે. આકુળતા ઓછી દેખાય છે તેને બદલે તારા શાસ્ત્ર તો આકુળતા વધારે કરવાનું કહે છે. માટે તારા શાસ્ત્રનું પ્રયોજન સાચું નથી.

તપના શુભભાવમાં ધર્મ છે એમ કહેવું નથી. આત્માના ભાન સહિત તપ કરે તો શાંતિ થાય ને ભાન વિના રાગ મંદતા કરે તો પુણ્ય થાય ને ઓછી આકુળતા થાય. તેને બદલે પુણ્ય છોડી પાપ કરવાનું સાચા શાસ્ત્ર કદી કહે નહિ.

પુણ્યથી ધર્મ નથી ને આત્માના આધારે ધર્મ છે એમ શાસ્ત્ર કહે છે પણ તેનો અર્થ એમ નથી કે પુણ્ય છોડી પાપ કરવું. નાસ્તિકમતના શાસ્ત્રો તપશ્ચરણ છોડવાનું કહે છે તે વ્યાજબી નથી. કોઈક સંયમ પાળે, બ્રહ્મચર્ય પાળે તો અંતરમાં આકુળતા ઓછી થાય ને બહારમાં આબરૂ પ્રાપ્ત થાય ને પાપી વિષયી જીવોને આકુળતા વધે છે ને બહારમાં લોકમાં આબરૂ રહેતી નથી. માટે તપશ્ચરણ વગેરે છોડાવી શું ભલું કરે છે ? વિષયી જીવોને ગમતી વાતો કહી પોતાનું તથા




બીજાનું બૂરું કરવાનો તને ભય નથી તેથી સ્વચ્છંદી બની વિષય સેવન માટે જૂઠી યુક્તિ બતાવે છે -એ પ્રમાણે ચાર્વાકમતનું નિરૂપણ કર્યું.

## અન્યમત નિરાકરણ ઉપસંહાર

જેટલા આવા મતો હોય તે વિચારી લેવા. જેઓને પાપનો ડર નથી ને વિષયોના ભોગી છે તેવાએ જૂઠી યુક્તિ બનાવી મતો પ્રગટ કર્યા છે. તેના શ્રદ્ધા-આચરણથી જીવોનું બૂરું થાય છે. સર્વજ્ઞ વીતરાગે કહેલો માર્ગ સત્યમાર્ગ છે. સાચા પદાર્થોને એક જૈનમત બતાવે છે. તેના શ્રદ્ધા-જ્ઞાનથી કલ્યાણ થાય છે.

જૈનમતમાં શું કહ્યું છે ? જીવાદિ તત્ત્વનું નિરૂપણ કર્યું છે. પ્રત્યક્ષ ને પરોક્ષ બે પ્રમાણ કહ્યાં છે, તેમાં બધો સમાવેશ કરી નાખ્યો છે. બન્ને પ્રમાણ માન્ય છે. કોઈ સૂક્ષ્મ નજરે ન દેખાય તે આગમમાન્ય છે. વળી સર્વજ્ઞ વીતરાગ અર્હંતદેવ છે ને દિગંબર મુનિઓ બાહ્ય-અભ્યંતર નિર્ગ્રંથ ગુરુ છે - આ પ્રમાણે ટૂંકામાં કહ્યું. એ સર્વેનું વર્ણન આગળ વિશેષતાથી લખશું ત્યાંથી જાણવું.

**પ્રશ્ન** : તમને રાગદ્વેષ છે તેથી અન્યમતોનો નિષેધ કરી પોતાના મતને સ્થાપન કરો છો.

**સમાધાન** : વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવું પ્રતિપાદન કરવામાં રાગદ્વેષ નથી. પણ માન વધારવા માટે ને અપમાન ઘટાડવા માટે પ્રયોજન વિચારી અન્યથા પ્રરૂપણ કરીએ તો રાગદ્વેષ નામ પામે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ ''મોક્ષમાર્ગ પ્રકાશક'' આદિથી અંત સુધી વાંચવા ભલામણ કરી છે, કારણ કે તે યથાર્થ વસ્તુસ્વરૂપ બતાવે છે.

**પ્રશ્ન** : જો રાગ-દ્વેષ નથી તો બીજાના દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા નથી, તેમના કહેલાં તત્ત્વો સાચા નથી ને ભગવાને કહેલાં શાસ્ત્ર ને તત્ત્વો સાચા છે એમ કેમ કહો છો ? તમને સમતાભાવ છે તો આ સાચું છે ને તે પણ સાચું છે એમ કહો, મતપક્ષ શા માટે કરો છો ?

**ઉત્તર** : જેવું સ્વરૂપ છે તેવું કહે તેમાં રાગદ્વેષ નથી. બૂરાને બૂરો કહેવો ને ભલાને ભલો કહેવો તેમાં રાગદ્વેષ નથી. વિષ્ટા અને કસ્તુરીને એક સરખા માનવા તે મૂઢભાવ છે. તેમ બૂરાને અને ભલાને સમાન જાણવા એ અજ્ઞાનભાવ છે પણ સામ્યભાવ નથી.

શ્રીમદ્ રાજચંદ્રજીએ ''સમદર્શિતા''નો અર્થ કર્યો છે કે :-

સુદેવને સુદેવ માને ને સ્થાપે, કુદેવને કુદેવ માને ને ઉથાપે -જેમ છે તેમ કહેવું તે સમદર્શિતા છે તેમાં રાગદ્વેષ નથી.

**પ્રશ્ન** : બધાને મોક્ષ કરવો છે. પ્રયોજન એક છે તેથી સર્વને સમાન જાણવા.

**ઉત્તર** : પ્રયોજન એક હોય તો જુદા જુદા મત શા માટે કહો છો ? જેટલા મત કહ્યાં તેનું

પ્રયોજન એક હોઈ શકે નહિ. કોઈ વ્યક્તિ સાથે વિરોધ નથી પણ બીજાના અભિપ્રાય પોતાની ભૂલ ટાળવા માટે જાણે.

એક મતમાં એક જ પ્રયોજન સહિત અનેક પ્રકારે વ્યાખ્યાન હોય તેને જુદા મત કહેતા નથી. વ્યાખ્યાન અનેક પ્રકારે હોય છે. ચારે અનુયોગની સિદ્ધિ કરી. દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ, કરણાનુયોગ, કથાનુયોગ -એમ ચાર અનુયોગ છે. દરેકની વ્યાખ્યાન પદ્ધતિ જુદી છે છતાં દરેકમાં પ્રયોજન એક જ છે. એક અનુયોગ વ્યવહારને સ્થાપે અને એક નિશ્ચયને સ્થાપે એમ ન હોય; એક વીતરાગતાને સ્થાપે ને એક પુણ્યને સ્થાપે -એમ બને નહિ. ચારેમાં વીતરાગતાનું એક જ પ્રયોજન છે. સ્વભાવમાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા એક જ પ્રકારે સ્થાપ્યા છે. વ્યાખ્યાનની ઢબ જુદી જુદી હોય પણ પ્રયોજનમાં ફેર હોય તો જુદા જુદા મત કહીએ છીએ તે અહીં બતાવીએ છીએ.

જૈનમતમાં એટલે કે સર્વજ્ઞની વાણીમાં ને મુનિની વાણીમાં કહ્યું કે રાગરહિત, શરીરરહિત સ્વભાવનું અવલંબન લે, તેની રુચિ કર, તેનું જ્ઞાન કર ને તેમાં સ્થિરતા કર. આમ એક જ પ્રયોજન સિદ્ધ કર્યું છે. અધૂરીદશામાં શુભભાવ હોય તેની ઓળખાણ આપે છે પણ તે પ્રયોજન નથી પણ વીતરાગતા પ્રગટ કરવી તે જ પ્રયોજન છે.

વળી પુરાણ આદિનું પ્રયોજન સ્વભાવને ઓળખી વીતરાગતા લાવવી -તે છે, રાગ કે સંયોગોનું અવલંબન લેવાનું પ્રયોજન સિદ્ધ કર્યું નથી. કરણાનુયોગમાં લોકાદિનું નિરૂપણ છે તથા પહેલાંથી ચૌદમા ગુણસ્થાન સુધીના પરિણામ કહ્યા છે. અગિયારમા ગુણસ્થાનેથી જીવ પડી જાય છે એમ કહ્યું ત્યાં તે નબળી પર્યાયનું જ્ઞાન કરાવી કહ્યું કે નબળી પર્યાય તું કરીશ નહિ પણ વિશેષ પુરુષાર્થ કરજે -એમ કહ્યું છે. જ્ઞાનાવરણીયકર્મે જ્ઞાન આવર્યું એમ નિમિત્તથી વાત કરે છે પણ ત્યાં હીણી દશા તારા કારણે કર્મના લક્ષે થાય છે એમ બતાવી હીણી દશા ટાળવાનો ને પુરુષાર્થ કરી પૂર્ણ દશા પ્રગટ કરવાનો હેતુ છે. વ્યાખ્યાન અનેક પ્રકારે છે. પ્રયોજન તો આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા કરાવવા એ છે, બીજું કાંઈ પ્રયોજન નથી.

## પોષ વદ ૧૩, મંગળવાર, ૧૩-૧-૫૩.

વીતરાગમતમાં વીતરાગભાવનું પોષણ છે તે વાત ચાલે છે. આત્માનો સ્વભાવ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. જેમાં પુણ્ય-પાપથી ધર્મ મનાવ્યો હોય તેનું વસ્તુસ્વરૂપ સાચું નથી. દયા-દાનાદિભાવ આકુળતા છે ને મૂળ સ્વભાવ અનાકુળ આનંદમૂર્તિ છે. તેને બદલે કહે કે પરની ભક્તિના રાગથી ધર્મ થશે, તેમ કહેનારે આત્માનું અવલંબન લેવડાવ્યું નહિ, પણ રાગનું અવલંબન લેવડાવ્યું. તો તે વસ્તુનું સ્વરૂપ નથી. સ્વભાવનું અવલંબન લેવડાવ્યું હોય ને રાગાદિનું અવલંબન છોડાવ્યું હોય તો તે માર્ગ કહેવાય. તેથી વિરુદ્ધ કહે તે સાચો રસ્તો નથી. વળી તે માર્ગને કહેનારા વીતરાગી



દેવ હોય. તેમની વાણીમાં એમ આવે કે શુભાશુભ છોડીને અંતરમાં જા. લાખ વાત કરી હોય તો બધાનું પ્રયોજન વીતરાગતા એક જ છે.

કથાનુયોગમાં કથા આવે ને શુભભાવથી દેવપદ મળે એમ કહ્યું હોય તો પણ તે નિમિત્તોમાં અટકાવવાનો હેતુ નથી. આત્માનો સ્વભાવ આનંદકંદ છે. તેની શ્રદ્ધા કરી વીતરાગતા પ્રગટ કરાવવાનો હેતુ છે. ભક્તિ વગેરેની વાત કરી હોય તો પણ અશુભથી ખસેડવા ને પછી શુભથી ખસેડી શુદ્ધમાં લાવવાનો હેતુ છે.

વળી કરણાનુયોગમાં લોકાદિનું નિરૂપણ કર્યું હોય કે વિકારને લીધે ચૌદ બ્રહ્માંડમાં રખડવું થયું છે. નિમિત્તરૂપે કર્મની વાત કરી હોય, નરકના દુઃખ તથા સ્વર્ગના સુખની વાત કરી હોય પણ તે બધું બતાવીને એમ કહેવું છે કે પુણ્ય-પાપના ફળમાં ચાર ગતિ છે, તેમાં ધર્મ નથી. પુણ્ય-પાપરહિત સ્વભાવમાં શ્રદ્ધા, જ્ઞાન ને આચરણથી ધર્મ ને મોક્ષ થાય છે એમ કહેવાનો હેતુ છે.

ચરણાનુયોગની વિધિમાં આ ખાવું ને આ ન ખાવું એમ કહ્યું હોય તો પણ વીતરાગતાનો હેતુ છે. નિમિત્તને સુધારવાનો કે રાગમાં અટકાવવાનો હેતુ નથી. દાન, પૂજા વગેરે શ્રાવકે કરવા એમ કહ્યું છે. અશુભ ટાળીને શુભમાં લાવીને તેમાં પણ રોકાવા કહ્યું નથી. પણ સ્વભાવના લક્ષે તે બધાનો અભાવ કરવા કહ્યું છે. તે રાગ ઘટાડનાર આત્મા છે. માટે આત્મા રાગરહિત છે. તેના શ્રદ્ધા, જ્ઞાન કરી અંતર વળવા કહ્યું છે. મુનિને નિર્દોષ આહારની વિધિ બતાવી. તે બધું રાગના ઘટાડા માટે છે પણ રાગની વૃદ્ધિ માટે નથી.

આમ ચારે અનુયોગની વાત કરે છે. હવે દ્રવ્યાનુયોગની વાત કરે છે. ત્યાં નવ તત્ત્વની વાત કરી છે. ત્યાં પણ નવના ભેદનું લક્ષ છોડાવી આત્મા તરફ વાળવાનો હેતુ છે, રાગનો વધારો કરવો ને વીતરાગ દેવ કે તેમની વાણીનું પ્રયોજન નથી.

ભગવાન તીર્થંકર જન્મે ત્યારે એકાવતારી ઈંદ્રો પણ નાચે, થનગનાટ કરે, બત્રીસ લાખ વિમાનનો લાડો-ઘણાં દેવોનો સ્વામી ભગવાન પાસે નાચે, ત્યાં હેતુ જડની ક્રિયાનો નથી. અંતરમાં જ્ઞાનાનંદની દૃષ્ટિ થઈ છે. ભગવાન આ ભવે મોક્ષ જશે એમ બહુમાન લાવી તેની પાસે ભક્તિ કરે છે. છતાં ત્યાં પણ શુભરાગ રાખવાનો હેતુ નથી. અને ભગવાન પાસે કહે કે ''અમોને મુક્તિ આપજે'' છતાં સમજે કે ભગવાન મને મુક્તિ આપી દેવાના નથી. ભગવાન કહે કે તારી પાસે તારા જ્ઞાન ને વીતરાગતા પડ્યા છે. અમારી પાસે તારી મુક્તિ નથી. વળી કથનમાં નિમિત્ત કે શુભરાગની અપેક્ષા ક્યાંય કરાવી હોય તો ત્યાં અશુભરાગ ટાળવા માટે કથન છે. પણ શુભરાગ રાખવા માટે નથી. વળી વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર એમ કહે છે કે તું ભગવાન પરમાત્મા છો, તારી સામે તું જો, અમારી સામે ન જો. અમારી ભક્તિથી તારી મુક્તિ થશે એવું પ્રયોજન વીતરાગી દેવાદિનું કથન હોય નહિ.

અન્યમત વિપરીત કહે છે. દરેક આત્મા પ્રભુ છે. તેની શક્તિમાં પરમાત્મપદ પડેલું છે. તેની શ્રદ્ધાથી પરમાત્મા થવાય છે. તેની એને ખબર નથી ને વિપરીત માર્ગ ચલાવે છે તે અન્યમત છે. તેનો હેતુ વીતરાગી સ્વભાવ તરફ વળવાનો નથી પણ રાગી દેવની કલ્પના કરી રાગ તરફ વળવાનો છે. પરથી પ્રેમ છોડવાનું નહિ કહેતાં પર તરફ પ્રેમ કરાવે છે. દેવનું સ્વરૂપ રાગી ઠરાવે છે. આમ કલ્પિત તત્ત્વો કર્યા છે તે પર તરફના વિકારભાવને પોષણ કર્યો છે. ભગવાનની કૃપાથી ભક્તો તરી જશે એમ માનનારે ભગવાનને રાગી ઠરાવ્યા. ભગવાન એવા ન હોય. ભગવાન તો વીતરાગ અને સર્વજ્ઞ હોય. વળી તેઓ કહે છે કે શરીરને દુઃખ ન આપવું ને ખાવું પીવું એમ તેઓ કહે છે. ખરેખર તો પુણ્ય-પાપના પરિણામથી અંતરનો ખરો નારાયણ નારાજ થાય છે. પણ તેમ તેઓ સમજતા નથી. આમ અનેક યુક્તિ બનાવી કલ્પિત રચના કરી કષાયભાવને જ પોષે છે.

જેમ કે અદ્વૈત બ્રહ્મવાદી એક જ આત્મા માનનાર છે. તે બધાને સરખા માની ભોગ ભોગવવાનું કહે છે. ગમે તેવા પદાર્થો ખાવામાં વાંધો નથી -એમ માને છે. પર તરફના વિષયનું લક્ષ કરાવી તેની રુચિ ને અનુભવ કરાવી વિષયના કાર્યોમાં રોક્યા છે. આત્મા ધ્યેય છે તેને ચૂકી પર વિષયોનો ને રાગનો અનુભવ કરવાનું કહી સ્વચ્છંદનું પોષણ કરે છે. તેણે સ્વનો વિષય કરાવેલ નથી પણ પરનો વિષય કરાવેલ છે. ભ્રાંતિ, રાગદ્વેષમાં રોકાઈ ધર્મ થશે એમ કહી સ્વચ્છંદ કરાવેલ છે. નિમિત્ત તરફના વલણમાં રોકાવું તે વિષય છે. સત્પુરુષના વલણમાં રોકાવું તે પુણ્ય છે. પુણ્યમાં હિત મનાવે ને પર તરફ વાળે તે વિષયભોગ છે. આમ અદ્વૈત બ્રહ્મવાદી વિષયભોગાદિરૂપ રાગદ્વેષના કાર્યોમાં સ્વચ્છંદી થવાનું પોષણ કરે છે.

સાંખ્યમત સર્વ કાર્યો પ્રકૃતિના માને છે અને આત્માને અકર્તા માને છે. વિકાર પોતે કરે ને પ્રકૃતિ ઉપર નાખે તે સ્વચ્છંદી છે. આત્મધર્મની ખબર નથી. જૈનમાં કહે કે કર્મને લીધે રાગ થાય તો તેમ માનનાર પણ સાંખ્યમતી જેવા છે. તેણે કષાયના કાર્યોમાં રોકી પાડ્યો છે, પર તરફનું લક્ષ છોડાવ્યું નથી.

‘‘નિમિત્તની ઉપેક્ષા નહિ કરવી’’ -એમ જૈનમાં કહે તો પણ પરની રુચિવાળો છે ને વિષય કષાયને પોષે છે. જેણે આત્માની અપેક્ષા કરી નથી ને પરની ઉપેક્ષા કરી નથી તે યથાર્થ પ્રયોજનને ઓળખતો નથી. નિમિત્તને લીધે કાર્ય માને છે. ગુરુ આપણને મોક્ષ આપી દેશે એમ માને છે. મનુષ્યપણું અનંતવાર મળ્યું, ગુરુ પણ અનંતવાર મળ્યા, છતાં પોતે ઓળખાણ કરી નથી તેથી પરિભ્રમણ ઊભું છે.

સોનું લેનારે સોનાનું નક્કી કરવું જોઈએ તેમ ધર્મ કરનારે યથાર્થ નિર્ણય કરવો જોઈએ. વીતરાગની વાણી કોને કહેવાય ? વીતરાગતાને પોષે ને રાગને ન પોષે તે વીતરાગની વાણી છે.



અહીં સાંખ્યમતવાળા રાગ-દ્વેષ પોતે કરે છે છતાં પ્રકૃતિને માથે નાખી સ્વચ્છંદી બની વિષય કષાયને પોષે છે.

શિવમતવાળા તત્ત્વને જાણવાથી સિદ્ધિ હોવી માને છે. પણ કામ, ક્રોધ સ્વભાવમાં નથી તેની તેને ખબર નથી તે પણ સ્વચ્છંદી થવાનું પોષણ કરે છે.

મીમાંસક યજ્ઞ કરવાનું કહે છે. ઘી હોમવાથી વરસાદ સારા થાય, અનાજ સારું પાકે, લોકોનો નિર્વાહ થાય ને તેના આશીર્વાદ મળે એમ માને છે. આમ ક્રિયાકાંડમાં ધર્મ માની વિષય કષાયને પોષે છે.

બૌદ્ધ ક્ષણિક માને છે. તેને નિત્ય સ્વભાવ તરફ વળવાનું રહેતું નથી. ધર્મનું ફળ ક્ષણિક ને આત્મા ક્ષણિક ઠરવાથી, ધર્મનું ફળ ભોગવવાનું રહેતું નથી. અકષાયી આત્માની રુચિ ને પ્રયોજન નથી તેથી સ્વચ્છંદી થવાનું પોષે છે.

ચાર્વાક પરલોક માનતા નથી. નરકાદિનું વર્ણન ડર બતાવવા માટે કર્યું છે -એમ કહે છે. કોઈ ગતિ આદિને માનતા નથી. અત્યારે ખાવું પીવું ને લહેર કરવી એમ માની ભોગને પોષે છે. તેને આત્માના કલ્યાણની ખબર નથી, માત્ર સ્વચ્છંદી છે.

જો કે અન્યમતી કોઈ ઠેકાણે કોઈ કષાય ઘટાડવાની વાત કરે છે પણ બીજી જગ્યાએ અન્ય કષાયનું પોષણ કરે છે. સંન્યાસી થાઓ, પરમેશ્વરનું ભજન કરો -એમ કહ્યું, પણ પરમેશ્વરને રાગી ઠરાવ્યા, બૈરાંવાળા ઠરાવ્યા, કર્તા-હર્તા ને નાશક ઠરાવ્યા -એમ ત્યાં પણ રાગમાં જોડે છે. જે જીવો પાપ કરે તેને ભગવાન નરકમાં લઈ જાય -એમ કહી ભગવાનને રાગી-દ્વેષી ઠરાવે. હવે રાગી પરમેશ્વરની ભક્તિ કરે તો પોતે પરમેશ્વર કરતાં નીચો થયો. વળી રાગી દેવના ભજનમાં રાગની પુષ્ટિનું પ્રયોજન છે. એક ઠેકાણે કષાય છોડાવે, બૈરાં-છોકરાંને છોડાવે ને બીજે સ્થાને અથવા બીજા પ્રકારે કષાયને પોષે છે. સાધુને ભોજન આપો તો કલ્યાણ થશે. ભગવાનને લાડવા આપો તો વૈકુંઠમાં લાડવા મળે -એમ માને છે. વૈકુંઠમાં એના એ ભોગવિલાસ રહ્યા, એની એ પરાધીનતા રહી.

વીતરાગી દેવ હોય તો નિસ્પૃહપણે વાત કરે. અમો તારાથી પરદ્રવ્ય છીએ. તારું દ્રવ્ય અમારી પાસે નથી. તારું દ્રવ્ય તારી પાસે છે. દરેક દ્રવ્યની સ્વતંત્રતા વર્ણવે છે. અમો તને આપીએ ને તું અમારી પાસે લે એવો તું પરાધીન નથી. જ્યારે રાગી દેવ અને ગુરુ કહે છે કે અમારી ભક્તિથી તારું કલ્યાણ થશે. આમ ભક્તિમાં કષાયને પોષ્યો છે પણ સ્વભાવનું વલણ કરાવ્યું નથી. બધા આત્મા શક્તિએ ભગવાન છે, એમ જાણ્યું નથી તે પોતાની શક્તિ પોતા તરફ વાળી શકશે નહિ. જે રાગી-દ્વેષી હોય તે બીજાને ધર્મમાં કે મોક્ષમાં નિમિત્ત ન થઈ શકે. દરેક આત્મા પરિપૂર્ણ છે.

તારી ભૂલથી તું રખડ્યો છે. તે ભૂલ તું ભાંગ તો પરિપૂર્ણ થઈશ -એમ વીતરાગ દેવ કહે છે. જે દેવ એમ કહે કે અમારી કૃપાથી તારું કલ્યાણ થશે તો તે ખોટું છે. જેટલું જ્ઞાન કરવા માગ, જેટલો વીર્ય પ્રગટ કરવા માગ, જેટલી સ્થિરતા કરવા માગ, જેટલો આનંદ પ્રગટ કરવા માગ -તે બધું તારી પાસે છે. તારામાં ગુણો ભર્યા પડ્યા છે. વર્તમાન ભૂલ છે તેને તારા સ્વભાવના આશ્રયે તોડ ને વીતરાગતા ને આનંદ પ્રગટ કર એમ કહે તે દેવ સાચા છે.

કોઈ કહે કે તારી જ્ઞાન ને આનંદદશા અમારે લીધે છે. તેમ માને તો જ્યારે તે પર્યાયને પરનો સંયોગ ન હોય ત્યારે બધી પર્યાય લટકતી રહે. માટે તે વાત ખોટી છે. પર્યાય દ્રવ્ય વિના ન હોય તે વાત બરાબર છે. દરેક પરમાણુ જડ પ્રભુ છે ને આત્મા ચેતન પ્રભુ છે. જડ પરિપૂર્ણ જડેશ્વર છે. પણ તે પોતાની અસ્તિને જાણતું નથી. તેને જાણનાર આત્મા છે. પોતે આત્મા જ્ઞાન ને આનંદથી ભરેલો પ્રભુ છે તેની શ્રદ્ધા જ્ઞાન કરે તો વીતરાગતા પ્રગટ થાય -આમ જે કહે તે દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા છે.

અન્ય મતો એ ચિદાનંદ શક્તિ ઠરાવી નથી પણ પ્રભુની કૃપાથી મુક્તિ ઠરાવી છે તેથી તેઓની વાત સાચી નથી. તેથી તેમણે વિષય કષાયનું પોષણ કર્યું છે.

જૈનદર્શનમાં દરેક કથનનો હેતુ વીતરાગતા પ્રગટ કરાવવાનો છે. પરમાત્મપુરાણમાં એવું વર્ણન કર્યું છે કે આત્મામાં અનંત ગુણો છે. જ્ઞાન, દર્શન, અસ્તિત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, સ્વચ્છત્વ, વિભુત્વ, પ્રભુત્વ વગેરે શક્તિઓ છે. તે તે ગુણનો પોતાની પરિણતિ પોતામાં વ્યાપ્ય-વ્યાપકરૂપે રહે. રાગ છોડી પોતાની પરિણતિ ગુણમાં એકાકાર થાય તેને આનંદરૂપ પુત્ર જન્મે છે.

આત્મા પોતે રાજા છે. તેના ગુણો તેની પ્રજા છે. અભવીને જ્ઞાનની પરિણતિ કહી નથી. કેમ કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે. તેની વર્તમાન પર્યાય ગુણને પરાણે તે જ જ્ઞાનપરિણતિ છે. અભવીને આત્માનું ભાન નથી. જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમે ને અભેદ થાય તેમાંથી આનંદ પ્રગટે છે. તેની તેને ખબર નથી. દીકરાંના જન્મ વખતે હોંશ લાવી જમણ કરે છે તેમ અહીં કહે છે કે અનંતા ગુણોની પરિણતિમાં એકાગ્ર થવું તે હોંશ છે. ચારિત્રગુણ સાથે એકાકાર થાય તે તેનું સાચું સ્વરૂપ નથી. ચારિત્રગુણ રાગ વિનાની પરિણતિને પરિણમે તે યથાર્થ છે. જેમ નર ને નારીના અંગો એકાકાર થતાં પુત્રનો જન્મ થાય છે તેમ દરેક આત્મા શક્તિવાળો છે માટે રાજા થયો, ગુણ પુરુષ (નર) છે, તેની વર્તમાન પરિણતિ નારી છે. નર ને નારી એકરૂપ થયા ને પુત્રનો જન્મ થયો -એમ દૃષ્ટાંત આપ્યું, પણ તેમાં વીતરાગતાનું પોષણ છે. વર્તમાન પર્યાય ગુણમાં એકાગ્ર થાય તે ધર્મ છે. રાગ સાથે એકાગ્ર થવું તે બ્રાહ્મણ ને ભંગી સાથે પરણવા જેવું છે. પોતાની અવસ્થા ગુણ તરફ એકાગ્ર થાય તેને ઉપાદેય માને ને પર તરફના રાગને હેય માને -આમ વીતરાગનું પ્રયોજન છે.



વળી નવ રસ વર્ણવ્યા છે. હાસ્યરસ, કરુણારસ, અદ્દ્ભૂતરસ વગેરે વર્ણવ્યા છે. જ્ઞાન સાકાર છે ને દર્શન નિરાકાર છે. જ્ઞાન અનંતા પદાર્થોને ભેદ પાડીને જાણે ને દર્શન અભેદપાણે દેખે. જુઓ, એક આત્મામાં આવી અદ્દ્ભૂતતા ! આમ અદ્દ્ભૂતરસ વર્ણવ્યો છે. બે ગુણમાં આવી વિચિત્રતા એ આત્માનો અદ્દ્ભૂતરસ છે. એમ દરેક ગુણમાં અદ્દ્ભૂતરસ છે. પરમાત્મપુરાણ વર્ણવ્યું છે, પારકાનું પુરાણ માંડવા કરતાં તું તારું પુરાણ માંડ, તું પુરાણપુરુષ છે તેની વાત છે.

અહીં કહે છે કે અન્યમતમાં જરા રાગ ઘટાડવાનું કહ્યું હોય પણ જેની ભક્તિ કરવા કહ્યું છે તે રાગી પુરુષ છે. તેથી જેમાં દૃષ્ટિ છે તેની ભક્તિ કરનાર દોષ પ્રત્યે વલણ અથવા અનુરાગ કર્યા વિના ભક્તિ કરી શકે નહિ.

જૈનમતમાં ભગવાન નિર્દોષ, સંતો નિર્દોષ, તેનું કથન નિર્દોષ એમ બધું નિર્દોષ છે. સંતોને જરા રાગ બાકી છે, તેનું જ્ઞાન કરાવે છે. સર્વજ્ઞ વીતરાગ દેવ છે. તે કાંઈ આપતા નથી. ભગવાન પાસે નૈવેદ્યની પૂજા કરે છે તે અશુભભાવ ટાળવા ને અણાહારી પદ પામવા માટે છે. ભગવાન તો નિસ્પૃહ છે, નિર્ગંથ મુનિઓ વીતરાગી છે. આહારની વૃત્તિ નિસ્પૃહપણે હોય છે. આહાર લીધો માટે શ્રાવકનું કામ કરી આપવું જોઈએ ને કર્મકાંડ કરવા પડશે એમ અજ્ઞાની કહે છે. જૈનમતમાં એમ નથી. નિર્ગ્રંથ ગુરુઓ નિસ્પૃહી હોય છે. વળી ધર્મનું સ્વરૂપ પણ વીતરાગતા બતાવે છે. મોક્ષ થયા પછી ભગવાન પાછા આવતા નથી. બીજ બળી ગયા પછી બીજ પાછું ઊગે નહિ. તેમ અજ્ઞાન, રાગદ્વેષ ટળી ગયા પછી ભગવાન રાગી થાય નહિ. અન્યમતવાળા ભગવાનને અવતાર ઠરાવે છે, તો મોક્ષ થયા પછી પણ તેઓને રાગી ઠરાવે છે, તે સાચું નથી. જૈનમતમાં તો જ્યાં હોય ત્યાં વીતરાગતા બતાવે છે. પર્યાયમાં ગમે તેટલો કાળ વિકાર કર્યો હોય તો પણ વિકારે સ્વભાવનું નુકસાન કર્યું નથી -એમ સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરે તો વિકાર નાશ થયા વિના રહે નહિ. આમ વીતરાગતાની વાત જૈન કહે છે. તે વાત બધે પ્રગટ છે. અન્યમતના દાખલા આપશે. ભર્તૃહરિ એમ કહે છે કે જૈન વીતરાગી છે, શાસન ચાલશે કે નહિ તે જોવા ભગવાન રોકાતા નથી કારણ કે ભગવાન વીતરાગી છે. આમ જૈનદર્શનમાં વીતરાગતાનું પોષણ છે. એ અન્યમતના આધારથી પણ બતાવશે.

## પોષ વદ ૧૪, બુધવાર, ૧૪-૧-૫૩.

જૈનમતનું સાચાપાણું ને પ્રાચીનપણું બતાવે છે. અન્યમતી ભર્તૃહરિએ પણ વૈરાગ્ય પ્રકરણમાં એમ કહ્યું છે કે :

રાગી પુરુષોમાં એક મહાદેવ શોભે છે કે જેમણે પોતાની પ્રિયતમા પાર્વતીને અર્ધા શરીરમાં ધારણ કરી રાખી છે તથા વીતરાગીઓમાં જિનદેવ શોભે છે કે જેમના સમાન સ્ત્રીઓનો સંગ છોડવાવાળો બીજો કોઈ નથી. બાકીના લોકો તો દુર્નિવાર કામદેવના બાણરૂપ સર્પોના વિષથી મૂર્ચ્છિત

થયા છે કે જેઓ કામની વિટંબણાથી ન તો વિષયોને સારી રીતે ભોગવી શકે છે - ન તો છોડી શકે છે.

આ શ્લોકમાં સરાગીઓમાં મહાદેવ તથા વીતરાગીઓમાં જિનદેવને પ્રધાન કહ્યા છે.

વળી રાગથી હિત માનવું તે સરાગભાવ છે. એક દ્રવ્યથી બીજા દ્રવ્યને લાભ માનવો તે સરાગભાવ છે. બન્ને ભલા નથી. અશુદ્ધતા ને શુદ્ધતાને પ્રતિપક્ષપણું છે, જ્ઞાન થવું ને રાગ થવો -બે વિરોધીભાવ છે. સ્વભાવ ને વિભાવ બન્નેમાં પ્રતિપક્ષપણું છે. બન્ને હિતકારી નથી. વીતરાગભાવ એક જ ઉપાદેય છે, જેના હોવાથી તત્કાળ આકુળતા ઘટી આત્મા સ્તુતિયોગ્ય થાય છે, રાગદ્વેષના પરિણામ હિતકર નથી પણ સ્વભાવ હિતકર છે એમ નિર્ણય કરે તો શાંતિ થાય. ગમે તેટલી વાત કરી હોય પણ એક સ્વભાવની જ વાત વીતરાગે કહી છે. અશુદ્ધ પરિણામ જેટલા ઘટ્યા તેટલી વર્તમાન શાંતિ છે ને આગામી ભલું થાય છે. રાગની ધારાથી ભવિષ્યમાં શાંતિ નથી. રાગ થાય તત્કાળ આકુળતા થાય ને ગમે તે રાગ હોય તો પણ તે નિંદનિક છે.

૧) વિકારભાવ ઘટતાં વર્તમાનમાં શાંતિ થાય છે ને ૨) ભવિષ્યમાં પણ શાંતિ થાય છે, ને ૩) લોકમાં પૂજ્ય બને છે.

૧) રાગવાળો વર્તમાનમાં દુઃખી છે, ૨) ભવિષ્યમાં દુઃખી છે ને ૩) લોકમાં નિંદ્ય થાય છે.

સત્પુરુષો પ્રત્યેનો રાગ પણ દુઃખદાયક છે. આવો રાગ હોય તો સારું, આવા નિમિત્તો હોય તો સારું એવી રુચિ દુઃખનું કારણ છે. રાગની રુચિ ઘટતાં સ્વભાવની રુચિ થાય ને અસ્થિરતા ઘટતાં સ્વભાવની સ્થિરતા થાય. જૈનમતમાં એક વીતરાગભાવનું જ પ્રયોજન છે, માટે જૈનમત ઈષ્ટ છે.

જૈનધર્મ પામીને પણ વિકારની રુચિ કરે તે ઘણો અચંબો છે. જળમાં અગ્નિ લાગવા સમાન છે. માટે વીતરાગભાવ જ ઈષ્ટ છે, પણ જેમાં સરાગભાવનું પ્રયોજન પ્રગટ કર્યું છે એવા અન્યમતો અનિષ્ટ છે; તેને સમાન કેમ મનાય ?

**પ્રશ્ન** : એ તો સાચું પરંતુ અન્યમતોની નિંદા કરતાં અન્યમતી દુઃખ પામે અને બીજાઓની સાથે વિરોધ થાય, તેથી નિંદા શા માટે કરો છો ?

**ઉત્તર** : અમારા અભિપ્રાયમાં અમારી આબરુ ને પૂજા માટેનો ભાવ હોય ને પરની નિંદા કરવાનો ભાવ હોય અથવા બીજાને દુઃખ ઊપજાવવાનો ભાવ હોય તો અમે પાપી જ છીએ પણ વીતરાગમત સિવાય અન્યમતની શ્રદ્ધાથી જીવોનું અતત્ત્વશ્રદ્ધાન દૃઢ થાય છે ને તેઓ સંસારમાં દુઃખી થાય છે તેથી કરુણાભાવ વડે ને સામા જીવના હિત માટે આ વાત કરીએ છીએ. યથાર્થ માર્ગનું જેવું છે તેવું નિરૂપણ કરીએ છીએ, બીજાને દુઃખ ઉપજાવવાનો હેતુ નથી. અમને કરુણાનો વિકલ્પ



ઊઠ્યો છે તેથી સત્ય વાત કરીએ છીએ. છતાં કોઈ દોષ વિના દુઃખ પામે, વિરોધ ઉપજાવે તો તેમાં અમે શું કરીએ ?

જેમ દારૂ વેંચવાની દુકાન સારી ચાલતી હોય તો દારૂનો નિષેધ કરતાં તેને દુઃખ લાગે, ખરાબ ચારિત્રની નિંદા કરે, પરસ્રીગમન સારું નથી એમ કહેવાથી વેશ્યાદિકને દુઃખ લાગે એમાં અમે શું કરીએ ? સાચો રૂપિયો ખખડાવીને લેવો, છાપ જોઈને લેવો -વગેરે પ્રકારે ખરાંખોટાની પરીક્ષા બતાવતાં ઠગ દુઃખ પામે તો એમાં અમે શું કરીએ ?

એ પ્રમાણે પાપીના ભયથી ધર્મઉપદેશ ન આપીએ તો જીવોનું ભલું કેમ થાય ? અમને વિકલ્પ ઊઠ્યો છે ને ઉપદેશ ન આપીએ તો જીવોનું ભલું કેમ થાય ? બીડીની વિરુદ્ધની વાત ચાલતી હોય તો બીડી પીનારને ખોટું લાગે, બ્રહ્મચર્યની વાત ચાલતી હોય તો કુશીલવાળાને દુઃખ લાગે, પાપીઓના ભયથી ધર્મઉપદેશ ન આપીએ તો જીવોનું ભલું કેમ થાય ? બધાને સારો લાગે તેવો તો કોઈ ઉપદેશ નથી.

હવે સત્ય કહેતાં વિરોધ ઉપજાવે એમ કહો છો પણ વિરોધ તો પરસ્પર ઝગડો કરતાં થાય છે પણ અમે લડીએ નહિ. અમને તો અમારી કરુણાબુદ્ધિનું ફળ છે. કરુણાભાવ વડે યથાર્થ નિરૂપણ કરીએ છીએ. અમે બીજા સાથે લડતા નથી તેથી તેઓ પોતાની મેળે જ શાંત થઈ જશે, અમને તો અમારા પરિણામનું ફળ થશે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ સમદર્શિતાનો અર્થ કર્યો છે કે સત્યને સત્ય કહે, અસત્યને અસત્ય કહે તે સમદર્શિતા છે. સત્ય તથા અસત્યને સરખા માને તે સમદર્શિતા નથી.

**પ્રશ્ન** : પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોની અયથાર્થ શ્રદ્ધા કરતાં મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યા-ચારિત્ર થાય છે પણ અન્યમતોનું શ્રદ્ધાન કરતાં મિથ્યાદર્શન વગેરે કેમ થાય ?

**સમાધાન** : વીતરાગદેવ સિવાય બીજા મતમાં વિપરીત યુક્તિ કહી છે. નવ તત્ત્વો સાચા ન ભાસે તેવા ઉપાય કર્યા છે. તે શા માટે કર્યા છે ? જો જીવાદિ વગેરેને યથાર્થ બતાવે તો વીતરાગભાવ થતાં જ મહંતપણું દેખાય. આ જીવ છે, આ અજીવ છે, બન્ને સ્વતંત્ર છે. પુણ્ય-પાપ મલિન છે, સ્વભાવના આશ્રયે મુક્તિ થાય છે, મુક્તિ પામનારને અવતાર ન રહે, તે જગતમાં પાછા આવે નહિ. એમ યથાર્થ કહે તો વીતરાગતા થતાં પૂજ્યપણું આવે, પણ જેઓ વીતરાગી નથી ને મહંતતા ઈચ્છે છે તેઓ રાગ અને મિથ્યાભાવ હોવાં છતાં પોતાની મહંતતા મનાવવા માટે કલ્પિત યુક્તિ વડે અન્યથા કહે છે.

અદ્વૈત બ્રહ્મવાદી એક આત્મા કહીને જીવ ને અજીવ પદાર્થોને ઉડાડે છે. બધાને એક માને છે. ગમે તે ખાઓ ને ભોગવો એમ કહે છે. આમ જીવ-અજીવની વિપરીત માન્યતારૂપ પ્રરૂપણા

કરી ભગવાનની ભક્તિ કહી તે સ્વચ્છંદ પોષવા કહી છે. રાગ કરતાં કરતાં ધર્મ થશે એમ કહી સંવર-નિર્જરાથી વિરુદ્ધ કહ્યું છે ને ભગવાન મોક્ષ ગયા પછી પાછા અવતરે અથવા ત્યાં જ્ઞાનનો અભાવ થઈ જાય છે એમ માને છે તે મોક્ષથી વિપરીત તત્ત્વ કહે છે. સરાગભાવ પોષવો છે. મોક્ષપદ પ્રાપ્ત જીવો અવતાર લ્યે તેમ કહી સકષાય ઠરાવ્યા ને ત્યાં જ્ઞાન ન હોય એમ કહી મોક્ષપ્રાપ્ત જીવોને અચેતન ઠરાવ્યા. આમ નવે તત્ત્વોનું અયથાર્થ શ્રદ્ધાન પોષે છે.

આમ અન્યમતનું અયથાર્થપણું પ્રગટ કર્યું છે. જો એનું અન્યથાપણું ભાસે તો તત્ત્વશ્રદ્ધામાં રુચિવાન થાય ને તેઓની યુક્તિથી ભ્રમ ન થાય. એ પ્રમાણે અન્યમતોનું નિરૂપણ કર્યું.

## અન્યમતના ગ્રંથોથી જૈનમતની સમીચીનતા

આ વિષય પૃ. ૧૪૩ થી ૧૪૭ સુધી છે, તે મૂળ ગ્રંથમાંથી વાંચી લેવો.

**પોષ વદ ૧૫, ગુરુવાર, ૧૫-૧-૫૩.**

આજે સવારે શ્રી નિયમસાર હરિગીતની સ્વાધ્યાય થઈ હતી.

**માહ સુદ ૧, શુક્રવાર, ૧૬-૧-૫૩.**

અન્યમતનું નિરાકરણ ચાલે છે. ગીતામાં વીતરાગતા બતાવી લડાઈનો ઉપદેશ કર્યો છે તે પરસ્પર વિરોધ છે. તત્ત્વનું એવું સ્વરૂપ નથી. ઋષિઓએ શાપ આપ્યા છે -એ બધું વિરોધવાળું છે માટે માનવા જેવું નથી.

વળી તેઓ કહે છે કે વાંઝીયાને -પુત્ર વગરનાને- સારી ગતિ થતી નથી. વળી ભારતમાં કુમાર બ્રહ્મચારીઓને સ્વર્ગે ગયા બતાવ્યા છે. આ રીતે પણ પરસ્પર વિરોધ છે. વળી ઋષિશ્વર ભારતમાં મદ્ય, માંસ, રાત્રિભોજન અને કંદભક્ષણનો નિષેધ કર્યો છે, અને બીજી જગ્યાએ મોટા પુરુષોને મદ્ય- માંસાદિકનું સેવન કરવું કહે છે અને ઉપવાસાદિકમાં રાત્રિભોજન અને કંદાદિભક્ષણને સ્થાપન કરે છે -એ પ્રમાણે વિરુદ્ધ નિરૂપણ કરે છે.

એ પ્રમાણે અન્યમતના શાસ્ત્રોમાં પૂર્વાપર વિરોધ ઘણો આવે છે. વિરોધવાળા વચનોનું પ્રમાણ હોઈ શકે નહિ. જ્યાં ક્ષમાદિનું પોષણ કર્યું હોય તે તો જૈનમતમાં પણ છે પણ વિપરીત વચનો છે તે તો કલ્પિત છે. હવે જૈન મતાનુસાર જે વચનો છે તેના વિશ્વાસથી વિપરીત વચનોનું પણ શ્રદ્ધાન થઈ જાય માટે અન્યમતની કોઈ એક વાત સાચી દેખીને ત્યાં શ્રદ્ધાન કરવું યોગ્ય નથી કેમ કે જેમ વિષ મેળવેલું ભોજન હિતકારી નથી એમ અહીં જાણવું.



## શ્વેતાંબરમત નિરાકરણ

હવે જૈનમતમાં પણ કાળદોષથી કષાયી જીવોએ એટલે કે મિથ્યાદૃષ્ટિઓએ કલ્પિત શાસ્ત્રોની રચના કરી છે, તે અહીં કહીએ છીએ. શ્વેતાંબરમતવાળા કોઈએ સૂત્ર બનાવ્યા છે. આ અધિકાર શાંતિથી મધ્યસ્થપણે સાંભળવા જેવો છે. શ્વેતાંબરમતવાળા કહે છે કે આ શાસ્ત્રો ગણધરના બનાવેલા છે, તો અમે તેને પૂછીએ છીએ કે આ વર્તમાનમાં શાસ્ત્રો છે એટલા પ્રમાણથી ગણધરે બનાવ્યા હોય તો આચારાંગના અઢાર હજાર આદિ પદો કહ્યા છે, એને વર્તમાન શાસ્ત્રોથી મેળવી આપો. પણ એટલા શ્લોકો કે પદો મળતા આવતાં નથી. માટે એ શાસ્ત્રો ગણધરના રચેલાં નથી પણ કલ્પિત કોઈએ કરેલા છે.

તમો કહેશો કે આચારાંગાદિક તો મોટા હતા પણ કાળદોષ જાણી કેટલાક સૂત્ર કાઢી આ શાસ્ત્રો બનાવ્યા છે, પણ એમ કહેવું તે બરાબર નથી, કેમ કે તૂટક ગ્રંથ પ્રમાણ નથી. વળી એવો નિયમ છે કે જો મોટો ગ્રંથ બનાવે તો સર્વ વર્ણન વિસ્તારપૂર્વક કરે અને જો નાનો ગ્રંથ કરે તો સંક્ષેપ વર્ણન કરે પરંતુ સંબંધ તૂટવો જોઈએ નહિ. વળી જો મોટા ગ્રંથમાંથી થોડુંઘણું કાઢી નાખ્યું હોય તો સંબંધ મળતો આવે નહિ અને કથનનો ક્રમ તૂટી જાય, પણ તમારા સૂત્રોમાં કથાદિકનો પણ સંબંધ મળતો આવે છે અને તૂટકપણું ભાસતું નથી. વળી આ ગ્રંથોમાં અન્ય કવિઓ જેવી પણ ગંભીરતા દેખાતી નથી, ગણધરાદિના રચેલા ગ્રંથો હોય તો એમાં ઘણી ગંભીરતા હોવી જોઈએ અને થોડા શબ્દોમાં ઘણો અર્થ આવી જાય પણ એમ તો દેખાતું નથી માટે તે શાસ્ત્રો કલ્પિત સમજવા.

વળી જે ગ્રંથ બનાવે તે પોતાનું નામ આ પ્રમાણે તો ન ધરે કે ''અમુક કહે છે'' પરંતુ ''હું કહું છું'' -એમ કહે. હવે તમારા શાસ્ત્રોમાં ''હે ગૌતમ'' વા ''ગૌતમ કહે છે'' એવા વચન છે. પણ એ તો જો બીજો કોઈ કર્તા હોય તો એમ કહેવાય. માટે તે સૂત્રો ગણધરકૃત નથી પણ બીજાના કરેલા છે, માત્ર ગણધરના નામ વડે કલ્પિતને સાચું કરવા માગે છે, પણ વિવેકી તો પરીક્ષા કરે, એમ ને એમ માની લે નહિ.

વળી તે કહે છે કે -કોઈ દશ પૂર્વધારીએ આ સૂત્રો બનાવ્યા છે. એમણે ગણધરાદિ અનુસાર શાસ્ત્રો રચ્યા છે તો તે વાત પણ કલ્પિત છે, જો તેમણે રચ્યા હોય તો અંગાદિના નામ આપવા ન હતા. આ તો જેમ કોઈ શાહુકારના નામે હુંડી લખે એના જેવું થયું. સાચું તો ત્યારે કહેવાય કે જેમ દિગંબરાચાર્યોએ શાસ્ત્રો રચ્યા છે તે અંગાદિ અનુસાર રચ્યા તથા તે સર્વમાં ગ્રંથકર્તાનું નામ સર્વ આચાર્યોએ પોતાનું જુદું જુદું રાખ્યું અને ગ્રંથોના નામ પણ જુદા જુદા રાખ્યા પણ કોઈ શાસ્ત્રનું નામ અંગાદિનું ન રાખ્યું તેમ ગણધરદેવના રચેલા છે -એમ પણ કહ્યું નથી. માટે આ રીતે અંગાદિના નામ આપવા તેથી તો લોકો ભ્રમમાં પડી જાય, એમ કરવું તે યોગ્ય નથી. માટે

નક્કી થાય છે કે તે ગણધરદેવ કે પૂર્વધારીના વચન નથી. જે રીતે સત્ય છે તે રીતે સત્યને સમજવું જોઈએ.

વળી એ સૂત્રોમાં વિશ્વાસ આણાવવા અર્થે જે જિનમતાનુસાર કથન છે તે તો સત્ય છે અને દિગંબર પણ એમ જ કહે છે, પણ જે કલ્પિત રચના કરી છે તેમાં તો પૂર્વા પર વિરોધતા આવે છે અને પ્રત્યક્ષ પ્રમાણથી પણ તે વિરુદ્ધ લાગે છે. તે હવે અહીં કહે છે.

વળી શ્વેતાંબરમતમાં અન્ય લિંગીને, ગૃહસ્થને, સ્ત્રીને અને ચાંડાલાદિને સાક્ષાત્ મોક્ષની પ્રાપ્તિ થવી માને છે પણ એ વાત ખોટી છે. કેમ કે સાક્ષાત્ મોક્ષની પ્રાપ્તિ તો સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની એકતા થતાં થાય છે પણ એ ત્રણેની એકતા અન્યલિંગી આદિને થતી નથી માટે તેમને સાક્ષાત્ મોક્ષ હોય નહિ. અહીં 'સાક્ષાત્' શબ્દ ઉપર વજન છે. વળી અન્યમતીને સમ્યક્ત્વ પણ હોતું નથી કેમ કે તેઓને અરહંતદેવ, નિર્ગ્રંથ ગુરુ તથા જિનપ્રણીત તત્ત્વની સાચી માન્યતા હોતી નથી. તેથી અન્યમતીનો સાક્ષાત્ મોક્ષ થતો નથી.

કોઈ એમ કહે કે એમને અંતરંગ શ્રદ્ધા હોય છે માટે સમ્યક્ત્વ હોય છે, તે વાત બરાબર નથી, કેમ કે શાસ્ત્રમાં તો અન્યલિંગીના બાવા વગેરેની પ્રશંસા કરતા પણ સમ્યક્ત્વને અતિચાર લાગે છે એમ કહ્યું છે, તો પછી જેને સાચી શ્રદ્ધા થઈ છે તેને વિપરીત લિંગ કેવી રીતે હોય ? એટલે કે અન્યલિંગીને સમ્યક્ત્વ હોતું નથી અને જેને સમ્યક્ત્વ નથી તેને સાચું ચારિત્ર તો હોય જ નહિ. વળી પંચમહાવ્રત ધારણ કર્યા વિના પણ ચારિત્ર હોતું નથી, માત્ર શ્રદ્ધાનથી જ ચારિત્ર હોય નહિ અને જો અન્ય લિંગમાં સમ્યક્ચારિત્ર થાય તો જૈનલિંગ અને અન્યલિંગમાં કાંઈ ફેર રહ્યો નહિ તેથી અન્યલિંગે મોક્ષ થાય એમ કહેવું વ્યાજબી નથી. અને જે અન્યમતીને મોક્ષ થાય છે એમ કહે તે શાસ્ત્રો પણ કલ્પિત છે એમ સમજવું. હવે ગૃહસ્થલિંગે પણ સાક્ષાત્ મોક્ષ થતો નથી તે કહે છે.

શ્વેતાંબરમતમાં ગૃહસ્થને મોક્ષ કહે છે પણ ચારિત્ર વિના મોક્ષ થાય નહિ અને ચારિત્ર તો સર્વ હિંસાદિ સાવદ્યયોગનો ત્યાગ થતાં થાય છે અને ગૃહસ્થને તો એનો સર્વ ત્યાગ હોતો નથી, તેઓ ભરત ચક્રવર્તીને ગૃહસ્થદશામાં અરીસાભુવનમાં કેવળજ્ઞાન થયું કહે છે તે બધી વાત કલ્પિત છે. મરૂદેવીને હાથીના હોદ્દે કેવળજ્ઞાન થયું કહે છે પણ ચારિત્ર વિના કોઈનો મોક્ષ થાય જ નહિ. અહીં કહેશો કે અંતરંગમાં ત્યાગ થયો છે તો તે વાત પણ બરાબર નથી કેમ કે મન, વચન, કાયાથી કરવું, કરાવવું અને કરતાંને અનુમોદન આપવું નહિ -એમ નવ નવ કોટીએ સર્વ સાવદ્યયોગના પચ્ચખાણ હોય છે તો ગૃહસ્થને કાયા વડે ત્યાગ કેવી રીતે થયો ? બાહ્ય પરિગ્રહ રાખતાં મહાવ્રત હોય નહિ કેમ કે મહાવ્રતમાં તો બહારનો ત્યાગ કહ્યો છે. હવે મહાવ્રત સિવાય છઠ્ઠું આદિ ગુણસ્થાન પણ ન હોય તો પછી મોક્ષ તો ક્યાંથી હોય ? માટે ગૃહસ્થલિંગે મોક્ષ કહેવો તે મિથ્યા વાત છે.



હવે ત્રીજો બોલ - સ્ત્રીલિંગે મોક્ષ તેઓ કહે છે તે વાત પણ ખોટી છે. કેમ કે (૧) જેના ભાવ દૃઢ હોય તે જ ઉત્કૃષ્ટ પાપ કે ઉત્કૃષ્ટ ધર્મ ઉપજાવી શકે પણ સ્ત્રીને એવા દૃઢ ભાવ હોતા નથી, (૨) વળી સ્ત્રીને નિઃશંક એકાંતમાં ધ્યાન ધરવું તથા સર્વ પરિગ્રહાદિનો ત્યાગ કરવો સંભવતો નથી એટલે કે નગ્નદશા સંભવતી નથી. માટે એમનો મોક્ષ થતો નથી. તમે કહેશો કે એક સમયમાં ૧૦૮ પુરુષ, ૨૦ સ્ત્રી, ૧૦ નપુંસક વેદવાળા મોક્ષમાં જાય છે એમ તો શાસ્ત્રમાં કહ્યું છે માટે સ્ત્રીનો મોક્ષ થાય છે એમ અમે કહીએ છીએ. -તો તે વાત પણ બરાબર નથી. કેમ કે ત્યાં દ્રવ્યવેદની વાત નથી પણ ભાવવેદની વાત છે. દ્રવ્યવેદ તો પુરુષનું જ હોય છે પણ તેને સ્ત્રી કે નપુંસક ભાવવેદનો ઉદય હોય છે ને તેને તે તોડી નાખે છે. એવા જીવનો મોક્ષ થાય છે.

અઢી દ્વીપમાં સ્ત્રી-પુરુષ તો ઘણાં દેખાય છે પણ નપુંસકની સંખ્યા ઘણી થોડી છે. જો એક સમયમાં દસ નપુંસક દ્રવ્યવેદી મોક્ષે જતા હોય તો નપુંસક ઘણાં હોવા જોઈએ. અને એમાં પણ સમ્યક્ત્વી ઘણાં હોવા જોઈએ અને એમાં પણ ચારિત્ર ધારણ કરવાવાળા ઘણાં હોય તો જ દસ નપુંસક મોક્ષે જાય પણ એટલી સંખ્યા તો નથી માટે ત્યાં દ્રવ્યવેદની વાત નથી પણ ભાવવેદની વાત છે એમ સમજવું.

નવમા ગુણસ્થાન સુધી વેદનો ઉદય કહ્યો છે ત્યાં પણ ભાવવેદની અપેક્ષાએ વાત છે. જો દ્રવ્યવેદની અપેક્ષાએ વાત હોય તો તો ચૌદમા ગુણસ્થાન સુધી દ્રવ્યવેદનો ઉદય રહે છે. માટે દ્રવ્યસ્ત્રીવેદે મોક્ષ માનવો તે બરાબર નથી. પંડિતજીએ બરાબર ન્યાયથી વાત મૂકી છે. પણ મધ્યસ્થ થઈને બરાબર વિચાર કરે તો આ જ વાત સત્ય છે એમ નક્કી થયા વિના રહે નહિ. લોકોએ કલ્પનાથી વિરુદ્ધ માન્યું છે. ધવલમાં ૯૩મું સૂત્ર છે એમાં ષિટ્ઠિ શબ્દ માટે ઘણી ચર્ચા ચાલી હતી અને ઘણાં તે શબ્દ કાઢી નાખવાની તરફેણમાં છે પણ ત્યાં જે કથન ચાલ્યું છે તે ભાવવેદની અપેક્ષાએ છે કેમ કે તે અધિકાર ચૌદ માર્ગણાનો છે અને તે જીવની માર્ગણા છે, માટે ત્યાં ભાવવેદની વાત છે તે અપેક્ષાએ ત્યાં ષિટ્ઠિ શબ્દ બરાબર છે, એમાં વિરોધ આવતો નથી. દ્રવ્યલિંગની વાત હોય તો વિરોધ આવે પણ એમ નથી. દ્રવ્યવેદ સ્ત્રીનું હોય ને ભાવવેદ પુરુષનું હોય તો પણ તેની મુક્તિ થાય નહિ. કેમ કે ત્યાં પોતાના પરિણામોમાં જ એવી શિથિલતા છે, દ્રવ્યલિંગના કારણે છે -એમ નથી. દ્રવ્યસ્ત્રીવેદવાળા જીવને એટલું વીર્ય હોતું જ નથી, એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. માટે સ્ત્રીનો મોક્ષ કહેવો મિથ્યા છે.

હવે શ્વેતાંબરમતવાળા શુદ્રોને પણ મોક્ષ કહે છે પણ તેને મોક્ષ હોતો નથી કેમ કે પહેલાં તો ચાંડાલાદિકને ઉત્તમ કુળવાળા ગૃહસ્થો સન્માન આદિ કેવી રીતે કરે ? અને દાન આદિ કેવી રીતે આપે ? અને જો આપે તો લોકવિરુદ્ધ થાય અને બીજી વાત એ છે કે નીચ કુળવાળાને ઉત્તમ પરિણામ થઈ શકે નહિ કેમ કે એની યોગ્યતા જ એવી હોય છે અને નીચગોત્ર કર્મનો

ઉદય તો પાંચમા ગુણસ્થાન સુધી જ હોય છે. તો તેને મુનિપણું હોતું નથી. છતાં તે હરકેશી ચાંડાળાદિને મુનિ થયા કહે છે.

નીચગોત્રવાળાને મોક્ષ નથી. એમાં તે દલીલ કરે છે કે નીચગોત્રવાળાને સંયમ ધારણ કર્યા પછી ઊંચગોત્ર થઈ જાય છે. તો તે વાત પણ બરાબર નથી કેમ કે સંયમની અપેક્ષાએ નીચ-ઊંચપણું નથી, કેમ કે એમ માનતાં તો તીર્થંકર-ક્ષત્રિયાદિક અસંયમી હોય ત્યાં સુધી તેમને પણ નીચગોત્ર ઠરશે અને કુળ અપેક્ષાએ નીચગોત્ર અને ઊંચગોત્ર કહેશો તો ચાંડાલાદિકને કુલ અપેક્ષાએ નીચગોત્ર કહો. તમારા શાસ્ત્રમાં પણ નીચગોત્રનો સદ્ભાવ પાંચમા ગુણસ્થાન સુધી જ કહ્યો છે. આવી રીતે કલ્પિત કહેવામાં તો પૂર્વાપર વિરોધ આવશે. માટે શુદ્રનો મોક્ષ કહેવો તે પણ વ્યાજબી નથી.

આ રીતે અન્યમતી, ગૃહસ્થ, સ્ત્રી તથા ચાંડાલાદિનો મોક્ષ કહેવાનું પ્રયોજન તો એમ લાગે છે કે (૧) સર્વને ભલું મનાવવું, (૨) મોક્ષની લાલચ આપવી અને (૩) કલ્પિતમતની પ્રવૃત્તિ કરવી. બધાનો મોક્ષ થાય છે એમ કહેવામાં આ ત્રણ પ્રકારનો હેતુ લાગે છે પણ વિચાર કરતાં એ બધું ખોટું લાગે છે.

વળી એમના શાસ્ત્રોમાં ''અછેરાં'' કહે છે અને કહે છે કે -આ હુંડાવસર્પિણી કાળના નિમિત્તથી એ થયા છે એને છેડવા નહિ. જો વિચાર કરે તો ખોટાં ભાસ્યા વિના રહે નહિ. કાળદોષથી ઘણી વાતો થાય પણ પ્રમાણવિરુદ્ધ કાંઈ થાય નહિ. અને એમ થાય તો આકાશને ફૂલ અને ગધેડાને શીંગડાં થાય પણ એમ થવું સંભવતું નથી. માટે તેઓ જે અછેરાં કહે છે તે પ્રમાણવિરુદ્ધ છે. શા માટે તે પ્રમાણવિરુદ્ધ છે તે હવે પછી કહેશે. આ મોક્ષમાર્ગ પ્રકાશકને શ્રીમદ્ રાજચંદ્રે સત્શ્રુત કહેલ છે કેમ કે એમાં બધી વાતો ન્યાયથી અને યથાયોગ્ય કહેલ છે, પ્રમાણ સહિત વાત છે. એટલે આના ઉપર બરાબર વિચાર કરવો જોઈએ.

### માહ સુદ ૨, શનિવાર, ૧૭-૧-૫૩.

શ્વેતાંબરમતમાં કલ્પિત વાતો છે તેનું વર્ણન ચાલે છે. તેઓ અછેરાં કહે છે તે કલ્પિત છે. ''વર્દ્ધમાન જિન કેટલોક કાળ બ્રાહ્મણીના ગર્ભમાં રહ્યા અને પછી ક્ષત્રિયાણીના ગર્ભમાં વધ્યા'' તે વાત ખોટી છે, કેમ કે ગર્ભકલ્યાણક કોઈના ઘરે થયું અને જન્મકલ્યાણક બીજે થયું, સોળ સ્વપ્ન કોઈને આવ્યા અને જન્મ બીજાને ત્યાં થયો. વળી માતા બે થયા અને પિતા તો એક જ થયો -આ બધી કલ્પના છે.

તીર્થંકરને બે પિતા કહેવા એ મહા વિપરીત ભાસે છે. સર્વોત્કૃષ્ટ પદના ધારક પુરુષને માટે આવા વચનો સાંભળવા પણ યોગ્ય નથી. આ તો વૈષ્ણવો કહે છે તેવું કાર્ય થયું. આ પંચમકાળમાં



પણ આવું બનતું નથી તો ચોથા કાળમાં ઉત્કૃષ્ટ પુરુષને આવું બને તે પ્રમાણભૂત નથી. માટે તે કથન મિથ્યા છે.

વળી મલ્લિ તીર્થંકરને તેઓ કન્યા કહે છે, પણ મુનિ-દેવાદિકની સભામાં સ્ત્રીની સ્થિતિ કરવી, ઉપદેશ આપવો -એ સંભવતો નથી. એટલે કે એમ કદી બને નહિ. સંભવતાનો અર્થ શંકાવાળી વાત છે -એમ નથી. અને સ્ત્રીપર્યાય તો હીન છે, જે તીર્થંકરને હોય નહિ અને એને નગ્નપણું હોતું જ નથી. માટે આ રીતે વિચાર કરતાં અસંભવિત ભાસે છે.

હરિક્ષેત્રના ભોગભૂમિયાને નરકમાં ગયો કહે છે પણ શાસ્ત્રમાં ભોગભૂમિયાને દેવગતિ-દેવાયુનો જ બંધ કહે છે. તો તે નરકમાં કેવી રીતે ગયો ? સિદ્ધાંતમાં તો અનંતકાળમાં પણ જે વાત હોય તે પણ કહે છે, એમાં નરકનો બંધ કહ્યો નથી. કેવળજ્ઞાની તો ભૂલે નહિ માટે એ માનવું તે મિથ્યા છે. આ પ્રમાણે બધા અછેરાં કલ્પિત છે. કર્મપ્રકૃતિની વાત શ્વેતાંબરશાસ્ત્રમાં આવે છે ત્યાં પણ ભોગભૂમિયા નરકમાં જાય એમ કહ્યું નથી.

વળી તેઓ કહે છે કે ''આ અછેરાંને છંછેડવા નહિ''. એનો અર્થ એવો છે કે ખોટાં તો એમ જ કહે. જો તમે એમ કહેશો કે ''દિગંબરમાં જેમ તીર્થંકરને પુત્રી અને ચક્રવર્તીનું માનભંગ વગેરે કાળદોષને લઈને થયા કહે છે તેમ આ પણ થયાં'' પણ એ કાર્યો પ્રમાણ વિરુદ્ધ નથી; એ તો બીજાને પણ થાય છે પણ ગર્ભહરણ વગેરે કાર્ય તો પ્રત્યક્ષ-અનુમાનાદિ પ્રમાણથી વિરુદ્ધ છે માટે એવા કાર્યો મોટા પુરુષને થવા સંભવતા નથી.

વળી અન્ય પણ ઘણાં કથનો પ્રમાણ વિરુદ્ધ છે. જેમ કે સર્વાર્થસિદ્ધિનો દેવ મનથી જ પ્રશ્ન કરે છે અને કેવળી ભગવાન મન વડે જ જવાબ આપે છે -એમ ભગવતીસૂત્રમાં કહે છે, પણ ભગવાનને ભાવમન હોતું જ નથી. માટે મનથી જવાબ આપે એમ બનતું નથી. કેવળીને ભાવમન નથી તેથી એમના મનની વાત દેવ જાણે એમ પણ બને નહિ. માટે એ બધી વાતો કલ્પિત છે -એમ જાણવું.

શ્વેતાંબરમતવાળા દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ પણ અન્યથા કહે છે. કેવળીને ક્ષુધાદિ દોષ કહે છે -એ દેવનું વિપરીત સ્વરૂપ છે. કેમ કે કેવળીને ક્ષુધાદિ દોષ હોય તો ત્યાં આકુળતા હોય તો પછી અનંતસુખ કેવી રીતે હોય ? તેમને ક્ષુધા આદિની આકુળતા નથી માટે એના ઉપાયરૂપે આહારાદિ પણ હોતો નથી. કોઈ એમ કહે કે જેમ કર્મોદયથી વિહાર થાય છે તેમ આહાર પણ ગ્રહણ થાય છે. પણ તે વાત ખોટી છે. કેવળીને વિહાર વિહાયોગતિના નિમિત્તથી ઇચ્છા વિના થાય છે અને અહીં પણ ઇચ્છા વિના એ ક્રિયા કોઈ જીવને થતી સંભવે છે. પણ આહાર આદિ તો ઇચ્છાના નિમિત્ત વિના થાય નહિ. માટે વિહાર આદિની માફક આહારની ક્રિયાને માનવી તે બરાબર નથી.

શ્વાસ લેવામાં ઈચ્છાનું નિમિત્ત હોય છે એટલે આહાર ગળા નીચે ઊતરે છે. આત્મા પવનાદિમાં નિમિત્ત છે કેમ કે ખાનારની ત્યાં ઈચ્છા હોય છે એમ અહીં બતાવવું છે પણ ઈચ્છાની પ્રેરણાથી પવનાદિ ચાલે એમ નથી. વિહાર તો ઈચ્છા વિના પણ હોય છે પણ ઈચ્છાના નિમિત્ત વિના આહારની ક્રિયા હોતી નથી એટલું કહેવું છે. અહીં એમ સિદ્ધાંત છે કે જે જીવ ક્ષુધાદિ વડે પીડિત હોય અને પાછળથી આહારાદિ ગ્રહણથી સુખ માને તેને આહારાદિક શાતાવેદનીયના નિમિત્તે થયા કહેવાય. પણ જેને આકુળતા નથી અને સુખની કલ્પના નથી એવા કેવળીને આહારાદિ હોતાં નથી.

અને શાતાવેદનીયના કારણે આહાર આવતો હોય તો શાતાવેદનીયનો મુખ્ય ઉદય તો દેવોને હોય છે. તો તેઓ નિરંતર આહાર કેમ કરતા નથી ? વળી મુનિઓને શાતાવેદનીયનો ઉદય હોય છે પણ તે ઉપવાસાદિ કરે છે. વળી નિરંતર ભોજન કરવાવાળાને અશાતાનો ઉદય પણ હોય છે. માટે જેમ ઈચ્છા વિના શરીરાદિની ક્રિયા થાય છે તેમ ઈચ્છા વિના શાતાવેદનીયના ઉદયથી આહારાદિની ક્રિયા થાય એમ બનતું નથી. માટે કેવળીને આહાર હોતો નથી.

હવે તેઓ કહે છે કે - શાસ્ત્રમાં કેવળીને ક્ષુધાદિ અગિયાર પરિષહ તો કહ્યા છે, તેથી તેમને ક્ષુધાનો સદ્ભાવ સંભવે છે અને તેથી આહાર લીધા વિના ક્ષુધા કેવી રીતે મટે ? માટે અમે કેવળીને આહાર માનીએ છીએ તેનું સમાધાન :-

કર્મપ્રકૃતિનો ઉદય કોઈ વખતે તીવ્ર અને કોઈ વખતે મંદ પણ હોય છે. ત્યાં ઘણો મંદ ઉદય હોય ત્યાં બહાર તેની પ્રગટતા દેખાતી નથી, પણ સૂક્ષ્મતાની અપેક્ષાએ એનો ઉદય હોય છે ખરો. જેમ નવમા ગુણસ્થાને વેદનો મંદ ઉદય છે ત્યાં બહારમાં મૈથુન આદિ હોતા નથી તેથી ત્યાં બ્રહ્મચર્ય કહ્યું છે, પણ ત્યાં સૂક્ષ્મ પરિણામ છે તેથી તેનો સદ્ભાવ કહેલ છે. તેવી રીતે કેવળીને અશાતાનો ઉદય ઘણો મંદ હોય છે, એમાં એવી વ્યક્ત ક્ષુધા હોતી નથી કે જે શરીરને ક્ષીણ કરે. એમને તો પરમ ઔદારિક સ્ફટિક જેવું શરીર હોય છે અને મોહ નથી તેથી દુઃખ પણ નથી માટે એમને ક્ષુધા નથી -એમ કહીએ છીએ. અને તારતમ્યતાની અપેક્ષાએ ક્ષુધાદિક પરિષહ કહ્યા છે.

હવે આહાર વિના ક્ષુધાની ઉપશાંતતા થતી નથી એમ કહેલ તેનો ઉત્તર આપે છે કે - જો આહાર વિના ક્ષુધાની ઉપશાંતતા ન થાય તો ત્યાં અશાતાનો મંદ ઉદય છે એમ કહેવાય નહિ. દેવ-ભોગભૂમિયાને કિંચિત્ મંદ ઉદય થતાં ઘણાં કાળ પછી કિંચિત્ આહાર હોય છે, તો પછી કેવળીને તો ઘણો મંદ ઉદય છે એમાં તો કહેવું જ શું ? એટલે કે એમને આહાર હોતો નથી.

ત્યારે તેઓ કહે છે કે દેવ-ભોગભૂમિયાનું શરીર જ એવું હોય છે કે એમને ઘણાં કાળે ભૂખ લાગે પણ કેવળીને તો કર્મભૂમિનું ઔદારિક શરીર છે તેથી તેમનું શરીર આહાર વિના ઉત્કૃષ્ટપણે દેશેન્યૂન ક્રોડપૂર્વ સુધી કેવી રીતે રહે ? તેનું સમાધાન :-



દેવાદિનું શરીર પણ એવું છે, જે કર્મના જ નિમિત્તથી છે. અહીં કેવળજ્ઞાન થતાં એવાં જ કર્મનો ઉદય થયો કે જેથી શરીર એવું થયું કે જેને ભૂખ પ્રગટ થતી જ નથી. જેમ કેવળજ્ઞાન થયાં પહેલાં કેશ-નખ વધતા હતા તે હવે વધતા નથી, છાયા થતી હતી તે હવે થતી નથી અને શરીરમાં નિગોદ હતા તે હોતા નથી -એમ ઘણા પ્રકારથી શરીરમાં ફેર પડે છે તેમ પરમ ઔદારિક શરીર હોવાથી આહાર વિના પણ જેવું ને તેવું જ રહે છે. કેવળીના શરીરમાં ઘડપણ આવતું નથી, શિથિલતા થતી નથી. માટે અન્ય મનુષ્યોના શરીરને અને કેવળીના શરીરને સમાનતા નથી.

વળી તું કહીશ કે દેવાદિને તો ઘણા કાળે આહાર લેવાથી ભૂખ મટે છે કેવળીને શા કારણે ભૂખ મટી ? અને શરીર કેવી રીતે સારું રહ્યું ? તેનું સમાધાન :- કેવળીને અશાતાનો ઉદય મંદ પડ્યો થવાથી ભૂખ મટી અને સમયે સમયે પરમ ઔદારિક શરીર વર્ગણાનું ગ્રહણ થાય છે તેથી તેમને ક્ષુધા વ્યાપે જ નહિ અને શરીર પુષ્ટ રહે છે. સિદ્ધાંતમાં એ અપેક્ષાએ કેવળીને આહાર કહ્યો છે.

વળી અન્નાદિનો આહાર જ કાંઈ શરીર પુષ્ટતાનું મુખ્ય કારણ નથી. પ્રત્યક્ષ જુઓ ! કોઈ થોડો આહાર કરે છે અને શરીર પુષ્ટ હોય છે અને કોઈ ઘણો આહાર કરે છે અને શરીર ક્ષીણ હોય છે. ઘણાં જોગી બાવા પવન ઘૂંટવાવાળા ખાડામાં બબ્બે મહિના સુધી રહે છે અને બહાર નીકળે ત્યારે એવું ને એવું શરીર હોય છે. ઘણા ઋદ્ધિધારી મુનિઓ ઉપવાસાદિ કરે છે છતાં શરીર પુષ્ટ બન્યું રહે છે. માટે આહાર વિના શરીર પુષ્ટ રહે તેમાં કાંઈ આશ્ચર્ય નથી. માટે કેવળીને આહાર હોતો નથી

વળી જો કેવળી આહાર લેતાં હોય તો તે કેવી રીતે આહાર લેવા જાય ? કેવી રીતે આહાર માગે ? આહાર લેવા જાય ત્યારે શું સમવસરણ ખાલી રહેતું હશે ? બીજા આહાર લાવી આપતા હશે ? અને લાવી આપતા હોય તો એમના મનની વાત તે જાણતા હશે ? ભગવતીસૂત્રમાં અધિકાર છે કે ભગવાન હંમેશા આહાર લે છે માટે એમનું શરીર રૂષ્ટ પુષ્ટ રહે છે પણ તે બધી કલ્પિત વાતો છે. વળી કેવળી આહાર કેવી રીતે ગ્રહણ કરે ? એમને કેવળજ્ઞાન છે એટલે જીવઅંતરાય બધે ભાસે છે - વગેરે ઘણી વિરુદ્ધતા આવે છે. માટે કેવળીને આહાર હોતો નથી -એમ સમજવું.

**માહ સુદ ૩, રવિવાર, ૧૮-૧-૫૩.**

જુઓ, અહીં શ્વેતાંબરમતના નિરાકરણની વાત ચાલે છે. એમાં તેઓની ઘણી વિપરીતતા છે તે અહીં કહે છે. વીતરાગમાર્ગમાં તો યથાર્થ વાત હોય તે જ માનવા યોગ્ય છે, અન્ય માનવા યોગ્ય નથી.

વળી, તેઓ કેવળીને નિહાર (શૌચ જવું) કહે છે અને રોગ થયો પણ કહે છે. ભગવતીસૂત્રમાં

તે કહે છે કે ગોશાળાએ તેજુલેશ્યા છોડી અને મહાવીર ભગવાનને છ મહિના સુધી લોહીખંડ ઝાડો રહ્યો - પણ તે વાત ખોટી છે. કેમ કે તીર્થંકરને એવો ઉદય હોય જ નહિ. તેઓ ઈંદ્રાદિથી પૂજ્ય પુરુષ છે માટે તેમને છ મહિના સુધી આવો રોગ રહે તે શોભનીય નથી. વળી તેઓ નિહાર કેવી રીતે જતા હશે ? આ રીતે અનેક પ્રકારથી વિપરીત પ્રરૂપણા તેઓ કરે છે. ક્યાં સુધી કહીએ? નહિ બનવા જેવી વાતો કરે છે. સંસારી જેવા ભગવાનને ઠરાવે છે. આ બધી કલ્પિત વાતો છે પણ સંપ્રદાયની આગ્રહભરી દૃષ્ટિ જ્યાં સુધી હોય ત્યાં સુધી આ ખોટું છે એમ ભાસે નહિ. માટે મધ્યસ્થપણે વિચાર કરવો જોઈએ, બધી વાત ન્યાયથી મૂકી છે.

વળી તેઓના શાસ્ત્રમાં આવે છે કે મહાવીર ભગવાન ગૌતમને સંબોધીને કહે છે કે - હે ગૌતમ! એમ વારંવાર કહે છે. પણ ભગવાનને તો પોતાના કાળમાં દિવ્યધ્વનિ સહજ થાય છે, અને ત્યાં તો સર્વને ઉપદેશ હોય છે. એકલા ગૌતમને જ સંબોધીને કેમ હોય ? વળી કેવળી ચાર તીર્થને નમસ્કાર કરીને સભામાં બેસે છે તે વાત પણ ખોટી છે, કેમ કે કોઈના ઉપર પ્રેમ વગર વંદના સંભવે નહિ અને ગુણથી અધિક હોય તેને નમસ્કાર હોય. હવે ભગવાનને તો કોઈના ઉપર પ્રેમ નથી તેમ જ એમનાથી ગુણમાં અધિક બીજો કોઈ નથી માટે ભગવાન કોઈને નમસ્કાર કરતાં નથી. વળી વંદ્ય-વંદકભાવ તો છઠ્ઠા ગુણસ્થાન સુધી જ હોય છે. વીતરાગ તો પૂર્ણાનંદસ્વરૂપ થઈ ગયા છે, એમને કોઈને નમસ્કાર કરવાનું રહેતું નથી. છદ્મસ્થ મુનિ છઠ્ઠા ગુણસ્થાનથી ઉપરની દશામાં કોઈને વંદન કરતા નથી તો કેવળી વંદન કરે -એમ બને જ નહિ. કોઈ કહે કે ગણધર નમસ્કારમંત્ર ભણે છે ત્યારે સાધુને વંદન કરે છે ને ? ગણધર તો છદ્મસ્થ છે ને રાગ છે. તે છઠ્ઠા ગુણસ્થાને હોય ત્યારે સામાન્ય રીતે પંચપરમેષ્ઠીને વંદન કરવાનો વિકલ્પ ઊઠે છે, એમાં વિરુદ્ધતા નથી.

વળી તેઓ કહે છે કે સકડાળ કુંભારની દુકાનમાં મહાવીર ભગવાન ઊતર્યા હતા અને ત્યાં કુંભારને ઉપદેશ આપ્યો હતો, તો તે વાત પણ કલ્પિત છે કેમ કે કુંભારની દુકાનમાં ઈંદ્રે રચેલું સમવસરણ કેવી રીતે રહે ? ભગવાન એમ ઘેર ઘેર ઉપદેશ આપવા જાય એમ કહેવું તે પણ વ્યાજબી નથી. કેમ કે ઘેર ઘેર ઉપદેશ દેવા જવો તે તો અતિ રાગથી થાય છે. મુનિ પણ કોઈને ત્યાં ઉપદેશ દેવા જતા નથી તો ભગવાન કોઈના ઘેર ઉપદેશ દેવા જાય એ વાત સંભવતી નથી. કેવળીને અઘાતિના ઉદયથી સંભવતી કોઈ ક્રિયા હોય છે પણ રાગના નિમિત્તની ક્રિયા હોતી નથી. પાપપ્રકૃતિનો એટલો બધો મંદ ઉદય થયો છે કે એવો મંદ ઉદય બીજા કોઈને હોતો નથી. માટે સામાન્ય મનુષ્ય જેવી ક્રિયા ભગવાનને હોય છે એમ કહેવું તે દેવના સ્વરૂપથી વિપરીત શ્રદ્ધા છે. તે દેવના સ્વરૂપને સમજતા નથી. માટે શ્વેતાંબરમત ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે.

વળી ગુરુના સ્વરૂપને પણ તે કલ્પિત રીતે કહે છે. તેઓ મુનિને વસ્ત્રાદિક ચૌદ ઉપકરણ કહે



છે અને વળી પાછા મુનિને નિર્ગ્રંથ કહે છે. મુનિપદ લેતાં નવ નવ કોટીએ સર્વ પરિગ્રહના ત્યાગ વડે મહાવ્રત લે છે. હવે અમે પૂછીએ છીએ કે - વસ્ત્ર-પાત્રાદિ પરિગ્રહ છે કે નહિ ? જો તેને તમો પરિગ્રહ કહેતા હોય તો પરિગ્રહનો ત્યાગ કર્યા પછી એને શા માટે રાખે છે ? વળી જો એને પરિગ્રહ ન માનતા હો તો ગૃહસ્થ વસ્ત્ર રાખે છે અને પણ પરિગ્રહ ન કહેવો જોઈએ. માત્ર સોનું, દાગીનાને જ પરિગ્રહ કહેવો જોઈએ. માટે પરિગ્રહનો ત્યાગ કરીને વસ્ત્રાદિ રાખવા તે બરાબર નથી.

જો તમે એમ કહેશો કે જેમ ક્ષુધા માટે ભોજન લે છે તેમ ઠંડી તથા ગરમીથી બચવા માટે વસ્ત્ર પહેરે છે. તો તેને કહે છે કે :- મુનિપણું લેતી વખતે આહારનો ત્યાગ કર્યો નથી પણ પરિગ્રહનો તો ત્યાગ કર્યો છે. મુનિપણું ૨૮ મૂળ ગુણ સહિત હોય છે. પોતાના માટે આધાકર્મી આહાર બનાવે, દ્રાક્ષ, મોસંબીનો રસ વગેરે પોતા માટે બનાવેલા હોય, રસોડા પોતાના માટે થાય ને ત્યાંથી ઉદ્દેશિક આહાર લ્યે તે મુનિ નથી. છતાં તેને મુનિ માને તે મિથ્યાદૃષ્ટિ છે. કિંચિત્ પણ પરિગ્રહ રાખીને મુનિ નામ ધરાવે તે નિગોદમાં જાય છે -એમ આગળ કહેશે. વસ્ત્ર ધારીને મુનિપણું મનાવે છે તે વીતરાગમાર્ગને જાણતો નથી. કોઈ કહે કે એ તો જડની ક્રિયા છે, માટે આત્માને વસ્ત્ર શું નડે છે ? પણ અહીં તો કહે છે કે વસ્ત્ર રાખવાનો કે પહેરવાનો ભાવ કોને છે ? પરિગ્રહ રાખવાનો ભાવ પોતે કરે અને નિર્ગ્રંથ મુનિપણું માને તો મિથ્યાદૃષ્ટિ છે. વસ્ત્ર રાખવા કે પહેરવા તેને લોકો પણ પરિગ્રહ માને છે તે વાત તો પ્રસિદ્ધ છે. માટે પરિગ્રહ રાખે છતાં પરિગ્રહ રહિત છે એમ માનવું તે ગુરુના સ્વરૂપને વિપરીત રીતે કહે છે માટે તે મિથ્યાદૃષ્ટિ છે.

વળી તમે કહેશો કે વસ્ત્ર શરીરને ટકાવવા માટે રાખે છે પણ વસ્ત્રમાં મમત્વ નથી તેથી તેને પરિગ્રહ કહેતા નથી પણ શ્રદ્ધાનમાં તો જ્યારથી સમ્યગ્દૃષ્ટિ થયો ત્યારથી જ સર્વ પરદ્રવ્ય તરફથી મમત્વભાવ છૂટ્યો છે માટે એ અપેક્ષાએ તો ચોથા ગુણસ્થાને પરિગ્રહ રહિત કહેવાય છે પણ મુનિપણું ધારણ કરીને વસ્ત્રાદિ રાખીને પણ પરિગ્રહ રહિત મનાવે તે તો બની શકતું નથી. માટે ખરેખર તો જ્યારે વસ્ત્રાદિનો પણ અભાવ થાય ત્યારે જ પરિગ્રહ રહિત મુનિપણું કહેવાય છે. શ્રદ્ધા અપેક્ષાએ તો સમ્યગ્દૃષ્ટિ તીર્થંકર નામકર્મ જે ભાવે બંધાય તેને પણ પોતાનું સ્વરૂપ માનતો નથી. તે રાગ પણ જ્યાં સુધી છૂટે નહિ ત્યાં સુધી પૂર્ણદશા થાય નહિ -એમ સમજવું.

તમે કહેશો કે વસ્ત્રાદિ કોઈ લઈ જાય તો તેઓ ક્રોધ કરે નહિ, ક્ષુધા લાગે તો વેચે નહિ, વસ્ત્ર પહેરીને પ્રમાદ કરે નહિ, પણ પરિણામોને સ્થિર કરી ધર્મ સાધે છે માટે મમત્વ નથી. તે વાત પણ બરાબર નથી કેમ કે ક્રોધ કરો કે ન કરો પણ જ્યાં સુધી વસ્ત્રગ્રહણ કરવાની ઈષ્ટબુદ્ધિ છે ત્યાં તેના વિયોગમાં અનિષ્ટબુદ્ધિ થયા વિના રહે જ નહિ અને જો ઈષ્ટબુદ્ધિ નથી તો એને માટે યાચના શા માટે કરવામાં આવે છે ? વળી વસ્ત્રને વેચતા નથી એ તો પૈસા રાખવાથી નીચાપણું

કહેવાય માટે વેચતા નથી. પરંતુ જેમ ધનાદિ રાખવામાં આવે છે તેમ વસ્ત્રાદિ રાખવામાં આવે છે તેથી ચોરાદિના ભયની અપેક્ષાએ બન્ને સરખા જ છે. વળી પરિણામોની સ્થિરતા કરવા માટે પરિગ્રહ રાખે તેને તમો પરિગ્રહપણું ન કહેતા હો તો કોઈને ઘણી ટાઢ લાગે ત્યારે સોડ તાણીને પરિણામની સ્થિરતા કરે અને ધર્મ સાધે તેને પણ નિષ્પરિગ્રહી કહો ! તો પછી ગૃહસ્થધર્મ અને મુનિધર્મમાં કાંઈ ફેર રહ્યો નહિ. ગૃહસ્થને પણ નિષ્પરિગ્રહી કહેવા પડશે -પણ એમ નથી. ગૃહસ્થધર્મ તથા મુનિધર્મમાં ફેર છે.

જેને પરિષહ સહન કરવાની શક્તિ ન હોય તે પરિગ્રહ રાખી ધર્મ સાધે તેનું નામ ગૃહસ્થધર્મ છે. અને જેના પરિણામ વિશેષ નિર્મળ થયા હોય અને પરિષહ સહન કરવાની શક્તિ પ્રગટી હોય તે પરિગ્રહ ન રાખે અને ધર્મ સાધે તેનું નામ મુનિધર્મ છે. આમ ગૃહસ્થધર્મ અને મુનિધર્મમાં ફેર છે. મુનિદશામાં સર્વ પરિગ્રહનો અભાવ થઈને નગ્નદશા થઈ જાય છે. શરીરમાં નગ્નદશા સહજ થાય છે. વિકલ્પ આવ્યો માટે તે દશા થઈ છે -એમ નથી. કેમ કે આત્મામાં પરવસ્તુના ગ્રહણ-ત્યાગ તો છે જ નહિ પણ પર્યાયમાં જે રાગ છે એનું ગ્રહણ પણ ત્રિકાળ સ્વભાવમાં નથી અને ખરેખર રાગનો ત્યાગ પણ આત્મા કરતો નથી. ત્રિકાળ શુદ્ધ જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ આત્મા છે તેમાં એકાગ્ર થતાં રાગની ઉત્પત્તિ થતી નથી, તેને રાગનો ત્યાગ કર્યો એમ કહેવાય છે. વર્તમાન રાગ થયો છે તેને છોડવો કેવી રીતે ? જે ભૂતકાળમાં રાગ થઈ ગયો છે તેને છોડવો શું ? અને ભવિષ્યકાળનો રાગ વર્તમાનમાં નથી તો એને પણ કેવી રીતે છોડે ? માટે ખરેખર તો રાગ પણ છોડવો નથી પણ ત્રિકાળી સ્વભાવના આશ્રયે રાગની ઉત્પત્તિ જ થતી નથી -એમ સમજવું.

સ્વભાવની દૃષ્ટિપૂર્વક અંતર્લીનતા થતાં રાગ છૂટી જાય છે ત્યારે નિમિત્તો પણ એના કારણે સહજ છૂટી જાય છે -એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. તેથી ચરણાનુયોગમાં નિમિત્તથી કથન કરેલ હોય છે કે અમુક વસ્તુનો ત્યાગ કરવો પણ એનો અર્થ એમ સમજવો કે સ્વભાવના લક્ષે રાગ છૂટી જતાં એના નિમિત્તો પણ છૂટી જાય છે. આત્માના રાગથી કે જ્ઞાનથી પરવસ્તુ આવતી નથી કે પરવસ્તુ છૂટતી નથી. આવો વસ્તુનો સ્વભાવ છે. એને સમજ્યા વિના યથાર્થ રાગ છૂટતો નથી. વીતરાગમાર્ગને સમજ્યા વિના પોતાની કલ્પનાથી માને તો ચાલે એમ નથી. એમ ને એમ ત્યાગી થઈ જાય એ તો મિથ્યાદૃષ્ટિ છે અને મિથ્યાદૃષ્ટિને મુનિપણું હોઈ શકે નહિ. આગળ પૃ. ૧૮૨માં કહે છે કે - પ્રથમ તત્ત્વજ્ઞાની થાય પછી ઉદાસીન પરિણામ થાય, પરિષહાદિ સહન કરવાની શક્તિ થાય અને તે પોતાની મેળે જ મુનિ થવા ઈચ્છે તો તેને શ્રીગુરુ મુનિધર્મ અંગીકાર કરાવે એવી વીતરાગમાર્ગમાં પ્રથા છે. આથી વિપરીત મુનિપણું મનાવે તો તે મિથ્યાદૃષ્ટિ છે.

જો મુનિપણું પાળવાની શક્તિ ન હોય તો ગૃહસ્થધર્મ પાળવો જોઈએ, મુનિપણું લેવું જોઈએ નહિ. મુનિધર્મ અને ગૃહસ્થધર્મમાં ભેદ છે. અહીં જો તમે કહેશો કે ટાઢ અને તડકાનો જ્યારે



પરિષહ પડે ત્યારે વ્યાકુળતા કેમ ન થાય ? તેનો ઉત્તર :- વ્યાકુળતા તો મોહના ઉદયના નિમિત્તે થાય છે, શીતાદિના કારણે થતી નથી. મુનિને છઠ્ઠા આદિ ગુણસ્થાનોમાં કષાયની ત્રણ ચોકડીનો ઉદય નથી. ત્યાં આત્માની શાંતિ એટલી બધી વધી ગઈ છે કે અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય -એમ ત્રણ કષાયનો તો ત્યાં અભાવ થયો છે તથા સંજ્વલન કષાયના સર્વઘાતી સ્પર્ધકોનો પણ ત્યાં ઉદય નથી પણ માત્ર દેશઘાતી સ્પર્ધકોનો ઉદય છે પણ તેનું કાંઈ બળ નથી. મુનિને આકુળતા હોતી નથી. ચિદાનંદ, આનંદકંદના શાંતિના ડુંગરામાં ઝૂલતો હોય તેને વેદના હોય નહિ. તેથી ત્યાં કષાયનું જોર હોતું નથી. આવી મુનિદશા હોય છે. જેને હજી ગુરુના સ્વરૂપની ખબર નથી તે ત્યાગી થઈ જાય તો તેને ચારિત્ર તો હોતું નથી પણ સમ્યગ્દર્શન પણ નથી, તે મિથ્યાદૃષ્ટિ છે. વસ્ત્ર-પાત્ર રાખીને મુનિપણું માને અને મનાવે એ તો સ્થૂળ મિથ્યાદૃષ્ટિ છે.

### માહ સુદ ૪, સોમવાર, ૧૯-૧-૫૩.

ગુરુનું સ્વરૂપ શ્વેતાંબરમતવાળા વિપરીત કહે છે તે વાત ચાલે છે. જેમને ત્રણ કષાયનો તો અભાવ થયો છે ને સંજ્વલન કષાયના સર્વઘાતિ સ્પર્ધકોનો પણ ઉદય નથી એવા મુનિને આકુળતા હોતી નથી. જેમ ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને સમ્યક્‌મોહનીયનો ઉદય હોવા છતાં પણ તે સમ્યક્ત્વનો ઘાત કરતો નથી તેમ મુનિને સંજ્વલનના દેશઘાતિ સ્પર્ધકોનો ઉદય આકુળતા કરાવતો નથી. માટે મુનિદશા અને ગૃહસ્થદશા સરખી નથી. બીજાની જેમ એમને આકુળતા નથી.

જેને સર્વઘાતિ કષાયનો ઉદય હોય તે ગૃહસ્થ જ રહે અને જેને પરિષહાદિ સહન કરવાની શક્તિ પ્રગટ થઈ હોય તે જ મુનિપણું અંગીકાર કરે. મુનિ વસ્ત્ર રાખતા નથી છતાં વસ્ત્ર સહિત મુનિપણું માને અને મનાવે તે મિથ્યાદૃષ્ટિ છે

કદાચિત્ તમે કહેશો કે ચૌદ ઉપકરણ મુનિ રાખે છે ને ? -તે તો તમારા શાસ્ત્રોમાં કહ્યું છે. દિગંબર શાસ્ત્રોમાં તો કહ્યું છે કે એક લંગોટ માત્ર રાખે તો તે શ્રાવકદશા છે. તે પણ સમજે છે કે પરદ્રવ્યનો કર્તા નથી, રાગ મારું સ્વરૂપ નથી એમ જાણે તો તેને પાંચમું ગુણસ્થાન-શ્રાવકદશા છે.

હવે અહીં વિચાર કરો કે બન્નેમાં કલ્પિત વચન કોના છે ? પ્રથમ કષાયી એટલે મિથ્યાદૃષ્ટિ હોય તે જ કલ્પિત રચના કરે છે. વસ્ત્રપાત્ર રાખીને મુનિપણું મનાવ્યું તેના શાસ્ત્રો કલ્પિત છે અને તેને માનનારા પણ મિથ્યાદૃષ્ટિ છે. દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ કલ્પિત કહ્યું છે તેને માને-મનાવે તે બધા ગૃહિત મિથ્યાદૃષ્ટિ છે કેમ કે નીચપદમાં ઉચ્ચપણું મનાવ્યું છે. હવે દિગંબરમાં વસ્ત્રાદિ રાખતા ધર્મ હોય જ નહિ એમ કહેલ નથી પણ ત્યાં શ્રાવકધર્મ કહ્યો છે. ત્યારે શ્વેતાંબરમાં વસ્ત્રાદિ રાખતાં પણ મુનિધર્મ કહ્યો છે. માટે અહીં નીચી ક્રિયા હોવા છતાં ઉચ્ચપદ પ્રગટ કર્યું તે જ

કષાયી છે. વસ્ત્રાદિ રાખી મુનિપણું મનાવ્યું ત્યાં માનકષાયને પોષ્યો છે અને સુગમક્રિયામાં ઉચ્ચપદ બતાવ્યું તેથી ઘણાં લોકો તેમાં જોડાઈ ગયા. તે બધું કલ્પિત કહ્યું છે માટે મિથ્યાદૃષ્ટિ છે. દેવાદિના સ્વરૂપની જેને ખબર નથી તેને ભેદજ્ઞાન કે સમ્યગ્દર્શન હોઈ શકે નહિ અને સમ્યગ્દર્શન વિના મુનિપણું તો હોય જ નહિ. આ શ્વેતાંબરમતને અન્યમતમાં પંડિતજીએ નાખ્યા છે તે યથાર્થ છે કેમ કે શ્વેતાંબરો ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. જેટલા કલ્પિત માર્ગો છે તે આ પ્રમાણે જ થયા છે. માટે શ્વેતાંબરમતમાં વસ્ત્રાદિ રાખીને મુનિપણું મનાવે છે તે ઉપર કહ્યા પ્રમાણે વિરુદ્ધ છે તેથી તે કલ્પિત વચન છે -એમ જાણવું.

અહીં કહેશો કે -''દિગંબરમાં પણ શાસ્ત્ર, પીંછી આદિને મુનિના ઉપકરણ કહે છે તેમ અમારે પણ ચૌદ ઉપકરણ કહે છે'' તો તેનું સમાધાન :- તે વાત બરાબર નથી કેમ કે જેનાથી ઉપકાર થાય તેને ઉપકરણ કહેવાય છે. પણ અહીં જો ટાઢ-તડકાની વેદના દૂર કરવાથી જો ઉપકરણ માનવામાં આવે તો સર્વ પરિગ્રહ સામગ્રી ઉપકરણ કહેવાય પણ ધર્મમાં એનું કાંઈ કામ નથી. કેમ કે એ બધા પાપના કારણ છે. ધર્મમાં નિમિત્તરૂપે થતાં હોય તેવા ઉપકરણ ધર્મના કારણ કહેવાય છે. હવે શાસ્ત્ર, પીંછી વગેરે તો ધર્મના ઉપકરણો છે પણ વસ્ત્રાદિ ધર્મના ઉપકરણો નથી કેમ કે એ તો શરીરના સુખના અર્થે જ ધારણ કરવામાં આવે છે. હા, મુનિ જો શાસ્ત્ર રાખી મહંત કહેવડાવે, પીંછી વડે વાસીદું કાઢે તથા કમંડળ વડે જળાદિ પીએ અને મેલ ઉતારે તો તે શાસ્ત્રાદિક પણ પરિગ્રહ જ છે. પણ મુનિ એવા કાર્યો કરે નહિ, માટે ધર્મના સાધનને પરિગ્રહ કહેવાય નહિ પણ ભોગના નિમિત્ત પદાર્થો છે તે પરિગ્રહ છે -એમ જાણવું.

અહીં જો તમે કહેશો કે - ''કમંડળથી તો શરીરનો મળ જ દૂર કરવામાં આવે છે''. તો ત્યાં કહે છે કે મુનિ મળ દૂર કરવાની ઈચ્છાથી કમંડળ રાખતા નથી પરંતુ શાસ્ત્રવાંચનાદિ કાર્ય કરે ત્યાં મળલિપ્ત હોય તો તેનો અવિનય થાય અને લોકનિંદ્ય થાય તેથી ધર્મના કારણે કમંડળ રાખે છે. એ જ પ્રમાણે બીજા ઉપકરણોનું સમજવું પરંતુ વસ્ત્રાદિ રાખતા નથી. અજ્ઞાનીએ કલ્પિત યુક્તિ વડે વસ્ત્રાદિને ઉપકરણો ઠરાવ્યા છે પણ તે ખોટું છે.

વળી ઘર ઘર યાચના કરી આહાર લાવવો તેઓ ઠરાવે છે. જુઓ, આ ગુરુનું સ્વરૂપ કેટલું કલ્પિત કરી નાખ્યું છે ! ઉપાશકસૂત્રમાં ગૌતમ ગણધર આહાર લેવા ગયા છે અને આણંદ શ્રાવક પાસે જાય છે ત્યાં આણંદ શ્રાવક કહે છે કે ''મને અવધિજ્ઞાન થયું છે'' પણ ગૌતમને તેની ખબર ન પડી, તેવી ભૂલ ગૌતમની થઈ અને પછી શ્રાવક પાસે માફી માગવા જાય છે એવી ઘણી કલ્પિત વાતો કરી છે. અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરે એવા ગણધરની ભૂલ થાય નહિ અને એની ભૂલ શ્રાવક કાઢે -એ વાત તદ્દન ખોટી છે. અહીં તેઓ કહે કે યાચના કરવી તે ધર્મનું અંગ છે. તો અમે કહીએ છીએ કે યાચનાને જો ધર્મનું અંગ કહેવામાં આવે તો બધા માગવાવાળા



ભિખારી પણ ધર્મી કહેવાશે અને જો એને પાપનું અંગ કહેવામાં આવે તો મુનિને તે શોભે નહિ.

વળી તમે કહેશો કે જો લોભ વડે ધનાદિની યાચના કરવામાં આવે તો પાપ થાય પણ ધર્મસાધન માટે શરીર નભાવવા ખાતર મુનિ આહારની યાચના કરે છે માટે એમાં દોષ નથી. તો તે વાત પણ બરાબર નથી કેમ કે આહાર વડે ધર્મ થતો નથી પણ શરીરના સુખને અર્થે અતિ લોભ થતાં યાચના કરવામાં આવે છે. જો અતિ લોભ ન હોય તો માગે નહિ માટે ત્યાં પાપ છે અને તેથી મુનિધર્મ ત્યાં નષ્ટ થાય છે. ત્યાં તમે એમ કહેશો કે મનમાં ઈચ્છા હોય અને બહાર માગે નહિ તો ત્યાં માયા કષાય થયો અને યાચનામાં હીનતા છે એમ માની ગર્વ વડે ન માગે તો માન કષાય થયો. માટે આહાર જોઈતો હતો તે માગી લીધો, એમાં કાંઈ દોષ નથી.

હવે તેને કહે છે કે જેમ કોઈ વેપારીને કમાવાની ઈચ્છા મંદ છે, કમાવાની ઈચ્છા હોવા છતાં કોઈને પ્રાર્થના કરતો નથી, જો કોઈ ગ્રાહક એની મેળે આવે તો વ્યાપાર કરે છે. તો ત્યાં લોભની મંદતા છે પણ માયા-માન નથી. તેમ મુનિને આહારની મંદ ઈચ્છા હોય છે તેથી આહાર માટે પ્રાર્થના કરતા નથી, સ્વંયસિદ્ધ મળી જાય તો આહાર લે, ત્યાં માન-માયા કષાય હોતાં નથી. કેમ કે મુનિને એવું છળકપટ હોતું નથી. લોકોમાં માન મળે તે ખાતર ત્યાગી થાય તો ત્યાં મુનિપણું નથી અને મુનિને કદાચ મનમાં પરિણામ થાય અને વાણી તથા શરીરની ક્રિયામાં ન જોડાય તો તેથી કાંઈ કપટી કહેવાય નહિ. મુનિ તો ઈંદ્ર કે ચક્રવર્તી આવે તો પણ તેને પધારો પધારો કહે નહિ તેથી કાંઈ માની કહેવાતા નથી. ગુણને દોષમાં ખતવાય નહિ. મુનિનો માર્ગ તો એક જ પ્રકારથી હોય છે પણ એમાં સ્થવિરકલ્પી અને જિનકલ્પી એ બે પ્રકાર છે.

શ્રીમદ્ કહ્યું છે કે -

**એકાકી વિચરતો વળી સ્મશાનમાં,**
**વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો,**
**અડોલ આસન ને મનમાં નહીં ક્ષોભતા,**
**પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.　　અપૂર્વ અવસર...**

આ જિનકલ્પી મુનિની વાત છે અને સ્થવિરકલ્પી હોય તે સાધુના સંઘમાં રહે છે. પણ એ બન્ને નગ્ન દિગંબર જ હોય છે. જિનકલ્પી નગ્ન હોય અને સ્થવિરકલ્પી વસ્ત્રવાળા હોય -એમ નથી. મુનિની ક્રિયામાં કાંઈ ફેર નથી. જેને મુનિના સ્વરૂપની ખબર નથી, તેને સમ્યગ્દર્શન હોય નહિ અને જેને સમ્યગ્દર્શન નથી એને ધર્મ પણ થતો નથી.

વળી જ્યારે અતિ કષાય થાય છે ત્યારે લોકનિંદ્ય કાર્ય કરીને પણ ઈચ્છા પૂરી કરવા માગે છે. હવે માગવું તે લોકનિંદ્ય કાર્ય છે. તે લોકનિંદ્ય કાર્ય કરીને પણ આહારની ઈચ્છા પૂરી કરે

છે માટે તે અતિલોભ છે અને મુનિ થઈને એવો કષાય કરે તો ત્યાં મુનિપણું નથી. વળી કોઈને આહાર દેવાની ઇચ્છા ન હોય અને એના ઘરમાં જઈને માગે તો ત્યાં ઘરવાળાને સંકોચ થાય અને જો તે ન આપે તો લોકમાં ખરાબ દેખાય તેથી તેને આહાર આપવો પડે પણ તેનું દિલ દુઃખાય માટે હિંસા થઈ એટલે પહેલું વ્રત રહ્યું નહિ, માટે મુનિપણું રહ્યું નહિ. વળી પોતાના માટે યાચના કરવી તે અસત્ય વચનરૂપ પાપ છે, માટે ત્યાં બીજું વ્રત રહ્યું નહિ. વળી આણે તેના ઘેર જઈને યાચના કરી, ઘરવાળાને આપવાની ઇચ્છા ન હતી અને આહાર આપ્યો માટે ચોરી થઈ, ત્યાં ત્રીજું વ્રત રહ્યું નહિ. ગૃહસ્થના ઘરમાં સ્ત્રી જેમ તેમ બેઠી હોય અને આ ચાલ્યો ગયો તેથી ત્યાં બ્રહ્મચર્યની વાડનો ભંગ થયો ત્યાં ચોથું વ્રત પણ ન રહ્યું. વળી આહાર લાવી કેટલોક વખત રાખ્યા અને પાત્રાદિ રાખ્યા એટલે તે પરિગ્રહ પણ થયો. એ પ્રમાણે પંચમહાવ્રતનો ભંગ થયો. માટે યાચનાપૂર્વક આહાર લેવો તે મુનિને યુક્ત નથી. મુનિદશા એવી હોય છે કે તેઓ કોઈની પાસે યાચના કરતા નથી.

હવે તે કહે છે કે મુનિને બાવીસ પ્રકારના પરિષહ છે એમાં એક યાચના પરિષહ કહ્યો છે. તેથી માગ્યા વિના એ પરિષહનું સહેવું કેમ થાય ? તેનું સમાધાન :- યાચના કરવાનું નામ યાચના પરિષહ નથી, પણ યાચના ન કરવી તે યાચના પરિષહ છે. જેમ અરતિ કરવાનું નામ અરતિ પરિષહ નથી પણ અરતિ ન કરવાનું નામ અરતિ પરિષહ છે. મુનિને તો સિંહવૃત્તિ હોવી જોઈએ. જો યાચના કરવી તે યાચના પરિષહ હોય તો ભિખારી ઘણી યાચના કરે છે તો તેને ઘણો ધર્મ થઈ જાય. વળી તમે કહેશો કે માન ઘટાડવાથી તેને પરિષહ કહીએ છીએ પણ એક માન કષાય ઘટાડી બીજો લોભ કષાય કરવો એ તો પાપ જ છે. જો પોતાને ઇચ્છા ન હોય અને કોઈ અપમાન કરે અને સહન કરે તો ધર્મ થાય છે પણ યાચના કરી અપમાન સહન કરવું તે તો પાપ જ છે, ધર્મ નથી. અને વસ્ત્રાદિ માટે પણ યાચના કરે છે પણ તે કાંઈ ધર્મનું અંગ નથી પણ શરીરના સુખનું કારણ છે. માટે વસ્ત્રાદિ માગવા તે પણ બરાબર નથી. પોતે ઊંચપદ હોવા છતાં નીચક્રિયા કરે તેમાં તો ધર્મની હીનતા થાય છે. માટે એવા સાધુને ગુરુ માને તે મિથ્યાદષ્ટિ છે.

એ રીતે શ્વેતાંબરમતમાં દેવ-ગુરુનું વિપરીત સ્વરૂપ કહે છે. હવે તેઓ ધર્મનું સ્વરૂપ વિપરીત રીતે કહે છે તેની વાત કરે છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા એ મોક્ષમાર્ગ છે અને એ જ ધર્મ છે એનું સ્વરૂપ તેઓ વિપરીત રીતે પ્રરૂપે છે તે કહે છે. તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન છે એની તો એમને ખબર પણ નથી અને પોતે જેવા અર્હંતદેવ સાધુ-ગુરુ અને દયા-ધર્મને નિરૂપણ કરે છે તેના શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહે છે. હવે એમાં પ્રથમ તો અર્હંત આદિકનું સ્વરૂપ જ તેઓ અન્યથા કહે છે. એટલે કે દેવ-ગુરુ-ધર્મની પણ સાચી શ્રદ્ધા એમને નથી. વળી તત્ત્વશ્રદ્ધાન વિના માત્ર દેવાદિની શ્રદ્ધાનથી સમ્યગ્દર્શન હોય નહિ. વળી તેઓ તત્ત્વના શ્રદ્ધાનને સમ્યક્ત્વ તો કહે છે પણ પ્રયોજનપૂર્વક તત્ત્વોનું શ્રદ્ધાન કહેતાં નથી એટલે કે અપ્રયોજનભૂત તત્ત્વોની શ્રદ્ધા કરે પણ યથાર્થ તત્ત્વોને જાણે નહિ અને શ્રદ્ધે નહિ તો એમને સમ્યક્ત્વ કેવું ? તત્ત્વોમાં ગુણસ્થાન-માર્ગણાસ્થાન તે જીવનું, અણુસ્કંધાદિ અજીવનું, પુણ્ય-પાપના સ્થાનોનું, અવિરતિ આદિ આસ્રવોનું, વ્રતાદિરૂપ સંવરનું, તપશ્ચરણાદિરૂપ નિર્જરાનું ને પંદર ભેદે સિદ્ધ થાય આદિ મોક્ષનું સ્વરૂપ જેવું શાસ્ત્રોમાં લખ્યું હોય તે પ્રમાણે શીખી જાય અને કેવળીનું વચન પ્રમાણ છે એવા તત્ત્વાર્થશ્રદ્ધાનને તેઓ સમ્યક્ત્વ માને છે.




હવે એવું શ્રદ્ધાન તો નવમી ગ્રૈવેયક જવાવાળા દ્રવ્યલિંગીને અનંતવાર થયું છે છતાં તે મિથ્યાદષ્ટિ છે. તે જૈનનો સાધુ ધર્મબુદ્ધિપૂર્વક થયો છે છતાં તેને એવી શ્રદ્ધા કેમ ન થઈ ? શાસ્ત્રાભ્યાસ તો ઘણો છે છતાં તેણે જીવાદિના ભેદો કેમ ન જાણ્યા ? અને જૈનધર્મ સિવાય અન્યની એને લેશમાત્ર શ્રદ્ધા નથી છતાં તેને અર્હંતાદિની પ્રતીતિ કેમ ન થઈ ? તેને એવું શ્રદ્ધાન તો છે પણ સમ્યગ્દર્શન નથી કેમ કે તત્ત્વાર્થશ્રદ્ધાન યથાર્થ થયું નથી. વળી નારકી, ભોગભૂમિયા અને તિર્યંચાદિને દેવાદિની શ્રદ્ધા થવાનું નિમિત્ત નથી, છતાં તેમને ઘણાં કાળ સુધી સમ્યગ્દર્શન રહે છે. માટે દેવાદિની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શનનું લક્ષણ નથી. સમ્યગ્દર્શન કોને કહેવું તે આગળ કહેશે. આત્માની યથાર્થ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે, દેવાદિની શ્રદ્ધા તે ખરેખર કારણ નથી -એમ સમજવું.

## માહ સુદ ૬, મંગળવાર, ૨૦-૧-૫૩.

શ્વેતાંબરમતનું નિરાકરણ ચાલે છે. તે મત ભગવાન મહાવીર પછી નીકળ્યો છે, તે કલ્પિતમત છે. એમના કહેલાં દેવાદિને માનવા તેને તેઓ સમ્યગ્દર્શન કહે છે, પણ તેનું નામ સમ્યગ્દર્શન નથી, અને કોઈ યથાર્થ દેવાદિની શ્રદ્ધા કરે તો તે પણ સમ્યગ્દર્શન નથી પણ આત્માની યથાર્થ શ્રદ્ધા કરે તે સમ્યગ્દર્શન છે.

હવે તેઓ શાસ્ત્રનો અભ્યાસ કરવો તેને સમ્યગ્જ્ઞાન કહે છે પણ તે સમ્યગ્જ્ઞાન નથી કેમ કે દ્રવ્યલિંગી મુનિને શાસ્ત્રાભ્યાસ હોવા છતાં મિથ્યાજ્ઞાન છે. શાસ્ત્રાભ્યાસ તો વિકલ્પ અને રાગ છે. આત્માનું સ્વસંવેદન થવું તે સમ્યગ્જ્ઞાન છે, તેના વિના અગીયાર અંગ ને નવ પૂર્વનું જ્ઞાન કરે તેને પણ મિથ્યાજ્ઞાન કહેલ છે. અને સમ્યગ્દષ્ટિને ચોથા ગુણસ્થાનમાં વિષય કષાય વખતે પણ સમ્યગ્જ્ઞાન છે કેમ કે જ્ઞાન જાણે છે કે શરીરાદિની ક્રિયા તે જડની છે, રાગ થાય તે મારું સ્વરૂપ નથી, હું ત્રિકાળ જ્ઞાનાનંદ સ્વભાવી છું એવું જ્ઞાન તે વખતે પણ તેને વર્તે છે. મિથ્યાદષ્ટિને શાસ્ત્રજ્ઞાન વખતે પણ મિથ્યાજ્ઞાન છે અને સમ્યગ્દષ્ટિને વિષય કષાયનું જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન છે.

સમ્યગ્દષ્ટિ જે રાગાદિ થાય છે તેને જાણે છે માટે તેનું જ્ઞાન સમ્યક્ છે તે આગળ કહીશું. હવે શ્વેતાંબરમતવાળા ચારિત્રને વિપરીત રીતે માને છે તે કહે છે.

વળી તેમના નિરૂપણ કરેલા અણુવ્રત-મહાવ્રતાદિરૂપ શ્રાવક-યતિનો ધર્મ ધારવા વડે સમ્યક્ચારિત્ર થયું માને છે. પણ પ્રથમ તો વ્રતાદિનું સ્વરૂપ જ તે વિપરીત કહે છે. તે વાત આગળ આવી ગઈ છે. તથા દ્રવ્યલિંગીને પંચમહાવ્રત હોય છે. હિંસા, અસત્ય, ચોરી આદિના પરિણામ એને નથી, વસ્ત્ર પણ રાખે નહિ -એવી મમતા ઘટાડ્યા છતાં તેને સમ્યક્ ચારિત્ર હોતું નથી. કેમ કે વ્રત તે સમ્યક્ચારિત્ર નથી પણ આત્માના ભાનપૂર્વક અકષાયભાવ થઈને સ્વરૂપમાં રમણતા થવી અને આનંદદશામાં સ્થિર થવું તેનું નામ ચારિત્ર છે. પંચમહાવ્રતના પરિણામ તો આસ્રવ-પુણ્યભાવ છે, તે ચારિત્ર નથી. અજ્ઞાની તેને ચારિત્ર માને છે. વળી તેઓ ગૃહસ્થને પણ મહાવ્રત ધારણ કર્યા વિના પણ ચારિત્ર કહે છે, તે વાત પણ ખોટી છે. પંચમહાવ્રત વગર અને નગ્નદશા થયા વિના કોઈને ચારિત્ર થાય નહિ. ભરત ચક્રવર્તીને અરીસાભુવનમાં અને મરુદેવીમાતાને હાથીના હોદ્દા ઉપર કેવળજ્ઞાન થયું કહે છે, તે બધી કલ્પિત વાત છે. નગ્નદશા થયા વિના ત્રણ કાળમાં કોઈને સમ્યક્ચારિત્ર હોતું નથી. તે સમ્યક્ચારિત્ર કેવું હોય તે આગળ કહેશે.

અહીં તે કહે છે કે દ્રવ્યલિંગીના અંતરંગમાં પૂર્વોક્ત શ્રદ્ધાનાદિ નથી, માત્ર બાહ્ય જ થયા છે તેથી તેમને સમ્યક્ત્વાદિ ન થયા.

**ઉત્તર** : અંતરંગમાં વીતરાગ દેવાદિની શ્રદ્ધા ન હોય અને બાહ્ય ધારે તો તે કપટી થયો અને તેને કપટ હોય તો તે નવમી ગ્રૈવેયક સુધી જાય નહિ. દેવાદિની યથાર્થ શ્રદ્ધા કરવી એ તો શુભભાવ છે. દ્રવ્યલિંગી સાધુ કુદેવાદિને માને નહિ. પંચમહાવ્રત ચોખ્ખા પાળે છે. શરીરના ખંડખંડ થઈ જાય પણ કષાય કરે નહિ. ઈંદ્રાણી ચળાવવા આવે તો પણ વિષયની ઈચ્છા કરે નહિ. એવા શુભ પરિણામ મનમાં વીતરાગની શ્રદ્ધાપૂર્વક હતા પણ આત્મા પરથી ભિન્ન છે, રાગાદિથી પણ ખરેખર ભિન્ન છે એનું ભાન એને હતું નહિ, તેથી તે મિથ્યાદૃષ્ટિ રહ્યો. દેવ, ગુરુ, શાસ્ત્રને માને છે પણ તેનાથી ભિન્ન મારું સ્વરૂપ છે એ વાત એને બેસતી નથી. પંચમહાવ્રત પાળે છે પણ તે શુભભાવ છે, તેને આશ્રયે ધર્મ થાય નહિ એ વાતની તેને ખબર નથી. આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ છે એની શ્રદ્ધા એને નથી. ક્રિયાકાંડ અને પુણ્યના આશ્રયે ધર્મ માને છે તેથી તે મિથ્યાદૃષ્ટિ છે.

વળી શ્વેતાંબરના જ્ઞાતાસૂત્રમાં મેઘકુમારનો અધિકાર છે, એમાં કહ્યું છે કે મેઘકુમારના જીવે પૂર્વે હાથીના ભવમાં સસલાની દયા પાળી તેથી સંસાર પરિત કર્યો. પણ સસલાની દયા પાળવી તે શુભભાવ છે, તેનાથી શુદ્ધભાવ થાય એમ બને નહિ. શુભ પરિણામથી બંધ પણ થાય અને મોક્ષ પણ થઈ જાય એમ જે માને છે તે શુભભાવથી બંધ પણ માને છે અને મોક્ષ પણ માને છે, તે બન્ને મિથ્યાદૃષ્ટિ છે.

વળી તેમના વિપાકસૂત્રમાં કહ્યું છે કે મિથ્યાદૃષ્ટિ ગૃહસ્થે મુનિને આહાર દીધો તેથી પરિત સંસાર કર્યો; તે વાત પણ કલ્પિત છે. કેમ કે દાન દેવાનો ભાવ તો શુભ છે, એનાથી સંસાર



પરિત થાય નહિ. તેણે બંધમાર્ગ અને મોક્ષમાર્ગને એક માન્યો. શ્રી કુંદકુંદાચાર્ય જેવા ભાવલિંગી સંતને પણ આહાર દેવાથી તો શુભભાવ જ થાય છે, એનાથી ધર્મ થતો નથી. મિથ્યાદૃષ્ટિ સાચા મુનિને આહાર આપે તો તે દાનના શુભ પરિણામથી ભોગભૂમિમાં જુગલિયો થાય પણ તેનાથી ભવકટી થાય નહિ. સમ્યગ્દૃષ્ટિ પણ આહાર આપવાના ભાવ કરે તો તેને પણ બંધ જ થાય છે. બંધમાર્ગ અને મોક્ષમાર્ગ એક નથી. માટે પહેલાં સાચી શ્રદ્ધા કરો. શ્રદ્ધા વગર ચારિત્ર હોય નહિ.

જે પરિણામથી ધર્મ થાય તે પરિણામથી બંધ થાય નહિ અને જે પરિણામથી બંધ થાય એનાથી ધર્મ થાય નહિ. મુનિ અને શ્રાવકને પણ શુભભાવ તો હોય છે પણ તે સમજે છે કે એ બંધમાર્ગ છે.

વળી તેઓ વ્યવહારધર્મમાં પણ અનેક વિપરીત નિરૂપણ કરે છે. નિંદા કરનારને મારવામાં પાપ નથી -એમ કહે છે. પણ તે વાત બરાબર નથી. કેમ કે તીર્થંકરાદિની હયાતીમાં પણ અન્યમતી નિંદા કરનાર ઘણાં હતા પણ ઈંદ્રાદિકે એમને માર્યા નહિ. જો પાપ ન થતું હોય તો તેઓ કેમ મારે નહિ ? માટે તે વાત પણ ખોટી છે. અત્યારે પણ શ્વેતાંબરમાં આચાર્ય નામ ધરાવીને વિરોધીને મારવામાં પાપ નથી -એમ કહે છે અને મોટા ઝગડા કરે છે પણ વીતરાગનો માર્ગ એવો હોય નહિ. સજ્જન માણસને શોભે નહિ. એવો કષાયભાવ કરે તે વીતરાગનો માર્ગ હોય નહિ. વિરોધીઓને પણ મારવાના પરિણામ જૈનીને હોય નહિ.

વળી પ્રતિમાને આભરણ વગેરે તેઓ બનાવે છે. વીતરાગની પ્રતિમા ઉપર વસ્ત્ર, દાગીના વગેરે હોય નહિ. ખરેખર તો પ્રતિમા ઉપર ફૂલ, લેપ વગેરે પણ ન હોય કેમ કે પ્રતિમા તો વીતરાગભાવ વધારવા માટે નિમિત્ત છે. ત્યાં તેઓ આભરણાદિ પહેરાવે છે તે અન્યમતનું અનુકરણ કર્યું છે. ઈત્યાદિક અનેક પ્રકારથી કલ્પિત વાતો કરી છે. ક્યાં સુધી કહીએ ? શ્વેતાંબરમત કલ્પિત જાણવો. એક વીતરાગમાર્ગ દિગંબરધર્મ સિવાય બધા માર્ગો કલ્પિત છે એમ સમજવું. ધર્મ આ છે, બીજી કોઈ ચીજ નથી. આજ માનો, કાલ માનો, આ માન્યે જ છૂટકો છે. આ એક જ માર્ગ સત્ય છે, માર્ગનું સ્વરૂપ તો વીતરાગે કહ્યું તે જ સત્ય છે. શ્વેતાંબરમત કલ્પિત છે તેથી તેને માનવાથી મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રની પુષ્ટિ થાય છે માટે એની વાત માનવી નહિ.

## ઢૂંઢકમત નિરાકરણ

હવે સ્થાનકવાસીમતની વાત કરે છે. શ્વેતાંબરમતમાંથી જ ઢૂંઢિયા નીકળ્યા છે. એમણે તો પ્રતિમાને પણ ઉડાડી છે. પંડિતજીએ સ્થાનકવાસીમતને જૈનમતમાં કહ્યો નથી, અન્યમતમાં કહ્યો છે. તેઓ પોતાને સાચા ધર્માત્મા માને છે પણ તે ભ્રમ છે. શા માટે ? તે અહીં કહીએ છીએ.

કોઈ તો વેષ ધારણ કરીને પોતાને સાધુ કહેવડાવે છે પણ તેમના ગ્રંથાનુસાર પણ વ્રત-સમિતિ-

ગુપ્તિ આદિનું તેઓ પાલન કરતાં હોય એમ પણ દેખાતું નથી. પ્રતિજ્ઞા લીધા પ્રમાણે પાળતાં નથી. નવ નવ કોટીએ પચ્ચખાણ લ્યે અને પાછળથી પાળે નહિ. બાળકને દીક્ષા આપે, ભોળાને દીક્ષા આપે. કુંભાર, રબારી, કણબી, ચારણ વગેરેને તેઓ દીક્ષા આપે છે, ત્યાગ કરતી વખતે વિચાર કરતા નથી. નવ નવ કોટીએ ત્યાગ કરે પણ હજુ મિથ્યાત્વના ત્યાગનું પણ ઠેકાણું નથી. પહેલેથી ખબર હોય છતાં પહેલાં પચ્ચખાણ આપે અને પછી પાળે નહિ છતાં તેને બધા સાધુ માને છે. તે કહે છે કે પહેલાં દીક્ષા આપીએ, પાછળથી ધર્મ પામશે, એટલે એનું ભલું થશે. પણ તે વ્યાજબી નથી કેમ કે પહેલેથી જ દીક્ષા આપવાવાળાએ પ્રતિજ્ઞાભંગ થતી જાણીને પણ પ્રતિજ્ઞાભંગ કરાવી તો તેનો દોષ કોને લાગ્યો ? અને પાછળથી તે ધર્મ પામશે એની ખાતરી શી ?

વળી જે સાધુનો ધર્મ અંગીકાર કરી, યથાર્થ ન પાળે તેને સાધુ માનવો કે ન માનવો ? જો માનવો તો જે સાધુ મુનિ નામ ધરાવે છે પણ ભ્રષ્ટ છે તેઓને સાધુ માનો અને જો તેને સાધુ ન માનવો તો તેને સાધુપણું ન રહ્યું. યથાર્થ સાધુપણું પાળનાર તો કોઈ છે જ નહિ એમ નક્કી થાય છે. હવે કોઈ એમ કહે કે અમે તો જેમનામાં યથાર્થ આચરણ દેખશું તેને જ સાધુ માનશું, બીજાને માનશું નહિ. તો અમે તેને પૂછીએ છીએ કે - એક સંઘમાં ઘણાં વેશધારી છે ત્યાં જેને યથાર્થ આચરણ માનો છે તે બીજાઓને સાધુ માને છે કે નહિ ? જો બીજાને સાધુ માને છે તો તે તમારા કરતાં પણ અશ્રદ્ધાની થયો, તો એવા અશ્રદ્ધાની સાધુ પૂજ્ય કેમ હોય ? અને જો તે બીજાને સાધુ માનતો નથી તો બીજા સાધુની સાથે વ્યવહાર શા માટે રાખે છે ?

જુઓ, આ વાત દિગંબરમાં પણ લાગુ પડે છે. જેને તમે યથાર્થ શ્રદ્ધાની માનતાં હો અને તે અશ્રદ્ધાનીની પ્રશંસા કરતો હોય તો શ્રદ્ધાની અને અશ્રદ્ધાનીનો કાંઈ ભેદ રહ્યો નહિ, બન્ને સરખા થયા, તો તમો જેને શ્રદ્ધાની માનો છો તે પણ શ્રદ્ધાની ન રહ્યો અને તમો પણ અશ્રદ્ધાની થયા, માટે શ્રદ્ધાની-અશ્રદ્ધાનીનો યથાર્થ નિર્ણય કરવો જોઈએ.

શ્રી કુંદકુંદાચાર્યદેવે દર્શનપાહુડમાં કહ્યું છે કે :-

**दंसणभट्ठा भट्ठा दंसणभट्ठस्स णत्थि णिव्वाणं ।**
**सिज्झंति चरियभट्ठा दंसणभट्ठा ण सिज्झंति ॥ ३ ॥**

**અર્થ** : જે પુરુષ દર્શનથી ભ્રષ્ટ છે તે ભ્રષ્ટ છે. જે દર્શનથી ભ્રષ્ટ છે તેમને નિર્વાણ થતો નથી; કેમ કે આ પ્રસિદ્ધ છે કે ચારિત્રથી ભ્રષ્ટ છે તેઓ તો સિદ્ધિને પ્રાપ્ત થાય છે પરંતુ જે દર્શનભ્રષ્ટ છે તે સિદ્ધિ પ્રાપ્ત કરી શકતા નથી.

માટે દર્શનશુદ્ધિ અર્થાત્ સાચી શ્રદ્ધા પ્રથમ કરવી જોઈએ.



## માહ સુદ ૭, બુધવાર, ૨૧-૧-૫૩.

આ મધ્યસ્થતાથી સમજવા જેવી વાત છે. વીતરાગનો માર્ગ એક જ પ્રકારનો હતો. એમાંથી બે હજાર વર્ષ પહેલાં શ્વેતાંબરમત નીકળ્યો છે અને એમાંથી સ્થાનકવાસીમત નીકળ્યો છે. હવે તેઓ જેને સાધુ માને છે, એનું પણ ઠેકાણું નથી. પોતે બીજાને સાધુપણું ન માનતા હોવા છતાં બીજાઓ પાસે તેને સાધુપણું મનાવે છે -એ તો કપટભાવ થયો, ખરેખર તો તે સાધુ નથી-એમ કહેવું જોઈએ. પણ એમ કહેવા જાય તો ત્યાં સંઘમાં વિરુદ્ધતા થાય અને સંપ્રદાયમાં રહેવાય નહિ. માટે પોતે આત્માનું યથાર્થ ભાન કરીને પોતાનું કરવું એમ કહે છે, વીતરાગનો માર્ગ તેઓ કહે છે એવો નથી તેમ જાણવું.

વળી તમો જેનામાં યથાર્થ આચરણ માનો છો ત્યાં વિચાર વડે જુઓ, તો તે પણ યથાર્થ મુનિધર્મ પાળતો નથી. શાસ્ત્રાભ્યાસ કર્યો હોય પણ વિરુદ્ધ શ્રદ્ધા હોય છે તેને યથાર્થ કહે તો ધર્મપદ્ધતિમાં વિરુદ્ધતા થાય છે. બહાર ખોટી પ્રરૂપણા કરતો હોય છતાં તે સાધુ છે એમ માને અને મનાવે છે. તમો કહેશો કે -અન્યવેશધારી કરતાં તો આ ઘણાં સારા છે તેથી અમે તેને સાધુ માનીએ છીએ પણ અન્યમતીમાં તો અનેક પ્રકારના વેષ હોય છે કેમ કે ત્યાં રાગભાવનો નિષેધ નથી. પણ આ જૈનમતમાં તો જેમ કહ્યું છે તેમ જ થતાં સાધુ સંજ્ઞા હોય. જૈનમતમાં એવો ગોટો ચાલે નહિ.

અહીં કોઈ કહે કે શીલ-સંયમાદિ પાળે છે, તપશ્ચરણાદિ કરે છે તેથી જેટલું કરે છે તેટલું તો ભલું છે ને ? તેનું સમાધાન :- એ સત્ય છે કે જેટલો ધર્મ કરે તેટલો તો સારો છે પરંતુ પ્રતિજ્ઞા તો મહાનધર્મની કરવામાં આવે અને પાળે થોડો ત્યાં તો પ્રતિજ્ઞાભંગથી મહાપાપ થાય છે.

મુનિપણાની પ્રતિજ્ઞા કરે અને પાળે નહિ, પ્રતિજ્ઞા ક્ષુલ્લકની કરે અને તે પ્રમાણે પાળે નહિ તો ત્યાં વ્યવહાર પણ બરાબર નથી. ક્ષુલ્લકને એને માટે આહાર બનાવેલો હોય તો તે ખપે નહિ. છતાં પોતાના માટે બનાવેલો આહાર લે તો તે પાપ છે. જૈનમતમાં પ્રતિજ્ઞા ન લે તો દંડ નથી પણ પ્રતિજ્ઞા લઈને ન પાળે તો દંડ છે. એક ઉપવાસની પ્રતિજ્ઞા લઈને થોડો પણ આહાર લે તો પ્રતિજ્ઞાભંગનું મોટું પાપ લાગે છે. નવ નવ કોટીએ મુનિપણાની પ્રતિજ્ઞા કરે અને સાધુપણું પાળે નહિ તો તે મહા પાપી છે. આ વાત દિગંબરને પણ લાગુ પડે છે. વીતરાગના માર્ગમાં પ્રતિજ્ઞાભંગ કરવી તે મહા પાપ છે -એમ કહેલ છે. ઊંચું નામ ધરાવી અને નીચી ક્રિયા કરે તો મિથ્યાદૃષ્ટિ મહાપાપી છે. તથા જેમ કોઈ એકાસણની પ્રતિજ્ઞા કરી એક વાર ભોજન કરે તો તે ધર્માત્મા છે. પણ અહીં તો ઊંચું નામ ધરાવી નીચી ક્રિયા કરે તો તે શીલ-સંયમાદિ પાળવા છતાં પણ મિથ્યાદૃષ્ટિ પાપી જ છે. પંડિતજીએ યથાર્થ વાત કહી છે. જો યથાયોગ્ય નામ ધરાવી ધર્મક્રિયા કરતો હોય તો તે પાપી નથી -એમ કહે છે.

અહીં કહે છે કે પંચમકાળના છેડા સુધી ચાર સંઘનો સદ્ભાવ કહ્યો છે એમ શાસ્ત્રમાં કહેલ છે. માટે અમે આમને સાધુ માનીએ છીએ તો તે પણ બરાબર નથી કેમ કે જેમ આ કાળમાં હંસ નથી દેખાતા એટલે કાંઈ કાગડાને હંસ મનાય નહિ. હંસનું લક્ષણ દેખાય તો જ હંસ મનાય. તેમ આ કાળમાં સાધુનો સદ્ભાવ છે પણ આ ક્ષેત્રમાં સાધુ દેખાતા નથી તેથી કાંઈ જે સાધુ ન હોય એને સાધુ મનાય નહિ, પણ સાધુનું લક્ષણ હોય તો સાધુ માનવા જોઈએ.

અહીં તો પંડિત ટોડરમલજીએ પણ કહેલ છે કે વર્તમાન આ ક્ષેત્રમાં સાધુ દેખાતા નથી. ભાવલિંગી મુનિ તો વર્તમાનમાં દેખાતા નથી પણ વ્યવહારસાધુના પણ ઠેકાણા નથી -એમ કહે છે. આ બધું દિગંબરને પણ લાગુ પડે છે. પોતાના માટે આહારાદિ કરે અને લે તેને સાધુ કેમ મનાય ? અઠ્ઠાવીસ મૂળ ગુણ, પંચમહાવ્રતાદિ સાધુના વ્યવહારલક્ષણ હોય તો સાધુ મનાય અને એ લક્ષણ ન હોય અને પણ સાધુ માનશો તો કુલિંગીને પણ સાધુ માનવા પડશે પણ એમ માનતાં તો વિપરીતતા આવે છે. અહીં તો કહે છે કે વ્યવહાર પણ બરાબર ન હોય તો તેને દ્રવ્યલિંગી પણ કહેવાય નહિ. નિશ્ચય ન હોય પણ વ્યવહાર હોય તો સાધુની સ્થાપના થઈ શકે પણ અહીં તો વ્યવહારના પણ ઠેકાણાં નથી માટે તેવા સાધુને માનવાથી મિથ્યાત્વ થાય છે.

વળી તેઓ શ્રાવકધર્મની પણ અન્યથા પ્રવૃત્તિ કરાવે છે. ત્રસ હિંસા અને સ્થૂળ મૃષાદિ હોવાં છતાં પણ જેનું કાંઈ પ્રયોજન નથી એવો કિંચિત્ ત્યાગ કરાવી તેને દેશવ્રતી શ્રાવક કહે છે. અને તે ત્રસઘાતાદિ જેમાં થાય એવા કાર્ય કરે છે. ઘણાં કાળના અથાણાં ખાય, ત્રસની હિંસા જેમાં થાય તેવા કાર્યો કરે, સડેલી ચીજો વાપરે છે. હવે શ્રાવકને તો તેઓ અગીયાર અવિરતિ કહે છે તો ત્યાં ત્રસની હિંસા કેમ સંભવે ? શ્રાવકના અગીયાર પ્રતિમાભેદ છે તેમાં દસમી-અગિયારમી પડિમાધારી શ્રાવક તો અત્યારે કોઈ થતો નથી. એટલે શ્રાવકધર્મ કઠણ છે એમ કહે અને વળી પાછો સાધુધર્મ પાળી શકાય છે એમ કહે છે તો આમાં વિરુદ્ધતા આવે છે. વળી તેઓ કહે છે કે પડિમા તો થોડો કાળ પાળીને છોડી દઈએ છીએ, પણ ઉત્તમ કાર્ય ધર્મબુદ્ધિ જીવો શા માટે છોડે ? અને જો તે નીચું કાર્ય છે તો તેને અંગીકાર શા માટે કરે ? તેથી એ વાત બરાબર નથી. કાંઈ ઠેકાણું જ નથી.

વળી કુદેવ-કુગુરુ નમસ્કારાદિ કરતાં પણ શ્રાવકપણાને વાંધો આવતો નથી -એમ તેઓ કહે છે. ગણેશ, શીતળા, હનુમાનાદિને માનવામાં દોષ કહેતા નથી. અંબાજી આદિ લૌકિક દેવને માનવામાં પાપ નથી એમ તેઓ કહે છે. અને કહે છે કે અમો ધર્મબુદ્ધિ વડે માનતા નથી. પણ શાસ્ત્રમાં તો કહ્યું છે કે કુદેવાદિની પ્રશંસા કરવામાં તો સમ્યક્ત્વનો અતિચારદોષ કહ્યો છે. તો ગૃહસ્થોને સારું મનાવવા ખાતર કુદેવાદિને શા માટે વંદના કરવી જોઈએ ? અહીં કહેશો કે ભય, લજ્જા, કુતૂહલાદિ વડે જ અમે વંદીએ છીએ તો એ કારણો વડે કુશીલાદિ સેવતાં પણ પાપ ન કહો.



માત્ર અંતરમાં પરિણામ શુદ્ધ રાખો અને બહારમાં આચરણ ગમે તેવું રાખો તો એ પ્રમાણે તો બધે આચરણમાં વિપરીતતા અને વિરુદ્ધતા થશે.

વળી ખેદનો વિષય છે કે મિથ્યાત્વ જેવા મહાપાપની પ્રવૃત્તિ છોડાવવાની તો મુખ્યતા નથી પણ પવનકાયની હિંસા ઠરાવી ખુલ્લા મોઢે બોલવાનું છોડાવવાની મુખ્યતા જોવામાં આવે છે, પણ એ ક્રમભંગ ઉપદેશ છે. ધર્મના અંગ તો ઘણાં છે પણ તેમાં તેઓ પર જીવની દયાને જ મુખ્ય કહે છે, તેનો પણ તેમને વિવેક નથી. પાણી ગાળવું, સદોષ વસ્તુ ન ખાવી અને હિંસાદિરૂપ વ્યાપાર ન કરવો વગેરે તેના અંગોની તો મુખ્યતા નથી પણ મુખપટ્ટી બાંધવી અને નહાવું-ધોવું થોડું કરવું ઈત્યાદિ કાર્યોની મુખ્યતા કરે છે. પણ મેલવાળી મુખપટ્ટીમાં ત્રસજીવની ઉત્પત્તિ થાય છે, તેની તો દયા પાળે નહિ અને પવનના જીવોની દયા પાળવાનું કહે છે પણ નાક દ્વારા પવન જાય અને જીવ મરે એની દયા કેમ પાળતા નથી ?

વળી એમના શાસ્ત્ર અનુસાર બોલવાનો જ યત્ન કર્યો તો આખો દિવસ મુખપટ્ટી શું કામ રાખવી જોઈએ ? જ્યારે બોલે ત્યારે રાખવી. તો કહે છે કે ભૂલી જવાય છે. હવે આટલું જે ભૂલી જાય તે ધર્મસાધન કેવી રીતે કરી શકે ? વળી શરીરની શૌચાદિ ક્રિયાનો નિષેધ કરે છે પણ શૌચ આદિ તો મુનિ પણ કરે છે. તો ગૃહસ્થોએ પોતાને યોગ્ય શૌચ કરવો જોઈએ. એ પ્રમાણે જેની તેઓ મુખ્યતા કરે છે એનું પણ ઠેકાણું નથી.

વળી એવી અહિંસાનો એકાંત પકડી તેઓ પ્રતિમા, ચૈત્યાલય અને પૂજનાદિ ક્રિયાનો નિષેધ કરે છે. પણ એમના જ શાસ્ત્રોમાં પ્રતિમા આદિનું નિરૂપણ કર્યું છે. શ્રાવકોને મંદિર બનાવવા, પ્રતિમાનું સ્થાપન કરવું, ભક્તિ, પૂજા આદિ હોય છે, એનો એ નિષેધ કરે છે તે વ્યાજબી નથી. સ્થાનકવાસીએ પ્રતિમાનો નિષેધ કર્યો ત્યારે શ્વેતામ્બરે પ્રતિમા ઉપર આભૂષણાદિ પહેરાવી શૃંગાર વધારી દીધો, વીતરાગમુદ્રા રહેવા દીધી નહિ. માટે એ બન્ને કલ્પિતમત છે. યથાર્થ વીતરાગમાર્ગમાં તો પ્રતિમા ઉપર આભૂષણાદિ તો હોય નહિ પણ કેસર-ફૂલાદિ પણ હોય નહિ. શાશ્વત મૂર્તિ હોય છે એવો પાઠ એમના શાસ્ત્રોમાં આવે છે પણ ત્યાં ખોટો અર્થ કરે છે. ચૈત્યવંદના કરી એમ શાસ્ત્રમાં પાઠ આવે છે ત્યાં તેઓ ચૈત્યનો અર્થ જ્ઞાન કરે છે, તે વાત પણ બરાબર નથી. નંદીશ્વરદ્વીપમાં મનુષ્યો જાય છે એમ તેઓ માને છે અને ત્યાં જંઘાચરણાદિ મુનિએ ચૈત્યની વંદના કરી એમ માને છે. જો ત્યાં જ્ઞાનની વંદના કરી હોય તો જ્ઞાનની વંદના તો સર્વત્ર અહીં પણ થઈ શકે છે, પણ ખાસ પ્રતિમાની વંદના કરવા માટે જ ત્યાં ગયા હોય, તેથી નક્કી થાય છે કે ચૈત્યનો અર્થ પ્રતિમા પ્રસિદ્ધ છે છતાં હઠ કરીને તેનો ઊંધો અર્થ કરવો તે ઠીક નથી.

હવે દેવાદિ નંદીશ્વરમાં જઈને પૂજનાદિ ક્રિયા કરે છે તેનું વ્યાખ્યાન પણ એમના શાસ્ત્રોમાં છે. પહેલાં મનુષ્યો પ્રતિમાની પૂજા આદિ કરે છે તે સિદ્ધ કર્યું. હવે કહે છે કે દેવ નંદીશ્વરદ્વીપમાં

પ્રતિમાનું પૂજનાદિ કરે છે અને સ્વર્ગમાં પણ ઈંદ્રો-સમ્યગ્દૃષ્ટિ જીવો પ્રતિમાને પૂજે છે. છતાં સ્થાનકવાસીઓએ પ્રતિમાને ઉત્થાપી છે તેથી તે મિથ્યાદૃષ્ટિ છે.

તેમનામાં સૂર્યાભદેવનું વ્યાખ્યાન છે. ત્યાં પ્રતિમાજીને પૂજવાનું વિશેષ વર્ણન કર્યું છે. પરદેશી રાજાનો જીવ સૂર્યાભદેવ થયો અને તેણે પ્રતિમાનું પૂજન કર્યું એમ કહે છે. હવે ત્યાં દેવને ધર્મ થાય છે કે પાપ થાય છે ? જો ધર્મ થાય છે તો બધે ઠેકાણે ધર્મ થવો જોઈએ. વળી ત્યાં સૂર્યાભદેવ **ણમોત્થુણં** નો પાઠ ભણ્યો છે, તેમાં તો અરિહંતની ભક્તિ છે. હવે પ્રતિમાજી આગળ એ પાઠ ભણ્યો છે માટે જે અર્હંત ભક્તિની ક્રિયા છે તે પ્રતિમાજીની આગળ કરવી યોગ્ય થઈ.

વળી જો તે એમ કહે કે દેવોને એ કાર્ય હોય છે પણ મનુષ્યોને નહિ કારણ કે પ્રતિમા બનાવતાં હિંસા થાય છે પણ તે બરાબર નથી. કેમ કે તેમના બનાવેલા શાસ્ત્રોમાં જ્ઞાતાસૂત્ર છે, તેમાં અધિકાર આવે છે. ત્યાં દ્રૌપદી રાણી સૂર્યાભદેવની માફક પ્રતિમાજીનું પૂજનાદિક કરવા લાગી માટે મનુષ્યોને પણ એ કાર્ય કર્તવ્ય છે. અહીં એક એ વિચાર થાય છે કે જો ચૈત્યાલય પ્રતિમા બનાવવાની પ્રવૃત્તિ નહોતી તો દ્રૌપદીએ પ્રતિમાની પૂજા કેવી રીતે કરી ? માટે પ્રતિમાની પ્રથા અનાદિથી ચાલી આવે છે. મનુષ્યો પ્રતિમાનું સ્થાપન કરતાં હતા એમ નક્કી થાય છે અને દ્રૌપદીએ પ્રતિમાની પૂજા કરી હતી. તેથી નક્કી થાય છે કે ધર્માત્મા ગૃહસ્થોએ એવું કાર્ય કરવું યોગ્ય છે. વળી દ્રૌપદીએ ત્યાં **ણમોત્થુણં** નો પાઠ કર્યો વા પૂજનાદિ કર્યું તે કાંઈ કુતૂહલ માટે કર્યું ન હતું. કુતૂહલ હોય તો તે પાપી ઠરે પણ ધર્મ માટે તે કર્યું હતું. માટે બીજાઓએ પણ પ્રતિમાજીની સ્તુતિ-પૂજા કરવી યોગ્ય છે.

અહીં તેઓ એવી મિથ્યાયુક્તિ બતાવે છે કે જેમ ઈંદ્રની સ્થાપનાથી ઈંદ્રની કાર્યસિદ્ધિ નથી તેમ અરિહંતની પ્રતિમા વડે કાર્ય સિદ્ધિ નથી. જેમ પથ્થરની ગાય દૂધ આપે નહિ, પથ્થરનો સિંહ મારે નહિ. તેમ ભગવાનની પ્રતિમા કોઈનું ભલું કરે નહિ એમ તેઓ કહે છે. પણ અર્હંત ભગવાન કોઈને ભક્ત માની ભલું કરતાં હોય તો એમ માનીએ પરંતુ તે તો વીતરાગ છે. આ જીવ ભક્તિરૂપ પોતાના ભાવોથી શુભ ફળ પામે છે. જેમ કોઈ સ્ત્રીના આકારરૂપ કાષ્ઠ-પાષાણની મૂર્તિ દેખી ત્યાં વિકારરૂપ થઈ અનુરાગ કરે તો તેને પાપબંધ થાય, તેમ અર્હંતની મૂર્તિ દેખી ધર્મબુદ્ધિથી ત્યાં અનુરાગ કરે તો શુભફળની પ્રાપ્તિ કેમ ન થાય ? અહીં તેઓ કહે છે કે પ્રતિમા વિના જ શુભભાવ કરશું પણ આકાર દેખવાથી જેવો શુભભાવ થાય તેવો પરોક્ષ સ્મરણથી થાય નહિ. પ્રતિમાના અવલંબનથી વિશેષ શુભભાવ થાય છે. અહીં શુભભાવમાં નિમિત્ત કેવું હોય છે એટલું કહેવું છે પણ નિમિત્તથી શુભભાવ થાય છે એમ નથી.

અહીં કોઈ કહે કે પ્રતિમાને જુઓ પણ પૂજનાદિ કરવાનું શું પ્રયોજન છે ? તેને ઉત્તર :- જેમ કોઈ કૂકડાનો આકાર બનાવી રૌદ્રભાવથી તેનો નાશ કરે તો તેને પાપ લાગે છે. પાડાના



આકાર બનાવી તેની હિંસા કરે તો તેવું ફળ પામે છે. હિંસા કરવા જેવું જ પાપ લાગે છે. તેમ અર્હંતાદિની પ્રતિમા બનાવી રાગબુદ્ધિથી પૂજનાદિ કરે તો તેને અર્હંતનું પૂજન આદિ કરવા જેવું જ શુભફળ મળે છે. જિનપ્રતિમા જિનસારખી છે એમ બનારસીદાસે કહ્યું છે. સમ્યગ્દૃષ્ટિ પ્રતિમાને સાક્ષાત્ ભગવાનની જેમ માને છે અને પૂજન-ભક્તિ આદિ કરે છે, પ્રતિમાનો નિષેધ કરતાં નથી. અંતરમાં સમજે છે કે આ પ્રતિમા છે છતાં પોતાને અતિ અનુરાગ થવાથી પ્રત્યક્ષ દર્શન ન હોવાથી તેનો આકાર બનાવી પૂજનાદિ કરે છે અને એ ધર્માનુરાગથી મહાપુણ્ય ઉપાર્જન કરે છે.

વળી તેઓ એવો કુતર્ક કરે છે કે જેને જે વસ્તુનો ત્યાગ હોય તેની આગળ તે વસ્તુ ધરવી તે યુક્ત નથી પણ હાસ્ય જેવું છે એટલે કે અષ્ટ દ્રવ્યથી પૂજા કરો છો તે યુક્ત નથી. તેનું સમાધાનઃ- ભગવાને જ્યારે મુનિપણું લીધું હતું ત્યારે તો સર્વ પરિગ્રહનો ત્યાગ કર્યો હતો અને પછી કેવળજ્ઞાન થયું ત્યારે ઈંદ્રે સમવસરણ બનાવ્યું, છત્ર-ચામરાદિ કર્યા-એમાં કોઈ વિરોધ નથી. કેમ કે ઈંદ્રે ત્યાં ભક્તિ કરી છે તેમ અમે પણ અહીં ભક્તિ કરીએ છીએ. માટે એમાં હાસ્ય નથી. છદ્મસ્થ પાસે ત્યાગ કરેલી વસ્તુ ધરીએ તો હાસ્ય કહેવાય કેમ કે તેને વિક્ષિપ્ત થવા સંભવ છે પણ કેવળી કે પ્રતિમાજી પાસે ઉત્તમ વસ્તુ ધરવામાં દોષ નથી કેમ કે ત્યાં તો શુભભાવ થાય છે.

ત્યારે તે કહે છે કે પ્રતિમા બનાવવામાં, જિનમંદિર કરાવવામાં અને પૂજનાદિ કરાવવામાં હિંસા થાય છે. માટે હિંસા વડે ધર્મ માનવાથી મહા પાપ છે તેથી એ કાર્યો કરવા જેવા નથી. તેનો ઉત્તર :- તેમના શાસ્ત્રોમાં -દશવૈકાલિક સૂત્રમાં- કહ્યું છે કે પુણ્ય અને પાપને સાંભળીને જાણ તથા એ બન્નેને સાંભળીને જાણ અને એમાંથી જે સેવવા યોગ્ય હોય તેનું સેવન કર. ત્યાં અમે પૂછીએ છીએ કે વીતરાગમાર્ગરૂપી એકલો ધર્મ થાય તો તે સારો છે પણ એવો ધર્મ ન થાય તો એકલો પાપભાવ કરવો યોગ્ય નથી. એના કરતાં તો પુણ્યભાવ થાય છે તે તો ભલો છે. જિનમંદિર, પૂજા આદિની ક્રિયામાં પાણી આદિની જરા હિંસા છે પણ ત્યાં શુભભાવની મુખ્યતા છે તેથી તે પાપભાવની અપેક્ષાએ કરવો ભલો કહ્યો છે. માટે એ એકાંત નિષેધવા યોગ્ય નથી. નિમિત્તથી પુણ્યભાવ થાય છે એમ અહીં કહેવું નથી પણ શુભભાવમાં પ્રતિમા નિમિત્ત હોય છે તે બતાવવું છે. માટે પ્રતિમા ઉત્થાપવા યોગ્ય નથી અને યુક્તિથી પણ પ્રતિમા છે એમ સંભવે છે. જો ત્યાગી હોય તો એણે જિનમંદિરાદિ બનાવવા યોગ્ય નથી પણ ગૃહસ્થ કે જે સંસાર અર્થે મકાનાદિ બનાવે છે જેમાં એકલો પાપભાવ છે તેના કરતાં જિનમંદિર બનાવે તો તે પુણ્યભાવ છે. માટે પાપભાવથી બચવા ખાતર પુણ્યભાવનો નિષેધ કરવો યોગ્ય નથી.

## માહ સુદ ૮, ગુરૂવાર, ૨૨-૧-૫૩.

આજે શ્રી પ્રવચનસારનો સ્વાધ્યાય હતો.

## માહ સુદ ૯, શુક્રવાર, ૨૩-૧-૫૩.

સ્થાનકવાસી કહે છે કે પ્રતિમા, મંદિર આદિમાં હિંસા થાય છે માટે અમે તેનો નિષેધ કરીએ છીએ. તો તેને કહે છે કે ગૃહસ્થ પોતાના માટે મકાનાદિ બનાવે તો ત્યાં તો લોભાદિ વધે છે, પાપ થાય છે પણ મંદિરાદિ બંધાવતા તો લોભ ઘટે છે અને ધર્માનુરાગ થાય છે. ભગવાનની પૂજા આદિ કરવામાં પુણ્ય વધારે છે અને હિંસા થોડી થાય છે. જેમ વેપારી નુકસાન કરતાં નફો વધારે થતો જાણે તેવો વેપાર કરે છે તેમ પ્રતિમા આદિ કાર્યોમાં શુભભાવ છે તેને સમજતાં નથી અને પૂજાદિનો નિષેધ કરે છે તે અજ્ઞાન છે.

વળી ગૃહસ્થ દીકરાં-દીકરીના લગ્નમાં પૈસા ખર્ચે છે તથા મકાનાદિમાં પૈસા ખર્ચે છે ત્યાં આબરૂ માટે ખર્ચે છે તે બધો પાપભાવ છે. સંસારના કામ માટે પૈસા ખરચવા કરતાં દેવ-ગુરુ-શાસ્ત્રને માટે ખરચવા તે લોભ ઘટવાનું કારણ છે. એટલે ગૃહસ્થે સંસારના કામ કરતાં ધર્મના કામમાં વિશેષ પૈસા ખરચવા જોઈએ. જે પ્રતિમાજીની પૂજા આદિનો નિષેધ કરે છે તે કુદેવ-કુગુરુ-કુધર્મને માને છે તે બધા ગૃહિત મિથ્યાદષ્ટિ છે.

ભગવાન વીતરાગનો એક જ પ્રકારનો માર્ગ છે. હું આવો ઉપદેશ આપું, આવો વિકલ્પ કરું એવું પણ વસ્તુસ્વરૂપમાં નથી. અશુભ ટાળીને શુભ કરું તો ઠીક એમ સમ્યગ્દષ્ટિ માનતો નથી. ચારિત્રગુણની પર્યાયનો જે ક્રમ છે તેને જાણવા-દેખવાનો આત્માનો સ્વભાવ છે, તે ક્રમને પણ ફેરવવો નથી.

કોઈ કહે કે અમને આવી તત્ત્વની વાત બેઠી છે. તેમ છતાં જો તે કુદેવાદિને છોડતો નથી અને પ્રતિમાની પૂજાદિને માનતો નથી તો તેને પણ વસ્તુસ્વરૂપની ખબર નથી. વ્યવહાર અને નિમિત્તનું પણ જેને ભાન નથી તે તો ગૃહિત મિથ્યાદષ્ટિ છે.

ગૃહસ્થને પ્રતિમા પૂજનાદિનો ભાવ થયા વિના રહેતો નથી. જેને કુદેવાદિનો આદર છે અને સુદેવાદિની માન્યતા નથી તેને સાચી સામાયિક હોતી નથી. જે સમ્યગ્દષ્ટિ હોય અને વિશેષ ઉપયોગ સામાયિકાદિ કાર્યોમાં લાગતો હોય તેને પૂજનાદિ કર્તવ્ય નથી પણ જેને સામાયિક આદિ નિરવદ્ય કાર્યોનો ઉપયોગ રહેતો ન હોય તેણે તો પૂજનાદિના ભાવો કરવા યોગ્ય છે.

અહીં તમે કહેશો કે ''નિરવદ્ય સામાયિક કાર્ય જ કેમ ન કરીએ, ધર્મમાં જ કાળ ગાળવો, ત્યાં એવા કાર્ય શા માટે કરીએ ?'' તેનો ઉત્તર :- જો શરીર વડે પાપ છોડવાથી જ નિરવદ્યપણું થતું હોય તો એમ જ કરો પણ તેમ તો થતું નથી, સ્વરૂપનું સ્વાવલંબન થયા વિના સામાયિક આદિ કાર્યોના પરિણામ થતાં નથી માટે પૂજનાદિ કાર્યોની પ્રવૃત્તિ કરવી યોગ્ય છે. વસ્તુસ્થિતિ તો જેમ છે તેમ છે પણ ઉપદેશના વચનો એવા હોય છે કે આ કરવા યોગ્ય છે ને આ કરવા



યોગ્ય નથી. જે વ્યવહારનો અને નિમિત્તનો તદ્દન નિષેધ કરે છે તેને સમજાવવા માટે ઉપદેશકથન હોય છે.

હવે તમે કહેશો કે ''ધર્મના અર્થે હિંસા કરતાં તો મહાપાપ થાય છે અને બીજા ઠેકાણે હિંસા કરતાં થોડું પાપ થાય છે.'' પણ પ્રથમ તો એ સિદ્ધાંતનું વચન નથી અને યુક્તિથી પણ મળતું નથી. માટે એ માન્યતા સાચી નથી.

સ્થાનકવાસી કહે છે કે ધર્મના નિમિત્તે હિંસા તથા આરંભાદિ કરો એમાં ઘણું પાપ થાય છે, ઘર માટે કરો તો ઓછું પાપ થાય છે - પણ તે બરાબર નથી. કારણ કે એમ માનવામાં આવે તો ઈંદ્રો મેરુ પર્વત ઉપર પાણીના ઘણાં કળશો વડે ભગવાનનો અભિષેક કરે છે. તે પાણી સચેત હોય છે. ફૂલોની વૃષ્ટિ દેવો કરે છે, ચમર ઢાળે છે ત્યાં વાયરાના જીવો હણાય છે પણ તે પાપના કાર્યો નથી. એમાં જેણે પાપ થાપ્યું છે તે મિથ્યાદષ્ટિ છે.

તમે કહેશો કે ''દેવોને એવો જ વ્યવહાર છે.'' પણ ક્રિયાનું ફળ તો આવે ને ? માટે જો તે પાપ હોય તો ઈંદ્ર વગેરે તો સમ્યગ્દષ્ટિ છે તેઓ એવા પાપના કાર્યો શા માટે કરે ? અને જો ધર્મ છે તો તેનો નિષેધ કરવો યોગ્ય નથી. એ રીતે તમારી માન્યતા બરાબર નથી.

વળી તમને જ પૂછીએ છીએ કે તીર્થંકરની વંદના માટે શ્રેણિક વગેરે રાજાઓ ગયા છે ત્યાં રસ્તાઓમાં પાણી છાંટે, મોટા માંડવાઓ બંધાવે, રથ, હાથી, ઘોડા આદિ મોટી ધામધૂમથી નીકળે તો શું ત્યાં પાપ થાય છે ? જો પાપ હોય તો કરે શા માટે ? વળી સાધુને વાંદવા દૂર દૂર જાય છે તો વાયરાની હિંસા થાય છે પણ તે કાર્યો ધર્મ માટે છે કે તેમાં પાપ છે ? શાસ્ત્ર સાંભળવા માટે જાય છે તો ત્યાં શું થાય છે ? અને સાધર્મીને જમાડવામાં આવે છે ત્યાં પુણ્ય છે કે પાપ? સાધુનું મરણ થાય છે ત્યારે પાલખી બનાવે છે, ધામધૂમથી હજારોના ખરચા કરે છે અને સંસ્કાર કરે છે તેમાં પુણ્ય થાય છે કે પાપ ? સાધુ થતાં ઉત્સવ કરે છે ઈત્યાદિ પ્રવૃત્તિ આજે પણ દેખાય છે અને પૂર્વે પણ એવા કાર્યો ગૃહસ્થોએ કર્યા છે. હવે જો એ પાપ હોય તો તેનો નિષેધ કરો, અને જો પુણ્ય હોય તો તેનો નિષેધ શા માટે કરો છો ?

જેમ થોડું ધન ઠગાતાં જો ઘણાં ધનનો લાભ થતો હોય તો તે કાર્ય કરવું યોગ્ય છે. તેમ થોડી હિંસા થતી હોય પણ ઘણો ધર્મ ઉપજતો હોય તો તે કાર્ય કરવા યોગ્ય છે. અને થોડી હિંસાના ભયથી મહાનધર્મ છોડે તે તો પાપી જ થાય છે. વળી સંસારના હિંસાદિ કાર્યોમાં ઘણો પ્રવર્તે પણ ભક્તિ આદિમાં ન પ્રવર્તે અથવા થોડો પ્રવર્તે તો તે પણ પાપી જ થાય છે.

વળી ઠગાયા વિના જ ધનનો લાભ હોવાં છતાં પણ ઠગાય તો તે મૂર્ખ છે. તેમ હિંસાદિના કાર્યો કર્યા વગર નિર્દોષ રીતે પોતાના ઉપયોગમાં રહી શકે તે તેને હિંસાદિના કાર્યો કરવા ઉચિત

નથી. જે નિરવદ્ય ઉપયોગમાં રહી શકતો હોય તેણે સાવદ્યાદિ કાર્યોમાં જોડાવું યોગ્ય નથી. એ પ્રમાણે અનેક પરિણામો વડે પોતાની અવસ્થા જોઈ જેથી ભલું થાય તે કરવું પણ એકાંતપક્ષ કાર્યકારી નથી. બીજું અહિંસા જ કેવળ ધર્મનું અંગ નથી પણ રાગાદિભાવ ઘટતાં એ ધર્મનું મુખ્ય અંગ છે. જ્ઞાનાદિમાં રુચિ થાય અને રાગ ઘટે, જેટલો વીતરાગ થાય તે ધર્મનું અંગ છે. માટે જેથી પરિણામોમાં રાગાદિ ઘટે તે કાર્ય કરવું પણ જે મિથ્યાદષ્ટિ છે, જેને કુદેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા છે એને તો રાગ ઘટે નહિ. માટે પ્રથમ વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કર્યા વગર યથાર્થ રાગ ઘટતો નથી.

વળી ગૃહસ્થોને અણુવ્રતાદિનું સાધન થયા વિના જ સામાયિક, પ્રતિક્રમણ અને પ્રૌષધાદિ ક્રિયાનું આચરણ મુખ્ય કરાવે છે. હવે સામાયિક તો રાગ-દ્વેષ રહિત સામ્યભાવ થતાં થાય છે પણ શરીરાદિની ક્રિયા કે એક ઠેકાણે બેસી રહેવું તે કાંઈ સામાયિક નથી. આટલું છોડ્યું એવી પરની કર્તૃત્વબુદ્ધિ તો હજી છૂટી નથી તેને સામાયિકાદિ હોય નહિ. એકાંત સ્થાનમાં બેસીએ તો સામાયિક થાય, શરીરને સ્થિર રાખું તો સામાયિક થાય -એ સ્થાનને તથા શરીરની ક્રિયાને સામાયિકનું કારણ માને છે પણ આત્મા સામાયિકનું કારણ છે એની એને ખબર નથી. આજે મિષ્ટાન ખાધું માટે પ્રમાદ થયો છે એમ સામાયિકમાં વિચાર કરે છે. વસ્તુ ખાવાથી પ્રમાદ થતો નથી પણ પોતાના પરિણામમાં પ્રમાદ કરે તો થાય છે એવી તેને ખબર નથી.

શાસ્ત્રમાં આવે કે લૂખો આહાર ખાવાથી વીર્ય ઘટી જાય પણ એ તો નિમિત્તનું કથન છે. બદામ-પીસ્તા ખાય તો મગજ સારું રહે એમ માને છે પણ પરના કારણે જ્ઞાનની અવસ્થા ટકતી નથી. ગોમ્મટસારમાં તેને મતિજ્ઞાનનું નોકર્મ કહેલ છે. પણ એ તો અહીં જ્ઞાનની એવી યોગ્યતા હોય છે ત્યારે તેમાં નિમિત્ત કેવું હોય છે તેનું જ્ઞાન કરાવ્યું છે. પણ પરના કારણે જ્ઞાન છે એવા વિચારો સામાયિક કરીને કરે તો એ તો મિથ્યાદષ્ટિ છે, એને સામાયિક હોતી નથી. સામાયિક કરીને પરની કર્તૃત્વબુદ્ધિના વિચારો કરવા તે તો પ્રતિજ્ઞાભંગ છે. પ્રતિજ્ઞાભંગ કરવા કરતાં તો ન કરવું સારું છે, કારણ કે પ્રતિજ્ઞાભંગ કરવી એ તો મહાપાપ છે.

વળી અમે પૂછીએ છીએ કે કોઈ સામાયિક આદિની પ્રતિજ્ઞા કરતો નથી પણ ભાષાપાઠ ભણે છે અને તેનો અર્થ જાણીને એમાં ઉપયોગ રાખે છે. અને કોઈ જીવ એવો છે કે સામાયિકાદિની પ્રતિજ્ઞા લે છે પણ તેને બરાબર પાળતો નથી. પાઠ ભણે પણ એના અર્થ સમજે નહિ તેથી તેમાં એનો ઉપયોગ લાગતો નથી અને અન્ય ઠેકાણે ઉપયોગ લાગ્યા વિના રહેતો નથી. તેથી પ્રતિજ્ઞાભંગ થાય છે. હવે એ બન્નેમાં વિશેષ ધર્માત્મા કોણ ? જેના પરિણામો નિર્મળ થયા હોય તે જ ધર્માત્મા છે. માટે પોતાનો ઉપયોગ નિર્મળ થાય એવું કાર્ય કરવું, સાધી શકાય તે પ્રતિજ્ઞા કરવી અને જેનો ભાવ સમજાય એવા પાઠો ભણવા પણ પદ્ધતિ પ્રમાણે ક્રિયા કરવાથી અને ખાલી પાઠ ભણી જવાથી કાંઈ લાભ થતો નથી.



વળી 'પડિક્કમણં' નામ પૂર્વ દોષ નિરાકરણ કરવાનું છે. હવે **મિચ્છામી દુક્કડમ્** એટલું કહેવામાત્રથી તો કાંઈ પાપનો અભાવ થાય નહિ પણ મિથ્યા થવા યોગ્ય પરિણામ થતાં જ દુષ્કૃત મિથ્યા થાય છે. માટે એકલા પાઠથી જ કાંઈ લાભ નથી. અને પ્રતિક્રમણમાં તો એમ આવે છે કે બાર વ્રતમાં જે દોષ લાગ્યા હોય તે મિથ્યા થાઓ. હવે સમ્યગ્દર્શન વિના વ્રત હોય નહિ અને વ્રત વગર પ્રતિક્રમણ હોય નહિ. જેને ઉપવાસ ન હોય તે ઉપવાસમાં લાગેલા દોષનું નિરાકરણપણું કરે તો તે અસંભવપણું જાણવું તેથી એ પાઠ ભણવા કોઈ પ્રકારે બનતા નથી.

## માહ સુદ ૧૦, શનિવાર, ૨૪-૧-૫૩.

અન્યમત નિરાકરણની વાત ચાલે છે. વીતરાગમાર્ગ સિવાય સ્થાનકવાસી, શ્વેતામ્બરમતને અન્યમતી કહ્યા છે કેમ કે તે જૈનમત નથી. જૈન જેવી વાતો કરે પણ કુદેવાદિને માને તે તો ગૃહીત મિથ્યાદષ્ટિ છે.

સનાતન વીતરાગ જૈનમાર્ગ કે જે સર્વજ્ઞ વીતરાગે તથા કુંદકુંદાચાર્યાદિએ કહેલો છે, તે એક જ સત્ય માર્ગ છે. બાકી બધા મતો કલ્પિત છે. અહીં કહે છે કે સ્થાનકવાસી પોષહમાં પણ સામાયિકવત્ પ્રતિજ્ઞા કરીને તે પ્રમાણે પાળતાં નથી. પૌષધનું સ્વરૂપ જાણે નહિ અને પ્રતિજ્ઞા લઈને બેસી જાય. સવારે નવ વાગ્યા સુધી ઘરના કે દુકાનના ધંધા કરીને પછી પોસહ લઈને બેસી જાય તેને વસ્તુસ્થિતિની કે વ્યવહારની એકેયની ખબર નથી. હા, જેટલો કાળ બને તેટલો કાળ ધર્મસાધન કરવામાં દોષ નથી પણ ત્યાં પૌષધનું નામ ધારણ કરે અને થોડો કાળ ધર્મમાં ગાળે તે બરાબર નથી. સમ્યગ્દષ્ટિ હોય તેને જ સાચો પૌષધ હોય છે પણ અહીં તો એમના શાસ્ત્ર પ્રમાણે પણ પૌષધ પાળતાં નથી એમ કહે છે.

વળી આખડી લેવોનો પાઠ તો કોઈ અન્ય ભણે તથા અંગીકાર કોઈ અન્ય કરે. હવે પાઠમાં તો ''મારે ત્યાગ છે'' એવું વચન છે માટે જે ત્યાગ કરે તે જ પાઠ ભણે -એમ જોઈએ. પણ પાઠ કોઈ ભણે અને અંગીકાર કોઈ બીજો કરે તે બરાબર નથી. જો પાઠ ન આવડતાં હોય તો ભાષામાં જ કહે પરંતુ પદ્ધતિ અર્થે જ એવી રીતિ છે. વળી પ્રતિજ્ઞા ગ્રહણ કરવા-કરાવવાની મુખ્યતા છે પણ તેનું બરાબર પાલન કરવામાં શિથિલતા છે અને પોતાનો ભાવ નિર્મળ કેમ થાય એનો વિવેક હોતો નથી. આર્ત પરિણામો વડે અને લોભાદિ વડે પણ ઉપવાસ આદિ કરી ત્યાં ધર્મ માને છે. સોળ સોળ ઉપવાસ કરે, મહિનાના ઉપવાસ કરે -તે માન માટે કે લોભ માટે કરે, પણ ફળ તો જેવા પરિણામ કરે તેવું થાય છે. આ પ્રમાણે અનેક કલ્પિત વાતો કરી છે જે જૈનધર્મમાં સંભવે નહિ.

એ પ્રમાણે જૈનમાં શ્વેતાંબર અને સ્થાનકવાસી મત છે તે પણ દેવ-ગુરુ-શાસ્ત્ર, નવ તત્ત્વાદિ

અને મોક્ષમાર્ગનું વિપરીત રીતે નિરૂપણ કરે છે. માટે તેઓ મિથ્યાદર્શન આદિના પોષક છે તેથી તે ત્યાજ્ય છે.

સાચા દેવ-ગુરુની જેને ખબર નથી તેને અજીવતત્ત્વ નિમિત્તરૂપે કેવું હોય એની પણ ખબર નથી. અને જેને અજીવની ખબર નથી તેને આસ્રવ, સંવર આદિ નવ તત્ત્વની પણ યથાર્થ ખબર નથી. વળી તે મોક્ષમાર્ગનું પણ અન્યથા પ્રરૂપણ કરે છેં માટે તેઓ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્રના પોષક છે માટે તે ત્યાજ્ય છે. જૈનધર્મનું સત્ય સ્વરૂપ આગળ કહીશું, જે વડે મોક્ષમાર્ગમાં પ્રવર્તવું યોગ્ય છે. તેમાં પ્રવર્તતા આત્માનું કલ્યાણ થાય છે.

**એ પ્રમાણે મોક્ષમાર્ગ પ્રકાશક શાસ્ત્ર વિષે**
**અન્યમત નિરૂપક પાંચમો અધિકાર સમાપ્ત**

**નોંધ : છઠ્ઠો અધિકાર મૂકી દઈને હવે સાતમો અધિકાર શરૂ થશે,**
**છઠ્ઠો અધિકાર પછી વંચાશે.**

# અધિકાર છઠ્ઠો

## કુદેવ-કુગુરુ-કુધર્મ નિરાકરણ

**મિથ્યા દેવાદિક ભજે, થાયે મિથ્યા ભાવ,**
**તજી તેને સાચા ભજો, એ હિત હેતુ ઉપાય.**

### કુદેવનું નિરૂપણ અને સાચી સમજણ વડે તેનો નિષેધ

જે કોઈ પ્રકારે હિતનું કારણ નથી તેને ભ્રમથી હિતકારી જાણી સેવન કરે તે દેવમૂઢતા છે. કુદેવનું સેવન છે, તેના સેવનથી પુણ્યનો નાશ થાય છે. મહા મિથ્યાત્વરૂપી પાપની પુષ્ટિ થાય છે. અનંત સંસાર દુઃખની પરંપરા ચાલુ રહે છે. તે કુદેવાદિનું સેવન અજ્ઞાની મૂઢ જીવો ત્રણ પ્રકારના પ્રયોજન સહિત કરવામાં આવે છે.

૧) કોઈ તેને મોક્ષનું કારણ જાણી તેને સેવે છે.

૨) કોઈ પરલોકમાં પુણ્ય સામગ્રી માટે સેવે છે.

૩) કોઈ વર્તમાન આ લોકની સગવડતા માટે સેવે છે.

હવે તે ભ્રમથી માને છે પણ એ ત્રણ પ્રયોજનમાંથી કોઈને કોઈ પણ પ્રયોજન તો સિદ્ધ થતું નથી પણ વિશેષ હાનિ થાય છે. પુણ્યની હાનિ, પાપની વૃદ્ધિ તથા મિથ્યાવાસના વડે મિથ્યાત્વરૂપી મહાપાપ થાય છે.

### માગશર સુદ ૧૨/૧૩, મંગળવાર, ૭-૧૨-૫૪.

અજ્ઞાની જે કંઈ માને છે, જાણે છે તે વિપરીતપણે જ માને છે. અન્ય મતમાં તેના માનેલા દેવોને કોઈ પરલોકમાં સુખ થાય, દુઃખ ન થાય એ માટે સેવે છે. પણ પોતે આશા તૃષ્ણારૂપ પાપ કરે તો પુણ્ય શી રીતે થાય ? પોતે મમતા તૃષ્ણા ઘટાડી પુણ્ય ન કરે અને પાપ કરે છતાં ઈશ્વર આદિ દેવ તથા દેવીઓ મારું ભલું કરશે એમ માને છે પણ તે તો અન્યાય ઠર્યો. કારણ કે ઈશ્વર તેની પાપી ભક્તિમાં કોઈને ફળ આપે અને કોઈને પાપનું ફળ ન આપે પણ એવું તો છે નહિ. જેવા પોતાના પરિણામ કરે તેવું જ ફળ પામશે. માટે કોઈનું ભલું બૂરું કરવાવાળો ઈશ્વર કોઈ છે નહિ, કોઈ પદાર્થ, કોઈ જીવ બીજાનું ભલું બુરું કોઈ પ્રકારે કરી શકે એમ માને છે તેને કોઈ પદાર્થનું સાચું જ્ઞાન નથી.



વળી દેવ-દેવીના નામે હિંસા, ભોજન, નૃત્યાદિ વડે ઇન્દ્રિય વિષયને પોષે છે પણ પરિણામોનું ફળ તો લાગ્યા વિના રહેતું નથી. પરલોકમાં પણ તેના કુદેવાદિ સેવનથી કાંઈ ભલું થતું નથી પણ ભ્રમથી રૂઢિથી માને છે. કોઈ કોઈનો શત્રુ-મિત્ર, ઇષ્ટ-અનિષ્ટ થઈ શકે નહિ. છતાં ભ્રમથી કોઈને શત્રુ-મિત્ર, અનુકૂળ-પ્રતિકૂળ, સુખ-દુઃખના સાધન માનીને શત્રુનાશાદિ તથા રોગાદિ નાશ, ધન-પુત્રાદિની પ્રાપ્તિ ઇત્યાદિ માટે આ લોકમાં શરીર સંબંધી માનેલા દુઃખ મટાડવા અને સુખ પામવાના અનેક પ્રયોજનપૂર્વક એ કુદેવોનું સેવન કરે છે. મંત્ર, જપ, યજ્ઞાદિ કરે છે. હનુમાન, ભૈરવ, દેવીઓ, ભૂત, વ્યંતરાદિક, સૂર્ય, ચંદ્ર, શનિ આદિ જ્યોતિષીઓને, પીર-પયગંબરાદિકોને, ગાય, ઘોડા, વાંદરાદિ ઢોર, પીપળો, વડ આદિ તિર્યંચોને, અગ્નિ, જળ, પર્વત, ત્રિશુળ, તાબૂત, માતાના ગરબી, શાસ્ત્ર વગેરેને પૂજે છે. ઘણું શું કહીએ. એવા કુદેવાદિકનું સેવન મિથ્યાદૃષ્ટિ જ કરે છે. તેમાં તે કુદેવાદિ ઘણાં તો કલ્પના માત્ર છે.

કોઈ વ્યંતરાદિ હલકા દેવ છે તે પણ કોઈનું ભલું બુરૂં કરવા સમર્થ નથી. જો હોય તો તેઓ જ કર્તા ઠરે પણ તેમનું કર્યું કાંઈ દેખાતું નથી. જીવને પુણ્ય-પાપરૂપ પૂર્વ કર્મના નિમિત્તથી સંયોગ-વિયોગ, જીવન-મરણ, રોગ-નિરોગ સધન-નિર્ધનપણું થાય છે. તેમાં કોઈનું ડહાપણ કામ આવતું નથી.

કોઈ કહે દેવ કોઈને વળગે છે તેને મંત્ર વડે શીશામાં પૂરીને જમીનમાં દાટી દે છે. પછી તે દટાઈ જાય છે. મંત્રથી સળગાવી દે છે - તો એ વાત ખોટી છે. કેમ કે દેવને વૈક્રિયિક શરીર હોવાથી તે સળગે નહિ, કોઈથી પકડાય નહિ વગેરે અજ્ઞાનીની કલ્પના અને તેને કેવા પ્રકારના નિમિત્તનો મેળ બને છે તેનું વર્ણન મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૧૭૨ થી ૧૭૮માંથી વાંચી લેવું.

સર્વજ્ઞ વીતરાગદેવને તેમના સાચા સ્વરૂપ વડે ઓળખીને તેનો વિનય, ભક્તિ, પૂજા કરે તો શુભ રાગ છે, પુણ્ય છે - ધર્મ નથી. અને વ્યંતરાદિની પૂજા કરે, માનતા માને તેને કોઈ ને કોઈ આશા હોય જ છે, તેથી પાપ જ છે. દેવને નૈવેદ્ય લાડુ વગેરે ચડાવે ને કદી કોઈ વ્યંતરદેવ આવીને ચમત્કાર બતાવે તેથી શું ? એ તો કૌતુહલ માત્ર છે. દેવને કવલાહાર હોય નહિ. મનુષ્યની જેમ મુખ વડે આહાર પાણી લે -એમ કદી બનતું નથી. અજ્ઞાની તેના માનેલા દેવ-દેવીઓનો મહિમા વધારી તેની શ્રદ્ધાથી અનેક લાભ બતાવે છે પણ કોઈ દેવ-દેવી કોઈને સુખ-દુઃખ આપવા સમર્થ નથી. કારણ કે ઘણા તેનું પૂજનાદિક કરે છે છતાં તેનું કષ્ટ મટતું નથી ને નહિ પૂજનાર સુખી જોવામાં આવે છે.

**પ્રશ્ન** : ક્ષેત્રપાળ, પદ્માવતી, ધરણેન્દ્ર, યક્ષ-યક્ષિણી આદિ કે જે જૈન મતાનુસારી છે તેનું પૂજન કરવામાં શું દોષ છે ?

**ઉત્તર** : જૈન મતમાં તો સમ્યગ્દર્શન સહિત વીતરાગભાવરૂપ સંયમ ધારવાથી જ પૂજ્યપણું હોય છે. હવે દેવોને સંયમ હોતો જ નથી. વળી તેને સમકિત માનીને પૂજીએ તો શું દોષ છે ? પણ ભવનવાસી, વ્યંતર અને જ્યોતિષી દેવોમાં સમ્યક્ત્વની પણ મુખ્યતા નથી. જો સમકિત વડે જ પૂજીએ તો સર્વાર્થસિદ્ધિ અને લૌકાંતિક દેવોને જ કેમ ન પૂજીએ ? તમે કહેશો કે ક્ષેત્રપાળાદિને જિનદેવ ઉપર ભક્તિ વિશેષ છે. તો ભક્તિની વિશેષતા તો સૌધર્મ ઈન્દ્રને વા સમ્યગ્દષ્ટિને પણ છે તો તેને છોડીને આમને શા માટે પૂજો છો ?

વળી દેવ-દેવી, યક્ષ-યક્ષિણી કાંઈ સમવસરણમાં ભગવાનના દર્શન કરાવતા નથી. જેને ભક્તિ હોય, યોગ્યતા હોય તે સ્વતંત્રપણે દર્શન કરવા જાય છે. જુઓ તો ખરા, ઘોર અજ્ઞાન કે જિનમંદિરમાં પણ વ્યંતર, ક્ષેત્રપાળ, ભવનવાસી દેવ-દેવીઓની સ્થાપના કરે છે. શસ્ત્ર-હથિયાર આદિ સહિત રૌદ્ર જેનું રૂપ છે તેને વંદે છે, ગાઈ ગાઈને ભક્તિ કરે છે પણ જૈનમતમાં એવું હોય નહિ.

વળી કુદેવના સેવન કરનારને પાપના કારણે ઘણા ઘણા વિઘ્ન થાય તેને તો ગણે નહિ પણ કોઈ પુણ્યથી ઈષ્ટ કાર્ય થઈ જાય તો કહે કે આના સેવનથી આ કાર્ય થયું અને કુદેવ સેવન વિના જે ઈષ્ટ થાય તેને તો ગણે નહિ પણ અનિષ્ટ દેખી કહે કે જુઓ આણે દેવનું સેવન ન કર્યું માટે તેને અનિષ્ટ થયું. પણ એટલું વિચારતો નથી કે જો ઈષ્ટ-અનિષ્ટ તે દેવોને આધીન હોય તો તેના ભક્તોને ઈષ્ટ જ થવું જોઈએ અને તેને ન પૂજે તેને અનિષ્ટ જ થવું જોઈએ, પણ એમ દેખાતું નથી. કારણ કે દેવ દેવીઓને માનનારાને ત્યાં પુત્રાદિ મરતા જોઈએ છીએ. માટે શીતલાદિને માનવા કાંઈ પણ કાર્યકારી નથી. એ જ પ્રમાણે સર્વ કુદેવોને માનવા કાંઈ પણ કાર્યકારી નથી.

### માગશર સુદ ૧૪, બુધવાર, ૮-૧૨-૫૪.

કોઈ પૂછે કે કુદેવને માનવાથી હિંસા ક્યાં થાય છે ? પણ તીવ્ર મિથ્યાત્વનું સેવન તે જ મોટામાં મોટું પાપ છે. કારણ કે તેમાં તીવ્ર રસે અસત્‌નો આદર અને સત્‌નો અનાદર થાય છે. પણ ભોળા મનુષ્યોને પોતાના આત્મામાં ઘોર હિંસારૂપ મિથ્યાત્વનું પાપ શું તેનું ભાન નથી.

વળી જો કુદેવાદિની શ્રદ્ધાથી જીવનું અહિત ન થતું હોય તો અનંતા જ્ઞાનીઓએ, તીર્થંકરોએ તેનો નિષેધ શા માટે કરેલ છે ? ખોટાનો નિષેધ કરવામાં દોષ નથી પણ સત્યની દઢતા છે. વળી તે કુદેવને માનવાથી મિથ્યાદર્શન શલ્ય વગેરે પાપની દઢતા થવાથી મોક્ષમાર્ગ દુર્લભ થઈ જાય છે અને એ જ મોટું બગાડ છે તથા નવા પાપ બંધાય છે.

**પ્રશ્ન** : મિથ્યાત્વાદિ ભાવ તો અતત્ત્વ શ્રદ્ધાન-જ્ઞાન-વર્તન કરતાં થાય છે તથા પાપબંધ તો ખરાબ કામ કરતાં થાય છે પણ આમને માનવાથી મિથ્યાત્વભાવ અને પાપબંધ કેમ થાય ?



તેનો **ઉત્તર** : કે પ્રથમ તો પરને ઈષ્ટાનિષ્ટ માનવા તે જ મિથ્યાત્વ છે. કારણ કે કોઈ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને પરદ્રવ્યોના ગુણો કોઈ જીવને હિત અહિત કરી શકવા સમર્થ નથી. માટે કોઈ દ્રવ્ય કોઈનું શત્રુ-મિત્ર છે જ નહિ. વળી જે ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ કરવામાં તો પોતે કરેલા પુણ્ય-પાપરૂપ તીવ્ર મંદ કષાયભાવ કારણ છે. માટે જેમ પુણ્યબંધ થાય તેમ કરવું હોય તો સમ્યગ્દર્શન વડે સત્ય અસત્યનો નિર્ણય પ્રથમ કરવો જોઈએ. સત્ય અસત્યનો નિર્ણય કરે તો કોઈ પદાર્થ ઈષ્ટ-અનિષ્ટ ભાસે નહિ ને તો જ જ્ઞાતા દષ્ટારૂપ સમભાવ રાખી શકે. પ્રથમ સત્યની ઓળખાણ કરે તો મિથ્યાત્વરૂપી પાપથી બચે. મિથ્યાત્વરૂપી મહાપાપથી જે જીવ પોતાને બચાવે નહિ તે બીજા કોઈ પાપથી બચી શકે નહિ. અજ્ઞાનીના પુણ્યને પાપાનુબંધી પુણ્ય કહેલ છે.

કુદેવને ન માનનાર અજ્ઞાની ગમે તેટલા વ્રત, પુણ્ય કાર્ય કરે, ધર્મ સાધન કરું છું એમ માને પણ તેને પણ ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ રહે છે. તો જે કુદેવને માને તેની તો પરમાં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ કેમ મટે ? ઉલટો પરમાં તીવ્ર કર્તાબુદ્ધિ વડે પરથી ભલું ભૂંડું માનતો હોવાથી તેને પણ ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ વધે જ છે અને તેથી કુદેવને માનનારને પુણ્યબંધ પણ થતો નથી પણ પાપબંધ જ થાય છે. એ કુદેવાદિ કોઈને ધનાદિ દેતા લેતા નથી. તેથી તે ધનાદિ માટે બાહ્ય કારણ પણ નથી. (બાહ્ય નિમિત્ત તો પૂર્વના પુણ્ય-પાપનો ઉદય છે) તો જે કોઈ રીતે સગવડ અગવડના કારણ નથી તેની માન્યતા શા માટે કરવામાં આવે છે જ્યારે ૧) અત્યંત ભ્રમબુદ્ધિ થાય ૨) જીવાદિ તત્ત્વોના શ્રદ્ધાન-જ્ઞાનનો અંશપણ ન હોય ૩) મહા મૂઢતા હોય તથા ૪) રાગ-દ્વેષની અત્યંત તીવ્રતા હોય ત્યારે જ જે કારણ નથી (ઈષ્ટ-અનિષ્ટના કારણ નથી) એ કુદેવોની માન્યતા કરવામાં આવે છે.

એ પ્રમાણે તીવ્ર મિથ્યાત્વાદિ ભાવ વડે મોક્ષમાર્ગ અતિ અતિ દુર્લભ થઈ જાય છે. માટે અનંત સંસારીપણાના દુઃખનો ભય હોય ને સુખી થવું હોય તેણે કુદેવના ત્યાગી થઈ પ્રથમ જ સત્ય સમજવું.

### કુગુરુની શ્રદ્ધા, જ્ઞાન અને તેના ચારિત્રનો નિષેધ

જે જીવ વિષય કષાયાદિક અધર્મરૂપ તો પરિણમે છે અને માનાદિકથી પોતાને ધર્માત્મા મનાવે છે. ધર્માત્મા યોગ્ય નમસ્કારાદિ ક્રિયા કરાવે છે, કિંચિત્ કોઈ ધર્મનું અંગ ધારી પોતાને ધર્માત્મા કહેવડાવે છે તથા મહાન ધર્માત્મા યોગ્ય ક્રિયા કરાવે છે -એમ ધર્મની ઓથ લઈ ધર્મગુરુનો વેશ રાખી પોતાને મહાન મનાવે છે તે બધા કુગુરુ જાણવા. તેને કોઈ અપેક્ષાએ વંદન નમસ્કાર કરે તે ધર્મી જીવ નથી. કારણ કે ધર્મપદ્ધતિમાં તો મિથ્યાત્વની પ્રવૃત્તિ નથી તથા વિષય-કષાયાદિથી છૂટી સમ્યગ્દર્શન સહિત જેવો ધર્મ ધારે તેવું જ પોતાનું પદ માનવું યોગ્ય છે.

ગુરુપદ તો વીતરાગી જૈન મુનિઓને કહેલ છે. જુઓ, મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૯૩. જે નિશ્ચય સમ્યગ્દર્શન સહિત વિરાગી બની ગૃહસ્થપદ છોડી શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી નિજ સ્વભાવરૂપ

સાધન વડે અર્થાત્ અંતરંગમાં તો એ શુદ્ધોપયોગ વડે પોતે પોતાને અનુભવે છે ને તે શુદ્ધોપયોગ વડે વીતરાગતારૂપ આત્મધર્મને સાધે છે તે સાધુ અર્થાત્ ગુરુ છે.

નિમિત્ત અને રાગના આશ્રયે ધર્મ થાય એવું માને-મનાવે નહિ. શાસ્ત્રમાં ગમે તે કથન હોય નિમિત્ત અને વ્યવહાર રત્નત્રયનું જ્ઞાન કરાવવા વ્યવહારથી કથન કર્યું હોય પણ સર્વત્ર સ્વ આશ્રયે વીતરાગતા જ પ્રાપ્ત કરવાનું અંતરંગ સાધન બતાવે છે તે ગુરુ છે. રાગથી, પુણ્યથી, નિમિત્તથી ધર્મ મનાવે તેને ગુરુ માનવા નહિ. વળી કોઈ તો કુળ વડે જ પોતાને ગુરુ માને છે. તેમાં કેટલાક બ્રાહ્મણાદિક તો કહે છે કે અમારું કુળ જ ઉચ્ચ છે. તેથી અમે સર્વ કુળના ગુરુ છીએ. પણ કુળની ઉચ્ચતા તો ધર્મસાધનથી છે. જો કોઈ ઉચ્ચ કુળમાં ઉપજીને હીન આચરણ કરે તો તેને ઉચ્ચ કેમ માનીએ? કોઈને વારસદાર તરીકે ગુરુની પાટે બેસાડવા પરંપરા ચાલુ રાખવા કોઈને શિષ્ય ઠરાવવો તે જૈન મતમાં નથી પણ જે વીતરાગી દૃષ્ટિ અને અંશે વીતરાગ ચારિત્રરૂપ ધર્મને ધારણ કરે તે જ ધર્મનો અધિકારી થાય છે. પણ કુળ પરંપરાનું પાલન કરવાથી, કોઈના શિષ્ય બની જવાથી ધર્માત્માપણું ઠરતું નથી.

એક શ્વેતાંબરના ગુરુને કોઈએ પૂછ્યું કે તત્ત્વાર્થ સૂત્રમાં પાંચ મહાવ્રતને આસ્રવ કહેલ છે. આપ તેને શું માનો છો ? તેઓએ કહ્યું કે અમે તો સંવર માનીએ છીએ. પછી પૂછ્યું કે તો શાસ્ત્રમાં કહેલ છે કે અનંતવાર દ્રવ્યલિંગી સાધુ થઈ મહાવ્રતાદિ પાળીને તેના ફળમાં સ્વર્ગમાં નવમી ગ્રૈવેયક સુધી ગયો, તો તેને સંવર નિર્જરારૂપ ધર્મ કેમ ન થયો ? તેના જવાબમાં કહ્યું કે તે દ્રવ્યલિંગી સાધુએ મહાવ્રતને અંતરંગથી ન પાળ્યા પણ બહારથી પાળ્યા તેથી તેને સંવર ન થયો પણ નિર્જરા થઈ છે. વળી શ્વેતાંબર શાસ્ત્રકાર તેના સૂત્રોમાં લખે છે કે મેઘકુમારનો જીવ પૂર્વે હાથીના ભવમાં મિથ્યાદૃષ્ટિ હતો. તેને શુભભાવથી (સસલાની દયા પાળવાના શુભ રાગથી) સંસાર પરિત થયો તથા રેવતી સુબાહુકુમાર તથા શાલીભદ્રાદિકની કથામાં પૂર્વે ભવે અજ્ઞાનદશામાં દાનના શુભરાગથી સંસાર પરિત કર્યો એમ લખેલ છે. તો એવા કથન સર્વજ્ઞ વીતરાગના માર્ગમાં કદી હોય નહિ. પણ ભગવાનના નામે કલ્પિત શાસ્ત્રો લખાયેલા છે. આત્માર્થી હોય તે એવા કથન માને નહિ. જે કોઈ શુભરાગથી, પુણ્યથી ધર્મ માને મનાવે તે જૈન નથી.

શુભ-અશુભ બેઉ બંધન અપેક્ષાએ સમાન છે, કુશીલ છે. જે સંસારમાં દાખલ કરાવે, ને જે ભાવથી બંધાવું થાય, તે ભાવથી મોક્ષ અથવા મોક્ષનું કારણ મનાવે તે બધાય અજ્ઞાની છે, મિથ્યાદૃષ્ટિ છે -એમ સનાતન જૈન ધર્મમાં બધાય આચાર્યનું કહેવું છે. અષ્ટપાહુડમાં ભાવપાહુડ ગાથા ૮૩માં વ્રત પૂજાદિને પુણ્ય કહેલ છે. ને પુણ્યને ધર્મ માનનારને લૌકિકજન-અજ્ઞાની કહેલ છે.



**માગશર વદ ૧, શુક્રવાર, ૧૦-૧૨-૫૪.**

## હિંસાદિ પ્રવૃત્તિ કરનારાને ગુરુ માનવા એ ભ્રમણા છે.

કુદેવનો અધિકાર આવી ગયો. હવે કુગુરુની શ્રદ્ધાનો નિષેધ કરે છે. વળી કોઈ પહેલાં તો સ્ત્રી આદિના ત્યાગી હતા પણ પાછળથી ભ્રષ્ટ થઈ વિવાહાદિ કાર્ય કરી ગૃહસ્થ થયા તેમની સંતતિ પણ પોતાને ગુરુ માને છે. પણ ભ્રષ્ટ થયા પછી ગુરુપણું ક્યાં રહ્યું ? ગૃહસ્થવત્ એ પણ થયા. હા ! એટલું વિશેષ થયું કે આ ભ્રષ્ટ થઈ ગૃહસ્થ થયા તો તેમને મૂળ ગૃહસ્થધર્મી કેવી રીતે ગુરુ માને ? મૂળ ગૃહસ્થ આવાને ગુરુ માની શકે નહિ.

વળી કોઈ અન્ય તો બધા પાપ કરે પણ માત્ર એક સ્ત્રી પરણે નહિ અને એ જ અંગ વડે પોતાનામાં ગુરુપણું માને છે. હવે એક અબ્રહ્મચર્ય જ પાપ નથી પરંતુ હિંસા, જૂઠ, ચોરી, પરિગ્રહ પણ પાપ છે, તેને આત્મજ્ઞાન નથી. પરિગ્રહ આદિ સેવે છે. જેને સમ્યગ્દર્શન નથી તેને શીલના ઠેકાણાં ન રહે. પરિગ્રહ આદિના પાપ સેવવા છતાં તેને ધર્માત્મા અથવા ગુરુ કેમ મનાય ? વળી આત્મા જ્ઞાનમૂર્તિ છે, અનંત ગુણોનો પિંડ છે એવી દૃષ્ટિ વિના બ્રહ્મચારી સાચા ન હોય. આત્મભાન વિના બ્રહ્મચર્ય ધારણ કરે છે તે રોટલા ખાવા અર્થે બ્રહ્મચર્ય ધારણ કરે છે. જો ધર્મબુદ્ધિ હોય તો હિંસા, જૂઠ આદિ શા માટે વધારત ? જેનામાં ધર્મબુદ્ધિ નથી તેને શીલની દઢતા રહે નહિ. ચૈતન્ય-સ્વભાવ જ્ઞાતા-દૃષ્ટા છે. રાગનો અને નિમિત્તનો કર્તા નથી એવા ભાન વિના શીલની દઢતા રહે નહિ. પૂર્ણ જ્ઞાનાનંદ સ્વભાવ કોણ છે. જગતના પદાર્થોનો સાક્ષી છે -એવા ભાન વિના બાહ્ય બ્રહ્મચર્યની દઢતા રહે નહિ. તે વિવાહ કરે નહિ ને પરસ્ત્રી ગમનાદિ મહા પાપ ઉપજાવે. તેથી એવી ક્રિયા હોય તેનામાં ગુરુપણું માનવું એ મહા ભ્રમબુદ્ધિ છે.

## મિથ્યાદૃષ્ટિ વેશ ધારીને પોતાને ગુરુ મનાવે છે અને જગતને ઠગે છે.

વળી કોઈ કોઈ પ્રકારના વેષ ધારવાથી ગુરુપણું માને છે. પણ માત્ર વેષ ધારવાથી શો ધર્મ થયો કે જેથી ધર્માત્મા તેને ગુરુ માને ? કોઈ ટોપી પહેરે ને ગુરુ કહેવડાવે. કોઈ ગોદડી રાખે, ગોદડિયો બાવો કહેવડાવે. અમો સન્યાસી છીએ એમ કહે. કોઈ લાંબો ઝભો પહેરે, કોઈ ચાદર ઓઢે, કોઈ બાવાના વસ્ત્ર રાખે, કોઈ શ્વેત વસ્ત્ર રાખીને સાધુ મનાવે છે. એમ માનનાર અને મનાવનાર મિથ્યાદૃષ્ટિ છે. કોઈ ભગવા રાખે, કોઈ ટાટ પહેરે છે, કોઈ મૃગછાલા પહેરે છે તથા કોઈ રાખ લગાવે છે ઈત્યાદિ અનેક સ્વાંગ બનાવે છે. પણ જો શીત ઉષ્ણાદિક સહન થતાં નથી તથા લજ્જા છૂટી નથી તો પાઘડી અને અંગરખા, કોટ, પછેડી આદિનો ત્યાગ શા માટે કર્યો ? તથા એને છોડી આવા સ્વાંગ બનાવવામાં કયું ધર્મનું અંગ થયું ? એવાને ચારિત્ર હોતું નથી. માત્ર ગૃહસ્થોને ઠગવા

માટે જ એવા વેષો છે એમ જાણવું. વળી મુનિ થઈને ઘાસ રાખવું, સઢ રાખવા તે મુનિને શોભે નહિ. જરા પણ વસ્ત્ર રાખીને મુનિપણું મનાવે તે મિથ્યાદષ્ટિ છે. ૨૮ મૂળગુણ પાલનના ઠેકાણાં નથી તો પછી તેને મુનિ કોણ માને ? છતાં તેને મુનિ માને અને મનાવે તે મિથ્યાદષ્ટિ છે. તેમને ગૃહસ્થી પાસેથી આજીવિકા ધનાદિક તથા માનાદિક પ્રયોજન સાધવું છે તેથી તેઓ એવા વેશ બનાવે છે અને ભોળા માણસ ઠગાય છે, ધર્મ થયો માને છે પણ તે ભ્રમ છે.

**અર્થ :** જેમ કોઈ વેશ્યાસક્ત પુરુષ ધનાદિ ઠગાવતો હોવા છતાં પણ હરખ માને છે તેમ મિથ્યા વેશ વડે ઠગાતા જીવો નાશ પામતા સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપી ધનને ઓળખતા નથી. એ મિથ્યાવેશવાળા જીવોની સેવાથી પોતાનું ધર્મધન નાશ થાય છે તેનો તો તેમને ખેદ નથી પણ ઉલટા મિથ્યાબુદ્ધિથી હરખ કરે છે.

**નીચી ક્રિયામાં મુનિપણું બતાવવામાં માણસોને પોતાના સંપ્રદાયમાં વાળવાનો હેતુ છે.**

વળી ષટ્ખંડ આગમ આદિ શાસ્ત્રમાં મુનિને મન-વચન-કાયા, મોરપીંછ અને કમંડલને અપવાદ ઉપકરણ કહ્યા છે. એટલે કે ખરેખર દોષના કારણ છે કેમ કે તેના નિમિત્તે રાગ થાય છે. ભાવલિંગ તો અંતરના ભાન સહિત લીનતા થવી તે છે. એવા સ્વરૂપનું ભાન ભૂલી કોઈ તો મિથ્યા શાસ્ત્રોમાં નિરૂપણ કરેલા વેષને ધારણ કરે છે. એ શાસ્ત્રોના રચવાવાળા પાપાશયીઓએ સુગમ ક્રિયા બતાવી, મુનિનું સ્વરૂપ જુદું કહ્યું છે. તેઓ ચૌદ ઉપકરણ કહીને વસ્ત્રસહિત મુનિપણું બતાવે છે. તેઓ મિથ્યા આશયવાળા છે. નીચી ક્રિયાથી ઘણા જીવો જોડાશે એવો અભિપ્રાય છે. વસ્ત્ર-પાત્ર રાખવામાં કાંઈ સહન કરવાનું રહેતું નથી. આમ મિથ્યા ઉપદેશ આપ્યો અને તેની પરંપરા વડે વિચાર રહિત જીવો એટલો પણ વિચાર કરતા નથી કે સુગમ ક્રિયાથી ઉચ્ચપદ પ્રાપ્તિ બતાવે છે ત્યાં કંઈક દગો છે. પણ માત્ર ભ્રમપૂર્વક તેમના કહેલા માર્ગમાં તેઓ પ્રવર્તે છે.

**ભાવલિંગી મુનિ પણ છઠ્ઠાનો ઉત્કૃષ્ટ કાળ ભોગવે તો મિથ્યાદષ્ટિ થઈ જાય છે.**

ચાર જ્ઞાનના ધણી ગણધર મુનિને નમસ્કાર કરે તે સાધુ અલૌકિક છે. જે છઠ્ઠી-સાતમી ભૂમિકામાં વારંવાર આવે છે તેને નગ્ન દિગંબર દશા હોય છે. છઠ્ઠા ગુણસ્થાનની સ્થિતિ અંતર્મુહૂર્ત ભગવાને કેવળજ્ઞાનમાં જોઈ છે. તેટલી સ્થિતિ સાધુ છઠ્ઠામાં રહે તો તે મિથ્યાદષ્ટિ થઈ જાય છે. તેથી ઓછો કાળ રહીને સાતમું ગુણસ્થાન આવવું જોઈએ. સાતમાનો કાળ છઠ્ઠાથી અર્ધો હોય છે. હવે પ્રમત્ત ગુણસ્થાનમાં વિશેષ સ્થિતિ રહે તો મિથ્યાદષ્ટિ થઈ જાય છે. ષટ્ખંડ આગમમાં આ વાત લખેલી છે. મુનિદશામાં જરા નિદ્રા હોય છે. તુરત જ જાગૃતી આવવી જોઈએ. એક કલાક નિદ્રા આવે તો મિથ્યાદષ્ટિ થઈ જાય છે.



ધવલા ચોથો ભાગ પૃ. ૩૫૧માં આ વાત લખેલ છે કે મુનિ છઠ્ઠા ગુણસ્થાનનો સર્વોત્કૃષ્ટ કાળ ભોગવે તો મિથ્યાદષ્ટિ થઈ જાય છે. મુનિ પરમેષ્ઠી પદ છે. અંતર્મુહૂર્તમાં સાતમું આવવું જોઈએ. લોકોને મુનિપદની ખબર નથી.

**ઈચ્છાનુસાર વેશ રાખી ગુરુપણું મનાવે તે મિથ્યાદષ્ટિ છે.**

વળી કોઈ શાસ્ત્રમાં નિરૂપણ કરેલો કઠણ માર્ગ તો પોતાનાથી સધાય નહિ અને પોતાનું ઉચ્ચ નામ ધરાવ્યા વિના લોક માને પણ નહિ એ અભિપ્રાયથી કોઈ યતિ નામ ધરાવે, કોઈ મુનિ નામ ધરાવે, કોઈ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, ભટ્ટારક, સન્યાસી, યોગી, તપસ્વી અને નગ્ન ઈત્યાદિ નામ તો ઉચ્ચ ધરાવે છે પણ તેઓ તેવા આચરણ સાધી શકતા નથી. તેમના ભાવલિંગ કે દ્રવ્યલિંગના ઠેકાણાં નથી ને ઈચ્છાનુસાર નાના પ્રકારના વેશ બનાવે છે તથા કોઈ પોતાની ઈચ્છાનુસાર નવીન નામ ધરાવી ઈચ્છાનુસાર વેશ બનાવે છે અને એવા અનેક વેશ ધારવાથી પોતાનામાં ગુરુપણું માને છે પણ એ મિથ્યા છે.

**સમ્યગ્દર્શન વિનાના વિષયકષાય સહિતના લિંગને માને તે મિથ્યાદષ્ટિ છે.**

**પ્રશ્ન :** વેશ તો ઘણાં પ્રકારના દેખાય છે. તો તેમાં સાચા જુઠા વેશની પિછાણ કેવી રીતે થાય?

**ઉત્તર :** જે વેશમાં વિષય કષાયનો કાંઈ પણ લગાવ નથી તે વેશ સાચો છે. એ સાચો વેશ ત્રણ પ્રકારનો છે બાકીના સર્વ વેશ મિથ્યા છે. એ જ વાત અષ્ટપાહુડમાં શ્રી કુંદકુંદાચાર્યે કહી છે. ત્રિલોકનાથ સર્વજ્ઞના માર્ગમાં મુનિનું લિંગ નગ્ન દિગંબર હોય છે. સનાતન દિગંબર માર્ગ આ છે. તે માન્યા વિના ગૃહીત મિથ્યાત્વ ટળશે નહિ. ગૃહીત મિથ્યાત્વ ટળ્યા વિના અગૃહીત મિથ્યાત્વ ટળશે નહિ. બીજું ઉત્કૃષ્ટ શ્રાવકરૂપ દસમી-અગીયારમી પ્રતિમાધારક શ્રાવકલિંગ છે. ક્ષુલ્લક લંગોટી અને ખંડ વસ્ત્ર રાખે છે એમ રત્નકરંડ શ્રાવકાચારમાં છે, તેઓને ઉદ્દીષ્ટ આહારનો ત્યાગ છે. તેમના માટે લાવેલી ચીજનો ત્યાગ છે. છતાં તેમના માટે બનાવેલ આહાર લ્યે તો વ્યવહારલિંગ નથી. ત્રીજુ આર્યિકાઓનું રૂપ એને સ્ત્રીઓનું લિંગ. એ પ્રમાણે એ ત્રણ લિંગ તો શ્રદ્ધાનપૂર્વક છે. ચોથું લિંગ સમ્યગ્દર્શન સ્વરૂપ કોઈ નથી. તે સિવાય બીજા લિંગમાં મુનિપણું, શ્રાવકપણું મનાવવું તે મિથ્યાદષ્ટિપણું છે.

**ભાવાર્થ –** એ ત્રણ લિંગ વિના અન્ય લિંગને જે માને તે શ્રદ્ધાની નથી પણ મિથ્યાદષ્ટિ છે.

વળી એ વેશોમાં કોઈ વેશી પોતાના વેશની પ્રતીતિ કરાવવા અર્થે કિંચિત્ ધર્મને પાળે, બ્રહ્મચર્ય પાળે અથવા દયા પાળે તો તે પોતાનું ઊંચું પદ બતાવવા માટે છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ કુંદકુંદ આચાર્યને ગુરુ સ્વીકારેલ છે. અને કુંદકુંદ આચાર્યે આ વાત સ્પષ્ટ કરી છે. કોઈ પોતાને મોટા બતાવવા દયા પાળે છે. જેમ કોઈ ખોટા રૂપિયા ચલાવવાવાળો તેમાં

કંઈક રૂપાનો અંશ પણ રાખે છે તેમ આ પણ ધર્મનું કોઈ અંગ બનાવી પોતાનું ઉચ્ચપદ મનાવે છે – અમો ક્ષુલ્લક છીએ તથા એલ્લક છીએ એમ મનાવે છે.

**ઉચ્ચ નામ ધરાવી નીચી ક્રિયા કરે તે પાપી જ છે.**

**પ્રશ્ન** : જેટલું ધર્મસાધન કર્યું તેનું તો ફળ થશે ? નાહ્યા એટલું પુણ્ય ખરું ને ?

**સમાધાન** : જેમ કોઈ ઉપવાસનું નામ ધરાવીને કણ પણ ભક્ષણ કરે તો તે પાપી છે પણ એકાસણનું નામ ધરાવી કાંઈ કિંચિત્ ન્યૂન ભોજન કરે તો પણ તે ધર્માત્મા છે. મોટા નામ ધરાવી પ્રતિજ્ઞા ભંગ કરે તે પાપી છે. કોઈ ઉચ્ચપદ નામ ધરાવી તેમાં કિંચિત્ પણ અન્યથા પ્રવર્તે તો તે મહાપાપી છે. શ્રદ્ધાનની, જ્ઞાનની અને ચારિત્રની તથા વૃત્તમાં નિમિત્ત કેવા હોય તેની ખબર નથી પણ નીચા પદનું નામ ધરાવી થોડું પણ ધર્મસાધન કરે તો તે ધર્માત્મા છે. માટે ધર્મસાધન તો જેટલું બને તેટલું કરો. એમાં કાંઈ દોષ નથી પણ ઉચ્ચ નામ ધરાવી નીચી ક્રિયા કરતાં તો તે મહા પાપી જ થાય છે.

**યથાર્થ સ્વરૂપથી વિપરીત માનનાર નિગોદમાં જાય છે.**

વળી પ્રવચનસારમાં પણ કુંદકુંદ આચાર્ય કહે છે કે ભગવાનને અનંતજ્ઞાન અને આનંદ છે એમ ન માને પણ આહાર કરવાવાળા માને તે અભવી છે. નીચપદવાળાને ઊંચુ પદ માને તે અનંત સંસારી છે. કુંદકુંદાચાર્યની ભાષા યોગ્ય જ છે. મિથ્યાત્વનું ફળ નિગોદ છે. સમકિતનું ફળ મોક્ષ છે ને મિથ્યાત્વનું ફળ નિગોદ છે. શુભાશુભ ભાવનું ફળ ચારગતિ છે. તે ગૌણ કરો તો મિથ્યાત્વનું ફળ નિગોદ છે. અજ્ઞાની જીવો આચાર્યની ભૂલ કાઢે છે. ષટ્‌ખંડ આગમ ભગવાનની વાણી મુજબ લખાયેલ છે તેમાં ભૂલ કાઢે તે સ્વચ્છંદી છે.

**પ્રશ્ન** : એવા જીવો દલીલ કરે છે કે આ કરવતથી લાકડું પ્રત્યક્ષ કપાયેલું દેખાય છે ?

**સમાધાન** : પ્રત્યક્ષપણું કેમાં છે ? પ્રત્યક્ષ પર્યાય છે, દ્રવ્ય છે કે ગુણ છે ? પ્રત્યક્ષપણું જડમાં છે ? રાગમાં છે ? કે જ્ઞાનમાં છે ? રાગ ને નિમિત્ત વિનાનું મારું જ્ઞાન છે એવા ભાનવાળાને પ્રત્યક્ષપણું છે. રાગ ને નિમિત્ત હોવા છતાં રાગથી જ્ઞાન નથી થતું એમ જ્ઞાન કરનારને માલમ પડે છે કે નિમિત્તથી પરમાં થતું નથી.

**મુનિઓને યથાજાત નગ્ન દિગંબર લિંગ હોય છે.**

અહીં કહે છે કે જેવો જન્મ થયો તેવું નગ્નપણું મુનિને હોય છે. એ મુનિ ધન, વસ્ત્ર આદિને જરાપણ ગ્રહણ કરે નહિ. કદાપિ તે થોડી ઘણી ધન વસ્ત્રાદિ વસ્તુને ગ્રહણ કરે અને શરીર માટે



લંગોટી રાખે ને મુનિ નામ ધરાવે તે નિગોદમાં જશે અને અનંતકાળમાં ઈયળ થાશે નહિ. શરીરની મમતા ખાતર ઠંડી સહન કરવા વસ્ત્ર રાખે ને મુનિ નામ ધરાવે તો નિગોદમાં જશે. મોરપીંછ, કમંડળ શરીર માટે નથી, તે ઉપકરણ છે. વસ્ત્ર ઉપકરણ નથી પણ પરિગ્રહ છે. કેવળી ભગવાનના તથા મુનિઓના તથા ચૌદ પૂર્વને જાણનારના માર્ગમાં આ રીત છે. અનંતકાળમાં આ એક જ માર્ગ છે. બીજો ફેરફાર થાય તેમ નથી. કાળનો દોષ નથી પણ મિથ્યાત્વનો દોષ છે.

જુઓ ! સમકિતી અને પાંચમા ગુણસ્થાનવાળા ગૃહસ્થ જીવને આત્માનું ભાન છે ને રાગ ઘટાડી કંઈક પ્રમાણ કરે તો તે સ્વર્ગ મોક્ષનો અધિકારી થાય છે. વસ્તુમાં રાગ નથી. એવા આત્માના ભાનવાળાને પ્રમાણ હોય છે, બીજાને પ્રમાણ હોતું નથી. આ બધી વાત મતલબની છે. સમકિતી અબજો રૂપિયાના ધંધા કરતો હોય છતાં એકાવતારી હોય છે ને મુનિ નામ ધરાવી અલ્પ પરિગ્રહ અંગીકાર કરે તો નિગોદમાં જાય છે. માટે ઉચ્ચ નામ ધરાવી નીચી પ્રવૃત્તિ કરવી યોગ્ય નથી.

**અલ્પ પરિગ્રહ રાખી મુનિ નામ ધરાવે તે અનંત સંસારી છે.**

મુનિનું સ્વરૂપ એવું છે કે ત્યાં બાહ્ય અભ્યંતર પરિગ્રહનો સંબંધ નથી. કેવળ પોતાના આત્માની નિર્વિકલ્પ શાંતિને અનુભવે છે. શુભ–અશુભભાવથી ઉદાસીન રહે છે. સ્વભાવના અવલંબને વીતરાગતા પ્રગટે તેને ધર્મ માને છે. બીજાને ધર્મ માનતા નથી. જુઓ ! આ હુંડાવસર્પિણી કાળમાં આ કળિકાળ પ્રવર્તે છે. જેના દોષથી જૈનમતમાં પણ આજે વિષય કષાયાસક્ત જીવ એટલે કે મિથ્યાત્વ તથા કષાયને સેવનારા મુનિપદ ધારણ કરે છે. સર્વ સાવદ્યના પચ્ચખાણ કરેલ છે. હિંસા, જૂઠું, ચોરી, અબ્રહ્મચર્ય ને પરિગ્રહનો ત્યાગ કરેલ છે. છતાં ધોળા ને રાતા વસ્ત્ર ધારણ કરે છે. ભોજનમાં લોલુપી હોય છે. પાત્ર લઈને વહોરવા જાય છે. ચાર જ્ઞાનના ધણી ગણધર આહાર લેવા જાય તેમ માને અને મનાવે છે. પાત્રા રાખી આહાર લેવા જાય તે મુનિ નથી પણ લોલુપી છે. પોતપોતાની પરંપરા એટલે આપણા શ્રાવક શિષ્ય વગેરે વધારવાની પરંપરા કરે છે. અમો કહીએ છીએ તે સાચો માર્ગ છે એમ કહે છે. પોતપોતાની પરંપરા ચલાવે તે મિથ્યાદષ્ટિ છે. કોઈ ધન રાખે છે અથવા વેપારી પાસે ધન રખાવે છે. વળી હિંસાદિ નાના પ્રકારના આરંભ કરે છે પણ મુનિને અલ્પ પરિગ્રહ કરવાનું ફળ નિગોદ છે. તો આવા પાપોનું ફળ તો અનંત સંસાર અવશ્ય હોય. માટે તે મુનિનો માર્ગ નથી પણ ઊંધો માર્ગ છે.

**માગશર વદ ૨, શનિવાર, ૧૧–૧૨–૫૪.**

**અલ્પ પરિગ્રહ રાખી મુનિ નામ ધરાવે તે મિથ્યાદષ્ટિ છે.**

કુગુરુ કોને માનવા તેનો અધિકાર ચાલે છે. જરા પણ વસ્ત્ર રાખી મુનિ માને અને મનાવે

તે મિથ્યાદષ્ટિ છે ને નિગોદમાં જનારા છે. ગૃહસ્થ દશામાં પરિગ્રહ રાખવા છતાં આત્મભાન કરી એકાવતારી થઈ શકે છે. અલ્પ પરિગ્રહ એટલે વસ્ત્ર પહેરવાના, ઓઢવાના રાખે ને મુનિ માને-મનાવે તો તે મિથ્યાદષ્ટિ છે ને નિગોદમાં જશે. સદોષ આહાર પાણી લેવા ને મુનિપણું મનાવે તે અનંત સંસારી છે.

**મુનિ નહિ હોવા છતાં મુનિ માનવા-મનાવવા અને અનુમોદવાનું ફળ નિગોદ છે.**

વળી લોકોની અજ્ઞાનતા તો જુઓ ! સાધુ નવ કોટિનો ત્યાગ કરે છે છતાં વસ્ત્ર પાત્ર રાખે, ઉદ્દેશિક આહાર લ્યે એમ પ્રતિજ્ઞા ભંગ કરે છે. પરિગ્રહ રાખવો નહિ, રખાવવો નહિ, રાખે તેને રૂડા માનવા નહિ, હિંસા કરવી નહિ, કરાવવી નહિ, તેને રૂડી માનવી નહિ એવી પ્રતિજ્ઞા કરી છે. છતાં પરિગ્રહ રાખે છે ને સદોષ આહાર પાણી લ્યે છે ને મુનિ નામ ધરાવે છે. તે મિથ્યાદષ્ટિ છે. મહાવિદેહમાં નગ્ન દિગંબર મુનિલિંગ એક જ હોય છે. નવ કોટિના પાપનો ત્યાગ કરવા છતાં વસ્ત્ર પાત્ર રાખે તેને મુનિ માને, આચાર્ય માને, ઉપાધ્યાય માને ને સન્માનાદિ કરે છે તે અજ્ઞાનભાવ છે. સંપ્રદાયમાં ધર્મ નથી પણ સાચી સમજણમાં ધર્મ છે. નવ કોટીએ ત્યાગ નહિ હોવા છતાં આચાર્ય માને, પન્યાસ મનાવે તે મહાન પાપ છે. મુનિ નહિ હોવા છતાં મુનિ માનવા-મનાવવા ને અનુમોદવાનું ફળ એક સરખું કહ્યું છે.

શ્વેતાંબરો ૪૫ સૂત્રમાં ચૌદ ઉપકરણ માની મુનિપણું મનાવે છે. શાસ્ત્રકર્તાને, શાસ્ત્ર માનનારને, શાસ્ત્ર મનાવનારને તથા શાસ્ત્ર સાચા છે એમ રુડું અનુમોદનારને ફળ મિથ્યાત્વનું છે. વળી દ્રવ્યાનુયોગના અભ્યાસવાળાને આધાકર્મી આહાર લેવામાં વાંધો નથી -એમ યશોવિજય કહે છે. આમ જે શાસ્ત્રકર્તા છે તેવાઓને સાચા માનનારને, તેને અનુમોદનારને મિથ્યાત્વનું ફળ છે. અનાદિકાળનું સનાતન દિગંબર જૈનદર્શન સાચું છે. તેથી જરા પણ વિપરીત કહે તો તે મિથ્યાદષ્ટિ છે. આજે માને, કાલે માને, પછી ગમે ત્યારે માને - જેને પોતાનું હિત કરવું હશે તેણે આ માન્યે જ છૂટકો છે. આ સનાતન સત્ય છે. મુનિ માટે આહાર બનાવે છતાં આહાર શુદ્ધ, મન શુદ્ધ, વચન શુદ્ધ છે - એમ શ્રાવક બોલે તો પાપી છે. પ્રતિજ્ઞા ભંગ કરનાર ને કરાવનાર પાપી છે. આ સનાતન જૈનમાર્ગ ધોખમાર્ગ છે. મોટી પ્રતિજ્ઞા ન લેવી તેનો દંડ નથી પણ મોટી પ્રતિજ્ઞા લઈ તોડે તો મહાન પાપ છે.

**સત્ય વાત કહેવામાં રાગ-દ્વેષ નથી પણ યથાર્થ વસ્તુસ્વરૂપ બતાવવું છે.**

**પ્રશ્ન** : આવું માનવાથી રાગ-દ્વેષ થશે ?

**સમાધાન** : સત્ય માનવાથી રાગ-દ્વેષ થતા નથી. ખંડન-મંડનમાં રાગ-દ્વેષ નથી. જો એમ હોય તો નિગોદમાં જનારા અને સ્વર્ગમાં જનારા બધાને સાચા માનવા પડશે. એવી કોઈ વાત નથી કે



બધાને સારી લાગે. પંડીતજી કહે છે; પૂર્વના જ્ઞાનીઓ કહે છે; તેમ અમો કહીએ છીએ. જેમાં જેને રાગ થાય છે તેમાં તે અર્પાઈ જાય છે. શ્વેત વસ્ત્ર રાખી સાધુ નામ ધરાવે છે અને નવ કોટીના ત્યાગ હોવા છતાં ઉદ્દેશીક આહાર લ્યે તે મિથ્યાદષ્ટિ છે. તેવા મુનિની નવધા ભક્તિ કરવી તે પાપ છે. તેના માટે પાણી બનાવવા, એકેન્દ્રિય જીવને હણવા, હણાવવા અને હિંસાને અનુમોદન -એમ ત્રણ પ્રકારે ત્યાગ મુનિને છે. ક્ષુલ્લક પદમાં પોતાના માટે આહાર પાણી બનાવેલ લેવાય નહિ. આ માર્ગ ત્રિલોકનાથનો છે. મહાવિદેહમાં આ પંથ ચાલે છે. મહાવીર ભગવાનના વખતમાં આ એક જ માર્ગ હતો. ચોથા ગુણસ્થાનકવાળો ક્ષાયિક સમકિતી લાખો વરસ સુધી પ્રતિજ્ઞા ન લ્યે તો તેથી દંડ નથી પણ પ્રતિજ્ઞા લઈ તોડે તો મહાપાપ છે. હું સાધુ છું, ત્યાગી છું, નિર્ગ્રંથ છું, જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્ય -એમ પાંચ અક્ષય આચાર સહિત છું. તેવાને નમસ્કાર કરું છું -સવાર સાંજ એમ બોલે પણ ચારિત્ર તો નથી છતાં પોતાને સાધુ માને મનાવે તે મિથ્યાદષ્ટિ છે.

**પ્રથમ તત્ત્વજ્ઞાન થયા પછી ઉદાસીન પરિણામ થતાં વ્રતી થવું યોગ્ય છે.**

મુનિપદ લેવાનો આ ક્રમ છે કે પહેલા તત્ત્વજ્ઞાન થાય પછી ઉદાસીન પરિણામ થાય. તેવી રીતે શ્રાવકપદ વ્રત પડિમા, સામાયિક પડિમાનો ક્રમ આ છે કે પ્રથમ સમ્યગ્દર્શન થાય પછી રાગ ઘટે, ઉદાસીન થાય. કષાયનો ભાવ ઘટી જાય, વસ્ત્ર પાત્ર વિના પરિગ્રહ સહન કરે, ઠંડી સહન કરે, તિર્યંચ, મનુષ્ય, દેવ આદિના પરિષહ સહન કરવાની તાકાત પોતામાં ભાળે ત્યારે પોતાની મેળે જ મુનિ થવા ઈચ્છે છે. કોઈ પરાણે દીક્ષા ન આપે પણ પોતાની ઈચ્છા હોય ત્યારે શ્રી ગુરુ તેને મુનિધર્મ અંગીકાર કરાવે.

મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૯૫માં કહ્યું છે કે ''જિનમતમાં તો એવી પરિપાટી છે કે પહેલા સમ્યક્ત્વ હોય, પછી વ્રત હોય. હવે સમ્યક્ત્વ તો સ્વ-પરનું શ્રદ્ધાન થતાં થાય છે તથા તે શ્રદ્ધાન દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરતાં થાય છે. માટે પહેલાં દ્રવ્યાનુયોગ અનુસાર શ્રદ્ધા કરી સમ્યગ્દષ્ટિ થાય અને ત્યાર પછી ચરણાનુયોગ અનુસાર વ્રતાદિક ધારણ કરી વ્રતી થાય.'' નવ તત્ત્વો -જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ- ભિન્ન ભિન્ન છે. જીવ-અજીવ સામાન્ય છે. પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ એમ સાત પર્યાયો છે. સાત જીવની અને સાત જડની પર્યાયો છે. પુણ્ય, પાપ, આસ્રવ, બંધ અશુદ્ધ પર્યાય છે. સંવર, નિર્જરા, મોક્ષ શુદ્ધ પર્યાય છે. આમ નવ તત્ત્વનું ભાન થાય પછી ઉદાસીન પરિણામ થતાં પોતાની મેળે મુનિ થવા માંગે ત્યારે શ્રી ગુરુ તેને મુનિધર્મ અંગીકાર કરાવે.

આ તે કઈ જાતની વિપરીતતા છે કે આત્માનું ભાન નથી અને મુનિપણું આપે છે. તે મિથ્યાદષ્ટિ છે. વળી પૂજા આબરૂમાં આસક્ત છે. માયા બતાવે, લોભ બતાવે, કમાવા જવું નહિ પડે, લોકો

પૂજશે -મુનિ થાય તો આદર સત્કાર થાય, એવા લોભથી મુનિપદ આપે છે ને પાછળથી અન્યથા પ્રવૃત્તિ કરાવે છે. એ મહાન અન્યાય છે. એ પ્રમાણે કુગુરુ અને તેના સેવનનો અહીં નિષેધ કર્યો. હવે એ કથન દઢ કરવા માટે અન્ય શાસ્ત્રોની સાક્ષી આપીએ છીએ. ઉપદેશ સિદ્ધાંત રત્નમાળામાં કહ્યું છે કે :-

કાળ દોષથી ગુરુ થયા છે તે ભાટ સમાન છે. તમો ઉદાર છો, તમો ધર્મના થાંભલા છો એમ શ્રાવકની સ્તુતિ કરે છે. તમો સાધુ સાધ્વીને સહાય કરનારા છો. એમ ભાટની જેમ વખાણ કરે છે. આમ દાતારની સ્તુતિ કરીને દાનાદિ ગ્રહણ કરે છે પણ તેથી આ દુષમકાળમાં દાતાર અને પાત્ર બન્ને સંસાર સમુદ્રમાં ડૂબે છે.

વળી ત્યાં કહ્યું છે કે સર્પને દેખી કોઈ ભાગે તેને તો લોક કાંઈ પણ કહે નહિ પણ હાય હાય જુઓ તો ખરા !

કુગુરુ, કુશ્રદ્ધા અને કુસંપ્રદાય છોડે તેને લોકો દુષ્ટ અને બૂરો કહે છે. જુઓ, લોકોની અજ્ઞાનતા! જેની પાસેથી દીક્ષા લીધી હોય તેને કેમ છોડાય ? એમ તે કહે છે. સનાતન સત્યની ખબર નથી એવા કુગુરુને છોડ્યે જ છૂટકો છે.

વળી કહે છે અર્થ : આયુષ્ય પુરું થવાનું હોય તો સર્પ વડે તો એક જ વખત મરણ થાય છે પણ આ કુગુરુ અનંતવાર જન્મ મરણ આપે છે. કુગુરુને માને, મનાવે ને માનવાને રૂડું માને તે અનંત વાર જન્મ મરણ પામે છે. કુગુરુ આમ અનંતવાર જન્મ મરણમાં નિમિત્ત છે. માટે હે ભદ્ર ! સાપને ગ્રહણ કરવો ભલો છે પરંતુ કુગુરુને ગ્રહણ કરવો ભલો નથી. જેના શાસ્ત્ર ઊંધા છે તેને માનવા, મનાવવા, માનતાને રૂડું માને તે ત્રાણે મિથ્યાદષ્ટિ છે.

વળી સંઘપદકમાં કહ્યું છે, જે શ્વેતાંબર શાસ્ત્ર છે, તેનો આધાર આપે છે. જુઓ, ક્ષુધા વડે કૃશ કોઈ રંકનું બાળક કોઈ ચૈત્યાલયાદિમાં દીક્ષાધારી પાપરહિત ન હોવા છતાં કોઈ પક્ષ વડે આચાર્યપદને પ્રાપ્ત થયું. બાળકે મિથ્યાત્વ અને અજ્ઞાન છોડ્યા નથી. અમારું દેરાસર છે -એમ કહે છે. તેના શ્રાવકોમાં પોતાને ઇંદ્ર સમાન મનાવે છે. અમો કહીએ તેમ કરવું પડશે. જ્ઞાનીને અજ્ઞાની માને છે. તથા સર્વ ગૃહસ્થોને રંક સમાન માને છે; એ મહાન આશ્ચર્ય છે. જેનાથી જન્મ થયો નથી, વધ્યો નથી, મૂલ્ય આપી લીધો નથી તથા દેણદાર થયો નથી ઇત્યાદિ કોઈ પ્રકારનો સંબંધ નથી છતાં કણબી અથવા હલકી કોમનો દિક્ષિત થઈ વેશ લીધો એટલે હુકમ કરે તમારે આમાં રૂા. બે હજાર ભરવા પડશે. જોરાવરીથી દાનાદિક લે છે. પણ હાય હાય ! આ જગત રાજા વડે રહિત છે અર્થાત્ કોઈ ન્યાય પૂછવાવાળો નથી.



અહીં કોઈ કહે કે એ તો શ્વેતાંબર રચિત ઉપદેશ છે. તેની સાક્ષી શા માટે આપો છો ?

**ઉત્તર** : હલકાં શાસ્ત્રમાં આ નિષેધ છે. તો સાચા શાસ્ત્રમાં તેનો નિષેધ હોય જ. વસ્ત્ર-પાત્ર સહિત મુનિ મનાવે તેવા પણ આનો નિષેધ કરે છે. તો દિગંબર ધર્મમાં તો એવી વિપરીતતાનો સહજ જ નિષેધ થયો.

## સમ્યગ્દર્શન વિનાના જીવો વંદન યોગ્ય નથી.

વળી દિગંબર ગ્રંથોમાં પણ એ શ્રદ્ધાનના પોષક વચનો છે. શ્રી કુંદકુંદાચાર્યે દર્શનપાહુડમાં પણ કહ્યું છે.

**અર્થ** : સમ્યગ્દર્શન ધર્મનું મૂળ છે એવો જિનવર દ્વારા ઉપદેશેલો ધર્મ સાંભળી હે કર્ણ સહિત પુરુષો ! તમે એમ માનો કે સમકિત વિનાનો જીવ વંદન યોગ્ય નથી. જીવતત્ત્વ અને દ્રવ્ય-ગુણ-પર્યાયની ખબર નથી અને માને કે અમો મુનિ થયા તો તે ભ્રમણા છે. હે કાનવાળા પુરુષો ! સાત તત્ત્વો પૃથક છે તેવી પ્રતીતિ જેને નથી તે જીવો વંદનને યોગ્ય નથી. જીવ-અજીવ દ્રવ્યની, આસ્રવ-બંધની મલિન પર્યાયની, સંવર-નિર્જરા-મોક્ષની નિર્મળ પર્યાયની ખબર નથી. વળી અજ્ઞાની વિકલ્પને મિથ્યાત્વ કહે છે. વિકલ્પ રાગ છે તે મિથ્યાત્વ નથી. રાગથી ધર્મ માનવો તે મિથ્યાત્વ છે.

સમકિતીને અશુદ્ધ પરિણામ શું ? એમ અજ્ઞાની કહે છે. પણ સમકિતીને નબળાઈના અશુદ્ધ પરિણામ આવે છે. ત્રાણ લોકના નાથની વાણી તેં ધ્યાનમાં ન લીધી તો તારા કાન ગયા સમજવા. સાત તત્ત્વનું ભાન નથી ને સાધુના સ્વરૂપથી વિપરીત માન્યતાવાળો છે તેને સમ્યગ્દર્શન હોઈ શકે નહિ. અન્યમતમાં સમકિત હોતું નથી. અનંતા આત્મા અનંતા પુદ્ગલો એક સમયમાં અનંત ગુણની અનંત પર્યાયોની વાત સાંભળી નથી તેને સમકિત કેવું ? સમકિત વિના ચારિત્ર ન હોય. અનુષ્ઠાન ન હોય. નવ તત્ત્વની ખબર નથી, શ્રદ્ધાના વિષયની ખબર નથી તે ધર્મ વિનાના પ્રાણી છે, તે વંદન યોગ્ય નથી.

વળી દર્શનપાહુડની આઠમી ગાથામાં કહે છે બધાને સરખા માને અથવા સમન્વય કરે તે શ્રદ્ધામાં ભ્રષ્ટ છે. સનાતન દિગંબર જૈન ધર્મને બીજા કોઈ સાથે સમન્વય થઈ શકે નહિ. વીતરાગ દિગંબર જૈન ધર્મ સિવાય કોઈનો એક દોકડો સાચો નથી. આ સમ્યક્ એકાંત છે. જેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ખબર નથી, કેવલી મુનિની ખબર નથી તે શ્રદ્ધાનમાં ભ્રષ્ટ છે, જ્ઞાનમાં ભ્રષ્ટ છે તથા ચારિત્રમાં ભ્રષ્ટ છે. તે જીવ ભ્રષ્ટમાં પણ ભ્રષ્ટ છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ આ મોક્ષમાર્ગ પ્રકાશકને સત્શ્રુત કહેલ છે છતાં તેમના કહેવાતા અનુયાયીઓ આમાં પોતાને ગોઠે તે વાંચે અને આ અધિકારો ન વાંચે તો તેઓ શ્રીમદ્‌ને પણ માનતા નથી.

હવે દર્શનપાહુડની બારમી ગાથામાં ભગવાન કુંદકુંદ આચાર્ય પંચ પરમેષ્ઠીમાં આવે છે. તે આચાર્ય ભગવાન કહે છે જે જીવ સમકિતથી ભ્રષ્ટ છે છતાં અમો પાંચ મહાવ્રતધારી છીએ, સાધુ છીએ એમ કહીને પગે પડાવવા ઈચ્છે છે તેને પગ નહિ મળે, ભાષા નહિ મળે. એટલે સ્થાવર એકેન્દ્રિય થઈ જશે. તેવાને બોધની પ્રાપ્તિ મહા દુર્લભ છે.

## સત્ય વાત બહાર પડવા છતાં વાંચે નહિ પણ ઊલટું નિષેધે તે દુર્ભાગી છે.

આમ કુંદકુંદ આચાર્યે કહ્યું તો તેને સમભાવ નહિ હોય ? અજ્ઞાનીને સમભાવની ખબર નથી. સત્યને અને અસત્યને જેમ છે તેમ જાણે. સુદેવને સુદેવ માને અને સ્થાપે, કુદેવને કુદેવ માને ને ઉથાપે તે સમભાવ છે. આ મોક્ષમાર્ગ પ્રકાશક સાદી ભાષામાં છે. હજારો ગ્રંથનો સાર ભરી દીધો છે. આવું વાંચવાનું મળવા છતાં તે વાંચીને વિચારતો નથી તે અભાગી છે. પૃ. ૨૩મે કહ્યું છે. વળી જેમ કોઈ મહાન દરિદ્રિને અવલોકન માત્ર ચિંતામણીની પ્રાપ્તિ થાય છતાં તે ન અવલોકે તથા જેમ કોઈ કોઢિયાને અમૃતપાન કરાવવા છતાં પણ તે ન કરે તેમ સંસાર પીડિત જીવને સુગમ મોક્ષમાર્ગના ઉપદેશનું નિમિત્ત બને છતાં તે અભ્યાસ ન કરે તો તેના અભાગ્યની મહિમા કોણ કરી શકે ? મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૧૧માં કહ્યું છે કે વળી જેમ મોતી તો સ્વયંસિદ્ધ છે. તેમાંથી કોઈ થોડા મોતીને, કોઈ ઘણાં મોતીને, કોઈ કોઈ પ્રકારે તથા કોઈ કોઈ પ્રકારે ગૂંથી ઘરેણું બનાવે છે. તેમ પદ તો સ્વયંસિદ્ધ છે. તેમાંથી કોઈ થોડા પદોને, કોઈ ઘણાં પદોને, કોઈ કોઈ પ્રકારે તથા કોઈ કોઈ પ્રકારે ગૂંથી (જોડી વા લખી) ગ્રંથ બનાવે છે. તેમ હું પણ એ સત્યાર્થ પદોને મારી બુદ્ધિ અનુસાર ગૂંથી ગ્રંથ બનાવું છું. તેમાં હું મારી બુદ્ધિપૂર્વક કલ્પિત જૂઠા અર્થના સૂચક પદો ગૂંથતો નથી. માટે આ ગ્રંથ પ્રમાણરૂપ જાણવો. છતાં મોક્ષમાર્ગ પ્રકાશક વાંચવાનો નિષેધ કરે તે દુર્ભાગી છે.

વળી ૧૩માં શ્લોકમાં કહ્યું છે : મુનિને ઉદ્દેશીક આહાર ન હોય વગેરે જાણવા છતાં જો વંદન નહિ કરીએ તો મોટપ જશે. દુનિયાના ભયથી પગે પડે છે તેને સમકિત નથી. કેવા છે એ જીવો! મિથ્યાત્વ તથા ઊંધી માન્યતાને અનુમોદન કરનારા છે. મિથ્યાદષ્ટિ છે ને તેને શ્રદ્ધાનું ભાન નથી છતાં પાપીને મુનિ માની સન્માનાદિ કરતાં મહાપાપની અનુમોદનાનું ફળ લાગે છે.

## માગશર વદ ૩, શનિવાર, ૧૨-૧૨-૫૪.

જેને કુદેવ, કુગુરુ, કુધર્મની શ્રદ્ધા છે તેને સમ્યગ્દર્શન હોય નહિ, તે ગૃહીત મિથ્યાદષ્ટિ છે. કુંદકુંદ આચાર્યના સૂત્રપાહુડની આ ગાથા નવમી છે. જે લિંગમાં થોડો વા ઘણો પરિગ્રહનો અંગીકાર છે તે લિંગ જિનવચનમાં નિંદા યોગ્ય છે. વીતરાગમાર્ગના સાધુ નામ ધરાવી વસ્ત્ર અથવા પરિગ્રહ રાખે તે નિંદા યોગ્ય છે. મુનિને વસ્ત્ર-પાત્ર હોતા નથી, એવાને જ મુનિ કહ્યા છે.



વળી ભાવપાહુડની ગાથા ૭૧માં કહ્યું છે : જે વીતરાગી સ્વરૂપ આનંદકંદ છે તેમાં નિરૂદ્યમી છે તે દોષોનું ઘર છે. તે શેરડીના ફુલ સમાન નકામા છે. મુનિને ૨૮ મૂળગુણ હોય છે. નિર્દોષ આહાર હોય છે. એવા ગુણથી રહિત છે અને સાચી શ્રદ્ધાથી રહિત છે ને ઉદ્દેશીક આહાર લ્યે પોતા માટે બનાવેલ આહાર લ્યે તે ભાંડ સમાન વેશધારી છે. છતાં તેને મુનિ માને તે ગૃહીત મિથ્યાદષ્ટિ છે. જે મુનિ નગ્ન હોય, વસ્ત્ર-પાત્ર રાખે નહિ; મોરપીંછ, કમંડળ રાખે પણ ૨૮ મૂળગુણ પાલન ન કરે તો તેને ભાંડનું દષ્ટાંત સંભવે છે. પણ વસ્ત્ર સહિત મુનિપણું માને મનાવે તેને ભાંડની ઉપમા પણ લાગુ પડતી નથી. વિપરીત દષ્ટિવાળો વસ્ત્ર સહિત મુનિપણું માનનારો ક્રમે ક્રમે નિગોદમાં જશે. જૈનદર્શનના મુનિની ખબર નથી ને હું શ્રમણ છું, સંયત છું એમ બોલે ને માને પણ શ્રદ્ધાનું તેને ભાન નથી. જેને વિપરીત શ્રદ્ધા છે ને વિપરીત પ્રરૂપણા છે તેને સંક્ષેપ રુચિ સમ્યક્ત્વ કહેતા નથી. જેને કુદેવ, કુગુરુના આદર નથી અને અવિપરીત જ્ઞાન થોડું હોય પણ વિપરીત જ્ઞાન બિલકુલ ન હોવું જોઈએ તે સંક્ષેપ રુચિ છે. જે કોઈ જૈન નામ ધરાવી વિપરીત માન્યતા રાખે ને કહે કે અમોને સંક્ષેપ રુચિ સમકિત છે તો તે વિપરીત દષ્ટિવાળો છે. વિપરીત શ્રદ્ધા ન હોય તો સંક્ષેપ રુચિ સમ્યક્ત્વ હોય છે. તિર્યંચને તત્ત્વોના નામ ન આવડે છતાં વિપરીત ગ્રહણ નથી. અંતર યથાર્થ દષ્ટિ ખીલી ગઈ છે તે સંક્ષેપ રુચિવાન છે પણ જેને વિપરીતતા હોય તેને સંક્ષેપ રુચિ હોય તેમ બને નહિ. ઋષભદેવ ભગવાનના વખતમાં આજુક મુનિઓ ઝાડની છાલના કપડાં રાખવા માંડ્યા ને કંદમૂળ ખાવા લાગ્યા ત્યારે દેવોએ આવીને અટકાવ્યા તમો છાલ રાખી મુનિપણું રાખશો તો દંડ આપશું, ન પાળી શકો તો ગૃહસ્થપણું પાળો. પણ અત્યારે તો કોઈ ખબર લેનાર નથી. આ વીતરાગનો માર્ગ છે. મોટી પ્રતિજ્ઞા ન લ્યે તો દંડ નથી પણ મોટી પ્રતિજ્ઞા લઈ ભંગ કરે તો દંડ છે. વસ્ત્ર સહિત મુનિપણું માનવાનું ફળ નિગોદ છે, વ્યવહારે શુભભાવ છે. તેથી સ્વર્ગમાં જશે ને અનુક્રમે નિગોદમાં જશે. સનાતન ધોખમાર્ગ નગ્ન મુનિનો ચાલે છે. વસ્ત્ર સહિત મુનિપણું માનવું, મનાવવું તે મિથ્યાદષ્ટિપણું છે.

વળી મોક્ષપાહુડમાં કહ્યું છે કે મિથ્યાદષ્ટિ વડે મોહિત થયો છે તે વીતરાગનો વેશ ધારીને પાપ કરે છે. નગ્ન મુનિ થઈ ઉદ્દેશીક આહાર લ્યે અથવા વસ્ત્ર સહિત મુનિપણું માને તે ભ્રષ્ટ છે.

આ કુગુરુની વાત ચાલે છે.

**પ્રશ્ન** : પ્રાયશ્ચિત્ત લઈ લ્યે તો ?

**સમાધાન** : દષ્ટિ ફર્યા વિના પ્રાયશ્ચિત્ત કેવા ? આત્માનું ભાન નથી, વસ્ત્ર સહિત મુનિપણું માને, મનાવે તે મિથ્યાદષ્ટિ છે.

વળી મોક્ષપાહુડ ગાથા ૭૯માં કહ્યું છે કે : આ ગાથા શ્વેતાંબરો માટે મુકી છે. શ્વેતાંબરના ઠાણાંગમાં

પાઠ છે કે પાંચ પ્રકારના વસ્ત્ર મુનિને ખપે. જે પાંચ પ્રકારના વસ્ત્રમાં આસક્ત છે ને પાત્ર પરિગ્રહને ગ્રહણ કરે છે. વળી આહારની યાચના કરે છે તથા આધાકર્માદિ દોષોમાં લીન છે તે ભ્રષ્ટ જાણવા. યશોવિજયના લખાણમાં આવે છે કે દ્રવ્યાનુયોગના જ્ઞાનવાળાને આધાકર્મીનો દોષ નથી, તો તે ભૂલ છે. શ્વેતાંબર શાસ્ત્રમાં પાઠ છે તથારૂપ સાધુ એટલે પોતાના સંપ્રદાયના સાધુને આહાર આપે તો એકાંત નિર્જરા છે એમ કહે છે. આમ આહારદાનમાં ધર્મ મનાવે છે તો તે વાત ખોટી છે. મુનિને આહાર આપવાનો ભાવ શુભભાવ છે તથા રૂપ મુનિને સદોષ આહાર આપે તો અલ્પ પાપ છે ને ઘણી નિર્જરા છે એવો બીજો પાઠ છે. આમ કહીને સદોષ આહાર સાધુને ખપે એમ શ્વેતાંબર કહે છે પણ એવું વસ્તુસ્વરૂપ નથી. પોતા માટે બનાવેલ આહાર મુનિ લ્યે તો પાપ જ છે. તે મોક્ષમાર્ગમાં ભ્રષ્ટ છે. મુનિ થઈ વસ્ત્ર લ્યે ને દોષિત આહાર લ્યે તો ભ્રષ્ટ છે. વળી તેઓ અસંયતીને દાન આપવામાં પાપ કહે છે. કેમ કે અસંયતી પાપ કરે છે. આમ કહીને પુણ્યને પાપ મનાવે છે. આમાંથી તેરાપંથી સ્થાનકવાસી પંથ નીકળ્યો છે. તો તે વાત પણ ખોટી છે. અનુકંપા આદિનો ભાવ પુણ્ય છે પણ પાપ નથી.

યથાજાત ભાવલિંગ મુનિને સમકિતી આહાર પાણી આપે તો પુણ્ય બંધાય છે. તે ક્રિયા સંવર-નિર્જરાની નથી છતાં ભગવતીસૂત્ર આહારદાનમાં નિર્જરા મનાવે છે તે ભૂલ છે. શ્રી કુંદકુંદ આચાર્ય કૃત લિંગપાહુડમાં જેઓ મુનિલિંગધારી હિંસા આરંભ યંત્રમંત્રાદિ કરે છે તેનો નિષેધ કર્યો છે.

શ્રી ગુણભદ્રાચાર્ય કૃત આત્માનુશાસનમાં પણ કહ્યું છે કે જેમ રાત્રિ વિષે મૃગ જ્યાં ત્યાંથી ભયવાન બની વનમાંથી નગરની સમીપ આવીને વસે છે તેમ આ કળિકાળમાં તપસ્વી પણ મૃગની માફક જ્યાં ત્યાં ભયવાન બની વનમાંથી નગર સમીપ આવી વસે છે. એ મહા ખેદકારક કાર્ય છે. ભાવલિંગી મુનિઓ જંગલમાં વસે છે, નગરમાં રહે નહિ. ફક્ત એકવાર નગરમાં આવે છે. અત્યારે મુનિની દશા વિકૃત કરી નાખી છે.

અહીં સ્પષ્ટ સત્ય વાત કરી છે. સાચા મુનિઓને ત્રણ કષાયનો નાશ થયો છે અને સંજ્વલન કષાયમાં પણ દેશઘાતીનો માત્ર ઉદય છે. રોમરોમમાં અસ્પર્શી આત્માનો અનુભવ થયો છે. ઠંડીના લીધે આર્તધ્યાન ન કરે. દેહ-મન-વાણીના પરમાણુથી ભિન્ન આત્માનું ભાન વર્તે છે. તે મુનિમાર્ગ છે. અહીં નગરની સમીપે રહેવું નિષેધ્યું તો નગરમાં રહેવું તો સ્વયં નિષેધ થયું.

**મિથ્યાદષ્ટિ મુનિ સંસારમાર્ગમાં છે. સમકિતી ગૃહસ્થ મોક્ષમાર્ગમાં છે.**

વળી એ જ ગ્રંથમાં કહ્યું છે કે જેનાથી અનંત સંસાર થવા યોગ્ય છે એવા તપ કરતા તો ગૃહસ્થપણું ભલું છે. કેવું છે એ તપ ! પ્રભાત થતાં જ સ્ત્રીઓના કટાક્ષરૂપ લુંટારાઓ વડે જેની વૈરાગ્ય સંપદા લુંટાઈ ગઈ છે. મુનિ નામ ધરાવી ભ્રષ્ટ થાય તે અનંત સંસાર થવા યોગ્ય છે.



આવી વાત સાંભળી સાધુ સંસ્થા અટકી જશે ?

ભાઈ ! તે સાધુ જ નથી. એવા ભ્રષ્ટ સાધુ કરતાં સમ્યગ્દષ્ટિ અથવા શ્રાવક રહેવું સારું છે. સવાર પડતા જુવાન સ્ત્રીઓ આવે ત્યારે તેમના પરિચય હાવભાવ વગેરેથી તેની વૈરાગ્ય સંપદા લુંટાઈ ગઈ છે. નગ્ન મુનિ થઈને નગરમાં આવે ને વૈરાગ્ય સંપદા લુંટાવે તેના કરતાં ગૃહસ્થ સારો છે. બગડેલા દૂધ કરતાં છાસ સારી. બગડેલા જીવો સાધુ નામ ધરાવે તેના કરતાં શ્રાવક સારો છે. નામધારી સાધુ પૈસામાં ધર્મ મનાવે છે. પૈસાથી પુણ્ય પણ નથી. રાગ મંદ કરે તો પુણ્ય થાય પણ ધર્મ નથી. અજ્ઞાની જીવો શુભમાં ધર્મ મનાવે છે. નિમિત્ત અને રાગરહિત આત્માનું ભાન કરે તો ધર્મ થાય છે. મંદિરો આદિ તેના કારણે થાય છે. શુભભાવ તેના કાળે હોય છે પણ તેથી ધર્મ નથી.

વળીશ્રી રત્નકરંડ શ્રાવકાચારમાં સમંતભદ્ર આચાર્ય કહે છે કે સમકિતીને બૈરાં-છોકરાં હોવા છતાં મોક્ષમાર્ગમાં છે. સાચા ભાનવાળો મોક્ષમાર્ગમાં છે પણ મિથ્યાદષ્ટિ મુનિ જોગે વસ્તુથી વિપરીત માન્યું છે તે મોક્ષમાર્ગી નથી. તેના કરતાં સમકિતી ગૃહસ્થ સર્વોત્કૃષ્ટ છે.

**ભાવાર્થ** : જેને મિથ્યાત્વ નથી એવો અવ્રત સમ્યગ્દષ્ટિ મોક્ષમાર્ગી છે. યથાર્થ દષ્ટિવાળો હોય તેને એક બે ભવમાં મોક્ષ થશે. ઉત્કૃષ્ટ સાત આઠ ભવ હોય. નિયમથી તે મોક્ષ જશે. પણ મુનિવ્રત ધારી મિથ્યાદષ્ટિ સાધુ થયો છે તો પણ મરીને ભવનત્રયાદિમાં ઉપજી અનંત સંસારમાં રખડશે. મુનિ નામ ધરાવી નીચી ક્રિયા કરે તે મિથ્યાદષ્ટિ છે. માટે સમકિતી કે ગૃહસ્થ રહેવું સારુ છે.

શ્રી યોગન્દ્રદેવકૃત પરમાત્મપ્રકાશમાં કહ્યું છે કે :-

અમારે આટલા ચેલા ચેલી થયા એમ કહે છે પણ તે તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યથી તારી શોભા માને છે ? વળી પુસ્તકો વડે સંતુષ્ટ થાય છે. અમારી પાસે બે લાખના પુસ્તકો છે -તેથી સંતોષ માને છે. જ્ઞાની જાણે છે કે ચેલા ચેલીને લીધે અમારી મોટપ નથી. શુભરાગ પણ તારો નથી. ચૈતન્ય સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન, રમણતાથી તારી શોભા છે. પર પરિગ્રહથી મોટાઈ આવવાથી સાચા મુનિઓ લજાયમાન થાય છે.

**માગશર વદ ૪, સોમવાર, ૧૩-૧૨-૫૪.**

**ઉદ્દેશીક આહાર લેનાર મુનિ તથા ઉદ્દેશીક આહાર આપનાર શ્રાવક બન્ને મિથ્યાદષ્ટિ છે.**

મુનિ નગ્ન દિગંબર ભાવલિંગ સહિત હોય છે. થોડો પણ પરિગ્રહ રાખે એવા મુનિને મિથ્યાદષ્ટિ કહે છે તેની વાત ચાલે છે.

જે જીવ વડે પોતાનો આત્મા ઠગાયો તે જીવ કયો ? કે જે જીવે જિનવર લિંગ ધાર્યું, રાખ

વડે માથાનો લોચ કર્યો પણ સમસ્ત પરિગ્રહ છોડ્યો નહિ. જરાપણ પરિગ્રહ રાખીને મુનિ નામ ધરાવે તે મિથ્યાદષ્ટિ છે. જિનવર લિંગ ધારણ કરી પરિગ્રહ રાખે તો તેણે પોતાના આત્માને ઠગ્યો. પ્રતિજ્ઞા મોટી ન લેવી તે દંડ નથી પણ મોટી પ્રતિજ્ઞા લઈ ભંગ કરવો તે મહાન પાપ છે. અવિરત સમ્યગ્દષ્ટિ લાખો વરસના આયુષ્ય સુધી એક પણ વ્રત લેતા નથી. સ્વરૂપમાં લીનતા નથી પણ તેથી દંડ નથી. પણ મન, વચન, કાયથી કરું, કરાવવું અને અનુમોદવું એમ નવ પ્રકારે હિંસા ને પરિગ્રહના ત્યાગ કરેલ છે તેવી પ્રતિજ્ઞા લીધી છે છતાં પરિગ્રહ રાખી મુનિ નામ ધરાવે તે પરંપરાએ નિગોદમાં જાય છે. તેની દષ્ટિ મિથ્યા છે. તેનું ફળ નિગોદ છે. મુનિ નહિ હોવા છતાં મુનિ માને તેના માટે ઉદ્દેશીક આહાર બનાવે ને આહાર દાન આપે તે મિથ્યાદષ્ટિ છે. એક પાણીમાં અસંખ્ય જીવ છે. તે પાણીના જીવને હણવા નહિ, હણાવવા નહિ ને હણવાને અનુમોદન આપવું નહિ. શાકમાં વનસ્પતિના જીવો હણાય છે છતાં મુનિઓ પોતાના માટે બનાવેલ આહાર લ્યે તો મુનિ તથા મુનિ માનીને આહાર આપે તે બન્ને મિથ્યાદષ્ટિ છે. આજે મુનિ આવવાના છે એમ ધારી આહાર બનાવે તે ઉદ્દેશીક આહાર છે. બહારગામથી બીજે ગામ આવી મુનિને આહારદાન આપે તે ઉદ્દેશીક આહાર છે. આહાર શુદ્ધ, મન શુદ્ધ, વચન શુદ્ધ એમ બોલે છતાં એક પણ શુદ્ધિ નથી. મુનિ માટે આહાર બનાવવો તે શ્રાવકનું કર્તવ્ય નથી. મુનિ માટે આહાર બનાવેલ હોવા છતાં મુનિ લ્યે અને શ્રાવક આપે તો બન્નેને મહાન પાપ છે. જલકાયને હણવું, હણાવવું ને અનુમોદવું તે પાપ છે. મુનિને આવી હિંસા ન હોય. અત્યારે વિપરીત દષ્ટિપૂર્વક મુનિપણા લઈ લ્યે છે. આત્માના અનુભવ વિના બાહ્યક્રિયામાં ધર્મ માને છે. મુનિ માટે અંગુર, કેળા તથા શિંગોડાની રોટલી બનાવવી તે ઉદ્દેશીક આહાર છે.

હે જીવ ! જે મુનિલિંગધારી ઈષ્ટ પરિગ્રહ ગ્રહણ કરે છે. તે ઉલટી કરી તે જ ઉલટીને પાછો ભક્ષણ કરે છે. તે ભગવાનના માર્ગમાં નિંદનીય છે. એ પ્રમાણ શાસ્ત્રોમાં પણ કુગુરુ, તેના આચરણ અને તેની સેવાનો નિષેધ કર્યો છે તે જાણવો.

સમ્યગ્દર્શન સહજ છે ને મુનિને વિકલ્પ સહજ હોય છે. આત્માના ભાનપૂર્વક બધી રીત હોવી જોઈએ. આમ આત્માનું ભાન નથી તેવી મિથ્યાદષ્ટિ જીવ મુનિ નામ ધરાવી પરિગ્રહ ધારણ કરે તે મિથ્યાદષ્ટિ છે. વળી જ્યાં મુનિને ધાત્રી દૂત આદિ છેતાલીસ દોષ આહારાદિમાં કહ્યા છે ત્યાં ગૃહસ્થો બાળકોને પ્રસન્ન કરવા સમાચાર કહેવા, મંત્ર-ઔષધાદિ જ્યોતિષાદિ કાર્ય બતાવવા અને કર્યો, કરાવ્યો, અનુમોદ્યો આહાર લેવો ઈત્યાદિ ક્રિયાનો નિષેધ કર્યો છે. પણ કાળદોષથી એ જ દોષને લગાવી આહારાદિ ગ્રહણ કરે છે. આ વાત ૨૦૦ વર્ષ પહેલાં પંડિતજીએ લખી છે. કરવું, કરાવવું, અનુમોદવું એમ દોષ લગાવે છે.



**શુદ્ધ નયનો પક્ષ તો કદી આવ્યો નથી.**

સમ્યગ્દર્શન કેવું તથા કઈ તરફ ઝુકવાથી સમ્યગ્દર્શન થશે એ ખબર નથી. નિમિત્ત, રાગ અને પર્યાય ભેદ છોડી સ્વભાવની શ્રદ્ધાની ખબર નથી. ક્રમબદ્ધ પર્યાયનું જ્ઞાન કરનાર નિમિત્તથી ઉદાસીન થઈ જાય છે. રાગને ફેરવવો નથી. હું જ્ઞાનસ્વરૂપ છું એવી શ્રદ્ધા કરવી તે પુરુષાર્થ છે. પછી વીતરાગ દશા આવે છે. સમ્યગ્દર્શન પહેલાં નિર્ણય કરવો જોઈએ. હું ચિદાનંદ આત્મા છું, જ્ઞાતા-દષ્ટા છું એવો નિર્ણય કરવો પછી નિર્વિકલ્પ અનુભવ કરવો તે અનંત પુરુષાર્થ છે. નિમિત્ત ને વિકલ્પની દષ્ટિ છોડવી તેમ જ પર્યાયમાંથી પર્યાય આવતી નથી; સ્વભાવમાંથી સમ્યગ્દર્શન આવે છે. માટે વિપરીત શ્રદ્ધા છોડી સ્વભાવની શ્રદ્ધા કરી નિર્વિકલ્પ અનુભવ કરવો તે પુરુષાર્થ છે. સમ્યગ્દર્શન આ એક જ પ્રકારથી છે. તેવી શ્રદ્ધા કરવી તે દુર્લભ છે. જયચંદ્રજી પંડિત સમયસારમાં ગાથા ૧૧ના ભાવાર્થમાં લખે છે કે :- ''વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધ નયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે પણ એનું ફળ સંસાર છે. શુદ્ધ નયનો પક્ષ તો કદી આવ્યો નથી. અને એનો ઉપદેશ પણ વિરલ છે - ક્યાંક ક્યાંક છે. તેથી ઉપકારી શ્રીગુરુએ શુદ્ધ નયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી દીધો છે.'' હજી પક્ષની વાત ચાલે છે. નિમિત્ત અને રાગનો પક્ષ છોડી દે. રાગમાંથી કે પર્યાયમાંથી પર્યાય આવતી નથી, સ્વભાવમાંથી પર્યાય આવે છે. તેવો પક્ષ કદી આવ્યો નથી. દયા-દાનાદિ વિકાર છે તેથી લાભ નથી. પર્યાયથી પર્યાયનો લાભ નથી. એક સમયની પર્યાયનો અભાવ થઈ જાય છે. સ્વભાવમાંથી ધર્મનો લાભ થાય છે. એવો પક્ષ હજી આવ્યો નથી. વીર્યનો ઝુકાવ સ્વ તરફ પલટી જવો જોઈએ. અનંતા નિમિત્તો હો ભલે છતાં તે મને નડતા નથી. હું તેનો ફેરફાર કરનાર નથી. પર્યાય ક્રમસર થાય છે. પર્યાયની રુચિ છોડી હું જ્ઞાતા છું એવો પક્ષ કરે પછી પુરુષાર્થ દ્વારા સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. વ્યવહાર રત્નત્રયનું ફળ સંસાર છે. માટે સત્યના પક્ષની મજબુતાઈ કરો, અસત્ય પદ છોડો.

અહીં કાળદોષ કહ્યો એટલે પંચમ કાળના કારણે નહિ પણ પોતાના અપરાધના કારણે દોષ બતાવે છે. ને ઉદ્દેશીક આહાર પાણી લ્યે છે તે માર્ગથી અને આગમથી વિપરીત છે છતાં તેને પ્રમાણ માને તેની દષ્ટિ વિપરીત છે.

**ભોજનમાં આસક્ત બની દાતારના પ્રાણ પીડા આહારાદિ ગ્રહણ કરે તે કુગુરુ છે.**

વળી પાર્શ્વસ્થ અને કુશીલાદિ ભ્રષ્ટાચારી મુનિઓનો નિષેધ કર્યો છે - તેમના લક્ષણોને ધારણ કરે છે. એટલું વિશેષ ખરું કે એ દ્રવ્યથી તો નગ્ન રહે છે ત્યારે અનેક પ્રકારના પરિગ્રહ રાખે છે. ઘાસ રાખે, ઘડીયાળ રાખે, લાલટેન રાખે છે. વળી ત્યાં મુનિઓને ભ્રામરી આદિ આહાર લેવાની વિધિ કહી છે. જેમ ભ્રમર ફુલના પરાગમાંથી રસ ચૂસી લ્યે છે તેવી રીતે નિર્દોષ આહાર લેવો

જોઈએ. આહાર દેનારને દુઃખ ન થાય અથવા વિઘ્ન ન થાય એવી રીતે લેવો જોઈએ. ભ્રમર જંગલમાં જઈ અનેક પુષ્પાદિક ઉપર બેસી એ કોમળ પુષ્પના રસને ચૂસી એકઠો કરે પણ તે પુષ્પને કિંચિત્ માત્ર પણ હરકત કે દુઃખ ન પહોંચવા દે. (જો કે શક્તિ તો ભ્રમરમાં પાટડાને પણ કોરી નાખવાની છે) તેમ સાધુ ગૃહસ્થના ઘેર આહાર લ્યે પણ પોતાના નિમિત્તે ગૃહસ્થના આખા કુંટુંબને કિંચિત્ પણ દુઃખ પહોંચવા દે નહિ. એવી તેની દયામય કોમળ વૃત્તિને ભ્રામરી વૃત્તિ કહે છે. મિથ્યાદષ્ટિ મુનિ ભોજનમાં આસક્ત બને છે અને દાતારના પ્રાણ પીડી આહારાદિ ગ્રહણ કરે છે. તેના માટે કેળા, મોસંબી વગેરે લાવે તો દોષ આવે છે. મુનિમાર્ગ કેવો છે તેનું જ્ઞાન બરાબર હોવું જોઈએ. તેઓ ગૃહસ્થ ધર્મમાં ઉચિત ન હોય એવા અન્યાય અને લોકનિંદ્ય પાપરૂપ કાર્યને પણ કરતા જોઈએ છીએ.

## જિનવચનથી વિરુદ્ધ વર્તનાર કુગુરુ છે તે અનંત સંસારી છે.

જિનબિંબ તથા શાસ્ત્ર વગેરે સર્વોત્કૃષ્ટ પૂજ્ય છે છતાં વીતરાગ મુદ્રાનો અનાદર કરે અથવા પીઠ બતાવે અથવા શાસ્ત્રનો અનાદર કરે છે. પોતે તેનાથી મહંતતા રાખી ઉચ્ચ આસને બેસે છે. આ પ્રમાણે અનેક વિપરીતતા પ્રત્યક્ષ ભાસે છે. પોતાને મુનિ માને છે ને ૨૮ મૂળગુણ ધારક કહેવડાવે છે. એ પ્રમાણે પોતાનો મહિમા કરાવે છે. ભોળા ગૃહસ્થો તેમની પ્રશંસાથી ઠગાય છે. તમો મુનિની સંભાળ રાખો છો, તમો દાતાર છો –આમ પ્રશંસાથી ઠગાય છે પણ ધર્મનો વિચાર પણ કરતા નથી અને તેમની ભક્તિમાં તત્પર થાય છે. આમ મોટા પાપને મોટો ધર્મ માને છે. એ મિથ્યાત્વનું ફળ અનંત સંસાર કેમ ન હોય ? શાસ્ત્રમાં એક જિનવચનને અન્યથા માનતા મહા પાપી હોવું કહ્યું છે. તો અહીં તો જિનવચનની કોઈ વાત રાખી નથી. પોતના સ્વચ્છંદમાં દરકાર કરી નથી એ સમાન બીજું પાપ કયું ? ગણધર નમસ્કાર બોલતી વખતે સાધુને નમસ્કાર કરે છે. 'ણમો લોએ સવ્વ સાહુણં' હે ભાવલિંગી મુનિ ! તારા ચરણકમળમાં મારો નમસ્કાર. ગણધર ઘણાં વરસથી થયા હોય અને સાધુ નવા હોય છતાં ગણધર નમસ્કાર મંત્ર બોલતી વખતે નમસ્કાર કરે છે. છઠ્ઠી-સાતમી ભૂમિકામાં વારંવાર ઝુલે છે તેવું મુનિનું સ્વરૂપ છે. પણ અજ્ઞાની જીવ કુયુક્તિઓ વડે કુગુરુઓનું સ્થાપન કરે છે. તેનું નિરાકરણ કરીએ છીએ.

## વર્તમાન ક્ષેત્રમાં ભાવલિંગી મુનિ ન દેખાય તેથી મિથ્યાદષ્ટિને મુનિ મનાય નહિ.

**પ્રશ્ન** : ગુરુ વિના તો નગુરા કહેવાય. અમારે ગુરુ તો હોવા જોઈએ પણ છઠ્ઠી-સાતમી ભૂમિકાવાળા મુનિ દેખાતા નથી તેથી આમને જ ગુરુ માનવા જોઈએ.

**ઉત્તર** : નગુરો તો એનું નામ કે જે ગુરુ જ માને નહિ. હવે જે ગુરુને તો માને છે, આત્મભાન



સહિત રાગ ઘટી ગયો હોય તે ગુરુ છે. પણ આ ક્ષેત્રમાં ગુરુનું લક્ષણ ન દેખવાથી કોઈને ગુરુ ન માને તો તે શ્રદ્ધાનથી નગુરો તો થતો નથી. જેમ નાસ્તિક તો તેનું નામ કે જે પરમેશ્વરને માને જ નહિ. હવે જે પરમેશ્વરને તો માને છે પણ આ ક્ષેત્રમાં પરમેશ્વરનું લક્ષણ ક્યાંય ન દેખાવાથી કોઈને પરમેશ્વર ન માને. આ ક્ષેત્રમાં કેવળી નથી તેથી કોઈને કેવળી માની ન લેવાય પણ તેથી કાંઈ તે નાસ્તિક થતો નથી. એ જ પ્રમાણે અંતર્ભાન સહિત રમણતાવાળા ગુરુ ન દેખે તો ગુરુ ન માને તેથી કાંઈ નાસ્તિક થતો નથી. ભાવદીપિકામાં પંડીત દીપચંદજી લખે છે કે અમારું કોઈ માનતા નથી. આગમ પ્રમાણે કોઈની શ્રદ્ધા નથી. તેથી આ પુસ્તકમાં લખી જાઉં છું. સંસ્કૃત, પ્રાકૃત ભાષા છોડી અપભ્રંશરૂપ દેશભાષામાં શાસ્ત્ર રચના કેમ કરો છો ? એ પ્રશ્નના સમાધાનરૂપે ભાવદીપિકામાં પૃ. ૨૪૧માં દીપચંદજી લખે છે કે :–

महंत ग्रन्थनकी अन्य जीवनकरि देशभाषा ताका प्रयोजन कहा (क्या ?) संस्कृत प्राकृतरूप भाषा तीन लोकविषैं प्रसिद्ध ताकूं छोड़ि अपभ्रंशरूप देशभाषाविषैं शास्त्ररचना काहेकों करिये ? ताका समाधान - कालदोषतें सम्यक्ज्ञानी वीतरागप्रवृत्तिके धारक यथार्थ वक्तानका तो अभाव भया अर अवसर्पिणी कालका निमित्ततें जिनमत विषैं कुलिंगके धारक, प्रचंड हैं क्रोध, मान, माया, लोभादिक कषाय जिनके अर पंच इंद्रियनके विषयमें हैं आसक्तभाव जिनके साक्षात् गृहीत मिथ्यात्वके पोसनेतें जिनमतके विषैं वक्ताभये अधिष्ठाताभये, जिनसूत्रके अर्थ अन्यथा करने लगे ताकरि भोले जीव तिनकी बताई प्रवृत्ति ताहीविषैं प्रवर्तते भये, नहीं है सत्यसूत्रका ज्ञान जिनकों ताकरि महंतशास्त्रनका ज्ञान तिनतें अगोचरभया ताकरि मूढ़ताप्राप्तभये हीनशक्तिभये सत्यवक्ता सांचा जिनोक्तसूत्रके अर्थग्रहण करावनेहारा कोई रहा नाहीं तातें सत्य जिनमतका तो अभाव भया तब धर्मतें पराङ्मुखभये तब कोई कोई गृहस्थ सुबुद्धि संस्कृतप्राकृतका वेत्ता भया ताकरि जिनसूत्रनको अवगाहा तब ऐसा प्रतिभासता भया जो सूत्रके अनुसार एकभी श्रद्धान ज्ञान आचरणकी प्रवृत्ति न करैं हैं अर बहुत काल गया मिथ्याश्रद्धान ज्ञान आचरणकी प्रवृत्तिकों, ताकरि अतिगाढ़तानें प्राप्त भई **तातैं मुख करि कही माने नाहीं** तब जीवनका अकल्याण होता जानि करुणाबुद्धि करि देशभाषाविषैं शास्त्ररचना करि तब केई सुबुद्धीनके सांचा बोध भया ।

## યથાર્થ લક્ષણ વિના જેને તેને ગુરુ મનાય નહિ.

**પ્રશ્ન** : જૈન શાસ્ત્રોમાં આ કાળમાં કેવળીનો અભાવ કહ્યો છે પણ કાંઈ મુનિનો અભાવ કહ્યો નથી.

**ઉત્તર** : એવું તો કહ્યું નથી કે આ દેશમાં સદ્ભાવ રહેશે પણ ભરતક્ષેત્રમાં રહેશે એમ કહ્યું છે. હવે ભરતક્ષેત્ર તો ઘણું મોટું છે. તેમાં કોઈ ઠેકાણે સદ્ભાવ હશે તેથી તેનો અભાવ કહ્યો નથી.

જો તમો રહો છો તે જ ક્ષેત્રમાં સદ્ભાવ માનશો તો જ્યાં આવા પણ મુનિ નહિ દેખો ત્યાં તમો જાશો ત્યારે કોને ગુરુ માનશો ? સાચા લક્ષણવાળા મુનિ નથી તો કોને માનીશ ? વળી જેમ આ કાળમાં હંસોનો સદ્ભાવ કહ્યો છે પણ હંસ દેખાતા નથી તો તેથી અન્ય પક્ષીઓમાં (કાગાદિમાં) કાંઈ હંસપણું મનાતું નથી. તેમ આ કાળમાં મુનિજનોનો સદ્ભાવ કહ્યો છે. હવે ભાવલિંગી મુનિ દેખાતા નથી તો તેથી બીજાઓને મુનિ મનાય નહિ. સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ દેખાતા નથી તેને કેવી રીતે મુનિ મનાય ? લક્ષણ વિના મુનિ કેમ મનાય ?

**અંતરભાન સહિત ચારિત્રદશાવંતને ગુરુ કહેવાય.**

**પ્રશ્ન** : એક અક્ષરદાતાને ગુરુ માનવામાં આવે છે તો જે શાસ્ત્ર શીખવાડે, સંભળાવે તેમને ગુરુ કેમ ન માનીએ ?

**ઉત્તર** : સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્રવંતને ગુરુ કહે છે. મુનિને ચારિત્રની મહંતતા છે. જેનામાં જે પ્રકારની મહંતતા હોય તેને તે પ્રકારથી ગુરુ સંજ્ઞા સંભવે. જેમ કુળ અપેક્ષાએ માતા-પિતાને ગુરુ સંજ્ઞા છે પણ ત્યાં ચારિત્ર સંજ્ઞા નથી. નિશાળમાં માસ્તર લૌકિક ભણાવે છે. વિદ્યા અપેક્ષાએ ગુરુ સંજ્ઞા છે. પરંતુ અહીં તો ધર્મનો અધિકાર છે. તેથી જેનામાં ધર્મ અપેક્ષાએ મહંતતા હોય તે જ ગુરુ જાણવો. હવે ધર્મ નામ ચારિત્રનું છે. ચારિત્ર એ જ ધર્મ છે. શુદ્ધ ઉપયોગ એ જ ચારિત્રને ધર્મ છે. નગ્નપણું કે ૨૮ મૂળગુણ પાલન ચારિત્ર નથી. મહાવ્રત આસ્રવ છે. પ્રવચનસારમાં સાતમી ગાથામાં ચારિત્રને ધર્મ કહ્યો છે. ચારિત્ર ધારણ કરનારને મુનિ કહે છે અથવા ગુરુ સંજ્ઞા કહે છે. વળી જેમ ભુતાદિનું નામ પણ દેવ છે. તો પણ અહીં દેવના શ્રદ્ધાનમાં અરહંતદેવનું જ ગ્રહણ છે. તેમ અન્યનું નામ પણ ગુરુ છે તો પણ અહીં ગુરુના શ્રદ્ધાનમાં નિર્ગ્રંથ ગુરુનું જ ગ્રહણ છે. આત્માના ભાન સહિત છઠ્ઠી-સાતમી ભૂમિકામાં ઝૂલે છે તે નિર્ગ્રંથ ગુરુ છે. જૈનધર્મમાં તો અરહંતદેવ નિર્ગ્રંથ ગુરુ એવું પ્રસિદ્ધ વચન છે. વસ્ત્ર-પાત્ર સહિત નિર્ગ્રંથપણું સંભવે નહિ. ચારિત્ર ધર્મમાં પરિગ્રહ ન ચાલે. ગણધર નમસ્કાર કરે એવા ચારિત્રવંત સાધુ અલૌકિક છે. એવી મુનિદશા બાહ્ય અભ્યંતર બરાબર હોવી જોઈએ. કોઈ કહે કે અંતરમાં ભાવલિંગ પ્રગટી ગયેલ છે પણ બાહ્યલિંગ ગમે તે હો તો તે વાત ખોટી છે. મુનિને નગ્ન દિગંબર દશા અને ૨૮ મૂળગુણ પાલન છે તે સહજ હોય છે, તેનો કર્તા નથી. અંતરમાં શુદ્ધ ઉપયોગનો મુનિ કર્તા છે.

**માગશર વદ ૫, મંગળવાર, ૧૪-૧૨-૫૪.**

**લોભ ખાતર શાસ્ત્ર વાંચન કરનાર ઉપદેશકની મહંતતા રહેતી નથી.**

આ મુનિના સ્વરૂપની વાત ચાલે છે. વીતરાગમાર્ગમાં અર્હંતદેવ તથા નિર્ગ્રંથ ગુરુની વાત ચાલે છે.



**પ્રશ્ન** : નિર્ગ્રંથ વિના અન્યને ગુરુ ન માનવા તેનું શું કારણ ?

**ઉત્તર** : જે મુનિ ભાવલિંગી છે અને વસ્ત્ર રાખતા નથી તેના વિના અન્ય જીવ બિલકુલ મહંતતા ધારતો નથી. જેમ કોઈ લોભી શાસ્ત્ર વ્યાખ્યાન કરે. આને સમજાવશું તો પૈસાનો ખરડો થશે, માન મળશે. એમ વારંવાર લોભી થયો. ત્યાં તે આને શાસ્ત્ર સંભળાવવાથી મહંત થયો અને આ તેને ધન વસ્ત્રાદિ આપવાથી મહંત થયો. જો કે બાહ્યથી શાસ્ત્ર સંભળાવવાવાળો મહંત રહે છે પણ અંતરમાં પૈસા લેવા છે, ફાળો કરવો છે. તે દાતારને ઉચ્ચ માને તથા દાતાર લોભીને નીચો જ માને માટે તેનામાં બીલકુલ મહંતતા ન થઈ. આત્માનું બહુમાન ન આવ્યું પણ પાઠશાળા વગેરે કરવા માટે શેઠીયાને અનુકૂળ રહે. તે પોતાના માનમાં કામી છે, તે ઉપદેશક નથી. કરોડપતિને માખણ ચોપડે, અનુકૂળ બોલે ને શેઠીયાને કહે કે મંદિર બનાવીને આવા પંચકલ્યાણક મહોત્સવ કરો, તે આઠ ભવે મોક્ષે જાય છે. એમ ખોટી પ્રરૂપણા કરે તે મહંતતા નથી. મંદિર પરપદાર્થ છે. આત્મા તેને બનાવી શકતો નથી. રાગ આવે તે પુણ્ય છે. તેનાથી મોક્ષમાર્ગ નથી. રાગથી એક ભવ પણ ઘટતો નથી. પૈસા દાનમાં આપે તેથી ધર્મ નથી. રાગ મંદ કરે તો પુણ્ય થાય. પુણ્યનો નિષેધ કરી સ્વભાવનું ભાન કરે તો ધર્મ થાય છે. વળી કોઈ કહે કે પાલીતાણાની નવાણું જાત્રા કરે તો મોક્ષ જાય પણ લાખ જાત્રા કરે તો ધર્મ થાય એમ નથી. તેમાં પણ રાગ મંદ કરે તો પુણ્ય છે, ધર્મ નથી. તેમજ પરંપરા ધર્મ નથી. પુણ્યથી રહિત આત્માની દૃષ્ટિ કર્યા વિના ધર્મ થાય તેમ નથી. અજ્ઞાની પરથી ધર્મ મનાવે છે પણ તે સાચી વાત નથી. વળી કેટલાક શાસ્ત્ર વાંચી પૈસા માગે ને કુટુંબને પૈસા મોકલે. બ્રહ્મચારી થઈને પૈસા માંગવા વ્યાજબી નથી.

**ભાવલિંગી મુનિ ગુણોથી યુક્ત છે તેથી તેમને ગુરુ સંજ્ઞા ઘટે છે.**

**પ્રશ્ન** : નિર્ગ્રંથ પણ આહાર તો લ્યે છે ?

**સમાધાન** : ભાવલિંગી મુનિ પ્રશંસા કરી આહાર લેતા નથી. દીનતાપૂર્વક આહાર લેતા નથી તેથી તેમની મહંતતા ઘટતી નથી. જે લોભી થઈને માગે છે તે જ હીનતા પામે છે. એ જ પ્રમાણે અન્ય જીવ જાણવા. માટે ભાવલિંગી તેમજ બાહ્યથી નિર્ગ્રંથ ગુરુ સર્વ પ્રકારે મહંતતા યુક્ત છે પણ નિર્ગ્રંથ વિના અન્ય જીવ કોઈ પણ પ્રકારથી ગુણવાન નથી.

ગુણોની અપેક્ષાએ મહંતતા તથા દોષોની અપેક્ષાએ હીનતા છે. કોઈ એક વચન નાખે ત્યાં અનેક હજારો રૂપિયા દાનમાં ભેગા થાય તો તેમાં મહંતતા નથી. પર પાસે પૈસા કઢાવવા તેના હાથની વાત નથી. રાગના લીધે પૈસા નીકળતા નથી. સમ્યગ્દર્શનપૂર્વક વીતરાગ ચારિત્રની મહંતતા છે. આટલી પાઠશાળા બનાવી, આટલા શિષ્ય બનાવ્યા તેમાં મહંતતા નથી. પૈસા આદિ પરદ્રવ્ય છે, તેને રાખી શકાતા નથી. તેમજ ખરચી શકાતા નથી. અજ્ઞાની પણ પરની અવસ્થા કરી શકતો નથી. જડની

ક્રિયાનો આત્મા ધણી નથી. પુણ્યની અપેક્ષાએ મહંતતા નથી, ગુણની અપેક્ષાએ મહંતતા છે. કોઈ શિષ્ય ન માને, શરીર કાળું હોય તેથી હીનતા નથી, દોષને લીધે હીનતા છે. તેથી દોષવાળાની નિઃશંક સ્તુતિ કરી શકાય નહિ. વળી નિર્ગ્રંથ વિના અન્ય જીવ જેવું ધર્મસાધન કરે છે તેવું અથવા તેનાથી અધિક ધર્મસાધન ગૃહસ્થ પણ કરી શકે છે. તો ત્યાં ગુરુ સંજ્ઞા કોને હોય ? અંતર ત્રણ કષાય નાશ થયા છે ને નિર્દોષ આહાર લ્યે છે. નવ પ્રકારે પાપ ટાળ્યા છે તે નિર્ગ્રંથ મુનિ છે, તે જ ગુરુ છે. ૨૮ મૂળગુણનું પાલન બરાબર હોવું જોઈએ.

## ભાવલિંગી મુનિની બદલીમાં વેશધારીઓની સ્થાપના થઈ શકે નહિ.

**પ્રશ્ન** : આ કાળમાં એવા ગુરુ તો અહીં નથી તેથી જેમ અરહંતની સ્થાપના પ્રતિમા છે તેમ ગુરુની સ્થાપના આ વેશધારીઓ છે. છઠ્ઠું-સાતમું ગુણસ્થાન હજારો વાર આવે, બાહ્યલિંગ યથાર્થ હોય તેવા મુનિઓ હાલ જોવામાં આવતા નથી તો વેશધારીઓને ગુરુ માનીએ તો શું વાંધો ?

**ઉત્તર** : જેમ ચિત્રાદિ વડે રાજાની સ્થાપના કરીએ તો ત્યાં પ્રતિપક્ષી નથી પણ કોઈ સામાન્ય મનુષ્ય રાજા મનાવે તો તે રાજાનો વૈરી થયો. તેમ ધાતુમાં કે પથ્થરમાં અરહંતાદિની સ્થાપના બનાવે તો ત્યાં તેનો કોઈ પ્રતિપક્ષી નથી પણ કોઈ સામાન્ય મનુષ્ય પોતાને મુનિ મનાવે પણ નિર્ગ્રંથ ચારિત્રવંત મુનિના લક્ષણ નથી છતાં મુનિ નામ ધરાવે તે મુનિનો વૈરી થયો. બાહ્ય અભ્યંતર લક્ષણ નથી છતાં મુનિ નામ ધરાવે તે વૈરી છે. વળી એ પ્રમાણે જ સ્થાપના થતી હોય તો પોતાને અરહંત પણ મનાવે પણ તેમની સ્થાપના હોય તો બાહ્યથી તો એ પ્રમાણે જ થતાં હોય પરંતુ તે નિર્ગ્રંથ અને આ ઘણા પરિગ્રહનો ધારક છે ત્યાં એમ કેવી રીતે બને ? પ્રતિમા પણ બાહ્યથી સરખી હોવી જોઈએ. મુનિ તો નિર્ગ્રંથ છે. વેશધારીઓ તો ઘાસ વાપરે છે, કપડાં રાખે છે. ઘણા પરિગ્રહના ધારક છે ત્યાં એમ કેવી રીતે બને ? આગમ અનુસાર ૨૮ મૂળગુણનું પાલન હોવું જોઈએ.

## વર્તમાન વેશધારીઓમાં ૨૮ મૂળગુણ પાલનના ઠેકાણાં નથી માટે તેઓ મુનિ નથી.

**પ્રશ્ન** : આ કાળમાં શ્રાવક પણ જેવા સંભવે તેવા નથી. તો જેવા શ્રાવક તેવા મુનિ. ‘‘જહલો જોગી તેવી માલી મકવાણી’’ એમ માની લઈએ તો ?

**ઉત્તર** : શાસ્ત્રમાં શ્રાવક સંજ્ઞા તો સર્વ ગૃહસ્થ જૈનોને છે. શ્રેણીક અસંયમી હતો છતાં તેને ઉત્તરપુરાણમાં ઉત્તમ શ્રાવક કહ્યો. બાર સભામાં શ્રાવક કહ્યા ત્યાં તેઓ બધા વ્રતધારી ન હતા. જો તેઓ સર્વ વ્રતધારી હોત તો અસંયમી મનુષ્યોની જુદી સંખ્યા કહેત પણ તેમ કહી નથી. માટે ગૃહસ્થ જૈન તો શ્રાવક નામ પામે છે પરંતુ મુનિ સંજ્ઞા બાહ્ય અભ્યંતર દશા વિના કહી નથી. સમ્યગ્દષ્ટિને વ્રત નથી છતાં શ્રાવક નામ પામે છે. હા, એટલું ખરું મદ્ય, માંસ, મદિરા અને પાંચ ઉદુમ્બર



ફળોનું ભક્ષણ શ્રાવકોને નથી. તેથી શ્રાવકને તો આઠ મૂળગુણ કહે છે. અસંયમી હોય છતાં તેનામાં કોઈ પ્રકારે પણ શ્રાવકપણું સંભવે છે પણ મુનિને ૨૮ મૂળગુણનું પાલન છે. મુનિને વસ્ત્ર રહિતપણું ને ઊભા ઊભા આહાર હોય છે. એક મોરપીંછ અને કમંડળ હોય છે. કરવું, કરાવવું અને અનુમોદન એમ નવ પ્રકારે હિંસાદિનો ત્યાગ છે. વર્તમાન વેશધારીમાં આ ગુણો દેખાતા નથી માટે તેનામાં મુનિપણું સંભવતું નથી.

## પરિગ્રહ સહિત દશામાં મુનિપણું સંભવતું નથી.

વળી ગૃહસ્થદશામાં તો પૂર્વે જંબુકુમારાદિકે ઘણા હિંસાદિ કાર્ય કર્યા સાંભળવામાં આવે છે. સ્ત્રી સાથે વિષયો ભોગવે, સમકિતીને અબજો રૂપિયાના ધંધા હોય છતાં તેથી સમકિત કે શ્રાવકપણું જાતું નથી પણ મુનિ થઈને હિંસાદિ કાર્ય કર્યા નથી, પરિગ્રહ રાખ્યા નથી, માટે મુનિ થઈને આવા કામ કરવા સંભવતા નથી. જે વસ્ત્ર-પાત્ર રાખે તે જિજ્ઞાસુ મુનિ નથી પણ મુનિનો વિરોધી છે. માટે એવી યુક્તિ કાર્યકારી નથી. મુનિને નવ પ્રકારે ત્યાગ છે માટે મુનિની જાત જુદી છે.

## કુવેશ ધારણ કરી મુનિ કહેવડાવે તે ભ્રષ્ટ છે અને વંદનાદિ યોગ્ય નથી.

જુઓ, શ્રી આદીનાથજી સાથે ચાર હજાર રાજાઓ દીક્ષા લઈ પાછળથી ભ્રષ્ટ થયા. ત્યારે દેવો તેમને કહેવા લાગ્યા કે નગ્ન દશા ધારણ કરી કાચા પાણી તથા ફળ ફૂલ લેશો અને અન્યથા પ્રવર્તશો તો તો દંડ આપશું. જિનલિંગ છોડી તમારી ઈચ્છા હોય તેમ કરો. માટે વીતરાગી સાધુ કહેવડાવી અન્યથા પ્રવર્તે તો તે દંડ યોગ્ય છે. તો વંદનાદિ યોગ્ય કેવી રીતે હોય ? ઘણું શું કહીએ. જૈનમતમાં મુનિની ભૂમિકાને યોગ્ય જૈન વેશ નથી ને મુનિ થઈ કુવેશ ધારે છે તે મહા પાપ ઉપજાવે છે. છતાં તેને સાધુ માની સેવા કરે છે તે પાપી છે. પદ્મપુરાણમાં એક કથા છે કે કોઈ ચારણ મુનિ કારતક વદ ૧ ના રોજ આવ્યા તેથી કોઈ શ્રેષ્ઠ ધર્માત્માને શંકા પડી આટલા નજીકમાં મુનિ નહિ જોએલા. આ એકાએક ચોમાસું પુરૂં થતાં એક દિવસમાં ક્યાંથી આવ્યા ? એવી શંકા પડી તેથી આહાર ન આપ્યો. ભ્રમથી ભ્રષ્ટ જાણીને પણ આહાર ન આપ્યો આ તો પ્રત્યક્ષ ભ્રષ્ટ. જેના ૨૮ મૂળગુણના પાલનના ઠેકાણાં નથી તેની નવધા ભક્તિ કરવી ને આહાર દાનાદિક આપવા સંભવતા નથી.

## લોક લજ્જા ખાતર કુલિંગીને નમસ્કાર કરવા યોગ્ય નથી.

**પ્રશ્ન** : અમારા અંતરમાં શ્રદ્ધાન તો સત્ય છે પરંતુ બાહ્ય લજ્જાદિ વડે માત્ર શિષ્ટાચાર કરીએ છીએ. ફળ તો અંતરંગનું થશે. સમાજ, નાત અને કુટુંબથી જુદા પડી ક્યાં જવું ? એકલા હોય તેણે શું કરવું ? લોકના ભય અને લોકના શિષ્ટાચાર ખાતર વંદન કરવું પડે ને ?

**ઉત્તર** : કુંદકુંદ આચાર્યદેવે અષ્ટપાહુડમાં દુનિયાની આબરૂ અને સમાજની બીકથી વંદનનો નિષેધ

કર્યો છે. ૨૮ મૂળગુણ પાલનના ઠેકાણાં નથી તેને વંદન સંભવે નહિ. વળી કોઈ બળાત્કારથી મસ્તક નમાવી હાથ જોડાવતો હોય ત્યારે તો એમ સંભવે કે અમારું અંતરંગ નહોતું. પણ પોતે જ જ્યાં માનાદિ વડે નમસ્કારાદિ કરે ત્યાં અંતરંગ શ્રદ્ધા કેમ ન કહેવાય ? વસ્ત્રધારી મુનિ નામ ધરાવે તે પ્રત્યક્ષ ભ્રષ્ટ છે. વસ્ત્રધારી નિર્ગ્રંથ નામ ધરાવે તે ભ્રષ્ટ છે તેનો સવાલ નથી પણ નગ્ન હોય છતાં વિધિ પ્રમાણે આચરણ નથી તેમને વંદન કરવું યોગ્ય નથી. માનાદિ વડે નમસ્કારાદિ કરે ત્યાં અંતરંગ શ્રદ્ધા કેમ ન કહેવાય ?

### જેની દૃષ્ટિ તથા બાહ્ય આચરણ ખોટા છે તેવા મિથ્યાદૃષ્ટિ મુનિને મન, વચન, કાયા, અપવાદિક ઉપકરણ પણ કહેવાતા નથી.

નિમિત્ત ને વ્યવહારથી ધર્મ થાય એવી પ્રરૂપણા કરે તે કુલિંગી છે. મુનિને મન, વચન, કાયાને ઉપકરણ કહ્યા છે. ભગવાનનો વિનય કરે તેમાં મન ઉપકરણ છે ને ભગવાનની સ્તુતિ કરે તેમાં વચન ઉપકરણ કહ્યું છે. પ્રવચનસારમાં એ વાત કરી છે. ચરણાનુયોગ ચૂલિકામાં ગાથા ૨૨૫ની ટીકામાં કહ્યું છે "આમાં જે અનિષિદ્ધ ઉપધિ અપવાદ છે તે બધોય ખરેખર એવો જ છે કે જે શ્રામણ્ય પર્યાયના સહકારી કારણ તરીકે ઉપકાર કરનારો હોવાથી ઉપકરણ ભૂત છે બીજો નહિ. તેના વિશેષો આ પ્રમાણે છે.

૧) સર્વ આહાર્ય રહિત સહજ રૂપથી અપેક્ષિત એવા (સર્વ આહાર્ય રહિત) યથાજાતરૂપપણાના લીધે જે બહિરંગ લિંગભૂત છે એવા કાય પુદ્‌ગલો

૨) જેમનું શ્રવણ કરવામાં આવે છે એવા તત્કાળ બોધક ગુરુ વડે કહેવામાં આવતા આત્મતત્ત્વ બોધક સિદ્ધ ઉપદેશરૂપ વચન પુદ્‌ગલો તેમજ

૩) જેમનું અધ્યયન કરવામાં આવે છે એવા નિત્યબોધક અનાદિ નિધન શુદ્ધ આત્મતત્ત્વને પ્રકાશવામાં સમર્થ શ્રુતજ્ઞાનના સાધનભૂત શબ્દાત્મક સૂત્ર પુદ્‌ગલો

૪) શુદ્ધ આત્મતત્ત્વને વ્યક્ત કરનાર દર્શનાદિક જે પર્યાયોમાં તે રૂપે પરિણમેલા પુરુષો પ્રત્યે વિનીતતાનો અભિપ્રાય પ્રવર્તનારા ચિત્ત પુદ્‌ગલો અપવાદમાર્ગમાં જે ઉપકરણભૂત ઉપાધિનો નિષેધ નથી તેના ઉપરોક્ત ચાર ભેદો છે.

અહીં તાત્પર્ય એ છે કે કાયાની માફક વચન અને મન પણ વસ્તુ ધર્મ નથી. મન, વચન, કાયા અપવાદિક ઉપકરણ કોને માટે ? જેને આત્માનું ભાન છે અને વ્યવહાર ચોખ્ખો પાળે છે તેના માટે મન, વચન, કાયા અપવાદિક ઉપકરણ છે. પણ જે મુનિની દૃષ્ટિ વિપરીત છે ને વ્યવહારે પ્રરૂપણા ખોટી છે તેના મન, વચન ને કાયામાં ઉપકરણના નિમિત્તપણાનો આરોપ આવતો નથી.



મન, વચન, કાયાથી આત્મા જુદો છે એવા આત્મભાનવાળા મુનિને શુભરાગનો વિકલ્પ ઉઠે છે તેને ચિત્ત નિમિત્ત છે. અંતરથી ભાન છે તેવાને મન ઉપકરણ કહેવાય છે. પણ જેની પ્રરૂપણા ખોટી છે તેના મન, વચન, ઉપકરણ નિમિત્ત કહેવાતા નથી.

### સાચા શ્રદ્ધાનીએ લોક લજ્જાદિ ખાતર પણ કુગુરુને નમસ્કાર કરવા નહિ.

જેમ કોઈ પોતાના અંતરંગમાં તો માંસને બુરું જાણે છે પણ રાજાને સારું લગાડવા માંસાદિ ખાય તો તે વ્રતી નથી, તે ત્યાગી નથી. તેમ કોઈ પોતાના અંતરંગમાં તો કુગુરુ સેવનને બૂરું જાણે છે પણ તેને તથા લોકોને ભલું મનાવવા અર્થે તેનું સેવન કરે તો તેને સાચો શ્રદ્ધાની કેવી રીતે મનાય? વીતરાગમાર્ગ અનાદિનો સનાતન માર્ગ સાચો છે. વસ્ત્રસહિત મુનિપણું મનાવે તે મિથ્યાદૃષ્ટિ છે. ઉઘાડે પગે ચાલે, ઉના પાણી પીએ, બ્રહ્મચર્ય પાળે, એટલા તો સારા ને ? <u>સમાધાન</u> : બગડેલું દૂધ મોળી છાસથી પણ જાય, બગડેલું દૂધ છાસની જેમ ખાવામાં કામ ન આવે. માટે કુલિંગ સાધુ શ્રાવક કરતાં નીચા છે. શ્રાવક તો ધર્મને રસ્તે છે. વિરુદ્ધ સ્વરૂપવાળા સાધુને માનવાથી નુકસાન થાય માટે તેવાને સાચો શ્રદ્ધાની કહેવાય નહિ. ગૃહસ્થો નિર્ગ્રંથપણાની ભાવના ભાવી શકે પણ વસ્ત્ર સહિત નિર્ગ્રંથપણું ન હોય. તેથી જે શ્રદ્ધાન સહિત જીવ છે તેમણે તો કોઈ પ્રકારથી પણ એ કુગુરુઓની સેવા સુશ્રુષાદિ કરવી યોગ્ય નથી. એ પ્રમાણે કુગુરુ સેવનનો નિષેધ કર્યો.

### ધર્માત્મા વીતરાગભાવને શ્રેષ્ઠ માને છે તેથી મિથ્યાદૃષ્ટિ ગુરુને નમસ્કાર કરે નહિ.

**પ્રશ્ન** : કોઈ તત્ત્વશ્રદ્ધાનીને એ કુગુરુ સેવનથી કેવી રીતે મિથ્યાત્વ થયું ?

**ઉત્તર** : જેમ શીલવતી બ્રહ્મચારીણી સ્ત્રી પોતાના પતિ સિવાય પરપુરુષ સાથે રમણક્રિયા બિલકુલ કરે નહિ તેમ સમકિતી પુરુષ પોતાના સુગુરુની માફક કુગુરુને નમસ્કાર ક્રિયા બિલકુલ કરે નહિ. ધર્માત્મા કુગુરુને નમસ્કાર કરે નહિ. કુગુરુને નમસ્કાર કરવાથી સમ્યગ્દર્શનમાં અતિચાર લાગે છે. ધર્માત્માને સાતે તત્ત્વની નિર્મળ શ્રદ્ધા થઈ છે. જીવને જ્ઞાયક તરીકે જાણે છે, અજીવને અજીવ જાણે છે, અશુદ્ધતાને આસ્રવ જાણે છે, અંશે શુદ્ધતાને સંવર, નિર્જરા જાણે છે, પૂર્ણ શુદ્ધતાને મોક્ષ જાણે છે. આમ સાતેને યથાર્થ જાણે છે. અનંતા જીવો તથા અનંતા પરમાણુ ભિન્ન ભિન્ન છે તેમ સ્વીકારે છે. પાપને પાપ માને છે. મિથ્યાદૃષ્ટિ એકલા આત્માની વાતુ કરે છે. તેને સમકિત હોઈ શકે નહિ. એકલા જીવ નહિ પણ સાત તત્ત્વો પૃથક્ માને છે. જીવથી અજીવ નહિ, આસ્રવથી સંવર નહિ એમ પૃથક્ માને છે. વળી ત્યાં રાગભાવનો નિષેધ શ્રદ્ધે છે. સમકિતીને પુણ્ય-પાપના ભાવ થાય છે. જો પુણ્ય-પાપ ભાવ ન થાય તો કેવળી થઈ જાય. પણ અધૂરી દશામાં પુણ્ય-પાપ ભાવ થાય તેને હેય માને છે અને સ્વભાવના અવલંબને વીતરાગભાવને શ્રેષ્ઠ માને છે. માટે વીતરાગી શ્રદ્ધા,

જ્ઞાન, ચારિત્ર થયેલ છે તેવા ગુરુને વંદન કરે છે ને તેવા ગુરુની સેવા કરે છે. જેનામાં મિથ્યાત્વાદિભાવ પડ્યા છે તેને ગુરુ કે સાધુ માની નમસ્કારાદિ કદી પણ કરે નહિ.

**કુગુરુને વંદન કરવામાં મિથ્યાત્વનો દોષ લાગે છે.**

**પ્રશ્ન** : મોટા રાજા મિથ્યાદૃષ્ટિ હોય ને દિવાન કે ગૃહસ્થ સમકિતી હોય તો તે રાજાને નમસ્કાર કરે છે. તેમ આમને પણ કરીએ છીએ.

આમ દલીલ કરી અજ્ઞાનીને પોતાના સંપ્રદાયની ઊંધી માન્યતા રાખીને સાધુપણું રાખવું છે.

**ઉત્તર** : માબાપ, રાજા આદિ કાંઈ ધર્મપદ્ધતિમાં નથી. ગુરુનું સેવન તો ધર્મની પરંપરામાં છે. રાજા માંસાહારી હોય ને પ્રજાજન આવકાર આપે તેથી શું થયું ? તે રાગનો દોષ છે, શ્રદ્ધાનો દોષ નથી. રાજાને વંદન કરવાનો ભાવ અશુભ છે. તે ચારિત્રનો દોષ છે પણ મિથ્યાત્વનો દોષ નથી. પણ કુગુરુને વંદન કરવામાં મિથ્યાત્વનો દોષ છે.

**માગશર વદ ૬, બુધવાર, ૧૫-૧૨-૫૪.**

**કુગુરુને નમસ્કાર કરવામાં શ્રદ્ધાનો દોષ છે.**

કુદેવ, કુગુરુ ને કુધર્મને સેવે છે તેને ગૃહીત મિથ્યાત્વ કહે છે. તેને અગૃહીત મિથ્યાત્વ હોય જ છે. અહીં ગુરુની વાત ચાલે છે. અંતરના ભાન સહિત ચારિત્રદશાવાળાને મુનિ કહે છે. તે બાહ્ય અભ્યંતર નિર્ગ્રંથ હોય છે. આ એક જ મુનિમાર્ગ છે. હવે તેવા મુનિ નથી પણ આચારમાં દોષ લગાવે છે. તેવાને નમસ્કાર કરવામાં શો દોષ છે ? એમ અહીં પ્રશ્ન પૂછે છે. વીતરાગમાર્ગમાં વસ્ત્ર પાત્ર પૈસાની જેમ પરિગ્રહ છે. આવા પરિગ્રહ રહિત મુનિને મુનિ કહેવામાં આવે છે. માતાએ જન્મ્યો તેવા નગ્ન હોવા જોઈએ. આનંદના અમૃતના અનુભવ અતીન્દ્રિય આનંદ સિદ્ધના જેવા અંશે આનંદ લેતા હોય ને બાહ્ય દ્રવ્યલિંગ યથાર્થ હોય તેવા મુનિ સાચા છે. તે સિવાય બીજાને નમસ્કાર કરવામાં શો વાંધો છે ? <u>સમાધાન</u> : ગુરુનું સેવન તો ધર્મપદ્ધતિમાં છે. માટે વસ્ત્ર સહિત મુનિ ન હોય. વીતરાગમાર્ગમાં એવું હોઈ ન શકે. મુનિ યથાજાત હોવા જોઈએ. મિથ્યાત્વ સહિત ત્રણ કષાયનો અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન ને પ્રત્યાખ્યાન કષાયનો નાશ થાય છે. એટલે અકલાપી આનંદદશા આવે છે. હે મુનિ! તારા ચરણકમળમાં મારો નમસ્કાર એમ ગણધર નમસ્કાર મંત્ર બોલતી વખતે બોલે છે. -એ પદ અલૌકિક છે. તેને નગ્નદશા હોય છે. શૌચ માટે કમંડળમાં પાણી રાખે ને દયા માટે મોરપીંછ રાખે. આ એક જ માર્ગ છે. મહાવિદેહમાં આ એક જ ધોખમાર્ગ છે.

આત્મજ્ઞાની ગૃહસ્થી હોય છે તેને આત્માનું ભાન છે. શરીર, મન, વાણી જડ છે. તેથી આત્મા



જુદો છે એમ આત્માનો અનુભવ કરતો હોય તે આત્મજ્ઞાની ગૃહસ્થી નોકરી માટે મિથ્યાદૃષ્ટિ રાજા પાસે જાય અને નમસ્કાર કરે તો તે ચારિત્ર દોષ છે પણ મિથ્યાત્વનો દોષ નથી. પણ જેને વ્યવહારના ઠેકાણાં નથી, ૪૬ દોષ રહિત આહાર લેતા નથી, સદોષ આહાર લ્યે છે તેવાને ગુરુ માની નમસ્કાર કરવામાં શ્રદ્ધાનો દોષ છે.

કુંદકુંદ આચાર્ય આઠ દિવસ મહાવિદેહમાં ધર્મ-દેશના સાંભળી આવ્યા પછી સમયસારાદિ ગ્રંથો રચ્યા છે. તેનાથી વિરુદ્ધ ગુરુને માનવા તે શ્રદ્ધાનો દોષ છે. ભગવાન પછી છસો વરસે દુકાળ વખતે શ્વેતાંબર નીકળ્યા અને ૧૫૦૦ વરસે સ્થાનકવાસી નીકળ્યા અને બસો વરસ પહેલાં તેરાપંથી સ્થાનકવાસી નીકળ્યા. માટે વીતરાગ માર્ગથી વિરુદ્ધ મુનિને મુનિ માનવા ને નમસ્કાર કરવા તે શ્રદ્ધાનો દોષ છે. મુનિ સિંહ સમાન છે. કેવળજ્ઞાન લેવાની તૈયારીવાળા છે. તેવા સાધુ હોય છે તે સિવાયના બીજાને મુનિ માનવા તે શ્રદ્ધાનો દોષ છે.

**મુનિનું વિપરીત સ્વરૂપ માનનારને તત્ત્વશ્રદ્ધાન હોઈ શકે નહિ.**

લજ્જાને કારણે વિપરીત માર્ગ ચલાવ્યો છે. વિરુદ્ધ પ્રરૂપણા કરનારને સંત માનવા, પાંચમા પરમેષ્ઠી પદ એટલે સાધુ પદમાં ભેળવવા તે તત્ત્વથી વિરુદ્ધ છે. તેવા વિરુદ્ધને માને તે ગુરુનો વૈરી થયો. જેણે કારણમાં વિપરીતતા ઉપજાવી તેને કાર્યમાં વિપરીતતા વર્તે છે. એટલે તત્ત્વશ્રદ્ધાન હોતું નથી. માટે તેવાને મિથ્યાત્વ રહેલું છે. વસ્ત્ર-પાત્ર સહિત મુનિપણું માને, મનાવે અને તેના શાસ્ત્રને માનવા તે મિથ્યાત્વનું પોષણ છે. બે હજાર વરસ પહેલાં શ્વેતાંબર નીકળ્યા, ૪૫ સૂત્રના કરનાર તે શ્વેતાંબર હતા. તે શાસ્ત્રો ત્રિલોકનાથની વાણી મુજબ નથી. ત્રિલોકનાથની વાણી બીજી હતી. આચારાંગ આદિ વિચ્છેદ થયેલ હતા. પછી સમયસાર, અષ્ટપાહુડ આદિ કુંદકુંદાદિ આચાર્યે અનુભવ સહિત લખેલ છે. આ પ્રમાણ કુગુરુઓનું નિરૂપણ કર્યું.

**હવે કુધર્મનું નિરૂપણ કરીએ છીએ. કુધર્મ નિરૂપણ અને નિષેધ.**

ત્રિલોકનાથ ભગવાનને આહાર આદિ માનવા તે કુદેવનું સ્વરૂપ છે. વસ્ત્ર પાત્ર સહિત મુનિપણું માનવું તે કુગુરુનું સ્વરૂપ છે. રાગ રહિત અહિંસાથી વિરુદ્ધ માનવું તે કુધર્મનું સ્વરૂપ છે.

**વિષયકષાયોની વૃદ્ધિ થાય ત્યાં ધર્મ માનવો તે કુધર્મ છે.**

આત્માના પરિણામમાં હિંસાના પરિણામ થાય છે તે કષાય છે. ભગવાનની ભક્તિના, દયાના પરિણામ તથા એકેન્દ્રિયાદિને મારવાના હિંસાના ભાવ તે કષાય છે. એક શુભ કષાય છે અને એક અશુભ કષાય છે. તીવ્ર કષાયના પરિણામમાં પુણ્ય અથવા ધર્મ માનવો તે કુધર્મ છે. આત્મા પરદ્રવ્યની ક્રિયા કરી શકતો નથી. આ આત્મા બીજા જીવની દયા પાળી શકે છે એમ માનવું મિથ્યાત્વ છે.

આત્મા પરની ક્રિયા કરી શકે છે એમ માનનાર ઈશ્વરને જગત્કર્તા માનનારની જેમ મિથ્યાદષ્ટિ છે.

અહીં પર ક્રિયાની વાત નથી. અહીં પરિણામની વાત છે. વિષય કષાયોની વૃદ્ધિ થાય ત્યાં ધર્મ માનવો તે કુધર્મ જાણવો. યજ્ઞાદિ ક્રિયામાં મહા હિંસાદિ ઉપજાવે, મોટા જીવોનો ઘાત કરે ત્યાં ઈન્દ્રિયોના વિષય પોષણ કરે તે જીવો પ્રત્યે દુષ્ટબુદ્ધિ કરી રૌદ્રધ્યાની થાય. તીવ્ર લોભથી અન્યનું બૂરૂં કરી પોતાનું કોઈ પ્રયોજન સાધવા ઈચ્છે અને વળી એવા કાર્ય કરી ત્યાં ધર્મ માને તે સર્વ કુધર્મ છે.

ચિદાનંદ આત્માની ખબર નથી, પુણ્ય-પાપ વિકાર છે. શરીરાદિ અજીવ છે, આમ ભિન્ન ભિન્નતાની ખબર નથી ને વિષય કષાયાદિમાં ધર્મ માને તે અધર્મ છે.

## તીર્થસ્થાનમાં સ્નાન કરી ધર્મ માનવો કુધર્મ છે.

વળી તીર્થસ્થાન વા અન્ય ઠેકાણે સ્નાનાદિ કાર્ય કરે, મારા પરિણામ તીવ્ર છે કે મંદ છે એ ખબર નથી, તે પરિણામ રહિત મારો સ્વભાવ ચિદાનંદ છે એવી ખબર નથી ને સ્નાનાદિ કરી નાના મોટા ઘણા જીવોની હિંસા થાય, પોતાના શરીરને સુખ ઉપજે, વિષય પોષણ થાય તેથી કામાદિ વધે ને કુતૂહલાદિ વડે ત્યાં કષાયભાવ વધારે છતાં ત્યાં ધર્મ માને તે પણ કુધર્મ છે.

## સંક્રાતિને પર્વ માની દાનમાં ધર્મ માનવો તે કુધર્મ છે.

વળી સંક્રાતિમાં દાન આપી ધર્મ માનવો અને વ્યતિપાતાદિમાં દાન આપે. ગ્રહણ વખતે દાન આપીને ધર્મ માનવો તે અધર્મ છે. અમારે પનોતિ બેઠી છે એમ માને તે મિથ્યાત્વ છે. પાત્ર જાણીને લોભી પુરુષોને પણ દાન આપે. દાનમાં સોનું, હાથી, ઘોડા અને તલ આદિ વસ્તુઓ આપે પણ સંક્રાતિ આદિ પર્વ કાંઈ ધર્મરૂપ નથી. માત્ર જ્યોતિષીના સંચારાદિ વડે(ગમનાગમન વડે) સંક્રાતિ આદિ થાય છે. દુષ્ટ ગ્રહાદિ અર્થે આપ્યું તથા લોભાદિકની અધિકતા થઈ તેથી ત્યાં દાન આપવામાં ધર્મ નથી. આત્માનું ભાન કરવું તે નિશ્ચય ધર્મ છે એવી દષ્ટિ હોય તો શુભભાવ વ્યવહાર ધર્મ છે.

## અપાત્ર લોભી જીવોને દાન આપી ધર્મ માનવો તે અધર્મ છે.

વળી લોભી પુરુષો દાન આપવા યોગ્ય પાત્ર નથી કારણ કે લોભી અનેક પ્રકારની અસત્ય યુક્તિઓ વડે ઠગે છે પણ કાંઈ ભલું કરતો નથી. ભલું તો ત્યારે થાય કે જ્યારે આના દાનની સહાય વડે ધર્મ સાધે.

અતીન્દ્રિય આનંદ સ્વરૂપ મન-વાણી-દેહથી પાર પોતાના સ્વરૂપને સાધે તે સાધુ છે એવી ખબર નથી. હું ચિદાનંદ છું, મન-વાણી પુદ્ગલ છે. દયા-દાનાદિ મંદ વિકાર છે. હિંસા તીવ્ર વિકાર છે. એ વિનાના આત્માના ભાનવાળાને ધર્મ થાય છે. પરંતુ તે તો ઉલટો પાપરૂપ પ્રવર્તે છે. હવે પાપના સહાયકનું ભલું કેવી રીતે થાય ?



## પાત્ર દાન વિના અન્ય દાનમાં ધર્મ માનવો તે સર્વ કુધર્મ છે.

શ્રી રયણસાર શાસ્ત્રમાં પણ કહ્યું છે કે મુનિ ઉત્કૃષ્ટ પાત્ર છે, સમકિતી જઘન્ય પાત્ર છે. તેવા સત્પુરુષોને દાન આપવું એ કલ્પવૃક્ષોના ફૂલની શોભા જેવું તથા સુખદાયક છે પણ લોભી પુરુષોને દાન આપવું થાય છે. તે શબ અર્થાત્ મડદાની ઠાઠડીની શોભા સમાન જાણવું. શોભા તો થાય પરંતુ ધન આપનાર પરમ દુઃખદાયક થાય છે. માટે લોભી પુરુષને દાન આપવામાં ધર્મ નથી.

વળી દ્રવ્ય તો એવું આપીએ કે જેનાથી તેનો ધર્મ વધે પણ સુવર્ણ, હાથી વગેરે આપવાથી એ વડે હિંસાદિ ઉપજે વા માન લોભાદિ વધે અને તેથી મહા પાપ થાય. તેથી એવી વસ્તુઓ આપવાવાળાને પુણ્ય ક્યાંથી થાય ? આત્માના ભાન વિનાના લોભીને આપવામાં પાપ છે. સાચા પાત્રને દાન આપે તો પણ પુણ્ય છે, ધર્મ નથી.

વળી અજ્ઞાની જીવો વિષય કષાય પોષવા રતિદાનાદિમાં પણ પુણ્ય ઠરાવે છે. પણ પ્રત્યક્ષ કુશીલતાદિ પાપ જ્યાં થાય ત્યાં પુણ્ય કેવી રીતે થાય ? કોઈ કન્યાદાન આપવામાં પુણ્ય માને છે. યુક્તિ મેળવવા તે કહે છે તે સ્ત્રી સુખ પામે છે. પણ સ્ત્રી વિષય સેવન કરવાથી સુખ અવશ્ય પામે તો પછી શીલનો ઉપદેશ શા માટે આપ્યો ? રતિ સમય વિના પણ તેના મનોરથ અનુસાર ન પ્રવર્તે તો તે દુઃખ પામે છે. માત્ર એવી અસત્ યુક્તિ બનાવી તેઓ વિષય પોષવાનો ઉપદેશ આપે છે. એ પ્રમાણે દયાદાન અને પાત્રદાન વિના અન્નદાન આપી ત્યાં ધર્મ માનવો તે સર્વ કુધર્મ છે.

## વ્રત નામ ધરાવી હિંસાદિ પ્રવૃત્તિ કરે અને ફળને ઈચ્છે તેને અધર્મ થાય છે.

વળી કોઈ વ્રતી નામ ધરાવી હિંસાદિક વા વિષયાદિક વધારે છે પણ વ્રતાદિક તો હિંસા અને વિષય કષાય ઘટાડવા માટે છે. આત્માના ભાનવાળાને વ્રત હોય છે. આનંદમાં લીન થતો હોય ને અતીન્દ્રિય આનંદ વધતો હોય તેને વ્રત હોય છે. એવું ભાન તો નથી પણ ઉલટો હિંસામાં પ્રવર્તે છે.

જ્યાં અન્નનો તો ત્યાગ કરે પણ સકરકંદ ખાય, કંદમૂળ ખાય, તો ત્યાં હિંસા વિશેષ થાય છે. તથા આલુ આદિ ખાવામાં સ્વાદની વિશેષતા થઈ. તે ઉપવાસ ન કહેવાય. વળી કોઈ જીવ દિવસમાં ન ખાય ને રાત્રે ભોજન કરે હવે દિવસ ભોજન કરતાં રાત્રિભોજનમાં વિશેષ હિંસા પ્રત્યક્ષ દેખાય છે તથા પ્રમાદ થાય છે.

વળી કોઈ વ્રત લ્યે છે અને નવા કપડા પહેરે છે, કુતુહલ કરે છે. આહાર છૂટવો તે તો જડની ક્રિયા છે. મારાથી આહાર છૂટે છે એમ માનનાર અજીવની ક્રિયા જીવથી થઈ માને છે તેને વ્રત

ન હોય. ઉપવાસ કરી સોગઠાંબાજી રમે ઈત્યાદિ પાપરૂપ પ્રવર્તે, ઉપવાસ કરી ફળ ઈચ્છે છે, પ્રતિકૂળતા દૂર કરવા ઈચ્છે છે. ત્યાં તો માત્ર કષાયની જ તીવ્રતા થઈ વ્રત નહિ હોવા છતાં વ્રત માને છે તેને અધર્મ છે.

### ભક્તિ આદિમાં હિંસાદિ પાપ વધારી ધર્મ માનવો તે કુધર્મ છે.

વળી કોઈ ભક્તિ આદિ કાર્યોમાં હિંસાદિ પાપ વધારે છે. ગીત-નૃત્યાદિક, ઈષ્ટ ભોજનાદિક અન્ય સામગ્રીઓ વડે વિષયોને પોષણ કરે છે. કુતૂહલ પ્રમાદિરૂપ પ્રવર્તે છે ત્યાં તે પાપ તો ઘણું ઉપજાવે પણ કાંઈ ધર્મ સાધતા નથી. છતાં ત્યાં ધર્મ માને તે સર્વ કુધર્મ છે. શુભભાવ કરે તો પુણ્ય થાય છે પણ બાહ્યક્રિયાથી પુણ્ય માને છે. પોતાના પરિણામ કેવા છે તેની ખબર નથી. રાગની મંદતાને ઓળખે નહિ, તીવ્ર કષાયને પુણ્ય માને, પુણ્યને ધર્મ માને તે બધો અધર્મ છે.

### પંચાગ્નિ તપ આદિમાં ધર્મ માનવો તે કુધર્મ છે.

વળી કોઈ શરીરને તો કલેશ ઉપજાવે, હિંસાદિક નીપજાવે વા કષાયાદિરૂપ પ્રવર્તે છે. જેમ કોઈ પંચાગ્નિ તાપે છે પણ ત્યાં અગ્નિ વડે નાના મોટા જીવો સળગી જઈ હિંસાદિ વધે છે એમાં ધર્મ શો થયો ? કોઈ ઊંધે માથે લટકે, બાર વરસ સુધી ઊભા રહે, ઊભા ઊભા સૂવે પણ આત્મા કોને કહેવાય, પુણ્ય કોને કહેવાય વગેરે તત્ત્વના ભાન વિના આવી ક્રિયાથી કલેશ થાય છે. તેથી એ કાંઈ ધર્મના અંગ નથી.

### નવ તત્ત્વના ભાનપૂર્વક રાગ નહિ ઘટાડતાં માત્ર બાહ્યક્રિયામાં ધર્મ માને તે કુધર્મ છે.

વળી કોઈ પવન સાધના કરે છે, ત્યાં નેતી ધોતી આદિ કાર્યોમાં જલાદિ વડે હિંસાદિ ઉપજે છે. કોઈ ચમત્કાર ત્યાં ઉપજે પણ ધર્મ સાધન નથી -અનેક પ્રકારના કલેશ તો કરે છે. અંતરમાં સ્વભાવની દૃષ્ટિ ને લીનતાપૂર્વક રાગ ઘટાડતા નથી. ચિદાનંદ આત્માનું ભાન ને લીનતા કરતો નથી. તેથી નિરર્થક કલેશ કરી ત્યાં ધર્મ માને છે પણ એ કુધર્મ છે. એક સમયમાત્ર કષાય રહિત થતો નથી. શરીર, મન, વાણીને હુ હલાવી શકું છું, હું બોલી શકું છું એમ માની અજીવને જીવ માને છે તેને કષાય ઘટતો નથી. કષાયભાવમાં કોમળતા થતી નથી. તીવ્રતાને પુણ્ય માને છે. દયા-દાનાદિમાં મંદ રાગ છે, પુણ્ય છે તેને ધર્મ માને છે. આમ અનંતાનુબંધીનો કષાય કરે છે. આ હું છોડું એવો અભિપ્રાય મિથ્યાદૃષ્ટિનો છે. આત્મા આનંદકંદ છે એવી શ્રદ્ધા કરતાં મિથ્યા ભ્રાંતિ નાશ પામે છે ને સ્વરૂપમાં ઠરતા રાગની ઉત્પત્તિ થતી નથી. રાગને છોડું એ પણ પર્યાયબુદ્ધિ છે. તો પછી રૂપી પદાર્થને છોડું એ મિથ્યા અભિપ્રાય છે. આ પરપદાર્થને છોડવાવાળાની માન્યતાવાળાને પર પ્રત્યે દ્વેષ વર્તે છે.



અમારે આટલું કરવું પડે. સંવત્સરીના ઉપવાસ ન કરીએ તો શ્રાવક ન કહેવાય એમ માન સેવે છે. જીવ-અજીવ બે દ્રવ્ય છે અને પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એમ સાત અવસ્થા છે. આસ્રવ-બંધ મલિન અવસ્થા છે ને સંવર-નિર્જરા-મોક્ષ નિર્મળ અવસ્થા છે. દ્રવ્ય કોણ છે, મલિન અને નિર્મળ પર્યાય શું છે તેની ખબર નથી એવા જીવને ધર્મ થતો નથી.

### ઈષ્ટની પ્રાપ્તિ માટે તપ કરે તે બધો અધર્મ છે.

વળી કોઈ આ લોકમાં દુઃખ સહન ન થવાથી પરલોકમાં ઈષ્ટની ઈચ્છાથી બાહ્યક્રિયા કરે છે. પરલોકમાં પૈસા મળશે. અહીં દ્રવ્યચારિત્ર પાળીશું તો દેવ થશું અને મહાવિદેહમાં જશું ને ત્યાંથી ભગવાન પાસે સમકિત પામશું -એમ અજ્ઞાની જીવ કહે છે. મોટી પ્રતિજ્ઞા લઈને ભાંગે છે. સ્વભાવ શું છે તેની ખબર નથી. જગતમાં પૂજા, માન વધારવા પ્રવર્તે છે. સાચા મુનિ તો હિંદુસ્તાનમાં સાંભળ્યા પણ નથી. પંચ પરમેષ્ઠીમાં ભળે એવા સાચા મુનિ હોય છે. તે પરમેશ્વર પદ છે. લોકોએ સાંભળેલ નથી. છઠ્ઠી-સાતમી ભૂમિકાવાળા અને બાહ્ય યથાર્થ આચરણવાળા મુનિ હોય છે તેની લોકોને ખબર નથી. હજી સત્ય શ્રદ્ધાના ઠેકાણાં નથી. જેને સમકિત નથી તેને ઊંડે ઊંડે ઈચ્છા છે.

### દ્રવ્યની મહત્તાના ભાન વિનાનો જીવ અન્ય ઈચ્છાની બળતરામાં જ તપાદિ કરે છે.

આત્માનુશાસનમાં લખેલ છે કે આત્મા પૂર્ણાનંદ છે. તેની અવિકારી સાચી દૃષ્ટિ વિના વ્રત, તપ કરે છે તે બાહ્ય દાહથી કરે છે. તેને બહારની આશા પડી છે. સ્વસન્મુખ દૃષ્ટિ નથી. કર્મ જુદા છે, આત્મા જુદો છે એવું ભાન નથી તે જીવ બાહ્યવ્રત-તપ કરે છે તે બાહ્ય દાહથી કરે છે. આત્માનુશાસનમાં પૃ. ૯૪માં લખે છે જ્યાં દ્રવ્ય કે દ્રવ્યના ગુણોનું કે ગુણોની મહત્તાનું જે જીવને તથારૂપ ભાન નથી તે જીવ કોઈ અન્ય ઈચ્છાની બળતરામાં જ બાહ્ય તપ-સંયમાદિમાં તણાય છે. વિચાર કરતાં આ વાત સહેજે પ્રતીતિમાં આવે એમ છે. એ અજ્ઞાનતપ સંયમાદિ જીવને દેવાદિ પર્યાય આપી પ્રાયે નિષ્ફળ જાય છે.

### કાયા અને કષાયની સાથે એકતા બુદ્ધિવાળો ત્યાગી છ'કાયની હિંસાથી જરા પણ છૂટ્યો નથી.

વળી પ્રવચનસાર ગાથા ૨૩૬માં કહ્યું છે આ લોકમાં ખરેખર સ્યાતકાર જેનું ચિહ્ન છે એવા આગમપૂર્વક તત્ત્વાર્થ શ્રદ્ધાનવાળી દૃષ્ટિથી જે શૂન્ય છે તે બધાને સંયમ જ પ્રથમ તો સિદ્ધ થતો નથી. કારણ કે સ્વ-પરના વિભાગના અભાવને લીધે કાયા અને કષાયો સાથે એકતાનો અધ્યવસાય કરતા એવા તે જીવોને (પોતાને) વિષયોની અભિલાષાનો નિરોધ નહિ થયો હોવાને લીધે છ જીવનિકાયના ઘાતી થઈને સર્વતઃ (બધીયે તરફથી) પ્રવૃત્તિ કરતા હોવાથી તેમને સર્વતઃ નિવૃત્તિનો અભાવ છે. અર્થાત્

એકેક તરફથી જરા પણ નિવૃત્તિ નથી.

ભગવાન આત્મા શરીરની ક્રિયાથી ભિન્ન છે, પુણ્યથી ભિન્ન છે, તેવી ભિન્નતાનું ભાન નથી ને વિષય કષાયોમાં જ છે તેને આત્માનું ભાન નથી ને છ કાયના જીવોનો ઘાત કરી રહ્યો છે. ભલે બાહ્યથી કદાચિત્ પાંચ ઈન્દ્રિયોના વિષયોનો સંયોગ ન દેખાતો હોય છ જીવનિકાયની દ્રવ્યહિંસા ન દેખાતી હોય અને એ રીતે સંયોગથી નિવૃત્તિ દેખાતી હોય તો પણ કાયા અને કષાયો સાથે એકતા માનનારા તે જીવોને ખરેખર પાંચ ઈન્દ્રિયોના વિષયોની અભિલાષાનો નિરોધ નથી. હિંસાનો જરાય અભાવ નથી અને એ રીતે પરભાવથી બિલકુલ નિવૃત્તિ નથી.

આમ અજ્ઞાનીને પરભાવથી બિલકુલ નિવૃત્તિ નથી જો કે ત્યાગી બાહ્યથી એકેન્દ્રિયાદિની હિંસા કરતો નથી તો પણ કર્મ અને શરીરથી આત્મા જુદો છે એવું ભાન નથી. તેથી તે છ'કાયની હિંસાથી બિલકુલ નિવર્ત્યો નથી. પરદ્રવ્યની હિંસા કે અહિંસા કરી શકતો નથી. પોતાના આત્માનો ઘાત કરે છે તે અસંયતિ છે. તેને પાંચ ઈન્દ્રિયોના વિષયોના પરિણામ છૂટ્યા નથી ને છ'કાયની હિંસા છૂટી નથી. માટે અવ્રતનો કરનાર છે. હું પરની દયા પાળી શકું છું એવા મિથ્યાત્વભાવ કરનારને છ'કાયની હિંસા છૂટી નથી.

**સતી અને આપઘાત આદિના કાર્યમાં ધર્મ નથી પણ કુધર્મ છે.**

કોઈ ક્રોધાદિકથી આપઘાત કરે છે. વળી કોઈ પતિ વિયોગથી અગ્નિમાં બળી સતી કહેવડાવે છે. પતિ પાછળ મરવું ધર્મ માને તે મિથ્યાદષ્ટિ છે. કોઈ હિમાલયમાં જઈ ગળી જાય તો ધર્મ માને છે. પાંડવો હિમાલયમાં ગળી ગયા ન હતા પણ પાંચ પાંડવોને આત્માનું ભાન હતું. તેઓ શત્રુંજય જઈ ધ્યાનમાં રહ્યા હતા. તેમાં ત્રણ પાંડવો મોક્ષ ગયા છે અને બે દેવ થયા છે. આત્માના ભાન વિના એક ભવ ઘટતો નથી. કોઈ જીવ કાશીમાં કરવત મુકાવે છે તથા કોઈ જીવતા મરણ(સમાધિ) લ્યે છે. થોડો જીવ બાકી રહ્યો હોય ત્યાં જીવતા દાટી દેવો તે કુધર્મ છે. પણ આપઘાત એ તો મહાન પાપ છે. જો શરીરાદિથી અનુરાગ ઘટ્યો હતો તો તપશ્ચરણ કરવું હતું પણ મરણ પામવામાં કયું ધર્મનું અંગ થયું ?

પાણીમાં પડી મરવું તે અધર્મ છે. તે તીવ્ર મિથ્યાત્વ છે. સ્વામી રામતીર્થે જલસમાધિ લીધી હતી. તે બધો તીવ્ર મિથ્યાત્વનો ભાવ હતો. પાણીમાં પડીને શો લાભ હતો ? તેને સારૂં માનીને અનંતા ભવ વધારે છે. આપઘાત કરવો તે કુધર્મ છે. એ જ પ્રમાણે અન્ય પણ ઘણાં કુધર્મના અંગ છે. અહીં ક્યાં સુધી કહીએ ? જ્યાં વિષય કષાયમાં એટલે પરિણામમાં તીવ્રતા વધવા છતાં ધર્મ માનવામાં આવે તે બધા કુધર્મ છે. જુઓ ! કાળદોષથી જૈનધર્મમાં પણ કુધર્મની પ્રવૃત્તિ થઈ રહી છે. જૈનધર્મમાં જે ધર્મપર્વ કહ્યા છે તેમાં તો વિષય પોષે. છતાં સંયમને આદરતા નથી. આત્માના



ભાન સહિત સ્થિરતા કરતા નથી અને વ્રતાદિ નામ ધરાવી ત્યાં અનેક પ્રકારના શૃંગાર બનાવે છે. ઉપવાસના પારણે મેસુબ ખાય તેને પુણ્ય પણ નથી. તેઓ વ્રતના દિવસે કુતૂહલ કરે છે તથા જુગારાદિ કાર્ય કરે છે ને વિષય કષાય વધારી મહાપાપરૂપ પ્રવર્તે છે.

**પૂજા આદિ પ્રવૃત્તિમાં પરિણામની મંદતાના બદલે હિંસાદિ પાપ ઉપજાવે તે અધર્મ છે.**

વળી સનાતન માર્ગમાં જિનપ્રતિમા અને તેના દર્શન-પૂજા અનાદિથી છે. મુનિઓ પણ ભગવાનના દર્શન કરે છે ને શ્રાવક પૂજા કરે છે. ત્યાં અલ્પ હિંસા હતી પણ ઘણો પુણ્ય લાભ હતો. તેથી પૂજનાદિ કાર્યોનો ઉપદેશ છે પણ તેને બદલે રાત્રિ દીવા કરી ભગવાનનું નામ આપે તે વિરુદ્ધ વાત છે. અશુભથી બચવા માટે ભગવાનની ભક્તિ અને દયા-દાનાદિનો ભાવ આવે છે. કોઈને ભગવાનની પૂજા આદિનો ભાવ આવે ત્યાં તીવ્ર કષાય ઘટાડવા માટે હતો પણ એ કપટ વડે પૂજા પ્રભાવના આદિ કાર્યમાં રાત્રિના દીવા કરી હિંસારૂપ પ્રવર્તે અને આલુ બટાટાનો સંગ્રહ કરે અથવા અયત્નાચાર પ્રવૃત્તિ વડે હિંસાદિરૂપ પાપ તો ઘણું ઉપજાવે પણ સ્તુતિ ભક્તિ આદિ શુભ પરિણામોમાં પ્રવર્તે નહિ વા થોડો પ્રવર્તે તો ત્યાં નુકસાન ઘણું અને નફો થોડો વા કાંઈ નહિ. એટલે એવા કાર્ય કરવામાં તો બુરું જ દેખાય છે. તીર્થંકરની શાશ્વત પ્રતિમા અસંખ્ય છે. તેની ઈન્દ્રો પૂજા-ભક્તિ કરે છે. તે શુભભાવ છે પણ જે જીવો પરિણામની મંદતા કરતા નથી ને માત્ર બાહ્યક્રિયામાં જોડાય છે તેને પુણ્ય પણ થતું નથી.

**માગશર વદ ૭, ગુરુવાર, ૧૬-૧૨-૫૪.**

**પૂજા આદિમાં હેતુ શુભભાવનો છે તે સમજવું જોઈએ.**

આ કુધર્મનો અધિકાર છે. સર્વજ્ઞદેવ કોને કહેવા તથા તેનું સર્વજ્ઞપણું, તેના જ્ઞાન-દર્શન-ચારિત્ર કેવા હોય, તેના પરમ ઔદારિક શરીર કેવા હોય, ક્ષુધા, તૃષાદિ રહિત હોય વગેરેની ઓળખાણ કરી નથી અને વિરુદ્ધ સ્વરૂપ માની કુદેવાદિને માને છે. નિર્ગ્રંથ મુનિ હોય તેથી વિરુદ્ધ માને તે કુગુરુની માન્યતા છે. અહીં કુધર્મ કોને કહે છે તેની વાત ચાલે છે. ભગવાનની પૂજા આદિમાં જરા પાપ થાય છે પણ હેતુ બીજો છે. ગાયને લીલું ઘાસ નાખે છે. ત્યાં લીલોતરી આપવા છતાં ગાયને ઘાસ આપવાના ભાવ શુભ છે, મંદ રાગ છે પુણ્ય છે, પંચેન્દ્રિય જીવને દુઃખ ન થાય સુખ થાય એ હેતુ છે. એવી રીતે સર્વજ્ઞ ભગવાનની ગેરહાજરીમાં મૂર્તિ પૂજા આદિ કરવાનો શુભભાવ છે તે હેતુ સમજવો જોઈએ.

**પુણ્યને પાપ માનનાર તથા પુણ્યને ધર્મ માનનાર બન્ને મિથ્યાદષ્ટિ છે.**

વળી જિનમંદિર શુભભાવનું સ્થાન છે. પ્રતિમાની ભક્તિ પૂજા પુણ્યનું સ્થાન છે. છતાં જિનમંદિરમાં

જઈ કુકથા કરવી અને શયન કરવું તે પાપના પરિણામ છે. અશુભભાવ કરે ને પુણ્ય માને તો મિથ્યાદષ્ટિ છે. અને દયા-દાનાદિના ભાવ પુણ્ય છે તેને ધર્મ માને તો મિથ્યાદષ્ટિ છે. તેમજ પુણ્યને પાપ મનાવે તે પણ મિથ્યાદષ્ટિ છે. એક છોકરું ગાડા નીચે કચડાઈ જતું હોય ને બીજો માણસ હાથ ખેંચીને બચાવે તો પાપ થાય એમ અજ્ઞાની કહે છે. તો તે ખોટી વાત છે. તે પુણ્યનો ભાવ છે. પાંજરાપોળ આદિમાં ઘાસ આપે ને તેને પ્રશંસે તો પાપ લાગે તે ખોટી વાત છે. પાણીના જીવો હણાય છે તેથી તૃષાવંતને પાણી દેવામાં પાપ લાગે તો તે વાત ખોટી છે. અનાદિના મુનિઓ કહે છે કે શ્રાવક મંદિર આદિ બનાવે તો પુણ્ય છે. એનો ખુલાસો કરે છે કે તે પુણ્ય છે, તે પાપ નથી તેમ જ ધર્મ નથી. પુણ્ય-પાપ રહિત આત્માની સમજાણ કરવી તે ધર્મ છે -એમ ખુલાસો કરે. આત્મામાં પુણ્ય-પાપભાવ થાય છે તે વિનાના અકષાય સ્વરૂપ આત્માની સમજાણ કરવી તે ધર્મ છે. પુણ્ય જુદું છે, અજીવ જુદો છે, નવ તત્ત્વો જુદે જુદા છે એમ સમજાણ કરવી જોઈએ. ક્ષુધા તૃષાવાનને રોટલો તથા પાણી આપવામાં જરા હિંસા થાય છે પણ અનુકંપાનો ભાવ છે. તેમ ભગવાનની પૂજા આદિમાં પાણીના જીવની હિંસા થાય છે પણ ભાવ શુભનો, ભક્તિનો છે.

ધર્મ, પુણ્ય અને પાપ ત્રણે પરિણામ જીવના છે. હિંસા, જૂઠું, ચોરીના ભાવ પાપ છે. દયા દાનાદિના ભાવ પુણ્ય છે. પુણ્ય-પાપ રહિત આત્માની શ્રદ્ધા તે ધર્મ છે. પાપને પુણ્ય માને, પુણ્યને પાપ માને, પુણ્યને ધર્મ માને તે વિપરીત શ્રદ્ધા છે.

**ધર્મસ્થાનમાં વિષય કષાયની પ્રવૃત્તિ કરવી યોગ્ય નથી.**

અજ્ઞાની જીવો મંદિરમાં આવી બાગ બગીચાદિ બનાવી પોતાના વિષય કષાય પોષે છે. વળી લોભી પુરુષોને ગુરુ માની દાનાદિ આપે છે. તેની અસત્ય સ્તુતિ કરે છે. તમો ધર્મના દાતાર છો, કેવળી ભગવાન જેવા છો એમ સ્તુતિ કરે. અને પોતે મહંત માને ઈત્યાદિ પ્રકાર વડે પોતાના અશુભભાવ વધારે છે. અશુભભાવને ધર્મ માને છે. પરની ક્રિયા સ્વતંત્ર છે. પોતાને કલીષ્ટ ભાવ વર્તે છે તેની ખબર નથી.

**દયા-દાનાદિના ભાવ અનંતવાર કર્યા પણ આત્મભાન વિના રખડ્યો.**

ધર્માત્માને શુભરાગ હોય છે પણ વ્રતાદિનો શુભરાગ ધર્મ નથી. જૈનધર્મ વીતરાગભાવરૂપ છે. સમ્યગ્દર્શન વીતરાગભાવ, સમ્યગ્જ્ઞાન વીતરાગભાવ છે, સમ્યગ્ચારિત્ર વીતરાગભાવ છે. આમ ત્રણેની એકતા થઈ તે મોક્ષમાર્ગ છે. આ આત્મા જ્ઞાયક છે. શરીર અજીવ છે, પુણ્ય-પાપ વિકલ્પ છે. તે વિનાનું મારું સ્વરૂપ જ્ઞાયક છે. તેના ભાન વિના ધર્મ નથી. પુણ્યથી ધર્મ માને, જાત્રા ભક્તિમાં ધર્મ માને તે મિથ્યાદષ્ટિ છે. દયા-દાનાદિમાં ધર્મ માને, સાચા ગુરુને આહાર આપે ને ધર્મ માને



તે મિથ્યાત્વ છે. આહારદાનનો ભાવ પુણ્ય છે. શરીરની કે પરની ક્રિયા કરી શકે એમ માનવું તે મિથ્યાત્વ છે. બીજાને આહારદાનનો ભાવ રાગ છે, ધર્મ નથી. મુનિને ખીર દેવામાં ધર્મ હોય તો અનંતભવમાં કોઈ વાર દીધી નહિ હોય ? સાચા મુનિને સુપાત્રને દાન આપે. મિથ્યાદષ્ટિ આપે કે સમકિતી આપે તો પુણ્ય છે. બહુ તો જુગલીયામાં જાય છે ને સંસારમાં રખડે છે.

**મુનિવ્રત ધાર અનંતવાર ગ્રૈવેયક ઉપજાયૌ**
**પૈ નિજ આતમજ્ઞાન વિના સુખ લેશ ન પાયૌ**

અનંતવાર સાધુ થયો, ક્રિયાકાંડ પાળી નવમી ગ્રૈવેયકે ગયો પણ આત્માનું ભાન કર્યું નથી. દિગંબર સંપ્રદાયમાં જન્મી મોરપીંછ ને કમંડળ ઘણાં ધારણ કર્યા ને મેરુ પર્વત જેટલા ઢગલા કર્યા. પાંચ મહાવ્રત પાળ્યા. સ્વર્ગ ગયો પણ પાછો નરકમાં પડ્યો કેમ કે મંદ કષાયથી ધર્મ માને છે તે વિપરીત શ્રદ્ધા છે. તીર્થંકરને મુનિ અવસ્થામાં આહાર દેવાનો ભાવ કરે તે પુણ્ય છે. પુણ્ય સોનાની બેડી છે. પુણ્ય હોય ખરું. સમકિતીને આહાર પાણી દેવાનો, મંદિર બનાવવાનો, પૂજા આદિનો ભાવ હોય પણ તેથી ધર્મ નથી. પુણ્યને ધર્મ માને, પુણ્યને પાપ માને. આવી પ્રવૃત્તિ માત્ર કાળદોષથી જ જોવામાં આવે છે. એ પ્રમાણે કુધર્મ સેવનનો નિષેધ કર્યો.

**શુદ્ધ સ્વભાવ આદરવા જેવો છે અને રાગાદિક છોડવા જેવા છે એ જ ધર્મ છે.**

તત્ત્વશ્રદ્ધાન એટલે સાત તત્ત્વ અથવા નવ તત્ત્વની શ્રદ્ધાની વાત ચાલે છે. આત્મા જ્ઞાયક છે. શરીરાદિ અજીવ છે. પુણ્ય-પાપના ભાવ આસ્રવ છે, આત્મા તેમાં અટકે તે બંધ છે. સ્વભાવના અવલંબને વીતરાગી શાંતિ આનંદ પ્રગટે છે તે સંવર-નિર્જરા છે, ધર્મ છે. સમકિતીને તીવ્ર ને મંદ કષાય હોય છે પણ રાગાદિને છોડવાનો અભિપ્રાય છે. શુભભાવ થાય કે અશુભભાવ થાય, દયા-દાનાદિના ભાવ થાય તે પણ છોડવા જેવા છે એમ માનવું જોઈએ. જો તેમ ન માને તો તત્ત્વશ્રદ્ધા રહિત છે. સાધકદશામાં પુણ્યના ભાવ આવે છે. દયા-દાન-પૂજામાં પુણ્યભાવ આવે છતાં શ્રદ્ધામાં છોડવા જેવા છે એમ ન માને તો મિથ્યાદષ્ટિ છે. નિમિત્તની રુચિ છોડવી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ, પાંચ મહાવ્રતનો રાગ છોડવા જેવો છે. વ્યવહાર કરશું તો લાભ થાશે એમ માનનારને તત્ત્વ શ્રદ્ધા નથી. નવ તત્ત્વની શ્રદ્ધામાં જરૂરીયાત એ છે કે શુભ-અશુભ-વ્રત-અવ્રતના ભાવ છોડવા એ જરૂરના છે. પ્રથમ શ્રદ્ધા કરવી જોઈએ. કામ-ક્રોધ-વ્રત-અવ્રત આદિ છોડવા લાયક છે. ચિદાનંદ આત્મા આદરવા લાયક છે એનું નામ ધર્મ છે. દયા-દાન-વ્રત-પૂજાના પરિણામ ધર્મ નથી. અહીં પંડિતજીએ 'જ' શબ્દ વાપરેલ છે તે બતાવે છે કે એક જ ધર્મ છે બીજો ધર્મ નથી. રાગની રુચિ છૂટી સમ્યગ્દર્શન થવું તે ધર્મ છે. પુણ્ય-પાપના પરિણામ છૂટી અકષાય પરિણામ થાય તે ધર્મ છે.

સામાયિત વ્રત છે તે સમ્યગ્દર્શન પછી જ હોય છે. અજ્ઞાનીને સામાયિક હોતી નથી. સમકિત વિના 'મિચ્છામી દુક્કડમ્' કેવું ? આત્મા કોણ છે ? જડની પર્યાય જડથી થાય છે. પુણ્ય-પાપ વિકાર છે તે ખબર વિના શું કામનું ? પુણ્ય-પાપ છોડવા જેવા છે તેમ શ્રદ્ધા કરે તો ધર્મ છે ને જેટલા પુણ્ય-પાપ છૂટે તેટલો ચારિત્ર ધર્મ છે.

**કુદેવ, કુગુરુ ને કુધર્મની માન્યતાથી મિથ્યાત્વ થાય છે માટે તેની શ્રદ્ધા છોડવી.**

જો તીવ્ર કષાયને પુણ્ય માને અને પુણ્ય પરિણામને સામાયિક, પૌષધ, સંવરને નિર્જરા માને તો તે તત્ત્વશ્રદ્ધાથી વિરુદ્ધ છે. પુણ્ય-પાપ રહિત આત્માની શ્રદ્ધા વિના સામાયિક થતી નથી. માટે શાસ્ત્ર સ્વાધ્યાય કરવો જોઈએ. નવ તત્ત્વની સમજાણ કરવી જોઈએ. અજ્ઞાનપૂર્વક સામાયિકમાં મિથ્યાત્વ દઢ થાય છે. જે જિનઆજ્ઞાથી પ્રતિકૂળ થયો, રાગાદિ ભાવ તો થાય છે તેને ધર્મ માન્યો, એ જ જાુઠ શ્રદ્ધાન થયું. માટે કુધર્મ સેવનમાં મિથ્યાત્વભાવ છે. અનંતા કેવળીઓ, મુનિઓ કહેતા આવ્યા છે. અમો કહીએ છીએ એ પ્રમાણે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રમાં મિથ્યાત્વભાવની પુષ્ટતા થતી જાણી અહીં તેનું નિરૂપણ કર્યું.

**પ્રથમ કુદેવ, કુગુરુ અને કુધર્મની માન્યતા છોડો.**

શ્રી અષ્ટપાહુડમાં મોક્ષપાહુડ ગાથા ૯૨માં કહ્યું છે કે જે કોઈ લજ્જા, ભય અને મોટાઈથી પણ કુદેવ, કુગુરુ, કુધર્મને વંદન કરે છે તે મિથ્યાદષ્ટિ છે. લિંગમાં ગુરુ કહ્યા છે. બાહ્ય અભ્યંતર નિર્ગ્રંથ હોય તે મુનિ છે. રાગનો આશ્રય લીધા વિના સ્વભાવનો આશ્રય વર્તે છે. રાગ હોવા છતાં તેનો આદર નથી એવા ગુરુને માને નહિ અને કુલિંગીને માને તે મિથ્યાદષ્ટિ છે. જેને મિથ્યાત્વનો ત્યાગ કરવો હોય તેણે પ્રથમ કુદેવ-કુગુરુ-કુધર્મનો પહેલા જ ત્યાગી થાય. તે વિના ધર્મ પરિણમતો નથી.

સમ્યક્ત્વના પચ્ચીસ મળ દોષોના ત્યાગમાં પણ સમ્યગ્દષ્ટિને અમૂઢદષ્ટિ કહ્યો છે. સમકિતી મુંઝાય નહિ. કુદેવ-કુગુરુ-કુધર્મ તથા તેને માનનાર એમ છ અનાયતનને છોડ્યા વિના ગૃહીત મિથ્યાત્વ છૂટે નહિ. માટે તેનો અવશ્ય ત્યાગ કરવો.

**મિથ્યાત્વથી નરક અને નિગોદની પ્રાપ્તિ થાય છે.**

વળી હિંસા, જાૂઠું, ચોરી આદિના પાપ ચારિત્રનો દોષ છે. કુદેવાદિની વિપરીત શ્રદ્ધા તે શ્રદ્ધાનો દોષ છે. માટે તે મહાન પાપ છે. કારણ કે એના ફળથી નિગોદ નરકાદિ પર્યાયની પ્રાપ્તિ થાય છે. સાધુ નહિ હોવા છતાં સાધુ માનવા મનાવવા તે મિથ્યાત્વ છે. મિથ્યાત્વનું ફળ નિગોદ છે. વચલા એકાદ બે ભવ સ્વર્ગમાં જાય પણ મિથ્યાદષ્ટિ નિગોદમાં જાય છે ને સમકિતી એક બે ભવ આદિ



કરી મોક્ષમાં જાય છે. કંદમૂળની એક નાની ટુકડીમાં અનંતા જીવો છે. તેને સાતમી નરક કરતાં અનંતગણું દુઃખ છે. જ્ઞાન, દર્શન, વીર્ય આનંદની પર્યાય હીણામાં હીણી થઈ જાય છે. તે દુઃખ છે. ને ત્યાં અનંતકાળ સુધી મહા સંકટ પામે છે. તેમને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ પણ મહા દુર્લભ છે. શ્રી અષ્ટપાહુડમાં ભાવપાહુડ ગાથા ૧૪૦માં કહ્યું છે કે આત્મા ચિદાનંદ છે. પુણ્ય-પાપ વિકાર છે. દેહની ક્રિયા અજીવની છે. છતાં જડની ક્રિયામાં ધર્મ માને છે તથા કુલિંગીની ભક્તિથી સંયુક્ત છે ને વીતરાગની આજ્ઞા વિરુદ્ધ ખોટા તપ કરે છે તે જીવ ક્રમે ક્રમે નરક નિગોદમાં જશે. અનંતા કેવળીઓનો અનાદર કરે છે. માટે હે ભવ્ય ! કિંચિત્ માત્ર લોભ વા ભયથી પણ એ કુદેવનું સેવન ન કર. દુનિયા શું કહે છે તેનો ડર ન રાખ. સાચા દેવને મુકી ખોટા દેવને ન માન. સાચા ધર્મને મુકી ખોટા ધર્મને ન માન. કારણ કે ખોટાને માનવાથી દુઃખની પ્રાપ્તિ થશે અને અનંતકાળ સુધી મહાદુઃખ સહન કરવું પડશે. માટે એવો મિથ્યાત્વભાવ કરવો યોગ્ય નથી.

**સાત વ્યસન કરતાં પણ મિથ્યાત્વનું પાપ સૌથી મહાન છે.**

દેવાધિદેવની રીત એવી છે કે પ્રથમ મિથ્યાત્વ છોડાવે પણ મિથ્યાત્વ છોડાવ્યા વિના રાગ ઘટાડવાનો ઉપદેશ ન હોય. મિથ્યાત્વનું મોટું પાપ છોડાવ્યા પછી નાનું પાપ છોડાવવામાં આવે છે. પરસ્ત્રીગમન કરવું, માંસ ખાવું, શિકાર કરવો, વેશ્યાગમન કરવું વગેરે પાપ કરતાં કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માનવામાં ઘણું પાપ છે. જોણે કોઈ દિવસ આ ભવે કે પૂર્વે સાચી વાત ન સાંભળી હોય છતાં સમકિત પામીને કેવળી પામી જાય તેને અશોચા કેવળી કહે છે તો તે વાત ખોટી છે. એકવાર ધર્માત્મા મુનિ અથવા કેવળી પાસે જોણે સાંભળ્યું નથી તેને સમકિત થાય નહિ. સત્‌ને સત્ મળ્યા વિના ધર્મ ન થાય. આ ભવમાં ન સાંભળ્યું હોય પણ પૂર્વે સાંભળ્યું હોય પછી સમકિત પામી કેવળજ્ઞાન પામી શકે છે. માટે પ્રથમ મિથ્યાત્વનું પાપ છોડવું જોઈએ. શિકાર કરવાના, માંસ ખાવાના અને પરસ્ત્રીગમન આદિના પાપ કરતાં કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધા મોટું પાપ છે. શાસ્ત્ર અનુસાર શ્રદ્ધા આચરણ નથી તેવાને માનવાથી મિથ્યાત્વ પુષ્ટ થાય છે.

**નિંદા કે સંપ્રદાયની બીકથી કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને સેવવા યોગ્ય નથી.**

માટે જે પાપના ફળથી ડરતો હોય તથા પોતાના આત્માને દુઃખ સમુદ્રમાં ડુબાવવા ન ઈચ્છતો હોય તે જીવ આ મિથ્યાત્વ પાપને અવશ્ય છોડો ! નિંદા પ્રશંસાદિના વિચારથી પણ વિપરીત થવું યોગ્ય નથી. આટલા કાળ સમાજમાં ગાળ્યા હવે શું કરવું ? એમ ડર રાખી શિથિલ ન થાઓ. વિપરીત પ્રરૂપણા ન કરો. લોકોના ડરથી વિપરીત થવું યોગ્ય નથી. મિથ્યાદષ્ટિને નિમિત્ત સાથે મૈત્રી વર્તે છે તેથી આત્મવિવેક શિથિલ થઈ ગયો છે. એટલે આત્મવિવેક નાશ થયો છે. નિમિત્તથી લાભ બુદ્ધિવાળાને વિપરીત શ્રદ્ધા-જ્ઞાન છે માટે નિંદાના ડરથી વિપરીત થવું યોગ્ય નથી.

નીતિ શાસ્ત્રમાં પણ એમ કહ્યું છે કે કોઈ નિંદે છે તો નિંદો, સ્તુતિ કરે છે તો સ્તુતિ કરો, લક્ષ્મી આવો વા જાઓ, મરણ આજે જ થાઓ વા યુગાંતરે થાઓ પરંતુ નીતિ નિપુણ પુરુષો ન્યાયમાર્ગથી એક પગલું પણ ચલિત થતાં નથી. આ નીતિનો શ્લોક છે. તો પછી ધર્મનીતિની શી વાત ? દુનિયામાં આબરુ જાય, ગમે તે થાય તે છોડ્યે છુટકો છે. ન્યાય વિચારી નિંદા, પ્રશંસાના ભયથી વા લોભાદિકથી એટલે કે સંપ્રદાયમાં રહેશું તો આબરુ રહેશે. શિષ્યો થાશે, એવા લોભથી પણ અન્યાયરૂપ મિથ્યાત્વ પ્રવૃત્તિ કરવી યોગ્ય નથી.

અહો ! દેવ-ગુરુ-ધર્મ તો સર્વોત્કૃષ્ટ પદાર્થ છે. એના આધારે તો ધર્મ છે. તેમાં શિથિલતા રાખે તો ધર્મ કેવી રીતે થાય ? ઘણું શું કહેવું. સર્વથા પ્રકારે એ કુદેવ-કુગુરુ-કુધર્મના ત્યાગી થવું યોગ્ય છે. માટે મિથ્યાત્વભાવ છોડી પોતાનું કલ્યાણ કરો.

**એ પ્રમાણે મોક્ષમાર્ગ પ્રકાશક શાસ્ત્ર વિષે**
**કુદેવ–કુગુરુ–કુધર્મ નિરાકરણ નિરૂપક છઠ્ઠો અધિકાર સમાપ્ત.**